
# પરમાત્મ પ્રકાશ પ્રવચન

ભાગ-૧





ॐ

श्री सिद्ध परमात्माने नमः ।

श्री सीमंधरदेवाय नमः।

श्री सद्गुरुदेवाय नमः ।

श्री निजशुद्धात्माने नमः ।

# પરમાત્મપ્રકાશ પ્રવચન

## ભાગ–૧

**અધ્યાત્મ યુગપુરુષ પ.પૂ. ગુરુદેવશ્રી કાનજીસ્વામીના**
**શ્રી પરમાત્મપ્રકાશ ગાથા ૧ થી ૪૮ સુધીના**
**સ્વાનુભવ મુદ્રિત ૩૧ અક્ષરશઃ પ્રવચનો**


પ્રકાશન તથા પ્રાપ્તિસ્થાન

**શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મીક ટ્રસ્ટ**

''સ્વરુચિ'' બંગલો. નિર્મલા કોન્વેન્ટ રોડ,
સવાણી હોલવાળી શેરીમાં – યોગી નિકેતન પ્લોટ,
રાજકોટ – ૩૬૦૦૦૭
મો. ૯૩૭૪૧૦૦૫૦૮, ૯૪૨૮૦૦૪૯૭૨

| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઈ. સ. |
|---|---|---|---|
| ૩૬ | ૨૫૪૨ | ૨૦૭૨ | ૨૦૧૬ |


**પ્રકાશન**

**પર્વાધિરાજ દશલક્ષણ પર્યુષણ પર્વના મંગલમય**

**ઉત્તમક્ષમા દિન નિમિત્તે ભાદરવા સુદ-૫, તા.૬-૯-૨૦૧૬, મંગળવાર**

**પ્રથમ આવૃિત : ૫૦૦**

**કિંમત : સ્વાધ્યાય**


**પ્રાપ્તિસ્થાન**


(૧) શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ

જી. ભાવનગર–364250, ફોન–(02846) 244334

(૨) શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, રાજકોટ

૫, પંચનાથ પ્લોટ, શ્રી કાનજીસ્વામી માર્ગ, રાજકોટ–૩૬૦૦૦૧

ફોન–(0281) 2231073

(૩) શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ, રાજકોટ

''સ્વરુચિ'' બંગલો. નિર્મલા કોન્વેન્ટ રોડ, સવાણી હોલવાળી શેરીમાં –
યોગી નિકેતન પ્લોટ, રાજકોટ – ૩૬૦૦૦૭, મો. ૯૩૭૪૧૦૦૫૦૮

**લેસર ટાઈપ સેટિંગ**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
પ્લોટ નં. ૧૯૨૪/બી
૬, શાંતિનાથ બંગલોઝ
શશીપ્રભુ માર્ગ, રૂપાણી સર્કલ પાસે,
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન નં. ૯૭૨૫૨૫૧૧૩૧

**મુદ્રક**
**શાર્પ ઑફસેટ પ્રિન્ટર્સ**
૩૧૨, હિરાપન્ના કોમ્પ્લેક્ષ,
ડૉ. યાજ્ઞિક રોડ,
રાજકોટ-૩૬૦૦૦૧
ફોન નં. ૯૮૨૫૦૭૫૦૬૧

# પ્રસ્તાવના

**મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી**
**મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલં**

શાસનનાયક અંતિમ તીર્થંકર દેવાધિદેવ શ્રી મહાવીસ્વામી દ્વારા પ્રવર્તમાન જિનશાસન અખંડ મોક્ષમાર્ગથી આજે પણ સુશોભિત છે. તેમની દિવ્યધ્વનિમાં પ્રકાશિત થયેલ મોક્ષમાર્ગ ત્યારબાદ થયેલ અનેક આચાર્યો તથા સંતો દ્વારા અખંડપણે પ્રકાશિત થઈ રહ્યો છે. આચાર્યોની પરંપરાનો ઈતિહાસ જોવામાં આવે તો શ્રી યોગીન્દુદેવ ઈ.સ. છઠ્ઠી શતાબ્દીમાં થયા. તેઓશ્રીએ સ્વયંની સાતિશય અનુભવલેખની દ્વારા અનેક મહાન પરમાગમોની રચના કરી. તેઓશ્રીએ સ્વાનુભવદર્પણ, પરમાત્મપ્રકાશ, યોગસાર, દોહાપાહુડ ઈત્યાદિ અનેક વીતરાગી ગ્રંથોની રચના કરી છે. પરમાત્મ પ્રકાશ ગ્રંથ તેઓશ્રીની જ કૃતિ છે. આ ગ્રંથમાં તેઓશ્રીની સ્વરૂપની ભાવના તથા તેના આશ્રયે ઉત્પન્ન થયેલ સ્વસંવેદનજ્ઞાન, વીતરાગી અતીન્દ્રિય સુખનો રસ પ્રત્યેક ગાથામાં નીતરે છે. ભવ્ય જીવોના હિતાર્થે થયેલ ગ્રંથ રચના પાઠકવર્ગને પણ અત્યંત રસ ઉત્પન્ન થવાનું નિમિત્ત થાય છે. તેઓશ્રીની લેખનીમાં દ્રવ્યદૃષ્ટિનું જોર દર્શાવતી અનેક ગાથાઓ ગ્રંથમાં જોવામાં આવે છે.

પરમાત્મ પ્રકાશ ગ્રંથના ટીકાકાર શ્રી બ્રહ્મદેવજી પણ અધ્યાત્મરસિક મહાન આચાર્ય હતા. તેઓનું મૂળ નામ 'દેવ' અને બાલબ્રહ્મચારી હોવાથી બ્રહ્મચર્યનો ઘણો રંગ હોવાને લીધે 'બ્રહ્મ' એમની ઉપાધિ થઈ જતાં 'બ્રહ્મદેવ' નામ પડેલ હતું. તેઓ ઈ.સ. ૧૦૭૦થી ૧૧૧૦ના અરસામાં થયેલ હોવાનું માનવામાં આવે છે. પંડિત દૌલતરામજીએ સંસ્કૃત ટીકાનો આધાર લઈ અન્વયાર્થ તથા તેમના સમયની પ્રચલિત દેશભાષા ઢુંઢારીમાં સુબોધ ટીકા રચેલ છે. ગ્રંથ બે મહાઅધિકારોમાં વિભાજીત થયેલ છે. આત્મા પરમાત્મા કઈ રીતે થાય તેનું અત્યંત સુંદર વર્ણન જોવામાં આવે છે. પ્રથમ અધિકારમાં ભેદ વિવિક્ષાથી આત્મા બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા એમ ત્રણ ભેદ બતાવવામાં આવ્યા છે. દરેક સંસારી જીવે ભેદજ્ઞાન નિરંતર ભાવવું જોઈએ તેનું વિસ્તારથી વર્ણન કરી પરમાત્મા થવાની ભાવના બતાવી છે. દ્વિતીય અધિકારમાં પ્રથમ મોક્ષ અને મોક્ષના ફળની રુચિ થવા અર્થે સર્વપ્રથમ મોક્ષ અને મોક્ષના ફળનું સ્વરૂપ બતાવેલ છે.

પ્રવર્તમાન શાસનમાં આપણા સૌના પરમતારણહાર ભાવિતીર્થાધિનાથ શાસન દિવાકર અધ્યાત્મ યુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ લુપ્તપ્રાયઃ થયેલ અખંડ મોક્ષમાર્ગને ફરીને જાગૃત કરી ભરતક્ષેત્રના જીવો પર અવિસ્મરણીય અનંત ઉપકાર કર્યો છે. જન્મ-મરણથી મુક્ત થવું અને સાદિઅનંત સ્વરૂપસુખમાં બિરાજમાન થવાનો માર્ગ પૂજ્ય

ગુરુદેવશ્રીએ સ્વયંબુદ્ધત્વ યોગ પ્રગટ કરી પ્રકાશિત કર્યો છે. તેઓશ્રીનો આ કાળમાં ઉદય એ એક એવી અપૂર્વ ઘટના છે, જેમ સૂર્ય પ્રકાશિત થતાં કમળો ખીલી ઉઠે છે, તેવી જ રીતે ભવ્ય જીવોનો આત્મા રસવિભોર થઈ પુલકિત થઈ ખીલી ઉઠે છે. અનેક જીવો મોક્ષમાર્ગ પ્રાપ્ત કરવા પ્રત્યે પ્રયત્નશીલ બન્યા છે. અને પંચમ કાળના છેડા સુધી તેમના દ્વારા પ્રસ્થાપિત મોક્ષમાર્ગ અખંડપણે ચાલતો રહેશે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ અનેક અધ્યાત્મ શાસ્ત્રો ઉપર અનુભવરસ ઝરતા પ્રવચનો કરેલ છે. તેમાંનો આ એક ગ્રંથ છે-પરમાત્મ પ્રકાશ. પ્રસ્તુત ગ્રંથ ઉપરના પ્રવચનો ડી.વી.ડી.માં આજે મોજૂદ છે, તે સાંભળતા તેઓશ્રીની અમીરસ ઝરતી વાણીના દર્શન થાય છે. તેઓશ્રીના પ્રત્યેક પ્રવચનોમાં અનેક પડખેથી આત્મસ્વરૂપને પ્રકાશતું તત્ત્વ પ્રકાશમાન થાય છે. તેઓશ્રીના ઉગ્ર અધ્યાત્મપરિણતિના દર્શન વાણી દ્વારા થઈ શકે છે. પૂર્વાપર અવિરોધ વાણી, અનુભવશીલપણું, આત્માને સતત જાગૃત કરનાર વાણીનો લ્હાવો જેમણે પ્રત્યક્ષ લીધો છે તેઓ ધન્ય છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ કોઈપણ પ્રકારના સંસ્કૃત, વ્યાકરણના અભ્યાસ વિના આચાર્યોના હૃદય ખોલીને જે અનુપમ ભાવો તેમણે જગત સમક્ષ પ્રકાશિત કર્યા છે તે અલૌકિક છે! સ્વલક્ષે સ્વયંના ભાવો સાથે મેળવીને તેને સમજવામાં આવે તો તે એક અપૂર્વ કલ્યાણનું કારણ છે. પૂજ્ય ગુરુદેવશ્રી માટે કે તેમની વાણી માટે કંઈ પણ કહેવું, લખવું કે બોલવું તે સૂર્યને દીપક બતાવવા સમાન છે. તેમ છતાં તેઓશ્રીનો અમાપ ઉપકાર હૃદયગત થતાં શબ્દો તેની મેળાએ જ ભક્તિભાવથી નીકળી પડે છે. તેઓશ્રીના ઉપકારનો બદલો તો કોઈ રીતે વાળી શકાય તેમ નથી, માત્ર તેમના દ્વારા પ્રકાશિત પંથ ઉપર શુદ્ધ ભાવનાથી પ્રયાણ કરીએ તે જ ભાવના છે.

પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સ્થાપિત અનેક જિનમંદિરોમાં આજે તેમના પ્રવચનો નિમયિતપણે સંભળાઈ રહ્યાં છે. અનેક મુમુક્ષુઓ તેનો લાભ લઈ મોક્ષમાર્ગમાં આરૂઢ થવા પ્રયત્નશીલ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી ગ્રંથારૂઢ થાય તેવી સૌ કોઈની ભાવના હોવાથી પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનોને શબ્દશઃ ગ્રંથારૂઢ કરવાના નિર્ણયના ફળસ્વરૂપે પરમાત્મ પ્રકાશ ગ્રંથ ઉપરના પ્રવચનોનો પ્રથમ ભાગ પ્રકાશિત કરતાં અમોને અત્યંત હર્ષ થાય છે. આવું સૌભાગ્ય પ્રાપ્ત થયું તેનું શ્રેય પણ પૂજ્ય ગુરુદેવશ્રીને જ જાય છે.

તેઓશ્રીની સાતિશય વાણી નિત્ય શ્રવણ કરવી તે અપૂર્વ સૌભાગ્ય છે. આજે અનેક જિનમંદિરોમાં પૂજ્ય ગુરુદેવશ્રીના સી.ડી. પ્રવચનો સાંભળતી વખતે મુમુક્ષુઓ તેમના અક્ષરશઃ પ્રવચનોને સાંભળવાનો લાભ લઈ રહ્યા છે. અનેક મુમુક્ષુજીવોની ભાવના હોવાથી પરમાત્મ પ્રકાશ ગ્રંથ ઉપરના પ્રવચનો પ્રકાશિત કરવાનો અમારા ટ્રસ્ટે નિર્ણય લીધો. પૂજ્ય ગુરુદેવશ્રીના આ ગ્રંથ ઉપર બે વખત પ્રવચનો થયા છે. તેમાંના ઈ.સ. ૧૯૭૬-૭૭માં થયેલાં

કુલ ૨૪૫ પ્રવચનોને સાત ભાગમાં પ્રકાશિત કરવાની ભાવના છે. પ્રવચનોને સૌપ્રથમ સાંભળીને કમ્પ્યુટરમાં ઉતારી લેવામાં આવે છે. ત્યારબાદ તેને સાંભળીને જ્યાં વાક્યો પૂર્ણ કરવાની જરૂર લાગી ત્યાં કૌંસ ભરવામાં આવ્યા છે. જે ગાથા ઉપરના પ્રવચન ઉપલબ્ધ ન હોય અથવા ખૂટતા હોય તો તેને આ પહેલાં ચાલેલા પ્રવચનોમાંથી લેવામાં આવેલ છે. જે પ્રવચનો હિન્દીમાં થયાં છે તેમને ગુજરાતીમાં અનુવાદિત કર્યા છે. આ પ્રવચનોના પ્રથમ પ્રુફને તપાસતી વખતે ફરીથી તેને સાંભળીને તપાસવામાં આવે છે. ત્યારબાદ પ્રેસ ઉપર પ્રકાશન અર્થે મોકલવામાં આવે છે. પૂજ્ય ગુરુદેવશ્રીના ભાવો યથાવત જળવાઈ રહે તેની સંપૂર્ણ ચીવટ રાખવાનો પ્રયત્ન કરેલ છે. તેમ છતાં પ્રમાદવશ ક્યાંય ચૂક રહી જવા પામી હોય તો વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે શુદ્ધ અંતઃકરણથી ક્ષમા યાચીએ છીએ. પાઠકવર્ગને કોઈ ક્ષતિ લક્ષગોચર થાય તો તેઓને વિનંતી છે કે તેની અમોને જાણ કરે, જેથી બીજી આવૃત્તિના પ્રકાશન વખતે તે ચૂક નિવારી શકાય.

આ અક્ષરશઃ પ્રવચનો ડી.વી.ડી ઉપરથી કમ્પ્યૂટરાઈઝડ કરવાનું કાર્ય **શ્રી નિલેષભાઈ જૈન-ભાવનગર** દ્વારા તથા સમગ્ર પ્રવચનો ફરી સાંભળી ચેક કરવાનું કાર્ય **શ્રી મણીભાઈ ગાલા-દેવલાલી** દ્વારા તથા દરેક પ્રવચનોને સાંભળી-વાંચીને ચેક કરવાનું કાર્ય **શ્રી ચેતનભાઈ મહેતા-રાજકોટ** દ્વારા પૂર્ણ થયેલ છે.

આ પરમાત્મપ્રકાશ ગ્રંથ ઉપરના સંપૂર્ણ પ્રવચન છપાવવા માટેની દાનરાશી **શ્રી ખારા પરિવાર - વિશાખાપટ્ટનમ દ્વારા સ્વ. શ્રી શશીકાંતભાઈ ખારાના સ્મરણાર્થે** આપવામાં આવેલ છે. તેની આવી ઉદાર ભાવના અને પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યેની સમર્પણતા બદલ ટ્રસ્ટ તેમનો આભાર વ્યક્ત કરે છે.તે સિવાય જે દાનરાશી પ્રાપ્ત થયેલ છે તેની નોંધ અત્રે મુકેલ છે.

અંતમા જિનેન્દ્ર પરમાત્મા, સર્વ આચાર્ય ભગવંતો, જ્ઞાની સદ્ગુરુ પરમપુરુષના ઉપકારને હૃદયગત કરી, તેમના ચરણોમાં ફરી ફરી વંદન કરી તેઓશ્રીના ચરણોમાં નતમસ્તક થઈએ છીએ. સર્વ જીવો પૂજ્ય ગુરુદેવશ્રીની વાણીને વાંચી, સાંભળી આત્મકલ્યાણને પ્રાપ્ત થાય અને શાશ્વત સાદિઅનંત સમાધિસુખને પામે તે જ ભાવના.

આ પુસ્તક Atmadharma.com તથા vitragvani.com પર મૂકવામાં આવેલ છે.

લિ. ટ્રસ્ટીગણ

**શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મીક ટ્રસ્ટ,**

રાજકોટ.

# અનુક્રમણિકા



| પ્રવચન નં. | ગાથા નં. | તારીખ | પેઈજ નં. |
|---|---|---|---|
| ૦૧ | ૧ | ૦૬-૦૬-૧૯૭૬ | ૦૦૧ |
| ૦૨ | ૧ | ૦૭-૦૬-૧૯૭૬ | ૦૨૫ |
| ૦૩ | ૧ - ૨ | ૦૮-૦૬-૧૯૭૬ | ૦૩૫ |
| ૦૪ | ૨ થી ૪ | ૦૯-૦૬-૧૯૭૬ | ૦૪૯ |
| ૦૫ | ૫ થી ૬ | ૧૦-૦૬-૧૯૭૬ | ૦૬૪ |
| ૦૬ | ૭ | ૧૧-૦૬-૧૯૭૬ | ૦૮૦ |
| ૦૬ | ૭ | ૨૪-૦૯-૧૯૬૫ | ૦૯૨ |
| ૦૮ | ૭ થી ૯ | ૧૪-૦૬-૧૯૭૬ | ૧૦૬ |
| ૦૯ | ૯ થી ૧૧ | ૧૫-૦૬-૧૯૭૬ | ૧૨૩ |
| ૦૯ | ૧૧-૧૨ | ૨૮-૦૯-૧૯૬૫ | ૧૩૭ |
| ૧૦ | ૧૨ | ૨૯-૦૯-૧૯૬૫ | ૧૫૧ |
| ૧૧ | ૧૩ થી ૧૬ | ૧૭-૦૬-૧૯૭૬ | ૧૬૭ |
| ૧૨ | ૧૬ થી ૨૧ | ૧૮-૦૬-૧૯૭૬ | ૧૮૨ |
| ૧૩ | ૨૨-૨૩ | ૨૦-૦૬-૧૯૭૬ | ૧૯૮ |
| ૧૪ | ૨૩ થી ૨૫ | ૨૧-૦૬-૧૯૭૬ | ૨૧૧ |
| ૧૫ | ૨૫ થી ૨૭ | ૨૨-૦૬-૧૯૭૬ | ૨૨૪ |
| ૧૬ | ૨૭-૨૮ | ૨૩-૦૬-૧૯૭૬ | ૨૩૭ |
| ૧૭ | ૨૯-30 | ૨૪-૦૬-૧૯૭૬ | ૨૪૯ |
| ૧૮ | ૩૧-૩૨ | ૨૫-૦૬-૧૯૭૬ | ૨૬૩ |
| ૧૯ | ૩૩ | ૨૭-૦૬-૧૯૭૬ | ૨૭૫ |
| ૨૦ | ૩૪ | ૨૮-૦૬-૧૯૭૬ | ૨૮૬ |
| ૨૧ | ૩૫-૩૬ | ૨૯-૦૬-૧૯૭૬ | ૨૯૭ |
| ૨૨ | ૩૬-૩૭ | ૩૦-૦૬-૧૯૭૬ | ૩૦૮ |

| | | | |
|---|---|---|---|
| ૨૩ | ૩૮-૩૯ | ૦૧-૦૭-૧૯૭૬ | ૩૧૯ |
| ૨૪ | ૪૦ | ૦૨-૦૭-૧૯૭૬ | ૩૩૧ |
| ૨૫ | ૪૧-૪૨ | ૦૩-૦૭-૧૯૭૬ | ૩૪૩ |
| ૨૬ | ૪૨-૪૩ | ૦૪-૦૭-૧૯૭૬ | ૩૫૫ |
| ૨૭ | ૪૪-૪૫ | ૦૬-૦૭-૧૯૭૬ | ૩૬૮ |
| ૨૮ | ૪૬ | ૦૭-૦૭-૧૯૭૬ | ૩૮૧ |
| ૨૯ | ૪૭-૪૮ | ૦૮-૦૭-૧૯૭૬ | ૩૯૩ |
| ૩૦ | ૪૮ | ૦૯-૦૭-૧૯૭૬ | ૪૦૪ |

## પરમાત્મપ્રકાશ ભાગ-૧ના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશિ

| ક્રમ | નામ | રકમ |
|---|---|---|
| (૧) | સ્વ. શ્રી શશીકાંતભાઈ ખારાના સ્મરણાર્થે,<br>શ્રી ખારા પરિવાર વિશાખાપટ્ટનમ | ૧,૫૦,૦૦૦ |
| (૨) | શ્રીમતી લતાબહેન બિપીનભાઈ ગાલા, મુંબઈ | ૫૦,૦૦૦ |
| (૩) | અમુલખ લાલચંદ શેઠ, જોરાવરનગર | ૧૦, ૦૦૦ |
| (૪) | કંચનબેન અમુલખભાઈ શેઠ, જોરાવરનગર | ૧૦,૦૦૦ |
| (૫) | વિનયકાંતભાઈ કપાસી, ભાવનગર | ૨,૧૦૦ |

# શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ ક્હાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયુ 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
-રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં-અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર ! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું,-મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

**રચયિતા : હિંમતલાલ જેઠાલાલ શાહ**

ॐ

।। श्री परमात्मने नमः ।।

श्रीमद्योगीन्दुदेवविरचितः

# પરમાત્મપ્રકાશ પ્રવચન
## ભાગ-૧

श्रीमद्ब्रह्मदेवकृतसंस्कृतटीका

चिदानन्दैकरूपाय जिनाय परमात्मने।
परमात्मप्रकाशाय नित्यं सिद्धात्मने नमः।।१।।

श्रीयोगीन्द्रदेवकृतपरमात्मप्रकाशाभिधाने दोहकछन्दोग्रन्थे प्रक्षेपकान् विहाय व्याख्यानार्थमधिकारशुद्धिः कथ्यते। तद्यथा–प्रथमतस्तावत्पञ्चपरमेष्ठिनमस्कारमुख्यत्वेन 'जे जाया झाणग्गियए' इत्यादि सप्त दोहकसूत्राणि भवन्ति, तदनन्तरं विज्ञापनमुख्यतया 'भाविं पणविवि' इत्यादिसूत्रत्रयम्, अत ऊर्ध्वं बहिरन्तःपरमभेदेन त्रिधात्मप्रतिपादनमुख्यत्वेन 'पुणु पुणु पणविवि' इत्यादिसूत्रपञ्चकम्, अथानन्तरं मुक्तिगतव्यक्तिरूपपरमात्मकथनमुख्यत्वेन 'तिहुयणवंदिउ' इत्यादि सूत्रदशकम्, अत ऊर्ध्वं देहस्थितशक्तिरूपपरमात्मकथनमुखत्वेन 'जेहउ णिम्मुलु' इत्यादि अन्तर्भूतप्रक्षेपपञ्चकसहितचतुर्विंशतिसूत्राणि भवन्ति, अथ जीवस्य स्वदेहप्रमितिविषये स्वपरमतविचारमुख्यतया 'किं वि भणंति जिउ सव्वगउ' इत्यादिसूत्रषट्कं, तदनन्तरं द्रव्यगुणपर्यायस्वरूपकथनमुख्यतया 'अप्पा जणियउ' इत्यादि सूत्रत्रयम्, अथानन्तरं कर्मविचारमुख्यत्वेन 'जीवहं कम्मु अणाइ जिय' इत्यादि सूत्राष्टकं, तदनन्तरं सामान्यभेदभावनाकथनेन 'अप्पा अप्पु जि' इत्यादि सूत्रनवकम्, अत ऊर्ध्वं निश्चयसम्यग्दृष्टि–कथनरूपेण 'अप्पिं अप्पु' इत्यादि सूत्रमेकं, तदनन्तरं मिथ्याभावकथनमुख्यत्वेन 'पज्जयरत्तउ' इत्यादि सूत्राष्टकम्, अत ऊर्ध्वं सम्यग्दृष्टिभावनामुख्यत्वे 'कालु लहेविणु' इत्यादिसूत्राष्टकं, तदनन्तरं सामान्यभेदभावनामुख्यत्वेन 'अप्पा संजमु' इत्याद्येकाधिकत्रिंशत्प्रमितानि दोहकसूत्राणि भवन्ति।। इति श्रीयोगीन्द्रदेवविरचितपरमात्मप्रकाशशास्त्रे त्रयोविंशत्य–धिकशतदोहकसूत्रैर्बहिरन्तःपरमात्मस्वरूपकथनमुख्यत्वेन प्रथमप्रकरणपातनिका समाप्ता। अथानन्तरं द्वितीयमहाधिकारप्रारम्भे मोक्षमोक्षफलमोक्षमार्गस्वरूपं कथ्यते। तत्र प्रथमतस्तावत् 'सिरिगुरु' इत्यादिमोक्षस्वरूपकथनमुख्यत्वेन दोहकसूत्राणि दशकम्, अत ऊर्ध्वं 'दंसणु णाणु' इत्याद्येकसूत्रेण मोक्षफलं, तदनन्तरं 'जीवहं मोक्खहं हेउ वरु' इत्याद्येकोनविंशतिसूत्रपर्यन्तं

निश्चयव्यवहारमोक्षमार्गमुख्यतया व्याख्यानम्, अथानन्तरमभेदरत्नत्रयमुख्यत्वेन 'जो भत्तउ' इत्यादि सूत्राष्टकम्, अत ऊर्ध्वं समभावमुख्यत्वेन 'कम्मु पुरक्किउ' इत्यादिसूत्राणि चतुर्दश, अथानन्तरं पुण्यपापसमानमुख्यत्वेन 'बंधहं मोक्खहं हेउ णिउ' इत्यादिसूत्राणि चतुर्दश, अत ऊर्ध्वम् एकचत्वारिंशत्सूत्रपर्यन्तं प्रक्षेपकान् विहाय शुद्धोपयोगस्वरूपमुख्यत्वमिति समुदायपातनिका। तत्र प्रथमतः एकचत्वारिंशन्मध्ये 'सुद्धहं संजमु' इत्यादिसूत्रपञ्चकपर्यन्तं शुद्धोपयोगमुख्यतया व्याख्यानम्, अथानन्तरं 'दाणिं लब्भइ' इत्यादिपञ्चदशसूत्रपर्यन्तं वीतरागस्वसंवेदनज्ञानमुख्यत्वेन व्याख्यानं, तदनन्तरं 'लेणहं इच्छइ मूढु' इत्यादिसूत्राष्टक-पर्यन्तं परिग्रहत्यागमुख्यतया व्याख्यानम्, अत ऊर्ध्वं 'जो भत्तउ रयणत्तयहं' इत्यादि त्रयोदशसूत्रपर्यन्तं शुद्धनयेन षोडशवर्णिकासुवर्णवत् सर्वे जीवाः केवलज्ञानादिस्वभावलक्षणेन समाना इति मुख्यत्वेन व्याख्यानम्, इत्येकचत्वारिंशत्सूत्राणि गतानि। अत ऊर्ध्वं 'परु जाणंतु वि' इत्यादि समाप्तिपर्यन्तं प्रक्षेपकान् विहाय सप्तोत्तरशतसूत्रैश्चूलिकाव्याख्यानम्। तत्र सप्तोत्तरशतमध्ये अवसाने 'परमसमाहि' इत्यादि चतुर्विंशतिसूत्रेषु सप्त स्थलानि भवन्ति। तस्मिन् प्रथमस्थळे निर्विकल्पसमाधिमुख्यत्वेन 'परमसमाहिमहासरहिं' इत्यादि सूत्रषट्कं, तदनन्तर-मर्हत्पदमुख्यत्वेन 'सयलवियप्पहं' इत्यादि सूत्रत्रयम्, अथानन्तरं परमात्मप्रकाशनाममुख्यत्वेन 'सयलहं कम्महं दोसहं' इत्यादि सूत्रत्रयम्, अथ सिद्धपदमुख्यत्वेन 'झाणें कम्मक्खउ करिवि' इत्यादि सूत्रत्रयं, तदनन्तरं परमात्मप्रकाशाराधकपुरुषाणां फलकथनमुख्यत्वेन 'जे परमप्पपयासु मुणि' इत्यादिसूत्रत्रयम्, अत ऊर्ध्वं परमात्मप्रकाशाराधनायोग्यपुरुषकथन-मुख्यत्वेन 'जे भवदुक्खहं' इत्यादिसूत्रत्रयम् अथानन्तरं परमात्मप्रकाशशास्त्रफलकथन-मुख्यत्वेन तथैवौद्धत्यपरिहारमुख्यत्वेन च 'लक्खणछंद' इत्यादि सूत्रत्रयम्। इति चतुर्विंशति-दोहकसूत्रैकचूलिकावसाने सप्त स्थलानि गतानि। एवं प्रथमपातनिका समाप्ता। अथवा प्रकारान्तरेण द्वितीया पातनिका कथ्यते। तद्यथा-प्रथमस्तावद्बहिरात्मान्तरात्मपरमात्म-कथनरूपेण प्रक्षेपकान् विहाय त्रोयविंशत्यधिक-शतसूत्रपर्यन्तं व्याख्यानं क्रियत इति समुदायपातनिका। तत्रादौ 'जे जाया' इत्यादि पञ्चविंशतिसूत्रपर्यन्तं त्रिधात्मपीठिका-व्याख्यानम्, अथानन्तरं 'जेहउ णिम्मलु' इत्यादि चतुर्विंशतिसूत्रपर्यन्तं सामान्यविवरणम्, अत ऊर्ध्वं 'अप्पा जोइय सव्वगउ' इत्यादि त्रिचत्वारिंशत्सूत्रपर्यन्तं विशेषविवरणम्, अत ऊर्ध्वं 'अप्पा संजमु' इत्याद्येकत्रिंशत्सूत्रपर्यन्तं चूलिकाव्याख्यानमिति प्रथममहाधिकारः समाप्तः। अथानन्तरं मोक्षमोक्षफलमोक्षमार्गस्वरूपकथनमुख्यत्वेन प्रक्षेपकान् विहाय चतुर्दशाधिक-शतद्वयसूत्रपर्यन्तं द्वितीयमहाधिकारः प्रारभ्यत इति समुदायपातनिका। तत्रादौ 'सिरिगुरु' इत्यादित्रिंशत्सूत्रपर्यन्तं पीठिकाव्याख्यानं, तदनन्तरं 'जो भत्तउ' इत्यादिषट्त्रिंशत्सूत्रपर्यन्तं सामान्यविवरणम्, अथानन्तरं 'सुद्धहं संजमु' इत्याद्येकचत्वारिंशत्सूत्रपर्यन्तं विशेषविवरणं,

तदनन्तरं प्रक्षेपकान् विहाय सप्तोत्तरशत पर्यन्तमभेदरत्नत्रयमुख्यतयाचूलिकाव्याख्यानं, इति द्वितीयपातनिका ज्ञातव्या।।

श्री पंडित दौलतरामजीकृत मंगलाचरण

दोहा – चिदानंद चिद्रूप जो, जिन परमातम देव।
सिद्धरूप सुविसुद्ध जो, नमों ताहि करि सेव।।१।।
परमातम निजवस्तु जो, गुण अनंतमय शुद्ध।
ताहि प्रकाशनके निमित्त, वंदूं देव प्रबुद्ध।।२।।

'चिदानंद इत्यादि श्लोकका अर्थ – श्रीजिनेश्वरदेव शुद्ध परमात्मा आनंदरूप चिदानंदचिद्रूप है, उनके लिये मेरा सदाकाल नमस्कार होवे, किस लिये ? परमात्माके स्वरूपके प्रकाशनेके लिये। कैसे हैं वे भगवान्? शुद्ध परमात्मस्वरूपके प्रकाशक हैं, अर्थात् निज और पर सबके स्वरूपको प्रकाशते हैं। फिर कैसे हैं? 'सिद्धात्मने' जिनका आत्मा कृतकृत्य है। सारांश यह है कि नमस्कार करने योग्य परमात्मा ही है, इसलिये परमात्माको नमस्कार कर परमात्मप्रकाशनामा ग्रंथका व्याख्यान करता हूँ।

श्री योगीन्द्रदेवकृत परमात्मप्रकाश नामा दोहक छंद ग्रंथमें प्रक्षेपक दोहोंको छोड़कर व्याख्यानके लिये अधिकारोंकी परिपाटी कहते हैं – प्रथम ही पंच परमेष्ठीके नमस्कारकी मुख्यताकर 'जे जाया झाणग्गियए' इत्यादि सात दोहे जानना, विज्ञापना की मुख्यताकर 'भाविं पणविवि' इत्यादि तीन दोहे, बहिरात्मा, अंतरात्मा, परमात्मा, इन भेदोंसे तीन प्रकार आत्माके कथनकी मुख्यताकर 'पुणु पुणु पणविवि' इत्यादि पाँच दोहे, मुक्तिको प्राप्त हुए जो प्रगटस्वरूप परमात्मा उनके कथनकी मुख्यताकर 'तिहुयण वंदिउ' इत्यादि दस दोहे, देहमें तिष्ठे हुए शक्तिरूप परमात्माके कथनकी मुख्यतासे 'जेहउ णिम्मलु' इत्यादि पाँच क्षेपकों सहित चौवीस दोहे, जीवके निजदेह प्रमाण कथनमें स्वमत–परमतके विचारकी मुख्यताकर 'किवि भणंति जिउ सव्वगउ' इत्यादि छह दोहे, द्रव्य गुण पर्यायके स्वरूप कहनेकी मुख्यताकर 'अप्पा जणियउ' इत्यादि तीन दोहे, कर्म–विचारकी मुख्यताकर 'जीवहं कम्मु अणाइ जिय' इत्यादि आठ दोहे, सामान्य भेद भावनाके कथन कर 'अप्पा अप्पु जि' इत्यादि नौ दोहे, निश्चयसम्यग्दृष्टिके कथनरूप 'अप्पे अप्पु जि' इत्यादि एक दोहा, मिथ्याभावके कथनकी मुख्यताकर 'पज्जयरत्तउ' इत्यादि आठ दोहे, सम्यग्दृष्टिकी मुख्यता कर 'कालु लहेविणु' इत्यादि आठ दोहे और सामान्यभेदभावकी मुख्यताकर 'अप्पा संजमु' इत्यादि इकतीस दोहे कहे हैं। इस तरह श्री योगीन्द्रदेवविरचित परमात्मप्रकाश ग्रंथमें १२३ दोहों का पहला प्रकरण कहा है, इस प्रकरणमें बहिरात्मा, अंतरात्मा, परमात्माके स्वरूपके कथनकी मुख्यता है, तथा इसमें तेरह अंतर अधिकार हैं। अब दूसरे अधिकारमें मोक्ष, मोक्षफल और मोक्षमार्ग इनका स्वरूप कहा है, उसमें

प्रथम ही 'सिरिगुरु' इत्यादि मोक्ष रूपके कथनकी मुख्यताकर दस दोहे, 'दंसण णाणु' इत्यादि एक दोहाकर मोक्षका फल, निश्चय व्यवहार मोक्षमार्गकी मुख्यताकर 'जीवहं मोक्खहं हेउ वरु' इत्यादि उन्नीस दोहे, अभेदरत्नत्रयकी मुख्यताकर 'जो भत्तउ' इत्यादि आठ दोहे, समभावकी मुख्यताकर 'कम्मु पुरक्किउ' इत्यादि चौदह दोहे पुण्य-पापकी समानताकी मुख्यता कर 'बंधहं मोक्खहं हेउ णिउ' इत्यादि चौदह दोहे हैं, और शुद्धोपयोगके स्वरूपकी मुख्यताकर प्रक्षेपकोंके बिना इकतालीस दोहे पर्यंत व्याख्यान है। उन इकतालीस दोहोंमें से प्रथम ही 'सुद्धहं संजमु' इत्यादि पाँच दोहा तक शुद्धोपयोगके व्याख्यानकी मुख्यता है, 'दाणि लब्भइ' इत्यादि पंद्रह दोहा पर्यंत वीतराग स्वसंवेदनज्ञानकी मुख्यताकर व्याख्यान है, परिग्रह त्यागकी मुख्यताकर 'लेणह इच्छइ' इत्यादि आठ दोहा पर्यन्त व्याख्यान है, 'जो भत्तउ रयणत्तयहं' इत्यादि तेरह दोहा पर्यंत शुद्धनयकर सोलहवानके सुवर्णकी तरह सब जीव केवलज्ञानादि स्वभावलक्षणकर समान हैं यह व्याख्यान है। इस तरह इकतालीस दोहोंके व्याख्यानकी विधि कही। उनके चार अधिकार हैं। यहाँ पर एकसौ ग्यारह दोहोंका दूसरा महा अधिकार कहा है, उसमें दस अन्तर अधिकार हैं। इसके बाद 'परु जाणंतु वि' इत्यादि एकसौ सात दोहोंमें ग्रंथकी समाप्ति पर्यंत चूलिका व्याख्यान है। इनके सिवाय प्रक्षेपक हैं। उन एकसौ सात दोहोंमें से अन्तके 'परमसमाहि' इत्यादि चौबीस दोहा पर्यंत परमसमाधिका कथन है, उनमें सात स्थल हैं। उनमेंसे प्रथम स्थलमें निर्विकल्प समाधिकी मुख्यताकर 'परमसमाहिमहासरहिं' इत्यादि छह दोहे, अरहंतपदकी मुख्यताकर 'सयल वियप्पहं' इत्यादि तीन दोहे, परमात्मप्रकाशनामकी मुख्यताकर 'सयलहं दोसहं' इत्यादि तीन दोहे, सिद्धपदकी मुख्यताकर 'झाणे कम्मक्खउ करिवि' इत्यादि तीन दोहे, परमात्मप्रकाशके आराधक पुरुषोंको फलके कथनकी मुख्यताकर 'जे परमप्पपयास मुणि' इत्यादि तीन दोहे, परमात्मप्रकाशकी आराधनाके योग्य पुरुषोंके कथनकी मुख्यताकर 'जो भवदुक्खहं' इत्यादि तीन दोहे, और परमात्मप्रकाशशास्त्रके फलके कथनकी मुख्यताकर तथा गर्वके त्यागकी मुख्यताकर 'लक्खण छंद' इत्यादि तीन दोहे हैं। इस प्रकार चूलिकाके अंतमें चौबीस दोहोंमें सात स्थल कहे गये हैं। इस तरह तीन महाअधिकारोंमें अंतर स्थल अनेक हैं। एक तो इस प्रकार पातनिका कही, अथवा अन्य तरह कथनकर दूसरी पातनिका कहते है – पहले अधिकारमें बहिरात्मा, अंतरात्मा और परमात्माके कथनकी मुख्यताकर क्षेपकोंको छोड़कर एकसौ तेईस दोहे कहे हैं। उनमेंसे 'जे जाया' इत्यादि पच्चीस दोहा पर्यन्त तीन प्रकार आत्माके कथनका पीठिका व्याख्यान, 'जेहउ णिम्मलु' इत्यादि चौबीस दोहा पर्यन्त सामान्य वर्णन, 'अप्पा जोइय सव्वगउ' इत्यादि तेतालीस दोहा पर्यन्त विशेष वर्णन और 'अप्पा संजमु' इत्यादि इकतीस दोहा पर्यन्त चूलिका व्याख्यान है। इस तरह अंतर अधिकारों सहित पहला महाधिकार कहा। इसके बाद मोक्ष, मोक्षफल और मोक्षमार्गके स्वरूपके कथनकी मुख्यताकर क्षेपकोंके

सिवाय दोसौ चौदह दोहा पर्यंत दूसरा महाधिकार है। उसमें 'सिरि गुरु' इत्यादि तीस दोहा पर्यन्त पीठिकाव्याख्यान, 'जो भत्तउ' इत्यादि छत्तीस दोहा पर्यन्त सामान्यवर्णन और 'सुद्धह संजमु' इत्यादि इकतालीस दोहा पर्यंत विशेष वर्णन है, उसके बाद 'उक्तं च' को छोड़कर एक सौ सात दोहा पर्यंत अभेदरत्नत्रयकी मुख्यताकर चूलिका व्याख्यान है। इस तरह दूसरी पातानिका जाननी चाहिये।

શ્રીમદ્‌બ્રહ્મદેવકૃત સંસ્કૃત ટીકાનો ગુજરાતી અનુવાદ

(સંસ્કૃત ટીકાકારનું મંગલાચરણ)

चिदानन्दैकरूपाय जिनाय परमात्मने।
परमात्मप्रकाशाय नित्यं सिद्धात्मने नमः।।१।।

અર્થ :- [ परमात्मप्रकाशाय ] પરમાત્મસ્વરૂપના પ્રકાશન-અર્થે [ चिदानन्दैकरूपाय ] ચિદાનંદ જ જેનું એક રૂપ છે એવા [ सिद्धात्मने जिनाय परमात्मने ] સિદ્ધસ્વરૂપ જિન પરમાત્માને [ नित्यं ] સદા કાળ [ नमः ] નમસ્કાર હો. ૧.

## પ્રથમ મહાધિકાર (ગાથા-૧૨૩)

શ્રી યોગીન્દ્રદેવકૃત પરમાત્મપ્રકાશ નામના દોહકછંદ ગ્રંથમાં પ્રક્ષેપક દોહકોને છોડીને વ્યાખ્યાન અર્થે અધિકારની શુદ્ધિ (પરિપાટી) કહેવામાં આવે છે. તે આ પ્રમાણે-(૧) પ્રથમ જ પંચપરમેષ્ઠીના નમસ્કારની મુખ્યતાથી 'जे जाया झाणग्गियए' ઈત્યાદિ સાત દોહક સૂત્રો છે, (૨) ત્યારપછી વિજ્ઞાપનની મુખ્યતાથી 'भाविं पणविवि' ઈત્યાદિ ત્રણ સૂત્રો છે, (૩) ત્યારપછી બહિરાત્મા, અન્તરાત્મા, પરમાત્મા એ ભેદોથી ત્રણ પ્રકારના આત્માના કથનની મુખ્યતાથી '-पुणु पुणु पणविवि' ઈત્યાદિ પાંચ સૂત્રો છે, (૪) ત્યારપછી મુક્તિને પ્રાપ્ત થયેલા વ્યક્તિરૂપ પરમાત્માના કથનની મુખ્યતાથી 'तिहुयणवंदिउ' ઈત્યાદિ દસ સૂત્રો છે, (૫) ત્યારપછી દેહમાં રહેલા શક્તિરૂપ પરમાત્માના કથનની મુખ્યતાથી 'जेहउ णिम्मलु' ઈત્યાદિ પાંચ અન્તર્ભૂત પ્રક્ષેપકો સહિત ચોવીસ સૂત્રો છે, (૬) પછી જીવના નિજદેહપ્રમાણના વિષયમાં સ્વમત, પરમતના વિચારની મુખ્યતાથી 'किं वि भणंति जिउ सव्वगउ' ઈત્યાદિ છ સૂત્રો છે, (૭) ત્યાર પછી દ્રવ્યગુણપર્યાયના સ્વરૂપના કથનની મુખ્યતાથી 'अप्पा जणियउ' ઈત્યાદિ ત્રણ સૂત્રો છે, (૮) ત્યારપછી કર્મવિચારની મુખ્યતાથી 'जीवहं कम्मु अणाई जिय' ઈત્યાદિ આઠ સૂત્રો છે, (૯) ત્યારપછી સામાન્ય ભેદભાવનાના કથનથી 'अप्पा अप्पु जि' ઈત્યાદિ નવ સૂત્રો છે, (૧૦) ત્યારપછી નિશ્ચય સમ્યગ્દષ્ટિના કથનરૂપથી 'अप्पिं अप्पु' ઈત્યાદિ એક સૂત્ર છે, (૧૧) ત્યારપછી

મિથ્યાભાવના કથનની મુખ્યતાથી 'पज्जयरत्तउ' ઇત્યાદિ આઠ સૂત્રો છે, (૧૨) ત્યારપછી સમ્યગ્દષ્ટિની ભાવનાની મુખ્યતાથી 'कालु लहेविणु' ઇત્યાદિ આઠ સૂત્રો છે, (૧૩) ત્યારપછી સામાન્ય ભેદ ભાવનાની મુખ્યતાથી 'अप्पा संजमु' ઇત્યાદિ એકત્રીશ જેટલા દોહક સૂત્રો છે.

એ પ્રમાણે શ્રીયોગીન્દ્રદેવવિરચિત પરમાત્મપ્રકાશ શાસ્ત્રમાં એકસોત્રેવીસ દોહકસૂત્રોથી બહિરાત્મા, અન્તરાત્મા અને પરમાત્માના સ્વરૂપના કથનની મુખ્યતાથી પ્રથમ પ્રકરણ-પાતનિકા પૂરી થઈ. (અને તેમાં તેર અન્તરાધિકાર છે)

## બીજા મહાધિકાર (દોહક સૂત્રો-૨૧૪)

ત્યારપછી બીજા મહાધિકારની (દોહકસૂત્રો ૨૧૪) શરૂઆતમાં મોક્ષ, મોક્ષફળ અને મોક્ષમાર્ગનું સ્વરૂપ કહેવામાં આવે છે. (૧) ત્યાં પ્રથમ જ મોક્ષ સ્વરૂપના કથનની મુખ્યતાથી 'सिरिगुरु' ઇત્યાદિ દસ દોહકસૂત્રો છે, (૨) ત્યારપછી 'दंसणु णाणु' એ એક સૂત્રથી મોક્ષનું ફળ દર્શાવ્યું છે, (૩) ત્યારપછી 'जीवहं मोक्खहं हेउ वरु' ઇત્યાદિ ઓગણીસ સૂત્ર સુધી નિશ્ચયવ્યવહારમોક્ષમાર્ગની મુખ્યતાથી વ્યાખ્યાન કર્યું છે, (૪) ત્યારપછી અભેદરત્નત્રયની મુખ્યતાથી 'जो भत्तउ' ઇત્યાદિ આઠ સૂત્રો છે, (૫) ત્યારપછી સમભાવની મુખ્યતાથી 'कम्मु पुरक्किउ' ઇત્યાદિ ચૌદ સૂત્રો છે, (૬) ત્યારપછી પુણ્ય પાપની સમાનતાની મુખ્યતાથી 'बंधहं मोक्खहं हेउ णिउ' ઇત્યાદિ ચૌદ સૂત્રો છે.

ત્યાર પછી પ્રક્ષેપકોને છોડીને એકતાલીસ સૂત્રો સુધી શુદ્ધોપયોગના સ્વરૂપની મુખ્યતા છે. એ પ્રમાણે સમુદાયપાતનિકા જાણવી.

(૭) તે એકતાલીસ સૂત્રોમાંથી પ્રથમ 'सुद्धहं संजमु' ઇત્યાદિ પાંચ સૂત્રો સુધી શુદ્ધોપયોગની મુખ્યતાથી વ્યાખ્યાન છે, (૮) ત્યારપછી 'दाणिं लब्भइ' ઇત્યાદિ પંદર સૂત્રો સુધી વીતરાગ સ્વસંવેદનજ્ઞાનની મુખ્યતાથી વ્યાખ્યાન છે, (૯) ત્યારપછી 'लेणहं इच्छइ मूढु' ઇત્યાદિ આઠ સૂત્રો સુધી પરિગ્રહના ત્યાગની મુખ્યતાથી વ્યાખ્યાન છે. (૧૦) ત્યારપછી 'जो भत्तउ रयणत्तयहं' ઇત્યાદિ તેર સૂત્રો સુધી શુદ્ધનયથી સોળ વલા સુવર્ણની માફક સર્વે જીવો કેવળજ્ઞાનાદિ લક્ષણથી સમાન છે એવી મુખ્યતાથી વ્યાખ્યાન છે. (તે એકતાળીસ સૂત્રોના મહાસ્થળના ચાર અન્તર સ્થળો છે) એ પ્રમાણે એકતાળીસ સૂત્રો સમાપ્ત થયાં.

ત્યારપછી 'परु जाणंतु वि' ઇત્યાદિ સમાપ્તિ સુધી પ્રક્ષેપક સૂત્રોને છોડીને એકસો સાત સૂત્રોથી ચૂલિકા વ્યાખ્યાન છે. તે એકસો સાત સૂત્રોમાંથી છેલ્લા 'परम समाहि' ઇત્યાદિ ચોવીસ સૂત્રોમાં સાત સ્થળો છે. [તેમાં (પરમ) સમાધિનું કથન છે.]

(૧) તેમાં પ્રથમ સ્થળમાં નિર્વિકલ્પ સમાધિની મુખ્યતાથી 'परमसमाहिमहासरहिं' ઈત્યાદિ છ સૂત્રો છે, (૨) ત્યારપછી અર્હત્પદની મુખ્યતાથી 'सयलवियप्पहं' ઈત્યાદિ ત્રણ સૂત્રો છે, (૩) ત્યારપછી પરમાત્મપ્રકાશ નામની મુખ્યતાથી 'सयलहं कम्महं दोसहं' ઈત્યાદિ ત્રણ સૂત્રો છે, (૪) પછી સિદ્ધપદની મુખ્યતાથી 'झाणें कम्मक्खउ करिवि' ઈત્યાદિ ત્રણ સૂત્રો છે, (૫) ત્યારપછી પરમાત્મપ્રકાશના આરાધક પુરુષોના ફળના કથનની મુખ્યતાથી 'जे परमप्पपयासु मुणि' ઈત્યાદિ ત્રણ સૂત્રો છે, (૬) ત્યારપછી પરમાત્મપ્રકાશની આરાધનાને યોગ્ય પુરુષોના કથનની મુખ્યતાથી 'जे भवदुक्खहं' ઈત્યાદિ ત્રણ સૂત્રો છે, (૭) ત્યારપછી પરમાત્મપ્રકાશશાસ્ત્રના ફળના કથનની મુખ્યતાથી અને ઉદ્ધતપણાના (ગર્વના) ત્યાગની મુખ્યતાથી 'लक्खणछंद' ઈત્યાદિ ત્રણ સૂત્રો છે.

એ પ્રમાણે ચોવીશ દોહક સૂત્રોની એક ચૂલિકાના અંતમાં સાત સ્થળો સમાપ્ત થયાં.

(એ રીતે તે મહાધિકારોમાં અંતર સ્થળ અનેક છે.) એ રીતે પ્રથમપાતનિકા સમાપ્ત થઈ, (એ રીતે પરિપાટીનો એક ક્રમ કહ્યો.) અથવા અન્ય પ્રકારે બીજી પાતનિકા કહેવામાં આવે છે. તે આ પ્રમાણે :- પહેલા અધિકારમાં પ્રથમ તો પ્રક્ષેપક સૂત્રોને છોડીને બહિરાત્મા, અન્તરાત્મા, અને પરમાત્માના કથનરૂપે એકસોત્રેવીસ સૂત્રો સુધી વ્યાખ્યાન કરવામાં આવ્યું છે, એવી સમુદાયપાતનિકા છે. (૧) ત્યાં આદિમાં 'जे जाया' ઈત્યાદિ પચ્ચીસ સૂત્રો સુધી ત્રણ પ્રકારના આત્માના કથનનું પીઠિકાવ્યાખ્યાન છે, (૨) ત્યારપછી 'जेहउ णिम्मलु' ઈત્યાદિ ચોવીસ સૂત્રો સુધી સામાન્ય વિવરણ છે, (૩) ત્યારપછી 'अप्पा जोइय सव्वगउ' ઈત્યાદિ તેતાલીસ સૂત્રો સુધી વિશેષ વિવરણ છે, (૪) ત્યારપછી 'अप्पा संजमु' ઈત્યાદિ એકત્રીસ સૂત્રો સુધી ચૂલિકા વ્યાખ્યાન છે. એ રીતે (અંતર અધિકારો સહિત) પ્રથમ મહાધિકાર સમાપ્ત થયો.

ત્યાર પછી પ્રક્ષેપક સૂત્રોને છોડીને મોક્ષ, મોક્ષફળ અને મોક્ષમાર્ગના સ્વરૂપના કથનની મુખ્યતાથી બસો ચૌદ સૂત્રો સુધી બીજો મહાધિકાર કહેવામાં આવ્યો છે. એવી સમુદાયપાતનિકા છે. (૧) ત્યાં આદિમાં 'सिरि गुरु' ઈત્યાદિ ત્રીસ સૂત્રો સુધી પીઠિકા વ્યાખ્યાન છે. (૨) ત્યારપછી 'जो भत्तउ' ઈત્યાદિ છત્રીસ સૂત્રો સુધી સામાન્ય વર્ણન છે. (૩) ત્યારપછી 'सुद्धहं संजमु' ઈત્યાદિ એકતાલીશ સૂત્રો સુધી વિશેષ વર્ણન છે. (૪) ત્યારપછી પ્રક્ષેપક સૂત્રોને છોડીને એકસો સાત સૂત્રો સુધી અભેદરત્નત્રયની મુખ્યતાથી ચૂલિકાવ્યાખ્યાન છે. આ રીતે બીજી પાતનિકા જાણવી.

## વીર સંવત ૨૫૦૨, જેઠ સુદ ૯, રવિવાર
## તા. ૦૬-૦૬-૧૯૭૬, ગાથા-૧, પ્રવચન નં. ૧

આ 'પરમાત્મપ્રકાશ'. હમણાં ઘણાં વર્ષથી વાંચ્યું નથી. પુસ્તકો કો'ક પાસે હશે, કો'ક પાસે નથી. બહાર ક્યાંય મળતા નથી. આ 'યોગીન્દુદેવ' કૃત છે. 'યોગીન્દ્ર', 'યોગીન્દુ' એમ લખે છે. 'યોગીન્દ્ર'ની ના પાડે છે. 'યોગીન્દુ'.. એમ કહે છે. છઠ્ઠી શતાબ્દીમાં થયા છે, એમ કહે છે. ઈ.સ. ૬. અધ્યાત્મનો ગ્રંથ છે. જેમાં 'સમયસાર' આદિની એને ઘણી વાત લીધી છે. પણ એકલી અધ્યાત્મની ભાવનાનો ગ્રંથ, ભાવને ઘૂંટ્યો છે. 'છોટાભાઈ' આવ્યા નથી? કાલે આવ્યા હતા. સવારમાં આવી ગયા? સવારમાં આવી ગયા. બેય આંખે દેખાતું નથી. એવું છે.

'**ॐ श्री परमात्मने नमः श्रीमद्योगीन्दुदेवविरचितः**' 'પરમાત્મપ્રકાશ' એની ટીકાનો... 'બ્રહ્મદેવે' ટીકા કરેલી છે એ ટીકાનો પહેલો શ્લોક છે.

**चिदानन्दैकरूपाय जिनाय परमात्मने।**
**परमात्मप्रकाशाय नित्यं सिद्धात्मने नमः।।१।।**

હવે **'પંડિત દૌલતરામજી' પોતે થોડી ટીકા કરે છે. હિન્દી ટીકાકાર છે.**

દોહા :- **चिदानंद चिद्रूप जो, जिन परमातम देव।**
**सिद्धरूप सुविसुद्ध जो, नमों ताहि करि सेव।।१।।**

ચિદાનંદ, જ્ઞાનનંદ ચિદ્રૂપ આત્મા. ચિદાનંદ જ્ઞાનાનંદ અને ચિદ્રૂપ. એમ. જ્ઞાનાનંદરૂપ ચિદ્રૂપ. જિન પરમાત્મદેવ. વીતરાગ પરમાત્મદેવ. ચિદ્રૂપ '**सुविसुद्ध**' જે નિર્મળ પૂર્ણ દશા જેને પ્રગટ થઈ. '**नमों ताहि करि सेव**' તેની સેવા કરીને હું નમસ્કાર કરું છું. '**परमातम निजवस्तु जो**' પોતાની વસ્તુ જ પરમાત્મા છે. '**गुण अनंतमय शुद्ध**' જેના અનંત ગુણ છે. '**ताहि प्रकाशनके निमित्त**' તે પરમાત્માને પ્રકાશવાને કારણે '**वंदू देव प्रबुद्ध**' એવા દેવ ભગવાન પ્રબુદ્ધ જે સર્વજ્ઞપરમાત્મા છે, એને હું નમસ્કાર કરું છું.

હવે ટીકાનો અર્થ છે. '**શ્રી જિનેશ્વરદેવ શુદ્ધ પરમાત્મા આનંદરૂપ ચિદાનંદચિદ્રૂપ હૈ,...**' એણે એમ કહ્યું હતું, 'દૌલતરામે'. પણ આ 'બ્રહ્મદેવે', 'બ્રહ્મદેવ'...

'**શુદ્ધ પરમાત્મા આનંદરૂપ ચિદાનંદચિદ્રૂપ...**' એ તો એમાં જ છે. '**चिदानन्दैकरूपाय**' '**ઉનકે લિયે મેરા સદાકાલ નમસ્કાર હોવે, કિસ લિયે? પરમાત્માકે સ્વરૂપકે પ્રકાશનેકે લિયે. કૈસે હૈં વે ભગવાન? શુદ્ધ પરમાત્મસ્વરૂપકે પ્રકાશક હૈં, અર્થાત્ નિજ ઔર પર સબકે સ્વરૂપકો પ્રકાશતે હૈં. ફિર કૈસે હૈં? 'સિદ્ધાત્મને' જિનકા આત્મા કૃતકૃત્ય હૈ.**' સિદ્ધાત્મને કૃતકૃત્ય હૈ. '**સારાંશ યહ હૈ કિ નમસ્કાર કરને યોગ્ય પરમાત્મા હી હૈ, ઈસલિયે પરમાત્માકો**

**નમસ્કાર કર પરમાત્મપ્રકાશનામા ગ્રંથકા વ્યાખ્યાન કરતા હૂં.'** એમ ભાઈ 'દૌલતરામ' પોતે કહે છે. હવે એ બધી પછી. મૂળ શ્લોક લ્યો હવે. 'યોગીન્દુદેવ'નો મૂળ શ્લોક.

---

इदानीं प्रथमपातनिकाभिप्रायेण व्याख्याने क्रियमाणे ग्रन्थकारो ग्रन्थस्यादौ मङ्गलार्थमिष्टदेवतानमस्कारं कुर्वाणः सन् दोहकसूत्रमेकं *प्रतिपादयति–

(१) जे जाया झाणग्गियएँ कम्म–कलंक डहेवि।
णिच्च–णिरंजण–णाण–मय ते परमप्प णवेवि।।१।।

ये जाता ध्यानाग्निना कर्मकलङ्कान् दग्ध्वा।
नित्यनिरञ्जनज्ञानमयास्तान् परमात्मनः नत्वा।।१।।

जे जाया ये केचन कर्तारो महात्मानो जाता उत्पन्नाः। केन कारणभूतेन। झाणग्गियए ध्यानाग्निना। किं कृत्वा पूर्वम्। कम्मकलंक डहेवि – कर्मकलङ्कमलान् दग्ध्वा भस्मीकृत्वा। कथंभूताः जाताः। णिच्चणिरंजणणाणमय नित्यनिरञ्जनज्ञानमयाः ते परमप्प णवेवि तान्परमात्मनः कर्मतापन्नान्नत्वा प्रणम्येतितात्पर्यार्थव्याख्यानं समुदायकथनं संपिण्डितार्थ–निरूपणमुपोद्धातः संग्रहवाक्यं वार्तिकमिति यावत्। इतो विशेषः। तद्यथा–ये जाता उत्पन्ना मेघपटलविनिर्गतदिनकरकिरणप्रभावात्कर्मपटलविघटनसमये सकलविमलकेवलज्ञानाद्यनन्त–चतुष्टयव्यक्तिरूपेण लोकालोकप्रकाशनसमर्थेन सर्वप्रकारोपादेयभूतेन कार्यसमयसाररूप परिणताः। कया नयविवक्षया जाताः सिद्धपर्यायपरिणतिव्यक्तरूपतया धातुपाषाणे सुवर्णपर्यायपरिणति–व्यक्तिवत्। तथा चोक्तं पञ्चास्तिकायेपर्यायार्थिकनयेन ''अभूदपुव्वो हवदि सिद्धो'', द्रव्यार्थिकनयेन पुनः शक्त्यप्रेक्षया पूर्वमेव शुद्धबुद्धैकस्वभावस्तिष्ठति धातुपाषाणे सुवर्णशक्तिवत्। तथा चोक्तं द्रव्यसंग्रहेशुद्धद्रव्यार्थिकनयेन 'सव्वे सुद्धा हु सुद्धणया' सर्वे जीवाः शुद्धबुद्धैकस्वभावाः केन जाताः। ध्यानाग्निना करणभूतेन ध्यानशब्देन आगमापेक्षया वीतरागनिर्विकल्पशुक्लध्यानम्, अध्यात्मापेक्षया वीतरागनिर्विकल्परूपातीतध्यानम्। तथा चोक्तम्–'पदस्थं मन्त्रवाक्यस्थं पिण्डस्थं स्वात्मचिन्तनम्। रूपस्थं सर्वचिद्रूपं रूपातीतं निरञ्जनम्।।' तच्च ध्यानं वस्तुवृत्त्या शुद्धात्मसम्यक्श्रद्धानज्ञानानुष्ठानरूपाभेदरत्नत्रयात्मकनिर्विकल्पसमाधिसमुत्पन्नवीतरागपरमानन्दसमरसीभावसुखरसास्वादरूपमिति ज्ञातव्यम्। किं कृत्वा जाताः। कर्ममलकलङ्कान् दग्ध्वा कर्ममलशब्देन द्रव्यकर्मभावकर्माणि गृह्यन्ते। पुद्गलपिण्डरूपाणि ज्ञानावरणादीन्यष्टौ द्रव्यकर्माणि, रागादिसंकल्पविकल्परूपाणि पुनर्भावकर्माणि। द्रव्यकर्मदहनमनुपचरिता–सद्भूतव्यवहारनयेन, भावकर्मदहनं पुनरशुद्धनिश्चयेन शुद्धनिश्चयेन बन्धमोक्षौ न स्तः। इत्थंभूत–कर्ममलकलङ्कान् दग्ध्वा कथंभूता जाताः। नित्यनिरञ्जनज्ञानमयाः। क्षणिकैकान्तवा–

---

* પાઠાન્તર :- प्रतिपादयति = प्रतिपादयति। तद्यथा ––

दिसौगतमतानुसारिशिष्यं प्रति द्रव्यार्थिकनयेन नित्यटङ्कोत्कीर्णज्ञायकैकस्वभाव-परमात्मद्रव्यव्यवस्थापनार्थं नित्यविशेषणं कृतम्। अथ कल्पशते गते जगत् शून्यं भवति पश्चात्सदाशिवे जगत्करणविषये चिन्ता भवति तदन्तरं मुक्तिगतानां जीवानां कर्माञ्जनसंयोगं कृत्वा संसारे पतनं करोतीति नैयायिका वदन्ति, तन्मतानुसारिशिष्यं प्रति भावकर्मद्रव्यकर्म-नोकर्माञ्जननिषेधार्थं मुक्तजीवानां निरञ्जनविशेषणं कृतम्। मुक्तात्मनां सुप्तावस्थाबद्ध-हिर्ज्ञेयविषये परिज्ञानं नास्तीति सांख्या वदन्ति, तन्मतानुसारिशिष्यं प्रति जगत्त्रयकालत्रयवर्ति-सर्वपदार्थयुगपत्परिच्छित्तिरूपकेवलज्ञानस्थापनार्थं ज्ञानमयविशेषणं कृतमिति। तानित्थंभूतान् परमात्मनो नत्वा प्रणम्य नमस्कृत्येति क्रियाकारकसंबन्धः। अत्र नत्वेति शब्दरूपो वाचनिको द्रव्यनमस्कारो ग्राह्योऽसद्भूतव्यवहारनयेन ज्ञातव्यः, केवलज्ञानाद्यनन्तगुणस्मरणरूपो भावनमस्कारः पुनरशुद्धनिश्चयनयेनेति, शुद्धनिश्चयनयेन वन्द्यवन्दकभावो नास्तीति। एवं पदखण्डनारूपेण शब्दार्थः कथितः, नयविभागकथनरूपेण नयार्थोऽपि भणितः, बौद्धादिमतस्वरूपकथनप्रस्तावे मतार्थोऽपि निरूपितः, एवंगुणविशिष्टाः सिद्धा मुक्ताः सन्तीत्यागमार्थः प्रसिद्धः। अत्र नित्यनिरञ्जनज्ञानमयरूपं परमात्मद्रव्यमुपादेयमिति भावार्थः। अनेन प्रकारेण शब्दनयमतागमभावार्थो व्याख्यानकाले यथासंभवं सर्वत्र ज्ञातव्य इति।।१।।

---

अब, प्रथम पातनिकाके अभिप्रायसे व्याख्यान किया जाता है, उसमें ग्रंथकर्ता श्री योगीन्द्राचार्यदेव ग्रंथके आरंभमें मंगलके लिए इष्टदेवता श्री भगवानको नमस्कार करते हुए एक दोहा छंद कहते हैं।

**प्रथम महाधिकार**
**गाथा-१**

अन्वयार्थ :- [ ये ] जो भगवान् [ ध्यानाग्निना ] ध्यानरूपी अग्निसे [ कर्मकलङ्कान् ] पहले कर्मरूपी मैलोंको [ दग्ध्वा ] भस्म करके [ नित्यनिरंजनज्ञानमयाः जाताः ] नित्य, निरंजन और ज्ञानमयी सिद्ध परमात्मा हुए हैं, [ तान् ] उन [ परमात्मनः ] सिद्धोंको [ नत्वा ] नमस्कार करके मैं परमात्मप्रकाशका व्याख्यान करता हूँ। यह संक्षेप व्याख्यान किया।

भावार्थ :- जैसे मेघ-पटलसे बाहर निकली हुई सूर्यकी किरणोंकी प्रभा प्रबल होती है, उसी तरह कर्मरूप मेघसमूहके विलय होनेपर अत्यंत निर्मल केवलज्ञानादि अनंतचतुष्टयकी प्रगटतास्वरूप परमात्मा परिणत हुए हैं। अनंतचतुष्टय अर्थात् अनंतज्ञान, अनंतदर्शन, अनंतसुख, अनंतवीर्य, ये अनंतचतुष्टय सब प्रकार अंगीकार करने योग्य हैं, तथा लोकालोकके प्रकाशनको समर्थ हैं। जब सिद्धपरमेष्ठी अनंतचतुष्टयरूप परिणमे, तब कार्य-समयसार हुए। अंतरात्म अवस्थामें कारण-समयसार थे। जब कार्यसमयसार हुए तब सिद्धपर्याय परिणतिकी प्रगटता रूपकर शुद्ध परमात्मा हुए। जैसे सोना अन्य धातुके मिलापसे रहित हुआ, अपने सोलहवानरूप

प्रगट होता है, उसी प्रकार कर्म–कलंक रहित सिद्धपर्यायरूप परिणमे। तथा पंचास्तिकाय ग्रंथमें भी कहा है – जो पर्यायार्थिकनयकर 'अभूदपुव्वो हवदि सिद्धो' अर्थात् जो पहले सिद्धपर्याय कभी नहीं पाई थी, वह कर्म–कलंक के विनाशसे पाई। यह पर्यायार्थिकनयकी मुख्यतासे कथन है और द्रव्यार्थिकनयकर शक्तिकी अपेक्षा यह जीव सदा ही शुद्ध बुद्ध (ज्ञान) स्वभाव तिष्ठता है। जैसे धातु पाषाणके मेलमें भी शक्तिरूप सुवर्ण मौजूद ही है, क्योंकि सुवर्ण–शक्ति सुवर्णमें सदा ही रहती है, जब परवस्तुका संयोग दूर हो जाता है, तब वह व्यक्तिरूप होता है। सारांश यह है कि शक्तिरूप तो पहले ही था, लेकिन व्यक्तिरूप सिद्धपर्याय पाने से हुआ। शुद्ध द्रव्यार्थिकनयकर सभी जीव सदा शुद्ध ही हैं। ऐसा ही द्रव्यसंग्रहमें कहा है, 'सव्वे सुद्धाहु सुद्धणया' अर्थात् शुद्ध नयकर सभी जीव शक्तिरूप शुद्ध हैं और पर्यायार्थिकनयसे व्यक्तिकर शुद्ध हुए। किस कारणसे ? ध्यानाग्निना अर्थात् ध्यानरूपी अग्निकर कर्मरूपीकलंकोंको भस्म किया, तब सिद्ध परमात्मा हुए। वह ध्यान कौनसा है ? आगमकी अपेक्षा तो वीतराग निर्विकल्प शुक्लध्यान है और अध्यात्मकी अपेक्षा वीतराग निर्विकल्प रूपातीत ध्यान है। तथा दूसरी जगह भी कहा है – 'पदस्थं' इत्यादि, उसका अर्थ यह है, कि णमोकारमंत्र आदिका जो ध्यान है, वह पदस्थ कहलाता है, पिंड (शरीर) में ठहरा हुआ जो निज आत्मा है, उसका चिंतवन वह पिंडस्थ है, सर्व चिद्रूप (सकल परमात्मा) जो अरहंतदेव उनका ध्यान वह रूपस्थ है, और निरंजन (सिद्धभगवान्) का ध्यान रूपातीत कहा जाता है। वस्तुके स्वभावसे विचारा जावे, तो शुद्ध आत्माका सम्यग्दर्शन, सम्यग्ज्ञान, सम्यक्चारित्ररूप अभेद रत्नत्रयमई जो निर्विकल्प समाधि है, उससे उत्पन्न हुआ वीतराग परमानंद समरसी भाव सुखरसका आस्वाद वही जिसका स्वरूप है, ऐसा ध्यानका लक्षण जानना चाहिये। इसी ध्यानके प्रभावसे कर्मरूपी मैल वही हुआ कलंक, उनको भस्मकर सिद्ध हुए। कर्म–कलंक अर्थात् द्रव्यकर्म भावकर्म इनमेंसे जो पुद्‌गलपिंडरूप ज्ञानावरणादि आठ कर्म वे द्रव्यकर्म हैं, और रागादिक संकल्प–विकल्प परिणाम भावकर्म कहे जाते हैं। यहाँ भावकर्मका दहन अशुद्ध निश्चयनयकर हुआ, तथा द्रव्यकर्मका दहन असद्भुत अनुपचरितव्यवहारनयकर हुआ और शुद्ध निश्चयकर तो जीवके बंध मोक्ष दोनों ही नहीं है। इस प्रकार कर्मरूपमलोंको भस्मकर जो भगवान हुए, वे कैसे हैं ? वे भगवान सिद्ध परमेष्ठी नित्य निरंजन ज्ञानमई हैं। यहाँपर नित्य जो विशेषण किया है, वह एकान्तवादी बौद्ध जो कि आत्माको नित्य नहीं मानता, क्षणिक मानता है, उसको समझानेके लिये है। द्रव्यार्थिकनयकर आत्माको नित्य कहा है, टंकोत्कीर्ण अर्थात् टाँकीकासा घड्या सुघट ज्ञायक एकस्वभाव परम द्रव्य है। ऐसा निश्चय करानेके लिये नित्यपनेका निरूपण किया है। इसके बाद निरंजनपनेका कथन करते हैं। जो नैयायिकमती हैं वे ऐसा कहते हैं 'सौ कल्पकाल चले जानेपर जगत् शून्य हो जाता है और सब जीव उस समय मुक्त हो जाते हैं तब सदाशिवको जगत् के करनेकी चिन्ता होती है। उसके बाद जो मुक्त हुए थे, उन सबके कर्मरूप अंजनका संयोग करके संसारमें पुनः डाल देता है', ऐसी नैयायिकोंके श्रद्धा

है। उनके सम्बोधनेके लिये निरंजनपनेका वर्णन किया कि भावकर्म–द्रव्यकर्म–नोकर्मरूप अंजनका संसर्ग सिद्धोंके कभी नहीं होता। इसी लिये सिद्धोंको निरंजन ऐसा विशेषण कहा है। अब सांख्यमती कहते हैं – 'जैसे सोनेकी अवस्थामें सोते हुए पुरुषको बाह्य पदार्थोंका ज्ञान नहीं होता, वैसे ही मुक्तजीवोंको बाह्य पदार्थोंका ज्ञान नहीं होता है।' ऐसे जो सिद्धदशामें ज्ञानका अभाव मानते है, उनको प्रतिबोध करानेके लिये तीन जगत् तीनकालवर्ती सब पदार्थोंका एक समयमें ही जानना है, अर्थात् जिसमें समस्त लोकालोकके जाननेकी शक्ति है, ऐसे ज्ञायकतारूप केवलज्ञानके स्थापन करनेके लिये सिद्धोंका ज्ञानमय विशेषण किया। वे भगवान नित्य हैं, निरंजन हैं, और ज्ञानमय हैं, ऐसे सिद्धपरमात्माओंको नमस्कार करके ग्रंथका व्याख्यान करता हूँ। यह नमस्कार शब्दरूप वचन द्रव्यनमस्कार है और केवलज्ञानादि अनंत गुणस्मरणरूप भावनमस्कार कहा जाता है। यह द्रव्य–भावरूप नमस्कार व्यवहारनयकर साधक–दशामें कहा है, शुद्धनिश्चयनयकर वंद्य–वंदक भाव नहीं है। ऐसे पदखंडनारूप शब्दार्थ कहा और नयविभागरूप कथनकर नयार्थ भी कहा, तथा बौद्ध, नैयायिक, सांख्यादि मतके कथन करनेसे मतार्थ कहा, इस प्रकार अनंतगुणात्मक सिद्धपरमेष्ठी संसारसे मुक्त हुए हैं, यह सिद्धांतका अर्थ प्रसिद्ध ही है, और निरंजन ज्ञानमई परमात्माद्रव्य आदरने योग्य है, उपादेय है, यह भावार्थ है, इसी तरह शब्द नय, मत, आगम, भावार्थ व्याख्यानके अवसर पर सब जान लेना।।१।।

---

## (૧)
## પ્રથમ મહાધિકાર

હવે પ્રથમ પાતનિકાના અભિપ્રાય પ્રમાણે વ્યાખ્યાન કરવામાં આવતાં, ગ્રંથકાર શ્રીયોગીન્દ્રાચાર્ય ગ્રંથની આદિમાં મંગળ અર્થે ઈષ્ટદેવતાને (શ્રી સિદ્ધપરમાત્માને) નમસ્કાર કરતા થકા એક દોહકસૂત્ર કહે છે :

ભાવાર્થ : જેવી રીતે મેઘપટલમાંથી નીકળેલા સૂર્યનાં કિરણોની પ્રભા પ્રગટ થઈ છે તેવી રીતે જેઓ કર્મપટલના વિલય ટાણે (કર્મરૂપી મેઘપટલનો વિલય થતાં) સકલ વિમલ કેવળજ્ઞાનાદિ અનંતચતુષ્ટયની વ્યક્તિરૂપ, લોકાલોકને પ્રકાશવાને સમર્થ, સર્વપ્રકારે ઉપાદેયભૂત કાર્યસમયસારરૂપ પરિણમ્યા છે. કયા નયની વિવક્ષાથી (તેઓ કાર્યસમયસારરૂપ સિદ્ધપરમાત્મા) થયા છે? જેવી રીતે ધાતુપાષાણ સુવર્ણપર્યાયરૂપ પરિણતિની પ્રગટતારૂપે થયો છે તેવી રીતે તેઓ સિદ્ધપર્યાયરૂપ પરિણતિની પ્રગટતારૂપે થયા છે, શ્રી પંચાસ્તિકાય (ગાથા–૨૦)માં કહ્યું છે કે :

પર્યાયાર્થિકનયથી 'अभूदपुव्वो हवदि सिद्धो' (જીવ અભૂતપૂર્વ સિદ્ધ થાય છે), દ્રવ્યાર્થિકનયથી તો જેવી રીતે ધાતુપાષાણમાં સુવર્ણ શક્તિરૂપે રહેલ છે તેવી રીતે, શક્તિ–અપેક્ષાએ જીવ પ્રથમથી જ શુદ્ધ, બુદ્ધ એક સ્વભાવવાળો છે. દ્રવ્યસંગ્રહ (ગાથા–૧૩૩)માં

કહ્યું છે કે 'सव्वे सुद्धा हु सुद्धणया' શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી (શુદ્ધનયથી) સર્વ સંસારી જીવો શુદ્ધ બુદ્ધ એકસ્વભાવવાળા છે.

શા કારણથી (તેઓ કાર્યસમયસારરૂપ સિદ્ધ પરમાત્મા થયા છે) ? કરણરૂપ ધ્યાનાગ્નિ વડે (તેઓ કાર્યસમયસારરૂપ સિદ્ધ પરમાત્મા થયા છે). 'ધ્યાન' શબ્દથી આગમની અપેક્ષાએ વીતરાગ નિર્વિકલ્પ શુક્લધ્યાન અને અધ્યાત્મની અપેક્ષાએ વીતરાગ નિર્વિકલ્પ રૂપાતીતધ્યાન સમજવું. કહ્યું છે કે (બૃહત દ્રવ્યસંગ્રહ ગાથા ૪૮ની ટીકા) * 'पदस्थं मन्त्रवाक्यस्थं पिंण्डस्थं स्वात्मचिन्तनम्। रूपस्थं सर्वचिद्रूपं रूपातीतं निरञ्जनम्।।' (અર્થ : મંત્રવાક્યોમાં સ્થિત તે 'પદસ્થ' ધ્યાન છે, નિજ આત્માનું ચિંતન તે 'પિંડસ્થ' ધ્યાન છે; સર્વચિદ્રૂપનું ચિંતન તે 'રૂપસ્થ' ધ્યાન છે અને નિરંજનનું ધ્યાન તે રૂપાતીત ધ્યાન છે.) અને તે ધ્યાન વસ્તુવૃત્તિથી શુદ્ધ આત્માનાં સમ્યક્શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્અનુષ્ઠાનરૂપ અભેદ રત્નત્રયાત્મક નિર્વિકલ્પ સમાધિથી સમુત્પન્ન વીતરાગ પરમાનંદમય સમરસીભાવસુખરસના આસ્વાદરૂપ છે એમ જાણવું.

શું કરીને (તેઓ કાર્યસમયસારરૂપ સિદ્ધ પરમાત્મા) થયા છે? કર્મમળરૂપ કલંકોને દગ્ધ કરીને (તેઓ કાર્યસમયસારરૂપ સિદ્ધ પરમાત્મા થયા છે.) અહીં 'કર્મમળ' શબ્દથી દ્રવ્યકર્મો અને ભાવકર્મો સમજવાં. પુદ્ગલપિંડરૂપ જ્ઞાનાવરણાદિ આઠ દ્રવ્યકર્મો છે અને રાગાદિસંકલ્પવિકલ્પરૂપ ભાવકર્મો છે. દ્રવ્યકર્મોનું દહન અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી છે અને ભાવકર્મોનું દહન અશુદ્ધ નિશ્ચયનયથી છે, શુદ્ધ નિશ્ચયનયથી તો બંધમોક્ષ નથી.

આવા કર્મમળરૂપી કલંકોને દગ્ધ કરીને તેઓ કેવા થયા છે? આવા કર્મમળરૂપી કલંકોને દગ્ધ કરીને તેઓ નિત્ય નિરંજન જ્ઞાનમય થયા છે (૧) ક્ષણિક એકાંતવાદી સૌગત (બૌદ્ધ) મતને અનુસરનાર શિષ્ય પ્રતિ દ્રવ્યાર્થિકનયથી નિત્ય ટંકોત્કીર્ણ જ્ઞાયક એક જેનો સ્વભાવ છે એવા પરમાત્મદ્રવ્ય છે એમ સ્થાપવા માટે 'નિત્ય' વિશેષણ આપવામાં આવ્યું છે, (૨) સો કલ્પકાળ ગયા પછી જગત શૂન્ય થાય છે ત્યારે સદાશિવને જગત રચવાની ચિંતા થાય છે. ત્યાર પછી તે મુક્તિપ્રાપ્ત જીવોને કર્મરૂપ અંજનનો સંયોગ કરીને સંસારમાં નાખે છે એમ નૈયાયિકો કહે છે. તેના મતને અનુસરનાર શિષ્ય પ્રતિ ભાવકર્મ, દ્રવ્યકર્મ અને નોકર્મરૂપ અંજનના નિષેધ અર્થે મુક્ત જીવોને 'નિરંજન' વિશેષણ આપવામાં આવ્યું છે, (૩) જેવી રીતે સુપ્ત અવસ્થામાં પુરુષને બાહ્ય જ્ઞેયવિષયનું જ્ઞાન હોતું નથી તેવી રીતે મુક્ત આત્માઓને બાહ્ય જ્ઞેયવિષયનું જ્ઞાન હોતું નથી એમ સાંખ્યો કહે છે. તેના મતને અનુસરનાર શિષ્ય પ્રતિ ત્રણે જગતના, ત્રણે કાળવર્તી સર્વ પદાર્થના યુગપત્ પરિચ્છિત્તિરૂપ કેવળજ્ઞાન છે એમ સ્થાપવા માટે 'જ્ઞાનમય' વિશેષણ આપવામાં આવ્યું છે.

---

* બૃહત દ્રવ્યસંગ્રહ ગાથા ૪૮ની ટીકા.

**એવા તે પરમાત્માઓને નમીને-પ્રણમીને-નમસ્કાર કરીને, એવો ક્રિયાકારક સંબંધ છે. અહીં नत्वा' એવું શબ્દરૂપ વાચક દ્રવ્યનમસ્કાર અસદ્‌ભૂત વ્યવહારનયથી જાણવો અને કેવળજ્ઞાનાદિ અનંતગુણના સ્મરણરૂપ ભાવનમસ્કાર અશુદ્ધ નિશ્ચયનયથી જાણવો, શુદ્ધ નિશ્ચયનયથી વંદ્યવંદકભાવ નથી.**

**આ પ્રમાણે પદખંડનારૂપે શબ્દાર્થ કહ્યો, નયવિભાગના કથનરૂપે નયાર્થ કહ્યો, બૌદ્ધાદિના મતોના સ્વરૂપના કથનના અવસર પર મતાર્થ પણ કહ્યો.**

**આવા ગુણવિશિષ્ટ સિદ્ધો મુક્ત છે એવો આગમાર્થ પ્રસિદ્ધ છે.**

**અહીં નિત્ય, નિરંજન અને જ્ઞાનમયરૂપ પરમાત્મદ્રવ્ય ઉપાદેય છે એવો ભાવાર્થ છે.**

**આ રીતે શબ્દ, નય, મત, આગમ અને ભાવાર્થ વ્યાખ્યાનકાળે યથાસંભવ સર્વત્ર જાણવા. ૧.**

## ગાથા-૧ ઉપર પ્રવચન

હવે એ બધી પછી.. મૂળ શ્લોક લ્યો હવે. ..દેવનો મૂળ શ્લોક.

**(१) जे जाया झाणग्गियएँ कम्म-कलंक डहेवि।**
**णिच्च-णिरंजण-णाण-मय ते परमप्प णवेवि।।१।।**

**ये जाता ध्यानाग्निना कर्मकलङ्कान् दग्ध्वा।**
**नित्यनिरञ्जनज्ञानमयास्तान् परमात्मनः नत्वा।।१।।**

એનો અર્થ નીચે છે. '**શ્રી યોગીન્દ્રાચાર્યદેવ ગ્રંથકે આરંભમેં મંગલકે લિયે ઈષ્ટદેવતા શ્રી ભગવાનકો નમસ્કાર કરતે હુએ એક દોહા છંદ કહતે હૈં.**' જોડે હોય એણે ધ્યાન રાખવું. બધાને આવું પુસ્તક મળે એવું નથી. '**જો ભગવાન ધ્યાનરૂપી અગ્નિસે...**' ન્યાયથી શરૂ કર્યું છે. એ પરમાત્મા થયા કેમ? કહે છે. આહાહા..! એ શુદ્ધ ચૈતન્યઘનનું ધ્યાન કરીને થયા છે. આહાહા..! જેમ પીપરના દાણામાં ચોસઠપહોરી તિખાશ છે એ ઘૂંટતા એમાંથી બહાર આવે છે. એમ ભગવાનઆત્મા જેની શક્તિમાં અનંતજ્ઞાન, આનંદ (છે). આત્માની શક્તિ એટલે વસ્તુનો સ્વભાવ સામર્થ્ય એ અનંત જ્ઞાન-દર્શન છે એનું ધ્યાન કર્યું. છે ને? ધ્યાનરૂપી અગ્નિ પર્યાય છે. વસ્તુ ત્રિકાળ અનંતજ્ઞાન, આનંદ છે. એનું ધ્યાન કર્યું એટલે ધ્યાનમાં ધ્યેય વસ્તુને પૂર્ણાનંદને બનાવી અને જેનું ધ્યાનાગ્નિ વડે '**પહલે કર્મરૂપી મૈલોંકો ભસ્મ કરકે...**' એનો અર્થ એ થયો કે કર્મ હતા. મેલની અશુદ્ધતા પણ હતી. અશુદ્ધતા નહોતી અને દશામાં શુદ્ધ જ છે એમ નથી.

તેથી કહ્યું, '**કર્મરૂપી મૈલોંકો ભસ્મ કરકે નિત્ય, નિરંજન ઔર જ્ઞાનમયી સિદ્ધ પરમાત્મા હુએ હૈં,...**' આહાહા..! નિત્ય-નિરંજન. છે તો પર્યાય કેવળજ્ઞાન. સિદ્ધપદ છે તો અવસ્થા, પણ એ કાયમ રહેનારી છે એ અપેક્ષાએ એને નિત્ય કહ્યું. '**નિત્ય, નિરંજન ઔર**

**જ્ઞાનમયી સિદ્ધ પરમાત્મા હુએ હૈં,...**' આહાહા..! 'પંચાસ્તિકાય'માં કહ્યું છે ને કેવળજ્ઞાન કૂટસ્થ છે. કૂટસ્થ 'પંચાસ્તિકાય'માં. છે તો પરિણમન. પણ કૂટસ્થ નામ જેવો જ્ઞાનસ્વભાવ ત્રિકાળ કૂટસ્થ છે એ ધ્રુવ. એના ધ્યાનથી પ્રગટેલી દશા એવી ને એવી કાયમ રહે છે તેથી તેને કૂટસ્થ અને નિત્ય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? છે આ પર્યાયની વ્યાખ્યા-અવસ્થા.

આત્મા આનંદસ્વરૂપ ભગવાન અને અનંત જ્ઞાનના સામર્થ્યવાળો પદાર્થ પ્રભુ, એની શક્તિ-સામર્થ્ય જ અનંત છે. જ્ઞાન-દર્શન-આનંદ, એનું ધ્યાન કરીને એટલે કે એની સન્મુખતામાં લીન થઈને જેણે કર્મકલંકને બાળ્યા. એમ કરીને એમ પણ કહ્યું કે કોઈ વ્રત અને તપના વિકલ્પથી કર્મ બળે એમ છે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- જીવની શુદ્ધ પર્યાયથી પુદ્ગલ કેમ બળે? પુદ્ગલ તો પરપદાર્થ છે.

ઉત્તર :- પુદ્ગલ (એટલે) અહીંયાં અશુદ્ધતાનો નાશ કર્યો. કર્મનો નાશ કહેવો એ તો નિમિત્તથી કથન છે. એ કહેશે, ઈ કહેશે. નય ઉતારશે. એ અસદ્ભૂત વ્યવહારનયથી કહેવામાં આવે છે. અને મલિનતાનો નાશ કર્યો એ અશુદ્ધ નિશ્ચયનયથી કહેવામાં આવે છે. નય ઉતારશે. સમજાણું કાંઈ?

ખરેખર શુદ્ધ ચૈતન્યઘન પ્રભુ પૂર્ણાનંદનો પાટલો પ્રભુ છે. જેમ આ બરફની પાટ હોય છે કે નહિ ? હમણાં ત્યાં 'કુંડલા'માં જોઈ હતી. પાંચ મણ, દસ મણની પાટ. પચાસ મણની પાટું. 'મુંબઈ'માં પચાસ-પચાસ મણની પાટું. ઓલામાં શું કહેવાય તમારે? મોટરું, ખટારા. ખટારામાં જાતી હોય પચાસ-પચાસ મણની પાટ. એકલી શીતળ સ્વભાવથી ભરેલી. એમ આ ભગવાનઆત્મા, એકલો શાંતરસ અને આનંદરસથી ભરેલી પાટ છે. આહાહા..! ભલે એનું કદ શરીર પ્રમાણે હો. પણ એનો સ્વભાવ તો આનંદ અને જ્ઞાનનું દળ પડ્યું છે આખું. આહાહા..! એના જેણે ધ્યાન કર્યા. એનો અર્થ એ થયો કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ બધી ધ્યાનની પર્યાય છે.

મુમુક્ષુ :- ધ્યાન તો ચારિત્ર છે.

ઉત્તર :- એ ચારિત્ર ધ્યાનની જ પર્યાય છે બધી.

ધ્યાનાગ્નિ એટલે દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ મોક્ષમાર્ગ. એના ધ્યાનાગ્નિ દ્વારા...આહાહા..! અશુદ્ધ વિકારનો નાશ કર્યો. એ અશુદ્ધ નિશ્ચયનયથી. અને કર્મનો નાશ કર્યો એ અસદ્ભૂત વ્યવહારનયથી કહેવાય છે. આરે! આવી નયની વ્યાખ્યા છે. '**નિત્ય, નિરંજન...**' જેણે આત્માના ધ્યાન કરીને જે નિરંજન, નિત્ય, શુદ્ધ ચૈતન્ય હતો, જે ધ્રુવ નિત્ય નિરંજન ધ્રુવ હતો, એનું ધ્યાન કરીને દશામાં જેણે '**નિત્ય, નિરંજન ઔર જ્ઞાનમયી સિદ્ધ પરમાત્મા હુએ હૈં,...**' આહાહા..! જ્ઞાનની પ્રધાનતા વર્ણવી છે ને.

પરમાત્મા કેવળજ્ઞાનમય, એકલા જ્ઞાનમય, પૂર્ણાનંદમય, શાંતમય, સ્વચ્છતામય, પ્રભુતામય '**પરમાત્મા હુએ હૈં,...**' આ પરમાત્મા જેટલા થયા (એ) આ વિધિથી થયા છે. સમજાય છે કાંઈ? આહાહા..! '**ઉન સિદ્ધોંકો નમસ્કાર કરકે...**' એવા સિદ્ધ ભગવાન. એ સિદ્ધ ભગવાન કેમ થયા એની વ્યાખ્યા આપી ભેગી. સમજાણું કાંઈ? એ વસ્તુ

ભગવાનઆત્મા નિત્ય ધ્રુવ અનંતજ્ઞાન ને અનંતઆનંદ ને અનંતસ્વચ્છતાના સ્વભાવનું દળ-પિંડ પ્રભુ, એનું ધ્યાન કરીને... આહાહા..! એને દૃષ્ટિમાં લઈને, એને જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય બનાવીને...આહાહા..! જેણે સ્વરૂપમાં ધ્યાનથી એટલે સ્થિરતા દ્વારા, સિદ્ધપદ જ્ઞાનમય નિત્ય નિરંજન થયા. એટલે ઉપાય પણ સાથે બતાવ્યો. મોક્ષનો ઉપાય શું? કે મોક્ષ થયો એ આ ઉપાયે થયા, માટે મોક્ષનો ઉપાય એ છે. આહાહા..!

આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપી દળ પ્રભુ છે. એનું જેણે ધ્યાન કર્યું, એની સામું જોઈને ઠર્યા. એને અશુદ્ધ મલિનતાના ભાવનો નાશ થાય છે. કર્મ જડનો, એ રૂપે કર્મ છે તેની અકર્મ દશા થઈ જાય છે. એ નિમિત્તથી કથન છે. એટલે શું? કર્મની અવસ્થાનું ટળવું એ કાંઈ આત્માને આધીન નથી. એ કર્મની અવસ્થાનો અકર્મરૂપ થવાનો એનો કાળ હતો. આહાહા..! અને અહીંયા અશુદ્ધતા નાશ થવાનો કાળ હતો. ત્યારે શુદ્ધતાના ધ્યાનમાં ઠરીને અશુદ્ધતા નાશ કરી અને કર્મનો નાશ કર્યો એમ વ્યવહારે કહેવામાં આવે છે. આહાહા..! આવી વાતો હવે. એ રીતે સિદ્ધ થયા એને અમારો નમસ્કાર!

આ ણમો અરિહંતાણં આવે છે કે નહિ? એનો એવો અર્થ છે. એ અરિહંતનું પછી લેશે. શાસ્ત્રમાં તો એવું ચાલે છે કે ણમો લોએ ત્રિકાળવર્તી અરિહંતાણં. અત્યારે તો ણમો અરિહંતાણં એટલું ચાલે છે. છેલ્લું ણમો લોએ સવ્વ સાહુણં આવે છે ને? એ બધાને લાગુ પડે છે. ણમો લોએ સવ્વ અરિહંતાણં. ણમો લોએ સવ્વ સિદ્ધાણં, ણમો લોએ સવ્વ આઈરિયાણં, ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણાં, ણમો લોએ સવ્વ સાહુણં. પણ એથી ઉપરાંત સિદ્ધાંતમાં તો એવું વધારે ચાલે છે કે ણમો લોએ ત્રિકાળવર્તી સવ્વ અરિહંતાણં. આહાહા..! જે અરિહંત ભવિષ્યમાં થશે. ભૂતકાળમાં થયા, અત્યારે છે અને થશે. આહાહા..! જે હજી અરિહંત, એનો જીવ અત્યારે તો ક્યાંક નરક અને નિગોદમાં પડ્યો હશે. આહાહા..! પણ ભવિષ્યમાં તેની દશા થવાની છે, એને પણ પરમાત્મા એમ કહે છે કે ણમો લોએ-નમસ્કાર હો લોકને વિષે. ત્રિકાળવર્તી સવ્વ અરિહંતાણં. ત્રણે કાળમાં વર્તનારા અરિહંતોને મારો નમસ્કાર હો. સમજાણું કાંઈ? આહાહા..! પોતે પણ અરિહંત થવાનો છે તેનો નમસ્કાર અત્યારે આવી જાય છે. એય..! આહાહા..! સમજાય છે કાંઈ?

ણમો લોએ ત્રિકાળવર્તી સવ્વ અરિહંતાણં. 'ધવલ'માં એવો સિદ્ધાંતપદ છે. જે પરંપરામાં આવેલા આગમો, સિદ્ધાંતો સર્વજ્ઞ અનુસારીણી, એ વાણીમાં આ આવ્યું હતું. આહાહા..! કેટલી વિશાળતા! હું તો ત્રણે કાળના સર્વ વર્તનારા, વર્ત્યા અને વર્તશે... આહાહા..! એને મારો નમસ્કાર. 'જયંતિભાઈ'! આ સાંભળ્યું છે કે નહિ? આપણે કહેવાય ગયું છે અહીંયાં તો. પહેલું અહીં નથી. પણ રવિવારે આવવું તમારે. તે દિ' હોય ન હોય. આહાહા..! ણમો લોએ ત્રિકાળવર્તી સવ્વ સિદ્ધાણં. આવી ગયા કહે છે. નમસ્કાર હો લોકને વિશે. જેણે ધ્યાનાગ્નિ દ્વારા, વ્રત ને ક્રિયા ને બહારના તપ દ્વારા નહિ, અનશન, ઉણોદરી આદિ બહારનો તપ તો વિકલ્પ છે.

મુમુક્ષુ :- ક્રિયાનયથી પણ થાય છે.

ઉત્તર :- ધૂળેય થતું નથી. આ ક્રિયાથી થાય છે. આ ક્રિયા-આનંદની ક્રિયા. શુભથી

થાતું નથી. એ શુભ આને શુભ કહે છે. એને શુભ કહે છે. પુણ્ય-પાપમાં આવે છે ને? આહાહા..!

ભગવાન આનંદ અને જ્ઞાનનો સાગર પ્રભુ, એક એક આત્મા અનંતજ્ઞાન, અનંતશાંતિ, અનંતસ્વચ્છતા, અનંતપ્રભુતા એ એની શક્તિ છે. એટલે કે એ એનું સામર્થ્ય છે. એટલે કે એ એનો ગુણ છે, એટલે કે એનો સ્વભાવ છે, એટલે કે એ સત્‌નું એવું સત્ત્વ છે એવડું. આહાહા..! એવા સત્ત્વનું જેણે ધ્યાન કર્યું. આહાહા..! સમ્યગ્દર્શન એ પણ એક ધ્યાનની પર્યાય છે. સ્વ ઉપરની એકાગ્રતા. પૂર્ણ અનંત આનંદસ્વરૂપ, એનું વર્તમાન જ્ઞાનની પર્યાયમાં પૂર્ણ વસ્તુનું જ્ઞાન થઈને.. એક સમયની પર્યાયમાં પૂર્ણ સ્વરૂપ દ્રવ્યનો ગુણ, એનું જ્ઞાન થઈને, જે પર્યાયમાં-અવસ્થામાં જ્ઞેય જણાણું, એ જણાણું એની શ્રદ્ધા એનું નામ સમ્યગ્દર્શન. એ પણ જણાણાની એકાગ્રતાની સાથે દર્શન થયું. આહાહા..! વીતરાગનો માર્ગ ભાઈ બહુ એવો ઝીણો. લોકોએ તો બહારમાં રગડી નાખીને, મારી નાખીને ચૂંથી નાંખ્યો છે. આહાહા..!

એવો જે ભગવાનઆત્મા ત્રણે કાળે જેને સિદ્ધપદ પ્રાપ્ત થયું અને થશે એને મારા નમસ્કાર! ઓહોહો..! ગયા કાળના અનંત સિદ્ધ થયા. સિદ્ધપદ વિનાનો કોઈ કાળ નથી કે ભાઈ, આ સિદ્ધ નવા થયા અને પહેલા સિદ્ધ નહોતા. એમ છે? આહાહા..! અનંતા સિદ્ધો અનાદિના છે, અને અનંતા સિદ્ધો વર્તમાન છે, અનંત સિદ્ધ ભવિષ્યમાં થશે. આહાહા..! અનંતા સિદ્ધની પ્રતીતિ ત્રણ કાળમાં વર્તનારની નિર્મળ દશા આ રીતે થઈ એનું જ્ઞાન કરીને એને નમસ્કાર. આહાહા..! સમજાણું કાંઈ? વીતરાગ માર્ગ સૂક્ષ્મ છે, ભાઈ!

પછી ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી આઈરિયાણં. નમસ્કાર હો લોકને વિષે... લોકને વિષે છે ને એ? પંચ પરમેષ્ઠી. લોકયંતે ઈતિ લોક. જેમાં જીવ-અજીવ જણાય એને લોક કહીએ. એ લોકને વિષે છે, એ કાંઈ અલોકમાં નથી. સમજાણું? ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી આઈરિયાણં. આહાહા..! સ્વરૂપના સાધક, અનંતઆનંદના સ્વસંવેદન પ્રચુર વેદનના અનુભવીઓ એવા ત્રિકાળવર્તી-ત્રણે કાળમાં વર્તનારા-એવા આચાર્યોને સર્વને હું નમસ્કાર કરું છું. આહાહા..! ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી ઉવજ્ઝાયાણં. આ પાંચ પદની વ્યાખ્યા ચાલે છે. આહાહા..!

મુમુક્ષુ :- ઉપાધ્યાયની પદવી તો...

ઉત્તર :- કોણ આપે? આ ઉપાધ્યાયની પદવી અપાય છે ને? એમ કહે છે. એમ પદવી અપાતી હશે?

અંતરમાં આનંદનો નાથ જાગીને જેને અંતરમાં આનંદનું ઉગ્ર વેદન થયું છે, એના સમીપે જગતના પ્રાણી અભ્યાસ કરે. પણ એ પોતાને તો સમીપે જે અનંત આનંદ પ્રગટ્યો છે તે ઉપાધ્યાય છે. આહાહા..! જેના સ્વભાવમાં અનંતઆનંદ રેલમછેલ ભર્યો છે, પ્રભુ! આહાહા..! અપરિમિત, અમાપ આનંદ જેનું-ભગવાનઆત્માનું સ્વરૂપ છે, એનું જેણે ધ્યાન કરીને આચાર્યપદ પ્રાપ્ત કર્યું છે. આહાહા..! કોઈએ આચાર્યપદ આપ્યું છે એ નહિ.

મુમુક્ષુ :- ગુરુ આપે.

ઉત્તર :- કોણ આપે? એ તો વ્યવહારની વાતું છે. એનામાં જ ઉપાધ્યાય પદવી પ્રગટ

થવાની ક્ષયોપશમદશા હતી તે પ્રગટી છે. એ નથી આવતું? ક્ષયોપશમ. નથી ઓલામાં આવતું? 'દ્રવ્યસંગ્રહ'માં. 'દ્રવ્યસંગ્રહ'માં આવે છે. આહાહા..!

જેનો અતીન્દ્રિય આનંદનો નાથ જાગીને,.. ઉપાધ્યાય એને કહીએ જેનો અતીન્દ્રિય આનંદનો નાથ જાગીને ઉઠ્યો ને અંદરમાં દશામાં પ્રચુર આનંદનું વેદન વર્તે છે અને જેની દશા ત્રિકાળ સ્વરૂપની સમીપમાં વર્તે છે. અનાદિથી જે દૂર હતી, રાગ અને દ્વેષમાં વર્તતો હતો, એ ભગવાનઆત્મા પોતાના આનંદના નાથના શુદ્ધની સમીપમાં વર્તીને આનંદ વર્તે છે. એને અહીંયાં ઉપાધ્યાય કહેવામાં આવે છે. આ બહારની બધી ઉપાધ્યાયની પદવી આપે છે (એ નહિ). ભાન (નથી), હજી સમ્યગ્દર્શન કોને કહેવું એની ખબરું ન મળે અને થઈ ગયા આચાર્ય અને ઉપાધ્યાય. શું થાય? ભાઈ! આ તો જૈન પરમેશ્વરનો, વીતરાગ સર્વજ્ઞનો માર્ગ છે. આ કાંઈ આલીદુઆલી વચ્ચે પડે અને માર્ગ બનાવે, એવું છે નહિ.

અહીં કહે છે, એવા ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી ઉપાધ્યાય, એમ ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સર્વ સાધુ. આહાહા..! પાછા એમાં સર્વ સાધુમાં એવો અર્થ કરે છે. પેલો 'સુશીલકુમાર' છે ને? સ્થાનકવાસીનો. ગયો હતો ને હમણા 'અમરેલી'? 'અમરેલી' શું કહેવાય 'અમેરિકા'. 'અમેરિકા'. એને અંગ્રેજી નથી આવડતું એટલે ત્યાં હિન્દી ભાષા કરી. થોડાઘણા માણસ ભેગા થતા. કાંઈ ન મળે. ત્યાંથી ચાલ્યો આવ્યો મુહપત્તિ સહિત. આ તે કાંઈ માર્ગ છે.

મુમુક્ષુ :- 'અમેરિકા'માં એને જોવા બહુ આવતા.

ઉત્તર :- અહીં નહોતા આવતા, કહે છે. અંગ્રેજી નહોતું આવડતું ને. હિન્દી બોલતા. અહીંના હોય ને સૌરાષ્ટ્રના, એ આવતા. એમ લખ્યું છે છાપામાં. થોડાઘણા ભેગા થતા સો-દોઢસો. હવે ચાલ્યો આવ્યો એમ કહે છે. એમાં-સ્થાનકવાસીમાં મોટી તકરાર છે. એના આચાર્યે એને સાધુમાંથી રદ કર્યો છે. અમથો સાધુ હતો કે દિ'? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઠીક છે. આહાહા..!

સાધુ તો એને કહીએ કે આનંદના નાથને-અંતરના સ્વરૂપને સાધે તેને સાધુ કહીએ. એ પંચમહાવ્રત પાળે અને નગ્નપણું (રાખે) એ કાંઈ સાધુપણું નથી. આહાહા..! એ પંચ મહાવ્રતની ક્રિયા એ તો અત્યારે છે પણ ક્યાં? પણ એ ક્રિયા હોય એ પણ કાંઈ સાધુપણું નથી. આહાહા..! સાધુપણું તો ભગવાનઆત્માનો આનંદનો સાગર અંદર ઝૂલે-ડોલે છે. આહાહા..! એવા આનંદના સાગરમાં ડૂબકી મારી, એકાગ્ર થઈ અને જેણે અતીન્દ્રિય આનંદનું સાધન પ્રગટ કર્યું છે... આહાહા..!

ઓલાએ હમણાં લીધું છે ને? ભાઈ! 'ચીમન ચકુ'એ અહીંનો વિરોધ લખ્યો છે. ભોળા માણસને આમ કરે છે. અહીં 'શ્રીમદ્'માં આમ કહ્યું છે. સાધન કરવા સોય. ક્યા સાધન? સાંભળને! એને બિચારાને... 'બૌદ્ધ' અને 'મહાવીર' બેય મોક્ષ પધાર્યા એમ કહે છે. હવે ક્યાં 'બૌદ્ધ' મિથ્યાદષ્ટિ, ક્યાં ભગવાન કેવળી!

મુમુક્ષુ :- એ તો ... ગયા.

ઉત્તર :- હા, ... ગયા. એને દુનિયામાં બહારની આબરુ... મરી જવાના બિચારા. પણ અત્યારે પુણ્ય હોય બહાર. આહાહા..! 'બૌદ્ધ' ભગવાન મોક્ષ પધાર્યા, 'મહાવીર' મોક્ષ પધાર્યા એમ કહે છે. અને એને શ્રદ્ધા તો વેદાંતની છે. જીવનનું રહસ્ય.

મુમુક્ષુ :- તો તો 'મહાવીર' પણ મોક્ષ ન પધારે અને 'બૌદ્ધ' પણ મોક્ષ ન પધારે.

ઉત્તર :- ઘડીકમાં એ કહે. ક્યાં ઠેકાણું છે એનું? એણે એમ કહ્યું છે કે આ સાધન જોઈએ. ક્યા સાધન? વ્યવહારના વિકલ્પ એ સાધન જ નથી. સાધન તો અંતર રાગથી ભિન્ન પાડીને પ્રજ્ઞારૂપી છીણીથી અનુભવથી સાધન કરે તેને સાધન કહ્યું છે. સમજાણું કાંઈ? પ્રજ્ઞા કરણ છે. ભગવાન! ઝીણી વાત છે, ભાઈ!

શુદ્ધ આનંદનો નાથ પ્રભુ સચ્ચિદાનંદ છે. એને ચાહે તો વ્યવહારરત્નત્રયનો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ હોય, પણ એ રાગથી ભિન્ન પાડે. આહાહા..! જ્ઞાનની પર્યાયની છીણી વડે. એટલે કે રાગ અને સ્વભાવની વચ્ચે સાંધ છે. આહાહા..! ત્રિકાળ આનંદનું દળ પ્રભુ અને રાગ વિકાર વિકલ્પ, બે વચ્ચે સાંધ છે, તડ છે. જેમ પથ્થરના મોટા દળ હોય છે એમાં વચ્ચે ઝીણી રગ હોય છે. ધોળી-લીલી રગ હોય. એ રગમાં કાણું પાડી સુરંગ મારે. ત્યારે પત્થરા જુદા જ અંદર છે. ઉપલા અને હેઠલા બે એક થયા જ નથી. પત્થરના દળમાં, બે પત્થર વચ્ચે ઝીણી રગ હોય છે. ઉપલા પત્થર અને હેઠલા પત્થર વચ્ચે આંતરો હોય છે. એમ આ ભગવાનઆત્મા એકલા સ્વભાવનું ધ્રુવ દળ અને વિકલ્પની-વિભાવની વૃત્તિઓનો વિકાર, બે વચ્ચે તડ છે-બે વચ્ચે સાંધ છે. રાગ અને સ્વભાવ બે એક થયા નથી. આહાહા..! અરે..! આવી વાતું. પથરામાં રગ હોય ઝીણી. અહીં વચ્ચે સાંધ હોય છે.

એટલે? કે ભગવાન જ્ઞાનસ્વભાવી આનંદપ્રભુ, જ્યારે જ્ઞાનની વર્તમાન પર્યાયને આ બાજુ વાળે છે ત્યારે રાગ અને બે ભિન્ન પડી જાય છે એટલે કે ભિન્ન છે. આહાહા..! સમજાણું કાંઈ? જ્ઞાનની વર્તમાન દશા અને રાગ બે વચ્ચે ત્રડ-સંધિ છે-સાંધ છે. આહાહા..! તેથી વર્તમાન જ્ઞાનની દશાને એ તરફથી પાછી વાળતાં... વળે છે પાછી એનો અર્થ કે એમાં એકમેક નથી. સમજાણું કાંઈ? આવો માર્ગ ભારે, ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ? સમજાણું કાંઈ એનો અર્થ પણ કરીએ છે ને? સમજાય એ તો કહ્યું. પણ કાંઈ એટલે કઈ પદ્ધતિથી કહેવાય છે એ ખ્યાલ આવે છે? આહાહા..! ભાઈ! આ તો સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મપ્રકાશનું માંગલિક થાય છે આ તો. 'પરમાત્મપ્રકાશ' જ છે ને? એનું પહેલા માંગલિક કરે છે આ. સમજાણું કાંઈ?

ભાઈ! સાધુ કોને કહેવા? આહાહા..! જેને આત્માના આનંદનો સ્વાદ આવ્યો હોય છે. સમ્યગ્દર્શનમાં આત્માના આનંદનો સ્વાદ આવે. આહાહા..! કેમ? વસ્તુ છે એ આનંદમય છે અને વસ્તુને જ્યારે શ્રદ્ધામાં સાધી ત્યારે વસ્તુના જેટલા ગુણો છે એ બધાનો વ્યક્ત અંશ પર્યાયમાં પ્રગટ થાય અને વેદનમાં આવે. આહાહા..! સમ્યગ્દર્શનમાં પણ અતીન્દ્રિય આનંદસ્વરૂપ પ્રભુ, આ આત્મા, હોં! એનો સ્વાદ એને આવે, તો મુનિની શું વાત કરવી! ઓહોહો..! પાંચમી ગાથામાં કહ્યું છે. 'કુંદકુંદાચાર્ય' કહે છે, પ્રચુર સ્વસંવેદન અમારો વૈભવ છે. આ દુનિયાના ધૂળ ને શરીર ને વાણી અને બાયડી-છોકરા ને આ શું કહેવાય? ફર્નિચર.

એ વૈભવ કહેવાય છે ને? એ ધૂળના વૈભવ અજ્ઞાનીના છે. આહાહા..!

મુમુક્ષુ :- વૈભવ તો છે ને.

ઉત્તર :- ધૂળેય વૈભવ નથી. ત્યાં ગયા હતા ને? નહિ ઓલા પણે? 'શાંતાબેન'ના બનેવીની બેન છે ત્યાં 'મુંબઈ'. 'મણિભાઈ' કરીને છે. ત્યાં સાંજે આહાર કરવા ગયા હતા. પાંચ-છ કરોડ રૂપિયા. પાંચ કરોડ. એ આખું એક લીધું. શું કહેવાય એ? બ્લોક? મોટો બ્લોક ને બધે મખમલ પાથરેલા. પગલા બધે કરાવ્યા. મખમલ-મખમલ. લગભગ સાડા પાંચ લાખ રૂપિયાનું તો ફર્નિચર હશે. એમ કહેતા હતા. સમજાણું કાંઈ? એ મસાણમાં જ્યારે હાડકા એકલા હોય છે ને? હાડકામાં ફાસફૂસ.. શું કહે છે? ફોસ્ફરસ હોય છે આમ. ચમક ચમક થાય.

(જે) બહારના વૈભવનું મહાત્મ્ય આપે એ પોતાના વૈભવનો અનાદર કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ? નિજ વૈભવ ત્રિકાળ છે એ તો છે. એ નહિ. પણ ત્રિકાળમાંથી અનંત આનંદની શાંતિ આદિ પ્રગટ કરી તો બેહદ... કાલે નહોતું કહ્યું જરી? ચારિત્રમાંથી. અક્ષય અમેય. આહાહા..! જેની સાધકદશા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પણ અક્ષય અને અમેય છે. ક્ષય ન થાય અને મર્યાદા વિનાની જેની દશા. વસ્તુ જેનો સ્વભાવ પ્રગટ્યો. આહાહા..! એના સ્વભાવના સાગર જ્યાંથી ભરતીમાં ઉછળ્યા. દરિયો જેમ ભરતીમાં કાંઠે ઉછળે. આહાહા..! એમ ભગવાનઆત્મા ત્રિકાળી આનંદના નાથ ઉપર શ્રદ્ધા અને જ્ઞાનનું જોર આપતાં, અંદરમાંથી આનંદની નિર્મળ પર્યાય ઉછળે. આહા! ભરતી આવે, ભરતી. અરે..અરે..! આવી વાતું.

મુમુક્ષુ :- હમણા તો ભરતીમાં ...

ઉત્તર :- આ જુઓને બહારનું કહે છે. આહાહા..!

આ વરસાદ છે ધોધમાર આત્માનો. આહાહા..! વસ્તુ સ્વભાવ, 'વસ્તુ સહાવો ધમ્મો.' એમ કીધું છે ને? વસ્તુનો સ્વભાવ તે ધર્મ, એમ કીધું છે ને? આવે છે ને? વસ્તુ જે ભગવાન, એનો સ્વભાવ તે ધર્મ. એટલે? એનો અનંતજ્ઞાન, અનંતઆનંદ આદિ જે સ્વભાવ તે ત્રિકાળ ધર્મ. હવે એ ધર્મનો આશ્રય લઈને પ્રગટ દશા થઈ તે ધર્મ. સમજાણું કાંઈ? આવી વાતું છે. વસ્તુ ભગવાનઆત્મા, એમાં જ્ઞાન-દર્શન આદિ અનંત શક્તિઓ વસેલી છે એ એનો ધર્મ. ધર્મી આત્મા અને એ એનો ત્રિકાળ ધર્મ. એ ત્રિકાળ ધર્મ અને ધર્મીને દૃષ્ટિમાં લઈને જે પર્યાયમાં આનંદની શાંતિનો વૈભવ પ્રગટ્યો એને ધર્મ કહીએ. આહાહા..! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? એ અહીં પહેલા સિદ્ધને નમસ્કાર કર્યો. પણ ત્રિકાળી સિદ્ધ, હોં! ત્રણ કાળ. આહાહા..! કેટલો વિશ્વાસ!

આપણે આવે છે ને 'સમયસાર'માં. '**वंदित्तु सव्व सिद्धे**' સર્વ સિદ્ધમાં બધા આવી ગયા. આહાહા..! એની શ્રદ્ધામાં અનંતા આત્માઓ અને અનંત આત્મા સિદ્ધ થઈ ગયા અને ત્રણકાળમાં જે થયા, થાશે અને થશે એ બધા સિદ્ધોને હું નમસ્કાર... નમસ્કાર... (કરું છું). આહાહા..!

'**નમસ્કાર કરકે મૈં પરમાત્મપ્રકાશકા વ્યાખ્યાન કરતા હૂં.**' આહાહા..! આ રીતે સિદ્ધ ભગવાન કેમ થયા, એમ કહીને સિદ્ધ જે થયા એને મારો નમસ્કાર છે. આહા! કારણ કે મારે

પણ સિદ્ધપદ પ્રાપ્ત કરવું છે. આહાહા..! અને હું પણ સિદ્ધ થવાનો છું. તો હું પણ ત્રિકાળી સિદ્ધમાં આવી જાઉં છું. આહાહા..! એટલે મને પણ નમસ્કાર હો. સમજાણું કાંઈ? આહાહા..! '**યહ સંક્ષેપ વ્યાખ્યાન કિયા. ઈસકે બાદ વિશેષ વ્યાખ્યાન કરતે હૈં.**' એ ટૂંકામાં કહ્યું. હવે એનું એક-એકનું વિશેષ સ્પષ્ટીકરણ વધારે કરે છે.

'**જૈસે મેઘ-પટલસે બાહર નિકલી હુઈ સૂર્યકી કિરણોંકી પ્રભા પ્રબલ હોતી હૈ,...**' શું કહે છે? વાદળાની આડમાં સૂર્ય હોય છે. પણ વાદળા ખસી જાય ત્યારે એ સૂર્યકિરણોની પ્રભા પ્રબળ હોય છે. તીખી-તીખી. સૂર્યનો પ્રકાશ. '**મેઘ-પટલસે બાહર નિકલી હુઈ સૂર્યકી કિરણોંકી પ્રભા પ્રબલ હોતી હૈ, ઉસી તરહ કર્મરૂપ મેઘસમૂહકે વિલય હોનેપર...**' આહાહા..! અશુદ્ધ ભાવકર્મ અને દ્રવ્યકર્મ નિમિત્ત રૂપે. એનો વિલય હોવાથી. આહાહા..! ચૈતન્યસૂર્ય તો પ્રકાશમય અંદર બિરાજે છે. ચૈતન્યના પ્રકાશના નૂરનું તેજનું પૂર પ્રભુ છે. આહાહા..! એ આત્મા એટલે ચૈતન્ય સ્વભાવ, ચૈતન્ય સ્વભાવ, ચૈતન્ય પ્રકાશ સ્વભાવ, એના તેજનું એ પૂર છે. આહાહા..! એના પ્રકાશનું કિરણ નીકળ્યું કહે છે. અશુદ્ધતાના નાશથી, કર્મનું નિમિત્ત જડ ચીજ, એના અભાવથી અંદર સૂર્ય-જે શક્તિ હતી એમાંથી વ્યક્ત દશા પ્રગટ થઈ. આહાહા..! કેટલી કબુલાત છે એમાં! દ્રવ્યની કબુલાત, દ્રવ્યની શક્તિની કબુલાત અને દ્રવ્યમાં પ્રગટ થતી પર્યાયની કબુલાત. ત્રણની (કબુલાત). આહાહા..!

મુમુક્ષુ :- દ્રવ્ય-ગુણ અને પર્યાય.

ઉત્તર :- ત્રણેય આવી ગયા. આહાહા..!

કેમકે દ્રવ્ય છે એ શક્તિવાન છે અને એની શક્તિ છે એ ગુણ છે. ભલે નિગોદમાં જીવ હોય પણ શક્તિ તો એની જ્ઞાન-દર્શન શક્તિ સામર્થ્ય છે એ ક્યાં જાય છે? આહાહા..! ક્ષેત્ર ભલે ટૂંકું થઈ ગયું. ભાવ ટૂંકો નથી થયો શક્તિ. આહાહા..! આવું ક્યાં (મળે)? એને વિશ્વાસમાં આવવું જોઈએ કે આવો પ્રભુ આત્મા. જેનું શક્તિપણું, શક્તિવાનનું શક્તિપણું, સ્વભાવવાનનું સ્વભાવપણું, સામર્થ્યવાનનું સામર્થ્યપણું. આહાહા..! ભગવાનઆત્માનું તો અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતશાંતિ, આનંદ જેનું સામર્થ્યપણું છે, એ અશુદ્ધતાના અભાવથી એને શુદ્ધતાના કિરણો પ્રગટ્યા કહે છે. આહાહા..! આવી બધી ભાષા. આવો ઉપદેશ. ભાઈ! વીતરાગ માર્ગ સૂક્ષ્મ છે, પ્રભુ! દુનિયાએ તો બહારમાં કલ્પીને બેઠા. એ વસ્તુ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, '**મેઘ-પટલસે બાહર નિકલી હુઈ સૂર્યકી કિરણોં...**' આ તો દાખલો છે. '**ઉસી તરહ કર્મરૂપ મેઘસમૂહકે વિલય હોનેપર અત્યંત નિર્મલ કેવળજ્ઞાનાદિ અનંતચતુષ્ટયકી...**' આહાહા..! કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળઆનંદ. કેવળ એટલે પૂરું. એમ. આખો આનંદ, આખું જ્ઞાન, આખી શાંતિ, આખી સ્વચ્છતા. આહાહા..! એવા જે કેવળજ્ઞાનાદિ. '**અત્યંત નિર્મલ કેવળજ્ઞાનાદિ અનંતચતુષ્ટયકી પ્રગટતા સ્વરૂપ...**' ભગવાનને અનંત ચતુષ્ટય પ્રગટ્યા છે. એટલે? કે ભગવાનઆત્માનો સ્વભાવ ત્રિકાળ અનંત ચતુષ્ટયમય છે. આત્માનો સ્વભાવ ત્રિકાળ અનંત ચતુષ્ટય-અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય. એવો અનંત

ચતુષ્ટય શક્તિ સંપન્ન પ્રભુ છે. એ અંદરની પર્યાયમાં અશુદ્ધતાનો નાશ કરીને કિરણ પ્રગટ્યું, એ અનંત ચતુષ્ટય પ્રગટયા. આહાહા..! સમજાણું કાંઈ? ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં (બોલે), લ્યો, થઈ ગયું. કોને કહેવા સિદ્ધ? કેમ થયા સિદ્ધ? એની ખબરું ન મળે. આહાહા..!

'**અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ અને અનંતવીર્ય...**' છે? '**પરમાત્મા પરિણત હુએ હૈં.**' આહાહા..! એક તો અસ્તિપણે પરમાત્મસ્વરૂપ ભગવાનઆત્મા અસ્તિપણે, મોજૂદગીપણે ત્રિકાળ અનંત જ્ઞાન-દર્શન-વીર્ય અને આનંદ તો હતો. વસ્તુ છે એની શક્તિઓ અનંત એટલે જેનો અંત નહિ એવી બેહદ શક્તિઓ અનંત ચતુષ્ટય હતી. આહાહા..! એનું ધ્યાન કરીને. એમ આવ્યું ને? એનો અર્થ છે આ તો. આહાહા..! અનંત કેવળજ્ઞાન, અનંત દર્શન, અનંતસુખ, અનંતવીર્ય, અનંત ચતુષ્ટય (સ્વરૂપે) '**પરમાત્મા પરિણત હુએ હૈં.**' આહાહા..! જેની વર્તમાન પર્યાયમાં એટલે અવસ્થામાં-હાલતમાં-દશામાં, જે શક્તિરૂપે અનંત ચતુષ્ટય હતા-અનંતજ્ઞાન, દર્શન, આનંદ ને વીર્ય, એ પર્યાયરૂપે ચતુષ્ટય પ્રગટ્યા. આહાહા..!

'**પરમાત્મા પરિણત હુએ હૈં. અનંતચતુષ્ટય અર્થાત્ અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ, અનંતવીર્ય, યે અનંતચતુષ્ટય સબ પ્રકાર અંગીકાર કરને યોગ્ય હૈં.**' આહાહા..! કહે છે કે એ અનંત ચતુષ્ટય જે પ્રગટ્યા એ ઉપાદેય અને આત્માને આદર કરવા લાયક છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ તો પર્યાય છે.

ઉત્તર :- સાધ્ય એ છે ને? ધ્યેય દ્રવ્ય છે પણ સાધ્ય તો એ છે ને. 'સમયસાર'માં છેલ્લું આવે છે. સાધ્ય નામ પૂર્ણ કેવળજ્ઞાનાદિ સિદ્ધ પરમાત્મા તે સાધ્ય છે. સમજાણું કાંઈ? અને એવું પણ આવે છે કે અનંતસુખનું જેને ભાન થયું છે, એ અનંતસુખરૂપી પરમાત્માને ઉપાદેય માને છે. અનંત આનંદનો નાથ પ્રભુ જેને અનંત આનંદનો સ્વાદ અંદર આવ્યો છે, એ જ અનંત આનંદમય પરમાત્માને ઉપાદેય માને છે. સમજાણું કાંઈ? અરે..! ક્યાં જગત રખડે. ક્યાં રખડવાનો માર્ગ જુદો. રખડવાનું અટકાવવાનો માર્ગ બીજો છે. આહાહા..!

'**યે અનંતચતુષ્ટય સબ પ્રકાર અંગીકાર કરને યોગ્ય હૈં,...**' આહાહા..! '**તથા લોકાલોકકે પ્રકાશનકો સમર્થ હૈં.**' કેવળજ્ઞાન. '**જબ સિદ્ધપરમેષ્ઠી અનંતચતુષ્ટરૂપ પરિણમે, તબ કાર્ય-સમયસાર હુએ.**' લ્યો! શું કહ્યું ઈ? પર્યાયમાં, પરિણતિમાં અનંતજ્ઞાન, દર્શન પ્રગટ થયા ત્યારે અનંત ચતુષ્ટય પર્યાયમાં પ્રગટ્યા એ કાર્ય સમયસાર થયા. અને વસ્તુ છે એ કારણસમયસાર. ત્રિકાળ વસ્તુ છે એ કારણસમયસાર.

મુમુક્ષુ :- પર્યાયને કારણસમયસાર કહેવાય છે.

ઉત્તર :- એ પણ કહેવાય છે. પણ અત્યારે અહીં એ નથી લેવું. અત્યારે પ્રગટ દશાને કાર્યસમયસાર કહી. એના ઉપાયને પણ કારણસમયસાર કહેવાય છે. પણ આ તો ત્રિકાળ કારણસમયસાર. આહા..!

'**અંતરાત્મ અવસ્થામેં કારણ-સમયસાર થે.**' જોયું! શું કીધું ઈ? ઓલા કહેતા હતા

ને? ભાઈ! 'ત્રિભુવનભાઈ'. આ કારણસમયસાર કહો (છો) તો કાર્ય હોવું જોઈએ. અહીં એ ભાષા લીધી, જોયું! શું કીધું? **'અંતરાત્મ અવસ્થામેં કારણ-સમયસાર થે.'** આમ તો કારણસમય ત્રિકાળ છે પણ ત્રિકાળનો અનુભવ થયો ત્યારે એ કારણસમયસાર એને ખ્યાલમાં આવ્યો. તેથી કહ્યું **'અંતરાત્મ અવસ્થામેં કારણ-સમયસાર થે.'** એટલે કે પર્યાયમાં કારણસમયસાર જે સાધ્યનું પ્રગટ્યું એને પણ કારણસમયસાર કહીએ અને ત્રિકાળીને પણ અંતરાત્મામાં ત્રિકાળી કારણસમયસારનું ભાન થયું એને ત્રિકાળ કારણસમયસાર કહીએ. જેને ભાન નથી એને કારણસમયસાર ક્યાં આવ્યું? અરે..! આવી વાતું આ. સમજાણું કાંઈ?

**'અંતરાત્મ અવસ્થામેં કારણ-સમયસાર થે. જબ કાર્યસમયસાર હુએ તબ સિદ્ધપર્યાય પરિણતિકી પ્રગટતારૂપકર શુદ્ધ પરમાત્મા હુએ.'** અંતરાત્મા સમ્યગ્દર્શન-જ્ઞાન વખતે એ કારણસમયસાર પર્યાય હતી. એનું ત્રિકાળી કારણ તો ત્યારે બેઠું ત્યારે એને કારણ પર્યાય થઈ ને? ત્રિકાળી વસ્તુ જે કારણપ્રભુ ધ્રુવ એ છે તો ખરું પણ છે એ અનુભવમાં આવ્યું ત્યારે કારણસમયસાર એને બેઠું. ત્યારે પર્યાયને કારણસમયસાર, કાર્યસમયસારનો ઉપાય કારણસમયસાર કહેવામાં આવ્યું. ઓલી પર્યાયને, હોં! આહાહા..! કીધું ને? **'અંતરાત્મ અવસ્થામેં કારણ-સમયસાર થે.'** એટલે પર્યાયમાં પ્રગટ થયો છે એને કારણસમયસાર કહેવામાં આવે છે. આવી ભાષા કોઈ દિ' સાંભળી ન હોય. કારણસમયસાર અને કાર્યસમયસાર. ઓલું તો ઈચ્છામી પડિકમણું કરવું અને તસ્સઉતરી કરણેણં ને કરેભિ ભંતે સામાયિક. આ થઈ ગઈ સામાયિક. અરે..! ધૂળેય નથી, સાંભળને! હજી સમ્યગ્દર્શનના ભાન નથી ત્યાં સામાયિક આવી ક્યાંથી? સમજાણું કાંઈ? આહાહા..!

**'અંતરાત્મ અવસ્થામેં કારણ-સમયસાર થે.'** એનો અર્થ બે. કે અંતર આત્મામાં વર્તમાન પર્યાય પ્રગટી એ કારણસમયસાર. પણ એને કારણ સમયસાર ત્રિકાળ છે એ અનુભવમાં આવ્યો માટે પર્યાયમાં કારણસમયસાર કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? બધી ભાષા ફેર, ભાવ ફેર આ કાંઈ નવો ધર્મ હશે આવો? એય..! 'કાંતિભાઈ'! 'સોનગઢ'વાળાએ નવો ધર્મ કાઢ્યો, એમ લોકો કહે છે. ભાઈ! તેં સાંભળ્યું નથી, પ્રભુ! ધર્મ તો અનાદિનો આ જ છે. તેં સાંભળ્યો નથી એટલે તારા માટે નવો લાગે. આહાહા..!

અહીં પરમાત્માને નમસ્કાર કરતા પરમાત્મપર્યાય પ્રગટી તેને કાર્યસમયસાર કહ્યું. અને અંતરાત્મ દશામાં પર્યાય પ્રગટી તેને કારણસમયસાર (કહ્યું). એ કારણસમયસારનું ફળ કાર્યસમયસાર. એમ. પણ એ કારણ પર્યાયમાં, કારણસમયસારમાં અંતરાત્મા પૂર્ણ છે તેનું જ્ઞાન થયું છે, એની પ્રતીત થઈ છે, એ જ્ઞાનમાં જણાઈ ગયો છે માટે તેની પર્યાયમાં કારણસમયસાર કહેવામાં આવે છે. આહાહા..! શું કહ્યું ઈ? આ તો હવે ટાઢા પહોરનું અહીં તો છે ને! શાંતિથી... આહાહા..!

ભગવાન! તારું સ્વરૂપ તો કારણસમયસારરૂપે ત્રિકાળ છે. કારણપરમાત્મા તરીકે તારું સ્વરૂપ ત્રિકાળ છે. પણ એ કારણપરમાત્માને જેણે અંતર ધ્યાનથી સ્વીકાર્યો ત્યારે તેની પર્યાયમાં કાર્યસમયસાર એવો પરમાત્મા, એનું કારણ પ્રગટ થયું. આહાહા..! સમજાણું કાંઈ?

હવે એક કલાકમાં કંઈક જાતની વાતું આવે. 'ગિરીશ'! ત્યાં તારા બાપના પૈસા-દેવા ને લેવા એમાં કાંઈ બહુ નવું કાંઈ હોય નહિ. આ પૈસા દીધા અને લીધા. કોઈકને સવા ટકે ને કોઈકને દોઢ ટકા. હવે એમાં કોઈ તર્ક પણ નવા આવે નહિ. અમારે 'હીરાભાઈ' કહેતા. 'હીરાચંદભાઈ' માસ્તર. અમે માસ્તર બધા... શું કહેવાય એ? પંતુ કહેવાઈએ. કેમ કે અમારે એનું એ શીખવવું. એમાં કાંઈ નવું હોય નહિ. તર્ક કાંઈ નવા કરવાના ન હોય. આનું આ ને આનું આ, આ આનો ઈતિહાસ ને આ ફલાણું ને ઢીંકણું. અમે તો બધા પતું છીએ. વેપારીઓને તો કાંઈક તર્ક પણ કરવો પડે, વકીલોને તો વધારે તર્ક કરવો પડે. આહાહા..!

અહીં તો પરમાત્મા કહે છે એ બધા તર્કની પાર એવો ભગવાન અંદર બિરાજે છે. એને જેણે સમ્યગ્દર્શન-જ્ઞાનમાં એનો-પૂર્ણાનંદનો આદર કરી અને જેને સમ્યગ્દર્શન, જ્ઞાન પ્રગટ થયું છે, તે જીવને કારણસમયસાર એટલે કે મોક્ષના માર્ગની પર્યાય પ્રગટી, માર્ગ પ્રગટ્યો. માર્ગ એટલે કારણ. માર્ગ એટલે કારણ. માર્ગ એટલે કારણ અને ફળ એ કાર્ય. આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ સમજવાની ભાઈ! ઝીણવટ છે, બાપુ! અનંતકાળમાં એણે આત્મા આવો પૂર્ણ શુદ્ધ ચૈતન્ય છે એની સામું એણે જોયું નથી. એની સામું જોવે ત્યારે તેનો સ્વીકાર કરવામાં આવે. પણ એની સામું જોયું નથી અને પર્યાયમાં-અવસ્થામાં અવસ્થા સામું જોયું. કાં અવસ્થા લંબાય તો એ રાગ સામું જોવે. એ તો પર્યાયબુદ્ધિ-મિથ્યાબુદ્ધિ છે. આહાહા..!

સમ્યગ્દર્શનની બુદ્ધિનું જ્ઞાન ત્યારે થાય... આહાહા..! ધર્મની પહેલી સીઢી અંતરાત્મા. એટલે કે અંતરાત્મા જેવી પૂર્ણ ચીજ છે, એને જેણે સ્વીકારી તે પર્યાયમાં અંતરાત્મા થયો. આહાહા..! સમજાણું કાંઈ? આવી ભાષા અને આ બધું... સંપ્રદાયમાં તમે આવી વાત કોઈ દિ' સાંભળી છે? 'જયંતિભાઈ'! પણ ત્યાં તત્ત્વ જ ક્યાં છે સંપ્રદાયમાં. ક્રિયાકાંડના ઢસરડા છે એકલા. આહાહા..! આ વસ્તુ સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ, એણે કહેલી ચીજ છે ઈ આ છે. આહા..!

**'જબ કાર્યસમયસાર હુએ તબ સિદ્ધપર્યાય પરિણતિકી પ્રગટતા રૂપકર શુદ્ધ પરમાત્મા હુએ.'** લ્યો! જ્યારે અંતરાત્મા થયો, પૂર્ણાનંદના નાથનું અંતર સ્વરૂપ જે છે, એનું સમ્યગ્દર્શન-જ્ઞાનમાં જ્યાં ભાન કર્યું ત્યારે એ અંતરાત્મા કારણરૂપે થયો. એના કાર્યરૂપે સિદ્ધ અનંતચતુષ્ટય પ્રગટ્યા. એ અંતરાત્મા અવસ્થા કહો કે મોક્ષનો માર્ગ કહો. આહાહા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગ છે ને? એ અંતરાત્મા કહો કે એ માર્ગ કહો. વસ્તુ જે ત્રિકાળી ભગવાન, એની શ્રદ્ધા, એનું જ્ઞાન અને એમાં રમણતા એ અંતરાત્મદશા એટલે મોક્ષમાર્ગની અવસ્થા. એના ફળ તરીકે સિદ્ધ ભગવાન કાર્યસમયસાર થયા. કાર્યસમયસાર, કારણસમયસાર કોને કહેવું એ પણ સ્વરૂપ ભેગું આવી ગયું. અને ધ્યનાગ્નિ કરવી એ ધ્યાન પોતે કારણસમયસાર છે. સમજાણું કાંઈ? કેમકે ત્રિકાળી ભગવાન કારણસમયસારનું ધ્યાન કર્યું તો પર્યાયમાં કારણસમયસાર થયો. હતો તે થયો. એ પૂર્ણ કાર્ય થાય તેને સિદ્ધ ભગવાન (કહે છે). એવા સિદ્ધ ભગવાનને નમસ્કાર કરીને હું 'પરમાત્મપ્રકાશ' કહેવા માગું છું, એમ કહેશે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ)

## વીર સંવત ૨૫૦૨, જેઠ સુદ ૧૦, સોમવાર
## તા. ૦૭-૦૬-૧૯૭૬, ગાથા-૧, પ્રવચન નં. ૨

આ 'પરમાત્મપ્રકાશ'ની પહેલી ગાથા. અહીં આવ્યું છે. જુઓ! સિદ્ધ ભગવાનને નમસ્કાર કર્યા છે. '**જબ સિદ્ધપરમેષ્ઠી અનંતચતુષ્ટયરૂપ પરિણમે,...**' છે ત્યાંથી? સિદ્ધ પરમેષ્ઠી અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય-બળ એ રૂપે પરિણમે. શક્તિરૂપે તો હતા પણ પર્યાયરૂપે પરિણમે '**તબ કાર્યસમયસાર હુએ...**' ત્યારે કાર્ય પૂર્ણ થયું. ત્યારે કાર્યસમયસાર થયું. લ્યો, આ કાર્ય. જીવનું સમયસાર કાર્ય (થાય) એ એનું કાર્ય (છે). અનંત જ્ઞાન-દર્શન-આનંદ અને વીર્ય, એ રૂપે થવું એ એનું કાર્ય છે. '**અંતરાત્મ અવસ્થામેં કારણ-સમયસાર થે.**' અંતરાત્મ અવસ્થા હતી. સમ્યગ્દર્શનમાં શુદ્ધ ચૈતન્યશક્તિ-સ્વભાવ, એનું ભાન ને અનુભવ થયો ત્યારે કારણસમયસાર તો ત્રિકાળ હતો. પર્યાયપણે સમ્યગ્દર્શનમાં આવ્યું ત્યારે અંતરાત્મા સમયસાર પર્યાયપણે થયો.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ આવ્યું, એ આવી જ ગયું.

અંતરાત્મા. '**અંતરાત્મ અવસ્થામેં...**' અવસ્થામાં કારણસમયસાર હતો. આહાહા..! ત્રિકાળ વસ્તુ જે શુદ્ધ ચૈતન્ય શક્તિરૂપ છે, એ મુક્તસ્વરૂપ જ છે. શક્તિ અપેક્ષાએ, દ્રવ્ય અપેક્ષાએ ત્રિકાળના સ્વભાવ ભાવની અપેક્ષાએ આત્મા મુક્તસ્વરૂપ જ છે. પણ એ શક્તિએ અને સામર્થ્યે. એની પર્યાયમાં એ પરિણમન થાય ત્યારે તે કાર્યસમયસાર સિદ્ધને કહેવામાં આવે છે. અંતરાત્મ અવસ્થામાં કારણસમયસાર.

'**જૈસે સોના અન્ય ધાતુકે મિલાપસે રહિત હુઆ,...**' જેમ સોનું અન્ય ધાતુના મિલાપથી રહિત થયું. મિલાપ હતો ખરો. ખાણમાં સોનું અને પથ્થર બે ભેગા હોય છે ને? '**અપને સોલહવાનરૂપ પ્રગટ હોતા હૈ,...**' સોળ વાનરૂપ પ્રગટ થયું. '**ઉસી તરહ કર્મ-કલંક રહિત સિદ્ધપર્યાયરૂપ પરિણમે.**' એમ આત્મા કર્મકલંકની... જેમ ઓલું સોનુ ધાતુના મિલાપથી રહિત થયું. એમ આત્મા કર્મકલંક રહિત સિદ્ધપર્યાય થઈ પરિણમે. આહાહા..!

'**તથા પંચાસ્તિકાય ગ્રંથમે ભી કહા હૈ -**' 'પંચાસ્તિકાય'માં પણ કહ્યું છે કે, '**જો પર્યાયાર્થિકનયકર 'અભૂદપુવ્વો હવદિ સિદ્ધો'**' પર્યાયનયે તો સિદ્ધપર્યાય નહોતી તે અભૂતપૂર્વ નવી થઈ. ભગવાનઆત્માને સિદ્ધપર્યાય તો અભૂતપૂર્વ-પૂર્વે નહોતી એ થઈ. પર્યાય અપેક્ષાએ. આહાહા..! '**અર્થાત્ જો પહલે સિદ્ધપર્યાય કભી નહીં પાઈ થી,...**' અનંતકાળમાં સિદ્ધની પર્યાય કદી નહોતી મળી. '**વહ કર્મ-કલંકકે વિનાશસે પાઈ.**' કર્મ-કલંકના નાશથી મળી.

'**યહ પર્યાયાર્થિકનયકી મુખ્યતાસે કથન હૈ...**' શું કહ્યું એ? સિદ્ધ ભગવાન અભૂત નામ પૂર્વે નહોતી એવી અભૂત પર્યાયને પામ્યા એ પર્યાયનયનું કથન છે. અવસ્થાદૃષ્ટિનું એ

કથન છે. અવસ્થામાં નહોતી તે અવસ્થા અભૂતપૂર્વ નવી થઈ એ અવસ્થાદૃષ્ટિનું કથન છે. આહાહા..! '**ઔર દ્રવ્યાર્થિકનયકર શક્તિકી અપેક્ષા...**' પણ વસ્તુની દૃષ્ટિથી જોઈએ, આત્મા વસ્તુ, એની શક્તિ, એનો સ્વભાવ, એના સામર્થ્યનું બળ, એ દૃષ્ટિથી જોઈએ તો સદા શુદ્ધ છે. આહાહા..! જેનો શક્તિ સ્વભાવ શુદ્ધ જ છે અને બુદ્ધ છે-જ્ઞાનસ્વભાવ છે. આહાહા..! ભાષા તો અનંત વાર શિખ્યો હતો. શાસ્ત્રના ભણતરમાં આવે ને? એટલે એને ધારણામાં આવે તો ખરું. પણ અનુભવમાં આવ્યા વિના શક્તિપણે સિદ્ધ પરિણમે એમ ન બને. આત્માનો અનુભવ શક્તિ ધ્રુવ ચૈતન્ય. ચૈતન્ય સ્વભાવ, ચૈતન્ય શક્તિ પૂર્ણ, એનો આશ્રય લઈ અથવા એનું પરિણમન થવું, શુદ્ધ પર્યાય થવી એ પર્યાયનયે નહોતી અને થઈ એમ કહેવામાં આવે છે. વસ્તુ દૃષ્ટિએ તો ત્રિકાળ શુદ્ધ અને બુદ્ધ જ્ઞાનપિંડ જ છે. આહાહા..!

'**શુદ્ધ બુદ્ધ (જ્ઞાન) સ્વભાવ તિષ્ઠતા હૈ.**' પવિત્ર અને જ્ઞાન સ્વભાવે અનાદિ શક્તિ અપેક્ષાએ તો છે. એને પરિણમે તો થાય એમ નથી. એ તો પરિણમે તો થાય એ પર્યાયની અપેક્ષાએ વાત છે. આહાહા..! વસ્તુ તો વસ્તુ છે. વસ્તુ છે એ તો શક્તિ અપેક્ષાએ મોક્ષપર્યાય થાય છે. એ પર્યાય થાય છે એ વસ્તુમાં છે એમાંથી આવે છે ને? એ તો સિદ્ધ પર્યાય સિદ્ધ સ્વરૂપે ત્રિકાળ છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' આહાહા..! જે દશા.. ઓલામાં 'નિયમસાર'માં કહ્યું નથી? નિયમરૂપ તો ત્રિકાળ છે. કારણ નિયમસાર કહો કે નિયમસાર વસ્તુ કહો. એ નિયમરૂપ તો ત્રિકાળ છે. આહાહા..! જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ સ્વભાવ ત્રિકાળ નિયમમાં છે. વસ્તુમાં ત્રિકાળ છે. આહાહા..! એને પર્યાયમાં પ્રગટ થાય ત્યારે કાર્યનિયમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

પ્રાયશ્ચિતમાં પણ એમ લીધું છે ને? પ્રાયશ્ચિત. પ્રાયશ્ચિત. બહોળું જેનું ચિત્ત જ્ઞાનસ્વભાવ ત્રિકાળ છે એ તો. પ્રાયશ્ચિત સ્વરૂપ જ છે. પ્રાય એટલે? બહોળતાએ અનંત ચિત્તસ્વરૂપ જ છે એ. આહાહા..! તો એ એની પર્યાયમાં પ્રાયશ્ચિતરૂપ નિર્મળ દશા પ્રગટ થાય છે. આહાહા..! જે કાંઈ પર્યાયમાં થાય છે તે સ્વરૂપે તો ત્રિકાળ છે જ એમ કહે છે. આહાહા..! અરે..! એ શુદ્ધ બુદ્ધ.

'**જૈસે ધાતુ પાષાણકે મેલમેં ભી...**' શું કહે છે? સોના અને ધાતુનો મેળ-સંયોગ હોવા છતાં '**શક્તિરૂપ સુવર્ણ મૌજૂદ હી હૈ,...**' સોનું સોનાપણે, શક્તિપણે તો એ ધાતુના મેળાપ વખતે પણ શક્તિપણે તો સોનું સોનું જ છે. આહાહા..! સમજાણું કાંઈ? '**ધાતુ પાષાણકે મેલમેં ભી શક્તિરૂપ સુવર્ણ મૌજૂદ હી હૈ, ક્યોંકિ સુવર્ણ-શક્તિ સુવર્ણમેં સદા હી રહતી હૈ,...**' સુવર્ણ શક્તિનું સામર્થ્ય સુવર્ણમાં સદાય રહે છે. આહાહા..!

'**જબ પરવસ્તુકા સંયોગ દૂર હો જાતા હૈ,...**' સંયોગી પત્થરનો મેળાપ જેમ દૂર થઈ જાય છે '**તબ વહ વ્યક્તિરૂપ હોતા હૈ.**' સોનું. સોળ વલું શક્તિરૂપે તો છે એમ કહે છે. આહાહા..! પત્થરના મેળાપ વખતે પણ સોળ વલુ શક્તિરૂપે જ છે. સોળ વલું કહો, પૂર્ણ કહો. ચોસઠપહોર કીધું હતું ને? પીપર ચોસઠપહોરી. એ તો સોળ આના. આહાહા..! પૂનમને દિવસે ચંદ્ર ખીલે છે એ સોળ કળાએ ખીલે છે. એ પૂર્ણ ખીલે છે. એમ સોનું મિલાપરહિત

પૂર્ણ પ્રગટ થાય છે ત્યારે સોળ વલું થાય છે. સોળ આના-રૂપિયો પૂર્ણ. એમ લીંડીપીપરમાં શક્તિપણે સોળ આના એટલે રૂપિયારૂપ શક્તિ છે એ પર્યાયમાં પ્રગટ થાય છે. છે એ પ્રગટ થાય છે. એમ ભગવાનઆત્મા કર્મના સંબંધમાં પણ એની શક્તિ તો સોળ વલું પૂરેપૂરું સોળ આના જ છે. આહાહા..! જેનો જ્ઞાન, આનંદ, વીર્ય, દર્શન એ પૂર્ણ જ છે. વસ્તુ તરીકે પૂર્ણ છે.

**'પરવસ્તુકા સંયોગ દૂર હો જાતા હૈ, તબ વહ વ્યક્તિરૂપ હોતા હૈ. સારાંશ યહ હૈ કિ શક્તિરૂપ તો પહલે હી થા, લેકિન વ્યક્તિરૂપ સિદ્ધપર્યાય પાને સે હુઆ.'** એમ સિદ્ધની શક્તિરૂપ તો પહેલેથી હતી. આહાહા..! કેમ બેસે? એક સમયની પર્યાયમાં વસ્તુ શક્તિરૂપ પૂર્ણ હતી જ. એ પર્યાયમાં એનું ભાન થાય છે. સમજાણું કાંઈ? માર્ગ ભારે ઝીણો, ભાઈ! **'શુદ્ધ દ્રવ્યાર્થિકનયકર સભી જીવ સદા શુદ્ધ હી હૈં.'** એ તો શક્તિરૂપ હતા, સિદ્ધપદ તો શક્તિરૂપે આત્મામાં છે. જેમ લીંડીપીપરમાં ચોસઠપહોરી તિખાશ છે. સોનામાં પત્થરના મિલાપ વખતે પણ સોળ વલું સોનું છે. એમ કર્મના કલંક વખતે પણ ભગવાનઆત્મામાં સિદ્ધપણું પૂર્ણ શુદ્ધ છે. અરે..! આ વાત.

**'દ્રવ્યાર્થિકનયકર સભી જીવ...'** શુદ્ધ દ્રવ્યાર્થિકનયકર એમ લીધું છે. શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિથી જોતાં ભગવાનઆત્મા **'સભી જીવ...'** અભવિ પણ. ભવિ, અભવિ બધા. આહાહા..! **'સદા શુદ્ધ હી હૈં.'** સદા ત્રિકાળ પવિત્ર જ છે. પવિત્ર જ છે. આહાહા..! એ પર્યાયમાં એને બેસે ત્યારે પવિત્ર છે એમ એને થયું. વર્તમાન પર્યાયમાં સદા શુદ્ધ છે એવું જ્યારે એને બેસે ત્યારે સદા શુદ્ધ છે એવી પ્રતીતિ એને થાય. પર્યાયમાં આવ્યા વિના એને આ સદા શુદ્ધ છે એવી પ્રતીત થાય નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

તેથી ૧૭મી ગાથામાં ('સમયસાર'માં)કહ્યું ને? કે પર્યાયમાં શુદ્ધ વસ્તુ ધ્રુવ શુદ્ધ સોળ વલું પૂર્ણ એ પર્યાયમાં પૂર્ણ દ્રવ્ય જ જણાય છે. સમજાણું કાંઈ? જ્ઞાનની એક સમયની પર્યાય પણ જ્ઞાન છે ને એ? તો જ્ઞાન છે તે પર્યાયનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે. તો સ્વ પ્રકાશે જ છે. આહાહા..! સમજાણું કાંઈ? પણ એ સ્વપ્રકાશક છે, પર્યાયમાં જાણનારો જ જણાય છે, પણ દૃષ્ટિ એની દ્રવ્ય ઉપર નથી એથી એને પર્યાય ઉપર દૃષ્ટિ હોવાથી જાણનારો જણાય છે ત્યાં એની દૃષ્ટિ નથી. આહાહા..! ફક્ત વર્તમાન અવસ્થા ઉપર દૃષ્ટિ છે એથી રાગની સાથે એકત્વબુદ્ધિમાં રાગને જાણે છે એમ એ માને છે. સમજાણું કાંઈ? એકલું પરપ્રકાશક છે એમ અજ્ઞાની માને છે. આહાહા..! કહો, 'દિલીપ'! ક્યાં ગયા તારા દાદા? કહો, સમજાણું કાંઈ? આ તો ધર્મની કોલેજ છે. કેટલુંક એ શીખીને આવ્યો હોય તો આ વધારે સમજાય. આહાહા..!

પરમાત્મ પ્રકાશ છે ને આ? કહે છે, પરમાત્મપ્રકાશ પર્યાયમાં છે એ સ્વભાવમાં પરમાત્મપ્રકાશ છે જ. આહાહા..! જે જે પર્યાયમાં થાય તે તે તેવડો તે અંદર સ્વભાવમાં પૂર્ણ છે. આહાહા..! પૂર્ણ ન હોય તો અલ્પ કાળની પર્યાય આવે ક્યાંથી? આહાહા..! સમજાણું કાંઈ? જરી ઝીણો વિષય છે. જૈનદર્શન એટલે કે વસ્તુદર્શન બહુ સૂક્ષ્મ છે. આહાહા..!

કહે છે, **'શુદ્ધ દ્રવ્યાર્થિ...'** શુદ્ધ દ્રવ્ય જેનું પ્રયોજન એવું જે જ્ઞાન. શું? શુદ્ધ દ્રવ્ય

એટલે વસ્તુ, અર્થિ એટલે પ્રયોજન. જે જ્ઞાનના અંશનું શુદ્ધ દ્રવ્ય પ્રયોજન છે તે (દૃષ્ટિએ) જોઈએ તો '**સભી જીવ સદા શુદ્ધ હી હૈં.**' આહાહા..! પૂર્ણાનંદનો નાથ પ્રભુ ત્રિકાળ શુદ્ધ છે. નિગોદની અવસ્થામાં હો... આહાહા..! જુઓ તો ખરા! નિગોદનું એક શરીર, એમાં અનંતા જીવ. શરીરની અવગાહના કદ કેટલું? અંગુલના અસંખ્ય ભાગમાં. નિગોદના એક શરીરનું કદ પહોળું કેટલું? કે અંગુલના અસંખ્ય ભાગમાં. એક શરીરમાં અનંત જીવ. આહાહા..! એ જીવનું કદ કેટલું? એ શરીર પ્રમાણે. એનો સ્વભાવ કેટલો? આહાહા..! ભલે પર્યાયમાં અક્ષરનો અનંતમો ભાગ વિકાસરૂપે રહ્યો. પણ જે જ્ઞાનશક્તિ છે, સામર્થ્ય છે એ તો ત્યાં પૂર્ણ છે. સમજાણું કાંઈ?

શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી જોઈએ તો બધા જીવ, એમ લીધું ને? '**શુદ્ધ દ્રવ્યાર્થિકનયકર સભી જીવ સદા...**' તો નિગોદનો જીવ પણ (આવી ગયો). આહાહા..! આવે છે ને? 'નિયમસાર'માં. સર્વ સંસારી સિદ્ધ સ્વરૂપ છે. એ ગાથા પાછળ આવે છે. આહાહા..! એ શક્તિની અપેક્ષાએ. સર્વ જીવ સિદ્ધ સ્વરૂપે જ છે. સંસારી પણ. આહાહા..! એ તો પર્યાયની અપેક્ષાએ સંસારી કહેવાય છે અને પર્યાયની અપેક્ષાએ સિદ્ધ કહેવાય છે. વસ્તુની અપેક્ષાએ ભગવાનઆત્મા સદા બધા જીવ શુદ્ધ દ્રવ્યના પ્રયોજનની દૃષ્ટિથી જોઈએ તો ત્રિકાળ શુદ્ધ-શુદ્ધ-શુદ્ધ પવિત્રનો પિંડ છે. એકલો અતીન્દ્રિય આનંદનો કંદ છે. આહાહા..!

'**એસા હી દ્રવ્યસંગ્રહમેં કહા હૈ, 'સવ્વે સુદ્ધાહુ સુદ્ધણયા'**...' 'દ્રવ્યસંગ્રહ'માં છે ને? ગાથા-૧૩મી. ૧૩મી ગાથા છે. 'દ્રવ્યસંગ્રહ'ની ૧૩મી. ઓલી 'પંચાસ્તિકાય'ની ૨૦મી હતી. પહેલી કીધીને? સિદ્ધ પર્યાય નહોતી ને થઈ, એ 'પંચાસ્તિકાય'ની ગાથા ૨૦. અને આ 'સવ્વે સુદ્ધાહુ સુદ્ધણયા' 'દ્રવ્યસંગ્રહ'ની ગાથા-૧૩. પહેલી ઉતારી છે આમાં. તે દિ'લખી લીધી હતી. પહેલેથી અહીં લખી છે. સમજાણું કાંઈ? '**સવ્વે સુદ્ધાહુ સુદ્ધણ્યા...**' આહાહા..! 'શ્રીમદ્દે' કહ્યું ને? 'સર્વ જીવ છે સિદ્ધસમ.' એમાં અભવિ નીકળી ગયા? આહાહા..!

જેનો શક્તિ સ્વભાવ તો શુદ્ધ જ છે. પૂર્ણ શુદ્ધ છે. દ્રવ્ય સ્વભાવ, એનું શક્તિરૂપ સામર્થ્ય સ્વભાવ તો પૂર્ણ જ છે. પર્યાયમાં ભલે નિગોદમાં અક્ષરને અનંતમે ભાગે હો. અને સિદ્ધને કેવળપર્યાય હો. સિદ્ધને કેવળ પૂર્ણ પર્યાય હો. અહીં અક્ષરના અનંતમે ભાગે હો. એ તો પર્યાયની દૃષ્ટિ અપેક્ષાએ વાત છે. આહાહા..! વસ્તુ તરીકે તો ત્રિકાળ પવિત્ર પિંડ આખો શુદ્ધ જ છે. તત્ત્વ છે ને? જીવતત્ત્વ છે ને? જીવ વસ્તુ છે ને? તો વસ્તુમાં પૂર્ણ અનંત ગુણ વસેલા ત્રિકાળ છે. આહાહા..! એને અહીંયાં ગુણ ને શક્તિ તરીકે કહ્યું.

'**શુદ્ધ નયકર સભી જીવ શક્તિરૂપ શુદ્ધ હૈં ઔર પર્યાયર્થિકનયસે વ્યક્તિકર શુદ્ધ હુએ.**' સિદ્ધ ભગવાન. પર્યાય જેનું પ્રયોજન છે એવા જ્ઞાનની અપેક્ષાએ '**વ્યક્તિકર શુદ્ધ હુએ.**' સિદ્ધ ભગવાન વ્યક્તિ નામ પ્રગટ સિદ્ધ થયા. શક્તિરૂપ હતા એ પ્રગટરૂપ થયા. આહાહા..! આવું ઝીણું જ્ઞાન છે. આ ઓલા એકેન્દ્રિયા, બે ઇન્દ્રિયા કરીને સામાયિક થઈ ગઈ. તસ્સ ઉત્તરી કરણેણ તાવકાય ઠાણેણ મોણેણ ઝાણેણં. થઈ ગયો કાયોત્સર્ગ. ધૂળેય નથી કાયોત્સર્ગ. આહાહા..! જ્યાં ભગવાન એક સમયમાં પૂર્ણ અનંત ગુણે (બિરાજમાન છે).

અનંત ગુણ છે એ અનંત ગુણ પૂર્ણ છે. એ અનંત ગુણનું પૂર્ણરૂપ, શક્તિરૂપ એ આત્મા. આહાહા..!

'**પર્યાયર્થિકનયસે વ્યક્તિકર શુદ્ધ હુએ.**' સમજાય છે કે નહિ આમાં? સિદ્ધ ભગવાન.. નમસ્કાર પણ સિદ્ધને કરવા છે ને? એવી તો પાંચ ગાથાઓ લેશે. થઈ ગયા, થશે, વર્તમાન ભગવાન બિરાજે એને સિદ્ધ કરીને નમસ્કાર કરે છે. 'સીમંધર' ભગવાન. આહાહા..! મોટું માંગલિક કર્યું છે. આહાહા..! '**પર્યાયાર્થિકનયસે વ્યક્તિકર...**' વસ્તુ તરીકે તો શુદ્ધ બુદ્ધ જ્ઞાનઘન (છે). જ્ઞાનની અપેક્ષાએ જ્ઞાનઘન, આનંદની અપેક્ષાએ આનંદઘન, શ્રદ્ધાની અપેક્ષાએ શ્રદ્ધાઘન, શાંતિ-ચારિત્રની અપેક્ષાએ શાંતિઘન, વીર્યની અપેક્ષાએ વીર્યઘન, કર્તા શક્તિની અપેક્ષાએ કર્તાઘન, કર્મ શક્તિની અપેક્ષાએ કર્મઘન ત્રિકાળ હોં! આહાહા..! કરણ-સાધનની અપેક્ષાએ કરણઘન. એવા અનંત ગુણનું પૂર્ણરૂપે ઘન શક્તિરૂપે ભગવાન બિરાજે છે. આહાહા..!

'**કિસ કારણસે**?' એ વ્યક્તિરૂપ થયા? એમ કહે છે. શક્તિરૂપ શુદ્ધ બુદ્ધ હતા. હવે વ્યક્તિરૂપ સિદ્ધ દશા પ્રાપ્ત કરી. પ્રગટરૂપ. ઓલી શક્તિરૂપ હતી એ વ્યક્તિરૂપ પ્રગટ કરી. ક્યા કારણે પ્રગટ થયું? સિદ્ધપણું ક્યા કારણે પ્રગટ થયું? '**ધ્યાનાગ્નિના અર્થાત્ ધ્યાનરૂપી અગ્નિકર...**' ધ્યાનરૂપી અગ્નિને કારણે. આહાહા..! ચૈતન્યનો, આનંદનો નાથ પ્રભુ ત્યાં ધ્યાન લગાવ્યું. પૂર્ણ સ્વરૂપને ધ્યેય બનાવી ધ્યાનનો વિષય પૂર્ણ બનાવ્યો. આહાહા..! સમ્યક્ ધ્યાન, એના ધ્યેયમાં, વિષયમાં પૂર્ણાનંદને ધ્યાનમાં વિષય બનાવ્યો. ધ્યાનની પર્યાય વિષયી અને એનો વિષય છે એ પૂર્ણ વિષય. આહાહા..! સમજાણું કાંઈ? ઓલામાં બહુ આવે છે આ. અધ્યાત્મ તરંગિણી છે ને? એની ટીકામાં બહુ આવે છે. ધ્યાન વિષય કુરુ. એવું બહુ આવે છે એમાં. ઘણીવાર કહ્યું છે. ધ્યાન વિષય કુરુ. ત્રણ-ચાર ઠેકાણે આવે છે. ધ્યાનનો વિષય બનાવ. ત્રિકાળને ધ્યાનનો વિષય બનાવ. આહાહા..! 'ધીરૂભાઈ'! ત્યાં આટલા વર્ષમાં આવું સાંભળ્યું નહોતું. વાડામાં છે ક્યાં? વાડા બાંધીને બેઠા છે. 'વાડા બાંધી બેઠા રે...' તમારો આ વાડો નથી? (કોઈ એમ કહેશે). આ વાડો ક્યાં છે? આ તો વસ્તુની સ્થિતિ છે. વસ્તુનું સ્વરૂપ છે. જ્ઞાને પૂર્ણ, દર્શને પૂર્ણ, આનંદે પૂર્ણ એવા અનંત ગુણે પૂર્ણ ઈદં શક્તિએ બિરાજમાન ભગવાનઆત્મા, એને ધ્યાનનો વિષય બનાવી, એ તો પર્યાય થઈ. ધ્યાન છે એ તો પર્યાય થઈ. એનો વિષય થયો ત્રિકાળી. આહાહા..!

'**ધ્યાનાગ્નિના અર્થાત્ ધ્યાનરૂપી અગ્નિકર કર્મરુપી કલંકોંકો ભસ્મ કિયા,...**' અશુદ્ધ પરિણમનરૂપી વિકાર એનો નાશ કર્યો. કર્મનો નાશ કર્યો એ કહેશે હમણાં. એ અસદ્ભૂતનયે. શું કીધું ઈ? '**ધ્યાનાગ્નિના અર્થાત્ ધ્યાનરૂપી અગ્નિકર કર્મરુપી કલંકોંકો ભસ્મ કિયા,...**' સાધારણ વાત લીધી છે. પછી કર્મના બે ભાગ પાડી દેશે. અશુદ્ધ અને કર્મ જડ. '**તબ સિદ્ધ પરમાત્મા હુએ.**' ધ્યાન અગ્નિ લગાવી અંદરમાં. આહાહા..! વર્તમાન ધ્યાનમાં ધ્યેય વસ્તુને બનાવીને ધ્યાન કર્યું એ ધ્યાનાગ્નિથી સિદ્ધ થયું. વ્રત ને તપ ને ભક્તિ, પૂજાથી સિદ્ધ નથી થયા. સમજાણું કાંઈ? આહાહા..!

**'કર્મરૂપી કલંકોંકો ભસ્મ કિયા,...'** ત્યાં એનો અર્થ કરશે, હોં! **'તબ સિદ્ધ પરમાત્મા હુએ. વહ ધ્યાન કૌનસા હૈ?'** ધ્યાનને શું કહેવું? **'આગમકી અપેક્ષા તો વીતરાગ નિર્વિકલ્પ શુક્લધ્યાન હૈ...'** છેલ્લી વાત છે ને કેવળજ્ઞાન લેવાની. સિદ્ધ પર્યાય વખતે. સિદ્ધ પર્યાય થાય છે ત્યારે એનું ધ્યાન **'આગમકી અપેક્ષા તો વીતરાગ નિર્વિકલ્પ શુક્લધ્યાન હૈ...'** વિકલ્પ નામ ભેદ વિનાનું નિર્વિકલ્પ ત્રિકાળી ભગવાનને ધ્યાનમાં લઈને. વીતરાગી નિર્વિકલ્પ ધ્યાન. એ શુક્લધ્યાન. એનાથી સિદ્ધ થયા. આહાહા..!

**'ઔર અધ્યાત્મકી અપેક્ષા વીતરાગ નિર્વિકલ્પ રૂપાતીત ધ્યાન હૈ.'** રૂપાતીત. અંદર કહેશે. સિદ્ધ ભગવાનનું ધ્યાન એ રૂપાતીત. સિદ્ધ એટલે પોતે ત્રિકાળી, એનું ધ્યાન રૂપાતીત. આહાહા..! સારો વિસ્તાર કર્યો છે. અધ્યાત્મની અપેક્ષાએ વીતરાગ અભેદ રૂપાતીત ધ્યાન. એકલા પૂર્ણાનંદને દૃષ્ટિમાં લઈ વિષય બનાવીને સ્થિર થવું એ અધ્યાત્મની અપેક્ષાએ રૂપાતીત. **'દૂસરી જગહ ભી કહા હૈ – 'પદસ્થં''** ષટ્પ્રાભૃત(માં) લખ્યું છે. ષટ્પ્રાભૃતમાં પૃષ્ઠ ૨૩૬ એમાં લખ્યું છે. ષટ્પાહુડમાં આવે છે.

**'ણમોકારમંત્ર આદિકા જો ધ્યાન હૈ, વહ પદસ્થ...'** પદ-પદ. પાંચ પદમાં રહેલા ભગવાન પંચ પરમેષ્ઠી. એનું ધ્યાન પદસ્થ ધ્યાન કહેવામાં આવે છે. **'ણમોકાર મંત્ર...'** એટલે કે પંચ પરમેષ્ઠી અરિહંત-સિદ્ધ આદિ. **'જો ધ્યાન હૈ, વહ પદસ્થ કહલાતા હૈ,...'** એટલે કે પાંચ પદમાં સ્થ-રહેલા, એનું ધ્યાન તે પદસ્થ ધ્યાન. 'સમાધિશતક'માં કહ્યું છે ને? કે દીવાને દીવો અડીને દીવો થાય. અને એક ઝાડ પોતે ઘસીને થાય. એમ પંચ પરમેષ્ઠીનું ધ્યાન કરીને પણ સિદ્ધ.. એ ધ્યાન જેવો આત્મા છે એમ કહ્યું. અને એક ઝાડ ઘસીને એટલે પોતાનો આત્મા જ એમાં એકાગ્ર થઈને-ઘસીને જ્ઞાન આનંદ થાય, સિદ્ધપદ થાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બેય. વસ્તુ તો એક છે પણ એનું નિમિત્તપણું પંચ પરમેષ્ઠીનું લક્ષમાં લઈને પછી અંદર ઉતર્યો છે એટલે ત્યાં એને પદસ્થ કીધું છે. એ 'સમાધિશતક'માં લીધું છે. બે બોલ લીધાં.

**'પિંડ (શરીર)મેં ઠહરા હુઆ જો નિજ આત્મા હૈ, ઉસકા ચિંતવન...'** લ્યો! એ પોતે જ પંચ પરમેષ્ઠીસ્વરૂપ છે અંદર. આહાહા..! પિંડ પાછળ અર્થ આ લીધો. જોયું! પિંડ જે આ શરીર, એમાં નિજ આત્મા જે છે. **'ઉસકા ચિંતવન વહ પિંડસ્થ હૈ,...'** આહાહા..! ચિંતવન નામ એકાગ્રતા, હોં! ચિંતવન નામ વિકલ્પ નહિ. આહાહા..! શરીરના પિંડમાં રહેલો પ્રભુ એ રહ્યો છે પોતામાં પણ અહીં શરીરનું અવગાહન ગણવું છે ને? છે તો એમાં. એવો જે ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ, એનું ધ્યાન એ પદસ્થધ્યાન કહેવામાં આવે છે. આવી બધી વાતું ત્યાં હોય નહિ. આહાહા..!

**'સર્વ ચિદ્રૂપ (સકલ પરમાત્મા) જો અરહંતદેવ ઉનકા ધ્યાન વહ રૂપસ્થ હૈ,...'** છે? પિંડમાં રહેલો પોતે એનું ધ્યાન પિંડસ્થ. અને સકળ પરમાત્મા અરિહંત, એનું ધ્યાન એ રૂપસ્થ. એ રૂપમાં રહેલા છે. સર્વજ્ઞની પર્યાયમાં રહેલા એનું ધ્યાન તે રૂપસ્થધ્યાન.

આહાહા..! એનું ધ્યાન કરીને પણ એનું લક્ષ છોડી દેવાનું પછી. એમ. આહાહા..! '**ઔર નિરંજન (સિદ્ધભગવાન્) કા ધ્યાન રૂપાતીત કહા જાતા હૈ.**' શરીરરહિત થઈ ગયા ને એ? એનું ધ્યાન '**રૂપાતીત કહા જાતા હૈ.**' આહાહા..!

'**વસ્તુકે સ્વભાવસે વિચારા જાવે, તો શુદ્ધ આત્માકા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રરૂપ અભેદ રત્નત્રયમયી જો નિર્વિકલ્પ સમાધિ હૈ,...**' આહાહા..! ધ્યાનનું લક્ષણ કહે છે. કે '**શુદ્ધ આત્માકા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રરૂપ અભેદ રત્નત્રયમયી જો નિર્વિકલ્પ સમાધિ હૈ,...**' આહાહા..!

મુમુક્ષુ :- 'જયસેનાચાર્ય'નું લીધું છે.

ઉત્તર :- હા છે ને. 'જયસેનાચાર્ય'નો ઘણો આધાર લીધો. લખ્યું છે. પ્રસ્તાવનામાં ઘણું લખ્યું છે. ઘણો આધાર 'કુંદકુંદાચાર્ય'નો લીધો છે, 'નિયમસાર'નો લીધો છે.

'**વસ્તુ કે સ્વભાવસે વિચારા જાવે,...**' ભગવાનઆત્મા વસ્તુ છે. જગતનું તત્ત્વ જગતથી ભિન્ન છે, એવા વસ્તુનો-સ્વભાવનો વિચાર કરીએ તો... આહાહા..! '**શુદ્ધ આત્મા કા સમ્યગ્દર્શન,...**' શુદ્ધ ત્રિકાળી ભગવાનઆત્માનું સમ્યગ્દર્શન, ત્રિકાળી શુદ્ધ આત્માનું '**સમ્યગ્જ્ઞાન,...**' ત્રિકાળી શુદ્ધ આત્મામાં '**સમ્યક્ચારિત્રરૂપ...**' રમણતા એ '**અભેદ રત્નત્રયમયી જો નિર્વિકલ્પ સમાધિ હૈ,...**' શાંતિ... શાંતિ... શાંતિ... સમાધિ ઓલા બાવા લગાવે એ નહિ, હોં! અહીં તો નિર્વિકલ્પ શુદ્ધ આત્મા ત્રિકાળી, એનું સમ્યગ્દર્શન, એનું સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ રૂપે. એમ છે ને? '**રત્નત્રયમયી નિર્વિકલ્પ સમાધિ...**' એ ત્રણને નિર્વિકલ્પ સમાધિ કીધી છે. રાગ વિનાની નિર્વિકલ્પ શાંતિ જેમાં પ્રગટે. આહાહા..! આધિ, વ્યાધિ, ઉપાધિ રહિત સમાધિ. આધિ એટલે સંકલ્પ-વિકલ્પો, વ્યાધિ - શરીરની રોગ અવસ્થા, ઉપાધિ આ સંયોગો. ત્રણથી રહિત તે અંદર શુદ્ધ આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર રત્નત્રયમય નિર્વિકલ્પ સમાધિ એને કહીએ. આહાહા..! સમ્યગ્દર્શન એ નિર્વિકલ્પ સમાધિ. આહાહા..! સમ્યગ્જ્ઞાન એ નિર્વિકલ્પ સમાધિ, સ્વરૂપની સ્થિરતા એ નિર્વિકલ્પ સમાધિ. આહાહા..!

'**ઉસસે ઉત્પન્ન હુઆ...**' એવી નિર્વિકલ્પ સમાધિથી ઉત્પન્ન થયું. '**વીતરાગ પરમાનંદ સમરસીભાવ...**' આહાહા..! વીતરાગ પરમાનંદ આનંદ ઉત્પન્ન થયો અંદર. '**વીતરાગી પરમાનંદ સમરસી ભાવ સુખરસકા આસ્વાદ વહી જિસકા સ્વરૂપ હૈ,...**' આહાહા..! શુદ્ધ ભગવાન ત્રિકાળી આત્મા, એનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ રત્નત્રયમય જે ધ્યાન, સમાધિ એમાં શું ઉત્પન્ન થાય સમાધિમાં? પરમ આનંદ, અતીન્દ્રિય આનંદનો રસ ઉત્પન્ન થાય. આહાહા..! એ ત્રણમય આનંદ-પરમાનંદ ઉત્પન્ન થાય. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર. આહાહા..!

કહે છે, '**ઉસસે ઉત્પન્ન હુઆ વીતરાગ પરમાનંદ...**' વીતરાગી આનંદ, એ પણ પરમાનંદ. આ વિષયના સુખને આનંદ માને છે ને? રાગમાં સુખ માનીને વેદે છે. એ તો કલ્પના છે. આ તો શુદ્ધ આત્મા, જેમાં અતીન્દ્રિય આનંદ, પૂર્ણ પૂર્ણ ઠસોઠસ શક્તિરૂપે ભર્યો

છે. એનું ધ્યાન કરતાં પર્યાયમાં... આહાહા..! પરમાનંદ વીતરાગી સમરસી વીતરાગી પરમાનંદ. પાછો સમરસી શાંત... શાંત... શાંત... આહાહા..! એવા સુખરસનો આસ્વાદ, એવા અતીન્દ્રિય આનંદનું વેદન, અતીન્દ્રિય આનંદનો સ્વાદ '**વહી જિસકા સ્વરૂપ હૈ, ઐસા ધ્યાનકા લક્ષણ જાનના ચાહિયે.**' આહાહા..! ઓલા થોથા ધ્યાન લગાવે અને અસ્તિ શું છે એની ખબર નહિ એમ કહે છે. આ કહે છે ને 'રજનીશ'. વિકલ્પ તોડી નાખવો, વિકલ્પ તોડી નાખવો. પણ વિકલ્પ તોડે ક્યાં? કોને લક્ષમાં લઈને? અસ્તિપણે શુદ્ધ બુદ્ધ ત્રિકાળ છે, એની શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રમય પરિણમન કરતાં વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ શાંતિ તેને થાય છે. સમજાણું કાંઈ? અને તેનું અસ્તિત્વ કેટલું ક્યાં? એની ખબર વિના ધ્યાન કરે એ એનું ધ્યાન રાગમાં જાય એકલું. આહાહા..!

અહીં તો ભગવાનઆત્માનું અસ્તિત્વ કેવડું છે? કે '**વસ્તુકે સ્વભાવસે વિચારા જાવે, તો શુદ્ધ આત્માકા...**' ત્રિકાળ. એની '**સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રરૂપ....**' નિર્વિકલ્પ જે સમાધિ આનંદ શાંતિ, એનું ફળ વીતરાગી પરમાનંદ. સમરસી વીતરાગ સમરસ. આહાહા..! 'રાગ આગ દાહ દહે સદા, તાતે સમામૃત સેઈએ' આવે છે ને?

મુમુક્ષુ :- 'રાગ આગ દાહ દહે સદા, તાતે સમામૃત સેઈએ.'

ઉત્તર :- ઈ. આહાહા..!

ચાહે તો શુભ વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિનો હો, ભગવાનના સ્મરણનો હો. પણ એ રાગ આગ છે. એ 'આગ દાહ દહે સદા, તાતે સમામૃત સેઈએ.' આત્માના સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન-શાંતિરૂપ દશા એનાથી સમરસ આનંદ પ્રગટ થાય એ જેનું લક્ષ. જ્ઞાનમાં ધ્યેય પૂર્ણ વસ્તુ આવે છે અને પૂર્ણ વસ્તુની પ્રતીતિ, જ્ઞાન ને રમણતા, એનાથી ઉત્પન્ન થતી નિર્વિકલ્પ સમાધિ, એનાથી ઉત્પન્ન થતો આનંદ. આહાહા..! એવો જે સમરસી ભાવ પર્યાયનો, હોં! વીતરાગી. કેમ? પોતે વીતરાગ પરમાનંદ સમરસીભાવ સુખરસનો તો દરિયો છે. શું કીધું એ? ઓલો શુદ્ધ કીધો હતો ને શુદ્ધ આત્મા? શુદ્ધ આત્મા. પહેલો શબ્દ છે ને? એ વીતરાગી પરમાનંદ સમરસીભાવ શુદ્ધરસનો સાગર છે. આહાહા..! એનું ધ્યાન કરીને પર્યાયમાં પરમાનંદ સમરસી દશા પ્રગટ થઈ. એમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો એ ધ્યાનનું લક્ષણ છે. સમજાણું કાંઈ?

એમ કહીને શુદ્ધ આત્મા ધ્યાનનો વિષય પણ કહ્યો અને એને આશ્રયે થયેલું દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણ રૂપ નિર્વિકલ્પ શાંતિ કીધી એ સમાધિ. અને એવી જે સમાધિથી ઉત્પન્ન એકરૂપને, હવે એનાથી વીતરાગી પરમાનંદ અતીન્દ્રિય આનંદનો સ્વાદ ઉત્પન્ન થાય એને ધ્યાન કહેવામાં આવે છે. આહાહા..! બધા ૐ-ૐ કરે છે ને? ૐ નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... એ ધ્યાન નહિ. આહાહા..! એમાં તો રાગ આકુળતા આવે છે. જે ધ્યાનમાં પરમસમરસી વીતરાગી આનંદ, પરમઆનંદ, વીતરાગી પણ પરમ આનંદ સમરસીભાવ, અને તે પણ સુખરસનો આસ્વાદ. આહાહા..! આનંદના રસનો સ્વાદ. આહાહા..! એ ધ્યાનનું લક્ષણ છે. એ ધ્યાનનું ફળ આવ્યું એ એનું લક્ષણ છે. ધ્યાનમાં આનંદ ન આવે અને ધ્યાન કરીએ છીએ, કહે છે. આહાહા..! આત્માનું ધ્યાન (કરીએ છીએ) પણ આનંદ આવતો નથી.

એ આત્માનું ધ્યાન જ નથી. ઝીણી વાત છે, ભાઈ! સમજાણું કાંઈ?

**'ઐસા ધ્યાનકા લક્ષણ જાનના ચાહિયે.'** આહાહા..! આ ધ્યાનાગ્નિ કીધી છે ને એનાથી ભસ્મ (થાય છે), એની વ્યાખ્યા ચાલે છે. ધ્યાનાગ્નિથી ભસ્મ કર્યું. તે ધ્યાનઅગ્નિ કેવી? એની વ્યાખ્યા છે. **'ઈસી ધ્યાનકે પ્રભાવસે કર્મરૂપી મૈલ વહી હુઆ કલંક,...'** આહાહા..! પુણ્ય-પાપનો ભાવ એ કર્મરૂપી મેલ છે, કલંક છે. આહાહા..! શુભ-અશુભભાવ, સ્તવન, સ્તુતિ, પઠન, પાઠન, ચિંતવન એવો જે ભાવ, એ કલંક છે. સમજાણું? **'ધ્યાનકે પ્રભાવસે કર્મરૂપી મૈલ વહી હુઆ કલંક,...'** આહાહા..! એ વિકલ્પ છે એ કલંક છે, કહે છે. આહાહા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ કલંક છે. ધ્યાનાગ્નિએ એ કલંકને ધોઈ નાખ્યું, એમ કહે છે. આહાહા..!

**'ઉનકો ભસ્મ કર સિદ્ધ હુએ.'** આહાહા..! જે ભાવે તીર્થંકરગોત્ર બાંધ્યું હતું એ ભાવને પણ ભસ્મ કરીને કેવળ થયા. આહાહા..! એ ભાવનો પણ નાશ કર્યો ત્યારે કેવળી થયા, સિદ્ધ થયા. આહાહા..! ઓલો છે ને ભાઈ! નહિ ઓલો? 'જામનગર' નહોતો આવ્યો, ઓલો 'રાજકોટ'વાળો? શું નામ? એ આવ્યો હતો ને હમણાં? 'મુંબઈ'.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, ના. ઓલો વાણિયો. પહેલા વૈષ્ણવ હતો, પછી સ્થાનકવાસી, દેરાવાસી (થઈ ગયો). 'રતિલાલ'. કેવા? .. હા. 'રાજકોટ'વાળો આવ્યો હતો ને ત્યાં? 'મુંબઈ' આવ્યો હતો. હા. આવ્યો હતો ને. હમણા કહે કે ધ્યાન કરું છું. બૌદ્ધમાં ગયો છે હમણા. બૌદ્ધના સાધુ મળ્યા હશે ને તો એની શિક્ષણ શિબિરમાં ભળીને પૈસા ઉઘરાવે છે. બૌદ્ધમાં ભળ્યો છે. કાંઈ ઠેકાણા વિનાના...

મુમુક્ષુ :- વૈષ્ણવ હતો.

ઉત્તર :- પહેલો હતો વૈષ્ણવ, પછી થયો સ્થાનકવાસી, પછી થયો શ્વેતાંબર. તે દિ' આવ્યો હતો ને ત્યાં 'જામનગર.' લઈને. પાછો આ ફેરી આવ્યો હતો. મારે પૂછવું છે. જુઓ! આ ધ્યાન-ધ્યાન. શેના ધ્યાન? હું ધ્યાન કરું છું. બૌદ્ધમાં ધ્યાન કરે છે ને? બૌદ્ધમાં ભળ્યો છે. શિક્ષણ શિબિર કરે છે એમાં પૈસા ઉઘરાવે છે. પૈસાવાળો છે. કાંઈક પાંચ-પચ્ચીસ લાખ છે. આહાહા..! આવા ને આવા. ધ્યાન કરીએ (છીએ), કહે છે. શેના ધ્યાન? કીધું. વસ્તુ શું છે એના ભાન વિના ધ્યાન કોનું? શેના ધ્યાન? હું ધ્યાન કરું છું. ઓલા બૌદ્ધ કરે છે ને? બૌદ્ધમાં આવે છે, ભાઈ! પૂર્વ ભવનું યાદ કરવાનું બહુ આવે. પૂર્વ ભવ, એનું ધ્યાન બહુ કરે છે લોકો. બૌદ્ધના સાધુ પૂર્વભવના સ્મરણ માટે. આહાહા..! હવે પૂર્વભવના સ્મરણ માટે ધ્યાન એ શું ધ્યાન? એ કાંઈ ધ્યાન કહેવાય? પરભવ ક્યાં હતો એનું ધ્યાન એ ધ્યાન કહેવાય?

ધ્યાન તો આત્માના સ્વભાવનો આશ્રય લઈ લીન થાય અને જેમાં પરમ આનંદરસ આવે એને ધ્યાન કહીએ. આહાહા..! અમે ધ્યાન કરીએ છીએ. શેના ધ્યાન? બે વાર આવ્યા હતા. ઓલા 'રમણીકભાઈ'ને ત્યાં. તે દિ' અમે ઉતર્યા હતા ને ત્યાં આવ્યા હતા. આ જૈનમાં જન્મ્યા, જૈનમાં આવ્યા એને ભાન ન મળે કાંઈ.

હવે કર્મકલંકની વ્યાખ્યા કરે છે. '**કર્મકલંક અર્થાત્ દ્રવ્યકર્મ ભાવકર્મ...**' બે. કર્મકલંકનો નાશ કર્યો ને? હવે કર્મકલંક એટલે શું? કે દ્રવ્યકર્મ જડ અને ભાવકર્મ રાગ-દ્વેષ. '**ઈનમેંસે જો પુદ્ગલપિંડરૂપ જ્ઞાનાવરણાદિ આઠ કર્મ વે દ્રવ્યકર્મ હૈં,...**' જડ કર્મ. '**ઔર રાગાદિક...**' વિકલ્પ જે પુણ્ય-પાપનો ભાવ એ '**સંકલ્પ-વિકલ્પ પરિણામ ભાવકર્મ કહે જાતે હૈં. યહાં ભાવકર્મકા દહન...**' લ્યો! છે? એ અશુદ્ધ વિકારી ભાવ. એનું દહન '**અશુદ્ધ નિશ્ચયકર હુઆ,...**' એ શું કીધું? વિકારી ધ્યાગ્નિથી કર્મકલંકનો નાશ કર્યો. હવે કર્મ કલંકના બે પ્રકાર : એક જડ કર્મ અને એક અશુદ્ધ ભાવકર્મ-વિકારી ભાવ. એ અશુદ્ધનિશ્ચયકર નાશ કર્યો. કારણ કે એની પર્યાયમાં હતો ને એ? ભાવકર્મનો નાશ અશુદ્ધનિશ્ચયનયકર કર્યો. સમજાણું કાંઈ?

સ્વરૂપના ધ્યાન કરતાં અશુદ્ધતાના પરિણામનો નાશ (થયો) એ અશુદ્ધ નિશ્ચયનયથી કહેવામાં આવે છે. કારણ કે એની પર્યાયમાં છે ને? તેથી અશુદ્ધ નિશ્ચયનયથી નાશ કર્યો એમ કહેવામાં આવે છે. આહાહા..! અને દ્રવ્યકર્મનો નાશ, ધ્યાને કર્મકલંકનું ભસ્મ કર્યું. હવે કર્મકલંક એટલે શું? એની વ્યાખ્યા કરી. કર્મ-કલંકના બે પ્રકાર. જડકર્મ અને અશુદ્ધ ભાવકર્મ. અશુદ્ધ ભાવકર્મનો નાશ એ અશુદ્ધ નિશ્ચયનયથી કહેવામાં આવે છે. કારણ કે એની પર્યાયમાં હતું. છે વ્યવહારનય પણ એની પર્યાયમાં હતો એ અપેક્ષાએ નિશ્ચય, મલિન છે માટે અશુદ્ધ, એનો નાશ કર્યો એ અશુદ્ધ નિશ્ચયથી કહેવામાં આવે છે. હવે આવું ક્યાં શીખે? એય...! 'મગનભાઈ'! ધંધામાં રહેવું કે આ કરવું? આહાહા..!

નમો અરિહંતાણં આવ્યું ને? એમાં કહે છે કે કર્મરૂપી જડ વેરી અને ભાવકર્મરૂપી ભાવકર્મ વેરી. બેને હણ્યામાં વિકારી પરિણામને હણ્યા એ અશુદ્ધ નિશ્ચયનયથી કહેવામાં આવે છે. અને ભગવાને કર્મ હણ્યા એ દ્રવ્યકર્મ અસદ્ભૂત-જૂઠી દૃષ્ટિએ (કહેવામાં આવે છે). '**અસદ્ભૂત અનુપચરિત...**' કર્મ નજીકમાં છે ને? બાયડી-છોકરા પર છે અને કર્મ નજીક (છે) એટલે અનુપચરિત. બાયડી-છોકરાનો ત્યાગ કરવો એ ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર કહેવાય છે. બહુ સરસ વર્ણવ્યું છે.

અસદ્ભૂત એટલે કે આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં જડકર્મ નથી. એની પર્યાયમાં પણ જડકર્મ નથી માટે અસદ્ભૂત. અનુપચરિત પણ નજીકમાં છે એટલે અનુપચરિત. '**વ્યવહારનયકર...**' એટલે પર વસ્તુ છે ને? '**વ્યવહારનયકર હુઆ...**' દ્રવ્યકર્મનો નાશ અસદ્ભૂત અનુપચરિત વ્યવહારનયથી કહેવામાં આવ્યો. ભારે ભાઈ! એક એક વ્યાખ્યા. શું કીધું ઈ?

સિદ્ધ ભગવાન ધ્યાનાગ્નિથી કર્મના કલંકને નાશ કરીને થયા. હવે એની વ્યાખ્યા. ધ્યાન એટલે શું? કે શુદ્ધ સ્વરૂપને ધ્યેય બનાવી અખંડાનંદ પૂર્ણાનંદને ધ્યેય બનાવીને જે પર્યાય થાય તે ધ્યાન. હવે ધ્યાનમાં થાય શું એનું ફળ? કે જેમાં પરમાનંદ સુખ, વીતરાગ સુખરસી ભાવ પ્રગટ થાય એ ધ્યાનનું લક્ષણ. હવે એ ધ્યાન વડે કર્મનો નાશ કર્યો. તો કર્મ ક્યા પ્રકારના? કર્મ બે પ્રકારના. એક જડકર્મ, એક અશુદ્ધતાનું ભાવકર્મ. અશુદ્ધતાના ભાવકર્મનો નાશ અશુદ્ધ નિશ્ચયનયથી કહેવામાં આવે છે અને જડકર્મનો નાશ અસદ્ભૂત અનુપચાર

વ્યવહારથી કહેવામાં આવે છે. કેમકે આત્માની પર્યાયમાં નથી પણ અનુપચરિત નજીકમાં છે. વ્યવહાર એટલે પર વસ્તુ છે, નિમિત્ત છે તે વ્યવહાર થઈ ગયો. એ અસદ્‌ભૂત અનુપચાર વ્યવહારનયથી તેનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે. આહાહા..! પર છે ને એથી વ્યવહાર. અશુદ્ધતા એ તો અશુદ્ધ નિશ્ચય થયો. વિકારી પોતામાં જ છે ને? એટલે અશુદ્ધ નિશ્ચય. ઓલી તો પર વસ્તુ છે એટલે વ્યવહાર થઈ ગયો. આહાહા..! હવે આવું કે દિ' શીખવું? આ બીજા જે અન્યમતિઓ બીજી રીતે કહે છે ને? એનું નિરાકરણ કરવાને માટે આ વાત છે. સમજાણું કાંઈ? એ કહેશે હમણાં. શબ્દનય, આગમનય, મતાર્થનય પાંચેય પાછા આમાં ઉતારશે. આહાહા..!

**'શુદ્ધ નિશ્ચયકર તો જીવકે બંધ મોક્ષ દોનોં હી નહીં હૈ.'** ત્રિકાળી ભગવાન મોક્ષસ્વરૂપ જ છે. એના બંધ-મોક્ષની પર્યાયો ત્રિકાળી નિશ્ચયનયની અપેક્ષાએ એમાં છે નહિ. બંધ-મોક્ષ તો પર્યાયનયની અપેક્ષાએ છે. આત્માને અશુદ્ધ ભાવકર્મનો બંધ, અશુદ્ધનય એટલે પર્યાયનય થઈ. અને જડકર્મનો નાશ એ પણ પર્યાયનય એટલે પર વ્યવહારનય અને તે પણ અસદ્‌ભૂત. એને એ રીતે કહેવામાં આવ્યું. આહાહા..! નમો અરિહંતાણં. કર્મરૂપી વેરીને હણ્યા. કર્મ તો જડ છે. જડને આત્મા હણે? પણ જડની અવસ્થા અશુદ્ધ કર્મનો નાશ થાવા કાળે કર્મની અવસ્થા અકર્મરૂપે થવાનો એનો કાળ હતો તેથી એ થઈ. પણ ભગવાનઆત્માએ એનો નાશ કર્યો એ અસદ્‌ભૂત અનુપચાર વ્યવહારથી કહેવામાં આવે છે. આહાહા..! આવું છે. 'ગીરધરભાઈ'!

શુદ્ધ નિશ્ચયથી ભગવાન ત્રિકાળી, એ તો એને રાગની, અશુદ્ધતાની પર્યાય પણ નથી અને મોક્ષની સિદ્ધ પર્યાય પણ શુદ્ધમાં નથી. ત્રિકાળીની અપેક્ષાએ બંધ-મોક્ષ એની પર્યાયમાં છે. વસ્તુમાં નથી. ત્રિકાળીની અપેક્ષાએ બંધ-મોક્ષ છે જ નહિ. આહાહા..! **'બંધ મોક્ષ દોનોં હી નહીં હૈ. ઈસ પ્રકાર કર્મરૂપી મલોંકો ભસ્મકર જો ભગવાન હુએ, વે કૈસે હૈં?'** એ વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૫૦૨, જેઠ સુદ ૧૧, મંગળવાર
## તા. ૦૮-૦૬-૧૯૭૬, ગાથા-૧-૨, પ્રવચન નં. ૩

આ 'પરમાત્મપ્રકાશ' છે. પહેલી ગાથા. સિદ્ધને પહેલા નમસ્કાર કરે છે. સિદ્ધને નમસ્કાર કરતાં એમ કહ્યું કે જેણે ધ્યાનાગ્નિથી કર્મને બાળી અને જેણે પરમ આનંદ અને વીતરાગદશા પ્રાપ્ત કરી એવા સિદ્ધો નિત્ય જ્ઞાનમય નિરંજન છે, તેને હું નમસ્કાર કરું છું. અને એ ધ્યાન કેવું? ધ્યાનાગ્નિથી કર્મ નાશ થયો. ધ્યાન કેવું? કે અંતર સ્વરૂપ શુદ્ધ ચૈતન્યનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એનાથી ઉત્પન્ન થતો પરમરસી સુખસ્વાદ, અમૃતના સ્વાદનો જેમાં અનુભવ આવે. એવું જે ધ્યાન એ ધ્યાનાગ્નિ વડે કર્મનો નાશ થયો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પરપદાર્થનો નાશ આત્માના ભાવથી થાય?

ઉત્તર :- આત્માનો ભાવ, બીજાનો ક્યાં હતો.

વસ્તુ ટંકોત્કીર્ણ ધ્રુવ જે ચિદાનંદ પ્રભુ, એક સ્વભાવી વસ્તુ જે ધ્રુવ છે, તેનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એ એનું ધ્યાન છે. એનાથી ઉત્પન્ન થયેલો પરમસુખસમરસી સ્વાદ, પરમસુખસમરસી વીતરાગી આનંદ સ્વાદ એ ધ્યાનનું લક્ષણ છે. આહાહા..! સમજાય છે કાંઈ? ધ્યાન કરવું... ધ્યાન કરવું... લોકો કહે છે. પણ ધ્યાન કોનું? અને ધ્યાનમાં શું હોય છે? ધ્યાન, એનું ધ્યેય શુદ્ધ ચૈતન્ય અખંડ પરમાત્મસ્વરૂપ છે. ધ્યાનનું ધ્યેય. અને ધ્યેયને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની શ્રદ્ધા, જ્ઞાનની રમણતા જાણી અને એનાથી ઉત્પન્ન થયેલો આનંદ સમરસીસ્વભાવ શાંત-આનંદ એ ધ્યાનનું લક્ષણ છે. એ ધ્યાનાગ્નિથી કર્મકલંકનો નાશ કર્યો.

કર્મકલંકના બે પ્રકાર. જડકર્મ અને ભાવકર્મ. ભાવકર્મનો નાશ કર્યો એ અશુદ્ધ નિશ્ચયનયથી કહેવામાં આવે છે. વિકારી ભાવ જે પર્યાયમાં હતા, અશુદ્ધ નિશ્ચયનયથી એનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે. ૩૪મી ગાથામાં તો એમ કહ્યું. રાગનો નાશકર્તા નામમાત્ર છે. છે? 'સમયસાર'. પણ અહીં સમજાવ્યું છે. આત્મા પોતાના આનંદસ્વરૂપનું ધ્યાન કરીને જે આનંદદશા પ્રગટ કરી, એ વડે પરમાનંદ દશા પરમાત્મ પ્રગટ કરી. એ દશામાં અશુદ્ધતા જે પુણ્ય-પાપના ભાવ હતા એનો નાશ કર્યો એ અશુદ્ધ નિશ્ચયથી કહેવાય છે. જડકર્મનો નાશ કર્યો એ અસદ્ભૂત અનુપચાર વ્યવહારનયથી કહેવામાં આવે છે. અસદ્ભૂત નામ એની પર્યાયમાં નથી. અનુપચાર નામ કર્મ નિકટ-નજીક એકક્ષેત્રાવગાહ છે તેથી અનુપચાર કહ્યો. વ્યવહાર એ પર છે માટે વ્યવહાર કહ્યો. અસદ્ભૂત અનુપચાર વ્યવહારનયથી જડકર્મનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે. આહાહા..! જેને આ નયનું જ્ઞાન ન હોય એને આકરું પડે આ બધું.

શુદ્ધ નિશ્ચયનયથી જોઈએ તો બંધ અને મોક્ષ છે જ નહિ. એ તો પર્યાયમાં બંધ અને પર્યાયમાં મુક્તિ છે. સમજાણું કાંઈ? અશુદ્ધ નિશ્ચયનયથી સંસારના વિકારનો નાશ અને એકદેશ શુદ્ધનયથી સિદ્ધપર્યાયની ઉત્પત્તિ. અને કર્મનો નાશ એ તો અસદ્ભૂત અનુપચાર નયથી વ્યવહારથી કહેવાય છે. વસ્તુ જોઈએ તો એક સમયમાં જ્ઞાયકભાવરૂપ વસ્તુ જે છે એ દૃષ્ટિથી જોઈએ તો એમાં બંધ ને મોક્ષ છે નહિ. પર્યાયે બંધ અને પર્યાયે મોક્ષ છે. આહાહા..! આવું સ્વરૂપ છે. અહીં સુધી આવ્યું છે.

**'ઈસ પ્રકાર કર્મરૂપ મલોંકો ભસ્મકર જો ભગવાન હુએ,...'** સિદ્ધ ભગવાન થયા. આ વિધિથી થયા એવું પણ વિધિનું જ્ઞાન કરીને નમસ્કાર કરે છે. સમજાણું કાંઈ? આહાહા..! **'વે કૈસે હૈં?'** કેવા છે સિદ્ધ ભગવાન વર્તમાન? **'વે ભગવાન સિદ્ધ પરમેષ્ઠી નિત્ય નિરંજન જ્ઞાનમયી હૈં.'** ધ્યાનાગ્નિથી અશુદ્ધતાનો નાશ કરી, કર્મનો નાશ શુદ્ધથી થઈ અને પમરમાત્મપદ પામ્યા. આહાહા..! એ ભગવાન સિદ્ધ પરમેષ્ઠી નિત્ય છે, નિરંજન છે, જ્ઞાનમય છે. હવે ત્રણની વ્યાખ્યા આપશે પહેલી. સમજાણું કાંઈ? આહાહા..!

**'યહાંપર નિત્ય જો વિશેષણ કિયા હૈ, વહ એકાન્તવાદી બૌદ્ધ જો કિ આત્માકો નિત્ય નહીં માનતા,...'** બૌદ્ધ માનતા નથી ને નિત્ય, એ અપેક્ષાએ કહ્યું છે. આમ સિદ્ધપર્યાય તો પર્યાયનયની અપેક્ષાએ પર્યાયનયનો વિષય છે. પણ વસ્તુ સિદ્ધપણું કાયમ રહેશે અથવા દ્રવ્યપણે કાયમ છે, એ અપેક્ષાએ તેને નિત્ય કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? બૌદ્ધ **'ક્ષણિક માનતા હૈ, ઉસકો સમજાનેકે લિયે હૈ.'** એ નિત્ય શબ્દ લીધો છે. બૌદ્ધ ક્ષણિક માને છે એને સમજાવવા માટે નિત્ય શબ્દ લીધો છે. સિદ્ધ ભગવાન નિત્ય છે. આહાહા..!

**'દ્રવ્યાર્થિકનયકર આત્માકો નિત્ય કહા હૈ,...'** જુઓ! વસ્તુ છે ને વસ્તુ એમ કીધી છે. દ્રવ્ય એટલે વસ્તુ જેનું પ્રયોજન છે એવું જે જ્ઞાન, વસ્તુ ત્રિકાળ જેનું પ્રયોજન છે એવી દ્રવ્યાર્થિકનય-જ્ઞાન. આહાહા..! એ જોઈએ તો **'ટંકોત્કીર્ણ અર્થાત્ ટાંકીકાસા ઘડ્યા સુઘટ જ્ઞાયક...'** એટલે જ્ઞાયકભાવ, ચૈતન્ય સ્વભાવ એવો ને એવો અનાદિ છે. વસ્તુ તરીકે જ્ઞાનભાવ, આનંદભાવ, ચૈતન્યસ્વભાવ એવા સ્વભાવો એકરૂપ, દ્રવ્ય સ્વભાવમાં એકરૂપ છે. તે દૃષ્ટિએ.. આહાહા..! **'પરમ દ્રવ્ય હૈ. ઐસા નિશ્ચય કરાનેકે લિયે નિત્યપનેકા નિરૂપણ કિયા હૈ.'** એવો ને એવો ભગવાન અનાદિથી વસ્તુ તરીકે નિત્ય ધ્રુવ એકરૂપ સ્વભાવ, જેમાં બંધ અને મોક્ષની પર્યાયનો પણ અભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? 'પરમાત્મપ્રકાશ'માં નયો ઉતારી છે. જેમ 'દ્રવ્યસંગ્રહ'માં ઉતારી છે ને? એમ અહીં ઉતારી છે.

**'ટાંકીકાસા ઘડ્યા સુઘટ જ્ઞાયક...'** સુઘટ-એવો જ્ઞાયકભાવ, જ્ઞાનભાવ, સ્વભાવભાવ, ધ્રુવભાવ, નિત્યભાવ, શ્રદ્ધાભાવ, જ્ઞાનભાવ, આનંદભાવ, અસ્તિત્વભાવ, વસ્તુત્વભાવ એ બધું થઈને જ્ઞાયક એકરૂપ શુદ્ધ જ છે. જાણે કે ભરેલો હોય એવો ને એવો છે, એમ કહે છે. આહાહા..! જે સમ્યગ્દર્શનનો વિષય છે. આહાહા..! સમજાણું કાંઈ? **'ઐસા નિશ્ચય કરાનેકે લિયે નિત્યપનેકા નિરૂપણ કિયા હૈ.'** સિદ્ધ નિત્ય, નિરંજન ને જ્ઞાનમય (છે, એમ) ત્રણ બોલ વાપર્યા.

ધ્યાનાગ્નિથી ભસ્મ કર્યું એ તો પહેલી વાત થઈ ગઈ. હવે વર્તમાન જે સિદ્ધ છે એ નિત્ય છે, નિરંજન છે, જ્ઞાનમય છે. નિત્ય બૌદ્ધને માટે સમજાવ્યું.

**'ઈસકે બાદ નિરંજનપનેકા કથન કરતે હૈં.'** ભગવાન પરમાત્મા નિરંજન છે. એને અંજન-મેલ નથી. એ નૈયાયિકમતિ માટે છે. **'જો નૈયાયિકમતી હૈં વે ઐસા કહતે હૈં 'સૌ કલ્પકાલ ચલે જાનેપર'...'** સો-સો કલ્પકાળ જાય ત્યારે **'જગત્ શૂન્ય હો જાતા હૈ...'** બધા જીવો મોક્ષ લે છે. **'સબ જીવ ઉસ સમય મુક્ત હો જાતે હૈં. તબ સદાશિવકો જગત્કે કરનેકી ચિન્તા હોતી હૈ.'** જુઓ! આ મૂર્ખાઈ. એવું એ લોકો કહે છે કે આ બધા જીવ ખલાસ થઈ જાય, હવે અહીં રહે કોણ? એટલે મોક્ષના જીવોને વળી કર્મ લગાડી પાછા સંસારમાં મોકલે. આહાહા..! **'તબ સદાશિવકો જગત્કે કરનેકી ચિન્તા હોતી હૈ. ઉસકે બાદ જો મુક્ત હુએ થે,...'** મુક્ત જે સિદ્ધ પરમાત્મા થયા હતા **'ઉન સબકે કર્મરૂપ અંજનકા સંયોગ કરકે...'** કર્મનો સંયોગ કરાવી દીધો. ઠીક! **'સંસારમેં પુનઃ ડાલ દેતા હૈ...'** સંસારમાં પાછા લાવ્યા. આહાહા..!

મુમુક્ષુ :- કેવા ગપ્પા મારે છે.

ઉત્તર :- એ છે ને. શ્રદ્ધા લોકોની. વસ્તુસ્થિતિ શું છે? ત્રિકાળ ધ્રુવ છે અને વર્તમાન ઉત્પાદ-વ્યય પર્યાય છે. ઉત્પાદ-વ્યય-પર્યાય છે છતાં ધ્રુવ તો છે. એવી બે સહિત તત્ત્વ છે એની ખબર નથી. એકલા કાં ધ્રુવને માને. આ વેદાંતમતિ આદિ. અને એકલાં ક્ષણિક માને. બૌદ્ધસ્થાની. બેય તત્ત્વની ભૂલ છે આખી મૂળમાં.

પર્યાયથી સંસાર, પર્યાયથી મોક્ષમાર્ગ અને પર્યાયથી મોક્ષ. એ ત્રણે પર્યાયમાં છે. જો પર્યાય ન માને તો ત્રણ સિદ્ધ થતું નથી. અને ધ્રુવ ન માને તો ધ્રુવ પર્યાયથી સિદ્ધ કરવા જાય તો પોતે ધ્રુવ છે. પર્યાયથી સિદ્ધ કરવા જાય તો ધ્રુવ છે. એ ધ્રુવ સિદ્ધ ન થાય તો ધ્રુવ સિદ્ધ તો પર્યાય પણ રહી નહિ અને દ્રવ્ય પણ રહ્યું નહિ. આહાહા..! સમજાણું કાંઈ? મગજ કેળવવું પડે એવું છે આ.

**'ઉનકે સમ્બોધનેકે લિયે નિરંજનપનેકા વર્ણન કિયા કિ...'** લ્યો! **'ભાવકર્મ-દ્રવ્યકર્મ-નોકર્મરૂપ અંજનકા સંસર્ગ સિદ્ધોંકે કભી નહીં હોતા.'** જે ભાવકર્મ અશુદ્ધ નિશ્ચયનયથી નાશ કર્યો અને જડકર્મ અસદ્ભૂત અનુપચારથી નાશ કર્યો, એનું કલંક ફરીને આવતું નથી. શેકાયેલો ચણ્યો એ ફરીને ઊગતો નથી. એમ સિદ્ધ થયા એને કર્મનું કલંક હોતું નથી. આહાહા..! કલંકનો નાશ કરીને તો સિદ્ધ થયા. હવે કર્મકલંક ક્યાંથી આવ્યા? આહાહા..! મિથ્યાત્વની ભ્રાંતિ પણ સ્વરૂપના આશ્રયે ભાન કરીને નાશ કરી, એ ભ્રાંતિ ફરીને થતી નથી. ભ્રાંતિ ફરીને થવા દેતો નથી. એ પૂર્ણ સિદ્ધ થાય ત્યારે એને કર્મનું કલંક લાગે અને વળી સંસારમાં આવે, એવી માન્યતા છે. આ લોકો એનું માને દયાનંદ સરસ્વતીવાળા.

મુમુક્ષુ :- મોટામાં મોટો ગ્રંથ લખે છે.

ઉત્તર :- મોક્ષ થાય પણ પાછા આવે.

**'ભાવકર્મ-દ્રવ્યકર્મ-નોકર્મરૂપ અંજનકા સંસર્ગ સિદ્ધોંકે કભી નહીં હોતા. ઈસીલિયે સિદ્ધોંકો નિરંજન ઐસા વિશેષણ કહા હૈ.'** નિત્ય બૌદ્ધને માટે કહ્યું, નિરંજન-અંજન વિનાનો નૈયાયિકો માનતા નથી એને કહ્યું. પૂર્ણ સિદ્ધ થયા એની મુક્તિ થઈ તે સંસારમાં આવે નહિ. પૂર્ણ દશા પ્રગટ થઈ ગઈ જ્યાં. શક્તિમાંથી વ્યક્તતા પૂર્ણ થઈ. શક્તિરૂપે તો સિદ્ધપદ હતું. વસ્તુમાં સિદ્ધપદ તો હતું જ. મુક્તસ્વરૂપ જ છે. એને આશ્રયે મુક્ત પર્યાય પ્રગટ કરી, એને હવે બંધનું કલંક આવે એવું ત્રણકાળમાં બને નહિ. આહાહા..! 'સાદિ અનંત અનંત સમાધિ સુખમા.' જ્યારથી પૂર્ણ આનંદ પ્રગટ્યો ત્યારથી અનંત અનંત કાળ, અનંત અનંત સમાધિસુખમાં ભગવાન સિદ્ધ પરમાત્મા બિરાજે છે. એને કર્મનું કલંક કહેવું એ તદ્દન વિરૂદ્ધ વાત છે. હવે જ્ઞાનમય. ત્રીજો શબ્દ છે ને.

**'અબ સાંખ્યમતી કહતે હૈં - 'જૈસે સોનેકી અવસ્થામેં...''** માણસ સુઈ જાય છે ને? સૂઈ જાય છે. **'સોતે હુએ પુરુષકો બાહ્ય પદાર્થોંકા જ્ઞાન નહીં હોતા,...'** સૂતા પ્રાણીને બાહ્ય પદાર્થનું જ્ઞાન હોતું નથી. **'વૈસે હી મુક્તજીવોંકો બાહ્ય પદાર્થોંકા જ્ઞાન નહીં હોતા હૈ.'** છે ને, જગતમાં એક મત છે. **'એસે જો સિદ્ધદશામેં જ્ઞાનકા અભાવ માનતે હૈં,...'** સિદ્ધદશામાં

જ્ઞાન નથી. સૂતા પ્રાણીને જેમ બાહ્ય પદાર્થનું જ્ઞાન નથી એમ મુક્ત થયેલાને બાહ્યનું જ્ઞાન નથી. એમ અજ્ઞાની, સાંખ્યમતિ માને છે. આહાહા..!

મુમુક્ષુ :- સૂતાનો દૃષ્ટાંત..

ઉત્તર :- સુતાનો દૃષ્ટાંત કીધું ને. અજ્ઞાનીની દલીલ તો હોય છે. દલીલ. 'પંચાધ્યાયી'માં કીધું કે દૃષ્ટાંત એ લોકો આપે છે પણ દૃષ્ટાંત ઠેકાણા વિનાના હોય છે. 'પંચાધ્યાયી'માં કહ્યું છે. આહાહા..!

'**ઉનકો પ્રતિબોધ કરાનેકે લિયે તીન જગત્**...' સિદ્ધ ભગવાન ત્રણ જગત-ઊર્ધ્વ-મધ્યલોક, (અધોલોક) '**તીનકાલ...**' ભૂત-વર્તમાન-ભવિષ્ય. '**સબ પદાર્થોંકા...**' ત્રણ જગત, ત્રણ કાળવર્તી, '**સબ પદાર્થોંકા એક સમયમેં હી જાનના હૈ,...**' જેની જ્ઞાનદશા શક્તિરૂપે તો સર્વજ્ઞપદ હતું. સર્વજ્ઞ શક્તિરૂપે એટલે જ્ઞ સ્વભાવ, વસ્તુ જ્ઞ સ્વભાવ, જ્ઞ સ્વભાવ કહો કે સર્વજ્ઞ સ્વભાવ કહો, એના ધ્યાન કરીને જેણે શક્તિમાંથી વ્યક્તિ-સર્વજ્ઞદશા પ્રગટ કરી એ સર્વજ્ઞપણામાં ત્રણકાળ, ત્રણલોકમાં રહેલા પદાર્થ (જણાય જાય છે). ત્રણલોક એટલે ત્રણ જગત, ત્રણકાળ એટલે ત્રણ કાળવર્તી. એમાં રહેલા પદાર્થો, એના દ્રવ્ય, ગુણ અને પર્યાય એક સમયમાં જાણે. એવી સિદ્ધની દશા હોય છે.

'**જિસમેં સમસ્ત લોકાલોકકે જાનનેકી શક્તિ હૈ,...**' પર્યાયની વાત છે, હોં! આ. વસ્તુ છે અસ્તિ તત્ત્વ આત્મા, એમાં જ્ઞાનશક્તિ છે. જ્ઞાનશક્તિનું સામર્થ્ય, સામર્થ્ય ત્રણકાળ ત્રણલોકને જાણવાનું છે. એનું સામર્થ્ય જ એટલું છે. એ સામર્થ્યમાંથી પર્યાય પ્રગટ કરી. ખરેખર તો જે સામર્થ્ય છે એ પર્યાયમાં અનંતમા ભાગની જ્ઞાનદશા આવી છે. આહાહા..! 'નિયમસાર'માં કહ્યું ને કે ત્રણકાળ ત્રણલોકને જ્ઞાન, દર્શન જાણે છે. ત્રિકાળ-ત્રિકાળ. ત્રિકાળી વસ્તુને ત્રિકાળી જ્ઞાન-દર્શન જાણે-દેખે એવી એની શક્તિ છે. ત્રિકાળ, હોં! આહાહા..!

એના જ્ઞાન ને દર્શન સ્વભાવમાં, સ્વભાવમાં ત્રણકાળ ત્રણલોકના જ્ઞાન અને દર્શનને જાણે એવો એનો સ્વભાવ છે. એવો જ એનો સ્વભાવ છે. સ્વભાવને મર્યાદા શું હોય? એવી અપરિમિત જે શક્તિ હતી એને ધ્યાનાગ્નિ દ્વારા પ્રગટ કરી. હવે એ શક્તિ જેમ અહીં ધ્રુવ રહી, ધ્રુવ હતી. પર્યાય પ્રગટ થઈ એ પણ ધ્રુવ રહે છે. એટલે કાયમ એમ ને એમ રહે છે. સમજાણું કાંઈ? 'પંચાસ્તિકાય'માં એને કૂટસ્થ કહ્યું છે. કેવળજ્ઞાન કૂટસ્થ. કૂટસ્થ એટલે એવું ને એવું રહે છે. છે તો પર્યાય. આહાહા..! 'સાદિ અનંત-અનંત સમાધિ સુખમાં.' જેનું ફળ આવું છે એનો ઉપાય પણ અલૌકિક હોય ને? વાત સમજાય છે? આહાહા..! જે સ્વભાવની પૂર્ણતા પ્રાપ્ત થાય, એનું કારણ પણ સ્વભાવની દશા જ હોય. આહાહા..! સમજાણું કાંઈ? ત્રિકાળી સ્વભાવ વસ્તુ છે. એના સ્વભાવના આશ્રયે પલટતી સ્વભાવદશા એ પૂર્ણ સ્વભાવની પ્રાપ્તિનો એ ઉપાય છે. ન્યાય સમજાય છે? આહાહા..!

પુણ્ય-પાપમાં નથી કહ્યું? કે બંધભાવ મોક્ષનું કારણ કેમ થાય? મોક્ષ સ્વભાવ છે તો મોક્ષનું કારણ થાય. એ 'સમયસાર'માં પુણ્ય-પાપ (અધિકાર)માં કહે છે. આહાહા..! ભગવાનઆત્મા મોક્ષ સ્વભાવ જ એનો છે. મોક્ષ સ્વભાવ તે મોક્ષના કારણરૂપે પર્યાય થાય.

મોક્ષનો સ્વભાવ છે એની પર્યાય મોક્ષના સ્વભાવમાં કારણ, પૂર્ણ પ્રાપ્તિનું એ કારણ થાય. બંધભાવ (કારણ ન થાય). આહાહા..! પુણ્ય-પાપ (અધિકાર)માં છે. ગજબ કામ કર્યું છે. 'સમયસાર'માં તો એક એક કડીએ અને એક એક પદે ઘણા જ ગંભીર ભાવ.

જેમ પીપરનો દાણો છે. લીંડીપીપર-છોટીપીપર. કદમાં નાની લાગે પણ અંદરમાં સ્વભાવ તો એનો ચોસઠ પહોરો તીખો છો. ચોસઠપહોરી એટલે પૂર્ણ. એને ક્ષેત્રની મોટપની જરૂર નથી. કે મોટું ક્ષેત્ર હોય તો મોટી શક્તિ હોય એમ નથી. એના સ્વભાવનું સામર્થ્ય, ક્ષેત્ર નાનું છતાં ચોસઠપહોરી તીખો રસ જેનો સ્વભાવ છે. સ્વભાવ એનો છે. ચોસઠ પહોરી પર્યાય એમાંથી આવે છે. સમજાણું કાંઈ?

એમ ભગવાનઆત્મા સર્વજ્ઞ સર્વદર્શી પૂર્ણ આનંદ, પૂર્ણ વીર્ય એવો એનો સ્વભાવ જ છે. અનંત ચતુષ્ટય, અનંત ચતુષ્ટય, આ હોં! ઓલા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ નહિ. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય. એવા અનંત ચતુષ્ટય શક્તિરૂપે ત્રિકાળ છે. એના ધ્યાનાગ્નિથી એટલે સુખ સમાધિના આનંદના સ્વાદની દશા દ્વારા એ શક્તિની વ્યક્તતા થાય છે. આહાહા..! આ વાણિયા એકલા વેપાર કરે એમાં ને એમાં મગ્ન. લાંબી બુદ્ધિ ન હોય ત્યાં. એય..! 'બાબુભાઈ'! આ સોનું આ ભાવે, ફલાણું આ ભાવે, ઈની ઈ વાત આખો દિ'. એવાને આ ઝીણું પડે. આહાહા..!

કહે છે, જેણે ત્રણકાળ, ત્રણલોકવર્તી પદાર્થને જાણ્યા, એવી જેની જાણવાની શક્તિ પ્રગટ થઈ ગઈ છે. સ્વભાવમાં શક્તિ તો હતી એ હવે પ્રગટ થઈ છે. '**ઐસે જ્ઞાયકતારૂપ કેવલજ્ઞાનકે સ્થાપન કરનેકે લિયે...**' આવું જ્ઞાયકપણું, કેવળજ્ઞાનપણું '**સ્થાપન કરનેકે લિયે સિદ્ધોંકા જ્ઞાનમય વિશેષણ કિયા.**' આહાહા..! ઓલામાં નથી આવ્યું? આવી ગયું ને આમાં? મોક્ષનું. ૩૯ ગાથાનો (કળશ ૩૩ સમયસારમાં છે) ધીર છે, ઉદાત્ત અનાકુળ એનું વિશેષણ છે, એનું આભૂષણ છે. આહાહા..! આત્માનો આનંદ પ્રગટ્યો છે એ દશા ધીર છે. ધીરી છે. શાશ્વત હવે થઈ ગઈ છે. ઉદાર છે. નવી નવી પર્યાય પ્રગટે છતાં તેનો અંત આવે નહિ. એવી ઉદાર દશા છે. આહાહા..! અનાકુળ આનંદમય છે એ. એ અનુભવના વિશેષણ છે. મોક્ષમાર્ગના વિશેષણ છે. આહાહા..! આ તો અંતરની રમતની વાતું છે.

મુમુક્ષુ :- પ્રયોજનભૂત ...

ઉત્તર :- આ પ્રયોજનભૂત છે, ભાઈ!

'**વે ભગવાન નિત્ય હૈં, નિરંજન હૈં, ઔર જ્ઞાનમય હૈં, ઐસે સિદ્ધ પરમાત્માઓંકો નમસ્કાર કરકે...**' આહાહા..! આવા સિદ્ધ ભગવાન આ ધ્યાનાગ્નિ વડે થયા, એવું જેને જ્ઞાન છે, એવા જ્ઞાનમાં સિદ્ધ ભગવાન કેવા હોય અને કેમ થયા એવા જાણીને એને નમસ્કાર કરે છે. એમ ને એમ નમો સિદ્ધાણં (નથી કરતા), એમ કહે છે. આહાહા..! સિદ્ધ કેમ થયા? અને થયા ત્યારે કેવા હોય? અને થયા કેમ? એવું જ્ઞાન જેને છે, એ જ્ઞાનમાં જાણીને સિદ્ધને નમસ્કાર કરે છે.

મુમુક્ષુ :- ભાવ નમસ્કાર.

ઉત્તર :- હા. બેય નમસ્કાર કર્યા છે.

હવે '**ગ્રંથકા વ્યાખ્યાન કરતા હૂં. યહ નમસ્કાર શબ્દરૂપ વચન...**' નમસ્કારના બે પ્રકાર. '**નમસ્કાર શબ્દરૂપ વચન દ્રવ્યનમસ્કાર હૈ ઔર કેવલજ્ઞાનાદિ અનંત ગુણસ્મરણરૂપ...**' અનંત ગુણની ધારણાથી અંદર સ્મરણ કરે. કેવળજ્ઞાન, કેવળદર્શન અનંત છે એવી જે શ્રદ્ધા વર્તીને એવું ભાન, એનું સ્મરણ કરે છે. આ અનંતજ્ઞાન, અનંતદર્શન એવું સ્મરણ છે એ ભાવનમસ્કાર છે. આહાહા..! છે? આહા..!

'**યહ દ્રવ્ય-ભાવરૂપ નમસ્કાર વ્યવહારનયકર સાધક-દશામેં કહા હૈ,...**' શું કહ્યું ઈ? કે વચનથી નમસ્કાર અને ભાવથી નમસ્કાર એ વ્યવહાર સાધકદશાની અપેક્ષાએ વાત કરી. આહાહા..! '**સાધક-દશામેં કહા હૈ, શુદ્ધનિશ્ચયનયકર વંદ્ય-વંદકભાવ નહીં હૈ.**' પૂર્ણાનંદના નાથમાં વંદ્યવંદક છે નહિ. 'શ્રીમદ્'માં આવે છે ને? 'ગુરુ રહ્યા છદ્મસ્થ પણ વિનય કરે ભગવાન.' વંદ્યવંદકભાવ હોતો જ નથી. એ તો પૂર્ણ થઈ ગયું. સાધકદશામાં વિકલ્પથી નમસ્કાર અને નિર્વિકલ્પથી નમસ્કાર, એવું સાધકમાં હોય. પૂર્ણદશામાં પછી વંદ્યવંદક છે નહિ. આહાહા..! એ કેવળી ભગવાન કોનો વિનય કરે? એ તો ત્યારે એવો અર્થ કર્યો હતો. (સંવત) ૧૯૯૫માં. કેવળી થયા એ પૂર્વે ગુરુનો વિનય કર્યો હતો એવું એના જ્ઞાનમાં આવ્યું. ૧૯૯૫માં એનો અર્થ કર્યો હતો. 'આત્મસિદ્ધિ' છે ને? 'આત્મસિદ્ધ'ના પ્રવચન પાંચ-છ હજાર (પુસ્તકો છપાયા છે). પણ એવો અર્થ તે દિ' કહ્યું, આમ નથી. કેવળજ્ઞાની પરમાત્મા છદ્મસ્થ ગુરુનો વિનય કરે એ બિલકુલ વાત જૂઠી છે. વંદ્ય-વંદકભાવ છઠ્ઠા (ગુણસ્થાન) સુધી હોય છે. પછી હોતો નથી. ત્યારે કીધું, આનો અર્થ આમ જોઈએ. એમનો કહેવાનો આશય એ નથી. તે દિ' કહ્યું હતું સર્વજ્ઞ છે એના જ્ઞાનમાં પૂર્વે ગુરુનો વિનય કર્યો હતો એનું જ્ઞાન થયું. એનું નામ વિનય કહ્યો. બીજું કાંઈ છે નહિ. આહાહા..! એય..! એ લોકોને બહુ લાગે. 'શ્રીમદ્' કહ્યું એનો એક એક અક્ષર... ભાઈ! સાંભળને હવે. 'શ્રીમદ્' 'કુંદકુંદાચાર્ય'ને વંદન કરે. 'કુંદકુંદાચાર્ય' આમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- 'કુંદકુંદાચાર્ય'ને વંદન કર્યા છે એમણે એટલે એની બધી વાત કબુલ છે તેમ આવી જાય ને?

ઉત્તર :- બધી વાત કબુલ. પછી તો રાખી છે બધી. પહેલા જરી ફેર હતો. પછી છેલ્લે વીસ શાસ્ત્ર, સત્સૂત્રના નામ આપ્યા એમાં ઓગણીસ દિગંબર શાસ્ત્રના નામ આપ્યા. એમાં શ્વેતાંબરનું એકેય આપ્યું નથી. એક ગ્રંથનું નામ આપ્યું છે. 'હરિભદ્રસૂરિ' નો ગ્રંથ છે ને. એને ખુબ,ઓલા 'ભગવાનદાસ' છે ને? ખુબ સ્પષ્ટીકરણ કરીને ચાલીસ રૂપિયાનો ગ્રંથ બનાવ્યો છે. અનુકૂળ લાગે ને ઈ ગ્રંથ બનાવ્યો, ઓગણીસનું કાંઈ નહિ. વીસમાંથી (ઈ) મોટું પુસ્તક બનાવ્યું છે. શ્વેતાંબરનું ખરું ને. ગ્રંથ. ચાલીસ રૂપિયાની કિંમતનો. 'ભગવાનદાસ' છે ને? અરે..! શું થાય? ભાઈ!

દિગંબર છે એ કોઈ પક્ષ નથી. વસ્તુનું સ્વરૂપ એવું છે. વસ્તુની સ્થિતિની મર્યાદા એવી છે. મુનિ થાય ત્યારે નગ્ન દશા થઈ જાય છે. અંદરમાં ત્રણ કષાયનો અભાવ હોય. વિકલ્પ

હોય તો અઠ્ઠાવીસ મૂળગુણનો વિકલ્પ હોય. ઊભા ઊભા આહાર હોય. નગ્ન દશા હોય. અજીવની દશા આવી થઈ જાય છે, કરતા નથી. એ જૈનદર્શન છે. એ સિવાય આ ભાષા આવે છે ને? 'નગ્ગે મોકખો ભણિયો.' નાગાને મોક્ષ છે. 'શેષા ઉમગ્ગા' બીજા બધા ઉન્માર્ગ છે. ન્યાં તો ચોખ્ખું કહ્યું છે. સ્થાનકવાસી અને શ્વેતાંબર એ ઉન્માર્ગી છે, જૈનમાર્ગી છે જ નહિ. એય..! એય..! 'મગનભાઈ'! સાંભળ્યું છે કે નહિ ન્યાં? ધંધા આડે વાંચવાનો વખત ક્યાં છે? 'આત્મસિદ્ધિ'ના પ્રવચન થયા છે. છે કે નહિ ઘરે? હશે તો ખરું. પડ્યા હશે.

અહીં કહે છે, '**વંદ્ય-વંદકભાવ...**' દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ જોઈએ તો છે નહિ. કેવળજ્ઞાન થાય તો વંદ્ય-વંદકભાવ છે નહિ. આહાહા..! જ્યાં સુધી સાધકદશા છે ત્યારે તેને વાણીનો વિકલ્પ આવે છે. અંદર સ્મરણનો. યાદ કરે તો એ જાતનો ભાવ (આવે છે). પૂર્ણ દશા થઈ ગઈ પછી એને દ્રવ્યનમસ્કાર નથી અને ભાવ (નમસ્કાર પણ નથી), બેય નથી. 'દ્રવ્યસંગ્રહ'માં પણ આવે છે. 'દ્રવ્યસંગ્રહ' છે ને? એમાં આવે છે. 'દ્રવ્યસંગ્રહ' 'શ્રીમદ્' પછી કહ્યું હતું. કાઢ્યું હતું ઓલામાંથી. 'ઈડર'માં લાઈબ્રેરીમાંથી. પોતાની હયાતીમાં. એમાં પણ એમ છે. છઠ્ઠા ગુણસ્થાન સુધી વંદ્યવંદકભાવ છે. જ્યાં સુધી વિકલ્પ છે. અધૂરી દશા છે ને? ... વસ્તુની સ્થિતિ આવી છે. પણ શ્વેતાંબરે બધું ફેરવ્યું. કેવળી વિનય કરે, કેવળીને પણ એક સમયે જ્ઞાન અને બીજે સમયે દર્શન. આ તે કાંઈ 'હેં' પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ દર્શન જ્યાં છે... આહાહા..! એને ખંડ કેવો? અને એને કર્મ કેવો? એવું જ્યાં સ્વરૂપની સ્થિતિ એવી છે ત્યાં. ઘણો ફેરફાર થઈ ગયો.

અહીં કહે છે, '**શુદ્ધનિશ્ચયનયકર વંદ્ય-વંદકભાવ નહીં હૈ. ઐસે પદખંડનારૂપ શબ્દાર્થ કહા...**' શું કીધું? એક એક શબ્દનો ભિન્ન ભિન્ન અર્થ કર્યો. આ પદ ખંડન કર્યું. '**પદખંડનારૂપ શબ્દાર્થ કહા ઔર નયવિભાગરૂપ કથનકર નયાર્થ ભી કહા,...**' નયનું કહ્યું. અશુદ્ધ નિશ્ચયથી આમ થાય, અસદ્ભૂતથી આમ થાય, શુદ્ધ નિશ્ચયથી એને હોય નહિ કંઈ પર્યાયમાં. '**તથા બૌદ્ધ, નૈયાયિક, સાંખ્યાદિ મતકે કથન કરનેસે મતાર્થ કહા,...**' શબ્દાર્થ, નયાર્થ, મતાર્થ, (આગમાર્થ, ભાવાર્થ). પાંચ બોલ છે ને? એ પાંચેય કહ્યા, એમ કહે છે. અરે..! આવું બધું ધ્યાન ક્યાં છે એને.

'**ઈસ પ્રકાર અનંતગુણાત્મક સિદ્ધપરમેષ્ઠી સંસારસે મુક્ત હુએ હૈં,...**' અનંત ગુણ સ્વરૂપ ભગવાન સંસારથી મુક્ત થયા. એ આગમ કહ્યું. એ સિદ્ધાંતનો અર્થ કર્યો. શબ્દાર્થ, નયાર્થ, મતાર્થ, આગમાર્થ. હવે રહ્યો ભાવાર્થ. આહાહા..! ક્યાંથી પુસ્તક .. .. પાસે આવ્યું? 'પરમાત્મપ્રકાશ' છે? આવ્યું હશે.

'**ઔર નિરંજન જ્ઞાનમયી પરમાત્મદ્રવ્ય આદરને યોગ્ય હૈ,...**' આ ભાવાર્થ. નિરંજન જ્ઞાનમયી પરમાત્મદ્રવ્ય. જેને નય જ નથી, જે જ્ઞાનમય એકલી વસ્તુ છે, એવું પરમાત્મદ્રવ્ય. જ્ઞાનપ્રધાનથી વાત કરી છે ને. જ્ઞાનપ્રધાન. બાકી અનંત ગુણ છે. જ્ઞાનમયી પરમાત્મદ્રવ્ય વસ્તુ એ આદરવા યોગ્ય છે. એ જ ઉપાદેય છે. પર્યાય નહિ, નિમિત્ત નહિ, ફક્ત ત્રિકાળી આત્મા ઉપાદેય છે. આહાહા..! ઉપાદેય માનનાર પર્યાય છે પણ ઉપાદેય દ્રવ્ય છે. સમજાણું

કાંઈ? આહાહા..! નિત્યનો નિર્ણય કરનાર અનિત્ય છે. પણ નિર્ણય કરવાનો વિષય છે એ નિત્ય છે. આહાહા..! એ ઉપાદેય છે. '**યહ ભાવાર્થ હૈ,...**' કહ્યું ને? પાંચે બોલ થઈ ગયા. શબ્દનય. પહેલું શબ્દ-શબ્દ. ભાવાર્થ એક એક શબ્દનું પદખંડન કર્યું. નય-સાંખ્યમતિ આદિની વ્યાખ્યા કરી. મત-અન્યમતિની વાત કરી. નયાર્થ-નિશ્ચય અને વ્યવહાર. મત-અન્યમતિ, આગમ-સિદ્ધાંત. ભાવાર્થ.

'**ઈસી તરહ શબ્દ નય, મત, આગમ, ભાવાર્થ વ્યાખ્યાનકે અવસર પર સબ જગહ જાન લેના.**' આ પાંચ બોલ દરેક વ્યાખ્યામાં લઈ લેવા, કહે છે. આહાહા..! પહેલી જ ગાથામાં નાખ્યું. શબ્દ છે, પદ છે એનો અર્થ, નયાર્થ-કઈ નયનું વાક્ય છે એ નયાર્થ. અને મતાર્થ-અન્યમતિના કથનનો નિષેધ માટે મતાર્થ, આગમ આમ કહે છે કે પૂર્ણ સિદ્ધની પ્રાપ્તિ આદિ એ આગમ. ભાવાર્થ-.. દ્રવ્ય આદરણીય (છે) એ ભાવાર્થ. આહાહા..! કેટલું યાદ રહે આમાં? એક કલાકમાં કેટલું (આવે)! હજી તો કલાક પણ થઈ નથી. આ તો જેને આત્માનું હિત કરવું છે એને આ બધા પ્રકાર જાણવા જોશે. સમજાણું કાંઈ? એકાંત ન થઈ જાય, વસ્તુના સ્વરૂપથી વિરૂદ્ધતા ન થાય, અવિરૂદ્ધતા કેમ રહે, એ માટે આ બધું જાણવું જોઈએ. સમજાણું કાંઈ? એ એક ગાથા થઈ.

'**जे जाया**' જે થયા '**झाणग्गियएँ**' જ્ઞાનરૂપી અગ્નિથી થયા. '**कम्म-कलंक डहेवि।**' આ ગાથાનો અર્થ કરે છે. '**जे जाया**' થયા '**झाणग्गियएँ**' ધ્યાનઅગ્નિથી થયા. '**कम्म-कलंक डहेवि। णिच्च-णिरंजण-णाण-मय ते परमप्प णवेवि**' એવા પરમાત્માને હું નમસ્કાર કરું છું. દરેક શબ્દનો (અર્થ કર્યો)... આહાહા..! સમજાણું કાંઈ? આ તો હવે ટાઢા પહોરની વાત છે ને. અહીંયાં શાંતિ (છે). બહાર નીકળ્યા હતા તો 'મુંબઈ'માં દસ-દસ હજાર માણસ, પંદર-પંદર હજાર માણસ. પણ બધા સાંભળતા હતા. હવે લોકો સાંભળે છે. ૩૨૦ ગાથા ઝીણી. અગિયાર વ્યાખ્યાન (થયા). બધા સાંભળતા હતા. સાંભળો, ભાઈ! માર્ગ આ છે. બહુ માણસ. હવે અહીં તો ટાઢો પહોર થયો તો વિસ્તારથી સ્પષ્ટીકરણ વધારે થાય. 'ગીરધરભાઈ'! આહાહા..!

---

**अथ संसारसमुद्रोत्तरणोपायभूतं वीतरागनिर्विकल्पसमाधिपोतं समारुह्य ये शिवमयनिरुपमज्ञानमया भविष्यन्त्यग्रे तानहं नमस्करोमीत्यभिप्रायं मनसि धृत्वा ग्रन्थकारः सूत्रमाह, इत्यनेन क्रमेण पातनिकास्वरूपं सर्वत्र ज्ञातव्यम् –**

**२) ते वंदउँ सिरि-सिद्ध-गण होसहिँ जे वि अणंत।**
**सिवमय-णिरुवम-णाणमय परम-समाहि भजंत।।२।।**

**तान् वन्दे श्रीसिद्धगणान् भविष्यन्ति येऽपि अनन्ताः।**
**शिवमयनिरूपमज्ञानमयाः परमसमाधिं भजन्तः।।२।।**

**ते वंदउं तान् वन्दे। तान् कान्। सिरिसिद्धगण श्रीसिद्धगणान्। ये किं करिष्यन्ति। होसहिं जे वि**

अणंत भविष्यन्त्यग्रे येऽप्यनन्ताः। कथंभूता भविष्यन्ति। सिवमयणिरुवमणाणमय शिवमयनिरुपमज्ञानमयाः, किं भजन्तः सन्तः इत्थंभूता भविष्यन्ति। परमसमाहि भजंत रागादिविकल्परहितपरमसमाधिं भजन्तः सेवमानाः इतो विशेषः। तथाहि–तान् सिद्धगणान् कर्मतापन्नान् अहं वन्दे। कथंभूतान्। केवलज्ञानादिमोक्षलक्ष्मीसहितान् सम्यक्त्वाद्यष्ट–गुणविभूतिसहितान् अनन्तान्। किं करिष्यन्ति। ये वीतरागसर्वज्ञप्रणीतमार्गेण दुर्लभबोधिं लब्ध्वा भविष्यन्त्यग्रे श्रेणिकादयः। किंविशिष्टा भविष्यन्ति। शिवमयनिरुपमज्ञानमयाः। अत्र शिवशब्देन स्वशुद्धात्मभावनोत्पन्नवीतरागपरमानन्दसुखं ग्राह्यं, निरुपमशब्देन समस्तोपमानरहितं ग्राह्यं, ज्ञानशब्देन केवलज्ञानं ग्राह्यम्। किं कुर्वाणाः सन्त इत्थंभूताः भविष्यन्ति। विशुद्धज्ञानदर्शन–स्वभावशुद्धात्मतत्त्वसम्यक्श्रद्धानज्ञानानुचरणरूपामूल्यरत्नत्रयभारपूर्णं मिथ्यात्वविषय–कषायादिरूपसमस्तविभावजलप्रवेशरहितं शुद्धात्मभावनोत्थसहजानन्दैकरूपसुखामृत–विपरीतनरकादिदुःखरूपेण क्षारजलेन पूर्णस्य संसारसमुद्रस्य तरणोपायभूतं समाधिपोतं भजन्तः सेवमानास्तदाधारेण गच्छन्त इत्यर्थः। अत्र शिवमयनिरुपमज्ञानमयशुद्धात्मस्वरूपमुपादेयमिति भावार्थः ।।२।।

---

अब संसार–समुद्रके तरनेका उपाय जो वीतराग निर्विकल्प समाधिरूप जहाज है, उसपर चढ़के उस पर आगामी कालमें कल्याणमय अनुपम ज्ञानमई होंगे, उनको मैं नमस्कार करता हूँ–

**गाथा – २**

अन्वयार्थ :– [ 'अहं' ] मैं [ तान् ] उन [ सिद्धगणान् ] सिद्ध समूहोंको [ वन्दे ] नमस्कार करता हूँ, [ येऽपि ] जो [ अनन्ताः ] आगामीकालमें अनंत [ भविष्यन्ति ] होंगे। कैसे होंगे? [ शिवमयनिरूपमज्ञानमया ] परमकल्याणमय, अनुपम और ज्ञानमय होंगे। क्या करते हुए? [ परमसमाधि ] रागादि विकल्प रहित परमसमाधि उसको [ भजन्तः ] सेवते हुए।

भावार्थ :– जो सिद्ध होंगे, उनको मैं वन्दता हूँ। कैसे होंगे, आगामी कालमें सिद्ध, केवलज्ञानादि मोक्षलक्ष्मी सहित और सम्यक्त्वादि आठ गुणों सहित अनंत होंगे। क्या करके सिद्ध होंगे ? वीतराग सर्वज्ञदेवकर प्ररूपित मार्गकर दुर्लभ ज्ञानको पाके राजा श्रेणिक आदिकके जीव सिद्ध होंगे। पुनः कैसे होंगे ? शिव अर्थात् निज शुद्धात्माकी भावना, उसकर उपजा जो वीतराग परमानंद सुख, उस स्वरूप होंगे, समस्त उपमा रहित अनुपम होंगे और केवलज्ञानमई होंगे। क्या करते हुए ऐसे होंगे ? निर्मल ज्ञान–दर्शनस्वभाव जो शुद्धात्मा है, उसके यथार्थ श्रद्धान–ज्ञान–आचरणरूप अमोलिक रत्नत्रयकर पूर्ण और मिथ्यात्व विषय कषायादिरूप समस्त विभावरूप जलके प्रवेशसे रहित शुद्धात्माकी भावनासे उत्पन्न हुआ जो सहजानंदरूप सुखामृत, उससे विपरीत जो नारकादि दुःख वे ही हुए क्षारजल, उनकर पूर्ण इस संसाररूपी समुद्रके तरनेका उपाय जो

**परमसमाधिरूप जहाज उसको सेवते हुए, उसके आधारसे चलते हुए, अनंत सिद्ध होंगे। इस व्याख्यानका यह भावार्थ हुआ, कि जो शिवमय अनुपम ज्ञानमय शुद्धात्मस्वरूप है वही उपादेय है।।२।।**

---

**હવે સંસારસમુદ્રને તરવાના ઉપાયભૂત જે વીતરાગ નિર્વિકલ્પ સમાધિરૂપ નાવ છે તેના પર ચઢીને જેઓ આગામી કાળમાં શિવમય (કલ્યાણમય), નિરુપમ, જ્ઞાનમય થશે તેમને હું નમસ્કાર કરું છું એવો અભિપ્રાય મનમાં ધારીને ગ્રંથકાર સૂત્ર કહે છે : આ જ ક્રમથી પાતનિકાનું સ્વરૂપ સર્વત્ર જાણવું.**

**ભાવાર્થ : જેઓ કેવળજ્ઞાનાદિ મોક્ષલક્ષ્મીથી સહિત થશે અને સમ્યક્ત્વાદિ આઠ ગુણરૂપી વિભૂતિથી સહિત થશે એવા તે અનંત સિદ્ધગણોને હું નમસ્કાર કરું છું. શું કરીને સિદ્ધ થશે? કે જેઓ વીતરાગ સર્વજ્ઞપ્રણીત માર્ગથી દુર્લભબોધિ પ્રાપ્ત કરીને આગામી કાળમાં શિવમય, નિરુપમ અને જ્ઞાનમય સિદ્ધ થશે, જેમ કે શ્રેણિક આદિ. અહીં 'શિવ' શબ્દથી નિજ શુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન વીતરાગ પરમાનંદમય સુખ સમજવું, 'નિરુપમ' શબ્દથી સમસ્ત ઉપમા રહિત સમજવું અને 'જ્ઞાન' શબ્દથી કેવળજ્ઞાન સમજવું.**

**શું કરતા થકા આવા થશે? વિશુદ્ધજ્ઞાનદર્શનસ્વભાવવાળા શુદ્ધ આત્મતત્ત્વનાં સમ્યક્ શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્-આચરણરૂપ અમૂલ્ય રત્નત્રયના ભારથી પૂર્ણ, મિથ્યાત્વ, વિષય અને કષાયાદિરૂપ સમસ્ત વિભાવજળના પ્રવેશ રહિત શુદ્ધ આત્માની ભાવનાથી ઉત્પન્ન સહજાનંદ જેનું એક રૂપ છે એવા સુખામૃતથી વિપરીત નરકાદિદુઃખરૂપ ક્ષારજળથી પૂર્ણ સંસારસમુદ્રને તરવાના ઉપાયભૂત સમાધિરૂપી નાવને ભજતા, સેવતા થકા અર્થાત્ તેના આધારે ચાલતા અનંત સિદ્ધ થશે.**

**અહીં શિવમય, નિરુપમ, જ્ઞાનમય શુદ્ધ આત્મસ્વરૂપ ઉપાદેય છે એવો ભાવાર્થ છે. ૨.**

---

## ગાથા-૨ ઉપર પ્રવચન

'**અબ સંસાર-સમુદ્રકે તરનેકા ઉપાય જો વીતરાગ નિર્વિકલ્પ સમાધિરૂપ જહાજ હૈ,...**' આહાહા..! સંસાર સિંધુ. મોટો દરિયો. અજ્ઞાનમાં ઉત્પત્તિ થતાં તેને ચોરાશી લાખમાં ઉત્પત્તિ થાય. એવો સંસાર મોટો દરિયો. સંસાર સિંધુ. સમુદ્ર કીધું ને? જુઓને! સંસાર સમુદ્ર. સંસારરૂપી મોટો સિંધુ. આહાહા..! '**તરનેકા ઉપાય...**' એનાથી તરવાનો ઉપાય. '**જો વીતરાગ નિર્વિકલ્પ સમાધિરૂપ જહાજ...**' આહાહા..! વીતરાગ નિર્વિકલ્પ શાંતિરૂપી, સમાધિરૂપી જહાજ. આહાહા..! વહાણ. ભવસમુદ્રને તરવા માટે.. આહાહા..!

ત્યાં 'રમણીકભાઈ'ના મકાનમાં ઉતર્યા હતા ને? ત્યાં નજીક જ દરિયો છે. પણ દરિયાનું પાણી તો ક્યાંય... અપાર.. અપાર. બગલા ધોળા માછલા ખાવા (માટે) સેંકડો ત્યાં ફરે છે.

નજીક જ દરિયાને કાંઠે 'રમણીકભાઈ'નું મકાન છે. 'આમોદ'વાળા નહિ? પાંચ કરોડ રૂપિયા છે. મકાન જ સીત્તેર લાખનું છે. જે મકાનમાં ઉતર્યા એ સીત્તેર લાખનું છે. એકનું એક મકાન. જોડે આ દરિયો. કીધું, આ ભવસિંધું. આહાહા..! એના એક એક બિંદુમાં અસંખ્ય પાણી(ના) જીવ.

મુમુક્ષુ :- એક એક બિંદુમાં અસંખ્ય જીવ.

ઉત્તર :- એક એક બિંદુમાં અસંખ્ય જીવ. આમ દળ મોટું, આમ લાંબુ, આમ ઊંડું ઘણું. આહાહા..! એનો કે દિ' પાર આવે? કે દિ' માણસ થાય? એમાં કે દિ' આર્યકુળ મળે.

મુમુક્ષુ :- એરોપ્લેનમાં બેસીને જાય તો એક દિ'માં ઉતરી જાય.

ઉત્તર :- ધૂળમાં પણ... એ તો દરિયો (પાર ઉતરી જાય), પણ આ સંસાર દરિયો? આહાહા..!

મુમુક્ષુ :- એ અંતર્મુહૂર્તમાં તરી જવાય.

ઉત્તર :- આહાહા..! કહે છે કે એ (પાર) ઉતરવાનો ઉપાય? વીતરાગ નિર્વિકલ્પ સમાધિ કે જે મોક્ષમાર્ગ નિશ્ચય. નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ વીતરાગ નિર્વિકલ્પ શાંતિ છે. આહાહા..! વ્યવહાર રત્નત્રય વિકલ્પ છે એ મોક્ષનો ઉપાય છે નહિ, એમ કહે છે. આહાહા..! સંસારસમુદ્રને તરવાનો ઉપાય વીતરાગ અભેદ સમાધિ શાંત.. શાંત. અખંડાનંદ પ્રભુ આનંદ ને શાંતિના એકરૂપ સ્વભાવથી ભરેલો પ્રભુ, તેની સન્મુખતાની સમાધિ. પોતે સમાધિસ્વરૂપ છે. ત્રિકાળી સમાધિસ્વરૂપ જ છે. એટલે? વીતરાગી અભેદ સમાધિસ્વરૂપ જ એનું છે. એમાંથી પરિણતિ વીતરાગ દશા પ્રગટ કરવી એ સંસાર સમુદ્રને તરવાનો ઉપાય છે. આહાહા..!

વીતરાગ અભેદ સમાધિરૂપ જહાજ '**ઉસ પર ચઢકે...**' આહાહા..! પૂર્ણ પરમાત્મ સ્વરૂપ 'સમયસાર' .. ઈ પર્યાયમાં આવ્યું. એ ૧૪૪માં આવ્યું. કર્તા-કર્મની ૧૪૪ ગાથા છે ને? એક સમયની પર્યાયમાં અખંડ પ્રતિભાસમય, પ્રભુ અખંડ પ્રતિભાસમય એક સમયમાં તેને જાણે છે. એવી એ નિર્વિકલ્પ જ્ઞાનદશા, જેમાં ભગવાન અખંડ પ્રતિભાસ, પૂર્ણ સ્વરૂપનું જ્ઞાન થાય છે. પૂર્ણ સ્વરૂપ એની પર્યાયમાં આવતું નથી. પણ એનો પ્રતિભાસ, એક સમયમાં અખંડ પ્રતિભાસ થાય છે. એવો જે પરમાત્મરૂપ, સમયસારરૂપ...આહાહા..! સમજાણું કાંઈ? મોક્ષનો માર્ગ ઈ. એ આ વીતરાગસ્વરૂપ કીધું.

વીતરાગ નિર્વિકલ્પ સમાધિરૂપ જહાજ '**ઉસપર ચઢકે ઉસ પર આગામી કાલમેં કલ્યાણમય અનુપમ જ્ઞાનમયી હોંગે,...**' આહાહા..! ભવિષ્યમાં મોક્ષ થશે સિદ્ધ એને હું નમસ્કાર કરું છું. કાલે-પરમ દિ' કહ્યું હતું ને? નહિ? ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં. 'ધવલ'માં આ પદ છે. ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં. કેટલી વિશાળતા! ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સિદ્ધાણં. ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી આઈરિયાણં, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી ઉવજ્ઝાયાણં, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહુણં. પાંચ પદ આમ છે. પછી ટૂંકું કરીને કર્યું, ણમો લોએ સવ્વ સાહુણં કરી નાખ્યું. એ બધાને લાગુ પડે. ણમો લોએ સવ્વ અરિહંતાણં, ણમો લોએ સવ્વ (સિદ્ધાણં).. ત્રિકાળવર્તી

ભેગું નાખી દેવું. આહાહા..! એ અહીં (નમસ્કાર) કરે છે.

ભવિષ્યમાં સિદ્ધ થશે તેને હું અત્યારે નમસ્કાર કરું છું. છે? **'આગામી કાલમેં કલ્યાણમય અનુપમ જ્ઞાનમયી હોંગે,...'** સિદ્ધ થશે. આહાહા..! **'ઉનકો મૈં નમસ્કાર કરતા હૂં.'** આહાહા..! બીજી ગાથા.

**२) ते वंदउँ सिरि-सिद्ध-गण होसहिँ जे वि अणंत।**

**सिवमय-णिरुवम-णाणमय परम-समाहि भजंत।।२।।**

એનો શબ્દાર્થ. **'મૈં...'** 'યોગીન્દ્રદેવ' કહે છે કે, **'મૈં ઉન સિદ્ધ સમૂહોંકો...'** જોયું! એક-બે નહિ, હોં! સમૂહ. અનંત સિદ્ધ સમૂહ થશે. આહાહા..! 'સમયસાર'ની પહેલી ગાથામાં '**विंदत्तु सव्वसिद्धे**' કહ્યું છે ને? એ આ સિદ્ધ ગણ. એમ છે ને. સિદ્ધરૂપી ગણ-સમૂહ. **'વન્દે નમસ્કાર કરતા હૂં, જો આગામી કાલમેં અનંત હોંગે.'** ભવિષ્યમાં અનંત સિદ્ધ થશે. આહાહા..! હજી અનંત કાળ પછી થશે. એને હું નમસ્કાર કરું છું. એ જીવ હજી અત્યારે નરકમાં પડ્યો હોય. સમજાણું? પણ ભવિષ્યમાં થશે. આહાહા..!

**'આગામીકાલમેં અનંત હોંગે. કૈસે હોંગે?** '**शिवमयनिरूपमज्ञानमया**'' શિવ નામ પરમકલ્યાણમય. પરમકલ્યાણમય સિદ્ધપદ થશે. આહાહા..! નમોત્થુણંમાં આવે છે ને? 'સિવમલયમરુ'. નમોત્થુણંમાં આવે છે. નમોત્થુણં. નમોત્થુણં, અરિહંતાણં.... સિવમલય-મરુયમણંતમક્ખયમવ્વાબાહમ... આહાહા..! શ્વેતાંબરમાં નમોત્થુણં આવે છે. **'પરમકલ્યાણય, અનુપમ...'** કેવા સિદ્ધ થશે? 'શ્રેણિક' આદિ ટીકામાં લેશે. અનુપમ-જેને કોઈ ઉપમા નથી. આહાહા..! એવા સિદ્ધ થશે. **'જ્ઞાનમય હોંગે...'** ઓલામાં નાખ્યું હતું ને? નિત્ય નિરંજન જ્ઞાનમય. ત્રણ શબ્દ પહેલા હતા. હવે આ નાખ્યું. '**शिवमयनिरूपमज्ञानमया**' એકલું જ્ઞાનમય ... આહાહા..!

**'ક્યા કરતે હુએ?'** પાછું ઈ પણ નાખ્યું. ભવિષ્યમાં થશે. ભૂતકાળમાં થયા એ શું કરીને થયા? કે ધ્યાનાગ્નિથી. ભવિષ્યમાં થશે. શું કરીને થશે? આહાહા..! કે પરમસમાધિ. **'રાગાદિ વિકલ્પ રહિત પરમસમાધિ ઉસકો સેવતે હુએ. '**'**भजन्तः**' આહાહા..! વીતરાગી દશાને ભજતો થકો, સેવતો થકો. ત્રિકાળી વીતરાગસ્વરૂપ જિનસ્વરૂપ પ્રભુ, એને આશ્રયે પ્રગટ થયેલી વીતરાગી દશા એને સેવતો થકો. વીતરાગી દશાને સેવતા થકા સિદ્ધ થશે. આહાહા..!

'**शिवमयनिरूपमज्ञानमया परमसमाधि भजन्तः**' ભજન કરે ઈ. વીતરાગી પર્યાયનું ભજન કરતા સિદ્ધ થશે. આહાહા..! વ્યવહાર રત્નત્રયને સેવતા સિદ્ધ થશે એ નહિ. આહાહા..! ઓલા કહે છે ને કે મોક્ષમાર્ગ એક જ છે. ઓલા કહે, નહિ. બે છે. 'રતનચંદ' કહે છે. 'રતનચંદ મુખત્યાર' છે ને? એના ગામના. એમ કે, બે મોક્ષમાર્ગ ન માને એ ભ્રમમાં છે. 'ટોડરમલજી' કહે, બે મોક્ષમાર્ગ માને એ ભ્રમમાં છે. આહાહા..! એક જ માર્ગ આ છે. આહાહા..! **'ક્યા કરતે હુએ?'** સમાધિ કરતા થકા. વીતરાગી દશા કરતા થકા. નિત્ય મોક્ષમાર્ગ છે. સમજાણું? એક જ છે. '**एको मोक्षपथा**' આવે છે ને? કળશ આવે છે. આહાહા..! એ

શબ્દાર્થ કર્યો. હવે વિશેષ કહેશે.

**ભાવાર્થ :- 'જો સિદ્ધ હોંગે,...'** જે સિદ્ધ થયા એની વાત પહેલી ગાથામાં કરી. હવે સિદ્ધ થશે એ બીજીમાં વાત કરે છે. આહાહા..! ત્રણકાળને પેટમાં લઈ લીધા છે ને. આહાહા..! 'પરમાત્મપ્રકાશ'ને કરતા પહેલાં હું આવા સિદ્ધોને નમસ્કાર કરું છું, એમ કહે છે. આહાહા..! પરમાત્મપ્રકાશ પ્રગટ થઈ ગયો જેને અને જેને પરમાત્મપ્રકાશ પ્રગટ થશે, એને વંદન કરીને 'પરમાત્મપ્રકાશ'નું વ્યાખ્યાન કરીશ. આહાહા..! સમજાણું કાંઈ? આવો વીતરાગમાર્ગ ભાઈ! ઝીણો બહુ છે. સાધારણ બુદ્ધિવાળા એમ માને છે કે દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો. આ ઓળી કરે. કરે છે ને ઓળી? લુખ્ખુ ખાવું. ધૂળેય નથી. સાંભળ! એ તો બધી રાગની ક્રિયા, રાગ મંદ હોય તો. આહાહા..!

મુમુક્ષુ :- વીતરાગ નિર્વિકલ્પ સમાધિ આ છે.

ઉત્તર :- આ છે. રાગરહિત નિર્વિકલ્પ શાંતિ, શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર એ ત્રણ નિર્વિકલ્પ શાંતિ છે. સમરસી વીતરાગભાવ છે. જેમાં આનંદનો સ્વાદ છે. એવી નિર્વિકલ્પ સમાધિ. આહાહા..! આવો માર્ગ છે. હમણાં 'જૈનસંદેશ'માં આવ્યું છે, શુભભાવ એ પહેલો કરવો જોઈએ. શુભભાવમાં આવે તો ઘણું છે. ધૂળમાં તારા... આહાહા..!

મુમુક્ષુ :- અપેક્ષા લાગે?

ઉત્તર :- શેની અપેક્ષા? શુભભાવ અધર્મ છે.

મુમુક્ષુ :- મોક્ષમાર્ગ પણ નિશ્ચયે શુભ છે.

ઉત્તર :- એ શુભ તો નિશ્ચય તે શુભ છે. પુણ્ય-પાપના અધિકારમાં આવ્યું છે ને. પુણ્ય-પાપ. જે નિશ્ચય મોક્ષમાર્ગ છે એને શુભ કીધો છે. ઓલો શુભ નહિ. આહાહા..! પુણ્ય-પાપ અધિકારમાં પહેલી ગાથાઓમાં (છે). આહાહા..!

આત્મા આનંદનો નાથ પ્રભુ પૂર્ણ શક્તિ સામર્થ્ય. શક્તિ એટલે સામર્થ્ય. જેનું જ્ઞાન, દર્શન, આનંદ એવી જેની શક્તિ છે. શક્તિવાન વસ્તુ છે એની આવી શક્તિ છે. એ શક્તિવાનને શ્રદ્ધામાં લઈ, એને જ્ઞાનનું જ્ઞેય બનાવી, જ્ઞાનમાં લઈને સ્થિરતા થવી એ મોક્ષનો ઉપાય છે. આહાહા..! એની શ્રદ્ધામાં તો પહેલું નક્કી કરે કે આ જ માર્ગ છે. આહા..! એકાંત છે. વળી એમ કહે છે. સમ્યક્ એકાંત છે. આ એક જ માર્ગ છે, બીજો માર્ગ છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- બીજો નથી, એ અનેકાંત છે.

ઉત્તર :- એ અનેકાંત છે. આ છે અને બીજો નથી એ અનેકાંત થયું. આ છે અને આ પણ છે એ અનેકાંત નથી. ફૂદડીવાદ છે એ તો. આહાહા..!

**'ઉનકો મૈં વન્દતા હૂં. કૈસે હોંગે, આગામી કાલમેં સિદ્ધ, કેવલજ્ઞાનાદિ મોક્ષલક્ષ્મી સહિત...'** આહાહા..! **'કેવલજ્ઞાનાદિ મોક્ષલક્ષ્મી સહિત...'** આ ધૂળની લક્ષ્મી સહિત નહિ. આહાહા..! આ પર્યાયની વાત છે, હોં! કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતઆનંદ, અનંતશાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એવી અનંત શક્તિની વ્યક્તતા જે થઈ એ મોક્ષલક્ષ્મી. અનંત જેટલા ગુણ હતા એ બધાની પર્યાયની વ્યક્તતા થઈ. આહાહા..! એવી જ્ઞાનાદિ મોક્ષલક્ષ્મી સહિત **'ઔર**

**સમ્યક્ત્વાદિ આઠ ગુણોં સહિત...**' મુખ્યપણે. ગુણ એટલે છે તો પર્યાય. ભાષા તો ગુણ છે. '**સમ્યક્ત્વાદિ આઠ ગુણોં સહિત અનંત હોંગે.**' આહાહા..! એવા અનંત જીવો ભવિષ્યમાં થશે. ઓહોહો..! પોતાનો આત્મા પણ ભવિષ્યમાં સિદ્ધ થશે એને વર્તમાનમાં નમસ્કાર કરે છે. બરાબર છે? આહાહા..! '**ક્યા કરકે સિદ્ધ હોંગે?**' એ વિશેષ કહેશે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, જેઠ સુદ ૧૨, બુધવાર
## તા. ૦૯-૦૬-૧૯૭૬, ગાથા-૨-૩-૪, પ્રવચન નં. ૪

'પરમાત્મપ્રકાશ'. પાનું-૧૦મું છે. ગયા કાળના અનંત સિદ્ધોને પહેલા નમસ્કાર કર્યા. પહેલી ગાથામાં. બીજી ગાથામાં ભવિષ્યમાં સિદ્ધ થશે એને નમસ્કાર કરે છે. કહે છે, '**ક્યા કરકે સિદ્ધ હોંગે?**' ભવિષ્યમાં અનંત 'શ્રેણિક' રાજા આદિ સિદ્ધપદને પામશે. શું કરીને? '**ક્યા કરકે...**' '**વીતરાગ સર્વજ્ઞદેવકર પ્રરૂપિત માર્ગકર...**' આ સત્. સર્વજ્ઞ વીતરાગદેવ, એનો કહેલો '**માર્ગકર દુર્લભ જ્ઞાનકો પાકે...**' આહાહા..! આત્માનું જ્ઞાન, આત્મજ્ઞાન, આત્મજ્ઞાન. '**દુર્લભ જ્ઞાનકો પાકે...**' એટલે આત્મજ્ઞાનને પ્રાપ્ત કરીને. પરનું જ્ઞાન નહિ, વિકારનું નહિ, એક સમયની પર્યાયનું નહિ. આહાહા..! આત્મજ્ઞાન. જ્ઞાન એટલે આત્મજ્ઞાન. આત્મા જે અખંડ-અભેદ એનું જ્ઞાન. દ્રવ્યનું જ્ઞાન. પરનું નહિ, પર્યાયનું નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

'શ્રેણિક' રાજા આદિ સર્વજ્ઞ વીતરાગે કહેલો માર્ગ... આહા..! '**દુર્લભ જ્ઞાનકો પાકે...**' આત્મજ્ઞાન દુર્લભ (છે), જે અનંતકાળમાં પ્રાપ્ત થયું નથી. એવા '**દુર્લભ જ્ઞાનકો પાકે રાજા શ્રેણિક આદિકકે જીવ...**' 'શ્રેણિક' આદિ જીવો ભવિષ્યમાં સિદ્ધ થવાના છે ને. બધાને યાદ કર્યા છે. પરમાત્મપ્રકાશ કહીશ, પણ આવા પરમાત્માને યાદ કરીને, નમસ્કાર કરીને કહીશ એમ કહે છે. આહાહા..!

'**પુનઃ કૈસે હોંગે? શિવ અર્થાત્ નિજ શુદ્ધાત્માકી ભાવના,...**' નિજ ભગવાનઆત્મા શુદ્ધાત્મા ત્રિકાળી વસ્તુ ધ્રુવ, એની ભાવના-એની એકાગ્રતા. શુદ્ધાત્મારૂપી ભાવ એની ભાવના. ત્રિકાળ શુદ્ધ સ્વભાવ ભગવાનઆત્મા, એવો જે સ્વભાવભાવ, એની ભાવના. આહાહા..! '**ઉસકર ઉપજા જો વીતરાગ પરમાનંદ સુખ,...**' એનાથી ઉપજેલું વીતરાગ પરમાનંદ. સંસારીના સુખ તો રાગવાળા અજ્ઞાનમાં છે. સુખની કલ્પના કરી માને છે ને. શાસ્ત્ર એમ કહે વ્યવહારે. છે તો દુઃખ. પણ એ માને છે ને અમે કાંઈક સુખી છીએ. પૈસાથી, આબરૂથી સુખી છે, એ તો કલ્પના છે. ખરેખર દુઃખ છે.

મુમુક્ષુ :- ખરેખર દુઃખી છે?

ઉત્તર :- દુઃખી છે. આત્માના અતીન્દ્રિય આનંદના સ્વાદ વિના પુણ્ય-પાપના રાગના સ્વાદિયા દુઃખી છે. આહાહા..!

મુમુક્ષુ :- જ્યાં સુધી અતીન્દ્રિયનો સ્વાદ ન આવે ત્યાં સુધી દુઃખી છે?

ઉત્તર :- દુઃખી છે. ત્યાં સુધી દુઃખી છે. આહાહા..! આનંદ તો પ્રભુ આત્મામાં છે. સુખશક્તિ. ભગવાનઆત્મા વસ્તુ છે, એમાં સુખનું સામર્થ્ય છે. શક્તિ તો એમાં છે. અતીન્દ્રિય આનંદનો ભાવ શક્તિ સુખ એને પામ્યા વિના પ્રાણી દુઃખી છે. અને નિજ શુદ્ધાત્મા ભગવાનઆત્મા પૂર્ણ દ્રવ્ય શુદ્ધ સ્વરૂપ એવો જે સ્વભાવભાવ, તેની ભાવના-તેની અંદર એકાગ્રતા. એનાથી ઉત્પન્ન થયેલું '**વીતરાગ પરમાનંદ સુખ...**' આહાહા..! આ તો તદ્દન સિદ્ધને વંદન કરે છે ને. સિદ્ધ આવા છે. અને એને પોતાને થાવું છે ને પાછું. આહાહા..!

'**વીતરાગ પરમાનંદ સુખ, ઉસ સ્વરૂપ હોંગે,...**' વીતરાગ પરમાનંદ સુખરૂપે થશે. સિદ્ધ થશે એટલે આમ થશે, એમ કહે છે. સિદ્ધ થશે એટલે શું? કે '**વીતરાગ પરમાનંદ સુખ, ઉસ સ્વરૂપ હોંગે,...**' આહાહા..! વીતરાગી પરમાનંદ સુખની દશારૂપે થશે. એ સિદ્ધપદ. આહાહા..! '**સમસ્ત ઉપમા રહિત અનુપમ હોંગે,...**' આહાહા..! જેને અતીન્દ્રિય પરમ આનંદના સુખની પ્રાપ્તિ, એવા એ 'શ્રેણિક' રાજા ભવિષ્યમાં સિદ્ધ થશે, એના સુખની ઉપમા શું કહેવી? કહે છે. દુનિયાના ચાર ગતિના પ્રાણી તો દુઃખી છે તો એની ઉપમા એને શું હોય? એની ઉપમા એને. છે? '**સમસ્ત ઉપમા રહિત...**' બધી ઉપમા રહિત પ્રભુનો આનંદ છે. આહાહા..! '**સમસ્ત ઉપમા રહિત અનુપમ હોંગે,...**' અનુપમ થશે. જેને ઉપમા નહિ એવા સિદ્ધ થશે. આહાહા..!

અભૂતપૂર્વ આવ્યું હતું ને? 'પંચાસ્તિકાય'માં. ગયા કાળમાં એ પર્યાય ઉત્પન્ન થઈ નથી એવી દશા થશે. આહાહા..! સિદ્ધ. વસ્તુ તો છે. વસ્તુ તો પરમ આનંદમય જ છે. વીતરાગ પરમ આનંદમય, પરમ આનંદ સ્વરૂપ જ છે. એની ભાવનાથી, એકાગ્રતાથી પરમ આનંદ સ્વરૂપ પર્યાયમાં થશે કે જેની પરમાનંદ દશા ઉપમા વિનાની છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**ઔર કેવલજ્ઞાનમયી હોંગે.**' સુખ અને જ્ઞાન બેની મુખ્યતા કરી. એકલી જ્ઞાનદશા, પર્યાયમાં કેવળજ્ઞાન એકલી પર્યાય પૂર્ણ. વસ્તુ તો જ્ઞાન પૂર્ણ છે. એવું પૂર્ણ જ્ઞાનનું સ્વરૂપ જ શુદ્ધ આત્મા છે. એની ભાવનાથી, પરમ આનંદની ભાવનાથી એ પરમ કેવળજ્ઞાનને પ્રાપ્ત થશે. જુઓ! 'શ્રેણિક' રાજા થશે એને પહેલો નમસ્કાર કરે છે. હજી તો નર્કમાં છે. પણ એને યાદ કરે છે કે, ઓહોહો..! આવી દશા તમને પ્રાપ્ત થશે. એ રીતે હું ભવિષ્યમાં સિદ્ધ પ્રાપ્ત થશે એને મારો નમસ્કાર. ભૂતકાળમાં અનંત સિદ્ધો થઈ ગયા. એને મેં યાદ કરીને ભાવનમસ્કાર કર્યો. પહેલા વિકલ્પથી દ્રવ્ય નમસ્કાર (કર્યો). ભવિષ્યમાં આ થશે. ઓહોહો..! અહીં તો સિદ્ધની ટોળી ભેગી થઈ એની વાતું છે. આહાહા..! સિદ્ધનું ગામ વસે છે ત્યાં. બધા સિદ્ધો વસે છે ત્યાં. આહાહા..! અનંતકાળમાં થઈ ગયેલા, ભવિષ્યના રાજા 'શ્રેણિક' રાજા આદિ

હશે.

**'ક્યા કરતે હુએ ઐસે હોંગે?'** શું કરીને હશે? પહેલી શુદ્ધાત્મ ભાવના. એ સાધારણ વાત કરી હતી હવે ખુલાસો સ્પષ્ટ કરે છે. ભારે ટીકા છે! આ ભાવનાગ્રંથ છે ને! ભાવનાનો ગ્રંથ છે. 'સમાધિશતક' ભાવ... આહાહા..! **'ક્યા કરતે હુએ ઐસે હોંગે?'** 'શ્રેણિક' રાજા આદિ ભવિષ્યમાં પરમાત્મા સિદ્ધ થશે એ શું કરીને થશે? પહેલી વાત તો કરી હતી કે શુદ્ધાત્માની ભાવના (કરીને થશે). પણ એ ભાવના શું ચીજ?

**'નિર્મલ જ્ઞાન દર્શનસ્વભાવ જો શુદ્ધાત્મા હૈ,...'** આહાહા..! કેવો છે ભગવાનઆત્મા? **'નિર્મલ જ્ઞાન દર્શનસ્વભાવ....'** એનો તો જ્ઞાન-જ્ઞાતા અને દૃષ્ટા. નિર્મળ જ્ઞાન અને નિર્મળ દર્શન એવો જેનો નિજ સ્વભાવ, એવો શુદ્ધાત્મા. આહાહા..! આ પર્યાયની વાત નથી. **'નિર્મલ જ્ઞાનદર્શન સ્વભાવ જો શુદ્ધાત્મા હૈ,...'** આહાહા..! કાયમી વસ્તુ જે ધ્રુવ અનાદિઅનંત નિર્મળ જ્ઞાન-દર્શનમય જે શુદ્ધાત્મા... આહાહા..! **'નિર્મલ જ્ઞાનદર્શનસ્વભાવ જો શુદ્ધાત્મા હૈ,...'** એમ કહ્યું ને? આહાહા..! કોઈક પૂછતું હતું, છોકરો ઓલો સાંભળે તો કહે, આત્મા શું છે? આખો દિ' વાત તો આ ચાલે છે. આહાહા..! આત્મા એટલે નિર્મળ જ્ઞાન-દર્શનમય તે આત્મા. આહાહા..!

મુમુક્ષુ :- નિર્મળ જ્ઞાનદર્શનનો અર્થ કરવો પડે.

ઉત્તર :- નિર્મળ એટલે પવિત્ર-શુદ્ધ. આગળ કહેશે. અમોલિકી એમ કહેશે રત્નત્રયને. જેની કિંમત મોલ નથી એવા રત્નત્રયની પ્રાપ્તિ થાય છે. આહાહા..! ત્યાં જ હશે. એમાં લખ્યું છે. બહુ સરસ વાત છે. આહાહા..!

**'નિર્મલ જ્ઞાન દર્શનસ્વભાવ...'** નિર્મળ જ્ઞાનદર્શન સ્વભાવ એવો શુદ્ધાત્મા. સ્વભાવવાન શુદ્ધાત્મા, એવો સ્વભાવ. નિર્મળ જ્ઞાનદર્શન સ્વભાવ. આહાહા..!

મુમુક્ષુ :- સ્વભાવ જ નિર્મળ જ્ઞાન-દર્શન.

ઉત્તર :- સ્વભાવ નિર્મળ (છે). આહાહા..!

**'ઉસકી યથાર્થ શ્રદ્ધાન-જ્ઞાન-આચરણરૂપ અમોલિક રત્નત્રયકર...'** આહાહા..! એવો જે ભગવાન નિર્મળ જ્ઞાન-દર્શન સ્વભાવ એવો શુદ્ધાત્મા, તેનું યથાર્થ શ્રદ્ધાન. આહાહા..! શ્રદ્ધાએ આખા નિર્મળ આનંદના નાથની પ્રતીત લીધી. આહાહા..! પ્રતીતમાં પૂર્ણાનંદના નાથને પાચન કરવાની શક્તિ છે. અગ્નિમાં જેમ અનાજ પકાવવાની શક્તિ છે. એમ ભગવાનઆત્મામાં સમ્યગ્દર્શનમાં પૂર્ણાનંદને પાચન કરવાની એટલે પૂર્ણાનંદને કબુલ કરવાની, પૂર્ણાનંદનો નાથ પ્રભુ, એના ધ્યેયમાં આવ્યો એને માનવાની એની શક્તિ છે. આહાહા..!

સમ્યગ્દર્શનમાં પૂર્ણ આનંદસ્વરૂપ છે તેની પ્રતીતિ કરવાની, પાચન કરવાની શક્તિ છે. ભલે એક સમયની પર્યાય હોય. છે સમ્યગ્દર્શન એક સમયની પર્યાય, પણ એને પાચનમાં તો પૂર્ણાનંદનો નાથ પાચન કરવાની એની શક્તિ છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી ધર્મની વાત. આમાં એકેન્દ્રિયની, બે ઈન્દ્રિયની દયા પાળવી ને એય..! 'જાદવજીભાઈ'! આહાહા..!

બાપુ! તને તારી દયા છે કે નહિ? દયાનો અર્થ. જેવડો નિજ સ્વભાવ નિર્મળ આનંદ પૂર્ણ છે, તેને તેવો જીવતો કબુલવો એનું નામ દયા છે. એનું નામ અહિંસા છે. અને એવા પૂર્ણાનંદના નાથને રાગ અને પુણ્ય-પાપવાળો સ્વીકારવો અને પુણ્ય-પાપ છે એમ સ્વીકારમાં અનંત જ્ઞાનનો અનાદર થાય છે. એનું નામ હિંસા છે. આહાહા..! નિર્મળ જ્ઞાન-દર્શનમય શુદ્ધાત્મા એનો સ્વીકાર નહિ અને પુણ્ય ને પાપના વિકલ્પ વિભાવ કૃત્રિમ ઉપાધિ દુઃખ, એનો સ્વીકાર, એનું જીવન તે મારું અને આ જીવન તે નહિ, એ હિંસા કરી એની. હિંસાનો અર્થ છે તેનો નકાર કર્યો. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આમાં મારકૂટ તો કાંઈ થતી નથી.

ઉત્તર :- મારકૂટ થઈ ગઈને. ઘા પડ્યા ને. શરીર નિરોગી ઉપર જેમ છરાના ઘા પડે છે, એમ પુણ્ય-પાપ મારા એ ચૈતન્યના સ્વભાવમાં ઘા પડે છે. આવી વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ બધી વ્યવહારની વાતું છે. એવા જોગ તો તીર્થંકરના અનંત વાર મળ્યા. સમવસરણ અનંત વાર મળ્યું. આહાહા..! 'પરમાત્મપ્રકાશ'માં આગળ આવશે. ભવે ભવે જિનવરના સમવસરણમાં જિનવરની પૂજાઓ કરી. પણ એ તો પરદ્રવ્યની પૂજા, એ તો વિકલ્પ છે. આહાહા..! લોકોને બહારથી પરથી કાંઈક થાય તો એને ઠીક પડે છે. પરથી શું થાય? પ્રભુ! પરનો આશ્રય કરવા જા તો રાગ જ થશે. ચાહે તો ત્રણલોકના નાથ ને એની વાણી સાંભળવાનો વખત હશે ત્યાં શુભરાગ જ થશે. આહાહા..!

'સમયસાર'ના 'કર્તા-કર્મ અધિકાર'ની ૭૪ ગાથામાં તો એમ કહ્યું છે કે શુભભાવ છે એ વર્તમાન દુઃખરૂપ છે. ભગવાન આનંદના સ્વભાવથી વિપરીત ભાવ છે. દુઃખ છે અને ભવિષ્યમાં દુઃખનું કારણ છે. આહાહા..! એ શુભભાવથી પુણ્ય બંધાશે અને પુણ્યને લઈને કદાચિત્ વીતરાગ અને વીતરાગની વાણી મળશે. પણ એ પરદ્રવ્ય છે એટલે એના ઉપર તારું લક્ષ જશે એટલે રાગ જ થશે.

મુમુક્ષુ :- કોઈ અપેક્ષા કહી હશે.

ઉત્તર :- આ જ અપેક્ષા. (બીજી) કઈ વળી? પરાશ્રિત વ્યવહાર, સ્વઆશ્રિત નિશ્ચય. એ વાણી અને ભગવાન મળવા, એના ઉપર લક્ષ જવું તો રાગ જ થશે. દુઃખ થશે.

મુમુક્ષુ :- આવ્યા વિના રહેતો નથી, આપ એમ કહે છો.

ઉત્તર :- એ જુદી વાત છે. આવે છતાં દૃષ્ટિમાં એ નથી. દૃષ્ટિના વિષયમાં અને દૃષ્ટિમાં એ આદરમાં નથી. આહાહા..! પૂર્ણ ન હોય ત્યારે હોય છે તો ખરું. પણ હેયબુદ્ધિએ છે. આહાહા..! આ તો નિર્વિકલ્પ સ્વભાવ વીતરાગમાર્ગ છે, ભાઈ! આહાહા..! આવી વાત પૂર્ણ છે, એ શુદ્ધ છે, એ સાંભળવી પણ મહા મુશ્કેલ છે. ઓલામાં એમ ન કહ્યું? અધ્યાત્મ વાત સાંભળનારા ઊંચા છે અને જેણે આવી અધ્યાત્મની વાત યથાર્થપણે-રુચિપણે સાંભળી. ભાવી નિર્વાણ ભાજનમ્. કહ્યું છે ને? 'સમયસાર'માં મોઢાઆગળ મૂક્યું છે. 'પદ્મનંદિ પંચવિંશતિઃ' આહાહા..! ત્રણલોકનો નાથ શુદ્ધ ચૈતન્યઘન, જેણે સાંભળ્યો. સાંભળ્યો એને કહીએ કે જેને રુચિ થઈ અંદર. આહાહા..! રુચિથી સાંભળ્યું.

મુમુક્ષુ :- સાંભળવાનો અર્થ રુચિ?

ઉત્તર :- એકલું સાંભળ્યું તો અનંતવાર સાંભળ્યું છે. આહાહા..! એની રુચિમાં પૂર્ણ આનંદ જેને પોષાણમાં આવ્યો, પોષાય છે. વેપારીને જેમ માલ પોસાય છે ને? કે અઢી રૂપિયે ત્યાંથી મળે છે અને અહીંયાં ત્રણ રૂપિયે ઊપજશે. તો લે. તલ કે ઘઉં આદિ. એમ સમકિતીને એ પોસાય છે આત્મા. આહાહા..! સમજાણું કાંઈ? અરે..! ભાઈ! સંસારના દુઃખથી મુક્ત થવું અને પરમાનંદની પ્રાપ્તિ (કરવી), એના ઉપાય કોઈ અલૌકિક હોય છે. આહાહા..! એ કહે છે, જુઓ!

એવો જે ભગવાન નિર્મળ જ્ઞાન દર્શન સ્વભાવ જે શુદ્ધાત્મા, એની યથાર્થ શ્રદ્ધા. ભગવાન પરમાત્માની શ્રદ્ધા એમ નહિ. આની શ્રદ્ધા. નિર્મળ જ્ઞાન-દર્શન સ્વભાવમય શુદ્ધાત્મ વસ્તુ, મોજૂદગી, એની મોજૂદગીની પ્રતીતિ. આહાહા..! તેની સન્મુખ થઈને, તેની સન્મુખ થઈને નિમિત્ત, રાગ અને પર્યાયથી વિમુખ થઈને. આહાહા..! સંયોગ, રાગની પર્યાયથી વિમુખ થઈને. ત્રિકાળી ભગવાન સત્ય પ્રભુ એની સન્મુખ થઈને. આહાહા..! છે આગળ સત્ કહેશે. આહા! એનું શ્રદ્ધાન, એનું જ્ઞાન. નિર્મળ જ્ઞાન-દર્શન સ્વભાવરૂપ શુદ્ધાત્મા, એનું જ્ઞાન, એની પ્રતીતિ ને એનું જ્ઞાન. આહાહા..! અને એનું આચરણ. નિર્મળ જ્ઞાન-દર્શન-સ્વભાવરૂપ શુદ્ધાત્મા વસ્તુ, એનું આચરણ. વસ્તુના સ્વભાવનું આચરણ. આ વિકલ્પ દયા, દાન ને વ્રત ને એ આચરણ તો બંધના કારણ છે. આહાહા..! આકરું બહુ. વર્તમાનમાં... આહાહા..!

'**અમોલિક રત્નત્રયકર...**' જેનું મૂલ નથી. રત્નત્રય. આહાહા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે રત્નત્રય, અમોલિક-જેની કિંમત નથી. આહાહા..! જે મોલથી મળે એવી નથી. અમોલિક છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ પર્યાયની વાત છે. નિર્મળ જ્ઞાન-દર્શન-સ્વભાવ એવો શુદ્ધાત્મા એ વસ્તુ કીધી અને એ વસ્તુની શ્રદ્ધા, જ્ઞાન ને આચરણ અમોલિક રત્નત્રય એ પર્યાય છે. આહાહા..! આ તો એકલું માખણ છે, ભાઈ! આહાહા..! 'પરમાત્મપ્રકાશ' એટલે એકલો ભગવાન... ભગવાન... ભગવાન... આહા!

'**અમોલિક રત્નત્રયકર પૂર્ણ...**' આહાહા..! શેમાં આવ્યું? ઓલી કોર છે. '**अनुचरण-रूपामूल्यरत्नत्रय**' સંસ્કૃતમાં અમૂલ્ય શબ્દ છે. અમુલક-અમૂલ્ય. આહાહા..! વિશુદ્ધ જ્ઞાનદર્શન સ્વભાવ શુદ્ધાત્મતત્ત્વ, એનું સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન-અનુચરણરૂપ અમુલ્ય રત્નત્રય. આહાહા..! '**અમોલિક રત્નત્રયકર પૂર્ણ ઔર મિથ્યાત્વ...**' ભર લીધું છે ને. ભર શબ્દ છે ત્યાં. એટલે પૂર્ણ. પૂર્ણ નિર્મળ સ્વભાવ એવો શુદ્ધાત્મ ભગવાન મોજૂદ વસ્તુ છે. એની શ્રદ્ધા-જ્ઞાન ને આચરણ અમોલિક રત્નત્રયતથી પૂર્ણ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી પર્યાયમાં પૂર્ણ. વસ્તુએ પૂર્ણ છે અને પર્યાયે પૂર્ણ થયો. આહાહા..!

'**ઔર મિથ્યાત્વ વિષય કષાયાદિરૂપ સમસ્ત વિભાવરૂપ જલકે પ્રવેશસે રહિત...**' એ સંસાર ખારો છે એમ બતાવશે. મિથ્યાત્વ-ભ્રાંતિ, વિષય કષાયાદિ વિભાવરૂપ જળ, એના પ્રવેશ રહિત છે. આવા અમોલિક જ્ઞાન-દર્શન-ચારિત્રના રત્નત્રયથી પૂર્ણ છે અને '**મિથ્યાત્વ**

**વિષય કષાયાદિરૂપ સમસ્ત વિભાવરૂપ જલકે પ્રવેશસે રહિત...**' છે. આહાહા..! એવી '**શુદ્ધાત્મકી ભાવનાસે ઉત્પન્ન હુઆ...**' એવો શુદ્ધાત્મરૂપ ભગવાન ત્રિકાળ, એની ભાવના એ ત્રય. રત્નત્રય. એવી ભાવનાથી ઉત્પન્ન થયેલ. આહાહા..! '**જો સહજાનંદરૂપ સુખામૃત,...**' સ્વભાવિક આનંદરૂપ સુખઅમૃત. આહાહા..! કેટલા શબ્દ વાપર્યા છે! સ્વભાવિક આનંદ જે સ્વરૂપમાં હતો એ પર્યાયમાં સહજાનંદરૂપ સુખામૃત, સુખરૂપી અમૃત '**ઉસસે વિપરીત જો નારકાદિ દુઃખ...**' આહાહા..! ચારેય ગતિના દુઃખ છે. સ્વર્ગ એ દુઃખરૂપ છે. '**નારકાદિ દુઃખ વે હી હુએ ક્ષારજલ,...**' આહાહા..!

'**ઉનકર પૂર્ણ ઈસ સંસારરૂપી સમુદ્ર...**' આ બાજુ લીધું હતું-રત્નત્રય પૂર્ણ. આહાહા..! આ બાજુ પૂર્ણ વસ્તુ પર્યાયમાં રત્નત્રય પૂર્ણ, આ બાજુ ક્ષારસમુદ્ર પૂર્ણ. આહાહા..! '**વે હી હુએ ક્ષારજલ,...**' આહાહા..! ચાર ગતિના દુઃખરૂપી ખારું જળ. '**ઉનકર પૂર્ણ ઈસ સંસારરૂપી સમુદ્રકે તરનેકા ઉપાય જો પરમસમાધિરૂપ જહાજ...**' પરમસમાધિરૂપી જહાજ. આવો જે ક્ષારસમુદ્રથી પૂર્ણ એવો સંસાર. આહાહા..! દુઃખરૂપ. એને તરવાનો ઉપાય '**પરમસમાધિરૂપ જહાજ ઉસકો સેવતે હુએ, ઉસકે આધારસે ચલતે હુએ,...**' આહાહા..! પરમસમાધિને સેવતા થકા સિદ્ધપદને પામ્યા છે. દુઃખને પામતા થકા, ચારિત્ર દુઃખ છે, આ છે (એમ અજ્ઞાની કહે છે). એ તો પરમ આનંદના સુખને પ્રાપ્ત થતા સિદ્ધપદને પામે છે. સમજાણું કાંઈ? એમ કે આ સાધુ ચારિત્રમાં દુઃખ ને ક્લેશ (ભોગવે) છે. એની વ્યાખ્યાની ખબર નથી.

મુમુક્ષુ :- લોઢું ચાવવા બરાબર છે.

ઉત્તર :- એ બધી વાતો ખોટી છે. મીણના દાંતે લોઢાના ચણા ચાવવા, બાપા! એમ ચારિત્ર... એને દુઃખદાયી હશે. ભાઈ! તને ખબર નથી. ચારિત્ર તો અનંત આનંદના રસમાં ઉત્પન્ન થાય એ ચારિત્ર છે. અતીન્દ્રિય આનંદના સ્વાદમાં દશા સ્થિર થાય એનું નામ ચારિત્ર. આહાહા..! અરે..! આ લોકો ક્યાંનું ક્યાં બિચારા ભરડીને મારી નાખે. આહાહા..!

'**પૂર્ણ ઈસ સંસારરૂપી સમુદ્રકે તરનેકા ઉપાય...**' ક્ષારરસથી પૂર્ણ, એને તરવાનો ઉપાય પૂર્ણાનંદના નાથની શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્રથી પૂર્ણ રત્નત્રય... આહાહા..! '**ઉસકે આધારસે ચલતે હુએ,...**' પરમાનંદના આધારથી અંદર રમે છે. હજી તાવ મટ્યો નથી ભાઈને? નબળાઈ છે. આહાહા..! અમૃત રેડ્યા છે. મોક્ષને અમૃત કીધું છે ને? મોક્ષને અમૃત કીધું છે. આહાહા..!

કહે છે કે '**પરમસમાધિરૂપ જહાજ...**' સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પરમ આનંદરૂપી જહાજ (છે). આહાહા..! પરમ આનંદરૂપી જહાજથી આવો ક્ષાર જે સંસાર ચાર ગતિના દુઃખો, એનાથી પાર પમાય છે. મુક્તિ કહેવાય છે. મુક્તિ એટલે દુઃખથી મુક્તિ. નાસ્તિથી કથન છે ને. એટલે મુક્તિ કોની? દુઃખથી. પ્રાપ્તિ કોની? કે આનંદની. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! '**અનંત સિદ્ધ હોંગે.**' 'શ્રેણિક' રાજા આદિ જીવો ભવિષ્યમાં પૂર્ણાનંદના નાથની શ્રદ્ધા, જ્ઞાન ને આચરણથી પરિપૂર્ણ રત્નત્રય (પામી), એનાથી ક્ષારસમુદ્રનો અંત

લાવશે અને પરમ આનંદને પ્રાપ્ત કરશે. એવા સિદ્ધોને હું નમસ્કાર કરું એમ કહે છે. આહાહા..!

**'ઈસ વ્યાખ્યાનકા યહ ભાવાર્થ હુઆ, કિ જો શિવમય અનુપમ જ્ઞાનમય શુદ્ધાત્મસ્વરૂપ હૈ વહી ઉપાદેય હૈ.'** એ આદરણીય છે. આ એનો સાર. શિવમય એટલે નિરૂપદ્રવ આનંદમય, અનુપમ-જેની ઉપમા નથી. આવ્યું ને માથે? જ્ઞાનમય શુદ્ધાત્મ સ્વરૂપ. એકલો જ્ઞાનમય, જ્ઞાનમય. જ્ઞાનવાળો પણ નહિ. આહાહા..! **'શુદ્ધાત્મસ્વરૂપ હૈ વહી ઉપાદેય હૈ.'** ત્રિકાળી આનંદનો નાથ એ આદરવા લાયક છે. આહાહા..! નિમિત્ત નહિ, વ્યવહાર નહિ, એક (સમયની) પર્યાય પણ નહિ. પર્યાયમાં ત્રિકાળી આદરવા લાયક છે. સમજાય છે કાંઈ? આહાહા..!

**'શિવમય અનુપમ...'** આહાહા..! માથે કહ્યું હતું ને? શિવ નહોતું કહ્યું? **'શુદ્ધાત્માકી ભાવનાસે ઉત્પન્ન હુઆ જો સહજાનંદરૂપ સુખામૃત,...'** પહેલા કહ્યું હતું. ત્રીજી લીટી. શિવ-શિવ. શિવ કીધું હતું. અનુપમ કહ્યું હતું. બે. શિવ અનુપમ જ્ઞાનમયી. એવો જે શુદ્ધાત્મ સ્વભાવ, શુદ્ધાત્મ ભાવ એ આદરણીય છે. એ અંદરમાં સત્કાર કરવા જેવું છે. એનો સ્વીકાર કરવા જેવું છે. એ આદરણીય એક જ આ ચીજ છે. વ્યવહાર અને ભગવાન પણ આદરણીય નથી. આહાહા..! બે ગાથા થઈ. બેમાં એ કહ્યું. પહેલામાં એ કહ્યું. અનંત સિદ્ધો થયા. કઈ રીતથી એ વાત કરીને (નમસ્કાર કર્યા). ભવિષ્યમાં થશે. કઈ રીતે એ વાત કરી. આહાહા..!

---

**अथानन्तरं परमसमाध्यग्निना कर्मेन्धनहोमं कुर्वाणान् वर्तमानान् सिद्धानहं नमस्करोमि –**

**३) ते हउँ वंदउँ सिद्ध–गण अच्छहिँ जे वि हवंत।**
**परम–समाहि–महग्गिएँ कम्मिंधणइँ हुणंत।।३।।**

**तान् अहं वन्दे सिद्धगणान् तिष्ठन्ति येऽपि भवन्तः।**
**परमसमाधिमहाग्निना कर्मेन्धनानि जुह्वन्तः।।३।।**

**ते हउं वंदउं सिद्धगण तानहं सिद्धगणान् वन्दे। ये कथंभूताः। अत्थ(च्छ) हिं जे वि हवंत इदानीं तिष्ठन्ति ये भवन्तः सन्तः। किं कुर्वाणास्तिष्ठन्ति। परमसमाहिमहग्गिएँइँ कम्मिंधणइँ हुणंत परमसमाध्यग्निना कर्मेन्धनानि होमयन्तः। अतो विशेषः। तद्यथा–तान् सिद्धसमूहानहं वन्दे वीतरागनिर्विकल्पस्वसंवेदनज्ञानलक्षणपारमार्थिकसिद्धभक्त्या नमस्करोमि। ये किंविशिष्टः। इदानीं पञ्चमहाविदेहेषु भवन्तस्तिष्ठन्ति श्रीसीमन्धरस्वामिप्रभृतयः। किं कुर्वन्तस्तिष्ठन्ति। वीतरागपरमसामायिकभावनाविनाभूतनिर्दोषपरमात्मसम्यक्श्रद्धानज्ञानानुचरणरूपाभेद–रत्नत्रयात्मकनिर्विकल्पसमाधिवैश्वानरे कर्मेन्धनाहुतिभिः कृत्वा होमं कुर्वन्त इति। अत्र शुद्धात्मद्रव्यस्योपादेयभूतस्य प्राप्त्युपायभूतत्वान्निर्विकल्पसमाधिरेवोपादेय इति भावार्थः।।३।।**

---

**आगे परमसमाधिरूप अग्निसे कर्मरूप इंधनका होम करते हुए वर्तमानकालमें महाविदेहक्षेत्रमें सीमंधरस्वामी आदि तिष्ठते हैं, उनको नमस्कार करता हूँ –**

**गाथा – ३**

**अन्वयार्थ :– [ अहं ] मैं [ तान् ] उन [ सिद्धगणान् ] सिद्ध समूहोंको [ वन्दे ] नमस्कार करता हूँ [ येऽपि ] जो [ भवन्तः तिष्ठन्ति ] वर्तमान समयमें विराज रहे हैं, क्या करते हुए? [ परमसमाधिमहाग्निना ] परमसमाधिरूप महा अग्निकर [ कर्मेन्धनानि ] कर्मरूप ईंधनको [ जुह्वन्तः ] भस्म करते हुए।**

**भावार्थ :– उन सिद्धोंको मैं वीतराग निर्विकल्पस्वसंवेदन ज्ञानरूप परमार्थ सिद्धभक्तिकर नमस्कार करता हूँ। कैसे हैं वे ? अब वर्तमान समयमें पंच महाविदेहक्षेत्रोंमें श्रीसीमंधरस्वामी आदि विराजमान हैं। क्या करते हुए ? वीतराग परमसामायिकचारित्रकी भावनाकर संयुक्त जो निर्दोष परमात्माका यथार्थ श्रद्धान–ज्ञान–आचरणरूप अभेद रत्नत्रय उस मई निर्विकल्पसमाधिरूपी अग्निमें कर्मरूप ईंधनको होम करते हुए तिष्ठ रहे हैं। इस कथनमें शुद्धात्मद्रव्यकी प्राप्तिका उपायभूत निर्विकल्प समाधि उपादेय (आदरने योग्य) है, यह भावार्थ हुआ।।३।।**

---

**ત્યાર પછી પરમસમાધિરૂપ અગ્નિ વડે કર્મરૂપી ઈન્ધનનો હોમ કરતા વર્તમાન વર્તતા સિદ્ધોને હું નમસ્કાર કરું છું :**

**ભાવાર્થ : તે સિદ્ધોને હું નમસ્કાર કરું છું. વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનરૂપ પારમાર્થિક સિદ્ધભક્તિથી હું નમસ્કાર કરું છું કે જેઓ હાલ પંચમહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે, જેમ કે શ્રી સીમંધર આદિ. શું કરતા તેઓ બિરાજે છે? વીતરાગ પરમસામાયિક ભાવનાની સાથે અવિનાભાવી નિર્દોષ પરમાત્માનાં સમ્યક્ શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ આચરણરૂપ અભેદરત્નત્રયાત્મક નિર્વિકલ્પ સમાધિરૂપ અગ્નિમાં કર્મરૂપી ઈન્ધનની આહુતિ દ્વારા હોમ કરતા તેઓ બિરાજે છે. અહીં ઉપાદેયભૂત શુદ્ધ આત્મદ્રવ્યની પ્રાપ્તિના ઉપાયરૂપ હોવાથી નિર્વિકલ્પ સમાધિ જ ઉપાદેય છે એવો ભાવાર્થ છે. ૩.**

---

## ગાથા-૩ ઉપર પ્રવચન

ત્રીજી ગાથા. '**આગે પરમસમાધિરૂપ અગ્નિસે કર્મરૂપ ઈંધનકા હોમ કરતે હુએ વર્તમાનકાલમેં...**' 'સીમંધર' ભગવાન આદિ. આહાહા..! પરમસમાધિ. કેવળજ્ઞાની છે ને એ તો? પરમસમાધિ-પરમસમાધિ. વીતરાગભાવરૂપી પરમશાંતિ, પરમ આનંદ એ અગ્નિ. '**પરમસમાધિરૂપ અગ્નિસે કર્મરૂપ ઈંધનકા હોમ...**' સમય સમયમાં ચાર ઘાતિ કર્મ છે એનો નાશ થાય છે. આહાહા..! '**હોમ કરતે હુએ...**' લ્યો! '**પરમસમાધિરૂપ અગ્નિસે કર્મરૂપ**

**ઈંધનકા હોમ કરતે હુએ વર્તમાનકાલમેં મહાવિદેહક્ષેત્રમેં સીમંધરસ્વામી આદિ તિષ્ઠતે હૈં,...'** વીસ તીર્થંકર બિરાજે છે. આહાહા..! વર્તમાનકાળમાં પરમ આનંદરૂપી અગ્નિ, સમાધિરૂપી અગ્નિથી કર્મરૂપી ઈંધણને હોમ બાળતા થકા બિરાજે છે. આહાહા..! '**મહાવિદેહક્ષેત્રમેં સીમંધરસ્વામી આદિ તિષ્ઠતે હૈં, ઉનકો નમસ્કાર કરતા હૂં.**'

**३) ते हउँ वंदउँ सिद्ध–गण अच्छहिँ जे वि हवंत।**

**परम–समाहि–महग्गिएँ कम्मिंधणइँ हुणंत।।३।।**

**અન્વયાર્થ :-** '**મૈં...**' 'યોગીન્દ્રદેવ' કહે છે કે હું '**ઉન સિદ્ધ સમૂહોંકો નમસ્કાર કરતા હૂં...**' એ સિદ્ધસમૂહ જ છે ને. આહાહા..! '**જો વર્તમાન સમયમેં વિરાજ રહે હૈં,...**' '**भवन्तः तिष्ठन्ति**' છે ને? '**વર્તમાન સમયમેં વિરાજ રહે હૈં, ક્યા કરતે હુએ? પરમસમાધિરૂપ મહા અગ્નિકર કર્મરૂપ ઈંધનકો ભસ્મ કરતે હુએ.**' '**સબ પદાર્થોં...**' છે ને? '**અબ વિશેષ વ્યાખ્યાન કરતે હૈં.**' એ તો શબ્દાર્થ કર્યો ગાથાનો.

**ભાવાર્થ :-** '**ઉન સિદ્ધોંકો મૈં વીતરાગ નિર્વિકલ્પસ્વસંવેદન જ્ઞાનરૂપ પરમાર્થ સિદ્ધભક્તિકર નમસ્કાર કરતા હૂં.**' ભાષા જુઓ! એવા સિદ્ધો જે વર્તમાન તીર્થંકર પરમાત્મા બિરાજે છે. એ સિદ્ધ જ છે ને? '**મૈં વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાનરૂપ પરમાર્થ સિદ્ધભક્તિકર...**' આ સિદ્ધભક્તિ. સિદ્ધભક્તિ આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ નહિ. આ તો આ. '**વીતરાગ નિર્વિકલ્પસ્વસંવેદન જ્ઞાન...**' રાગ વિનાનું અભેદ, સ્વ-પોતાનું વેદન. જ્ઞાનસ્વરૂપ આનંદનું વેદન, એવી પરમાર્થ સિદ્ધ ભક્તિ. એ નમસ્કાર. આહાહા..!

'**ઉન સિદ્ધોંકો મૈં...**' વીતરાગ નિર્વિકલ્પ અભેદ સ્વસંવેદનજ્ઞાનરૂપ '**પરમાર્થ સિદ્ધભક્તિકર નમસ્કાર કરતા હૂં.**' લ્યો! આ ભાવનમસ્કાર. આહાહા..! '**કૈસે હૈં વે? અબ વર્તમાન સમયમેં પંચ મહાવિદેહક્ષેત્રોંમેં શ્રી સીમંધરસ્વામી આદિ વિરાજમાન હૈં.**' ભગવાન બિરાજમાન છે. આહાહા..! કેટલા અસ્તિત્વની...! 'वंदित्तु सव्व सिद्धे' આવે છે ને? સર્વ સિદ્ધોનું અસ્તિત્વ સ્વીકારી અને એનો આદર કરું છું. છે એ. અનંત સિદ્ધો છે. આહાહા..!

મુમુક્ષુ :- અમારું ભલું કરે...

ઉત્તર :- ભલું કોણ કરતું હતું? એ તો એમાં આવ્યું છે. હે પરમાત્મા! તમે પૂર્ણ સિદ્ધ છો. પ્રતિધ્વનિ આવે છે કે હે પરમાત્મા! તું પૂર્ણ છો. 'प्रतिच्छन्द' આવે છે ને? પહેલી ગાથા. 'वंदितु सव्व सिद्धे'. પ્રતિચ્છંદના સ્થાને છે. આહાહા..! જેવો એ શબ્દ ઉઠાવે છે કે, હે નાથ! પ્રભુ આપ પૂર્ણ છો. પ્રતિધ્વનિ સામો પડઘો આવે છે, હે નાથ! તું પૂર્ણ છો. પડછંદો નથી કહેતા? 'રાણપુર'માં છે ને. ગામમાં કાંઈ થાય તો સામે ગઢ છે. પાંચસો વર્ષનો જૂનો. પાંચસો વર્ષનો પત્થરનો જૂનો ગઢ મોટો. અહીંથી બંધુક વાગી હોય તો ત્યાંથી આવતી હોય એમ લાગે. ધડાકો ત્યાં જઈને પાછો આવે. એમ પડઘો-પ્રતિઘાત. અવાજનું પ્રતિ-પાછું

વળવું. આહાહા..! પૂર્ણાનંદના નાથ પ્રભુ આપ છો. એનો પ્રત્યાઘાત પાછો અવાજ એવો આવે કે, પૂર્ણાનંદના નાથ આપ છો. આહાહા..! આવી વાત છે ભઈ અધ્યાત્મની.

મુમુક્ષુ :- હિન્દીમાં ઝાંય કહે છે.

ઉત્તર :- કીધોને પડઘો. પ્રતિઘાત. અહીં એ છે પ્રતિઘાત. બિંબનું પ્રતિબિંબ. સામે બિંબ હોય કાચમાં પ્રતિબિંબ પડે છે ને? એમ ઘા નો પ્રતિઘાત. અવાજનો પ્રતિઘાત. ગુલાંટ ખાય છે. આહાહા..! આવી વાત છે.

**'ક્યા કરતે હુએ?'** ભગવાન શું કરતા (થકા) બિરાજમાન વર્તમાન સિદ્ધ સમૂહ તીર્થંકર (થયા)? **'વીતરાગ પરમસામાયિકચારિત્રકી ભાવનાકર સંયુક્ત...'** આહાહા..! વીતરાગ પરમસામાયિક ચારિત્ર. જુઓ! એની ભાવનાથી, એકાગ્રથી **'સંયુક્ત જો નિર્દોષ પરમાત્માકા યથાર્થ શ્રદ્ધાન-જ્ઞાન-આચરણરૂપ...'** આહાહા..! બીજી લીટી, બીજી લીટીએ શબ્દ વાપરે છે. **'અભેદ રત્નત્રય ઉસ મયી નિર્વિકલ્પસમાધિરૂપી અગ્નિ...'** આહાહા..! છે? **'પરમાત્માકા યથાર્થ...' 'નિર્દોષ પરમાત્માકા યથાર્થ શ્રદ્ધાન-જ્ઞાન-આચરણરૂપ અભેદ રત્નત્રય ઉસ મયી નિર્વિકલ્પસમાધિરૂપી અગ્નિમેં કર્મરૂપ ઈંધનકો હોમ કરતે હુએ...'** વર્તમાન પરમાત્મા બિરાજે છે. સમય સમયમાં આનંદની અગ્નિજ્વાળામાં કર્મરૂપી લાકડાનો હોમ કરે છે. સ્વાહા. એ સ્વાહા. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ત્યારે પ્રકાશમય પરમાત્મા હોય છે.

ઉત્તર :- એક અરિહંત પરમાત્મા હોય અને એક સિદ્ધ પરમાત્મા હોય. એમ. અહીં તો પર્યાયમાં નિર્દોષ થયા ઈ. વસ્તુ બે પ્રકારની છે. એક કારણપરમાત્મા, એક કાર્યપરમાત્મા. કારણપરમાત્મા એ વસ્તુએ નિર્દોષ છે. કાર્યપરમાત્મા એ પર્યાયે નિર્દોષ છે. આહાહા..!

**'ઈસ કથનમેં શુદ્ધાત્મદ્રવ્યકી પ્રાપ્તિકા ઉપાયભૂત...'** છે? આ કથનથી શુદ્ધાત્મદ્રવ્ય વસ્તુ, એની પ્રાપ્તિનો ઉપાય. **'ઉપાયભૂત નિર્વિકલ્પ સમાધિ ઉપાદેય (આદરને યોગ્ય) હૈ,...'** લ્યો! ઓલામાં આત્મા કીધો હતો. બીજામાં. આમાં નિર્વિકલ્પ સમાધિ. વીતરાગી સમાધિ પ્રગટ કરવા યોગ્ય છે. એ આદરવા યોગ્ય છે. વ્યવહાર વિકલ્પ છે એ આદરવા યોગ્ય છે એમ નથી કહ્યું આમાં. આદરવા યોગ્ય છે નહિ. રાગ એ તો વિકાર-દુઃખ છે. આહાહા..! **'યહ ભાવાર્થ હુઆ.'** એ ત્રીજી ગાથા થઈ.

---

**अथ पूर्वकाले शुद्धात्मस्वरूपं प्राप्य स्वसंवेदनज्ञानबलेन कर्मक्षयं कृत्वा ये सिद्धा भूत्वा निर्वाणे वसन्ति तानहं वन्दे –**

**४) ते पुणु वंदउँ सिद्ध-गण जे णिव्वाणि वसंति।**
**णाणिं तिहुयणि गरुया वि भव-सायरि ण पडंति।।४।।**

**तान् पुनः वन्दे सिद्धगणान् ये निर्वाणे वसन्ति।**
**ज्ञानेन त्रिभुवने गुरूका अपि भवसागरे न पतन्ति।।४।।**

**ते पुणु वंदउं सिद्धगण तान् पुनर्वन्दे सिद्धगणान्। किंविशिष्टान्। जे णिव्वाणि वसंति ये**

निर्वाणे मोक्षपदे वसन्ति तिष्ठन्ति। पुनरपि कथंभूता ये। णाणिं तिहुयणि गरुया वि भवसायरि ण पडंति ज्ञानेन त्रिभुवनगुरुका अपि भवसागरे न पतन्ति। अत ऊर्ध्वं विशेषः। तथाहितान् पुनर्वन्देऽहं सिद्धगणान् ये तीर्थंकरपरमदेवभरताधवपाण्डवादयः पूर्वकाले वीतरागनिर्विकल्पस्वसंवेदन–ज्ञानबलेन स्वशुद्धात्मस्वरूपं प्राप्य कर्मक्षयं कृत्वेदानीं निर्वाणे तिष्ठन्ति सदापि न संशयः। तानपि कथंभूतान्। लोकालोकप्रकाशकेवलज्ञानस्वसंवेदनत्रिभुवनगुरून्[1]। त्रैलोक्यालोकन–परमात्मस्वरूपनिश्चयव्यवहारपदपदार्थव्यवहारनयकेवलज्ञानप्रकाशेन समाहितस्वस्वरूपभूते निर्वाणपदे तिष्ठन्ति यतः ततस्तन्निर्वाणपदमुपादेयमिति तात्पर्यार्थः।।४।।

आगे जो महामुनि होकर शुद्धात्मस्वरूपको पाके सम्यग्ज्ञानके बलसे कर्मोंका क्षयकर सिद्ध हुए निर्वाणमें बस रहे हैं, उनको मैं वन्दता हूँ –

## गाथा – ४

अन्वयार्थ :– [पुनः] फिर [‘अहं’] मैं [तान्] उन [सिद्धगणान्] सिद्धोंको [वन्दे] बन्दता हूँ, [ये] जो [निर्वाणे] मोक्षमें [वसन्ति] तिष्ठ रहे हैं। कैसे हैं, वे [ज्ञानेन] ज्ञानसे [त्रिभुवने गुरुका अपि] तीनलोकमें गुरु हैं, तो भी [भवसागरे] संसार–समुद्रमें [नपतन्ति] नहिं पडते हैं।

भावार्थ :– जो भारी होता है, वह गुरुतर होता है, और जलमें डूब जाता है, वे भगवान त्रैलोक्यमें गुरु हैं, परंतु भव–सागरमें नहीं पड़ते हैं। उन सिद्धोंको मैं वंदता हूँ, जो तीर्थंकरपरमदेव, तथा भरत, सगर, राघव, पांडवादिक पूर्वकालमें वीतरागनिर्विकल्प स्वसंवेदनज्ञानके बलसे निजशुद्धात्मस्वरूप पाके, कर्मोंका क्षयकर, परमसमाधानरूप निर्वाणपदमें विराज रहे हैं उनको मेरा नमस्कार होवे यह सारांश हुआ।।४।।

હવે જેઓ પૂર્વકાળે શુદ્ધ આત્મસ્વરૂપ પામીને સ્વસંવેદનજ્ઞાનના બળથી કર્મોનો ક્ષય કરીને સિદ્ધ થઈને નિર્વાણમાં વસે છે તેમને હું નમસ્કાર કરું છું :

ભાવાર્થ : હવે લોકાલોકના પ્રકાશક કેવળજ્ઞાનરૂપ સ્વસંવેદન વડે ત્રણ લોકના ગુરુ છે તે સિદ્ધોને હું ફરી નમસ્કાર કરું છું, કે જે તીર્થંકર પરમદેવો, ભરત, રામચંદ્ર, પાંડવો આદિ પૂર્વકાળે વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનના બળથી નિજ શુદ્ધ આત્મસ્વરૂપને પામીને કર્મનો ક્ષય કરી હાલ નિર્વાણમાં સદા કાળને માટે બિરાજી રહ્યા છે, એમાં કાંઈ શંકા નથી.*

૧ પાઠાન્તર : गुरून् त्रैलोक्या लोकनपरमात्मस्वरूपनिश्चयव्यवहारपदार्थव्यवहारनय–केवलज्ञानप्रकाशनगुरुकान्। लोकालोकनं परमात्मस्वरूपावलोकनं निश्चयेन पुद्गलादिपदार्थावलोकनं व्यवहारनयेन केवलज्ञानप्रकाशेन.

* પાઠાન્તર : તે સિદ્ધો કેવા છે ? લોકાલોકપ્રકાશે છે તે કેવળજ્ઞાન પ્રાપ્ત સિદ્ધો છે. વ્યવહારનયથી ત્રણ લોક પ્રકાશક પરમાત્મા નિશ્ચયથી સ્વસ્વરૂપમાં રહેલા સિદ્ધો નિર્વાણપદમાં સ્થિત છે. આથી અહીં નિર્વાણપદ ઉપાદેય છે. એવો તાત્પર્યાર્થ છે. ૪.

## ગાથા-૪ ઉપર પ્રવચન

**'આગે જો મહામુનિ હોકર શુદ્ધાત્માસ્વરૂપકો પાકે...'** પહેલા તો સિદ્ધ થઈ ગયા, થશે, વર્તમાન છે એની વાત કરી. હવે મહામુનિ થઈને સિદ્ધ થશે. આહાહા..! પછી હજી આચાર્ય, ઉપાધ્યાયની ગાથા છેલ્લી આવશે. આ તો પહેલી સમુચ્ચય વાત છે. મહામુનિ આનંદરૂપી આનંદમાં રમત કરતાં. આહાહા..! **'શુદ્ધાત્માસ્વરૂપકો પાકે...'** મહામુનિ આનંદમય થઈને શુદ્ધાત્મ સ્વરૂપને પ્રાપ્ત કરીને. શુદ્ધાત્મ સ્વરૂપને જેણે દશામાં પ્રાપ્ત કર્યું છે એને મુનિ કહીએ. આહાહા..!

**'સમ્યગ્જ્ઞાનકે બલસે...'** આહાહા..! આત્માના સ્વસંવેદન જ્ઞાનના બળથી **'કર્મોંકા ક્ષયકર સિદ્ધ હુએ...'** કર્મનો નાશ કરીને. જોયું! શુદ્ધાત્મ સ્વરૂપને પામી **'સમ્યગ્જ્ઞાનકે બલસે...'** અંતર જ્ઞાનના બળથી **'કર્મોંકા ક્ષયકર સિદ્ધ હુએ...'** કોઈ વ્યવહાર કરતાં કરતાં સિદ્ધ થયા એમ છે નહિ. આ મોટો વાંધો અત્યારનો. આહાહા..! વ્યવહાર પણ મોક્ષમાર્ગ છે, એ તમારા 'રતનચંદ' કહે છે. બે મોક્ષમાર્ગ છે. બે ન માને એ ભ્રમમાં છે. 'ટોડરમલ' કહે છે કે બે મોક્ષમાર્ગ માને એ ભ્રમમાં છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઓલો પણ કહે છે ને? કેવો વિચાર? કેવો તમારો? 'વિવેકસાગર'. 'વિકાસચંદજી'. એમ કહે છે ને કે 'ટોડરમલજી' ભૂલ્યા. ચોથે ગુણસ્થાને નિશ્ચય સમ્યગ્દર્શન વીતરાગ હોય એ માની ભૂલ્યા છે. 'શ્રીમદ્' ભૂલ્યા, તમે ભૂલ્યા. અહીં કાગળ આવ્યો છે. 'વિકાસચંદજી' એક બ્રહ્મચારી છે. અહીં 'ચેતનજી'નો (મિત્ર) દોસ્તાર હતો, પહેલા. નાના ગામડામાં ક્યાંક રહે છે.

મુમુક્ષુ :- 'રતનચંદજી...'

ઉત્તર :- હા. એ 'રતનચંદજી'.

ચોથે ગુણસ્થાને નિશ્ચય સમ્યગ્દર્શન વીતરાગી હોય (એમ માનનારા) ભૂલેલા છે. ચોથે ગુણસ્થાને સરાગ સમકિત જ હોય. 'જયસેનાચાર્ય' એમ કહે છે, એમ કરીને (આધાર આપે છે). સમકિત રાગ સહિત એ તો ચારિત્રના દોષ સહિતની વાત કરી. સમકિત તો વીતરાગી સમકિત છે. પૂર્ણાનંદના નાથની અંતર અનુભવમાં પ્રતીતિ, એ તો વીતરાગી પર્યાય છે. ચોથે ગુણસ્થાને વીતરાગી પર્યાયનું સમકિત છે. આહાહા..! બહુ કાગળ આવે છે. મહિને, બે મહિને કાગળ આવે, શિખામણ આપવા. એને બેઠું નથી ને.

મુમુક્ષુ :- કહે એ જુદો વિષય અને શિખામણ આપે એ જુદો વિષય.

ઉત્તર :- એને એમ કે ભૂલમાં તમે (છો અને) આ બધા માણસને ભૂલમાં નાખો છો. ચોથે ગુણસ્થાને તો સરાગ સમકિત જ હોય. (તે એમ કહે છે) આહાહા..!

અહીં કહે છે, મહામુનિ થઈને... આહાહા..! ત્રણ કષાયનો અભાવ થઈ જેણે મહામુનિ શુદ્ધાત્મ સ્વરૂપને પ્રાપ્ત કર્યું છે. આનંદના નાથને જેણે પર્યાયમાં હથેળીમાં જેમ મેળવે એમ

મેળવ્યો છે. આહાહા..! મુનિ એને કહીએ. '**મહામુનિ હોકર શુદ્ધાત્મસ્વરૂપકો પાકે...**' 'વિદ્યાનંદજી' કાંઈક કહે છે. રાત્રે બોલે છે. રાત્રે વાત પણ કરે છે. ૩૫ પ્રકારના સાધુ છે એ માયલો હું સાધુ થયો. એવો .. કાંઈક. આહાહા..! અરેરે..! ભાઈ! હજી તો વ્યવહારની શ્રદ્ધાના ઠેકાણા નથી. પણ લોકો મળે છે ને ગાંડા બધા... સભા મોટી થાય, રાજી-રાજી કરી દે.

અહીં તો કહે છે કે મુનિ એને કહીએ, જેને શુદ્ધ સ્વરૂપ અનુભવમાં પ્રાપ્ત થયું છે. જેની પર્યાયમાં શુદ્ધાત્મા પ્રાપ્ત કર્યો છે. દ્રવ્યમાં તો છે. આહાહા..! વીતરાગી ત્રણ કષાયના અભાવની પર્યાયમાં શુદ્ધાત્મા પ્રાપ્ત કર્યો છે, પવિત્ર આનંદના નાથને મેળવ્યો છે. આહા..! અને એના સમ્યગ્જ્ઞાનના બળથી. એ સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત થયું એના બળથી '**કર્મોંકા ક્ષયકર સિદ્ધ હુએ નિર્વાણમેં બસ રહે હૈં,...**' એવા મહામુનિઓ પણ નિર્વાણમાં અત્યારે વસે છે. '**ઉનકો મૈં વન્દતા હૂં.**' આહાહા..! શું સિદ્ધની ભક્તિનો પ્રેમ ઉછળ્યો છે ને! છ ગાથા સુધી એ લેશે. સાતમા પછી આચાર્ય, ઉપાધ્યાય, સાધુ લેશે. પછી આઠમામાં 'પ્રભાકર ભટ્ટ' પ્રશ્ન કરશે.

**૪) ते पुणु वंदउँ सिद्ध-गण जे णिव्वाणि वसंति।**
**णाणिं तिहुयणि गरुया वि भव-सायरि ण पडंति।।४।।**

**અન્વયાર્થ :-** '**ફિર મૈં ઉન સિદ્ધોંકો વન્દતા હૂં, જો મોક્ષમેં તિષ્ઠ રહે હૈં.**' મોક્ષમાં રહ્યા છે. આહા..! '**કૈસે હૈં, વે જ્ઞાનસે તીનલોકમેં ગુરુ હૈં,...**' જ્ઞાનથી ત્રણલોકના ગુરુ છે. આહાહા..! '**તો ભી સંસાર-સમુદ્રમેં નહિ પડતે હૈં.**' એટલે શું કહે છે? ગુરુ છે છતાં હેઠે પડતા નથી. ભારે ચીજ તો હેઠે પડે. આહાહા..! ત્રણલોકના મોટા ગુરુ છે. ઓહો..! '**તો ભી સંસાર-સમુદ્રમેં નહિ પડતે હૈં.**'

**ભાવાર્થ :-** '**જો ભારી હોતા હૈ, વહ ગુરુતર હોતા હૈ,...**' લોઢું વજનદાર (હોય). '**ઔર જલમેં ડૂબ જાતા હૈ,...**' ભારે ચીજ જળમાં ડૂબી જાય છે. '**વે ભગવાન ત્રૈલોક્યમેં ગુરુ હૈં,...**' આહાહા..! ત્રણલોકમાં એના જેવા કોઈ મોટા ગુરુ નથી. સિદ્ધ સમાન મોટી કોઈ ચીજ નથી. આહાહા..! '**પરંતુ ભવ-સાગરમેં નહીં પડતે હૈં.**' આહાહા..! ત્રણલોકમાં મોટા છે, મહંત છે. આહાહા..! મહાત્મા, મહા-આત્મા થઈ ગયા એ તો. છતાં ભવસાગરમાં પડતા નથી. કેવી શૈલી લીધી, જોયું! ઓલામાં લીધું છે ને ક્યાંક? નહિ? એમ કે સિદ્ધની સંખ્યા થોડી છે. છતાં સિદ્ધની સંખ્યા સંસારીને ખેંચે છે, સિદ્ધ થવા. આવે છે ને? સિદ્ધ થોડા છતાં ઊંચા અને મોટા છે. એ સંસારીજીવને ખેંચે છે. સંસારી જીવ એને ખેંચી નથી શકતો. એવું આવે છે. 'અષ્ટપાહુડ'માં આવે છે ઘણું કરીને. 'અષ્ટપાહુડ' છે ને? એમાં (છે). આહાહા..! 'અષ્ટપાહુડ'માં ક્યાંક છે. આહાહા..! અનંત સિદ્ધો ઊંચે રહેલા લોકને અગ્રે, એ ખેંચાઈને સંસારી અનંત છે તે ખેંચાઈને અહીં આવતા નથી. પણ સિદ્ધને એવી શક્તિ છે કે એનું લક્ષ કરે છે એ સંસારી ખેંચાઈને સિદ્ધ થાય. આહાહા..! એમ કરીને ત્યાં તો એમ સિદ્ધ કરવું છે કે સિદ્ધ છે એ સંસારમાં આવતા નથી. એમ. આ લોકો કહે છે ને બધા મોક્ષ જાય.. કાલે આવ્યું હતું ને? ચિંતા થાય એટલે પાડો નીચે પાછા એને. ભાન વિનાના. આહાહા..!

‘**ઉન સિદ્ધોંકો મૈં વંદતા હૂં,...**’ કેવા? પરમાત્મપદ મહામોટપ મળી છતાં હેઠે આવતા નથી. એવા સિદ્ધોને હું વંદું છું. આહાહા..! ‘**જો તીર્થંકરપરમદેવ તથા ભરત,...**’ ચક્રવર્તી. ‘**સગર,...**’ ચક્રવર્તી. ‘**રાઘવ,...**’ રાઘવ એટલે રામ. ‘**પાંડવાદિક પૂર્વકાલમેં વીતરાગનિર્વિકલ્પ...**’ આહાહા..! પાંડવો પાંચ. ‘**પૂર્વકાલમેં વીતરાગનિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનકે બલસે નિજશુદ્ધાત્મસ્વરૂપ પાકે,...**’ ત્રણ મોક્ષે પધાર્યા છે એ તો સર્વાર્થસિદ્ધિમાં ગયા છે. આહાહા..! એ પાંચ પાંડવો ... જરી વિકલ્પ આવી ગયો, કેમ હશે? કહો, ફક્ત સાધર્મી છે. એને લોઢાના (ગરમ દાગીના) પહેરાવ્યા. આહાહા..! કહો, એવા ચોથે કાળે આવા મુનિઓને લોઢાના ધગધગતા દાગીના પહેરાવ્યા. ત્રણ તો ધ્યાનમાં રહી મોક્ષ પધાર્યા. બેને જરી વિકલ્પ રહ્યો. વિકલ્પ તો શુભ આવ્યો હતો. કેમ હશે? ૩૩ સાગરનું આયુષ્ય બંધાઈ ગયું. કેવળજ્ઞાન દૂર થયું. આહાહા..! એક શુભ વિકલ્પ સાધર્મીને કેમ છે એવા વિકલ્પમાં ૩૩ સાગર વધી ગયા. અને પછી પણ હજી એક બીજો ભવ મનુષ્યનો કરશે. આહાહા..! શુભભાવ સંસારમાં દાખલ કરવાની ચીજ છે. આવે છે ને? પુણ્ય-પાપમાં. આ મુનિ શુભભાવથી સંસારમાં દાખલ થયા. બે ભવ થયા. હવે એ શુભભાવથી આત્માને ધર્મ થાય, લાભ થાય, ઘણી દૃષ્ટિની વિપરીતતા.

અહીં કહે છે તીર્થંકરદેવો ‘**પરમદેવ, તથા ભરત (ચક્રવર્તી), સગર (ચક્રવર્તી), રાઘવ,...**’ નામ રામ. ‘રામચંદ્રજી’ મોક્ષ પધાર્યા છે. ‘**પાંડવાદિક પૂર્વકાલમેં વીતરાગનિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનકે બલસે...**’ લ્યો! આ બળથી મોક્ષ પધાર્યા છે એમ કહે છે. વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન આત્માના વેદનના જ્ઞાનબળથી ‘**નિજશુદ્ધાત્મસ્વરૂપ પાકે,...**’ આહાહા..! નિજ નામ પોતાનું શુદ્ધાત્મ સ્વરૂપ પર્યાયમાં પામીને ‘**કર્મોંકા ક્ષયકર,...**’ આહાહા..! ‘**પરમસમાધાનરૂપ...**’ એ નિર્વાણની વ્યાખ્યા કરે છે. ચોથું છે ને? ચોથું છે. ‘**निर्वाणे तिष्ठन्ति**’ ‘**समाहितस्व**’ ‘**समाहितस्वस्वरूपभूते निर्वाणपदे तिष्ठन्ति** ’ લખ્યું છે. ‘**समाहितस्वस्वरूपभूते**’ આહાહા..! સમાન સમાધાન, ...સમાધાન. આહાહા..! એવા ‘**નિર્વાણપદમેં વિરાજ રહે હૈં ઉનકો મેરા નમસ્કાર હો...**’ એ ચાર ગાથા થઈ.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**अतः ऊर्ध्वं यद्यपि व्यवहारनयेन मुक्तिशिलायां तिष्ठन्ति शुद्धात्मनः हि सिद्धास्तथापि निश्चयनयेन शुद्धात्मस्वरूपे तिष्ठन्तीति कथयति –**

**५) ते पुणु वंदउँ सिद्ध-गण जे अप्पाणि वसंत।**
**लोयालोउ वि सयलु इहु अच्छहिँ विमलु णियंत।।५।।**

**तान् पुनर्वन्दे सिद्धगणान् ये आत्मनि वसन्तः।**
**लोकालोकमपि सकलं इह तिष्ठन्ति विमलं पश्यन्तः।।५।।**

**ते पुणु वंदउं सिद्धगण तान् पुनर्वन्दे सिद्धगणान्। जे अप्पाणि वसंत लोयालोउ वि सयलु इहु**

अत्थ (च्छ) हिं विमलु णियंत ये आत्मनि वसन्तो लोकालोकं सततस्वरूपपदार्थं निश्चयन्त इति। इदानीं विशेषः। तद्यथा–तान् पुनरहं वन्दे सिद्धगणान् सिद्धसमूहान् वन्दे कर्मक्षयनिमित्तम्। पुनरपि कथंभूतं सिद्धस्वरूपम्। चैतन्यानन्दस्वभावं लोकालोकव्यापिसूक्ष्मपर्यायशुद्धस्वरूपं ज्ञानदर्शनोपयोगलक्षणम्। निश्चय एकीभूतव्यवहाराभावे स्वात्मनि अपि च सुखदुःखभावाभाव–योरेकीकृत्य स्वसंवेद्यस्वरूपे स्वयत्ने तिष्ठन्ति। उपचरितासद्भूतव्यवहारे लोकालोकावलोकनं स्वसंवेद्यं प्रतिभाति, आत्मस्वरूपकैवल्यज्ञानोपशमं यथा पुरुषार्थपदार्थदृष्टोः भवति तेषां बाह्यवृत्तिनिमित्तमुत्पत्तिस्थूलसूक्ष्मपरपदार्थव्यवहारात्मानमेव जानन्ति। यदि निश्चयेन तिष्ठन्ति तर्हि परकीयसुखदुःखपरिज्ञाने सुखदुःखानुभवं प्राप्नोति, परकीयरागद्वेषहेतुपरिज्ञाने च रागद्वेषमयत्वं च प्राप्नोतीति महद्दूषणम्। अत यत् निश्चयेन स्वस्वरूपेऽवस्थानं भणितं तदेवोपादेयमिति भावार्थः।।५।।

---

आगे यद्यपि वे सिद्ध परमात्मा व्यवहारनयकर लोकालोकको देखते हुए मोक्षमें तिष्ठ रहे हैं, लोकके शिखर ऊपर विराजते हैं, तो भी शुद्ध निश्चयनयकर अपने स्वरूपमें ही स्थित हैं, उनको मैं नमस्कार करता हूँ।

## गाथा – ५

अन्वयार्थ :– [ 'अहं' ] मैं [ पुनः ] फिर [ तान् ] उन [ सिद्धगणान् ] सिद्धोंके समूहको [ वन्दे ] वंदता हूँ [ ये ] जो [ आत्मनि वसन्तः ] निश्चयनयकर अपने स्वरूपमें तिष्ठते हुए व्यवहारनयकर [ सकलं ] समस्त [ लोकालोकं ] लोक अलोकको [ विमलं ] संशय रहित [ पश्यन्तः ] प्रत्यक्ष देखते हुए [ तिष्ठन्ति ] ठहर रहे हैं।

भावार्थ :– मैं कर्मोंके क्षयके निमित्त फिर उन सिद्धोंको नमस्कार करता हूँ, जो निश्चयनयकर अपने स्वरूपमें स्थित हैं और व्यवहारनयकर सब लोकालोकको निःसंदेहपनेसे प्रत्यक्ष देखते हैं, परंतु पदार्थोंमें तन्मयी नहीं हैं, अपने स्वरूपमें तन्मयी हैं। जो परपदार्थोंमें तन्मयी हो, तो परके सुख–दुःखसे आप सुखी–दुःखी होवे, ऐसा उनमें कदाचित् नहीं है। व्यवहारनयकर स्थूलसूक्ष्म सबको केवलज्ञानकर प्रत्यक्ष निःसंदेह जानते हैं, किसी पदार्थसे राग–द्वेष नहीं है। यदि रागके हेतुसे किसीको जाने, तो वे राग द्वेषमयी होवें, यह बड़ा दूषण है, इसलिये यह निश्चय हुआ कि निश्चयनयकर अपने स्वरूपमें निवास करते हैं परमें नहीं, और अपनी ज्ञायकशक्तिकर सबको प्रत्यक्ष देखते हैं जानते हैं। जो निश्चयकर अपने स्वरूपमें निवास कहा, इसलिये वह अपना स्वरूप ही आराधने योग्य है, यह भावार्थ हुआ।।५।।

**ત્યાર પછી જો કે શુદ્ધ આત્માઓ સિદ્ધ ભગવંતો-વ્યવહારનયથી મુક્તિશિલા ઉપર બિરાજે છે. તોપણ નિશ્ચયનયથી પોતાના શુદ્ધ આત્મસ્વરૂપમાં જ સ્થિત છે એમ કહે છે :**

**[૧]ભાવાર્થ : હું કર્મના ક્ષય અર્થે ફરીને તે સિદ્ધોને નમસ્કાર કરું છું કે જેઓ નિશ્ચયનયથી પોતાના સ્વરૂપમાં સ્થિત છે અને વ્યવહારનયથી સર્વ લોકાલોકને નિઃસંદેહપણે પ્રત્યક્ષ દેખે છે પરંતુ પર પદાર્થોમાં તન્મય નથી, પોતાના સ્વરૂપમાં તન્મય છે. જો નિશ્ચયનયથી પરપદાર્થમાં તન્મય થઈને તેમને જાણે તો પરના સુખ-દુઃખનું જ્ઞાન થતાં પોતાને સુખ-દુઃખનો અનુભવ થાય અને પરકીય રાગ-દ્વેષ જાણવામાં આવતાં પોતાને રાગદ્વેષમયપણું પ્રાપ્ત થાય એવો મહાન દોષ આવે.**

**અહીં જે નિશ્ચયથી સ્વસ્વરૂપમાં અવસ્થાન કહ્યું છે તે જ ઉપાદેય છે એવો ભાવાર્થ છે. ૫.**

## વીર સંવત ૨૫૦૨, જેઠ સુદ ૧૩, ગુરુવાર
## તા. ૧૦-૦૬-૧૯૭૬, ગાથા-૫-૬, પ્રવચન નં. ૫

'પરમાત્મપ્રકાશ' બનાવ્યું. એમાં સાત ગાથામાં સિદ્ધ ભગવાનને નમસ્કાર કર્યા છે. સાત ગાથા. પહેલી ગાથામાં ગયા કાળના સિદ્ધોને નમસ્કાર કર્યા. અનંત સિદ્ધો. બીજી ગાથામાં ભવિષ્યમાં અનંત સિદ્ધ થશે એને નમસ્કાર કર્યા. ત્રીજી ગાથામાં વર્તમાન ભગવાન બિરાજે છે એ પણ ભાવે સિદ્ધ છે ને? એને નમસ્કાર કર્યા. ચોથામાં મહામુનિ થઈને નિર્વાણને પ્રાપ્ત થયા, સમ્મુચય મહામુનિ લીધા, ગણધરનું આવ્યું છે આમાં, ચોથીમાં એ નમસ્કાર કર્યા. પાંચમીમાં એનું નિવાસસ્થાન ક્યાં છે એમ નિર્ણય કરીને નમસ્કાર કરે છે. છઠ્ઠીમાં એની પર્યાયમાં ગુણ શું છે એનું સ્મરણ કરીને નમસ્કાર કરે છે. અને સાતમીમાં આચાર્ય-ઉપાધ્યાય-સાધુને નમસ્કાર કરે છે. આ રીતે સાત ગાથાઓમાં નમસ્કાર(ની વિધિ આ છે.) આહાહા..! સમજાણું કાંઈ? શું કહ્યું?

ફરીને. પહેલી ગાથામાં ગયા કાળના અનંત સિદ્ધોને યાદ કરીને અને સિદ્ધ કેમ પામ્યા એ સ્થિતિનું વર્ણન કરીને એને નમસ્કાર કર્યા. ભવિષ્યમાં પણ અનંત 'શ્રેણિક' રાજા આદિ કઈ વિધિએ મોક્ષમાર્ગથી મોક્ષ પામશે, એને યાદ કરીને ભવિષ્યના અનંત સિદ્ધોને નમસ્કાર કર્યા. વર્તમાનમાં તીર્થંકરદેવ કર્મ ઈંધણમાં અગ્નિમાં કર્મને બાળે છે. ચાર ઘાતિ છે ને. એને યાદ કરીને એમને નમસ્કાર કર્યા. ચોથીમાં મહામુનિ ગણધરાદિ. ચોથો બોલ એમ છે. એને નમસ્કાર (કર્યા). સિદ્ધપદને પામ્યા એને નમસ્કાર. અને આ પાંચમી આવી. પાંચમી ગાથામાં એનું નિવાસસ્થાન ક્યાં એ નિર્ણય કરીને નમસ્કાર કરે છે. એ સિદ્ધો છે ક્યાં? સમજાણું કાંઈ? એ પાંચમી ગાથા છે.

---

૧ અહીં સંસ્કૃત ટીકા અશુદ્ધ છે તેથી હિંદીના આધારે ભાવાર્થ લખ્યો છે.

**'આગે યદ્યપિ વે સિદ્ધ પરમાત્મા વ્યવહારનયકર લોકાલોકકો દેખતે હુએ મોક્ષમેં તિષ્ઠ રહે હૈં,...'** લોકાલોકને જાણીને મોક્ષમાં રહ્યા છે. એ વ્યવહાર થયો. આહાહા..! **'લોકકે શિખર ઉપર બિરાજતે હૈં તો ભી શુદ્ધ નિશ્ચયનયકર અપને સ્વરૂપમેં હી સ્થિત હૈં,...'** બાહ્ય ક્ષેત્રથી વ્યવહારથી વાત કરી. નિશ્ચયથી તો પોતાના સ્વરૂપમાં ત્યાં બિરાજે છે. એ રીતે સિદ્ધોને યાદ કરીને નમસ્કાર કર્યા છે. પાંચમી ગાથા.

**૫) ते पुणु वंदउँ सिद्ध-गण जे अप्पाणि वसंत।**
**लोयालोउ वि सयलु इहु अच्छहिँ विमलु णियंत।।५।।**

જોયું! **'अप्पाणि वसंत'** વજન ત્યાં છે. આત્મા વસે છે ક્યાં, એ અપેક્ષા લઈને વંદન કર્યા છે. કારણ કે બીજા અન્યમતમાં તો એવું કાંઈ છે નહિ. પરમાત્મા ક્યાં છે. અને પરમાત્મપદ પામ્યા એનું કાંઈક સ્થાન હોય કે નહિ? સ્થાન માટે વ્યવહારે લોક ઉપર, નિશ્ચય પોતામાં. આહાહા..! સમજાણું કાંઈ?

**અન્વયાર્થ :- 'મૈં ફિર ઉન સિદ્ધોંકે સમૂહકો વંદતા હૂં...'** આહાહા..! ઘણું જ માંગલિક. 'પરમાત્મપ્રકાશ'નું વર્ણન કરવું છે ખરું ને. **'જો નિશ્ચયનયકર અપને સ્વરૂપમેં તિષ્ઠતે હુએ...'** આ સિદ્ધાંત છે. આહાહા..! નિશ્ચયથી ભગવાન પોતાના સ્વરૂપમાં જ છે ત્યાં. લોકાગ્રે છે એમ કહેવું એ તો વ્યવહાર છે. આહાહા..! એ તો વ્યવહાર છે એવું બતાવ્યું ખરું. એનું સ્થાન વ્યવહારે પર લોકાગ્રે છે. અને નિશ્ચયમાં તો ભગવાન પોતાના આનંદસ્વરૂપમાં નિવાસ છે એનો. લોકમાં શિખર ઉપર નિવાસ છે એ તો વ્યવહારથી નિમિત્તપણાનું જ્ઞાન કરાવવા વાત કરી છે. આહાહા..!

**'નિશ્ચયનયકર અપને સ્વરૂપમેં તિષ્ઠતે હુએ...' 'आत्मनि वसन्तो'** આહાહા..! કોઈક કહે છે ને કે વૈકુંઠમાં છે ને ફલાણું છે ને ઢીંકણું છે. અમારા સાધુને તમે આહાર-પાણી આપશો તો વૈંકુઠમાં તમને આહાર-પાણી આપશે. લાડવા મળશે ત્યાં.

મુમુક્ષુ :- મતાર્થને નિષેધે છે.

ઉત્તર :- ... નિષેધ થાય છે. મતાર્થ, આગમાર્થ, નયાર્થ એ બધા એકે એક ગાથામાં પહેલા કહી ગયા છે ને? એ રીતે ઉતાર્યું છે. ઓહોહો..!

**'સમસ્ત લોક અલોકકો સંશય રહિત પ્રત્યક્ષ દેખતે હુએ...'** છે? **'સમસ્ત લોક અલોકકો સંશય રહિત પ્રત્યક્ષ દેખતે હુએ ઠહર રહે હૈં.'** આહાહા..! **'મૈં કર્મોંકે ક્ષયકે નિમિત્ત...'** આચાર્ય પોતે કહે છે. **'મૈં કર્મોંકે ક્ષયકે નિમિત્ત ફિર ઉન સિદ્ધોંકો નમસ્કાર કરતા હૂં,...' 'કર્મોંકે ક્ષયકે નિમિત્ત...'** મારું લક્ષ સ્વભાવ ઉપર છે, એમાં નમસ્કાર કરવામાં ભલે વિકલ્પ છે પણ મારું લક્ષ સ્વભાવ ઉપર જોર છે. તેને કારણે કર્મનો ક્ષય થાય છે.

'અમૃતચંદ્રાચાર્યે' કહ્યું ને? કે આ ટીકાથી જ મારી શુદ્ધિ વધો, અશુદ્ધિ ટળો. કહ્યું ને? મમ વિશુદ્ધિ. ટીકા એવ, એમ શબ્દ છે. એનો અર્થ છે કે ટીકાના કાળમાં મારું લક્ષ જે દ્રવ્ય ઉપરના જોરમાં છે એ કાળમાં શુદ્ધિ વધજો. આહાહા..! સમજાણું કાંઈ? નહિતર ટીકા

કરવાનો તો વિકલ્પ છે. ટીકાથી મારી વિશુદ્ધિ હજો અને અશુદ્ધિ ટળજો, પાઠ તો એવો છે. ટીકાના કાળમાં મારું ઘોલન અખંડ આનંદ પ્રત્યે, પ્રભુ પ્રત્યે .. એના પ્રત્યે મારું ઘોલન વધશે એમાં અશુદ્ધિ ટળશે અને શુદ્ધિ વધશે. સમજાણું કાંઈ? જ્ઞાતામાં આવ્યું છે ને? તદ્ગુણ લબ્ધયે.

મુમુક્ષુ :- 'મોક્ષમાર્ગસ્ય નેતારં ભેતારં કર્મ ભૂભૃતામ' 'જ્ઞાતારં વિશ્વ તત્વાનાં વંદે તદ્ગુણલબ્ધયે' (તત્વાર્થસૂત્ર)

ઉત્તર :- તમારા ગુણની પ્રાપ્તિ માટે તમને વંદન કરું છું. એના ગુણની પ્રાપ્તિ વંદનના વિકલ્પથી થાય? સમજાય છે?

મુમુક્ષુ :- ગાથા તો એમ કહે છે.

ઉત્તર :- પણ કઈ અપેક્ષા છે એ જાણવું જોઈએ ને. એનું હૃદય શું છે? આહાહા..! એની તકરાર છે. એ તકરાર (કરે છે), જુઓ! ભગવાનને વંદન કરવાથી પણ એમના ગુણની પ્રાપ્તિ થાય છે. વિકલ્પથી પણ (થાય છે). આનો અર્થ કર્યો. એમ નથી, ભાઈ! એ તો વ્યવહારના શબ્દો છે. પણ હું વંદન કરું છું અને તેના જે ગુણો મારા ચૈતન્ય છે એના ગુણ ઉપર મારું જોર અંદરથી છે. એથી વંદનના કાળમાં મારું સ્વભાવ તરફનું જોર (છે), એનાથી મને ગુણની પ્રાપ્તિ થશે. આહાહા..! આવું છે બધું. શબ્દાર્થ ફેરવી નાખે.

મુમુક્ષુ :- આપ તો સબ શબ્દ કા અર્થ બદલ દેતે હૈં.

ઉત્તર :- બદલ દેતે હૈં, કહે છે.

મુમુક્ષુ :- આપ તો બદલે હુએ કો બદલતે હૈં.

ઉત્તર :- અહીં શબ્દ એ છે એટલે અહીં તો કાઢવું પડ્યું. સંસ્કૃત પાઠ છે, હોં! છે ને? આહાહા..!

**'कर्मक्षयनिमित्तम्'** સંસ્કૃતમાં છે. ચોથી લીટી. **'सिद्धगणान् सिद्धसमूहान् वन्दे कर्मक्षयनिमित्तम्।'** ચોથી લીટી છે. એનો અર્થ જાણવો જોઈએ ને. એક કોર પરમાત્મા એમ કહે કે પરદ્રવ્યના આશ્રયે તો રાગ જ થાય. અને એક કોર (કહે), પરદ્રવ્યના આશ્રયે કર્મનો ક્ષય થાય. એ ન્યાય શું છે એ સમજવું જોઈએ ને, બાપુ! કઈ શૈલીની આ વ્યાખ્યા છે. જુઓ! આમાં કર્મનો ક્ષય થાય છે. ભગવાનને પગે લાગવાથી, સ્તુતિ કરવાથી. 'ધવલ'માં પણ એમ આવે છે. શાસ્ત્રની સ્વાધ્યાય કરતાં અસંખ્ય કર્મની નિર્જરા થાય છે. શાસ્ત્રની, હોં! પાઠ એવો છે. કઈ શૈલી છે એ જાણવું જોઈએ ને. એક કોર કહે, શાસ્ત્રનો સ્વાધ્યાય છે, બહારનું જ્ઞાન છે એ વિકલ્પ છે. કળશટીકામાં. 'કળશટીકા'માં છે. આહાહા..! ભાઈ!

મુમુક્ષુ :- 'કળશટીકા' તો ગૃહસ્થની છે, પેલું આચાર્યનું છે.

ઉત્તર :- ગમે તે હોય. વિકલ્પ છે એ બંધનું કારણ છે અને એમાં પણ અનુભૂતિ કીધી છે. એમ લખ્યું છે. કળશ છે ને? કળશમાં. બાર અંગમાં, બાર અંગનું જ્ઞાન છે એ વિકલ્પ છે. પણ એમાં પણ ભગવાનઆત્માનો અનુભવ કરવો એવું કહ્યું છે. 'કળશટીકા'માં (છે). સમજાય છે?

૧૩ કળશ. **'એમ જાણવું કે આત્માનુભવ મોક્ષમાર્ગ છે. આ પ્રસંગે બીજો પણ સંશય થાય છે કે, કોઈ જાણશે કે દ્વાદશાંગજ્ઞાન કોઈ અપૂર્વલબ્ધિ છે. તેનું સમાધાન આમ છે કે દ્વાદશાંગજ્ઞાન પણ વિકલ્પ છે. તેમાં પણ એમ કહ્યું છે કે શુદ્ધાત્માનુભૂતિ મોક્ષમાર્ગ છે.'** આહાહા..! કર્મનો ક્ષય શુદ્ધાત્માનુભૂતિથી થાય છે. સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા પૂર્ણ શુદ્ધ આત્મા, એનો અનુભવ, એને અનુસરીને દ્રવ્યને આશ્રયે નિર્મળ વીતરાગી દશા થાય એ મોક્ષમાર્ગ અને એ કર્મક્ષયનું કારણ છે. છે? કળશ છે. ૧૩. નીચે. તદ્દન નીચે. છે ને? બીજી લીટી. **'એમ જાણવું કે આત્માનુભવ મોક્ષમાર્ગ છે.'** એની નીચે તદ્દન પહેલું. **'આ પ્રસંગે બીજો પણ સંશય થાય છે કે, કોઈ જાણશે કે દ્વાદશાંગજ્ઞાન કોઈ અપૂર્વ લબ્ધિ છે. તેનું સમાધાન આમ છે કે દ્વાદશાંગજ્ઞાન પણ વિકલ્પ છે.'** આહાહા..! **'તેમાં પણ એમ કહ્યું છે કે શુદ્ધાત્માનુભૂતિ મોક્ષમાર્ગ છે.'** આહાહા..!

મુમુક્ષુ :- શુદ્ધાત્માનુભૂતિ મોક્ષમાર્ગ ચૈતન્યને ચૈતન્યનો સંબંધ...

ઉત્તર :- પંડિતજી! જાણવું જોઈએ ને કઈ અપેક્ષા (છે), ભાઈ! ભગવાનની વાણી પૂર્વાપર અવિરોધ હોય છે. પૂર્વાપર અવિરોધ હોય છે, વિરોધ હોતો નથી. પૂર્વાપર વિરોધ હોય એ વીતરાગની વાણી જ ન હોય. આહાહા..!

અહીં કહે છે, **'મૈં કર્મોંકે ક્ષયકે નિમિત્ત ફિર...'** ચાર ગાથામાં તો નમસ્કાર કર્યા. ભૂતકાળના, ભવિષ્યના, વર્તમાનના અને મુનિઓ મોક્ષ પધાર્યા તેને. **'ફિર ઉન સિદ્ધોંકો નમસ્કાર કરતા હૂં, જો નિશ્ચયનયકર અપને સ્વરૂપમેં સ્થિત હૈં,...'** અહીં વજન છે. આ ગાથામાં અહીં વસંત છે. વસંત પણ છે ને પાછું પાઠ? આત્મા... આહાહા..! ભગવાન ત્યાં આત્મામાં વસે છે. આહા! પોતાની શુદ્ધ આનંદની પરિણતિ અને ચતુષ્ટય આદિ અનંતગુણની દશા, એમાં એ વસે છે. આમ વસંત કરીને યાદ કરીને નમસ્કાર કર્યા છે. કર્મનો ક્ષયનો અર્થ મારા સ્વભાવ સન્મુખ મારું જોર છે. તેથી એ ભગવાન અહીં વસે છે એવું યાદ કરીને મને ક્ષય થશે એ સ્વભાવને આશ્રયે થશે. આહાહા..!

મુમુક્ષુ :- ... વાત કરો છો.

ઉત્તર :- વીતરાગ વાણી, બાપા! સર્વજ્ઞનો માર્ગ ઘણો ગહન ગૂઢ. ગૂઢ વાત છે આ તો. ગૂઢવાદ એટલે જે પર્યાયમાં આખું દ્રવ્ય આવતું નથી, એવું જે દ્રવ્ય તે ગૂઢવાદ છે, રહસ્યવાદ છે, સ્વભાવવાદ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ફરીથી ફરમાવો.

ઉત્તર :- એક સમયની પર્યાયમાં દ્રવ્ય સ્વભાવ આવતો નથી અને પર્યાયને લક્ષે તેનું લક્ષ થતું નથી. આહાહા..! એવો જે ભગવાન એક સમયમાં દ્રવ્ય સ્વભાવ, ગૂઢ સ્વભાવ, ગૂઢ છે, રહસ્ય છે. આહાહા..! એ દ્રવ્ય સ્વભાવનું રહસ્ય છે. એ પરમાત્માનો રહસ્યવાદ છે. ગૂઢવાદ છે, સ્વભાવવાદ છે. એક સમયમાં ભગવાન પૂર્ણ શુદ્ધ અનંત આનંદકંદ છે. એ પર્યાયની પાછળ છે એટલે ગૂઢ છે. આહાહા..! સમજાય છે કાંઈ? અન્યમતિમાં ગૂઢવાદ ચાલે છે. કહે છે, પણ એ ગૂઢ આ છે. આહાહા..! જેની રમતું એક સમયની પર્યાયમાં અનાદિથી

રમે છે એને ગૂઢ રહસ્ય સમજવું કઠણ પડે છે. જે પર્યાયમાં નથી અને વસ્તુમાં છે... આહાહા..! એની દૃષ્ટિમાં એ ગૂઢવાદ, રહસ્યવાદ આવવો જોઈએ. સમજાય છે કાંઈ?

અહીં તો આચાર્ય મહારાજ એમ કહે છે કે મેં સિદ્ધને વંદન તો કર્યું ચાર ગાથાએ. પણ પાંચમીમાં એ પ્રભુ ક્યાં વસે છે એને યાદ કરીને હું નમસ્કાર કરું છું. આહાહા..! સમજાણું કાંઈ? કોઈ માણસ એમ તો વિચાર કરે ને કે આ શુદ્ધ ચૈતન્ય આત્મા છે એનું જેને સાધકપણું પ્રગટ્યું, શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન ને શાંતિ પ્રગટી, એવા સાધકજીવને સિદ્ધ થવાને તો અસંખ્ય સમય જોઈએ. શું કીધું સમજાણું? અનંત સમય ન જોવે. આહાહા..! ભલે પંદર ભવ કરે. પણ છે અસંખ્ય સમય. કોઈ અંતર્મુહૂર્તમાં સમકિત પામીને ત્યાં ને ત્યાં કેવળ પામે તોપણ કેવળજ્ઞાન પામવાનો અસંખ્ય સમય છે. એટલે? કે આ વસ્તુ છે એના સાધક સ્વભાવે જે ચડ્યો એને સિદ્ધ થવાને તો અસંખ્ય સમય જ લાગશે. સમજાય છે કાંઈ? તો પછી અનંતકાળમાં સાધક થયા એ અસંખ્ય સમય થઈ ગયા અને અનંત કાળ ગયો. અનંતા સિદ્ધ થયા. સમજાણું કાંઈ? એનું ક્ષેત્ર કાંઈક જોશે કે નહિ?

વસ્તુ છે એને જેણે અંદર જ્ઞાન-દર્શન-ચારિત્ર દ્વારા સાધી અને સાધીને સાધ્ય તો તે અસંખ્ય સમયે પ્રગટ થાય છે. અને ગયો અનંત કાળ. ત્યારે અસંખ્ય સમય પ્રગટ થયો એવા સિદ્ધ રહ્યા છે ક્યાં? સમજાય છે કાંઈ? કારણ કે એવા અનંતા થયા. અંતર સાધક થઈને અસંખ્ય સમયે સિદ્ધ થાય અને અનંતો કાળ ગયો તો અનંતા સિદ્ધ થયા. સમજમાં આવે છે? અનંતકાળ. આહાહા..! એ અનંત છે એ ક્યા ક્ષેત્રે છે? વ્યવહાર ક્ષેત્ર શું? અને નિશ્ચયક્ષેત્ર શું? આહાહા..! (શ્રોતા :- એ ખુલાસો કર્યો) પંડિતજી! એના ભાવ પછી છઠ્ઠી ગાથામાં લેશે. ગુણ ને પર્યાય છઠ્ઠીમાં લેશે. અને સાતમી ગાથામાં લેશે આચાર્ય-ઉપાધ્યાય-સાધુ. એમ કરીને સાત ગાથા સુધી નમસ્કાર (કર્યા છે). આહાહા..! જુઓ! આ માંગલિક કર્યું છે.

કહે છે કે, **'ઉન સિદ્ધોંકો નમસ્કાર કરતા હૂં, જો નિશ્ચયનયકર અપને સ્વરૂપમેં સ્થિત હૈં,...'** ક્ષેત્ર બતાવવું છે ને? આવા સિદ્ધ થયા તો ક્યાં છે હવે? વ્યવહારથી લોકાગ્રે છે, નિશ્ચયથી પોતાના સ્વરૂપમાં છે. આહાહા..! સમજાય છે કાંઈ? ણમો સિદ્ધાણં... ણમો સિદ્ધાણં (બોલે) પણ ણમો સિદ્ધાણં એ સિદ્ધ થયા કઈ રીતે? અને સિદ્ધ થયા તો છે શું એનો ભાવ? અને થયા તો એનું ક્ષેત્ર ક્યું છે? આહાહા..! દિગંબર સંતોએ તો કમાલ કરી નાખી છે! આહાહા..! માણસને તો એમ છે કે અરિહંત છે. જ્યારે એમ કહો કે, સ્વરૂપને સાધન કરીને જીવ છે ક્યાં? તો એક તો એ કહે શરીર સહિત છે એ પણ ક્યાં? અને શરીર રહિત એ પણ ક્યાં? સમજાય છે કાંઈ? પૂર્ણ જ્ઞાન પામ્યા છતાં વાણી નીકળે છે તો શરીર સહિત છે. એની વાણી છે ને? એ શરીર સહિત છે તો ક્યાં? અને શરીર રહિત થઈ ગયા એ ક્યાં? સમજાણું કાંઈ? આહાહા..! જુઓને, પરમાત્મપ્રકાશ! આહાહા..! આ જ્યાં ઝાડ ઊગાડે પછી એને ઓટલો કરે ને પહેલો? ઓટલો સમજો છો? શું કહે છે? આ ઝાડમાં નીચે છે ને? ઓટલો કહે ને આપણે. એને શું કહેતા હશે?

મુમુક્ષુ :- ચબુતરા.

ઉત્તર :- હા. ચબુતરા-ચબુતરા. આ ચબુતરો કર્યો. આહાહા..! 'પરમાત્મપ્રકાશ' કહેવા પહેલાં એના મૂળિયા સિદ્ધને સ્થાપ્યા. એક એક કાળના. એના ભૂતના, ભવિષ્યના, વર્તમાનના મુનિઓ થયા તેને અને ક્યા ક્ષેત્રમાં રહ્યા તેને. આહાહા..!

મુમુક્ષુ :- ક્ષેત્ર બતાવે છે.

ઉત્તર :- ક્ષેત્ર બતાવે છે. આહા..! આ કાંઈ અદ્ધરની વાત નથી એમ બતાવે છે. વસ્તુની આવી સ્થિતિ છે. એક તો કર્મ અને ક્ષય નિમિત્તનો અર્થ કર્યો.

**'ફિર ઉન સિદ્ધોંકો નમસ્કાર કરતા હૂં, જો નિશ્ચયનયકર અપને સ્વરૂપમેં સ્થિત હૈં,...'** ઓહો..! અસંખ્ય પ્રદેશમાં અનંત ગુણની શક્તિ અને એની પરિણતિ અનંત ગુણની પોતામાં છે. આહાહા..! ત્યાં એ ઉતાર્યું છે કે પર્યાયનું ક્ષેત્ર ભિન્ન છે, દ્રવ્યનું ક્ષેત્ર ભિન્ન છે. શું કહ્યું ઈ? 'સંવર અધિકાર'માં કહ્યું છે. વિકાર વસ્તુ છે એનું ક્ષેત્ર જુદું છે. વિકાર.. વિકાર. જેટલા ક્ષેત્રમાં ઉત્પન્ન થાય છે ને? એટલું ક્ષેત્ર જુદું છે. ધ્રુવ ક્ષેત્ર જુદું. એની નિર્મળ પર્યાય પણ જેટલા ક્ષેત્રમાંથી ઉત્પન્ન થાય છે એટલું ક્ષેત્ર પર્યાયનું જુદું છે અને દ્રવ્યનું જુદું છે. સમજાણું કાંઈ? અહીં તો દ્રવ્ય ને પર્યાય બાહ્ય ક્ષેત્રે ક્યાં છે, અંદરમાં ક્યાં છે એ વાત કરે છે. આહાહા..!

**'નિશ્ચયનયકર અપને સ્વરૂપમેં સ્થિત હૈં,...'** આહાહા..! સ્વરૂપમાં સ્થિત છે એ તો ઠીક પણ હવે વ્યવહારક્ષેત્ર ક્યું? અહીં સિદ્ધ થયા તે ત્યાં ને ત્યાં રહ્યા છે? સિદ્ધ તો અહીં થયા છે ને? ત્યાં સિદ્ધ નથી થયા, સિદ્ધ તો અહીં થયા છે. આઠેય કર્મનો અભાવ થઈને સિદ્ધ તો અહીં થયા છે. સ્વરૂપમાં સ્થિત છે ... પણ હવે ક્ષેત્ર અહીં ને અહીં છે કે બીજું ક્ષેત્ર છે એને? સમજાણું કાંઈ? આહાહા..! **'અપને સ્વરૂપમેં સ્થિત હૈં, ઔર વ્યવહારનયકર...'** છે ને વ્યવહાર? બીજું ક્ષેત્ર છે ને? આહાહા..!

**'સબ લોકાલોકકો નિઃસંદેહપનેસે પ્રત્યક્ષ દેખતે હૈં,...'** એ વાત લીધી હવે. ભલે એ ક્ષેત્ર અગ્રમાં છે. પણ એટલા ક્ષેત્રને નહિ લોકાલોકક્ષેત્રને જાણે છે. આહાહા..! સમજાણું કાંઈ? એમ ને એમ ગોઠવી દે એમ નહિ. એને અંદર ભાવમાં એનું મહાત્મ્ય આવવું જોઈએ. આહાહા..! 'ટોડરમલજી'એ ભાવભાસન કીધું છે. ભાવનું ભાસન એટલે? ભાવ આમ છે એવું એનું જ્ઞાન આવવું જોઈએ. એમ ને એમ વાતું ધારી લે, એ તો અનંત વાર કરી છે. આહાહા..!

**'વ્યવહારનયકર સબ લોકાલોકકો નિઃસંદેહપનેસે પ્રત્યક્ષ દેખતે હૈં, પરંતુ પદાર્થોંમેં તન્મયી નહીં હૈં,...'** પરને જાણે છે પણ પરથી તન્મય નથી. તન્મય તો પોતાની પર્યાયમાં છે. તન્મય-તે રૂપ. લોકાલોકને જાણતા તે રૂપ નથી થતાં. આહાહા..! સમજાણું કાંઈ? **'પરંતુ પદાર્થોંમેં તન્મયી નહીં હૈ, અપને સ્વરૂપમેં તન્મયી હૈં.'** આ સિદ્ધ કરવું છે. આહાહા..! લોકાલોકને જાણતા છતાં તે લોકાલોકની સાથે તન્મય નથી. તન્મય-તે રૂપે તો પોતાની પર્યાયમાં એકરૂપ છે. આહાહા..!

**'જો પરપદાર્થોંમેં તન્મયી હો, તો પરકે સુખ-દુઃખસે આપ સુખી-દુઃખી હોવે,...'** શિખરના ક્ષેત્ર કરતા આ વાત વધારે વર્ણવી છે. સમજાણું? ઉપર ક્ષેત્ર કરતાં આ વધારે

વર્ણવ્યું છે. પોતે રહ્યા છે પોતાના ભાવ સ્વરૂપમાં એ તો બરાબર છે, પણ હવે લોકાલોકને જાણે છે ને એ વ્યવહારથી? તો વ્યવહારથી જાણે છે તો એ જાણવાની વસ્તુ સાથે તન્મય થઈને જાણે છે? કે પોતામાં રહીને જાણે છે? આહાહા..! '**જો પરપદાર્થોંમેં તન્મયી હો, તો પરકે સુખ-દુઃખસે આપ સુખી-દુઃખી હોવે,...**' નારકીના દુઃખને જાણે છે તો એને એ તન્મય થઈને (જાણે તો) પોતાને દુઃખ થાય. એમ તો છે નહિ. આહાહા..! '**ઐસા ઉનમેં કદાચિત્ નહીં હૈ. વ્યવહારનયકર સ્થૂલસૂક્ષ્મ સબકો કેવળજ્ઞાનકર પ્રત્યક્ષ નિઃસંદેહ જાનતે હૈં,...**' વ્યવહારનયથી '**સ્થુલસૂક્ષ્મ સબકો કેવળજ્ઞાનકર...**' એટલે શું કહે છે? કે ભાઈ! સ્થૂળ ચીજ છે એ કેવળજ્ઞાનમાં જણાય કે નહિ? અને સૂક્ષ્મ છે એ જણાય કે નહિ? કે સ્થૂળ સૂક્ષ્મ બધાને જાણે.

'**પ્રત્પ્રક્ષ નિઃસંદેહ જાનતે હૈં, કિસી પદાર્થસે રાગ-દ્વેષ નહીં હૈ.**' એક બીજી વાત લીધી હવે. પર સાથે તન્મય નહિ, પરને જાણતાં રાગ-દ્વેષ નહિ. સમજાણું કાંઈ? '**યદિ રાગકે હેતુસે કિસીકો જાને, તો વે રાગ દ્વેષમયી હોવેં, યહ બડા દૂષણ હૈ,...**' રાગના હેતુથી બીજાને જાણે એમ નથી. આહાહા..! એ તો પોતાના જ્ઞાનના આનંદના સ્વભાવથી જાણે છે. આહાહા..! '**ઈસલિયે યહ નિશ્ચય હુઆ કિ નિશ્ચયનયકર અપને સ્વરૂપમેં નિવાસ કરતે હૈં પરમેં નહીં,...**' પરને જાણવા છતાં પરમાં નિવાસ નથી એમ સિદ્ધ કરવું છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**નિશ્ચયનયકર અપને સ્વરૂપમેં નિવાસ કરતે હૈં, પરમેં નહીં, ઔર અપની જ્ઞાયકશક્તિકર...**' જ્ઞાયકશક્તિ પોતાના સામર્થ્યથી. એ તો જાણવાના શક્તિના સામર્થ્યથી '**સબકો પ્રત્યક્ષ દેખતે હૈં...**' પર છે માટે પરને દેખે છે એમ નથી. '**અપની જ્ઞાયકશક્તિકર સબકો પ્રત્યક્ષ દેખતે હૈં...**' આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! આ પર્યાયની વાત છે, હોં! પ્રગટ પર્યાય. '**અપની જ્ઞાયકશક્તિકર...**' ભાઈ! આ તો પરમાત્મપ્રકાશ છે. એટલે એને સમજવા માટે જરી ધીરું થાવું જોઈએ. ધીરું ધીરું. આહાહા..! '**સબકો પ્રત્યક્ષ દેખતે હૈં, જાનતે હૈં.**'

'**જો નિશ્ચયકર અપને સ્વરૂપમેં નિવાસ કહા,...**' જોયું! છે ને? ખરેખર પોતાના સ્વરૂપમાં નિવાસ. પરને જાણવા છતાં પરમાં નિવાસ નહિ, પરને જાણવા છતાં રાગ-દ્વેષ નહિ. આવું સ્વરૂપ છે એમ સિદ્ધ કરીને નમસ્કાર કરે છે. આહાહા..! એમ ને એમ સિદ્ધને નમસ્કાર (કર્યા) એમ નહિ, કહે છે. આહાહા..! '**ઈસલિયે વહ અપના સ્વરૂપ હી આરાધને યોગ્ય હૈ,...**' લ્યો! લોકાલોકને જાણે માટે પર સ્વરૂપ આરાધવા યોગ્ય છે એમ નથી. આહાહા..! ભગવાનઆત્મા પોતાનો જે શુદ્ધાત્મ સ્વભાવ, એને આરાધવા યોગ્ય છે. આહાહા..! જે પોતામાં વસેલો છે. ભગવાન અનંત જ્ઞાન-દર્શન-આનંદ આદિ સ્વભાવપણે વસેલું તત્ત્વ છે. એનું આરાધન કરતાં મુક્તિ થાય છે. એ આરાધવા યોગ્ય છે. પરને જાણે માટે પર આરાધવા યોગ્ય છે એ નહિ. આહાહા..! એ તો જ્ઞાયકશક્તિ પરને જાણે છે. સમજાણું? પણ એ જ્ઞાયકશક્તિ પ્રગટી કેમ? પોતાનો શુદ્ધાત્મ સ્વભાવ, જેમાં અનંત ગુણ

વસ્યા છે, અનંત શાંતિ, આનંદ વસે છે. આહાહા..! એ ગૂઢ સ્વભાવ છે, ગંભીર સ્વભાવ છે. જેનું સ્વરૂપ જ શક્તિમય સ્વભાવમય (છે) એનું આરાધન કરવું. આહાહા..! જેમાં વસેલા છે તેનું આરાધન કરવું. આહાહા..! લોકાલોક અહીં નથી, દેવ-ગુરુ અહીં નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- જ્ઞાયક શક્તિ વળે ત્યારે જ્ઞાયક શક્તિને પર્યાય ગણવી?

ઉત્તર :- પર્યાય. પર્યાય છે ને અહીં. '**જ્ઞાયકશક્તિકર સબકો પ્રત્યક્ષ દેખતે હૈં,...**' એ તો વર્તમાન પર્યાયની વાત છે. આહાહા..!

'**જો નિશ્ચયકર અપને સ્વરૂપમેં નિવાસ કહા,...**' આ ગાથાનો સાર આ. છેલ્લે ભાવાર્થ કહે છે ને દરેકમાં? કે આમાં શું કાઢવું ત્યારે? '**અપને સ્વરૂપમેં નિવાસ કહા, ઈસલિયે વહ અપના સ્વરૂપ હી આરાધને યોગ્ય હૈ, યહ ભાવાર્થ હુઆ.**' આહાહા..! આ 'પરમાત્મપ્રકાશ'ની માંગલિકની વિધિ ભિન્ન જાતની છે. 'સમયસાર'માં તો કહ્યું છે, '**वंदित्तु सव्व सिद्धे**' ત્યાં તો પ્રતિઘાતને સ્થાને કહીને સિદ્ધને પર્યાયમાં સ્થાપ્યા. શ્રોતાના પર્યાયમાં (સ્થાપ્યા), પોતાની પર્યાયમાં સ્થાપ્યા. હવે પર્યાયમાં અનંત સિદ્ધોને સ્થાપ્યા એટલે એનું લક્ષ દ્રવ્ય ઉપર જશે. એવા દ્રવ્યને લક્ષે હવે સાંભળ, એમ કહે છે. '**સમયસાર કહુંગા.**' આહાહા..! '**वंदित्तु सव्वसिद्धे**' પછી તો સિદ્ધની સ્થિતિનું વર્ણન કર્યું છે. જેમ અહીં સિદ્ધનું વર્ણન કર્યું એમ. ત્યાં '**धुवमचलमणोवमं गदिं पत्ते वोच्छामि समयपाहुडमिणमो सुदकेलीभणिदं।**' શ્રુતકેવળીઓ અને કેવળીઓથી કહેલી વાતને કહીશ. આહાહા..! ચોથું પદ. શ્રુતકેવળી એટલે એકલા શ્રુતકેવળી નથી એમ. હોં! કેટલાક એમાં એ કાઢે છે કે એ તો શ્રુતકેવળી એટલો શબ્દ છે. પણ ટીકામાં શ્રુતકેવળી અને કેવળી બે અર્થ કાઢ્યા છે. સમજાણું કાંઈ? અને એનો અર્થ પાછો 'નિયમસાર'માં કર્યો છે. 'નિયમસાર'ની પહેલી ગાથા છે ને? છે 'નિયમસાર'? પહેલી ગાથા.

**णमिऊण जिणं वीरं अणंतवरणाणदंसणसहावं।**
**वोच्छामि णियमसारं केवलिसुदकेवलीभणिदं।।१।।**

બે જુદા પાડ્યા. '**केवलिसुदकेवलीभणिदं**' એટલે ત્યાં બે કાઢ્યા. '**सुदकेवलीभणिदं**' છે ને ચોથું પદ ત્યાં? '**सुदकेवलीभणिदं**' અહીં '**केवली**' અને '**सुदकेवलीभणिदं**' એનો ને એનો અર્થ કાઢ્યો એટલે શ્રુતકેવળીના બે (અર્થ) કાઢ્યા. શ્રુતકેવળી અને કેવળી. એની કહેલી વાત હું કહીશ. આહાહા..! પોતે બધું કહેવા સમર્થ છે પણ નિર્માન છે. ભગવાન કેવળી પરમાત્મા અમે શ્રુતકેવળીઓએ કહ્યું છે એ હું કહીશ. આહાહા..! એ પાંચ ગાથા થઈ.

છઠ્ઠીમાં હવે એના ગુણને સ્મરે છે. ઓલું ક્ષેત્ર એનો નિવાસ પોતામાં છે ... હવે એની પર્યાય છે ને? .. ગુણ એટલે પર્યાય. એની ભગવાનની સિદ્ધની પર્યાય કેવી છે? આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! અહીં તો મોક્ષના મંડપ રોપાય ઊભા થયા છે. 'પરમાત્મપ્રકાશ' પરમાત્મ થવાનો... આહાહા..! .. છે પરમાત્મા થવાની પણ પરમાત્મ થવાનો. આહાહા..!

अथ निष्कलात्मानं सिद्धपरमेष्ठिनं नत्वेदानीं तस्य सिद्धस्वरूपस्य तत्प्राप्त्युपायस्य च प्रतिपाद्कं सकलात्मानं नमस्करोमि –

६) केवल–दंसण–णाणमय केवल–सुक्ख–सहाय।
जिणवर वंदउँ भत्तियए जेहिँ पयासिय भाव।।६।।

केवलदर्शनज्ञानमयान् केवलसुखस्वभावान्।
जिनवरान् वन्दे भक्त्या यैः प्रकाशिता भावाः।।६।।

केवलदर्शनज्ञानमयाः केवलसुखस्वभावा ये तान् जिनवरानहं वन्दे। कया। भक्त्या। यैः किं कृतम्। प्रकाशिता भावा जीवाजीवादिपदार्था इत। इतो विशेषः। केवलज्ञानाद्यनन्तचतुष्टय–स्वरूपपरमात्मतत्त्वसम्यक्श्रद्धानज्ञानानुभूतिरूपाभेदरत्नत्रयात्मकं सुखदुःखजीवितमरण–लाभालाभशत्रुमित्रसमानभावनाविनाभूतवीतरागनिर्विकल्पसमाधिपूर्वं जिनोपदेशं लब्ध्वा पश्चादनन्तचतुष्टयस्वरूपा जाता ये। पुनश्च किं कृतम्। यैः अनुवादरूपेण जीवादिपदार्थाः प्रकाशिताः। विशेषेण तु कर्माभावे सति केवलज्ञानाद्यनन्तगुणस्वरूपलाभात्मको मोक्षः, शुद्धात्मसम्यक्श्रद्धानज्ञानानुष्ठानरूपाभेदरत्नत्रयात्मको मोक्षमार्गश्च, तानहं वन्दे। अत्रार्हद्गुण–स्वरूपस्वशुद्धात्मस्वरूपमेवोपादेयमिति भावार्थः।।६।।

---

आगे निरंजन, निराकार, निःशरीर सिद्धपरमेष्ठीको नमस्कार करता हूँ –

**गाथा – ६**

अन्वयार्थ :– [ केवलदर्शनज्ञानमयाः ] जो केवलदर्शन और केवल ज्ञानमयी हैं, [ केवलसुखस्वभावाः ] तथा जिनका केवलसुख ही स्वभाव है और [ यैः ] जिन्होंने [ भावाः ] जीवादिक सकल पदार्थ [ प्रकाशिताः ] प्रकाशित किये, उनको मैं भक्त्या भक्तिसे [ वन्दे ] नमस्कार करता हूँ।

भावार्थ :– केवलज्ञानादि अनंतचतुष्टयस्वरूप जो परमात्मतत्त्व है, उसके यथार्थ श्रद्धान, ज्ञान और अनुभव, इन स्वरूप अभेदरत्नत्रय वह जिनका स्वभाव है, और सुख–दुःख, जीवित–मरण, लाभ–अलाभ, शत्रु–मित्र, सबमें समान भाव होनेसे उत्पन्न हुई वीतरागनिर्विकल्प परमसमाधि उसके कहनेवाले जिनराजके उपदेशको पाकर अनंतचतुष्टयरूप हुए, तथा जिन्होंने यथार्थ जीवादि पदार्थोंका स्वरूप प्रकाशित किया तथा जो कर्मका अभाव है वह वही केवलज्ञानादि अनंतगुणरूप मोक्ष और जो शुद्धात्माका यथार्थ श्रद्धान–ज्ञान–आचरणरूप अभेदरत्नत्रय वही हुआ मोक्षमार्ग ऐसे मोक्ष और मोक्षमार्गको भी प्रगट किया, उनको मैं नमस्कार करता हूँ। इस व्याख्यानमें अरहंतदेवके केवलज्ञानादि गुणस्वरूप जो शुद्धात्मस्वरूप है, वही आराधने योग्य है, यह भावार्थ जानना।।६।।

**હવે નિકલાત્મા (અશરીરી એવા) સિદ્ધપરમેષ્ઠીને નમસ્કાર કરીને હાલ તે સિદ્ધ સ્વરૂપના અને તેની પ્રાપ્તિના ઉપાયના કહેનાર સકલાત્માને (શ્રી અરિહંત ભગવાનને) હું નમસ્કાર કરું છું :**

**ભાવાર્થ : કેવળજ્ઞાનાદિ અનંતચતુષ્ટયસ્વરૂપ પરમાત્મતત્ત્વનાં સમ્યક્શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન, અને સમ્યક્અનુભૂતિરૂપ અભેદરત્નત્રયાત્મક એવો, સુખ-દુઃખ, જીવિત-મરણ, લાભ-અલાભ, શત્રુ-મિત્ર બધા પ્રત્યે સમાન ભાવના હોવાની સાથે અવિનાભાવી વીતરાગ નિર્વિકલ્પ સમાધિપૂર્વક જિનોપદેશ પામીને જેઓ અનંતચતુષ્ટયસ્વરૂપ થયા છે અને જેઓએ અનુવાદરૂપે જીવાદિ પદાર્થો પ્રકાશ્યા છે અને વિશેષપણે કર્મનો અભાવ થતાં કેવળજ્ઞાનાદિ અનંતગુણ સ્વરૂપની પ્રાપ્તિરૂપ જે મોક્ષ છે અને શુદ્ધ આત્માનાં સમ્યક્શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન, અને સમ્યક્અનુષ્ઠાનરૂપ અભેદ રત્નત્રયાત્મક જે મોક્ષમાર્ગ છે એવા મોક્ષ અને મોક્ષમાર્ગને જેમણે પ્રકાશ્યા છે તેમને હું નમસ્કાર કરું છું. અહીં અર્હત્ગુણસ્વરૂપ જે સ્વશુદ્ધાત્મસ્વરૂપ છે તે જ ઉપાદેય છે એવો ભાવાર્થ છે. ૬.**

---

## ગાથા-૬ ઉપર પ્રવચન

‘**આગે નિરંજન, નિરાકાર, નિઃશરીર સિદ્ધપરમેષ્ઠીકો...**’ એટલે પર્યાયમાં સિદ્ધ કેવા છે? નિરંજન છે, નિરાકાર છે, નિઃશરીર છે. સિદ્ધપરમેષ્ઠી, એને ‘**નમસ્કાર કરતા હૂં.**’ છેલ્લું લેશે. ‘**ઈસ વ્યાખ્યાનમેં અરહંતદેવકે કેવલજ્ઞાનાદિ ગુણસ્વરૂપ જો શુદ્ધાત્મસ્વરૂપ હૈ, વહી આરાધને યોગ્ય હૈ,...**’ છેલ્લો શબ્દ છે. બહુ ટીકા...

**૬) केवल-दंसण-णाणमय केवल-सुक्ख-सहाय।**
**जिणवर वंदउँ भत्तियए जेहिँ पयासिय भाव।।६।।**

**અન્વયાર્થ :-** ‘**જો કેવલદર્શન ઔર કેવલ જ્ઞાનમયી હૈં,...**’ જોયું! કેવળજ્ઞાન, કેવળદર્શનવાળા નહિ. કેવળજ્ઞાન, કેવળદર્શનમયી છે. આહાહા..! દિગંબર સંતો એ તો કેવળીના કેડાયતો! કેવળીને ઊભા રાખ્યા છે! ‘**કેવલદર્શન ઔર કેવલ જ્ઞાનમયી હૈં, તથા જિનકા કેવલસુખ હી સ્વભાવ હૈ...**’ મયી કહીને પછી અહીં કેવળસુખમયી ન કહેતા કેવળસુખ સ્વભાવ (કહ્યું). ‘**જિનકા કેવલસુખ હી સ્વભાવ હૈ...**’ આહાહા..! એકલો આનંદ જેનો સ્વભાવ છે. સિદ્ધ ભગવાનનો.. આહાહા..! આ ગુણોનું વર્ણન છે. ઓલું નિવાસનું હતું. પોતાના એક ક્ષેત્રમાં રહ્યા છે પણ એની ગુણની દશા કેવી છે? કે કેવળદર્શન, કેવળજ્ઞાનમયી ભગવાન છે.

‘**જિનકા કેવલસુખ હી સ્વભાવ હૈ...**’ એકલો આનંદ સ્વભાવ છે. આહાહા..! સિદ્ધ ભગવાનની પર્યાયમાં એકલો આનંદ સ્વભાવ છે. આહાહા..! સમજાણું? ઓલામાં કેવળદર્શન ને જ્ઞાનમયી કહી, આ એનો આનંદ સ્વભાવ છે (એમ કહે છે). અતીન્દ્રિય આનંદની

સ્વભાવદશામાં રમે છે. આહાહા..! એ એમ કહે છે કે આ લોકાલોક જાણે છે માટે સુખી છે એમ નહિ. એ પોતે જ કેવળ સુખમયી છે. સુખ જ જેનો સ્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'કેવલસુખ હી સ્વભાવ હૈ ઔર જિન્હોંને જીવાદિક સકલ પદાર્થ પ્રકાશિત કિયે, ઉનકો મૈં ભક્તિસે નમસ્કાર કરતા હૂં.'** અરિહંતના કેવળજ્ઞાનનું વર્ણન કરીને સિદ્ધનું વર્ણન એમ કરે છે. અરિહંતનું વર્ણન છે. કહ્યું છે એમ કહ્યું ને. આહાહા..! ત્રણમાં સિદ્ધોને નમસ્કાર (કર્યા). ભૂત, ભવિષ્ય, વર્તમાન. ચોથામાં મુનિઓ મોક્ષે પધાર્યા, મહા ગણધરો આદિ. પાંચમામાં નિવાસ સ્થાનની હયાતી, છઠ્ઠામાં અરિહંતના ગુણોનું વર્ણન કરીને અરિહંતને નમસ્કાર કરે છે. એટલે સિદ્ધનું આવ્યું, મુનિનું આવ્યું. અરિહંત આવ્યા ને. હવે ત્રણ પદ આવ્યા એ સાતમી ગાથામાં નાખશે. આચાર્ય, ઉપાધ્યાય, સાધુ. આહાહા..! પહેલા સિદ્ધને લીધા, પછી અરિહંતને લીધા અને પછી (આચાર્ય). સમજાણું કાંઈ? આ તો ભગવાનની કથા છે, ભાઈ! આ કાંઈ વાર્તા નથી. આહાહા..! ભગવાનના દરબારમાં કેમ પેસવું એની આ વાત છે.

શું કહ્યું? **'જીવાદિક સકલ પદાર્થ પ્રકાશિત કિયે,...'** અરિહંત લીધા. સિદ્ધને ક્યાં પ્રકાશવું છે? સિદ્ધની વ્યાખ્યા થઈ. હવે અહીંયાં અરિહંત લીધા. આહાહા..! જેણે જીવાદિ સકળ પદાર્થ ત્રણકાળના, લોકના જેણે પ્રકાશ કર્યો અરિહંત પરમાત્મા.. આહાહા..! એને હું ભક્તિથી નમસ્કાર કરું છું. ઓહો..! **'ભક્તિસે નમસ્કાર કરતા હૂં.'** વેઠથી નહિ એને બહુમાનથી નમસ્કાર છે, એમ કહે છે. આહાહા..!

**ભાવાર્થ :- 'કેવલજ્ઞાનાદિ અનંતચતુષ્ટયસ્વરૂપ જો પરમાત્મતત્ત્વ હૈ,...'** કેવળજ્ઞાન આદિ અનંતચતુષ્ટય સ્વરૂપ વર્તમાન પ્રગટ, **'જો પરમાત્મતત્ત્વ હૈ, ઉસકે યથાર્થ...'** આ ટીકાની વાત કરી. **'કેવલજ્ઞાનાદિ અનંતચતુષ્ટયસ્વરૂપ જો પરમાત્મતત્ત્વ હૈ, ઉસકે યથાર્થ શ્રદ્ધાન...'** એની યથાર્થ શ્રદ્ધા. આહાહા..!

મુમુક્ષુ :- પહેલી શ્રદ્ધા લીધી.

ઉત્તર :- હા. પ્રગટ થશે એનાથી. પણ આ કોનું? કેવળજ્ઞાન આદિ અનંતચતુષ્ટય શક્તિરૂપ જે સ્વભાવ, એવું પરમાત્મતત્ત્વ દ્રવ્ય **'ઉસકે યથાર્થ શ્રદ્ધાન,...'** એમ છે ને? આહાહા..!

મુમુક્ષુ :- પરમાત્મતત્ત્વ કેવું છે? કે કેવળજ્ઞાન આદિ અનંતચતુષ્ટય...

ઉત્તર :- એ શક્તિરૂપે એમ અહીં પહેલા હજી એ લેવું. પછી પ્રગટે છે કેમ ઈ લેવું છે. અરિહંતને કેવળજ્ઞાનાદિ પ્રગટ્યા કેમ? ઈ વાત લે છે. ઉપાય પણ બતાવે છે. ઈ કહે છે.

**'કેવલજ્ઞાનાદિ અનંતચતુષ્ટયરૂપ જો પરમાત્મતત્ત્વ હૈ, ઉસકે યથાર્થ શ્રદ્ધાન,...'** આહાહા..! અનંતચતુષ્ટય સ્વરૂપ પરમાત્મા છે એનો વિશ્વાસ આવવો અંદર. આહાહા..! એવું જે શ્રદ્ધાન. પૂર્ણ પરમાત્મતત્ત્વની પાચનશક્તિ શ્રદ્ધાનમાં છે. સમજાણું કાંઈ? એ પરમાત્મતત્ત્વનું જ્ઞાન. અનંત કેવળજ્ઞાન ચતુષ્ટય સ્વરૂપ જે પરમાત્મા ત્રિકાળી છે એનું જ્ઞાન. આહાહા..! અને પરમાત્મતત્ત્વનો **'અનુભવ,...'** એ આચરણ. અનુભવનું આચરણ, ચારિત્ર. પરમાત્મતત્ત્વનું આચરણ, પૂર્ણાનંદના નાથનું આચરણ, એનો અનુભવ. 'અનુભવ લક્ષ પ્રતીત...' 'શ્રીમદ્'માં આવે છે ને? લક્ષ એ જ્ઞાન, પ્રતીત એ શ્રદ્ધા, અનુભવ ચારિત્ર,

ત્યાં એમ ત્રણ લીધું છે. 'આત્મસિદ્ધિ'માં આવે છે ત્યાં. 'અનુભવ લક્ષ પ્રતીત.' લક્ષ એ જ્ઞાન, પ્રતીત એ શ્રદ્ધા, અનુભવ એ ચારિત્ર. ત્યાં ... અનુભવ ચારિત્ર. એ ચારિત્ર એટલે આનંદસ્વરૂપ ભગવાન, એમાં રમવું એનું નામ ચારિત્ર. આ પંચમહાવ્રત અને નગ્નપણું એ કોઈ ચારિત્ર નથી. આહાહા..! હવે મોક્ષમાર્ગ પણ ભેગો બતાવે છે.

'**ઈન સ્વરૂપ અભેદરત્નત્રય વહ જિનકા સ્વભાવ હૈ,...**' જોયું! આહાહા..! એવો અભેદરત્નત્રય જેનો સ્વભાવ છે. આ પહેલું આનું પછી. '**ઔર સુખ-દુઃખ, જીવિત-મરણ, લાભ-અલાભ, શત્રુ-મિત્ર સબમેં સમાન ભાવ હોને સે ઉત્પન્ન હુઈ વીતરાગનિર્વિકલ્પ પરમસમાધિ ઉસકે કહનેવાલે જિનરાજકે ઉપદેશકો પાકર...**' આવા કહેનારના ઉપદેશને પામીને '**અનંતચતુષ્ટયરૂપ હુએ,...**' એમ કહે છે.

ફરીને, જે આ પરમાત્મતત્ત્વ ત્રિકાળ છે એની શ્રદ્ધા-જ્ઞાન અને એનો અનુભવ, એ '**સ્વરૂપ અભેદરત્નત્રય વહ જિનકા સ્વભાવ હૈ,...**' જેનો સ્વભાવ છે. '**ઔર સુખ-દુઃખ,...**' સંયોગ અનુકૂળ-પ્રતિકૂળ '**જીવિત-મરણ,...**' પ્રાણ રહે કે ન રહે. '**લાભ-અલાભ,...**' અનુકૂળ-પ્રતિકૂળ '**શત્રુ-મિત્ર, સબમેં સમાન ભાવ...**' આહાહા..! '**સબમેં સમાન ભાવ હોનેસે ઉત્પન્ન હુઈ વીતરાગનિર્વિકલ્પ પરમસમાધિ...**' લ્યો! '**સબમેં સમાન ભાવ હોને સે ઉત્પન્ન હુઈ વીતરાગનિર્વિકલ્પ પરમસમાધિ ઉસકે કહનેવાલે જિનરાજકે ઉપદેશકો...**' આહાહા..! આવા કહેવાવાળા જિનરાજના ઉપદેશને મેળવીને '**અનંતચતુષ્ટયરૂપ હુએ...**' આવા જિનરાજનો ઉપદેશ જેને મળ્યો અને અનંતચતુષ્ટય થયા. આહાહા..! એવી વીતરાગ નિર્વિકલ્પ પરમસમાધિ. લોગસ્સમાં આવે છે, 'સમાહિવરમુત્તંદિંતુ' પણ એ સમાધિનો અર્થ સમજે નહિ. એ આ. વીતરાગ નિર્વિકલ્પ પરમસમાધિ. આહાહા..!

'**ઉસકે કહનેવાલે જિનરાજકે ઉપદેશકો...**' ભગવાને આવું કહ્યું. '**પાકર અનંતચતુષ્ટયરૂપ હુએ,...**' લ્યો! જે અનંત શક્તિરૂપે હતું એ વ્યક્તરૂપ થયા. આહાહા..! '**તથા જિન્હોંને યથાર્થ જીવાદિ પદાર્થોંકા સ્વરૂપ પ્રકાશિત કિયા...**' અરિહંત લેવા છે ને? અરિહંત લેવા છે ને પાછા. '**જિન્હોંને યથાર્થ જીવાદિ પદાર્થોંકા સ્વરૂપ પ્રકાશિત કિયા...**' પ્રરૂપણા કરી. '**તથા જો કર્મકા અભાવ હૈ વહ વહી કેવલજ્ઞાનાદિ અનંતગુણરૂપ મોક્ષ...**' મોક્ષ અને મોક્ષનો માર્ગ-બેને યાદ કરીને નમસ્કાર કરે છે. આહાહા..!

'**જો કર્મકા અભાવ હૈ વહ વહી કેવલજ્ઞાનાદિ અનંતગુણરૂપ મોક્ષ ઔર જો શુદ્ધાત્માકા યથાર્થ શ્રદ્ધાન-જ્ઞાન-આચરણરૂપ અભેદરત્નત્રય વહી હુઆ મોક્ષમાર્ગ...**' આહાહા..! એ બેને કહેનાર આ. એ અરિહંતે કીધું, એમ કહે છે. આહાહા..! છે? એ મોક્ષમાર્ગ અને મોક્ષ '**ઔર મોક્ષમાર્ગકો ભી પ્રગટ કિયા, ઉનકો મૈં નમસ્કાર કરતા હૂં.**' આહાહા..! જેણે પરમાત્મતત્ત્વની યથાર્થ શ્રદ્ધા-જ્ઞાન અને અનુભવ કરી અભેદરત્નત્રયી સમભાવ કરી વીતરાગ સમાધિ થઈ અને એવો જિનરાજનો ઉપદેશ, એને પામી અને અનંતચતુષ્ટય પરમાત્માનો ઉપદેશ આવો હતો એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

પૂર્ણાનંદની શ્રદ્ધા-જ્ઞાન ને ચારિત્ર જે રત્નત્રય, એ પરમાત્માનો ઉપદેશ હતો.

આહાહા..! એને પામીને અનંતચતુષ્ટય થયા. આહાહા..! એટલે વીતરાગનો ઉપદેશ કેવો હોય એ વાત લીધી ભેગી. આહાહા..! જેણે પરમાત્મતત્ત્વ પૂર્ણ, એની શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર અભેદરત્નત્રય ઉત્પન્ન થયા સમાધિ પૂર્ણ, એવો જેનો ઉપદેશ છે. આહાહા..! એવા ઉપદેશને પામી જે પોતે અનંતચતુષ્ટય થયા. એ અભેદરત્નત્રયથી થયા એમ આવ્યું ભેગું. આહાહા..! ઓલા વ્યવહારને તો યાદ પણ કર્યો નથી. ઓલા કહે, નહિ. વ્યવહાર માર્ગ છે... વ્યવહારમાર્ગ છે. અહીં કહે છે, ભગવાને વ્યવહાર માર્ગ કહ્યો જ નથી. આહાહા..! એણે તો પરમસમાધિરૂપ કહેનારા. આવી વીતરાગ પરમસમાધિ એના કહેવાવાળા ભગવાન. આહાહા..!

જુઓ! આવો ઉપદેશ વીતરાગનો હોય છે. જિનવાણીમાં આ હોય. ચાહે કોઈ ગમે તે વાણી હો, પણ આ એનો વીતરાગનો ઉપદેશ છે અંદર. આહાહા..! કીધું ને એમાં? વીતરાગતા તાત્પર્ય કરી છે. 'પંચાસ્તિકાય' ૧૭૨. આખા શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગ... વીતરાગ.. વીતરાગ (છે). એવો જેણે ઉપદેશ કર્યો છે. આહાહા..! વીતરાગ નિર્વિકલ્પ સમાધિના કહેવાવાળા. આહાહા..! ઝીણી વાતું છે. ભાઈ! આ 'પરમાત્મપ્રકાશ'ની ઢબ જ બીજી જાતની છે. આહાહા..!

જિનરાજે ઉપદેશ કર્યો કેવો? કહે છે. આહાહા..! જેને પરમાત્માની શ્રદ્ધા-જ્ઞાન-અનુભવ અભેદરત્નત્રય થયા, સમભાવ પ્રગટ્યો અને વીતરાગ ને સમાધિ (પ્રગટ થયા), એના કહેવાવાળા '**જિનરાજકે ઉપદેશકો પાકર અનંતચતુષ્ટયરૂપ હુએ,...**' આહાહા..! અરિહંતની વાત છે, હોં! આ. '**જિન્હોંને યથાર્થ જીવાદિ પદાર્થોંકા સ્વરૂપ પ્રકાશિત કિયા તથા જો કર્મકા અભાવ હૈ વહ વહી કેવલજ્ઞાનાદિ...**' હવે એ મોક્ષનું વર્ણન છે. મોક્ષ પણ એને કહીએ, એમ કહેવું છે. આહાહા..! આવો મોક્ષ અને મોક્ષનો માર્ગ ભગવાને કહ્યો છે.

'**ઔર જો શુદ્ધાત્માકા યથાર્થ શ્રદ્ધાન-જ્ઞાન-આચરણરૂપ અભેદરત્નત્રય વહી હુઆ મોક્ષમાર્ગ...**' આહાહા..! પહેલાં ત્યાં કહ્યું હતું ને? પરમાત્મતત્ત્વ. એ શુદ્ધઆત્મા. શુદ્ધઆત્મા નિત્યાનંદ પ્રભુ, એની શ્રદ્ધા, એનું જ્ઞાન, આચરણ '**વહી હુઆ મોક્ષમાર્ગ ઐસે મોક્ષ ઔર મોક્ષમાર્ગકો ભી પ્રગટ કિયા,...**' અરિહંતે. અરિહંત ભગવાને આ પ્રગટ કર્યું. '**ઉનકો મૈં નમસ્કાર કરતા હૂં.**' આહાહા..!

'**ઈસ વ્યાખ્યાનમેં અરહંતદેવકે કેવલજ્ઞાનાદિ ગુણસ્વરૂપ જો શુદ્ધાત્મસ્વરૂપ હૈ, વહી આરાધને યોગ્ય હૈ,...**' અરિહંતના કેવળજ્ઞાનાદિ છે ઈ આરાધવા યોગ્ય છે. એમ કહીને એનો ભાવાર્થ કહ્યો છે. (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**अथानन्तरं भेदाभेदरत्नत्रयाराधकानाचार्योपाध्यायसाधून्नमस्करोमि –**

**૭) जे परमप्पु णियंति मुणि परम–समाहि धरेवि।**
**परमाणंदह कारणिण तिण्णि वि ते वि णवेवि।।७।।**

**ये परमात्मानं पश्यन्ति मुनयः परमसमाधिं धृत्वा।**
**परमानन्दस्य कारणेन त्रीनपि तानपि नत्वा।।७।।**

जे परमप्पु णियंति मुणि ये केचन परमात्मानं निर्गच्छन्ति स्वसंवेदनज्ञानेन जानन्ति मुनयस्तपोधनाः। किं कृत्वा पूर्वम्। परमसमाहि धरेवि रागादिविकल्परहितं परमसमाधिं धृत्वा। केन कारणेन। परमाणंदह कारणिण निर्विकल्पसमाधिसमुत्पन्न-सदानन्दपरमसमरसीभाव-सुखरसास्वादनिमित्तेन तिण्णि वि ते वि णवेवि त्रीनप्याचार्योपाध्यायसाधून् नत्वा नमस्कृत्येत्यर्थः। अतो विशेषः। अनुपचरितासद्भूतव्यवहारसंबन्धः द्रव्यकर्मनोकर्मरहितं तथैवाशुद्धनिश्चयसंबन्धः मतिज्ञानादिविभावगुणनरनारकादिविभावपर्यायरहितं च यच्चिदानन्दैकस्वभावं शुद्धात्मतत्त्वं तदेव भूतार्थं परमार्थरूपसमयसारशब्दवाच्यं सर्वप्रकारोपादेयभूतं तस्माच्च यदन्यत्तद्धेयमिति। चलमलिनावगाढरहितत्वेन निश्चयश्रद्धानबुद्धिः सम्यक्त्वं तत्राचरणं परिणमनं दर्शनाचारस्तत्रैव संशयविपर्यासानध्यवसायरहितत्वेन स्वसंवेदनज्ञानरूपेण ग्राहकबुद्धिः सम्यग्ज्ञानं तत्राचरणं परिणमनं ज्ञानाचारः, तत्रैव शुभाशुभसंकल्पविकल्परहितत्वेन नित्यानन्दमयसुखरसास्वाद-स्थिरानुभवनं च सम्यक्चारित्रं तत्राचरणं परिणमनं चारित्राचारः, तत्रैव परद्रव्येच्छानिरोधेन सहजानन्दैकरूपेण प्रतपनं तपश्चरणं तत्राचरणं परिणमनं तपश्चरणाचारः, तत्रैव शुद्धात्मस्वरूपे स्वशक्त्यनवगूहनेनाचरणं परिणमनं वीर्याचार इति निश्चयपञ्चाचाराः। निःशङ्काद्यष्टगुणभेदो बाह्यदर्शनाचारः, कालविनयाद्यष्टभेदो बाह्यज्ञानाचारः, पञ्चमहाव्रतपञ्चसमितित्रिगुप्ति-निर्ग्रन्थरूपो बाह्यचारित्राचारः, अनशनादिद्वादशभेदरूपो बाह्यतपश्चरणाचारः, बाह्यस्वश-क्त्यनवगूहनरूपो बाह्यवीर्याचार इति। अयं तु व्यवहारपञ्चाचारः पारंपर्येण साधक इत। विशुद्धज्ञानदर्शनस्वभाव-शुद्धात्मतत्त्वसम्यक्श्रद्धानज्ञानानुष्ठानबहिर्द्रव्येच्छानिवृत्तिरूपं तपश्चरणं स्वशक्त्यनवगूहनवीर्यरूपाभेदपञ्चाचाररूपात्मकं शुद्धोपयोगभावनान्तर्भूतं वीतरागनिर्विकल्पसमाधिं स्वयमाचरन्त्यन्यानाचारयन्तीति भवन्त्याचार्यास्तानहं वन्दे। पञ्चास्तिकायषड्द्रव्यसप्ततत्त्वनवपदार्थेषु मध्ये शुद्धजीवास्तिकायशुद्धजीवद्रव्यशुद्धजीव-तत्त्वशुद्धजीवपदार्थसंज्ञं स्वशुद्धात्मभावमुपादेयं तस्माच्चान्यद्धेयं कथयन्ति, शुद्धात्मस्वभाव-सम्यक्श्रद्धानज्ञानानुचरणरूपाभेदरत्नत्रयात्मकं निश्चयमोक्षमार्गं च ये कथयन्ति ते भवन्त्युपाध्यायस्तानहंवन्दे। शुद्धबुद्धैकस्वभावशुद्धात्मतत्त्वसम्यक्श्रद्धानज्ञानानुचरण-तपश्चरणरूपाभेदचतुर्विधनिश्चयाराधनात्मकवीतरागनिर्विकल्पसमाधिं ये साधयन्ति ते भवन्ति साधवस्तानहं वन्दे। अत्रायमेव ते समाचरन्ति कथयन्ति साधयन्ति च वीतरागनिर्विकल्पसमाधिं तमेवोपादेयभूतस्य स्वशुद्धात्मतत्त्वस्य साधकत्वादुपादेयं जानीहीति भावार्थ : ॥७॥ इति प्रभाकरभट्टस्य पञ्चपरमेष्ठिनमस्कारकरणमुख्यत्वेन प्रथममहाधिकारमध्ये दोहकसूत्रसप्तकं गतम्।

आगे भेदाभेदरत्नत्रयके आराधक जो आचार्य, उपाध्याय और साधु हैं, उनको मैं नमस्कार करता हूँ –

## गाथा – ७

अन्वयार्थ :– [ ये मुनयः ] जो मुनि [ परमसमाधिं ] परमसमाधिको [ धृत्वा ] धारण करके सम्यग्ज्ञानकर [ परमात्मानं ] परमात्माको [ पश्यन्ति ] देखते हैं। किस लिए [ परमानंदस्य कारणेन ] रागादि विकल्प रहित परमसमाधिसे उत्पन्न हुए परमसुखके रसका अनुभव करनेके लिए [ तान् अपि ] उन [ त्रीन् अपि ] तीनों आचार्य, उपाध्याय, साधुओंको भी [ नत्वा ] मैं नमस्कार करके परमात्मप्रकाशका व्याख्यान करता हूँ।

भावार्थ :– अनुपचरित अर्थात् जो उपचरित नहीं है, इसीसे अनादि संबंध है, परंतु असद्भूत (मिथ्या) है, ऐसा व्यवहारनयकर द्रव्यकर्म, नोकर्मका संबंध होता है, उससे रहित और अशुद्ध निश्चयनकर रागादिका संबंध है, उससे तथा मतिज्ञानादि विभावगुणके संबंधसे रहित और नर–नारकादि चतुर्गतिरूप विभावपर्यायोंसे रहित ऐसा जो चिदानंदचिद्रूप एक अखंडस्वभाव शुद्धात्मतत्त्व है वही सत्य है। उसीको परमार्थरूप समयसार कहना चाहिए। वही सब प्रकार आराधने योग्य है। उससे जुदी जो परवस्तु है वह सब त्याज्य है। ऐसी दृढ़ प्रतीति चंचलता रहित निर्मल अवगाढ़ परम श्रद्धा है उसको सम्यक्त्व कहते हैं, उसका जो आचरण अर्थात् उस स्वरूप परिममन वह दर्शनाचार कहा जाता है और उसी निजस्वरूपमें संशय–विमोह–विभ्रमरहित जो स्वसंवदेनज्ञानरूप ग्राहकबुद्धि वह सम्यग्ज्ञान हुआ, उसका जो आचरण अर्थात् उसरूप परिममन वह ज्ञानाचार है, उसी शुद्ध स्वरूपमें शुभ–अशुभ समस्त संकल्प रहित जो नित्यानंदमय निजरसका आस्वाद, निश्चल, अनुभव, वह सम्यक्चारित्र है, उसका जो आचरण, उसरूप परिणमन, वह चारित्राचार है, उसी परमानंद स्वरूपमें परद्रव्यकी इच्छाका निरोधकर सहज आनंदरूप तपश्चरणस्वरूप परिणमन वह तपश्चरणाचार है और उसी शुद्धात्मस्वरूपमें अपनी शक्तिको प्रकटकर आचरण परिणमन वह वीर्याचार है। यह निश्चय पंचाचारका लक्षण कहा। अब व्यवहारका लक्षण कहते हैं–निःशंकितको आदि लेकर अष्ट अंगरूप बाह्यदर्शनाचार, शब्द शुद्ध, अर्थ शुद्ध आदि अष्ट प्रकार बाह्य ज्ञानाचार, पंच महाव्रत, पंच समिति, तीन गुप्तिरूप व्यवहार चारित्राचार, अनशनादि बारह तपरूप तपाचार और अपनी शक्ति प्रगटकर मुनिव्रतका आचरण वह व्यवहार वीर्याचार है। यह व्यवहार पंचाचार परम्पराय मोक्षका कारण है, और निर्मल ज्ञान–दर्शनस्वभाव जो शुद्धात्मतत्त्व उसका यथार्थ श्रद्धान, ज्ञान, आचरण तथा परद्रव्यकी इच्छाका निरोध और निजशक्तिका प्रगट करना ऐसा यह निश्चय पंचाचार साक्षात् मुक्तिका कारण है। ऐसे निश्चय व्यवहाररूप पंचाचारोंको आप आचरें और दूसरोंको आचरवावें ऐसे आचार्योंको मैं वंदता हूँ। पंचास्तिकाय, षट्द्रव्य, सप्त तत्त्व, नवपदार्थ हैं, उनमें निज शुद्ध जीवास्तिकाय, निजशुद्ध

जीवद्रव्य, निजशुद्ध जीवतत्त्व, निज शुद्ध जीवपदार्थ, जो आप शुद्धात्मा है, वही उपादेय (ग्रहण करने योग्य) है, अन्य सब त्यागने योग्य हैं, ऐसा उपदेश करते हैं, तथा शुद्धात्मस्वभावका सम्यक्श्रद्धान–ज्ञान–आचरणरूप अभेद रत्नत्रय है, वही निश्चयमोक्षमार्ग है, ऐसा उपदेश शिष्योंको देते हैं, ऐसे उपाध्यायोंको मैं नमस्कार करता हूँ, और शुद्धज्ञान स्वभाव शुद्धात्मतत्त्वकी आराधनारूप वीतराग१ निर्विकल्प समाधिको जो साधते हैं, उन साधुओंको मैं वंदता हूँ। वीतराग[१] निर्विकल्प समाधिको जो आचरते हैं, कहते हैं, साधते हैं वे ही साधु हैं। अर्हंत, सिद्ध, आचार्य, उपाध्याय, साधु, ये ही पंचपरमेष्ठी वंदने योग्य हैं, ऐसा भावार्थ है।।७।

---

ત્યાર પછી ભેદાભેદરત્નત્રયના આરાધક આચાર્ય, ઉપાધ્યાય અને સાધુને હું નમસ્કાર કરું છું :

ભાવાર્થ : (૧) અનુપચરિત અસદ્ભૂત વ્યવહારથી જેનો સંબંધ છે એવાં દ્રવ્યકર્મ અને નોકર્મથી રહિત તેમ જ અશુદ્ધ નિશ્ચયનયથી જેનો સંબંધ છે એવા મતિજ્ઞાનાદિ વિભાવગુણ અને નરનારકાદિ વિભાવપર્યાય રહિત ચિદાનંદ જ જેનો એક સ્વભાવ છે એવું જે શુદ્ધાત્મતત્ત્વ છે તે જ ભૂતાર્થ છે, પરમાર્થરૂપ ‘સમયસાર’ શબ્દથી વાચ્ય છે, સર્વ પ્રકારે ઉપાદેયભૂત છે અને તેનાથી જે અન્ય છે તે હેય છે. એવી ચલ, મલિન, અવગાઢ રહિતપણે નિશ્ચયશ્રદ્ધાનબુદ્ધિ તે સમ્યક્ત્વ છે, તેમાં આચરણ પરિણમન તે દર્શનાચાર છે.

(૨) તેમાં જ સંશય, વિપર્યાસ, અનધ્યવસાય રહિતપણે સ્વસંવેદનજ્ઞાનરૂપે ગ્રાહકબુદ્ધિ તે સમ્યક્જ્ઞાન છે, તેમાં આચરણ–પરિણમન તે જ્ઞાનાચાર છે.

(૩) તેમાં જ શુભાશુભ સંકલ્પવિકલ્પરહિતપણે નિત્યાનંદમય સુખરસના આસ્વાદરૂપ સ્થિર (નિશ્ચય) અનુભવ તે સમ્યક્ચારિત્ર છે, તેમાં આચરણ–પરિણમન તે ચારિત્રાચાર છે.

(૪) તેમાં જ પરદ્રવ્યની ઈચ્છાના નિરોધ વડે એક (કેવળ) સહજાનંદરૂપે પ્રતપન તે તપશ્ચરણ છે, તેમાં આચરણ–પરિણમન તે તપશ્ચરણાચાર છે.

(૫) તેમાં જ શુદ્ધાત્મસ્વરૂપમાં જ સ્વશક્તિને ગોપવ્યા સિવાય આચરણ–પરિણમન તે વીર્યાચાર છે.

એ પ્રમાણે નિશ્ચય પંચાચાર છે.

(૧) નિઃશંકાદિ અંગરૂપ આઠ ભેદ તે બાહ્ય દર્શનાચાર છે.

(૨) કાળ, વિનયાદિ આઠ ભેદ તે બાહ્ય જ્ઞાનાચાર છે.

---

१. ये पाँचो परमेष्ठी भी जिस वीतरागनिर्विकल्पसमाधिको आचरते हैं, कहते हैं और साधते हैं; तथा जो उपादेयरूप निजशुद्धात्मतत्त्वकी साधनेवाली है, ऐसी निर्विकल्प समाधिको ही उपादेय जानो। (यह अर्थ संस्कृतके अनुसार किया गया है।)

**(૩) પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, નિર્ગ્રંથરૂપ બાહ્ય ચારિત્રાચાર છે.**

**(૪) અનશનાદિ બાર ભેદરૂપ બાહ્ય તપશ્ચરણાચાર છે.**

**(૫) બાહ્ય સ્વશક્તિને ન ગોપવવારૂપ બાહ્ય વીર્યાચાર છે.**

**આ વ્યવહાર પંચાચાર પરંપરાએ મોક્ષના સાધક છે. વિશુદ્ધ જ્ઞાન, વિશુદ્ધ દર્શન જેનો સ્વભાવ છે એવા શુદ્ધ આત્મતત્ત્વના સમ્યક્શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્અનુષ્ઠાન તથા બાહ્યદ્રવ્યની ઈચ્છાની નિવૃત્તિરૂપ તપશ્ચરણ, સ્વશક્તિને ન ગોપવવારૂપ વીર્ય-એ રૂપ અભેદ પંચાચારાત્મક શુદ્ધોપયોગભાવનામાં અન્તર્ભૂત એવી વીતરાગનિર્વિકલ્પસમાધિને જેઓ સ્વયં આચરે છે અને અન્યોને આચરાવે છે તેઓ આચાર્યો છે, તેમને હું નમસ્કાર કરું છું.**

**પંચાસ્તિકાય, છ દ્રવ્ય, સાત તત્ત્વ, નવ પદાર્થો છે, તેમાં શુદ્ધ જીવાસ્તિકાય, શુદ્ધ જીવદ્રવ્ય, શુદ્ધ જીવતત્ત્વ, શુદ્ધ જીવપદાર્થ એવા સંજ્ઞાધારક સ્વશુદ્ધાત્મભાવ (સ્વશુદ્ધાત્મપદાર્થ) ઉપાદેય છે, તેનાથી જે અન્ય છે તે હેય છે, એવો ઉપદેશ જેઓ કરે છે અને શુદ્ધ આત્મસ્વભાવનાં સમ્યક્શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્આચરણરૂપ અભેદ રત્નત્રયાત્મક નિશ્ચય મોક્ષમાર્ગને જેઓ કહે છે તેઓ ઉપાધ્યાયો છે, તેમને હું વંદન કરું છું.**

**શુદ્ધ, બુદ્ધ જેનો એક સ્વભાવ છે એવા શુદ્ધ આત્મતત્ત્વના સમ્યક્શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન, અને સમ્યક્આચરણ, તપશ્ચરણરૂપ અભેદ ચતુર્વિધ નિશ્ચય-આરાધનાત્મક વીતરાગ-નિર્વિકલ્પસમાધિને જેઓ સાધે છે તેઓ સાધુ છે. તેમને હું વંદન કરું છું.**

**અહીં જે વીતરાગનિર્વિકલ્પસમાધિને તેઓ (આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ) આચરે છે, કહે છે અને સાધે છે તે જ વીતરાગનિર્વિકલ્પસમાધિ ઉપાદેયભૂત સ્વશુદ્ધાત્મતત્ત્વની સાધક હોવાથી ઉપાદેય જાણો એવો ભાવાર્થ છે. ૭.**

---

## વીર સંવત ૨૫૦૨, જેઠ સુદ ૧૪, શુક્રવાર
## તા. ૧૧-૦૬-૧૯૭૬, ગાથા-૭, પ્રવચન નં. ૬

સાતમી ગાથા. 'પરમાત્મપ્રકાશ'

**૭) जे परमप्पु णियंति मुणि परम-समाहि धरेवि।**
**परमाणंदह कारणिण तिण्णि वि ते वि णवेवि।।७।।**

**અન્વયાર્થ :- 'આગે ભેદાભેદરત્નત્રયકે આરાધક...'** નિશ્ચયરત્નત્રય અને વ્યવહારરત્નત્રય, બેયનો આરાધક. છે ને? નિશ્ચયને આરાધે છે ત્યાં વ્યવહાર છે. એને પણ આરાધવાનો ઉપચાર આવે છે. છે ને ઈ વસ્તુ? નિશ્ચયરત્નત્રય છે ત્યાં વ્યવહારરત્નત્રય પૂર્ણ કેવળજ્ઞાની ન હોય એને હોય. કેવળજ્ઞાન થયું એને વ્યવહાર ન હોય, મિથ્યાદષ્ટિને વ્યવહાર ન હોય. કેવળી

પૂર્ણ વીતરાગ થઈ ગયા એટલે વ્યવહાર નથી. અને મિથ્યાદષ્ટિને નિશ્ચય નથી એટલે વ્યવહાર નથી. આમ વસ્તુનું સ્વરૂપ છે. આમાં આવશે. પરંપરા વ્યવહાર. એ તકરાર આવી છે ને કાલે? વ્યવહારને પરંપરા મોક્ષનું કારણ કહ્યું. કોને પણ? એ આવશે, હમણાં જ આવશે.

'**ભેદાભેદરત્નત્રયકે આરાધક...**' જેણે વર્તમાનમાં નિશ્ચય સમ્યગ્દર્શન, આનંદના નાથને અંદરમાં પૂર્ણાનંદ સ્વરૂપ પ્રભુ, એની (લીનતા) એટલે શાંતિ દ્વારા જેને નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટ થયું છે, એ સમ્યક્ નિશ્ચય છે એ વીતરાગી પર્યાય છે અને આત્માનું સ્વસંવેદનજ્ઞાન પૂર્ણાનંદ પ્રભુ, એનું સ્વ નામ પોતાનું, સં નામ પ્રત્યક્ષ જ્ઞાનનું વેદન (થયું છે) એ નિશ્ચય સમ્યગ્જ્ઞાન છે. એ નિશ્ચયરત્નત્રય માહ્યલો એ ભાગ છે. અને સ્વરૂપમાં સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત સ્વરૂપનું આરાધન કરીને અંદરમાં ઠરવું. આનંદમાં સ્થિરતા, અતીન્દ્રિય આનંદનો નાથ ભગવાન સમ્યગ્દર્શન-જ્ઞાનમાં પ્રતીત અને જાણવામાં આવ્યો, પછી એમાં ઠરવું. આનંદનસ્વરૂપ ભગવાનમાં ઠરવું એ ચારિત્ર. એ નિશ્ચયચારિત્ર. એટલે અભેદરત્નત્રય એને કહ્યું. એની જોડે વ્યવહારરત્નત્રયનો વિકલ્પ હોય છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ રાગ, શાસ્ત્રનું જ્ઞાન રાગવાળું અને પંચમહાવ્રતના પરિણામ આદિ રાગ, એને વ્યવહારરત્નત્રય કહે છે. પણ નિશ્ચય હોય એને.

અત્યારે તકરાર એ છે ને? વ્યવહારરત્નત્રય પરંપરાએ મોક્ષનું કારણ (છે). એટલે પછી નિશ્ચય વિનાનો વ્યવહાર (મોક્ષનું કારણ છે). એ વાત છે જ નહિ. એવો વ્યવહાર તો નવમી ગ્રૈવેયકે (ગયો એ પહેલાં) અનંતવાર કર્યો. એ વ્યવહાર વ્યવહાર તરીકે આરાધવા યોગ્ય નથી. આહાહા..! જેને આત્મદર્શન નિર્વિકલ્પ સ્વરૂપ ભગવાનઆત્મા, એની જેને વીતરાગી પર્યાય, વીતરાગસ્વરૂપ ભગવાન, જિનસ્વરૂપી પ્રભુ, એની શ્રદ્ધા, વીતરાગી પર્યાય, નિર્વિકલ્પ દશા, એવી શ્રદ્ધા જેને પ્રગટી છે એ નિશ્ચય, એને વ્યવહારનો વિકલ્પ હોય છે. સમજાણું કાંઈ? આ અર્થો કરવામાં વાંધા, પક્ષમાં વાંધા આખા. આહાહા..! શું થાય?

નિશ્ચયથી તો વ્યવહારરત્નત્રય તે હેય છે. પણ અહીંયાં સાથે લઈને બેયનું પ્રમાણજ્ઞાન કરાવ્યું છે. એટલે? નિશ્ચય સ્વભાવના અભેદરત્નત્રય એ સાક્ષાત્ મોક્ષનું કારણ. એમ કહેશે. સાક્ષાત્ શબ્દ છે. અને એમાં વ્યવહારરત્નત્રયનો વિકલ્પ છે, છે તો વિકલ્પ, પણ એ પરંપરા મોક્ષનું (કારણ છે). એટલે કે સમ્યગ્દષ્ટિને એ હેય છે પણ આવ્યા વિના રહેતો નથી. તેથી વ્યવહારરત્નત્રયનો વિકલ્પ આરાધવા યોગ્ય છે એમ વ્યવહારથી કહ્યું છે. સમજાણું કાંઈ? આવી વાત છે. આ પહેલો આનો અર્થ થયો. '**ભેદાભેદરત્નત્રયકે આરાધક...**' આ એની વ્યાખ્યા છે, આટલા શબ્દની. આહાહા..! પહેલો ભેદ લીધો છે. આહાહા..!

મુમુક્ષુ :- પહેલા વ્યવહાર હોય છે ને?

ઉત્તર :- હોય છે નહિ, સાથે હોય છે. ભાષા લીધી છે ને. નહિતર શું છે. 'દ્રવ્યસંગ્રહ'ની ૪૭ ગાથામાં નથી? ૪૭. '**दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा।**' બે પ્રકારનો જે નિશ્ચય અને વ્યવહાર મોક્ષમાર્ગ, એ ધ્યાનમાં પ્રાપ્ત થાય છે. એટલે કે સ્વભાવ જે ભગવાનઆત્મા અનંત જ્ઞાન-દર્શન-આનંદની શક્તિવાળું જે તત્ત્વ પ્રભુ, એની

અંતર્મુખ થઈને, ધ્યાનમાં લઈને જે સમ્યગ્દર્શન થાય એ નિશ્ચય. જોડે રાગ બાકી રહે છે એને વ્યવહાર મોક્ષમાર્ગનો આરોપ આપ્યો છે. ૪૭ ગાથા. આવી વાત છે, ભાઈ! ખેંચતાણ કરે તો કાંઈ તત્ત્વ તો છે ઈ રહેશે. આહાહા..!

આગળ કહેશે કે ત્રિકાળ જે ભૂતાર્થ છે, ભૂતાર્થ શબ્દ છે ને? એ અહીં ટીકામાં ભૂતાર્થ લીધો છે. અર્થમાં સત્ય લીધું છે. ભૂતાર્થ એવો ભગવાનઆત્મા. જે 'સમયસાર'ની ૧૧મી ગાથામાં '**भूदत्थमस्सिदो खलु**' (કહ્યું). ભગવાન પૂર્ણસ્વરૂપ આનંદનો નાથ સચ્ચિદાનંદ સ્વરૂપ પ્રભુ, એવો જે ભૂતાર્થ નામ સત્યાર્થ નામ સત્ય વસ્તુ મોજૂદ છે. આહાહા..! એનો આશ્રય લઈને શ્રદ્ધા થાય, એ સમ્યગ્દર્શન. એ નિશ્ચય. અને એ ભૂતાર્થને સત્ય કીધું છે. ત્રિકાળ વસ્તુ છે તે સત્ય છે. પર્યાયાદિ અભૂતાર્થ કહીને અસત્ય કીધી છે. આહાહા..! '**ववहारोऽभूदत्थो**' કીધું છે ને? પર્યાયમાત્ર અભૂતાર્થ (છે). અભૂતાર્થ કઈ રીતે? નિશ્ચયનું આરાધન કરવા પોતાનું પ્રયોજન-સમ્યગ્દર્શનની સિદ્ધિ કરવા સ્વનો આશ્રય લેવો, એમાં પર્યાયનો આશ્રય છોડવો છે. તેથી ગૌણ કરીને એને અભૂતાર્થ કહ્યો છે અને ત્રિકાળીને મુખ્ય કરીને ભૂતાર્થને સત્ય કહ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા એક સમયમાં ભૂતાર્થ વસ્તુ ત્રિકાળ, અનંત અનંત શક્તિના સામર્થ્યનું દળ, એ જ ભૂતાર્થ ને એ સત્ય છે. અને એ સત્યનો આશ્રય તે સમ્યગ્દર્શન છે. પછી પર્યાયને અભૂતાર્થ કીધી, પર્યાયને અભૂતાર્થ કીધી. વિકલ્પ તો અભૂતાર્થ છે. આહાહા..! ત્રિકાળી મુખ્યને નિશ્ચય કહી અને પર્યાયને ગૌણ કરીને વ્યવહાર કહ્યો છે, અભાવ કરીને વ્યવહાર કહ્યો નથી. આહાહા..! આવી વાત છે. નિશ્ચય અને વ્યવહાર એ અહીંયાં સાથે લીધું છે. ત્યાં જે મુખ્ય કરીને નિશ્ચય અને ગૌણ કરીને વ્યવહાર (કહ્યું), એને અહીંયાં પ્રમાણજ્ઞાન કરાવવા સાથે લીધું છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! અહીં આ પહેલા શબ્દનો અર્થ થાય છે.

'**ભેદાભેદરત્નત્રયકે આરાધક...**' એટલે પ્રમાણજ્ઞાનથી વાત કરી છે. અને જ્યાં ભૂતાર્થ તે સત્ય છે અને પર્યાય તે અભૂતાર્થ છે, તે નિશ્ચયની મુખ્યતાનો આશ્રય લેવા પર્યાયને અભૂતાર્થ ગૌણ કરીને કહી છે. પર્યાય નથી એમ નહિ. સમજાણું કાંઈ? હવે આટલું બધું શીખવું. આહાહા..! અરે..! જન્મ-મરણમાં દુઃખી ચોર્યાસીના અવતાર (કરીને). ભવભ્રમણનું ચક્ર માથે. અનંતા ભવો કર્યા. ભવસિંધુ-ચોર્યાસીના અવતારનો દરિયો મોટો. આહાહા..! એને ઓળંગવો છે ને. અહીંયાં ઓળંગવો છે ને હવે? ભાઈ! ચૈતન્યસિંધુ ભગવાન 'કહે વિચિક્ષણ પુરુષ સદા હું એક હું..' એક આવશે આમાં. શુદ્ધ-બુદ્ધ. આવે છે ને? શુદ્ધ-બુદ્ધ એક સ્વભાવ. એકનો અર્થ રહી ગયો છે. ઓલીકોર. ઓલીકોર જુઓ. શુદ્ધ જ્ઞાનસ્વભાવ છે ને? ત્રીજી લીટી છે. ઓલીકોર છે? ત્યાં એક શબ્દ રહી ગયો છે. શુદ્ધ જ્ઞાન એક સ્વભાવ એમ જોઈએ. શુદ્ધ બુદ્ધ એક સ્વભાવ. બધે ઠેકાણે આવે છે. પાઠમાં એમ છે, જુઓ! શુદ્ધ બુદ્ધ એક સ્વભાવ. છે? અંદરમાં છે. આહાહા..!

ત્રિકાળી શુદ્ધ જ્ઞાનસ્વરૂપ અને એક સ્વરૂપ. આ તો ધર્મ વાત છે. ઝીણી વાત (છે),

પ્રભુ! 'શ્રીમદ્'માં એમ કહ્યું ને?

**શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ,**
**બીજું કહીએ કેટલું કર વિચાર તો પામ.**

શુદ્ધ છે. એ પ્રભુ પવિત્ર છે. બુદ્ધ છે-જ્ઞાનઘન છે. ચૈતન્યઘન અસંખ્ય પ્રદેશી લઈ લીધો છે. અને અહીંયાં તો શુદ્ધ બુદ્ધ એક સ્વરૂપી છે, જેમાં પર્યાયનો ભેદ પણ નથી. આહાહા..! એવા સ્વભાવને સત્ય કહીને એનો આશ્રય લઈને જે સમ્યગ્દર્શન થાય તે નિશ્ચય સમ્યગ્દર્શન છે. એ સત્યદર્શન છે. અને એમાં દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિનો રાગ આવે એ છે તો અસત્ય દર્શન, પણ વ્યવહારથી સત્ય કહીને બેનું જ્ઞાન કરાવ્યું છે. અભેદરત્નત્રયની સાથે ભેદ, એમ પ્રમાણનું જ્ઞાન કરાવ્યું છે. આહાહા..!

નયચક્રમાં તો આવે છે ને કે પ્રમાણ પૂજ્ય નથી. નિશ્ચય પૂજ્ય છે. નયચક્રમાં આવે છે. કેમ? કે પ્રમાણમાં પર્યાયનો નિષેધ આવતો નથી અને નિશ્ચયમાં પર્યાયનો નિષેધ આવે છે. તેથી વસ્તુ ત્રિકાળ છે તે પૂજ્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? અહીંયાં બે ને સાથે બતાવ્યું છે. એટલે એ અર્થ કરવો છે જરી. ભેદાભેદ શબ્દ પડ્યો છે ને? એ સાથે પ્રમાણજ્ઞાન કરાવ્યું છે. સમજાણું કાંઈ? પાઠમાં તો બે છે જ નહિ. ગાથામાં તો એક જ છે. છે? **'ये मुनयः परमसमाधि धृत्वा परमात्मानं पश्यन्ति'** બસ! પાઠ તો આ છે. અને આ શબ્દો પણ ઓલા સંસ્કૃતના અર્થ કર્યા છે. શું કીધું સમજાણું?

મૂળ પાઠ છે ને એ તો પ્રાકૃત છે. એના અહીં શબ્દ નથી લીધા. એની છાયા છે ને નીચે? એનું આ લીધું છે. આ શબ્દાર્થમાં. નહિતર ઓલામાં **'णियंति'** છે. **'जे परमप्पु णियंति'** પણ છાયામાં **'परमात्मानं पश्यन्ति'** એટલે સંસ્કૃત છાયાના શબ્દાર્થ કર્યા છે. અન્વયાર્થ. સમજાણું કાંઈ? અહીં તો ફક્ત ભેદાભેદરત્નત્રયની વ્યાખ્યા ચાલે છે. ભેદ એવો જે વિકલ્પ છે, પણ કોને? કે જેને નિર્વિકલ્પ અભેદ રત્નત્રય પ્રગટ્યા છે તેને. તેને વ્યવહાર કહીને પ્રમાણનું જ્ઞાન કરાવવા ટીકાકારે ત્યાં બેયને આરાધક કહ્યા છે. સમજાય છે કાંઈ? મૂળ ગાથામાં તો એક જ વાત છે. આહાહા..! આવા જે આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ. આહાહા..!

મુમુક્ષુ :- કેવા આચાર્ય?

ઉત્તર :- આવા આચાર્ય, ઉપાધ્યાય, સાધુ. એ તો 'દ્રવ્યસંગ્રહ' આદિમાં ઘણે ઠેકાણે આવે છે. ભેદાભેદરત્નત્રય આરાધક સાધુને આહાર-પાણી આપે છે ને? આહાર-પાણી. એ વખતે ભેદાભેદરત્નત્રય લીધા છે. ભાઈ! 'દ્રવ્યસંગ્રહ' છે ને? એમાં આખું પાનું જ ઉતાર્યું છે. છે એમાં ક્યાંક. ભેદાભેદરત્નત્રયના આરાધકને આહાર-પાણી આપે છે. આહાર-પાણી આપે છે ત્યારે તો વિકલ્પ છે. લે છે એટલે. અને તેને ભેદાભેદરત્નત્રયનો આરાધક કહ્યો છે. એટલે અભેદપણું ત્યાં છે. એમ. આહાર-પાણી લે છે એને અભેદ તો છે. આહાહા..! ત્યાં પાનું ઉતાર્યું છે, હોં! ઘણા બોલ ઉતાર્યા છે, 'દ્રવ્યસંગ્રહ'માંથી. 'પરમાત્મપ્રકાશ'માં છે.

અહીં તો ભેદાભેદ આવ્યું ને? પંડિતજી! ભેદાભેદ આવ્યું એટલે એ મુનિ છે એ આહાર

લે છે ત્યારે એ ભેદાભેદ રત્નત્રયનો આરાધક છે. એટલે કોઈ એમ કહે કે વિકલ્પ વખતે અભેદપણું નથી, એમ નથી. સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાનઆત્મા એની જ્ઞાનની પર્યાયને અંતરમાં વાળતાં જે સત્યનો આશ્રય થયો, આશ્રયનો અર્થ અંદર વળ્યો છે ને, એથી એને નિશ્ચય સમ્યગ્દર્શન આનંદની પર્યાયના અનુભવ સહિત જે દશા થઈ એને નિશ્ચય સમ્યગ્દર્શન અભેદ કહે છે. એમ જ્ઞાન અંદરમાં સ્વસંવેદનજ્ઞાન થતાં આનંદનો સાથ લઈને જ્ઞાન થયું, એને નિશ્ચય સમ્યગ્જ્ઞાન એટલે નિશ્ચય અભેદરત્નત્રય અભેદ નિશ્ચય જ્ઞાન કહે છે. આહાહા..! અને નિશ્ચયસ્વરૂપ જે આનંદસ્વરૂપ ભગવાન, અતીન્દ્રિય આનંદનું દળ છે એ તો. આહાહા..! શક્કરિયાનું કહ્યું નહોતું? શક્કરિયું હોય છે ને? શું કહે છે? શક્કરકંદ. એ શક્કરિયું હોય છે ને શક્કરિયું? ઉપલી લાલ છાલ સિવાય એ શક્કરિયું છે. શક્કરકંદ એટલે સાકરની મીઠાશનો એ પિંડ છે. એક લાલ છાલને લક્ષમાં ન લે. આહાહા..!

મુમુક્ષુ :- આ પ્રમાણે?

ઉત્તર :- આ પ્રમાણે આત્મા. શક્કરકંદ નામ મીઠાશનો આનંદનો પિંડ છે. એને પુણ્ય-પાપના વિકલ્પની છાલ લક્ષમાં ન લ્યો તો.

અહીં તો ભેદનું જ્ઞાન કરાવ્યું છે. અભેદ ને ભેદ હોય છે ને? નિશ્ચય જ એકલું છે એવું નથી. વ્યવહાર છે ને? 'જહ જીણો મજ્જન્તુ જહ' વ્યવહાર ન મૂકવાનો અર્થ? વ્યવહાર છે. એનો અર્થ એવો નથી કે વ્યવહાર આશ્રય કરવા લાયક છે કે એને આશ્રયે ધર્મ થાય. એમ નથી. સમજાણું કાંઈ? આ વિરોધ બહુ આવે એટલે વધારે સ્પષ્ટીકરણ થાય. રાત્રે કહ્યું હતું ને? આહાહા..! ભગવાન! માર્ગ તો આ છે, ભાઈ! કોઈના ઘરનો-કલ્પનાનો નથી. સ્વભાવના ઘરનો છે આ તો. આહાહા..!

મુમુક્ષુ :- મત છોડો ...

ઉત્તર :- છે એમ એનો અર્થ. નિશ્ચય છે અને વ્યવહાર પણ છે. પણ નિશ્ચય છે એ આશ્રય કરવા લાયક છે, વ્યવહાર છે એ જાણવા લાયક છે. એ વસ્તુ ૧૧ ને ૧૨. (સમયસાર) ૧૧-૧૨ ગાથા. વસ્તુ ચારે કોર મેળવાળી સંધિ છે.

અહીં '**ભેદાભેદરત્નત્રયકે આરાધક જો આચાર્ય, ઉપાધાય્ય ઔર સાધુ હૈં, ઉનકો મૈં નમસ્કાર કરતા હૂં.**' આહાહા..! 'યોગીન્દ્રદેવ' કહે છે આવાને હું નમસ્કાર કરું છું. પોતે મુનિ છે, આચાર્ય છે. છતાં આવા જે અભેદ સ્વરૂપ આનંદના નાથને આરાધે છે, વચમાં વિકલ્પ આવ્યો છે તેનું પ્રમાણજ્ઞાન કરાવવા આરાધે છે એમ કહેવામાં આવે છે. એવા '**જો મુનિ...**' પાઠમાં તો એક જ વાત આવશે. ટીકાકારે અંદરથી બે (અર્થ) કાઢ્યા છે.

'**પરમસમાધિકો ધારણ કરકે...**' આહાહા..! જે કોઈ મુનિ ધર્માત્મા આચાર્ય, ઉપાધ્યાય કે સાધુ. ત્રણેયને મુનિ લઈને વાત કરી છે અહીંયાં. '**પરમસમાધિકો ધારણ કરકે સમ્યગ્જ્ઞાનકર...**' આહાહા..! અંતર જ્ઞાયકસ્વભાવ તો પરમસમાધિ એટલે એકાગ્રતા. વિકલ્પને પણ એક કોર દૂર કરી દઈને. કરી દઈને એ અહીં વાત નથી. પણ ભગવાન

નિર્વિકલ્પ ચૈતન્યદળ પ્રભુ છે, એનું સમાધિ દ્વારા સમ્યગ્જ્ઞાન કરીને, એમ કહ્યું છે. અંતર વીતરાગી પર્યાય દ્વારા સમ્યગ્જ્ઞાન કરીને. આહાહા..! આવો માર્ગ વીતરાગનો છે, ભાઈ! વસ્તુનું સ્વરૂપ જ આવું છે.

શું કહ્યું? '**પરમસમાધિકો 'धृत्वा' ધારણ કરકે સમ્યગ્જ્ઞાનકર પરમાત્માકો દેખતે હૈ.**' છે? પરમસમાધિ ધારી અંદરમાં આનંદસ્વરૂપ શુદ્ધ નિર્વિકલ્પ દશાને ધારણ કરી... આહાહા..! અને આ પરમાત્મા એટલે પોતે સ્વરૂપ ભગવાન, શુદ્ધ-બુદ્ધ ચૈતન્યઘન જે અખંડ પ્રભુ એને જે અનુભવે છે. પશ્યન્તિનો અર્થ અનુભવે છે. પાઠમાં નિયંતી છે. છાયામાં પશ્યન્તિ છે. અર્થમાં એને અનુભવે છે એમ છે. દેખે છે એટલે અનુભવે છે. આહાહા..!

'**કિસલિયે 'परमानंदस्य कारणेन' રાગાદિ વિકલ્પ રહિત પરમસમાધિસે ઉત્પન્ન હુએ...**' આહાહા..! '**પરમસુખકે રસકા અનુભવ કરનેકે લિયે...**' આહાહા..! રાગાદિ વિકલ્પ રહિત પરમસમાધિ. પરમઆનંદ. સમાધિ એટલે ઓલા બાવા કહે સમાધિ એ નહિ આ. લોગસ્સમાં પણ આવે છે નહિ 'સમાહિવરમુત્તમં દિંતુ.' એ સમાધિ આત્માનો આનંદ. આધિ, વ્યાધિ, ઉપાધિથી રહિત સમાધિ. આધિ નામ સંકલ્પ-વિકલ્પ, વ્યાધિ નામ શરીરની રોગ દશા, ઉપાધિ નામ સંયોગોનો સંબંધ. ઈ ત્રણથી રહિત. ઉપાધિ, વ્યાધિ અને આધિ રહિત તે સમાધિ. આહાહા..! અરે..! આવી વ્યાખ્યા બધી. આહાહા..! આ તો સર્વજ્ઞના ઘરમાં જાવું છે, બાપા! એ મારગડા કેવા છે! આહાહા..! અને સર્વજ્ઞ પ્રાપ્તિ માટેનો આમાં પંથ છે. સમજાણું કાંઈ? એટલે કે મોક્ષની પ્રાપ્તિ. સર્વજ્ઞપણું એટલે મોક્ષ. એની પ્રાપ્તિનો આ પંથ છે. આહાહા..!

એ પંથમાં કહે છે કે '**રાગાદિ વિકલ્પ રહિત પરમસમાધિસે ઉત્પન્ન હુએ...**' શાંતિ... શાંતિ.. શાંતિ... શાંતિ... આહાહા..! એનાથી '**ઉત્પન્ન હુએ પરમસુખકે રસકા અનુભવ...**' પરમ અતીન્દ્રિય આનંદના રસનો અનુભવ. આહાહા..! લ્યો! ઓલા રસગુલ્લા નથી આવતા તમારે દૂધના? આ આનંદના રસનો રસગુલ્લો આત્મા છે. પર્યાયની વાત છે, હોં! આ. પર્યાયમાં '**રાગાદિ વિકલ્પ રહિત પરમસમાધિસે ઉત્પન્ન...**' શાંતિ... શાંતિ.. શાંતિ... ત્રણ કષાયનો (અભાવ થયો છે). અહીં મુનિની વાત છે ને? ત્રણ કષાયના અભાવની સમાધિ. આહાહા..! એનાથી '**ઉત્પન્ન હુએ પરમસુખકે રસકા અનુભવ...**' પરમ આનંદના રસનું વેદન. આહાહા..! '**કરનેકે લિયે ઉન તીનોં આચાર્ય, ઉપાધ્યાય, સાધુઓંકો...**' એટલે મારા પરમ આનંદના રસને માટે હું ત્રણને વંદન કરું છું, એમ કહે છે. તદ્ ગુણ લબ્ધયે. આવે છે ને? હું મારા નિર્વિકલ્પ આનંદના અનુભવ માટે ત્રણને વંદન કરું છું. છે? '**त्रीन् अपि नत्वा**' શું કરવા? કે '**परमानन्दस्य कारणेन**' એમ. પરમાનંદરૂપી આનંદના રસને લેવા માટે.. આહાહા..! હું ત્રણ આચાર્ય, ઉપાધ્યાય, સાધુને વંદન કરું છું. છે તો વિકલ્પ પણ અંતર સ્વરૂપ તરફનું વલણ છે ને એ પરમાનંદના રસનું વેદન છે. જેમ ઓલી ટીકામાં કહ્યું હતું એવો શબ્દ (છે). આહાહા..!

'અમૃતચંદ્રાચાર્યે' કહ્યું, મને આ ટીકા કરતાં, મારો ભગવાન તો શુદ્ધ ચૈતન્યઘન છે પણ

પર્યાયમાં અશુદ્ધતા અનાદિની છે. મુનિ થયા છે આચાર્ય, એને હજી અશુદ્ધતા તો છે ને. એ અનાદિની અશુદ્ધતા છે. એ અશુદ્ધતા છે, ક્લિષ્ટતા છે, મલિનતા છે. આહાહા..! એ આ ટીકા કરતાં મારી મલિનતાનો નાશ થશો. એનો અર્થ? ટીકાના કાળમાં મારું જોર દ્રવ્ય ઉપર છે. આહાહા..! આ બાયું પાણીની હેલ નથી ઉપાડતા? બે-ત્રણ ઉપાડે. અને રસ્તામાં સખી મળે તો વાતું કરે, ઓલું કરે, પણ બધું લક્ષ ત્યાં છે. વાતું કરે, આમ કહે, કેમ છે, ફલાણું કરે. લક્ષ ત્યાં છે. આહાહા..! એમ ટીકા વખતે પણ લક્ષનું જોર દ્રવ્ય ઉપર છે. આહાહા..! એમ આ નમસ્કાર કરવા વખતે પણ... આહાહા..! એવું આવે છે ક્યાંક, ભજનમાં આવે છે. 'નટવા નટ નાચે...' એવું આવે છે. 'આનંદઘનજી'માં આવે છે.

'**परमानन्दस्य कारणेन**' મારા પરમાનંદના કારણે... આહાહા..! મારો પ્રભુ પરમાનંદનો નાથ પ્રભુ, એના સેવનથી, સમાધિથી ઉત્પન્ન થયેલો પરમાનંદ, એવા પરમાનંદને કારણે હું આચાર્ય, ઉપાધ્યાય, સાધુને નમસ્કાર કરું છું. હવે કોઈ એમાંથી એમ કાઢે કે જુઓ! નમસ્કાર પરને કરે છે માટે પરમાં આનંદ મળે છે. કઈ અપેક્ષા છે? બાપુ!

મુમુક્ષુ :- આ તો પરની જ વાત છે.

ઉત્તર :- એ કઈ અપેક્ષાએ વાત? ટીકા કરનાર 'અમૃતચંદ્રાચાર્ય' પોતે કહે છે કે મેં આ ટીકા કરી જ નથી. હું ટીકામાં આવ્યો નથી. ટીકાનો વિકલ્પ છે ત્યાં પણ હું આવ્યો નથી. હું તો મારા સ્વરૂપમાં છું. આવે છે? આહાહા..! એ રીતે વાત કરીને આ વાત ચાલે છે. આહાહા..! મારા સ્વરૂપમાં રહીને આ વિકલ્પ ઊઠ્યો છે. પણ મારું લક્ષ તો સ્વરૂપની પ્રાપ્તિ વિશેષ થાય એ મારું લક્ષ છે. સમજાણું કાંઈ? અરે અરે..! વાંચનમાં ફેરફાર કરે આડોઅવળો તો બધું ફેરફાર થઈ જાય. માર્ગની રીત છે તે પ્રમાણે હોવું જોઈએ.

એક કોર ભગવાન એમ કહે કે પ્રમાણ પૂજ્ય નથી. કેમકે (તેમાં) પર્યાયનો નિષેધ આવતો નથી. એક કોર ભેદાભેદ રત્નત્રયને પૂજ્ય કહે. એય..! સમજાણું કાંઈ? આરાધક કહ્યું ને? કઈ અપેક્ષાએ? આહાહા..! પરમાત્માના વિરહ પડ્યા, કેવળજ્ઞાનની શક્તિ પ્રગટ કરવાની રહી નહિ. આ બધા ઝઘડા ઊભા થયા. માર્ગ તો આ છે.

મૂળ 'યોગીન્દ્રદેવે' ભેદાભેદરત્નત્રય નથી લીધું પણ એમાં આવી જાય છે. શું? કે હું આ મારા પરમાનંદને કારણે નમસ્કાર કરું છું. વિકલ્પ તો છે. પણ મારું ધ્યેય વિકલ્પ અને પર ઉપર નથી. આહાહા..! સમજાણું કાંઈ? હું આત્મા અખંડ આનંદનો નાથ, શક્કરકંદ જેમ છે. એ શક્કરની એટલે સાકરની મીઠાશનો પિંડ-દળ આખું છે. મારો નાથ પરમ આનંદના દળવાળો આત્મા છે. આહાહા..! એમાંથી પરમાનંદની પ્રાપ્તિ ને કારણે હું વંદન કરું છું. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! ભાઈ! આમાં તો જરી ઉંડાણ જોઈ અભ્યાસ જોઈએ થોડો. એમ ને એમ અદ્ધરથી હાલી નીકળે એમ ચાલે એવું નથી અહીં. આહાહા..! ભેદાભેદ શું અને પ્રમાણ શું અને નિશ્ચય શું અને વ્યવહાર શું?

મુમુક્ષુ :- એ તો આવી ગયું. ભેદ કહો કે વ્યવહાર કહો.

ઉત્તર :- એ કહ્યું ને. અભેદ એટલે શું પણ પાછું? સ્વ સ્વભાવનો આશ્રય લઈને જે નિર્મળદશા પ્રગટ થાય તેને અભેદ કહેવામાં આવે છે અને પરના આશ્રયમાં વિકલ્પ ઊઠે એને

વ્યવહાર કહેવામાં આવે છે. પરાશ્રિતો વ્યવહાર, સ્વઆશ્રિતો નિશ્ચય. જુઓને! સિદ્ધાંત તો જુઓ! પણ વ્યવહાર હોય છે અને અહીં વંદન કરવાનો પણ વ્યવહાર હોય છે. ઓલામાં વ્યવહાર હોય છે, ભેદાભેદ રત્નત્રયવાળો હજી. અહીં વંદન કરનારને વિકલ્પ ઊઠ્યો છે. આહાહા..! પણ મારો હેતુ તો પરમાનંદના કારણે છે. આહાહા..! મારે તો સ્વભાવ તરફ ઢળીને વિશેષ પરમાનંદ થાય એ મારો હેતુ છે. આહાહા..! આ વાત ક્યાં છે? દિગંબર સંતો વિના આ વાત ક્યાં છે, બાપા!

**'परमानन्दस्य कारणेन'** આહાહા..! **'तान् अपि'** એટલે તેને **'તીનોં આચાર્ય, ઉપાધ્યાય, સાધુઓંકો ભી મૈં નમસ્કાર કરકે પરમાત્મપ્રકાશકા વ્યાખ્યાન કરતા હૂં.'** લ્યો હવે. સાતમી ગાથા થઈને. સાત સુધી થઈ. આહાહા..! પહેલી ગાથામાં ભૂતકાળના અનંત સિદ્ધોને નમસ્કાર કર્યા. બીજી ગાથામાં ભવિષ્યમાં અનંતા થશે તેને કર્યા. ત્રીજીમાં ભગવાન અરિહંતો બિરાજે છે એને નમસ્કાર કર્યા. ચોથીમાં આત્મામાં નિવાસ છે એને નમસ્કાર કર્યા. આહાહા..! પાંચમી ગાથામાં અરિહંતના જ્ઞાન આદિને નમસ્કાર કર્યા. એમ કર્યું ને? કેવળજ્ઞાનાદિ છઠ્ઠામાં આવ્યું. નિવાસનું પાંચમામાં. ચોથામાં મહામુનિને. ચોથી ગાથામાં મહામુનિ થઈને મોક્ષ પધાર્યા તેને (નમસ્કાર) કર્યો. પાંચમીમાં પોતામાં વાસ છે એને કર્યો. સ્વરૂપનો વાસ છે. લોકાલોકને જાણતા છતાં સ્વરૂપમાં છે. શિખર ઉપર હોવા છતાં.. આહાહા..! છઠ્ઠી ગાથામાં જ્ઞાનની પર્યાય અરિહંતને નમસ્કાર કર્યા. સાતમી ગાથામાં ત્રણ રહી ગયા હતા એને કર્યા. એટલે સિદ્ધ, અરિહંત, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ પાંચેય આવી ગયા. આહાહા..!

હવે નય ઉપાડે છે. જુઓ! ઓલાપણે સુધાર્યું હતું ને અનુપચરિતનું? ઉપચરિત નહિ અનુપચરિત. એ આવ્યું, જુઓ! **'અનુપચરિત અર્થાત્ જો ઉપચરિત નહીં હૈ, ઈસીસે અનાદિ સંબંધ હૈ, પરંતુ અસદ્ભૂત (મિથ્યા) હૈ,...'** જોયું! ત્યાં સંસ્કૃતમાં ઉપચરિત હતું ને? અનુપચરિત જોઈએ. આપણે સુધાર્યું છે.

મુમુક્ષુ :- પહેલીમાં તો અનુપચરિત છે.

ઉત્તર :- અહીં તો ચોખ્ખું છે. આમાં તો અનુપચિરત છે.

**'ઈસીસે અનાદિ સંબંધ હૈ,...'** કોણ? જડ કર્મ. એ તો ચોખ્ખું છે. અસદ્ભૂત છે. જડ કર્મ આત્મામાં નથી. **'ઐસા વ્યવહારનયકર દ્રવ્યકર્મ, નોકર્મકા સંબંધ હોતા હૈ,...'** જુઓ! આવા વ્યવહારથી સંબંધ છે. જૂઠી અસત્ય નયથી. આહાહા..! **'ઉસસે રહિત...'** એનાથી રહિત પરમાત્મા.. આહાહા..! **'ઔર અશુદ્ધ નિશ્ચયનયકર રાગાદિકા સંબંધ હૈ,...'** જુઓ! ત્યાં ટાળવાની અપેક્ષાએ વાત કરી હતી. કર્મકલંક. અહીં સંબંધની અપેક્ષાએ વાત છે. શું કહ્યું સમજાણું? કર્મ ઈંધનને બાળવામાં કર્મ અને ભાવકર્મને બાળવું એ અશુદ્ધનિશ્ચયથી, દ્રવ્યકર્મને અનુપચરિત અસદ્ભૂત વ્યવહારથી બાળવાની વાત કરી હતી. અહીં સંબંધની વાત કરે છે કે જડકર્મનો સંબંધ જીવને અનુપચરિત અસદ્ભૂત વ્યવહારથી છે.

**'ઔર અશુદ્ધ નિશ્ચયનયકર રાગાદિકા સંબંધ હૈ,...'** પુણ્ય અને પાપનો આત્માને

પર્યાયમાં સંબંધ (છે) એ અશુદ્ધ નિશ્ચય(થી છે). કેમકે એની પર્યાયમાં છે. એથી અશુદ્ધ નિશ્ચયનયથી વિકારને અને ભગવાનઆત્માને સંબંધ છે. આહાહા..! ભાષા તો સાદિ આવે છે. જરી પછી મગજ તો દેવું પડે ને એણે. એય..! 'બાબુભાઈ'! કોઈ દિ' ચોપડા ફેરવવા આડે નવરાશ ક્યાં છે? આ બે છોકરા મોટા થયા છે હવે. તોપણ હજી નવરાશ નથી મળી?

મુમુક્ષુ :- હમણાં નવરા પડીને આવ્યા છે.

ઉત્તર :- એ તો હમણા આઠ દિ' આવ્યા હતા. એની મા ગુજરી ગયા. મોટી બા. ત્યાં ગયા તો કહે, મારી મોટી બાને માંગલિક સંભળાવો. ઉપર આવો. પછી ઉપર ગયા હતા. 'બાબુભાઈ' કહે. નહિતર ઉપર મેડીએ ચડતા નથી પણ હવે 'બાબુભાઈ' કહે, મારી મોટી બાને સાંભળવું છે. આહાહા..! એવી વાતું બહારની છે, બાપુ! આ અભ્યાસ જોઈએ, ભાઈ! અરેરે..! જન્મ-મરણ એક ભવમાં અનંત ભવના ચક્રને નાશ કરવો છે. આહાહા..! નહિતર અનંત ભવચક્ર માથે ઊભું છે. અનંત ભવસિંધુ ચક્ર, બાપુ! તને ખબર નથી. આહાહા..! મિથ્યાત્વ છે ત્યાં સુધી અનંત ભવચક્રની ડાંગ માથે ઊભી છે. આહાહા..!

અહીં કહે છે કે કર્મનો જીવને સંબંધ કઈ નયે કહેવો? કે ઉપચાર રહિત નજીક છે તે અનુપચાર વ્યવહારનયથી કહેવાય. આહાહા..! અસદ્‌ભૂત વ્યવહારથી. આહાહા..!

મુમુક્ષુ :- અનુપચરિતનો અર્થ અનાદિનો છે.

ઉત્તર :- આહાહા..! એ સંબંધ તો એનાદિનો છે ને. અનાદિનો છે. અત્યારે છે કહો કે અનાદિનો છે કહો. આહાહા..!

'**ઉસસે રહિત...**' આત્માની શ્રદ્ધાની વાત કરે છે. '**અશુદ્ધ નિશ્ચયનયકર રાગાદિકા સંબંધ હૈ,...**' આહાહા..! એ વ્યવહારરત્નત્રય અહીં જે કહ્યો ભેદરત્નત્રય, એનો સંબંધ અશુદ્ધનિશ્ચયથી છે. આહાહા..! '**ઉસસે તથા મતિજ્ઞાનાદિ વિભાવગુણકે સંબંધસે રહિત...**' એ મતિજ્ઞાન વિભાવ ગુણનો સંબંધ પણ અશુદ્ધનિશ્ચયથી છે. આહાહા..! બે. '**ઔર નર-નારકાદિ ચતુર્ગતિરૂપ વિભાવપર્યાયોંસે રહિત...**' એ પણ અશુદ્ધનિશ્ચયથી છે. ગતિ છે ને? નર-નારકાદિ ચાર ગતિ. એ વિભાવપર્યાય છે, અશુદ્ધનિશ્ચયથી છે. આહાહા..! ત્રણેયને અશુદ્ધમાં નાખ્યું. પુણ્ય-પાપના ભાવને, મતિજ્ઞાન આદિ વિભાવને અને આ નર-નારકાદિ વ્યંજનપર્યાયને. ઉદયભાવ ગતિનો. અશુદ્ધનિશ્ચયથી. ભાઈ! આ તો ધ્યાન બહુ રાખે તો પકડાય. આ તો... આહાહા..!

મુમુક્ષુ :- અશુદ્ધ નિશ્ચયનય કહો, અસદ્‌ભૂત વ્યવહારનય કહો પણ જૂઠી કેમ કહો છો?

ઉત્તર :- એ જૂઠી છે. કર્મ જૂઠી છે. અશુદ્ધ નિશ્ચયનય જૂઠી નથી. અશુદ્ધ નિશ્ચય છે એ પર્યાયમાં સત્ છે. અને કર્મ તો અસદ્‌ભૂત છે. આત્મામાં છે જ નહિ. આહાહા..! આચાર્યોએ કામ કર્યા છે ને! આહાહા..!

મુમુક્ષુ :- લોકોત્તર ..

ઉત્તર :- વસ્તુ એવી છે, બાપા! શું થાય? કેવળજ્ઞાનીની પાટે બેસીને એનો માર્ગ કહેવો, ભાઈ! કરોડોપતિની દુકાને બેસીને ઘાંચી કામ કરે? એનો મુનિમ બીજી જાતનો હોય.

એમ પરમાત્મા ત્રણલોકના નાથ સર્વજ્ઞનો કહેલો માર્ગ, એને કહેનારની બહુ જવાબદારી છે. સમજાણું કાંઈ? એક કાનો માત્ર પણ ફેર પડી જાય તો આખું તત્ત્વ ફરી જાય. અને એ કોને માટે? પોતાને માટે છે કે પરને માટે? આહાહા..! હિત હેતુ. એમ આવ્યું છે. જિના દેશ જાતા, નથી? એમાં છેલ્લું આવ્યું છે.

'જૈનવાણી જૈનવાણી સુન હી જે જીવ, જે આગમ રુચિ ધરે, જે પ્રતીતિ મનમાં આનહી, અવધાર હી જે પુરુષ સમરથ પદ અર્થ જાન હિ. જે હિત હેતુ બનારસી દે હી ધર્મ ઉપદેશ.' હિતહેતુ. આહાહા..! 'તે સબ પાવ હી પરમસુખ તજ સંસારકલેશ.' 'બનારસીદાસ'નું છે. પ્રણવ મંત્ર. 'ૐકાર ધ્વનિ સુણિ અર્થ ગણધર વિચારે.' એ છે આમાં. છે ને? 'મુખ ૐકાર ધ્વનિ સુનિ અર્થ ગણધર વિચારે, રચી આગમ ઉપદેશ ભવિકજીવ સંશય નિવારે.' આહાહા..! ભગવાનના શ્રીમુખે ૐ ધ્વનિ છૂટી. સંતો, ગણધરો, સંતોના નાયક એણે આગમ રચ્યા. અને 'ભવિકજીવ સંશય નિવારે.' એ આગમને સાંભળીને મિથ્યાત્વનો નાશ કરે. એમ કહે છે. આહાહા..! ઓલા કળશમાં નહોતું આવ્યું? કે કર્મના સંગે મરણતુલ્ય થઈ ગયો છે. કળશમાં આવ્યું છે. કળશ. 'કર્મના સંગે...' નથી આવ્યું? જુઓ!

**'જેમ ઢાંકેલો નિધિ પ્રગટ કરવામાં આવે છે એમ ભગવાન નિધિત છે અંદર...'** આહાહા..! પુણ્ય અને પાપની આડમાં એ પ્રભુ ઢંકાઈ ગયો છે. આહાહા..! **'ઢાંકેલો અગ્નિ પ્રગટ કરવામાં આવે છે તેમ જીવદ્રવ્ય પ્રગટ જ છે.'** આહાહા..! નિધિ જેમ પ્રગટ છે એમ ચૈતન્યનિધિ અંદર પ્રગટ છે. આહાહા..! **'પરંતુ કર્મસંયોગથી ઢંકાયેલું હોવાથી...'** કર્મના નિમિત્તના સંગમાં વિકારી પરિણામથી... આહાહા..! મરણને પ્રાપ્ત થઈ રહ્યું હતું. આહાહા..! એટલે કે છે નહિ એમ પ્રાપ્ત થઈ રહ્યું હતું. આહાહા..! એની વર્તમાન પર્યાયના મહાત્મ્યમાં અને પુણ્ય-પાપના મહાત્મ્યમાં એ પ્રભુ છે નહિ એમ થઈ ગયું હતું એને.આહાહા..! ૨૮મા કળશમાં છે. આહાહા..!

ભગવાન નિધાન અંદર પડ્યું છે. ઓલા આવે છે ને શ્વેતાંબરમાં? ઓલા આબુએ નથી ગયા? 'વસ્તુપાલ-તેજપાલ'. 'વસ્તુપાલ-તેજપાલ' હતા શ્વેતાંબર. પૈસા ઘણા. પછી જાત્રા કરવા નીકળ્યા હતા. એ પૈસા ઘણા હતા એને દાટવા ગયા. નળપુરમાં કે એમાં. દાટવા ગયા ત્યાં ચરુ નીકળ્યા. કરોડો રૂપિયાના ચરુ નીકળ્યા. બાયડી-સ્ત્રી કહે છે, શું તમે દાટો છો? પગે પગે નિધાન તમારે અને હવે દાટવા શું કરવું તમારે? બહુ ખર્ચ્યા છે ને આબુમાં? સાડા ત્રણ કરોડનો સ્ત્રીના નામનો ગોખલો બનાવ્યો છે. સાડા ત્રણ કરોડનો. 'વસ્તુપાલ-તેજપાલ.' એમ કહે (છે), આ લક્ષ્મી છે તમારી પાસે, યાત્રા કરવા નીકળ્યા. દાટવા ગયા ત્યાં ચરુ નીકળ્યા. હવે તમારે દાટીને કામ શું છે? આહાહા..!

એમ ભગવાનઆત્મા પુણ્ય-પાપના વિકલ્પમાં દટાઈ ગયો છે. એ પ્રગટ આનંદનો નાથ અંદર પડ્યો છે. આહાહા..! એને હવે ખોલ. કોનાથી? મરણને પ્રાપ્ત થઈ રહ્યો છે. અરે..! છે તે નથી એમ થઈ ગયું હતું. આહાહા..! પૂર્ણાનંદનો નાથ અસ્તિ ધામ પ્રભુ છે એ નથી એમ થઈ ગયું હતું. પરંતુ ભ્રાંતિ, પરમગુરુ શ્રી તીર્થંકરનો ઉપદેશ સાંભળતા મટે છે. સંશય નિવારે

કીધું ને આમાં? જિનાદેશ. ચારે કોરનો મેળ એવો છે ને. આહાહા..! ત્રણલોકના નાથની વાણી, એનો ભાવ જ્યાં કાને પડે છે... સમજાણું કાંઈ? એ સંશય નાશ થઈ જાય છે. એ ત્રિલોકના નાથની વાણીનું નિમિત્ત છે, એમ કહે છે. કારણ કે એની વાણીમાં વીતરાગતા ઉત્પન્ન થાય તે જ વાત ભગવાનની વાણીમાં આવે. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં બે વાત કરી કે કર્મનો અને નોકર્મનો સંબંધ અસદ્ભૂત વ્યવહારનયથી અનુપચરિતથી છે. અને રાગનો સંબંધ, પુણ્ય-પાપના વિકલ્પનો સંબંધ આ ભેદરત્નત્રય છે એ પણ વિકલ્પ છે એનો સંબંધ અને મતિજ્ઞાનાદિ વિભાવગુણ, મતિજ્ઞાનાદિ પર્યાય છે એનો પણ સંબંધ. એ કાંઈ કાયમ રહેનારી ચીજ નથી. આહાહા..! મતિજ્ઞાનાદિ વિભાવગુણ એ પર્યાય. એનો સંબંધ અશુદ્ધનિશ્ચયથી છે. આહાહા..! અને નર-નારકાદિ ચતુર્ગતિનો વિભાવપર્યાય એ પણ અશુદ્ધનિશ્ચયથી સંબંધ છે. એનાથી-ત્રણેથી પ્રભુ રહિત છે. કર્મ, નોકર્મથી રહિત, મતિજ્ઞાનાદિ વિભાવપર્યાયથી રહિત, ચાર ગતિની પર્યાયથી રહિત.

'**ઐસા જો ચિદાનંદચિદ્રૂપ...**' જ્ઞાનાનંદ ચિદ્રૂપ. આહાહા..! આવી વાત. '**ચિદાનંદચિદ્રૂપ એક અખંડસ્વભાવ શુદ્ધાત્મતત્ત્વ હૈ વહી સત્ય હૈ.**' આ ભૂતાર્થ લીધો. પાઠમાં ભૂતાર્થ છે. જુઓ! '**शुद्धात्मतत्त्वं तदेव भूतार्थं** ' સંસ્કૃતમાં છે અંદરમાં. ભૂતાર્થ છે. એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠમી લીટી. આઠમી લીટી. બીજે છે. હશે. સમજાણું કાંઈ? શું કહ્યું? આ ભગવાનઆત્માને કર્મ અને શરીરનો (સંબંધ) અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી કહેવામાં આવે છે. એનાથી પ્રભુ રહિત છે. અશુદ્ધ નિશ્ચયથી પુણ્ય-પાપના ભાવનો સંબંધ એ અશુદ્ધનિશ્ચયથી કહેવામાં આવે છે. એનાથી પ્રભુ રહિત છે. અને મતિજ્ઞાનાદિ વિભાવથી રહિત છે અને ચારગતિના વ્યંજન-પર્યાય-ઉદય જે ગતિ. ગતિયોગ, હોં! શરીર નહિ. એનાથી પણ રહિત છે. એ પણ અશુદ્ધનિશ્ચયમાં જાય છે.

હવે શુદ્ધનયનો વિષય. આહાહા..! છે? '**ચિદાનંદચિદ્રૂપ...**' આહાહા..! જ્ઞાનાનંદ જ્ઞાનરૂપ. જ્ઞાનાનંદ જ્ઞાનરૂપ એમ લીધું. ભગવાનઆત્મા જ્ઞાનના આનંદવાળો પ્રભુ જ્ઞાનરૂપ છે. જ્ઞાનના આનંદવાળો પ્રભુ જ્ઞાનરૂપ છે. આહાહા..! આ દુનિયા બહારમાં આનંદ-સુખ શોધે છે ને? વિષયમાં ને ભોગમાં ને પેસામાં ને ધૂળમાં. મૂઢ છે, કહે છે. આહાહા..! અરે..! પ્રભુ! તું જ્ઞાનાનંદ ચિદ્રૂપ છો ને! આહાહા..! તારામાં આનંદ તો ઠસોઠસ ભર્યો છે. અતીન્દ્રિય આનંદ. આહાહા..!

'**ચિદાનંદચિદ્રૂપ એક અખંડ સ્વભાવ...**' એક અખંડ પર્યાય વિનાની ચીજ આખી. આહાહા..! મતિજ્ઞાનના વિભાવથી રહિત કીધી ને? મતિજ્ઞાન આદિ ચાર જ્ઞાનની પર્યાયને અશુદ્ધનિશ્ચયથી સંબંધ કીધો છે. આહાહા..! સમજાણું? જેમ રાગનો સંબંધ વસ્તુને અશુદ્ધ નિશ્ચયથી છે. એમ મતિજ્ઞાનાદિ પર્યાય જે વિભાવ ચાર જ્ઞાન, હોં! આહાહા..! એ સંબંધ કાયમ રહેતો નથી. એ તો અશુદ્ધ નિશ્ચયનો સંબંધ છે. આહાહા..! એનાથી પ્રભુ અંદર રહિત છે. આહાહા..! ચાર ગતિના ભાવથી પણ પ્રભુ રહિત છે. સંબંધ છે એ ચાર ગતિનો અશુદ્ધ નિશ્ચય છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

**'ઐસા જો ચિદાનંદચિદ્રૂપ એક અખંડસ્વભાવ શુદ્ધાત્મતત્ત્વ હૈ વહી સત્ય હૈ.'** તે ભૂતાર્થ છે. એ ૧૧મી ગાથાનું. આહાહા..! **'વવહારોऽભૂદત્થો'** એમાં આ બધું આવી ગયું. રાગ, મતિ આદિની પર્યાય અને ગતિ એ બધું અભૂતાર્થ છે. ત્યાં અભૂતાર્થ કીધો છે એ ગૌણ કરીને કહ્યો છે. સમજાયું? ત્રિકાળને મુખ્ય કરીને નિશ્ચય કહીને. અહીંયાં પણ ત્રિકાળ ને સત્ય જે વસ્તુ છે, ભૂતાર્થ એ સત્ય છે. એ રાગનો સંબંધ, કર્મનો સંબંધ કે મતિજ્ઞાનનો સંબંધ કે ગતિનો (સંબંધ) એ વિનાની એ ચીજ છે. આહાહા..! અને તે સત્ય છે. આહાહા..! ભૂતાર્થ છે ને? **'तदेव भूतार्थं परमार्थरूपसमयसारशब्द'** આહાહા..!

ભાઈ! આ તો વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા, એની દિવ્યધ્વનિનો સાર છે. આહાહા..! 'નિયમસાર'માં કહ્યું છે ને? ઓહો..! દિવ્યધ્વનિનું સાંભળવું સૌભાગ્ય. સૌભાગ્ય હોય એ જીવને મળે. અને તેપણ દિવ્યધ્વનિ કેવી ત્યાં લખી છે? પરમઆનંદ સંધિ. આનંદસંધિ વાણી, હોં! નિમિત્ત તરીકે. આહાહા..! વાણીને આનંદની દેનારી આનંદસ્વરૂપ કીધી છે. વાચક શબ્દ છે ને એટલે. આનંદને બતાવનારી છે ને? ચિદાનંદ ચિદ્રૂપ પ્રભુ, એને બતાવનારી વાણીને આનંદની દેનારી કીધી છે. આનંદરૂપ કીધી છે. આહાહા..! ઉપચારથી છે. આહાહા..! આવી વાણી ને ઉપદેશ હવે. એમાં વળી એકેન્દ્રિય, બેઇન્દ્રિય તો ક્યાંય રહી ગયું 'ભરતભાઈ'! .. ઈ કરે ને ભક્તિથી ધર્મ થાય, એ બધું ઊડી ગયું આમાં તો.

અહીં તો મતિજ્ઞાનાદિનો સંબંધ છે, સમ્યગ્જ્ઞાન, એનો પણ સંબંધ જીવના ત્રિકાળને અશુદ્ધ નિશ્ચયનયે છે. આહાહા..! સમજાણું કાંઈ? પર્યાય છે ને? વિભાવગુણ કીધા છે એને– મતિજ્ઞાનને. એટલો સંબંધ છે ને કર્મનો એટલો થોડો. આહાહા..! ભગવાનઆત્મા ચિદાનંદ ચિદ્રૂપ, ચિદાનંદ ચિદ્રૂપ એને આ મતિજ્ઞાનનો સંબંધ પણ અશુદ્ધ નિશ્ચયથી છે. કેમકે એ નીકળી જાય અને છૂટી જાય છે. આહાહા..! જુઓ તો આ વાણી! જેવો રાગનો સંબંધ, દયા, દાનના વિકલ્પનો સંબંધ અશુદ્ધ નિશ્ચયથી છે. આહાહા..! મતિજ્ઞાનને શુદ્ધ નિશ્ચયમાં નાખ્યું. આહાહા..! અને ગતિ. ચારેય. આહાહા..!

એવા અશુદ્ધ નિશ્ચયથી રહિત પ્રભુ, ચિદાનંદ ચિદ્રૂપ ભગવાન... આહાહા..! એક અખંડ સ્વભાવ એવું શુદ્ધાત્મતત્ત્વ એ સત્ છે. ઓલું અસત્ કીધું. આહાહા..! સમજાણું કાંઈ? એ કાયમ રહેનારું નહિ માટે અસત્ કીધું. આહાહા..! **'ઉસીકો પરમાર્થરૂપ સમયસાર કહના ચાહિયે.'** આહાહા..! ત્રિકાળ. ત્રિકાળ ભૂતાર્થ પ્રભુ! આહાહા..! અતીન્દ્રિય આનંદના જ્ઞાનવાળું જ્ઞાન કહે છે. આહાહા..! એકલું જ્ઞાન નહિ. જ્ઞાનમાત્ર આત્મા કીધો છે ને? પણ અહીં તો કહે કે જ્ઞાન, જ્ઞાનના આનંદવાળું જ્ઞાન. આહાહા..! એવો જે ત્રિકાળી પ્રભુ તે સત્ય છે. એને પરમાર્થે સમયસાર કહીએ. પર્યાયની વાત નથી આ. ત્રિકાળીને સમયસાર કહીએ. આહાહા..! સમજાય છે કાંઈ? વિકાર રહિત, મતિજ્ઞાનાદિ વિભાવથી રહિત, ચાર ગતિથી રહિત પરમસત્ય તેને સત્ય કહીએ, ભૂતાર્થ કહીએ, એને સમયસાર કહીએ. આહાહા..!

**'વહી સબ પ્રકાર આરાધને યોગ્ય હૈ.'** લ્યો! એ બધે પ્રકારે પ્રભુ ત્રિકાળી આરાધવા યોગ્ય છે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**૧૯૭૪ની સાલમાં આ પ્રવચન ઉપલબ્ધ નહિ હોવાથી**
**૧૯૬૫ની સાલનું પ્રવચન લેવામાં આવેલ છે.**

## વીર સંવત ૨૪૯૧, ભાદરવા વદ ૧૪, શુક્રવાર
## તા. ૨૪-૦૯-૧૯૬૫, ગાથા-૭, પ્રવચન નં. ૬

ગાથા ચાલે છે ને? એમાં 'પરમાત્મપ્રકાશ' છે આ. આચાર્ય અને ઉપાધ્યાય ને સાધુની સ્થિતિ શું છે, એમ ઓળખીને 'પ્રભાકર ભટ્ટ' એને નમસ્કાર કરે છે. પહેલાં અરિહંત ને સિદ્ધનું સ્વરૂપ ઓળખાવી, ઓળખાણ કરીને નમસ્કાર કર્યો. હવે સાચા આચાર્ય, ઉપાધ્યાય, સાધુ કેવા હોય? એને ઓળખીને નમસ્કાર કરવો એને ખરો નમસ્કાર કહેવાય છે.

હવે, આચાર્યની વ્યાખ્યા ચાલે છે આપણે તો. ણમો લોએ સવ્વ આઈરિયાણં એની વ્યાખ્યા ચાલે છે. જુઓ! અહીં દર્શનથી ફરીને લઈએ, જુઓ! પહેલાં શું લીધું? જુઓ! કે, આ આત્મા છે વસ્તુ અનંત ગુણરૂપ, સ્વરૂપરૂપ, એક સ્વભાવરૂપ આત્મા. એને કર્મનો સંબંધ છે, વ્યવહારે અસદ્‌ભૂત વ્યવહારનયે. વસ્તુ સ્વભાવની દૃષ્ટિએ એ સંબંધ નથી. એટલે વ્યવહાર પણ જણાવ્યો, કર્મનો સંબંધ છે એમ જણાવ્યું અને વસ્તુના સ્વભાવદૃષ્ટિએ એ સંબંધરહિત છે. પછી આત્માની પર્યાયમાં રાગનો સંબંધ છે. પુણ્ય ને પાપ, દયા, દાન, શુભાશુભ ભાવ, એનો વર્તમાન પર્યાયમાં અશુદ્ધ નિશ્ચયનયે સંબંધ છે. વસ્તુની અંતર દૃષ્ટિથી જોતાં વસ્તુને એની સાથે કાંઈ સંબંધ નથી. એટલે બે બેનું એકનું જ્ઞાન કરાવ્યું અને એકને ઉપાદેય બનાવ્યો. સમજાણું કાંઈ? પછી ચાર જ્ઞાનની પર્યાય. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય છે. છતાં એ વિભાવગુણ છે. માટે હોવા છતાં તે હેય છે અને એક શુદ્ધ દ્રવ્યસ્વભાવ અખંડ... છે ને છેલ્લું? એ વિભાવપર્યાય રહિત ચિદાનંદ ચિદ્રૂપ એક અખંડ સ્વભાવ શુદ્ધાત્મ તત્ત્વ એ ભૂતાર્થ છે, સત્યાર્થ છે, સાચું એ છે. ઓલું છે ખરું વ્યવહારે સાચું. પણ પરમાર્થે સાચો શુદ્ધાત્મ જ્ઞાયકભાવ અનંત ગુણરૂપ એક સ્વભાવ, એવો શુદ્ધાત્મા તે જ ઉપાદેય ને અંગીકાર કરવા લાયક છે. એની શ્રદ્ધા નિશ્ચય સમ્યગ્દર્શન કહેવામાં આવે છે.

ચાર ગતિ કીધી. જુઓ! સર્વજ્ઞે જોયેલું તત્ત્વ વ્યવહાર અને નિશ્ચય બેયનું સાથે જ્ઞાન કરાવીને ઉપાદેય શું એ બતાવે છે. ચાર ગતિ છે. એક સમયે એક ગતિ હોય. પણ એ ગતિનો વિભાવભાવ હેય છે. છે ખરો, હેય છે. એકલો સમયસાર ભૂતાર્થ જ્ઞાયક સ્વભાવ એકરૂપ સ્વભાવ, અનંત ગુણનો એકરૂપ સ્વભાવ, એ શુદ્ધાત્મા ભૂતાર્થ. તેની સન્મુખ તેની દૃષ્ટિ કરીને નિશ્ચય સમ્યક્ પ્રગટ કરવું એને સમ્યગ્દર્શન કહે છે. કહો, સમજાય છે કાંઈ?

**'વહી સબ પ્રકાર આરાધને યોગ્ય હૈ. ઉસસે જુદી જો પરવસ્તુ હૈ વહ સબ ત્યાજ્ય હૈ.'**

ચાર બોલ કહ્યા એ. ગતિ, મતિજ્ઞાન આદિ વિભાવગુણ, રાગાદિ અશુદ્ધ પર્યાય અને કર્મનો સંબંધ, એ ચારે હેય છે. દૃષ્ટિમાંથી એને છોડવા લાયક છે. એક શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય અનંત ગુણ સ્વભાવરૂપ એક (છે). '**ઐસી દૃઢ પ્રતીતિ...**' એની અંતરમાં નિશ્ચય પ્રતીતિ, '**ચંચલતા રહિત...**' અસ્તિથી દૃઢ પ્રતીતિ (કહ્યું), ચંચલતા રહિત, દોષરહિત '**નિર્મલ અવગાઢ પરમ શ્રદ્ધા હૈ ઉસકો સમ્યક્ત્વ કહતે હૈં,...**' જુઓ! આચાર્યને આવું સમકિત હોય છે. નહિંતર એ આચાર્ય કહેવામાં આવતા નથી. કહો, સમજાણું કાંઈ આમાં?

'**ઉસકા જો આચરણ અર્થાત્ ઉસ સ્વરૂપ પરિણમન વહ દર્શનાચાર...**' એ પ્રતીતનું પરિણમન જે સાથે થવું, એનું નામ દર્શનાચાર આચાર્ય ભગવંતોને હોય છે. સમજાણું કાંઈ? '**ઔર ઉસી નિજસ્વરૂપમેં...**' ભૂતાર્થ જે વસ્તુ એક સ્વરૂપે છે, આ ચારને હેય કરી અને એક સ્વરૂપે સ્વભાવ ભૂતાર્થ, પરમાર્થ સમયસાર છે, એના સ્વરૂપમાં '**સંશય-વિમોહ-વિભ્રમ-રહિત...**' એ સ્વરૂપમાં સંશય નહિ. કંઈક હશે એમ અનધ્યવસાય નહિ અને વિભ્રમ નામ વિપરીતતા નહિ. ઓલામાં ચાર બોલ રહિત શ્રદ્ધા કીધી હતી. આમાં '**સંશય-વિમોહ-વિભ્રમ-રહિત જો સ્વસંવેદનજ્ઞાનરૂપ ગ્રાહકબુદ્ધિ...**' ભગવાનઆત્મા જ્ઞાનથી અંતર જ્ઞાન દ્વારા વેદાય, જણાય, અનુભવાય, એવી જે જ્ઞાનની ગ્રાહક સમ્યગ્જ્ઞાન બુદ્ધિ, એને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. એ આચાર્ય ભગવંતને એવું સમ્યગ્જ્ઞાન હોય છે.

'**ઉસકા જો આચરણ અર્થાત્ ઉસરૂપ પરિણમન...**' એ સમ્યગ્જ્ઞાનનું પરિણમન જ પર્યાયરૂપ પરિણમન જ થઈ ગયું. એનું નામ આચાર્યનો જ્ઞાનાચાર ભાવ કહેવામાં આવે છે. કહો, સેઠી! આ આચાર્ય આવા (હોય) એ કોઈ દિ' નક્કી કર્યું નહોતું. એ બરાબર છે (એમ કહે છે). આહાહા..! કાલે ત્યાં સુધી આવ્યું હતું આપણે, લ્યો! સમજાણું? આ તો ફરીને બે આચાર થોડા ભેગા લીધા.

હવે ત્રીજો આચાર્યનો આચાર, ત્રીજો ચારિત્ર આચાર કેવો હોય છે? '**ઉસી શુદ્ધ સ્વરૂપમેં...**' જે પહેલું કહ્યું હતું એ '**तत्रैव**' શબ્દ પડ્યો છે ને? ભાઈ! અંદર. '**तत्रैव**' '**तत्रैव**'-'**तत्र एव**'. જે શુદ્ધ દ્રવ્ય જ્ઞાયકભાવ અનંત ગુણ સ્વભાવરૂપ એકરૂપ, એવો જે ભગવાનઆત્મા '**तत्रैव**' એટલે '**ઉસી શુદ્ધ સ્વરૂપમેં શુભ-અશુભ સમસ્ત સંકલ્પ રહિત...**' દેખો! કહો, કોને હશે આ? આઠમે હશે આ? અહીં તો હજી આચાર્યની વાત કરે છે કે, આચાર્ય આવા હોય. સમજાણું? અને એ આચાર્ય ઉપદેશ કરે તો આમ કરશે. ઉપાધ્યાય ઉપદેશ કરશે ને? ત્યારે ઉપદેશ એવો કરશે એ વખતની સ્થિતિનું વર્ણન છે. સમજાય છે કાંઈ?

'**શુદ્ધ સ્વરૂપમેં શુભ-અશુભ સમસ્ત સંકલ્પ રહિત જો નિત્યાનંદમય નિજરસકા આસ્વાદ,...**' નિત્યાનંદ અતીન્દ્રિય આનંદ ભગવાનઆત્મા, એનો આનંદમય નિજ રસ, એનો આસ્વાદ, એનો સ્વાદ, એનો '**નિશ્ચલ અનુભવ, વહ સમ્યક્ચારિત્ર હૈ,...**' આનું નામ સાચું ચારિત્ર. 'અમરચંદભાઈ'! આહાહા..! આ તો વાતેય હજી સાંભળી ન હોય કે ચારિત્ર કેવું હોય. ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં, ણમો આઈરિયાણં. જાઓ! આ શેઠિયા જેવા પણ સમજ્યા વિના જય નારાયણ કરે બધાને. 'મોતીરામજી'! બરાબર છે? ગૃહસ્થ માણસ

શેઠિયા, દસ દસ દીકરા. પેલાને બિચારાને એમ કે ઓહો...! શેઠિયાએ જુઓ દેરાસર બનાવ્યા. અને આ અમને માને છે તો અમે કાંઈક હશું ત્યારે માનતા હશે કે નહિ?

મુમુક્ષુ :- એના કરતા તો સારા ને.

ઉત્તર :- સારા શેના? કહે છે, ભગવાન! માથે કહ્યું હતું એ, હોં! એ સમયસાર એકરૂપ ચિદાનંદ એક અખંડ સ્વભાવ શુદ્ધાત્મ તત્ત્વ. એના અંદરમાં, એના ઉપર એકાગ્ર થઈને નિશ્ચલ આસ્વાદ, આનંદનો આસ્વાદનો અનુભવ, એનું આચરણ નામ પરિણમન એ ચારિત્ર આચાર છે. અહીં તો આનંદનું પરિણમન એને ચારિત્ર આચાર કહ્યો, ભાઈ!

મુમુક્ષુ : સીધે સીધું.

ઉત્તર : હા. સીધી વાત. વળી પંચ મહાવ્રત વ્યવહારનય નહિ પણ નિશ્ચય. વળી ચારિત્ર નિશ્ચય એટલે અતીન્દ્રિય આનંદના અનુભવનમાં આત્માના આનંદનો ઉગ્ર આસ્વાદ લેવો એને ચારિત્રાચાર કહેવામાં આવે છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? એ આનંદ નિશ્ચલ અનુભવ નિજ રસનો નિત્યાનંદનો. શુભાશુભ વિકલ્પરહિત કહ્યું છે. શુભભાવનો આનંદ એમ નથી કહ્યું. અહીં તો અત્યારે હજી છઠ્ઠે ગુણસ્થાને શુભભાવ હોય એમાં એને ચારિત્ર હોય. કોણ જાણે શું કરે છે?

મુમુક્ષુ : ગૃહસ્થથી તો સારા ને?

ઉત્તર : ગૃહસ્થથી સારા શેના? બગડેલું દૂધ મોળી છાશમાંથી જાય. સમજ મેં આયા? છાશ હોય ને? મઠ્ઠો. બગડેલું દૂધ, બગડેલું. બગડેલું દૂધ તો મોળા મઠ્ઠામાંથી જાય. મોળો મઠ્ઠો હોય તો રોટલી પણ ખવાય. બગડેલા દૂધમાં (ખવાય)?

મુમુક્ષુ : રસ વધારે સારો છે..

ઉત્તર : મારી નાખશે, ઓકી નાખશે, બધું કાઢી નાખશે. સમજાણું કાંઈ? એ તો સારા જ છે, એમ કહે છે. મારાથી સારા છે ને! એ મોટા આચાર્ય એમ માને છે અજ્ઞાની.

અહીં તો કહે છે... આહાહા..! શું? જુઓને! વ્યાખ્યા. 'પ્રભાકર ભટ્ટ' આ રીતે ઓળખીને પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરે છે. એ આઠમી ગાથામાં લેશે. સમજાણું? કે આ રીતે ઓળખીને 'પ્રભાકર ભટ્ટ' નમસ્કાર કરીને 'યોગીન્દ્રદેવ'ને પૂછશે, પ્રભુ! અમને અનંત સંસાર(માં) રખડતા (તે) હવે બંધ કેમ થાય એવો અમને ઉપાય બતાવો. સમજાણું કાંઈ? લ્યો! આ ચારિત્રાચાર. નિત્યાનંદમય શુભાશુભ વિકલ્પરહિત નિજ રસનો આસ્વાદ, નિશ્ચલ અનુભવ, એનું નામ સમ્યક્ચારિત્ર, એનું આચરણ પરિણમન એ ચારિત્ર આચાર (છે).

હવે તપ, તપ. એ આચાર્યનો ચોથો તપાચાર. પહેલો દર્શનાચાર, બીજો જ્ઞાનાચાર, ત્રીજો ચારિત્રાચાર, ચોથો તપાચાર. '**ઉસી પરમાનંદ સ્વરૂપમેં...**' દેખો! એ પરમાનંદ સ્વરૂપ જે ભૂતાર્થ જ્ઞાયકભાવ, અતીન્દ્રિય આનંદનો પિંડલો દળ, એમાં. સમજાય છે? '**પરદ્રવ્યકી ઈચ્છાકા નિરોધકર...**' વિકલ્પમાત્રનું ઉત્પન્ન થવું અટકીને. સહજ આનંદરૂપ સ્વભાવિક અતીન્દ્રિય આનંદરૂપ તપશ્ચરણસ્વરૂપ. '**સહજ આનંદરૂપ તપશ્ચરણસ્વરૂપ...**' જેમાં અતીન્દ્રિય આનંદનો સહજ અનુભવ થાય, એને તપસ્યા કહેવામાં આવે છે. કહો,

'મોતીરામજી'! વેળુના કોળિયા નથી, આનંદના કોળિયા છે. જુઓને! '**સહજ આનંદરૂપ તપશ્ચરણસ્વરૂપ...**' એટલે આ તપસ્યા. 'શોભાલાલભાઈ'!

પ્રશ્ન : આનંદની ધારા બઢતી જાય.

ઉત્તર : હા. બઢતી જાય. અમારે શેઠ ઠીક કહે છે. અતીન્દ્રિય આનંદ અંદરમાં ભર્યો છે એ વધતો જાય. અંદરમાં આનંદ (ઉગ્રપણે વેદાય) ત્યારે એને તપસ્યા કહેવામાં આવે છે. બાકી લાંઘણું છે, લાંઘણ... લાંઘણ. લંઘન કહે છે ને? શું કહે છે?

જુઓ! '**સહજ આનંદરૂપ તપશ્ચરણસ્વરૂપ...**' સમજાય છે કાંઈ? લ્યો! '**सुखरसास्वादस्थिरानुभवनं च सम्यक्चारित्रं तत्राचरणं परिणमनं चारित्राचारः, तत्रैव परद्रव्येच्छानिरोधेन सहजानन्दैकरूपेण प्रतपनं तपश्चरणं**' એનું પરિણમન તેને તપશ્ચરણ આચાર-તપાચાર એને કહે છે. આહાહા..! આ આચાર્યને આવા પાંચ નિશ્ચય આચાર હોય છે. પછી વ્યવહાર કહેશે. નિશ્ચય સહિત હોય તો એને વ્યવહાર કહે છે. '**ઉસી શુદ્ધાત્મસ્વરૂપમેં...**' '**ઉસી...**' એટલે '**तत्रैव**' જે ભૂતાર્થ આત્મા એક સમયમાં અખંડ ચિદાનંદ સ્વભાવ, એની દૃષ્ટિ, એનું જ્ઞાન, એનું આચરણ, એનું તપ પ્રતપન.

'**શુદ્ધાત્મસ્વરૂપમેં અપની શક્તિ કો પ્રકટકર આચરણ પરિણમન વહ વીર્યાચાર હૈ.**' પુરુષાર્થ, સ્વભાવમાં ઉગ્ર પુરુષાર્થ કરીને શુદ્ધાત્મ સ્વરૂપમાં વીર્યનું ફોરવવું, પુરુષાર્થનું ફોરવવું એનું નામ વીર્યાચાર કહેવાય છે. રાગનો વિકલ્પ એ બધો વ્યવહારમાં જાય છે. નિમિત્તની વાત અહીં છે નહિ. '**ઉસી શુદ્ધાત્મસ્વરૂપમેં...**' પોતાની શક્તિને પ્રગટ કરી, લ્યો! પુરુષાર્થથી અનંત આનંદ આદિ શક્તિને પ્રગટ કરી. અનંત ગુણની શુદ્ધતાને પુરુષાર્થ દ્વારા પ્રગટ કરી, આચરણરૂપ પરિણમન થવું એનું નામ વીર્યાચાર છે. '**યહ નિશ્ચય પંચાચારકા લક્ષણ કહા.**' લ્યો! એ સાચા પંચ આચારનું સ્વરૂપ કહ્યું, લક્ષણ કહ્યું. આવા પાંચ નિશ્ચય હોય તો તેને આચાર્ય કહેવામાં આવે છે. નહિતર આચાર્ય કહેવામાં આવતા નથી. સમજાણું કાંઈ?

'**અબ વ્યવહારકા લક્ષણ કહતે હૈં...**' વ્યવહાર જોડે હોય છે. આવા આચાર્યને નિશ્ચય દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપાચાર, વીર્યાચારમાં જોડે વ્યવહારનો વિકલ્પ, રાગનો વિકલ્પ, વ્યવહાર કેવો હોય છે વ્યવહાર એનો, એનું અહીંયાં જ્ઞાન કરાવે છે. '**નિઃશંકિતકો આદિ લેકર અષ્ટ અંગરૂપ બાહ્યદર્શનાચાર,...**' સમકિતના વ્યવહારાચાર વીતરાગ માર્ગમાં નિઃશંકતા, અન્ય ધર્મની ઈચ્છાનો અભાવ, આદિ આઠ આચાર. નિઃશંક, નિઃકાંક્ષ, નિર્વિચિકિત્સા, અમૂઢદૃષ્ટિ, ઉપગૂહન, સ્થિતિકરણ, વાત્સલ્ય પ્રભાવના તે આઠ આચાર હોય છે. નિશ્ચય સમકિત તો કીધું-પોતાના સ્વરૂપમાં અંતર નિશ્ચલ ચંચળતા રહિત પરમ દૃઢ પ્રતીતિ, એનું પરિણમન, એ નિશ્ચય સમકિત. વ્યવહાર સમકિત, એમાં વિકલ્પ આવો એને હોય છે. ભગવાન સર્વજ્ઞે કહેલા માર્ગમાં એને શંકા ન હોય, અન્યમતિ આદિની ઈચ્છા ન હોય, દુગંછા ન હોય, પૂર્ણ ક્યારે થાશે એમ દ્વેષ ન હોય. સમજાય છે? મૂંઝવણ ન હોય, મૂંઝવણને શું કહે છે? ઉલઝન-ગભરાહટ. ક્યાં હશે? કેવો હશે? એમ ન હોય. અમૂઢદૃષ્ટિ હોય. ઉપગૂહન-પોતાના ધર્મની વૃદ્ધિ કરતો હોય અને દોષને ગોપવતો હોય. સ્થિતિકરણ-સ્વરૂપમાં વ્યવહારે

સ્થિર કરતો હોય. વાત્સલ્ય-ધર્મ પ્રત્યે, ધર્મી પ્રત્યે પ્રેમ રાખતો હોય અને પ્રભાવના શુભભાવની હોય. એને સમકિતના આઠ વ્યવહાર આચાર કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

જુઓ! એ સર્વજ્ઞે કહેલા માર્ગમાં નિઃશંકતા આદિ વ્યવહાર હોય છે. પોતાના સ્વરૂપમાં નિઃશંક આદિનું પરિણમન એ નિશ્ચય છે. બહારમાં વીતરાગ સર્વજ્ઞે કહેલો માર્ગ, એમાં નિઃશંક (હોય). અન્યમતિએ કહેલો (માર્ગ હોય) એમાં બિલકુલ ઈચ્છા હોય નહિ. એવા આઠ આચાર વ્યવહારે વિકલ્પ હોય, એને વ્યવહાર સમકિતના આચાર કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

હવે, વ્યવહાર જ્ઞાનાચાર. નિશ્ચય જ્ઞાનાચાર તો અંતર સ્વરૂપમાં સ્વસ્વરૂપની ગ્રાહ્ય બુદ્ધિ સ્વસંવેદન બુદ્ધિ, એ નિશ્ચયજ્ઞાન. એની સાથે વ્યવહાર જ્ઞાનનો વિકલ્પ આવો હોય છે. '**શબ્દ શુદ્ધ, અર્થ શુદ્ધ આદિ ઉભય શુદ્ધ...**' જ્ઞાનનો વ્યવહાર છે ને? કાળે ભણવું, વિનયે ભણવું, જેની પાસેથી સમજ્યો એને ગોપવવું નહિ, કોઈ ધર્મ પામતા હોય એને અંતરાય કરવી નહિ. એવા આઠ પ્રકારના બાહ્ય જ્ઞાનાચાર. કહો, સમજાણું કાંઈ? એના આઠ પ્રકારના બાહ્ય આચાર છે એ. જ્ઞાનાચાર. જુઓ! '**कालविनयाद्यष्टभेदा**' અંદર સંસ્કૃતમાં છે. ટૂંકું કર્યું છે. કાળે ભણવું, વિનયથી ભણવું, શુદ્ધિથી ભણવું, બહુમાનથી ભણવું, કોઈ ભણતા હોય એને અંતરાય પાડવી નહિ, અશાતના કરવી નહિ. વિગેરે સમ્યગ્જ્ઞાનના આઠ આચાર, નિશ્ચય જ્ઞાનઆચારના કાળમાં એને આવો ભાવ હોય છે.

હવે, વ્યવહાર ચારિત્ર. નિશ્ચય ચારિત્ર તો કહ્યું હતું કે અંદર નિજાનંદના આસ્વાદનો અનુભવ તે નિશ્ચય ચારિત્ર છે. વ્યવહાર ચારિત્ર, પંચ મહાવ્રત, શુભરાગ. અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય ને અપરિગ્રહ. શુભરાગ (છે). '**પંચસમિતિ,...**' વિકલ્પ. ઈર્યા, ભાષા, એષણા... આદિ. '**તીનગુપ્તિરૂપ વ્યવહાર ચારિત્રાચાર,...**' તેર કીધા. પાંચ, પાંચ દસ ને ત્રણ તેર. વ્યવહાર તેર પ્રકારના ચારિત્ર આચારનો વિકલ્પ, એને વ્યવહારચારિત્ર કહેવામાં આવે છે. એ પુણ્યબંધનનું કારણ છે. પરંપરા તેને મોક્ષનું કારણ કહેશે. સમજાણું કાંઈ? એ વ્યવહારચારિત્ર કહ્યું.

(હવે) વ્યવહારતપ. '**અનશનાદિ બારહ તપરૂપ તપાચાર...**' એ અનશન, ઉણોદરી આદિ બાર તપ છે ને? એનો ભાવ થવો, વિકલ્પ ઊઠવો, એને વ્યવહાર તપાચાર કહે છે. '**અપની શક્તિ પ્રગટ કર મુનિવ્રતકા આચરણ વહ વ્યવહાર વીર્યાચાર...**' અઠ્યાવીશ મૂળગુણનું પાલન, શક્તિ પ્રમાણે બરાબર કરીને, વ્યવહાર મુનિવ્રતનું આચરણ, એ વ્યવહાર વીર્યાચાર. લ્યો! પાંચ થઈ ગયા વ્યવહાર, પાંચ થઈ ગયા નિશ્ચય. '**યહ વ્યવહાર પંચાચાર પરમ્પરાય મોક્ષકા કારણ હૈ,...**' '**पारंपर्येण साधक...**' સંસ્કૃતમાં એમ શબ્દ છે. નિમિત્ત છે ને? નિમિત્ત એટલે એને છોડીને સ્થિર થશે. સમજાણું કાંઈ? અહો..! સ્વભાવને આશ્રયે જે થયેલા પાંચ આચાર, એ જ નિશ્ચય મોક્ષનું સાધક છે. પણ આ વ્યવહારને પરંપરા સાધક કહેવામાં આવે છે. નિમિત્ત છે. વ્યવહારે નિમિત્ત અનુકૂળ ગણીને આવો જ ભાવ એને પાંચ

આચારનો હોય છે, બીજો અન્યમતિઓએ કલ્પેલો (વ્યવહાર), દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિ એને હોતી નથી, એટલે એને વ્યવહારને નિમિત્તને પરંપરા મોક્ષનું સાધક કહેવામાં આવ્યું છે. કહો, સમજાણું કાંઈ?

હવે, એ આચાર્ય કેવા હોય છે? જુઓ! ખૂબી હવે. બે વાત કરી. '**નિર્મલ જ્ઞાન-દર્શનસ્વભાવ જો શુદ્ધાત્મતત્ત્વ ઉસકા શ્રદ્ધાન,...**' આચાર્ય જૈનના એટલે વાસ્તવિક તત્ત્વના. જૈનના આચાર્યો એટલે વાસ્તવિક આચાર્ય. કેવા હોય છે? કે, '**નિર્મળ જ્ઞાન-દર્શનસ્વભાવ જે શુદ્ધાત્મતત્ત્વ...**' આખો પદાર્થ-નિર્મળ જ્ઞાન, દર્શન, સ્વભાવવાળો આત્મા. '**ઉસકા યથાર્થ શ્રદ્ધાન,...**' એ પહેલું કહ્યું હતું એના પાંચ લેશે. અહીં તો પ્રરૂપણા કરશે. પાળે અને પળાવે. યથાર્થ સમ્યગ્દર્શન, '**યથાર્થ શ્રદ્ધાન, જ્ઞાન, આચરણ તથા પરદ્રવ્યકી ઈચ્છાકા નિરોધ ઔર નિજશક્તિકા પ્રગટ કરના ઐસા યહ નિશ્ચય પંચાચાર સાક્ષાત્ મુક્તિકા કારણ હૈ.**' દેખો! ઓલું પરંપરા કહ્યું હતું ને માથે? એની સાથે લીધું. સાક્ષાત્ તો એ મુક્તિનું કારણ છે. ઓલું તો વચ્ચે નિમિત્ત છે, પરંપરા આરોપ દઈને કહેવામાં આવે છે. અરે..! શાસ્ત્રોને પણ જોતા નથી કે આચાર્યો શું કહે છે, એના હૃદય શું છે?

'**ઐસે નિશ્ચય વ્યવહારરૂપ પંચાચારોંકો...**' વ્યવહાર ન જોઈએ વચ્ચે. છે એમાં? છપાઈ ગયું છે? વ્યવહાર ન જોઈએ. વ્યવહાર નથી. કાઢી નાખ્યું છે. છે ને અહીંયાં? કાઢી નાખ્યું છે ને? જુઓને! '**वीतरागनिर्विकल्पसमाधिं स्वयमाचरन्त्यन्यानाचारयन्तीति भवन्त्याचार्या...**' એમ છે. વ્યવહારની વાત નથી. વ્યવહાર જણાવ્યો. એ નિશ્ચય પંચાચારોકો, એમ લેવું. વ્યવહાર કાઢી નાખો વચ્ચે મીંડુ. છે? 'સેઠી'! ક્યાં છે? વ્યવહાર ન જોઈએ. વ્યવહારને મૂકવું અંદર. '**ઐસે નિશ્ચય પંચાચારોંકો આપ આચરેં ઔર દૂસરોંકો આચરવાવેં ઐસે આચાર્યોંકો મૈં વંદતા હૂં.**' આ પાંચને આચરે ને આચરાવે.

મુમુક્ષુ : ....

ઉત્તર : શું થયું? આચરાવે એમાં, ભાઈ! કે, એને કથનવાળો આચાર્ય લીધો છે. બીજાને કહે ને? આવો માર્ગ છે, એમ કહે ને? ત્યારે ઈ કયે ગુણસ્થાને હોય? આઠમા ગુણસ્થાને હોય? સાતમે હોય આ? પાંચ આચાર આચરે ને આચરાવે. આચરાવે એનો અર્થ કે કહે કે આ આચરણ કરો, આવું આચરણ કરો. ઈ છઠ્ઠા ગુણસ્થાનવાળાના નિશ્ચય ને વ્યવહારનું વર્ણન અહીં કર્યું છે. સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાન! તારા માર્ગની રીત શું છે? અરે..! નિર્વિકલ્પ નિરાવરણ નિર્લેપ ભગવાનઆત્મા, એની અંતર નિર્વિકલ્પ દૃષ્ટિ થયા વિના માર્ગની શરૂઆત ક્યાંથી થાય? આહાહા..! એના જ્ઞાન વિના સાચું જ્ઞાન ક્યાંથી હોય? અને એમાં રમણતા વિના ચારિત્રનો આનંદ ક્યાંથી હોય? અને શુદ્ધની ઈચ્છાના આનંદની વૃદ્ધિ વિના એ ઈચ્છાનો નિરોધનો આનંદ કેમ હોય? અને અંદર વીર્યનું પૂર્ણ અનંત શુદ્ધ ગુણનું સામર્થ્ય રસના રૂપે વીર્યાચાર, એ વિના આચાર્યની સ્થિતિ ક્યાંથી હોય? એવા '**પંચાચાર કો આપ આચરેં ઔર દૂસરોંકો અચરવાવેં...**' આચરાવે એટલે? ધ્યાનમાં બેઠો હોય એ આચારાવતો હશે?

મુમુક્ષુ : ઉપદેશ દે છે.

ઉત્તર : ઉપદેશ દે છે. આ તમારા બધા કેટલાક ના પાડે છે. એ પણ પૂર્વના હોય એ ક્યાં જાય?

મુમુક્ષુ : વ્યવહાર કાઢી નાખવો.

ઉત્તર : હા. વ્યવહાર કાઢી નાખવાનો. પાઠમાં વ્યવહાર છે જ નહિ. વ્યવહારનું જ્ઞાન કરાવ્યું. આચરણ એમ આરાધન પહેલું સાધારણ રીતે કહ્યું. અહીં કાઢી નખાવ્યું. નથી, ટીકામાં નથી.

મુમુક્ષુ : ...

ઉત્તર : નહિ, નહિ. નથી. નિશ્ચય પંચાચાર. '**આપ આચરેં...**' જુઓને! પાઠ છે. '**स्वयमाचरन्त्यन्यानाचारयन्तीति...**' બીજાને આચરાવે એટલી વાત છે. સમજાણું કાંઈ? '**निर्विकल्पसमाधिं स्वयमाचरन्त्य...**' જુઓ! ઈ વ્યવહાર કહેવાય. પહેલું કહ્યું ને? જ્ઞાન કરાવ્યું છે, જ્ઞાન કરાવ્યું છે. લ્યો! આવા આચાર્યોને હું વંદન કરું છું. 'પ્રભાકર ભટ્ટ' કહે છે કે આવા આચાર્યોને હું વંદન કરું છું. સમજાણું કાંઈ? જુઓ! આ આચાર્ય.

હવે ઉપાધ્યાય. જૈનના ઉપાધ્યાય સાચા કોણ? ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં. એ ણમો લોએ સવ્વ સાહૂણં છે ને? એ ણમો લોએ સવ્વ પાંચેયમાં આવે છે. ણમો લોએ સવ્વ અરિહંતાણં, ણમો લોએ સવ્વ સિદ્ધાણં, ણમો લોએ સવ્વ આઈરિયાણં, ણમો લોએ સવ્વ ઉવજઝાયાણં, ણમો લોએ સવ્વ સાહૂણં-એમ પાંચે. છેલ્લે શબ્દ આવે એ પાંચેયમાં લઈ લેવો. સમજાણું કાંઈ? પણ ક્યા? આ આવા હોય એ. સર્વ ઉપાધ્યાય એટલે બીજા બધા ઉપાધ્યાય નામ ધરાવતા હોય ને સ્થાપનાવાળા ને દ્રવ્ય, એ નહિ.

ઉપાધ્યાય કેવા છે? કે પંચાસ્તિકાય, દેખો! પાંચ અસ્તિકાયને એ માને છે. પાંચ અસ્તિકાય. કાળ સિવાય પાંચ અસ્તિ. જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશસ્તિકાય-એ પાંચ. પાંચ વસ્તુને માને ઉપાધ્યાય. સાચા ઉપાધ્યાય જૈનના હોય તે આ પ્રમાણે માને. એ પાંચ અસ્તિકાય જે જગતમાં છે એને ન માને, એ સમકિતી નથી પણ એ મિથ્યાદૃષ્ટિ છે. કહો, સમજાણું કાંઈ?

'**પંચાસ્તિકાય, ષટ્દ્રવ્ય, સપ્ત તત્ત્વ, નવ પદાર્થ હૈં, ઉનમેં નિજ શુદ્ધ જીવાસ્તિકાય,...**' એ ઉપાદેય પોતે પ્રરૂપે. સમજાય છે કાંઈ? ઉપાધ્યાયનું કથન ઉપરનું વજન છે ને? ઓલામાં આચરણ ઉપરનું છે. આચાર્ય એટલે આચરે, ઉપાધ્યાય એટલે ઉપદેશ. ઉપાધ્યાય (એમાં) કથનની પદ્ધતિ(ની) મુખ્યતા છે. સાચા-સત્ય ઉપાધ્યાય કોને કહેવા? કે જે પાંચ અસ્તિકાયમાં... માને પાંચ અસ્તિકાય, પણ એમાં '**આપ શુદ્ધાત્મા હૈ, વહી ઉપાદેય (ગ્રહણ કરને યોગ્ય) હૈ, અન્ય સબ ત્યાગને યોગ્ય હૈં, ઐસા ઉપદેશ કરતે હૈં,...**' એવો ઉપદેશ કરે છે. સમજાણું કાંઈ? આ આત્મા અંદર દેહથી ભિન્ન શુદ્ધ ચિદાનંદની મૂર્તિ છે. એ એક જ અખંડાનંદ ભગવાન અંતરમાં આદરવા યોગ્ય છે, એમ જે ઉપાધ્યાય માને અને પ્રરૂપે (તે સાચા ઉપાધ્યાય છે). સમજાય છે કાંઈ?

ઉપાધ્યાય એને કહીએ, ઉપદેશક એને કહીએ, સાચા ઉપદેશક ઉપાધ્યાય મુનિ એને કહીએ કે, જગતમાં પાંચ અસ્તિકાયના પદાર્થ ભગવાન કેવળીએ દીઠા એવા છે એમ માને. માનીને નિજ આત્મા શુદ્ધ ભગવાનઆત્મા છે, સચ્ચિદાનંદ સ્વરૂપ પરમાનંદની મૂર્તિ આત્મા અંદર છે, એ જ અંતરમાં આદરવા લાયક, ગ્રહણ કરવા લાયક, અનુભવ કરવા લાયક છે. એમ જગતને કહે. પોતે અનુભવે, જગતને કહે એને સાચા ઉપાધ્યાય ઉપદેશક કહેવામાં આવે છે. કહો, 'અમરચંદભાઈ'! આ તો વાત કાંઈ નહિ, .. આ આત્મા, કરો વિકલ્પ. શું પણ વિકલ્પ ઘટાડે? વિકલ્પ ઘટાડે ત્યારે બીજી ચીજ છે ને? રાગ છે, રાગનો વિષય છે, વિષય પરદ્રવ્ય છે. એ પાંચ અસ્તિકાય રાગ-વિકલ્પનો વિષય છે. પણ એમાંથી નિર્વિકલ્પ એક આત્મા (ઉપાદેય કરે). આવું માનીને, જાણીને. સમજાણું કાંઈ? આહાહા..! નિજ શુદ્ધ જીવાસ્તિ પાછો, હોં! ભગવાન શુદ્ધ થઈ ગયા એનું નહિ અહીં.

અહીંયા પરમાત્મા નિજ શુદ્ધ પરમાનંદની મૂર્તિ ભગવાનઆત્મા છે અંતર. અતીન્દ્રિય આનંદનો રસ સ્વભાવ ભરેલો ભગવાનઆત્મા છે. નિજ. એની એને ખબર નથી. હું કોણ છું એની એને ખબર ન મળે. હું તો આ એક વાણિયો છું ને આ વેપારી છું ને આ રાગી છું ને ધૂળ છું ને ગતિવાળો છું. કહે છે કે, તને તારા આત્માની ખબર નથી. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

વળી છ દ્રવ્ય છે જગતમાં. જુઓ! હવે કાળ ભેળવ્યું. પાંચ અસ્તિકાયમાં કાળ નહોતો. અને કાળ ભેળવી છ દ્રવ્ય છે જગતમાં ભગવાને જોયેલા (એમ સિદ્ધ કર્યું). છ વસ્તુ છે. અનંત આત્મા, અનંત પરમાણુ, અસંખ્ય કાળાણુ, એક ધર્માસ્તિ, (એક) અધર્માસ્તિ, એક આકાશ (એમ) છ દ્રવ્ય અનાદિ-અનંત છે. શું કીધું? સમજાણું? એ નિજ શુદ્ધ જીવાસ્તિકાય, નિજ શુદ્ધ જીવદ્રવ્ય. પહેલાંમાં પાંચ અસ્તિકાયમાં નિજ શુદ્ધ જીવાસ્તિકાય (હતું) અને આમાં નિજ શુદ્ધ જીવદ્રવ્ય (કહ્યું છે). છ દ્રવ્યમાં છ દ્રવ્ય છે. માનવા, વ્યવહારે જાણવા. નિશ્ચયમાં આત્મા ભગવાન નિજ શુદ્ધ જીવદ્રવ્ય. સમજાય છે? એ જ આદરણીય (છે). એ જ આદરણીય અંદર અંગીકાર કર. બાકી બધું છોડવા લાયક છે. દયા, દાનના વિકલ્પો, ગતિ-ફતિ બધું છોડવા લાયક છે, એ આદરવા લાયક નથી. આહાહા..! એમ ઉપાધ્યાય કરે અને પ્રરૂપે. સમજાણું કાંઈ?

'**સપ્ત તત્ત્વ,...**' સાત તત્ત્વ છે ને? જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા ને મોક્ષ. એ સાત તત્ત્વ છે. પણ નિજ શુદ્ધ જીવતત્ત્વ તે આદરણીય છે. દેખો! સંવર, નિર્જરા ને મોક્ષ પણ આદરણીય નહિ. 'સેઠી'! આહાહા..! દયા, દાનના વિકલ્પ તો શુભ છે એ આદરવા લાયક નથી, પણ સંવર-નિર્જરા-મોક્ષની નિર્મળ પર્યાય છે. દ્રવ્યસ્વરૂપ જે શુદ્ધ અખંડાનંદ ભગવાન, પૂર્ણ પૂર્ણ પરમાત્મા નિજ સ્વરૂપ એ જ અંતર અંગીકાર કરવા લાયક છે. ઓહોહો..! કહો, 'નેમિદાસભાઈ'! જુઓ! પાછું બબ્બે વાત કરતાં જાય છે ભેગી. ઓલું છે ખરું. એનું જ્ઞાન હોય એને. આદરણીય એક જ હોય.

'**નવપદાર્થ હૈં,...**' પુણ્ય-પાપ ભેળવ્યા. નવ પદાર્થ છે-જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ. પણ નવ પદાર્થમાં નિજ શુદ્ધ જીવ પદાર્થ, દેખો!

નવ પદાર્થમાં પુણ્ય આદરણીય નહિ અને સંવર-નિર્જરા-મોક્ષ પણ આદરણીય નથી; એ પર્યાય છે, હેય છે. ઓહોહો..! એમ ઉપાધ્યાય પ્રરૂપે. 'મોતીરામજી'!

મુમુક્ષુ : પડિમાનું ક્યારે પ્રરૂપશે?

ઉત્તર : પડિમાનું કે દિ' પ્રરૂપશે? પડિમાનું આવી ગયું વચમાં. પડિમા હોય એનો વિકલ્પ જ્ઞાન કરાવે. અરે..! એને આત્મા પરમાત્મ સ્વરૂપ અંદર છે (એની) ખબર ન મળે. અનંત કાળનો અજાણ્યો મૂઢ. મૂર્ખાઈથી રખડતો ચોર્યાસીના અવતારમાં ઘોદા ખાઈ ખાઈને મરી ગયો. સમજાણું કાંઈ? એ રાજા થયો હોય તો મૂઢ છે ને શેઠિયો થયો હોય તો મૂઢ છે ને દેવ થયો હોય તોય મૂઢ છે. 'શોભાલાલભાઈ'! આહાહા..!

આ ભગવાનઆત્મા અંતરમાં વસ્તુ છે કે નહિ, વસ્તુ? તો વસ્તુમાં કોઈ સ્વભાવ શક્તિનું સત્ત્વ છે કે નહિ? તો કેટલી શક્તિઓ એનો પછી એણે વિચાર કરીને (અનુભવ કરવો). અનંત શક્તિઓ છે. એક, બે, ત્રણ એમ નહિ, અનંત. વસ્તુ છે તો એને શક્તિ હોય એટલે સ્વભાવ હોય એટલે ગુણ હોય એટલે સામર્થ્ય હોય. એવા અનંત ગુણનું એક તત્ત્વ એવો એક સ્વભાવ ભગવાન, એ જ ધર્મી જીવે અંતરમાં આદરવા લાયક છે. આહાહા..! એમ ઉપાધ્યાયો પ્રરૂપણા કરે. બીજી પ્રરૂપણા કરે તે ઉપાધ્યાય નહિ. 'અમરચંદભાઈ'! આહાહા..! મંત્રીજી! કેવી વાત છે? આહાહા..! પુણ્યથી ધર્મ મનાવે, પુણ્યથી લાભ મનાવે, પુણ્યને આદરણીય મનાવે એ ઉપાધ્યાય નહિ, એ ઉપદેશક નહિ, એ સાધુ નહિ. આહાહા..!

મુમુક્ષુ : ...

ઉત્તર : માર્ગ સંસાર છે, એને મોક્ષમાર્ગ બતાવે. સમજાય છે કાંઈ? તો પેલા રાડ નાખે. લ્યો! એને સંસાર (કહ્યો). પણ સાંભળ ને! જેટલો રાગ છે એટલું બંધન છે. હોય ભલે. હોય છે, જાણવા લાયક છે ને વ્યવહારે આરાધવા લાયક એમ પણ કહેવાય. પંચાચાર વ્યવહાર. પણ એનું ફળ તો પુણ્યબંધ છે.

ભગવાન અંતર આત્મા... કોઈ પણ માણસ એમ વિચાર કરે કે એક હું છું કે નહિ? પછી વળી ભગવાન ને કેવળી. પણ આ છે કે નહિ આત્મા? તો છે ઈ છે એ શું છે? છે ઈ કાંઈ છે કે નહિ એનામાં? શું પણ? જેમ ગોળ છે. ગોળ છે કે નહિ? છે. તો શું છે? તો એ ગળપણ છે. ગળપણનો પિંડ છે, દળ સફેદ છે, સુંવાળો વગેરે વગેરે. એમ આત્મા છે. તો છે શું એ? જ્ઞાન છે, દર્શન છે, આનંદ છે, શાંતિ છે, વીર્ય છે એવા અનંત અનંત શક્તિનો પિંડ આત્મા છે. કોઈ દિ' ભગવાનનું નામેય સાંભળ્યું નથી કે, ભગવાન કેવા હોય? અને આત્મા કેવો હોય? સમજાણું કાંઈ? આહાહા..!

જુઓ! એ નિજ શુદ્ધ જીવ પદાર્થ નવમાં એક જ આત્મા આદરણીય છે. કેટલી વાત મુકી દીધી છે! નવ તત્ત્વ છે ખરા. જીવ ને જડ બે અને આ પર્યાય-અવસ્થા. શુભ-અશુભ, બે થઈને આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ. છતાં, હોવા છતાં, છે ખરું. એક જીવ પદાર્થ ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ એકરૂપ સ્વભાવ અંતર વસ્તુ, એ જ આદરણીય છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..! કેવી વાત સ્પષ્ટ છે!

આવું મનુષ્યપણું મળ્યું એમાં આ કાંઈ નહિ કરે ને મરીને હાલ્યો જાશે. ચોર્યાસીના

અવતારમાં ઘોદા અનંતકાળથી ખાય છે ને ખાશે. એમાં આત્મા શું ચીજ છે એની કિંમત નહિ કરે, તો બીજાની કિંમત જશે નહિ, બીજાની કિંમત ટળશે નહિ. આની કિંમત થાય તો બીજાની કિંમત રહેશે નહિ. આહાહા..! શુભભાવની કિંમત નહિ રહે. અરે..! મોક્ષની પર્યાયની કિંમત નહિ. આખું દ્રવ્ય છે એમાં વળી કિંમત આની ક્યાં કરવી? આની કરવી કે આની કરવી? એમ કહે છે, લ્યો. આહાહા..! જેમાંથી મોક્ષ પર્યાય અનંત અનંત ચાલી આવે છે પ્રવાહ. એવો દ્રવ્ય સ્વભાવ! માથે કીધું હતું ને? સમજાય છે? એક ચિદાનંદ ચિદ્રૂપ એક અખંડ સ્વભાવ શુદ્ધાત્મતત્ત્વ એ જ સાચો છે, ભૂતાર્થ છે, એ જ પરમ સત્ય છે. આહાહા..!

વ્યક્ત છે વસ્તુ, વસ્તુ વસ્તુ તે વળી વ્યક્ત ને અવ્યક્ત કેવી? વસ્તુ છે, છે, પ્રગટ છે. વસ્તુ વળી અપ્રગટ હોય? અપ્રગટનો અર્થ અભાવ થઈ જાય. પણ ક્યાં એ શું વસ્તુ છે? કોને ખબર છે. કાંઈ સાંભળ્યું નહિ, વિચારમાં લીધું નથી. મોટો મહાન પદાર્થ પ્રભુ! આ આત્મા અખંડાનંદ ભગવાન એક સ્વભાવી પદાર્થ, અનંત ગુણ છતાં એક સ્વભાવી દ્રવ્ય લેવું છે ને? ચિદાનંદ ચિદ્રૂપ એક અખંડ સ્વભાવ, જુઓને ભાષા! દ્રવ્ય એક અખંડ સ્વરૂપ. એનું જ્ઞાન અખંડ, દર્શન અખંડ, આનંદ અખંડ, શાંતિ અખંડ. એવા અનંત ગુણનું એકરૂપ ભગવાન એ જ અંતર્મુખમાં ગ્રહવા લાયક છે, આદરવા લાયક છે, સેવવા લાયક છે ને આરાધવા લાયક છે. આ ભાઈ! કેવી (વાત)? બહારની હોય તો, ભાઈ! લાવો સેવા કરી દઈએ. બે ઘડી કોઈ પૂજા કરી નાખે, ભગવાન પાસે જઈને હાલો સેવા (કરી આવીએ). એ નહિ. એ તો પુણ્ય ભાવ છે. એ તો શુભભાવ, પુણ્યભાવ છે, એ ધર્મ નહિ. આહાહા..! 'જાદવજીભાઈ'!

સાચા ઉપાધ્યાય. ઉપાધ્યાય નામ જેની પાસે જ્ઞાન કરવું હોય અને જે સત્યની વાત કરે એ કેવા હોય? કે અંતરમાં નિશ્ચય પાંચ આચાર તો પાળતા હોય. સમજાય છે? અને આવા તત્ત્વનું તેને બધું જ્ઞાન હોય. નિશ્ચયમાં એનો આત્મા જ આદરણીય એવો અનુભવ કરતાં હોય અને પ્રરૂપણામાં પણ એ જ વાત આવતી હોય. આહાહા..! સમજાણું કાંઈ? એવું લાગે ને એ પોતે એવડો મોટો પણ આમ જાણે શું કહે છે આ? ક્યાં છે પણ આ? એક હતા ને? વકિલ હતા. ધોયેલ મૂળા જેવા આવડો મોટો વખાણ કરો છો તો ગયો ક્યાં? ભગવાનજી વકિલ હતા.

મુમુક્ષુ : નામ ભગવાન.

ઉત્તર : નામ 'ભગવાન' હતું એનું. આવા વખાણ કરો છો, આવો આત્મા આત્મા. પણ ધોયેલ મૂળા જેવો ગયો ક્યાં? છે બધો પણ તને ભાન નથી. જ્યાં છે ત્યાં નજરું કરવી નથી. નજર કરવી નથી ને ક્યાં છે? પણ ક્યાં છે પણ આંખ ઉઘાડ તો ખબર પડે કે તે વિના? અંતરના ચૈતન્યના નેત્ર ખોલીને અંતર જ્યોત અનંત ગુણની રાશિ ભગવાન બિરાજે છે. પોતે સચ્ચિદાનંદ સ્વરૂપ જ પોતે છે. આહાહા..! સમજાણું કાંઈ?

આ બધું છે એમ જાણીને, હોં! એકલો એકલો આત્મા કરે એમ નહિ. એનું કારણ કે, '**પઞ્ચાસ્તિકાયષડ્દ્રવ્યસપ્તતત્ત્વનવપદાર્થેષુ...**' એનું એક સમયની જ્ઞાનની પર્યાયમાં જાણવાની ને શ્રદ્ધા કરવાની તાકાત છે એની. પણ એ પરલક્ષી તાકાત એટલો નહિ. આખું દ્રવ્ય એક સમયમાં અખંડ જ્ઞાયક ચિદાનંદ એક સ્વભાવ, એની અંતરમાં આદરણીય દૃષ્ટિ, અનુભવ

દૃષ્ટિ, સ્થિરતા દૃષ્ટિ, આચરણ દૃષ્ટિ, આચરણભાવ એ આચરતા સંતો જગતને એ આચરવાનું કહે. એ આચરવાનું કહે, એનો ઉપદેશ આપે. આહાહા..! (વર્તમાનમાં તો) આખી પદ્ધતિ ફરી ગઈ, મંત્રીજી! પદ્ધતિ ફરી ગઈ. આ કરો, વ્રત પાળો, ભક્તિ કરો, તપ કરો, અપવાસ કરો, સોળ ભથ્થુ કરો. હોં! કરને કરને કા.

આ ભગવાનઆત્મા મહાન સ્વરૂપ છે અંદર. એની અંતરમાં દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા કરવી એ જ કરવાનું (છે), બીજું કરવાનું શું હતું? બાકી તો જડની શરીરની ક્રિયા થવાની હોય એ થાય, રાગની મંદતા પણ એ કાળે હોય. પણ એ તો પુણ્યબંધનું કારણ છે. અબંધસ્વભાવી દૃષ્ટિમાં આવ્યા વિના અબંધ પરિણામ પ્રગટ થાય નહિ. એ તો બંધ ભાવ છે, હેય છે. અત્યારે તો શુભભાવ જ થઈ પડ્યો છે બધે. ધર્મધ્યાન એ, સંવર-નિર્જરા એ. ઓહોહો..!

આવા અર્થો કરવા મંડ્યા. અરે..! ભગવાન, બાપુ! બહુ કઠણ પડશે. એ આત્માને આવા સત્યમાર્ગની સામે વિરોધમાં આવું નડતર કરે છે ને. આકરું કામ છે. ઓહોહો..! કોણ જાણે કોણ હશે અંદરમાં? ઘરમાં કાંઈ હીરો સારો હોય તો ચારે કોરથી તપાસે છે. કેમ હશે? પ્રકાશ પ્રકાશ. હીરાની કિંમત શું કરવા કરી લોકોએ? કે, એક તો ટકાવ બહુ. ટકાવ. ટકે ટકે ઘણો ને? ટકે સમજે? લાંબો કાળ રહે. ટકે. અને થોડા મળે અને પ્રકાશ કરે. એની એને કિંમત છે. બીજી કિંમત શેની છે એમાં? ત્યારે એ ટકે એવું તત્ત્વ તો આ ત્રિકાળી તત્ત્વ જ્ઞાયક સચ્ચિદાનંદ પ્રભુ આત્મા છે. અને જેનો જ્ઞાનપ્રકાશ સ્વભાવ છે, અને જે કો'કને જ અંદર દુર્લભથી પામી શકે છે. આહાહા..!

મુમુક્ષુ :

ઉત્તર : તરવરે. આ પાંચ હજાર માણસ ક્યાં, માણસ ક્યાં હતા ઈ? આત્માને તરવરે ત્યારે કહેવાય. લ્યો! એમ કે, હાથમાં હીરો હોય તો બીજા જાણે તો ખરા, કે આ હીરો છે. તારા દાડિયા શા થયા? હીરો એમાં પડ્યો ને મરી જાય. હાય..હાય..! જુઓને! હમણાં નો કીધું 'ભગવાનભાઈ'નું? કહે છે કે ઓલી મારી તો આમ બધા ગરી ગયા હતા. છરા-છરા. છૂટેને ગોળી? છરા. એની બળતરા થાય. એ તો એક મિનિટમાં ખલાસ થઈ જાય. એમાં ભડકો પેલાનો. 'જગજીવનભાઈ'ના બહુ જાણીતા હતા, ઓળખીતા હતા. નહિ? હા, મેં કહ્યું હતું. હમણાં નહોતા આપણે પોર તમે મળવા નહોતા ગયા સ્ટેશને? સ્ટેશને મળવા ગયા હતા. ખબર છે કે નહિ? એને બધાને ઓળખાણ ખરી ને, મોટા માણસો સાથે બહુ ઓળખાણ એની. અમે ગયા હતા. 'બળવંતભાઈ' નીકળ્યા છે. પોર હતા ને 'કુંડલા' ત્યારે? તો કહેવડાવ્યું છે 'જગજીવનભાઈ'ને કે મળવા આવજો. ગયા હતા મળવા. આ ભાઈ આવ્યા 'કુંડલા'વાળા. આ બળવંતભાઈ, આત્મા છે અંદર. અનંત વીર્યનો ધણી ભગવાનઆત્મા, અનંત જ્ઞાન ને દર્શનનો આનંદનો કંદ પ્રભુ આત્મા છે. એને અંદરમાં મળવા જાય એકાગ્ર થઈને, એનું નામ ધર્મ કહેવાય છે. આહાહા..! ભારે વાતું પણ, ભાઈ!

મુમુક્ષુ : ... નકલી વસ્તુ માને.

ઉત્તર : નકલી માને. પેલા 'સુરત'ના આવે છે ને હીરા? કેવા કહેવાય છે? શું કહેવાય

ઈ? ઈમિટેશન. ઈમિટેશનને સાચામાં ખપવી નાખે. આહાહા..! ચૈતન્યહીરો ભગવાન! દેહના પરમાણુ માટીથી જુદો. મરતાં પણ એમ કહે છે કે નહિ? આ દેહ છૂટે તો કહે, ભાઈ! જીવ ગયો. એમ કહે છે કે, શરીર ગયું ભેગું? શરીર તો આ પડ્યું રહ્યું. જીવ ગયો. પણ શું જીવ ગયો અંદર? શું હતું જીવમાં? અરૂપી પણ છે શું એ? ભગવાન જાણે કાંઈક હશે વા-બા, પવન-બવન. એ નહિ. શ્વાસ તો જડ, માટી, ધૂળ છે. અંદર ચિદાનંદમૂર્તિ જ્ઞાનનો ઘન આનંદકંદ સચ્ચિદાનંદ અખંડ સ્વભાવી વસ્તુ એ છે. એ કોઈ દિ' એણે દૃષ્ટિમાં, શ્રદ્ધામાં લીધી નથી. કહો, સમજાણું કાંઈ?

જુઓ! એ ઉપાધ્યાય આમાંથી આ બતાવે છે. પંચાસ્તિકાયમાંથી શુદ્ધ જીવાસ્તિકાય, ષટ્ દ્રવ્યમાંથી નિજ શુદ્ધ જીવદ્રવ્ય, સપ્ત તત્ત્વમાંથી નિજ શુદ્ધ જીવતત્ત્વ અને નવ પદાર્થમાંથી શુદ્ધ પદાર્થ (બતાવે છે). '**જો આપ શુદ્ધાત્મા હૈ, વહી ઉપાદેય (ગ્રહણ કરને યોગ્ય) હૈ, અન્ય સબ ત્યાગને યોગ્ય હૈં,...**' દેખો! શ્રદ્ધામાં બધું છોડવા લાયક છે. એ ચાર જ્ઞાનની પર્યાય પ્રગટ થાય એ પણ છોડવા લાયક છે. '**ઐસા ઉપદેશ કરતે હૈં,...**' છે? એવો ઉપદેશ કરે છે. 'અમરચંદભાઈ'! આહાહા..! આ તો ઉપદેશ જ ઊંધા થઈ ગયા. આચાર્ય ક્યાં રહ્યા ને ઉપાધ્યાય ક્યાં રહ્યા? ખોખા રહ્યા નામ. આહાહા..!

મુમુક્ષુ : ...

ઉત્તર : ... સંગ કહેવો કોને?

અહીં તો કહે છે, ઉપાધ્યાય સાચા સંત, મુનિ, ઉપદેશકો જેને ભગવાનના કહેલા પદાર્થોનું જ્ઞાન અને નિજ સ્વભાવ ભગવાનઆત્માનો આદરણીય ભાવ, એવું જે કથન જગત પાસે કરે એને ઉપાધ્યાય અને તેને સાધુ, સંત કહેવામાં આવે છે. નહિતર એથી ઊંધુ કહે એ સાધુ, સંત નથી. એ બધા ગડબડીયા ચાર ગતિમાં રખડનારા છે. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ! આ શ્લોક. 'પ્રભાકર ભટ્ટ' ઓળખીને વંદન કર્યા પછી પ્રશ્ન કરશે.

'**ઐસા ઉપદેશ કરતે હૈં, તથા...**' જુઓ! બીજી વાત. એ ઉપાધ્યાય કેવો ઉપદેશ કરે છે? '**તથા શુદ્ધાત્મસ્વભાવકા સમ્યક્શ્રદ્ધાન...**' આ શુદ્ધ... પેલા ચારમાંથી લીધું હતું ને? ભાઈ! પંચાસ્તિકાય, દ્રવ્ય, તત્ત્વ અને પદાર્થ એમાંથી લીધુ હતું. હવે શુદ્ધ સ્વભાવકા સમ્યક્શ્રદ્ધાન એ મોક્ષમાર્ગનું વર્ણન કરે છે. ઉપાધ્યાય કેવો મોક્ષમાર્ગ વર્ણવે? કેવો મોક્ષમાર્ગ કહે? નિશ્ચય મોક્ષમાર્ગ કહે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાનઆત્મા શુદ્ધ (છે). વર્તમાન પુણ્ય-પાપના મેલ ભાવ છે એની પાછળ રહેલો આખો તત્ત્વ, પુણ્ય-પાપના વિકલ્પ ઊઠે છે તે મેલ છે. એની પાછળ ભગવાન '**શુદ્ધાત્મસ્વભાવકા સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન-આચરણરૂપ અભેદ રત્નત્રય હૈ,....**' એ અભેદ રત્નત્રય, જે રત્નત્રયથી મોક્ષ મળે છે.

'**વહી નિશ્ચયમોક્ષમાર્ગ હૈ, ઐસા ઉપદેશ શિષ્યોંકો દેતે હૈં,...**' દેખો! 'અમરચંદભાઈ'! આવો ઉપદેશ શિષ્યને દે એને ઉપાધ્યાય કહેવામાં આવે છે. એ શ્રોતાને ઉપદેશ એમ કરે કે આ ભગવાન શુદ્ધ સ્વરૂપ પરમાત્મા, જેમાં અંતર દૃષ્ટિ કરીને ઠરવા જેવું છે. એવો શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાન ને ચારિત્ર જે અભેદ રત્નત્રય, અભેદ સ્વભાવની સાથે અભેદ થાય છે ને ત્રણ?

એવો અભેદ નિશ્ચય રત્નત્રય એ નિશ્ચયમોક્ષ(માર્ગ છે). જુઓ! અભેદ રત્નત્રય કહો કે નિશ્ચય મોક્ષમાર્ગ કહો, ભેદરત્નત્રય કહો કે વ્યવહાર કહો. આહાહા..! ભારે વાત, ભાઈ! વાડામાં બેઠા એણે કેટલાકે તો સાંભળ્યું ન હોય. કેવા આચાર્ય ને કેવા ઉપાધ્યાય ને કેવો એનો ઉપદેશ હોય? એય..! 'જમુભાઈ'! અહો..!

**'ઐસા ઉપદેશ શિષ્યોંકો દેતે હૈં, ઐસે ઉપાધ્યાયોંકો મૈં નમસ્કાર કરતા હૂં,...'** 'પ્રભાકર ભટ્ટ' કહે છે, આવા ઉપાધ્યાયને હું નમસ્કાર કરું છું. આહાહા..! સમજાણું કાંઈ? એવી કોઈ કથનપદ્ધતિ સંતોની કે જેમાં આખા જૈનદર્શનનો વ્યવહાર પણ સમાય જાય અને આદરણીય શું એ પણ બતાવે. આહાહા..! 'પરમાત્મપ્રકાશ' પણ એક...

મુમુક્ષુ :- પરમાત્માનો પ્રકાશ...

ઉત્તર :- હા. આત્મા પરમાત્માનું સ્વરૂપ જ છે અંદર. એ દ્રવ્ય સ્વભાવ જે પરમાત્મ સ્વરૂપ, પરમ સ્વરૂપ ભગવાનઆત્મા, એની શ્રદ્ધા, એનું જ્ઞાન અને એનું આચરણરૂપ અભેદ આચરણ, એ રત્નત્રય તે જ સાચો મોક્ષનો માર્ગ છે. એમ ઉપાધ્યાય કહે એ સાચા. આથી વિરૂદ્ધ કહે તે ખોટા. સમજાણું કાંઈ?

અરે..! પોતાને મુકીને વાત. અહીં પોતાને આદરીને પછી બીજી વાત. પોતે ભગવાન પૂર્ણાનંદનો નાથ અખંડ જ્ઞાયક સ્વભાવથી ભરેલો પ્રભુ, અનંત અનંત ગુણનું એકરૂપ દ્રવ્ય, એ જ સત્ય, એ જ ભૂતાર્થ તે સત્યનો સાહેબો, એવો ભગવાન નિજ સ્વરૂપ જ એક શ્રદ્ધવા લાયક છે, જાણવા લાયક છે, આચરવા લાયક છે, રમવા લાયક છે, વેદન કરવા લાયક છે. એવો અભેદ રત્નત્રયનો માર્ગ ઉપાધ્યાય શિષ્યોને કહે છે. દેખો! આ શિષ્યો પણ તેને સાંભળે છે, એમ કહે છે. એમ એ શિષ્યો ના પાડતા નથી કે, ના ના ના ના એવો ન હોય, એવો ન હોય, એમ ન હોય, એમ ન હોય. તો એ શિષ્ય જ નથી, એમ કહે છે. શું કહ્યું? ઉપાધ્યાય આવો નિશ્ચય મોક્ષમાર્ગ અભેદ રત્નત્રય કહે. શિષ્યોને કહે છે. શિષ્યોને કહે છે એનો અર્થ કે એ વિનયથી સાંભળે છે. આવો નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય... નહિ પણ વ્યવહાર લાવો એમ નહિ. એ 'કમલચંદજી'! શું થાય? સમજાણું કાંઈ? વાડામાં એવી વાતને વીંખી નાખી છે. વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞદેવનો માર્ગ, એમાં રહેલાઓએ પણ ફેરફાર (કરી નાખ્યો). વાડામાં રહેલા. આહાહા..!

આ તો સિંહનો માર્ગ છે. ઘેંટામાં સિંહ ગયો, ઘેંટામાં સિંહ ગયો. બીજા સિંહે રાડ પાડી તો બીજા પૂછડા લઈને ભાગ્યા, સિંહ ન ગયો. એલા કેમ ઉભો રહ્યો તું? કે, મને કાંઈ ત્રાસ ન થયો. સમજ ને કે મારી જાતનો તું છો! એમ ભગવાને ત્રાડ મારી દિવ્યધ્વનિમાં, તું પરમાત્મા મારી જાતનો, મારી નાતનો, મારા સ્વરૂપે છે એવો તું છો અંદરમાં. સાંભળનાર જાગે છે કે, આહાહા..! હું એ જ છું. આ પુણ્ય-પાપ ને સંયોગમાં રહું છું એ હું નહિ. આહાહા..! સમજાણું? જુઓ! ઉપદેશ આવ્યો ને એટલે આવ્યું. ઉપદેશ આવ્યો ગર્જના. ઉપાધ્યાયની આવી ગર્જના! અભેદ રત્નત્રય મોક્ષમાર્ગ. હે શિષ્ય! સાંભળ. ઓલો ના પાડતો નથી, હોં!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પાત્ર વિના વસ્તુ ન ટકે.

**'ઐસા ઉપદેશ શિષ્યોંકો દેતે હૈં,...'** કે, નહિ... નહિ... નહિ... નહિ. સાધારણ માણસને એમ ન કહેવો. ફલાણાને ન કહેવો. અરે..! સાંભળને. સાધારણ એટલે કે ભગવાનઆત્મા છે. એક ક્ષણમાં ફાટ ફાટ પુરુષાર્થ કરીને કેવળજ્ઞાન લે એવો છે ઈ. આહાહા..! નથી નથી, ન કરી શકે, ન કરી શકે. તું રાડું પાડે છે ભિખારીની જેમ. સમજાણું કાંઈ? ચૈતન્યના સરોવર ભગવાન અનંત ગુણનો સાગર છે. એનામાં ક્ષણમાં કેવળજ્ઞાન પૂર્ણ પર્યાય થવાની તાકાતવાળો છે. એને એમ કહેવું કે, આવો નહિ... આવો નહિ... આવો નહિ. (એમાં) એનો અનાદર થાય છે. સમજાણું કાંઈ? જુઓને! અહીંયા પણ 'બ્રહ્મદેવે' ટીકા પણ કેવી કરી છે? આચાર્ય આવા હોય એને ઓળખીને કરે છે. આવે છે ને 'પ્રવચનસાર'માં? હું જ્ઞાન દર્શન સ્વરૂપી આત્મા. હું અરિહંતને નમસ્કાર કરું છું. અરિહંત કેવા? કે આવા. એ શૈલી બધી લીધી છે. શૈલી બધા આચાર્યોની (એવી અલૌકિક છે). સમજાણું કાંઈ? આહાહા..!

**'ઐસે ઉપાધ્યાયોંકો મૈં નમસ્કાર કરતા હૂં ઔર શુદ્ધ જ્ઞાન સ્વભાવ શુદ્ધાત્મતત્ત્વકી આરાધનારૂપ...'** સાધુની વાત કરે છે. શુદ્ધ જ્ઞાન ભગવાન, શુદ્ધ જ્ઞાન એક સ્વભાવ અંતર. એવો શુદ્ધાત્મ તત્ત્વ, શુદ્ધ જ્ઞાન એક સ્વભાવ. શુદ્ધ, બુદ્ધ છે ને શબ્દમાં? બુદ્ધનો અર્થ જ્ઞાન કર્યો. શુદ્ધ-બુદ્ધ એક સ્વભાવ. શુદ્ધ જ્ઞાન એક સ્વભાવ શુદ્ધાત્મ તત્ત્વ. એની આરાધનામાં **'વીતરાગ નિર્વિકલ્પ સમાધિકો જો સાધતે હૈં,...'** દેખો! અંતરમાં **'વીતરાગ નિર્વિકલ્પ સમાધિકો જો સાધતે હૈં, ઉન સાધુઓંકો મૈં વંદતા હૂં.'** એને સાધુ કહેવાય છે.

મુમુક્ષુ : વ્યવહાર...

ઉત્તર : વ્યવહારની વાતેય કરી નથી. અંતર અખંડાનંદ પ્રભુ શુદ્ધાત્મ કેવો? કે, શુદ્ધ જ્ઞાન એક સ્વભાવ. શુદ્ધ, બુદ્ધ એક સ્વભાવ. શુદ્ધ, બુદ્ધ. શુદ્ધ જ્ઞાન એક સ્વભાવ, બસ. શુદ્ધ જ્ઞાન એક સ્વભાવ, એવો ભગવાન એ જ આરાધે. આરાધનારૂપ, આરાધનારૂપ. **'વીતરાગ નિર્વિકલ્પ સમાધિકો જો સાધતે હૈં, ઉન સાધુઓંકો મૈં વંદતા હૂં.'** કહો, સમજાણું? **'વીતરાગ નિર્વિકલ્પ સમાધિકો જો આચરતે હૈં,...'** એ આચાર્ય, એ આચાર્ય. એવા નિર્વિકલ્પ સમાધિને કહે એ ઉપાધ્યાય અને **'સાધતે હૈં, વે હી સાધુ હૈં.'** એ સાધુ. ત્રણના લઈ લીધા ત્રણ. આહાહા..!

**'અર્હંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ યે હી પંચપરમેષ્ઠી વંદને યોગ્ય હૈં, ઐસા ભાવાર્થ હૈ.'** લ્યો! આ પાંચ પરમેષ્ઠી આ રીતે વંદન કરવા લાયક છે, એ ભાવાર્થ કર્યો.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, જયેષ્ઠ વદ ૨, સોમવાર
## તા. ૧૪-૦૬-૧૯૭૬, ગાથા-૭ થી ૯, પ્રવચન નં. ૮

'પરમાત્મપ્રકાશ' ચાલે છે. 'યોગીન્દ્રદેવ' કૃત અધ્યાત્મશાસ્ત્ર 'પરમાત્મપ્રકાશ' છે. એમાં પંચ પરમેષ્ઠીનો અધિકાર ચાલે છે. અરિહંત અને સિદ્ધનો અધિકાર આવી ગયો. આચાર્ય, ઉપાધ્યાય, સાધુનો અધિકાર ચાલે છે. તેમાં પણ આચાર્ય સુધી આવી ગયું છે.

આચાર્ય કેવા હોય છે? કે પોતાનો આનંદ, જ્ઞાનસ્વરૂપ ભગવાન, એનું એ આચરણ કરે છે. અહીંયાં વિકલ્પ અને રાગની વાત નથી લીધી. શુદ્ધ ચૈતન્યવસ્તુ જે આનંદકંદ પ્રભુ છે, એનું આચરણ કરે છે, એને આચાર્ય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ત્યાં સુધી આવ્યું છે આપણે.

હવે ઉપાધ્યાય કેવા હોય? ઉપાધ્યાય. પંચાસ્તિકાયનો ઉપદેશ ઉપાધ્યાય કરે છે. ષટ્ દ્રવ્યનો ઉપદેશ કરે છે, સપ્ત તત્ત્વનો ઉપદેશ કરે છે, નવ પદાર્થનો. છે? '**ઉનમેં નિજ શુદ્ધ જીવાસ્તિકાય,...**' ઉપાદેય છે એમ કહે છે. પંચાસ્તિકાય તત્ત્વ છે. કાળ સિવાય પાંચ અસ્તિકાય છે. એમાં શુદ્ધ જીવાસ્તિકાય એ જ આદરણીય છે, એવો ઉપદેશ ઉપાધ્યાય કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન અરિહંત એ પણ જીવાસ્તિકાયમાં આવી ગયા. પણ એ આદરણીય છે એમ અહીંયાં નથી કહ્યું. '**નિજ શુદ્ધ જીવાસ્તિકાય...**' છે? જુઓ! '**નિજ શુદ્ધ જીવાસ્તિકાય...**' ઝીણી વાત છે.

મુમુક્ષુ :- અરિહંત પ્રભુ આપણા જ છે.

ઉત્તર :- અરિહંત પ્રભુ પરદ્રવ્ય છે.

અહીં કહ્યું ને, પંચાસ્તિકાયમાં અરિહંત, સિદ્ધ આવી ગયા. પણ એમાં આદરણીય-ઉપાદેય કોણ? કે નિજ શુદ્ધાત્મા. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે અંદર જે પવિત્ર આત્માને જોયો, નિજ સત્તાએ શુદ્ધ ચૈતન્ય એવો નિજ જીવાસ્તિકાય એ ઉપાદેય છે. જ્ઞાનની વર્તમાન પર્યાયમાં નિજ શુદ્ધાત્મા આદરણીય છે. અથવા ગ્રહણ કરવા યોગ્ય છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- આ ઉપાદેય છે એનો અર્થ શું ?

ઉત્તર :- કીધું ને ગ્રહણ કરવા યોગ્ય. અંદર છે. ગ્રહણ કરવું. નિજ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે એને પર્યાયમાં ગ્રહણ કરવી. એનો આદર કરીને એમાં લીન થવું. આહાહા..!

મુમુક્ષુ :- ગ્રહણ કરવું એટલે પકડવું?

ઉત્તર :- પકડવું. જ્ઞાયક ત્રિકાળ છે એને જ્ઞાનથી પકડવો.

મુમુક્ષુ :- હાથથી પકડવો?

ઉત્તર :- હાથ ક્યાં આત્મા છે? આ તો માટી જડ છે. આહાહા..!

વસ્તુ પંચ અસ્તિકાય છે. કાળ અસ્તિકાય નથી. કાળ અસ્તિ છે. કાય નથી. કેમકે અસંખ્ય છે, ભિન્ન-ભિન્ન કાળાણું છે. તો કાળાણું સિવાય પાંચ અસ્તિકાય છે એમાં નિજ શુદ્ધ જીવાસ્તિકાય, નિજ શુદ્ધ જીવાસ્તિકાય... આહાહા..! શુદ્ધ નિજ. પરમાત્મા પંચ પરમેષ્ઠી જીવાસ્તિકાયમાં આવે છે, છતાં આદરણીય અને ગ્રહણ કરવા લાયક (નથી). જ્ઞાનની પર્યાયમાં આદરવા લાયક હોય તો તે નિજ શુદ્ધાત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ? છે ને? નીચે ઉપાદેયનો અર્થ એ કર્યો છે. '**ગ્રહણ કરને યોગ્ય...**' આહાહા..! ઝીણી વાત, ભાઈ! ઉપાધ્યાય '**ઐસા ઉપદેશ કરતે હૈં,...**' એવો ઉપદેશ નથી કરતા કે રાગથી તને કલ્યાણ થશે, વ્યવહારરત્નત્રય સાધતા-સાધતા નિશ્ચય સાધન થાય. એવો ઉપદેશ ઉપાધ્યાય નથી કરતા. સમજાણું કાંઈ?

જૈન શાસનમાં યથાર્થ ઉપાધ્યાય એને કહેવામાં આવે છે કે જે આ પંચાસ્તિકાયમાં એક નિજ શુદ્ધ જીવાસ્તિકાય. અસંખ્ય પ્રદેશી છે ને? અને અનંત ગુણ સંપન્ન પ્રભુ આત્મા તો છે. તો એવો શુદ્ધ જીવાસ્તિકાય જ આદરણીય છે. એ સિવાય આદરણીય બીજું કોઈ નથી. એવો ઉપદેશ ઉપાધ્યાય કરે છે. આહાહા..! કાંઈ ખબર ન મળે શું ચીજ છે.

મુમુક્ષુ :- ઉપાધ્યાય પોતે આદરણીય નથી?

ઉત્તર :- એ ઉપાધ્યાયપણું પોતાની પર્યાય છે એ સાધક છે ભલે. પણ આદરણીય તો નિજ આત્મા જ છે એને. સમાધિ ઉપાદેય છે એમ કહેશે. જે સમાધિ વીતરાગ પર્યાય દ્વારા નિજ દ્રવ્યને આદરણીય ગ્રહ્યું એ તો આદરણીય જ છે, પણ નિર્વિકલ્પ સમાધિ જે મોક્ષમાર્ગ છે એને પણ આદરણીય કહેવામાં આવે છે. આહાહા..! ઝીણી વાતું આવી છે, ભાઈ! એક વાત (થઈ).

ષટ્ દ્રવ્ય. ભગવાને છ દ્રવ્ય જોયા છે. તો ઉપાધ્યાય છ દ્રવ્યનો ઉપદેશ કરે છે. પણ છ દ્રવ્યમાં નિજ શુદ્ધ જીવદ્રવ્ય ઉપાદેય છે એમ ઉપદેશ કરે છે. આહા..! પોતાનો નિજ શુદ્ધ ચૈતન્ય ભગવાન પૂર્ણ આનંદમૂર્તિ પ્રભુ એ જ ગ્રહણ કરવા યોગ્ય છે એવો ઉપદેશ ઉપાધ્યાય કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? એવો ઉપદેશ કરે કે તમે રાગ કરો, ભક્તિ કરો, પૂજા કરો એનાથી તમારું કલ્યાણ થશે એવો ઉપદેશ ઉપાધ્યાયનો છે જ નહિ. જૈનના ઉપાધ્યાયનો એ ઉપદેશ જ નથી. સમજાણું કાંઈ? દેશની સેવા કરો તમારું કલ્યાણ થશે, એ ઉપદેશ જૈનનો ઉપદેશ નથી. જૈનના ઉપાધ્યાયનો ઉપદેશ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- બધાને સારું લાગે એવો ઉપદેશ દેવો જોઈએ ને?

ઉત્તર :- બધાને ભલે ન સારું લાગે. આહાહા..!

તાવમાં કડવી દવા પીવે છે. તો મીઠી દવા દેવી? સાકર દેશે તો મરી જશે. વાસ્તવિક એવી ચીજ છે. એક સમયમાં નિજ શુદ્ધ પ્રભુ પરમાનંદ મૂર્તિ, એ જ ષટ્ દ્રવ્યમાં આદરણીય છે. અને અંતર વીતરાગ સમાધિથી એ જ આદરણીય અને ગ્રહણ કરવા લાયક છે. આહાહા..! પછી કહેશે કે વીતરાગ સમાધિ પણ આદરણીય છે. વીતરાગ સમાધિ છે ને એ પણ.. વીતરાગી નિર્મળ પર્યાય છે ને? એને પણ આદરણીય કહે છે.

**'નિજશુદ્ધ જીવદ્રવ્ય,...'** જુઓને! આહાહા..! **'નિજશુદ્ધ જીવતત્ત્વ,...'** સાત તત્ત્વ છે ને? સાત તત્ત્વ. જીવ, અજીવ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. આ સાત. તો સાતમાં નિજ શુદ્ધ જીવતત્ત્વ ઉપાદેય છે. સંવર ને નિર્જરા ને મોક્ષ પણ ઉપાદેય નથી. પહેલી દૃષ્ટિ આ છે. આહાહા..! સમજાણું કાંઈ? સાત તત્ત્વમાં આસ્રવમાં પુણ્ય-પાપ ભેગા લીધા છે. નવ પદાર્થમાં જુદા પાડ્યા. તો સાત તત્ત્વ જે જીવ છે, અજીવ છે, આસ્રવ છે, બંધ છે, સંવર છે, નિર્જરા છે અને મોક્ષ છે. સાતમાં નિજ શુદ્ધ જીવતત્ત્વ એ આદરણીય છે. પર્યાયમાં. આદરણીય તો પર્યાયમાં છે ને? આહાહા..! સમજાણું કાંઈ? આ થોડી હિન્દી ભાષા છે. સમજવી. આહાહા..!

અરે..! વીતરાગ દિગંબર સંતો, જેણે પોતાના સ્વરૂપનું આરાધન કર્યું અને એ જ વાત જગતને કહે છે. સમજાણું કાંઈ? આવી વાત બીજે ક્યાંય નથી. દિગંબર સંપ્રદાયમાં પણ કહે કે અમે ઉપાધ્યાય એને કહીએ છીએ... આહાહા..! કે જે સાત તત્ત્વમાં નિજ શુદ્ધ જીવતત્ત્વને આદરણીય બતાવે. આ ઉપાધ્યાય. કહો, પંડિતજી! ભગવાન નિજ શુદ્ધ વસ્તુ પવિત્ર પિંડ પ્રભુ આત્મા, એ જ પર્યાયમાં ગ્રહણ કરવા લાયક છે. આહાહા..! પછી કહેશે કે વીતરાગ પર્યાય સાધે છે તેને પણ ઉપાદેય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'નિજશુદ્ધ જીવપદાર્થ,...'** નવ પદાર્થમાં... નવ પદાર્થ સમજો છો? જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. એ નવ પદાર્થ છે. પહેલા સાત તત્ત્વ કહ્યા. એમાં આસ્રવમાં પુણ્ય-પાપ ભેગા લીધા. અહીંયાં જુદા પાડ્યા. તો નવ પદાર્થમાં... આહાહા..! એક શુદ્ધ જીવ પદાર્થ, નિજ શુદ્ધ જીવ પદાર્થ આદરણીય છે. સંસ્કૃત છે. સમજાણું કાંઈ? ત્રિકાળી જીવ શુદ્ધ ચૈતન્યઘન ભગવાન, એ નવ પદાર્થમાં નિજ શુદ્ધ આત્મા વીતરાગી પર્યાયમાં ગ્રહણ કરવા લાયક છે, વીતરાગી પર્યાયમાં આદર કરવા લાયક છે. આહાહા..! સમજાણું કાંઈ? વાસ્તવિક તત્ત્વની ખબર ન મળે ને ઉપરથી ચાલી નીકળે કે ધર્મ કરે છે. ધર્મ ક્યાં છે?

અહીં તો નવ પદાર્થને વિષે સંવર-નિર્જરા-મોક્ષ આવ્યા. છતાં પરમાર્થે તો નિજ શુદ્ધ આત્મપદાર્થ જ આદરણીય છે. આહાહા..! સમજાણું કાંઈ? લ્યો! નિજ શુદ્ધ પદાર્થ છે ને? **'જો આપ શુદ્ધાત્મા હૈ, વહી ઉપાદેય (ગ્રહણ કરને યોગ્ય) હૈ,...'** વસ્તુ છે એક સમયમાં પૂર્ણ જીવતત્ત્વ, તો વીતરાગી પર્યાયમાં એ જ ગ્રહણ કરવા લાયક છે. આહાહા..! પછી કહેશે કે વીતરાગી પર્યાય સાધક છે એને પણ ઉપાદેય કહેવામાં આવે છે. સાધક છે ને? સમજાણું કાંઈ? વ્યવહારનો વિકલ્પ ઉપાદેય છે અને સાધનાર છે એમ નથી. આહાહા..! વ્યવહાર રત્નત્રયનો જે વિકલ્પ છે એ સાધક પણ નથી અને આદરણીય પણ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'અન્ય સબ ત્યાગને યોગ્ય હૈં,...'** ભાષા જુઓ! શું કહ્યું? પંચાસ્તિકાયમાં નિજ શુદ્ધ આત્મા ગ્રહણ કરવા લાયક છે. એ સિવાય બધું ત્યાગવા યોગ્ય છે. અરિહંત, સિદ્ધ આદિ પણ આત્માને ત્યાગવા યોગ્ય છે. પંડિતજી! પંચ પરમેષ્ઠી ત્યાગવા યોગ્ય છે એમ કીધું.

મુમુક્ષુ :- ખુલાસો કરો, મહારાજ!

ઉત્તર :- પરવસ્તુ છે ને? પરવસ્તુ છે તો અંતરમાં ત્યાગવા યોગ્ય છે. એક નિજ શુદ્ધ આત્મા જ આદરણીય છે. આવી વાત છે. છે ને?

**'અન્ય સબ ત્યાગને યોગ્ય હૈં,...'** અર્થાત્ પંચાસ્તિકાયમાં નિજ શુદ્ધ જીવાસ્તિકાય આદરણીય છે, એ સિવાય સર્વ ત્યાગવા યોગ્ય છે. ષટ્ દ્રવ્યમાં નિજ શુદ્ધ દ્રવ્ય આદરણીય છે, એ સિવાય સર્વ ત્યાગવા યોગ્ય છે. પંચ પરમેષ્ઠી પણ લક્ષ કરવાલાયક નથી. આહાહા..! કેમકે પંચ પરમેષ્ઠી પર લક્ષ જશે તો વિકલ્પ થશે, રાગ થશે. આહા..! એવી વાત છે, ભાઈ!

મુમુક્ષુ :- ૭૦૦ માઈલ દૂરથી અહીં આવ્યા હોય તો?

ઉત્તર :- દૂરથી આવ્યા તો શું થયું? આવ્યા તો આત્મામાં આત્મા છે. સમજાણું કાંઈ? આહાહા..!

સાત તત્ત્વમાં પણ એક જીવતત્ત્વ જ ઉપાદેય છે. એમાં પંચાસ્તિકાય અને ષટ્ દ્રવ્યમાં તો બીજા દ્રવ્ય ત્યાગ છે. સાત તત્ત્વમાં નિજ શુદ્ધ ચૈતન્યતત્ત્વ જ્ઞાયકભાવ એ ઉપાદેય છે. એ સિવાય સંવર, નિર્જરા, મોક્ષ આદિ ત્યાગવા યોગ્ય છે. સમજાણું કાંઈ? આહાહા..! આવી વાતું છે. આવો ઉપાધ્યાયનો ઉપદેશ વીતરાગ જૈનશાસનમાં આવી રીતે ચાલે છે. એનાથી વિરુદ્ધ હોય એ જૈનશાસનના ઉપાધ્યાય નથી. સમજાણું કાંઈ? આહાહા..! વ્યવહાર છે ખરો. આવે, પણ આદરણીય છે એમ નથી. સમજાણું કાંઈ? આહાહા..!

એવી રીતે નવમાં નિજ શુદ્ધ પદાર્થ. નવ પદાર્થ છે એમાં નિજ શુદ્ધ ભગવાન પદાર્થ જ્ઞાયકભાવ એ જ ગ્રહણ કરવા લાયક છે. પંચાસ્તિકાયમાં અને જીવ દ્રવ્યમાં પરદ્રવ્ય ત્યાગવા યોગ્ય છે એમ આવ્યું. પંચ પરમેષ્ઠી પણ ત્યાગવા યોગ્ય આવ્યું. આહાહા..! વાણી પણ ત્યાગવા યોગ્ય છે એમ આવ્યું. પંચ પરમેષ્ઠીની વાણી જે છે, ભગવાનની દિવ્યધ્વનિ છે, એ પંચાસ્તિકાયમાં છે, પુદ્ગલાસ્તિકાયમાં, પણ ત્યાગવા યોગ્ય છે. આહાહા..! ઝીણી વાતું, બાપા! જૈનદર્શનની મૂળ વસ્તુ, એ પણ દિગંબર જૈનદર્શન, એ સિવાય બીજે ક્યાંય દર્શન છે જ નહિ. આહાહા..!

ભગવાનઆત્મા કહે છે કે જીવદ્રવ્યમાં નિજ શુદ્ધ દ્રવ્ય, ષટ્ દ્રવ્યમાં. એમાં તો બીજા અરિહંત આદિ દ્રવ્ય પણ કાઢી નાખ્યા. **'અન્ય સબ ત્યાગને યોગ્ય હૈં,...'** એમ કહ્યું ને? અસ્તિ-નાસ્તિ કરી. અને નિજ શુદ્ધ જીવતત્ત્વ. સાત તત્ત્વમાં નિજ શુદ્ધ જીવતત્ત્વ અંદર પર્યાયમાં આદરણીય છે. આહાહા..! અને બધા સંવર, નિર્જરા, મોક્ષ આદિ ત્યાગવા યોગ્ય છે. સમજાણું કાંઈ? આહા..! પછી નવ પદાર્થમાં જીવ નિજ પદાર્થ જ આદરણીય છે. આહાહા..! **'આપ શુદ્ધાત્મા હૈ, વહી ઉપાદેય (ગ્રહણ કરને યોગ્ય) હૈ,...'** આહાહા..! દૃષ્ટિનો વિષય ધ્રુવ એ જ ગ્રહણ કરવા લાયક છે. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે,બાપુ! આ તો વીતરાગ માર્ગ છે. સર્વજ્ઞ પરમેશ્વર 'કુંદકુંદાચાર્ય' બે હજાર વર્ષ પહેલા મહાવિદેહમાં ભગવાન પાસે ગયા હતા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યું. આ 'પરમાત્મપ્રકાશ'માં પણ 'સમયસાર' આદિ 'કુંદકુંદાચાર્ય'ની ઝલક છે. પ્રસ્તાવનામાં લખ્યું છે.

પ્રસ્તાવનામાં છે. આહાહા..! 'સમાધિશતક' આદિની એમાં ઝલક છે.

**'અન્ય સબ ત્યાગને યોગ્ય હૈં,...'** આહાહા..! ઉપાદેય અને ત્યાગવા યોગ્ય, બે વાત લીધી. સમજાણું કાંઈ? જેની હજી ખબરેય ન મળે કે આ નિજ શું છે અને પર શું છે... આહાહા..! **'ઐસા ઉપદેશ કરતે હૈં,...'** છે? ઉપાધ્યાય, જૈનના સાચા ઉપાધ્યાય આવો ઉપદેશ કરે છે. 'પંચાસ્તિકાય'માં નિજ શુદ્ધ જીવાસ્તિકાય આદરણીય છે એવો ઉપદેશ કરે છે. અને પોતે પણ એમ આચરણ કરે છે. આહાહા..!

**'તથા શુદ્ધાત્મસ્વભાવકા સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન-આચરણરૂપ અભેદ રત્નત્રય હૈ, વહી નિશ્ચયમોક્ષમાર્ગ હૈ, ઐસા ઉપદેશ શિષ્યોંકો દેતે હૈં,...'** જૈનના સાચા ઉપાધ્યાય એને કહીએ કે શુદ્ધ આત્મસ્વભાવ ભગવાન, એની શ્રદ્ધા. શુદ્ધ જીવાસ્તિકાય ભગવાનઆત્માની અંદર શ્રદ્ધા, સ્વરૂપ સન્મુખ થઈને નિર્વિકલ્પ શ્રદ્ધા, શુદ્ધ આત્માનું સમ્યગ્જ્ઞાન. આહાહા..! શાસ્ત્રજ્ઞાન અને પર નહિ. અહીં તો શુદ્ધાત્મા, એનું જ્ઞાન અને શુદ્ધાત્મ સ્વભાવનું આચરણ એ શુદ્ધ ભગવાન પવિત્ર મૂર્તિ પ્રભુ, એમાં રમવું એ આચરણ અને એ ચારિત્ર છે. **'અભેદ રત્નત્રય હૈ,...'** જુઓ! એ ત્રણને અભેદ રત્નત્રય કહે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન અને પંચ મહાવ્રત આદિના પરિણામ એ ભેદરત્નત્રય વિકલ્પ છે. એ આદરણીય નથી. આહાહા..! આવી વાત છે.

**'અભેદ રત્નત્રય હૈ, વહી નિશ્ચયમોક્ષમાર્ગ હૈ,...'** જુઓ! એ જ સાચો મોક્ષમાર્ગ છે. શુદ્ધ જીવાસ્તિકાય પ્રભુ, પૂર્ણ આનંદનો નાથ પરમાત્મસ્વરૂપ, એની શ્રદ્ધા, સ્વસન્મુખ થઈને એની પ્રતીતિ, સ્વસન્મુખ થઈને એનું સ્વસંવેદન જ્ઞાન અને શુદ્ધાત્માની અંદર રમણતા- આચરણ એ જ નિશ્ચયમોક્ષમાર્ગ છે. **'ઐસા ઉપદેશ શિષ્યોંકો દેતે હૈં,...'** ઉપાધ્યાય શિષ્યોને આ ઉપદેશ આપે છે.

મુમુક્ષુ :- વ્યવહાર કરવાનો ઉપદેશ નથી આપતા.

ઉત્તર :- વ્યવહાર કરવાનો ઉપદેશ એ આપતા નથી. જાણવાનું કહે. આહાહા..! વ્યવહાર આવે વચમાં, હોં! પણ એ જાણવા લાયક છે. આદરવા લાયક નથી. આવી વાત છે. આહાહા..! એ વસ્તુની શ્રદ્ધાની ખબર ન મળે. સમ્યગ્દર્શન કેમ થાય અને સમ્યગ્દર્શન શું ચીજ છે? સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે કે, ભગવાનઆત્મા..! ઉપાધ્યાય શિષ્યોને એવો ઉપદેશ કરે છે કે, શુદ્ધ આત્મા પરમાનંદની મૂર્તિ નિત્યાનંદ પ્રભુ, એની શ્રદ્ધા-જ્ઞાન અને રમણતા એ નિશ્ચયરત્નત્રય, અભેદરત્નત્રય કરવા લાયક છે, એવો ઉપદેશ શિષ્યોને આપે છે. **'ઐસે ઉપાધ્યાયોંકો મૈં નમસ્કાર કરતા હૂં.'** 'યોગીન્દ્ર' ટીકાકાર કહે છે. એવા ઉપાધ્યાય... આહાહા..! એ વંદનીય છે. મિથ્યા ઉપદેશ કરે અને ઉપાધ્યાય નામ ધરાવે એ વંદનીય નથી. આહાહા..!

મુમુક્ષુ :- ઉપાધ્યાય ...

ઉત્તર :- પણ ઉપાધ્યાય હોય ઈ ને? સાચા ઉપાધ્યાય તો આવા જ હોય. આમ તો ઉપાધ્યાય નામ ઘણા ધરાવે છે. અને રાગ કરો, આ કરો, પુણ્ય કરો અને એનાથી તમને

કલ્યાણ થશે, એવો ઉપદેશ એ જૈન ઉપદેશ જ નથી. એ વીતરાગ માર્ગનો ઉપદેશ જ નથી.

મુમુક્ષુ :- દેશ સેવા તો કરવી જોઈએ.

ઉત્તર :- દેશ સેવા કરી શકે કોણ ત્રણકાળમાં? દેશ એ પરચીજ છે. એની સેવા કરી શકે? આત્મા પર જીવને જીવાડી શકે? પરની પ્રાણ રક્ષા આત્મા કરી શકે? પરના પ્રાણની રક્ષા તો એનાથી થાય છે. બીજો કરી શકે? આહાહા..! ઝીણી વાત છે, ભાઈ!

જૈન પરમેશ્વરનું તત્ત્વ, મૂળ તત્ત્વ એવું ગંભીર અને ગૂઢ છે કે એને સમજવા માટે ઘણો પ્રયત્ન જોઈએ. એમ ને એમ ઉપરટપકે મળી જાય એવી એ ચીજ નથી. આહાહા..! કેટલી વાત કરી, જોયું! આહાહા..! એ ઉપાધ્યાયની વાત કરી. હવે સાધુ કેવા હોય. ણમો લોએ સવ્વ સાહૂણં. એ જૈનના સાધુ. બીજામાં તો હોતા જ નથી.

મુમુક્ષુ :- ણમો લોએ સવ્વ સાધુ.

ઉત્તર :- એ સવ્વ સાધુ જૈનના. એ ઓલો 'સુશીલકુમાર' એક સ્થાનકવાસી છે. જુઓ! એમાં ણમો લોએ સવ્વ સાહુણં કહ્યા છે. સર્વ સાધુ કીધું. પણ જૈનના સાધુ એ સાધુ હોય. અન્યમાં તો ત્રણકાળમાં સાધુ હોતા જ નથી. આહા..!

હવે કહે છે, '**શુદ્ધજ્ઞાન સ્વભાવ શુદ્ધાત્મતત્ત્વ...**' એક અર્થ રહી ગયો છે. અંદર એક અર્થ રહી ગયો છે. શુદ્ધ બુદ્ધ એક સ્વભાવ, સંસ્કૃતમાં એમ છે. શુદ્ધ જ્ઞાન એક સ્વભાવ એમ જોઈએ. છે? સુધાર્યું છે? સંસ્કૃતમાં છે. એ તો છે. શુદ્ધ બુદ્ધ એક સ્વભાવ. એમ. બુદ્ધ એટલે જ્ઞાન. શુદ્ધ ભગવાનઆત્મા અને બુદ્ધ નામ જ્ઞાનસ્વરૂપ પવિત્ર, એ એક સ્વભાવી વસ્તુ જે ભગવાનઆત્માની, એવા '**શુદ્ધાત્મતત્ત્વની આરાધના...**' એ આરાધના એ નિર્મળ પર્યાય છે. આરાધના કોની? શુદ્ધાત્મ તત્ત્વની. આહાહા..! નિત્યાનંદ પ્રભુ ધ્રુવ, એની આરાધના. આહાહા..! સમજાણું કાંઈ?

'**વીતરાગ નિર્વિકલ્પ સમાધિકો જો સાધતે હૈં,...**' ભાષા જુઓ! પહેલા ઉપાદેય કરતા હતા અને હવે કહે છે, નિર્વિકલ્પ સમાધિને સાધે છે. શુદ્ધ બુદ્ધ એક સ્વભાવ એવો શુદ્ધાત્મ ભગવાન, એની આરાધનારૂપ એની સેવા, સ્વસન્મુખની શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્રની આરાધના, '**આરાધનારૂપ વીતરાગ નિર્વિકલ્પ સમાધિ...**' એ વીતરાગી નીચે લખ્યું છે. ઓલો એકડો છે ને? '**સમાધિકો...**' આચરતે હૈં. એ તો આચાર્ય સાધુની (વાત), અરિહંત-સિદ્ધની વાત એમાં નથી. અરિહંત સિદ્ધ તો પૂર્ણ થઈ ગયા એને શું? હજી અરિહંતને માટે એમ કહેવાય કે એને ચાર કર્મ છે તો ધ્યાનાગ્નિમાં તેને બાળે છે, ભસ્મ કરે છે. એમ વ્યવહારથી કહેવામાં આવે. એ પહેલા આવી ગયું ને?

મુમુક્ષુ :- ભૂતનયગમ નયસે?

ઉત્તર :- ના, ના વર્તમાનમાં. ચાર કર્મ વર્તમાન છે ને? અઘાતિ. તો એને ધ્યાનાગ્નિમાં બાળે છે. એ પહેલા આવી ગયું. કર્મકલંકનો નાશ. ચાર બાકી છે ને? ક્ષણે-ક્ષણે નાશ પામે છે. સિદ્ધને તો કાંઈ છે નહિ.

અહીં કહે છે કે, વીતરાગ નિર્વિકલ્પ સમાધિ, એ વીતરાગી નિશ્ચયમોક્ષમાર્ગ. આહાહા..!

સમાધિ નામ આનંદની ધારાનું પરિણમન. આહાહા..!

મુમુક્ષુ :- સમાધિ નામ આનંદની ધારાનું પરિણમન? સમાધિ તો શરીરને બધું છોડી દેવાનું નામ (સમાધિ નહિ)?

ઉત્તર :- શું છોડે? અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ, એની આરાધનામાં અતીન્દ્રિય આનંદ દશા પ્રગટ થાય છે. આહાહા..! તેથી તો એમ કહ્યું કે વીતરાગી નિર્વિકલ્પ સમાધિ એમ કહ્યું. રાગ વિનાની, ભેદ વિનાની આનંદની સમાધિ આત્માની. આહાહા..! માર્ગ ઝીણો, બાપા! લોકો બહારમાં માનીને બેઠા છે અનાદિની ભ્રમણા. આહાહા..! '**વીતરાગ નિર્વિકલ્પ સમાધિકો જો આચરતે હૈં, કહતે હૈં, સાધતે હૈં વે હી સાધુ હૈં.**' એને સાધુ કહીએ. પંચ મહાવ્રત પાળતા હોય અને નગ્ન છે માટે સાધુ, એમ નથી. આહાહા..! વીતરાગ નિર્વિકલ્પ અભેદ સમાધિને આચરે છે. આહાહા..! જિનસ્વરૂપી ભગવાનઆત્મા વીતરાગસ્વરૂપ એને વીતરાગી ધારાથી આરાધે છે. આહાહા..!

સમ્યક્ શુદ્ધ નિશ્ચય મોક્ષમાર્ગ એનાથી એ તત્ત્વને આરાધે છે. સમજાણું કાંઈ? નિર્વિકલ્પ સમાધિને આચરે છે, લો ને. આહા..! વીતરાગી નિર્મળ પર્યાય સમ્યગ્દર્શન-જ્ઞાન એને આચરે છે, એને કહે છે અને સાધે છે એ સાધુ. અઠ્યાવીશ મૂળગુણ પાળે એ સાધુ એમ અહીં કહ્યું નથી.

મુમુક્ષુ :- બીજે ઠેકાણે કહ્યું છે.

ઉત્તર :- બીજે ઠેકાણે કહ્યું હોય તો વિકલ્પનું જ્ઞાન કરાવ્યું છે. આહાહા..! વીતરાગમાર્ગ બહુ સૂક્ષ્મ, બાપુ! અને તે પણ દિગંબર માર્ગ. સમજાણું કાંઈ? એ વીતરાગ માર્ગ છે. બીજે ક્યાંય માર્ગ છે નહિ. આહાહા..! જુઓને શાસ્ત્ર. એકલા ન્યાય ભર્યા છે. સાધ્યતે ઈતિ સાધુ. શું સાધે? કે નિર્વિકલ્પ સમાધિને સાધે. વીતરાગી દશાને સાધે. ઉપાદેય તો ત્રિકાળ છે પણ સાધે આ. એ પણ ઉપાદેય કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

જે નિશ્ચય મોક્ષમાર્ગ છે એને અહીંયાં વીતરાગી નિર્વિકલ્પ સમાધિ કહેવામાં આવી છે. તો એ વીતરાગી નિર્વિકલ્પ સમાધિનું ધ્યેય તો પૂર્ણ શુદ્ધ છે. એમાં ગ્રહણ કરવા લાયક તો ત્રિકાળી ચીજ છે. પણ વર્તમાન વીતરાગી પર્યાય પણ સાધવા લાયક છે. રાગ નહિ, વિકલ્પ નહિ, વ્યવહાર નહિ. આહાહા..! સમજાણું કાંઈ? હજી તો સમજવું કઠણ પડે. લોકોએ માર્ગ જ ક્યાંકનો ક્યાંક કરી નાખ્યો. આહાહા..! માર્ગ તો આવો છે. વીતરાગ માર્ગ સર્વજ્ઞ પરમેશ્વર જિનેન્દ્રદેવ... આહાહા..! 'કુંદકુંદાચાર્ય' તો સંવત ૪૯માં ભગવાન પાસે ગયા હતા. ભગવાન મહાવિદેહમાં બિરાજે છે. 'સીમંધર' ભગવાન (આદિ) વીસ તીર્થંકર મહાવિદેહમાં બિરાજે છે. 'કુંદકુંદાચાર્ય' સંવત ૪૯માં ત્યાં ગયા હતા. બે હજાર વર્ષ થયા. આઠ દિવસ ત્યાં ભગવાનના સમવસરણમાં રહ્યા હતા. અને ત્યાંથી આવીને 'સમયસાર' શાસ્ત્ર બનાવ્યું. એ બધાની ઝલક આ શાસ્ત્રમાં છે. આહાહા..! સમજાણું કાંઈ? એ રીતે પાંચેયનું વર્ણન આવી ગયું. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ.

'**અર્હંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, યે હી પંચપરમેષ્ઠી વંદને યોગ્ય હૈં,...**' આ રીતે જે સ્વરૂપ છે તે વંદનલાયક છે. આહાહા..! '**ઐસા ભાવાર્થ હૈ.**' લ્યો!

अथ प्रभाकरभट्टः पूर्वोक्तप्रकारेण पञ्चपरमेष्ठिनो नत्वा पुनरिदानीं श्रीयोगीन्द्रदेवान् विज्ञापयति –

८) भाविं पणविवि पंच–गुरु सिरि–जोइंदु–जिणाउ।
भट्टपहायरि विण्णविउ विमलु करेविणु भाउ।।८।।

भावेन प्रणम्य पञ्चगुरुन् श्रीयोगीन्दुजिनः।
भट्टप्रभाकरेण विज्ञापितः विमलं कृत्वा भावम्।।८।।

भाविं पणविवि पंचगुरु भावेन भावशुद्धया प्रणम्य। कान्। पञ्चगुरुन्। पश्चात्किं कृतम्। सिरिजोइंदुजिणाउ भट्टपहायरि विण्णविउ विमलु करेविणु भाउ श्रीयोगीन्द्रदेवनामा भगवान् प्रभाकरभट्टेन कर्तृभूतेन विज्ञापितः विमलं कृत्वा भावं परिणाममिति। अत्र प्रभाकरभट्टः शुद्धात्मतत्त्वपरिज्ञानार्थं श्रीयोगीन्द्रदेवं भक्तिप्रकर्षेण विज्ञापितवानित्यर्थः।।८।।

---

ऐसे परमेष्ठीको नमस्कार करनेकी मुख्यतासे श्रीयोगीन्द्राचार्यने परमात्मप्रकाशके प्रथम महाधिकारमें प्रथमस्थलमें सात दोहोंसे प्रभाकरभट्ट नामक अपने शिष्यको पंचपरमेष्ठीकी भक्तिका उपदेश दिया।

इति पीठिका

अब प्रभाकरभट्ट पूर्वरीतिसे पंचपरमेष्ठीको नमस्कारकर और श्रीयोगीन्द्रदेव गुरुको नमस्कार कर श्रीगुरुसे विनती करता है –

**गाथा – ८**

अन्वयार्थ :– [ भावेन ] भावोंकी शुद्धताकर [ पञ्चगुरुन् ] पंचपरमेष्ठियोंको [ प्रणम्य ] नमस्कारकर [ भट्टप्रभाकरेण ] प्रभाकरभट्ट [ भावं विमलं कृत्वा ] अपने परिणामोंको निर्मल करके [ श्रीयोगीन्द्रजिनः ] श्रीयोगीन्द्रदेवसे [ विज्ञापितः ] शुद्धात्मतत्त्वके जाननेके लिये महाभक्तिकर विनती करते हैं।।८।।

---

આ પ્રમાણે પ્રભાકરભટ્ટના પંચપરમેષ્ઠીને નમસ્કારકરણની મુખ્યતાથી પ્રથમ મહાધિકારમાં સાત દોહક સૂત્રો સમાપ્ત થયાં.

**ઇતિ પીઠિકા**

હવે પ્રભાકરભટ્ટ પૂર્વોક્ત પ્રકારે પંચપરમેષ્ઠીને નમસ્કાર કરીને ફરી અહીં શ્રી યોગીન્દ્રદેવને વિનંતી કરે છે :

ભાવાર્થ : અહીં પ્રભાકરભટ્ટ શુદ્ધ આત્મતત્ત્વને જાણવા માટે શ્રીયોગીન્દ્રદેવને વિશેષ ભક્તિપૂર્વક વિનંતી કરે છે. ૮.

## ગાથા-૮ ઉપર પ્રવચન

**'ऐसे परमेष्ठीको नमस्कार करनेकी मुख्यतासे श्रीयोगीन्द्राचार्य...'** દિગંબર 'યોગીન્દ્રાચાર્ય' થયા છે. એમણે આ 'પરમાત્મપ્રકાશ' બનાવ્યું છે. **'श्रीयोगीन्द्राचार्यने परमात्मप्रकाशके प्रथम महाधिकारमें...'** સાત ગાથા સુધી પંચ પરમેષ્ઠીને નમસ્કાર કર્યા. સાત ગાથા દ્વારા. આહાહા..! **'सात दोहोंसे प्रभाकरभट्ट नामक अपने शिष्यको पंचपरमेष्ठीकी भक्तिका उपदेश दिया.'** પોતાના શિષ્યને કહે છે, આ રીતે પંચ પરમેષ્ઠીને વંદન કરવા. આવા પંચ પરમેષ્ઠી છે એને વંદન કરવા. આહાહા..! લ્યો, એ સાત ગાથાએ તો હજી ઈતિ પિઠિકા થઈ. આહાહા..!

પહેલી ગાથામાં અનંત સિદ્ધ થયા એને નમસ્કાર કર્યા. બીજી ગાથામાં ભવિષ્યમાં અનંત સિદ્ધ થશે એને નમસ્કાર કર્યા. ત્રીજી ગાથામાં વર્તમાન ભગવાન બિરાજે છે. 'સીમંધર' ભગવાન મહાવિદેહમાં તીર્થંકર, એને નમસ્કાર કર્યા. ચોથી ગાથામાં મહામુનિને નમસ્કાર કર્યા. મહામુનિ થઈને સિદ્ધ થશે. પાંચમી ગાથામાં એના નિવાસસ્થાનને. આત્મા પોતાના સ્વરૂપમાં નિવાસ કરે છે એમ જાણીને નમસ્કાર કર્યા. છઠ્ઠામાં એનું જ્ઞાન અરિહંત, અરિહંતને નમસ્કાર કર્યા છઠ્ઠી ગાથામાં. સાતમી ગાથામાં આચાર્ય, ઉપાધ્યાય અને સાધુને (નમસ્કાર કર્યા). આહાહા..!

આ 'યોગીન્દ્રદેવ' દિગંબર આચાર્ય હતા. વનવાસમાં રહેતા હતા. લગભગ ઈ.સ. છઠ્ઠી શતાબ્દી કહે છે. **'अब प्रभाकर भट्ट पूर्वरीतिसे पंचपरमेष्ठीको नमस्कारकर...'** આ નમસ્કાર પ્રભાકર ભટ્ટે કર્યા એમ કહ્યું. એમણે કહ્યું ને આ પંચ પરમેષ્ઠીને તું આ રીતે નમસ્કાર કર. આહાહા..!

મુમુક્ષુ :- છઠ્ઠી શતાબ્દિ એટલે કેટલા વર્ષ થયા?

ઉત્તર :- ૧૪૦૦ વર્ષ લગભગ.

**'श्रीयोगीन्द्रदेव गुरुको नमस्कार कर श्रीगुरुसे विनती करता है-'** હવે 'પ્રભાકર ભટ્ટ' શિષ્ય છે એ 'યોગીન્દ્રદેવ' ગુરુને વિનંતી કરે છે. પ્રભુ! અમે અનંતકાળથી ચાર ગતિમાં રખડીએ છીએ. અમને એવો ઉપદેશ દયો કે અમારા સંસારનો અંત આવી જાય અને અમને મોક્ષ મળે. એવો અમને ઉપદેશ આપો. આઠમી ગાથા છે ને?

**૮) भाविं पणविवि पंच-गुरु सिरि-जोइंदु-जिणाउ।**
**भट्टपहायरि विण्णविउ विमलु करेविणु भाउ।।८।।**

---

**तद्यथा –**

**९) गउ संसारि वसंताहँ सामिय कालु अणंतु।**
**पर मइँ किं पि ण पत्तु सुहु दुक्खु जि पत्तु महंतु।।९।।**

गतः संसारे वसतां स्वामिन् कालः अनन्तः।
परं मया किमपि न प्राप्तं सुखं दुःखमेव प्राप्तं महत्।।९।।

गउ संसारि वसंताहं सामिय कालु अणंतु गतः संसारे वसतां तिष्ठतां हे स्वामिन्। कोऽसौ। कालः। कियान्। अनन्तः। पर मइं किं पि ण पत्तु सुहु दुक्खु जि पत्तु महंतु परं किंतु मया किमपि न प्राप्तं सुखं दुःखमेव प्राप्तं महदिति। इतो विस्तरः। तथाहि–स्वशुद्धात्मभावनासमुत्पन्न–वीतरागपरमानन्दसमरसीभावरूपसुखामृतविपरीतनारकादिदुःखरूपेण क्षारनीरेण पूर्णे अजरामरपदविपरीतजातिजरामरणरूपेण मकरादिजलचरसमूहेन संकीर्णे अनाकुलत्व–लक्षणपारमार्थिकसुखविपरीतनानामानसादिदुःखरूपवडवानलशिखासंदीपिताभ्यन्तरे वीतरागनिर्विकल्पसमाधिविपरीतसंकल्पविकल्पजालरूपेण कल्लोलमालासमूहेन विराजिते संसारसागरे वसतां तिष्ठतां हे स्वामिन्ननन्तकालो गतः। कस्मात्। एकेन्द्रियविकलेन्द्रियपञ्चेन्दिय–संज्ञिपर्याप्तमनुष्यत्वदेशकुलरूपेन्द्रियपटुत्वनिर्व्याध्यायुष्कवरबुद्धिसद्धर्मश्रवणग्रहणधारणश्रद्धान संयमविषयसुखव्यावर्तनक्रोधादिकषायनिवर्तनेषु परंपरया दुर्लभेषु। कथंभूतेषु। लब्धेष्वपि तपोभावनाधर्मेषु [१]शुद्धात्मभावनाधर्मेषु शुद्धात्मभावनालक्षणस्य वीतरागनिर्विकल्प–समाधिदुर्लभत्वात्। तदपि कथम्। वीतरागनिर्विकल्पसमाधिबोधिप्रतिपक्षभूतानां मिथ्यात्वविषयकषायादिविभावपरिणामानां प्रबलत्वादिति। सम्यग्दर्शनज्ञानचारित्राणाम–प्राप्तप्रापणं बोधिस्तेषामेव निर्विघ्नेन भवान्तरप्रापणं समाधिरिति बोधिसमाधिलक्षणं यथासंभवं सर्वत्र ज्ञातव्यम्। तथा चोक्तम् – 'इत्यतिंदुर्लभरूपां बोधिं लब्ध्वा यदि प्रमादी स्यात्। संसृतिभीमारण्ये भ्रमति वराको नरः सुचिरम्।।' परं किंतु बोधिसमाध्यभावे पूर्वोक्तसंसारे भ्रमतापि मया शुद्धात्मसमाधिसमुत्पन्नवीतरागपरमानन्दसुखामृतं किमपि न प्राप्तं किंतु तद्विपरीतमाकु–लत्वोत्पादकं विविधशारीरमानसरूपं चतुर्गतिभ्रमणसंभवं दुःखमेव प्राप्तमिति। अत्र यस्य वीतरागपरमानन्दसुखस्यालाभे भ्रमितो जीवस्तदेवोपादेयमिति भावार्थः।।९।।

---

वह विनती इस तरह है –

**गाथा – ९**

अन्वयार्थ :– [ हे स्वामिन् ] हे स्वामी, [ संसारे वसतां ] इस संसारमें रहते हुए हमारा [ अनंतः कालः गतः ] अनंतकाल बीत गया, [ परं ] लेकिन [ मया ] मैने [ किमपि सुखं ] कुछ भी सुख [ न प्राप्तं ] नहीं पाया, उल्टा [ महत् दुखं एव प्राप्तं ] महान् दुःख ही पाया है।

भावार्थ :– निज शुद्धात्माकी भावनासे उत्पन्न हुआ जो वीतराग परम आनंद समरसीभाव है, उस रूप जो आनंदामृत उससे विपरीत नरकादिदुःखरूप क्षार (खारो) जलसे पूर्ण (भरा हुआ),

---

१. शुद्धात्मभावनाधर्मेषु शुद्धात्मभावनालक्षणस्य वीत=शुद्धात्मभावनालक्षणवीत

अजर अमर पदसे उलटा जन्म जरा (बुढ़ापा) मरणरूपी जलचरोंके समूहसे भरा हुआ, अनाकुलता स्वरूप निश्चय सुखसे विपरीत, अनेक प्रकार आधि व्याधि दुःखरूपी बड़वानलकी शिखाकर प्रज्वलित, वीतराग निर्विकल्पसमाधिकर रहित, महान संकल्प विकल्पोंके जालरूपी कल्लोलोंकी मालाओंकर विराजमान, ऐसे संसाररूपी समुद्रमें रहते हुए मुझे हे स्वामी, अनंतकाल बीत गया।इस संसारमें एकेन्द्रीसे दोइन्द्री, तेइन्द्री, चौइन्द्री स्वरूप विकलत्रय पर्याय पाना दुर्लभ (कठिन) है, विकलत्रयसे पंचेन्द्री, सैनी, छह पर्याप्तियोंकी संपूर्णता होना दुर्लभ है, उसमें भी मनुष्य होना अत्यंत दुर्लभ, उसमें आर्यक्षेत्र दुर्लभ, उसमेंसे उत्तम कुल ब्राह्मण, क्षत्रिय, वैश्य वर्ण पाना कठिन है, उसमें भी सुन्दर रूप, समस्त पाँचों इन्द्रियोंकी प्रवीणता, दीर्ध आयु, बल, शरीर नीरोग, जैनधर्म इनका उत्तरोत्तर मिलना कठिन है। कभी इतनी वस्तुओंकी भी प्राप्ति हो जावे, तो श्रेष्ठ बुद्धि श्रेष्ठ धर्म–श्रवण, धर्मका ग्रहण, धारण, श्रद्धान, संयम, विषय–सुखोंसे निवृत्ति, क्रोधादि कषायोंका अभाव होना अत्यंत दुर्लभ है और इन सबोंसे उत्कृष्ट शुद्धात्मभावनारूप वीतरागनिर्विकल्प समाधिका होना बहुत मुश्किल है, क्योंकि उस समाधिके शत्रु जो मिथ्यात्व, विषय, कषाय, आदिका विभाव परिणाम हैं, उनकी प्रबलता है। इसीलिये सम्यग्दर्शन–ज्ञान–चारित्रकी प्राप्ति नहीं होती और इनका पाना ही बोधी है, उस बोधिका जो निर्विषयपनेसे धारण वही समाधि है। इस तरह बोधि समाधिका लक्षण सब जगह जानना चाहिये। इस बोधि समाधिका मुझमें अभाव है, इसीलिये संसार–समुद्रमें भटकते हुए मैंने वीतराग परमानंद सुख नहीं पाया, किन्तु उस सुखसे विपरीत (उल्टा) आकुलताके उत्पन्न करनेवाला नाना प्रकारका शरीरका तथा मनका दुःख ही चारों गतियोंमें भ्रमण करते हुए पाया। इस संसारसागरमें भ्रमण करते मनुष्य–देह आदिका पाना बहुत दुर्लभ है, परंतु उसको पाकर कभी (आलसी) नहीं होना चाहिये। जो प्रमादी हो जाते हैं, वे संसाररूपी वनमें अनतंकाल भटकते हैं। ऐसा ही दुसरे ग्रंथोंमे भी कहा है – 'इत्यतिदुर्लभरूपां' इत्यादि। इसका अभिप्राय ऐसा है, कि यह महान दुर्लभ जो जैनशास्त्रका ज्ञान है, उसको पाके जो जीव प्रमादी हो जाता है, वह रंक पुरुष बहुत कालतक संसाररूपी भयानक वनमें भटकता है। सारांश यह हुआ, कि वीतराग परमानंद सुखके न मिलनेसे यह जीव संसाररूपी वनमें भटक रहा है, इसलिये वीतराग परमानंद सुख ही आदर करने योग्य है।।९।।

---

તે વિનંતી આ પ્રમાણે છે :

ભાવાર્થ : સ્વશુદ્ધાત્મ ભાવનાથી ઉત્પન્ન વીતરાગ પરમાનંદમય સમરસીભાવરૂપ સુખામૃતથી વિપરીત નારકાદિના દુઃખરૂપ ક્ષારજળથી (ખારા જળથી) પૂર્ણ (ભરપૂર) અજર, અમર પદથી વિપરીત જન્મ, જરા, મરણરૂપ મગરાદિ જળચરસમૂહથી સંકીર્ણ અનાકુલત્વ જેનું લક્ષણ છે એવા પારમાર્થિક સુખથી વિપરીત અનેક પ્રકારના માનસાદિ દુઃખરૂપ વડવાનળશિખાથી અંદરમાં પ્રજ્વલિત, વીતરાગ નિર્વિકલ્પ સમાધિથી વિપરીત

સંકલ્પવિકલ્પજાળરૂપ કલ્લોલોના પંક્તિસમૂહથી વિરાજિત એવા સંસારસાગરમાં વસતાં રહેતાં હે સ્વામી ! અનંતકાળ ગયો, કારણ કે એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય, સંજ્ઞી, પર્યાપ્ત, મનુષ્યત્વ, આર્યક્ષેત્ર, ઉત્તમકુળ, સુંદરરૂપ, ઈન્દ્રિયપટુતા, નિર્વ્યાધિ આયુષ્ય, ઉત્તમબુદ્ધિ, સદ્ધર્મનું શ્રવણ, ગ્રહણ, ધારણ, શ્રદ્ધાન, સંયમ, વિષયસુખથી વ્યાવર્તન, ક્રોધાદિ કષાયથી નિવર્તન આ સર્વ ઉત્તરોત્તર એકબીજાથી દુર્લભ છે.[૧]...

આ બધાથી શુદ્ધાત્મભાવનાસ્વરૂપ વીતરાગ નિર્વિકલ્પ સમાધિની પ્રાપ્તિ અત્યંત દુર્લભ છે; વીતરાગ નિર્વિકલ્પ સમાધિરૂપ બોધિથી પ્રતિપક્ષભૂત મિથ્યાત્વ, વિષય, કષાય આદિ વિભાવપરિણામોની પ્રબળતા છે તેથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ થતી નથી. તેમનું પામવું તે બોધિ છે અને તેમનું જ નિર્વિઘ્નપણે ભવાન્તરમાં ધારી રાખવું તે સમાધિ છે. આ પ્રમાણે બોધિ અને સમાધિનું લક્ષણ યથાસંભવ સર્વત્ર જાણવું.

કહ્યું છે કે :

'इत्यातिदुर्लभरूपां बोधिं लब्ध्वा यदि प्रमादी स्यात्।
संसृतिभीमारण्ये भ्रमति वराको नरः सुचिरम्।।'

અર્થ : અતિદુર્લભ બોધિ પામીને જો જીવ પ્રમાદી થાય તો તે વરાક (બિચારો, રંક) પુરુષ સંસારરૂપી ભયંકર અરણ્યમાં ઘણા કાળ સુધી ભ્રમણ કરે છે.

પણ બોધિસમાધિના અભાવે પૂર્વોક્ત સંસારમાં ભ્રમણ કરતા મેં શુદ્ધ આત્મસમાધિથી ઉત્પન્ન વીતરાગ પરમાનંદરૂપ સુખામૃત જરાય પણ પ્રાપ્ત ન કર્યું, પણ તેનાથી વિપરીત આકુળતાના ઉત્પાદક વિવિધ શારીરિક અને માનસિક ચાર ગતિના ભ્રમણમાં થતાં દુઃખો જ પ્રાપ્ત કર્યાં.

અત્રે જે વીતરાગ પરમાનંદરૂપ સુખની પ્રાપ્તિ ન થતાં, આ જીવ અનાદિકાળથી ભટક્યો તે જ સુખ ઉપાદેય છે એવો ભાવાર્થ છે. ૯.

## ગાથા-૯ ઉપર પ્રવચન

આહાહા..! ટીકા લ્યોને સીધી. પાનુ ફાટી ગયું છે થોડું આમાંથી. 'હે **સ્વામી,...**' 'યોગીન્દ્રદેવ' આચાર્ય દિગંબર સંત. 'પ્રભાકર ભટ્ટ' દિગંબર મુનિ છે, એ વસ્તુ સમજવા માટે વિનંતી કરે છે. 'હે **સ્વામી, ઈસ સંસારમેં રહતે હુએ હમારા અનંતકાલ બીત ગયા,...**' ઓહોહો..! ચોર્યાસીના અવતાર કરતા કરતા પ્રભુ અનંતકાળ ગયો. ચોર્યાસી લાખ યોનિમાં, ભવસિન્ધુમાં એક એક યોનિમાં અનંત અવતાર કર્યા. આહાહા..! '**હમારા અનંતકાલ બીત ગયા, લેકિન મૈને કુછ ભી સુખ નહીં પાયા,...**' આહાહા..! જુઓ! સ્વર્ગમાં પણ હું અનંત

૧. જે સંસ્કૃત ટીકાનો અર્થ સમજાણો નથી તેનો અર્થ લખ્યો નથી.

વાર ગયો પણ ત્યાં સુખ ન મળ્યું. આત્માનું સુખ ક્યાંય ન મળ્યું. આહાહા..! સમજાણું કાંઈ?

'છ ઢાળા'માં કહ્યું ને? 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' મુનિવ્રત ધારણ કર્યા, અઠ્યાવીશ મૂળગુણ પંચમહાવ્રત, સમિતિ, ગુપ્તિ (પાળ્યા) પણ એ કાંઈ આત્માનું જ્ઞાન નથી, સુખ નથી. એ વિકલ્પમાં તો દુઃખ છે. આહાહા..! એમાં દુઃખ છે ને? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો. પણ 'આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયા.' તો પંચ મહાવ્રતના પરિણામમાં દુઃખ છે, એ તો આસ્રવ છે. આહાહા..! સમજાણું કાંઈ? 'આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયા.' તો શિષ્યનો એ પ્રશ્ન છે કે, પ્રભુ! હું નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો પણ ક્યાંય આત્માનુ સુખ ન મળ્યું. આત્માના આનંદનો ક્યાંય સ્વાદ ન આવ્યો.

મુમુક્ષુ :- બધા ભવોને યાદ કરે તો બધા ભવોનું યાદ હશે?

ઉત્તર :- યાદ છે નહિ આ? અનંતકાળ રખડ્યો છે એ ખબર નથી? અનંતકાળ રખડ્યો. ખબર નથી માટે નહોતું એમ છે? ખબર છે. આહાહા..! હું આત્મા અનાદિકાળથી સંસારમાં રખડું છું. જો મારી મુક્તિ થઈ હોય તો સંસાર આવ્યો ક્યાંથી? અનાદિકાળમાં નરકના, નિગોદના, કીડી, કાગડા, કંથવા આદિના ભવ અનંત કર્યા, પ્રભુ! એવા ભવ કરતા કરતા અનંતકાળ વીતી ગયો. હવે ભવનો ભય લાગે છે. હવે ભવ ન હો. તો પ્રભુ! એવો ઉપદેશ આપો કે અમને મોક્ષ મળે. આત્માનું સુખ મળે એવો ઉપદેશ આપો એમ કહે છે. સમજાણું કાંઈ?

સ્વર્ગમાં નવમી ગ્રૈવેયકે અનંતવાર ગયો. સ્વર્ગની ઉપર ગ્રૈવેયક છે ને? ૩૧ સાગરની સ્થિતિ. ત્યાં અનંતવાર જીવ ગયો, દિગંબર સાધુ થઈને. પણ મિથ્યાદૃષ્ટિ. આત્મજ્ઞાન નહિ, ફક્ત મહાવ્રતની ક્રિયા કરીને શુભ પરિણામથી ત્યાં ગયો. પણ ત્યાં આત્માનું સુખ મળ્યું નહિ. આહાહા..! સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે, પ્રભુ! એ વાત જગતને સાંભળવા મળતી નથી એટલે બિચારા એમ ને એમ રખડે છે. આહાહા..!

**'કુછ ભી સુખ નહીં પાયા, ઉલ્ટા મહાન દુઃખ હી પાયા હૈ.'** આહાહા..! નવમી ગ્રૈવેયક ગયો તો દુઃખ મળ્યું. નવમી ગ્રૈવેયકનું સાધન કર્યું એ દુઃખ હતું. આહાહા..! પંચમહાવ્રત, પાંચ સમિતિ, અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા એ રાગ હતો, દુઃખ હતું. એ પાળીને નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો. 'મુનિ વ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' એ 'છ ઢાળા'માં આવે છે. ક્યાં પણ એને ખબર છે? પણ 'આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' પ્રભુ! મને ક્યાંય સુખ ન મળ્યું. મેં મુનિવ્રત લીધા અને એના ફળ તરીકે સ્વર્ગમાં ગયો પણ ક્યાંય મને આત્માનું સુખ ન મળ્યું. આહાહા..!

મુમુક્ષુ :- આત્મધ્યાન ઘણું કઠિન વસ્તુ છે.

ઉત્તર :- છે તો એની નજીક, પણ અભ્યાસ નથી એટલે કઠણ લાગે છે. આહાહા..! સહજાનંદ પ્રભુ, નિજ આનંદનો નાથ પ્રભુ આનંદસ્વરૂપ જ છે. આહાહા..! એ આનંદનો સ્વાદ ન લીધો. એનું નામ સમ્યગ્દર્શન ન થયું. સમ્યગ્દર્શનમાં આત્માના આનંદનો સ્વાદ આવે છે. એ કહે છે, પ્રભુ! હું કદી સુખ ન પામ્યો. સમ્યગ્દર્શન કદી ન પામ્યો, એમ કહે છે.

આહાહા..! અનંતવાર મુનિની ક્રિયાકાંડ કરી, દિગંબર મુનિ થઈને. સમજાણું કાંઈ? નવમી ગ્રૈવેયક જાય છે ને? એ દિગંબર મુનિ જ જઈ શકે. પંચમહાવ્રત, અઠ્યાવીશ મુળગુણ પાળીને શુક્લલેશ્યાથી, શુક્લલેશ્યા, હોં! શુક્લધ્યાન નહિ. શુક્લધ્યાન બીજી ચીજ, શુક્લલેશ્યા બીજી ચીજ. શુક્લલેશ્યા તો અભવિને પણ થાય છે. છ લેશ્યા છે ને? કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ, શુક્લ. એ શુક્લલેશ્યા અભવિને પણ થાય છે. એનાથી નવમી ગ્રૈવેયકે ચાલ્યો જાય. એ કાંઈ ધર્મ નથી. આહાહા..! પંચમહાવ્રત, પાંચ સમિતિ, ગુપ્તિ આદિનો ભાવ એ શુભભાવ છે, એ આસ્રવ છે, એ દુઃખ છે અને એના ફળમાં પણ દુઃખ છે. આહાહા..!

પ્રભુ! '**મૈને કુછ ભી સુખ નહીં પાયા, ઉલ્ટા મહાન દુઃખ હી પાયા હૈ.**' આહાહા..! 'પ્રભાકર ભટ્ટ' 'યોગીન્દ્ર' નગ્ન દિગંબર મુનિને વિનંતી કરે છે, પ્રભુ! અમને એવું બતાવો કે મને આત્માનું સુખ મળે. આહાહા..! સમજાણું કાંઈ? એ શબ્દાર્થ કર્યો.

**ભાવાર્થ :–** '**નિજ શુદ્ધાત્માકી ભાવનાસે ઉત્પન્ન હુઆ...**' જુઓ! '**જો વીતરાગ પરમ આનંદ સમરસીભાવ હૈ,...**' આહાહા..! ભગવાનઆત્મા નિજ શુદ્ધાત્મા. પર શુદ્ધાત્મા વીતરાગ પણ નહિ. નિજ શુદ્ધ પવિત્ર આત્મા ભગવાન પૂર્ણ આનંદ, એની ભાવનાથી. એ પર્યાય છે. નિજ શુદ્ધાત્મા એ ત્રિકાળ છે. એની ભાવના એ વર્તમાન એકાગ્રતા છે. આહાહા..! એનાથી ઉત્પન્ન થયેલ '**જો વીતરાગ પરમ આનંદ સમરસીભાવ હૈ,...**' આહાહા..! શું કહે છે? મેં અનંતકાળ જે દુઃખ ભોગવ્યા એ શું છે? તો કહે છે કે પોતાના નિજ શુદ્ધત્માનો જે આનંદ અનુભવ '**ઉત્પન્ન હુઆ જો વીતરાગ પરમ આનંદ સમરસીભાવ હૈ, ઉસ રૂપ જો આનંદામૃત ઉસસે વિપરીત...**' એ આનંદના અમૃતસ્વરૂપ ભગવાનઆત્મામાં. આહાહા..! '**ઉસસે વિપરીત નરકાદિદુઃખરૂપ ક્ષાર (ખારો) જલસે પૂર્ણ (ભરા હુવા),...**' આહાહા..! નિજ શુદ્ધાત્માથી ઉત્પન્ન થયેલું પરમાનંદ અમૃત, એનાથી વિપરીત આ ચાર ગતિનું દુઃખ છે.

અબજોપતિ છે, આ શેઠિયાઓ કહેવાય છે એ પણ બિચારા દુઃખી છે. દેવ પણ દુઃખી, રાજા દુઃખી, રંક દુઃખી, નારકી દુઃખી, સ્વર્ગ દુઃખી. જેને અંતર સમ્યગ્દર્શન અને આત્માનો આનંદ નથી એ બધા દુઃખી છે. દુનિયા મૂઢ એને કહે કે આ સુખી છે. પાંચ-પચાસ લાખ મળ્યા હોય અને ધૂળ મળી હોય ત્યાં સુખી (માને). ધૂળેય સુખ નથી, સાંભળને! દુનિયા તો ગાંડી-પાગલ છે. પૈસામાં સુખ નથી, સ્ત્રીમાં સુખ નથી, પુત્રમાં સુખ નથી, આબરૂમાં સુખ નથી, મકાનમાં સુખ નથી, અરે..! પુણ્ય અને પાપના ભાવમાં પણ સુખ નથી. અને પુણ્ય-પાપના ફળરૂપ ગતિમાં સુખ નથી. આહાહા..! કદી સાંભળવા મળ્યું નથી.

શુદ્ધાત્મા, નિજ શુદ્ધાત્મા, એની એકાગ્રતાથી '**ઉત્પન્ન હુઆ જો વીતરાગ પરમ આનંદ સમરસીભાવ હૈ,...**' અજ્ઞાનીએ જે સુખ માન્યું એ તો રાગમાં સુખ માન્યું છે. આ તો વીતરાગી પરમાનંદ સમરસી વીતરાગી ભાવ. આહાહા..! 'છ ઢાળા'માં નથી આવ્યું? 'રાગ આગ દાહ દહે સદા તાતે સમામૃત સેઈયે.' આવે છે? રાગ ચાહે તો દયા, દાન, પંચ મહાવ્રતનો રાગ એ દાહ અગ્નિ છે. આહાહા..! એ 'રાગ આગ દાહ દહે સદા, તાતે સમામૃત

સેઈયે.' આ કહ્યું ઈ. સમરસીભાવ છે ને એમાંથી આવ્યું. એ રાગથી ભિન્ન ભગવાનઆત્મા, એની સમતા વીતરાગભાવનું સેવન કર. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વાત, બાપુ! લોકોએ તો બહારની ક્રિયાકાંડ, એમાં ધર્મ માનીને જીંદગી ગુમાવે છે. આહાહા..! અંતરમાં પરમ આનંદનો સમરસીભાવ જે આનંદામૃત-આનંદ અમૃત, આનંદનો અમૃતસ્વરૂપ અનુભવ. એનાથી ઊલટું, વિપરીત નરકાદિ. નરકાદિમાં ચારેય ગતિ આવી. સ્વર્ગમાં પણ દુઃખી. છે ને? નરકાદિ છે ને? એ પાઠમાં છે. '**नारकादिदुःखरूपेण क्षारनीरेण पूर्णे** ' સંસ્કૃતમાં છે. આહાહા..! સ્વર્ગમાં પણ દુઃખ. કેવું?

'**દુઃખરૂપ ક્ષાર (ખારો) જલસે પૂર્ણ (ભરા હુઆ), અજર અમર પદસે ઉલટા...**' આહાહા..! અજર-અમર એવો જે ભગવાનઆત્મા, એનાથી ઊલટું. '**જન્મ જરા (બુઢાપા) મરણરૂપી જલચરોંકે સમૂહસે ભરા હુઆ,...**' સંસારસમુદ્ર. આહાહા..! જન્મ, જરા-ઘડપણ, મરણ એવા જળચર સમૂહથી ભરેલો સંસાર. આહાહા..! '**અનાકુલતા સ્વરૂપ નિશ્ચય સુખસે વિપરીત, અનેક પ્રકાર આધિ વ્યાધિ દુઃખરૂપી બડવાનલકી શિખાકર પ્રજ્વલિત,...**' આહાહા..! ભગવાન આનંદસ્વરૂપથી ઊલટું. અનેક પ્રકાર આધિ-સંકલ્પ-વિકલ્પ, વ્યાધિ - શરીરની, '**દુઃખરૂપી બડવાનલકી...**' આહાહા..! વડવાગ્નિ થાય છે ને પાણીમાં? '**શિખાકર પ્રજ્વલિત, વીતરાગ નિર્વિકલ્પસમાધિકર રહિત,...**' આહાહા..! પુણ્યનો ભાવ પણ વડવાગ્નિની શિખાકર અગ્નિથી બળે એવો ભાવ છે, કહે છે. આહાહા..!

'**વીતરાગ નિર્વિકલ્પસમાધિકર રહિત,...**' રાગરહિત ભગવાનઆત્મા નિર્વિકલ્પ અભેદ શાંતિથી રહિત '**મહાન સંકલ્પ વિકલ્પોંકે જાલરૂપી કલ્લોલોંકી....**' આહાહા..! સંકલ્પ અને વિકલ્પ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ એવી સંકલ્પ-વિકલ્પની જાળ, એ રૂપી કલ્લોલો પાણીમાં જેમ ઊઠે... આહાહા..! '**કલ્લોલોંકી માલાઓંકર...**' એક પછી એક.. એક પછી એક... સંકલ્પ-વિકલ્પ... સંકલ્પ-વિકલ્પ... આહાહા..! '**ઐસે સંસારરૂપી સમુદ્રમેં રહતે હુએ...**' 'પ્રભાકર ભટ્ટ' કહે છે. આવા સંસારમાં રહેતા '**મુઝે હે સ્વામી, અનંતકાલ બીત ગયા.**' આહાહા..! સંસારથી ભયભીત. 'યોગીન્દ્રદેવ'માં આવે છે, 'યોગસાર'માં. ભવથી ભયભીત થઈને હવે હું ડરું છું. આહાહા..! ચાર ગતિના ભવમાં બધે દુઃખ છે. સ્વર્ગમાં રાગનું દુઃખ છે. આહાહા..! ત્યાંથી ડરીને જેને આત્મામાં આવવું છે તો 'પ્રભાકર' પૂછે છે, પ્રભુ! મારો તો અનંત કાળ આવો ગયો. આહાહા..!

આ સંસારમાં '**મુઝે હે સ્વામી, અનંતકાલ બીત ગયા. ઈસ સંસારમેં એકેન્દ્રિય...**' પહેલા થયો પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, એકેન્દ્રિય જીવ. ત્યાં દુઃખી થઈને રહ્યો. '**દો ઈન્દ્રિય,...**' ઈયળ, કીડા. '**તેઈન્દ્રી, ચૌઈન્દ્રી સ્વરૂપ વિકલત્રય પર્યાય પાના દુર્લભ (કઠિન) હૈ,...**' એકેન્દ્રિયથી બે ઈન્દ્રિય, બે ઈન્દ્રિયથી ત્રણ ઈન્દ્રિય, ચોઈન્દ્રિય પર્યાય પ્રાપ્ત થવી દુર્લભ છે. '**વિકલત્રયસે પંચેન્દ્રિય પાના કઠિન હૈ.**' બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચાર ઈન્દ્રિયથી નીકળીને પંચેન્દ્રિય પ્રાપ્ત થવી, એનાથી પણ '**સૈની...**' પ્રાપ્ત થવી દુર્લભ છે. અસંજ્ઞી પંચેન્દ્રિય. '**છહ પર્યાપ્તિયોંકી સંપૂર્ણતા હોના દુર્લભ હૈ,...**' આહાહા..! આહાર,

શરીર, ભાષા પર્યાપ્તિ પૂર્ણ મળવી દુર્લભ છે. વિકલેન્દ્રિયથી પંચેન્દ્રિય આદિ...

**'ઉસમેં ભી મનુષ્ય હોના અત્યંત દુર્લભ,...'** છે. આહાહા..! મનુષ્યપણું પામવું તો અનંતકાળે દુર્લભ છે. આહા..! **'ઉસમેં આર્યક્ષેત્ર દુર્લભ,...'** છે. મનુષ્ય ક્ષેત્રમાં પણ આર્યક્ષેત્ર મળવું દુર્લભ છે. અનાર્યક્ષેત્ર મળે તો જુઓને! આવ્યા હતા ને સમાચાર? 'બલુભાઈ'નું. 'બલુભાઈ' ડોક્ટર છે. ઈ પરદેશમાં ગયા હતા. અજાણ્યું કોઈક નામ છે. હોટલમાં એક રાતના એક હજાર રૂપિયા દેવા પડ્યા. અનાર્ય ક્ષેત્ર છે. નામ આપ્યું હતું, નહિ? શું નામ કાંઈક હતું? અનાર્ય ક્ષેત્રમાં ગયા હતા એ. આપણે છે એક 'બલુભાઈ'. 'મુંબઈ'માં મોટું દવાખાનું સીત્તેર લાખમાં વેંચી નાખ્યું ને. દવા બનાવતા હતા. સીત્તેર લાખ. અહીં આપણે સાથે રહેતા હતા.

અહીં કહે છે. એ ત્યાંથી કાગળ આવ્યો હતો. એવું અનાર્ય ક્ષેત્ર છે મહારાજ! કે કાચા મીંદડા ખાય. આહાહા..! આવા અનાર્ય. અને સો રૂપિયાની કિંમતની ચીજ બસ્સો. સોનો નફો. એટલો ત્યાં ધંધો ચાલે છે. પણ અનાર્ય-અનાર્ય દેશ. એવો અનાર્ય દેશ. એક રાત રહેવામાં સાધારણ રીતે હોટલમાં પાંચસો-સાતસો રૂપિયા તો જોઈએ જ. એક હજાર દેવા પડ્યા, એમ લખ્યું છે. એક રાત્રિમાં એક હજાર. અનાર્ય ક્ષેત્ર. એક રોટલી... કાંઈક લખ્યું હતું નહિ? એક રોટલી બનાવવામાં કેટલા રૂપિયા? પચ્ચીસ. ઘઉંની એક રોટલી-ભાખરી જોઈએ ને એના બનાવવાના કેટલા રૂપિયા કીધા છે. એવો દેશ છે એ. ત્યાં જઈ ચડ્યા હતા. આહાહા..!

અહીં કહે છે કે દુર્લભમાં-દુર્લભમાં મનુષ્યપણું દુર્લભ, એનાથી આર્યક્ષેત્ર દુર્લભ, એમાં પણ ઉત્તમ કુળ દુર્લભ. આર્યક્ષેત્રમાં પણ ઉત્તમ કુળ ન મળે તો ઢેઢ, હરિજન, ચંડાળ આદિ થાય. આહાહા..! **'ઉસમેંસે ઉત્તમ કુલ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય વર્ણ પાના કઠિન હૈ, ઉસમેં ભી સુન્દરરૂપ,...'** સુંદર એટલે શરીરની આકૃતિ અનુકૂળ એટલું. **'સમસ્ત પાંચો ઈન્દ્રિયોંકી પ્રવીણતા,...'** પાંચેય ઈન્દ્રિય સારી હોય. **'દીર્ઘ આયુ,...'** પાછું. એમાં પણ દીર્ઘાયુ મળવું દુર્લભ. એમાં શરીરનું **'બલ, શરીર નીરોગ,...'** આ એક પછી એક ચીજ દુર્લભ છે, કહે છે.

**'જૈનધર્મ ઈનકા ઉત્તરોત્તર મિલના કઠિન હૈ.'** જૈનધર્મ મળવો... આહાહા..! **'જૈનધર્મ ઈનકા ઉત્તરોત્તર મિલના કઠિન હૈ. કભી ઈતની વસ્તુઓંકી ભી પ્રાપ્તિ હો જાવે, તો શ્રેષ્ઠ બુદ્ધિ,...'** સાચી બુદ્ધિ **'શ્રેષ્ઠ ધર્મ-શ્રવણ,...'** સાચા ધર્મનું શ્રવણ મળવું મહા દુર્લભ. આહાહા..! જ્યાં ત્યાં આનાથી ધર્મ થશે.. આનાથી ધર્મ થાશે.. તમે પુણ્યની ક્રિયા કરો, યાત્રા કરો, ભક્તિ કરો એનાથી ધર્મ થાશે. એ બધો અધર્મનો ઉપદેશ છે. આહાહા..! એ શ્રેષ્ઠ ધર્મનું શ્રવણ મળવું મુશ્કેલ છે, કહે છે. સાચો ધર્મ શું છે એનું સાંભળવું મુશ્કેલ છે.

**'ધર્મકા ગ્રહણ,...'** અને પછી ગ્રહણ કરવું મુશ્કેલ છે. આહાહા..! શુદ્ધ ચૈતન્યવસ્તુના શ્રદ્ધા-જ્ઞાન ને ધર્મ કહે છે. એવું ગ્રહણ **'ધારણ,...'** પાછું ધારી રાખવું દુર્લભ છે. અને આથી **'શ્રદ્ધાન,...'** દુર્લભ છે. ઓહો..! સાંભળ્યું, ગ્રહ્યું, ધારણામાં આવ્યું. પણ વસ્તુ જે શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન, એમાં એનું સમ્યગ્દર્શન એ મહાદુર્લભ છે. સમજાણું કાંઈ? આ

'પ્રભાકર ભટ્ટ' ગુરુને વિનંતી કરે છે, પ્રભુ! આવા ભવ ગયા. આ ધર્મ શ્રવણ દુર્લભ થઈ પડ્યું. અને એમાં '**શ્રદ્ધાન,...**' સમ્યગ્દર્શન. સમ્યગ્દર્શન શું ચીજ છે એની લોકોને ખબર નથી. આ લોકો દેવ-ગુરુ-ધર્મને માનવું એ દર્શન (એમ માને). હવે એ શ્રદ્ધા તો મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? રાગ છે અને રાગને ધર્મ માનવો એ તો મિથ્યાત્વ છે. આહાહા..!

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન કોને કહે છે?

ઉત્તર :- સમ્યગ્દર્શન એટલે આત્માના આનંદની અનુભૂતિનું ભાન થવું. આત્માના અનુભવની અનુભૂતિમાં શ્રદ્ધા થવી એનું નામ સમ્યગ્દર્શન છે.

મુમુક્ષુ :- .. જૈનકુળમાં જન્મ થયો...

ઉત્તર :- જૈનના કુળમાં જન્મ થયો તો શું? જૈનકુળનું ભાન નથી એ કુળ જ નથી. એ કહેતા હતા. 'જયપુર'માં છે ને 'ઈન્દ્રલાલજી' એ કહેતા હતા. દિગંબર કુળમાં જન્મ્યા એ સમકિતી તો છે જ. ભેદજ્ઞાન તો છે જ. ધૂળમાંય નથી. આહાહા..! ભાઈ! જૈનકુળ પણ અનંતવાર મળ્યું. લખ્યું નહિ? એમાંથી શ્રવણ મળવું મુશ્કેલ, સારી બુદ્ધિ-ક્ષયોપશમ થવો મુશ્કેલ, એમાં ધર્મનું શ્રવણ મળવું મુશ્કેલ, ગ્રહણ કરવું અને ધારણ કરવું મુશ્કેલ, એમાંથી શ્રદ્ધાન મહા મુશ્કેલ. આહાહા..!

પૂર્ણાનંદ પ્રભુ, એનું જ્ઞાન કરીને, જાણીને એમાં પ્રતીતિ-નિર્વિકલ્પ શ્રદ્ધા (થવી), પૂર્ણાનંદના ધ્રુવના નાથને જાણતા જે પર્યાય પ્રગટી એ જ્ઞાનમાં જ્ઞેય આખો જણાયો. એની પ્રતીતિ (થવી) બહુ દુર્લભ. સમજાણું કાંઈ? અને પછી સંયમ દુર્લભ. ઓહો..! સમ્યગ્દર્શન થયા બાદ સ્વરૂપમાં રમણતા કરવી એ તો મહાદુર્લભ છે. એ સંયમ છે. સમ-યંમ સમ્યગ્દર્શનપૂર્વક આત્માની સ્વરૂપમાં રમણતા. આહાહા..! એ સમાધિના હિલોળા જાગે અંદર. દરિયામાં જેમ પાણીની ભરતી આવે ને? સમુદ્રમાં ભરતી આવે છે. એમ મુનિને સંયમમાં આનંદની ભરતી આવે છે. એને સંયમ કહીએ. આહાહા..! અતીન્દ્રિય આનંદની ભરતી પર્યાયમાં આવે એવો સંયમ આ છે. આહાહા..!

'પ્રભાકર ભટ્ટ' કહે છે, પ્રભુ! આ વસ્તુ દુર્લભ બહુ. અને '**વિષય-સુખોંસે નિવૃત્તિ,...**' પરમાં સુખબુદ્ધિનું ખસી જવું અને પછી આસક્તિનું ટળવું. શ્રદ્ધામાં તો આવ્યું. પરમાં સુખબુદ્ધિ ખસી ગઈ સમ્યગ્દર્શનમાં. પરમાં સુખ છે નહિ. વિષયમાં નહિ, સ્વર્ગમાં નહિ, સ્ત્રીમાં નહિ, પૈસામાં નહિ. પરમાં સુખબુદ્ધિનો અભાવ, એ તો સમ્યગ્દર્શનમાં થઈ ગયું. પછી આસક્તિનો અભાવ થવો એ વાત કરે છે. આહાહા..! '**ક્રોધાદિ, કષાયોંકા અભાવ હોના...**' પછી ક્રોધાદિ કષાયનો અભાવ થવો '**અત્યંત દુર્લભ હૈ...**' પરંપરા શબ્દ મુક્યો છે. છે? પરંપરા એવો શબ્દ છે. છે, છે. '**परंपरया दुर्लभेषु**' સંસ્કૃતમાં છે. એ અહીં મેં સુધાર્યું છે. પરંપરા વાતો બધી દુર્લભ છે. એક પછી એક આદિ. આહાહા..!

'**ઔર ઈન સબોંસે ઉત્કૃષ્ટ શુદ્ધાત્મભાવનારૂપ વીતરાગનિર્વિકલ્પ સમાધિકા હોના બહુત મુશ્કિલ હૈ,...**' નિર્વિકલ્પ વીતરાગી સમાધિ અંદર પ્રગટ થવી એ બહુ દુર્લભ છે. એની વિશેષ વાત કરશે. (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, જ્યેષ્ઠ વદ ૪, મંગળવાર
## તા. ૧૫-૦૬-૧૯૭૬, ગાથા-૯ થી ૧૧, પ્રવચન નં. ૯

નવમી ગાથા ચાલે છે. 'પરમાત્મપ્રકાશ'. 'પ્રભાકરભટ્ટ' 'યોગીન્દ્રદેવ'ને વિનંતી કરે છે, પ્રભુ! આ એક પછી એક આત્માને મનુષ્યપણું મળવું, આર્યકુળ મળવું વગેરે.. અહીં સુધી આવ્યું છે.

'**ક્રોધાદિ કષાયોંકા અભાવ હોના પરંપરા અત્યંત દુર્લભ હૈ...**' પરંપરા એ શબ્દ અંદર પડ્યો રહ્યો છે. '**કષાયોંકા અભાવ હોના પરંપરા અત્યંત દુર્લભ હૈ...**' ત્યાં જોઈએ. પરંપરા શબ્દ પડ્યો રહ્યો છે. એક પછી એક. ત્યાં સુધી આવ્યું હતું ને કે શ્રેષ્ઠ બુદ્ધિ, શ્રવણ મળવું દુર્લભ છે, સત્ય ધર્મનું શ્રવણ મળવું દુર્લભ, એનું ગ્રહણ થવું દુર્લભ. સાંભળ્યું પછી એને પકડવું કે આ શું કહે છે? એ ગ્રહણ (થવું) દુર્લભ. પછી ધારણ (થવું) દુર્લભ. જે આ કહે છે એ વાતને ધારી રાખવી એ દુર્લભ. પછી શ્રદ્ધાન દુર્લભ. એ તો અપૂર્વ વાત છે. ધારણ સુધી તો થયું છે એમ કહેશે. પણ શ્રદ્ધાન. સ્વ ચૈતન્યનો આશ્રય લઈને શ્રદ્ધાન થવું દુર્લભ છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- દુર્લભ હોય તો...

ઉત્તર :- દુર્લભનો અર્થ અશક્ય છે? દુર્લભ નામ એક પછી એક પુરુષાર્થ ઘણો માગે છે. એમ કહે છે. આહાહા..!

શ્રદ્ધાન દુર્લભ, સંયમ દુર્લભ. પછી ઈન્દ્રિય દમન કરીને સ્વરૂપમાં રહેવું દુર્લભ. '**વિષય-સુખોંસે નિવૃત્તિ,...**' દુર્લભ. '**કષાયોંકા અભાવ હોના અત્યંત દુર્લભ હૈ...**' એ પરંપરા અત્યંત દુર્લભ છે. ત્યાં સુધી આવ્યું હતું. '**સબોંસે ઉત્કૃષ્ટ...**' એ બધી વાતમાં પણ ઉત્કૃષ્ટ. '**શુદ્ધાત્મભાવનારૂપ વીતરાગનિર્વિકલ્પ સમાધિકા હોના બહુત મશ્કિલ હૈ,...**' એ શ્રદ્ધાન આદિ સાધારણ લીધું છે. પણ બધામાંથી ઉત્કૃષ્ટ શુદ્ધાત્મ ભાવના. ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ, એની ભાવના, એવી '**વીતરાગનિર્વિકલ્પ સમાધિકા હોના બહુત મુશ્કિલ હૈ...**' 'પ્રભાકર ભટ્ટ' ગુરુને કહે છે. આહાહા..!

'**ક્યોંકિ ઉસ સમાધિકે શત્રુ જો મિથ્યાત્વ,...**' નિર્વિકલ્પ સમાધિ જે મોક્ષનો માર્ગ, એનો શત્રુ મિથ્યાત્વ '**વિષય, કષાય, આધિકા વિભાવ પરિણામ હૈં, ઉનકી પ્રબલતા હૈ.** આહા..! **ઈસલિયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકી પ્રાપ્તિ નહીં હોતી....**' સમ્યગ્દર્શન-સ્વરૂપ અનુભવ કરીને પ્રતીતિ થવી અને સ્વરૂપનું જ્ઞાન અને સ્વરૂપમાં રમણતા, એની પ્રાપ્તિ નથી થતી. '**ઔર ઈનકા પાના હી બોધિ હૈ,...**' સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રાપ્ત કરવું એનું નામ બોધિ. બોધિ, સમાધિના બે અર્થ કરે છે. પોતાની શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ વસ્તુ, એની શ્રદ્ધા. જ્ઞાનમાં એ વસ્તુ લઈને અનુભવમાં પ્રતીતિ અને એનું જ્ઞાન અને સ્વરૂપમાં રમણતા, એ રૂપી

બોધિ અત્યંત દુર્લભ છે. આહા..!

'**ઉસ બોધિકા જો નિર્વિષયપનેસે ધારણ...**' છે? શું છે? નિર્વિષય નહિ, નિર્વિઘ્ન જોઈએ. નિર્વિઘ્ન કર્યું છે? સુધારો. આત્માની સન્મુખ થઈને આત્માનું દર્શન થવું, એનું જ્ઞાન થવું અને એમાં રમણતા, એ રૂપી બોધિ એ દુર્લભ છે. અને એ બોધિનું નિર્વિઘ્નપણે ધારણ મૃત્યુ સુધી (થવું). સમાધિ, એને સમાધિ કહેવાય છે. આહાહા..! મૃત્યુના છેલ્લા સમય સુધી એ બોધિને ધારણ કરવી એનું નામ સમાધિ છે. આહાહા..! મૃત્યુ કાળે આનંદની દશામાં રમણતા કરીને દેહ છૂટે એ સમાધિ. સમજાય છે કાંઈ?

'**ઈસ તરહ બોધિ સમાધિકા લક્ષણ સબ જગહ જાનના ચાહિયે.**' જોયું! બોધિનો અર્થ એ કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રાપ્તિ અને સમાધિનો અર્થ એ કે મૃત્યુ સુધી એનો નિર્વાહ કરવો. મરણ સુધી બોધિને ધારણ કરવી એ સમાધિ. સમજાય છે કાંઈ? '**ઈસ બોધિ સમાધિકા મુઝમેં અભાવ હૈ,...**' લ્યો! આટલા સુધી તો વાત કરી. 'પ્રભાકર ભટ્ટ' કહે છે. મેં જિન સૂત્ર સાંભળ્યા, જાણ્યા, ધાર્યા પણ પરલક્ષે. પણ આ બોધિનો અભાવ છે, પ્રભુ! આહાહા..! મૂળ ચીજ જે સ્વને આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર (થવા જોઈએ), પ્રભુ! એ બોધિનો અભાવ છે. શિષ્ય એમ પ્રશ્ન કરે છે. આહાહા..! છે?

'**બોધિ સમાધિકા મુજમેં અભાવ હૈ, ઈસીલિયે સંસાર-સમુદ્રમેં ભટકતે હુએ મૈંને વીતરાગ પરમાનંદ સુખ નહીં પાયા,...**' આહાહા..! કહ્યું ને એ? 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો,..' પણ વીતરાગી આનંદને પ્રાપ્ત કર્યો નહિ. વીતરાગ પરમાનંદ સુખ. આહાહા..! સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનમાં વીતરાગી પરમાનંદ સુખની પ્રાપ્તિ થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? પ્રભુ! '**સંસાર-સમુદ્રમેં ભટકતે હુએ મૈંને વીતરાગ પરમાનંદ સુખ નહીં પાયા...**' આહાહા..! અનંતવાર દ્રવ્યલિંગ મુનિપણું ધારણ કર્યું પણ વીતરાગ પરમાનંદ સુખ ન પામ્યો. એમાં આવ્યું ને એ? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.'

'**કિન્તુ ઉસ સુખસે વિપરીત...**' જુઓ! '**આકુલતાકે ઉત્પન્ન કરનેવાલા નાના પ્રકારકા શરીરકા તથા મનકા દુઃખ હી ચારોં ગતિયોંમેં ભ્રમણ કરતે હુએ પાયા.**' આહાહા..! સ્વર્ગમાં પણ મન અને શરીરનું દુઃખ છે એમ કહે છે. ત્યાં સુખ છે નહિ. આહાહા..! '**ઈસ સંસાર-સાગરમેં ભ્રમણ કરતે મનુષ્ય-દેહ આદિકા પાના બહુત દુર્લભ હૈ, પરંતુ ઉસકો પાકર કભી (આલસી) નહીં હોના ચાહિયે.**' આહાહા..! મનુષ્યદેહ આદિ એટલે જેમ શ્રવણ થવું, સાંભળવું, જાણવું ત્યાં સુધી તો મળ્યું, કહે છે. પણ '**કભી (આલસી) નહીં હોના ચાહિયે.**' એમાં રોકાવું નહિ. અંતર આનંદમાં જવું. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ, એમાં નમવું, એનાથી એને વીતરાગી પરમાનંદની પ્રાપ્તિ થાય છે. સમજાય છે કાંઈ? '**(આલસી) નહીં હોના ચાહિયે. જો પ્રમાદી હો જાતે હૈં, વે સંસારરૂપી વનમેં અનંતકાલ ભટકતે હૈં.**' આહાહા..! શાસ્ત્રનું સાચું શ્રવણ થયું-મળ્યું, ગ્રહણ થયું, ધારણ કર્યું પણ વીતરાગી પરમાનંદના સુખની પ્રાપ્તિ થઈ નહિ. આહાહા..! એટલે કે

સ્વનો આશ્રય લીધો નહિ. આહાહા..!

મુમુક્ષુ :- પ્રમાદ એટલે શું?

ઉત્તર :- એ આનંદમાં ન જાવું અને રાગમાં અટકી જવું. શાસ્ત્રને જાણ્યા, ધાર્યા, એમાં અટકી જવું એ પ્રમાદ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'જો પ્રમાદી હો જાતે હૈં, વે સંસારરૂપી વનમેં અનંતકાલ ભટકતે હૈં.'** આહાહા..! અંતરમાં સ્વાધીન સ્વભાવમાં ન આવવું, અનંત આનંદસ્વરૂપ ભગવાન એ નહિ કરતાં પ્રમાદી થાય છે તો ચાર ગતિમાં રખડે છે. બીજો આધાર આપ્યો છે. બીજા ગ્રંથમાં પણ કહ્યું છે. 'ઐસા હી દૂસરે ગ્રંથોમેં ભી કહા હૈ - **'ઇત્યતિદુર્લભરૂપાં' ઇત્યાદિ। ઇસકા અભિપ્રાય ઐસા હૈ, કિ યહ મહાન દુર્લભ તો જૈનશાસ્ત્રકા જ્ઞાન હૈ,...'** જોયું! ત્યાં સુધી તો આવ્યું છે. સાચા જૈનશાસ્ત્રનું જ્ઞાન એ પણ દુર્લભ, એ તો મળ્યું. **'ઉસકો પાકે જો જીવ પ્રમાદી હો જાતા હૈ,...'** એ. આહાહા..! આપણે હવે શાસ્ત્ર જાણીએ છીએ અને આપણને ખ્યાલ છે કે માર્ગ આવો છે. એવું જ્ઞાન કરીને જે રોકાય છે અને અંતર સ્વરૂપનો આશ્રય લેતા નથી, એ વરાંકા શબ્દ પડ્યો છે પાઠમાં. છે ને? ભાઈ! રાંકા પ્રાણી. આહાહા..! વરાંકા-નર. **'संसृतिभीमारण्ये भ्रमति वराको नरः सुचिरम्॥'** આહાહા..! વરાકા છે. વરાકો, ગરીબો. પુરુષાર્થહીન. આહાહા..! એ સંસ્કૃતમાં છે.

**'પ્રમાદી હો જાતા હૈ, વહ રંક પુરુષ...'** છે ને? અર્થ કર્યો છે ને, જુઓને! રંક એ વરાંકાનો અર્થ કર્યો છે. આહાહા..! એ રંક-રાંકા પ્રાણી છે. આહાહા..! જેને આત્મા આનંદનો નાથ અનંત લક્ષ્મી સંપન્ન પ્રભુ, એમાં એનો આશ્રય લેતા નથી અને એકલા જૈનશાસ્ત્રના જાણપણામાં અટકીને રોકાય ગયા છે એ બધા રંકપુરુષ છે, ભિખારી છે. બહારમાં માગે છે પણ અંદરમાં છે ત્યાં જાતો નથી. એમ કહે છે. આહા..! આનંદ અને વીતરાગ સ્વભાવથી તો ભરેલો ભગવાન છે. આહાહા..! ત્યાં એનો આશ્રય કરતો નથી અને એકલા જાણપણામાં અટકીને ત્યાં રોકાય જાય છે.

**'વહ રંક પુરુષ બહુત કાલતક સંસારરૂપી ભયાનક વનમેં ભટકતા હૈ.'** આહાહા..! પરમાત્મસ્વરૂપ જે પોતાનું છે એ તરફ ઢળતા નથી, વળતા નથી, આશ્રય લેતા નથી અને એકલા જાણપણામાં રોકાઈને અટકી ગયા છે. આહાહા..! જુઓ!

મુમુક્ષુ :- જ્ઞાન ...

ઉત્તર :- એ ક્યાં, ઈ જ્ઞાન જ નથી. જાણપણું શું? શાસ્ત્રનું જ્ઞાન તો અનંતવાર કર્યું છે. આત્મા આનંદનો નાથ વીતરાગી સુખથી ભરેલો, આહા..! એને શરણે જાતો નથી, એનો આશ્રય લેતો નથી, એ પ્રાણી આવા જૈનશાસ્ત્રના જાણપણાવાળા પણ ઘણો કાળ સંસારમાં ભટકશે. આહાહા..! જૈનશાસ્ત્રનું જાણવું કર્યું, એમ કહે છે. એમાં દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા પણ વિકલ્પથી થઈ, પણ પોતે ભગવાન કોણ છે (એને જાણ્યો નહિ). ભૂતાર્થ સત્યાર્થ ભગવાનનો એણે આશ્રય ન લીધો. એથી એને પરમ વીતરાગી સુખ ન મળ્યું. સમજાણું કાંઈ? આ તો મુદ્દાની રકમની વાત છે, ભાઈ! આહાહા..!

**'જો જૈનશાસ્ત્રકા જ્ઞાન હૈ, ઉસકો પાકે...'** એમ જોયું! **'જીવ પ્રમાદી હો જાતા હૈ, વહ રંક પુરુષ બહુત કાલતક સંસારરૂપી ભયાનક વનમેં ભટકતા હૈ.'** ભવના અભાવસ્વભાવરૂપ ભગવાનઆત્મા, એવો વીતરાગી આનંદના સુખથી ભરેલો પ્રભુ, એનો આશ્રય લેતો નથી. એ રાંકા પ્રાણી ચાર ગતિમાં ભટકશે. આહાહા..!

મુમુક્ષુ :- વગર પૈસાવાળા ભટકે છે.

ઉત્તર :- આ તો વગર પૈસાવાળા, આત્માની લક્ષ્મી નથી, એમ કહે છે. આત્માની લક્ષ્મી મળી નથી તો રંક છે. આહાહા..! ભિખારી છે, ભિખારી.

ભગવાનઆત્મા અનંત વીતરાગી સુખનો ભંડાર, અનંત વીતરાગી આનંદનો ભંડાર ભગવાનઆત્મા (છે). આહાહા..! એનો આદર કરતા નથી. આહાહા..! એનું પર્યાયનું ઘોલન ત્યાં દ્રવ્ય ઉપર જાતું નથી, એમ કહે છે. સમજાય છે કાંઈ? અહીં તો એ કહ્યું ઓલું જૈનશાસ્ત્રનું જ્ઞાન કર્યું બહારનું, નિશ્ચય વિનાની વ્યવહાર શ્રદ્ધા આદિ થઈ. શાસ્ત્રના જ્ઞાનમાં એ આવ્યું. દેવ-ગુરુ-શાસ્ત્રની વ્યવહાર શ્રદ્ધા (થઈ), પણ એ કાંઈ વસ્તુ નથી અને એનાથી કાંઈ નિશ્ચય પમાતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ? વીતરાગનો માર્ગ ભારે, ભાઈ! આહાહા..! જેમાં વીતરાગી આનંદ પ્રાપ્ત થાય એ વીતરાગનો માર્ગ છે. આહાહા..! વ્યવહારના દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા.. જોકે એને વ્યવહાર કહેવાય નહિ પણ બોલાય. બંધ અધિકારમાં કહ્યું છે ને? અભવિ પણ આવો વ્યવહાર કરે છે. વ્યવહાર છે ભાસપણે. આહાહા..! એ લગી પામ્યો છતાં એને છોડીને વીતરાગી આનંદનો નાથ ભગવાન, એ તરફ એનો આશ્રય કરતો નથી, એની પર્યાયમાં ભગવાનને સમીપ કરતો નથી, એની પર્યાયમાં રાગ ને જાણપણાને સમીપ રાખી અને સ્વભાવના સમીપથી દૂર વર્તે છે. આહાહા..!

ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ, એની વર્તમાન પર્યાયને એની સમીપમાં ન લઈ જતા એ પર્યાયમાં ફક્ત આ જાણપણામાં રોકાઈ ગયો. આહાહા..! જેને જાણપણું નથી, ગ્રહણ-ધારણ નથી એની તો વાત શું કરવી? એમ કહે છે. પણ શાસ્ત્ર જાણ્યા, વાંચ્યા, વાતું કરતા આવડી.. આહાહા..! પણ એ રંક પુરુષ પોતાની નિધિને સંભાળવા અંદર ગયો નહિ. આહાહા..! એ રંક છે. એને નિજલક્ષ્મીના નિધાનની પ્રતીતિની ખબર નથી. આહાહા..! આવો માર્ગ. ઓલા કહે ને વ્યવહારે પરંપરાએ થાય. અહીં ના પાડે છે, લ્યો! કોને પરંપરા કીધું છે? એ તો બીજી વાત છે. જેને નિશ્ચય આત્મદર્શન થયા છે, સમ્યગ્દર્શન-જ્ઞાન બોધિ પ્રગટી છે, એને જે વ્યવહાર છે એ પરંપરા કારણ વ્યવહારનયથી કહ્યું છે. કારણ કે વ્યવહાર છે એ તો પરલક્ષમાં છે. અને આત્મામાં તો સ્વઆશ્રયમાં જાવું છે. તો પર આશ્રયનો ભાવ સ્વઆશ્રયમાં મદદ કરે? ભવિષ્યમાં મદદ કરે અત્યારે નહિ, એમ થાય? પરંપરા મુક્તિ કીધી છે ને? અરે..! પ્રભુ! ભાઈ!

જે સ્વના આશ્રયે કામ થાય એ પરના આશ્રયના ભાવથી એ કામ થાય? વર્તમાનમાં નહિ અને ભવિષ્યમાં થાય? આ તો પરંપરા મોક્ષ... કાલે ઘણો વિરોધ આવ્યો છે. પાના આવ્યા છે. 'લલિતપુર'ના. અરે..! ભગવાન! એ વ્યવહાર પરંપરાની જે વાત છે એ તો સમકિતીને માટે છે. જેણે સ્વઆશ્રયથી જ્ઞાન-દર્શન પ્રગટ કર્યા છે, એને વ્યવહાર હજી

પરાશ્રયનો રાગ છે. એ સ્વઆશ્રયનું ઉગ્રપણું કરીને છોડશે એથી એને પરંપરા કહેવામાં આવ્યું છે. પણ એના વડે થાશે એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? મોટી તકરાર ઊઠી છે. અરે..! ભગવાન!

અહીં તો કહે છે, જુઓ! જૈનશાસ્ત્રનું જ્ઞાન થયું. જિનેશ્વરની શ્રદ્ધા પણ થઈ એમ આવે છે, ભાઈ! મોક્ષમાર્ગમાં. ઓલો કહે કે પણ એ તો કપટથી કર્યું છે. એમાં એક આવે છે. કપટ નહિ. જૈનગુરુની શ્રદ્ધા, જૈનની શ્રદ્ધા બરાબર છે. પણ આત્મજ્ઞાન નથી. સમજાણું? સાતમામાં લીધું છે, સાતમા. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં. છે, ક્યાં છે? પાંચમા હશે નહિ? એમ કે આવી શ્રદ્ધા તો કરી છે એણે. ક્યાંક છે ખરું કે આ કરે છે એમાં કપટ નથી.

મુમુક્ષુ :- તો નવમી ગ્રૈવેયક જાય નહિ.

ઉત્તર :- જાય નહિ. નહિતર નવમી ગ્રૈવેયક જાય છે એ જૈનધર્મની વ્યવહાર શ્રદ્ધા છે. નહિતર નવમી ગ્રૈવેયક જાય નહિ. એવું છે ક્યાંક. છે ક્યાંક? સાતમામાં. નવમી ગ્રૈવેયક જાય છે એને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા છે. અને કપટરહિત એ આચરણ કરે છે. નહિતર નવમી ગ્રૈવેયક જાય નહિ. એમ છે. એમાં છે ક્યાંક. સાતમામાં છે. આહાહા..! ભગવાન આનંદનો નાથ એનો આશ્રય કર્યો નથી. સમજાણું કાંઈ? એમ કે એને તો કાંઈ આમ.. છે? જુઓ જોઈ. છેલ્લે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એ, એ. લાવો. એ દ્રવ્યલિંગીને કહ્યું. આહાહા..! થોડો કષાય.

સાધન વડે આલોક-પરલોકના વિષય ઈચ્છતો પણ નથી. એ છે. એ પણ એ સિવાય બીજું અહીં છે. 'દ્રવ્યલિંગી રાજ છોડી નિર્ગ્રંથ થાય, અઠ્ઠાવીશ મુળગુણને પાળે, ઉગ્ર ઉગ્ર અનશનાદિ કરે, ક્ષુધાદિ બાહ્ય પરિષહ સહન કરે, શરીરના ખંડ ખંડ થતા... નથી. કોઈથી ક્રોધ કરતો નથી. એવા સાધન પરલોકના વિષે... એવી દશા ન હોય તો ગ્રૈવેયક સુધી કેવી રીતે પહોંચે? છતાં તેને શાસ્ત્રમાં મિથ્યાદષ્ટિ કહ્યો તેનું કારણ કે તેને તત્ત્વનું શ્રદ્ધાન-જ્ઞાન સાચું નથી.' સમજાણું? એમ છે. ઓલું તો એમ કે એની શ્રદ્ધા છે. એવું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શ્રદ્ધા છે એને.

**'દ્રવ્યલિંગી મુનિ અન્ય દેવાદિકની સેવા કરતા નથી.'** આ લેવું છે. જોયું! આ લેવું છે. **'અન્ય દેવાદિકની સેવા કરતા નથી. હિંસા વિષયમાં પ્રવર્તતા નથી. ક્રોધાદિ કરતા નથી. મન-વચન-કાય રોકે તેને મિથ્યાત્વાદિ ચાર આસ્રવ હોય છે. એ કાર્યો તે કપટ વડે પણ કરતા નથી.'** એ આ લેવું છે. 'કપટથી કરે તો ગ્રૈવેયક સુધી કેવી રીતે પહોંચે? માટે અંતરંગ અભિપ્રાયમાં મિથ્યાત્વાદિનો રાગાદિભાવ હોય છે. તે નવ અથવા આસ્રવતત્ત્વમાં એને શ્રદ્ધા નથી.' આહાહા..! એ. આસ્રવમાં છે. ક્રિયા બરાબર કરે છે. અન્ય દેવાદિને માનતો નથી. માને છે દેવ-ગુરુને. એમ કહેવું છે. અહીં મારે તો એ કહેવું છે. દેવ-ગુરુને માને છે પણ એ તો પરલક્ષી વસ્તુ છે. એનાથી સ્વઆશ્રય પ્રગટ થાય નહિ. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભાષા કરે પણ એને સ્વઆશ્રય અંદર નથી આવ્યો. શાસ્ત્રનું વાંચન છે તો કરે તો ખરો ને. એય..! આહાહા..!

અહીં તો કહેવું હતું કે દેવ-ગુરુ-શાસ્ત્રની એને શ્રદ્ધા છે. પણ સ્વનો આશ્રય નથી માટે બધું મિથ્યાત્વ છે. એય..! આ એવી વાત છે. અનંતવાર નવમી ગ્રૈવેયક ગયો એમાં અન્ય કુદેવાદિને માનતો નથી. કુદેવાદિને માને તો નવમીગ્રૈવેયક જઈ શકે નહિ. એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? આહાહા..! નવમી ગ્રૈવેયક અનંતવાર ભવિ-અભવિ ગયો. એ કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રની માન્યતા છોડીને ગયો છે અને દેવ-ગુરુ-શાસ્ત્રની એને માન્યતા છે. પણ તેનું નિશ્ચય સ્વરૂપ છે એનું એને ભાન નથી. આહાહા..! તો એ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા પણ શું કરે? કહે છે. એ વ્યવહાર છે, એ તો વિકલ્પ છે. આહાહા..! સમજાણું કાંઈ? વીતરાગી સુખનો ભંડાર ભગવાન, એ પર તરફના લક્ષવાળો તો બધો રાગ છે, વ્યવહાર છે બધો. ભલે નિશ્ચય ન હોય તો વ્યવહાર છે એકલો. પણ એનાથી કાંઈ પમાતું નથી. આહાહા..!

અહીં એ કહે છે. જૈનશાસ્ત્રનું જ્ઞાન છે, '**ઉસકો પાકે...**' એમ. એટલે ત્યાં સુધી લઈ લીધું. નવમી ગ્રૈવેયક ગયો. '**જીવ પ્રમાદી હો જાતા હૈ, વહ રંક પુરુષ બહુત કાલતક સંસારરૂપી ભયાનક વનમેં ભટકતા હૈ.**' આહાહા..! આનંદના નાથને જોયો નહિ. પ્રભુ સચ્ચિદાનંદ આત્મા પૂર્ણ વીતરાગી આનંદથી ભરેલો ભગવાન, એ રંકે તેને જોયો નહિ. આહાહા..!

મુમુક્ષુ :- બોધિ પામીને પણ સમાધિ...

ઉત્તર :- એ બોધિ નહિ. પૂર્ણ સમાધિ ન કરે એટલું. એમ. ઠેઠ સુધી ન પહોંચાડે. સમાધિ લીધી છે ને એટલે. પામીને સમાધિ ત્રણની એક્તાથી મૃત્યુ કરવું એ ન પામે તો એ પણ ગડબડ છે. આહાહા..!

અહીંયાં તો '**સારાંશ યહ હુઆ,...**' આહાહા..! અહીંયાં રંક છે ને એનો અર્થ એ થયો કે વીર્યે-પુરુષાર્થે વ્યવહારને બરાબર કર્યો. પણ એ તો વીર્ય જ નથી, નપુસંકતા છે. તેથી એને રંક કીધો. સમજાય છે? આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા વ્યવહારુ, શાસ્ત્રનું જ્ઞાન, મહાવ્રતાદિ કપટરહિત ન હોય તો નવમી ગ્રૈવેયકે ન જાય. આહાહા..! પણ એ વીર્ય વ્યવહારને રચનારું તે વીર્ય નહિ. આહાહા..! એ રંક છે, જેનું વીર્ય નપુંસક છે. આહાહા..! એવા રંકપુરુષો... ઓહોહો..! ત્રણ લોકના નાથ ચૈતન્ય ભગવાનને જેણે સમીપમાં કર્યો નથી. આહાહા..! જેણે પર્યાયમાં વીતરાગતા પરમાનંદની દશા સ્વને આશ્રયે પ્રગટ કરી નથી, એ બધા રંક છે, કહે છે. આહાહા..!

'**સારાંશ યહ હુઆ, કિ વીતરાગ પરમાનંદ સુખકે ન મિલનેસે...**' જોયું! આહાહા..! એ વ્યવહારમાં રહ્યો પણ એ તો દુઃખ ને રાગ છે. આહાહા..! '**વીતરાગ પરમાનંદ સુખકે ન મિલનેસે યહ જીવ સંસારરૂપી વનમેં ભટક રહા હૈ,...**' આહાહા..! આત્મા પરમ વીતરાગ આનંદનો ભંડાર છે. એને જેણે પ્રાપ્ત કર્યો નથી એ વીતરાગ સુખના અભાવે ચાર ગતિમાં

રખડે છે. આહાહા..! ઝીણી વાતું ઘણી, ભાઈ! આ લોકોને વ્યવહાર પરંપરા એ બરાબર છે. એને તમે માનો. આહાહા..! સર્વત્ર અધ્યવસાય છોડાવ્યો છે. ત્યાં કહે, પરનો આશ્રય વ્યવહાર બધો છોડાવ્યો છે એમ કહે છે ત્યાં તો. પરનો આશ્રય, ઓલું તો છોડાવ્યું. પરને જીવાડી શકું, મારી શકું, પ્રાણ રક્ષા કરી શકું એ તો જૂઠું છે. એ અધ્યવસાય તો છોડાવ્યો. પણ એ સિવાય જેટલો પરાશ્રયભાવ થાય, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિ, એ વ્યવહાર પણ છોડાવ્યો છે. આહાહા..! નિષ્કંપ નિશ્ચયભાવ એમાં ઠરવાનું કહ્યું છે ત્યાં તો. આહાહા..! અરેરે..! એની ખબરું ન મળે. અને શાસ્ત્રના જાણપણામાં રોકાઈને અંતરમાં જવાને અવકાશ નથી. આહાહા..! એ સંસારવનમાં ભટકશે. આહાહા..!

**'ઈસલિયે વીતરાગ પરમાનંદ સુખ હી આદર કરને યોગ્ય હૈ.'** લ્યો, આ તાત્પર્ય. વ્યવહાર છે એ રાગ છે, દુઃખ છે. આગળ કહેશે. વ્યવહાર એટલે કે રાગ. આમાં કહેશે આગળ. નિશ્ચય વીતરાગ. આત્મા આશ્રયે વીતરાગદશા સમ્યગ્દર્શન થાય એ નિશ્ચય. અને પરાશ્રય જેટલો રાગ થાય એ વ્યવહાર. આહાહા..! રાગની દિશા તો પર તરફ છે અને વીતરાગની દશાની દિશા સ્વ તરફ છે. વીતરાગી સમ્યગ્દર્શન-જ્ઞાનની દશા સ્વ દિશા તરફ છે અને રાગની દશા પર દિશા તરફ છે. પંડિતજી! આહાહા..! હવે પર દિશા તરફ રાગ એ સ્વ દિશા તરફ વાળી શકે? અરે..! વાત બેસવી જોઈએ ને? 'ચેતનજી'! છે? વસ્તુ આવી છે, બાપુ! પરલક્ષી રાગ, પર દિશા તરફના વળેલા ભાવ, એ સ્વ દિશા તરફ વાળે. સમજાણું કાંઈ?

અહીંયાં તો કહે છે, **'વીતરાગ પરમાનંદ સુખ હી આદર કરને યોગ્ય હૈ.'** બાકી બધી વાતું છોડવાયોગ્ય છે. આહાહા..! વીતરાગી પરમાનંદ પ્રભુ છે એમાંથી વીતરાગી પરમ આનંદને પ્રગટ કરવાની અપેક્ષાએ આદરણીય છે. આહાહા..! વ્યવહારભાવ એ આદરણીય નથી, એમ કહે છે.

મુમુક્ષુ :- વ્યવહાર તો છોડવા યોગ્ય છે.

ઉત્તર :- છોડવા યોગ્ય છે. એ છોડવા યોગ્યથી આદરવા યોગ્ય થાય? કહો હવે આવું.

પરંપરાનો અર્થ ઈ છે કે સ્વનો તો આશ્રય લીધો છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. એનો જે વ્યવહાર છે એ અહીં ઉગ્ર આશ્રય લેશે ત્યારે એ છૂટી જશે. પણ એ ઉગ્ર આશ્રય લેશે જ. એમ. એ અપેક્ષાએ વ્યવહારને પરંપરા (કારણ કહ્યું). વ્યવહારનયથી કથન છે એ. આહાહા..! શું થાય? શાસ્ત્રોને અર્થ કરવામાં જ્યાં ગોટા ઊઠે. અનાદિનું એમ જ કર્યું છે ને. એ નવમી ગાથા થઈ.

---

**अथ यस्यैव परमात्मस्वभावस्यालाभेऽनादिकाले भ्रमितो जीवस्तमेव पृच्छति–**

**१०) चउ-गइ-दुक्खहँ तत्ताहँ जो परमप्पउ कोइ।**
**चउ-गइ-दुक्ख-विणासयरु कहहु पसाएँ सो वि॥१०॥**

**चतुर्गतिदुःखैः तत्पानां यः परमात्मा कश्चित्।**
**चतुर्गतिदुःखविनाशकरः कथय प्रसादेन तमपि॥१०॥**

चउगइदुक्खहं तत्ताहं जो परमप्पउ कोइ चतुर्गतिदुःखतत्पानां जीवानां यः कश्चिच्चिदानन्दैक- स्वभावः परमात्मा। पुनरपि कथंभूतः। चउगइदुक्खविणासयरु आहारभयमैथुनपरिग्रह-संज्ञारूपादिसमस्तविभावरहितानां वीतरागनिर्विकल्पसमाधिबलेन परमात्मोत्थसहजानन्दैक-सुखामृतसंतुष्टानां जीवानां चतुर्गतिदुःखविनाशकः कहहु पसाएं सो वि हे भगवन् तमेव परमात्मानं महाप्रसादेन कथयति। अत्र योऽसौ परमसमाधिरतानां चतुर्गतिदुःखविनाशकः स एव सर्वप्रकारेणोपादेय इति तात्पर्यार्थः।।१०।। एवं त्रिविधात्म प्रतिपादकप्रथममहाधिकारमध्ये प्रभाकरभट्ट विज्ञप्तिकथनमुख्यत्वेन दोहकसूत्रत्रयं गतम्।

---

आगे जिस परमात्म-स्वभावके अलाभमें यह जीव अनादि कालसे भटक रहा था, उसी परमात्मस्वभावका व्याख्यान प्रभाकरभट्ट सुनना चाहता है -

**गाथा – १०**

अन्वयार्थ :- [ चतुर्गतिदुःखैः ] देवगति, मनुष्यगति, नरकगति, तिर्यंचगतियोंके दुःखोंसे [ तप्तानां ] तप्तायमान (दुःख) संसारी जीवोंके [ चतुर्गतिदुःखविनाशकरः ] चार गतियोंके दुःखोंका विनाश करनेवाला [ यः कश्चित् ] जो कोई [ परमात्मा ] चिदानंद परमात्मा है, [ तमपि ] उसको [ प्रसादेन ] कृपा करके [ कथय ] हे श्रीगुरु, तुम कहो।

भावार्थ :- वह चिदानंद शुद्ध स्वभाव परमात्मा आहार, भय, मैथुन, परिग्रहके भेदरूप संज्ञाओंको आदि लेके समस्त विभावों से रहित, तथा वीतराग निर्विकल्पसमाधिके बलसे निज स्वभावकर उत्पन्न हुए परमानंद सुखामृतकर संतुष्ट हुआ है हृदय जिनका, ऐसे निकट संसारी-जीवोंके चतुर्गतिका भ्रमण दूर करनेवाला है, जन्म-जरा-मरणरूप दुःखका नाशक है, तथा वह परमात्मा निज स्वरूप परमसमाधिमें लीन महामुनियोंको निर्वाणका देनेवाला है, वही सब तरह ध्यान करने योग्य है, सो ऐसे परमात्माका स्वरूप आपके प्रसादसे सुनना चाहता हूँ। इसलिये कृपाकर आप कहो। इस प्रकार प्रभाकर भट्टने श्री योगीन्द्रदेवसे विनती की।।१०।।

---

હવે જે પરમાત્મ સ્વભાવની પ્રાપ્તિ ન થતાં, જીવ અનાદિકાળથી ભટક્યો તે પરમાત્મસ્વભાવનું વ્યાખ્યાન શ્રીપ્રભાકરભટ્ટ પૂછે છે :

ભાવાર્થ : ચાર ગતિનાં દુઃખથી તપ્ત જીવોની આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા અને પરિગ્રહસંજ્ઞા આદિરૂપ સમસ્ત વિભાવરહિત તથા વીતરાગ નિર્વિકલ્પ સમાધિના બળથી પરમ આત્માથી ઉત્પન્ન એક (કેવળ) સહજાનંદરૂપ સુખામૃતથી સંતુષ્ટ જીવોનાં ચારગતિનાં દુઃખના વિનાશક, ચિદાનંદ જેનો એક સ્વભાવ છે એવા જે કોઈ પરમાત્મા છે, તે જ પરમાત્માને હે ભગવાન ! કૃપા કરીને કહો. અહીં જે પરમસમાધિમાં રત જીવોનાં ચાર ગતિનાં દુઃખનો વિનાશક છે તે જ પરમાત્મસ્વભાવ સર્વ પ્રકારે ઉપાદેય છે. ૧૦.

## ગાથા-૧૦ ઉપર પ્રવચન

**'આગે જિસ પરમાત્મ-સ્વભાવકે અલાભમેં...'** ભગવાન પરમાત્મસ્વરૂપ આનંદ જ્ઞાતા-દૃષ્ટાનો સ્વભાવ, આનંદનો જેનો સ્વભાવ, એના અલાભને **'યહ જીવ અનાદિ કાલસે ભટક રહા થા, ઉસી પરમાત્મસ્વભાવકા વ્યાખ્યાન પ્રભાકર ભટ્ટ સુનના ચાહતા હૈ-'** લ્યો! આ વ્યાખ્યાન સાંભળવા માગે છે. દસમી.

**१०) चउ-गइ-दुक्खहँ तत्ताहँ जो परमप्पउ कोइ।**
**चउ-गइ-दुक्ख-विणासयरु कहहु पसाएँ सो वि॥१०॥**

**અન્વયાર્થ :- 'દેવગતિ, મનુષ્યગતિ, નરકગતિ, તિર્યંચગતિયોંકે દુઃખોંસે...'** જુઓ! મનુષ્યગતિ અને દેવગતિને પણ દુઃખથી તૃપ્ત કીધા. આહાહા..! **'चतुर्गतिदुःखैः'** એમ નથી કીધું કે સ્વર્ગમાં સુખ છે અને નરકમાં દુઃખ છે. આહાહા..! ચારેય ગતિમાં દુઃખ છે. આહાહા..! **'चतुर्गतिदुःखैः' 'तप्तानां '** નામ **'તપ્તાયમાન (દુઃખ) સંસારી જીવોંકે...'** આહાહા..! **'चतुर्गतिदुःखविनाशकरः' 'ચાર ગતિયોંકે દુઃખોંકા વિનાશ કરનેવાલા જો કોઈ ચિદાનંદ પરમાત્મા હૈ, ઉસકો કૃપા કરકે હે શ્રીગુરુ, તુમ કહો.'** આહાહા..! આવી જિજ્ઞાસા છે.

જે ચાર ગતિના દુઃખથી તપ્તાયમાન સંસારી, એ દુઃખોનો નાશ કરવાવાળો કોઈ ચિદાનંદ પરમાત્મા છે. આહાહા..! ચિદાનંદ પરમાત્મા છે. આહાહા..! **'ઉસકો કૃપાકરકે 'कथय' હે શ્રીગુરુ, તુમ કહો.'** આહાહા..! અમને તો આ સાંભળવું છે, કહે છે. વ્યવહાર-વ્યવહાર નહિ, આ કહો અમને, એમ કહે છે. કેટલાક તો વળી એ થયા છે 'શ્રીમદ્'માં, કે નિશ્ચય નહિ, અમારે તો વ્યવહાર સાંભળવો છે. ત્યાં 'મોરબી' છે ને? ઓલા 'જયંતી'ને. 'કાંતિભાઈ' ને 'જયંતિભાઈ' નહિ? ત્રણ ભાઈઓ છે. એ ભાઈ કહેતા હતા. 'રતિભાઈ'. 'રતિભાઈ' છે ને આપણે 'ધ્રાંગધ્રા'ના. વિશાશ્રીમાળી. એ કહેતા હતા કે મારી સાથે વાત થઈ તો કહે, અમારે તો વ્યવહાર સાંભળવો છે, નિશ્ચય સાંભળવો નથી. કહો. અહીં શિષ્ય કહે છે, પ્રભુ! અમને તો ચિદાનંદ ભગવાન પ્રાપ્ત થાય એ અમને સાંભળવું છે. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ તો બધી આવે છે, એ કઈ અપેક્ષાની વાત? સિદ્ધાંતબોધ જ યથાર્થ છે. આહાહા..!

**ભાવાર્થ : 'વહ ચિદાનંદ શુદ્ધ સ્વભાવ પરમાત્મા,...'** ભગવાનઆત્મા અંદર શુદ્ધ ચિદાનંદ પ્રભુ, **'આહાર, ભય, મૈથુન, પરિગ્રહકે ભેદરૂપ સંજ્ઞાઓંકો આદિ લેકે સમસ્ત વિભાવોં સે રહિત,...'** છે. આહાહા..! ચિદાનંદ સ્વભાવ ભગવાનઆત્માનો એમાં આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ-સંજ્ઞા એ રહિત આત્મા છે. એ આદિ વિભાવરહિત આત્મા છે. એમ. આહાહા..! ઉદયભાવ જ એમાં નથી. પરમસ્વભાવ પરમસ્વભાવ સહજાત્મસ્વરૂપ, પરમાત્મસ્વરૂપ, પરમપારિણામિક સ્વરૂપ, જેમાં ઉદયભાવ જ નથી. આહાહા..!

**'વીતરાગ નિર્વિકલ્પસમાધિકે બલસે...'** આહાહા..! વીતરાગ નિર્વિકલ્પ સમાધિના બળથી અંતરમાં **'નિજ સ્વભાવકર ઉત્પન્ન હુએ...'** પોતાના સ્વભાવથી અંદર ઉત્પન્ન થયો. આહાહા..! **'પરમાનંદ સુખામૃતકર સંતુષ્ટ હુઆ હૈ હૃદય જિનકા,...'** આહાહા..! પરમાનંદ સુખામૃત. ભગવાનઆત્માનો આશ્રય લઈને પરમાનંદ સુખામૃત જેને પ્રગટ થયા છે. આહાહા..! **'ઐસે નિકટ સંસારી-જીવોંકે...'** જેને સંસારનો અંત હવે નજીક છે. આહાહા..! **'ચતુર્ગતિકા ભ્રમણ દૂર કરનેવાલા હૈ,...'** આહાહા..! **'જન્મ-જરા-મરણરૂપ દુઃખકા નાશક હૈ, તથા વહ પરમાત્મા નિજ સ્વરૂપ પરમસમાધિમેં લીન મહામુનિયોંકો નિર્વાણકા દેનેવાલા હૈ,...'** આહાહા..! એવો જે ભગવાન પરમાત્મસ્વરૂપ પોતે, હોં! પરમાત્મા. **'નિજ સ્વરૂપ પરમસમાધિમેં લીન...'** પરમાત્મા નિજસ્વરૂપ પરમ આનંદમાં લીન **'મહામુનિયોંકો નિર્વાણકા દેનેવાલા હૈ,...'** આ મોક્ષનો દેનાર તો આ છે. વ્યવહાર-ફ્યવહાર કોઈ મોક્ષનો દેનાર છે નહિ. આહાહા..!

**'પરમાત્મા નિજ સ્વરૂપ પરમસમાધિમેં લીન મહામુનિયોંકો નિર્વાણકા દેનેવાલા હૈ, વહી સબ તરહ ધ્યાન કરને યોગ્ય હૈ,...'** આહાહા..! ભગવાન પૂર્ણાનંદનું સ્વરૂપ, એ જ ધ્યાન કરવા લાયક છે. આહાહા..! **'સો ઐસે પરમાત્માકા સ્વરૂપ આપકે પ્રસાદસે સુનના ચાહતા હૂં.'** લ્યો! એવું જે પરમાત્માનું સ્વરૂપ **'આપકે પ્રસાદસે સુનના ચાહતા હૂં.'** આહાહા..! આ સાંભળવા માગુ છું, એમ કહે છે. વ્યવહાર-ફ્યવહાર નહિ. આ પરમાનંદનો નાથ કેમ પ્રાપ્ત થાય એ સાંભળવા માગું છું. આહાહા..!

**'ઈસલિયે કૃપા કર આપ કહો. ઈસ પ્રકાર પ્રભાકર ભટ્ટને શ્રી યોગીંદ્રદેવસે વિનતી કી.'** લ્યો. વિનંતી કરી. આવી વિનંતી કરી. અમને વ્યવહાર પહેલો કહો એમ નથી કહ્યું એણે. અમને તો ચિદાનંદ ભગવાન પરમાત્મા સુખામૃતથી ભરેલો જેનો આશ્રય એનો વીતરાગ પરમાનંદ પ્રાપ્ત થાય એ વાત અમને સંભળાવો. નિશ્ચયની વાત સંભળાવો, એમ કહે છે. આહાહા..! ચાર ગતિના દુઃખને નાશ કરવાવાળી આત્માની સમાધિ, પરમાનંદ સુખના શાંતિથી ભરેલી, એવો જે આત્મા એની મને વાત કરો, પ્રભુ! આહાહા..!

---

**अथ प्रभाकरभट्टविज्ञापनानन्तरं श्रीयोगीन्द्रदेवास्त्रिविधात्मानं कथयन्ति –**

**११) पुणु पुणु पणविवि पंच-गुरु भावें चित्ति धरेवि।**
**भट्टपहायर णिसुणि तुहुँ अप्पा तिविहु कहेवि (विँ ?)।।११।।**

**पुनः पुनः प्रणम्य पञ्चगुरून् भावेन चित्ते धृत्वा।**
**भट्टप्रभाकर निश्रृणु त्वम् आत्मानं त्रिविधं कथयामि।।११।।**

**पुणु पुणु पणविवि पंचगुरु भावें चित्ति धरेवि पुनः पुनः प्रणम्य पञ्चगुरूनहम्। किं कृत्वा। भावेन भक्तिपरिणामेन मनसि धृत्वा पश्चात् भट्टपहायर णिसुणि तुहुं अप्पा तिविहु कहेवि हे प्रभाकरभट्ट ! निश्चयेन श्रृणु त्वं त्रिविधमात्मानं कथयाम्यहमिति। बहिरात्मान्तरात्मपरमात्मभेदेन**

त्रिविधात्मा भवति। अयं त्रिविधात्मा यथा त्वया पृष्टो हे प्रभाकरभट्ट तथा भेदाभेदरत्नत्रय–भावनाप्रियाः परमात्मभावनोत्थवीतरागपरमानन्दसुधारसपिपासिता वीतरागनिर्विकल्पसमाधि–समुत्पन्नसुखामृतविपरीतनारकादिदुःखभयभीता भव्यवरपुण्डरीका भरत–सगर–राम–पाण्डव–श्रेणिकादयोऽपि वीतरागसर्वज्ञतीर्थंकरपरमदेवानां समवसरणे सपरिवारा भक्तिभरनमितोत्तमाङ्गाः सन्तः सर्वागमप्रश्नानन्तरं सर्वप्रकारोपादेयं शुद्धात्मानं पृच्छन्तीति। अत्र त्रिविधात्मस्वरूपमध्ये शुद्धात्मस्वरूपमुपादेयमिति भावार्थः।।११।।

---

इस कथनकी मुख्यतासे तीन दोहे हुए। आगे प्रभाकरभट्टकी विनती सुनकर श्रीयोगीन्द्रदेव तीन प्रकारकी आत्माका स्वरूप कहते हैं –

**गाथा – ११**

अन्वयार्थ :– [ पुनः पुनः ] बारम्बार [ पञ्चगुरुन् ] पंचपरमेष्ठियोंको [ प्रणम्य ] नमस्कारकर और [ भावेन ] निर्मल भावोंकर [ चित्ते ] मनमें [ धृत्वा ] धारण करके [ 'अहं' ] मैं [ त्रिविधं ] तीन प्रकारके [ आत्मानं ] आत्माको [ कथयामि ] कहता हूँ, सो [ हे प्रभाकर भट्ट ] हे प्रभाकरभट्ट, [ त्वं ] तू [ निशृणु ] निश्चयसे सुन।

भावार्थ :– बहिरात्मा, अंतरात्मा, परमात्माके भेदकर आत्मा तीन तरहका है, सो हे प्रभाकरभट्ट जैसे तूने मुझसे पूछा है, उसी तरहसे भव्योंमें महाश्रेष्ठ भरतचक्रवर्ती, सगरचक्रवर्ती,रामचंद्र, बलभद्र, पांडव तथा श्रेणिक आदि : बड़े बड़े राजा, जिनके भक्ति–भारकर नम्रीभूत मस्तक हो गये हैं, महा विनयवाले परिवारसहित समोसरणमें आके, वीतराग सर्वज्ञ परमदेवसे सर्व आगमका प्रश्नकर, उसके बाद सब तरहसे ध्यान करने योग्य शुद्धात्माका ही स्वरूप पूछते थे। उसके उत्तरमें भगवन्ने यही कहा, कि आत्म–ज्ञानके समान दूसरा कोई सार नहीं है। भरतादि बड़े बड़े श्रोताओंमेंसे भरतचक्रवर्तीने श्रीऋषभदेव भगवानसे पूछा, सगरचक्रवर्तीने श्री अजितनाथसे, रामचंद्र बलभद्रने देशभूषण, कुलभूषण केवलीसे तथा सकलभूषण केवलीसे, पांडवोंने श्रीनेमिनाथ भगवान्से और राजा श्रेणिकने श्रीमहावीरस्वामीसे पूछा। कैसे हैं ये श्रोता जिनको निश्चयरत्नत्रय और व्यवहाररत्नत्रयकी भावना प्रिय है? परमात्माकी भावनासे उत्पन्न वीतराग परमानंदरूप अमृतरसके प्यासे हैं, और वीतराग निर्विकल्पसमाधिकर उत्पन्न हुआ जो सुखरूपी अमृत उससे विपरीत जो नारकादि चारों गतियोंके दुःख, उनसे भयभीत हैं। जिस तरह इन भव्य जीवोंने भगवंतसे पूछा और भगवंतने तीन प्रकार आत्माका स्वरूप कहा, वैसे ही मैं जिनवाणीके अनुसार तुझे कहता हूँ। सारांश यह हुआ, कि तीन प्रकार आत्माके स्वरूपोंसे शुद्धात्म स्वरूप जो निज परमात्मा वही ग्रहण करने योग्य है। जो मोक्षका मूलकारण रत्नत्रय कहा है, वह मैंने निश्चयव्यवहार दोनों तरहसे कहा है, उसमें अपने स्वरूपका श्रद्धान, स्वरूपका ज्ञान और स्वरूपका ही आचरण यह तो निश्चयरत्नत्रय है, इसीका दूसरा नाम अभेद भी है, और देव–गुरु–धर्मकी श्रद्धा,

**नवतत्त्वोंकी श्रद्धा, आगमका ज्ञान तथा संयम भाव ये व्यवहाररत्नत्रय हैं, इसीका नाम भेदरत्नत्रय है। इनमेंसे भेदरत्नत्रय तो साधन हैं और अभेदरत्नत्रय साध्य हैं।।११।।**

**એ પ્રમાણે ત્રણ પ્રકારના આત્માના પ્રતિપાદક પ્રથમ મહાધિકારમાં શ્રી પ્રભાકરભટ્ટની વિનંતીના કથનની મુખ્યતાથી ત્રણ દોહક સૂત્રો સમાપ્ત થયાં.**

**હવે શ્રી પ્રભાકરભટ્ટની વિનંતી સાંભળીને શ્રી યોગીન્દ્રદેવ ત્રણ પ્રકારના આત્માનું સ્વરૂપ કહે છે :**

**ભાવાર્થ : બહિરાત્મા, અન્તરાત્મા અને પરમાત્માના ભેદથી ત્રણ પ્રકારના આત્મા છે. તો હે પ્રભાકર ભટ્ટ ! તેં જેવી રીતે આ ત્રણ પ્રકારનો આત્મા મને પૂછ્યો તેવી રીતે ભેદાભેદરત્નત્રયની ભાવના જેમને પ્રિય છે એવા, પરમાત્માની ભાવનાથી ઉત્પન્ન વીતરાગ પરમાનંદરૂપ સુધારસના પિપાસુ, વીતરાગ નિર્વિકલ્પ સમાધિથી સમુત્પન્ન સુખામૃતથી વિપરીત, નારકાદિ દુઃખથી ભયભીત, ભવ્યોમાં મહા શ્રેષ્ઠ ભરત, સગર, રામચંદ્ર, પાંડવ, શ્રેણિક વગેરે પણ પરિવાર સહિત વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર પરમદેવના સમવસરણમાં અત્યંત ભક્તિભાવથી મસ્તક નમાવતા સર્વ આગમોના પ્રશ્નો કર્યા પછી, સર્વ પ્રકારે ઉપાદેયભૂત શુદ્ધ આત્માનું સ્વરૂપ જ પૂછતાં હતાં.**

**અહીં ત્રણ પ્રકારના આત્માના સ્વરૂપમાંથી શુદ્ધ આત્માનું સ્વરૂપ ઉપાદેય છે એવો ભાવાર્થ છે. ૧૧.**

## ગાથા-૧૧ ઉપર પ્રવચન

‘**ઈસ કથનકી મુખ્યતાસે તીન દોહે હુએ.**’ છે ને ? ૮, ૯ અને ૧૦. સાત ગાથા સુધી તો વંદન હતું. ૮, ૯, ૧૦ આ ત્રણ દોહા કહ્યા. ‘**આગે પ્રભાકરભટ્ટકી વિનતી સુનકર શ્રી યોગીન્દ્રદેવ તીન પ્રકારકી આત્માકા સ્વરૂપ કહતે હૈં.**’ લ્યો!

**११) पुणु पुणु पणविवि पंच–गुरु भावैं चित्ति धरेवि।**
**भट्टपहायर णिसुणि तुहुँ अप्पा तिविहु कहेवि (विँ ?)।।११।।**

એનો શબ્દાર્થ.

**અન્વયાર્થ :–** ‘**બારમ્બાર પંચપરમેષ્ઠિયોંકો નમસ્કારકર...**’ વિશેષ છે. ‘યોગીન્દ્રદેવે’ સાત ગાથામાં તો સ્તુતિ કરી પણ વિશેષ પાછું યાદ કરીને ‘**બારમ્બાર પંચપરમેષ્ઠિયોં કો નમસ્કાર કર ઔર નિર્મલ ભાવોંકર...**’ પવિત્ર ભાવો કરીને ‘**મનમેં ધારણ કરકે મૈં તીન પ્રકારકે આત્માકો કહતા હૂં,...**’ આહાહા..! ‘**સો હે પ્રભાકર ભટ્ટ, તૂ નિશ્ચયસે સુન.**’ ‘**निशृणु**’ આહાહા..!

મુમુક્ષુ :– એ પર્યાયની વાત છે.

ઉત્તર :- એ પ્રભાકર આત્મા આવો છે એને સાંભળવો છે.

મુમુક્ષુ :- એ તો ત્રણ અવસ્થાઓ કહે છે.

ઉત્તર :- હા, એ ત્રણ અવસ્થા પણ એ આત્મા છે, એ બહિરાત્મામાં આવો, અંતરાત્મા, પરમાત્મા એ બતાવીને એને આત્મા બતાવવો છે. બહિરાત્મા રાગને પોતાનો માનનારો, જે એનામાં નથી તેને પોતાનો માને તે બહિરઆત્મા. એની શરૂઆત કરી છે એણે 'પરમાત્મ પ્રકાશ'માં. અને પોતાનું જે સ્વરૂપ છે તેને માને તે અંતરાત્મા. અને પોતાનું સ્વરૂપ જેવું છે એવું પ્રગટ પૂર્ણ થઈ જાય એ પરમાત્મા. એમ કરીને આત્માની ત્રણ અવસ્થા બતાવી. પરમાત્મસ્વરૂપ પૂર્ણ તો પોતે છે. એમાં બહિર્‌ને માને તે બહિરાત્મા. પૂર્ણાનંદનો નાથ એને પરમાત્મસ્વરૂપ છે એને માને, એને અનુભવે એ અંતરાત્મા અને પૂર્ણાનંદ જેવો સ્વભાવ છે તેવી પૂર્ણ દશા જેની પ્રગટ થઈ છે તે પરમાત્મા. આહાહા..! એમ કરીને પરમાત્મસ્વરૂપ જ વર્ણવે છે. સમજાણું કાંઈ?

હે પ્રભાકર ભટ્ટ! સાંભળ. લ્યો! બીજામાં તો એમ કહે કે સાંભળવાથી પણ રાગ થાય. એ વાત તો બરાબર છે. પણ સાંભળવા વખતે તો એને એમ કહે ને? 'સમયસાર'માં ન આવ્યું? '**वंदित्तु सव्व सिद्धे धुवमचलमणोवमं गदिं पत्ते। वोच्छामि समयपाहुडमिणमो**' હું કહીશ સમય પ્રાભૃતને. '**वोच्छामि समयपाहुडमिणमो सुदकेवलीभणिदं**' તો વોચ્છામિ કહેતા, સાંભળ એમ તો કહ્યું ને એમાં? હું કહું છું. આહાહા..! વ્યવહાર તો વચમાં આવે.

મુમુક્ષુ :- એ તો કહી શકે છે.

ઉત્તર :- કહી શકે એ વાત નથી. અંદર કહી શકવાનું નિમિત્તપણું હોય છે. આવી વાતું છે. '**वोच्छामि**' ત્યાં (છે). ત્યાં કહે, જુઓ કહી શકે છે. વાણીને કરી શકે છે એમ કાઢે છે એમાંથી. એમ નથી, બાપુ! એ વ્યવહારથી કહે છે એને તું એમ જ માની લે તો તું સાંભળવાને લાયક નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સાંભળવાને લાયક નથી.

ઉત્તર :- લાયક નથી. જે અમારે કહેવું છે વ્યવહારથી નિશ્ચયને બતાવવો છે. એને ઠેકાણે (કહે), વ્યવહારથી તમે કહ્યું ને તો વ્યવહાર પણ આદરણીય થયો કે નહિ? એમ પકડે એ સાંભળવાને લાયક નથી. એય..! 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય'માં (આવ્યું), અબુદ્ધસ્ય બોધનાર્થં.... મૌનપણાથી આમ લાભ થાય એમ કથન કરે. તો ઓલો પકડે કે મૌનપણાથી લાભ થાય તો તમે કેમ બોલો છો? સાંભળને. કહેવાનો આશય છે તે તું પકડને. આવે ને શાસ્ત્રમાં. મૌનથી આત્માને લાભ થાય. વાણીથી નહિ. ત્યારે કહે, મૌનથી લાભ થાય તો તમે પ્રરૂપણા કરીને કેમ બોલો છો? એ સાંભળનારને સ્વચ્છંદતા છે, કહે છે. જે આશય છે એ આશયને પકડતો નથી અને આ પકડે છે. આહાહા..! '**छलं ण घेत्तव्वं**' ('સમયસાર') પાંચમી (ગાથામાં) આવે છે ને? '**छलं ण घेत्तव्वं**'.

**तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण।**
**जदि दाएज्ज पमाणं चुक्केज्ज छलं ण घेत्तव्वं॥५॥**

એવી આડી વાત-સ્વચ્છંદતા ન કરીશ. આહાહા..!

**'બહિરાત્મા, અંતરાત્મા, પરમાત્માકે ભેદકર આત્મા તીન તરહકા હૈ,...'** આહાહા..! **'સો હે પ્રભાકર ભટ્ટ જૈસે તૂને મુજસે પૂછા હૈ,...'** જેવું તેં મને પૂછ્યું. **'ઉસી તરહસે ભવ્યોમેં મહાશ્રેષ્ઠ...'** આહાહા..! લાયક પ્રાણીમાં મહાશ્રેષ્ઠ **'ભરત ચક્રવર્તી...'**એ ભગવાનને પૂછ્યું હતું. 'ઋષભદેવ' ભગવાનને. બીજા બધા પ્રશ્નો આગમના કર્યા પછી સરવાળે આ પ્રશ્ન પરમાત્માનો કર્યો હતો. આહાહા..! સમજાણું કાંઈ? **'ભરતચક્રવર્તી, સગરચક્રવર્તી, રામચંદ્ર, બલભદ્ર, પાંડવ તથા શ્રેણિક આદિ : બડે બડે રાજા, જિનકે ભક્તિ-ભારકર નમ્રીભૂત મસ્તક હો ગયે હૈં,...'** આહાહા..! ચક્રવર્તીઓ આમ.. આહાહા..! વિનયથી પ્રશ્ન ભગવાનને આમ કરે છે. આહાહા..! **'મસ્તક હો ગયે હૈં,...'** વીતરાગ **'ભક્તિ-ભારકર નમ્રીભૂત મસ્તક હો ગયે હૈં,...'** એમ ને એમ આમ કરે એમ નહિ, એમ કહે છે. મસ્તક નમી ગયું છે. આહાહા..!

**'મહા વિનયવાલે પરિવારસહિત...'** આહાહા..! 'ભરત' ચક્રવર્તી આદિ 'રામચંદ્ર', 'બળભદ્ર', 'પાંડવ' **'મહા વિનયવાલે પરિવારસહિત સમવસરણમેં આકે,..'** પરિવાર સહિત આવ્યા, એમ કહે છે. બાયડી, છોકરા, કુટુંબ લઈને સાંભળવા આવ્યા. આહાહા..! જેને ઘરે છ ખંડના રાજ, છન્નું હજાર સ્ત્રી, છન્નું કરોડ પાયદળ, છન્નું કરોડ ગામ, એવો ચક્રવર્તી પણ ભગવાનના સમવસરણમાં પરિવાર સહિત સાંભળવા આવે છે. આહાહા..! આને સાંભળવાની નવરાશ મળતી નથી. પાછું એમ કહ્યું કે સમવસરણમાં આવે છે. એ સમવસરણ એને ઘરે જાતું નથી. આહાહા..! ત્યાં જઈને પ્રભુને પૂછે છે. આહાહા..!

**'વીતરાગ સર્વજ્ઞ પરમદેવસે...'** આહાહા..! વીતરાગ સર્વજ્ઞ પરમદેવ **'સર્વ આગમકા પ્રશ્નકર...'** ભાષા તો જુઓ! આહા..! સર્વ આગમના પ્રશ્ન. એમ કે બીજા ચારેય અનુયોગના પ્રશ્ન થઈ ગયા છે. **'ઉસકે બાદ...'** આહાહા..! સર્વ આગમ એટલે ચારેય અનુયોગો. **'ઉસકે બાદ સબ તરહસે ધ્યાન કરને યોગ્ય...'** આહાહા..! ચારેય બાજુથી ભગવાનનું ધ્યાન કરવા લાયક આત્મા... આહાહા..! **'શુદ્ધાત્માકા હી સ્વરૂપ પૂછતે થે.'** આહાહા..! 'પ્રભાકર ભટ્ટ'ને કહે છે કે 'ભરત' ચક્રવર્તી પણ 'ઋષભદેવ' ભગવાનના સમવસરણમાં જઈ, આગમના પ્રશ્નો થઈ છેલ્લે શુદ્ધાત્માનો પ્રશ્ન કરતા હતા. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પહેલો ઈ ન કર્યો ને છેલ્લો કેમ કર્યો?

ઉત્તર :- એ સાર છે માટે. એમ કહે છે. પહેલા જાણપણાની વાત કરી. પણ સાર વસ્તુ જે છે એનો પ્રશ્ન પછી કર્યો. આહાહા..!

**'શુદ્ધાત્માકા હી સ્વરૂપ પૂછતે થે.'** ભાષા જુઓ! એ પૂછે છે શુદ્ધાત્માનું જ સ્વરૂપ પૂછે છે. પૂછનાર એમ કહે છે. આહાહા..! 'કુંદકુંદાચાર્ય'માં આવે છે ને? પાંચમી ગાથામાં. અમારા ગુરુએ અમને કૃપા કરીને શુદ્ધાત્માનો ઉપદેશ કર્યો. એટલે બીજો નથી કર્યો? બીજો કર્યો. (પણ) આ બતાવવું છે. અમારા ગુરુએ... આહાહા..! છે? 'સમયસાર' પાંચમી ગાથા.

અમારી ઉપર કૃપા કરીને અમને શુદ્ધાત્માનો ઉપદેશ અનુગ્રહ કર્યો. આહાહા..! એ અહીં પૂછે છે. આહાહા..!

'**શુદ્ધાત્માકા હી...**' એમ શબ્દ છે. '**સ્વરૂપ પૂછતે થે.**' ભગવાનને એ પ્રશ્ન 'ભરત' ચક્રવર્તી વગેરે વગેરે 'નેમિનાથ' ભગવાન ને 'પાંડવો' આદિ. '**ઉસકે ઉત્તરમેં ભગવાનને યહી કહા,...**' એના ઉત્તરમાં ભગવાને એ કહ્યું. 'શ્રેણિક' રાજા આદિ લીધા છે. એ પ્રશ્ન કર્યો પણ એનો ઉત્તર સહેજે આવે છે. ખરેખર પ્રશ્ન મોટા ચક્રવર્તી આદિ કરે. પણ આણે કર્યો છે એ 'ગૌતમ'થી એને ઉત્તર મળ્યો છે. પણ આમાં ભેગું નાખ્યું.

'**કિ આત્મ-જ્ઞાનકે સમાન દૂસરા કોઈ સાર નહીં હૈ.**' ભગવાને ઉત્તર દીધો. આહાહા..! '**આત્મજ્ઞાનકે સમાન...**' આત્મજ્ઞાન સમાન. આહાહા..! પરનું નહિ, રાગનું નહિ, પર્યાયનું નહિ. આત્મજ્ઞાન વસ્તુ જે નિત્યાનંદ પ્રભુ આત્મા ધ્રુવ, એનું જ્ઞાન, આત્મજ્ઞાન. આહાહા..! '**આત્મજ્ઞાનકે સમાન દૂસરા કોઈ સાર નહીં હૈ.**' હવે કોણે કોણે પૂછયું એ ખુલાસો બહાર કરશે. વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**૧૦ નંબરના પ્રવચનમાં અવાજ ખરાબ હોવાથી ૧૯૬૫ની સાલનું પ્રવચન લેવામાં આવેલ છે.**

## વીર સંવત ૨૪૯૧, આસો સુદ ૪, મંગળવાર, તા. ૨૮-૦૯-૧૯૬૫, ગાથા-૧૧ અને ૧૨, પ્રવચન નં. ૯

અગિયારમી ગાથા ચાલે છે. 'પરમાત્મપ્રકાશ' પહેલો ભાગ.

અહીંયા એ ચાલે છે કે, 'શ્રેણિક' રાજા વગેરે. 'ભરત' ચક્રવર્તીથી શરૂ થઈને ભગવાનોને, મુનિઓને એ શ્રોતાઓએ એ પ્રશ્ન કર્યો કે, ભગવાન! આ શુદ્ધાત્મા એ શું ચીજ છે? શુદ્ધાત્મા જેને કહીએ, પ્રભુ! એ શું છે? એ '**શુદ્ધાત્માકા હી સ્વરૂપ પૂછતે થે.**' ભગવાન શુદ્ધાત્મ સ્વરૂપ, કષાયઅગ્નિની અંદર, બરફનો જેમ શીતળ સ્વભાવ (છે), અવિકારી વીતરાગ આનંદ અને શાંતિ, એવો ભરેલો ભગવાન શુદ્ધાત્મા કોણ છે? 'ભરત' ચક્રવર્તીઓએ અને 'શ્રેણિક' રાજાએ આવો ભગવાનને પ્રશ્ન કર્યો.

એના ઉત્તરમાં ભગવાન કહે છે, '**ઉસકે ઉત્તરમેં ભગવન્‌ને યહી કહા કિ આત્મ-જ્ઞાનકે સમાન દૂસરા કોઈ સાર નહીં હૈ.**' એ પોતે ન્યાયથી લીધું છે. કેમ કે આત્મા ઉપાદેય છે ને? એમ છેલ્લું કહેશે. એટલે આ ભગવાનના ઉત્તરમાં, મુનિઓના અવાજમાં, પ્રરૂપણામાં એ આવ્યું કે, હે ભાઈ! શુદ્ધાત્મા જ (સાર છે). શુદ્ધાત્મા એટલે '**આત્મ-જ્ઞાનકે સમાન દૂસરા કોઈ સાર નહીં હૈ.**' જુઓ! ભલે કષાય હો, શરીર આદિ હો, પણ જે ચીજમાં આનંદ અને

શાંતિ પડી છે, એવો ભગવાનઆત્મા એનું જ્ઞાન, એનું જ્ઞાન થતાં પુણ્ય-પાપ આદિ એમાં નથી એવું જ્ઞાન થાય પણ એ બધું આત્મજ્ઞાન થયું કહેવાય. સમજાણું કાંઈ? આત્મજ્ઞાન. ભગવાનના ચારે અનુયોગમાં... જુઓ! આગમના પ્રશ્નો ઉત્તરમાં એ બધું આવ્યું હતું. એમાં એ પણ આવ્યું હતું એમાંથી એમણે આ પ્રશ્ન કર્યો. ભગવાન '**શુદ્ધાત્માકા હી સ્વરૂપ પૂછતે થે.**' શિષ્યો. ભગવાન ઉસકા ઉત્તર દેતે થે કિ '**આત્મ-જ્ઞાનકે સમાન દૂસરા કોઈ સાર નહીં હૈ.**'

'**ભરતાદિ બડે બડે શ્રોતાઓમેંસે ભરતચક્રવર્તીને શ્રીઋષભદેવ ભગવાનસે પૂછા, સગરચક્રવર્તીને શ્રી અજિતનાથસે, રામચંદ્ર બલભદ્રને દેશભૂષણ કુલભૂષણ કેવલીસે તથા સકલભૂષણ કેવલીસે,...**' પૂછા. '**પાંડવોને શ્રી નેમિનાથ ભગવાનસે...**' પૂછા. '**ઔર રાજા શ્રેણિકને શ્રી મહાવીરસ્વામીસે પૂછા.**' લ્યો! આ પ્રશ્ન કર્યો, પ્રભુ! હું કોણ? આ શુદ્ધાત્મા કોણ છે? સમજાણું?

હવે, એ શ્રોતા કેવા છે કે જેણે પ્રશ્ન આવો કર્યો? એ શ્રોતા કેવા છે? '**કૈસે હૈ યે શ્રોતા જિનકો નિશ્ચયરત્નત્રય ઔર વ્યવહારરત્નત્રયકી ભાવના પ્રિય હૈ,...**' જેને આ ભગવાનઆત્મા, પૂર્ણ શાંત આનંદરસ સ્વરૂપ, એની શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ એવા નિશ્ચય રત્નત્રય જેને પ્રિય છે. સમજાણું? ભગવાનઆત્મા જુઓ! નિશ્ચયરત્નત્રય પ્રિય છે એટલે નિશ્ચયરત્નત્રય છે. સમજાણું કાંઈ? આખો શીતળ અવિકારી શાંત સ્વભાવનો પિંડલો પ્રભુ, એની એકાગ્રતાથી ઉત્પન્ન થયેલો આનંદ, (ઈ) કહેશે, એને નિશ્ચયરત્નત્રયની પ્રિયતા છે. સ્વભાવ શુદ્ધ પૂર્ણ એનો આનંદ, એનો અનુભવ થયો છે. એવા નિશ્ચયરત્નત્રયની પ્રિયતા છે અને... જુઓ! વિશેષ (કહે છે).

'**ઔર વ્યવહારરત્નત્રયકી ભાવના પ્રિય હૈ,...**' અને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિનો રાગ પણ વ્યવહારે પ્રિય છે. નિશ્ચયથી આ પ્રિય છે ને વ્યવહારે આ પ્રિય છે. સમજાણું કાંઈ? પ્રિય જ છે. ભગવાનઆત્મા આનંદસ્વરૂપ પ્રભુ, જેમાં કષાયઅગ્નિને શાંત કરવાનો, નાશ કરવાનો સ્વભાવ છે, એવો ભગવાન કેવળજ્ઞાનમય કહેશે અંદર. '**णाणमउ**' બાર (ગાથામાં) કહેશે. જે એકલો જ્ઞાનમય પ્રભુ છે, એટલે કે એમાં વિકાર નથી એટલે જ્ઞાનમય છે, આનંદમય છે, શાંતમય છે, સ્વચ્છતામય એ બધું એમાં આવી જાય છે. એવો જે ભગવાનઆત્મા એની એને ભાવના નિશ્ચયથી પ્રિય છે. વ્યવહારથી એવા વિકલ્પો પણ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાના, જ્ઞાનના વ્યવહારો અને વ્યવહારો દયા-દાનના, ભક્તિના પરિણામ પણ હોય છે. તો એને વ્યવહારે પ્રિય છે એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બેય બેય. એકાગ્રતા છે ને? રાગમાં એટલી અસ્થિરતા છે ને? અહીંયા વીતરાગની સ્થિરતા છે. નિશ્ચયરત્નત્રયમાં વીતરાગ સ્વરૂપ આત્મા, એની સન્મુખતાની એકાગ્રતા છે. રાગમાં જરી પરસન્મુખનો વિકલ્પ છે, એટલું અંદર પરિણમન છે એટલે એને એ અપેક્ષાએ એકાગ્રતાનો આરોપ આપ્યો.

'**પરમાત્માકી ભાવનાસે ઉત્પન્ન...**' ઓહો! ભગવાન જ્ઞાનસ્વરૂપ પ્રભુ, એની અંતરની

એકાગ્રતા દ્વારા '**ઉત્પન્ન વીતરાગ પરમાનંદરૂપ અમૃતરસકે પ્યાસે હૈં,...**' અમૃતરસના પ્યાસુ છે, તૃષા લાગી છે. આહાહા..! સમજાય છે કાંઈ? જેમ તૃષા લાગી હોય ને પાણીને કેમ માગે? એમાં મોસંબીના પાણી અને બરફના પાણી આવે એટલે આમ ઘટક ઘટક પીવે. એમ આ કહે છે, પ્રભુ! એ શ્રોતાઓ એવા છે. આહાહા..! જેને વીતરાગ પરમાનંદ અમૃતરસ, ભગવાનઆત્મા વીતરાગરસથી ભરેલું તત્ત્વ પ્રભુ, એવા આત્માના અમૃતના રસના પિપાસુ છે. સમજાણું? એ રાગરસ ને તૃષ્ણા ને ભોગરસના પિપાસુ નથી. આહાહા..! છ ખંડના ધણી, છન્નું છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં દેખાય. નહિ, નહિ, આ નહિ, આ નહિ. એ ભોગના રસના પિપાસુ નથી, એ આત્માના અવિકારી આનંદના રસના, અમૃતના પિપાસુ છે. કહો, સમજાણું કાંઈ?

'**ઔર વીતરાગ નિર્વિકલ્પસમાધિકર ઉત્પન્ન હુઆ...**' રાગરહિત આત્માની શુદ્ધતાની અંતર દૃષ્ટિ, જ્ઞાન ને લીનતા દ્વારા '**ઉત્પન્ન હુઆ જો સુખરૂપી અમૃત...**' એ વીતરાગ નિર્વિકલ્પ શાંતિથી ઉત્પન્ન થયેલ '**સુખરૂપી અમૃત ઉસસે વિપરીત...**' મનુષ્ય, નારકી, દેવ, ઢોર. તેના દુઃખ '**ઉનસે ભયભીત હૈં.**' આહાહા..! સમજાય છે કાંઈ?

જીવતા જાનવરને અગ્નિના ભાઠામાં નાખે. રાજકુમાર. આમ રાજકુમાર હોય પચ્ચીસ વર્ષનો યુવાન, એને આમ 'જમશેદપુર'ની ભઠ્ઠીમાં જીવતો, લાકડુ જીવતું નાખે એમ નાખે, અને એ અગ્નિનો જેને ભય છે અંદર. આહાહા..! એમ ચાર ગતિ ને કષાયની આકુળતાનો જેને ભય છે. અરે..! આ દ્રવ્ય અહીંથી છૂટીને ક્યાં જશે? આ વસ્તુ આકુળતા છે એમાં ને એવા અવતાર અનંત કર્યા. એવી આકુળતાના દુઃખથી જેને અંતરમાં ભય લાગ્યો છે. જેમ અગ્નિથી આમ બીવે છે, એમ એ આકુળતાથી બીના (ડર્યા) છે, એમ કહે છે. સમજાય છે કાંઈ?

એ વિકલ્પની જાળું ઊઠે, શુભ-અશુભની જાળ એવું જે વિકલ્પનું દુઃખ, એ ચાર ગતિના દુઃખ એમાં છે. સ્વર્ગમાં હોય તો એ વિકલ્પની જાળમાં દુઃખ છે. એ એનાથી ભયભીત છે. અરે..! આ આત્મા, આવા આકુળતાના દુઃખો અનંતવાર વેઠ્યા. હવે એનાથી રહિત મારી ચીજ શું છે? એને અંતર પિપાસા અમૃતને પીવા (અને) દુઃખથી, આકુળતાથી (છૂટવા પ્રશ્ન કરે છે). દુઃખ એટલે પ્રતિકૂળતા એમ નહિ. દુઃખ એટલે કે કષાયનો વિકારી ભાવ, એનાથી ભય પામે છે. આ કષાય આત્માની શાંતિના લૂટારા છે. સમજાણું કાંઈ? જુઓ! છ ખંડના રાજમાં દેખાય. ઈ છે ક્યાં? કહે છે. એ ચાર ગતિના દુઃખના દુઃખથી ડરેલા છે. આહાહા..! સમજાણું કાંઈ? એવી સામગ્રીઓ આમ બધી. શરીર, સ્ત્રીઓ, કુટુંબ, પરિવાર એના તરફની જે કષાયની જ્વાળા સળગે, એનાથી ભયભીત છે. સમજાણું કાંઈ? ડરી ગયા છે. તીર્થંકર જેવા પણ ચાર ગતિના દુઃખની આકુળતાથી ડર્યા. એનાથી જે ન ડરે એ તો મહા ભડ કહેવાય. ચોર્યાસીના અવતાર, અરે..! ક્યાં એને સુખ? ક્યાંય એને શાંતિની ગંધ ન મળે. ચારે કોર ચોર્યાસીના અવતારમાં દુઃખ, દુઃખ ને દુઃખ છે. એનાથી જે ભયભીત છે. સમજાણું કાંઈ?

**'જિસ તરહ ઈન ભવ્ય જીવોંને ભગવંતસે પૂછા,...'** આવા જીવોએ પ્રશ્ન પૂછ્યા એનો ઉત્તર ભગવાને આપ્યો એમ બે ભૂમિકા સ્થાપી. આહાહા..! એમ એક શોખ ખાતર, સાંભળવા ખાતર, સમજીને કાંઈક જ્ઞાન કરીને બીજાને કહેવું અને આપણને કાંઈક આવડે છે ને એ ખાતર એ પૂછતા નહોતા, એમ કહે છે. આહાહા..! સમજાણું? પૂછવાની રીતમાં પણ ફેર હોય છે. પૂછે તો આપણને કાંઈક આવડે છે એમ બીજાને બતાવે, કાં પૂછે તો કાંઈક એનો જવાબ બીજો મળે તો એને ધારણા થાય. બીજા કરતાં વિશેષપણું (છે), એ નહિ... એ નહિ. પ્રભુ! આ આત્માને આકુળતાથી છૂટવાનો (ભાવ છે તેથી પૂછે છે કે) આત્મા ભગવાનઆત્મા કોણ છે? કહે છે. સમજાણું કાંઈ?

દુનિયા પાસે એને સહેલો માર્ગ નથી લેવો કે, આ સારો છે, હોં! પૂછનાર છે, પ્રશ્ન પૂછે, ધર્મની ભારે જિજ્ઞાસાવાળો લાગે છે. સમજાય છે? અને વાંચે છે, ભણે છે, કેટલો પ્રયત્ન કરે છે. એમ દુનિયાને દેખાડવા માટે નથી. દુઃખથી કંટાળ્યા (છે), ભય છે. શરીરથી નથી (કંટાળ્યા), હોં! અહીંયા. ગતિનું રઝળવું, આ શાંતરસમાંથી નીકળી અને એ વિકલ્પોમાં આવવું, એ જ દુઃખ છે. સમજાણું કાંઈ? એવા દુઃખથી ભયભીત થયા છે. આહાહા..!

આમ જુઓ તો છ ખંડના રાજ, ઈન્દ્રાણી જેવીઓ તો જ્યાં ઘરે અપ્સરાઓ ને સ્ત્રીઓ. આમ મણિરત્નના મહેલ (હોય). અગ્નિના ભઠ્ઠામાં જેમ બરફનો ઠંડો પાંચ મણનો ગોળો પડ્યો હોય અંદર, એમ આ કષાયની-વિકલ્પની અગ્નિની પાછળ ભગવાન શાંતરસ છે. એમાં જવા માટે આ આકુળતાથી ભયભીત છે. આહાહા..! સમજાણું કાંઈ?

મોટો કાળો નાગ દેખે ને જેમ ભાગે, સાંભળે ત્યાં ભાગે. આમ દેખે આમ કરીને. સમજાણું? પેલા કહેતા નહોતા કાલે? 'બાબુભાઈ' કહેતા હતા. પેલો .. નાગ બેઠો છે બારણે. આ પેલા ટોટા છે ને? ટોટા નથી? આ કૂવાના ટોટા ભર્યા છે ને એમાં? મકાનો નથી એને? .. એણે એક રાખે છે ને? એક માણસ ઈ છે અને એક રાતે છે. ઈ કહે, ભાઈ આવ્યા હતા ને. ... એ કહે, આમ પથારીમાં અંધારું હતું તે આ મોટો નાગ બેઠેલો જોયો. હું તો પથારી લઈને ભાગ્યો. આમ જ્યાં સાંભળ્યું ત્યાં. બત્તી કરી ત્યાં આમ બેઠેલો. જંગલ છે ને ત્યાં તો તદ્દન. જંગલમાં એટલે આમ બેઠો હતો. ભાગે અંદર. પથારી-બથારી ગોટો લઈને ભાગ્યો. આહાહા..!

એમ પુણ્ય-પાપના વિકારી આકુળતાના દુઃખ સર્પ જેવા છે. ધર્માત્મા એના દુઃખથી ભાગ્યા છે. આહાહા..! સમજાય છે? એ રસ લેવા ઊભા રહ્યા નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ પૂર્વના પુણ્યને લઈને સામગ્રી મળી હોય અને પાપને લઈને પ્રતિકૂળતા (મળી હોય), અંતરમાં બેયની આકુળતાના દુઃખથી ભાગ્યા છે. કહો, સમજાણું કાંઈ? જેમાં આકુળતામાં જેને ક્યાંય રસ રહ્યો નથી. અને રસ રહ્યો છે એવો આત્મા એની ભાવના પ્રિય છે, એવા શ્રોતાએ પ્રશ્ન કર્યા ને ભગવાને ઉત્તર દીધા છે. આહાહા..! કેવી ભૂમિકા સ્થાપે છે! સમજાય છે કાંઈ? આહાહા..!

**'જીસ તરહ ઈન ભવ્ય જીવોંને ભગવંત સે પૂછા,...'** એવા ભવ્ય જીવોએ આમ ભગવાનને પ્રશ્ન કર્યો, નાથ! પૂર્ણ કેવળજ્ઞાની પરમાત્મા છે, સંતો આદિ કે મુનિઓ આદિ

હોય, એને પૂછે, પ્રભુ! આ પરમાત્મા મારો નિજ સ્વરૂપ ભગવાન અંદર, એ શું છે? વિશેષ પ્રગટ સમજવા માટે, વિશેષ ઉગ્રતા-પુરુષાર્થ માટે, આ પ્રશ્ન આવા શ્રોતાઓએ પૂછ્યા હતા. આહાહા..! પોતાના આત્મામાં વિશેષ મહિમા આવીને સ્થિર થવા માટે આ પ્રશ્નો હતા. સમજાણું કાંઈ? **'ઔર ભગવંતને તીન પ્રકાર આત્માકા સ્વરૂપ કહા,...'** આગળ કહેશે ને? ઈ કહેવું છે એટલે.

ભગવાને આત્માના ત્રણ પ્રકારના સ્વરૂપ કહ્યા, જ્યારે શ્રોતાઓએ આવું પૂછ્યું. ઓહોહો..! એ સભા, એ ચક્રવર્તી રાણીઓ લઈને આવ્યો હોય, વાસુદેવ, બળદેવો પણ રાણીઓ હજારો લઈને આવ્યા હોય, આમ મોટા આભના થોભ જેવા પુણ્યવાળા દેખાય. એ કહે છે કે એને આકુળતાના ભાવથી બીના (ડર્યા) છે, હોં! અંદર ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો રસ પ્રભુ! એના અમે પિપાસુ (છીએ). ઈ કહેતા નથી, અહીં તો આચાર્ય કહે છે. ઈ એના પિપાસુ છીએ, એમ અમે કહીએ છીએ એવા જીવોએ ભગવાનને પૂછ્યું, તો ભગવાને આત્માના ત્રણ પ્રકારની વાત કરી. સમજાય છે?

**'ભગવંતને તીન પ્રકાર આત્માકા સ્વરૂપ કહા, વૈસે હી મૈં જિનવાણીકે અનુસાર તુજે કહતા હૂં.'** જુઓ! સર્વજ્ઞ પરમાત્મા કેવળજ્ઞાનીની પર્યાયમાં જે આ ત્રણકાળ, ત્રણલોક જણાણા, એમાં આત્મા, બહિરાત્મા, અન્તરાત્મા, પરમાત્મા કેવો છે, એનું જ્ઞાન ભગવાનના જ્ઞાનમાં હતું. ભગવાને એ આત્માના ત્રણ પ્રકારનું સ્વરૂપ કહ્યું. એને અનુસારે હું પણ તને કહીશ, કહે છે. મારા કલ્પનાની, ઘરની વાત નથી. સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગ પરમેશ્વર, એમણે જે ત્રણકાળ, ત્રણલોક જાણ્યા એમાં આત્માની ત્રણ અવસ્થાઓ અને આત્મદ્રવ્ય, એ જાણી અને એમણે કહી એવી જિન અનુસાર, વાણીને અનુસાર હું તને કહીશ. સમજાણું?

સારો દીકરો એક મરી ગયો હોય ને, પછી જેને નથી કહેતા કે, ભાઈ! લોયાળા મોઢા છે. એમ નથી કહેતા? એમ આ વૈરાગ્યના જેના મોઢા છે, એવા ભગવાનને પ્રશ્ન કરે છે. આહાહા..! સમજાય છે? દીકરો મરી ગયો હોય વીસ વર્ષનો, બે વર્ષનું પરેણતર મુકીને અને એક નો એક જ હોય, હવે આશા પણ નવી ન હોય ને એને કાંઈ છોકરો પણ ન હોય. એ લોયાળુ મોઢું હોય. લોયાળું એટલે? શોક... શોક... શોક... શોક...

અહીં કહે છે કે આકુળતાના ભાવમાં દુઃખ લાગ્યું છે ને. સમજાય છે? જેને વૈરાગ્ય મોઢે આત્મામાં છવાઈ ગયો છે. પેલાને લોયાળા મોઢા છે, આના વૈરાગ્યથી (ભરેલા) છે. પ્રભુ! આહાહા..! અમારા આત્માનું નિજ સ્વરૂપ પ્રભુ કેવું છે? ત્યારે કહે છે, ભાઈ! ભગવાને કહ્યું એ પ્રમાણે હું તને કહીશ.

**'વૈસે હી મૈં જિનવાણીકે અનુસાર તુજે કહતા હૂં. સારાંશ યહ હુઆ, કિ તીન પ્રકાર આત્માકે સ્વરૂપોંસે શુદ્ધાત્મસ્વરૂપ જો નિજ પરમાત્મા વહી ગ્રહણ કરને યોગ્ય હૈ.'** એમાં ટીકામાં છેલ્લો શબ્દ છે ને? અંતરાત્મા, બહિરાત્મા, પરમાત્મા કહીશ, પણ એમાં આ આત્મા જે નિજ સ્વરૂપ છે એ જ અંતર દૃષ્ટિ કરીને સ્થિર થવા લાયક, તે જ ઉપાદેય અને

આદરણીય છે. સમજાય છે? '**જો મોક્ષકા મૂલકારણ રત્નત્રય કહા હૈ,...**' પેલા ભેદાભેદ રત્નત્રયની ભાવના પ્રિય છે, એમ કીધું ને? ત્યારે ભગવાને પણ ભેદાભેદ રત્નત્રય કહ્યા છે ને? એટલે એને પ્રિય છે. ભગવાને કહ્યા તે હું પણ કહું છું, એમ કહે છે. સમજાય છે કાંઈ? પ્રશ્નકારના ભેદાભેદ રત્નત્રયની પ્રિયતા જે વર્ણવી, ત્યારે એમને પણ ભગવાને, સંતોએ ભેદાભેદ રત્નત્રય કહ્યા હતા. તો કહે છે, '**વહ મૈંને નિશ્ચયવ્યવહાર દોનોં તરહસે કહા હૈ,...**' હું પણ એ રીતે કહું છું. સમજાણું કાંઈ?

'**મૈંને...**' 'બ્રહ્મદેવ' કહે છે, આ 'યોગીન્દ્રદેવ' આચાર્ય કહે છે. નિશ્ચય, વ્યવહાર. કેમ કે શ્રોતાને નિશ્ચય ને વ્યવહાર, અભેદભેદ રત્નત્રય પ્રિય છે. એણે સાંભળ્યું ને ક્યાંથી એમણે એ સાંભળેલું જાણ્યું? સંતોએ કેવળીઓએ કહેલું તો હું પણ એ રીતે તને કહું છું, એમ કહે છે. '**નિશ્ચયવ્યવહાર દોનોં તરહસે કહા હૈ, ઉસમેં અપને સ્વરૂપકા શ્રદ્ધાન,...**' ભગવાનઆત્મા એકદમ જ્ઞાન અને આનંદનું સ્વરૂપ જેનું પૂર્ણ (છે), એની જેને અંતર શ્રદ્ધા, સ્વ શુદ્ધ સ્વરૂપની અંતર શ્રદ્ધા, '**સ્વરૂપકા જ્ઞાન...**' સ્વ-રૂપ. પોતાનો જ્ઞાનમય ચિદાનંદ પ્રભુ, એનું જ્ઞાન, જ્ઞાનનું જ્ઞાન, આત્માનું જ્ઞાન. જ્ઞાનનું જ્ઞાન, આત્માનું જ્ઞાન, સ્વરૂપનું જ્ઞાન, નિજ પરમાત્માનું જ્ઞાન, એ નિશ્ચય. એ નિશ્ચય જ્ઞાન, તે અભેદ જ્ઞાન. પહેલું સ્વરૂપ શ્રદ્ધા ને નિશ્ચય સમકિત કે અભેદ શ્રદ્ધાન '**ઔર સ્વરૂપકા હી આચરણ...**' ભગવાનઆત્મા પોતાની દૃષ્ટિ, જ્ઞાનને કરીને એવા શુદ્ધ સ્વરૂપમાં ઉપર અંતર રમે. ઉપર એટલે શું? કે પર્યાયથી દ્રવ્યમાં રમે. વસ્તુ જે પૂર્ણ સ્વભાવનો પિંડલો શાંતરસનો ગર્ભ, એકલો શાંત બરફ જેમ ઠંડો (હોય), એમ આ શાંતરસનો પિંડલો એના ઉપર રમે, એનું નામ ચારિત્ર ને એનું નામ નિશ્ચય આચરણ કહેવામાં આવે છે અથવા એને અભેદચારિત્ર કહેવામાં આવે છે. કેમ કે એ પર્યાય દ્રવ્ય સાથે એક થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! અરે..! '**યહ જો નિશ્ચયરત્નત્રય હૈ, ઈસીકા દૂસરા નામ અભેદ ભી હૈ,...**' માથે અભેદ કીધું હતું ને? ભેદાભેદ રત્નત્રય પ્રિય છે. એટલે કીધું કે, અભેદ ને ભેદ પ્રિય છે. એનો અર્થ જ અભેદ એટલે નિશ્ચય, ભેદ એટલે વ્યવહાર.

'**ઔર દેવ-ગુરુ-ધર્મકી શ્રદ્ધા,...**' સાચા સર્વજ્ઞ પરમાત્મા. 'યોગીન્દ્રદેવ' કહે છે અથવા જે જે પ્રશ્નકારના ઉત્તર દેનાર સંતો કહે છે, કે ભગવાનઆત્મા નિજ સ્વરૂપે પૂર્ણાનંદનો નાથ પ્રભુ, એની અંતરની શ્રદ્ધા, અંતર્મુખનું જ્ઞાન ને અંતર્મુખનું આચરણ એને સાચા રત્નત્રય કે જે સાચા રત્નત્રયના વટાવમાં મોક્ષ મળે છે. ઈ સાચા રત્નત્રયની કિંમત દેતાં મોક્ષનું મણિ-માણેક મળે છે. એને નિશ્ચય કહે છે, એને અભેદ કહે છે, એને સાચા રત્નત્રય કહે છે. કહો, સમજાણું કાંઈ? એની જોડે દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાનો એક વિકલ્પ હોય છે. સાચા સર્વજ્ઞ પરમાત્મા, સાચા પૂર્ણ સ્વરૂપને સાધનારા સંતો અને અહિંસા ધર્મ, શાસ્ત્રની શ્રદ્ધા એનો જે શુભ વિકલ્પ એ વ્યવહાર શ્રદ્ધા છે, ભેદવાળી શ્રદ્ધા છે, એ ઉપચારીક શ્રદ્ધા છે.

'**નવતત્ત્વોંકી શ્રદ્ધા,...**' જીવ-અજીવ આદિ બરાબર (જાણ્યા છે). જીવ અનંત છે, અજીવ અનંત છે, પુણ્ય પરિણામ છે, પાપ પરિણામ છે, એવા નવે નવ ભિન્ન ભિન્ન એના

કાર્ય અને ભિન્ન ભિન્ન જેનું સ્વરૂપ (છે), એ રીતે નવને શ્રદ્ધવા એ વિકલ્પવાળી શ્રદ્ધા (છે). એ રાગ શ્રદ્ધા, રાગરૂપ શ્રદ્ધા, એ વ્યવહાર શ્રદ્ધા કહેવામાં આવે છે.

આગમનું જ્ઞાન અને શાસ્ત્રનું જ્ઞાન. સ્વનું જ્ઞાન એ નિશ્ચયજ્ઞાન. આગમજ્ઞાન એ વ્યવહારનો એવો વિકલ્પ હોય છે. શાસ્ત્રના ભણવાનું જ્ઞાન એ વિકલ્પ (છે). નિશ્ચય જેને હોય એને આવો વ્યવહાર હોય છે. એવું આગમનું જ્ઞાન, બરાબર આગમનું જેવું કહેવું છે નવ તત્ત્વ, છ દ્રવ્ય આદિ, એનું એને જ્ઞાન (હોય છે). એ વ્યવહાર જ્ઞાન કહેવામાં આવે છે. જે વિકલ્પ છે, જે ભેદ છે, જે ઉપચાર છે અથવા ખોટા રતન છે. ઉપચાર કહો કે ખોટા કહો, એમાં શું છે? સમજાણું કાંઈ?

ખોટા કિંમતી થાય નહિ. ખોટાને કિંમતનો આરોપ આપે, પેલો નિશ્ચય સાથે છે માટે. સમજાણું કાંઈ? '**તથા સંયમભાવ...**' પાંચ ઈન્દ્રિયોના દમનનો શુભ વિકલ્પ. સમજાય છે? અથવા છ કાય જીવને ન મારવા એવો વિકલ્પ, એવો શુભ સંયમ વ્યવહાર હોય છે. એ વ્યવહાર આચરણ કહો, ભેદરૂપી આચરણ કહો, નિમિત્તરૂપે આચરણ કહો કે ઉપચાર આચરણ કહો. '**યે વ્યવહારરત્નત્રય હૈં,...**' છે. પાછું એમ સિદ્ધ કરવું છે ને? કારણ કે પેલાને કહ્યું હતું ને ભેદાભેદ રત્નત્રયની ભાવના પ્રિય છે. ત્યારે છે એ પ્રિય છે ને? સમજાણું? ભગવાને આમ કહ્યું હતું, આચાર્ય કહે છે, અમે પણ એમ જ કહીએ છીએ. '**ઈસીકા નામ ભેદરત્નત્રય હૈ.**' વિકલ્પરૂપ, રાગરૂપ, ઉપચારરૂપ ભેદરત્નત્રય છે, જેનું ફળ ખરેખર તો પુણ્ય છે. પણ નિશ્ચયરત્નત્રયનું ફળ મોક્ષ છે, એવો એનો આરોપ દઈને કહીએ તો એનું ફળ મોક્ષ છે એમ કહેવામાં આવે છે. સમજાય છે કે નહિ?

આત્મા વસ્તુનો સ્વભાવ, એની અંતર દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા તે એક જ મોક્ષનો સાચો માર્ગ છે. પણ સાથે આવો વ્યવહાર છે એ ખરેખર (મોક્ષમાર્ગ) નથી. પણ આવા મોક્ષમાર્ગની જોડે એવો વિકલ્પ અનુકૂળ વ્યવહારે ગણીને એ પણ મોક્ષનું કારણ છે એમ વ્યવહારે કહેવામાં આવે છે. છે બંધનું કારણ. એને વ્યવહારનય કહે છે કે તે વ્યવહાર મોક્ષનું કારણ છે. આવા બે પ્રકારના ભાવ ધર્મ આરાધક જીવને હોય છે. સમજાણું કાંઈ?

વિકલ્પ છે કે નહીં? અહીં નિર્વિકલ્પની સાથે છે તો આરોપ દે છે. આરોપ કરીને કહે છે ને? નિશ્ચય સાચા છે, પેલા જોડે ખોટા છે. પણ સાચાના નિશ્ચયની અપેક્ષાએ એ પણ વ્યવહારે સાચા છે, એમ આરોપ કરવામાં આવે છે. કઠણ પડે એવું છે. શું છે?

અહીં તો બેને રત્નત્રય કહેવા છે ને? અહીં નિશ્ચયરત્નત્રય છે એટલે એને વ્યવહારરત્નત્રય કહ્યા. નિમિત્તરૂપે કહો, ભેદરૂપ કહો, વ્યવહારરૂપ કહો. અહીં આ છે એનો આરોપ કરીને એને પણ રત્નત્રય કહ્યા ને મોક્ષમાર્ગ બેય છે એમ કહેવામાં આવ્યું. બેનું કથન કર્યું એમાં બે આવ્યા. વાસ્તવિક તો એક જ મોક્ષમાર્ગ છે. આ આજે થોડું વ્યવહારને સ્થાન મળ્યું (એમ કહે છે).

મુમુક્ષુ :- આજે નિશ્ચિત કરવા માટે સ્થાન મળ્યું છે.

ઉત્તર :- અહીં તો બે સાથે વર્ણવવા છે ત્યારે એનું સ્વરૂપ શું કહે? એને રત્નત્રય કહ્યા. અહીં રત્નત્રય સાચા છે તો વિકલ્પને વ્યવહારે રત્નત્રય કહ્યા. આ નિશ્ચય તો આ વ્યવહાર,

આ સાચા તો આ ઉપચાર, આ ખરેખર તો એ ખોટા, આ શુદ્ધ ઉપાદાન તો ઓલું નિમિત્ત. કહો, સમજાણું કાંઈ? આહાહા..! નિશ્ચયની અપેક્ષાએ ખોટા, વ્યવહારની અપેક્ષાએ વ્યવહાર સાચા. છે ખરું ને?

એ ઉપચારનો અર્થ જ ખોટો છે. મીંદડીને સિંહ કહેવો. એમાં શું કે આ સિંહ રહ્યો. ચિતરામણમાં લખ્યું હોય ને સિંહ. આ સિંહ. છે સિંહ? ખોટો સિંહ છે. ઉપચારથી કહેવામાં આવે છે.

**'ભેદરત્નત્રય તો સાધન હૈં...'** વ્યવહારે. એ વ્યવહારે રત્નત્રય, ભેદ રત્નત્રય વ્યવહારે સાધન છે. કારણ કે, એનો વિષય પર છે. શું કીધું? દેવ-ગુરુ લીધા ને? જુઓને! દેવ-ગુરુ મહાધર્મ, નવ તત્ત્વો ને આગમનું જ્ઞાન અને સંયમ ઇન્દ્રિયનું દમન આદિ પરલક્ષે પરને આમ ન મારવા આદિ, એવો જે વ્યવહાર રત્નત્રય છે એ રાગ છે, એનો વિષય પર છે. નિશ્ચય રત્નત્રય છે તે નિર્વિકાર છે, તેનો વિષય આત્મા છે. આહાહા..!

એ તો આ નિશ્ચયની અપેક્ષાએ ખોટો. ખોટાની અપેક્ષાએ ખોટો સાચો (છે). વસ્તુ નથી? વસ્તુ નથી? ખોટો રૂપિયો નથી? ખોટો રૂપિયો છે કે નહિ? પણ રૂપિયો કહેવાય ને એને? શું કહેવાય? ખોટો રૂપિયો પણ રૂપિયો કહેવાય ને? એમ.

મુમુક્ષુ :- સાધન કહ્યું.

ઉત્તર :- ખોટું વ્યવહારે સાધન કહ્યું.

મુમુક્ષુ :- તો ખોટાની વ્યાખ્યા કરતા આવડે તો સાચો આવ્યો કહેવાય.

ઉત્તર :- અસત્યાર્થનયે, વ્યવહારનયે તેને સાધન કહ્યું. અસત્યાર્થનયે, વ્યવહારનયે, જૂઠીનયે તેને સાધન કહ્યું. કહો, સમજાણું?

**'ઔર અભેદરત્નત્રય સાધ્ય હૈં.'** આહાહા..! ભગવાનઆત્મા.. અરે..! વિસામાનું ઠામ જેણે કોઈ દિ' જોયું નહિ, જાણ્યું નહિ, જાણ્યાનો અનુભવ કરવાનો પ્રયત્ન કર્યો નહિ. રુચ્યું નહિ... રુચ્યું નહિ. જ્યાં આગળ ઠરવાથી શાંતિ મળે અને એ શાંતિનું મહાધામ સત્તા આસન લગાવવાનું (સ્થાન), એવી ચીજ શું છે એની એણે અનંતકાળમાં કોઈ દિ' પ્રીતિ પણ કરી નથી. સમજાણું કાંઈ?

---

**अथ त्रिविधात्मानं ज्ञात्वा बहिरात्मानं विहाय स्वसंवेदनज्ञानेन परं परमात्मानं भावयत्वमिति प्रतिपादयति –**

**१२) अप्पा ति-विहु मुणेवि लहु मूढउ मेल्लहि भाउ।**
**मुणि सण्णाणें णाणमउ जो परमप्प-सहाउ।।१२।।**

**आत्मानं त्रिविधं मत्वा लघु मूढं मुञ्च भावम्।**
**मन्यस्व स्वज्ञानेन ज्ञानमयं यः परमात्मस्वभावः।।१२।।**

**अप्पा तिविहु मुणेवि लहु मूढउ मेल्लहि भाउ हे प्रभाकरभट्ट आत्मानं त्रिविधं मत्वा लघु शीघ्रं मूढं बहिरात्मस्वरूपं भावं परिणामं मुञ्च। मुणि सण्णाणें णाणमउ जो परमप्पसहाउ पश्चात्**

त्रिविधात्मपरिज्ञानानन्तरं मन्यस्व जानीहि। केन करणभूतेन। अन्तरात्मलक्षणवीतराग-निर्विकल्पस्वसंवेदनज्ञानेन। कं जानीहि। यं परात्मस्वभावम्। किंविशिष्टम्। ज्ञानमयं केवलज्ञानेन निर्वृत्तमिति। अत्र योऽसौ स्वसंवेदनज्ञानेन परमात्मा ज्ञातः स एवोपादेय इति भावार्थः। स्वसंवेदनज्ञाने वीतरागविशेषणं किमर्थमिति पूर्वपक्षः, परिहारमाह-विषयानुभवरूप-स्वसंवेदनज्ञानं सरागमपि दृश्यते तन्निषेधार्थमित्यभिप्रायः।।१२।।

---

आगे तीन प्रकार आत्माको जानकर बहिरात्मपना छोड़ स्वसंवेदन ज्ञानकर तू परमात्माका ध्यान कर, इसे कहते हैं –

## गाथा – १२

अन्वयार्थ :– [ आत्मानं त्रिविधं मत्वा ] हे प्रभाकरभट्ट, तू आत्माको तीन प्रकारका जानकर [ मूढं भावम् ] बहिरात्म स्वरूप भावको [ लघु ] शीघ्र ही [ मुञ्च ] छोड़, और [ यः ] जो [ परमात्मस्वभावः ] परमात्माका स्वभाव है, उसे [ स्वज्ञानेन ] स्वसंवेदनज्ञानसे अंतरात्मा होता हुआ [ मन्यस्व ] जान। वह स्वभाव [ ज्ञाननयः ] केवलज्ञानकर परिपूर्ण है।

भावार्थ :– जो वीतराग स्वसंवेदनकर परमात्मा जाना था, वही ध्यान करने योग्य है। यहाँ शिष्यने प्रश्न किया था, जो स्वसंवेदन अर्थात् अपनेकर अपनेको अनुभवना इसमें वीतराग विशेषण क्यों कहा? क्योंकि जो स्वसंवेदन ज्ञान होवेगा, वह तो रागरहित होवेगा ही। इसका समाधान श्रीगुरुने किया – कि विषयोंके आस्वादनसे भी उन वस्तुओंके स्वरूपका जानपना होता है, परंतु रागभावकर दूषित है, इसलिये निजरस आस्वाद नहीं है, और वीतराग दशामें स्वरूपका यथार्थ ज्ञान होता है, आकुलता रहित होता है। तथा स्वसंवेदनज्ञान प्रथम अवस्थामें चौथे पाँचवें गुणस्थानवाले गृहस्थके भी होता है, वहाँ पर सराग देखनेमें आता है, इसलिये रागसहित अवस्थाके निषेधके लिये वीतराग स्वसंवेदन ज्ञान ऐसा कहा है। रागभाव है, वह कषायरूप है, इस कारण जबतक मिथ्यादृष्टिके अनंतानुबंधीकषाय है, तबतक तो बहिरात्मा है, उसके तो स्वसंवेदन ज्ञान अर्थात् सम्यक्ज्ञान सर्वथा ही नहीं है, व्रत और चतुर्थ गुणस्थानमें सम्यग्दृष्टिके मिथ्यात्व तथा अनंतानुबंधीके अभाव होनेसे सम्यग्ज्ञान तो हो गया, परंतु कषायकी तीन चौकड़ी बाकी रहनेसे द्वितीयाके चंद्रमाके समान विशेष प्रकाश नहीं होता, और श्रावकके पाँचवें गुणस्थानमें दो चौकड़ीका अभाव है, इसलिये रागभाव कुछ कम हुआ, वीतरागभाव बढ़ गया, इस कारण स्वसंवेदनज्ञान भी प्रबल हुआ, परंतु दो चौकड़ीके रहनेसे मुनिके समान प्रकाश नहीं हुआ। मुनिके तीन चौकड़ीका अभाव है, इसलिये रागभाव तो निर्बल हो गया, तथा वीतरागभाव प्रबल हुआ, वहाँपर स्वसंवेदनज्ञानका अधिक प्रकाश हुआ, परंतु चौथी चौकड़ी बाकी है, इसलिये छट्ठे

गुणस्थानवाले मुनिराज सरागसंयमी हैं। वीतरागसंयमीके जैसा प्रकाश नहीं है। सातवें गुणस्थानमें चौथी चौकड़ी मंद हो जाती है, वहाँपर आहार–विहार क्रिया नहीं होती, ध्यानमें आरूढ़ रहते हैं, सातवेंसे छठे गुणस्थानमें आवें, तब वहाँपर आहारादि क्रिया है, इसी प्रकार छट्ठा–सातवाँ करते रहते हैं, वहाँपर अंतर्मुहूर्तकाल है। आठवें गुणस्थानमें चौथी चौकड़ी अत्यंत मंद होजाती है, वहाँ रागभावकी अत्यंत क्षीणता होती है, वीतरागभाव पुष्ट होता है, स्वसंवेदनज्ञानका विशेष प्रकाश होता है, श्रेणी माँडनेसे शुक्लध्यान उत्पन्न होता है। श्रेणीके दो भेद हैं, एक क्षपक, दूसरी उपशम, क्षपकक्षेणीवाले तो उसी भवसे केवलज्ञान पाकर मुक्त हो जाते हैं, और उपशमवाले आठवें, नवमे दशवेंसे ग्यारहवाँ स्पर्शकर पीछे पड़ जाते हैं, सो कुछ–एक भव भी धारण करते हैं, तथा क्षपकवाले आठवेंसे नवमें गुणस्थानमें प्राप्त होते हैं, वहाँ कषायोंका सर्वथा नाश होता है, एक संज्वलनलोभ रह जाता है, अन्य सबका अभाव होनेसे वीतराग भाव अति प्रबल हो जाता है, इसलिये स्वसंवेदनज्ञानका बहुत ज्यादा प्रकाश होता है, परंतु एक संज्वलनलोभ बाकी रहनेसे वहाँ सरागचरित्र ही कहा जाता है। दशवें गुणस्थानमें सूक्ष्मलोभ भी नहीं रहता, तब मोहकी अट्ठाईस प्रकृतियोंके नष्ट हो जानेसे वीतरागचारित्र की सिद्धि हो जाती है। दशवेंसे बारहवेंमें जाते हैं, ग्यारहवें गुणस्थानका स्पर्श नहीं करते, वहाँ निर्मोह वीतरागीके शुक्लध्यानका दूसरा पाया (भेद) प्रगट होता है, यथाख्यातचारित्र हो जाता है। बारहवेंके अंतमें ज्ञानावरण, दर्शनावरण, अंतराय इन तीनोंका विनाश कर डाला, मोहका नाश पहले ही हो चुका था, तब चारों घातिकर्मोंके नष्ट हो जानेसे तेरहवें गुणस्थानमें केवलज्ञान प्रगट होता है, वहाँपर ही शुद्ध परमात्मा होता है, अर्थात् उसके ज्ञानका पूर्ण प्रकाश हो जाता है, निःकषाय है। वह चौथे गुणस्थानसे लेकर बारहवें गुणस्थान तक तो अंतरात्मा है, उसके गुणस्थान प्रति चढ़ती हुई शुद्धता है, और पूर्ण शुद्धता परमात्माके है, यह सारांश समझना।।१२।।

---

હવે ત્રણ પ્રકારના આત્માને જાણીને બહિરાત્માને છોડીને સ્વસંવેદનજ્ઞાન વડે તું પરમ પરમાત્માને ભાવ એમ કહે છે :

ભાવાર્થ : અહીં સ્વસંવેદનજ્ઞાન વડે જે આ પરમાત્મા જણાયો તે જ ઉપાદેય છે તે ભાવાર્થ છે.

પૂર્વપક્ષ : સ્વસંવેદનજ્ઞાનને 'વીતરાગ' વિશેષણ શા માટે લગાડ્યું છે?

તેનું સમાધાન : વિષયોના અનુભવરૂપ સ્વસંવેદનજ્ઞાન સરાગ પણ જોવામાં આવે છે તેથી તેના નિષેધ અર્થે 'વીતરાગ' એવું વિશેષણ જ્ઞાનને લગાડ્યું છે એવો અભિપ્રાય છે. ૧૨.

## ગાથા-૧૨ ઉપર પ્રવચન

**'આગે તીન પ્રકાર આત્માકો જાનકર...'** હવે બારમી ગાથા. **'બહિરાત્મપના છોડ સ્વસંવેદન જ્ઞાનકર તૂ પરમાત્માકા ધ્યાન કર, ઈસે કહતે હૈં'**

**१२) अप्पा ति–विहु मुणेवि लहु मूढउ मेल्लहि भाउ।**
**मुणि सण्णाणें णाणमउ जो परमप्प–सहाउ।।१२।।**

**અન્વયાર્થ :–** **'હે પ્રભાકરભટ્ટ, તૂ આત્માકો તીન પ્રકારકા જાનકર...'** **'मूढं भावम् लघु मुञ्च'** **'બહિરાત્મ સ્વરૂપ ભાવકો શીઘ્ર હી છોડ,...'** એ પુણ્ય ને પાપ ને પોતાના માનવા, એ રાગના વિકલ્પોને પોતાના માનવા, એ બહિરાત્મબુદ્ધિ, મિથ્યાબુદ્ધિ, મૂંઢબુદ્ધિ છે. શરીર, વાણી તો ક્યાંય રહી ગયા. ખબર નથી અહીંથી જાવું ક્યાં? કોઈ હારે આવે એવું છે?

હશે કોણ જાણે કોને થાતું હોય તો. કાગડા આદિને શ્રાદ્ધ નાખે એવાને થાતું હશે? પરભવમાં આ બધી સામગ્રીનો કાંઈ ઉપકાર (થાય કે નહિ?) આ ભવમાં તો કાંઈ નહિ પર વસ્તુ છે એટલે કાંઈ ઉપકાર થતો નથી. પણ એના માટે મરી ગયો, મરીને મથે છે. છોકરા માટે, બાયડી માટે, શરીર માટે, મકાન માટે, આબરૂ માટે મરીને મથે છે. ખબર છે કે અમે અહીં રહેવાના નથી. જાવું છે મોટે કાળે બીજે. અહીં તો થોડો કાળ (રહેવાનું છે). હવે આ સામગ્રીની સંભાળમાં એને આ સામગ્રી એક સમય પણ સાથે આવવાની નથી. બરાબર હશે? એક સમય સાથે આવશે? પણ..

મુમુક્ષુ :– કામમાં...

ઉત્તર :– કોને? ધૂળમાં કામ આવે છે? દુઃખને માટે નિમિત્ત થવામાં કામ આવે છે. દુઃખને માટે નિમિત્ત થવામાં કામ આવે છે.

મુમુક્ષુ :– અલ્પ જ છે ને.

ઉત્તર :– અલ્પ નહિ, બધું, બધું દુઃખ જ છે. અલ્પને વળી ક્યાં? પછી 'મહેન્દ્રભાઈ' જેવા છોકરા હોય તો એના પિતાજી કહે થોડું દુઃખ છે ને એટલું તો? થોડું તો સુખ છે ને એમાં? કહો. કહ્યાગરા છોકરા મળે એવા. પિતાજીને અહીં પચાસ હજારના મકાન કરાવી દે. રહો, નિરાંતે રહો. હવે તમારે કાંઈ કરવાનું નથી, જાવ. એટલું તો સુખ ખરું કે નહિ? નહિ? લે, આ ના પાડે છે. એય..! 'સેઠી'! 'સેઠી' પણ ના પાડે છે. એ દુઃખ જ છે.

મુમુક્ષુ :– સુખ નહિ...

ઉત્તર :– સુખ નહિ ને દુઃખ, બેમાં ફેર હશે? આહાહા..!

એક સેકન્ડનો અસંખ્યમો ભાગ પણ જેના સમીપમાં એના ક્ષેત્રમાં આ ચીજ આવી નથી. આવી છે? એક સમયમાત્ર આ શરીર આત્માની પર્યાયમાં આવ્યું છે? એક સમય. અને એક સમયમાત્ર અહીંથી નીકળતા સાથે એક સમયમાત્ર આવશે? આ તો પર માટી, ધૂળ, પર વસ્તુ અને જગતના પદાર્થ છે. આહાહા..! પણ એને માટે આત્માને ખોઈને પણ એને સારા

રાખું. આત્માને ગાળીને પણ એને જીવતા, ટકતા રાખું. આત્માને ઓગાળીને પણ એને ટકતા રાખું. મિથ્યાશ્રદ્ધાથી આની ... આમ રહો, આનો .. આમ રહો અને આનો .. આમ રહો. મરી ગયો એની ભાવનામાં. 'મોહનભાઈ'! અરે..! શું હશે આ તે? અને એક સમયમાત્ર જ્યાં છૂટ્યો. ખબર નથી એને કે, અહીં રહેવું છે કેટલું? જેટલા વર્ષ કેટલાકને પચાસ ઉપર નીકળ્યા એને એટલું રહેવું છે? એક વાત છે. દાખલો. આ શેઠને તો ૮૦ થઈ ગયા. શરીરને, હોં! શેઠને એટલે આત્માને નહિ. આહાહા..! ક્યાંનો તું, ક્યાંનું આ પીંજર? આ શરીર જ જડ, માટી, ધૂળના પદાર્થ છે. તું ક્યાં છો એમાં? એની સંભાળ કરવી એ કાંઈ સંભાળે રહે એવું છે? આહાહા..! હારે તો આવતું નથી, મમતા છૂટતી નથી. હારે આવતું નથી, મમતા છૂટતી નથી. છોડ્યા વિના રહેવું નથી હવે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, ના. થાય છે એમ માને છે કે, સારું રાખું આને. એ માટે દુઃખમાં રહે છે. સારું રાખ્યું રહેતું નથી માટે દુઃખ માને છે. એ મૂંઢતા છે, એમ કહે છે. સારું-નરસુંની વ્યાખ્યા શું? એ તો પરપદાર્થ છે. તારા કોઈ કલ્પનાથી તે રહે એવું છે? અને કલ્પના લાખ રાખે છૂટવા કાળે છૂટ્યા વિના રહે એવું છે? અત્યારે છૂટું જ પડેલું છે. ક્યાં ગરી ગયું છે આત્મામાં ઈ? આહાહા..! પણ મૂંઢ પોતાનો આત્મા...

અહીં બહિરાત્માની વ્યાખ્યા ચાલે છે. બહિર જેટલી વસ્તુ છે તે તેની નથી, તેમાં રહે નહિ, એ રાખી રહે નહિ, છતાં એને પોતાનું માની, પોતાના આત્માની શાંતિ, સ્વભાવ, અનાદર ખોઈ કરી આને રાખવા મથે છે. એ ત્રણકાળમાં એના થતાં નથી ને કોઈ દિ' થયા નથી. એવી માન્યતાવાળા કહે, મારા આને રાખું. એ બહિરાત્મા મૂંઢ કહેવાય છે. '**मूढउ**' અહીં શબ્દ વાપર્યો છે. આહાહા..! સમજાણું?

કોઈ રીતે જગતમાં મને સારો કોઈ કહે અને નરસાની છાપ છે એ જાય. એના માટે મથે વિકલ્પથી, એનો અર્થ જ ઈ પરને જ પોતાનું માને છે. આહાહા..! ઈ બહિરાત્મા પરને જ પોતાનું માને છે. કેમ કે પર જે છે ઈ મને ઠીક કહે ને તો મને ઠીક. એટલે એ પરને જ પોતાનું માને છે. બીજા મને ઠીક કહે... આહાહા..! ભારે! બસ, રાજી, રાજી. અને એ સારો માણસ કહેવાય. તો એને સારો માણસ કહેવાય.

મુમુક્ષુ :- ઈ સારો.

ઉત્તર :- હા. એને ઠીક કીધું ને એટલે એ સારો.

વાત તો એ છે. અરે..! તારે દુનિયા જે પરપદાર્થ, એની પર્યાય ઈ સરખું તને કહે, તો તને સરખું ઠીક લાગે અને સરખું એ ન કહે તો ઠીક ન લાગે. એણે પરને જ પોતાનું માન્યું છે. સમજાય છે કાંઈ? બહિરાત્મબુદ્ધિ, મૂંઢબુદ્ધિ છે. આહાહા..! બરાબર હશે?

કહે છે, '**બહિરાત્મ સ્વરૂપ ભાવકો...**' હોં! ભાવકા. છે ને? પાઠ છે ને? '**मूढं भावम्**' એમ છે. પરવસ્તુ નહિ, પરવસ્તુ મારી છે, એને રાખું, એની રક્ષા કરું અને પ્રતિકૂળ હોય તો એને દૂર કરું. એવો જે પરને (પોતાનું માને છે), એનો અર્થ કે, હું દૂર કરું ને રાખું એનો અર્થ

જ પરને પોતે માન્યું કહેવાય. પરને પોતાનું માન્યું છે કે આને દૂર કરું ને ભેગું કરું એવું એણે માન્યું છે. સમજાણું કાંઈ? આહાહા..!

અંતરાત્મા ભગવાન જ્ઞાનમય કહેશે, જુઓ! આ પાઠમાં. '**स्वज्ञानेन ज्ञानमयं जान मन्यस्व**...' ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ! એનામાં આ પરચીજનો ત્રણે કાળે અભાવ (છે). છતાં એને રાખવા મથુ અને એને ઠીક પડે મારું તો એ ઠીક મને, એમ એને પરને જ એણે માન્યું છે. અને મારી આ નિંદા કરે ને એના અસ્તિત્વને હું ઉખેડી નાખું તો મને ઠીક પડે. એનો અર્થ જ છે કે, એ પરને જ પોતાનું માને છે. સમજાણું કાંઈ?

એ બહિર્ નામ ભગવાન અંતર્મુખ ચિદાનંદમૂર્તિ, એવું જેને પોતાનું જ્ઞાન, જ્ઞાનનું જ્ઞાન નથી. સ્વસંવેદનજ્ઞાન, જ્ઞાનમયનું સ્વસંવેદનજ્ઞાન. હું તો જ્ઞાનઆત્મા ચૈતન્ય છું. પર્યાયમાં વિકાસ ભલે પરમાત્માનો ન હો પણ હું સ્વસંવેદન જ્ઞાનથી, જ્ઞાન સ્વરૂપે તે હું છું. બીજી કોઈ ચીજને ફેરફાર કરવા હું માગું તો મારી કલ્પનાથી ફેરફાર થાય એ ચીજમાં છે નહિ. કારણ કે એ જ્ઞાન છે, આ જ્ઞાન છે. એ તો થાય તેને જાણનાર છે. સમજાય છે? થાય તેને ફેરવનાર છે એમ નથી. ફેરવી નાખ તારા ભાવમાંથી, ફેરવી નાખ તારા ભાવમાંથી. શું કરવું છે તારે? આહાહા..! એ તીર્થંકરોએ બહિરાત્માનું સ્વરૂપ આવું વર્ણવ્યું. એમ આચાર્ય કહે છે કે હું તારી પાસે વર્ણવું છું. આહાહા..! પાઠમાં શું લીધું?

'**लहु मूढउ मेल्लहि भाई**..' શીઘ્રપણે મૂઢાત્માને મેલ એવા ભાવને. સમજાણું કાંઈ? બહારની સગવડતાએ મને ઠીક અને અસગવડતાએ અઠીક, એ પરને જ પોતાનું માન્યું. એની બુદ્ધિ, બહિર્બુદ્ધિ, બાહ્ય બુદ્ધિ છે. સમજાણું? આ નામ શરીરનું એની પ્રસિદ્ધિએ મને પ્રસિદ્ધિ (છે એમ માનનાર) એ બહિરાત્મા મૂઢ મિથ્યાદષ્ટિ છે. શરીરના નામની કોઈ નિંદા આદિ કરે ને એને એમ થાય કે, આ મારી નિંદા કરે છે. એનો અર્થ કે શરીરને નામે જે કરે ઈ મને કરે (છે). એટલે એ શરીરને જ પોતાનું માન્યું. આહાહા..! કહો, 'ભીખાભાઈ'! આહાહા..!

મુમુક્ષુ :- આ ઉકરડો કાઢવા...

ઉત્તર :- આ ઉકરડો કાઢવા માટે તો વાત ચાલે છે આ. આહાહા..! આમ તો અગિયાર અંગ ને નવ પૂર્વ શીખી ગયો. ભણી ભણીને ગોખી ગયો. સમજાણું કાંઈ? અને મને આવડ્યું એમ પણ એણે માની લીધું. આપણને આવડે છે બધું હવે. અમે તો ઘણું શીખી ગયા, ઘણા વર્ષથી શીખી ગયા.

એના ખ્યાલમાં છે બધું. ખ્યાલમાં છે કે, આ વસ્તુમાં ફેરફાર થાય તો મને ઠીક પડે ને એમાં ન થાય તો મને ઠીક ન પડે, એ ખ્યાલમાં છે. સમજાણું કાંઈ? છોડ બહિરાત્મ બુદ્ધિ અને પરમાત્મ સ્વભાવ, પોતાનો પરમ સ્વભાવ, પરમ સ્વરૂપ સ્વભાવ એકલો જ્ઞાનમય પ્રભુ જ્ઞાનમય (એને ગ્રહણ કર), જ્ઞાન (કહેતાં) શાસ્ત્રનું જ્ઞાન નહિ, આ જ્ઞાન નહિ. આ આત્મા જે જ્ઞાનમય વસ્તુ છે, એનું '**स्वज्ञानेन**' જુઓ! સ્વજ્ઞાનમાં સ્વસંવેદનનો વિસ્તાર કરશે. ઈ

'**स्वज्ञानेन**' છે ને? એનો વિસ્તાર કરશે.

'**સ્વસંવેદનજ્ઞાનસે અંતરાત્મા હોતા હુઆ...**' જુઓ! ચોથેથી બાર સુધીની આ વ્યાખ્યા. '**स्वज्ञानेन**' ઓલી મિથ્યાત્વની વ્યાખ્યા બહિરાત્માની અને આ ચોથાથી બારમા સુધી. સમજાણું કાંઈ? એમાંથી કાઢશે. એ પાઠ એટલો છે. '**अन्तरात्मलक्षणवीतराग–निर्विकल्पस्वसंवेदनज्ञानेन।**' પાઠમાં '**स्वज्ञानेन**' (છે). ટીકામાં '**अन्तरात्मलक्षणवीतराग–निर्विकल्पस्वसंवेदनज्ञानेन।**' આ વસ્તુ. પેલા કહે, નવા શાસ્ત્રો બનાવ્યા. ભાઈ! શાસ્ત્રો બનાવ્યા નથી. એ તો શાસ્ત્રમાં છે એ વાતનો વિસ્તાર કર્યો. નવા શાસ્ત્રો શું કરવા બનાવ્યા? પેલા છે તે રાખવા હતા ને. લ્યો! એક વળી એમ કહે છે. કોણ બનાવે? બાપા! કાર્ય કોણ કરે? એના પરમાણુની પર્યાયમાંથી જે વિસ્તાર આવવાનો હોય એ આવે, હોય. એમાં નવા શાસ્ત્ર ક્યાં? નવી વાણી (ક્યાં)? વાણી તો જે છે એ છે. કોણ વાણી કરે ને કોણ કાઢે ને કોણ બોલે? આહાહા..! સમજાણું કાંઈ? વાણી હું ધીમેથી કહું તો હું કરી શકું, તાણીને કરું તો કરી શકું, ઉગ્રપણે જોર દઈને કરું અને ધીમેથી (કરું), બધું કરી શકું. એ માન્યતા જ બહિરાત્મા મૂઢની છે. આહાહા..! ભગવાન પાસે તો એકલું જ્ઞાન છે. એની પાસે આનું આમ કરવું એવું એની પાસે છે? એના દ્રવ્ય-ગુણમાં નથી અને પર્યાયમાં પણ નથી. સમજાણું?

કહે છે, એ '**સ્વસંવેદનજ્ઞાનસે અંતરાત્મા હોતા હુઆ...**' '**मन्यस्व**' '**જાન.**' શું જાણ? '**વહ સ્વભાવ કેવલજ્ઞાનકર પરિપૂર્ણ હૈ.**' એકલો જ્ઞાન શાંતરસ, અકષાયી જ્ઞાન વીતરાગ વિકલ્પ વિનાનું, બોલવાની ભાષાની તો ગંધેય નથી એમાં, પણ વિકલ્પ કરું, આમ નહિ કરું એ વસ્તુમાં નથી. એવો એકલો જ્ઞાનમય અકષાય, વિકારરહિત, વીતરાગ સ્વરૂપ, જ્ઞાન સ્વરૂપ એને પામ, એનું સાધન કર. બહિરાત્માને છોડી અંતરાત્મા દ્વારા પરમાત્માનું સાધન કર. સમજાણું કાંઈ? અરે..! આમાં કોનું કામ છે પણ? સમજાણું? કે આ દુનિયા રાજી થાય કે ન રાજી થાય. હવે દુનિયા રાજી-નરાજી પરદ્રવ્ય છે. એની પર્યાય સાથે તારે શું સંબંધ છે?

મુમુક્ષુ :- દુનિયા કોઈ દિ' રાજી થાય એમ નથી.

ઉત્તર :- પણ રાજી થાય તો એની પર્યાયમાં. એની પર્યાયમાં એવું પરિણમન (થાય) એમાં તને શું? તારા પરિણમનને શું લાભ એમાં? અને પ્રતિકૂળતાના પરિણમનની વાણી જગતમાં હોય એમાં તારી પર્યાયને નુકશાન શું? આહાહા..! સમજાણું કાંઈ?

તેથી કહ્યું કે, '**स्वज्ञानेन**'. '**स्वज्ञानेन**' શબ્દ વાપર્યો છે એમાંથી આટલું (કાઢ્યું કે) સ્વસંવેદન એટલે આત્માના જ્ઞાન દ્વારા, કેવળજ્ઞાનકર પરિપૂર્ણ એને જાણ. આખો આત્મા પરિપૂર્ણ છે એને જાણ અને જાણીને પરમાત્મા પૂર્ણ પ્રગટ કરવાનું સાધન અંતરાત્માપણું પ્રગટ કર. આહાહા..!

અનંતકાળમાં માંડ માંડ માણસ થયો. એમાં માંડ એને મનુષ્યપણામાં સંજ્ઞીપણું મળ્યું. એમાં કાંઈક ઈન્દ્રિયો (સરખી મળી). એમાંથી ભાગીને નીકળવાનો એને કાળ (મળ્યો), ત્યાં ચોંટીને પડ્યો એમાં સરખાયનો. સમજાણું કાંઈ? એમાંથી છૂટીને નીકળવાના ટાણા

(આવ્યા). એમાંથી છૂટવું નથી, એને જ પકડી ને રાખવું (છે) ને એને જ રાખવું (છે). ઓહોહો..! અવળાઈ તે પણ કાંઈ. બહિરાત્મબુદ્ધિ-બહારને રાખવા, છોડવા, રાજી-ખુશી કરવા. કહે છે કે, ભાઈ! એ મૂંઢભાવ છોડ અને જ્ઞાનમય ભગવાન જાણવાનો દેખનાર સ્વભાવ તારો (છે). બોલવું પણ ક્યાં ને વિકલ્પ પણ ક્યાં ત્યાં (છે)? સમજાણું કાંઈ? એવી આત્માની ચીજને તું જાણ અને એ તો એકલો જ્ઞાનમય ભગવાન છે. સમજાણું કાંઈ? એમાં બોલવાનું, હાલવાનું, બીજાને રાજી (કરવાનું), બીજાથી રાજી થવાનું, કોઈ સ્વરૂપમાં છે જ નહિ. આહાહા..!

**'જો વીતરાગ સ્વસંવેદનકર પરમાત્મા જાના થા, વહી ધ્યાન કરને યોગ્ય હૈ.'** શું કહ્યું? અંતરાત્માની વાત કરી. ભગવાનઆત્મા એકલો જ્ઞાનનો (પુંજ), જ્ઞાન જેનું રૂપ અને સ્વરૂપ છે. શરીર જેનું રૂપ ને સ્વરૂપ જેનામાં ત્રણ કાળમાં નથી, વાણીનું રૂપ અને સ્વરૂપ જેનામાં નથી, પુણ્ય-પાપના વિકલ્પોના જવાબ દેવામાં આ વિકલ્પ હોય તો આમ દઉં, એવું વિકલ્પનું સ્વરૂપ ને રૂપ જેના સ્વરૂપમાં નથી. એ તો કેવો છે? વીતરાગ સંવેદન પરમાત્મા (છે). એ જ્ઞાનમય ભગવાન એને રાગરહિત ચૈતન્યના ભાન દ્વારા જાણ્યો હતો એ જ ધ્યાન કરવાને લાયક છે. એમાં વારંવાર એકાગ્ર થવા લાયક છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

**'યહાં શિષ્યને પ્રશ્ન કિયા થા, જો સ્વસંવેદન અર્થાત્ અપનેકર અપનેકો અનુભવના...'** મહારાજ! આપે એમ કહ્યું અપનેકર અપનેકો-પોતાથી પોતાને અનુભવવો. **'ઈસમેં વીતરાગ વિશેષણ ક્યોં કહા?'** પોતાનું જાણવું એમાં વીતરાગનું વિશેષણ (લગાવી) વીતરાગ સ્વસંવેદન જ્ઞાન કેમ કહ્યું? સ્વસંવેદન કહેવું હતું એકલું. વીતરાગ સ્વસંવેદન કેમ કહ્યું? આત્મા ભગવાન જ્ઞાનની મૂર્તિ પ્રભુ! પુરુષાકાર પરમાત્માનું સ્વરૂપ પોતે છે, એને પોતાના વીતરાગી જ્ઞાન દ્વારા જાણવું. આપે વીતરાગ શબ્દ કેમ વચમાં નાખ્યો? એમ શિષ્યે પ્રશ્ન કર્યો છે. **'ક્યોંકિ જો સ્વસંવેદન જ્ઞાન હોવેગા, વહ રાગરહિત હોવેગા હી.'** શિષ્યનો પ્રશ્ન છે. એનું વિશેષ સમાધાન કરશે. (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ !)

## વીર સંવત ૨૪૯૧, આસો સુદ ૫, બુધવાર
## તા. ૨૯-૦૯-૧૯૬૫, ગાથા-૧૨, પ્રવચન નં. ૧૦

'પરમાત્મપ્રકાશ'. પહેલાં ભાગની ૧૨મી ગાથા. અહીંયા શિષ્યનો પ્રશ્ન છે. એમ આચાર્યે કહ્યું, કે આત્માનું સ્વસંવેદન વીતરાગી જ્ઞાન, તેને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. આત્મા વસ્તુ સ્વરૂપે શુદ્ધ ચિદાનંદની જ્યોતિ, એનું સ્વ એટલે પોતાનું વેદન. અકષાય ભાવનું સમ્યગ્જ્ઞાનના પ્રકાશ સાથે વીતરાગી વેદન (થવું) તેને સ્વસંવેદન કહેવામાં આવે છે. એને ધર્મની શરૂઆત ચોથા ગુણસ્થાનથી કહેવામાં આવે છે.

ત્યારે શિષ્યે પ્રશ્ન કર્યો કે, '**વીતરાગ વિશેષણ ક્યોં કહા? ક્યોંકી જો સ્વસંવેદન જ્ઞાન હોવેગા, વહ તો રાગરહિત હોવેગા હી.**' સમજાય છે? શિષ્યને એટલો તો આશંકાનો ભાવ આવ્યો, કે આ સ્વસંવેદન આત્મા જે છે એ પોતાનું સ્વરૂપ શુદ્ધ, એને પોતાથી-સ્વથી સં-પ્રત્યક્ષ વેદે, એ તો વીતરાગભાવવાળું જ હોય. એમ તો શિષ્યે પ્રશ્ન કર્યો. છતાં '**વીતરાગ વિશેષણ ક્યોં કહા?**' સમજાણું?

'**ઈસકા સમાધાન શ્રીગુરુને કિયા કિ વિષયોંકે આસ્વાદનસે ભી ઉન વસ્તુઓંકે સ્વરૂપકા જાનપના હોતા હૈ,...**' શું કહે છે? ભગવાનઆત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ હોવા છતાં વિષયોના, કષાયોના પરિણામોનું સ્વમાં વેદન હોય છે. એને પણ સ્વસંવેદન કહેવામાં આવે છે. પણ એ વિષયોનું, ભોગનું, રાગનું વેદન એ રાગવાળું છે. સમજાણું કાંઈ? આત્મા વીતરાગી વિજ્ઞાનઘન (છે). એ પોતાનો વિષય, ધ્યેય છોડીને પાંચ ઈન્દ્રિયના વિષયો શુભાશુભ ચાહે સો હો, એ તરફના પુણ્ય-પાપનો વિકાર એ રાગ છે અને એ રાગનું વેદન એ સ્વસંવેદન કહેવાય. પોતાનું વેદન છે રાગનું, પણ વીતરાગી વેદન નથી. સમજાણું કાંઈ? ક્યા ફરમાયા? લ્યો!

આત્મા વિષયનું વેદન કરે એ કાંઈ જડનું વેદન નથી, પરનું નથી. આત્મા આનંદમૂર્તિ સ્વરૂપ સ્વ વિષયને છોડીને પર વિષયમાં શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ આદિમાં જે રાગાદિને કરીને વેદે એ સ્વસંવેદન છે. પોતાનું વેદન એટલે વિકારનું વેદન છે, એ કાંઈ જડનું ને પરનું નથી. એટલે સ્વસંવેદનમાં વીતરાગતા કહેવાનું એ કારણ છે કે, આ સ્વસંવેદન જે રાગવાળું છે એ વેદન અહીંયા લેવાનું નથી. સમજાણું કાંઈ આમાં?

આત્મા એકલો અતીન્દ્રિય આનંદનો રસ અને અકષાય સ્વભાવ, એનો એ પ્રભુ સાગર પૂર્ણ ભરેલો છે. એનું જે સ્વ, સ્વ એટલે અવિકારી વીતરાગી સ્વભાવનું. સ્વ-પોતાનું, સં-પ્રત્યક્ષ, રાગ વિના આત્માની શાંતિનું, જ્ઞાનનું વેદન થાય એને અહીંયા વીતરાગી સ્વસંવેદન કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? એ ચોથે ગુણસ્થાનથી પ્રગટ થાય છે. સમ્યગ્દર્શનથી સ્વસંવેદન વીતરાગી વેદન પ્રગટ થાય છે. એટલે સ્વસંવેદનને વીતરાગી વેદન કહેવાનો આશય કે વિષયના ભોગને પર તરફના વેદનમાં પોતે વેદે છે તો રાગને-વિકારને અને પોતાનું વેદન (છે). પોતાનું એટલે સ્વરૂપની વાત અહીંયા નથી. પણ વિકારને વેદે છે એમાં એકલો રાગ છે. માટે એ રાગનું વેદન એ સ્વસંવેદન વીતરાગી હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ આમાં? આહાહા..!

એમ કહે છે કે, અનંતકાળે એણે કાંઈ પરને તો કોઈ દિ' વેદ્યું નથી. જડને, શરીરને, પૈસાને, લાડવા, દાળ, ભાતને વેદ્યું નથી. એણે વેદ્યો તો પોતાનો જ ભાવ છે. પણ એ પોતાનો ભાવ એ રાગ ને વિકાર ને કષાયવાળો છે. એને એણે વેદ્યો. એ રાગવાળી વેદનાને જુદી પાડવા સમ્યગ્દષ્ટિને વીતરાગી સ્વસંવેદન હોય છે. માટે સ્વસંવેદનને વીતરાગ શબ્દ લાગુ પાડવો પડ્યો. ઓહો..! કહો, 'સેઠી'! આ તો જૂના માણસ છે તોય હજી એને પૂછવું પડે છે નવું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- રાગના વેદન વખતે...

ઉત્તર :- રાગનું વેદન ને રાગનું જ જ્ઞાન છે, સ્વનું જ્ઞાન ને સ્વનું વેદન નથી. ઠીક! અનાદિ વસ્તુ તો ભગવાન પૂર્ણાનંદથી ભરેલું તત્ત્વ વસ્તુ પદાર્થ આત્મા (છે). એનું સ્વ-જ્ઞાન ને સ્વનું વેદન તો વીતરાગી જ્ઞાન ને વીતરાગી વેદન હોય. પણ પુણ્ય-પાપના ભાવનું વેદન અને તેનું જ્ઞાન એ તો રાગનું જ્ઞાન ને રાગનું વેદન છે. સમજાણું કાંઈ આમાં? એય..! 'જમુભાઈ'! હવે આવું ઝીણું. 'ભીખાભાઈ'! આહાહા..!

વસ્તુ છે કે નહિ? એક ગોળનો આવડો મોટો ગાંગડો હોય. સમજાય છે? તો ગોળનો સ્વાદ આવે એ ગોળની મીઠાશનો આવે કે નહિ? કે ગોળ ઉપર કોઈ ધૂળનું ઢેફું બહાર આવી ગયું જરી. આ નથી નાખતા આમાં? ગોળ બાંધે ને જરી (એમાં) કાળી ધૂળ નાખે, સાબુ નાખે. અને એમાં કોઈ સાબુનો ભાગ ને જરીક ધૂળનો ભાગ રહી ગયો એનો સ્વાદ એ કાંઈ ગોળનો સ્વાદ છે? સમજાણું કાંઈ?

એમ ભગવાનઆત્મા જ્ઞાન ને અનાકુળ આનંદનું સ્વરૂપ, એમાં જેટલા વિકાર પુણ્ય-પાપના, રાગ-દ્વેષના થાય, એ ધૂળ ને સાબુની કોઈ કટકી રહી જાય એમાં ગોળમાં, હોં! થોડી થોડી નાખે ને? એ સ્વાદ બીજો થઈ જાય. એમ ચૈતન્યનો સ્વાદ સ્વનું જ્ઞાન ને સ્વનો સ્વાદ એ વીતરાગી જ્ઞાન ને વીતરાગી સ્વાદ છે. આહાહા..! કેમ કે આત્મા વીતરાગસ્વરૂપ જ છે. વીતરાગ એટલે અકષાય સ્વભાવનો ઘન આત્મા છે. આહાહા..! અકષાય સ્વભાવનો પિંડલો આત્મા ભગવાન છે. એ આત્માનું અંદર જ્ઞાન અને આત્માનું વેદન (થાય), એ સ્વ જ્ઞાન અને સ્વનું શાંતિનું વેદન (છે). એને વીતરાગી વેદન કહેવામાં આવે છે. અને આ વિષયનું વેદન રાગનું, ભોગનું, વિકલ્પનું, માન, આ કીર્તિ, એના તરફનો રાગ, એ રાગનું વેદન એ છે પોતાનું વેદન, પણ ઓલું સ્વભાવનું નહિ, વિકારનું વેદન છે. સમજાણું કાંઈ? આહાહા..! એમાં કાંઈ લાડવા ને દાળ-ભાત ને રૂપિયાનું વેદન નથી. શું હશે? 'મૂળચંદભાઈ'! નહિ?

એક તો આ ઘી મોંઘા મળે પાંચસો રૂપિયાનું, રૂપિયાનું પાંચ શેર હોય? રૂપિયાનું પાંચ શેર તો પહેલાં હતું. પાંચ રૂપિયાનું શેર. કહો, હવે એનો સ્વાદ કેવો આવતો હશે? સ્વાદ ઘીનો આવતો હશે? ભગવાનઆત્મા જ્ઞાન સ્વરૂપે પૂર્ણ સ્વરૂપ છે. એ તો કેવળજ્ઞાનનો, કેવળ-એકલા જ્ઞાનનો ને એકલા વીતરાગી અવિકારી સ્વભાવનો કંદ પિંડ વસ્તુ આત્મા (છે). હવે એ પોતે પરનો વિષય કરે તો કાંઈ પરને વેદતો નથી. વેદવા વખતે રાગ કરે છે, દ્વેષ કરે છે, વિકલ્પ (કરે છે) એને એની પર્યાયમાં, અવસ્થામાં અનુભવે છે. પણ એ વિકારી વેદન છે તે દુઃખરૂપ છે અને એ સંસાર છે, એવા રાગવાળા વેદનને જુદું પાડવા સ્વસંવેદનને વીતરાગી વેદન કહેવામાં આવે છે. કહો, સમજાય છે આમાં? ઓહોહો..!

'**વિષયોંકે આસ્વાદનસે ભી ઉન વસ્તુઓંકે સ્વરૂપકા જાનપના હોતા હૈ,...**' જોયું? એનું જાણપણું તો હોય છે. આ રાગનું, દ્વેષનું આ ફલાણું છે. '**પરંતુ રાગભાવકર દૂષિત હૈ,...**' જ્ઞાન તો હોય ને? જ્ઞાન ક્યાં ચાલ્યું જાય? આ રાગનું જ્ઞાન, દ્વેષનું જ્ઞાન, પુણ્યનું જ્ઞાન, પાપનું જ્ઞાન, ભોગનું, વાસનાનું જ્ઞાન. '**વસ્તુઓંકે સ્વરૂપકા જાનપના હોતા હૈ, પરંતુ**

**રાગભાવકર દૂષિત હૈં, ઈસલિયે નિજરસ કા સ્વાદ નહીં હૈ,...**' એથી ભગવાનઆત્મા એકલો જેમ... આ કોલ્હાપુરનો ગોળ નથી થાતો? શું કહેવાય છે ઈ? રવા રવા મોટા. એમાં અડધા નંબરનો ગોળ આવે છે કાંઈક. બહુ ઊંચો કહે છે. નહિ? અડધા નંબરનો ને? ઊંચો આવે છે. એ તમે ગયા હતા ને? રત્નાગીરી. એ બધા સાથે ફરતા હતા ને, એને ખબર છે ને. ધોળો બાચકા જેવો આમ સમજ્યા ને. અધમણ લીધો હતો તો મોટરમાં ઉંદર ખાવા મંડ્યો. નીકળ્યો નહિ એમાંથી ઉંદર.

હા. ત્યાં નીકળીને પાણી પી આવે. વળી પાછો ગરી જાય ન્યાં ગોળ ખાવા. 'ફતેહપુર' કાઢ્યો પછી. એવો ઊંચો ધોળો (ગોળ). એનો સ્વાદ હશે ને જીવને? એનું જ્ઞાન છે કે આ ગોળ છે. અહીં જ્ઞાન છે પણ રાગવાળું જ્ઞાન છે. સમજાણું કાંઈ? જ્ઞાનમાં તો જે આવે એ વસ્તુનો ખ્યાલ આવે કે નહિ? એ જ્ઞાન છે એ જાણે છે કે, આ ગોળ છે અને એમાં રાગ થાય છે. એ રાગનો સ્વાદ લે છે, ગોળનો નહિ. જ્ઞાન વસ્તુનું છે, સ્વાદ રાગનો છે.

મુમુક્ષુ :- ગોળ....

ઉત્તર :- કોનો? રાગનો ગોળ એવું ક્યાં કીધું? ગોળનું જ્ઞાન કીધું. અહીં શું કીધું?

'**ઉન વસ્તુઓંકે સ્વરૂપકા જાનપના હોતા હૈ,...**' આ ગોળ છે, આ દૂધપાક છે, આ સ્ત્રીનું માંસ શરીર છે, એમ જ્ઞાનમાં આવે છે પણ એ જ્ઞાનમાં ભેગો રાગ છે, વિકાર છે એ વિકાર દોષીનું જ્ઞાન તે વિકારનું આસ્વાદન (છે). તે ભલે સ્વનું પોતાના વિકારનું હોય છતાં એ વિકારવાળું છે. એ જ્ઞાન તે જ્ઞાન કહેવાતું નથી. જેમાં સ્વ જ્ઞાન ભળે નહિ ને રાગ રહિત થાય નહિ તેને જ્ઞાન કહેતા નથી. એમ કહે છે. આહાહા..! કહો, 'નેમિદાસભાઈ'! આહાહા..! કેવા હશે એ 'પોરબંદર'ના ભેંશના ઘી કુરિયા? મીઠા તો લાગતા હશે કે નહિ? કે, ના. એ વસ્તુનું (જ્ઞાન થાય છે). આ લખ્યું છે શું પણ? આમાં જુઓને! એ વસ્તુનું જ્ઞાન છે એમ કહે છે, જુઓ!

મુમુક્ષુ :- જીવનું જ્ઞાન છે પણ મજા એની છે.

ઉત્તર :- મજા રાગની છે, એમ કહે છે અહીં. એય..! 'ધરમચંદભાઈ'! આહાહા..! છે ને? ભાઈએ બહુ સરસ લખ્યું છે. છે ને પુસ્તક હાથમાં કેટલાકને? તમારે છે? તમારે ક્યાંથી આવ્યું?

મુમુક્ષુ :- પુસ્તક હાથમાં છે પણ ...

ઉત્તર :- પણ આ શું કહે છે એટલો ખ્યાલમાં તો... નથી ખ્યાલ એના કરતાં ખ્યાલમાં આવે એટલો જુદો તો પડે ને? એય..! શું કીધું? શું કીધું?

શિષ્યે એમ પ્રશ્ન કર્યો કે, પ્રભુ! આપ સ્વસંવેદનને વીતરાગભાવ, વીતરાગ વિશેષણ કેમ લગાડ્યું? વીતરાગ સ્વસંવેદન કેમ કહ્યું આપે? કારણ કે, જે કાંઈ વેદન હોય એ તો આત્માનું જ વેદન છે. સમજાય છે? આ રાગ (થાય એ) કાંઈ પરનું વેદન નથી. ગમે તે ચીજના કાળમાં ઉભો હોય, ભલે એ ચીજનું જ્ઞાન અહીં હોય પોતા સંબંધી, એ જ્ઞાનમાં એ જણાય આ ગોળ છે, આ સ્ત્રી છે, આ દૂધપાક છે, આ પૂરી છે, આ આબરૂ કહે છે, મારા વખાણ કરે છે. સમજાય છે? એના જ્ઞાનમાં આવે, પણ સ્વાદ એ વખાણના શબ્દોનો નથી, સ્વાદ એ

પૂરી ને દાળ-ભાતનો નથી, સ્વાદ રાગનો છે. કહો, સમજાય છે કે નહિ આમાં? 'ભગવાનજીભાઈ'! આહાહા..!

કહે છે, આ સમજતા વાંચતા નથી એના પ્રયોગમાં તો ક્યાંથી હોય આ વાત, પણ આ શું કહે છે એ રીતે સમજતા નથી. ચોથે ગુણસ્થાને શુભભાવ ને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા (હોય) એ સમકિત, જાવ. અને શાસ્ત્રનું જ્ઞાન એ જ્ઞાન. અહીં તો કહે છે કે પર વિષયનું જ્ઞાન, દેવ-ગુરુ ને શાસ્ત્ર એવું જ્ઞાન હોય છે. ભાઈ ! એય..! પણ એની શ્રદ્ધા કરે છે ત્યારે રાગ છે, એ રાગનું વેદન છે, એ સ્વસંવેદન વીતરાગી વેદન નથી.

હા, એમ કહે છે. વસ્તુ લીધી છે કે નહિ?

મુમુક્ષુ : દેવ-ગુરુ-શાસ્ત્ર પણ આવી ગયા.

ઉત્તર : વસ્તુ પરમાં આમ દેવ-ગુરુ-શાસ્ત્ર આ છે એમ જ્ઞાનમાં આવે છે. પણ એના પ્રત્યે પેલો શ્રદ્ધા કરે એ રાગ છે. એ રાગનું વેદન છે, આત્માના સ્વનું વીતરાગી વેદન નથી. આહાહા..!

મુમુક્ષુ :- એ તો પર સંબંધીનો રાગ છે. ....

ઉત્તર :- એ પર આવ્યું ન્યાં. પાંજરાપોળનો હું ધણી છું ન્યાં. અને આ કાકા-કાકી ગામમાં કહેવડાવે છે, અમે મોટા શેઠિયા છીએ. એ શબ્દોનો સ્વાદ નથી તમને. સમજાણું કાંઈ? પણ એ વાત જ્ઞાનમાં નથી આવતી? એ.. કાકા! એ.. કાકા! કરતાં કરતાં તમારે ઘરે આવે. બિચારા ઘરે આવે, હોં! અંદર ગરે, અંદર. એ પહેલાં ઉભા રહે બારણા પાસે. એટલે એની અનુકૂળતા દેખે તો વળી અંદર ફળીયામાં જાય. એ.. કાકા! એ.. કાકા! પછી એમ કહે, આવો, આવો. એ બધું જ્ઞાન આવે છે કે નહિ? ખ્યાલમાં આવે છે કે નહિ? પણ ખ્યાલ નથી, પેલો રાગ છે, એ રાગનો સ્વાદ છે, એના વખાણનો નહિ. 'નેમિદાસભાઈ'! વાત ઉતારી ઘરે ઠીકને? આહાહા..!

કહે છે, ભાઈ! વસ્તુ બે. એક પોતે અને એક બીજી બધી અનંત વસ્તુઓ. જુઓ! હવે અનંત વસ્તુમાં સ્વ સ્વરૂપનું જ્ઞાન ન કરીને પર વસ્તુ તરફના વલણવાળું જ્ઞાન, એ જ્ઞાન તો કરે છે કે આ શરીર છે, આ વાણી છે, આ દેવ છે, આ પ્રતિમા છે, આ ભગવાન છે, આ સમવસરણ છે, આ છે, આ છે, આ દીકરો છે, એ જ્ઞાન આવે છે પણ એની સાથે રાગ આવે છે પણ પરના લક્ષે રાગ થયા વિના રહે નહિ.

મુમુક્ષુ :- રાગમાં તો ખોવાય ગયો.

ઉત્તર :- ખોવાય ગયો. આ શું કહે છે તમારા કાકા?

મુમુક્ષુ :- એમાંથી મારે પાછું ખેંચીને કાઢવો જોશે.

ઉત્તર :- આ એમાં નથી ખોવાઈ ગયો, મફતનું માને છે એમ કહે છે. એય..! 'દેવાનુપ્રિયા'! આ છોકરાઓ કહે છે કે આ કાકા આમ કેમ બોલે છે? ખોવાય ગયા ક્યાં? આ રહ્યા. નથી? આહાહા..!

કહે છે, ભાઈ! વસ્તુએ બે. એક કોર રામ ને એક કોર ગામ. એક કોર ભગવાનઆત્મા

પદાર્થ, અનંત ગુણનો પિંડ ચૈતન્યરસનો કંદ અને એક કોર આખી દુનિયા. પછી દેવ-ગુરુ-શાસ્ત્ર હોય કે સ્ત્રી, કુટુંબ, વેપાર, ધંધા કોઈ પણ સામી વસ્તુ હો. અહીંયા એમ કહેવું છે કે, ભગવાનઆત્મા પોતાનો સ્વસ્વભાવ, એનું જ્ઞાન કરીને જે વેદે તે રાગ વિનાનું જ્ઞાન અને રાગ વિનાનું વેદન હોય છે. એ ચોથા ગુણસ્થાનની ભૂમિકા છે. આહાહા..! સમજાણું કાંઈ? એ ધર્મની પ્રથમ આ ભૂમિકા (છે) કે જે ભગવાનઆત્મા વસ્તુ અતીન્દ્રિય શાંત અનાકુળ આનંદનો પિંડલો, રવો આખો, એનું જ્ઞાન, એનું લક્ષ, એનું ધ્યેય કરતાં જે એનું જ્ઞાન થાય, એમાં રાગ અનંતાનુબંધીનો અને મિથ્યાત્વનો અભાવ થઈને જ એ જ્ઞાન થાય. એટલો વિકાર રહિત વીતરાગી જ્ઞાન (થાય), એને અહીંયા સ્વસંવેદન જ્ઞાન, ધર્મનું જ્ઞાન, આત્માનું જ્ઞાન, મોક્ષના કારણરૂપે જ્ઞાન આને કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એ વીતરાગપણું વિશેષણ એ માટે આપ્યું કે, જીવ પોતાના સ્વભાવનું જ્ઞાન મૂકીને પોતાની અરાગી પરિણતિને છોડી દઈને, છોડીને એટલે ઉત્પન્ન નહિ કરીને, આમ ભગવાનઆત્મા પરના લક્ષે કોઈ પણ જ્ઞેય હો, એને જાણવાનું કાર્ય તે સમયમાં છે એટલે કરે છે, જાણે છે. જાણતા તેને રાગ, દ્વેષ, વાસના, રતિ, અરતિ આદિનું વિકારનું એને વેદન છે એ ખરેખરું સ્વસંવેદન કહેવાતું નથી. એવું વેદન તો અનાદિથી નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક બહિરાત્મા ગયો, એને એવું વેદન (છે). એ કાંઈ અપૂર્વ વેદન નથી, એ અપૂર્વ જ્ઞાન નથી. સમજાણું કાંઈ?

જો '**કિ વિષયોંકે આસ્વાદનસે ભી ઉન વસ્તુઓંકે સ્વરૂપકા જાનપના હોતા હૈ, પરંતુ રાગભાવકર દૂષિત હૈ, ઇસલિયે નિજરસકા આસ્વાદ નહીં હૈ,...**' આહાહા..! અરે..! આવા માર્ગની સત્યતા, પ્રભુ! એને કાને પડે નહિ, એ વિચારવા કે દિ' મથે? અને પરથી હટીને એનું વેદન કે દિ' કરે? એને અદ્ધરથી જ એમ ને એમ મનાવી લે (કે) આ માન્યું તે સમકિત. ભાઈ! સમકિત તો બીજ ઉગી એને પૂનમ કેવળજ્ઞાન થવાનું. એવું બીજ બોધિ-બીજ છે. એટલે કહે છે, '**નિજરસ આસ્વાદ નહીં હૈ,...**' અજ્ઞાનીને પરના જ્ઞાન કાળે રાગનું વેદન છે. એને નિજ સ્વભાવનો આસ્વાદ અને નિજ સ્વભાવનું જ્ઞાન નથી.

'**ઔર વીતરાગ દશામેં સ્વરૂપકા યથાર્થ જ્ઞાન હોતા હૈ,...**' દેખો! પણ વીતરાગ (એટલે કે) રાગ રહિત જેટલે અંશે દશા થાય, '**સ્વરૂપકા યથાર્થ જ્ઞાન...**' સ્વરૂપનું યથાર્થ જ્ઞાન પોતાનું. '**હોતા હૈ, આકુલતા રહિત હોતા હૈ.**' સમજાણું કાંઈ? પછી સ્વરૂપનું, સ્વરૂપનું જ્ઞાન થયું ત્યારે એને વસ્તુના પર સ્વરૂપનું પણ અંદર જ્ઞાન યથાર્થ થઈ ગયું. સ્વસ્વરૂપ જ્ઞાનાનંદ સ્વરૂપનું જ્ઞાન થતાં, રાગરહિત જ્ઞાન થયું, એટલે આ રાગાદિ બાકી જે પરવસ્તુ છે એ મારામાં નથી એવું જ્ઞાન પણ એના સ્વરૂપનું પણ યથાર્થ (જ્ઞાન) એમાં આવી ગયું. સ્વ-પરપ્રકાશક જ્ઞાનનું સામર્થ્ય એટલું ખીલી ગયું. સમજાણું કાંઈ?

'**વીતરાગ દશામેં...**' વીતરાગ દશા એટલે ચોથાથી માંડીને, હોં! '**સ્વરૂપકા યથાર્થ જ્ઞાન હોતા હૈ, આકુલતા રહિત હોતા હૈ. તથા સ્વસંવેદનજ્ઞાન પ્રથમ...**' હવે ઈ, હવે ઈ. સ્વસંવેદનજ્ઞાન પહેલી દશામાં, પહેલી દશામાં-શરૂઆતમાં, '**ચૌથે પાંચવેં ગુણસ્થાનવાલે**

**ગૃહસ્થકે ભી હોતા હૈ,...**' સમજાણું કાંઈ? એ સ્વસંવેદન જ્ઞાન પહેલી દશામાં શરૂઆતમાં સમકિતી અને પાંચમા ગુણસ્થાનમાં ગૃહસ્થને પણ હોય છે. જુઓ! મુનિપણા સિવાય બે આ લીધા. કોઈ કહે કે, મુનિને જ આવું હોય, (તો એમ નથી).

મુમુક્ષુ :- એ તો મુનિને ના પાડે છે. આઠમે ગુણસ્થાન...

ઉત્તર :- એ તો આઠમે... અરે..! ભગવાન! શું કરે છે? આખો વીતરાગ માર્ગ ઉથલ-પાથલ કરી નાખ્યો. અરે..! પદ્ધતિની એની પ્રણાલિકાની પ્રરૂપણા ફેરવી નાખી. વસ્તુ તો એની ફરી ગઈ છે અંદર. સમજાય છે?

આ આત્મા ચોથે, પાંચમે ગુણસ્થાને (હોય), '**સ્વસંવેદન ગૃહસ્થકે ભી હોતા હૈ,...**' એ ચક્રવર્તીના રાજ હોય, બળદેવના રાજ હોય, ઈન્દ્રપદના પદ હોય એમાં પણ જેને જે ચોથું, પાંચમું (ગુણસ્થાન) હોય એને એ પણ સ્વસંવેદનજ્ઞાન થાય છે. '**વહાં પર સરાગ દેખનેમેં આતા હૈ,...**' શું હવે કહે છે? ચોથા, પાંચમા (ગુણસ્થાનમાં) પણ હજી રાગ દેખવામાં આવે છે. ચોથે ત્રણ કષાય, પાંચમે બે કષાય-રાગ (હોય છે). એ રાગનો નિષેધ કરવા ત્યાં વીતરાગી સ્વસંવેદનજ્ઞાન કહેવામાં આવે છે.

ફરીને. '**સ્વસંવેદનજ્ઞાન પ્રથમ અવસ્થામેં ચૌથે પાંચવે ગુણસ્થાનવાલે ગૃહસ્થકે ભી હોતા હૈ, વહાં પર સરાગ,...**' વહાં પર, હોં! ત્યાં પણ. બહિરાત્માના વેદનમાં તો રાગ છે જ, એ તો એકલું રાગનું વેદન છે, પણ ચોથે-પાંચમે પણ રાગ છે, હજી દેખાય છે. '**દેખનેમેં આતા હૈ,...**' જોવામાં આવે છે. સમજાય છે? '**ઈસલિયે રાગસહિત અવસ્થાકે નિષેધકે લિયે...**' એ ચોથા પાંચમામાં પણ રાગ દેખાય છે. છતાં એ રાગના નિષેધ માટે વીતરાગી સ્વસંવેદન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એક તો વિષયના આસ્વાદનું રાગ જ્ઞાન એ વીતરાગી નથી, રાગવાળું છે માટે એનો નિષેધ કરવા વીતરાગ વિશેષણ કહ્યું અને બીજું ચોથે, પાંચમે હજી રાગ દેખાય છે. એ રાગ દેખાય છે એ સ્વસંવેદન નહિ, એનું જ્ઞાન છે. પણ એના રહિત જેટલું સ્વનું જ્ઞાન થઈને રાગ રહિત વેદન (થાય છે) તેને સ્વસંવેદન વીતરાગ વેદન કહેવામાં આવે છે. કહો, સમજાય છે કે નહિ આમાં? શબ્દ પણ કેવા! જુઓને! '**સ્વસંવેદનજ્ઞાન વહાં પર સરાગ દેખનેમેં આતા હૈ,...**' રાગ છે, રાગનું જ્ઞાન પણ છે. પણ એ રાગનો નિષેધ કરવા સ્વનું જ્ઞાન (થઈ), રાગ રહિત જેટલું વેદન થયું, તેને વીતરાગી સ્વસંવેદન કહેવામાં આવે છે. આહાહા..! ભારે વાત, ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બાઘોલો નથી, મોટો બાદશાહ છે. ચૈતન્યનો બાદશાહ પોતે. બાઘોલો કેમ કહેવાય એને? માની બેસે એને શું કરવું ? સમજાય છે કાંઈ?

ચૈતન્યનો સૂર્ય લહલહતો હજાર કિરણે ઉગે સૂર્ય. આ તો અનંત કિરણે ખીલેલો ચૈતન્ય અંદર પડ્યો છે. એવો ભગવાનઆત્મા ચોથે, પાંચમે ગુણસ્થાને પણ સ્વનું જ્ઞાન કરીને રાગરહિત જેટલી દશા થઈ છે, એ વીતરાગી સ્વસંવેદન બતાવવા, એને રાગ હોય છે એનો

નિષેધ કરવા, વીતરાગ સ્વસંવેદન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

બે પ્રકાર કહ્યા. વીતરાગ વિશેષણ કેમ કહ્યું? એમ શિષ્યે પ્રશ્ન કર્યાના બે ઉત્તર દીધા. એક તો પરનું જ્ઞાન કરીને રાગવાળુ વેદન (થાય છે), તેનો નિષેધ કરવા આ કહ્યું છે. બીજું પોતાના સ્વસંવેદનમાં પણ હજી રાગ બાકી છે. એ સ્વસંવેદન કાળ વખતે રાગ દેખાય છે. એ રાગના નિષેધ માટે સ્વસંવેદનનું જ્ઞાન જેટલું રાગરહિત થયું એ વીતરાગી જ્ઞાન છે એમ બતાવવા 'વીતરાગ' વિશેષણ કહેવામાં આવ્યું છે. કહો, સમજાણું કે નહિ આમાં?

આ તો 'શશીભાઈ' કહેતા હતા, પેથીયે પેથીયે વાત ચાલતી હતી અત્યાર સુધી. પરમ દિ' આવ્યા હતા. પણ આ તો કહે, વાળે વાળે (તેલ નખાય છે). બહુ મગજવાળો માણસ છે, હોં! 'શશીભાઈ' પરમ દિ' આવ્યા હતા, બહુ ખુશી થઈને. ઓહોહો..! ઓલું સવારમાં ત્રીજનું વ્યાખ્યાન સાંભળ્યું ને. આ તો પેંથીયે પેંથીયે તેલ નાખે છે એમ લોકો કહે છે. પણ આ તો વાળે વાળે (તેલ નખાય છે). પણ જેને વાળ હોય એને ખબર પડે કે નહિ? વાળ વિનાના માથા થાય છે. ખબર છે કે નહિ? શું કહેવાય એને? ટાલિયા. છે ને આ એક 'મનસુખભાઈ'નો દીકરો, નહિ? 'મનસુખભાઈ'નો દીકરો મોટો. 'મનસુખભાઈ'ના દીકરા. 'મનસુખ તારાચંદ', નહિ? ડોકટર. ગુજરી ગયા ને? એના ત્રીજા નંબરના છોકરાને પહેલેથી વાળ નહિ, જન્મથી નહિ, વાળ જ નહિ. અહીં એક વાર આવ્યો હતો. બારણા પાસે ઉભો હતો. 'ભાવનગર' લગનમાં આવ્યો હતો. 'મનસુખ તારાચંદ' કરોડપતિ. ત્રીજા નંબરનો દીકરો. લગન થઈ ગયા. પૈસા છે કે નહિ? ઈ છે ને.

એમ આત્માની અનંતી લક્ષ્મી અંદર પડી છે, એની લગની લાગે એને પરમાત્મા મળ્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ? એને રાગ-બાગ હોતા નથી. એ નહિ. રાગ વિનાનું જ્ઞાન બતાવવા વીતરાગ વિશેષણ કહ્યું છે. પાઠમાં તો '**अन्तरात्मलक्षणवीतरागनिर्विकल्प-स्वसंवेदनज्ञानेन**' એટલો શબ્દ છે. આ એનું આ છે ને? છેલ્લી લીટી. આહાહા..! પહેલાંના ગૃહસ્થો પણ એવા હતા. સમજાણું? આ પંડિત છે. (અત્યારે તો) બહુ ફરી ગયું.

ઓહો..! ભગવાનઆત્મા આખો પૂર્ણાનંદનો નાથ! પૂર્ણ પૂર્ણ અનંત અનંત સુખનો સાગર પ્રભુ આત્મા છે. એકલો ગોળનો રવો જ્યાં ચીરો ત્યાં ગોળ જ નીકળે. એમ ભગવાનઆત્મા પૂર્ણ આનંદ ને શાંતરસનો (પિંડ છે). જ્યાં નજર નાખો ત્યાં એની શાંતિ ને જ્ઞાન જ એનું થાય. સમજાણું કાંઈ? ચોથે, પાંચમે (ગુણસ્થાને) રાગ દેખવામાં આવે છે. સમજાણું કાંઈ? એ રાગના નિષેધ માટે '**વીતરાગ સ્વસંવેદન જ્ઞાન ઐસા કહા હૈ.**' કહો, બરાબર છે?

'**રાગભાવ હૈ, વહ કષાયરૂપ હૈ, ઈસ કારણ જબતક મિથ્યાદષ્ટિ કે અનંતાનુબંધી કષાય હૈ, તબતક તો બહિરાત્મા હૈ,...**' ત્યાં સુધી તો એકલા રાગ ને વિકારનું જ જ્ઞાન ને વિકારનું વેદન (છે). સમજાય છે? અથવા પર પદાર્થનું જ્ઞાન ને વિકારનું વેદન (છે). એને તો આત્માનું જ્ઞાન ને આત્માનું વેદન જરીએ નથી. સમજાણું કાંઈ? '**ઉસકે તો સ્વસંવેદન જ્ઞાન અર્થાત્ સમ્યક્જ્ઞાન સર્વથા હી નહીં હૈ,...**' કોને? જેની દૃષ્ટિ એકલા પરપદાર્થની માન્યતા

ઉપર છે અને કષાય અનંતાનુબંધી સહિત છે, એને તો સમ્યગ્જ્ઞાનનો એકેય અંશ નથી. અગિયાર અંગ ભણ્યો, નવ પૂર્વ ભણ્યો પણ સમ્યગ્જ્ઞાન નથી. સમજાણું કાંઈ? અગિયાર અંગ ભણ્યો, નવ પૂર્વ ભણ્યો (પણ એ) સમ્યગ્જ્ઞાન નથી, એ સમ્યગ્જ્ઞાનનું લક્ષણ નથી.

'**ઔર ચતુર્થ ગુણસ્થાનમેં (અવિરતિ) સમ્યગ્દૃષ્ટિ...**' હવે પેલા બેમાં ચોથા ગુણસ્થાનની વાત લે છે. ચોથા ગુણસ્થાનમાં સમ્યગ્દૃષ્ટિ અવિરતિને '**મિથ્યાત્વ તથા અનંતાનુબંધીકે અભાવ હોનેસે સમ્યગ્જ્ઞાન તો હો ગયા,...**' સમ્યગ્જ્ઞાન આત્માનું સાચું જ્ઞાન થઈ ગયું. સ્વ-વિષય જ્ઞાનમાં બનાવી અને આત્મા કોણ છે એનું જ્ઞાન થયું. '**પરંતુ કષાયકી તીન ચૌકડી બાકી રહનેસે...**' કષાયની ત્રણ ચોકડી હજી રાગમાં બાકી છે. રાગ ત્રણ પ્રકારનો બાકી છે-અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની ને સંજ્વલન. '**બાકી રહનેસે દ્વિતીયાકે ચંદ્રમાકે સમાન વિશેષ પ્રકાશ નહીં હોતા,...**' એનો અર્થ એ કે, એને દ્વિતીયાના ચંદ્રમા જેવો પ્રકાશ છે, પણ એનાથી વિશેષ છે નહિ. શબ્દો તો એવા છે જાણે. '**દ્વિતીયાકે ચંદ્રમાકે સમાન વિશેષ પ્રકાશ નહીં...**' એટલે કે બીજનો ચંદ્ર બહુ પ્રકાશવાળો નથી, એવો એનો પ્રકાશ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બીજ તરત આથમી જાય.

ઉત્તર :- અહીં આથમવા-ફાથમવાની વાત નથી. બીજ આથમીને ત્રીજ ઉગે છે, ત્રીજ આથમીને ચોથ ઉગે છે. ઉગે છે એ અહીં લેવાની વાત છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે ચોથા ગુણસ્થાનમાં સમ્યગ્દૃષ્ટિ અવિરતિ હોવા છતાં તેને આત્માનું સાચું જ્ઞાન અંતર્મુખનું હોય છે. તેને એટલા અંશે વીતરાગ જ્ઞાન કહેવામાં આવે છે. પણ એને ત્રણ (પ્રકારનો) રાગ (બાકી) છે માટે બીજના ચંદ્રમાનો જે પ્રકાશ છે એટલો પ્રકાશ છે. એથી વધારે પ્રકાશ વીતરાગી વિજ્ઞાનનો પ્રકાશ, વીતરાગીની જે પ્રકાશની શાંત પૂર્ણ વિશેષ જોઈએ એ નથી. સમજાણું કાંઈ? ઓહોહો..!

કહે છે કે, પહેલે ગુણસ્થાને તો કાંઈ સાચું જ્ઞાન પણ નથી ને કાંઈ વીતરાગી અંશ પણ નથી. એ તો તદ્દન રાગ ને કષાયનું વેદન ને પરનું જ્ઞાન છે. હવે ચોથા ગુણસ્થાનમાં સ્વનું જ્ઞાન અને અંદર દ્વિતીયાના ચંદ્રમા જેટલો વીતરાગી પ્રકાશ (છે). રાગ વિનાના જ્ઞાનનું (વેદન છે). પૂર્ણ વીતરાગી આત્મા જે છે એવા આત્માનું રાગના અંશ વિના અનંતાનુબંધીના અભાવવાળો, એટલા રાગ વિનાનું જ્ઞાન અને એટલું એનું વીતરાગી વેદન હોય છે. પણ બીજના ચંદ્રમાનો પ્રકાશ જેમ થોડો છે એવો એને પ્રકાશ વીતરાગી વિજ્ઞાનનો થોડો છે. વિશેષ પાંચમા, છઠ્ઠાને જોઈએ એવો અહીંયા નથી. સમજાણું કાંઈ? આહાહા..! '**ઔર શ્રાવકકે...**' આ શ્રાવક. લ્યો! 'ભગવાનજીભાઈ'! આ શ્રાવક કહેવાય હવે. આ બધા અત્યાર સુધી શ્રાવક હતા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ નહિ આ.

શ્રાવકનો એટલે કે પાંચમા ગુણસ્થાનવાળાને. કેમ પાંચમા ગુણસ્થાનમાં શું આવ્યું વિશેષ? કે '**દો ચૌકડીકા અભાવ હૈ,...**' બીજો અપ્રત્યાખ્યાનાવરણીય કષાયનો પણ પાંચમા

ગુણસ્થાનમાં, દર્શન પડિમા, પહેલી પડિમાવાળાને એનો અભાવ છે. સમજાય છે કાંઈ? ક્રોધ, માન, માયા, લોભ એ ચાર. અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણીય, પ્રત્યાખ્યાનાવરણીય કષાય. '**તીન ચૌકડી બાકી...**' ક્રોધ, માન, માયા, લોભ. એ ચાર. અપ્રત્યાખ્યાનાવરણીયની બાકી ચોથે, પ્રત્યાખ્યાનાવરણીયની બાકી, સંજ્વલનની બાકી. પાંચમે ગુણસ્થાને બે બાકી. પ્રત્યાખ્યાન ને સંજ્વલનના બે ભાગ બાકી. બેય. ક્રોધ, માન, માયા, લોભ ચારેના. બે ના ચાર ચાર. એ કહેશે ચોકડી વળી શું પાછી? મફતમાં વયો જાય નહિ.

શ્રાવકને પાંચમા ગુણસ્થાનમાં બે ચોકડીનો અભાવ છે. એટલે? આત્માનો અંતર સ્વસંવેદનજ્ઞાનનો પ્રકાશ બે પ્રકારના કષાયના અભાવવાળો વીતરાગી પ્રકાશ એને થયો છે. ચોથા ગુણસ્થાનવાળા કરતાં એનો વીતરાગભાવ વધી ગયો છે. ચોથા ગુણસ્થાનવાળા કરતાં પાંચમા ગુણસ્થાનનો વીતરાગભાવ (વધી ગયો છે). પેલાના એક કષાય મિથ્યાત્વનો અભાવ હતો, આને બે કષાયનો અભાવ છે. એટલો વીતરાગભાવ વધી ગયો છે. પણ બે ચોકડીનો અભાવ છે. '**ઈસલિયે રાગભાવ કુછ કમ હુઆ,...**' સમજાય છે? ચોથાવાળા કરતાં આને રાગ કાંઈક ઓછો થયો. '**વીતરાગભાવ બઢ ગયા,...**' જુઓ! વીતરાગભાવ ચોથે (ગુણસ્થાને) તો છે. આહાહા..! સમજાણું કાંઈ?

એ પ્રત્યાખ્યાનાવરણી.. તમને પણ ક્યાં કાંઈ ખબર ન મળે ને શું કહેવું તમને? ચાર પ્રકારના કષાય છે. ક્રોધ, માન, માયા, લોભ ને ચાર પ્રકાર છે-અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણીય, પ્રત્યાખ્યાનાવરણીય, સંજ્વલન. કોઈ દિ' મજૂરી આડે કર્યું છે કે દિ' આ નવરાશથી? સાચી વાત છે કે નહિ? ભાઈ! આ તમારા ભત્રીજાને પૂછવું છે. એ કષાય છે. એમાં ચોથે ગુણસ્થાને (ક્રોધ, માન, માયા, લોભની એક ચોકડીનો અભાવ થાય છે). પહેલે ગુણસ્થાને મિથ્યાશ્રદ્ધા-મિથ્યાત્વ અને ચાર કષાય (છે). ચાર એટલે? અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણીય, પ્રત્યાખ્યાનાવરણીય અને સંજ્વલન. અને એક એકના પાછા ચાર ક્રોધ, માન, માયા ને લોભ. એવા સોળ પ્રકાર હોય છે. ત્યારે ચોથે ગુણસ્થાને અનંતાનુબંધીની એક ચોકડી ગઈ. એટલે એના ચાર ક્રોધ, માન, માયા, લોભ ગયા. એટલો વીતરાગભાવ પ્રગટ થયો. પાંચમે અપ્રત્યાખ્યાનાવરણીની બીજી ચોકડી ગઈ. એટલે બીજા પ્રકારના ક્રોધ, માન, માયા, લોભનો અભાવ થયો એટલો વીતરાગભાવ પાંચમે ગુણસ્થાને વધી ગયો. આહાહા..! સમજાણું આમાં?

'**રાગભાવ કુછ કમ હુઆ,...**' કોનાથી ઓછો થયો? ચોથા ગુણસ્થાન કરતાં. સમ્યગ્દર્શનમાં મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો એકલો જે પર વિષયનું જ્ઞાન અને રાગ હતો, એ એકલો હતો એ છૂટી ગયો. મિથ્યાત્વ છૂટીને સ્વનું જ્ઞાન સમ્યક્‌માં થયું, અનંતાનુબંધી છૂટીને સ્વરૂપના આચરણની સ્થિરતા થઈ, એટલો રાગરહિત ભાવ થયો. પાંચમા ગુણસ્થાનમાં એનાથી વધારે વીતરાગભાવ વધ્યો, રાગભાવ ઘટ્યો. જુઓ! આ પાંચમા ગુણસ્થાનની પદવી! આહાહા..! આ તો.. એય..! 'મોતીરામજી'!

મુમુક્ષુ :- પડિમા આવી કેટલામે?

ઉત્તર :- પડિમા આવી પાંચમામાં. પણ પાંચમામાં વીતરાગભાવ વધે અને પેલો વિકલ્પ રહે એ બે કષાયનો વિકલ્પ છે. સમજાણું કાંઈ? બે કષાય ટળીને વીતરાગભાવ વધ્યો એને પાંચમું ગુણસ્થાન કહેવામાં આવે છે. આહાહા..!

વીતરાગ માર્ગની... 'શ્રીમદ્' કહે છે ને? કથની ઘસાય ગઈ. વીતરાગભાવ જે છે એ ધર્મ છે. શરૂઆતથી વીતરાગભાવ તે ધર્મ, એ કથની ઘસાય ગઈ, એમ લખ્યું છે એણે. ભાવ તો નહિ પણ કથની-પ્રરૂપણા ઘસાય ગઈ છે. આહાહા..! ભગવાન ત્રિલોકનાથ પ્રભુ, મહા પદાર્થ મોટો પ્રભુ, એનો વિષય કરી ધ્યેયમાં લઈને એક કષાય અને મિથ્યાત્વનો નાશ થયો એટલો તો વીતરાગી અંશ રહ્યો, થયો. ત્રણ ભલે રહી ગયા. પાંચમે (ગુણસ્થાને) બે કષાય ગયા એટલો વીતરાગભાવ વધી ગયો, રાગભાવ ઘટી ગયો, પેલો ત્રણ હતો એ બે રહી ગયા. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બહારમાં કાંઈ પ્રાપ્તિ છે?

ઉત્તર :- બહારમાં શું દેખાય? બહારમાં ઢોર હોય, મગરમચ્છ હોય. અંદરમાં પાંચમું ગુણસ્થાન હોય. બહારમાં મોટો રાજા હોય ને મિથ્યાદૃષ્ટિ હોય, સાધુ હોય ને અગિયાર અંગ ને નવ પૂર્વ ભણેલો હોય અને મિથ્યાદૃષ્ટિ છે. બહારની નથી, અંતરની વસ્તુ છે. સમજાણું કાંઈ?

**'ઈસ કારણ સ્વસંવેદનજ્ઞાન ભી પ્રબલ હુઆ,...'** પોતાને પકડવાનું જ્ઞાન પણ વીતરાગી વિશેષ થયું ને? જ્ઞાન તો હતું, પણ રાગરહિત થયું તે પકડવાનું વિશેષ (થયું). **'સ્વસંવેદનજ્ઞાન ભી પ્રબલ હુઆ,...'** એમ કીધું, ભાઈ! સમજાણું? પેલો રાગ એટલો ઘટ્યો છે ને એટલો સ્વ વિષયને પકડવામાં વધ્યું છે આમ. પકડવામાં વધ્યું છે આમ અંદર. કહો, સમજાણું કાંઈ? એ અપેક્ષાએ, હોં! પેલા સ્વના લબ્ધિનો ઉઘાડ એટલો વધ્યો. રાગરહિત થયું ત્યાં એટલું પકડવામાં એને પ્રબળપણું થયું.

**'પરંતુ દો ચૌકડીકે રહનેસે મુનિકે સમાન પ્રકાશ નહીં હુઆ.'** મુનિને જે પ્રકાશ જોઈએ, વીતરાગી સ્વસંવેદન પ્રકાશની વાત છે, હોં! ત્રણ કષાયના અભાવથી જ મુનિને વીતરાગી પર્યાયથી આત્માનું જે વેદન છે, એવું વેદન શ્રાવકને નથી. **'મુનિકે તીન ચૌકડીકા અભાવ હૈ, ઈસલિયે રાગભાવ તો નિર્બલ હો ગયા,...'** મુનિ છે એને ત્રણ ચોકડીનો અભાવ છે અને રાગ તો બળ વિનાનો થઈ ગયો. પણ છે ખરો. **'વીતરાગભાવ પ્રબલ હુઆ,...'** પેલાને **'સ્વસંવેદન ભી પ્રબલ હુઆ,...'** કહ્યું હતું ને? આને વીતરાગભાવ ભી પ્રબલ, વિશેષ થઈ ગયો.

ના, પછી પ્રબલ હુઆ કહ્યું છે ને? વીતરાગ (ભાવ) વધી ગયો અને સ્વસંવેદન પ્રબલ થયું, એ પણ કહ્યું હતું. પાંચમા. **'સ્વસંવેદનજ્ઞાન ભી પ્રબલ હુઆ, પરંતુ દો ચૌકડીકે રહનેસે મુનિકે સમાન પ્રકાશ નહીં હુઆ...'** એમ અહીં પાછું વીતરાગભાવ પ્રબલ હુઆ. છઠ્ઠે ત્રણ કષાયનો નાશ કરીને સ્વભાવનો આશ્રય એટલો લીધો છે, એટલો વીતરાગભાવ વધી ગયો છે. સમજાણું કાંઈ? આવી વાતું તો કો'ક દિ' સાંભળવા મળતી હશે. નહિ? છ કાયની દયા પાળો, વ્રત પાળો, આ કરો, એ કરો. લ્યો! પણ હવે એમાં શું કરવાનું? જે ક્રિયા વાસ્તવિક શું છે એનું ભાન ન મળે ને આ કરો ને આ કરો. એ તો કર્તાબુદ્ધિ બહિરાત્મ બુદ્ધિ છે

અનાદિથી. સમજાણું કાંઈ?

સર્વજ્ઞ પરમાત્માને વીતરાગી પ્રકાશ પૂરો પ્રગટ્યો, તો ચોથેથી એ માયલું વીતરાગી વિજ્ઞાન પ્રગટ્યા વિના ચોથું કેમ કહેવાય? પાંચમામાં વીતરાગ વિજ્ઞાન વધી ગયું, છઠ્ઠે વીતરાગભાવ પ્રબલ થયો. ઓહો..! ત્રણ કષાયનો અભાવ સ્વરૂપને પકડવાને વીતરાગતા એકદમ પ્રબળ થઈ. '**વહાં પર સ્વસંવેદનજ્ઞાનકા અધિક પ્રકાશ હુઆ,...**' દેખો! '**વીતરાગભાવ પ્રબલ હુઆ...**' પેલામાં '**વીતરાગભાવ બઢ ગયા...**' કહ્યું હતું. ચોથાથી પાંચમામાં. અહીંયા '**સ્વસંવેદનજ્ઞાનકા અધિક પ્રકાશ હુઆ,...**' વીતરાગભાવ પ્રબળ થયો. '**પરંતુ ચૌથી ચૌકડી બાકી હૈ,...**' સંજ્વલન ચોથો કષાય છે ને? ચોકડી એટલે ક્રોધ, માન, માયા, લોભ. એક એક ને પાછા ચાર ચાર.

'**ઈસલિયે છઠ્ઠે ગુણસ્થાનવાલે મુનિરાજ સરાગસંયમી હૈં.**' દેખો! પેલો રાગ બાકી છે ને? એ અપેક્ષાએ એને સરાગસંયમી કહ્યો છે. બાકી તો ત્રણ કષાયનો અભાવ વીતરાગી પરિણતિ છે અંદર. આહાહા..! અહીં તો છઠ્ઠાની વાત હજી લે છે ને? '**વીતરાગસંયમી કે જૈસા પ્રકાશ નહીં હૈ.**' દેખો! જેવો રાગ રહિત પ્રકાશ છે એટલો છઠ્ઠામાં નથી. કારણ કે, હજી રાગ બાકી છે. સમજાણું? છઠ્ઠા ગુણસ્થાનમાં મુનિને પંચ મહાવ્રત આદિ કે વિકલ્પ, રાગ બાકી છે. એથી એને સરાગસંયમી કહેવામાં આવે છે. એ વીતરાગ સંયમી જેવો પ્રકાશ નથી. એવો પ્રકાશ નથી પણ વીતરાગી પ્રકાશ બિલકુલ નથી એમ નહિ. જેવો રાગરહિત અંદર ચૈતન્યને પ્રકાશ, પ્રકાશને વીતરાગતાથી પકડે આગળ ગુણસ્થાનમાં, એવો છઠ્ઠા ગુણસ્થાનમાં પ્રકાશ નથી. પાછો એનો અર્થ (એવો કરે) કે, પેલા વીતરાગી જેવા છે એવો આને નથી એટલે બિલકુલ વીતરાગી જ નથી. તો તો ચોથેથી અહીં વાત લીધી છે. એ ગૃહસ્થનું છે.

પણ આ કહેશે ને. અંતરઆત્મલક્ષણ વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાન. એનો અર્થ કે, ચોથેથી બાર. એ તો પાઠ છે એમાં. વ્યાખ્યાનમાં ચોથાથી બાર એ શબ્દમાંથી નીકળીને ખુલાસો કર્યો છે. મફત નથી કર્યો. સમજાણું કાંઈ?

'**વીતરાગસંયમીકે જૈસા પ્રકાશ નહીં હૈ.**' મુનિ છઠ્ઠા ગુણસ્થાનવાળા, હોં! અંદર સ્વ-વિષયનું જ્ઞાન (છે) અને ત્રણ કષાયના અભાવવાળો વીતરાગી પ્રકાશ પ્રગટ્યો છે. પણ જેવો ઉપરના ગુણસ્થાનમાં વીતરાગી પ્રકાશ સંયમીને છે એવો અહીંયા નથી. '**સાતવેં ગુણસ્થાનમેં ચૌથી ચૌકડી મંદ હો જાતી હૈ,...**' મંદ હવે કહે છે. પેલામાં છઠ્ઠે હજી આખી હતી. સાતમે મંદ થઈ જાય છે. સાતમાં ગુણસ્થાનમાં સંજ્વલન, જે ચોથો કષાય એના ચાર ભાગ ક્રોધ, માન, માયા, લોભ (છે) એ મંદ થઈ જાય છે. '**વહાંપર આહાર-વિહાર ક્રિયા નહીં હોતી,...**' સાતમા ગુણસ્થાનમાં આહાર-વિહારનો વિકલ્પ નથી, એમ કહે છે. ક્રિયા તો જડની નથી પણ એને વિકલ્પ નથી. છઠ્ઠામાં હોય એ સાતમામાં ન હોય. ઓહોહો..! '**ધ્યાનમેં આરૂઢ રહતે હૈં,...**' એટલી તો અંદર એકાગ્રતા થઈ ગઈ છે કે એને આહાર-પાણીનો વિકલ્પ હોતો નથી.

'**સાતવેંસે છઠે ગુણસ્થાનમેં આવે, તબ વહાંપર આહારાદિ ક્રિયા હૈ,...**' સાતમાથી

છઠ્ઠે આવે ત્યારે એને આહારના વિકલ્પનો રાગ હોય છે. પેલો સાતમે મંદ હતો એ અહીં તીવ્ર છે. સમજાણું કાંઈ? મંદ કહ્યો હતો ને ત્યાં? મંદ છે. અહીં છઠ્ઠે તીવ્ર છે. એટલો આહારનો, પાણીનો, વિહારનો-ચાલવાનો વિકલ્પ છે. '**ઈસી પ્રકાર છઠ્ઠા- સાતવાં કરતે રહતે હૈં,...**' ઈસી પ્રકાર છઠ્ઠા સાતવાં કરતે રહતે હૈં, લ્યો! મુનિ આને કહીએ. છઠ્ઠુ-સાતમું... છઠ્ઠુ-સાતમું... છઠ્ઠુ-સાતમુ હજારો વાર કર્યા કરે. છઠ્ઠે હોય ત્યારે ત્રણ કષાયના અભાવનું અને ચોથે કષાયના ઉદયનું. સાતમે હોય ત્યારે ત્રણ કષાયના અભાવ સાથે સંજ્વલનના મંદતાનું, એટલો મંદતાનો રાગ ઘટીને વીતરાગતા વધી ગઈ છે. સાતમે કષાયની મંદતા છે એટલે વીતરાગતા વધી ગઈ. એટલે ત્યાં આહાર ને પાણી લેવાનો વિકલ્પ એને નથી. હેઠે ઉતરે એટલે વળી પાછો તીવ્ર રાગ હોય છે. ત્યારે ત્રણ કષાયનો અભાવ છે, પણ કષાયની તીવ્રતા, સંજ્વલનની તીવ્રતા છે, સંજ્વલનની તીવ્રતા છે, છે એની મંદતા સાતમે હતી એની તીવ્રતા છે. સમજાણું કાંઈ? ભારે વાત કરી છે, ભાઈ! '**વહાંપર અંતર્મુહૂર્તકાલ હૈ.**' લ્યો! સમજાણું? સાતમા ગુણસ્થાનમાં પણ અંતર્મુહૂર્ત જ કાળ રહે છે. થોડો કાળ રહે છે, હોં! એ છઠ્ઠે-સાતમે થઈને...

એ મુહૂર્તની અંદર. મુહૂર્ત એટલે બે ઘડીનું મુહૂર્ત. એની અંદર. એના ઘણા ભંગ, ઘણા ભંગ (છે). અહીં તો અંતર્મુહૂર્ત શબ્દ મૂક્યો છે. મુહૂર્ત બે ઘડીનુ એક કહેવાય છે ને? બે ઘડીનું મુહૂર્ત. એની અંદર, અંદરમાં ઘણા ભાગ પછી નાનું... નાનું... નાનું... અહીં તો સાતમા ગુણસ્થાનની વાત લેવી છે.

'**આંઠવેં ગુણસ્થાનમેં ચૌથીચોકડી અત્યંત મંદ હો જાતી હૈ,...**' સાતમે મંદ હતી, આઠમા ગુણસ્થાનમાં અત્યંત મંદ થઈ જાય છે. '**વહાં રાગભાવકી અત્યંત ક્ષીણતા હોતી હૈ,...**' રાગભાવ આઠમે ઘણો ક્ષીણ થઈ જાય છે. '**વીતરાગભાવ પુષ્ટ હોતા હૈ,...**' લ્યો! આઠમે વીતરાગભાવ પુષ્ટ થાય છે. વીતરાગભાવ પુષ્ટ હોતા હૈ, વીતરાગભાવ જ એકલો આવ્યો એમ નહિ. સમજાય છે? આઠમે વીતરાગતા છે અને નીચે એકલી સરાગતા છે, એમ નહિ. વીતરાગ ત્યારે આઠમે આવે. હેઠે તો બધું સરાગ જ છે. અહીં તો કહે છે કે, વીતરાગભાવ જેટલો સાતમે હતો એથી આઠમે વધારે પુષ્ટપણાને પામે છે. બસ, એટલી વાત છે. સંજ્વલનનો અત્યંત મંદ ભાવ થયો હતો... સ્વભાવ તરફ વીતરાગી જ્ઞાનને... છે તો ધ્યાનમાં એ. આઠમાવાળો તો ધ્યાનમાં હોય છે. પણ વીતરાગભાવ ત્યાં વિશેષ પુષ્ટ થયો છે. શુદ્ધની સ્થિતિની ધારા વધી છે. એને શ્રેણી કહેવાય છે.

'**સ્વસંવેદનજ્ઞાનકા વિશેષ પ્રકાશ હોતા હૈ,...**' લ્યો! સ્વસંવેદન એટલે પોતાને પકડવાના વેદવાનો વિશેષ પ્રકાશ. અહીંયા બાર અંગનુ ને અગિયાર અંગનું જ્ઞાન વિશેષ ઉઘડી ગયું છે એમ અહીં વાત નથી લેવી. '**સ્વસંવેદનજ્ઞાનકા વિશેષ પ્રકાશ હોતા હૈ,...**' જ્ઞાનાનંદ પ્રભુ આત્મા, એને અંદર પકડવાની એકાગ્રતા થઈ છે એમાં ઘણી નિર્મળતા વધી ગઈ છે. કહો, સમજાણું આમાં? આ તો ચોથેથી માંડીને બાર સુધી લઈ જશે. અંતરાત્માની વ્યાખ્યા કરે છે ને આ? કહો, તેથી તો કહે છે, '**अन्तरात्मलक्षणवीतरागनिर्विकल्प-स्वसंवेदनज्ञानेन**'.

અંતરાત્માની વ્યાખ્યા કરી છે. ચોથે વીતરાગી નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાન, પાંચમે વીતરાગી નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાન કરતાં કરતાં બારમા સુધી પૂરું થાય છે. પછી એનું ફળ છે કેવળજ્ઞાન.

**'શ્રેણી માંડનેસે શુક્લધ્યાન ઉત્પન્ન હોતા હૈ.'** લ્યો! એ આઠમાથી શુદ્ધતાની વૃદ્ધિ થઈ એટલે શુક્લધ્યાન-આત્માનું ઉજળું ધ્યાન (થાય છે). રાગ ઘણો ઘટી ગયો એટલે નિર્મળ પર્યાય દ્રવ્ય ઉપર એકાકાર થઈ. **'શ્રેણીકે દો ભેદ હૈં,...'** એ શુદ્ધતાની શ્રેણીના બે પ્રકાર. **'એક ક્ષપક, દૂસરી ઉપશમ,...'** એક ક્ષય કરતો સ્થિરતા પામે, એક ઉપશમ કરતો સ્થિરતા પામે. **'ક્ષપક શ્રેણીવાલે તો ઉસી ભવમેં કેવલજ્ઞાન પાકર મુક્ત હો જાતે હૈં,...'** લ્યો! આઠમાથી જે ક્ષપક છે, સ્વરૂપની સ્થિરતા બિલકુલ ક્ષાયિકભાવે ઉપડી છે, એ તો આ ભવમાં કેવળજ્ઞાન થઈને મુક્ત થઈ જાય. સમજાણું કાંઈ?

**'ઔર ઉપશમવાલે આઠવેં, નવમેં, દશવેંસે ગ્યારહવાં સ્પર્શકર...'** ઉપશમવાળો જે આઠમે જાય, ઉપશમ શ્રેણી સ્થિર થઈને, ક્ષાયિક સમકિત પણ હોય કોઈને અને કોઈને ઉપશમ હોય. સમજાણું? એ **'આઠવેં નવમેં દશવેંસે ગ્યાહરવાં સ્પર્શકર...'** એ અગિયારમે જાય. **'પીછે પડ જાતે હૈં,...'** ઉપશમવાળાની મુદ્દત એટલી. પાછા પડી જાય. **'સો કુછ એક ભવ ભી ધારણ કરતે હૈં, તથા...'** સો કુછ એક ભવ. સો કુછ એટલે કેટલાક. સો કુછ એટલે કેટલાક ભવ પણ ધારણ કરે. કોણ? ઉપશમવાળો.

**'તથા ક્ષપકવાલે આઠવેંસે નવમેં ગુણસ્થાનમેં પ્રાપ્ત હોતા હૈં,...'** ક્ષપક શુદ્ધતાની ઉગ્રતા વધી છે, એ તો આઠમાથી નવમે ને ત્યાંથી (પૂર્ણતા પામે છે). **'વહાં કષાયોંકા સર્વથા નાશ હોતા હૈ,...'** **'ગુણસ્થાનમેં પ્રાપ્ત હોતે હૈં, વહાં કષાયોંકા સર્વથા નાશ હોતા હૈ, એક સંજ્વલનલોભ રહ જાતા હૈ, અન્ય સબકા અભાવ હોને સે વીતરાગભાવ અતિ પ્રબલ હો જાતા હૈ,...'** નવમાં, નવમી ભૂમિકા-ગુણસ્થાન. **'ઈસલિયે સ્વસંવેદનજ્ઞાનકા બહુત જ્યાદા પ્રકાશ હોતા હૈ,...'** સ્વસંવેદનજ્ઞાનનો ઘણો વધારે પ્રકાશ થાય છે. ઓલી વીતરાગતા વધી એટલો પ્રકાશ વધ્યો. **'પરંતુ એક સંજ્વલનલોભ બાકી રહનેસે વહાં સરાગચરિત્ર હી કહા જાતા હૈ.'** દેખો! પેલાને સરાગસંયમી કહ્યો, અહીં સરાગચારિત્ર કહેવામાં આવે છે. રાગસહિત છે ને થોડું. **'દશવેં ગુણસ્થાનમેં સૂક્ષ્મ લોભ ભી નહીં રહતા,...'** સૂક્ષ્મ લોભ રહે છે પણ છેલ્લે નથી રહેતો, એમ કહે છે. **'તબ મોહકી અટ્ઠાઈસ પ્રકૃતિયોંકે નષ્ટ હો જાનેસે વીતરાગચારિત્ર કી સિદ્ધિ હો જાતી હૈ.'** દસમામાં થોડો લોભ રહે છે.

**'દશવેંસે બારહવેંમેં જાતે હૈં, ગ્યારહવેં ગુણસ્થાનકા સ્પર્શ નહીં કરતે,...'** કોણ? ક્ષપકવાળા. **'વહાં નિર્મોહ વીતરાગીકે શુક્લધ્યાનકા દૂસરા પાયા (ભેદ) પ્રગટ હોતા હૈ, યથાખ્યાતચારિત્ર હો જાતા હૈ. બારહવેંકે અંતરમેં જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય ઈન તીનોંકા વિનાશ કર ડાલા,...'** વિનાશ કર ડાલા. જોયું? વિનાશ થઈ જાય છે. **'મોહકા નાશ પહલે હી હો ચુકા થા,...'** મોહનો નાશ તો પહેલાં થયો હતો. **'તબ ચારોં ઘાતિકર્મોંકે નષ્ટ હો જાનેસે તેરહવેં ગુણસ્થાનમેં કેવલજ્ઞાન પ્રગટ હોતા હૈ,...'** વર્તમાન એ વસ્તુ નથી એટલે

બહુ ટૂંકું કરીને વર્ણવી છે. ચોથા, પાંચમા, છઠ્ઠા, સાતમાનું સ્પષ્ટીકરણ વધારે છે. '**વહાંપર હી શુદ્ધ પરમાત્મા હોતા હૈ,...**' ત્યાં પૂર્ણ પરમાત્મા તેરમા ગુણસ્થાનમાં થાય છે. '**અર્થાત્ ઉસકે જ્ઞાનકા પૂર્ણ પ્રકાશ હો જાતા હૈ, નિઃકષાય હૈ.**'

હવે આ છેલ્લો શબ્દ હતો ને? કે, '**अन्तरात्मलक्षणवीतरागनिर्विकल्पस्वसंवेदनज्ञानेन**' અથવા પાઠ શું હતો? જુઓ! '**मुणि सण्णाणेँ णाणमउ जो परमप्प–सहाउ**' '**सण्णाणेँ**' શબ્દ પડ્યો છે ને? '**सण्णाणेँ**' નો અર્થ '**स्वज्ञानेन**' કર્યું છે, હોં! '**स्वज्ञानेन**' કર્યું છે. સંસ્કૃત. પેલો '**सण्णाणेँ**' શબ્દ છે ને? એનો '**स्वज्ञानेन**' એવો (પાઠ) કર્યો છે. એની આ વ્યાખ્યા છે, આ '**सण्णाणेँ**' શબ્દની આ બધી વ્યાખ્યા છે. એની ટીકા આ છે '**अन्तरात्मलक्षणवीतराग–निर्विकल्पस्वसंवेदनज्ञानेन जानीहि**' '**मन्यस्व** ' છે ને? ઈ. એની આ વ્યાખ્યા કરી આટલી બધી, લ્યો!

'**ચૌથે ગુણસ્થાનસે લેકર બારહવેં ગુણસ્થાન તક તો અંતરાત્મા હૈ,...**' આ બધી વ્યાખ્યા બારમાં સુધી અંતરાત્માની કરી. સ્વસંવેદન વીતરાગી જ્ઞાન. '**ઉસકે ગુણસ્થાન પ્રતિ ચઢતી હુઈ શુદ્ધતા હૈ,...**' પાંચમે શુદ્ધતા વધી, છઠ્ઠે ગુણસ્થાન, ગુણસ્થાન વધતી જતી. '**ઔર પૂર્ણ શુદ્ધતા પરમાત્માકે હૈ,...**' લ્યો! કેવળીને પૂરું થયું. '**યહ સારાંશ સમજના.**' અંતરાત્માની વ્યાખ્યા બહુ સરસ થઈ. ચોથેથી બારમા સુધી પાઠમાં '**सण्णाणेँ मन्यस्व**' '**सण्णाणेँ मन्यस्व**' અંતરાત્મા એની આ બધી વ્યાખ્યા ટીકામાં ટૂંકી કરીને એનો વિસ્તાર જ આ કરેલો છે. ઘરનું કાંઈ નથી, હોં! એમ કહે છે, ઘરનું નાખ્યું છે. પાઠમાં છે, '**मुणि सण्णाणेँ णाणमउ**' છે ને. અને જ્ઞાનમયનો અર્થ જ પાઠમાં કર્યો '**ज्ञानमयं केवलज्ञानेन निर्वृत्तमिति**' એકલો આત્મા. એનું વેદન શરૂ થઈ ચોથે અને બારમે અંતરાત્માનું પૂરું થયું. અંતરાત્માની અપેક્ષાએ પૂરું, પૂર્ણ પ્રકાશ તેરમે પૂરો થાય છે. આવી સ્થિતિને અંતરાત્મા કહેવામાં આવે છે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**अथ त्रिविधात्मसंज्ञा बहिरात्मलक्षणं च कथयति –**

**१३) मूढु वियक्खणु बंभु परु अप्पा ति–विहु हवेइ।**
**देहु जि अप्पा जो मुणइ सो जणु मूढु हवेइ।।१३।।**

**मूढो विचक्षणो ब्रह्म परः आत्मा त्रिविधो भवति।**
**देहमेव आत्मानं यो मनुते स जनो मूढो भवति।।१३।।**

**मूढु वियक्खणु बंभु परु अप्पा तिविहु हवेइ मूढो मिथ्यात्वरागादिपरिणतो बहिरात्मा, विचक्षणो वीतरागनिर्विकल्पस्वसंवेदनज्ञानपरिणतोऽन्तरात्मा, ब्रह्म शुद्धबुद्धैकस्वभावः परमात्मा। शुद्धबुद्धस्वभावलक्षणं कथ्यतेशुद्धो रागादिरहितो बुद्धोऽनन्तज्ञानादिचतुष्टयसहित इति शुद्धबुद्धस्वभावलक्षणं सर्वत्र ज्ञातव्यम्। स च कथंभूतः ब्रह्म। परमो भावकर्मद्रव्यकर्मनोकर्म–**

रहितः। एवमात्मा त्रिविधो भवति। देहु जि अप्पा जो मुणइ सो जणु मूढु हवेइ वीतरागनिर्विकल्प–समाधिसंजातसदानन्दैकसुखामृतस्वभावमलभमानः सन् देहमेवात्मानं यो मनुते जानाति स जनो लोको मूढात्मा भवति इति। अत्र बहिरात्मा हेयस्तदपेक्षया यद्यप्यन्तरात्मोपादेयस्तथापि सर्वप्रकारोपादेयभूतपरमात्मापेक्षया स हेय इति तात्पर्यार्थः।।१३।।

---

तीन प्रकारके आत्माके भेद हैं, उनमेंसे प्रथम बहिरात्माका लक्षण कहते हैं –

**गाथा – १३**

अन्वयार्थ :– [ मूढः ] मिथ्यात्व रागादिरूप परिणत हुआ बहिरात्मा, [ विचक्षणः ] वीतराग निर्विकल्प स्वसंवेदनज्ञानरूप परिणमन करता हुआ अंतरात्मा [ ब्रह्मा परः ] और शुद्ध–बुद्ध स्वभाव परमात्मा अर्थात् रागादि रहित, अनंत ज्ञानादि सहित, भावद्रव्य कर्म नोकर्म रहित आत्मा इसप्रकार [ आत्मा ] आत्मा [ त्रिविधो भवति ] तीन तरहका है, अर्थात् बहिरात्मा, अंतरात्मा, परमात्मा, ये तीन भेद हैं। इनमेंसे [ यः ] जो देहमेव देहको ही [ आत्मानं ] आत्मा [ मनुते ] मानता है, [ स जनः ] वह प्राणी [ मूढः ] बहिरात्मा [ भवति ] है, अर्थात् बहिर्मुख मिथ्यादृष्टि है।

भावार्थ :– जो देहको आत्मा समझता है, वह वीतराग निर्विकल्प समाधिसे उत्पन्न हुए परमानंद सुखामृतको नहीं पाता हुआ मूर्ख है, अज्ञानी है। इन तीन प्रकारके आत्माओंमेंसे बहिरात्मा तो त्याज्य ही है– आदर योग्य नहीं है। इसकी अपेक्षा यद्यपि अंतरात्मा अर्थात् सम्यग्दृष्टि वह उपादेय है, तो भी सब तरहसे उपादेय (ग्रहण करने योग्य) जो परमात्मा उसकी अपेक्षा वह अंतरात्मा हेय ही है, शुद्ध परमात्मा ही ध्यान करने योग्य है, ऐसा जानना।।१३।।

---

હવે ત્રણ પ્રકારના આત્માની સંજ્ઞા અને બહિરાત્માનું લક્ષણ કહે છે.

ભાવાર્થ : મૂઢ મિથ્યાત્વ રાગાદિરૂપે પરિણમતો બહિરાત્મા છે, વિચક્ષણ વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનરૂપે પરિણમતો અન્તરાત્મા છે, પરમ ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મરહિત–બ્રહ્મ–શુદ્ધબુદ્ધ–એક સ્વભાવી પરમાત્મા છે. શુદ્ધ, બુદ્ધ સ્વભાવનું સ્વરૂપ કહેવામાં આવે છે. શુદ્ધ અર્થાત્ રાગાદિથી રહિત, બુદ્ધ અર્થાત્ અનંતજ્ઞાનાદિ ચતુષ્ટય સહિત, એ પ્રમાણે શુદ્ધ, બુદ્ધ, સ્વભાવનું સ્વરૂપ સર્વત્ર જાણવું. એ રીતે આત્મા ત્રણ પ્રકારે છે.

વીતરાગનિર્વિકલ્પ સમાધિથી ઉત્પન્ન, એક (કેવળ) સદાનંદરૂપ, સુખામૃત સ્વભાવને નહિ પ્રાપ્ત કરતો, જે દેહને જ આત્મા માને છે તે મૂઢાત્મા છે.

અહીં (આ ત્રણ પ્રકારના આત્મામાંથી) બહિરાત્મા હેય છે, તેની અપેક્ષાએ જો કે અન્તરાત્મા ઉપાદેય છે તો પણ સર્વ પ્રકારે ઉપાદેયભૂત પરમાત્માની અપેક્ષાએ તે હેય છે. એવો તાત્પર્યાર્થ છે. ૧૩.

## વીર સંવત ૨૫૦૨, જયેષ્ઠ વદ ૬, ગુરુવાર
## તા. ૧૭-૦૬-૧૯૭૬, ગાથા-૧૩ થી ૧૬, પ્રવચન નં. ૧૧

'પરમાત્મપ્રકાશ' **'જો દેહ કો આત્મા સમજતા હૈ,...'** એટલે કે **'વહ વીતરાગ નિર્વિકલ્પ સમાધિસે ઉત્પન્ન હુએ પરમાનંદ સુખામૃતકો નહીં પાતા હુઆ...'** આહાહા..! જે કોઈ પુણ્ય અને પાપના ભાવ આદિ કે દેહ, એને જે પોતાનું સ્વરૂપ જાણે છે એને જે વસ્તુ જે વીતરાગ નિર્વિકલ્પ સમાધિ જે આત્માનો સ્વભાવ છે, એનાથી **'ઉત્પન્ન હુએ પરમાનંદ સુખામૃતકો નહીં પાતા...'** આહાહા..! **'વિચક્ષણઃ'**ની વ્યાખ્યા જ એ કરી છે ને? **'વિચક્ષણઃ'**ની વ્યાખ્યા જ એ કરી. પહેલા વિચિક્ષણ કહ્યું હતું. **'વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનરૂપ પરિણમન કરતા હુઆ અંતરાત્મા...'** આહાહા..! ચોથા ગુણસ્થાનમાં રાગરહિત અભેદ સમાધિથી ઉત્પન્ન થયેલું પરમાનંદ સુખામૃત, એને પામે છે. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શનમાં અંતર આત્મામાં અંતર સ્વરૂપ જે છે એમાંથી તેને રાગરહિત શાંતિથી ઉત્પન્ન સુખામૃત, પરમાનંદ સુખામૃત એની દશામાં હોય છે. એને અંતરાત્મા કહીએ. આહાહા..! અને જે કોઈ આત્મા રાગને (પોતાનું સ્વરૂપ) સમજે છે, રાગ, પુણ્ય વ્યવહાર વિકલ્પાદિ... આહાહા..! એને **'વીતરાગી નિર્વિકલ્પ સમાધિસે ઉત્પન્ન હુએ પરમાનંદ સુખામૃતકો નહીં પાતા હુઆ મૂર્ખ હૈ,...'** કહે છે. આહાહા..! આત્માનો આનંદ જે સુખામૃત સ્વરૂપ એને પ્રાપ્ત નહિ કરી અને રાગાદિને પોતાના માને છે એ મૂર્ખ છે એટલે બહિરાત્મા છે. આહાહા..!

મુમુક્ષુ :- એમાં શું મૂર્ખતા થઈ?

ઉત્તર :- આત્માનો સ્વભાવ છે એ તો પ્રાપ્ત થયો નહિ અને રાગને પોતાનો માન્યો એ મૂર્ખતા છે. આહાહા..! રાગનો વિકલ્પ છે એ પણ ખરેખર દેહ-પર છે. આહાહા..! એના ઉપર જેની દૃષ્ટિ છે અને એને લાભદાયક માને છે અથવા તે હું છું એમ માને છે. એને વીતરાગી શાંતિથી ઉત્પન્ન થતા સુખામૃતના આનંદનો અભાવ છે અને રાગાદિ હું છું એવા ભાવનો જેને સદ્ભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'અજ્ઞાની છે.'** આહાહા..! સચ્ચિદાનંદ સ્વરૂપ ભગવાન વીતરાગી સ્વભાવ અને વીતરાગી આનંદથી ભરી પડી વસ્તુ... આહાહા..! એનો જેને આશ્રય નથી એને વીતરાગી પરમાનંદની પ્રાપ્તિ નથી. આહાહા..!

મુમુક્ષુ :- આખું જગત મૂર્ખ થયું ને.

ઉત્તર :- શબ્દ એ લીધો છે ને, જુઓને! **'મૂઢઃ'** પહેલો શબ્દ પાડ્યો છે. **'મૂઢઃ'** તે બહિરાત્મા. એમ શબ્દ છે ને ગાથામાં? ' **વિચક્ષણઃ**' તે અંતરાત્મા અને **'બ્રહ્મા'** તે પરમાત્મા.

ત્રણની વ્યાખ્યા જ આ છે. આહાહા..! '**મૂઢઃ**' તે બહિરાત્મા. એને અહીં મૂર્ખ શબ્દ વાપર્યો છે. આહાહા..! જેને આત્મા પ્રાપ્ત નથી. એટલે કે આત્મા પરમ વીતરાગ શાંતિથી ઉત્પન્ન થતું અમૃત, સુખામૃત ભાવ, એની જેને પ્રાપ્તિ નથી અને રાગની પ્રાપ્તિમાં વ્યવહારના વિકલ્પમાં મારો એમ (માનીને) પડ્યો છે. આહાહા..! કેટલાક કહે છે કે વીતરાગી સમાધિ ચોથે ન હોય. આઠમે હોય. આ કાળે શુદ્ધોપયોગ ન હોય. એમ કહે. અરે..! પ્રભુ! શું કરે છે તું? આહાહા..! સાધારણ સમાજ માનશે તેથી કાંઈ સત્ય નહિ થઈ જાય. આહાહા..!

'**ઈન તીન પ્રકારકે આત્માઓંમેંસે...**' આ બહિરાત્મા મૂઢ કહ્યો, અંતરાત્મા '**વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનરૂપ પરિણમન કરતા હુઆ અંતરાત્મા**' અંતરાત્મા અને બ્રહ્મ- '**ઔર શુદ્ધ-બુદ્ધ સ્વભાવ પરમાત્મા...**' વર્તમાન દશામાં પ્રાપ્ત. આહાહા..! '**ઈન તીન પ્રકારકે આત્માઓંમેંસે બહિરાત્મા તો ત્યાજ્ય હી હૈ-**' રાગ અને દેહ આદિ મારા છે અથવા એ વ્યવહાર રાગથી મને લાભ થશે, એનો અર્થ એ રાગને જ પોતાનો માન્યો છે. એ બહિરાત્મા ત્યાજ્ય છે. '**આદર યોગ્ય નહીં હૈ.**' આહાહા..!

'**ઈસકી અપેક્ષા યદ્યપિ અંતરાત્મા અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ વહ ઉપાદેય હૈ,...**' બહિરાત્માની અપેક્ષાએ બહિરાત્મપણું ત્યાજ્ય છે, એની અપેક્ષાએ સમ્યગ્દૃષ્ટિ અંતરાત્મા ઉપાદેય છે. '**તો ભી સબ તરહસે ઉપાદેય...**' આહાહા..! એ તો પરમાત્મા. પૂર્ણ સ્વરૂપ પ્રાપ્ત અથવા પૂર્ણ સ્વરૂપ શક્તિનો જે આત્મા, એ અંતરાત્મા પણ એ અપેક્ષાએ હેય છે. '**જો પરમાત્મા ઉસકી અપેક્ષા વહ અંતરાત્મા હેય હી હૈ.**' ગજબ વાત છે ને? સમજાણું કાંઈ? '**શુદ્ધ પરમાત્મા હી ધ્યાન કરને યોગ્ય હૈ,...**' આહા..! શુદ્ધ પરમાત્મસ્વરૂપ શક્તિરૂપ સ્વભાવ તે જ ધ્યાન કરવા લાયક છે. અંતરાત્માની દશા પણ ધ્યાન કરવા લાયક નથી, એમ કહે છે. આહાહા..! બહુ માર્ગ એવો, બાપા! પરમાત્મા પ્રાપ્ત છે એનું પણ ધ્યાન કરવું અને પોતે શુદ્ધ-બુદ્ધ પરમાત્મા છે તેનું ધ્યાન કરવું. આહાહા..!

---

**अथ परमसमाधिस्थितः सन् देहविभिन्नं ज्ञानमयं परमात्मानं योऽसौ जानाति सोऽन्तरात्मा भवतीति निरूपयति –**

**१४) देह–विभिण्णउ णाणमउ जो परमप्पु णिएइ।**
**परम–समाहि–परिट्ठियउ पंडिउ सो जि हवेइ।।१४।।**

**देहविभिन्न ज्ञानमयं यः परमात्मानं पश्यति।**
**परमसमाधिपरिस्थितिः पण्डितः स एव भवति।।१४।।**

**देहविभिण्णउ णाणमउ जो परमप्पु णिएइ अनुपचरितासद्भूतव्यवहारनयेन देहादभिन्नं निश्चयनयेन भिन्नं ज्ञानमयं केवलज्ञानेन निर्वृत्तं परमात्मानं योऽसौ जानाति परमसमाहिपरिट्ठियउ पंडिउ सो जि हवेइ वीतरागनिर्विकल्पसहजानन्दैकशुद्धात्मानुभूतिलक्षणपरमसमाधिस्थितः सन्**

पण्डितोऽन्तरात्मा विवेकी स एव भवति। 'कः पण्डितो विवेकी' इति वचनात्, इति अन्तरात्मा हेयरूपो, योऽसौ परमात्मा भणितः स एव साक्षादुपादेय इति भावार्थः ।।१४।।

---

आगे परसमाधिमें स्थित, देहसे भिन्न ज्ञानमयी (उपयोगमयी) आत्माको जो जानता है, वह अन्तरात्मा है, ऐसा कहते हैं –

## गाथा – १४

अन्वयार्थ :– [ यः ] जो पुरुष [ परमात्मानं ] परमात्माको [ देहविभिन्नं ] शरीरसे जुदा [ ज्ञानमयं ] केवलज्ञानकर पूर्ण [ पश्यति ] जानता है, [ स एव ] वही [ परमसमाधिपरिस्थितिः ] परमसमाधिमें तिष्ठता हुआ [ पण्डितः ] अन्तरात्मा अर्थात् विवेकी भवति है।

भावार्थ :– यद्यपि अनुपचरितासद्भूतव्यवहारनयसे अर्थात् इस जीवके परवस्तुका संबंध अनादिकालका मिथ्यारूप होनेसे व्यवहारनयकर देहमयी है, तो भी निश्चयनयकर सर्वथा देहादिकसे भिन्न है, और केवलज्ञानमयी है, ऐसा निज शुद्धात्माको वीतरागनिर्विकल्प सहजानंद शुद्धात्माकी अनुभूतिरूप परमसमाधिमें स्थित होता हुआ जानता है, वही विवेकी अंतरात्मा कहलाता है। वह परमात्मा ही सर्वथा आराधने योग्य है, ऐसा जानना।।१४।।

---

હવે, પરમસમાધિમાં સ્થિત થયેલો જે દેહથી ભિન્ન જ્ઞાનમય પરમાત્માને જાણે છે તે અન્તરાત્મા છે એમ કહે છે :

ભાવાર્થ : જે કોઈ વીતરાગ નિર્વિકલ્પ સહજ આનંદરૂપ એક (કેવળ) શુદ્ધાત્માનુભૂતિ જેનું લક્ષણ છે એવી પરમસમાધિમાં સ્થિત થયો થકો, અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી દેહથી અભિન્ન અને નિશ્ચયનયથી દેહથી ભિન્ન, જ્ઞાનમય કેવળજ્ઞાનથી રચાયેલ પરમાત્માને જાણે છે, તે જ પંડિત–વિવેકી અન્તરાત્મા છે [૧]'कः पण्डितो विवेकी' इति वचनात्' (અર્થ : 'પંડિત કોણ ? તો કે જે વિવેકી છે,') એવું આગમનું વચન છે.

એ પ્રમાણે અન્તરાત્મા હેયરૂપ છે, જે પરમાત્મા છે તે જ સાક્ષાત્ ઉપાદેય છે એવો ભાવાર્થ છે. ૧૪.

---

## ગાથા-૧૪ ઉપર પ્રવચન

હવે ૧૪. '**પરમસમાધિમેં સ્થિત, દેહસે ભિન્ન જ્ઞાનમયી (ઉપયોગમયી) આત્માકો જો જાનતા હૈ, વહ અન્તરાત્મા હૈ,...**' એની વ્યાખ્યા છે. ૧૪.

---

૧. અમોઘ વર્ષ, પ્રશ્નોત્તરમાલા ૫

**१४) देह–विभिण्णउ णाणमउ जो परमप्पु णिएइ।**
**परम–समाहि–परिट्ठियउ पंडिउ सो जि हवेइ।।१४।।**

અંતરાત્માની વ્યાખ્યા કરે છે. '**જો પુરુષ પરમાત્માકો...**' એટલે આત્માને '**શરીરસે જુદા...**' પરમાત્મ શબ્દે આત્મા અહીંયાં છે. પરમાત્મા વસ્તુ ત્રિકાળ આનંદમય. એ '**કેવળજ્ઞાનકર પૂર્ણ જાનતા હૈ,...**' '**ज्ञानमयं**' કેવળજ્ઞાન એટલે એકલો જ્ઞાનમય ભગવાનઆત્મા છે. આહાહા..! આત્મા એટલે એકલું કેવળજ્ઞાનમય. કેવળજ્ઞાન પર્યાયની અહીં વાત નથી. પરમાત્માને જે કેવળ (પ્રગટ થયું) એ અહીં વાત નથી. કેવળજ્ઞાનમય. એકલી જ્ઞાનમય વસ્તુ. જેમાં પુણ્ય-પાપ તો નથી પણ જેમાં અલ્પજ્ઞપણું નથી. એવો કેવળજ્ઞાનમય ભગવાનઆત્મા... આહાહા..! છે ને? '**ज्ञानमयं**' નો અર્થ '**કેવલજ્ઞાનકર પૂર્ણ...**' પોતાના સ્વભાવજ્ઞાનથી પૂર્ણ. આહાહા..! '**જાનતા હૈ,...**' જુઓ! એવો આત્મા અંદર જાણે છે. એક જ્ઞાનમય પૂર્ણ સ્વરૂપ છું એવું જે સમ્યગ્દૃષ્ટિ જાણે છે.

'**વહી પરમસમાધિમેં તિષ્ઠતા હુઆ...**' ભાષા જુઓ! આ અંતરાત્માની વ્યાખ્યા ચાલે છે. આહાહા..! '**પરમસમાધિમેં તિષ્ઠતા હુઆ...**' પરમ શાંતિ... શાંતિ... શાંતિ... આહાહા..! ચોથે ગુણસ્થાને પણ અનંતાનુબંધી (કષાય ગયો) એટલી સમાધિ અને શાંતિ છે, એમ કહે છે. આહાહા..! '**પરમ સમાધિમેં તિષ્ઠતા હુઆ...**' શાંતિ.. શાંતિ... છે. આ અંતરાત્માની વ્યાખ્યા ચાલે છે. ચોથેથી આમ હોય છે, એમ કહે છે. ઓલા કહે, નહિ. નિર્વિકલ્પ પરમસમાધિ આઠમેથી હોય છે. નીચે તો રાગવાળુ સમકિત હોય છે. અહીંયાં તો અંતરાત્મા કીધું. ચોથેથી બાર ગુણસ્થાન સુધી અંતરાત્મા છે. અને અંતરાત્માની વ્યાખ્યા છે. આહાહા..!

વસ્તુ પોતે ભગવાનઆત્મા એક જ્ઞાનમય, આનંદમય, શાંતિમય, સ્વચ્છતામય, પ્રભુતામય એવું આખું પૂર્ણ તત્ત્વ, એને સમાધિમાં તિષ્ઠતા છે, એ સમાધિમાં શાંત છે. આહાહા..! એવા સ્વભાવનો આશ્રય લઈ અને જે શાંતિ પ્રગટી છે. આહાહા..! એમાં રહ્યો છે એ અંતરાત્મા છે. એ પંડિત છે. ભલે જાણપણું વિશેષ ન હોય. એ પંડિત છે, એ '**વિવેકી હૈ...**' આહાહા..! છે? '**पण्डितः**' '**અન્તરાત્મા અર્થાત્ વિવેકી હૈ...**' આહાહા..! જેણે રાગથી ભગવાનને ભિન્ન કરીને અનુભવ્યો એ પંડિત અને એ વિવેકી છે. આહાહા..! ભલે વિશેષ શાસ્ત્રનું જ્ઞાન ન હોય પણ જેણે પરમાનંદસ્વરૂપ ભગવાનઆત્મા રાગથી ભિન્ન પાડીને પરમશાંતિથી અનુભવ કર્યો છે એ વિવેકી છે. જેણે રાગથી ભિન્ન પાડીને પોતાના સ્વરૂપને અનુભવ્યું. આહાહા..! આવી વાતું છે. એને પંડિત કહીએ, એને વિવેકી કહીએ, એને અંતરાત્મા કહીએ. આહાહા..! તે શાંતિમાં સ્થિત છે એમ કહીએ. સમજાણું કાંઈ? આહાહા..!

'**ભાવાર્થ :– યદ્યપિ અનુપચરિતસદ્ભૂતવ્યવહારનયસે અર્થાત્ ઈસ જીવકે પરવસ્તુકા સંબંધ અનાદિકાલકા મિથ્યારૂપ હોનેસે વ્યવહારનયકર દેહમયી હૈ,...**' દેહનો, રાગનો સંબંધ અનાદિનો છે. એ નય પહેલા આવી ગઈ છે આપણે. '**અનુપચરિતઅસદ્ભૂતવ્યવહાર–**

**નયસે...**' કર્મ-કર્મ. કર્મ, દેહ આદિનો સંબંધ જે છે એ નજીક છે એટલે અનુપચરિત પણ અસદ્ભૂત છે. વસ્તુમાં-આત્મામાં નથી. એવો જે વ્યવહાર પરનું નિમિત્ત એ '**વ્યવહારનયસે અર્થાત્ ઈસ જીવકે પરવસ્તુકા સંબંધ અનાદિકાલકા મિથ્યારૂપ હોનેસે...**' અસદ્ભૂત છે ને? '**વ્યવહારનયકર દેહમયી હૈ,...**' આહાહા..! દેહમયી આત્મા છે, રાગમયી આત્મા છે, એમ અનુપચાર વ્યવહારનયથી કહેવામાં આવે છે. વસ્તુ એમ છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- મિથ્યા..

ઉત્તર :- મિથ્યા બહિર. બહિરાત્મા કહેવો છે ને. અસદ્ભૂત છે ને? દેહાદિનો સંબંધ અસદ્ભૂત છે, મિથ્યા સંબંધ છે. અહીં તો રાગને ભેગો નાખી દીધો છે. નહિતર રાગનો સંબંધ અશુદ્ધ નિશ્ચયથી આવ્યો હતો. આહાહા..! પણ અહીં તો બધું એમાં નાખી દીધું. આહાહા..! ખરેખર તો અધ્યાત્મદૃષ્ટિએ રાગનો સંબંધ અસદ્ભૂત છે. એનો પણ સંબંધ અસદ્ભૂત વ્યવહાર છે. આહાહા..! એમ ભેગું અહીં નાખી દીધું. જેવો દેહનો સંબંધ અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી, એમ બધો પછી રાગાદિ સંબંધ અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી કહેવામાં આવ્યો છે. આહાહા..! રાગનો સંબંધ ભગવાનઆત્મામાં ક્યાં છે? આહાહા..! રાગનો સંબંધ રાગમાં છે. ભગવાન એનાથી ભિન્ન અંદર છે. આહાહા..! અંતરાત્માની વ્યાખ્યા બતાવવી છે ને.

'**તો ભી નિશ્ચયનયકર સર્વથા દેહાદિકસે ભિન્ન હૈ,...**' જોયું! ભલે એ અસદ્ભૂતનયથી દેહાદિનો સંબંધ કહેવામાં આવે, પણ નિશ્ચયથી, યથાર્થ દૃષ્ટિથી જોઈએ, વાસ્તવિક સ્વરૂપના સ્વભાવની દૃષ્ટિથી જોઈએ તો '**સર્વથા દેહાદિકસે ભિન્ન હૈ,...**' રાગાદિ દેહથી સર્વથા ભિન્ન છે. જુઓ! સર્વથા શબ્દ વાપર્યો. જોયું! કથંચિત્ ભિન્ન છે એમ નહિ. સમજાણું કાંઈ? શ્લોક છે. 'અમોઘ વર્ષ, પ્રશ્નોત્તર રત્નમાલા (ગાથા)-૫' નીચે કહ્યું છે. એ શ્લોક છે ને અંદર? '**कः पण्डितो विवेकी' इति वचनात्**' એનું લખ્યું છે. 'અમોઘ વર્ષ' છે કો'ક.

હા. એ. 'અમોઘ વર્ષ, પ્રશ્નોત્તર રત્નમાલા ગાથા-૫' લખી છે. આહાહા..!

કહે છે કે અસદ્ભૂતનયે કર્મનો અને દેહનો સંબંધ ભલે કહેવામાં આવે. પરમાર્થે તો ભગવાનઆત્મા સર્વથા દેહાદિથી ભિન્ન છે. એમાં રાગાદિથી પણ સર્વથા ભિન્ન છે (એમ) આવી જાય છે. આહાહા..! વ્યવહારરત્નત્રયનો રાગ છે ને, એનાથી પ્રભુ સર્વથા ભિન્ન છે. આહાહા..!

'**ઔર કેવલજ્ઞાનમયી હૈ,...**' આહાહા..! ભગવાન તો એ જ્ઞાનસ્વરૂપ, પ્રજ્ઞાબ્રહ્મ સ્વરૂપ જ્ઞાનસ્વરૂપી આત્મા છે. એમાં રાગ ને શરીર ને દયા-દાનના વિકલ્પો બધા એનાથી સંબંધ રહિત છે. આહાહા..! '**નિશ્ચયનયકર સર્વથા દેહાદિકસે ભિન્ન હૈ,...**' અસદ્ભૂતનયે સંબંધ કહેવામાં આવે છે. આહાહા..! મિથ્યાનયે દેહ અને રાગનો સંબંધ કહેવામાં આવે છે. આહાહા..! ભગવાનઆત્મા શુદ્ધ જ્ઞાનમયી એકલો જ્ઞાનમયી કેવળજ્ઞાન. એક જ્ઞાન એમ. કેવળજ્ઞાન એટલે એક જ્ઞાન. આહાહા..! એમાં મતિ આદિના ભેદો એ તો પર્યાયમાં છે. વસ્તુ તો એક જ્ઞાનમયી, આનંદમયી, વીતરાગમયી, સહજ પ્રભુતામય વસ્તુ છે. આહા..! એનાથી

ભિન્ન છે. આહાહા..!

**'નિશ્ચયનયકર સર્વથા દેહાદિકસે ભિન્ન હૈ,..'** કથંચિત્ ભિન્ન અને કથંચિત્ અભિન્ન એમ કહો તો સ્યાદ્વાદ થાય. માર્ગ અનેકાંત છે ને? સર્વથા ભિન્ન છે, સર્વથા પરનો સંબંધ છે નહિ. એમ છે. આહાહા..! તેથી એને મિથ્યા કીધું ને? સંબંધ છે એ મિથ્યાસંબંધ છે. આહાહા..! સોનાની ખાણમાં પત્થરનો સંબંધ છે એ જૂઠો છે. સોનું તો સોનારૂપે જ છે. એ વખતે સોનું તો સોનાના શક્તિ-સ્વભાવથી રહેલું છે. એમ ભગવાનઆત્મા દેહ અને કર્મના સંબંધે-સંયોગે છે એમ અસદ્ભૂત નયથી, મિથ્યાબુદ્ધિથી કહો. આહાહા..! પણ વાસ્તવિક સ્વરૂપે તો જ્ઞાનમય, કેવળજ્ઞાનમય એકરૂપ જ્ઞાનમય એમ કહેવું છે. કેવળજ્ઞાન એટલે ઓલી પર્યાય નહિ. એક જ્ઞાનમય. આહાહા..! હવે આવી વાત સાંભળવા મળે નહિ, એને મોક્ષમાર્ગ કેમ થઈ જાય?

મુમુક્ષુ :- સમજવા માંડે તો તો થઈ જાય.

ઉત્તર :- કરે તો થઈ જાય, એમાં શું છે? ત્યારે આવે એમ કહેવાય ને. ચોથી ગાથામાં ન કહ્યું? **'सुदपरिचिदाणुभूदा'** રાગ આદિની વાત તો તેં અનંતવાર સાંભળી, પરિચય કર્યો, અનુભવમાં આવી. પણ રાગથી ભિન્ન એ વાત સાંભળી નથી. સમજાણું કાંઈ? ('સમયસાર'ની) ચોથી ગાથામાં આવે છે. **'सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा। एयत्तस्सुवलंभो'** ભગવાન એકત્વપણે .. છે. રાગથી ભિન્ન **'णवरि ण सुलहो विहत्तस्स'** રાગથી ભિન્ન એ સુલભ વાત નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'ઔર કેવલજ્ઞાનમયી હૈ, ઐસા નિજ શુદ્ધાત્માકો...'** જુઓ! પોતાના આત્માની વાત છે. **'નિજ શુદ્ધાત્માકો વીતરાગનિર્વિકલ્પ સહજાનંદ શુદ્ધાત્માકી અનુભૂતિરૂપ પરમસમાધિમેં સ્થિત હોતા હુઆ જાનતા હૈ,...'** જુઓ! અંતરાત્માની આ વ્યાખ્યા. ચોથેથી બાર. ભલે ચોથેથી શુદ્ધિ... શુદ્ધિ... શુદ્ધિ વધે પણ છે તો અંતરાત્મામાં એ. આહાહા..! **'નિજ શુદ્ધાત્માકો વીતરાગનિર્વિકલ્પ...'** રાગરહિત અભેદ **'સહજાનંદ શુદ્ધાત્માકી અનુભૂતિરૂપ...'** આહાહા..! 'પરમાત્મપ્રકાશ' છે.

**'સહજાનંદ શુદ્ધાત્માકી અનુભૂતિરૂપ પરમસમાધિમેં સ્થિત હોતા હુઆ...'** **'શાંતિ મેં સ્થિત હોતા હુઆ જાનતા હૈ,...'** એમ કહે છે. આહાહા..! એટલો શાંતભાવ પ્રગટ્યો છે, એમાં રહ્યો થકો આત્માને જાણે છે. આહાહા..! સમજાણું કાંઈ? **'વહી વિવેકી અંતરાત્મા કહલાતા હૈ.'** આહાહા..! 'જયસેનાચાર્ય'ની ટીકામાં વીતરાગ સમાધિ આવે ને? એ તો ચારિત્રની દશા સહિતની વાત લીધી. આ તો મૂળથી વાત ઉપાડી છે. સમ્યગ્દૃષ્ટિ અંતરાત્મા એકલો જ્ઞાનમય છું એવી અનુભૂતિમાં, શાંતિમાં રહ્યો થકો આત્માને આવો છે એમ જાણે. આહાહા..! એમ કહીને ધારણામાં વાત આવી કે આ આત્મા આવો છે. તો કહે છે કે એમાં સ્થિત રહીને જાણે (છે) એમ નહિ. આહાહા..! શું કહ્યું એ? આત્મા વીતરાગ કેવળજ્ઞાનમય છે એવું જેણે જ્ઞાનમાં ધારણામાં કર્યું અને તેથી ધારણામાં રહીને આ જ્ઞાનમય આત્મા છે એમ

જાણે, એમ નહિ. પણ સમાધિ એટલે શાંતિમાં સ્થિર થઈને એને જાણે. આહાહા..!

મુમુક્ષુ :- ... ઉપાય બતાવો.

ઉત્તર :- કરીને. આહાહા..! આ શબ્દ વાપર્યો છે એ .. સમજાણું? '**અનુભૂતિરૂપ પરમસમાધિમેં સ્થિત હોતા હુઆ જાનતા હૈ,...**' અને ઓલો ખ્યાલમાં-ધારણામાં વાત આવી કે શુદ્ધાત્મા આવો છે. પણ એ ધારણામાં રહીને જાણ્યું એ જાણ્યું નથી. આહાહા..!

મુમુક્ષુ :- જાણ્યું કોને કહેવાય?

ઉત્તર :- જે અંદર શાંતિમાં સ્થિર થઈને એને જાણે. આહાહા..! આ ગજબ વાત છે ને! એનું જે સ્વરૂપ છે તે તરફ ઢળીને શાંતિ પ્રગટી છે, એમ કહે છે. સમાધિ એટલે આનંદ દશાની શાંતિ પ્રગટી છે. એમાં રહીને આ આત્મા આવો છે એ એક જ્ઞાનમય. એને જાણે એ જાણ્યો કહેવામાં આવે છે. આવી વાત. સાધારણ સમાજને બિચારાને મળે નહિ એટલે માની લે કે આ આપણે કર્યું એ ધર્મ છે. આહાહા..! અરેરે..! અંદર લખ્યું છે કે નહિ? લખ્યું છે કે નહિ? આહાહા..!

'**નિજ શુદ્ધાત્માકો વીતરાગનિર્વિકલ્પ સહજાનંદ શુદ્ધાત્માકી અનુભૂતિરૂપ પરમસમાધિ...**' વર્તમાન પર્યાય. '**નિજ શુદ્ધાત્મા...**' ત્રિકાળી. એને '**વીતરાગનિર્વિકલ્પ સહજાનંદ શુદ્ધાત્માકી અનુભૂતિરૂપ પરમસમાધિમેં સ્થિત હોતા હુઆ જાનતા હૈ,...**' આહાહા..! અકષાયભાવમાં સ્થિર રહીને. આહાહા..! કષાયભાવથી તો ભિન્ન કીધો, પણ એને જાણવામાં, અકષાયભાવમાં, શાંતિ ભાવમાં આવીને એને જાણે, એ અંતરાત્મા વિવેકી પંડિત કહેવામાં આવે છે. આહાહા..! ભલે એ ભણ્યો ન હોય બહુ, વાંચતા આવડતું ન હોય, બીજાને સમજાવતા આવડતું ન હોય. આહાહા..! સમજાણું કાંઈ? એટલે? કે જે આત્મા એકલો જ્ઞાનમય છે એને એમાં રહીને જાણે, કહે છે. રાગમાં રહીને જાણે અથવા આ જ્ઞાનમય છે એવી જ્ઞાનની ધારણામાં રહીને જાણે, એ જાણ્યું ન કહેવાય. આહાહા..!

'**સમાધિમેં સ્થિત હોતા હુઆ જાનતા હૈ,...**' ગજબ વાત કરે છે ને! કેમકે રાગમાં રહીને તો એણે અગિયાર અંગ જાણ્યા છે. સમજાણું કાંઈ? ચૌદ પૂર્વ જાણ્યા છે. આહાહા..! એમાં આત્મા જણાણો નથી. આત્મા તો રાગના ભાવ રહિત અભેદ સમાધિની, શાંતિની સ્થિતિમાં રહી... આહાહા..! એ આત્માને જાણે છે કે તેને વિવેકી પંડિત અંતરાત્મા કહીએ. આહાહા..! '**વહી વિવેકી અંતરાત્મા કહલાતા હૈ. વહ પરમાત્મા હી સર્વથા આરાધને યોગ્ય હૈ,...**' '**વહ પરમાત્મા હી...**' ત્રિકાળી '**સર્વથા આરાધને યોગ્ય હૈ,...**' આહાહા..!

હવે પ્રગટ પરમાત્માની વાત કરે છે. બહિરાત્માની વ્યાખ્યા લીધી, અંતરાત્માની આવી. હવે પરમાત્માની. ત્રણની વ્યાખ્યા છે ને? પહેલી બહિરાત્માની, આ અંતરાત્માની હવે પરમાત્માની. પ્રગટ પરત્માત્મા, હોં! બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા. ત્રણેની વસ્તુ છે ત્રિકાળી એ તો પરમાત્મસ્વરૂપ જ છે. પણ એનો આશ્રય લીધો છે અને શાંતિમાં આવ્યો એટલે એને અંતરાત્મા કીધો અને શાંતિમાં નથી આવ્યો અને રાગને પોતાનો માને છે એને બહિરાત્મા કીધો. અને જેની દશા પૂર્ણ પ્રગટ થઈ ગઈ છે એને પરમાત્મા કહીએ છીએ.

આહાહા..! શું શૈલી!

'**પરમાત્મા હી સર્વથા આરાધને યોગ્ય હૈ,...**' જોયું! સાક્ષાતનો અર્થ એ કર્યો છે.'**योऽसौ परमात्मा भणितः स एव साक्षादुपादेय**' પાઠમાં છે. એનો અર્થ સર્વથા કર્યો. આહાહા..! સાક્ષાત ઉપાદેય. પૂર્ણાનંદનો નાથ પ્રભુ એ જ આરાધવા યોગ્ય અને એ જ ઉપાદેય છે. આહાહા..! અર્થ સાથે. ટીકામાં .. આવે છે. આહાહા..!

---

**अथ समस्तपरद्रव्यं मुक्त्वा केवलज्ञानमयकर्मरहितशुद्धात्मा येन लब्धः स परमात्मा भवतीति कथयति –**

**१५) अप्पा लद्धउ णाणमउ कम्म–विमुक्कें जेण।**
**मेल्लिवि सयलु वि दव्वु परु सो परु मुणहि मणेण।।१५।।**

**आत्मा लब्धो ज्ञानमयः कर्मविमुक्तेन येन।**
**मुक्त्वा समलमपि द्रव्यं परं तं परं मन्यस्व मनसा।।१५।।**

**अप्पा लद्धउ णाणमउ कम्मविमुक्कें जेण आत्मा लब्धः प्राप्तः। किंविशिष्टः। ज्ञानमयः केवलज्ञानेन निर्वृत्तः। कथंभूतेन सता। ज्ञानावरणादिद्रव्यकर्मभावकर्मरहितेन येन। किं कृत्वात्मा लब्धः। मेल्लिवि सयलु वि दव्वु परु सो परु मुणहि मणेण। मुक्त्वा परित्यज्य। किम्। परं द्रव्यं देहरागादिकम्। सकलं कतिसंख्योपेतं समस्तमपि। तमित्थंभूतमात्मानं परं परमात्मानमिति मन्यस्व जानीहि हे प्रभाकरभट्ट। केन कृत्वा। मायामिथ्यानिदानशल्यत्रयस्वरूपादिसमस्त–विभावपरिणामरहितेन मनसेति। अत्रोक्तलक्षणपरमात्मा उपादेयो ज्ञानावरणादिसमस्तविभावरूपं परद्रव्यं तु हेयमिति भावार्थः।।१५।। एवंत्रिविधात्मप्रतिपादकप्रथममहाधिकारमध्ये संक्षेपेण त्रिवाधात्मसूचनमुख्यतया सूत्रपञ्चकं गतम्। तदनन्तरं मुक्तिगतकेवलज्ञानादिव्यक्तिरूप–सिद्धजीवव्याख्यानमुख्यत्वेन दोहकसूत्रदशकं प्रारभ्यते। तद्यथा।**

---

**आगे सब परद्रव्योंको छोड़कर कर्मरहित होकर जिसने अपना स्वरूप केवलज्ञानमय पा लिया है, वही परमात्मा है, ऐसा कहते हैं –**

**गाथा – १५**

**अन्वयार्थ :– [ येन ] जिसने [ कर्मविमुक्तेन ] ज्ञानावरणादि कर्मोंका नाश करके [ सकलमपि परं द्रव्यं ] और सब देहादिक परद्रव्योंको [ मुक्त्वा ] छोड़ करके [ ज्ञानमयः ] केवलज्ञानमयी [ आत्मा ] आत्मा [ लब्धः ] पाया है, [ तं ] उसको [ मनसा ] शुद्ध मनसे [ परं ] परमात्मा [ मन्यस्व ] जानो।**

**भावार्थ :– जिसने देहादिक समस्त परद्रव्यको छोड़कर ज्ञानावरणादि, द्रव्यकर्म, रागादिक भावकर्म, शरीरादि नोकर्म इन तीनोंसे रहित केवलज्ञानमयी अपने आत्माका लाभ कर लिया है, ऐसे**

**आत्माको हे प्रभाकरभट्ट, तू माया, मिथ्या, निदानरूप शल्य वगैरह समस्त विभाव (विकार) परिणामोंसे रहित निर्मल चित्तसे परमात्मा जान, तथा केवलज्ञानादि गुणोंवाला परमात्मा ही ध्यान करने योग्य है और ज्ञानावरणादिरूप सब परवस्तु त्यागने योग्य है, ऐसा समझना चाहिए।।१५।**

**હવે સમસ્ત પરદ્રવ્યને છોડીને જેણે કેવળજ્ઞાનમય, કર્મરહિત શુદ્ધ આત્માને પ્રાપ્ત કર્યો છે તે પરમાત્મા છે એમ કહે છે :**

**ભાવાર્થ : જેણે દેહ, રાગાદિક સમસ્ત પરદ્રવ્યને છોડીને જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ, ભાવકર્મરહિત વર્તતા થકા કેવળજ્ઞાનથી રચાયેલ, આત્માને પ્રાપ્ત કર્યો છે તેને-એવા આત્માને-પરમાત્માને હે પ્રભાકરભટ્ટ! તું માયા, મિથ્યાત્વ, નિદાન એ ત્રણ શલ્યના સ્વરૂપથી માંડીને સમસ્તવિભાવપરિણામ રહિત મન વડે જાણ. અહીં ઉક્તલક્ષણયુક્ત પરમાત્મા ઉપાદેય છે અને જ્ઞાનાવરણાદિ સમસ્ત વિભાવરૂપ પરદ્રવ્ય હેય છે એવો ભાવાર્થ છે. ૧૫.**

## ગાથા-૧૫ ઉપર પ્રવચન

હવે ૧૫મી ગાથા. '**આગે સબ પરદ્રવ્યોંકો છોડકર કર્મરહિત હોકર...**' વર્તમાનમાં. '**જિસને અપના સ્વરૂપ કેવલજ્ઞાનમય પા લિયા હૈ,...**' પર્યાયમાં. '**વહી પરમાત્મા હૈ, ઐસા કહતે હૈં.**' એ પરમાત્મા છે. સમજાય છે કાંઈ? બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા. બહિરાત્મા રાગાદિ સંબંધો છે એને સંબંધ છે એમ માનનારો, મિથ્યા સંબંધનો માનનારો. આત્મા જ્ઞાનમય છે એને નહિ અનુભવનારો એ મૂર્ખ બહિરાત્મા. આહાહા..! અંતરાત્મા વસ્તુ ત્રિકાળી શુદ્ધ ચૈતન્યમૂર્તિ એને અભેદ શાંતિની ઉત્પત્તિના સુખામૃતમાં રહીને એને-ત્રિકાળીને જાણે છે. એને અંતરાત્મા કહીએ. અને જેને વર્તમાન દશામાં કર્મ રહિત થઈને પૂર્ણ દશા પ્રાપ્ત થઈ ગઈ છે એને પરમાત્મા કહીએ. એ કહે છે.

**१५) अप्पा लद्धउ णाणमउ कम्म-विमुक्कें जेण।**
**मेल्लिवि सयलु वि दव्वु परु सो परु मुणहि मणेण।।१५।।**

મન નાખ્યું જરી. મન સાથે છે ને. શુદ્ધ મન કર્યું. '**જિસને જ્ઞાનાવરણાદિ કર્મોકા નાશ કરકે...**' એ અસદ્‌ભૂત વ્યવહારનયથી વચન છે. કર્મોનો નાશ. અને રાગનો નાશ એ અશુદ્ધનિશ્ચયનયનું વચન છે. એ આવી ગયું છે આપણે. કર્મનો નાશ કર્યો એમ જે કહેવું એ અસદ્‌ભૂતવ્યવહારનયનું વચન છે અને રાગનો નાશ કર્યો એ અશુદ્ધનિશ્ચયનયનું વચન છે. આહાહા..!

'**જ્ઞાનાવરણાદિ કર્મોકા નાશ કરકે...**' '**सकलमपि परं द्रव्यं**' '**સબ દેહાદિક પરદ્રવ્યોંકો છોડકરકે...**' એમ કહ્યું કે જ્ઞાનાવરણાદિનો નાશ થયો પણ બીજા દ્રવ્ય આદિ બધું છોડ્યું. આહાહા..! '**ज्ञानमयः**' બસ, શબ્દ આ જ વાપરે છે. '**કેવલજ્ઞાનમયી આત્મા પાયા હૈ,...**'

આહાહા..! ત્રિકાળી જ્ઞાનમય છે તે પર્યાયમાં એકલું જ્ઞાનમય પામ્યો છે. આહાહા..! '**ઉસકો શુદ્ધ મનસે પરમાત્મા જાનો.**' એને શુદ્ધ જ્ઞાનની પરિણતિમાં એને પરમાત્મા જાણ, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? વીતરાગ માર્ગ બાપા! બહુ અલૌકિક છે. લોકોએ બહારની કલ્પનામાં માનીને વસ્તુને આખી બગાડી નાખી. આહાહા..! '**નિર્મલ ચિત્તસે પરમાત્મા જાન,...**' પાઠ એમ છે. નિર્મળ ચિત્ત એટલે જ્ઞાન, મૂળ તો. આહાહા..! '**જિસને દેહાદિક સમસ્ત પરદ્રવ્યકો છોડકર...**' વળી એક બાજુ કહેવું કે પરદ્રવ્યને છોડવું-ગ્રહવું આત્મામાં છે નહિ.

પણ કથન કરવું સમજાવવું શી રીતે? પરદ્રવ્યનો ગ્રહણ-ત્યાગ આત્મામાં છે જ નહિ. પણ એને નિમિત્ત હતું તેથી એ છોડ્યું એમ અસદ્ભૂતનયથી કહેવાય છે. આહાહા..! અને બધું છોડીને અંદર રાગાદિ પણ છોડીને આવ્યો એમાં. દેહાદિ શબ્દ છે ને? દેહ, રાગ આદિ '**પરદ્રવ્યોંકો છોડકર...**' કેવળજ્ઞાનમય આત્મા પ્રાપ્ત કર્યો. પર્યાયમાં કેવળજ્ઞાનમય પ્રાપ્ત થયો. જેવો જ્ઞાનમય એકરૂપે પરમાત્મા હતો એવો જ્ઞાનમય એકરૂપ પર્યાયમાં પ્રાપ્ત થઈ ગયો. આહાહા..! આવો ઉપદેશ હવે.

ઓલા વળી એવા કહે કે અધ્યાત્મના કિટાણુ પાક્યા છે. જુઓ! અહીં શબ્દ છે. કિટાણું. ઝીણા જીવ હોય ને? એને ખાઈ જાય ને? એમ અધ્યાત્મની આ વાત નીકળી છે એ તત્ત્વને ખાઈ જાય છે. અમારા બધા વ્યવહારનો નાશ કરી દે છે. કિટાણુ. જેને જે બેઠું હોય.. શું કરે? સુખનો કામી છે પણ સુખને પ્રાપ્ત કરવાની કઈ દશા છે એની ખબર નથી. 'સુખ ઈચ્છંતિ સર્વ નરા.' પણ સુખના કારણને જાણતા નથી. આવે છે ને? ... દુઃખને ઈચ્છતા નથી પણ દુઃખના કારણ છોડતા નથી. સમજાય? આહાહા..! સુખને તો સર્વ પ્રાણી ઈચ્છે છે. 'સુખ ઈચ્છિંતિ સર્વ નરા, ન ઈચ્છંતિ સુખ કારણમ.' પણ પરમાનંદ સુખનું કારણ શું છે એની ખબર નથી. આહાહા..! દુઃખ ન ઈચ્છંતિ- દુઃખને ઈચ્છતા નથી પણ દુઃખના કારણ છોડતા નથી. આહાહા..! એ આત્માના આનંદ તરફ ઢળવું જોઈએ, એમ કહે છે. એ શરાફનો વેપાર કરવો એમ કહે છે, ઓલા પૈસાનો કર્યો છે તે. આહાહા..! પૂર્ણાનંદ પ્રભુ ચીજ જ્યાં પડી છે એના તરફ ઢળીને સમાધિ-શાંતિ પ્રગટ કરી અને એને જાણવો. આહાહા..! શું કળા અને શું રીત! આહાહા..!

'**જિસને દેહાદિક સમસ્ત પરદ્રવ્યકો છોડકર જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ, રાગાદિક ભાવકર્મ,...**' જુઓ! બેય લીધું પછી. પુણ્ય-પાપ આદિ વિકારી ભાવ, '**શરીરાદિ નોકર્મ ઈન તીનોંસે રહિત...**' આહા..! દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મ એનાથી-ત્રણથી રહિત '**કેવલજ્ઞાનમયી અપને આત્માકા લાભ કર લિયા હૈ,...**' જુઓ! '**કેવલજ્ઞાનમયી અપને આત્માકા લાભ કર લિયા હૈ,...**' વસ્તુ તો જ્ઞાનમયી હતી, પણ પર્યાયમાં કેવળજ્ઞાનમયનો લાભ થઈ ગયો. એને પરમાત્મા કહેવામાં આવે છે. આહાહા..! આ ત્રણ દશાનું વર્ણન. બહિરાત્માનું, અંતરાત્માનું, કેવળજ્ઞાનનું. આહાહા..! ત્રણે પર્યાયનું વર્ણન છે. બહિરાત્મા પણ પર્યાય છે, અંતરાત્મા પણ પર્યાય છે અને પરમાત્મા પણ પર્યાય છે. '**કેવલજ્ઞાનમયી**

**અપને આત્માકા લાભ કર લિયા હૈ,...**' આહાહા..! આ લાભ સવાયા. લખે ને આ વાણિયા નહિ?

મુમુક્ષુ :- શુભ ઔર લાભ.

ઉત્તર :- શુભ-લાભ. દિવાળીને દિ' લખે. એ લાભ નથી, બાપા! આહાહા..! જેણે કેવળજ્ઞાનમયી આત્માનો લાભ પ્રાપ્ત કર્યો છે એ લાભ છે. બાકી ધૂળમાંય ક્યાંય (લાભ નથી). આહાહા..!

'**ઐસે આત્માકો હે પ્રભાકર ભટ્ટ,...**' છે ને? '**परु मुणहि मणेण**' એમ છે ને? '**मुणहि**' તું જાણ એમ કીધું છે ને? એનું લીધું છે. '**હે પ્રભાકરભટ્ટ, તૂ માયા, મિથ્યા, નિદાનરૂપ શલ્ય વગૈરહ સમસ્ત વિભાવ (વિકાર) પરિણામોંસે રહિત...**' આહાહા..! માયા, મિથ્યાભાવ અને નિદાન, ત્રણ શલ્યથી રહિત '**સમસ્ત વિભાવ (વિકાર) પરિણામોંસે રહિત નિર્મલ ચિત્તસે ...**' પાઠમાં હતું ને? '**मनसा**' નિર્મળ જ્ઞાનની પરિણતિથી પરમાત્મા જાણ. આહાહા..!

'**તથા કેવલજ્ઞાનાદિ ગુણોંવાલા પરમાત્મા હી ધ્યાન કરને યોગ્ય હૈ...**' લ્યો! '**ઔર જ્ઞાનાવરણાદિરૂપ સબ પરવસ્તુ ત્યાગને યોગ્ય હૈ,...**' પરમાત્મા સાધ્ય છે ને? એટલે સાધ્ય છે એ ધ્યાન કરવા યોગ્ય છે એમ લીધું. વસ્તુ તો ધ્યાન કરવા યોગ્ય ત્રિકાળી છે, પણ પર્યાયમાં પ્રગટ થયા એને પણ ધ્યાન કરવા લાયક કહેવાય. આહાહા..! '**ઔર જ્ઞાનાવરણાદિરૂપ સબ પરવસ્તુ ત્યાગને યોગ્ય હૈ,...**' આહાહા..! ચાહે તો વ્યવહારરત્નત્રયનો વિકલ્પ હો એ ત્યાગવા યોગ્ય છે એમ અહીં તો કીધું છે. આહાહા..!

હા. એ શું છે? રાગાદિમાં શું આવ્યું? '**જ્ઞાનાવરણાદિરૂપ સબ પરવસ્તુ ત્યાગને યોગ્ય હૈ,...**' એમાં તો પહેલા આવી ગયું હતું અંદર. રાગાદિ ભાવકર્મથી ત્રણેય આવ્યું હતું. આહાહા..! ભાઈ! માર્ગ તો આવો છે. આહાહા..! જે મોક્ષનો લાભ થાય, અતીન્દ્રિય આનંદનો લાભ થાય અને તે અતીન્દ્રિય આનંદ સાદિઅનંત રહે, સાદિઅનંત રહે એના ઉપાય કોઈ બીજા જ હોય ને. આહાહા..! સમજાણું કાંઈ? આવો ભગવાનઆત્મા રાગરહિત થયો, કર્મરહિત થયો એવા પરમાત્માને 'પ્રભાકર ભટ્ટ' એનું તું ધ્યાન કર. સમજાણું કાંઈ? આહાહા..!

'**ઔર જ્ઞાનાવરણાદિરૂપ સબ પરવસ્તુ ત્યાગને યોગ્ય હૈ, ઐસા સમજના ચાહિયે.**' લ્યો! ૧૪ છે ને? ૧૫-૧૫ નહિ? અત્યારે આ છે ને. અંદર છે. જુઓ! આહાહા..! '**हेयमिति भावार्थः**' '**अत्रोक्तलक्षणपरमात्मा उपादेयो ज्ञानावरणादिसमस्तविभावरूपं** ' જુઓ! સમસ્ત. '**परद्रव्यं तु हेयमिति भावार्थः**' એની વાત છે. આહાહા..!

लक्ष्यमलक्ष्येण धृत्वा हरिहरादिविशिष्टपुरुषा यं ध्यायन्ति तं परमात्मानं जानीहीति प्रतिपादयति –

१६) तिहुयण–वंदिउ सिद्धि–गउ हरि–हर झायहिँ जो जि।
लक्खु अलक्खें धरिवि थिरु मुणि परमप्पउ सो जि।।१६।।
त्रिभुवनवन्दितं सिद्धिगतं हरिहरा ध्यायन्ति यमेव।
लक्ष्यमलक्ष्येण धृत्वा स्थिरं मन्यस्व परमात्मानं तमेव।।१६।।

तिहुयणवंदिउ सिद्धिगउ हरिहर झायहिं जो जि त्रिभुवनवन्दितं सिद्धिगतं यं केवलज्ञानादिव्यक्तिरूपं परमात्मानं हरिहरहिरण्यगर्भादयो ध्यायन्ति। किं कृत्वा पूर्वम्। लक्खु अलक्खें धरिवि थिरु लक्ष्यं संकल्परूपं चित्तम्। अलक्ष्येण वीतरागनिर्विकल्पनित्यानन्दैक–स्वभावपरमात्मरूपेण धृत्वा। कथंभूतम्। स्थिरं परीषहोपसर्गैरक्षुभितं मुणि परमप्पउ सो जि तमित्थंभूतं परमात्मानं हे प्रभाकरभट्ट मन्यस्व जानीहि भावयेत्यर्थः। अत्र केवलज्ञानादिव्य–क्तिरूपमुक्तिगतपरमात्मसदृशो रागादिरहितः स्वशुद्धात्मा साक्षादुपादेय इति भावार्थ :।।१६।। संकल्पविकल्पस्वरूपं कथयते। तद्यथा–बहिर्द्रव्यविषये पुत्रकलत्रादिचेतनाचेतनरूपे ममेदमिति स्वरूपः संकल्पः, अहं सुखी दुःखीत्यादिचित्तगतो हर्ष– विषादादिपरिणामो विकल्प इति। एवं संकल्पविकल्पलक्षणं सर्वत्र ज्ञातव्यम्।

---

इस प्रकार जिसमें तीन तरहके आत्माका कथन है, ऐसे प्रथम महाधिकारमें त्रिविध आत्माके कथनकी मुख्यतासे तीसरे स्थलमें पाँच दोहा–सूत्र कहे। अब मुक्तिको प्राप्त हुए केवलज्ञानादिरूप सिद्ध परमात्माके व्याख्यानकी मुख्यताकर दस दोहा–सूत्र कहते हैं।

इसमें पाँच दोहोंमें जो हरिहरादिक बड़े पुरुष अपना मन स्थिरकर जिस परमात्माका ध्यान करते हैं, उसीका तू भी ध्यान कर, यह कहते हैं –

**गाथा – १६**

अन्वयार्थ :– [ हरिहराः ] इन्द्र, नारायण और रुद्र वगैरेः बड़े बड़े पुरुष [ त्रिभुवनवंदितं ] तीनलोककर वंदनीक (त्रैलोक्यनाथ) [ सिद्धिगतं ] और केवलज्ञानादि व्यक्तिरूप सिद्धपनेको प्राप्त [ यं एव ] जिस परमात्माको ही [ ध्यायन्ति ] ध्यावते हैं, [ लक्ष्यं ] अपने मनको [ अलक्ष्ये ] वीतराग निर्विकल्प नित्यानंद स्वभाव परमात्मामें [ स्थिरं धृत्वा ] स्थिर करके [ तमेव ] उसीको हे प्रभाकरभट्ट, तू [ परमात्मानं ] परमात्मा मन्यस्व जान कर चिंतवन कर।

भावार्थ :– केवलज्ञानादिरूप उस परमात्माके समान रागादि रहित अपने शुद्धात्माको पहचान, वही साक्षात् उपादेय है, अन्य सब संकल्प–विकल्प त्यागने योग्य हैं। अब संकल्प–विकल्पका स्वरूप कहते हैं, कि जो बाह्यवस्तु पुत्र, स्त्री, कुटुंब, बांधव आदि सचेतन पदार्थ, तथा

चांदी, सोना, रत्न, मणिके आभूषण आदि अचेतन पदार्थ हैं, इन सबको अपने समझे, कि ये मेरे हैं, ऐसे ममत्व परिणामको संकल्प जानना। तथा मैं सुखी, मैं दुःखी इत्यादि हर्ष–विषादरूप परिणाम होना वह विकल्प है। इस प्रकार संकल्प–विकल्पका स्वरूप जानना चाहिए।।१६।।

---

એ પ્રકારે ત્રણ પ્રકારના આત્માના પ્રતિપાદક મહાધિકારમાં સંક્ષેપથી ત્રણ પ્રકારના આત્માના સૂચનની મુખ્યતાથી પાંચ સૂત્રો સમાપ્ત થયાં.

ત્યારપછી મુક્તિગત કેવળજ્ઞાનાદિની વ્યક્તિરૂપ સિદ્ધજીવના વ્યાખ્યાનની મુખ્યતાથી દસ દોહક સૂત્રોનો પ્રારંભ કરવામાં આવે છે તે આ પ્રમાણે :

લક્ષને (મનને, ચિત્તને) અલક્ષ્યરૂપે (પરમાત્મારૂપે) રાખીને હરિહરાદિ વિશિષ્ટ પુરુષો જેનું ધ્યાન કરે છે, તે પરમાત્માને જાણ એમ કહે છે :

ભાવાર્થ : હરિ, હર, હિરણ્યગર્ભ વગેરે સંકલ્પરૂપ ચિત્તને વીતરાગ નિર્વિકલ્પ નિત્યાનંદ જેનો એક સ્વભાવ છે એવા પરમાત્મારૂપે રાખીને પરિષહ, ઉપસર્ગથી અક્ષુભિત રાખીને ત્રણ લોકથી વંદિત અને કેવળજ્ઞાનાદિ વ્યક્તિરૂપ સિદ્ધપણાને પ્રાપ્ત જે પરમાત્માને ધ્યાવે છે તે પરમાત્માને હે પ્રભાકરભટ્ટ ! તું પરમાત્મા જાણ અર્થાત્ ભાવ.

અહીં કેવળજ્ઞાનાદિ વ્યક્તિરૂપ મુક્તિગત પરમાત્મા જેવો રાગાદિથી રહિત સ્વશુદ્ધ આત્મા સાક્ષાત્ ઉપાદેય છે એવો ભાવાર્થ છે. ૧૬.

સંકલ્પવિકલ્પનું સ્વરૂપ કહેવામાં આવે છે. તે આ પ્રમાણે : પુત્ર, સ્ત્રી આદિ ચેતન અને (સોનું, ચાંદી આદિ) અચેતન બાહ્ય દ્રવ્યો 'આ મારાં છે' એવા સ્વરૂપવાળો (એવા મમત્વરૂપ પરિણામ તે) સંકલ્પ છે, 'હું સુખી, હું દુઃખી,' ઇત્યાદિ ચિત્તગત હર્ષ–વિષાદ આદિ પરિણામ તે વિકલ્પ છે. એ પ્રમાણે સંકલ્પ–વિકલ્પનું સ્વરૂપ સર્વત્ર જાણવું.

---

## ગાથા-૧૬ ઉપર પ્રવચન

'ઇસ પ્રકાર જિસમેં તીન તરહકે આત્માકા કથન હૈ, ઐસે પ્રથમ મહાધિકારમેં ત્રિવિધ આત્માકે કથનકી મુખ્યતાસે તીસરે સ્થલમેં પાંચ દોહા–સૂત્ર કહે. અબ મુક્તિકો પ્રાપ્ત હુએ કેવલજ્ઞાનાદિરૂપ સિદ્ધ પરમાત્માકે વ્યાખ્યાનકી મુખ્યતાકર દશ દોહા–સૂત્ર કહતે હૈં.' સિદ્ધ પરમાત્મા વર્તમાન પ્રાપ્ત છે. આહાહા..! 'કેવલજ્ઞાનાદિરૂપ સિદ્ધ પરમાત્માકે વ્યાખ્યાનકી મુખ્યતાકર દશ દોહા–સૂત્ર કહતે હૈં.' દસ દોહા કહે છે, લ્યો! ૧૬-૧૬

१६) तिहुयण–वंदिउ सिद्धि–गउ हरि–हर झायहिँ जो जि।
लक्खु अलक्खें धरिवि थिरु मुणि परमप्पउ सो जि।।१६।।

અન્વયાર્થ :- 'ઇસ પાંચ દોહોંમેં જો હરિહરાદિક બડે પુરુષ અપના મન સ્થિરકર જિસ પરમાત્માકા ધ્યાન કરતે હૈં, ઉસીકા તૂ ભી ધ્યાન કર,...' હરિહરાદિ. 'ઇન્દ્ર, નારાયણ,...'

વાસુદેવ. '**રૌદ્ર,...**' શંકરાદિ. '**બડે બડે પુરુષ...**' '**त्रिभुवनवन्दितं**' આહાહા..! આ ઓલું છે ને અહીં. નહિ? ઢાળ-ઢાળ. ..એ કર્યું છે ને? શું કહેવાય પીપળીયું? ...ની સામે. નહિ? ... બાવાએ કર્યું ને? હમણાં શંકરનું નવું દેવળ કર્યું. ..ને નહોતું. ત્રિલોકીનાથ એમ લખે. દેરી બનાવી છે. પહેલા નહોતું. હવે દેરી બનાવી છે. બીજો એક બાવો આવ્યો લાગે છે. આ બાજુ છે. .. છે ને ... એમાં શંકરનું નામ આપ્યું-ત્રિલોકનાથ. ત્રિલોકીનાથ એમ કરીને. શંકર સુખના દેવાવાળો ભગવાનઆત્મા એ ત્રિલોકીનાથ છે. આહાહા..! આનંદનો દાતા.

ધીર-ઉદાર. નથી આવ્યું? ધીરો છે, ભગવાન ઉદાર છે. અનંત આનંદ કાઢો એમાંથી તોપણ ખૂટે એવું નથી. ઓહો..! અનાકુળ. ત્રણ શબ્દ છે. ધીર-ઉદાર-અનાકુળ. શાંતરસના ત્રણ વિશેષણ છે એમ કીધું ને? આભુષણ. આહાહા..! આનંદ ધીર છે, શાશ્વત છે. આહાહા..! અને અનાકુળ છે, ઉદાર છે. ઉદાર. આહાહા..! સ્થિરનો અર્થ ઉત્કૃષ્ટ કર્યો છે. પણ ... ઉદારનો અર્થ એવો છે. ધીરું છે એટલે વસ્તુ પ્રગટ થઈ છે. શાંત... શાંત... શાંત... અને કાયમ રહેનારી છે અને એ ઉદાર છે. આહાહા..! નિર્મળાનંદનો પ્રવાહ વહ્યા જ કરશે. અને અનાકુળ છે. આનંદમય છે. આહાહા..! સમજાણું કાંઈ? આ પરમાત્માની થયેલી પર્યાયની વ્યાખ્યા કરી. આહાહા..! સ્વરૂપ તો એવું છે પણ પ્રાપ્ત કર્યું જેણે... આહાહા..! એન્લાર્જ કર્યું. એન્લાર્જ સમજો છો? એનલાર્જ નથી કહેતા? નાની વસ્તુને મોટી બનાવે. એમ ભગવાનઆત્મા શક્તિરૂપે તો ભગવાન પરમાત્મા જ છે. એને પર્યાયમાં મોટો કર્યો. આહાહા..! સમજ્યા?

'**ઈન્દ્ર, નારાયણ, ઔર રુદ્ર વગૈરે બડે બડે પુરુષ...**' '**त्रिभुवनवन्दितं**' '**તીનલોકકર વંદનીક...**' ત્રિલોકનાથ આવ્યું ને આ? એટલે ઓલું યાદ આવ્યું, ન્યાં ત્રિલોકનાથ લખ્યું છે. ત્રિલોકનાથ. અરે..! ભગવાન! '**त्रिभुवनवन्दितं**' '**તીનલોકકર વંદનીક ઔર કેવલજ્ઞાનાદિ વ્યક્તિરૂપ સિદ્ધપનેકો પ્રાપ્ત...**' છે ને? કેવળજ્ઞાનાદિ વ્યક્તિ પ્રગટરૂપ. પ્રગટ દશારૂપની વાત છે ને? '**કેવલજ્ઞાનાદિક વ્યક્તિરૂપ સિદ્ધપનેકો પ્રાપ્ત જિસ પરમાત્માકો હી ધ્યાવતે હૈં,...**' જે પરમાત્માને આ રીતે ધ્યાન કરે છે. '**અપને મનકો વીતરાગ નિર્વિકલ્પ નિત્યાનંદ સ્વભાવ પરમાત્મામેં સ્થિર કરકે...**' આહાહા..! એવું પૂર્ણાનંદ પરમાત્મ પરમાત્માનું ધ્યાન ... આહાહા..! '**વીતરાગ નિર્વિકલ્પ નિત્યાનંદ સ્વભાવ પરમાત્મામેં સ્થિર કરકે...**' અંતરદર્શી. આહાહા..! '**स्थिरं धृत्वा तमेव**' '**હે પ્રભાકર ભટ્ટ, તૂ પરમાત્મા જાનકર ચિંતવન કર.**' આવાને પરમાત્મા જાણ અને એનું જાણીને એનું ધ્યાન કર, એમ કહે છે. '**मन्यस्व**'.

ભાવાર્થ :- '**કેવલજ્ઞાનાદિરૂપ ઉસ પરમાત્માકે સમાન રાગાદિ રહિત અપને શુદ્ધાત્માકો પહચાન,...**' જોયું! '**કેવલજ્ઞાનાદિરૂપ ઉસ પરમાત્માકે સમાન...**' પ્રગટ થયેલ વીતરાગ સમાન '**રાગાદિ રહિત અપને શુદ્ધાત્મકો પહચાન, વહી સાક્ષાત્ ઉપાદેય હૈ,...**' છે ને? '**રાગાદિરહિત અપને શુદ્ધાત્મકો પહચાન, વહી સાક્ષાત્ ઉપાદેય હૈ,..**' સ્વ શુદ્ધાત્મા. એ પરમાત્મા તો કીધા પણ નિશ્ચયથી તો સ્વ શુદ્ધાત્મા. જેના ગર્ભમાં અનંતજ્ઞાન, અનંત આનંદ, શાંતિ પડી છે. એવો ભગવાનઆત્મા પોતાનો જે શુદ્ધાત્મા, એને શાંતિમાં રહીને એનું ધ્યાન કર. આહાહા..!

ધ્યાન કરવું છે. એક ઓલો ભાઈ નથી? 'રાજકોટ'વાળો 'રતિલાલ મનજી', 'રતિલાલ મનજી'. ત્યાં આવ્યો હતો ને પહેલો? ત્યાં 'જામનગર' આવ્યો હતો. 'રામવિજયજી'એ છંછેડીને મોકલ્યા હતા ૧૫-૨૦ જણાને. આ લોકોનું અકલ્યાણ થાય છે. વ્રત ને દયા ને દાનને તમે ધર્મ નથી કહેતા. શું કીધું? ... આપણે ચર્ચા કરીએ. ત્યારે વળી એ લઈને આવ્યો. આ ફેરી હમણાં વળી બીજું લઈને આવ્યો, 'મુંબઈ'. બૌદ્ધ. કાંઈ ઠેકાણા વિનાના માણસ. બૌદ્ધના ગુરુ છે ને એણે શિક્ષણ શિબિર કાઢી છે. જેમ આપણે કાઢી છે એમ એ હવે બધા કાઢવા માંડ્યા. એમાં ભાગ લીધો છે. પૈસા ઉઘરાવવા માંડ્યા. પોતે પૈસાવાળો છે. ૨૦-૨૫ લાખ છે. એમ કહે ધ્યાન કરું છું. પણ શેના ધ્યાન? બૌદ્ધે કીધું હશે કે ધ્યાન કરવું. એ લોકોમાં છે ને કાંઈક. પૂર્વભવને યાદ કરવા માટે બહુ પ્રયોગ છે. પૂર્વભવને. આહાહા..! પછી અહીં આવ્યા. ખાનગી આવું. પછી ખાનગી ન આવ્યો. બહાર.. ભાઈના મકાનમાં. 'રમણિકભાઈ'ના મકાનમાં. કાંઈ ભાન ન મળે. ધ્યાન તે કોનું? પણ હજી ચીજ શું છે? ધ્યાનમાં ધ્યેય કરવાની ચીજ શું છે એના જ્ઞાન વિના ધ્યાન કોના? બૌદ્ધમાં ધ્યાન ક્યાં છે? એ તો ત્રિકાળીને માનતા નથી. બૌદ્ધ તો ગૃહીત મિથ્યાદષ્ટિ હતો. આકરી વાત છે. એને મોક્ષ ઠરાવે.

મુમુક્ષુ :- બધા ભોળા માણસો...

ઉત્તર :- એ બિચારો વળી 'ચીમન ચકુ'... શું કરવું?

અહીં કહે છે, આહાહા..! **'કેવલજ્ઞાનાદિરૂપ ઉસ પરમાત્માકે સમાન રાગાદિરહિત અપને શુદ્ધાત્માકો પહચાન, વહી સાક્ષાત્ ઉપાદેય હૈ,...'** આહાહા..! વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ... 'વસ્તુ વહોરજો રે ... હાથે.' .. લગનમાં કહે છે. એ આ વસ્તુ વહોરજો. એ આત્માના વેપારને હાટે ત્યાં ... આહાહા..! લગનમાં ગાય છે. નહિ? વસ્તુ વહોરજો એવું કાંઈક છે. મને આ યાદ આવી ગયું. ...ને હાટે. એમ કાંઈક છે. એમ આત્માના વેપારમાં વસ્તુ આ છે એને વહોરી લેજે. ત્રિકાળ આનંદનો નાથ ભગવાન છે. 'હાટડી માંડી રે મારા નાથની.' આવે છે ક્યાંક. એ હાટડી આ છે. આહાહા..! પરમાનંદ સ્વભાવ શ્રદ્ધા-જ્ઞાન ને શાંતિ દ્વારા તારું ધ્યાન કર. આહાહા..! તું પરમાત્મસ્વરૂપે જ છો, પ્રભુ! એ પરમાત્મા દશામાં થાય એ પરમાત્મસ્વરૂપે ન હોય તો થાય ક્યાંથી? બહારથી થાય એવું છે? આહાહા..!

**'અન્ય સબ સંકલ્પ વિકલ્પ ત્યાગને યોગ્ય હૈ.'** આહાહા..! ભગવાન અસ્તિ સત્ સ્વરૂપ, પૂર્ણ સત્ સ્વરૂપ તે જ આરાધવા લાયક છે. આહાહા..! તે પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિની દશામાં રહીને એને જાણવા લાયક છે. આહાહા..! બાકી સંકલ્પ-વિકલ્પ વ્યવહાર આદિના છોડવા લાયક છે. એ બધો વ્યવહાર છે. આહાહા..!

**'અબ સંકલ્પ વિકલ્પકા સ્વરૂપ કહતે હૈં, કિ જો બાહ્ય વસ્તુ પુત્ર,...'** આ દિકરો મારો, સ્ત્રી મારી, કુટુંબ મારું, બાંધવ મારા. ધૂળેય નથી. છોકરો નાનો થાય તો આહાહા..! શું થયું જાણે! ૨૦ વર્ષનો જુવાન હોય એને છોકરો થાય તો એને શું જાણે... આહાહા..! હાથની આંગળીએ લઈને હલાવે, આમ.. આહાહા..! મલાવે. એને સંકલ્પ વિકલ્પ કહેવો એની વ્યાખ્યા કરશે. વિશેષ... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, જયેષ્ઠ વદ ૭, શુક્રવાર
## તા. ૧૮-૦૬-૧૯૭૬, ગાથા-૧૬ થી ૨૧, પ્રવચન નં. ૧૨

૧૬મી ગાથાનો સારાંશ. સારાંશ એ છે કે **'કેવલજ્ઞાનાદિરૂપ ઉસ પરમાત્માકે સમાન...'** જેવા કેવળજ્ઞાની પ્રગટ પરમાત્મા છે એવો જ આ આત્મા પરમાત્મા સમાન છે એમ ધ્યાન કરવું, એમ કહે છે. કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ છે. અહીં કેવળજ્ઞાનરૂપ જ્ઞાનમય (આત્મા છે). જ્ઞાન તે આત્મા, એ એક વ્યવહાર થઈ ગયો. સદ્‌ભુત અનુપચાર વ્યવહાર, એ વિકલ્પ છે. જ્ઞાનમય. જેવું પરમાત્માનું કેવળજ્ઞાનમય સ્વરૂપ છે એવું જ આ આત્માનું જ્ઞાનમય.. છે? **'કેવલજ્ઞાનાદિરૂપ ઉસ પરમાત્માકે સમાન રાગાદિ રહિત...'** રાગથી રહિત **'અપને શુદ્ધાત્માકો પહચાન,...'** પોતાનો આત્મા શુદ્ધ ચૈતન્ય છે એને જાણીને **'વહી સાક્ષાત્ ઉપાદેય હૈ.'** પોતાનો શુદ્ધ ધ્રુવ આત્મા એ જ આત્માને ઉપાદેય છે. દૃષ્ટિમાં એ આદરવા લાયક છે.

મુમુક્ષુ :- અમારો આત્મા કેવળજ્ઞાનાદિ સ્વરૂપ છે?

ઉત્તર :- હા. કીધું ને એકલું જ્ઞાનમય છે. એની પર્યાય પ્રગટ થઈ છે, અહીં (પ્રગટ) નથી, પણ છે કેવળજ્ઞાનમય. કેવળ એટલે એકલું જ્ઞાન. એમ. એ પર્યાય વ્યક્તરૂપે થઈ છે. અહીંયાં શક્તિરૂપે છે. આહાહા..! કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળઆનંદ, કેવળવીર્ય એ અનંત ચતુષ્ટય સ્વભાવ એ આત્મા (છે). એનું જ્ઞાન કરી, એને સાક્ષાત્ ઉપાદેય (કર). આહાહા..!

**'અન્ય સબ સંકલ્પ વિકલ્પ ત્યાગને યોગ્ય હૈં. અબ સંકલ્પ વિકલ્પકા સ્વરૂપ કહતે હૈં,...'** એ 'દ્રવ્યસંગ્રહ'માં અર્થ છે એ જ આ છે. કોઈક કોઈક ઠેકાણે 'શ્રીમદ્' સંકલ્પ-વિકલ્પનો અર્થ ... કર્યો છે. સંકલ્પનો અર્થ નિર્ધારિત અધ્યવસાય, વિકલ્પનો અનિર્ધારિત એવો અર્થ કર્યો છે. આ ઠીક છે. આપણે ત્યાં આવ્યું છે. ૧૦મા કળશમાં. 'સમયસાર'માં ૧૦મા કળશમાં. દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મ એ મારા એવો સંકલ્પ અને જ્ઞેયભેદે જ્ઞાનનો ભેદ માલુમ પડવો, જ્ઞાનનો ભેદ ભિન્ન-ભિન્ન જ્ઞેય ભેદે જ્ઞાનનો ભેદ માલુમ પડવો એને વિકલ્પ કહે છે. ૧૦મા કળશમાં છે.

મુમુક્ષુ :- બીજો અર્થ...

ઉત્તર :- ના. ૧૦મો કળશ છે ને? **'विलीनङ्कल्पविकल्पजालं'** એનો અર્થ કર્યો છે. **'દ્રવ્યકર્મ,...'**-જડ, **'ભાવકર્મ,...'**-પુણ્ય-પાપના વિકલ્પ અને **'નોકર્મ...'**-વાણી, શરીર. **'આદિ પુદ્‌ગલદ્રવ્યોમાં પોતાની કલ્પના કરવી તેને સંકલ્પ કહે છે...'** એ મિથ્યાત્વનો સંકલ્પ લીધો છે. **'અને જ્ઞેયોના ભેદથી જ્ઞાનમાં ભેદ માલૂમ થવો...'** જ્ઞેય ભિન્ન-ભિન્ન છે એવું જ્ઞાન ભિન્ન-ભિન્ન માલૂમ પડે **'તેને વિકલ્પ કહે છે.'** અહીંયાં એ અર્થ કર્યો છે. સંકલ્પ. **'બાહ્ય વસ્તુ...'** એ 'દ્રવ્યસંગ્રહ'માં છે. **'બાહ્યવસ્તુ...'** પોતા સિવાય બાહ્યવસ્તુ **'પુત્ર,...'** આ

પુત્ર મારો છે એ મમત્વ એ સંકલ્પ છે. '**સ્ત્રી,...**' મારી છે. આ સ્ત્રી મારી છે. એવું મમત્વ એ સંકલ્પ છે. '**કુટુંબ,...**' મારું. આ મારું કુટુંબ છે. આહાહા..! '**બાંધવ,...**' મારા. એ અમારા ભાઈઓ છે. આહાહા..! એ સંકલ્પ છે. '**આદિ સચેતન પદાર્થ,...**' બાહ્ય, હોં! જીવવાળા પદાર્થ. '**તથા ચાંદી, સોના, રત્ન, મણિકે આભૂષણ આદિ અચેતન પદાર્થ હૈં, ઈન સબકો અપને સમઝે, કિ યે મેરે હૈં, એસે મમત્વ પરિણામકો સંકલ્પ જાનના.**' સમજાણું કાંઈ? બાહ્ય પદાર્થ સચેતન અને અચેતન, એને પોતાના જાણવા-માનવા એ સંકલ્પ છે.

મુમુક્ષુ :- મિથ્યાદૃષ્ટિ...

ઉત્તર :- મિથ્યાત્વ ... આમાં પણ સંકલ્પનું મિથ્યાત્વ આવ્યું ને? ૧૦માં. દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મ એ મારા એને સંકલ્પ કહે છે, એ મિથ્યાત્વ છે. 'સમયસાર' ૧૦માં (કળશમાં) કીધું ને? અને પોતા.. વિકલ્પની વ્યાખ્યા આમાં એ છે. ત્યાં એમ છે કે જ્ઞેયભેદે જ્ઞાનમાં ભિન્ન-ભિન્ન (ભેદ) ભાસવો એ અનંતાનુબંધીનો વિકલ્પ છે. સંકલ્પ મિથ્યાત્વ છે. વિકલ્પ તે અનંતાનુબંધીનો અસ્થિરતાનો વિકલ્પ છે. અરે..! આવી વાતું.

'**મૈં સુખી,...**' ઓલું બાહ્યમાં હતું. બાહ્ય પદાર્થો સચેત કે અચેત. એ મારા એવો જે સંકલ્પ. અને '**મૈં સુખી,...**' હું સુખી છું, હું દુઃખી છું. '**ઈત્યાદિ હર્ષ-વિષાદરૂપ પરિણામ...**' હર્ષ અને ખેદરૂપી ભાવ, એને અહીં વિકલ્પ કહ્યો છે. સમજાણું કાંઈ? અપેક્ષાએ ત્યાં એમ કહ્યું .. મૂળ તો એ થયું, પરપદાર્થ છે એ મારા, એ સંકલ્પ મિથ્યાત્વ અને જ્ઞેયભેદે જ્ઞાનમાં ભેદ માલુમ પડવો. એટલે એમાં અહીં એમ લીધું હું સુખી, દુઃખી છું. એવી જે કલ્પના તેને વિકલ્પ કહે છે. સમજાણું કાંઈ? 'શ્રીમદ્'માં જરી બીજો અર્થ છે થોડો. 'શ્રીમદ્'માં છે. 'નિર્ધારિત સંકલ્પ, કોઈપણ અધ્યવસાયનો નિર્ધાર તેને સંકલ્પ (કહે છે). 'અપૂર્ણનો નિર્ધાર એ વિકલ્પ.' એવો અર્થ કર્યો જરી. ... છે. દ્રવ્યસંગ્રહની ..આ ટીકા એને આધારે છે ને. અહીં કહેવું છે કે, પ્રભુ! શુદ્ધ જ્ઞાનઘન સ્વરૂપ આત્મા (છે), એનું જ્ઞાન કરીને એને આદરવો અને ધ્યાન કરવું અને સંકલ્પ-વિકલ્પ છોડી દેવા. આ વાત છે. આહાહા..! આ 'અમરચંદજી'નું આવ્યું છે ને? તપમાં પણ સેવા કરવી, તપ છોડી દેવું. એવી રચના. 'અમરચંદજી'નું છે ને.

એમ કે પોતે તપમાં હોય પણ જ્યારે સેવા કરવાનો પ્રસંગ આવે ત્યારે તપ છોડીને સેવા કરવી. એવું 'મહાવીર' ભગવાનનું મૂળ કથન છે. કોણ સેવા કરે? શું માણસને... એવું મોટું આખું ચીતર્યું છે. 'અમરપાઠ' કે એવું કાંઈક છે ને?

અહીં તો કહે છે કે પરની સેવા કરી શકે એ માન્યતા જ મિથ્યાત્વ છે. આહાહા..! લોકોને એવું લાગે કે આહાહા..! કરો, ભાઈ! પોતાને સુખ-દુઃખ થાય એ છોડી દેવું. પણ બીજાને સુખ દેવું. આહાહા..! બીજાની પ્રાણરક્ષા જીવ કરી શકે છે?

મુમુક્ષુ :- વ્યવહારથી કરી શકે.

ઉત્તર :- વ્યવહારથી કરી શકે એટલે શું? કરી શકતો નથી. પ્રાણરક્ષણ એટલે દયા અને પ્રાણસંહાર એટલે હિંસા. આત્મા પરની પ્રાણરક્ષા અને પરનો પ્રાણસંહાર કરી શકતો નથી.

કેમકે પર પદાર્થ સ્વતંત્ર છે. એમાં શું કરે? કરે શું? જ્ઞાયકસ્વરૂપ જ્ઞાન કરે શું? રાગ કરે એ પણ વસ્તુનું સ્વરૂપ નથી. આહાહા..! પરનું કરે એ તો પ્રશ્ન છે જ નહિ. જ્ઞાનસ્વરૂપ ભગવાન, એને રાગનો કર્તા ઠરાવવો એ પણ ભ્રમ છે. જ્ઞાન જ્ઞાન કરે. જ્ઞાન રાગ કરે? સમજાય છે કાંઈ? રાગ થાય એને જાણે. એ તો જ્ઞાન કરે છે. રાગ થાય ખરો. રાગને અડ્યા વિના પોતામાં રહીને રાગને જાણે. આહાહા..! આવી ચીજ છે. લોકોએ બાહ્યમાં એવો ધર્મને ઘુસેડી નાખ્યો છે ને. બીજાને આમ કરવું, બીજાનું આ કરવું.

મુમુક્ષુ :- બીજાનું શું કરી શકે ?

ઉત્તર :- શું કરે? બાપા! તને ખબર નથી, ભાઈ!

આ ભગવાન જ્ઞાનસ્વરૂપ છે. એ રાગને કરે એ ક્યાંથી આવ્યું અંદર? નિર્મળ શુદ્ધ સ્વભાવ એ વિકારને કેમ કરે? આહાહા..! એનું પરિણમન જરી વિકારનું હોય તો એને જાણે કે આ છે એટલું. આહાહા..! કરવા લાયક છે એમ કરીને રાગ કરે એવું સ્વરૂપમાં ક્યાં છે? આહા..! ઝીણી વાતું બહુ. જગતની સાથે મેળ કરવો કઠણ ભારે.

અહીં તો આ વાત લીધી. બાહ્ય ચીજ સચેતન અને બાહ્ય ચીજ અચેતન ચાંદી, સોનું આદિ એ મારા છે એને અહીં સંકલ્પ કહ્યો અને હું સુખી, દુઃખી છું, હરખ-શોક કરવો એને વિકલ્પ કહે છે. સમજાણું કાંઈ? ખરેખર હું સુખી-દુઃખી છું એ માન્યતા મિથ્યાત્વ છે. અને પરવસ્તુ મારી એ માન્યતા પણ મિથ્યાત્વ છે. એટલે સંકલ્પ-વિકલ્પના અર્થમાં મિથ્યાત્વનું આ જાતનું આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? અને ત્યાં ૧૦મા કળશમાં કહ્યું, દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ મારા એ ખરેખર બહાર ચીજ થઈ. છે રાગ ભાવ અંદર પણ એ બાહ્ય છે. બાહ્ય છે ને એ તો? આની ચીજ ક્યાં છે? અને આ જ્ઞેયો ભિન્ન ભિન્ન ભાસતા મારું જ્ઞાન પણ ભિન્ન ભિન્ન (ભેદરૂપ) થયું એવો વિકલ્પ તે અનંતાનુબંધીનો વિકલ્પ છે. સમજાણું કાંઈ? આહાહા..! આવું ઝીણું!

**'ઈસ પ્રકાર સંકલ્પ-વિકલ્પકા સ્વરૂપ જાનના ચાહિયે.'** ત્યાં 'દ્રવ્યસંગ્રહ'માં એ (આવ્યું), સર્વત્ર આ (અર્થ) કરવો. સંકલ્પ-વિકલ્પનો અર્થ સર્વત્ર આ જાણવો, એમ લખ્યું છે. સર્વત્ર. જ્યાં જ્યાં સંકલ્પ-વિકલ્પનો અર્થ આવો કરવો. એમાં એવું છે, અહીં ... જુઓ! આમાં છે, લ્યો. એ આમાં છે. સર્વત્ર જ્ઞાતવ્યં. સંકલ્પ-વિકલ્પનો અર્થ સર્વત્ર જ્ઞાતવ્યં. મૂળ તો ભગવાનઆત્મા પૂર્ણાનંદ સ્વરૂપ તે હું. એ સિવાય પરવસ્તુ તે હું, એ મિથ્યાત્વ અને સંકલ્પ-વિકલ્પનો ભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ ૧૬ ગાથા થઈ.

---

**अथ नित्यनिरञ्जनज्ञानमयपरमानन्दस्वभावशान्तशिवस्वरूपं दर्शयन्नाह –**

**१७) णिच्चु णिरंजणु णाणमउ परमाणंद-सहाउ।**
**जो एहउ सो संतु सिउ तासु मुणिज्जहि भाउ।।१७।।**

**नित्यो निरञ्जनो ज्ञानमयः परमानन्दस्वभावः।**
**य ईदृशः स शान्तः शिवः तस्य मन्यस्व भावम्।।१७।।**

णिच्चु णिरंजणु णाणमउ परमाणंदसहाउ द्रव्यार्थिकनयेन नित्योऽविनश्वरः, रागादिकर्ममल-रूपाञ्जनरहितत्वान्निरञ्जनः, केवलज्ञानेन निर्वृत्तत्वात् ज्ञानमयः, शुद्धात्मभावनोत्थ-वीतरागानन्दपरिणतत्वात्परमानन्दस्वभावः जो एहउ सो संतु सिउ य इत्थंभूतः स शान्तः शिवो भवति हे प्रभाकरभट्ट तासु मुणिज्जहि भाउ तस्य वीतरागत्वात् शान्तस्य परमानन्दसुखमयत्वात् शिवस्वरूपस्य त्वं जानीहि भावय। कं भावय। शुद्धबुद्धैकस्वभावमित्यभिप्रायः।।१७।।

---

आगे नित्य निरंजन ज्ञानमयी परमानंदस्वभाव शांत और शिवस्वरूपका वर्णन करते हैं –

**गाथा – १७**

अन्वयार्थ :– [ नित्यः ] द्रव्यार्थिकनयकर अविनाशी [ निरञ्जनः ] रागादिक उपाधिसे रहित अथवा कर्ममलरूपी अंजनसे रहित [ ज्ञानमयः ] केवलज्ञानसे परिपूर्ण और [ परमानंदस्वभावः ] शुद्धात्म भावना कर उत्पन्न हुए वीतराग परमानंदकर परिणत है, [ यः ईदृशः ] जो ऐसा है, [ सः ] वही [ शान्तः शिवः ] शांतरूप और शिवस्वरूप है, [ तस्य ] उसी परमात्माका [ भावं ] शुद्ध–बुद्ध स्वभाव [ जानाहि ] हे प्रभाकरभट्ट, तू जान अर्थात् ध्यान कर।।१७।।

---

હવે નિત્ય, નિરંજન, જ્ઞાનમય, પરમાનંદ સ્વભાવરૂપ શાંત શિવસ્વરૂપને દર્શાવતાં કહે છે :

ભાવાર્થ : દ્રવ્યાર્થિકનયથી અવિનશ્વર, રાગાદિકર્મમળરૂપ અંજનથી રહિત હોવાથી નિરંજન, કેવળજ્ઞાનથી રચાયેલ હોવાથી જ્ઞાનમય, શુદ્ધ આત્મભાવનાથી ઉત્પન્ન વીતરાગ આનંદરૂપે પરિણમેલા હોવાથી પરમાનંદસ્વભાવી–એવા જે છે તે શાંત અને શિવ છે. હે પ્રભાકરભટ્ટ! જે વીતરાગ હોવાથી શાંત છે અને પરમાનંદરૂપ સુખમય હોવાથી શિવસ્વરૂપ છે. તેવા એક (કેવળ) શુદ્ધબુદ્ધ સ્વભાવને તું જાણ અર્થાત્ શુદ્ધબુદ્ધ સ્વભાવને જાણ એ અભિપ્રાય છે. ૧૭.

---

## ગાથા-૧૭ ઉપર પ્રવચન

**'નિત્ય નિરંજન જ્ઞાનમયી પરમાનંદસ્વભાવ શાંત ઔર શિવસ્વરૂપકા વર્ણન કરતે હૈં.'** પ્રગટ દશા જે પરમાત્માની છે. એનું વર્ણન કરે છે. પણ એવો હું સ્વભાવે-દૃષ્ટિએ, દૃષ્ટિની અપેક્ષાએ દ્રવ્યાર્થિકનયે એવો જ હું છું. ભગવાન પર્યાયમાં પ્રગટ છે, એવો હું જ અંદર છું. આહાહા..! ૧૭મું.

**१७) णिच्चु णिरंजणु णाणमउ परमाणंद–सहाउ।**
**जो एहउ सो संतु सिउ तासु मुणिज्जहि भाउ।।१७।।**

અહીં બીજો કોઈ શિવસ્વરૂપ અનાદિનો જુદો છે, જગતનો કર્તા છે એમ નહિ. એમ કહે છે.

**અન્વયાર્થ :- 'દ્રવ્યાર્થિકનયકર અવિનાશી...'** કોણ? પરમાત્મા ચિત્સ્વરૂપ તે. **'દ્રવ્યાર્થિકનયકર અવિનાશી રાગાદિક ઉપાધિસે રહિત અથવા કર્મમલરૂપી અંજનસે રહિત...' 'निरञ्जनः'** છે ને? **'ज्ञानमयः' 'કેવલજ્ઞાનસે પરિપૂર્ણ ઔર શુદ્ધાત્મ ભાવના કર ઉત્પન્ન હુએ વીતરાગ પરમાનંદકર પરિણત હૈ,...'** ઓહો..! વર્તમાન લીધું છે ને? પરમાત્મા શુદ્ધ દશા. **'કેવલજ્ઞાનસે પરિપૂર્ણ...'** પરમાત્મા અને **'શુદ્ધાત્મ ભાવના કર ઉત્પન્ન હુએ વીતરાગ પરમાનંદકર પરિણત હૈ,...'** આહાહા..! **'જો ઐસા હૈ, વહી શાંતરૂપ ઔર શિવસ્વરૂપ હૈ, ઉસી પરમાત્માકા શુદ્ધ બુદ્ધ સ્વભાવ હે પ્રભાકર ભટ્ટ, તૂ જાન....'** કોઈ એના કર્તા શિવ છે એ નહિ. આવું શિવનું સ્વરૂપ છે. પરમાત્મા સિદ્ધ થઈ ગયેલા. શાંત શિવ.

**'ઉસી પરમાત્માકા...' 'भावं जानाहि' 'શુદ્ધ બુદ્ધ સ્વભાવ...'** શુદ્ધ-બુદ્ધ એક સ્વભાવ .. છે ને સંસ્કૃતમાં? શુદ્ધ બુદ્ધ આ ટીકામાં ઘણે ઠેકાણે આવે છે. 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ બીજું કહીએ કેટલું કર વિચાર તો પામ.' આહાહા..! **'जानाहि'** - એને તું જાણ અને એનું તું ધ્યાન કર. આહાહા..! ભગવાન પરમાત્મસ્વરૂપ પ્રાપ્ત છે એને જાણ અને એનું ધ્યાન કર. દૃષ્ટિ દ્રવ્યાર્થિકનયે તું જ એવો છો. આહાહા..! પર્યાયમાં વસ્તુની મોટપ ભાસવી એ સમ્યગ્દર્શન છે. શું કહ્યું ઈ? પર્યાયમાં પોતાની મોટપ પૂર્ણતા, વસ્તુની પૂર્ણતા ભાસવી એનું નામ સમ્યગ્દર્શન, પાચનશક્તિ છે. સમ્યગ્દર્શનમાં પાચનશક્તિ છે.

જેમ અગ્નિમાં અનાજ પકવવાની શક્તિ છે, પ્રકાશ શક્તિ છે અને લાકડાને બાળવાની દાહક શક્તિ છે. પાચક, પ્રકાશક અને દાહક અગ્નિ (છે). 'જયસેનાચાર્ય'ની ટીકામાં છે. એમ ભગવાનઆત્મામાં સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર (શક્તિ છે). સમ્યગ્દર્શનમાં પાચકશક્તિ છે. પૂર્ણ સ્વરૂપની પ્રતીત-પાચન કરે છે. સમજાણું કાંઈ? એટલે કે દ્રવ્ય સ્વભાવ પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ (છે). પર્યાયમાં એને સમ્યગ્દર્શન પાચક કરે છે, એને પચવે છે. છે પર્યાય પણ પૂર્ણને પચવે છે. આહાહા..!

સમ્યગ્જ્ઞાન પ્રકાશક છે. જેમ અગ્નિમાં પ્રકાશ છે. એ દ્રવ્યને પ્રકાશે, પર્યાયને પ્રકાશે. અને ચારિત્રનો સ્વભાવ દાહક (છે). અગ્નિ જેમ લાકડાને બાળી નાખે એમ સ્વરૂપની રમણતા અશુદ્ધતાને બાળીને રાખ કરી નાખે. એટલે અશુદ્ધતાનો નાશ થાય. આહાહા..! એવી એનામાં શક્તિ ત્રિકાળી પડી છે. એને પ્રગટ કરવી એનું નામ મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ? આવી વાતું એટલે માણસને (કઠણ લાગે). કેટલો ખીચડો ભર્યો છે આમાં, પરનું આ કરવું ને પરનું આ કરવું. ભગવાને સ્વાધ્યાયને તપ કહ્યો છે. સ્વાધ્યાય-વાંચન કરવું અને મનન કરવું. અરે..!

અહીં તો કહે છે, પઠન-પાઠન કરવું એ બધો વિકલ્પ શુભરાગ છે. અંતરના આનંદના નાથને સંભાળીને એમાં સ્થિર થવું એ વાસ્તવિક ધ્યાન અને તપ છે. એ સ્વાધ્યાય છે. સ્વ-અધ્યાય. સ્વનું ... કર્યું. ઓલામાં કહ્યું છે ને કે સ્વાધ્યાય તપ છે. આવે છે ને બાર પ્રકારના. સ્વાધ્યાય તપ. એ .. તપ નહિ. એ તો ઉપચારથી વાત છે.

મુમુક્ષુ :- સ્વાધ્યાય પરમં તપ.

ઉત્તર :- પરમ તપ, પણ ક્યો સ્વાધ્યાય? આ અંતરના આનંદના નાથને સ્વમાં-અંતર ધ્યાનમાં લે એ તપ છે. આ સ્વાધ્યાય તો વિકલ્પ છે. એવી વાત છે. એ ૧૭ ગાથા થઈ.

---

पुनश्च किंविशिष्टो भवति –

१८) जो णिय-भाउ ण परिहरइ जो पर-भाउ ण लेइ।
जाणइ सयलु वि णिच्चु पर सो सिउ संतु हवेइ।।१८।।

यो निजभावं न परिहरति यः परभावं न लाति।
जानाति सकलमपि नित्यं परं स शिवः शान्तो भवति।।१८।।

यः कर्ता निजभावमनन्तज्ञानादिस्वभावं न परिहरति यश्च परभावं कामक्रोधादिरूपमात्मरूपतया न गृह्णाति। पुनरपि कथंभूतः। जानाति सर्वमपि जगत्त्रयकालत्रयवर्तिवस्तुस्वभावं न केवलं जानाति द्रव्यार्थिकनयेन नित्य एव अथवा नित्यं सर्वकालमेव जानाति परं नियमेन। स इत्थंभूतः शिवो भवति शान्तश्च भवतीति। किं च अयमेव जीवः मुक्तावस्थायां व्यक्तिरूपेण शान्तः शिवसंज्ञां लभते संसारावस्थायां तु शुद्धद्रव्यार्थिकनयेन शक्तिरूपेणेति। तथा चोक्तम् – 'परमार्थनयाय सदा शिवाय नमोऽस्तु'। पुनश्चोक्तम्–'शिवं परमकल्याणं निर्वाणं शान्तमक्षयम्। प्राप्तं मुक्तिपदं येन स शिवः परिकीर्तितः।।' अन्यः कोऽप्येको जगत्कर्ता व्यापी सदा मुक्तः शान्तः शिवोऽस्तीत्येवं न। अत्रायमेव शान्तशिवसंज्ञः शुद्धात्मोपादेय इति भावार्थः।।१८।।

---

आगे फिर उसी परमात्माका कथन करते हैं –

**गाथा – १८**

अन्वयार्थ :– [ यः ] जो [ निज भावं ] अनंतज्ञानादिरूप अपने भावोंको [ न परिहरति ] कभी नहीं छोड़ता [ यः ] और जो [ परभावं ] कामक्रोधादिरूप परभावोंको [ न लाति ] कभी ग्रहण नहीं करता है, [ सकलमपि ] तीन लोक तीन कालकी सब चीजोंको [ परं ] केवल [ नित्यं ] हमेशा [ जानाति ] जानता है, [ सः ] वही [ शिवः ] शिवस्वरूप तथा [ शांतः ] शांतस्वरूप [ भवति ] है।

भावार्थ :– संसार अवस्थामें शुद्ध द्रव्यार्थिकनयकर सभी जीव शक्तिरूपसे परमात्मा हैं, व्यक्तिरूपसे नहीं है। ऐसा कथन अन्य ग्रंथोंमें भी कहा है–'शिवमित्यादि' अर्थात् परमकल्याणरूप, निर्वाणरूप, महाशांत अविनश्वर ऐसे मुक्ति-पदको जिसने पा लिया है, वही शिव है, अन्य कोई, एक जगत्कर्ता सर्वव्यापी सदा मुक्त शांत नैयायिकोंका तथा वैशेषिक आदिका माना हुआ नहीं है। यह शुद्धात्मा ही शांत है, शिव है, उपादेय है।।१८।।

**હવે ફરી તે પરમાત્માનું કથન કરે છે :**

**ભાવાર્થ : જે અનંતજ્ઞાનાદિ નિજસ્વભાવને છોડતો નથી અને કામ, ક્રોધાદિરૂપ પરભાવને નિજસ્વપણે ગ્રહણ કરતો નથી, ત્રણે જગતના, ત્રણે કાળના સમસ્ત વસ્તુસ્વભાવને જાણે છે, માત્ર જાણે છે એટલું જ નહિ પણ દ્રવ્યાર્થિકનયથી નિત્ય જ અથવા નિત્ય સર્વકાળને જ નિયમથી જાણે છે તે શિવ છે અને શાંત છે.**

**વળી આ જ જીવ મુક્ત-અવસ્થામાં વ્યક્તિરૂપ શાંત અને શિવસંજ્ઞા પામે છે અને સંસાર-અવસ્થામાં શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી શક્તિરૂપે શાંત અને શિવસંજ્ઞા પામે છે. કહ્યું પણ છે કે 'परमार्थनयाय सदा शिवाय नमोऽस्तु।' (અર્થ : પરમાર્થનયથી સદા શિવને નમસ્કાર હો.) વળી કહ્યું પણ છે કે – 'शिवं परमकल्याणं निर्वाणं शान्तमक्षयम्। प्राप्तं मुक्तिपदं येन स शिवः परिकीर्तितः।।' (અર્થ : જે શિવરૂપ, પરમકલ્યાણરૂપ, નિર્વાણરૂપ, શાંત, અક્ષય છે અને જેણે મુક્તિપદ પ્રાપ્ત કર્યું છે તે શિવ છે.) 'એક જગત્કર્તા, સર્વવ્યાપી, સદા મુક્ત, શાંત, શિવ છે' એમ અન્ય કોઈપણ માને છે, પણ એમ નથી.**

**અહીં આ જ શાંત શિવસંજ્ઞાવાળો શુદ્ધ આત્મા જ ઉપાદેય છે એવો ભાવાર્થ છે. ૧૮.**

---

## ગાથા-૧૮ ઉપર પ્રવચન

**'આગે ઉસી પરમાત્માકા કથન કરતે હૈં-'** સાદી ભાષા છે.

**१८) जो णिय-भाउ ण परिहरइ जो पर-भाउ ण लेइ।**
**जाणइ सयलु वि णिच्चु पर सो सिउ संतु हवेइ।।१८।।**

ઈ આવે છે, 'સમયસાર'માં. પોતાનો ભાવ છોડતો નથી અને પરને ગ્રહતો નથી. ઈ.

**અન્વયાર્થ :- 'જો અનંતજ્ઞાનાદિરૂપ અપને ભાવોંકો કભી નહીં છોડતા...'** આહાહા..! સ્વરૂપ જે અનંતજ્ઞાન, આનંદ સ્વભાવ પરમાત્મા પોતાનું, એને કદી છોડતો નથી. આહાહા..! ... આવે છે ને? સર્વવિશુદ્ધમાં. પોતાના ભાવને છોડતો નથી અને પરભાવને ગ્રહતો નથી. સ્વરૂપ છે. સ્વરૂપ આનંદકંદ પ્રભુ, એ છોડતો નથી અને રાગાદિને ગ્રહતો નથી. **'કભી નહીં છોડતા ઔર જો કામક્રોધાદિરૂપ પરભાવોંકો કભી ગ્રહણ નહીં કરતા હૈ, તીન લોક તીન કાલકી સબ ચીજોંકો કેવલ હમેશા જાનતા હૈ,...'** પરમાત્મા લેવું છે ને? પ્રગટ દશા. **'વહી શિવસ્વરૂપ તથા શાંતસ્વરૂપ હૈ.'** લ્યો! ઓલામાં હતું ને? શાંત શિવ હતું ને એમાં? ૧૭માં. અહીંયાં આ છે. એ શિવ અને શાંત છે. બીજો શિવ કોઈ જગતનો કર્તા છે એવું છે નહિ. અનાદિથી કહે છે ને?

**'ભાવાર્થ :- સંસાર અવસ્થામેં શુદ્ધ દ્રવ્યાર્થિકનયકર સભી જીવ શક્તિરૂપસે પરમાત્મા હૈ.'** આહાહા..! અભવિ ને એકેન્દ્રિય ને નિગોદના બધા જીવો શક્તિરૂપે પરમાત્મા જ છે. સ્વભાવ અપેક્ષાએ પરમાત્મા છે. દ્રવ્યસ્વભાવની અપેક્ષાએ પરમાત્મા જ છે. આહાહા..!

પરમ સ્વરૂપ છે એ પરમાત્મા છે. '**વ્યક્તિરૂપસે નહીં હૈ.**' અનંત શક્તિરૂપ છે, પ્રગટ નથી. '**ઐસા કથન અન્ય ગ્રંથોમેં ભી કહા હૈ-'શિવમિત્યાદિ' અર્થાત્ પરમકલ્યાણરૂપ, નિર્વાણરૂપ, મહાશાંત અવિનશ્વર ઐસે મુક્તિ-પદકો જિસને પા લિયા હૈ,...**' દેખો! આહાહા..! શિવમલયમરુ... નથી આવતું? નમોત્થુણંમાં આવે છે. સામાયિકના પાઠમાં આવે છે. 'શિવમલયમરુમણંત...' શિવસ્વરૂપ છે એ. શિવ એટલે ઉપદ્રવ રહિત શાંત.. શાંત. એકલી ઉપશમધારા. અકષાય પરિણતિ. અકષાયનું પરિણમન છે એકલું. આહાહા..!

'**ઐસે મુક્તિ-પદકો જિસને પા લિયા હૈ,...**' '**પરમકલ્યાણરૂપ, નિર્વાણરૂપ, મહાશાંત અવિનશ્વર ઐસે મુક્તિ-પદકો...**' એ મુક્તિ પદ છે એ નાશવાન નથી કાંઈ. મુક્તિ થઈ એ થઈ. '**વહી શિવ હૈ, અન્ય કોઈ, એક જગત્કર્તા સર્વવ્યાપી સદા મુક્ત શાંત....**' નથી. એ સિદ્ધ કરવું છે. '**અન્ય કોઈ, એક જગત્કર્તા સર્વવ્યાપી સદા મુક્ત શાંત નૈયાયિકોંકા તથા વૈશેષિક આદિકા માના હુઆ નહીં હૈ.**' આહાહા..! ભગવત્ પાસે જવાના છે, એમ કહે છે. 'ચુનિલાલ' છે ને? ... ભગવત્ પાસે જવાની તૈયારી થઈ ગઈ. થોડી સ્થિતિ એવી થઈ ગઈ શરીરની. કોણ ભગવત્? સર્વવ્યાપક. એમ. અરે..!

અહીં કહે છે .. આત્મા સર્વવ્યાપક જગત્કર્તા કોઈ છે નહિ. સદા મુક્ત, સદા અનાદિનો મુક્ત એવો કોઈ છે નહિ. શિવરૂપ '**નૈયાયિકોંકા તથા વિશેષિક આદિકા માના હુઆ નહીં હૈ. યહ શુદ્ધાત્મા હી શાંત હૈ,...**' પ્રગટરૂપે પરમાત્મા શાંત છે. શક્તિરૂપે આત્મા શાંત છે. '**શિવ હૈ, ઉપાદેય હૈ.**' હવે ઓલા શ્લોકો આવ્યા.

---

**अथ पूर्वोक्तं निरञ्जनस्वरूपं सूत्रत्रयेण व्यक्तीकरोति –**

**१९) जासु ण वण्णु ण गंधु रसु जासु ण सद्दु ण फासु।**
**जासु ण जम्मणु मरणु णवि णाउ णिरंजणु तासु।।१९।।**

**२०) जासु ण कोहु ण मोहु मउ जासु ण माय ण माणु।**
**जासु ण ठाणु ण झाणु जिय सो जि णिरंजणु जाणु।।२०।।**

**२१) अत्थि ण पुण्णु ण पाउ जसु अत्थि ण हरिसु विसाउ।**
**अत्थि ण एक्कु वि दोसु जसु सो जि णिरंजणु भाउ।।२१।। तियलं।**

यस्य न वर्णो न गन्धो रसः यस्य न शब्दो न स्पर्शः।
यस्य न जन्म मरणं नापि नाम निरञ्जनस्तस्य।।१९।।
यस्य न क्रोधो न मोहो मदः यस्य न माया न मानः।
यस्य न स्थानं न ध्यानं जीव तमेव निरञ्जनं जानीहि।।२०।।
अस्ति न पुण्यं न पापं यस्य अस्ति न हर्षो विषादः।
अस्ति न एकोऽपि दोषो यस्य स एव निरञ्जनो भावः।।२१।। त्रिकलम्।

यस्य मुक्तात्मनः शुक्लकृष्णरक्तपीतनीलरूपपञ्जप्रकारवर्णो नास्ति, सुरभिदुरभिरूपोद्विप्रकारो गन्धो नास्ति, कटुकतीक्ष्णमधुराम्लकषायरूपः पञ्चप्रकारो रसो नास्ति, भाषात्मकाभाषात्मकादिभेदभिन्नः शब्दो नास्ति, शीतोष्णस्निग्धरूक्षगुरुलघुमृदुकठिनरूपो–ऽष्टप्रकारः स्पर्शो नास्ति, पुनश्च यस्य जन्म मरणमपि नैवास्ति तस्य चिदानन्दैकस्वभावपरमात्मनो निरञ्जनसंज्ञां लभते।। पुनश्च किंरूपः स निरञ्जनः। यस्य न विद्यते। किं किं न विद्यते। क्रोधो मोहो विज्ञानाद्यष्टविधमदभेदो यस्यैव मायामानकषायो यस्यैव नाभिहृदयललाटादिध्यानस्थानानि चित्तनिरोधलक्षणध्यानमपि यस्य न तमित्थंभूतं स्वशुद्धात्मानं हे जीव निरञ्जनं जानीहि। ख्यातिपूजालाभदृष्टश्रुतानुभूतभोगाकांक्षारूपसमस्तविभावपरिणामान् त्यक्त्वा स्वशुद्धात्मा–नुभूतिलक्षणनिर्विकल्पसमाधौ स्थित्वानुभवेत्यर्थः।। पुनरपि किंस्वभावः स निरञ्जनः। यस्यास्ति न। किं किं नास्ति। द्रव्यभावरूपं पुण्यं पापं च।। पुनरपि किं नास्ति। रागरूपो हर्षो द्वेषरूपो विषादश्च। पुनश्च। नास्ति क्षुधाद्यष्टादशदोषेषु मध्ये चैकोऽपि दोषः। स एव शुद्धात्मा निरञ्जन इति हे प्रभाकरभट्ट त्वं जानीहि। *स्वशुद्धात्मसंवित्तिलक्षणवीतरागनिर्विकल्पसमाधौ स्थित्वानु–भवेत्यर्थः। किं च। एवंभूतसूत्रत्रयव्याख्यातलक्षणो निरञ्जनो ज्ञातव्यो न चान्यः कोऽपि निरञ्जनोऽस्ति परकल्पितः। अत्र सूत्रत्रयेऽपि विशुद्धज्ञानदर्शनस्वभावो योऽसौ निरञ्जनो व्याख्यातः स एवोपादेय इति भावार्थः।।१९–२१।।

---

आगे पहले कहे हुए निरंजनस्वरूपको तीन दोहा–सूत्रोंसे प्रगट करते हैं –

**गाथा – १९–२१**

अन्वयार्थ :– [ यस्य ] जिस भगवान्के [ वर्णः ] सफेद, काला, लाल, पीला, नीलास्वरूप पाँच प्रकार वर्ण [ न ] नहीं है, [ गंधः रसः ] सुगंधदुर्गन्धरूप दो प्रकारकी गंध [ न ] नहीं है, मधुर, आम्ल (खट्टा), तिक्त, कटु, कषाय (क्षार) रूप पाँच रस नहीं हैं [ यस्य ] जिसके [ शब्दः न ] भाषा अभाषारूप शब्द नहीं है अर्थात् सचित्त–अचित्त–मिश्ररूप कोई शब्द नहीं है, सात स्वर नहीं हैं, [ स्पर्शः न ] शीत, उष्ण, स्निग्ध, रूक्ष, गुरु, लघु, मृदु, कठिनरूप आठ तरहका स्पर्श नहीं है, [ यस्य ] और जिसके [ जन्म न ] जन्म, जरा नहीं है, [ मरणं नापि ] तथा मरण भी नहीं है [ तस्य ] उसी चिदानंद शुद्धस्वभाव परमात्माकी [ निरंजनं नाम ] निरंजन संज्ञा है, अर्थात् ऐसे परमात्माको ही निरंजनदेव कहते हैं। फिर वह निरंजनदेव कैसा है – [ यस्य ] जिस सिद्ध परमेष्ठीके [ क्रोधः न ] गुस्सा नहीं है, [ मोहः मदः न ] मोह तथा कुल जाति आदि आठ तरहका अभिमान नहीं है, [ यस्य माया न मानः न ] जिसके माया व मान कषाय नहीं है, और [ यस्य ] जिसके [ स्थानं न ] ध्यानके स्थान नाभि, हृदय, मस्तक आदि नहीं है [ ध्यानं न ] चित्तके रोकनेरूप ध्यान नहीं है अर्थात् जब चित्त ही नहीं है तो

---

* સ્વશુદ્ધ આત્માને વીતરાગ નિર્વિકલ્પસમાધિમાં સ્થિર થઈને અનુભવ એ અર્થ છે.

रोकना किसका हो, [ स एव ] ऐसे निजशुद्धात्माको हे जीव, तू जान। सारांश यह हुआ कि अपनी प्रतिसिद्धता (बड़ाई) महिमा, अपूर्व वस्तुका मिलना और देखे–सुने भोग इनकी इच्छारूप सब विभाव परिणामोंको छोड़कर अपने शुद्धात्माकी अनुभूतिस्वरूप निर्विकल्पसमाधिमें ठहरकर उस शुद्धात्माका अनुभव कर। पुनः वह निरंजन कैसा है – [ यस्य ] जिसके [ पुण्यं न पापं न अस्ति ] द्रव्यभावरूप पुण्य नहीं, तथा पाप नहीं है, [ हर्षः विषादः न ] रागद्वेषरूप खुशी व रंज नहीं हैं, [ यस्य ] और जिसके [ एकः अपि दोषः ] क्षुधा (भूख) आदि दोषोंमेंसे एक भी दोष नहीं है [ स एव ] वही शुद्धात्मा [ निरंजनः ] निरंजन है, ऐसा तू [ भावय ] जान।

भावार्थ :– ऐसे निज शुद्धात्माके परिज्ञानरूप वीतरागनिर्विकल्पसमाधिमें स्थित होकर तू अनुभव कर। इस प्रकार तीन दोहोंमें जिसका स्वरूप कहा गया है, उसे ही निरंजन जानो, अन्य कोई भी परिकल्पित निरंजन नहीं है। इन तीनों दोहोंमें जो निर्मल ज्ञानदर्शनस्वभाववाला निरंजन कहा गया है, वही उपादेय है।।१९–२१।।

---

હવે, પૂર્વોક્ત નિરંજનસ્વરૂપને ત્રણ સૂત્રોથી પ્રગટ કરે છે :

ભાવાર્થ : ત્રણ સૂત્રોમાં કહેવાયેલા આવા લક્ષણવાળો તેને જ નિરંજન જાણવો, પર કલ્પિત (બીજાઓએ કલ્પેલો) એવો બીજો કોઈ પણ નિરંજન નથી.

અહીં, ત્રણ સૂત્રોમાં વિશુદ્ધજ્ઞાનદર્શનસ્વભાવવાળો જે (શુદ્ધ આત્મા) નિરંજન કહેવામાં આવ્યો તે જ ઉપાદેય છે એવો ભાવાર્થ છે. ૧૯–૨૧.

---

## ગાથા-૧૯-૨૧ ઉપર પ્રવચન

१९) जासु ण वण्णु ण गंधु रसु जासु ण सद्दु ण फासु।
जासु ण जम्मणु मरणु णवि णाउ णिरंजणु तासु।।१९।।

२०) जासु ण कोहु ण मोहु मउ जासु ण माय ण माणु।
जासु ण ठाणु ण झाणु जिय सो जि णिरंजणु जाणु।।२०।।

२१) अत्थि ण पुण्णु ण पाउ जसु अत्थि ण हरिसु विसाउ।
अत्थि ण एक्कु वि दोसु जसु सो जि णिरंजणु भाउ।।२१।। तियलं।

**'નિરંજનસ્વરૂપકો તીન દોહા–સૂત્રોંસે પ્રગટ કરતે હૈં–' 'જિસ ભગવાનકે સફેદ, કાલા, લાલ, પીલા, નીલાસ્વરૂપ પાંચ પ્રકાર વર્ણ નહીં હૈ,..'** ભગવાનમાં કોઈ જાતનો વર્ણ નથી. રંગ–રંગ. રંગના પાંચ પ્રકાર. એક અર્જિકા અહીં આવી હતી. એને કોઈએ પૂછ્યું કે આત્મા કેવો? પહેલો લાલ અને પછી થાય ધોળો. પહેલા આત્મા લાલ દેખાય, પછી આગળ વધી જાય તો સફેદ દેખાય. અર્જિકા કહે. કાંઈ ખબર ન મળે. પાધરા બહારમાં લુગડા ફેરવ્યા

એટલે થઈ ગયા ત્યાગી. રોટલા તો શરૂ થઈ જાય.

મુમુક્ષુ :- ત્યાગી તો છે જ અનાદિનો.

ઉત્તર :- ત્યાગી જ છે આત્માનો. આત્માનો ત્યાગી જ છે. આહાહા..!

અહીં કહ્યું ને? ઉપાદાન .. છે કે દિ'? આવો ત્રિકાળી આત્મા તે ઉપાદેય છે ત્યારે એને મિથ્યાત્વાદિનો ત્યાગ હોય છે. સમજાણું કાંઈ? બાહ્ય ત્યાગ-ગ્રહણ તો આત્મામાં છે જ ક્યાં? આહાહા..! કહ્યું ને? પોતોનો જે સ્વભાવ છે નિત્ય, ધ્રુવ તેને તેણે કોઈ દિ' છોડ્યો નથી અને રાગાદિ ભાવ છે તેને કોઈ દિ' એણે ગ્રહ્યા નથી. પર વસ્તુ તો ગ્રહી નથી, પણ રાગાદિ પણ જેણે ગ્રહ્યો નથી. એવો ચૈતન્યબિંબ પ્રભુ, તે જ વ્યક્તિનો વિષય અને તે જ ઉપાદેય છે. અને પરમાત્મપદથી પ્રગટ પર્યાય છે એને પણ ઉપાદેય કહીને કહેવામાં આવે છે. આહાહા..! આત્મા સફેદ-ધોળો નથી, એમ કહે છે. ધોળો છે ને? સફેદ-ધોળો નથી. ધોળો તો રંગ છે. કાળો નથી. લાલ નથી. આંખ મીંચે ને અંદર દેખાય ને લાલ? એ તો જડની અવસ્થા છે. આંખ નીચે આમ દબાણ કરે ત્યારે આમ દેખાય ને? લાલ, પીળા એ જડ છે. પીળો નથી, લીલો નથી. પાંચ પ્રકારનો વર્ણ નથી.

'**ગંધ, રસ સુગંધ દુર્ગન્ધરૂપ દો પ્રકારકી ગંધ નહીં હૈ,...**' સુગંધ-દુર્ગંધ. આત્માનું ધ્યાન કરે ત્યારે સુગંધ આવે. ગંધ .. એમાં છે નહિ. એ તો જડની અપેક્ષા છે. આહાહા..! આનંદની ગંધ છે, અતીન્દ્રિય આનંદ એનો સ્વાદ આવે. ગંધ નથી ત્યાં. તેમ રસ નથી. એ તો આપણે આવી ગયું, નહિ? ૪૯ (ગાથા). '**મધુર,...**' મીઠો રસ આત્મામાં નથી. મીઠો-મીઠો સાકરનો રસ આત્મામાં નથી. '**આમ્લ (ખટ્ટા),...**' ખાટો રસ આત્મામાં નથી. '**તિક્ત,...**' કડવો રસ આત્મામાં નથી. '**કટુ,...**' તીખો. તીખો ને કડવો. આહાહા..! અને '**કષાય (ક્ષાર)રૂપ પાંચ રસ નહીં હૈં...**' આહાહા..! ભગવાન તો અરૂપી છે. એ તો આવી ગયું ૪૯માં. આહાહા..! વર્ણ, ગંધ, રસ, સ્પર્શ તો જડના છે. વર્ણ, ગંધ આદિ ગુણ જડના અને એની રૂપ આદિ જે પર્યાય (થાય) એ તો જડની પર્યાય છે. સફેદ, કાળી તો પર્યાય છે. વર્ણ એ ગુણ છે અને સફેદ આદિ તો પર્યાય છે. એ ગુણ અને પર્યાય બેય આત્મામાં નથી. આહાહા..! આત્મામાં આનંદગુણ અને એની પર્યાયનું વેદન, એ છે એમાં. આહાહા..!

'**જિસકે ભાષા અભાષારૂપ શબ્દ નહીં હૈ,...**' આપણે આવી ગયું ૪૯માં. શબ્દની પર્યાય આત્મામાં નથી. ભાષા અંદર થાય છે કોનામાં? જડમાં. આહાહા..! '**ભાષા અભાષારૂપ શબ્દ...**' ભાષારૂપ છે ને આ? .. અભાષા છે. અવાજ આવે તે અભાષા છે. એ બધી પર્યાય જડની છે. આત્મામાં નથી. એ શબ્દની પર્યાય જડની છે.

મુમુક્ષુ :- જડની છે, આત્માના નિમિત્તે થાય છે.

ઉત્તર :- આત્માથી બિલકુલ થતી નથી. જડથી થાય છે. આહાહા..!

મુમુક્ષુ :- જડને ક્યાં ખબર છે?

ઉત્તર :- ખબર નથી એટલે એનું પરિણમવું નથી? વસ્તુ ટકી રહીને બદલવું એનો સ્વભાવ છે કે નહિ? ભાષારૂપે પરિણમે છે. એને જાણવાની જરૂર છે? તો પરિણમે એવું છે?

તો જાણનાર ... સિદ્ધ થશે. બદલે છે બધા દ્રવ્યો. પોતાની જડની શક્તિથી બદલે છે. આહાહા..! જુઓને! આ પરમાણુની પર્યાય નહોતી, એ બદલી છે. આહાર લોહીપણે થઈ છે.

મુમુક્ષુ :- ખાધુ અનાજ અને પરિણમ્યું લોહી.

ઉત્તર :- એ પરિણમી પર્યાય. એ પરિણમી પરમાણુની પર્યાય. પરમાણુ કાયમ રહી લોહી (રૂપે થયા). ... એક જણે કહ્યું હતું સ્ત્રી છે ઈ બાળકોને મોટા કરવાનું કારખાનું છે. પેટમાં થાય ત્યારે ... એમ આ .. અનાજને લોહી કરી નાખે એવું આ કારખાનુ છે. આહાહા..! શબ્દ નહિ.

**'અર્થાત્ સચિત્ત અચિત્ત મિશ્રરૂપ કોઈ શબ્દ નહીં હૈ,...'** આહાહા..! શબ્દ તો સચેત નથી પણ જીવ બોલે છે એટલી અપેક્ષાએ સચિત કહેવાય. જેમ આ સચેત શરીર કહેવાય છે ને જીવ હોય (ત્યારે)? સચેત શરીર એમ કહેવાય છે ને? એ તો જીવ છે એટલી અપેક્ષાએ. શરીર તો જડ જ છે. એમ ભાષા તો જડ જ છે. પણ નિમિત્તથી .. વ્યવહારથી... સચેત શરીર નથી કહેતા? વનસ્પતિનું સચેત શરીર છે. એનો અર્થ શરીર તો જડ છે પણ અંદર આત્મા છે એની અપેક્ષા લઈને શરીરને સચેત કહેવામાં આવે છે. એમ ભાષાને કહે.

**'સચિત અચિત મિશ્રરૂપ કોઈ શબ્દ નહીં હૈ, સાત સ્વર નહીં હૈ,...'** આહાહા..! સાત પ્રકારના સ્વર નથી. શબ્દ નથી ને? સ્વર-સ્વર વ્યંજન, અવાજ એ આત્મામાં નથી. શાર્દુલવિક્રિડીત છંદ બોલે, લ્યો! વસંતતિલકા. એ બધા સ્વર જડના છે. આત્મામાં ક્યાં છે? સ્પર્શ નથી. ટાઢો, ઊનો સ્પર્શ આત્મામાં નથી. આ બધી પર્યાય લીધી. **'શીત, ઉષ્ણ, સ્નિગ્ધ,...'** ચીકણી. **'રૂક્ષ,...'** લુખી. **'ગુરુ, લઘુ, મૃદુ, કઠિનરૂપ આઠ તરહકા સ્પર્શ નહીં હૈ,...'** ટાઢો તો આત્મા છે કે નહિ? શીતળ સ્વભાવ. એ તો ઠંડો પોતાનો આનંદસ્વભાવ એને છે. ઠંડો એ કાંઈ આત્મામાં નથી.

**'ઔર જિસકે જન્મ, જરા નહીં હૈ,...'** ભગવાન જન્મે કેમ અને આત્મા મરે કેમ? આહાહા..! **'ઉસી ચિદાનંદ શુદ્ધસ્વભાવ પરમાત્માકી...'** આહાહા..! ચિદાનંદ, જ્ઞાનાનંદ એવા શુદ્ધ સ્વભાવ પરમાત્માની **'નિરંજન સંજ્ઞા હૈ,...'** અંજન નથી. આ બધા મળ (નથી). નિરંજન છે. **'અર્થાત્ ઐસે પરમાત્માકો હી નિરંજનદેવ કહતે હૈં.'** એવા પરમાત્માને નિરંજનરદેવ કહે છે. આહાહા..! **'ફિર વહ નિરંજનદેવ કૈસા હૈ જિસ સિદ્ધ પરમેષ્ઠીકે ગુસ્સા નહીં હૈ,...'** જોયું! સિદ્ધ પરમેષ્ઠી લીધા. પ્રગટ દશા છે જેની. **'ગુસ્સા નહીં હૈ, મોહ...'** નહીં. કુળ નથી, જાતિ નથી. **'કુલ જાતિ આદિ તરહકા અભિમાન નહીં હૈ,..'** મદ છે ને? મદ. જાતિનો મદ, કુળનો મદ, ...નો મદ, ઈશ્વરનો મદ એને છે નહિ.

**'જિસકે માયા વ માન કષાય નહીં હૈ, ઔર જિસકે ધ્યાનકે સ્થાન નાભિ, હૃદય, મસ્તક, આદિ નહીં હૈ...'** લ્યો. ધ્યાનનું સ્થાન નાભિ, હૃદય, મસ્તક વગેરે નથી. **'ચિત્તકે રોકનેરૂપ ધ્યાન નહીં હૈ,...'** ક્યાં છે? પરમાત્માને ધ્યાન ક્યાં છે? સર્વજ્ઞ થયા એને ધ્યાન નથી. **'અર્થાત્ જબ ચિત્ત હી નહીં હૈ તો રોકના કિસકા હો,...'** આહાહા..! **'ઐસે નિજશુદ્ધાત્માકો હે જીવ, તૂ જાન.'** છે તો સિદ્ધ પરમેષ્ઠી આવા. એવો તું છો. આહા..!

**'નિજશુદ્ધાત્માકો હે જીવ, તૂ જાન.'** નિજ શુદ્ધાત્માને હે જીવ તું આવો જાણ. આહાહા..! 'નિયમસાર'માં લીધું છે ને? પ્રાયશ્ચિતની વ્યાખ્યામાં આત્મા પ્રાયશ્ચિતસ્વરૂપ છે એમ લીધું છે. પ્રાય ... જ્ઞાનસ્વરૂપ છે. પ્રાયશ્ચિત સ્વરૂપ જ આત્મા છે. પ્રાયશ્ચિતની પર્યાય પ્રગટે છે એ તો પર્યાયમાં. પણ વસ્તુ પ્રાયશ્ચિત સ્વરૂપ જ છે. એમ કહીને જે દશા પ્રગટે છે એ સ્વરૂપે જ એ તો ત્રિકાળ છે, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? વસ્તુને પ્રાયશ્ચિત કીધી. કેમકે પ્રાયશ્ચિતની નિર્મળ પર્યાય પ્રગટે છે ને? નિર્મળ પર્યાય છે એવો જ ત્રિકાળ શુદ્ધ છે. આહાહા..! સમજાણું?

નિયમ નથી લીધું? 'નિયમસાર'. મોક્ષનો માર્ગ જે છે એ કાર્યનિયમસાર છે. મોક્ષનો માર્ગ. પણ નિયમ જે પર્યાયમાં છે. પછી એ ત્રિકાળી કારણનિયમ છે. જેવી પર્યાય પૂર્ણ થઈ એવું જ એનું પૂર્ણ સ્વરૂપ કારણનિયમ ત્રિકાળ છે. ત્રિકાળીને કારણનિયમ કીધો. ત્રિકાળીને કારણઆત્મા, કારણપરમાત્મા કહ્યો. આહાહા..! ચેતના ... ત્રિકાળી ચેતના, જ્ઞાનચેતના ત્રિકાળી છે. ત્યારે પર્યાયમાં જ્ઞાનચેતના એકાગ્ર થાય છે પર્યાય. જ્ઞાનચેતના ત્રિકાળ છે. આરે..! 'નિયમસાર'માં લીધું છે.

આવો આત્મા છે એમ તું બરાબર જાણ, નક્કી કર, એમ કહે છે. છે? **'ઐસે નિજશુદ્ધાત્માકો...'** નિજ-પોતાના આત્માને **'હે જીવ, તૂ જાન.'** આહાહા..! **'સારાંશ યહ હુઆ, કિ અપની પ્રતિસિદ્ધતા (બડાઈ) મહિમા,...'** છોડી દે. હું મોટો છું... મોટો છું... .. પોતાની બડાઈ કરવાનો ભાવ છે એ અભિમાન છે. આહાહા..! **'(બડાઈ) મહિમા, અપૂર્વ વસ્તુકા મિલના,...'** આહાહા..! કોઈ દિ' નથી મળ્યું એ મળતા રાજી રાજી થઈ જાય. છોડી દે એ બધું હવે, એવું તો અનંતવાર મળ્યું છે.

**'ઔર દેખે સુને ભોગ...'** દેખેલા, સાંભળેલા ભોગ. **'ઈનકી ઈચ્છારૂપ સબ વિભાવ પરિણામોં છોડકર અપને શુદ્ધાત્માકી અનુભૂતિસ્વરૂપ નિર્વિકલ્પસમાધિમેં ઠહરકર...'** આ આત્માને જાણ શી રીતે? કહે છે. આવો આત્મા છે એને જાણ શી રીતે? આહાહા..! **'મહિમા, અપૂર્વ વસ્તુકા મિલના, દેખે સુને ભોગ ઈનકી ઈચ્છારૂપ સબ વિભાવ પરિણામોંકો છોડકર અપને શુદ્ધાત્માકી અનુભૂતિસ્વરૂપ...'** શુદ્ધાત્મા ત્રિકાળી, એનું વર્તમાન અનુભૂતિસ્વરૂપ **'નિર્વિકલ્પસમાધિમેં ઠહરકર ઉસ શુદ્ધાત્માકા અનુભવ કર.'** આવી વાત છે. જાણ લીધું હતું ને?

મુમુક્ષુ :- .. સારાંશ છે.

ઉત્તર :- **'सो जि णिरंजणु जाणु।'** છે ને ૨૦માં છે. ૧૯માં પણ છે. **'णाउ णिरंजणु तासु'** **'णिरंजणु जाणु'** **'णिरंजणु भाउ'** છે ને? દરેક ગાથાનું છેલ્લું પદ છે. આહાહા..!

અંજન નામ .. આદિનો મેલ એમાં નથી, બડાઈ, શક્તિ આદિ નથી. પરને છોડી દે. ભગવાન પૂર્ણાનંદના નાથને અંતર્મુખની નિર્વિકલ્પ સમાધિમાં આવીને એને અનુભવ. આહાહા..! ભારે જવાબ, ભાઈ! **'અપને શુદ્ધાત્માકી અનુભૂતિસ્વરૂપ...'** છે ને? આહાહા..! અનુભૂતિ એટલે અનુભવ. 'વસ્તુ વિચારત ધ્યાવતે મન પાવૈ વિશ્રામ. રસ સ્વાદત

સુખ ઊપજે, અનુભવ તાકો નામ.' આહા..! '**શુદ્ધાત્માકી અનુભૂતિસ્વરૂપ નિર્વિકલ્પ સમાધિમેં...**' શિષ્યને ગુરુ કહે છે. શિષ્ય કાંઈ મુનિ નથી અથવા કેવળી નથી કે આઠમે ગુણસ્થાને ચડ્યો નથી. કહે છે ને? નિર્વિકલ્પસમાધિ આઠમાવાળો (હોય). આ તો નીચેની વાત છે. ઈ તો આપણે આવી ગયું ને. વિચિક્ષણની વ્યાખ્યા આવી ગઈ. નિર્વિકલ્પ સમાધિની પ્રાપ્તિ છે એને વિચિક્ષણ એટલે અંતરાત્મા કહેવામાં આવે છે. ચોથે ગુણસ્થાનથી અંતરાત્મા, નિર્વિકલ્પસમાધિથી પ્રાપ્ત છે એને અંતરાત્મા કહેવામાં આવે છે. આહાહા..!

મુમુક્ષુ :- એ ...

ઉત્તર :- એ આવ્યું હતું ને .. નહોતું આવ્યું? વિચક્ષણ અંતરાત્મા છે. અંતરાત્મા ચોથેથી બાર અને તેને નિર્વિકલ્પસમાધિ.. અહીં એ કહે છે. આહાહા..!

અંતર ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ, તેની અનુભૂતિથી નિર્વિકલ્પ સમાધિમાં રહીને ધ્યાન કરે. એને ઓળખ. એમ કહે છે. અનુભવ કર. આહાહા..! આ મોક્ષનો માર્ગ છે. બાકી બધી વાતું અનેક પ્રકારની આવે. ભગવાન શુદ્ધઆત્મા વસ્તુ દ્રવ્યસ્વભાવ તો ત્રિકાળ પરમાત્મસ્વરૂપ જ છે. શક્તિરૂપ. એનું અનુભૂતિસ્વરૂપ ધ્યાન કરીને... આહાહા..! એના સન્મુખની દૃષ્ટિ કરીને વિકલ્પ વિના શાંતિ '**ઠહરકર...**' સમાધિ એટલે શાંત... શાંત... શાંત... એ કષાયભાવ છે એટલી અસર થાય. આકુળતા છે, અશાંતિ છે. એ અશાંતપણું છોડી દઈ અને શાંતિ... શાંતિ... શાંતિ... એવા શાંતભાવમાં '**ઠહરકર...**' સમાધિનો અર્થ કર્યો. '**ઉસ શુદ્ધાત્માકા અનુભવ કર.**' લ્યો! આ ગૃહસ્થાશ્રમમાં શિષ્યને પણ આમ કહે છે.

મુમુક્ષુ :- શિષ્ય તો મુનિ છે.

ઉત્તર :- ભલે મુનિ હોય. પણ મુનિ કહે હું જાણતો નથી એની અપેક્ષા ... છે. મેં આ કોઈ દિ' કર્યું નથી. તમે મને સંભળાવો, એમ ન્યાંથી લીધું છે ને. પહેલાથી એ લીધું છે. આહાહા..! મેં મારા આનંદના નાથને કોઈ દિ' જોયો નથી, જાણ્યો નથી, અનુભવ્યો નથી તો એ વાત કરો ને મને. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... કદી મેં મારો આત્મા, આનંદના સ્વભાવને જાણ્યો નહિ. આહાહા..!

એનો પ્રશ્ન કરે છે. માણસને એવું લાગે કે આ તો બધું નિશ્ચય (છે). પણ નિશ્ચય ચોથામાં નિશ્ચયની વાત આવે છે. ચોથે ગુણસ્થાને પણ પૂર્ણાનંદ સ્વરૂપ જ્ઞાન ને આનંદથી ભરેલો પદાર્થ, એની સન્મુખ થઈ, નિર્વિકલ્પ સમાધિ વડે એમાં ઠરીને એને અનુભવ. આહાહા..! સમજાણું કાંઈ?

'**શુદ્ધાત્માકા અનુભવ કર...**' શુદ્ધાત્માનો અનુભવ એટલે? કાંઈ ત્રિકાળનું વેદન નથી. પણ શુદ્ધાત્મા સન્મુખ થયો એને શુદ્ધાત્માનો અનુભવ કહેવામાં આવે છે. છે તો પર્યાયનો અનુભવ. આહાહા..! આ બાજુ રાગ અને દ્વેષનો જે અનુભવ હતો, પર દિશા તરફ ઢળતાં પુણ્ય અને પાપનો જે અનુભવ હતો એ વિકારી અનુભવ હતો. આ બાજુ ઢળતાં નિર્વિકલ્પ સમાધિમાં ઠરીને અનુભવ કર. એ વસ્તુ તો વસ્તુ છે. વસ્તુની સન્મુખ થઈને શાંતિ પ્રગટી

એને નિર્વિકલ્પ આત્માનું ધ્યાન અને અનુભવ કર્યો એમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું ઝીણી. 'જાદવજીભાઈ'! કોઈ દિ' 'કલકત્તા'માં ક્યાંય હતી નહિ.

શુદ્ધ ચૈતન્યઘન વસ્તુ પડી છે કે નહિ? એને અંતરમાં સ્વભાવસન્મુખ થઈને વિકલ્પ વિનાની શાંતિમાં ઠરીને એને અનુભવ. આહાહા..! આ મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ? એમ નથી અહીંયાં કહ્યું કે આવો .. ઠર, રાગ પહેલો આવે વ્યવહાર અને એના પછી અનુભૂતિનો ... કરે, એવું કાંઈ કહ્યું નથી. ત્યાં તો છોડીને એમ કહ્યું. છે ને? વિભાવ પરિણામને છોડીને. વ્યવહાર રાગની મંદતાના ભાવ છે તેને છોડીને. એને રાખીને આ નિર્વિકલ્પ અનુભવ થાય?

મુમુક્ષુ :- .. ઉપાય બતાવો.

ઉત્તર :- આ બાજુ ફર્યો એટલે પેલું છૂટી જાય છે. ઉપદેશમાં તો શું આવે? ... એમ છે? ... પણ વસ્તુ તરફના અનુભવમાં ઠરતાં રાગ છૂટી જાય છે એને છોડો એમ કહેવામાં આવે છે.

'**પુનઃ વહ નિરંજન કૈસા હૈ જિસે દ્રવ્યભાવરૂપ પુણ્ય નહીં,...**' આહાહા..! આત્મામાં દ્રવ્યપુણ્ય અને ભાવપુણ્ય બેય નથી. ભાવ જે વ્યવહાર કહ્યો એ આત્મામાં નથી, એમ કહે છે. ભાવપુણ્ય રાગ-શુભરાગ એ આત્મામાં નથી. એને છોડીને એનું ધ્યાન કર એમ કીધું છે. '**દ્રવ્યભાવરૂપ પુણ્ય નહીં, તથા પાપ નહીં હૈ, રાગદ્વેષરૂપ ખુશી...**' રાગથી ખુશી અને દ્વેષથી રંજ-ખેદ થવો એ એમાં નથી. રાગથી ખુશી થવું અને દ્વેષથી રંજક આમ ખેદ થવો એ પણ એમાં છે નહિ. આહાહા..!

'**ઔર જિસકે ક્ષુધા આદિ...**' અઢાર દોષ છે ને? '**ક્ષુધા આદિ દોષોંમેં સે એક ભી દોષ નહીં હૈ...**' આહાહા..! ક્ષુધા-તૃષા આદિ વસ્તુમાં ક્યાં છે? પરમાત્મા પણ ક્ષુધા-તૃષા રહિત પર્યાયમાં થઈ ગયા છે. કેમ કે વસ્તુમાં નથી તો પર્યાયમાં થઈ ગયા છે. આહાહા..! પેલા કહે, ભગવાનને પણ આહાર છે, શરીરને રોગ છે, દવા કરે. બહુ ફેર કરી નાખ્યો. માણસને .. જેવો બનો. .... ગુમાવે. પરમાત્માને માણસ જેવો બનાવી નાખ્યો. એને રોગ થાય, એની દવા લે ને ખાય. આહાહા..! જેના સ્વરૂપમાં જ ક્ષુધા-તૃષા નથી, એની પરિણતિ જ્યાં પ્રગટ થઈ એને ક્ષુધા-તૃષા ક્યાંથી હોય? એમ કહે છે. સમજાણું કાંઈ? '**વહી શુદ્ધાત્મા નિરંજન હૈ, ઐસા તૂ જાન.**' '**ઐસે નિજ શુદ્ધાત્માકે...**' પાછું લીધું જોયું! '**ઐસે નિજ શુદ્ધાત્માકે પરિજ્ઞાનરૂપ..**' એનું જ્ઞાનરૂપ. સર્વથા પ્રકારે એના જ્ઞાનરૂપ '**વીતરાગનિર્વિકલ્પસમાધિમેં સ્થિત હોકર...**' આહાહા..! '**તૂ અનુભવ કર.**'

'**ઈસ પ્રકાર તીન દોહોંમે જિસકા સ્વરૂપ કહા ગયા હૈ, ઉસે હી નિરંજન જાનો,...**' એને નિરંજન જાણ, એમ કહે છે. ત્રણેમાં છેલ્લે નિરંજન છે ને? '**અન્ય કોઈ ભી પરિકલ્પિત નિરંજન નહીં હૈ.**' બીજો કોઈ કલ્પના કરીને નિરંજન ભગવાન નથી. '**ઈન તીન દોહોંમે જો નિર્મલ જ્ઞાન દર્શનસ્વભાવવાલા નિરંજન કહા ગયા હૈ,...**' નિર્મળ જ્ઞાનદર્શનસ્વભાવ નિરંજન '**વહી ઉપાદેય હૈ.**' લ્યો! ભાવાર્થ કીધો. આગમાર્થ, મતાર્થ અને આ ભાવાર્થ. નિર્મળ જ્ઞાનદર્શન સ્વભાવ એવો જે નિરંજન ભગવાનઆત્મા એ જ ધર્મીને ઉપાદેય છે, આદરણીય છે, ગ્રહણ કરવા લાયક છે. બાકી બધું છોડવા લાયક છે. (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

अथ धारणाध्येययन्त्रमन्त्रमण्डलमुद्रादिकं व्यवहारध्यानविषयं मन्त्रवादशास्त्रकथितं यत्तन्निर्दोषपरमात्माराधनाध्याने निषेधयन्ति –

२२) जाणु ण धारणु धेउ ण वि जासु ण जंतु ण मंतु।
जासु ण मंडलु मुद्द ण वि सो मुणि देउँ अणंतु।।२२।।

यस्य न धारणा ध्येयं नापि यस्य न यन्त्रं न मन्त्रः।
यस्य न मण्डलं मुद्रा नापि तं मन्यस्व देवमनन्तम्।।२२।।

यस्य परमात्मनो नास्ति न विद्यते। किं किम्। कुम्भकरेचकपूरकसंज्ञावायुधारणादिकं प्रतिमादिकं ध्येयमिति। पुनरपि किं किं तस्य। अक्षररचनाविन्यासरूपस्तम्भनमोहनादिविषयं यन्त्रस्वरूपं विविधाक्षरोच्चारणरूपं मन्त्रस्वरूपं च अपमण्डलवायुमण्डलपृथ्वीमण्डलादिकं गारुडमुद्राज्ञानमुद्रादिकं च यस्य नास्ति तं परमात्मानं देवमाराध्यं द्रव्यार्थिकनयेनानन्तम–विनश्वरमनन्तज्ञानादिगुणस्वभावं च मन्यस्व जानीहि। अतीन्द्रियसुखास्वादविपरीतस्य जिह्वेन्द्रियविषयस्य निर्मोहशुद्धात्मस्वभावप्रतिकूलस्य मोहस्य वीतरागसहजानन्दपरम–समरसीभावसुखरसानुभवप्रतिपक्षस्य नवप्रकाराब्रह्मव्रतस्य वीतरागनिर्विकल्पसमाधिघातकस्य मनोगतसंकल्पविकल्पजालस्य च विजयं कृत्वा हे प्रभाकरभट्ट शुद्धात्मानमनुभवेत्यर्थः। तथा चोक्तम् – 'अक्खाण रसणी कम्माण मोहणी तह वयाण बंभं च। गुत्तिसु य मणगुत्ती चउरो दुक्खेहिं सिज्झंति।।'।।२२।।

---

आगे धारणा, ध्येय, यंत्र, मंत्र, मंडल, मुद्रा आदिक व्यवहारध्यानके विषय मंत्रवाद शास्त्रमें कहे गए हैं, उन सबका निर्दोष परमात्माकी आराधनारूप ध्यानमें निषेध किया है।

**गाथा – २२**

अन्वयार्थ :– [ यस्य ] जिस परमात्माके [ धारणा न ] कुंभक, पूरक, रेचक नामवाली वायुधारणादिक नहीं है, [ ध्येयं नापि ] प्रतिमा आदि ध्यान करने योग्य पदार्थ भी नहीं है, [ यस्य ] जिसके [ यन्त्रः न ] अक्षरोंकी रचनारूप स्तंभन मोहनादि विषयक यंत्र नहीं है, [ मन्त्रः न ] अनेक तरहके अक्षरोंके बोलनेरूप मंत्र नहीं है, [ यस्य ] और जिसके [ मण्डलं न ] जलमंडल, वायुमंडल, अग्निमंडल, पृथ्वीमंडलादिक पवनके भेद नहीं हैं, [ मुद्रा न ] गारुडमुद्रा, ज्ञानमुद्रा आदि मुद्रा नहीं हैं, [ तं ] उसे [ अनन्तम् ] द्रव्यार्थिकनयसे अविनाशी तथा अनंत ज्ञानादिगुणरूप [ देवम् मन्यस्व ] परमात्मदेव जानो।

भावार्थ :– अतीन्द्रिय आत्मीक–सुखके आस्वादसे विपरीत जिह्वाइंद्रीके विषय (रस) को जीतके निर्मोह शुद्ध स्वभावसे विपरीत मोहभावको छोड़कर और वीतराग सहज आनंद परम समरसीभाव सुखरूपी रसके अनुभवका शत्रु जो नौ तरहका कुशील उसको तथा

**निर्विकल्पसमाधिके घातक मनके संकल्प–विकल्पोंको त्यागकर हे प्रभाकर भट्ट, तू शुद्धात्माका अनुभव कर। ऐसा ही दूसरी जगह भी कहा है – ''अक्खाणेति'' इसका आशय इस तरह है, कि इन्द्रियोंमें जीभ प्रबल होती है, ज्ञानावरणादि आठ कर्मोंमें मोह कर्म बलवान होता है, पाँच महाव्रतोंमें ब्रह्मचर्य व्रत प्रबल है और तीन गुप्तियोंमेंसे मनोगुप्ति पालना कठिन है। ये चार बातें मुश्किलसे सिद्ध होती हैं।।२२।।**

---

**હવે, મંત્રવાદશાસ્ત્રમાં વ્યવહારધ્યાનના વિષયભૂત જે ધારણા, ધ્યેય, યંત્ર, તંત્ર, મંત્ર, મંડલ, મુદ્રાદિક કહ્યાં છે તેનો નિર્દોષ પરમાત્માની આરાધનારૂપ ધ્યાનમાં નિષેધ કરે છે :**

**ભાવાર્થ : અતીન્દ્રિય સુખના આસ્વાદથી વિપરીત જિહ્વેન્દ્રિયના વિષયને, નિર્મોહ શુદ્ધ આત્મસ્વભાવથી પ્રતિકૂળ મોહને, વીતરાગ સહજાનંદરૂપ પરમસમરસીભાવસ્વરૂપ સુખરસના અનુભવથી પ્રતિપક્ષ નવ પ્રકારના અબ્રહ્મચર્યવ્રતને (કુશીલને) અને વીતરાગ નિર્વિકલ્પ સમાધિના ઘાતક મનના સંકલ્પ-વિકલ્પની જાળને જીતીને હે પ્રભાકરભટ્ટ ! તું શુદ્ધ આત્માનો અનુભવ કર એવો ભાવાર્થ છે. કહ્યું પણ છે કે :**

**[1]अकखाण रसणी कम्माण मोहणी तह वयाण बंभं च। गुत्तीसु य मणगुत्ती चउरो दुक्खेहिं सिज्झंति।।**

**અર્થ : ઇન્દ્રિયોમાં જીભ પ્રબળ છે, જ્ઞાનાવરણાદિ આઠ કર્મોમાં મોહનીય બળવાન છે તથા પાંચમહાવ્રતોમાં બ્રહ્મચર્યવ્રત પ્રબળ છે અને ત્રણ ગુપ્તિઓમાં મનોગુપ્તિ પાળવી કઠણ છે; એ ચારે ભાવો મુશ્કેલીથી સિદ્ધ થાય છે. ૨૨.**

---

**વીર સંવત ૨૫૦૨, જયેષ્ઠ વદ ૯, રવિવાર**
**તા. ૨૦-૦૬-૧૯૭૬, ગાથા-૨૨-૨૩, પ્રવચન નં. ૧૩**

૨૨-ગાથા. 'પરમાત્મપ્રકાશ'

**२२) जाणु ण धारणु धेउ ण वि जासु ण जंतु ण मंतु।**
**जासु ण मंडलु मुद्द ण वि सो मुणि देउँ अणंतु।।२२।।**

આહાહા..! **'આગે ધારણા, ધ્યેય, યંત્ર, મંત્ર, મંડલ, મુદ્રા આદિક વ્યવહારધ્યાનકે વિષય મંત્રવાદ શાસ્ત્રમેં કહે ગયે હૈં, ઉન સબકા નિર્દોષ પરમાત્માકી આરાધનારૂપ ધ્યાનમેં નિષેધ કિયા હૈ.'** આહાહા..!

**અન્વયાર્થ :- 'જિસ પરમાત્માકે...'** ભગવાન પરમસ્વરૂપ જે અનંત આનંદ, એવી જે

---

**૧. અનગાર ધર્મામૃત પૃ. ૨૬૨, હિન્દી પૃ.૪૦૩**

દિવ્ય શક્તિરૂપ સ્વરૂપ એ **'કુંભક, પૂરક, રેચક નામવાલી વાયુધારણાદિક,...'** એનાથી પણ પ્રાપ્ત થાય એવું નથી. આહાહા..! જુઓ! **'ધારણાદિક નહીં હૈ,...'** કોઈ ધારણા કે કુંભક, રેચકથી પ્રાપ્ત થાય એવી એ ચીજ નથી, કહે છે. આહાહા..! આમાં એ સિદ્ધ કરવું છે કે જે પરમાત્મસ્વરૂપ ધ્રુવ નિત્ય છે એનો આશ્રય કર્યે જ આત્મધર્મ પામી શકે છે. એને કોઈ વ્યવહારના વિકલ્પો હોય તો ધ્યાન થાય, એમ ના પાડે છે. અહીં ઝીણી વાત છે. આહાહા..!

મુમુક્ષુ :- અહીં ના પાડે છે, બીજે ઠેકાણે...

ઉત્તર :- બીજે ના જ પાડી છે. બીજે વ્યવહાર છે એમ જણાવ્યો છે. આહાહા..! આવી વાત (છે).

મુમુક્ષુ :- એને સાધન કીધું છે.

ઉત્તર :- એ સાધન વ્યવહારથી, ઉપચારથી કહ્યું છે. છે નહિ એને નિમિત્તનું સહચર દેખીને (સાધનુ કહ્યું છે). આવે છે .. ? એ સાતમા અધ્યયનમાં આવે છે. 'ટોડરમલજી' 'મોક્ષમાર્ગ પ્રકાશક'. .. એમ લીધું છે કે આ સર્વત્ર આ લક્ષણ જાણવું. છે ને ત્યાં? આહાહા..! નિશ્ચય સમ્યગ્દર્શન, એ તો સ્વ ચૈતન્યમૂર્તિ પરમદેવ અનંત આનંદનો નાથ ભગવાન, એના ધ્યેય અને આશ્રયે પ્રગટ થાય છે. એને સાચું સમકિત કહેવામાં આવે છે. પણ જોડે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ હોય છે. સહચર દેખી ઉપચારથી તેને સમકિતનો આરોપ આપ્યો, વ્યવહારથી. છે નહિ.

મુમુક્ષુ :- છે નહિ ને ઉપચાર કરીને કહેવું...

ઉત્તર :- અહીં છે એનો ઉપચાર કરવો છે. માલ તોળાય ભેગો કોથળો તોળાય છે. કોથળો સમજો છો? બોરી. ચોખાની બોરી હોય છે ને? ચાર મણ અને અઢી શેર (એમ બોલે). તો ચાર મણ તો ચોખા છે અને અઢી શેર બોરી છે. સાથે કહેવામાં આવે છે. પણ એ બોરી ચોખા નથી કાંઈ. ચોખા અઢી શેર ઘટે તો એ કાંઈ બોરી રાંધવામાં કામ આવે?

મુમુક્ષુ :- પણ ચોખા બોરીમાં તો રહે છે ને?

ઉત્તર :- નહિ. ચોખા ચોખામાં રહે છે. બોરીમાં નહિ અને બોરીને લઈને નહિ. આવી એ વાતું. હજી તો લોકોને નિમિત્તથી થાય... નિમિત્તથી થાય.

અરે..! પ્રભુ! અહીં તો કહે છે.. આહાહા..! એ ધારણા કોઈ અંદર રાખે કે આમ છે ને આવો છે ને આવો છે. એનાથી પણ એ પ્રાપ્ત થાય એવો નથી. બીજી રીતે કહીએ તો વ્યવહારરત્નત્રયની ધારણા જે વિકલ્પમાં હોય છે, એનાથી પ્રાપ્ત થાય એવો પણ નથી. આહાહા..! એ નિરાલંબી ચીજ એવી છે કે એના ધ્યાનમાં બીજાની કોઈ અપેક્ષા છે જ નહિ, એમ કહે છે. કહ્યું ને?

'દ્રવ્યસંગ્રહ'ની ૪૭ ગાથા. **'दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा'** આ શું કહે છે? જુઓને! બે પ્રકારનો મોક્ષમાર્ગ કથનરૂપે છે ને એટલે (બે પ્રકાર કહ્યા), ધ્યાનમાં મળે છે. એટલે? આત્મા સીધો સ્વભાવનો આશ્રય લઈને નિશ્ચય સમ્યગ્દર્શન કરે છે. એમાં રાગ બાકી રહ્યો તેને, ધ્યાનમાં પણ રાગ બાકી રહ્યો તેને ઉપચાર વ્યવહાર કહેવામાં આવે છે.

આહાહા..! આવી ચીજ ભારે ભાઈ! હજી તો અહીં નિમિત્તથી થાય અને આમ છે ને તેમ છે, ઝઘડા. આ વ્યવહારનું નિમિત્ત છે એનાથી ન થાય એમ કહે છે. નિમિત્ત છે ને અંદર. ઓલું બાહ્ય નિમિત્ત છે. આહાહા..! જુઓ!

**'કુંભક, પૂરક, રેચક નામાવલી વાયુધારણાદિક નહીં હૈ,...'** એમાં કંઈ નથી. આહાહા..! **'પ્રતિમા આદિ ધ્યાન કરને યોગ્ય પદાર્થ ભી નહીં હૈ,...'** પ્રતિમા સર્વજ્ઞ ભગવાન લક્ષમાં લે અને પછી આત્માની પ્રાપ્તિ થાય એવું છે નહિ. છે? **'પ્રતિમા આદિ...'** દેવ-ગુરુ કોઈ **'ધ્યાન કરને યોગ્ય પદાર્થ ભી નહીં હૈ,...'** આહાહા..! એ ધ્યેય અંદર છે જ નહિ. ધ્યાન તો પૂર્ણાનંદનો નાથ અનંત.. પાઠ છે ને? જુઓને! **'मुणि देउँ अणंतु'** છે? આહા..! **'मन्यस्व देवमनन्तम्।'** અનંત જેનો સ્વભાવ એવો ભગવાનઆત્મા તેને માન અને જાણ, બસ એ. આહાહા..! ઝીણી વાત નિશ્ચયની. **'પ્રતિમા આદિ ધ્યાને કરને યોગ્ય પદાર્થ ભી નહીં હૈ,...'** અરિહંતનું જ્ઞાન લક્ષમાં લે. અરિહંત આવા-આવા. એ પણ જ્યાં અંતર આત્માને પકડવામાં કાંઈ સાધન છે નહિ. આહાહા..! બહુ આકરું કામ.

**'જિસકે અક્ષરોંકી રચનારૂપ સ્તંભન મોહનાદિ વિષયક યંત્ર નહીં હૈ,...'** ॐ એવા અંદર રચે ને? એ કાંઈ વસ્તુ છે નહિ. આહાહા..! એવા ॐ ને મંત્ર ને ભગવાનનું સ્મરણ ને એનાથી આત્મા પ્રાપ્ત થાય એવો આત્મા છે જ નહિ. મૂળ તો **'भूदत्थमस्सिदो खलु'** એ વાત સિદ્ધ કરવી છે. 'સમયસાર' ૧૧મી ગાથા. ત્રિકાળ ભગવાન અનંત જ્ઞાનમય પ્રભુ, પરમાત્મ સ્વરૂપ, નિત્ય સ્વરૂપ, તેના આશ્રયથી સમ્યગ્દર્શન થાય. વ્યવહારને આશ્રયે અને વ્યવહાર હોય તો થાય એમ છે નહિ. આ એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

**'અક્ષરોંકી રચનારૂપ સ્તંભન મોહનાદિ વિષયક યંત્ર નહીં હૈ,...'** આહાહા..! **'અનેક તરહકે અક્ષરોંકે બોલનેરૂપ મંત્ર નહીં હૈ,...'** ॐ ને અરિ અ, સિ, આ, ઉ, સા. આવે છે ને બધા? એવા મંત્રો-ફંત્રોનો વિકલ્પ પણ ત્યાં નથી. આહાહા..! એવી વાત છે. 'પરમાત્મપ્રકાશ' છે ને? નિશ્ચય પરમાત્મસ્વરૂપ જે છે એને અનુભવવા માટે આ કોઈ ચીજની એને જરૂર નથી એમ કહે છે. આહાહા..!

**'ઔર જિસકે જલમંડલ, વાયુમંડલ,...'** 'જ્ઞાનાર્ણવ'માં આવે છે. અંદર વિચાર કરે કે દરિયો આમ છે, વાયુ આમ છે. એમાં આત્મા બિરાજે છે. એવી જે જ્ઞાનમુદ્રા વગેરે મુદ્રા પણ નથી. **'ઉસે...'** હવે કહે છે. **'ઉસે...'** એટલે કોણ? ભગવાનઆત્માને **'अनन्तम्'** અનંતની વ્યાખ્યા કરી હવે. **'દ્રવ્યાર્થિકનયસે અવિનાશી...'** આહાહા..! વસ્તુ તરીકે જોતાં દ્રવ્ય એટલે વસ્તુ, એ જોતાં એ અવિનાશી ચીજ એમ ને એમ અનાદિઅનંત પડી છે. આહાહા..! પાઠમાં **'मुणि देउँ अणंतु'** એમ આવ્યું ને? એને તું અનંત જાણ. અનંતને દેવ તરીકે જાણ એમ આવ્યું ને? **'मुणि देउँ अणंतु'** અનંત દેવ તેને જાણ. આ અનંત દેવને જાણની વ્યાખ્યા કરી. આહાહા..!

**'દ્રવ્યાર્થિકનયસે અવિનાશી તથા અનંત જ્ઞાનાદિગુણરૂપ...'** વસ્તુ ભગવાનઆત્મા

વસ્તુદષ્ટિથી જોઈએ, જે નયને દ્રવ્યનું પ્રયોજન છે એ દ્રવ્યની દષ્ટિથી જોઈએ તો તે અનંત અવિનાશી તત્ત્વ એમ ને એમ છે. આહાહા..! આવી વાત છે.

મુમુક્ષુ :- એ ભાવ ...

ઉત્તર :- ભાવ. વર્તમાન ભાવ એવો પૂર્ણ છે. આહાહા..! અનંત એટલે નાશ ન થાય એ તો અપેક્ષિત વાત છે. વસ્તુ વર્તમાન અવિનાશી વસ્તુ છે. આહાહા..!

'**અનંત જ્ઞાનાદિગુણરૂપ...**' ભાવ. એને '**જાનો.**' છે ને? '**देवम् मन्यस्व**' '**પરમાત્મદેવ જાનો.**' આહાહા..! '**देवम्**' એટલે પરમાત્મદેવ, '**मन्यस्व**' એટલે જાણો. આહાહા..! વસ્તુ તરીકે અવિનાશી ધ્રુવ સ્વરૂપ, એ અનંત નામ નાશ ન થાય એવી ચીજ (છે) એને દેવ તરીકે અંતરમાં જાણ. આહાહા..! આવી વાત છે. એવા પરમાત્મસ્વરૂપમાં ધ્યાનમાં ધ્યેય એને બનાવ. આહાહા..! એમ કહે છે. 'પરમાત્મપ્રકાશ' છે ને આ તો! '**देवम् मन्यस्व अनन्तम्**' જેને ધારણા ધ્યેય તંત્ર, મંત્ર નથી એવો જે ભગવાનઆત્મા '**अनन्तम् देवम् मन्यस्व**' ધ્રુવ એવો દેવ આત્મા તેને જાણ. આહાહા..!

અવિનાશી ભગવાન પરમાનંદમૂર્તિ પ્રભુ એ દેવ દિવ્ય શક્તિવાન છે. એ દેવ છે- પરમાત્મા છે. એને તું જાણ. એના ઉપર દષ્ટિ દે. આહાહા..! આકરી વાત છે. આ બધા વ્યવહારવાળા કહે ને વ્યવહાર હોય તો થાય ને વ્યવહાર હોય તો થાય. અહીં તો ના કહી કે વ્યવહારનો તો નિષેધ થઈ જાય છે. ત્યારે એ પમાય છે. આહાહા..! વીતરાગ માર્ગ અલૌકિક છે. કોઈ લૌકિકની સાથે મેળ ખાય એવો નથી.

મુમુક્ષુ :- આ ગ્રંથ મોટા મોટા ઊંચા ગ્રંથ છે.

ઉત્તર :- ઊંચા એટલે જેવો છે તેવો છે. જે ચીજ છે એવા શબ્દ છે. પરમાત્મા એ શબ્દ છે. તો આત્મા પરમાત્મા સ્વરૂપ છે એ શબ્દને જણાવે છે. પણ જેને જાણવામાં શબ્દનું પણ અવલંબન નથી, એમ કહે છે. આહાહા..!

'**अनन्तम् देवम् मन्यस्व**' આહાહા..! '**અતીન્દ્રિય આત્મીક-સુખકે આસ્વાદસે વિપરીત...**' અતીન્દ્રિય આત્મિકસુખનો સ્વાદ જે અંદર આવવો. આહાહા..! ભગવાનઆત્મા અતીન્દ્રિય સુખસ્વરૂપ જ છે. અનંત દેવ છે. એ અતીન્દ્રિય આનંદ અનંત અતીન્દ્રિય આનંદસ્વરૂપ... આહા..! એના સુખના આસ્વાદથી વિપરીત '**જીહ્વાઇંદ્રિયકે વિષય (રસ) કો જીતને નિર્મોહ શુદ્ધ સ્વભાવસે વિપરીત મોહભાવકો છોડકર...**' આહાહા..! પર તરફના વિષયના રસને છોડ અને '**નિર્મોહ શુદ્ધ સ્વભાવસે વિપરીત મોહભાવકો છોડકર ઔર વીતરાગ સહજ આનંદ પરમ સમરસીભાવ સુખરૂપી રસકે અનુભવકા શત્રુ...**' આહાહા..! અસ્તિ-નાસ્તિ કરે છે. '**વીતરાગ સહજ આનંદ પરમ સમરસીભાવ...**' ઓહોહો..! એવો સુખરૂપી રસ એના '**અનુભવકા શત્રુ જો નૌ તરહકા કુશીલ ઉસકો તથા નિર્વિકલ્પસમાધિકે ઘાતક મનકે સંકલ્પ વિકલ્પોંકો ત્યાગકર...**' જુઓ! આહાહા..!

વ્યવહારના વિકલ્પો છે એ નિર્વિકલ્પ સમાધિને ઘાતક છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

આ કહે છે કે વ્યવહાર સાધક અને નિશ્ચય સાધ્ય. કઈ અપેક્ષાએ? બાપુ! ભાઈ! વીતરાગ માર્ગ, વીતરાગ સ્વભાવ એને કોઈ પામવામાં પરની અપેક્ષા છે જ નહિ. એવું જ એનું સ્વરૂપ છે. આહાહા..! બહુ સરસ વાત છે! ભગવાન અતીન્દ્રિય આનંદ સુખરૂપ, એનો જે સ્વાદ જે અતીન્દ્રિય આનંદ, એનાથી વિપરીત એ સંકલ્પ-વિકલ્પ છે. આહાહા..! વ્યવહારના જેટલા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ રાગ, પંચ મહાવ્રતનો રાગ.. આહાહા..! શાસ્ત્ર ભણતરનો રાગ એવા ભાવથી રહિત ભગવાન છે. અંદર ભગવાન અનંત અતીન્દ્રિય સુખના સાગરથી ભરેલો દેવ, એના અતીન્દ્રિય સ્વાદથી વિરુદ્ધ આ બધા વિકલ્પો છે, કહે છે. આહાહા..! એ વિકલ્પોથી પમાય એવો નથી, એમ કહે છે.

મુમુક્ષુ :- શત્રુ છે ..

ઉત્તર :- વેરી છે, શત્રુ છે. આહાહા..! એના બધા ઝઘડા અત્યારે. એ.. 'સોનગઢવાળા' વ્યવહારનો લોપ કરે છે. નિમિત્તથી થાય એમ માનતા નથી. સ્યાદ્વાદ જોઈએ, કથંચિત્ નિમિત્તથી થાય અને કથંચિત્ (ઉપાદાનથી થાય). અહીં તો કહે છે નિમિત્તથી નહિ પણ વ્યવહારથી ન થાય, સાંભળ! વ્યવહાર એ અંતરનું નિમિત્ત છે. આવી વાત છે, બાપુ! આહાહા..!

એમ કહે છે કે '**નિર્વિકલ્પસમાધિકે ઘાતક મનકે સંકલ્પ વિકલ્પોંકો ત્યાગકર...**' એ વ્યવહારનો વિકલ્પ કે આવો આત્મા છે ને આવો આમ છે ને આવો તેમ છે, એવો જે વ્યવહારનો વિકલ્પ છે એ નિર્વિકલ્પ સમાધિને ઘાત કરનાર છે. વર્તમાન પર્યાય, હોં! આહાહા..! નિર્વિકલ્પ સ્વરૂપ તો ભગવાન ત્રિકાળ છે પણ એને આશ્રયે થયેલી નિર્વિકલ્પ સમાધિ, એના આ શુભ વિકલ્પો ઘાતક છે. આહાહા..! આવી વાત છે, ભાઈ! 'દેવચંદજી'! આવી વાત છે. એના ખ્યાલના જ્ઞાન ઉપર તો વાત લ્યે.

'**હે પ્રભાકર ભટ્ટ, તૂ શુદ્ધાત્માકા અનુભવ કર.**' જોયું! એ વ્યવહારના વિકલ્પને લક્ષમાંથી છોડી દે. શુદ્ધાત્મ અનંતદેવ ... જેના સ્વરૂપના ભાવની મર્યાદા નથી. એવો જેનો સ્વભાવ આનંદદળ, એવો અનંતદેવ એને જાણ. આહાહા..! વિકલ્પ-બિકલ્પને છોડી દે. વિકલ્પથી નિશ્ચય થશે એ વાત છોડી દે. આહાહા..! એવી વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વસ્તુ પણ એવી છે. જુઓને!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પંચ પરમેષ્ઠીને માનનારો પોતે વિકલ્પ છે એ તો. આ તો ભગવાન પોતે પંચ પરમેષ્ઠી સ્વરૂપ જ આત્મા ત્રિકાળ છે. આહાહા..! ભાષા નથી મૂકી?

'**अनन्तम् देवम् मन्यस्व**' આહાહા..! ભગવાન પરમાત્મસ્વરૂપ જ પ્રભુ છે. એ અનંત પરમાત્મસ્વરૂપ તેને જાણ. આહાહા..! એ તો ૧૧મી ગાથાનો વિસ્તાર કર્યો છે. ૧૧મી માં કહ્યું, '**भूदत्थमस्सिदो खलु**' વ્યવહાર-ફ્યવહારથી મળશે નહિ એ. આહાહા..! ત્યારે ૧૨મી ગાથામાં કહ્યું છે કે વ્યવહારનો ઉપદેશ કરવો. એટલે એમાંથી આ અર્થ કાઢે છે. જે નીચેની

ભૂમિકા છે એને વ્યવહારનો ઉપદેશ દેવો. એમ છે જ નહિ પણ ત્યાં. અરે..! ભગવાન! સમજાણું કાંઈ? બધાને એ ઉઠાવે છે. 'શાહુજી'એ 'દિલ્હી'માં ઉઠાવ્યું હતું. બારમી ગાથામાં આમ કહ્યું છે.

મુમુક્ષુ :- વ્યવહાર દેસિદા?

ઉત્તર :- શું લીધું છે? ટીકામાં શું કહ્યું છે? વ્યવહાર એ સમયે જે પર્યાયની અલ્પતા છે, અશુદ્ધતા છે એને તે કાળે તે પ્રકારમાં તે સમયને જાણવું પ્રયોજનવાન છે. આદરવામાં તો આ એક જ વસ્તુ છે. ત્રિકાળ વસ્તુ પરમદેવ ભગવાન. સમજાણું કાંઈ? પણ વ્યવહાર છે કે નહિ એને? કહે છે. કેમકે અપૂર્ણ દશા છે, હજી અશુદ્ધતા છે, શુદ્ધતાના અંશો વધે છે. અશુદ્ધતાના અંશો ઘટે છે. એ બધાનું તે તે કાળે જાણવું તે વ્યવહારનયને પ્રયોજનવાન કીધી છે. જાણવા લાયક માટે પ્રયોજન કીધું. આદરવા લાયક પ્રયોજનવાન છે (એમ નથી કહ્યું). આહાહા..! આવી વાતું પણ ભારે! 'શશીભાઈ'! ત્યાં તો એમ કહ્યું છે. ભાઈ! તને મોંઘું લાગે પણ બાપા! એ પ્રભુ! તને તું મોંઘો લાગે! આહાહા..! તે ચીજ-વસ્તુ પડી છે. આહાહા..! પણ એ વાત લોકોને એવી લાગે. પંડિતોને .... આવશે. આહાહા..!

સંકલ્પ વિકલ્પ જે છે. આહાહા..! સંકલ્પ-વિકલ્પની વ્યાખ્યા થઈ ગઈ હતી. પહેલી થઈ ગઈ છે. અથવા આપણે આમાં પણ કહ્યું હતું. દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ એને પોતાના માનવા એ સંકલ્પ છે-મિથ્યાત્વ છે. આહાહા..! ભાવકર્મ અંદર જે વ્યવહારનો વિકલ્પ ઊઠે એ પુદ્ગલના પરિણામ કહીને એ તો નિષેધ કર્યું છે. આહાહા..!

મુમુક્ષુ :- સંકલ્પ કરવો પણ ...

ઉત્તર :- સંકલ્પનું મિથ્યાત્વ છે. નથી કીધું ૧૦માં કળશમાં. નીચે લખ્યું છે. ૧૦મો કળશ છે ને? '**દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ...**' ભાવકર્મમાં રાગનો વિકલ્પ-વ્યવહાર આવ્યો. '**આદિ પુદ્ગલદ્રવ્યોમાં પોતાની કલ્પના કરવી...**' એ શુભભાવ પણ ખરેખર પુદ્ગલ દ્રવ્ય છે. એ તો આપણે બપોરે ચાલે છે ને. એમાં '**પોતાની કલ્પના કરવી તેને સંકલ્પ કહે છે...**' તે મિથ્યાત્વ છે. આહાહા..! '**અને જ્ઞેયોના ભેદથી જ્ઞાનમાં ભેદ માલૂમ થવો તેને વિકલ્પ કહે છે.**' એ અનંતાનુબંધીની અસ્થિરતાનો વિકલ્પ છે. '**આવો શુદ્ધનય પ્રકાશરૂપ થાય છે.**' આનાથી રહિત. આહાહા..!

'**નિર્વિકલ્પસમાધિકે...**' આહાહા..! આ વર્તમાન પ્રગટ પર્યાયની વાત છે, હોં! ભગવાન અનંત અવિનાશી સ્વભાવસ્વરૂપ દેવશક્તિ-પોતે દેવ છે. આહાહા..! એવા દેવને પામવામાં આવા સંકલ્પ-વિકલ્પો ઘાતક છે. આહાહા..! આવી વાત છે. 'જયંતિભાઈ'! લોકોને લાગે, બીજું શું થાય? ભાઈ! છતી ચીજ છે એને સમજવા માટે પરની શું અપેક્ષા? એમ કહે છે. સમજાય છે? છતો પ્રભુ પ્રગટ છે અંદર. એક સમયની પર્યાય વિનાનો જે પદાર્થ છતો છે તેને જાણવાને માટે પરની અપેક્ષા અછતાની કેમ હોઈ શકે? આહાહા..! આવું સ્વરૂપ છે.

ભગવાન! તારી મોટપ એટલી છે. એમ કહે છે. તારી મોટપ એટલી છે કે હીણી

અવસ્થાના આશ્રયે તું ન પમાય એવો તું છો. આહાહા..! વ્યવહારના વિકલ્પથી પણ તું ન પમાય એવી તારી મોટપ છે. એ મોટપને તેં હીણી કરી નાખી, ભાઈ! કે આ રાગની મંદતા વ્યવહાર હોય તો પમાય, બાપુ! મરી જઈશ તું, હોં! તું મોટપને મારી નાખે છે. નિર્વિકલ્પનો ઘાતક કીધું ને? આહાહા..! આવું છે આ, 'જયંતિભાઈ'! વાડાવાળાને તો આકરું બહુ લાગે. આહાહા..! 'વાડા બાંધી બેઠા રે પોતાનો પંથ કરવાને.' આ તો પંથ પરમાત્માનો છે. આહાહા..! બહુ સરસ વાત!

તું છતી ચીજ અનંતદેવ છો ને, પ્રભુ! પાઠમાં એમ કહ્યું ને? '**मुणि देउँ अणंतु**' આહાહા..! અવિનાશી સ્વભાવ 'શુદ્ધ ચેતનાસિંધુ હમારો રૂપ હૈ' શુદ્ધ ચેતનાસિંધુ. એક પર્યાય પણ નહીં અહીં તો. શુદ્ધ ચેતનાસિંધુ '**मुणि देउँ अणंतु**' એને તું જાણ. એ જાણવામાં વિઘ્ન કરનારા વિકલ્પો છે એ ઘાતક છે માટે એને છોડી દે. આહાહા..! 'દેવચંદજી'! વસ્તુ તો આવી છે. આહાહા..!

'**નિર્વિકલ્પસમાધિકે ઘાતક...**' આહાહા..! ભગવાન જે અનંત આનંદનો નાથ પ્રભુ, છતી વસ્તુ, છતી વસ્તુ સત્ સાહેબ. આહાહા..! સત્ સ્વરૂપે પ્રભુ બિરાજમાન (છે) એને પામવા માટે નિર્વિકલ્પ સમાધિનું કારણ છે. નિર્વિકલ્પ સમાધિથી તે પમાય છે. એ '**નિર્વિકલ્પસમાધિકે ઘાતક...**' આ વિકલ્પો શુભાદિ જે હોય, દેવ-ગુરુની ભક્તિ આદિ રાગ (એ ઘાતક છે). આહાહા..! પ્રભુ! તું છતી ચીજ છો ને. સત્ છો ને. સત્ છો ને. પરમ સત્ સાહેબ. એને પામવા માટે રાગની અપેક્ષા એને ન હોય. આહાહા..! એમ કહે છે. આહાહા..! આ તો સમજાય એવું છે, હોં! 'પ્રવિણભાઈ'! આહાહા..!

ભાષા કેવી કરી છે! '**अनन्तम् देवम् मन्यस्व**' આહાહા..! અવિનાશી વસ્તુ.. વસ્તુ... વસ્તુ... 'વસ્તુ વ્હોરજો રે દોશીડાને હાટે.' ત્યાં વસ્તુ અંદર પડી છે, એમ કહે છે. આહા..! નિર્વિકલ્પ શાંતિ દ્વારા પ્રાપ્ત થાય એને જાણ. વચમાં વિકલ્પો આવે એ ઘાતક છે એને છોડી દે. આહાહા..! આકરી વાતું. લ્યો, આ બહુ આવ્યું તમારે 'ભાવનગર' રવિવારે આવો તો આવું આવે છે. 'મનસુખભાઈ'! આવું છે. આહાહા..!

ભાઈ! તું સત્સ્વરૂપ છો, પ્રભુ! સત્‌ને અસત્‌ના આશ્રયે પમાય એ કેમ હોઈ શકે? ભાઈ! આહાહા..! એ વિકલ્પો આદિ છે એ તો અસત્ સ્વરૂપ છે, ત્રિકાળની અપેક્ષાએ. એની અપેક્ષાએ ભલે હો. આહાહા..! અને ખરેખર દેવ-ગુરુ-શાસ્ત્ર કે પંચમહાવ્રત એ ખરેખર પુદ્ગલના પરિણામ છે. પોતાની જાતના ક્યાં પરિણામ છે એ? આહાહા..! એવા વિકલ્પને અંતર સત્ સાહેબ પ્રભુ પામવામાં નિર્વિકલ્પ શાંતિના એ ઘાતક છે. આહાહા..! એને છોડ અને અનંતદેવને જાણ. જાણવું એ નિર્વિકલ્પ સમાધિ છે. એનાથી ... જાણ્યો. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું એટલે સંપ્રદાયને આકરું લાગે, હોં! બિચારાને. સોનગઢિયા આમ કરે. અરે..! બાપુ! રહેવા દે, ભાઈ! ઊંધી માન્યતાના ફળ, બાપા! આકરા પડશે, ભાઈ! સહન કરવા કઠણ પડશે. સમજાણું કાંઈ? આહાહા..!

સંતોએ અમૃતના સમુદ્ર રેડ્યા છે. આહાહા..! ભગવાન! તું કોઈ મહા ચીજ છો કે

નહિ? એમ કહે છે. આહાહા..! પરમ પદાર્થ મહા અનંત જેનો નાશ એવી ધ્રુવ ચીજ છે. આહાહા..! એને તું દેવ તરીકે જાણ. આહાહા..! જાણ એ પર્યાય નિર્વિકલ્પ સમાધિ છે. સમ્યગ્દર્શન-જ્ઞાનની પર્યાયને અહીં જાણમાં નાખી. એ રાગ અને વિકલ્પથી જણાય એવો આત્મા નથી. આહાહા..! ભાઈ! તારે ક્યાં જાવું છે? આહાહા..! ઝઘડા-ઝઘડા છોડ, પ્રભુ! બધું. દુનિયા ગમે તે કહે. આહાહા..! 'નિયમસાર'માં કહ્યું છે ને? દુનિયા નિંદા કરે. આ તો વ્યવહારનો નાશ કરે છે, વ્યવહારનો લોપ કરે છે. બાપુ! ભાઈ! વ્યવહારનો લોપ કર્યા વિના નિર્વિકલ્પ સમાધિ પ્રગટશે નહિ. આહાહા..! ઘાતક છે. સાધક નથી, ઘાતક છે. લે! આહાહા..!

ત્રણલોકનો નાથ મહા પરમાત્મસ્વરૂપ, સાક્ષાત્ સ્વરૂપ, જિનસ્વરૂપ. 'જિન સો હી આત્મા, અન્ય સો હી હૈ કર્મ, યહી વચનસે સમજ લે જિન પ્રવચનકા મર્મ.' આહાહા..! પૂર્ણ અવિકારી વીતરાગસ્વભાવનો પરમાત્મા ભાવવાળો એ અનંત છે. નાશ વિનાની ચીજ છે એમ કહેવું છે. આહાહા..! એવા દેવને તું મુણ.. આહાહા..! એને જાણ. એને જાણનો અર્થ જ એ કે વિકલ્પથી તે જણાય એવો નથી. આહાહા..! આવી વાતું. બાપુ! દુઃખી થયો છે, ભાઈ! અનંતકાળના દુઃખી, દુઃખી છે. હેરાન થઈ ગયો છે. એ આનંદના નાથને પહોંચવા માટે પ્રભુ, રાગ વિનાની નિર્વિકલ્પ શાંતિ-શ્રદ્ધા-જ્ઞાન કામ કરશે. સમજાણું કાંઈ? આહાહા..!

ત્રણલોકના નાથની આ વાણી છે. સંતો એ વાણીને.. સર્વજ્ઞના સ્વભાવની વાતું સંતો કરી ગયા. આહા..! ભાષા વાપરી છે. '**अनन्तम् देवम् मन्यस्व**' એ શબ્દમાં... આહાહા..! પ્રભુ! તું અવિનાશી પદાર્થ છો ને! ધ્રુવ વસ્તુનું અસ્તિત્વ એવું અનંત, એવા દેવને જાણ, માણ. આહાહા..! એને જાણવા માણવા માટે વ્યવહારના વિકલ્પો ઘાત કરનારા છે, તેને છોડ. જેને સાધક તેં કર્યા હતા એને અહીંયાં બાધક છે એમ કરીને છોડ. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! જેને પરમ આનંદ પ્રગટ કરવો છે અને જે પરમાનંદ પ્રગટ થઈને અનંત કાળ રહે એવી જેને મોક્ષ દશા પ્રગટ કરવી છે. ભાઈ! એના ઉપાયો તો અલૌકિક અને અચિંત્ય જ હોય. આહાહા..! આ સંકલ્પ-વિકલ્પની વ્યાખ્યા થઈ. આહાહા..!

જેમાં સંકલ્પ-વિકલ્પને પુદ્ગલના પરિણામ કહ્યા. વ્યવહારરત્નત્રયને તો પુદ્ગલના પરિણામ કહ્યા. એને તો પુણ્ય કહ્યું અને બીજી રીતે એને પાપ પણ કહ્યું. આહાહા..! 'પાપને પાપ સૌ કહે પણ અનુભવીજન પુણ્યને પણ પાપ કહે' 'યોગસાર'માં છે. 'યોગસાર'માં આવે છે. આહાહા..! એ અહીં કહે છે. દેવ-ગુરુ-શાસ્ત્ર આદિની ભક્તિ એ પુણ્યના વિકલ્પો છે... આહાહા..! હવે આ લોકો કહે છે કે ભક્તિથી પામે. ભગવાનની દેવની ભક્તિ કરો. પ્રભુ! માર્ગ જુદો, નાથ! તને સહેલો લાગતો હોય પણ એ નહિ મળે એ રીતે. આહાહા..!

અહીં તો દેવ-ગુરુ-શાસ્ત્રને માનવાનો જે વિકલ્પ છે, સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર, હોં! આહાહા..! એ પણ નિર્વિકલ્પ સમાધિના ઘાતક છે. આહાહા..! એના તરફથી પડખું ફેરવ. અને ભગવાન પૂર્ણાનંદનો નાથ, એની સમીપમાં નિર્વિકલ્પ દશાથી જા. આવી વાત છે, બાપા! ભગવાન બિરાજે છે અંદર, ભાઈ! છતી ચીજ છે. આહા..! આ લોકો એમ કહે દયા

કરો તો પમાય. અરે..! બાપા! એ તો ક્યાંય વાત રહી ગઈ, ભાઈ! તારી દયા કરે તો પમાય. દયા એટલે? પૂર્ણાનંદનો નાથ અસ્તિપણે છે તેને તે રીતે સ્વીકાર. એને રાગથી પમાય અને અલ્પપણું માનવું એ તો એની હિંસા છે, આહા..! એનો અનાદર છે. આહાહા..!

મુમુક્ષુ :- .. એ રીતે છે.

ઉત્તર :- તે રીતે છે.

આવો ઉપદેશ હવે. આમાં સભારંજન શી રીતે થાય? આહાહા..! બાપુ! લોકોને રંજન કરવા જાઈશ (તો) તારો આત્મા ઘાતક થઈ જશે. શાસ્ત્રમાં એ છે. 'અષ્ટપાહુડ'માં. 'અષ્ટપાહુડ'માં છે. ભાઈમાં તો બહુ છે, 'તારણસ્વામી'માં. લોકરંજન. લોકને ઠીક પડે એવી વાતું કર. મરી જઈશ. લોક રાજી થાશે કે આહાહા..! શું વાતું કરી! વ્યવહારથી પણ પમાય છે, આનાથી પણ પમાય છે. એકાંત કહે છે કે વ્યવહારથી નહિ. ઓલા રાજી-રાજી થાય. મરી જઈશ તું.

મુમુક્ષુ :- .. પમાય છે.

ઉત્તર :- ધૂળ. હા કહે ને એ બધી વાતું છે, ભાઈ! શું કરે? બાપા! અરેરે..! મિથ્યા પરિણામ, એનું ફળ ભાઈ! આકરું છે. સમજાણું કાંઈ? દુનિયામાં વર્તમાન લોકો માનશે. કારણ કે જે રાગના, વ્યવહારના રસિયા છે એને એ વાત સારી લાગે. આ અનેકાંત માર્ગ કહ્યો. જોયું! ઓલા તો કહે વ્યવહારથી પમાય નહિ... વ્યવહારથી પમાય નહિ... એકાંત કહેતા હતા. એય..! ભગવાન! સાક્ષાત્ પરમાત્માના વિરહ પડ્યા. પણ સાક્ષાત્ પ્રભુ છે એના પર્યાયમાં વિરહ પડ્યા. એમ કહે છે.

મુમુક્ષુ :- એ તો પોતાની વાત કરે.

ઉત્તર :- હા, પોતાની. આહાહા..! ત્રણલોકના નાથ ભગવાન બિરાજે છે. એના તો વિરહ પડ્યા પણ પ્રભુ પૂર્ણાનંદનો નાથ સાક્ષાત્ પ્રભુ બિરાજે છે, એને તું વિકલ્પનો આદર કરીને એનો વિરહ કર. ઘાત થાય છે, ભાઈ! આહાહા..! 'પ્રવિણભાઈ'! આવી વાતું છે, બાપા! આહાહા..! વસ્તુ આ છે, ભાઈ! દુનિયા માને ન માને. એને સંખ્યા ઝાઝી હોય ન હોય એની સાથે કાંઈ સંબંધ નથી. કે ઘણા માને. પંડિતાઈ એક કોર પડી રહી તારી. આહાહા..! સંકલ્પ-વિકલ્પનો ત્યાગ કર તો તારા વિરહ છૂટશે, કહે છે. આહાહા..! પરમાત્મા બિરાજે છે એમાંથી તું ખસી ગયો છો. સંસાર કીધું છે. સંસરણ ઈતિ સંસાર. આહાહા..! ભગવાન મોક્ષસ્વરૂપ છે, અબંધસ્વરૂપ છે. એમાંથી ખસી ગયો છો તું. ખસીને વિકલ્પમાં આવી ગયો, પ્રભુ! ઘાત થઈ ગયો છે તારા સ્વનો. અને એનાથી તું માન કે વિકલ્પથી આત્માને લાભ થાય. પ્રભુ! અટકી જઈશ ત્યાં, હોં! નહિ જઈ શકે અંદર. જેનાથી લાભ માને એને કેમ છોડે?

મુમુક્ષુ :- મહિમા આવી.

ઉત્તર :- મહિમા આવી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

ઓલા તો કહે કે દયા પાળો, વ્રત કરો, તપ કરો તો ધર્મ થશે. ઓલા વળી કહે જાત્રા કરો, ભક્તિ કરો, પૂજા કરો. અરે..! પ્રભુ! સાંભળને, ભાઈ! એ બધા વિકલ્પો છે, ભાઈ! અંતર નિર્વિકલ્પ સમાધિના એ ઘાતક છે. એને તું સાધક માન. ભાઈ! રખડી મરીશ.

આહાહા..! ન્યાં કોઈની સિફારિશ નહિ ચાલે. વસ્તુસ્થિતિ છે તેમ રહેશે. તું બદલવા માગ તો કાંઈ બદલી નહિ જાય. આહાહા..! બહુ સરસ ગાથા! ૨૩. 'મનસુખભાઈ'! બે જણ આવ્યા છે. 'હીરાલાલ' નથી? 'હીરાલાલ' નહિ હોય. બહારગામ છે.

'**હે પ્રભાકર ભટ્ટ,...**' 'યોગીન્દ્રદેવ' કહે છે, સંત કહે છે. આહાહા..! તું એ વિકલ્પને છોડ, પ્રભુ! ગમે તે જાતનો હો. આહાહા..! ભગવાનની ભક્તિનો હોય, ભગવાનને માનવાનો હોય. એને છોડ. એ પરસન્મુખની દશા છે. સ્વસન્મુખ જવાને માટે એ ઘાતક છે. આહાહા..! આમ દશા તરફ વળેલો વિકલ્પ, આમ દશામાં જવાને માટે ઘાતક છે. આહાહા..! સમજાણું કાંઈ? બીજે કહ્યું છે, એમ કે '**दूसरी जगह भी कहा है.**' '**इन्द्रियोंमें जीभ प्रबल होती है,...**' ઇન્દ્રિયમાં રસની ગૃદ્ધિ પ્રબળ છે. એને જીતવી, કહે છે. '**ज्ञानावरणादि आठ कर्मोंमें मोह कर्म बलवान होता है,...**' પરમાં સાવધાની એ જોરવાળું છે. '**पांच महाव्रतोंमें ब्रह्मचर्य व्रत प्रबल है,...**' બ્રહ્મચર્ય. બ્રહ્મ નામ આનંદમાં રમવું. '**और तीन गुप्तियोंमेंसे मनोगुप्ति पालना कठिन है.**' મનના વિકલ્પોને હઠાવી દઈને અંદર સ્વરૂપમાં ગુપ્ત થઈ જવું. આહાહા..! આવો માર્ગ છે, ભાઈ! '**ये चार बातें मुश्किलसे सिद्ध होती हैं.**' લ્યો! આહાહા..! ૨૨ થઈને એ?

---

अथ वेदशास्त्रेन्द्रियादिपरद्रव्यालम्बनाविषयं च वीतरागनिर्विकल्पसमाधिविषयं च परमात्मानं प्रतिपादयन्ति –

**२३) वेयहिँ सत्थहिँ इंदियहिँ जो जिय मुणहु ण जाइ।**
**णिम्मल–झाणहँ जो विसउ सो परमप्पु अणाइ।।२३।।**

वेदैः शास्त्रैरिन्द्रियैः यो जीव मन्तुं न याति।
निर्मलध्यानस्य यो विषयः स परमात्मा अनादिः।।२३।।

वेदशास्त्रेन्द्रियैः कृत्वा योऽसौ मन्तुं ज्ञातुं न याति। पुनश्च कथंभूतो यः। मिथ्याविरतिप्रमादकषाययोगाभिधानपञ्चप्रत्ययरहितस्य निर्मलस्य स्वशुद्धात्मसंवित्ति–संजातनित्यानन्दैकसुखामृतास्वादपरिणतस्य ध्यानस्य विषयः। पुनरपि कथंभूतो यः। अनादिः स परमात्मा भवतीति हे जीव जानीहि। तथा चोक्तम् –''अन्यथा वेदपाण्डित्यं शास्त्रपाण्डित्यमन्यथा। अन्यथा परमं तत्त्वं लोकाः क्लिश्यन्ति चान्यथा।।'' अत्रार्थभूत *एवं शुद्धात्मोपादेयो अन्यद्धेयमिति भावार्थः।।२३।।

आगे वेद, शास्त्र, इन्द्रियादि परद्रव्योंके अगोचर और वीतराग निर्विकल्प समाधिके गोचर (प्रत्यक्ष) ऐसे परमात्माका स्वरूप कहते हैं –

## गाथा – २३

अन्वयार्थ :– [ वेदैः ] केवलीकी दिव्यवाणीसे [ शास्त्रैः ] महामुनियोंके वचनोंसे तथा [ इन्द्रियैः ] इन्द्रिय और मनसे भी [ यः ] जो शुद्धात्मा [ मन्तुं ] जाना [ न याति ] नहीं जाता है अर्थात् वेद, शास्त्र – ये दोनों शब्द अर्थस्वरूप हैं, आत्मा शब्दातीत है, तथा इन्द्रिय, मन विकल्परूप हैं और मूर्तीक पदार्थको जानते हैं, वह आत्मा निर्विकल्प है, अमूर्तीक है, इसलिए इन तीनोंसे नहीं जान सकते। [ यः ] जो आत्मा [ निर्मलध्यानस्य ] निर्मल ध्यानके [ विषयः ] गम्य है, [ स ] वही [ अनादिः ] आदि–अंतरहित [ परमात्मा ] परमात्मा है।

भावार्थ :– मिथ्यात्व, अविरति, प्रमाद, कषाय, योग–इन पाँच तरह आस्रवोंसे रहित निर्मल निज शुद्धात्मके ज्ञानकर उत्पन्न हुए नित्यानंद सुखामृतका आस्वाद उस स्वरूप परिणत निर्विकल्प अपने स्वरूपके ध्यानकर स्वरूपकी प्राप्ति है। आत्मा ध्यानगम्य ही है, शास्त्रगम्य नहीं है, क्योंकि जिनको शास्त्र सुननेसे ध्यानकी सिद्धि हो जाए, वे ही आत्माका अनुभव कर सकते हैं। जिन्होंने पाया, उन्होंने ध्यानसे ही पाया है, और शास्त्र सुनना तो ध्यानका उपाय है, ऐसा समझकर अनादि अनंत चिद्रूपमें अपना परिणमन लगाओ। दूसरी जगह भी 'अन्यथा' इत्यादि कहा है। उसका यह भावार्थ है, कि वेद शास्त्र तो अन्य तरह ही हैं, नय प्रमाणरूप हैं, तथा ज्ञानकी पंडिताई कुछ और ही है, वह आत्मा निर्विकल्प है, नय–प्रमाण–निक्षेपसे रहित है, वह परमतत्त्व तो केवल आनन्दरूप है, और ये लोक अन्य ही मार्गमें लगे हुए हैं, सो वृथा क्लेश कर रहे हैं। इस जगह अर्थरूप शुद्धात्मा ही उपादेय है, अन्य सब त्यागने योग्य हैं, यह सारांश समझना।।२३।।

---

હવે વેદ, શાસ્ત્ર ઇન્દ્રિયાદિ પરદ્રવ્યના અવલંબનને અગોચર અને વીતરાગ નિર્વિકલ્પ સમાધિને ગોચર પરમાત્માનું સ્વરૂપ કહે છે :

કહ્યું પણ છે કે : ૧'अन्यथा वेदपाण्डित्यं शास्त्रपाण्डित्यमन्यथा। अन्यथा परमं तत्त्वं लोकाः क्लिश्यन्ति चान्यथा।।'

અર્થ : વેદપાંડિત્ય અન્ય પ્રકારે છે, શાસ્ત્રપાંડિત્ય અન્ય પ્રકારે છે, લોકો અન્ય પ્રકારે ક્લેશ (કષ્ટ) કરે છે અને પરમાત્મા કોઈ અન્ય પ્રકારે છે.

અહીં અર્થભૂત શુદ્ધ આત્મા જ ઉપાદેય છે, અન્ય સર્વ હેય છે એવો ભાવાર્થ છે. ૨૩.

---

૧. જુઓ યશસ્તિલક ૫–૨૫૧ પાઠાન્તર :- एव–एवं

## ગાથા-૨૩ ઉપર પ્રવચન

૨૩. '**આગે વેદ, શાસ્ત્ર, ઈન્દ્રિયાદિ પરદ્રવ્યોંકે અગોચર ઔર વીતરાગ નિર્વિકલ્પ સમાધિકે ગોચર (પ્રત્યક્ષ) ઐસે પરમાત્માકા સ્વરૂપ કહતે હૈં–**'

**૨૩) वेयहिँ सत्थहिँ इंदियहिँ जो जिय मुणहु ण जाइ।**
**णिम्मल–झाणहँ जो विसउ सो परमप्पु अणाइ।।२३।।**

આહાહા..! એ પરમાત્મા ચિદાનંદ પ્રભુ એક સમયની પર્યાય વિનાની ચીજ જે છે એ કેવળીને દિવ્યધ્વનિથી જાણી શકાય નહિ એવી ચીજ છે. છે? એમાં છે કે નહિ? વેદ એટલે વીતરાગની વાણી. ઓલા (અન્મતના) વેદ નહિ. આહાહા..!

**અન્વયાર્થ :–** '**કેવલીકી દિવ્યવાણીસે...**' આહાહા..! અને '**મહામુનિયોંકે વચનોંસે...**' પહેલા દેવની વાણી લીધી, પછી ગુરુની લીધી. બેયથી આત્મા સમજાય એવો નથી, કહે છે. આહાહા..! ઓલામાં આવ્યું ને કે ભાઈ! ભગવાનને સાંભળવા એ પણ ઈન્દ્રિયનો વિષય છે. આહાહા..! જેમ સ્ત્રી વિષય છે એમ વાણી વિષય છે. કાળા કેર કરી નાખ્યા, એમ એ લોકો કહે છે. ભગવાન! સાંભળને, ભાઈ! એ વાણી ઉપર લક્ષ જાય ત્યારે તેને રાગ થાશે. પરદ્રવ્ય ઉપર લક્ષ જશે... આહાહા..! અને એ વાણી સાંભળી અને અહીંયાં જ્ઞાનનો પર્યાય થયો એ તો પોતાથી થયો છે, એનાથી નહિ, એ જ્ઞાન એ જ્ઞાન નહિ. એ પરસત્તા અવલંબી જ્ઞાન (છે), એ જ્ઞાન નહિ. આહાહા..!

વીતરાગની વાણી કાને પડી અને તે કાળે પોતાની જ્ઞાનની પર્યાય પોતાથી થઈ. છતાં તે પર્યાય વાસ્તવિક જ્ઞાન નહિ. એ પર્યાય-જ્ઞાનની પર્યાય બંધનું કારણ છે. આહાહા..! પરસત્તાવલંબી છે. આહાહા..! એ વાણી અને વાણીના જ્ઞાનથી પોતે પમાય એવો નથી એમ કહે છે. આહાહા..! ઓલામાં કહ્યું છે ને? બુદ્ધિ શાસ્ત્રમાં જાય તો એ વ્યભિચારિણી છે. 'પદ્મનંદી પંચવિંશતિ:' ભાઈ! પર તરફનો ઝુકાવ એ વ્યભિચાર છે. આહાહા..! પર પદાર્થના સંગમાં વૃત્તિ ગઈ એ વ્યભિચાર છે. આહાહા..! સ્વ તરફમાં જવા માટે વીતરાગની વાણી અને ગુરુની વાણી કામ ન કરે, કહે છે. છે?

'**મુનિયોંકે વચનોંસે તથા ઈંદ્રિય ઔર મનસે ભી...**' ઈન્દ્રિય અને મનથી પણ '**શુદ્ધાત્મા જાના નહીં જાતા હૈ,...**' આહાહા..! ભગવાને, વાણીને પણ ઈંદ્રિય કહી છે. 'સમયસાર'૩૧ ગાથા. '**इंदियं जिणिता**' દ્રવ્યઈન્દ્રિય, ભાવઈન્દ્રિય અને તેનો વિષય, તે તરફનું લક્ષ છોડી દે. એનાથી નહિ મળે. આ વાત આકરી પડે માણસને. ભગવાનની દિવ્યધ્વનિથી લાભ ન થાય. એય...! આહાહા..! મહા ગણધરોની શાસ્ત્રની રચના અર્થરૂપ. અર્થરૂપ ભગવાને કહ્યું. અને શ્રુતરૂપ રચ્યું ગણધરે. તેથી બે શબ્દ છે અંદર, જુઓ! '**અર્થાત્ વેદ, શાસ્ત્ર, યે દોનોં શબ્દ અર્થસ્વરૂપ હૈં,...**' છે ને ? શબ્દ અને અર્થ સ્વરૂપ છે ને એ? વેદ એટલે વાણી અને શાસ્ત્ર. ખરેખર દિવ્યધ્વનિની વાણી શબ્દો સૂત્રરૂપ છે. અને ગણધરોએ

એના અર્થ રચ્યા છે. એ અર્થરૂપ છે. દિવ્યધ્વનિ અર્થરૂપ છે અને શાસ્ત્રો રચ્યા તે શબ્દરૂપ છે. આહાહા..! સૂત્રરૂપ છે. શું કીધું ઈ?

દિવ્યધ્વનિમાં અર્થરૂપ વાત આવે છે અને શાસ્ત્ર રચે એ સૂત્રરૂપ છે. એ સૂત્રરૂપ કે અર્થરૂપ બેયથી આત્મા જણાય એવો નથી, કહે છે. આહાહા..! એવો ભગવાન નિરપેક્ષ વસ્તુ છે, છતી ચીજ છે. આહાહા..! સત્ છે તેને આવા અસત્‌ના આશ્રયની જરૂર નથી. આહાહા..! એનાથી અસત્ આશ્રયથી સત્ જણાય એવો નથી. આહાહા..! સમજાણું કાંઈ? કહો, આવું આકરું લાગે ને માણસને. માણસને અભ્યાસ નહિ. સત્ય શું છે એની (ખબર નહિ) અને ઉપરથી એકદમ ગોળા મારવા. વ્યવહારથી પમાય છે, વ્યવહાર પહેલો હોય, વ્યવહાર નિસરણી છે, અશુભ ટાળે પછી શુભ આવે પછી શુભ ટાળીને પછી શુદ્ધ થાય. એની નિસરણી છે એ. એક જણ એમ કહેતો હતો. અરે..! ભગવાન! એ શુભને પણ છોડવાની વાત છે અહીં તો. સાધન છે તો છોડવાનું કેમ કહે? આહાહા..! વ્યવહારનો વિકલ્પ જેટલો છે એ નિશ્ચય સ્વભાવને આશ્રયે થતી નિર્વિકલ્પ સમાધિ, તેની એ ઘાતક છે. માટે વાણી ને અર્થથી કે અર્થ ને શબ્દથી (પમાય નહિ). આહાહા..! 'સમયસાર'માં એમ કહ્યું ૪૧૫ ગાથા. છેલ્લી અર્થ. અર્થમાં પછી અર્થ આ તું. આ નહિ. ૪૧૫ ગાથા છે. 'સમયસાર'ની. આહાહા..! શબ્દ ને અર્થથી જાણીને અર્થમાં ઠર. ભગવાન, એ અર્થ છે ત્યાં, હોં! આહાહા..!

**'વેદ, શાસ્ત્ર, યે દોનોં શબ્દ અર્થસ્વરૂપ હૈં, આત્મા શબ્દાતીત હૈ,...'** ભગવાન તો શબ્દથી અતીત છે. આહાહા..!

મુમુક્ષુ :- ઉપદેશ તો શબ્દથી અપાય છે.

ઉત્તર :- કોણ કરે ઉપદેશ? બાપુ! એ તો બધી વાતું છે. તેથી કાલે નાખ્યું હતું ને? એ પરખનો અર્થ શું એ કીધું ભાઈએ. નિમિત્તપરખ. શબ્દ જોયો હતો ભાઈએ. ઉપાદાનવાદીઓ ઘોર નિમિત્તપરખ ... કરે છે. ઘોર નિમિત્તનો આશ્રય લે છે. અરે..! ભગવાન! એમ કે આવા મકાનો બનાવી અને નિમિત્ત દ્વારા લોકોને ખેંચવા છે. ઉપાદાન... એમ કહે. અરે..! પ્રભુ! ભગવાન! ભાઈ! એને આકરા પડશે, બાપા! અને આ શિક્ષણ શિબિર કાઢવા, ધર્મચક્ર કાઢવા, આ પંડિતો જ્યાં ત્યાં જઈને ભાષણો આપે, 'ધન્નાલાલજી'ને એ બધા. અમે પૂછીએ એનો જવાબ વાણી દ્વારા તમે આપો છો. તો વાણીનો આશ્રય લીધો કે નહિ? નિમિત્ત દ્વારા તમારે કામ કરવું અને કહેવું કે નિમિત્તથી કાંઈ થાય નહિ. એ ક્યાં (વાત) છે? આહાહા..! જ્યાં વિકલ્પ જેમાં નથી ત્યાં વળી વાણી ક્યાંથી આવી? વાણીને કાળે વાણી નીકળે, પ્રભુ!

અરે..! પ્રભુ! આકરું બાપા! શું થાય? આહાહા..! મિથ્યાત્વનું (ફળ) આકરું છે, બાપા! નિગોદ કહ્યું છે, ભાઈ! એક જણો કહેતો હતો. 'કુંદકુંદાચાર્ય' એવું કહે, એનું ન માને એ નિગોદમાં જશે એમ કહે. અરે..! ભગવાન! અરે..! તું એમ ન કહે, ભાઈ! એમ કે એ એમ કહે છે કે 'કુંદકુંદાચાર્ય'નું ન માને એને એ 'કુંદકુંદાચાર્ય' કહે છે કે નિગોદમાં જાશો, એમ કહે છે. ભાઈ! તું ખેંચતાણ ન કર. આહાહા..! ... પમાય નહિ? કહે છે કે, શાસ્ત્ર સાંભળવું એ

તો જ્ઞાનનો ઉપાય નિમિત્ત લક્ષમાં આવ્યું એટલું. બાકી એનાથી આત્મા પમાય છે (એમ નથી). આહાહા..! વાણી જડ પુદ્ગલની પર્યાય, તદ્ વિકારો નથી આવ્યું? 'નિયમસાર'. તદ્ વિકારો. 'અષ્ટપાહુડ'. શબ્દનો વિકાર છે એ વાણી તો. આહાહા..! છેલ્લી ગાથા. 'ભાવપાહુડ' કે 'બોધપાહુડ' બેમાંથી એક છેલ્લીમાં છે. એનાથી પમાય એવું નથી. આહાહા..!

**'આત્મા શબ્દાતીત હૈ, તથા ઈન્દ્રિય, મન વિકલ્પરૂપ હૈં,...'** હવે એનાથી રહિત. **'ઔર મૂર્તીક પદાર્થકો જાનતે હૈં, વહ આત્મા નિર્વિકલ્પ હૈ,...'** આહાહા..! એ **'અમૂર્તીક હૈ, ઈસલિયે ઈન તીનોંસે નહીં જાન સકતે.'** શબ્દથી, અર્થથી અને મનના સંકલ્પ અને ઈન્દ્રિયથી, એનાથી આત્મા જણાય એવો નથી. આહાહા..! **'જો આત્મા નિર્મલ ધ્યાનકે ગમ્ય હૈ,...'** આહાહા..! જુઓ લ્યો! **'નિર્મલ ધ્યાનકે ગમ્ય હૈ,...'** નિર્મળ અવિકારી સમ્યગ્દર્શન-જ્ઞાનની પર્યાયને ઈ ગમ્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? આના ગમ્ય નહિ તો આના ગમ્ય છે એમ કીધું ને? **'निर्मलध्यानस्य यो विषयः'** આહાહા..! સમ્યગ્દર્શન-જ્ઞાન વીતરાગી પર્યાયનો વિષય એ વસ્તુ છે. આહાહા..! **'વહી આદિ અંત રહિત પરમાત્મા હૈ.'** એને અમે પરમાત્મા કહીએ છીએ. વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**વીર સંવત ૨૫૦૨, જયેષ્ઠ વદ ૧૦, સોમવાર**
**તા. ૨૧-૦૬-૧૯૭૬, ગાથા-૨૩ થી ૨૫, પ્રવચન નં. ૧૪**

'પરમાત્મપ્રકાશ' ૨૩ ગાથા. અહીં સુધી આવ્યું છે. **'વહ આત્મા નિર્વિકલ્પ હૈ, અમૂર્તિક હૈ, ઈસલિયે ઈન તીનોંસે નહીં જાન સકતે.'** ત્રણ કોણ? મન, ઈન્દ્રિય અને શબ્દ. ત્રણથી આત્મા જાણવામાં આવે એવો નથી. આવો છે. **'જો આત્મા નિર્મલ ધ્યાનકે ગમ્ય હૈ,...'** આહાહા..!

મુમુક્ષુ :- મન તો મૂર્તિક અમૂર્તિક બધાને જાણે.

ઉત્તર :- એ અહીં નહીં. એ વિકલ્પ નહિ. અહીંયાં તો નિર્વિકલ્પ ચૈતન્યના ધ્યાનથી આત્મા પ્રાપ્ત થાય. શબ્દથી, મનથી નહિ, ઈન્દ્રિયથી નહિ. આહાહા..! વ્યવહારના વિકલ્પથી પણ નહિ, મનના સંબંધે વિકલ્પ ઊઠે એનાથી પણ નહિ. એનાથી એ થઈ ગયો વ્યવહાર. એ તો અતીન્દ્રિય નિર્વિકલ્પ ધ્યાન ગમ્ય છે. આહાહા..! આ વાત. છે? **'નિર્મલ ધ્યાનકે ગમ્ય હૈ,...'**

મુમુક્ષુ :- કોણ?

ઉત્તર :- આ આત્મા.

મુમુક્ષુ :- કોનો?

ઉત્તર :- પોતાનો. આહાહા..!

શુદ્ધ ચૈતન્યઘન વસ્તુ જે આત્મા છે, એ તો નિર્વિકલ્પ જ્ઞાન ને ધ્યાન ગમ્ય છે. આ તો વ્યવહારથી થાય અને નિમિત્તથી થાય એ વાત ઊડી જાય છે અહીં. આહાહા..! '**વહી આદિ અંત રહિત પરમાત્મા હૈ.**' પોતે, હોં! ભગવાન. આહાહા..! વસ્તુ છે ને. અનંત જ્ઞાયકભાવથી ભરેલ પદાર્થ છે. પરમાત્મસ્વરૂપ જ છે એ. એ ધ્યાનગમ્ય છે. આહાહા..! વ્યવહારથી પણ જણાય એવો એ નથી. જુઓ! આના વાંધા ઉઠાવે. તો એકાંત થઈ જશે. અરે..! ભાઈ! અંદર નિર્વિકલ્પ ધ્યાનથી જણાય એ જ સમ્યક્ એકાંત છે. વ્યવહારથી પણ જણાય તો એ અનેકાંત કહેવાય એમ નથી.

મૂળ તો આ 'તત્ત્વાર્થ રાજવાર્તિક'માં આવે છે ને? બે કારણથી કાર્ય (થાય). એ નાખ્યું છે. અને એક 'સમંતભદ્ર આચાર્ય' સમગ્ર શબ્દ આવે છે ને? બાહ્ય અભ્યંતર સમગ્ર. એ તો બીજી વાત છે, ભાઈ! અભ્યંતર નિર્વિકલ્પથી પ્રાપ્ત થાય એ તો નિશ્ચય તો યથાર્થ છે. એને એમ ને એમ રાખીને વિકલ્પ જોડે નિમિત્ત હતો એનું જ્ઞાન કરાવવા પ્રમાણથી એ વાત કરી છે. નિશ્ચયમાં તો એ વિકલ્પથી રહિત એટલી વાત સિદ્ધ કરી. આવી વાત છે ઝીણી. એ વાતને તો એમ રાખીને જ પછી જોડે વિકલ્પ હતો કે નિમિત્ત હતું, એનું જ્ઞાન કરાવવા પ્રમાણજ્ઞાન થતાં એ વાત બોલાય છે. પણ એથી કરીને નિર્વિકલ્પથી પમાય છે એ વાત ખોટી કરીને વિકલ્પથી પમાય છે એમ વાત છે, એમ નથી. અરે અરે..! આવી વાતું ભારે, ભાઈ!

મૂળ તો પહેલો સિદ્ધાંત જ એ છે અને સત્યનું સ્વરૂપ જ એ છે કે નિર્વિકલ્પ ધ્યાનમાં જ એ પ્રાપ્ત થઈ શકે છે. સમજાણું કાંઈ? એ સત્ય છે, એ નિશ્ચય છે, એ યથાર્થ છે. પણ એની સાથે વિકલ્પ અથવા નિમિત્ત હોય છે. એને પ્રમાણજ્ઞાનમાં આની વાત રાખીને નિમિત્તનું સાથે સાધન છે એમ કહ્યું છે. ખરેખર તો એ છે નહિ. આહાહા..! આવું છે ભારે આ, ભાઈ! પરમાત્મા પોતે આદિ-અંત રહિત (છે). આહાહા..!

'**મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગ – ઈન પાંચ તરહ આસ્રવોંસે રહિત...**' પાંચ પ્રકારના વિકલ્પનો આસ્રવ, એનાથી રહિત. આહાહા..! '**નિર્મલ નિજ શુદ્ધાત્માકે જ્ઞાનકર...**' નિર્મળ નિજ શુદ્ધાત્માના જ્ઞાનથી '**ઉત્પન્ન હુએ...**' આહાહા..! '**નિત્યાનંદ સુખામૃતકા આસ્વાદ...**' શું કહ્યું ઈ? નિર્મળ નિજ શુદ્ધાત્માનું જ્ઞાન કરીને અંદરથી, એનાથી ઉત્પન્ન થયો નિત્યાનંદ સુખામૃત આસ્વાદ. નિત્ય જે ભગવાનઆત્માનો આનંદ, એનો સુખામૃતનો આસ્વાદ આવ્યો. '**ઉસ સ્વરૂપ પરિણત નિર્વિકલ્પ...**' આહાહા..! '**અપને સ્વરૂપકે ધ્યાનકર સ્વરૂપકી પ્રાપ્તિ હૈ.**' આહાહા..! આવું છે. ત્યારે તમે સંભળાવો છો શું કરવા? વળી એમ કહે, લ્યો! અરે..! ભગવાન! વાણી છે, બાપા! ભાઈ! વાણીને કાળે વાણી હો. પણ એ વાણીમાં એમ આવ્યું કે વાણીથી અને વિકલ્પથી તું પ્રાપ્ત થાય એવો તું નથી. આહાહા..! '**ઉસ સ્વરૂપ પરિણત નિર્વિકલ્પ અપને સ્વરૂપકે ધ્યાનકર સ્વરૂપકી પ્રાપ્તિ હૈ.**' ભાષા જુઓ! આહા..! ભગવાન નિર્વિકલ્પ આનંદસ્વરૂપ, એના નિર્વિકલ્પ ધ્યાનની પરિણતિથી પ્રાપ્ત થાય એવો છે. સમજાણું કાંઈ? '**નિર્વિકલ્પ અપને સ્વરૂપકે ધ્યાનકર...**' છે ને? આહાહા..! અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન, એને અતીન્દ્રિય આનંદની પરિણતિ, એના

દ્વારા એ જણાય એવો છે. આહાહા..! મોટા ઝઘડા અત્યારે ચાલે છે. આહાહા..!

**'આત્મા ધ્યાનગમ્ય હી હૈ,...'** છે? જ. આહાહા..! એ તો પછી કાઢ્યું. પાઠ તો આટલો જ છે. **'स्वादपरिणतस्य ध्यानस्य विषयः'** બસ. ધ્યાન જ વિષય, એટલું સંસ્કૃત છે. તેથી ખુલાસો કર્યો કે **'આત્મા ધ્યાનગમ્ય હી હૈ,...'** એ ટીકાનો ખુલાસો છે. ટીકામાં નથી. ટીકામાં તો આટલું જ છે. જીવ... આહાહા..! **'निर्मलस्य स्वशुद्धात्मसंवित्ति–संजातनित्यानन्दैकसुखामृतास्वादपरिणतस्य ध्यानस्य विषयः।'** આહાહા..! ૪૭ ગાથામાં એ કહ્યું, ત્યાં 'બૃહદ્ દ્રવ્યસંગ્રહ'માં. **'दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा'** આહાહા..! જે પામ્યા છે તે ધ્યાનથી પામ્યા છે. આ બધા સાધન તો ખરા ને?

મુમુક્ષુ :- ... એના ઉપાય...

ઉત્તર :- એ તો નિમિત્ત લક્ષ.. ઉપાય... એ અર્થકારે કહ્યું છે. ટીકામાં નથી. ટીકામાં તો આટલું જ છે આ. **'नित्यानन्दैकसुखामृतास्वादपरिणतस्य ध्यानस्य विषयः'** બસ. આ સિદ્ધાંત.

વ્યવહારના વિકલ્પથી રહિત અને શુદ્ધ આત્માના ધ્યેયે જે શુદ્ધ પરિણતિ પ્રગટ થઈ, તેનાથી તે આત્મા જણાય અને ધ્યાનગમ્ય (થાય એવો) વિષય છે. આ વસ્તુની સ્થિતિ છે. માણસ કહે, પણ કાંઈક એના ઉપાય (ખરા)? એમ કહે છે. પણ એ જ ઉપાય છે. **'ધ્યાનગમ્ય હી હૈ,...'** એ ખુલાસો. આ ટીકાનો છે ને? **'ध्यानस्य विषयः'** એનો ખુલાસો કર્યો છે. આહાહા..! **'શાસ્ત્રગમ્ય નહીં હૈ,...'** લ્યો! 'શાસ્ત્ર દિશા દેખાડી અળગા રહે.' 'આનંદઘનજી' કહે છે. દેખાડે કે ભાઈ! આમ છે આ અંદર. એ બતાવે. પોતે તો અંદર ભિન્ન છે. આહાહા..!

**'ક્યોંકિ જિનકો શાસ્ત્ર સુનનેસે ધ્યાનકી સિદ્ધિ હો જાયે,...'** સાંભળવાથી થઈ જાય એનો અર્થ? સાંભળવામાં આવ્યું કે અંતર નિર્વિકલ્પ ધ્યાનથી પ્રાપ્ત થાય. એટલું સાંભળવામાં આવ્યું અને એ અંદર ગયો. તો **'સુનનેસે ધ્યાનકી સિદ્ધિ હો જાયે,...'** એમ માલુમ પડ્યું.

એ જ વાત કહે છે. શાસ્ત્રએ એમ કહ્યું, એણે એમ કહ્યું કે નિર્વિકલ્પ ધ્યાનથી તું પામીશ. એવું શાસ્ત્રે એને સંભળાવ્યું. આવી વાત છે. આહાહા..!

**'જિનકો શાસ્ત્ર સુનનેસે ધ્યાનકી સિદ્ધિ...'** એટલે? શાસ્ત્રકારે એમ કહ્યું કે તારું જે સ્વરૂપ છે એ નિર્વિકલ્પ જ્ઞાનની પરિણતિ દ્વારા પ્રાપ્ત થાય એવું શાસ્ત્રએ કહ્યું. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! એને ધ્યાનની સિદ્ધિ થઈ. નિર્વિકલ્પ દશાથી નિર્વિકલ્પ વસ્તુ પ્રાપ્ત થઈ ત્યારે શાસ્ત્ર સાંભળ્યું હતું એનું એને નિમિત્ત કહેવામાં આવે છે. શાસ્ત્રે કહ્યું હતું આ. એમ કહે છે. અહીં કહ્યું ને એ? **'ध्यानस्य विषयः'** શું કહ્યું એ? શાસ્ત્રએ એ કહ્યું. સમજાય છે? આ શાસ્ત્રએ ઈ જ કીધું. આહાહા..! શાસ્ત્ર એમ કહે છે કે તું ધ્યાનનો વિષય છો. એમ એણે સાંભળ્યું ત્યારે એણે આત્માને ધ્યાનનો વિષય બનાવ્યો. એટલું. પણ સાંભળ્યું માટે બનાવ્યું અને સાંભળવા તરફનો વિકલ્પ હતો માટે ધ્યાનનો વિષય થયો. એમ નથી.

આહાહા..!

ત્યાં એ પૂછયું હતું. 'શ્રીમદ્'ના 'અગાસ' ગયા હતા ને ત્યારે. નિશ્ચય (ખરું) પણ એનું સાધન શું? કારણ કે એને આવે ને? 'નિશ્ચય રાખી લક્ષમાં સાધન કરવા સોય'. એનું સાધન જ આ એક પ્રકારનું. નિર્વિકલ્પ ધ્યાનથી પમાય એ એક જ સાધન છે. સમજાણું કાંઈ? મોટી તકરારું ચાલે આ. વાદ ને વિવાદ ને ચર્ચા. બે સાધન જોઈએ ને. નિશ્ચય અને વ્યવહાર. ભાઈ! એ વ્યવહારસાધનને સાધન ક્યારે કહેવાય? પોતાની નિર્વિકલ્પ પરિણતિ દ્વારા વસ્તુને જાણી, અનુભવી ત્યારે ઓલા વિકલ્પને વ્યવહાર સાધનનો આરોપ અપાણો. આરોપ અપાણો. સહચર દેખી, નિમિત્તપણે દેખી, ઉપચાર કરીને વ્યવહાર કહ્યો. આહાહા..! 'ટોડરમલજી'નું એ વાક્ય. ઓહોહો..! સાતમામાં જે આ છે એ બહુ ઊંચુ! કીધું હતું ને (સંવત) ૧૯૮૪ના વખતમાં આ લખી લીધું હતું. કીધું, આ તો માલ છે. આ નિશ્ચય-વ્યવહારનું જે છે ને એ લખ્યું હતું. ૧૯૮૪માં 'બગસરા'. 'જીવણલાલજી'એ લખ્યું હતું.

બે સાધન નથી. બે સાધનનું નિરૂપણ છે. એક સ્વરૂપને નિર્વિકલ્પ ધ્યાનથી પ્રાપ્ત કરવું એ એક જ સાધન છે. પણ જોડે શુભ વિકલ્પ પણ ગુરુએ કહ્યું એ ધ્યાનમાં આવ્યું વિકલ્પથી, એને વ્યવહાર સાધનનો ઉપચાર અપાય છે. સાધન છે નહિ. વ્યવહારનયથી એને ઉપચાર (અપાય છે). અભૂતાર્થનયથી છે ઈ. આહાહા..! ૨૩મી ગાથા બહુ સરસ.

'**જિનકો શાસ્ત્ર સુનનેસે ધ્યાનકી સિદ્ધિ હો જાયે, વે હી આત્માકા અનુભવ કર સકતે હૈં,...**' પણ ધ્યાનની સિદ્ધિ હોય એ, એમ કહે છે. આહાહા..! શાસ્ત્રએ એને કહ્યું કે ચૈતન્યમૂર્તિ ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ છે એને નિર્વિકલ્પ પરિણતિથી પ્રાપ્ત કર, એમ શાસ્ત્રએ કહ્યું. ત્યારે એણે ધ્યાનની સિદ્ધિ પ્રગટ કરી. આહાહા..! આવી વાત છે. છે ને? '**જિન્હોંને પાયા, ઉન્હોંને ધ્યાનસે હી પાયા હૈ.**' આહાહા..! જેને આત્મજ્ઞાન થયું, સમ્યગ્દર્શન થયું એ ધ્યાનથી જ પામ્યા છે. આહાહા..! આમાં જરી એ 'શ્રીમદ્'માં છે ને એમાં એ 'નિશ્ચય રાખી લક્ષમાં.' સાધન ઓલા વિકલ્પને કહ્યા છે, એ વ્યવહાર છે. આહાહા..! સ્વરૂપમાં સ્થિર ન હોય અને છતાં એ સાધન નથી. આવે છે એ વ્યવહાર જાણવાલાયક આવે છે. એમ છે. અંતર વસ્તુનો જે પૂર્ણ સ્વભાવ, આદિ-અંત વિનાનું પરમાત્મતત્ત્વ, એને અંતરની નિર્વિકલ્પ ધારાથી પકડ્યું અને અનુભવ્યું, એમાં રહી શક્યો નહિ પછી વિકલ્પ આવ્યો, છતાં તે વિકલ્પ આવ્યો માટે વ્યવહાર સાધન થયું એમ પણ નથી. આહાહા..! એ તો આવ્યો એને જાણવાલાયક છે. છે એવું જાણવા (લાયક છે). પણ એ વ્યવહાર આવ્યો એટલે વ્યવહાર સાધન પણ થયું, એમ નથી. સમજાણું કાંઈ? આહાહા..! આવી વાતું છે.

રાગ આવ્યો એને વ્યવહાર સાધન ઉપચારથી કહ્યું. નિર્વિકલ્પ સાધન છે તેથી તેને વિકલ્પમાં એને વ્યવહાર સાધન કહ્યું. પણ એ છે નહિ. એને ઉપચારથી નિમિત્તનું સહચર દેખીને સાધનનો ઉપચાર કર્યો. એ સાધન નથી. બાધક છે. આહાહા..! આવી વાતું છે.

મુમુક્ષુ :- સાધન ...

ઉત્તર :- એ એક જ સાધન છે. એની શુદ્ધ પરિણતિ તે એનું સાધન છે. આહાહા..!

મુમુક્ષુ :- સાધન અને સાધ્ય બેય એક થયા?

ઉત્તર :- એક જ થયા. સાધ્ય-ધ્યેય ધ્રુવ છે. આમ સાધ્ય જુઓ તો પરમાત્મ (પદની) પ્રાપ્તિ કરવી એ સાધ્ય છે. એનો ઉપાય આ છે. જ્ઞાનાનંદ સ્વભાવની અપૂર્ણ નિર્વિકલ્પ પરિણતિ તે ઉપાય અને જ્ઞાનની, આત્માની પૂર્ણ પરિણતિ તે ઉપેય, એનું ફળ. વચ્ચે વ્યવહાર આવે એ જાણવા લાયક છે. પણ સાધન-બાધન છે નહિ. આહાહા..! આવી વાતું ભારે, ભાઈ! એ તકરાર કરે પછી. આ સમગ્ર કીધું છે અને આમાં આમ કહ્યું. એ તો બીજું નિમિત્ત છે એનું જ્ઞાન કરાવ્યું. આહાહા..! 'સમંતભદ્રાચાર્ય'માં આવે છે. બાહ્ય અને અભ્યંતર સમગ્રથી કાર્ય થાય એવું આવે છે. આમાં આવ્યું છે. નાખ્યું છે આમાં એણે. અરે..! ભાઈ! સાધન તો એકલું નિર્વિકલ્પ ધ્યાન તે એક જ સાધન છે. અભ્યંતર તે સાધન છે. આહાહા..! પણ એ સાધનની જોડે વિકલ્પને વ્યવહાર સાધનનો આરોપ આપ્યો છે. સાધન છે નહિ. આહાહા..! એને પ્રમાણજ્ઞાનમાં બેને ભેળવ્યા છે. પણ ઓલા નિશ્ચયને નિશ્ચયપણાને રાખીને. એને તોડીને થાય તો વ્યવહાર પ્રમાણેય સાચું જ્ઞાન નથી. શું કીધું સમજાણું?

વસ્તુ છે તે નિર્વિકલ્પથી પ્રાપ્ત થાય છે તેને રાખીને પ્રમાણ નિમિત્તથી થાય છે એમ ભેળવ્યું. એ પ્રમાણ સ્વથી થાય છે, એને તોડી નાખીને થાય તો તો એ પ્રમાણજ્ઞાન જ થયું નહિ. નિશ્ચયનું નિશ્ચયપણે અને વ્યવહારનું વ્યવહારપણે બેનું (જ્ઞાન રહે) તો પ્રમાણજ્ઞાન કહેવાય. આહાહા..! બરાબર છે? આહાહા..! અરે..! ભગવાન!

મુમુક્ષુ :- ... લખે તે માન્ય કર્યું છે.

ઉત્તર :- જેમ લખ્યું તેમ મનાય છે ને? જે અભિપ્રાયથી લખ્યું હતું તે અભિપ્રાયથી વાત થાય છે. જે અભિપ્રાયથી કહ્યું છે તે અભિપ્રાયથી વાત કરે. એમકે બે કારણથી કાર્ય થાય એમ લખ્યું એમ સમજ્યો ને. કોણે પણ ના પાડી? કઈ રીતે એ કહેવાણું છે?

સ્વરૂપના નિર્મળ ધ્યાનથી પ્રાપ્ત થાય એ વાત તો રાખી એમાં. એ રાખીને નિમિત્તના રાગમાં વ્યવહારનો આરોપ આપ્યો. આને ઉથાપીને આપે તો તો નિશ્ચય અને વ્યવહાર બે પ્રમાણજ્ઞાન જ સાચું થતું નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આને ઉથાપે તો નિશ્ચય આવતો નથી તો ત્યાં પ્રમાણજ્ઞાન ક્યાં થયું? આહાહા..! ભારે ભાઈ!

તો તો પ્રમાણજ્ઞાન થશે નહિ. આનું એમ રાખે તો બીજાનું જ્ઞાન થાય. આહાહા..! ભારે ભાઈ! આવી વાતું. અરે..! એને સમજવામાં આવ્યું નહિ. આવા ઝઘડા ઉઠાવે. ભાઈ! તારે ક્યાં જાવું છે બાપુ! એ સત્યને એ રીતે નહિ સ્વીકાર તો સ્વરૂપ તરફ નહિ જઈ શક. કેમકે વિકલ્પનો પ્રેમ રહેશે અને એને સાધન માનીશ તો ત્યાંથી ખસી નહિ શક. આહાહા..! 'ગીરધરભાઈ'! ઝીણી વાત છે, બાપા! આહાહા..! પ્રભુ! આ તો આત્માનો માર્ગ છે, ભાઈ! વીતરાગ સ્વરૂપે પરમાત્મા પોતે છે. આત્મા વીતરાગ સ્વરૂપ જ છે. એને પામવાની વીતરાગ પરિણતિ સાધન છે. સમજાણું કાંઈ? પછી ઝઘડા કરે, બાપા! ભાઈ! એના ફળ તો ભાઈ! તને વેઠવા પડશે, બાપુ! અસત્યને સત્ય ઠરાવવા માગે એ નહિ થાય.

**'ઐસા સમજકર અનાદિ અનંત ચિદ્રૂપમેં અપના પરિણમન લગાઓ.'** લ્યો! અનાદિઅનંત નિત્યાનંદ પ્રભુ, એવા ચિદ્રૂપ-જ્ઞાનરૂપ વસ્તુ, એમાં પોતાના વર્તમાન નિર્વિકલ્પ

પરિણામ લગાવો. આહાહા..! ટીકા પણ કેવી કરી છે, જુઓને! ... સત્યને સત્યપણે રાખ, ભાઈ! વસ્તુ સત્ય છે તે સત્યપણે રાખ. વસ્તુ પ્રભુ છે. અનંત અનંત શક્તિનો સાગર સર્વસ્વ, સર્વસ્વ વસ્તુ આખી (મોજૂદ છે). આહાહા..! એને પામવાને તો પરિણતિ નિર્વિકલ્પ એની જાતની જોઈએ. જે મોક્ષસ્વરૂપ છે તેને મોક્ષનો માર્ગ એના સ્વરૂપની જાતનો હોય. આહાહા..! સ્વદ્રવ્યનો. એમ કહ્યું ને? 'પુણ્ય-પાપ' અધિકારમાં નહિ? દ્રવ્યાંતરનો નહિ. આહાહા..! અનેરા દ્રવ્યનો સહારો નહિ એને. એ પુણ્ય આદિ ભાવ એ તો અનેરા દ્રવ્યનો સહારો છે. ફક્ત આનાથી થયું છે એમાં એક બીજી ચીજનું જ્ઞાન કરાવવા એને સાધકનો આરોપ આપી બે કારણે કાર્ય થયું એમ કહેવામાં આવ્યું છે, પ્રભુ! એમાંથી આઘુ-ઊંચું જાય તો ભાઈ! સત્ય વસ્તુ નહિ રહે. સમજાણું કાંઈ? 'શુકનલાલજી'! આહાહા..!

**'ઐસા સમજકર...'** શાસ્ત્ર સાંભળવા એ તો ધ્યાનનો ઉપાય પણ ધ્યાન કરવું એ પોતાનું સાધન એ છે. **'એસા સમજકર અનાદિ અનંત ચિદ્રૂપમેં...'** ભગવાન અનાદિ-અનંત છે... છે... છે... છે... સત્ સત્ સત્ આખું અનંત દળ સામાન્ય સ્વભાવ, ધ્રુવ સ્વભાવ, અભેદ સ્વભાવ, એકરૂપ સ્વભાવ. વાસ્તવિક આત્મા નિશ્ચય તો એ છે. આહા..! એને પામવાની પરિણતિ તો ધ્યાનની પરિણતિ છે. આહાહા..! પરિણામ લગાવ એમ કીધું ને? **'અપના પરિણામ લગાઓ.'** એ જાતના નિર્વિકલ્પના પરિણામ લગાઓ ત્યાં. વીતરાગી પરિણામ લગાઓ. કારણે કે વીતરાગી સ્વરૂપ ભગવાન છે. આત્મા વીતરાગસ્વરૂપ જ છે. આહાહા..! એને વીતરાગી પરિણામ લગાઓ. આહાહા..! કેવી વાત કરી, જુઓને! હવે એમાં ખેંચાતાણ કરીને... ભાઈ! વસ્તુને વસ્તુપણે રહેવા દે, બાપા! ખેંચાતાણ કર્યે એ વસ્તુ પ્રાપ્ત નહિ થાય. એની હા તો પાડ. આહાહા..!

**'અનાદિ અનંત ચિદ્રૂપમેં અપના પરિણમન લગાઓ.'** એટલી ભાષા તો જુઓ! એ વિકલ્પ છે એ પોતાના પરિણામ છે જ નહિ. વ્યવહાર છે એ તો. અજીવ છે. આહાહા..! જીવ સ્વભાવમાં અનાદિઅનંત ચિદ્રૂપ સ્વભાવ, એમાં પરિણામ લગાવ. વીતરાગી પરિણામ ધ્યાનના લગાવ. 'દેવચંદજી'! આવી વાત છે, બાપુ! ચર્ચા કરે, વાદ કરે, ગમે તે કરે. 'નિયમસાર'માં કહ્યું, પ્રભુ! કોઈ આવા માર્ગની નિંદા કરે, એકાંત માનનારા છે. પોતાના નિર્વિકલ્પથી પ્રાપ્ત થાય. વ્યવહારને માનતા નથી. વ્યવહારથી થાય એ (કહેતા નથી), એવી નિંદા કોઈ કરે (તોપણ) વસ્તુના સ્વરૂપમાં અભક્તિ ન કરીશ. આહાહા..!

મુમુક્ષુ :- 'નિયમસાર'માં તો વ્યવહારની હાંસી કરી છે, મશ્કરી કરી છે.

ઉત્તર :- મશ્કરી જ છે ને આ. મશ્કરી જ કરી છે. આ વિધિ! મશ્કરી કરી છે. બાપુ! આહાહા..!

**'દૂસરી જગહ ભી 'અન્યથા' ઈત્યાદિ કહા હૈ. ઉસકા યહ ભાવાર્થ હૈ, કિ વેદ શાસ્ત્ર તો અન્ય તરહ હી હૈં,...'** વેદ એટલે વીતરાગની વાણી. આહાહા..! અને શાસ્ત્ર એટલે મુનિના વાક્યો. માથે આવ્યું છે ને? એ તો **'અન્ય તરહ હી હૈં, નય પ્રમાણરૂપ હૈં,...'** એ તો નય અને પ્રમાણના વિકલ્પથી (-જ્ઞાનથી) જણાય એવી વસ્તુ છે. **'જ્ઞાનકી પંડિતાઈ કુછ ઔર હી**

**હૈ, વહ આત્મા તો નિર્વિકલ્પ હૈ,...'** આહાહા..! જ્ઞાનની પંડિતાઈ મોટી આમ થાય ને તેમ થાય ને આમ થાય. આહાહા..!

મુમુક્ષુ :- પંડિતાઈનો વિષય આત્મા નથી.

ઉત્તર :- નથી. આહાહા..! શાસ્ત્રના બહુ જ્ઞાન કરીને પછી વ્યવહાર કાઢ્યો એમાંથી (કે) એનાથી થાય. એવી પંડિતાઈ કામ ન આવે, બાપા! આહાહા..!

**'પંડિતાઈ કુછ ઔર હી હૈ, વહ આત્મા નિર્વિકલ્પ હૈ,...'** આહાહા..! વસ્તુ નિર્વિકલ્પ છે. નિર્વિકલ્પ પરિણતિથી પ્રાપ્ત થાય. એમાં પંડિતાઈ-ફંડિતાઈ કાંઈ કામ કરે એવું નથી, કહે છે. આહાહા..! આવી વાત છે. વ્યવહારનું લક્ષ છોડશે ત્યારે નિશ્ચયનું લક્ષ જશે. એટલે વ્યવહારથી પ્રાપ્ત થાય એ વાત તો કથનમાત્ર છે. વ્યવહારનયનું આવ્યું છે ને? કથનમાત્ર નથી આવ્યું કળશમાં? (પાંચમાં) કળશમાં આવ્યું છે. વ્યવહારનય તો કથનમાત્ર છે. આહાહા..! કહેવામાં એ આવે. વસ્તુની સ્થિતિ એમ નથી. આહાહા..!

**'વહ પરમતત્ત્વ તો કેવલ આનન્દરૂપ હૈ,...'** આહાહા..! જોયું! **'આત્મા નિર્વિકલ્પ હૈ, નય પ્રમાણ નિક્ષેપસે રહિત હૈ,...'** **'તથા જ્ઞાનકી પંડિતાઈ કુછ ઔર હી હૈ,...'** **'પરમતત્ત્વ તો કેવલ આનંદરૂપ હૈ,...'** આહાહા..! વસ્તુ જે ભગવાનઆત્મા એકલો આનંદરૂપ છે. એમ કહીને શું કહેવા માગે છે? કે વિકલ્પ આદિ વ્યવહાર છે એ તો દુઃખરૂપ છે. સમજાણું કાંઈ? એના એ સાધનમાં કેમ આવે? એમ કહે છે. આહાહા..! ભગવાનઆત્મા અતીન્દ્રિય પરમ આનંદની મૂર્તિ પ્રભુ છે એ તો. આહાહા..!

**'ઔર યે લોક અન્ય હી માર્ગમેં લગે હુએ હૈં,...'** આહાહા..! એ 'યશસ્તિલક'નું છે. 'યશસ્તિલક' ગ્રંથ છે ને? એમાંથી લખ્યું છે આમાં. ચંપુ નહિ? 'યશસ્તિલક ચંપુ' છે ને એ? પુસ્તક-ગ્રંથ. અરે..! કંઈક લાગ્યા, વ્યવહારમાં વળગ્યા ને જાણે મળી જશે. બાપા! વસ્તુ તો અંતર્મુખ ધ્યાનમાં મળે એવું છે. બાકી કાંઈ છે નહિ. આહાહા..! બાકી બધા ફાંફાં. શાસ્ત્ર બહુ ભણીએ. ન્યાયના ગ્રંથો બહુ ભણીએ તો હાથ લાગી જાય એવું નથી. આહાહા..! આ જાત્રા કરીએ તો ભગવાન પ્રાપ્ત થઈ જાય. ભગવાનની ભક્તિથી પ્રાપ્ત થઈ જાય, બધી ભ્રમણા છે. આહાહા..! લોકો કંઈક માર્ગ છે અને કંઈક વળગ્યા છે એમ કીધું, જુઓને! **'અન્ય હી માર્ગમેં લગે હુએ હૈં,...'** આહાહા..! જાણે દેવ-ગુરુની ભક્તિ કરીએ તો એમાંથી આપણને આત્મા મળી જશે. વ્યવહાર બહુ કરીએ તો આત્મા મળી જશે. આહાહા..! વ્યવહારની દિશા પર તરફ, એને સ્વ દિશા તરફની મદદ મળે, એ કેમ થાય? શું સમજાણું કાંઈ? રાગ છે એની દિશા તો પર તરફ છે અને નિર્મળ નિર્વિકલ્પની દશાની દિશા તો સ્વ તરફ છે. આહાહા..!

મુમુક્ષુ :- એ શ્લોક 'યશસ્તિલક ચંપુ'નો છે?

ઉત્તર :- હા. 'યશસ્તિલક ચંપુ' ૨૫૧. એમ લખ્યું છે. અધ્યાય-૫, ગાથા-૨૫૧. છે. 'યશસ્તિલક ચંપુ' અધ્યાય-૫, ગાથા-૨૫૧. તે દિ' લખી હશે. આહાહા..!

આનંદના નાથને પામવા તો આનંદની જ પરિણતિ જોઈશે, કહે છે. વિકલ્પની પરિણતિ તો દુઃખની દશા છે. આહાહા..! એવી વાત કરે છે ને. આહાહા..! ભાઈ! તારો

આત્મા અંદર આનંદમૂર્તિ છે, પ્રભુ! તું આનંદનું ધામ છો. 'સ્વયં જ્યોતિ સુખધામ' અતીન્દ્રિય આનંદની વસ્તુ તું છો. અતીન્દ્રિય આનંદમય જ છો તું. આહાહા..! એને અતીન્દ્રિય આનંદની પરિણતિ દ્વારા જ પૂર્ણતાના ધ્યેયને પામી શકે છે. આહાહા..! એની જાતની પરિણતિ દ્વારા તે જાત પેદા થાય, મળે છે. એ વ્યવહારના વિકલ્પથી પ્રભુ! હાથ આવે એવો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

અરે..! '**લોક અન્ય હી માર્ગમેં લગે હુએ હૈં,...**' આહાહા..! જેની કોર જાવું છે તેના માર્ગમાં ન આવતા, જેની કોર નથી જાવું તેના માર્ગમાં જાય છે. આહાહા..! એ 'યશસ્તિલક'નો અર્થ છે, હોં! જુઓ! છે ને? '**अन्यथा वेदपाण्डित्यं शास्त्रपाण्डित्यमन्यथा। अन्यथा परमं तत्त्वं लोकाः क्लिश्यन्ति चान्यथा।।**' મફતના ક્લેશ કરે છે, વ્યવહારના વિકલ્પને ઉઠાવીને. આ જાણે ભક્તિથી મળશે, જાત્રાથી મળશે, શાસ્ત્રવાંચનથી મળશે. આહાહા..! દુઃખ છે. ભાન ક્યાં છે એને. આહાહા..!

'**સો વૃથા ક્લેશ કર રહે હૈં.**' આહાહા..! ભગવાન પરમાનંદના નાથને નિર્વિકલ્પ ધ્યાનથી પ્રાપ્ત કરવો જોઈએ, નિર્વિકલ્પ શાંતિથી પ્રાપ્ત કરવો જોઈએ, એને ઠેકાણે બીજે વળગ્યા છે માળા. આહાહા..! આ સાધન છે વ્યવહારનું. અરે...! પ્રભુ! ક્યાં જા છો તું પણ? ભાઈ! એ 'શ્રીમદ્'માં આ મોટો ગોટો છે. એવી વાત એક મારવાડીએ પૂછી, કે સાધન? પણ સાધન આ સાધન છે, બીજું સાધન નથી. આહાહા..! એકાંત સમ્યક્ સાધન આ જ છે. એય..! વાત આવી છે.

'**ઈસ જગહ અર્થરૂપ શુદ્ધાત્મા હી ઉપાદેય હૈ,...**' જુઓ! આમાં અર્થ એટલે પદાર્થ-શુદ્ધાત્મા. શુદ્ધ આત્મા એ એક ઉપાદેય છે. '**અન્ય સબ ત્યાગને યોગ્ય હૈં,...**' લ્યો! આહાહા..! વ્યવહાર-બ્યવહાર એ ત્યાગવા યોગ્ય છે, એમ કહે છે. એનું લક્ષ છોડવા લાયક છે. 'પરમાત્મપ્રકાશે' ગજબ કામ કર્યું છે! ઓહોહો...! એમાં વળી હમણા સો (પુસ્તક) આવી ગયા. ઠીક કર્યું. વાંચે તો ખરા. અરે..! બાપા! આવા ટાણા મળવા મુશ્કેલ, ભાઈ!

'**યહ સારાંશ સમજના.**' એટલે કે નિત્યાનંદ પ્રભુ એ જ ઉપાદેય છે. વીતરાગી પરિણતિમાં એ જ આદરણીય છે. બાકી બધું હેય છે. હેય છે એમ પણ કરવું નથી. આ બાજુની પરિણતિમાં આને ઉપાદેય માન્યું તો ઓલું હેય થઈ ગયું. આહાહા..! સમજાણું કાંઈ? પરમાનંદ સ્વરૂપ પૂર્ણ આનંદઘન વસ્તુ, એકલું અતીન્દ્રિય આનંદદળ.. આહાહા..! 'ગગનમંડળ મેં ગૌઆ વિયાણી વસુધા દૂધ જમાયા. માખણ થા સો વિરલા પાયા, છાશે જગ ભરમાયા.' છાશ-મઠો. આહાહા..!

મુમુક્ષુ :- એ ગગનમંડળ શું ?

ઉત્તર :- એ ગગનમંડળમાં આકાશની વાણીમાંથી આવ્યું કે આ આત્મા આવો છે એમ આવ્યું. નિરાલંબી વાણી નીકળી, ગગનમંડળમાં ભગવાનની વાણી. વસુધા-માણસને કાને પડી, એમાંથી માખણ વિરલાએ કાઢ્યું. એ તો કહે નહિ, એનાથી થાય, પરથી થાય, પરથી થાય, એમ કરીને રોકાણા એ છાશમાં ભરમાઈ ગયા. આહાહા..! 'ગગન મંડળમેં અધબીચ

કૂઆ, વહાં હૈ અમી કા વાસા. સુગુરા હુએ સો ભર-ભર પીવે, નગુરા જાવે રે પ્યાસા. અબધુ સો જોગી ગુરુ મેરા, ગગનમંડળ મેં અધબીચ કૂઆ.' આત્મા અદ્ધર છે ને? ક્યાં છે? અમૃતનો કૂવો છે, એ અમૃતનો સિંધુ (છે). આહાહા..! પણ 'સુગુરા હોવે સો એ ભર-ભર પીવે.' સુગુરુએ એને એમ કહ્યું, પ્રભુ! તારી વસ્તુ તારામાં પડી છે. એના તરફના ધ્યાનની પરિણતિએ તને પ્રાપ્ત થશે. એને આ મળી. 'નુગુરા જાવે પ્યાસા.' જેને બોધ એવો મળ્યો કે વ્યવહાર કરતા થાશે, નિમિત્તના અવલંબને થાશે, એને નહિ પ્રાપ્ત થાય એ. એય..! આહાહા..! એ ૨૩ થઈ.

બહુ સરસ વાત! આહાહા..! એકે બાર અંગનો સાર છે. ચૌદ પૂર્વનું માખણ છે. આહાહા..! બહુ શું કામ છે? બાપુ! તારે. આહાહા..! જ્યાં છે ત્યાં જાને. વિકલ્પમાં ક્યાં તું છો? ભગવાનના ભેટા કરવા હોય તો ત્યાં એની સામે જા. આહાહા..! ભગવાનના દર્શન કરવા હોય તારે (તો) વીતરાગી પરિણતિથી એના દર્શન થશે, પ્રભુ! આહાહા..! એકાંત લાગે લોકોને, હોં! નિશ્ચયાભાસી જેવું થઈ જાય, પ્રભુ! સાંભળ, ભાઈ! ગમે તે તું કહે પણ માર્ગ તો આ છે. માનનારા માને, ન માનનારા ન માને. સંખ્યા સત્‌ની ન હોય, ઝાઝી ન હોય એની સાથે કોઈ સંબંધ નથી. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' આવો પંથ છે, પ્રભુ! આહાહા..!

---

**अथ योऽसौ वेदादिविषयो न भवति परमात्मा समाधिविषयो भवति पुनरपि तस्यैव स्वरूपं व्यक्तं करोति –**

**२४) केवल–दंसण–णाणमउ केवल–सुक्ख–सहाउ।**
**केवल–वीरिउ सो मुणहि जो जि परावरु भाउ।।२४।।**

**केवलदर्शनज्ञानमयः केवलसुखस्वभावः।**
**केवलवीर्यस्तं मन्यस्व य एव परापरो भावः।।२४।।**

**केवलोऽसहायः ज्ञानदर्शनाभ्यां निर्वृत्तः केवलदर्शनज्ञानमयः केवलानन्तसुखस्वभावः केवलानन्तवीर्यस्वभाव इति यस्तमात्मानं मन्यस्व जानीहि। पुनश्च कथंभूतः य एव। यः परापरः परेभ्योऽर्हत्परमेष्ठिभ्यः पर उत्कृष्टो मुक्तिगतः शुद्धात्मा भावः पदार्थः स एव सर्वप्रकारेणोपादेय इति तात्पर्यार्थः।।२४।।**

---

**आगे कहते हैं कि जो परमात्मा वेदशास्त्रगम्य तथा इन्द्रियगम्य नहीं, केवल परमसमाधिरूप निर्विकल्पध्यानकर ही गम्य है, इसिलिए उसीका स्वरूप फिर कहते हैं –**

**गाथा – २४**

**अन्वयार्थ :– [ यः ] जो [ केवलदर्शन ज्ञानमयः ] केवलज्ञान केवलदर्शनमयी है, अर्थात् जिसके परवस्तुका आश्रय (सहायता) नहीं, आप ही सब बातोंमें परिपूर्ण ऐसे ज्ञानदर्शनवाला है,**

[केवलसुखस्वभावः] जिसका केवलसुख स्वभाव है, और जो [केवलवीर्यः] अनंत वीर्यवाला है, [स एव] वही [परापरभावः] उत्कृष्ट अर्हंतपरमेष्ठीसे भी अधिक स्वभाववाला सिद्धरूप शुद्धात्मा है [मन्यस्व] ऐसा मानो।

भावार्थ :– परमात्माके दो भेद हैं, पहला सकलपरमात्मा, दूसरा निष्कलपरमात्मा, उनमेंसे कल अर्थात् शरीरसहित जो अरहंत भगवान् हैं वे साकार हैं, और जिनके शरीर नहीं ऐसे निष्कल परमात्मा निराकारस्वरूप सिद्धपरमेष्ठी हैं, वे सकल परमात्मासे भी उत्तम हैं, वही सिद्धरूप शुद्धात्मा ध्यान करने योग्य है।।२४।।

---

**હવે જે પરમાત્મા વેદાદિનો વિષય નથી, સમાધિનો વિષય છે તેનું જ ફરી સ્વરૂપ પ્રગટ કરે છે :**

---

## ગાથા-૨૪ ઉપર પ્રવચન

૨૪. '**જો પરમાત્મા વેદશાસ્ત્રગમ્ય તથા ઇન્દ્રિયગમ્ય નહીં, કેવલ પરમસમાધિરૂપ નિર્વિકલ્પધ્યાનકર હી ગમ્ય હૈ, ઇસલિયે ઉસીકા સ્વરૂપ ફિર કહતે હૈં.**' ૨૪માં વિશેષ (કહે છે).

૨૪) केवल–दंसण–णाणमउ केवल–सुक्ख–सहाउ।
केवल–वीरिउ सो मुणहि जो जि परावरु भाउ।।२४।।

ભગવાન '**જો કેવલજ્ઞાન કેવલદર્શનમયી હૈ,...**' આહાહા..! સિદ્ધને છે અને પોતે પણ આત્મા એવો છે. આગળ સિદ્ધ કહેશે પછી ૨૫મી ગાથામાં. પણ આત્મા જ આવો છે. સિદ્ધ જેવો જ આત્મા છે. આહાહા..! '**કેવલજ્ઞાન કેવલદર્શનમયી હૈ,...**' એકલું જ્ઞાન અને એકલો દર્શનમયી ભગવાનઆત્મા છે. '**જિસકે પરવસ્તુકા આશ્રય નહીં,...**' ભગવાનઆત્મા એકલો જ્ઞાન અને આનંદમય (છે). એને પરનો આશ્રય છે નહિ. '**આપ હી સબ બાતોંમેં પરિપૂર્ણ ઐસે જ્ઞાન દર્શનવાલા હૈ,...**' આહાહા..! '**સબ બાતોંમેં પરિપૂર્ણ ઐસે જ્ઞાનદર્શનવાલા...**' બધી વાતે પૂરો છે. આહાહા..!

ભગવાનઆત્મા એકલા જ્ઞાન ને દર્શનમય વસ્તુ. સર્વ વાતે તે પૂરો છે, પ્રભુ! આહાહા..! '**જિસકા કેવલસુખ સ્વભાવ હૈ,...**' એકલો આનંદ જેનો સ્વભાવ છે. વસ્તુની શક્તિ એકલી આનંદમય છે. આહાહા..! અતીન્દ્રિય આનંદરૂપ જેનું સ્વરૂપ છે. આહાહા..! એવો જે આ ભગવાનઆત્મા '**ઔર જો અનંતવીર્યવાલા હૈ,...**' ઓહો..! જેનું બળ અનંત છે. જેનો સ્વભાવ અનંત વીર્યવાળો છે. આહાહા..! પર્યાયનું વીર્ય પ્રગટે એ તો અનંતમા ભાગે છે, પણ ભગવાનઆત્માનો જે સ્વભાવ વીર્ય એ તો અનંતબળ વીર્ય. આહાહા..! જેના બળના સ્વભાવના શક્તિના ભાગ પાડો તો અનંત અનંત થાય, પૂરા ન પડે એવું એનું

પૂર્ણ વીર્ય છે. આહાહા..!

**'વહી ઉત્કૃષ્ટ અર્હંતપરમેષ્ઠી સે ભી...'** આવા જે અરિહંત છે એ પણ **'અધિક સ્વભાવવાલા સિદ્ધરૂપ શુદ્ધાત્મા હૈ...'** એનાથી પણ અધિક તો સિદ્ધ આત્મા છે. એવો જ આત્મા છે. પાછું એમ કહેવું છે. આહાહા..! સમજાણું કાંઈ? પામરતાની ટેવ પડી ગઈને એટલે પ્રભુતા એને બેસતી નથી. આહાહા..! એક એક ગુણે પ્રભુ પરિપૂર્ણ સર્વસ્વ સાર છે. આહાહા..! એવું અરિહંતના સ્વરૂપથી પણ સિદ્ધનું સ્વરૂપ ઉત્કૃષ્ટ છે. આહાહા..! છે? **'ઐસા માનો.'** એમાંથી પણ આ આત્મા ઉત્તમ છે એમ સિદ્ધ કરવું છે. વાદવિવાદ કરે પાર ન આવે. આહાહા..!

મુમુક્ષુ :- ચર્ચા કરવી એ તો રાગ છે.

ઉત્તર :- રાગ અને તે પણ વાદવિવાદ... કીધું ને? 'સદ્‌ગુરુ કહે સહજ કા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.' આહાહા..!

**'પરમાત્માકે દો ભેદ હૈં,...'** પહેલા સકલપરમાત્મા-શરીરવાળા અરિહંત. **'દૂસરા નિષ્કલપરમાત્મા...'** શરીર વિનાના સિદ્ધ. **'ઉનમેંસે કલ અર્થાત્ શરીર સહિત જો અરહંત ભગવાન્ હૈં,...'** સકલ કીધું ને? સકલ એટલે કલ સહિત શરીર સહિત. અને બહાર **'સાકાર હૈ, ઔર જિનકે શરીર નહીં, ઐસે નિષ્કલ પરમાત્મા નિરાકારસ્વરૂપ સિદ્ધ પરમેષ્ઠી હૈં,...'** અરિહંતને સાકાર કીધા. આને નિરાકાર કીધા. **'વે સકલ પરમાત્માસે ભી ઉત્તમ હૈં,...'** એ સકલ પરમાત્માથી, અરિહંતથી **'વહી સિદ્ધરૂપ શુદ્ધાત્મા ધ્યાન કરને યોગ્ય હૈ.'** એવા જ સિદ્ધ ભગવાન અને એવો જ આત્મા. આહાહા..! સિદ્ધ થયા એ તો એની પર્યાયમાં છે. આ તો સિદ્ધ સ્વરૂપ જ છે. સિદ્ધ થવું એ પર્યાય થઈ. એવી અનંતી પર્યાયનો પિંડ પોતે આત્મા-શુદ્ધાત્મા છે.

મમુક્ષુ :- અરિહંત, સિદ્ધ...

ઉત્તર :- પણ એનાથી આત્મા સિદ્ધ કરે છે, જુઓ! **'વહી સિદ્ધરૂપ શુદ્ધાત્મા ધ્યાન કરને યોગ્ય હૈ.'** એનો અર્થ એ આત્મા છે. એ સિદ્ધ એવો જ આ આત્મા છે. આહાહા..! વાત એમ છે. આહાહા..! સિદ્ધ સમાન આત્મા છે. સિદ્ધની વ્યાખ્યા કરી પણ 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' આવે છે ને? આહાહા..! સિદ્ધ છે એ તો પર છે. પરને ઉપાદેય કરવા જાય તો વ્યવહાર થઈ જાય છે. પણ એવો સિદ્ધસ્વરૂપી ભગવાનઆત્મા છે. એ સિદ્ધની પર્યાય તો એક સમયની (છે) અને એવા એવા અનંતા પર્યાયનો પિંડ. આહાહા..! સિદ્ધસ્વરૂપી સિદ્ધ પરમાત્મા શુદ્ધાત્મા પોતાનો તે જ ઉપાદેય આરાધવાલાયક છે. એમ છે આમાં તો. આહાહા..!

હવે આમાં માણસને રસ ન પડે પછી ભક્તિ, જાત્રા, રથયાત્રા, બેન્ડવાજા કરે, દસ-વીસ હજાર માણસ સાથે (હોય), લ્યો! અને હજાર-હજાર બે-બે હજારના એક એક બેન્ડવાજા. દસ-વીસ તો બેન્ડવાજા હોય. મોટી રથયાત્રા. ચાલીસ હજાર માણસ હોય તો બે-બે હજારની વચ્ચે એક એક બેન્ડ. વીસ બેન્ડ. ધમાલ ચાલે કેવી, લ્યો! આપણે 'જયપુર'

નહોતી કરી? ચાલીસ હજાર માણસ. ચાલીસ હજાર માણસ.

મુમુક્ષુ :- કેટલો બધો ધર્મનો ફેલાવો!

ઉત્તર :- એ ધર્મ? રથયાત્રા એવી કે લોકો જોવા નીકળે. ઘણું કરીને તે દિ' ત્યાં સાધુ હતા.

મુમુક્ષુ :- 'ધર્મસાગર'...

ઉત્તર :- 'ધર્મસાગર' નહિ, 'દેશભુષણ'. જોવા નીકળ્યા હતા. કેવું પણ! એ તો બનવાની બહારની પ્રવૃત્તિ તો એને કાળે બનવાની. એ કોણ કરે? ભાઈ! આહાહા..! લોકોને બાહ્યનો મહિમા વિશેષ એટલે લોકો એમ માને. પણ એથી કાંઈ એને લઈને કાંઈ આત્મા પમાય એમ છે? કરોડ સંખ્યા ભેગી થાય ને હો..હા (કરે). આહા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ, એની જે શુદ્ધ પૂર્ણ પરિણતિ એનાથી પ્રાપ્ત થાય. એ સિવાય નહિ. આહાહા..! 'લાખ વાતની વાત...' આવે છે ને એ? 'એક નિશ્ચય ઉર આણો. છોડી જગત દ્વંદ-ફંદ નિજ આતમ ધ્યાવો.'

એ વાત સાચી. કર્મમાં એમ કહેતા હતા ત્યાં. એમ કે ઓલા અનિત્યનું કહ્યું હતું ને? પરને લઈને વિકાર થાય એ અનીતિ એવી સંભવે નહિ ... આવા આવા ટુકડા (મૂકે). પણ જે મૂળ હોય ટુકડા જ હોય ને? (સંવત) ૨૦૧૩ની સાલમાં. 'કર્મ બિચારે કૌન...' એવી વાત કરે. આહાહા..! બાપુ! કર્મ તો શું કરે? તારામાં શુભ વિકલ્પ થાય એ ચૈતન્યને શું કરે? નુકસાન કરે. આહાહા..! ઘાતક, કાલે આવ્યું હતું ને? વ્યવહારનો વિકલ્પ છે તે ઘાતક છે. એને સાધક કહેવો એ તો ઉપચારના કથન છે, ભાઈ! આહાહા..! મીંદડાને સિંહ કહેવું. એ દાખલો આપ્યો હતો ને? 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'. મીંદડાને સિંહ કહે મીંદડું સિંહ થાતા હશે કોઈ દિ'? પણ એની ક્રૂરતાને જરી દેખીને કહેવાય કે આ સિંહ. આહાહા..!

અહીં કહે છે, '**સિદ્ધરૂપ શુદ્ધાત્મા ધ્યાન કરને યોગ્ય હૈ.**' લ્યો! એ અહીં લોકાગ્ર લેશે હજી. પણ એ લોકને અગ્રે-એના વિકલ્પને અગ્રે ભગવાન બિરાજે છે આઘો. વ્યવહાર વિકલ્પ આદિ છે એનાથી ભિન્ન વસ્તુ છે. એ લોકાગ્રે સિદ્ધ છે. ઓલા સિદ્ધ છે એ વ્યવહાર છે.

---

**अथ त्रिभुवनवन्दित इत्यादिलक्षणैर्युक्तो योऽसौ शुद्धात्मा भणितः स लोकाग्रे तिष्ठतीति कथयति –**

**२५) एयहिँ जुत्तउ लक्खणहिँ जो परु णिक्कलु देउ।**
**सो तहिँ णिवसइ परम-पइ जो तइलोयहँ झेउ।।२५।।**

**एतैर्युक्तो लक्षणैः यः परो निष्कलो देवः।**
**स तत्र निवसति परमपदे यः त्रैलोक्यस्य ध्येयः।।२५।।**

**एतैस्त्रिभुवनवन्दितादिलक्षणैः पूर्वोक्तैर्युक्तो यः। पुनश्च कथंभूतो यः। परः परमात्मस्वभावः। पुनरपि किंविशिष्टः। निष्कलः पञ्चविधशरीररहितः। पुनरपि किंविशिष्टः। देवस्त्रिभुवनाराध्यः स**

एव परमपदे मोक्षे निवसति। यत्पदं कथंभूतम्। त्रैलोक्यस्यावसानमिति। अत्र तदेव मुक्तजीवसदृशं स्वशुद्धात्मस्वरूपमुपादेयमिति भावार्थः॥२५॥ एवं त्रिविधात्मकथनप्रथममहाधिकारमध्ये मुक्तिगतसिद्धजीवव्याख्यानमुख्यत्वेन दोहकसूत्रदशकं गतम्।

---

आगे तीन लोककर वंदना करने योग्य पूर्व कहे हुए लक्षणों सहित जो शुद्धात्मा कहा गया है, वही लोकके अग्रमें रहता है, यही कहते हैं –

**गाथा – २५**

अन्वयार्थ :– [ एतैः लक्षणैः ] 'तीन भुवनकर वंदनीक' इत्यादि जो लक्षण कहे थे, उन लक्षणोंकर [ युक्तः ] सहित [ परः ] सबसे उत्कृष्ट [ निष्कलः ] औदारिक, वैक्रियिक, आहारक, तैजस, कार्माण–ये पाँच शरीर जिसके नहीं है अर्थात् निराकार है, [ देवः ] तीन लोककर आराधित जगतका देव है, [ यः ] ऐसा जो परमात्मा सिद्ध है, [ सः ] वही [ तत्र परमपदे ] उस लोकके शिखर पर [ निवसति ] विराजमान है, [ यः ] जो कि [ त्रैलोक्यस्य ] तीन लोकका [ ध्येयः ] ध्येय (ध्यान करने योग्य) है।

भावार्थ :– यहाँ पर जो सिद्धपरमेष्ठीका व्याख्यान किया है, उसीके समान अपना भी स्वरूप है, वही उपादेय (ध्यान करने योग्य) है जो सिद्धालय है वह देहालय है अर्थात् जैसा सिद्धलोकमें विराज रहा है वैसा ही हंस (आत्मा) इस घट (देह) में विराजमान है॥२५॥

---

હવે 'ત્રિભુવનવંદિત' (ત્રણ લોકથી વંદિત) ઈત્યાદિ લક્ષણોથી યુક્ત જે શુદ્ધાત્મા કહેવામાં આવ્યો તે લોકાગ્રે રહે છે તેમ કહે છે :

અહીં મુક્ત જીવ જેવું પોતાનું શુદ્ધ આત્મસ્વરૂપ છે તે જ ઉપાદેય છે એવો ભાવાર્થ છે. ૨૫.

---

## ગાથા-૨૫ ઉપર પ્રવચન

२५) एयहिँ जुत्तउ लक्खणहिँ जो परु णिक्कलु देउ।
सो तहिँ णिवसइ परम–पइ जो तइलोयहँ झेउ॥२५॥

**અન્વયાર્થ :–** આહાહા..! **'તીનલોકકર વંદના કરને યોગ્ય પૂર્વ કહે હુએ લક્ષણોં સહિત જો શુદ્ધાત્મા કહા ગયા હૈ, વહી લોકકે અગ્રમેં રહતા હૈ,...'** બહારથી લોકના અગ્રમાં રહે છે. અંદરમાં વિકલ્પથી ભિન્ન અંદર ભગવાન રહે છે. આહાહા..! **'યહી કહતે હૈં–' ''તીન ભુવનકર વંદનીક' ઈત્યાદિ જો લક્ષણ કહે થે, ઉન લક્ષણોંકર સહિત સબસે ઉત્કૃષ્ટ નિષ્કલ...'** નિષ્કલ એટલે શરીર રહિત. **'ઔદારિક, વૈક્રિયિક, આહારક, તૈજસ, કાર્માણ યે પાંચ શરીર જિસકે નહીં હૈ, અર્થાત્ નિરાકાર હૈ, તીન લોકકર આરાધિત જગતકા દેવ હૈ,**

**ઐસા જો પરમાત્મા સિદ્ધ હૈ, વહી ઉસ લોકકે શિખર પર આહાહા..! પરમપદે 'નીવસઈ' વિરાજમાન હૈ, જો કિ તીન લોકકા ધ્યેય ધ્યાન કરને યોગ્ય હૈ.'** આહાહા..! એ જગતના પ્રાણીને આનું ધ્યાન કરવા લાયક ત્રણલોકનો નાથ ભગવાન (છે). આહાહા..! સમજાણું કાંઈ? વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, જયેષ્ઠ વદ ૧૧, મંગળવાર
## તા. ૨૨-૦૬-૧૯૭૬, ગાથા-૨૫ થી ૨૭, પ્રવચન નં. ૧૫

'પરમાત્મપ્રકાશ'. ૨૫મી ગાથા. ભાવાર્થ છે.

**ભાવાર્થ :– 'યહાં પર જો સિદ્ધપરમેષ્ઠીકા વ્યાખ્યાન કિયા હૈ,...'** ભગવાન કેવળજ્ઞાન, કેવળદર્શન, આનંદમય છે. નિરાકાર છે. શરીરરહિત નિકલ પરમાત્મા છે. **'ઉસીકે સમાન અપના ભી સ્વરૂપ હૈ,...'** અહીં તો સિદ્ધાંત આ છે. ભગવાનઆત્મા સિદ્ધ સમાન સ્વરૂપી, એની શક્તિ, એનો સ્વભાવ પૂર્ણ જ્ઞાન, દર્શન, આનંદ એ એનો સ્વભાવ (છે). એ સિદ્ધસ્વરૂપ પોતે જ છે. **'અપના ભી સ્વરૂપ હૈ, વહી ઉપાદેય (ધ્યાન કરને યોગ્ય) હૈ,...'** અહીં તો એ કહેવું છે. જોયું! સિદ્ધને ઉપાદેય કહ્યા એ તો નિમિત્તથી, વ્યવહારથી વાત કરી. અને તેને ઉપાદેય માને માટે સ્વ ઉપાદેય થાય, એમ નથી. આહાહા..! આવી વાતું!

ભગવાન પરમાત્મસ્વરૂપ જ તારો આત્મા છે. સિદ્ધ તો એક સમયની પર્યાય છે. આ તો આખો પિંડ જ પ્રભુ સિદ્ધસ્વરૂપ છે. વીતરાગમૂર્તિ અકષાય સ્વભાવનો પિંડ, અનંત જ્ઞાન, દર્શન, આનંદ અને વીર્યથી ભરેલો પદાર્થ, એ જ ઉપાદેય છે. ધ્યાન કરવા લાયક એ છે એમ કહે છે. છે? આહાહા..! સિદ્ધનું ધ્યાન કરવા કરતાં... ત્યારે કોઈ કહે કે પણ એ સિદ્ધનું પહેલું ધ્યાન કરે પછી આ થાય. એમ પણ નથી. આહાહા..! એવી વાત છે. પોતે જ પરમાત્મસ્વરૂપે છે એનો સીધો આશ્રય લઈ અને ધ્યાનમાં એને ધ્યેય બનાવે. આહાહા..! નિર્વિકલ્પ વીતરાગ પરિણતિ દ્વારા વસ્તુ આ છે તેને ધ્યેય બનાવે એટલે તેનું ધ્યાન કરે. એનું નામ મોક્ષનો માર્ગ છે. આવી વાત છે.

**'જો સિદ્ધાલય હૈ, વહ દેહાલય હૈ,...'** આહાહા..! સિદ્ધાલય છે એ આ દેહાલય છે. **'જૈસા સિદ્ધલોકમેં વિરાજ રહા હૈ,...'** જેમ સિદ્ધલોકમાં પરમાત્મા પૂર્ણ સ્વરૂપે બિરાજમાન છે. **'વૈસા હી હંસ (આત્મા) ઈસ ઘટ (દેહ)મેં વિરાજમાન હૈ.'** આહાહા..! ભગવાન પૂર્ણ સ્વરૂપ બિરાજમાન આત્મા છે. પર્યાયમાં એને ધ્યાનમાં લે. પર્યાય છે તે ધ્યાન છે અને વસ્તુ છે તે તેનું ધ્યેય છે. આહાહા..! આવી વાતું આકરી પડે. શું થાય? માર્ગ તો આ છે. સાક્ષાત્ ભગવાન પરમાત્મ સ્વરૂપ છે એનો ભેટો કરવા માટે તો નિર્વિકલ્પ દશા જોશે. વ્યવહારના વિકલ્પો પહેલા આવે એટલે એમાંથી મદદ મળે એમ નથી.

આ એ જ કીધું. સીધું અહીં છે. વ્યવહાર આવે તો મદદ મળે. ઓલા ભાઈ કહેતા ને? 'છોટાલાલજી' કહેતા. 'છોટાલાલ' નહિ? બ્રહ્મચારી. પહેલા એમ કહેતા. પછી બિચારા ફરી ગયા અહીં. વ્યવહારમાં આવે તો શક્તિ મળે કે જેથી અંદરમાં જઈ શકે. એમ કહેતા. 'શ્રીમદ્'માં એક એવો પત્ર છે. નિશ્ચયમાં એકલું લુખું લાગે તો એણે ભક્તિમાં આવવું. પત્ર એક છે. છે ખ્યાલ? એ તો વ્યવહારની વાતું છે, બાપુ! આ તો પરમાનંદનો નાથ પૂર્ણ છે એને સીધો ધ્યેયમાં લેવો. એને પરની કોઈ અપેક્ષા છે જ નહિ.

મુમુક્ષુ :- પાત્રતા તો અંદર...

ઉત્તર :- એ પાત્રતા આ. ત્યારે પાત્રતા કહેવાય. સમ્યગ્દર્શન સ્વનો આશ્રય કરે ત્યારે તેને પાત્રતા કહેવાય. હવે એનું સિદ્ધપણું એમાં ટકશે. એમ. એ 'શ્રીમદ્દે' કહ્યું એકવાર. સમ્યગ્દર્શન થતાં જ પાત્રતા થાય છે. આવી વાત છે, બાપુ! આહાહા..! 'જે નવ વાડ વિશુદ્ધથી પાળે ...' આવે છે ને? એ બધાની વાતું બધી એવી ગમે તે હો. વાતમાં વાત એનો સરવાળો તો એક સમયમાં પરમાત્મા પૂર્ણ સ્વરૂપ છે, તેને રાગરહિત વીતરાગ પરિણતિ દ્વારા તેને ધ્યેય કરવું. બસ, આ વસ્તુ છે. બાકી ગમે એ વાતું વ્યવહારનયથી આવતી હોય એ વસ્તુની સ્થિતિ નથી. આહાહા..!

**'જો સિદ્ધાલય હૈ, વહ દેહાલય હૈ,...'** દેહ આલય-સ્થાન. ભગવાન અંદર પરમાનંદસ્વરૂપ અખંડ આનંદની રસ કાતળી પ્રભુ છે એ તો. આહાહા..! શેરડીમાં જેમ મીઠો રસ છે ને? એમ એ કૂચાથી જુદો. એમ રાગ-દ્વેષના વિકલ્પના કૂચાથી પ્રભુ જુદો પૂર્ણ આનંદરસથી ભરેલો છે. એને ધ્યેય બનાવ. આહાહા..! આ વાત છે, ભાઈ!

**'જૈસા સિદ્ધલોકમેં વિરાજ રહા હૈ,...' 'જૈસા સિદ્ધલોકમેં વિરાજ રહા હૈ, વૈસા હી હંસ (આત્મા) ઈસ ઘટ મેં વિરાજમાન હૈ.'** આહાહા..! હંસ-હંસ... હંસ-હંસલો. રાગથી ભિન્ન પડીને અંદરમાં જાય એને હંસલો કહે છે. જેમ હંસલાની ચાંચમાં ખટાશ છે. દૂધ અને પાણી ભેગામાં ચાંચ નાખે તો દૂધનું કોકડું વળી જાય અને પાણી જુદું પડી જાય. એમ ભગવાન હંસ છે. એની વીતરાગ પરિણતિ દ્વારા અંદરમાં જાય તો રાગથી ભિન્ન પડી જાય અને વીતરાગતાથી અભેદ થાય. એટલે ત્રિકાળી સાથે અભેદ થાય. અભેદનો અર્થ એ બાજુ ઢળી જાય. એમ. આહાહા..! આવી વાતું છે.

પર્યાય જે છે નિર્વિકલ્પ સમાધિ વીતરાગી પરિણતિ સમ્યગ્દર્શન-જ્ઞાન, એ તો દ્રવ્ય તરફ ઢળે છે. પણ એથી દ્રવ્યમાં એકમેક થઈ જાય છે એમ નથી. આહાહા..! વીતરાગી પર્યાયને પર્યાયમાં દ્રવ્ય સ્વભાવનું જ્ઞાન થાય અને વીતરાગી પર્યાય દ્રવ્ય સ્વભાવને ધ્યેય બનાવે. તેથી તે વીતરાગ પર્યાય એટલે કે મોક્ષનો માર્ગ એ કાંઈ વસ્તુમાં એકમેક થઈ જતો નથી. તેમ વસ્તુ મોક્ષમાર્ગની પર્યાયમાં આવતી નથી. વસ્તુનું જ્ઞાન અને સામર્થ્ય શું છે એ બધું પર્યાયમાં આવે. આહાહા..! આવો માર્ગ.

**'ઈસ ઘટ મેં વિરાજમાન હૈ.'** ભક્તિમાં નથી આવતું? 'જૈસો વહાં, તૈસો યહાં.' ભક્તિમાં આવે છે ક્યાંક. આહાહા..! વાત એ છે કે એને ભરોસામાં વાત આવવી જોઈએ.

વર્તમાન પ્રગટ એક સમયની પર્યાયમાં અનાદિની રમતું (કરી છે). અને એક સમયની પર્યાય સિવાય આખી વસ્તુ જે ખરી તો જે ત્રિકાળ છે તે ચીજ છે. એની સામું ન જોતાં પર્યાય સામું જોઈને પર્યાયનું લક્ષ તો પછી પર ઉપર જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? એથી ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ સાક્ષાત્ પરમાત્મસ્વરૂપ જ બિરાજે છે. આહાહા..! એને વીતરાગી પરિણતિ કહો, નિર્વિકલ્પ સમાધિ કહો, સમ્યગ્દર્શન-જ્ઞાન-દર્શન-જ્ઞાન ચારિત્રની પરિણતિ દ્વારા તેનો ભેટો કર. આહાહા..! આવી વાત છે.

માણસને તો એવું બધું લાગે કે વ્યવહારથી કાંઈ નહિ? આ કહ્યું વ્યવહારે પરંપરા થાય. નહોતું આવ્યું? નહોતું આવ્યું આમાં? નિશ્ચયથી સાક્ષાત્ થાય અને વ્યવહારથી પરંપરાએ થાય લ્યો! અરે..! પ્રભુ! શું છે? બાપુ! આહાહા..! એ તો વ્યવહારનયના વચન છે, ભાઈ! રાગથી પરંપરાએ સ્વઆશ્રયમાં જવાય એમ બને નહિ. તકરાર કરે. પ્રભુ! શું કરે? પોતાનું જે મોટું સ્વરૂપ છે, મહંત સ્વરૂપ પોતાનું છે. આહાહા..! એને પકડવા માટે તો વિકલ્પ રહિત, વ્યવહાર રહિત નિર્વિકલ્પ દૃષ્ટિ જ કામ આવે. એ એનો સ્વીકાર કરી શકે. આહાહા..! રાગની પર્યાય એનો સ્વીકાર નહિ કરી શકે. અને રાગની પર્યાય વ્યવહારથી નિશ્ચય પર્યાય થાય અને નિશ્ચય પર્યાયનું ધ્યેય દ્રવ્ય એમ પણ નથી. આહાહા..!

આગમ પદ્ધતિનો વ્યવહાર સુગમ (લાગે છે). 'પરમાર્થ વચનિકા'માં આવે છે ને? એ લોકો કરીને મોક્ષનો માર્ગ માને છે. પણ અધ્યાત્મનો વ્યવહાર શું એની એને ખબર નથી. અધ્યાત્મનો વ્યવહાર-નિર્વિકલ્પ દશા એ અધ્યાત્મનો વ્યવહાર છે. સમજાણું કાંઈ? નિર્વિકલ્પ દશા એ વ્યવહાર છે અને એ પર્યાય દ્રવ્યને પકડે છે. આ વ્યવહાર નિશ્ચયને પકડે છે.

એ વ્યવહાર થયો એ જ પર્યાય. કેમકે એક વર્તમાન ક્ષણ પૂરતી એ દશા છે. તેથી એને વ્યવહાર કહ્યો. અને ત્રિકાળને પકડે એ વસ્તુ નિશ્ચય છે. આહાહા..! આવો માર્ગ વીતરાગનો. ૨૫ થઈ.

---

**अत ऊर्ध्वं प्रक्षेपपञ्चक *मन्तर्भूतचतुर्विंशतिसूत्रपर्यन्तं याद्दशो व्यक्तिरूपः परमात्मा मुक्तौ तिष्ठति ताद्दशः शुद्धनिश्चयनयेन शक्तिरूपेण देहेपि तिष्ठतीति कथयन्ति। तद्यथा –**

**२६) जेहउ णिम्मलु णाणमउ सिद्धिहिँ णिवसइ देउ।**
**तेहउ णिवसइ बंभु परु देहहँ मं करि भेउ।।२६।।**

**याद्दशो निर्मलो ज्ञानमयः सिद्धौ निवसति देवः।**
**ताद्दशो निवसति ब्रह्मा परः देहे मा कुरु भेदम्।।२६।।**

**यादृशः केवलज्ञानादिव्यक्तिरूपः कार्यसमयसारः, निर्मलो भावकर्मद्रव्यकर्मनोकर्म-मलरहितः, ज्ञानमयः केवलज्ञानेन निर्वृत्तः केवलज्ञानान्तर्भूतानन्तगुणपरिणतः सिद्धो मुक्तो मुक्तौ निवसति तिष्ठति देवः परमाराध्यः तादृशः पूर्वोक्तलक्षणसदृशः निवसति तिष्ठति ब्रह्मा**

---

* પાઠાન્તર :- **मन्तर्भूत–मन्तर्भाव**

शुद्धबुद्धैकस्वभावः परमात्मा पर उत्कृष्टः। क्व निवसति। देहे। केन। शुद्धद्रव्यार्थिकनयेन। कथंभूतेन। शक्तिरूपेण हे प्रभाकरभट्ट भेदं मा कार्षीस्त्वमिति। तथा चोक्तं श्रीकुन्दकुन्दाचार्यदेवैः मोक्षप्राभृते ''णमिएहिं जं णमिज्जइ झाइज्जइ झाइएहिं अणवरयं। थुव्वंतेहिं थुणिज्जइ देहत्थं किं पि तं मुणह।।'' अत्र स एव परमात्मोपादेय इति भावार्थः।।२६।।

---

इस प्रकार जिसमें तीन तरहके आत्माका कथन है, ऐसे प्रथम महाधिकारमें मुक्तिको प्राप्त हुए सिद्ध परमात्माके व्याख्यानकी मुख्यताकर चौथे स्थलमें दश दोहा–सूत्र कहे। आगे पाँच क्षेपक मिले हुए चौबीस दोहोंमें जैसा प्रगटरूप परमात्मा मुक्तिमें है, वैसा ही शुद्धनिश्चयनयकर देहमें भी शक्तिरूप है, ऐसा कहते हैं –

**गाथा – २६**

अन्वयार्थ :– [ यादृशः ] जैसा केवलज्ञानादि प्रगटस्वरूप कार्यसमयसार [ निर्मलः ] उपाधिरहित भावकर्म–द्रव्यकर्म–नोकर्मरूप मलसे रहित [ ज्ञानमयः ] केवलज्ञानादि अनंत गुणरूप सिद्धपरमेष्ठी [ देवः ] देवाधिदेव परम आराध्य [ सिद्धौ ] मुक्तिमें [ निवसति ] रहता है, [ तादृशः ] वैसा ही सब लक्षणों सहित [ परः ब्रह्मा ] परब्रह्म, शुद्ध, बुद्ध, स्वभाव परमात्मा, उत्कृष्ट शुद्ध द्रव्यार्थिकनयकर शक्तिरूप परमात्मा [ देहे ] शरीरमें [ निवसति ] तिष्ठता है, इसलिये हे प्रभाकरभट्ट, तूँ [ भेदम् ] सिद्ध भगवान्में और अपनेमें भेद [ मा कुरु ] मत कर। ऐसा ही मोक्षपाहुड़में श्री कुन्दकुन्दाचार्यने भी कहा है ''णमिएहिं'' इत्यादि–इसका यह अभिप्राय है कि जो नमस्कार योग्य महापुरुषोंसे भी नमस्कार करने योग्य है, स्तुति करने योग्य सत्पुरुषोंसे स्तुति किया गया है और ध्यान करने योग्य आचार्यपरमेष्ठी वगैरहसे भी ध्यान करने योग्य ऐसा जीवनामा पदार्थ इस देहमें बसता है, उसको तूँ परमात्मा जान।

भावार्थ :– वही परमात्मा उपादेय है।।२६।।

---

આ પ્રમાણે જેમાં ત્રણ પ્રકારના આત્માનું કથન છે એવા પ્રથમ મહાધિકારમાં મુક્તિગત સિદ્ધ જીવના વ્યાખ્યાનની મુખ્યતાથી દશ દોહકસૂત્રો સમાપ્ત થયાં.

ત્યાર પછી પાંચ પ્રક્ષેપક સહિત ચોવીસ સૂત્રો સુધી જેવો વ્યક્તિરૂપ પરમાત્મા મુક્તિમાં છે તેવો જ શુદ્ધ નિશ્ચયનયથી શક્તિરૂપે દેહમાં પણ છે એમ કહે છે. તે આ પ્રમાણે :

ભાવાર્થ : ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મ એવા મળથી રહિત જ્ઞાનમય-કેવળજ્ઞાનથી રચાયેલ-કેવળજ્ઞાનમાં અન્તર્ભૂત અનંતગુણરૂપે પરિણત, સિદ્ધ-મુક્ત, કેવળજ્ઞાનાદિની વ્યક્તિરૂપ કાર્યસમયસારરૂપ પરમ આરાધ્ય એવા દેવ મુક્તિમાં રહે છે તેવો જ પૂર્વોક્ત લક્ષણવાળો પરબ્રહ્મ શુદ્ધ બુદ્ધ જેનો એક સ્વભાવ છે એવો ઉત્કૃષ્ટ બ્રહ્મા-પરમાત્માશુદ્ધદ્રવ્યાર્થિકનયથી શક્તિરૂપે દેહમાં રહે છે. તેથી હે પ્રભાકરભટ્ટ! તું

**સિદ્ધભગવાન અને પોતામાં ભેદ ન કર. મોક્ષપ્રાભૃત (ગાથા ૧૦૩)માં શ્રી કુંદકુંદાચાર્યદેવે કહ્યું પણ છે કે ''णमिएहिं जं णमिज्जइ झाइएहिं अणवरयं। थुव्वंतेहिं थुणिज्जइ देहत्थं किं पि तं मुणइ।।''**

**અર્થ : બીજાઓ વડે જેમને નમસ્કાર કરવામાં આવે છે એવા મહાપુરુષોથી પણ જેમને નમસ્કાર કરવામાં આવે છે, બીજાઓ વડે જેમને ધ્યાવવામાં આવે છે એવા આચાર્યપરમેષ્ઠી આદિથી પણ જેમને ધ્યાવવામાં આવે છે અને બીજાઓ વડે જેમને સ્તવવામાં આવે છે એવા સત્પુરુષોથી પણ જેમને સ્તવવામાં આવે છે એવો જે કોઈ (જીવપદાર્થ) દેહમાં રહેલ છે તે પરમાત્માને તું જાણ.**

**અત્રે તે જ પરમાત્મા ઉપાદેય છે એવો ભાવાર્થ છે. ૨૬.**

## ગાથા-૨૬ ઉપર પ્રવચન

૨૬. '**ઈસ પ્રકાર જિસમેં તીન તરહકે આત્માકા કથન હૈ, ઐસે પ્રથમ મહાધિકારમેં મુક્તિકો પ્રાપ્ત હુએ સિદ્ધ પરમાત્માકે વ્યાખ્યાનકી મુખ્યતાકર ચૌથે સ્થલમેં દશ દોહા-સૂત્ર કહે. આગે પાંચ ક્ષેપક મિલે હુએ ચૌબીસ દોહોંમેં જૈસા પ્રગટરૂપ પરમાત્મા મુક્તિમેં હૈ, વૈસા હી શુદ્ધનિશ્ચયનયકર દેહમેં ભી શક્તિરૂપ હૈ,...**' આહાહા..! શક્તિ કહો, સામર્થ્ય કહો. આહાહા..! પીપરને દાણે શક્તિરૂપ ચોસઠ પહોરી શક્તિ તીખો રસ પૂરો પૂરો પડ્યો છે. આહાહા..! એમ ભગવાન શક્તિરૂપે પરમાત્મા જ છે. દ્રવ્ય સ્વભાવ, પરમાત્મ સ્વભાવ, ત્રિકાળી સ્વભાવ, ધ્યેયમાં લેવા લાયક સ્વભાવ એ તો પૂર્ણાનંદ પૂર્ણ છે. સમજાય છે કાંઈ? આહાહા..! '**વૈસા હી શુદ્ધનિશ્ચયનયકર દેહમેં ભી શક્તિરૂપ હૈ, ઐસા કહતે હૈં.**'

**૨૬) जेहउ णिम्मलु णाणमउ सिद्धिहिं णिवसइ देउ।**
**तेहउ णिवसइ बंभु परु देहहँ मं करि भेउ।।२६।।**

**અન્વયાર્થ :-** આહાહા..! '**જૈસા કેવલજ્ઞાનાદિ પ્રગટસ્વરૂપ કાર્યસમયસાર...**' પ્રગટ કેવળજ્ઞાનાદિ કાર્યસમયસાર પરમાત્મા જે છે '**ઉપાધિ રહિત ભાવકર્મ-દ્રવ્યકર્મ-નોકર્મરૂપ મલસે રહિત...**' આહાહા..! '**કેવલજ્ઞાનાદિ અનંત ગુણરૂપ સિદ્ધપરમેષ્ઠી દેવાધિદેવ પરમ આરાધ્ય મુક્તિમેં રહતા હૈ,...**' આહાહા..! '**વૈસા હી સબ લક્ષણોં સહિત...**' તાદૃશ્ય છે. '**વૈસા હી સબ લક્ષણોં સહિત પરબ્રહ્મ,...**' આહાહા..! પરમબ્રહ્મ. ભગવાનઆત્મા '**પરમબ્રહ્મ, શુદ્ધ, બુદ્ધ, એક સ્વભાવ પરમાત્મા,...**' ત્યાં 'એક' શબ્દ પડ્યો રહ્યો છે. શું કહ્યું?

શુદ્ધ, બુદ્ધ પછી એક જોઈએ. એ ઘણે ઠેકાણે એક નથી મુકતા. ખરેખર તો એ '**શુદ્ધ, બુદ્ધ, એક સ્વરૂપ...**' એમ કહેવું છે. પર્યાયનો પણ ભેદ નથી. છે ને?

'**શુદ્ધ,..**' પવિત્ર '**બુદ્ધ,...**' જ્ઞાનઘન. એકલો જ્ઞાનસ્વરૂપ તે એકરૂપ. ભેદ નહિ. આહાહા..! પર્યાયનો પણ જેમાં ભેદ નહિ. શુદ્ધ, બુદ્ધ, પવિત્ર એકલો જ્ઞાન-જ્ઞાયકભાવ એક

ભાવ. આહાહા..! '**પરમાત્મા, ઉત્કૃષ્ટ શુદ્ધ દ્રવ્યાર્થિકનયકર શક્તિરૂપ પરમાત્મા શરીરમેં તિષ્ઠતા હૈ,...**' આહાહા..! જેવા મુક્તિમાં સિદ્ધ પરમાત્મા બિરાજે છે એવો જ આ ભગવાનઆત્મા એવા '**સબ લક્ષણોં સહિત...**' જોયું! સિદ્ધના જેટલા લક્ષણો છે એ બધા લક્ષણોથી સિદ્ધ ભગવાન અહીં અંદર બિરાજે છે. આહાહા..! કેવું કામ કર્યું છે!

આ 'પરમાત્મપ્રકાશ' છે. પરમાત્મપ્રકાશ પર્યાયમાં થાય એ કાર્ય પરમાત્મા છે. પણ વસ્તુ કારણ પરમાત્મા ત્રિકાળ પોતે છે. આ વીતરાગી ભાવ છે. લોકોને રાગવાળાને આ લુખું લાગે. કાંઈક આમ જાણે બહારમાં જાય અને આમ હોય તો (ઠીક પડે). 'શ્રીમદ્'માં એક પત્ર આવે છે. ખબર છે? એમ કે અધ્યાત્મમાં બહુ ઓલુ કરતાં ઓલું થઈ જાય તો ભક્તિમાં આવે. એવો પત્ર આવે છે. આ બાજુ છે. પરની ભક્તિમાં આવે એથી કરીને એ તો અંતરમાંથી ખસી ગયો છે. અને તેથી એને અંદરમાં જવાને સહેલું પડે, એમ નથી. સમજાણું કાંઈ? એમ કે વીતરાગી ભાવ તો લુખ્ખો છે. થોડી ભક્તિમાં આવે તો એની લુખાશ જાય. એમ નથી.

મુમુક્ષુ :- ભક્તિ પોતે અશુદ્ધ છે.

ઉત્તર :- રાગ છે એ તો. સ્વની ભક્તિ, નિર્વિકલ્પ દશાની ભક્તિ તે આત્માની ભક્તિ છે. આવી વાત, ભાઈ! આકરું કામ. શું થાય? ભાઈ! વસ્તુ જ આવી સ્થિતિ છે ત્યાં. આહાહા..! જ્યાં પરમાત્મા પોતે બિરાજે છે ત્યાં દૃષ્ટિ કરવાની છે એને. અને તે દૃષ્ટિ નિર્વિકલ્પ દૃષ્ટિ. આહાહા..! વાદવિવાદ કરે તો કાંઈ પાર આવે એવું નથી. વ્યવહારથી આમ થાય, ઢીકણાથી આમ થાય. વ્યવહારથી પરંપરાએ થાય. બાપુ! એમાં હોંશ ન કર, ભાઈ!

મુમુક્ષુ :- પરંપરાનો અર્થ કે એનો અભાવ કરીને થાય.

ઉત્તર :- હા, પણ એ પરંપરાનો અર્થ એ એનાથી થાય એમ કહે છે. એમ કહે છે ને? વ્યવહારથી એનાથી પરંપરા થાય. એનો અર્થ એવો નથી, ભાઈ! વ્યવહારનો અભાવ કરી નિશ્ચયનો આશ્રય જ્યારે પૂર્ણ કરશે ત્યારે એને મળશે. અત્યારે પણ જેટલો નિશ્ચયનો આશ્રય કર્યો છે એટલો માર્ગ છે. પછી પણ વધારે આશ્રય કરશે ત્યારે વ્યવહારનો ભાવ છૂટી જશે. એથી એને પરંપરાનો આરોપ કહેવામાં આવ્યો છે. આહાહા..! આવી વાતું છે. ... આહાહા..!

અને ખરેખર જે વ્યવહાર કારણ છે એ તો અસત્ કારણ છે. નિશ્ચય જે વીતરાગ પરિણતિ દ્વારા પ્રાપ્ત થાય તે સત્ કારણ છે. અને એની અપેક્ષાએ વ્યવહાર છે એ તો અસત્ છે. ઉપચાર કહો, અસત્ કહો. જેનો ભાવ આત્મામાં છે જ નહિ. જેનો અભાવ આમાં છે. નિર્વિકલ્પ સમાધિ નિર્વિકલ્પ દૃષ્ટિમાં વ્યવહારના વિકલ્પનો અભાવ છે. આહાહા..! હવે એ વિકલ્પ દ્વારા આત્માને પહોંચાય એ વસ્તુ છે નહિ, ભાઈ! આહાહા..! પંડિતજી! આવી વાત છે જરી.

પ્રથમ શક્તિરૂપ... છે ને? પરમ ઉત્કૃષ્ટ એ મારે લેવું છે. ઉત્કૃષ્ટ શબ્દ છે ને? છે અંદર જુઓ! '**परमात्मा पर उत्कृष्टः**' છે? ચોથી લીટી છે. પરમાત્મા ઉત્કૃષ્ટ. પોતાનો ભગવાનઆત્માનો સ્વભાવ ઉત્કૃષ્ટ છે. '**શુદ્ધ દ્રવ્યાર્થિકનયકર...**' શુદ્ધ દ્રવ્યના પ્રયોજનની દૃષ્ટિથી જોતા એ

ઉત્કૃષ્ટ પરમાત્મા શક્તિરૂપે સાક્ષાત્ છે. આહાહા..! '**શરીર મેં તિષ્ઠતા હૈ,...**' આહાહા..! '**ઈસલિયે હે પ્રભાકર ભટ્ટ, તૂં સિદ્ધ ભગવાનમેં ઔર અપનેમેં ભેદ મત કર.**' આહાહા..! આ સિદ્ધ ભગવાન અને આ તું એમ ન કર. તું પોતે સિદ્ધ ભગવાન સ્વરૂપે જ છો. આહાહા..! કેમ બેસે? અનાદિથી પર્યાયમાં પામરતા બેઠી છે ને. આહાહા..! પ્રભુતાને પડખે ગયો નથી ને. આહાહા..! પૂર્ણ સ્વરૂપ પ્રભુ આત્મા, એને પડખે ગયો નથી તો એ પ્રભુતા મારી આટલી છે એ એને બેસતી નથી.

મુમુક્ષુ :- 'ટોડરમલજી' ના પાડે છે.

ઉત્તર :- ક્યાં?

મુમુક્ષુ :- સિદ્ધ સમાન...

ઉત્તર :- સિદ્ધ સમાન તો દ્રવ્ય તરીકે છે. પર્યાય તરીકે નથી એમ કહ્યું ત્યાં. એ સાતમામાં પહેલું એ લીધું છે. ખબર છે ને. પર્યાય જે છે એવો પર્યાય મારે વર્તમાન (છે એમ નથી), વસ્તુએ સિદ્ધ સમાન છે, એમ કહે છે. આહાહા..! ખ્યાલ છે. એનું સાતમું અધ્યયન તો ખૂબ પહેલા (વાંચ્યું છે). (સંવત) ૧૯૮૪ની સાલથી. શબ્દે શબ્દને... આહાહા..! વાત ભારે કરી, ભાઈ!

'**હે પ્રભાકરભટ્ટ, તૂં સિદ્ધ ભગવાનમેં ઔર અપનેમેં ભેદ મત કર. ઐસા હી મોક્ષપાહુડમેં શ્રી કુન્દકુન્દાચાર્યને ભી કહા હૈ.**' લ્યો! 'મોક્ષપાહુડ'ની ૧૦૩ ગાથા છે. ૧૦૩. આહા..! આ તો બાપા! મોક્ષમાર્ગની વાતું છે, ભાઈ! જેલમાંથી નીકળવાનો રસ્તો આ છે. 'જંજીરેથી નીકળે...' નથી આવતું? આવે છે, 'શ્રીમદ્'માં. 'જંજીરેથી નીકળે...'

મુમુક્ષુ :- એ દિવ્ય શક્તિમાન...

ઉત્તર :- 'દિવ્ય શક્તિમાન જેથી જંજીરેથી નીકળે' દિવ્ય શક્તિ ભગવાનઆત્મા, એ રાગની એકતાની જેલમાં પડ્યો છે એને છોડ હવે. આહાહા..! કેદમાં નાખી દીધો એને.

ભગવાન વીતરાગમૂર્તિ પ્રભુ, એને વિકલ્પ અને રાગની સાથે એકતા કરીને જેલમાં નાખ્યો છે. એ જંજીરને છોડ હવે, ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ? પૂર્ણાનંદનો નાથ એ રાગ રહિત જ છે. રાગરૂપે અને રાગના એકપણે કદી થયો જ નથી. આહાહા..! પ્રજ્ઞાછીણીમાં આવે છે ને? કે રાગ અને સ્વભાવની વચ્ચે સાંધ છે. એક થયા જ નથી. આહાહા..! દિગંબર સંતો અને મુનિઓ, એના વિદ્વાનો, એની વાતું જુદી. સનાતન માર્ગના સેવક છે ને એ? આહાહા..!

કહે છે કે, ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપે સ્વભાવનું સત્ત્વ પડ્યું છે આખું. અને વિકલ્પ જે છે ચાહે તો દયા, દાન, વ્રત, વ્યવહારરત્નત્રય, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો હો, એ વિકલ્પ એટલે રાગ અને સ્વભાવની વચ્ચે સાંધ છે. તડ છે. તડ સમજો છો? તિરાડ છે, તિરાડ છે. નિઃસંધિ થયા નથી. એવો શબ્દ છે ને પ્રજ્ઞાછીણીમાં? સંધિ છે. નિઃસંધિ થયા નથી. કળશમાં છે. ટીકા છે. કળશની ટીકામાં છે. સમજાણું કાંઈ? આહાહા..! ટીકામાં છે. ટીકામાં છે, હોં!

પાઠમાં આટલું છે. '**સૂક્ષ્મેઽન્તઃસન્ધિબન્ધે**' '**અશુદ્ધત્વ-વિકારરૂપ પરિણમેલ છે તોપણ**

**પરસ્પર સંધિ છે, નિઃસન્ધિ થયેલ નથી, બે દ્રવ્યોનું એક દ્રવ્યરૂપ થયું નથી,...**' વસ્તુ વસ્તુ છે તે રાગરૂપ ત્રણકાળમાં થઈ નથી. આહાહા..! '**જ્ઞાનછીણી પેસવાનું સ્થાન,...**' છે એ. વિકલ્પ આ બાજુ ઢળતો છે અને પરિણતિ આ બાજુ ઢળતી (છે). એટલે કે વચ્ચે સાંધ છે. એથી જ્ઞાનની પરિણતિ એનાથી ખસીને આમ વળે છે. વચ્ચે સાંધ છે, એક થયા નથી. એટલે જ્ઞાનની પરિણતિ આમ ઢાળતા બે જુદા પડી જાય છે. જુદા છે. આહાહા..! અનુપલબ્ધિ શોભે? એમ નથી આવતું? આહાહા..! આવું ભેદજ્ઞાન કરે એને પ્રાપ્ત ન થાય એ શોભે? એમ કહે છે. આહાહા..! આ તો ભાઈ! વાત બહુ ઝીણી છે. વ્યવહારના રસિયાને આ વાત બેસવી બહુ કઠણ છે. વ્યવહાર સાધન છે કે નહિ? નહિતર એકાંત થઈ જાય છે. સમ્યક્ એકાંત જ છે. વસ્તુ ત્રિકાળી એનો આશ્રય લેવો, એ આશ્રય લેનાર તો નિર્વિકલ્પ પર્યાય છે. તેથી સમ્યગ્દર્શન એને કહ્યું. '**भूदत्थमस्सिदो खलु**' ભૂતાર્થ ત્રિકાળ વસ્તુ ભગવાન સ્વરૂપે બિરાજમાન છે. એનો આશ્રય પર્યાયે લીધો એટલે કે પર્યાય એ બાજુ ઢળી. આહાહા..! એ પર્યાયને સમ્યગ્દર્શન કહે છે. અને એ સમ્યગ્દર્શનનો વિષય તે ત્રિકાળી પરમાત્માસ્વરૂપ છે. સમજાણું કાંઈ? લ્યો! 'મોક્ષપાહુડ'ની ગાથા.

'**ઈસકા યહ અભિપ્રાય હૈ કિ જો નમસ્કાર યોગ્ય મહાપુરુષોંસે ભી નમસ્કાર કરને યોગ્ય હૈ,...**' શું કહે છે? ઈન્દ્રો આદિ જે નમસ્કાર કરવા લાયક છે, એ ઈન્દ્રો પણ જેને નમે છે. અંદરને. આહાહા..! નમસ્કાર કરવા યોગ્ય ગણધર આદિ ઉત્તમ પુરુષો, એ પણ અંદર વસ્તુમાં નમે છે. આહાહા..! સમજાય છે કાંઈ? જે ગણધરો આદિ, છદ્મસ્થ તીર્થંકરો આદિ જે વંદન કરવા લાયક છે, નમન કરવા લાયક છે, એ જીવો અંદર નમે છે. આહાહા..! આવી વાત છે, ભાઈ! '**સ્તુતિ કરને યોગ્ય સત્પુરુષોંસે સ્તુતિ કિયા ગયા હૈ,...**' આહાહા..! ગણધરાદિ જીવને સ્તુતિ કરવા લાયક છે. એ ગણધરો પણ એની અંદરની સ્તુતિ કરે છે. સમજાણું કાંઈ? આવો માર્ગ છે, ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- એકમાં કહે, ભૂતાર્થનો આશ્રય લેવો, બીજામાં કહે, ધ્યાન કરે...

ઉત્તર :- ભૂતાર્થનો આશ્રય એક જ સિદ્ધાંત છે. પછી વ્યવહાર આવે એને જાણેલો કીધું, બસ. આહાહા..! જાણવા લાયક છે. આદરવા લાયક નથી. વ્યવહાર આવે એને જાણવા લાયક છે. જ્ઞાન તો વ્યવહારનયનો વિષય છે ને? નય છે ને? નય વિષયી છે. તેનો વિષય એ છે. છે એ બરાબર. પણ એનાથી થાય એ બરાબર નથી. આહાહા..! આવું છે, ભાઈ! વસ્તુ.

'**સ્તુતિ કરને યોગ્ય સત્પુરુષોંસે સ્તુતિ કિયા ગયા હૈ,...**' આહાહા..! જેની સ્તુતિ કરવા લાયક એવા ગણધરો પણ પોતે અંદરની સ્તુતિ કરે છે, કહે છે. નિશ્ચય સ્તુતિ. 'સમયસાર'ની ૩૧ ગાથામાં છે. '**णाणसहावाधियं मुणदि आदं**' આહાહા..! સમજાણું કાંઈ? '**ઔર ધ્યાન કરને યોગ્ય આચાર્યપરમેષ્ઠી વગેરહસે ભી ધ્યાન કરને યોગ્ય ઐસા જીવનામા પદાર્થ ઈસ દેહમેં બસતા હૈ,...**' એ એનું ધ્યાન કરે છે. ધ્યાન કરવાલાયક આચાર્ય આદિ પણ આત્માનું ધ્યાન કરે છે. આહાહા..! 'કુંદકુંદાચાર્ય'ની વાણી ગંભીર અને તળિયે પહોંચાડી

દે એવી. આહાહા..!

ભગવાન પરમાત્મસ્વરૂપે શક્તિ સ્વભાવ સામર્થ્યરૂપ જ પરમાત્મા છે. એવા જીવને જે સ્તુતિ કરવાલાયક ગણધરાદિ છે એ પણ એની સ્તુતિ કરે છે, કહે છે. આહાહા..! '**ઐસા જીવનામા પદાર્થ ઈસ દેહમેં બસતા હૈ, ઉસકો તૂં પરમાત્મા જાન.**' આ 'પરમાત્મપ્રકાશ' આહાહા..! પરમાત્માની પર્યાય પ્રગટે પણ એ પરમાત્મા હોય તો એમાંથી પ્રગટે. આહાહા..! બહિરાત્મા હોય એમાંથી પ્રગટે? અંતરાત્મા હોય એમાંથી પ્રગટે? આહાહા..! અંતરાત્મા સાધક પર્યાય છે. એમાંથી સિદ્ધની પર્યાય ત્યાંથી આવે છે એમાંથી? આહાહા..! એ પરમાત્મસ્વરૂપ છે, ભાઈ! તને બેસવું જોઈએ. રુચિમાં એનું પોષાણ આવવું જોઈએ. એ ચીજનું પોષાણ, પોષાવી જોઈએ. આહાહા..! લાખ વાતની વાત ફેરવી નાખ. આહાહા..! 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો, છોડી જગત દ્વંદ ફંદ...' દ્વૈતપણું છોડી દે. આ દ્રવ્ય અને પર્યાય એ પણ છોડી દે. એકલું દ્રવ્ય ભગવાન છે ત્યાં તું જા. આહાહા..!

'**ઐસા જીવનામા પદાર્થ ઈસ દેહમેં બસતા હૈ,...**' ભગવાન બિરાજે છે. આહાહા..! મોટું માણસ આવે તો સામો મળવા જાય. ભગવાન બિરાજે એને મળવા તો જા ત્યાં. આહાહા..! સમજાણું કાંઈ? 'કાંતિભાઈ'! આવી વાતું છે, બાપા! ગાંડી, ઘેલી કહો, જે કહો પણ વાત તો આ છે. '**ઉસકો તૂં પરમાત્મા જાન.**' એમ કહ્યું ને? ઓલા પરમાત્મા નહિ, તું આ પરમાત્માને જાણ. આહાહા..! પરમ આત્મા, પરમ સ્વરૂપ, પરમ સ્વરૂપ, ધ્રુવ સ્વરૂપ. કાયમી પરમાત્મસ્વરૂપ જ ભગવાન બિરાજે છે. શક્તિરૂપે કહો, સ્વભાવરૂપે કહો, સામર્થ્યરૂપે કહો. આહાહા..! એનું ધ્યાન કર. આ તો નિશ્ચયથી આવ્યું. પણ વ્યવહાર પાછો બીજો હોય કે નહિ?

ઓલો દાખલો આપે છે. આ દહીં કરે ને? વલોણું. એકનું આકર્ષણ. આ બાજુ આકર્ષે તો આ બાજુ ઢીલું મૂકે. અહીંથી આકર્ષે તો અહીં ઢીલું મૂકે. એમ નિશ્ચયના જોરમાં વ્યવહારને ઢીલું મૂકે. વ્યવહારના જોરમાં નિશ્ચયને ઢીલું મૂકે. અરે..! ભાઈ! એ તો જ્ઞાન કરવાની વાત છે. ત્યાં તો જ્ઞાન નિશ્ચયનું કરવું હોય ત્યારે વ્યવહારને ગૌણ રાખે. વ્યવહારનું જ્ઞાન કરે તો નિશ્ચયને ગૌણ કરે. જાણવા માટેની વાત છે. ઈ આદરવા માટેની વાત છે જ નહિ. આહાહા..! એ આદરવામાં લગાવી દે. જુઓ! વ્યવહારને જ્યારે મુખ્ય કરવો હોય ત્યારે નિશ્ચયને ગૌણ કરી નાખવો. અરે..! નિશ્ચય ગૌણ ત્રણકાળમાં ન થાય. સમજાણું કાંઈ? વ્યવહાર મુખ્ય થઈ જાય ત્યાં દૃષ્ટિ મિથ્યાત્વ થઈ જાય છે. આહાહા..! આવી વાત જરી ઝીણી પડે, પણ શું થાય? અરૂપી નિર્વિકલ્પ ચીજ છો. આહાહા..! વિકલ્પથી પણ પત્તો ખાય એવી ચીજ નથી. એ તો નિર્વિકલ્પથી પત્તો ખાય. આહાહા..! પર તરફનું લક્ષ છોડ અને સ્વ તરફના લક્ષે નિર્વિકલ્પ પરિણતિથી તેનું ધ્યાન કર. પરમાત્મા બિરાજે છે ને. આહાહા..!

'**યહી પરમાત્મા ઉપાદેય હૈ.**' લ્યો! ભગવાન પરમાત્મા આદરણીય, પર્યાયમાં આદરણીય એ છે. સમજાણું કાંઈ?

अथ येन शुद्धात्मना स्वसंवेदनज्ञानचक्षुषावलोकितेन पूर्वकृतकर्माणि नश्यन्ति तं किं न जानासि त्वं हे योगिन्निति कथयन्ति –

२७) जें दिट्ठें तुट्टंति लहु कम्मइँ पुव्व–कियाइँ।
सो परु जाणहि जोइया देहि वसंतु ण काइँ।।२७।।

येन दृष्टेन त्रुटयन्ति लघु कर्माणि पूर्वकृतानि।
तं परं जानासि योगिन् देहे वसन्तं न किम्।।२७।।

जें दिट्ठें तुट्टंति लहु कम्मइं पुव्वकियाइं येन परमात्मना दृष्टेन सदानन्दैकरूप–वीतरागनिर्विकल्पसमाधिलक्षणनिर्मललोचनेनावलोकितेन त्रुटयन्ति शतचूर्णानि भवन्ति लघु शीघ्रम् अन्तर्मुहूर्तेन। कानि। परमात्मनः प्रतिबन्धकानि स्वसंवेद्याभावोपार्जितानि पूर्वकृतकर्माणि सो परु जाणहि जोइया देहि वसंतु ण काइं तं नित्यानन्दैकस्वभावं स्वात्मानं परमोत्कृष्टं किं न जानासि हे योगिन्। कथंभूतमपि। स्वदेहे वसन्तमपीति। अत्र स एवोपादेय इति भावार्थः।।२७।।

---

आगे जिस शुद्धात्माको सम्यग्ज्ञान–नेत्रसे देखनेसे पहले उपार्जन किए हुए कर्म नाश हो जाते हैं, उसे हे योगिन्, तू क्यों नहीं पहचानता, ऐसा कहते हैं –

**गाथा – २७**

अन्वयार्थ :– [ येन ] जिस परमात्माको [ दृष्टेन ] सदा आनंदरूप वीतराग निर्विकल्प समाधिस्वरूप निर्मल नेत्रोंकर देखनेसे [ लघु ] शीघ्र ही [ पूर्वकृतानि ] निर्वाणके रोकनेवाले पूर्व उपार्जित [ कर्माणि ] कर्म [ त्रुटयन्ति ] चूर्ण हो जाते हैं, अर्थात् सम्यग्ज्ञानके अभावसे (अज्ञानसे) जो पहले शुभ–अशुभ कर्म कमाये थे, वे निजस्वरूपके देखनेसे ही नाश हो जाते हैं, [ तं परं ] उस सदानंदरूप परमात्माको [ देहं वसन्तं ] देहमें बसते हुए भी [ हे योगिन् ] हे योगी [ किं न जानासि ] तू क्यों नहीं जानता ?

भावार्थ :– जिसके जाननेसे कर्म–कलंक दूर हो जाते हैं वह आत्मा शरीरमें निवास करता हुआ भी देहरूप नहीं होता, उसको तूँ अच्छी तरह पहचान और दूसरे अनेक प्रपंचों (झगड़ों) को तो जानता है; अपने स्वरूपकी तरफ क्यों नहीं देखता ? वह निज स्वरूप ही उपादेय है, अन्य कोई नहीं है।।२७।।

---

હવે, સ્વસંવેદન રૂપ જ્ઞાનચક્ષુ વડે જે શુદ્ધાત્માને અવલોકવાથી પૂર્વકૃત કર્મો નાશ પામે છે તેને હે યોગી ! તું કેમ જાણતો નથી? એમ કહે છે :

ભાવાર્થ : સદાનંદ જેનું એકરૂપ છે એવા નિર્વિકલ્પ સમાધિસ્વરૂપ નિર્મળ નેત્રથી જે પરમાત્માને અવલોકવાથી પરમાત્માના પ્રતિબંધક, સ્વસંવેદન (જ્ઞાન)ના અભાવથી (અજ્ઞાન ભાવથી) ઉપાર્જિત કરેલાં પૂર્વકૃત કર્મોના શીઘ્ર–અન્તર્મુહૂર્તમાં સેંકડો ચૂરેચૂરા થઈ

**જાય છે તે ઉત્કૃષ્ટ, નિત્ય આનંદ જ જેનો એક સ્વભાવ છે એવો નિજ આત્મા સ્વદેહમાં રહેલો હોવા છતાં પણ હે યોગી ! તેને તું કેમ જાણતો નથી ?**

**અહીં તે જ આત્મા ઉપાદેય છે એવો ભાવાર્થ છે. ૨૭**

## ગાથા-૨૭ ઉપર પ્રવચન

'**આગે જિસ શુદ્ધાત્માકો સમ્યગ્જ્ઞાન-નેત્રસે દેખનેસે...**' હવે આવા ભગવાનને દેખવાથી '**પહલે ઉપાર્જન કિયે હુએ કર્મ નાશ હો જાતે હૈં,...**' લ્યો! સમજાણું કાંઈ? પહેલું તો એને નિર્વિકલ્પ પરિણતિથી પકડ અને નિર્વિકલ્પ પરિણતિથી પકડતા પૂર્વના કર્મ જે છે એ પણ ખરી જશે, એમ કહે છે. આહાહા..! પૂર્વ કર્મના નાશની આ એક વિધિ છે. અપવાસ કરવા અને આ કરવા, બાપુ! એ બધી વાતું બહારની છે. '**શુદ્ધાત્માકો...**' એટલે પરમાત્માને, વસ્તુ જે છે પૂર્ણ ધ્રુવ આનંદસ્વરૂપ, એવો જે ભગવાન પોતે પરમાત્મા, એને '**સમ્યગ્જ્ઞાન-નેત્રસે દેખનેસે...**' આહાહા..! જ્ઞાનની નિશ્ચય નિર્મળ પરિણતિથી એને જોતા.. આહાહા..! '**પહલે ઉપાર્જન કિયે હુએ...**' પહેલાના કર્મ જે ઉપાર્જન કરેલા હોય એ નાશ થશે, નિર્જરા થશે એમ કહે છે. '**ઉસે હે યોગિન, તુ ક્યોં નહીં પહચાનતા,...**' હે મુનિ! ધર્માત્મા! આહાહા..! યોગી કરીને કહ્યું. આવો જે ભગવાન અંદર એને તું કેમ જાણતો નથી?

**૨૭) जें दिट्ठें तुट्टंति लहु कम्मइँ पुव्व-कियाइँ।**
**सो परु जाणहि जोइया देहि वसंतु ण काइँ।।२७।।**

**અન્વયાર્થ :-** '**હે યોગિન તૂ ક્યોં નહીં પહચાનતા,...**' '**જિસ પરમાત્માકો સદા આનંદરૂપ વીતરાગ નિર્વિકલ્પ સમાધિસ્વરૂપ નિર્મલ નેત્રોંકર દેખનેસે...**' આહાહા..! એ પરમાત્મા પોતે દ્રવ્ય સ્વભાવ ત્રિકાળ એને સદા આનંદરૂપ વીતરાગ નિર્વિકલ્પ સમાધિસ્વરૂપ નિર્મળ નેત્રોંથી જોતાં. આહાહા..! '**સદા આનંદરૂપ વીતરાગ નિર્વિકલ્પ સમાધિ...**' શાંતિ. આહાહા..! અતીન્દ્રિય આનંદની પરિણતિ જે પ્રગટી છે... આહાહા..! એ '**સદા આનંદરૂપ વીતરાગ નિર્વિકલ્પ સમાધિસ્વરૂપ...**' સદાનો અર્થ? કે નિર્વિકલ્પ જે આનંદ પરિણતિ છે એ આનંદરૂપ જ સદાય છે. એમ. સમજાણું કાંઈ?

'**સદા આનંદરૂપ વીતરાગ નિર્વિકલ્પ સમાધિસ્વરૂપ...**' આહાહા..! જે ભગવાનને દેખવાની પરિણતિ છે એ આનંદરૂપ છે, કહે છે. આહાહા..! રાગરૂપ, વિકલ્પરૂપ નથી. આહાહા..! આવો માર્ગ. ભગવાન પૂર્ણ પરમાત્માને દેખવાની દૃષ્ટિ જે છે પરિણતિ, એ તો સદા આનંદરૂપ છે. તે પણ વીતરાગી આનંદરૂપ છે, તે પણ નિર્વિકલ્પ અભેદ છે. એવી શાંતિ સ્વરૂપ નિર્મળ નેત્રો. આહાહા..! છે? આહાહા..! '**येन दृष्टेन**' આહાહા..! '**येन दृष्टेन**' '**येन**' નામ પરમાત્માને '**दृष्टेन**' પરમાનંદરૂપી પરિણતિ વીતરાગી નિર્વિકલ્પ શાંતિ, એનાથી તું દેખ. આહાહા..! સમજાણું કાંઈ? બે શબ્દમાં આટલું સમાડી દીધું. શું?

'**येन दृष्टेन लघु पूर्वकृतानि त्रुटयन्ति**' આહાહા..! એવો જે ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ સાક્ષાત્ પરમાત્મસ્વરૂપ દ્રવ્ય છે. એને '**दृष्टेन**' શાંતિ અભેદ વીતરાગી આનંદરૂપી દશાથી... આહાહા..! એવા નેત્રથી એને જો. એ રાગથી નહિ જણાય. એ નિર્વિકલ્પ વીતરાગી પરિણતિના નેત્રથી જણાશે. '**येन दृष्टेन**' એને તું જો. આહાહા..! એની જાતની નિર્વિકલ્પ આનંદની દશા દ્વારા, એ નિર્વિકલ્પ આનંદના નેત્ર દ્વારા '**दृष्टेन**' ભગવાન પૂર્ણાનંદને જો. આહાહા..! એને જોવાનો ઉપાય આ.

'**સદા આનંદરૂપ વીતરાગ નિર્વિકલ્પ સમાધિસ્વરૂપ નિર્મલ નેત્રોંકર...**' આહાહા..! રાગ રહિત નિર્વિકલ્પ અભેદ વીતરાગ પરિણતિ આનંદરૂપથી એ ભગવાનને જો. તારા કર્મ તૂટી જશે. ત્યાં કર્મની નિર્જરા થશે, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આ લોકો તો એવું કહે છે, અપવાસને તપ કહ્યો છે અને તપને નિર્જરા કીધી છે. એક આર્જિકા એ કહેતી હતી. 'વડોદરા'માં આપણા છે ને ત્યાંના 'વેજલકા'ના છે 'વડોદરા'માં. 'ચંદુભાઈ' છે. બીજા દરજી છે. એની સાથે એક આર્જિકાને વાત થઈ હતી. કહે છે કે બીજી બધી વાત બરાબર, પણ અપવાસ છે તે તપ છે અને તપ તે નિર્જરા (છે), એ વાતની તમે ના પાડો તો એ ખોટી વાત. પણ ક્યો અપવાસ? આહાહા..! એને નિર્વિકલ્પ પરિણતિ દ્વારા જોવો એ ઉપવાસ, એની સમીપમાં ગયો એ ઉપવાસ. એનાથી કર્મ છૂટે. ત્યાં તો બધા તપને નિર્જરા કીધી છે. 'અનશન, ઉણોદરી, વૃત્તિપરિસંખ્યાન, રસ પરિત્યાગ, કાય ક્લેશ, પ્રતિક્રમણ, પ્રાયશ્ચિત, વિનય વૈયાવ્રત, સજ્ઝાય, ધ્યાન.' બધાને તપ કહ્યું છે અને તપને નિર્જરા કીધી છે. અરે..! ભગવાન! એ બાર પ્રકારના વ્યવહારના વિકલ્પથી વાતું કરી છે. એ પ્રાયશ્ચિત ને વિનય એ પણ બહારનો વિકલ્પ છે. આહાહા..!

અંતર ભગવાનને જોવા માટે નિર્વિકલ્પ નેત્રને ખોલ. આહાહા..! ત્યારે કહે, પહેલો વ્યવહાર હોય તો નિશ્ચય થાય. અને નિશ્ચયથી પછી આ જણાય. એમ છે જ નહિ. સમજાણું કાંઈ? આ તો વસ્તુ છે ત્યાં અંદર બિરાજે છે. એના તરફના વલણની રાગ વિનાની શાંતિ અને આનંદના નેત્ર દ્વારા... આહાહા..! આનંદના નેત્ર દ્વારા, શાંતિના નેત્ર દ્વારા આનંદનાથમાં જો એને. આહાહા..! શાંતિના સાગરને શાંતિના નેત્રથી જો. આહાહા..! 'ગીરધરભાઈ'! આવી વાતું છે, બાપા! આહાહા..! અરે..! પ્રભુ! તું કોણ છો? ભાઈ! આહાહા..! ભગવાન તારી મોટપની તને ખબર નથી. આહાહા..! તારી મોટપ એટલી કે એ નિર્વિકલ્પથી જણાય એટલી. રાગથી જણાય એટલી નહિ. આહાહા..! કહો, આ તો ભાષા તો સાદી છે ભલે ભાવ બહુ (ગંભીર છે). ભાવ તો આ છે.

આ તો પરમાત્માની વાત છે. પરમાત્માને ઘરે જાવું છે. કોર્ટમાં જાય તોપણ લુગડા-બુગડા પહેરીને જાય છે કે નહિ? આ તો પરમાત્માના ઘરમાં જાવું છે અંદર. એને નિર્વિકલ્પ પરિણતિ પ્રગટ કરવી પડશે. આહાહા..! 'બાબુભાઈ'! આવો માર્ગ છે. આહાહા..! ભગવાન છે ને, ભાઈ! દેહદેવળમાં ભગવાન બિરાજે છે, પ્રભુ! દેહને ન જો, રાગને ન જો. ત્રિકાળને જો ત્યાં નિર્વિકલ્પ પરિણતિ વિના ત્રિકાળને જોઈ શકીશ નહિ તું. આહાહા..! આવી વાતું છે.

વાડામાં તો ક્યાંય સંભળાય એવું નથી. 'ગુલાબચંદભાઈ'! આહાહા..!

મુમુક્ષુ :- આ તો નિશ્ચયની વાત થઈ.

ઉત્તર :- નિશ્ચય એટલે સત્ય. વ્યવહાર એટલે અસત્ય. રાત્રે ખુલાસો કર્યો નહોતો?

મુમુક્ષુ :- કાલે બપોરે.

ઉત્તર :- બપોરનો ઉપચાર કર્યો હતો. પછી રાત્રે એને અસત્ય કહ્યું. આહાહા..! નિશ્ચય સમ્યગ્દર્શન સ્વભાવને આશ્રયે થાય તે નિશ્ચય છે અને જોડે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ (હોય), એને સમકિતનો આરોપ દઈને, છે તો બંધભાવ, એને સમકિતને આરોપ દઈને વ્યવહાર સમકિત કહ્યું. એટલે એ છે તો અસત્, સમકિતથી અસત્ બીજી ચીજ છે. એને સમકિતનો આરોપ દેવો. આહાહા..! એમ વ્યવહાર મોક્ષમાર્ગ છે એ નિશ્ચય મોક્ષમાર્ગથી અસત્ય ભિન્ન ચીજ છે. સત્ તો આ છે. આહાહા..! પૂર્ણાનંદના નાથને સત્‌ના સાહેબાને પકડવા એ નિર્વિકલ્પ પરિણતિ તે સત્ છે. વિકલ્પ તે તેની અપેક્ષાએ અસત્ છે. અથવા વિકલ્પનો ભાવ તે નિર્વિકલ્પમાં અભાવ છે. સમજાણું કાંઈ? આહાહા..! રાત્રે કહ્યું હતું, ભાઈ! થોડું. નહિ? આહાહા..!

**'येन दृष्टेन लघु पूर्वकृतानि'** **'નિર્વાણકે રોકનેવાલે પૂર્વ ઉપાર્જિત કર્મ...'** **'त्रुटयन्ति'** **'ચૂર્ણ હો જાતે હૈં,...'** આહાહા..! **'સમ્યગ્જ્ઞાનકે અભાવસે (અજ્ઞાનસે) જો પહલે શુભ અશુભ કર્મ કમાયે થે,...'** અજ્ઞાનભાવથી જે પૂર્વે શુભ-અશુભભાવ હતા એ **'નિજસ્વરૂપકે દેખનેસે હી નાશ હો જાતે હૈં,...'** આહાહા..! પ્રકાશના પિંડને જોતા જ અંધકારનો નાશ થઈ જાય છે. આહાહા..! આવી વાતું છે, ભાઈ! ભાષા કેવી છે, જુઓને! **'जैं दिट्ठें तुट्टंति लहु कम्मइँ पुव्व-कियाइँ'** આહાહા..! છે ને? એનો અર્થ એમ કર્યો. સંસ્કૃત છાયા છે ને? **'येन दृष्टेन'** એમ સંસ્કૃતનો અર્થ કર્યો છે. મૂળ પાઠનો નહિ. સંસ્કૃત છે એનો શબ્દાર્થ કર્યો છે. નહિતર શબ્દ તો **'जैं दिट्ठें तुट्टंति लहु कम्मइँ पुव्व-कियाइँ'** જેને દેખવાથી કર્મ નાશ થઈ જાય અલ્પ કાળમાં, એવા કર્મ પૂર્વે જે કર્યા હતા તે. આહાહા..!

**'सो परु जाणहि'** એ પરમાત્માને જાણ. **'जोइया देहि वसंतु ण काइ'** આહાહા..! **'નિજ સ્વરૂપ દેખનેસે હી નાશ હો જાતે હૈં, ઉસ સદાનંદરૂપ પરમાત્માકો દેહમેં બસતે હુએ ભી...'** આહાહા..! ભગવાન તારી સમીપે તું પોતે છો ને. આહાહા..! **'દેખનેસે હી નાશ હો જાતે હૈં, ઉસ સદાનંદરૂપ પરમાત્માકો દેહમેં બસતે હુએ ભી હે યોગી...'** **'किं न जानासि'** તું ત્યાં છો એને કેમ જાણતો નથી? અને આ નથી તારામાં એને જાણવા રોકાય ગયો, કહે છે. સમજાય છે કાંઈ? આવું છે. વ્યવહારીઓને એવું લાગે આ. વ્યવહારનો લોપ કરે છે એમ કહે. બાપા! વ્યવહારનો લોપ થાય ત્યારે જ નિશ્ચય થાય છે. 'કેસરલાલજી'! આ કેસર છે, કેસર. આહાહા..! કેસરના છાંટા નાખે છે. શું ભાષા પાઠ છે! આહાહા..!

**'जैं दिट्ठें तुट्टंति लहु कम्मइँ पुव्व-कियाइँ'** આહાહા..! **'लहु'** એટલે શીઘ્ર. **'सो परु जाणहि'** એ પરમાત્માને **'जोइया देहि वसंतु ण काइ'** દેહમાં પડ્યો છે એને તું જોતો નથી.

આહાહા..! આ તો મંત્રો છે, ભાઈ! વાદવિવાદ કર્યે તો પાર આવે એવું નથી. નિમિત્તથી થાય, નિમિત્તથી થાય કહો કે વ્યવહારથી થાય, બધી એક જ વાત છે. એક જ વાત છે, ભાઈ! કોઈ વખતે નિમિત્તથી થાય અને કોઈ વખતે ઉપાદાનથી થાય, કોઈ વખતે વ્યવહારથી થાય, કોઈ વખતે નિશ્ચયથી થાય. ભાઈ! એમ નથી, હોં! આહાહા..! એક જ વખતે તું ભગવાનને સમ્યગ્જ્ઞાન નેત્ર દ્વારા જોતાં પૂર્વના બાંધેલા કર્મો તૂટી જશે. બીજી કોઈ રીત નથી. આહાહા..! આવું છે ભગવાન. '**हे योगीन तू क्यों नहीं जानता?**' ભાવાર્થ કહેઈ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, જયેષ્ઠ વદ ૧૧, બુધવાર
## તા. ૨૩-૦૬-૧૯૭૬, ગાથા-૨૭-૨૮, પ્રવચન નં. ૧૬

'પરમાત્મપ્રકાશ' ૨૭મી ગાથા. ફરીને થોડું લઈએ છીએ. શબ્દાર્થ છે ને શબ્દાર્થ? '**येन दृष्टेन लघु पूर्वकृतानि कर्माणि त्रुटयन्ति**' જેને દેખવાથી-ભગવાન પરમાત્મસ્વરૂપ પોતે છે એને દેખવાથી '**लघु शीघ्र ही पूर्वकृतानि**' એનો અર્થ જરી કર્યો છે. '**परमात्मनः प्रतिबन्धकानि**' એટલે નિમિત્ત છે ને? '**निर्वाणके रोकनेवाले पूर्व उपार्जित कर्म चूर्ण हो जाते हैं,...**' '**येन दृष्टेन**' જે વસ્તુ ભગવાન પરમાત્મસ્વરૂપ દેહથી ભિન્ન બિરાજે છે, જેને દેખવાથી પૂર્વના અજ્ઞાન ભાવે બંધાયેલા કર્મો એ તૂટે છે. સમજાણું કાંઈ? '**येन दृष्टेन**' એમ છે ને? '**जँ दिट्ठें**' સંસ્કૃતમાં '**येन दृष्टेन**' જેને દેખવાથી-ભગવાન પરમાત્મસ્વરૂપ, એને દેખવાથી એટલે નિર્વિકલ્પ શાંત પરિણતિ દ્વારા તેને દેખવાથી. આહાહા..! આવી વાત છે. છે ને?

'**सदा आनंदरूप वीतराग निर्विकल्प समाधिस्वरूप निर्मल नेत्रोंकर देखनेसे...**' આહાહા..! સદા આનંદરૂપ વીતરાગ. આ વર્તમાન પરિણતિની વાત છે, હોં! વસ્તુ છે એ પરમાત્મસ્વરૂપ છે. તેને દેખનારી પરિણતિ-અવસ્થા સદા આનંદરૂપ વીતરાગ છે. એવી નિર્વિકલ્પ સમાધિ. રાગ વિનાની દશા એટલે કે શાંતિ સમાધિ, એવા સ્વરૂપ નિર્મળ નેત્ર. આહાહા..! પૂર્ણ પરમાત્મ સ્વભાવને નિર્મળ નેત્ર દ્વારા. નિર્મળ નેત્ર એટલે? સ્વસન્મુખની નિર્વિકલ્પ શાંતિરૂપી સમ્યક્ નેત્રથી જોતાં. આહાહા..!

'**पूर्वकृतानि लघु कर्माणि त्रुटयन्ति**' આહાહા..! પૂર્વે જે અજ્ઞાનભાવથી ઉપાર્જેલા કર્મો (છે) એ શીઘ્ર ચૂર્ણ થઈ જાય છે. આહાહા..! '**पूर्वकृतानि**' નો અર્થ એવો કર્યો છે. '**पूर्वकृतानि**'નો અર્થ રોકવાવાળા. નિમિત્તથી કથન છે. '**प्रतिबन्धकानि**' છે ને? '**परमात्मनः प्रतिबन्धकानि**' આહાહા..!

એથી તો વાત છંછેડી. પ્રતિબંધ. એ શબ્દ છે આમાં. એનો અર્થ શું પણ? પોતે જે ઊલટી પરિણતિ કરી છે એ એને પ્રતિબંધ છે. કર્મ તો નિમિત્તરૂપે છે. ઊલટી પરિણતિ જે

સ્વભાવના ભાન વિના વિપરીત પરિણતિ જે કરી છે તે રુકાવટ છે. એને અંતર નિર્મળ પરિણતિ દ્વારા શુદ્ધ પરમાત્માને જોતા તે અશુદ્ધ પરિણતિ છૂટી જાય છે. વાત એમ છે. કર્મ તો જડ છે. જડને છૂટવું કે તૂટવું એ કંઈ આત્માના અધિકારની વાત નથી.

મુમુક્ષુ :- નિમિત્તને માનતા નથી.

ઉત્તર :- કીધું નહિ? નિમિત્ત તો હોય. આહાહા..! નિમિત્ત કઈ ક્ષણે નથી? અને કયે ક્ષણે ઉપાદાનનું કાર્ય સ્વતંત્ર થતું નથી?

મુમુક્ષુ :- પ્રતિબંધક માનો તો માનો કહેવાય.

ઉત્તર :- પ્રતિબંધ કોને કહે છે? એ કાલે નહોતું કહ્યું? 'પંચાસ્તિકાય'નું, નહિ? ૧૬૩ ગાથા. પોતે વિષયની મર્યાદામાં અટકે છે એ પ્રતિબદ્ધ છે. છે? 'પંચાસ્તિકાય'. **'ખરેખર સૌખ્યનું કારણ સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ છે.'** આ પ્રતિકૂળતા અને પ્રતિબંધની વ્યાખ્યા, પંડિતજી! ખરેખર સૌખ્યનું કારણ-આત્માના આનંદનું કારણ સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ (છે). 'પ્રતિકૂળતા, વિરુદ્ધતા, વિપરીતતા, ઊલટાપણું.' **'આત્માનો સ્વભાવ ખરેખર દશિ-જ્ઞપ્તિ (દર્શન અને જ્ઞાન) છે. તે બંનેને વિષયપ્રતિબંધ હોવો તે 'પ્રતિકૂળતા' છે.'** વિષયમાં રુકાવટ કરે છે. મર્યાદિત-રોકે છે તે સ્વભાવની પ્રતિકૂળતા છે. આહાહા..! શું કહ્યું એ? પોતાની પર્યાય અલ્પ વિષયમાં રોકે છે તે રુકાવટ છે. આવી વાત છે, ભાઈ! જેને જોનારની પર્યાય જેની છે એને જોવા રોકાતો નથી અને પરના વિષયમાં જોવા રોકાય છે એ જ એની પ્રતિકૂળતા અને પ્રતિબંધ છે. ભાઈ!

ભગવાનઆત્મા **'येन दृष्टेन'** કહ્યું છે ને? આહાહા..! શુદ્ધાનંદ પરમાત્મસ્વરૂપ પ્રભુ, એને જે નિર્મળ શાંતિની અકષાયની, સમાધિની પરિણતિ દ્વારા નિર્મળ નેત્ર દ્વારા જોવો જોઈએ, એને ન જોતાં બહારના વિષયોને (જોવામાં) અલ્પ વિષયમાં પર્યાયને રોકે છે એ જ એની રુકાવટ છે. બરાબર છે? આહાહા..! બંનેને વિષય પ્રતિબદ્ધ હોવો તે પ્રતિકૂળતા છે. આહાહા..! **'મોક્ષમાં ખરેખર આત્મા સર્વને જાણતો અને દેખતો હોવાથી તેનો અભાવ હોય છે.'** અલ્પપણામાં જે અટકતો તેનો મોક્ષમાં અભાવ છે. આહાહા..! આવી વાત છે.

**'અર્થાત્ સમ્યગ્જ્ઞાનકે અભાવસે (અજ્ઞાનસે) જો પહલે શુભ અશુભ કર્મ કમાયે થે, વે નિજસ્વરૂપકે દેખનેસે હી નાશ હો જાતે હૈં,...'** આહાહા..! પર સ્વરૂપમાં એકલો દેખવાથી અટકેલો હતો અને એને લઈને કર્મ ઉપર્જ્યું એ તો પરવસ્તુ છે. સમજાણું કાંઈ? પોતાના સ્વરૂપને ન જોતાં પર તરફના વિષયની અલ્પતામાં જ્ઞાનને રોકીને જે પ્રતિબદ્ધ હતો, તે **'येन दृष्टेन'** એ ભગવાનઆત્માને જોવાથી તે પ્રતિબદ્ધનો નાશ થઈ જાય છે. આવું છે આ. છે? **'નિજસ્વરૂપકે દેખનેસે હી...'** આહાહા..! જ્ઞાનને અલ્પ વિષયમાં-પરમાં રોકેલું હતું, એ જ્ઞાનની પરિણતિએ પૂર્ણાનંદના નાથને જોયો, એ તરફ દશા ઢળી એટલે પ્રતિબદ્ધના જે કારણ હતા એનો નાશ થાય છે. આહાહા..! આવી વાતું ઝીણી બહુ, બાપુ! આ તો પરમાત્માના ઘરની વાત, ભાઈ! આમાં... આહાહા..!

કહે છે, જુઓ! **'ઉસ સદાનંદરૂપ પરમાત્માકો દેહમેં બસતે હુએ ભી...'** **'तं परं'**

પરમાત્મા. પરમ સ્વરૂપ ભગવાન પૂર્ણ આનંદ, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ શાંતિ એવો જે પરમાત્મા એ પરમ્. આહાહા..! એવા પરમ પરમાત્માને '**સદાનંદરૂપ પરમાત્માકો...**' આહાહા..! પહેલું લીધું હતું કે સદાનંદરૂપ વીતરાગની સમાધિ. એ પરિણતિ-પર્યાય લીધી હતી. સદા આનંદરૂપ વીતરાગ નિર્વિકલ્પ સમાધિથી જો. હવે એ પોતે કેવો છે? સદાનંદરૂપ પરમાત્મા પોતે છે. આહાહા..! સદાનંદરૂપ ભગવાનઆત્મા ત્રિકાળ આનંદરૂપ છે. એને આનંદની પરિણતિ દ્વારા, શાંતિ દ્વારા જો. ત્યાં જો. એને ભગવાનને જો. આહાહા..! ભગવાનને ભાળ. આવી વાત છે.

'**દેહમેં બસતે હુએ હે યોગી...**' આહાહા..! સદાનંદસ્વરૂપ ભગવાન ત્યાં અંદર પ્રભુ બિરાજે છે ને. આહા..! દેહમાં ભિન્ન બિરાજે છે. એમાં વસેલાને તું કેમ જોતો નથી? એવી વસેલી વસ્તુને કેમ જોતો નથી? એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે. '**ઉસ સદાનંદરૂપ પરમાત્માકો...**' '**देहे वसन्तं**' શરીરના રજકણની જોડે ભિન્ન પ્રભુ બિરાજે છે. આહાહા..! એને '**હે યોગી...**' '**किं न जानासि**' આહાહા..! જાણનારને કેમ જાણતો નથી? એમ કહે છે. અને બીજી ચીજ જણાય ત્યાં રોકાય ગયો છો, ભાઈ! આહાહા..! જાણનારો એને તું જાણતો નથી અને જે જણાવા લાયક પરવસ્તુ છે ત્યાં રોકાય ગયો છો. આહાહા..! અને તે ભગવાન બિરાજે છે. સાક્ષાત્ પ્રભુ છે. આહા..! એને '**તૂ ક્યોં નહીં જાનતા**?' આહાહા..! શું ગાથા છે! આ વસ્તુસ્થિતિ એવી છે, ભાઈ! આ કોઈ વાદવિવાદે પાર પડે એવું નથી. વસ્તુની મર્યાદા છે એ રીતે જાણે તો ખબર પડે. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :-** '**તૂ ક્યોં નહીં જાનતા**?' પ્રભુ પરમાત્મા છે ને એની સામે કેમ જોતો નથી? આહાહા..! મોટો પુરુષ મળવા આવ્યો હોય અને એની સામું ન જોતા બાળકની સાથે વાત કરવા રોકાય જાય. આહાહા..! છોકરો આવ્યો બે વર્ષનો-ચાર વર્ષનો. બાપુ! આમ. બાપુ! આમ. પણ ઓલો મોટો મળવા આવ્યો એની સામું તો જોતો નથી અને આની સાથે રોકાઈ ગયો. આહાહા..! એમ પરમાત્મા પૂર્ણાનંદનો નાથ, જેને મળવા જેવું છે ત્યાં મળતો નથી. અને મળવા જેવું નથી ત્યાં રોકાઈ ગયો, આમને આ ને આ ને આ... એ ભૂલ તારી છે, પ્રભુ! આહાહા..! એ ભૂલ કોઈએ કરાવી છે એમ નથી.

મુમુક્ષુ :- આ ભૂલ નાની છે કે મોટી?

ઉત્તર :- આ મોટી ભૂલ છે નિગોદમાં જવાની. અને ઓલી પરમાત્મામાં જવાની.

'**જિસકે જાનનેસે કર્મ-કલંક દૂર હો જાતે હૈં વહ આત્મા શરીરમેં નિવાસ કરતા હુઆ ભી...**' આહાહા..! ભગવાન પોતાનું અસ્તિત્વ શરીરમાં રાખતો હોવા છતાં શરીરથી ભિન્ન અસ્તિત્વ રહે છે. સમજાણું કાંઈ? '**શરીરમેં નિવાસ કરતા હુઆ ભી...**' ક્ષેત્રમાં જાણે શરીરમાં રહ્યો હોય એમ કહેવા છતાં '**દેહરૂપ નહીં હોતા,...**' શરીરરૂપે થયો નથી. એ તો પોતાના આનંદસ્વરૂપે પ્રભુ રહ્યો છે. આહાહા..! '**શરીરમેં નિવાસ કરતા હુઆ ભી દેહરૂપ નહીં હોતા, ઉસકો તૂ અચ્છી તરહ પહચાન...**' આહાહા..! માથે કીધું હતું ઈ નિર્વિકલ્પ હતું. આહાહા..! ભૂતાર્થ ભગવાન પરમાત્મા છે એને તું જો. બાકી બહારને જોઈ જોઈને તો અનંત વખત ગાળ્યો તેં, પ્રભુ! આહાહા..! જે ચીજ તારામાં નથી તેને જોવાને વખત પ્રભુ તેં

ગાળ્યો. જે ચીજ તારામાં છે એને જોવાને તેં વખત ન લીધો. આહાહા..! વીતરાગ માર્ગ એવો બાપુ છે. આહાહા..! વસ્તુ એવી છે. ઓહોહો..!

**'ઉસકો તૂં અચ્છી તરહ પહચાન ઔર દૂસરે અનેક પ્રપંચોં** (ઝગડો)**કો તો જાનતા હૈ,...'** જુઓ ભાષા! આહાહા..! પરને, શરીરને, દેશને, કુટુંબને, આને ને તેને.. આહાહા..! એ બધા પ્રપંચો પર છે એને જાણવામાં રોકાય છે. આહાહા..! **'અપને સ્વરૂપકી તરફ ક્યોં નહીં દેખતા?'** સમજાય છે કાંઈ? આહાહા..! એકલો પરપ્રકાશમાં રોકાઈ ગયો છે, એમ કહે છે. સ્વપ્રકાશ રહી ગયો આખો. સમજાણું કાંઈ? વીતરાગ માર્ગ, બાપા! અનંત પુરુષાર્થ માગે છે. એ કાંઈ સાધારણ વાત નથી. આહાહા..! જેની દિશા પલટાવી નાખવાની છે, એમ કહે છે. જે જ્ઞાન તે પરના પ્રપંચના ઝઘડાને જાણવા રોકાણું છે... આહાહા..! પ્રભુ! એ જ્ઞાનને અંતરમાં વાળ. ત્યાં ભગવાન બિરાજે છે. આહાહા..! કહો, 'સુજાનમલજી'! આવી વાત છે.

બીજી રીતે કહ્યું કે જ્ઞાનની પર્યાય પરને જાણવા રોકાણી પરપ્રકાશકમાં, પણ સ્વપ્રકાશ રહી ગયો અંદર. આહાહા..! જેને જાણવામાં સ્વપ્રકાશ પ્રગટે છે. અને એ સ્વપ્રકાશમાં પછી પરનું જાણવું થાય એ તો સ્વપરપ્રકાશક પોતાનો સ્વભાવ છે. આહાહા..! આ 'પંચાધ્યાયી'માં નથી કહ્યું? હે મહાપ્રજ્ઞ! જાણવાનો તો સ્વભાવ છે માટે પરને જાણવું એ કાંઈ નુકસાનકારક નથી.

મુમુક્ષુ :- .. સ્વ અને પરને...

ઉત્તર :- જાણે છે. એ છે 'પંચાધ્યાયી'માં. એ ચર્ચા પહેલા બહુ ચાલી હતી. (સંવત) ૧૯૯૦ની સાલ. ત્યાં 'વીરજીભાઈ' સાથે વાત ચાલતી હતી, 'રાજકોટ'. જ્ઞાન છે એ તો પ્રજ્ઞાબ્રહ્મ ભગવાન જાણે. બધું જાણવું એ કાંઈ નુકસાનનું કારણ નથી. પણ એ જાણવામાં સ્વપ્રકાશક ક્યારે પરને જાણે? એ એનું સ્વપરપ્રકાશક ત્યારે સિદ્ધ થાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ... પરને જાણીને પરને છોડવાનો...

ઉત્તર :- એ તો સ્વને જાણ્યા પછી પરને જાણવાનું તો એનું સ્વરૂપ જ છે. કેવળજ્ઞાની બધાને જાણે છે કે નહિ? પણ એ તો સ્વને જાણતા એનો સ્વભાવ સ્વપરપ્રકાશવું કાર્ય છે એથી તે પ્રકાશે છે. પણ એકલા પરને પ્રકાશવા જતાં પરપ્રકાશક ભાવ એ એનો સ્વભાવ નથી એકલો. આહાહા..! સમજાણું કાંઈ? 'કેશવલાલજી'! આવું છે. આહા..!

જે ત્રિકાળી પરમાત્મસ્વરૂપ છે અને તે દેહથી ભિન્ન ત્યાં રહેલું તત્ત્વ છે અંદર. એ કાંઈ બહાર જોવા જાય એવું નથી. આહાહા..! એવો જે ભગવાન એને તું કેમ જાણતો નથી, ભાઈ! આહાહા..! છે? **'ઉસકો તૂ અચ્છી તરહ પહચાન...'** આહાહા..! ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ પૂર્ણ આનંદને ભલી રીતે એટલે સ્વસન્મુખ થઈને નિર્વિકલ્પ શાંતિ દ્વારા તેને જાણ. આહાહા..! આવો માર્ગ (છે).

**'ઔર દૂસરે અનેક પ્રપંચોં** (ઝગડોં)**કો તો જાનતા હૈ;...'** અરે..! શાસ્ત્રના જાણપણા અને પરના એકલા (જાણપણા), ઝઘડો છે કહે છે. આહાહા..! એના એને અભિમાન થઈ જાય પછી તો. આહાહા..! અમને આવડે છે અને અમે આ. અરે..! પ્રભુ! ભાઈ! એ તારા

મારગડા... બાપા! સ્વ-પરમાત્માને જાણતા એ તરફ-'**સ્વરૂપકી તરફ ક્યોં નહીં દેખતા? વહ નિજ સ્વરૂપ હી ઉપાદેય હૈ,...**' ખરેખર તો જાણવાલાયક એક જ ચીજ છે, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? 'પરમાત્મપ્રકાશ' 'યોગીન્દ્રદેવ'. આહાહા..!

દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ થયા એની તો વાત એક કોર મૂકી દીધી. પણ આ તો પરને જાણવામાં રોકાવું એ પ્રતિબંધ છે, રોકાઈ ગયો, એમ કહે છે. શું કીધું? કે દયા, દાન,વ્રત, ભક્તિથી જીવને લાભ થાય એ તો ક્યાંય વાત રહી ગઈ. એ તો રાગ છે. આહાહા..! પ્રભુ! આત્મામાં રાગ નથી. એને જાણવા માટે તો રાગરહિતની પરિણતિ કામ કરે. એ ૨૮મી ગાથામાં કહેશે. પણ અહીં તો જ્ઞાનનો પર્યાય જેનો છે તેને જાણ્યા વિના એ પર્યાય પરને જાણવામાં એકલી રોકાયેલી (છે), પ્રભુ! આહાહા..! અને ઝઘડો ઊભો થયો ત્યાં. અગિયાર અંગ જાણ્યા, નવ પૂર્વ જાણ્યા. આહાહા..!

મુમુક્ષુ :- એટલે પોતે રહી ગયો.

ઉત્તર :- પોતે રહી ગયો જાણવાલાયક હતો. આહાહા..! કહો, 'દેવજીભાઈ'!

'**વહ નિજ સ્વરૂપ હી ઉપાદેય હૈ, અન્ય કોઈ નહીં હૈ.**' જુઓ! આહાહા..!

તાત્પર્ય મૂકે ને? તાત્પર્ય છે ને છેલ્લો. ભાવાર્થ મૂકે છે ને. શબ્દાર્થ, આગમાર્થ, નયાર્થ, મતાર્થ, ભાવાર્થ. પાંચ બોલ છે ને? દરેકમાં પાંચ છે. એમાં ભાવાર્થ મૂકી દે છે. આહાહા..! ૨૭ થઈ.

---

**अथ ऊर्ध्वं प्रक्षेपपञ्चकं कथयन्ति। तद्यथा –**

**२८) जित्थु ण इंदिय–सुह–दुहइँ जित्थु ण मण–वावारु।**
**सो अप्पा मुणि जीव तुहुँ अण्णु परिं अवहारु।।२८।।**

यत्र नेन्द्रियसुखदुःखानि यत्र न मनोव्यापारः।
तं आत्मानं मन्यस्व जीव त्वं अन्यत्परमपहर।।२८।।

**जित्थु ण इंदियसुहदुहइं जित्थु ण मणवावारु यत्र शुद्धात्मस्वरूपे न सन्ति न विद्यन्ते। कानि। अनाकुलत्वलक्षणपारमार्थिकसौख्यविपरीतान्याकुलत्वोत्पादकानीन्द्रियसुखदुःखानि यत्र च निर्विकल्पपरमात्मनो विलक्षणः संकल्पविकल्परूपो मनोव्यापारो नास्ति। सो अप्पा मुणि जीव तुहुं अण्णु परिं अवहारु तं पूर्वोक्तलक्षणं स्वशुद्धात्मानं मन्यस्व नित्यानन्दैकरूपं वीतरागनिर्विकल्पसमाधौ स्थित्वा जानीहि हे जीव, त्वम् अन्यत्परमात्मस्वभावाद्विपरीतं पञ्चेन्द्रियविषयस्वरूपादिविभावसमूहं परस्मिन् दूरे सर्वप्रकारेणापहर त्यजेति तात्पर्यार्थः। निर्विकल्पसमाधौ सर्वत्र वीतरागविशेषणं किमर्थं कृततं इति पूर्वपक्षः। परिहारमाह। यत एव हेतोः वीतरागस्तत एव निर्विकल्प इति हेतुहेतुमद्भावज्ञापनार्थम्, अथवा ये सरागिणोऽपि सन्तो वयं निर्विकल्पसमाधिस्था इति वदन्ति तन्निषेधार्थम्, अथवा श्वेतशङ्ख वत्स्वरूपविशेषणमिदम् इति परिहारत्रयं निर्दोषिपरमात्मशब्दादिपूर्वपक्षेऽपि योजनीयम् ।।२८।।**

इससे आगे पाँच प्रक्षेपकों द्वारा आत्मा ही का कथन करते हैं –

**गाथा – २८**

अन्वयार्थ :– [ यत्र ] जिस शुद्ध आत्मस्वभावमें [ इन्द्रियसुखदुःखानि ] आकुलता रहित अतीन्द्रियसुखसे विपरीत जो आकुलताके उत्पन्न करनेवाले इन्द्रियजनित सुख–दुःख [ न ] नहीं हैं, [ यत्र ] जिसमें [ मनोव्यापारः ] संकल्प–विकल्परूप मनका व्यापार भी [ न ] नहीं है, अर्थात् विकल्प रहित परमात्मासे व्यापार जुदे हैं, [ तं ] उस पूर्वोक्त लक्षणावालेको [ हे जीव त्वं ] हे जीव, तू [ आत्मानं ] आत्माराम [ मन्यस्व ] मान, [ अन्यत्परम् ] अन्य सब विभावोंको [ अपहर ] छोड़।

भावार्थ :– ज्ञानानन्दस्वरूप निज शुद्धात्माको निर्विकल्पसमाधिमें स्थिर होकर जान, अन्य परमात्मस्वभावसे विपरीत पाँच इन्द्रियोंके विषय आदि सब विकार परिणामोंको दूरसे ही त्याग, उनका सर्वथा ही त्याग कर। यहाँ पर किसी शिष्यने प्रश्न किया कि निर्विकल्पसमाधिमें सब जगह वीतराग विशेषण क्यों कहा है? उसका उत्तर कहते हैं – जहाँ पर वीतरागता है, वहीं निर्विकल्पसमाधिपना है, इस रहस्यको समझानेके लिये अथवा जो रागी हुए कहते हैं कि हम निर्विकल्पसमाधिमें स्थित हैं, उनके निषेधके लिये वीतरागता सहित निर्विकल्पसमाधिका कथन किया गया है, अथवा सफेद शंखकी तरह स्वरूप प्रगट करनेके लिये कहा गया है, अर्थात् जो शंख होगा वह श्वेत ही होगा, उसी प्रकार जो निर्विकल्पसमाधि होगी, वह वीतरागतारूप ही होगी।।२८।।

---

ત્યાર પછી પાંચ પ્રક્ષેપકોને કહે છે. તે આ પ્રમાણે :

ભાવાર્થ :- જે શુદ્ધાત્મસ્વરૂપમાં અનાકુળતા જેનું લક્ષણ છે એવા પારમાર્થિક સુખથી વિપરીત, આકુળતાને ઉત્પન્ન કરનાર, ઈન્દ્રિયજનિત સુખ-દુઃખ નથી અને જે શુદ્ધાત્મસ્વરૂપમાં નિર્વિકલ્પ પરમાત્માથી વિલક્ષણ, સંકલ્પ-વિકલ્પરૂપ મનોવ્યાપાર નથી તે નિજ શુદ્ધાત્માને હે જીવ! તું જાણ-નિત્યાનંદ જેનું એક રૂપ છે એવી વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત થઈને જાણ, પરમાત્મસ્વભાવથી વિપરીત, પાંચ ઈન્દ્રિયોના વિષયસ્વરૂપ આદિ અન્ય વિભાવસમૂહને દૂરથી જ સર્વ પ્રકારે છોડ. એ તાત્પયાર્થ છે.

પૂર્વપક્ષ :- નિર્વિકલ્પ સમાધિમાં સર્વત્ર 'વીતરાગ' વિશેષણ શા માટે લગાડવામાં આવ્યું છે?

તેનું સમાધાન :- વીતરાગ હોવાના કારણે જ તે નિર્વિકલ્પ છે એમ કારણ ને કાર્યપણું જણાવવા માટે (કારણ કે તે વીતરાગ છે તેથી જ તે નિર્વિકલ્પ છે એમ [1]હેતુ-હેતુમાનનો ભાવ જણાવવા માટે.); અથવા પોતે સરાગી હોવા છતાં પણ અમે નિર્વિકલ્પ સમાધિમાં રહીએ છીએ એમ જેઓ કહે છે તેમના નિષેધ અર્થે; અથવા શ્વેતશંખની જેમ

---

૧. વીતરાગપણું હેતુ છે, નિર્વિકલ્પપણું હેતુમાન કાર્ય છે.

**આ સ્વરૂપવિશેષણ છે એમ સમજવા માટે, (જેમ શંખ છે તે શ્વેત જ હોય છે તેમ જે નિર્વિકલ્પ સમાધિ હોય છે તે વીતરાગ રૂપ જ હોય છે, એ રીતે સ્વરૂપ પ્રગટ કરવા માટે) 'વીતરાગ' એવું વિશેષણ મૂકવાનો હેતુ છે.**

**એ રીતે ત્રણ પરિહારને નિર્દોષ પરમાત્મા વગેરે શબ્દના પૂર્વપક્ષમાં પણ યોજવા જોઈએ. ૨૮.**

## ગાથા-૨૮ ઉપર પ્રવચન

૨૮. '**આગે પાંચ પ્રક્ષેપકોં દ્વારા આત્મા હી કા કથન કરતે હૈં –**' પ્રક્ષેપ ગાથા છે પાંચ, એમ કહે છે.

**૨૮) जित्थु ण इंदिय–सुह–दुहइँ जित्थु ण मण–वावारु।**
**सो अप्पा मुणि जीव तुहुँ अण्णु परिं अवहारु।।२८।।**

**અન્વયાર્થ :–** આહાહા..! '**જિસ શુદ્ધ આત્મસ્વભાવમેં...**' ભગવાનઆત્મા શુદ્ધ જ્ઞાનસ્વભાવમય જ્ઞાયકસ્વભાવમાં '**આકુલતા રહિત અતીન્દ્રિયસુખસે વિપરીત જો આકુલતાકે ઉત્પન્ન કરનેવાલે ઈન્દ્રિયજનિત સુખ દુઃખ નહીં હૈ,...**' આહાહા..! ઈન્દ્રિયજનિત સુખ-દુઃખ ભગવાનઆત્મામાં નથી. બહારની મીઠાશમાં જે દેખાય ને. પ્રેમ ને રાગ ને એ બધો સુખ-દુઃખનો ભાવ ભગવાનમાં નથી. આહાહા..! અતીન્દ્રિય સુખથી વિપરીત એવા ઈન્દ્રિય સુખની કલ્પના એ વસ્તુમાં નથી. આહાહા..! એથી પહેલું એમ લીધું, જુઓને! '**इन्द्रियसुखदुःखानि**' કહેવું છે ત્યાં આમ લીધું. '**આકુલતા રહિત અતીન્દ્રિયસુખસે વિપરીત...**' આહાહા..! '**આકુલતાકે ઉત્પન્ન કરનેવાલે ઈન્દ્રિયજનિત સુખ દુઃખ...**' ઈન્દ્રિયજનિત સુખ તો આકુળતાના ઉત્પન્ન કરનારા છે. સમજાણું કાંઈ?

પાંચ ઈન્દ્રિય તરફના પ્રેમથી ઉત્પન્ન થયેલો ભાવ એ બધો આકુળતા ઉત્પન્ન કરનાર છે. ભગવાન આનંદસ્વરૂપના પ્રેમથી ઉત્પન્ન થયેલો ભાવ અતીન્દ્રિય આનંદને પ્રાપ્ત કરાવે છે. આહા..! મોઘું પડે એટલે માણસને... એ '**અતીન્દ્રિયસુખસે વિપરીત જો આકુલતાકે ઉત્પન્ન કરનેવાલે...**' આહાહા..! વિષયોના લક્ષમાં જતી વિકલ્પદશા એ બધી દુઃખરૂપ આકુળતા ઉત્પન્ન કરે છે. આહા..!

'**સુખ દુઃખ નહીં હૈ,...**' આત્મામાં એ વસ્તુ છે નહિ. આહાહા..! પરને લક્ષે ઉત્પન્ન થયેલી ઈન્દ્રિય વિષયના સુખ દુઃખની કલ્પના, ભગવાનઆત્મામાં એનો અભાવ છે. એવા આત્માને તું જો. આહાહા..! એવા આત્માને તું જોવા જા અંદર. ભગવાન બિરાજે છે ને પ્રભુ, કહે છે. આહાહા..! 'નજરને આળસે રે મેં નયણે ન નિરખ્યા હરિ.' 'નયણને આળસે નિરખ્યા...' ભગવાન બિરાજે છે એને તેં જોયા નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આ મડદા, હાડકા, ચામડા, માંસ એને જોવા પ્રેમથી રોકાણો. એ પ્રેમ એ સુખ-દુઃખની કલ્પના

ને આકુળતા છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**જિસમેં...**' '**मनोव्यापारः**' આહાહા..! '**સંકલ્પ-વિકલ્પરૂપ મનકા વ્યાપાર ભી નહીં હૈ,...**' આહાહા..! સંકલ્પ-વિકલ્પની વ્યાખ્યા આપણે આવી ગઈ છે. એ જેમાં નથી. પૂર્ણાનંદ પ્રભુ. અનાકુળ આનંદનો નાથ સદાનંદ પ્રભુ, એમાં મનના સંકલ્પ-વિકલ્પનો અભાવ છે. '**વિકલ્પ રહિત પરમાત્માસે વ્યાપાર જુદે હૈં,...**' ખુલાસો કર્યો. એમ પહેલું કહ્યું હતું ને? '**આકુલતા રહિત અતીન્દ્રિયસુખસે વિપરીત...**' ઇન્દ્રિયના સુખ-દુઃખ. એમ વિકલ્પ રહિત ભગવાનઆત્મામાં મનનો વ્યાપાર જુદો છે. આહાહા..!

'**ઉસ પૂર્વોક્ત લક્ષણવાલેકો હે જીવ, તૂ આત્મારામ માન,...**' આહાહા..! મનના સંકલ્પ-વિકલ્પથી જુદો પ્રભુ, એને તું આત્મારામ જાણ. આહાહા..! નિશ્ચયની વાતું લોકોને એવી લાગે ને. વસ્તુ જ આ છે, ભાઈ! '**આત્મારામ માન,...**' આહાહા..! '**અન્ય સબ વિભાવોંકો છોડ.**' બધા વિકલ્પોની જાત... આહાહા..! એને છોડ.

'**ભાવાર્થ :- જ્ઞાનાનન્દસ્વરૂપ નિજ શુદ્ધાત્માકો...**' પહેલી વ્યાખ્યા કરી કે આત્મા કેવો છે. '**જ્ઞાનાનંદસ્વરૂપ નિજ શુદ્ધાત્મા...**' એ તો જ્ઞાન ને આનંદસ્વરૂપી ભગવાન છે. જ્ઞાન અને આનંદ જેનો સ્વભાવ ત્રિકાળ છે એ આત્મા. આહાહા..! '**નિર્વિકલ્પસમાધિમેં સ્થિર હોકર જાન,...**' કષાયના વિકલ્પથી રહિત અકષાયની સમાધિ, અકષાયની શાંતિ. આહાહા..! સમાધિ એટલે શાંતિ. અકષાયની શાંતિ વડે સદાનંદ ભગવાનને જાણ. આહાહા..! સમજાણું કાંઈ? એ સંકલ્પ-વિકલ્પથી ભિન્ન પ્રભુ છે. તેથી તેને જાણવામાં સંકલ્પ-વિકલ્પના કષાયથી રહિત અને નિર્વિકલ્પ કષાય રહિત એવી શાંતિ... આહાહા..! રાગ રહિત અને શાંતિ સહિત એવી સમાધિ એટલે શાંતિ એટલે દશા, એ દ્વારા જાણ એને. આહાહા..! આવું આકરું લાગે. વ્યવહારથી થાય... વ્યવહારથી થાય... એવા લોકોને (આ) આકરું લાગે.

કોણ ભેગા કરે, ભાઈ! આકરી વાત મૂકી ભાઈએ. ઉપાદાનવાદીઓ ઘોર નિમિત્તપરખ ઘોર નિમિત્તનો આશ્રય હંમેશા લે છે. અરે..! પ્રભુ! ભાઈ!

આ તો મને સમજાવો છો તો તમે વાણીનો-નિમિત્તનો આશ્રય લીધો કે નહિ? અરે..! પ્રભુ! એમ ન બોલ. આહા..! સિદ્ધાંત સત્ય શું છે? સત્યને સત્યપણે રાખ. બોલવાની ક્રિયા બોલવાથી થાય. એમાં આત્મા ક્યાં એને કરે છે? આહાહા..! અહીં તો સંકલ્પ-વિકલ્પનો કર્તા પણ આત્મા નથી, એનાથી જણાય એવો નથી. આહાહા..! પરમાનંદનો નાથ સદાનંદ પ્રભુ, આહાહા..! એમ આપ્યું છે ને? જુઓ!

'**જ્ઞાનાનંદસ્વરૂપ નિજ શુદ્ધાત્મા...**' ભગવાન પોતાનો પાછો. પર પરમેશ્વર અને વીતરાગની અહીં વાત નહિ. પરદ્રવ્યનું લક્ષ જશે તો એને રાગ થાશે. આહાહા..! '**જ્ઞાનાનંદસ્વરૂપ નિજ શુદ્ધાત્મા...**' એટલે તેથી વાત કરી. સમજાણું? આહાહા..! છે, જુઓ! '**नित्यानन्दैकरूपं वीतरागनिर्विकल्पसमाधौ स्थित्वा जानीहि**' નિત્યાનંદ લીધું છે. આહાહા..! પર તરફના વિકલ્પથી છૂટ અને સ્વ તરફની નિર્વિકલ્પ પરિણતિ દ્વારા ભગવાનને

જો. આહાહા..! માલ તો મૂક્યો છે ને. વસ્તુ તો આ છે.

**'જ્ઞાનાનંદસ્વરૂપ નિજ શુદ્ધાત્માકો નિર્વિકલ્પસમાધિમેં સ્થિર હોકર જાન,...'** એમ કહીને એમ કહે છે કે, વ્યવહારના વિકલ્પોથી તે જણાય એવો નથી. નિર્વિકલ્પ સમાધિની શાંતિથી જણાય એવો છે. આહાહા..! સમજાણું કાંઈ? એ તો વીતરાગ પરિણતિથી વીતરાગ સ્વરૂપ સદાનંદ જણાય એવો છે. વ્યવહારથી જણાય એવો નથી. આ લોકો કહે, વ્યવહાર પરંપરા મુક્તિનું કારણ. અરે..! પ્રભુ! શું છે? ખરેખર તો રાગ છે એ તો પરંપરા દુઃખનું કારણ છે. પણ જેને આત્માના આનંદનું ભાન થયું છે એને જે આ શુભરાગ આવ્યો, એમાં અશુભરાગ ઘટે છે અને પછી એને ટાળશે એથી પરંપરા એને આરોપ દેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ?

બાકી તો પંડિતો ઘણા આઘુ-પાછુ કરીને એની વાતને સ્થાપે. પણ વસ્તુ તો આ છે. એમ કહે છે, તમે આ બધા આવા મકાન બનાવ્યા. 'રામજીભાઈ'એ આ બધું કાંઈ કર્યું. કેટલા પુસ્તકો બનાવો છો તમે. તમે નિમિત્ત દ્વારા તો ઉપાદાન.. અરે..! પ્રભુ! કોણ બનાવે? ભાઈ! એમ કે તમે નિમિત્ત દ્વારા ઉપાદાનવાદીઓ ઘોર નિમિત્તનો આશ્રય લે છે. પ્રભુ! શાંત થા, ભાઈ! અને નિમિત્તો દ્વારા અને સવાર, બપોર, રાત દ્વારા ઉપાદાનને કહે છે, ઉપાદાનથી થાય. રાગ દ્વારા, કરે નિમિત્ત દ્વારા. એય..! ભગવાન! આમ ન હોય, બાપુ! આહાહા..! માની મશ્કરી ન હોય. સમજાણું કાંઈ? એવા સત્‌ની સ્થિતિ જ્યાં ઊભી થતી હોય ત્યાં નિમિત્ત હો. પણ એ દ્વારા સત્‌ને સિદ્ધ કરે છે એમ નથી. સમજાણું કાંઈ? આહાહા..!

**'અન્ય પરમાત્મસ્વભાવસે વિપરીત પાંચ ઇન્દ્રિયોંકે વિષય આદિ સબ વિકાર પરિણામોંકો દૂરસે હી ત્યાગ,...'** આહાહા..! ભગવાન અને ભગવાનની વાણી પણ ઇન્દ્રિયનો વિષય છે. આહાહા..! એને છોડ, કહે છે. ભગવાન પોતે એમ કહે છે. ભગવાન એમ પોતે કહે છે, અમારા તરફનું લક્ષ તું છોડ. અને તું ભગવાન અંદર છો ત્યાં જાને. આહાહા..! ભાઈ! તને ભરોસો નથી બેસતો. એક સમયની પર્યાયની વ્યક્તતામાં રોકાયેલો એ એક સમયની પર્યાયની પાછળ આખું આત્મદળ છે. આખો પરમાત્મા છે એ. પણ એક સમયની પર્યાયમાં જ એની રમતું લાગી છે અનાદિથી. એટલે એવી આખી વસ્તુ છે એની નજર ન કરી. આહાહા..!

જૈન સાધુ થયો. દિગંબર થયો. નવમી ગ્રૈવેયક છેલ્લે જાય એ તો દિગંબર મુનિ જાય. એવી જેની શુભક્રિયા અને શુભ વિકલ્પ શુક્લલેશ્યા. પણ એ કાંઈ આત્મા નહિ. એવા શુક્લ લેશ્યાથી પણ જે આત્મા મળ્યો નહિ. વ્યવહાર તો ઘણો (પાળ્યો). 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઊપજાયો' પણ એ વિકલ્પથી પ્રાપ્ત થાય એવી એ ચીજ નથી. એ તો નિર્વિકલ્પ વીતરાગ પરિણતિથી પ્રાપ્ત થાય એવો વીતરાગભાવ છે. એ લક્ષમાં લીધો નહિ અને આ ક્રિયાકાંડમાં રોકાઈને ઘૂંચાઈ ગયો. આહાહા..!

**'પરમાત્મસ્વભાવસે વિપરીત પાંચ ઇન્દ્રિયોંકે વિષય આદિ સબ વિકાર પરિણામોંકો દૂરસે હી ત્યાગ,...'** આહાહા..! એટલે કે એ થવા જ ન દે, એમ કહે છે. આહાહા..! **'ઉનકા**

**સર્વથા હી ત્યાગ કર.**' છે? છે ને પાઠ? '**सर्वप्रकारेणापहर**' છે ને? અપરિ સર્વ પ્રકારે અપહર તજ. આહાહા..! '**સર્વથા હી ત્યાગ કર.**' વીતરાગનો માર્ગ સ્યાદ્વાદ કથંચિત્ છે. સંકલ્પ-વિકલ્પ કથંચિત્ છોડવા અને કથંચિત્ આદરવા એમ હશે? એ સ્યાદ્વાદ હોય? આ લોકો એમ કહે છે. નિમિત્તથી પણ થાય અને ઉપાદાનથી પણ થાય એને સ્યાદ્વાદ કહે છે. અરે..! ભગવાન! આહાહા..!

'**યહાં પર કિસી શિષ્યને પ્રશ્ન કિયા કિ નિર્વિકલ્પસમાધિમેં સબ જગહ વીતરાગ વિશેષણ ક્યોં કહા હૈ?**' જ્યાં ત્યાં વીતરાગ સમાધિ, વીતરાગ પરિણતિ એવો વીતરાગ શબ્દ કેમ લગાવો છો? લોકોને એમ છે ને? કે આવી વીતરાગપણાની આઠમેથી જ પ્રાપ્તિ હોય. એ લોકો પણ અહીં તો પહેલેથી વીતરાગ સમાધિ પરિણતિ સમ્યગ્દર્શનની (થાય) એ વીતરાગ પરિણતિ છે. આહાહા..! સમ્યગ્દર્શન એ અરાગી પરિણતિ છે. સ્વસંવેદનજ્ઞાન એ અરાગી જ્ઞાન છે. અને એટલો શાંતિ-સ્થિરતા એ અકષાય પરિણતિ છે. ચોથે ગુણસ્થાને, હોં! આહાહા..! નિર્વિકલ્પ સમાધિથી જાણ એમ કહ્યું. પાછું કહે, વીતરાગ કેમ કહ્યું? તો એ નિર્વિકલ્પ સમાધિથી જાણ એ ચોથે બીજી રીતે જણાય? અને આઠમે નિર્વિકલ્પ સમાધિથી જણાય એમ હશે? સમજાણું કાંઈ?

'**ઉસકા ઉત્તર કહતે હૈં – જહાં પર વીતરાગતા હૈ, વહીં નિર્વિકલ્પસમાધિપના હૈ,...**' ભાષા જુઓ! આહાહા..! રાગરહિત શાંતિ ત્યાં વીતરાગતા છે અને વીતરાગતા છે ત્યાં રાગરહિત શાંતિ છે. આહાહા..! ભૂતાર્થ સત્યાર્થ પ્રભુ પરમાત્મા, એના આશ્રયથી જે સમ્યગ્દર્શન થાય એ વીતરાગ પરિણતિ છે. સમજાણું કાંઈ? ચોથે ગુણસ્થાનથી વીતરાગ પરિણતિ છે, ભાઈ! આહાહા..! '**સબ જગહ વીતરાગ વિશેષણ ક્યોં કહા હૈ? ઉસકા ઉત્તર કહતે હૈં – જહાં પર વીતરાગતા હૈ, વહીં નિર્વિકલ્પસમાધિપના હૈ,...**' જ્યાં વીતરાગતા હોય ત્યાં રાગરહિત શાંતિ હોય.

'**ઈસ રહસ્યકો સમજાને કે લિયે અથવા જો રાગી હુએ કહતે હૈં કિ હમ નિર્વિકલ્પ સમાધિમેં સ્થિત હૈં,...**' જોયું! આહાહા..! છે રાગ અને કહે અમારે નિર્વિકલ્પ સમાધિ છે. આહાહા..! વેદાંતી છે ને આ? અમને અનુભવ થાય છે. અનુભવ થાય, ધૂળેય અનુભવ નથી. રાગનો અનુભવ છે. ઘણી રાગની મંદતા હોય એટલે એને લાગે કે મને આત્માનો અનુભવ થયો.

મુમુક્ષુ :- વીતરાગતા નથી તો ...

ઉત્તર :- એક જ છે. વિકલ્પ રહિત કહો કે રાગ રહિત કહો કે વીતરાગ સહિત કહો. છે તો એક જ. જોયું!

'**રાગી હુએ કહતે હૈં કિ હમ નિર્વિકલ્પસમાધિમેં સ્થિત હૈં, ઉનકે નિષેધકે લિયે વીતરાગતા સહિત નિર્વિકલ્પસમાધિકા કથન કિયા ગયા હૈ,...**' બે વાત થઈ. એક તો નિર્વિકલ્પ સમાધિ છે તે વીતરાગસહિત જ હોય. વીતરાગપણું હોય ત્યાં નિર્વિકલ્પસમાધિ હોય. એક વાત. અને રાગી પણ રાગમાં રોકાયને એમ કહે કે અમને નિર્વિકલ્પ સમાધિ છે

એને નિષેધ કરવા આ નિર્વિકલ્પ વીતરાગતા કીધી છે. આહાહા..! અને એવી પરિણતિ તો જેને ભગવાને સર્વજ્ઞે જેવો અને જેવડો આત્મા કહ્યો છે, તેવડો અને તેવો આત્મા દૃષ્ટિમાં આવે ત્યારે એને વીતરાગતા પ્રગટ થાય છે. અજ્ઞાનીઓએ કહેલા આત્મામાં વીતરાગી પરિણતિ ઊભી થતી જ નથી. સમજાણું કાંઈ? હવે આવો ઉપદેશ. આમાં શું કરવું કાંઈ? ઈચ્છામિ પડિકમણું કરવું, તત્સુત્રી કરવી. ભગવાન પાસે ઊભા રહીને કાયોત્સર્ગ કરવા, દર્શન કરવા.

અહીં તો કાયોત્સર્ગ નામ વિકલ્પથી પણ છૂટીને સ્થિર થાવું એનું નામ કાયોત્સર્ગ છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત કરવી અને વળી પાછા મંદિરો ને પુસ્તકો લાખો (છપાવવા). વીસ લાખ પુસ્તકો છપાવ્યા. ચૌદ લાખ અહીંથી અને છ લાખ ત્યાંથી 'જયપુર'. પ્રચાર તો નિમિત્ત દ્વારા કરો છો અને વળી કહે નિમિત્તથી થાય નહિ. એય..! ભગવાન! એમ ન અર્થ થાય, ભાઈ! એ તો એને કારણે, થવા કાળે પુસ્તકો થાય. મકાનને કાળે મકાન થાય. આ કોણે કરવા માગ્યું હતું? આવું કરવું હતું? 'મુંબઈ'વાળાને નહોતું કરવું. ત્રણ લાખનું કરવું હતું એવું એ લોકોને એમ સાંભળ્યું હતું. પછી પાછળથી સાંભળ્યું, ત્રણ લાખનું. ૮૫નું ને? એમાં પાંચ લાખ કે કરોડો.. થવા કાળે થાય એને કરે કોણ? ભાઈ! આહાહા..! અને પાછા અહીંયાં થવા કાળમાં બે વર્ષ થઈ ગયા. ભાવ વધી ગયો. દાડિયાનો, કડિયાનો, માલનો. એટલે જ્યાં થવા કાળ (હોય)... બાપુ! ત્રણના પાંચ, પાંચના દસ, દસના છવ્વીસ થઈ ગયા. કોણ કરે? ભાઈ! આત્મા એક રજકણ પણ ફેરવે એ આત્માની તાકાત નથી. કરવું અને કહે કરી શકતો નથી. ભાઈ! કરવું નથી, બાપા! તને ખબર નથી, ભાઈ! જ્યાં થાય છે એને જાણવું. બસ. આત્મા કરે છે એ વસ્તુમાં નથી, ભાઈ! આહાહા..! તો આવા મકાનો દ્વારા આત્મા જણાય, એમ હશે? તો પછી કર્યા શું કરવા તમે આ બધા? 'રામજીભાઈ' બહુ ધ્યાન રાખતા હતા.

મુમુક્ષુ :- કોણે કર્યા? પુદ્ગલનું કાર્ય જીવ કરે? પરનું કામ તો પર કરે.

ઉત્તર :- અરે..! બોલવું કાંઈક, કરવું કાંઈક. કથન અને કરણીમાં ફેર છે, (એમ) કહે છે. એ કહે એ આપણે બરાબર જાણવું તો જોઈએ ને?

મુમુક્ષુ :- .... વધારે ખુલાસો થયો.

ઉત્તર :- આહાહા..! પહેલા જેમ જેમ વિરોધ થતો ગયો છે એમ એમ સ્પષ્ટીકરણ થતું ગયું છે. માર્ગ તો આવો છે, ભાઈ!

અહીં તો કહે છે, વીતરાગ તું. એટલે કે જેમાં શાંતિ અને સમાધિથી આત્મા જણાય તે સમાધિ વીતરાગવાળી જ હોય. એમાં લોકો સમાધિ જે કરે છે ને બાવા ને એ? એ નહિ. એનો નિષેધ કરવા વાત છે આ. અન્યમતિવાળા સમાધિ (લગાવે). શું ધૂળ સમાધો? સાંભળને! રાગ રહિત અકષાય પરિણતિ (થાય) એને વીતરાગી પરિણતિ અને એને સમાધિ કહીએ. એ દ્વારા ભગવાન જણાય એવો છે. આહાહા..! અને બીજી રીતે.. કીધું ને? રાગી હોય અને વીતરાગી પરિણતિ માનતા હોય એને બતાવવા વાત છે. આહાહા..! આત્મા એક

સર્વવ્યાપક છે એવો અનુભવ અમને થાય છે. એ વસ્તુ ખોટી છે એમ કહે છે. એને રાગનો અનુભવ છે ત્યાં અને માને છે કે અમે આત્માનો સાક્ષાત્કાર કરીએ છીએ. એને સમજાવવા વીતરાગતા લીધી છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'અથવા સફેદ શંખકી તરહ સ્વરૂપ પ્રગટ કરનેકે લિયે કહા ગયા હૈ, અર્થાત્ જો શંખ હોગા, વહ શ્વેત હી હોગા,...'** શંખ-શંખ. ધોળો શંખ. આહાહા..! **'ઉસી પ્રકાર જો નિર્વિકલ્પસમાધિ હોગી, વહ વીતરાગતારૂપ હી હોગી.'** મનના અને ઇન્દ્રિયના વિકલ્પોથી પાર ભગવાન, એની સન્મુખ થવામાં તો નિર્વિકલ્પ પરિણતિ જ હોય. વીતરાગ પરિણતિ જ હોય. શંખ હોય તે ધોળો જ હોય. એમ આત્માની પકડવાની દશા એ નિર્વિકલ્પ પરિણતિ વીતરાગી જ હોય. આહાહા..! સમજાણું કાંઈ? એમ કહીને કોઈ એમ કહે છે કે, વીતરાગભાવ નિર્વિકલ્પ સમાધિ તો આઠમે હોય. એનો પણ અહીં નિષેધ કરે છે. જ્યારે જ્યારે ભગવાન પરમાત્મસ્વરૂપ છે, એને સમજવા દૃષ્ટિ જ્યારે જાય છે ત્યારે એ દૃષ્ટિ નિર્વિકલ્પ અને વીતરાગી થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! બહુ સારુ (આવ્યું).

**'શંખ હોગા, વહ શ્વેત હી હોગા, ઉસી પ્રકાર જો નિર્વિકલ્પ...'** આત્મા, આત્મા આનંદનો નાથ, પ્રભુ! અતીન્દ્રિય આનંદ સદાનંદ પ્રભુ આત્મા, એને અનુભવનારી દશા વીતરાગી જ હોય. આહાહા..! વિકલ્પની ત્યાં ગંધ ન હોય. આહાહા..! એ જણાવવા **'વીતરાગતારૂપ હી હોગી.'** એમ જણાવ્યું છે. ૨૮ થઈ. વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**अथ यः परमात्मा व्यवहारेण देहे तिष्ठति निश्चयेन स्वस्वरूपे तमाह –**

**२९) देहादेहहिँ जो वसइ भेयाभेय-णएण।**
**सो अप्पा मुणि जीव तुहुँ किं अण्णेँ बहुएण।।२९।।**

**देहादेहयोः यो वसति भेदाभेदनयेन।**
**तमात्मानं मन्यस्व जीव त्वं किमन्येन बहुना।।२९।।**

**देहादेहयोरधिकरणभूतयोर्यो वसति। केन। भेदाभेदनयेन। तथाहि-अनुपचरिता-सद्भूतव्यवहारेणाभेदनयेन स्वपरमात्मनोऽभिन्ने स्वदेहे वसति शुद्धनिश्चयनयेन तु भेदनयेन स्वदेहाद्भिन्ने स्वात्मनि वसति यः तमात्मानं मन्यस्व जानीहि हे जीव नित्यानन्दैकवीतराग-निर्विकल्पसमाधौ स्थित्वा भावयेत्यर्थः। किमन्येन शुद्धात्मनो भिन्नेन देहरागादिना बहुना। अत्र योऽसौ देहे वसन्नपि निश्चयेन देहरूपो न भवति स एव स्वशुद्धात्मोपादेय इति तात्पर्यार्थः।।२९।।**

आगे यह परमात्मा व्यवहारनयसे तो इस देहमें ठहर रहा है, लेकिन निश्चयनयकर अपने स्वरूपमें ही तिष्ठता है, ऐसी आत्माको कहते हैं –

**गाथा – २९**

अन्वयार्थ :– [ यः ] जो [ भेदाभेदनयेन देहादेहयोः वसति ] अनुपचरितअसद्भूत–व्यवहारनयकर अपनेसे भिन्न जड़रुप देहमें तिष्ठ रहा है, और शुद्ध निश्चयनयकर अपने आत्मस्वभावमें ठहरा हुआ है, अर्थात् व्यवहारनयकर तो देहसे अभेदरूप (तन्मय) हे और निश्चयसे सदा कालसे अत्यन्त जुदा है, अपने स्वभावमें स्थित है, [ तं ] उसे [ हे जीव त्वं ] हे जीव, तूँ [ आत्मानं ] परमात्मा [ मन्यस्व ] जान। अर्थात् नित्यानंद वीतराग निर्विकल्पसमाधिमें ठहरके अपने आत्माका ध्यान कर। [ अन्येन ] अपनेसे भिन्न [ बहुना ] देह रागादिकोंसे [ किम् ] तुझे क्या प्रयोजन है ?

भावार्थ :– देहमें रहता हुआ भी निश्चयसे देहस्वरूप जो नहीं होता, वही निज शुद्धात्मा उपादेय है।।२९।।

---

હવે જે પરમાત્મા વ્યવહારથી દેહમાં રહે છે અને નિશ્ચયથી સ્વસ્વરૂપમાં રહે છે તેને (એવા આત્માને) કહે છે :

ભાવાર્થ : જે અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી–અભેદનયથી–સ્વપરમાત્માથી અભિન્ન સ્વદેહમાં રહે છે અને શુદ્ધ નિશ્ચયનયથી–ભેદનયથી સ્વદેહથી ભિન્ન સ્વાત્મામાં રહે છે, તેને હે જીવ ! તું આત્મા જાણ–નિત્યાનંદ જેનું એક રૂપ છે એવી વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત થઈને ભાવ. શુદ્ધાત્માથી ભિન્ન એવા દેહ, રાગાદિ અનેક પદાર્થોથી તારે શું પ્રયોજન છે ?

અહીં જે દેહમાં રહેવા છતાં પણ નિશ્ચયથી દેહરૂપ થતો નથી તે જ સ્વશુદ્ધાત્મા ઉપાદેય છે એવો તાત્પર્યાર્થ છે. ૨૯.

---

**વીર સંવત ૨૫૦૨, જયેષ્ઠ વદ ૧૨, ગુરુવાર**
**તા. ૨૪-૦૬-૧૯૭૬, ગાથા-૨૯-૩૦, પ્રવચન નં. ૧૭**

૨૯-ગાથા. **'આગે યહ પરમાત્મા...'** એટલે આ આત્મા. **'વ્યવહારનયસે તો ઈસ દેહમેં ઠહર રહા હૈ, લેકિન નિશ્ચયનયકર અપને સ્વરૂપમેં હી તિષ્ઠતા હૈ,...'** આત્માને કહે છે.

२९) देहादेहहिँ जो वसइ भेयाभेय–णएण।
सो अप्पा मुणि जीव तुहुँ किं अण्णें बहुएण।।२९।।

**અન્વયાર્થ :– 'જો અનુપચરિતઅસદ્ભૂતવ્યવહારનયકર...'** સંબંધવાળી જૂઠી નયથી

**'અપને સે ભિન્ન જડરૂપ દેહમેં તિષ્ઠ રહા હૈ,...'** આહાહા..! અનુપચરિતઅસદ્‌ભૂતનય, જૂઠી નયથી. આહાહા..!

મુમુક્ષુ :- .. જૂઠી?

ઉત્તર :- હા. જૂઠી.

**'જડરૂપ દેહમાં તિષ્ઠ રહા હૈ,...'** આહાહા..! **'ઔર શુદ્ધનિશ્ચયનયકર અપને આત્મસ્વભાવમેં ઠહરા હુઆ હૈ,...'** ભગવાન તો પોતાના સ્વરૂપમાં જ છે. શરીરમાં છે નહિ એ. શરીર તો ભિન્ન ચીજ છે. અત્યારે પણ ભિન્ન છે. થાય તે દિ' (નહિ). આહાહા..! એ કહ્યું એને કહે છે, જો! **'भेदाभेदनयेन देहादेहयोः वसति' 'શુદ્ધ નિશ્ચયનયકર અપને આત્મસ્વભાવમેં ઠહરા હુઆ હૈ, અર્થાત્ વ્યવહારનયકર તો દેહસે અભેદરૂપ હૈ,..'** અભેદ આમ કહેવું છે. વ્યવહારનયથી જૂઠી નયે શરીર અને આત્મા એક છે, અભેદ છે એમ કહેવાય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ... વ્યવહારે તો સાચું ને?

ઉત્તર :- વ્યવહાર જ જૂઠો છે ઈ. અસદ્‌ભૂતનય વ્યવહાર છે.

પરમાણુના સ્કંધમાં પરમાણુ રહ્યો છે એ પણ પોતાના પરિણમનના કાળમાં સ્વચતુષ્ટયમાં રહ્યો છે. જ્યારે જડમાં એક પરમાણુ પણ સ્વથી છે તો આ જડમાં ભગવાનઆત્મા તો તદ્દન ભિન્ન વ્યવહારનયથી શરીરની સાથે અભેદ કહેવામાં આવે. ભેદાભેદ શબ્દ છે ને? એ અભેદ વ્યવહારનયથી અભેદ. નિશ્ચયનયથી ભેદ. એમ. સત્યનયથી ભેદ. સત્યનયથી ભેદ, અસત્યનયથી અભેદ. આહાહા..! **'દેહસે અભેદરૂપ (તન્મય) હૈ,...'** તન્મય નામ વ્યવહારથી અભેદ કહેવું છે. શરીરમાં આત્મા અભેદ અસદ્‌ભૂત જૂઠી નયથી અભેદ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- અભેદનયે સાચું છે વ્યવહારનયથી.

ઉત્તર :- સાચું જરીયે નથી. ફક્ત જ્ઞાન કરાવવા માટે વાત છે. આહાહા..! કળશટીકામાં તો બહું લખ્યું છે. જૂઠું, જૂઠું, જૂઠું. વ્યવહાર જૂઠો છે. આહાહા..!

**'ઔર શુદ્ધ નિશ્ચયનયકર અપને આત્મસ્વભાવમેં ઠહરા હુઆ હૈ, અર્થાત્ વ્યવહારનયકર તો દેહસે અભેદરૂપ (તન્મય) હૈ, ઔર નિશ્ચયસે સદાકાલસે અત્યન્ત જુદા હૈ,...'** ભેદ. વ્યવહારથી અભેદ, નિશ્ચયથી ભેદ. એમ કહેવું છે અહીંયાં. અભેદ પોતાનું સ્વરૂપ છે નિશ્ચય એ અહીં વાત નથી લેવી. શું કહ્યું સમજાણું? નિશ્ચય આત્મા અભેદસ્વરૂપ છે એ અહીં નથી લેવું. અહીં તો શરીરની સાથે ભેગું રહે છે એ અપેક્ષાએ અભેદનયે વ્યવહારરૂપે અભેદનયે તે એક છે એમ કહેવાય છે. સમજાણું કાંઈ?

નિશ્ચયથી વસ્તુ પોતે જે અભેદ છે, પર્યાય આદિના ભેદ છે એ અહીં વાત નથી લેવી. અહીંયાં તો શરીર અને આત્મા વ્યવહારનયથી અભેદ છે એમ કહેવું છે. સમજાણું કાંઈ? નિશ્ચયનયથી ભગવાનઆત્મા શરીરથી ભેદ છે, જુદો છે.

મુમુક્ષુ :- સર્વથા ભેદ છે?

ઉત્તર :- સર્વથા ભિન્ન છે.

મુમુક્ષુ :- એક નયથી ..

ઉત્તર :- એ જૂઠી નયે કીધું હતું. આહાહા..! એવું છે.

અહીં તો ભેદ-અભેદની વ્યાખ્યામાં અભેદ એટલે આત્મા શરીરની સાથે છે એવું વ્યવહારનયથી અભેદ છે એમ કહેવામાં આવે છે. ઓલું જે અભેદ આત્મા ત્રિકાળી દૃષ્ટિનો વિષય જે અભેદ, એ અહીં નહિ. એ અહીં અભેદની વ્યાખ્યા નથી. સમજાણું કાંઈ? ભૂતાર્થ વસ્તુ જે અભેદ છે એ જ સમ્યગ્દર્શનનો વિષય (છે) અને પર્યાયના ભેદ આદિ છે એ વ્યવહારનો વિષય છે. એનું અહીં કામ નથી. એવું ભેદાભેદનું અહીં કામ નથી. અહીંયાં તો શરીર અને આત્મા વ્યવહારથી અભેદ કહેવામાં આવે છે. સત્યદૃષ્ટિએ તે બેય જુદા છે, એમ અહીં કહેવું છે. સમજાણું કાંઈ?

જુઓ! '**નિશ્ચયથી સદા કાલસે અત્યન્ત જુદા હૈ,...**' જુઓ! પાછું અત્યારે એમ નહિ. સદા કાળે જુદો છે. છે? આહાહા..! '**शुद्धनिश्चयनयेन तु भेदनयेन स्वदेहाद्भिते स्वात्मनि वसति यः तमात्मानं मन्यस्व जानीहि हे जीव**' આહાહા..! લ્યો! '**હે જીવ તૂ પરમાત્મા જાન.**' આહાહા..! તારો ભગવાન જ્ઞાયકભાવ શુદ્ધ ચૈતન્ય સત્તા એવો જે પરમાત્મા, એને તું દેહથી નિશ્ચયથી જુદો જાણ. સમજાણું કાંઈ? '**નિત્યાનંદ વીતરાગ નિર્વિકલ્પસમાધિમેં ઠહરકે...**' '**मन्यस्व**' આવ્યું ને? જાણ. પણ કઈ રીતે જાણ? આહાહા..! '**નિત્યાનંદ વીતરાગ નિર્વિકલ્પસમાધિમેં ઠહરકે...**' આહાહા..! નિત્ય આનંદ એવી દશા, વીતરાગ નિર્વિકલ્પ સમાધિ. આહાહા..! ત્રિકાળ અભેદમાં પર્યાયને વાળતા ત્યાં આનંદ પ્રગટે છે, વીતરાગ દશા છે, અભેદ છે, શાંતિ છે. અરે..! આવી વાતું બહુ... એમાં '**ઠહરકે અપને આત્માકા ધ્યાન કર.**' ફક્ત પરમાત્મા '**मन्यस्व**' એની આ વ્યાખ્યા કરી. છે ને? પરમાત્માને માન. એટલે શું? એ પરમાત્મા દેહથી તદ્દન ભિન્ન, એને નિત્યાનંદ વીતરાગ નિર્વિકલ્પ શાંતિ દ્વારા ઠરીને જાણ. આમ (લીધું). આહાહા..!

શરીર અને આત્મા જૂઠીનયે અભેદ છે. શુદ્ધ નિશ્ચયનયે, સત્યનયે દેહ અને આત્મા જુદા છે. એવા આત્મા-પરમાત્માને, એ ત્રિકાળી ભગવાન પરમાત્માને વર્તમાન નિત્યાનંદ એવી વીતરાગ નિર્વિકલ્પ શાંતિ એટલે કે દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિ દ્વારા એને જાણ. આવી વ્યાખ્યા છે, ભાઈ! સમજાણું કાંઈ? આવ્યું હતું ને ઓલામાં, નહિ? ૨૭માં. '**અપને સ્વરૂપકી તરફ ક્યોં નહિ દેખતા.**' આહાહા..! બહારના ઝઘડામાં પડ્યો છો. જો આ, એમ કહે છે.

ભગવાનઆત્મા પરમાત્મસ્વરૂપે પોતે બિરાજમાન છે. એને પરથી ભિન્ન નિર્વિકલ્પ શાંતિ દ્વારા, વીતરાગી પરિણતિ દ્વારા એને જાણ. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આત્મા આવો છે એમ જાણીને ધારણા કરી લીધી એ નહિ. એમ કહે છે. આહાહા..! ભગવાન પરમાત્મસ્વરૂપ પોતે, તેને વિકલ્પની લાગણીઓ જે પર તરફની છે એને છોડી,

છોડીને ન કહ્યું પણ એનો અર્થ થયો, અંતર્મુખ વળતા એની અરાગી શાંતિની પરિણતિ સમાધિની થાય, એ દ્વારા જાણ. આહાહા..!

શાસ્ત્રથી જાણ એમ પણ નહિ, વિકલ્પથી જાણ એમ પણ નહિ. એ જાણવું નહિ, એમ કહે છે. આહાહા..! રાગરહિત જેવો વીતરાગ સદાનંદ સ્વભાવ ભગવાન છે. સદાનંદ વીતરાગ સ્વભાવ છે પ્રભુ આત્માનો. એના તરફની વલણવાળી. સદાનંદ નિત્યાનંદ એટલે કાયમ આનંદની પરિણતિવાળો. આહાહા..! એવી વીતરાગ સમાધિથી (જાણ). આ સમાધિ એટલે શાંતિ છે. અરાગી, અકષાય શાંતિ દ્વારા એને જાણ. આહાહા..! આવી વાત છે.

'**અપને આત્મા કા ધ્યાન કર.**' એટલે કે એ સ્વરૂપ તરફનો ઝુકાવ તે જ ધ્યાન છે. પૂર્ણાનંદ પ્રભુ, એના તરફનો ઝુકાવ એ જ નિર્વિકલ્પ સમાધિ છે અને એ જ ધ્યાન છે. આહાહા..! ધ્યાનની છે પર્યાય. એમાં નિર્વિકલ્પ વીતરાગ સમાધિ છે પર્યાય. પર્યાયમાં એને જાણ એમ કહે છે. આહાહા..! આવી વાત છે.

મુમુક્ષુ :- જણાય પર્યાયમાં.

ઉત્તર :- ધ્રુવમાં શું જણાય? ધ્રુવ જાણે કોને? આહાહા..! એટલે બેય વાત સિદ્ધ કરી. પરિણમન સિદ્ધ કર્યું અને ત્રિકાળી ધ્રુવ સિદ્ધ કર્યું. એટલે કે નિર્વિકલ્પ પરિણતિ દ્વારા ધ્રુવને જાણ. આહાહા..! ધીરાનું કામ છે, ભાઈ! આ તો. આ કાંઈ ..

મુમુક્ષુ :- અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન થાય.

ઉત્તર :- અંતર્મુહૂર્તમાં કેવળ લેશે, એમ શું છે? આહાહા..! ભર્યું છે ને. જ્ઞાનસ્વભાવ તો ભર્યો જ છે. આહાહા..! દરિયો મોટો તળાવ પાણી ભર્યું છે. આમ એક લીટી કરે પાતળી તો ફટ બહાર નીકળે પાણી. આહાહા..! એમ ભગવાન ચૈતન્યસ્વભાવના સમુદ્રથી તો ભરેલો છે પ્રભુ. એને એકાગ્રતાની જરી લીટી નાખે તો શુદ્ધ પરિણતિ બહાર આવે. સ્વભાવનો જે પ્રવાહ છે એ પ્રવાહ પરિણતિમાં આવે છે. આવી વાત છે. આહાહા..! સમજાણું કાંઈ? આ લોકો એ જ ઘૂંટે. લ્યો, આનાથી થાય. વ્યવહારથી થાય એ કેમ ન આવ્યું એમાં? બે માર્ગ છે. નિશ્ચય અને વ્યવહાર. અરે..! બાપુ! એમ નથી, ભાઈ!

મુમુક્ષુ :- નિશ્ચયનો માર્ગ જલ્દીનો, વ્યવહારનો માર્ગ ધીરેનો.

ઉત્તર :- વ્યવહાર-ફ્યવહાર માર્ગ જ નથી. એ વાત જ કરી નથી. એ તો વિકલ્પ છે. વિકલ્પ દ્વારા નિર્વિકલ્પ જણાય? સમજાય છે કાંઈ? વાત તો આવી છે, બાપુ!

મુમુક્ષુ :- અનેકાંત...

ઉત્તર :- અનેકાંત-નિર્વિકલ્પ પરિણતિથી જણાય અને વિકલ્પથી જણાય નહિ. એ અનેકાંત. આહાહા..! આવું સ્વરૂપ. લોકોને... અંતર વસ્તુ પડી છે મહાપ્રભુ. ફક્ત નજરને આળસે પડી છે એ વસ્તુ. આહાહા..! નજરું બહારમાં ભટક્યા કરે એટલે અંદરની ચીજને જોવા નવરાશ નથી એને. આહાહા..!

પરમાત્મા સદાનંદ સ્વરૂપ. જેટલા વિશેષણ પર્યાયમાં વાપર્યા છે એવા વિશેષણવાળું તત્ત્વ છે. શું કહ્યું એ? આ પર્યાયમાં વાપર્યું છે ને? '**નિત્યાનંદ વીતરાગ નિર્વિકલ્પસમાધિમેં**

**ઠહરકે...**' તો આ તો પર્યાયના વર્તમાનના વિશેષણ છે. પણ એ બધા આત્મામાં પણ છે. આત્મા નિત્યાનંદ છે, વીતરાગ છે, અભેદ છે, શાંતમય છે. આહાહા..! ઓહો..! શૈલી.. શૈલી છે પણ! એની જાતમાં છે તેની જાતના અંકુર પ્રગટ કરીને એને જાણ. આહાહા..! સમજાણું કાંઈ? વ્યવહારથી જણાય ને વ્યવહારથી જણાય, વ્યવહારથી કહો કે નિમિત્તથી કહો. એમ છે નહિ.

મુમુક્ષુ :- આપ નિમિત્ત બહુ ભેગા કરો છો.

ઉત્તર :- હા, એ કહે છે, ભાઈ! શું કરે? બાપા! આ પુસ્તકો (છપાય છે), બધા પંડિતો બહાર મોકલો છો. નિમિત્ત દ્વારા કામ તો લ્યો છો અને કહે ઉપાદાનથી કામ થાય અને નિમિત્તથી ન થાય. અરે..! પ્રભુ શું કર્યું? ભાઈ! તેં. ભારે તર્ક કાઢ્યો, ભાઈ ! આહાહા..!

મુમુક્ષુ :- હજારો-લાખો રૂપિયા તો આપ .. ખર્ચો છો.

ઉત્તર :- 'ધન્નાલાલ' જેવા 'બાબુભાઈ' જેવા બધાને બહાર મોકલો અને કહે કે નિમિત્તથી થાય નહિ. અરે..! ભગવાન! એમ ન થાય. પ્રભુ! એમ તર્ક ન હોય, ભાઈ! સિદ્ધાંત તો સિદ્ધાંત છે તે જ રહેશે. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો કહ્યું ને? જુઓને! '**નિત્યાનંદ વીતરાગ નિર્વિકલ્પસમાધિમેં ઠહરકે અપને આત્માકા ધ્યાન કર.**' એનાથી તને જણાશે. વ્યવહારથી એટલે નિમિત્તથી નહિ જણાય. અંતરનો વ્યવહાર એ નિમિત્ત છે. બહારનું નિમિત્ત એ બહારનો વ્યવહાર છે. આહાહા..!

મુમુક્ષુ :- વ્યવહારના તો ફોતરા થઈ જાય.

ઉત્તર :- ફોતરા ફોતરા કૂચા છે. આહાહા..!

કળશમાં તો ત્યાં સુધી કીધું નહોતું? વ્યવહારચારિત્ર આદરણીય નથી. વર્જવાયોગ્ય નથી. એમ નથી. દુષ્ટ છે, અનિષ્ટ છે, ઘાતક છે. એવા શબ્દો વાપર્યા છે. પુણ્ય-પાપ અધિકાર નથી? ૧૦૮ કળશ?

'**અહીં કોઈ જાણશે કે શુભ-અશુભ ક્રિયારૂપ જે આચરણરૂપ ચારિત્ર છે તે કરવાયોગ્ય નથી તેમ વર્જવાયોગ્ય પણ નથી. ઉત્તર આમ છે કે વર્જવાયોગ્ય છે,...**' આદરવાયોગ્ય તો નથી. એનાથી થાય નહિ પણ વર્જવાયોગ્ય છે. '**વ્યવહારચારિત્ર હોતું થકું દુષ્ટ છે, અનિષ્ટ છે, ઘાતક છે; તેથી વિષયકષાયની માફક ક્રિયારૂપ ચારિત્ર નિષિદ્ધ છે...**' આહાહા..! હવે વ્યવહારચારિત્ર કરતા કરતા થશે. અરે..! પ્રભુ! એ માર્ગને કલંક છે, ભાઈ!

મુમુક્ષુ :- એ તો પંડિતનું છે.

ઉત્તર :- પંડિતનું છે પણ ન્યાયથી છે કે નહિ? ન્યાય મળે છે કે નહિ?

રાગ છે એ તો ઘાતક છે. એ તો પાઠમાં છે. '**मोक्षहेतुतिरोधानाद्बन्धत्वात्सस्वयमेव च। मोक्षहेतुतिरोधायि**' પાઠ છે. મોક્ષના હેતુથી વિપરીત ભાવ છે એ બધા. આહાહા..! એણે ઘરનું નથી નાખ્યું. પાઠમાં છે એનું સ્પષ્ટીકરણ કર્યું છે. આહાહા..! '**न्निषिध्यते**' જુઓ! '**નિષ્કર્મ-અવસ્થા, તેનું કારણ છે જીવનું શુદ્ધરૂપ પરિણમન, તેનું ઘાતક છે,...**' પાઠમાં જ છે. '**બંધરૂપ છે.**' આહાહા..! બહુ સ્પષ્ટ. પંડિતો ઘરનું કહે છે? જે માર્ગ છે એની પંડિતોએ

સ્પષ્ટતા કરી. આહાહા..! અરે..! આઠ વર્ષનું છોકરું સત્યને કહે તો કબુલવું જોઈએ. એમાં શું છે? આહાહા..! સત્ય કહેતો હોય તો કબુલવું જોઈએ એણે. બાળક છે એટલે શું? બાળક તો આઠ વર્ષે કેવળ પામે છે. એમાં શું છે? આહાહા..!

કામળાનો સિંહ એ સિંહ નહિ. આવે છે ને? કપડાનો સિંહ એ સિંહ નહિ. કામળામાં. આવે છે. કળશટીકામાં છે. એમ રાગનું ચારિત્ર એ કામળાનો સિંહ છે. આહાહા..! આ બધી વ્યાખ્યા શેના ઉપરથી ચાલી? **'નિત્યાનંદ વીતરાગ નિર્વિકલ્પસમાધિમેં ઠહરકે...'** અંતર સ્વરૂપ તરફની શાંતિ અને રાગરહિત પરિણતિથી તે જણાય એમ છે. એટલે કે વ્યવહારથી જણાય એવો નથી. આહાહા..! એની મોટપ છે એટલી કે એ નિર્વિકલ્પથી જણાય એવી એની મોટપ છે. સવિકલ્પથી જણાય એ કલંક છે, કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'અપનેસે ભિન્ન દેહ રાગાદિકોંસે તુઝે ક્યા પ્રયોજન હૈ?'** શરીરની ક્રિયા અને શરીરને અનુસરીને થતા રાગાદિ. એવું લખ્યું છે? કળશમાં એવું લખ્યું છે. બે વાત લીધી છે. એમ કે દેહાદિની ક્રિયા અને એને અનુસરીને થતો ભાવ. કળશમાં એમ બે વાત લીધી છે. જ્યાં ક્રિયાનો નિષેધ કરવો છે ને? ત્યાં ક્રિયાના બે પ્રકાર લીધા છે. આ શરીર-વાણીથી થાય એ ક્રિયા. એ તો જડની ભલે. પણ એને અનુસરીને થતો ભાવ, બેય નિષેધ છે. આ પાઠમાં લીધું છે. કળશટીકામાં. આહાહા..! કેમકે એ પર-દેહની ક્રિયા, એને અનુસરીને થાય એ ભાવ તો વિકારી જ હોય. સ્વને અનુસરીને થાય એ ભાવ અવિકારી (છે). ઝીણું પડે. વસ્તુ એવી છે, ભાઈ!

**'અપનેસે ભિન્ન દેહ રાગાદિકોંસે તુઝે ક્યા પ્રયોજન હૈ?'** આહાહા..! એટલે દેહ જડ અને દેહને અનુસરીને થતો શુભભાવ આદિ, હોં! એની સાથે તારે શું પ્રયોજન છે? કહે છે. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :- દેહમેં રહતા હુઆ ભી નિશ્ચયસે દેહસ્વરૂપ જો નહીં હોતા,...'** ભગવાન બાહ્યમાં દેહમાં એક ક્ષેત્રે ભેગા દેખાય છે. છતાં ખરેખર દેહસ્વરૂપ જે નથી થતો. અરૂપી ભગવાન જડસ્વરૂપે કેમ થાય ત્યાં? આહાહા..! **'વહી નિજ શુદ્ધાત્મા ઉપાદેય હૈ.'** આહાહા..! માખણ છે એકલું. રાગ અને દેહથી ભિન્ન ભગવાન, એવો જે નિજ શુદ્ધાત્મા તે જ ઉપાદેય આદરણીય છે. એ ૨૯ થઈ.

---

**अथ जीवाजीवयोरेकत्वं मा कार्षीर्लक्षणभेदेन भेदोऽस्तीति निरूपयति –**

**३०) जीवाजीव म एक्कु करि लक्खण भेएँ भेउ।**
**जो परु सो परु भणमि मुणि अप्पा अप्पु अभेउ।।३०।।**

**जीवाजीवौ मा एकौ कुरु लक्षणभेदेन भेदः।**
**यत्परं तत्परं भणामि मन्यस्व आत्मन आत्मना अभेदः।।३०।।**

**हे प्रभाकरभट्ट जीवाजीवावेकौ मा कार्षीः। कस्मात्। लक्षणभेदेन भेदोऽस्ति तद्यथा–**

रसादिरहितं शुद्धचैतन्यं जीवलक्षणम्। तथा चोक्तं प्राभृते – ''अरसमरूवमगंधं अव्वत्तं चेदणागुणमसद्दं जाण अलिंगग्गहणं जीवमणिद्दिट्ठसंठाणं।।'' इत्थंभूतशुद्धात्मनो भिन्नमजीवलक्षणम्। तच्च द्विविधम्। जीवसंबन्धमजीवसंबन्धं च। देहरागादिरूपं जीवसंबन्धं, पुद्गलादिपञ्चद्रव्यरूपमजीवसंबन्धमजीवलक्षणम्। अत एव भिन्नं जीवादजीवलक्षणम्। ततः कारणात् यत्परं रागादिकं तत्परं जानीहि। कथंभूतम्। भेद्यमभेद्यमित्यर्थः। अत्र योऽसौ शुद्धलक्षणसंयुक्तः शुद्धात्मा स एवोपादेय इति भावार्थः।।३०।।

---

आगे जीव ओर अजीवमें लक्षणके भेदसे भेद हैं, तू दोनोंको एक मत जान, ऐसा कहते हैं – हे प्रभाकरभट्ट,

**गाथा – ३०**

अन्वयार्थ :– [ जीवाजीवौ ] जीव और अजीवको [ एकौ ] एक [ मा कार्षीः ] मत कर क्योंकि इन दोनोंमें [ लक्षणभेदेन ] लक्षणके भेदसे [ भेदः ] भेद है [ यत्परं ] जो परके सम्बन्धसे उत्पन्न हुए रागादि विभाव (विकार) हैं, [ तत्परं ] उनको पर (अन्य) [ मन्यस्व ] समझ [ च ] और [ आत्मनः ] आत्माका [ आत्मना अभेदः ] अपनेसे अभेद जान [ भणामि ] ऐसा मैं कहता हूँ।

भावार्थ :– जीव, अजीवके लक्षणोंमेंसे जीवका लक्षण शुद्ध चैतन्य है, वह स्पर्श, रस, गंधरूप शब्दादिकसे रहित है। ऐसा ही श्री समयसारमें कहा है – ''अरसं'' इत्यादि। इसका सारांश यह है, कि जो आत्मद्रव्य है, वह मिष्ट आदि पाँच प्रकारके रसरहित है, श्वेत आदिक पाँच तरहके वर्णरहित है, सुगन्ध–दुर्गंध इन दो तरहके गंध उसमें नहीं हैं, प्रगट (दृष्टिगोचर) नहीं है, चैतन्यगुणसहित है, शब्दसे रहित है, पुल्लिंग आदि करके ग्रहण नहीं होता अर्थात् लिंगरहित है, और उसका आकार नहीं दिखता अर्थात् निराकार वस्तु है। आकार छह प्रकारके हैं – समचतुरस्र, न्यग्रोधपरिमंडल, सातिक, कुब्जक, वामन, हुंडक। इन छह प्रकारके आकारोंसे रहित है, ऐसा जो चिद्रूप निज वस्तु है उसे तूँ पहचान। आत्मासे भिन्न जो अजीव पदार्थ है, उसके लक्षण दो तरहसे हैं, एक जीव सम्बन्धी, दूसरा अजीव संबंधी। जो द्रव्यकर्म भावकर्म–नोकर्मरूप है, वह तो जीवसंबंधी है, और पुद्गलादि पाँच द्रव्यरूप अजीव जीवसंबंधी नहीं हैं, अजीवसंबंधी ही हैं, इसलिये अजीव हैं, जीवसे भिन्न हैं। इस कारण जीवसे भिन्न अजीवरूप जो पदार्थ हैं, उनको अपने मत समझो। यद्यपि रागादिक विभाव परिणाम जीवमें ही उपजते हैं, इससे जीवके कहे जाते हैं, परंतु वे कर्मजनित हैं, परपदार्थ (कर्म) के संबंधसे हैं, इसलिये पर ही समझो। यहाँपर जीव–अजीव दो पदार्थ कहे गये हैं, उनमेंसे शुद्ध चेतना लक्षणका धारण करनेवाला शुद्धात्मा ही ध्यान करने योग्य है, यह सारांश हुआ।।३०।।

**હવે, જીવ અને અજીવનું એકત્વ ન કર, કારણ કે લક્ષણના ભેદથી તે બન્નેમાં ભેદ છે એમ કહે છે :**

**ભાવાર્થ : હે પ્રભાકરભટ્ટ ! તું જીવ અને અજીવને એક ન કર કારણ કે તે બન્નેમાં લક્ષણભેદથી ભેદ છે. તે આ પ્રમાણે :**

**રસાદિ રહિત શુદ્ધ ચૈતન્ય તે જીવનું લક્ષણ છે. પ્રાભૃતમાં (શ્રી કુંદકુંદાચાર્યકૃત બધા શાસ્ત્રોમાં) કહ્યું છે કે :**

**अरसमरुवमगंधं अव्वत्तं चेदणा गुणमसद्दं।**
**जाण अलिंगग्गहणं जीवमणिद्दिट्ठसंठाणं।।**

**અર્થ : હે ભવ્ય ! તું જીવને રસરહિત, રૂપરહિત, ગંધરહિત, અવ્યક્ત અર્થાત્ ઈન્દ્રિયોને ગોચર નથી એવો, ચેતના જેનો ગુણ છે એવો, શબ્દરહિત, કોઈ ચિહ્નથી જેનું ગ્રહણ નથી એવો અને જેનો કોઈ આકાર કહેવાતો નથી એવો જાણ.**

**આવા શુદ્ધ આત્માથી અજીવનું લક્ષણ ભિન્ન છે અને તે બે પ્રકારનું છે : જીવ સાથે સંબંધવાળું અને જીવ સાથે સંબંધ વિનાનું; દેહ, રાગાદિરૂપ તે જીવ સાથે સંબંધવાળું છે, પુદ્ગલાદિ પાંચ દ્રવ્યરૂપ તે જીવ સાથે સંબંધ વિનાનું છે કે જે અજીવનું લક્ષણ છે, કારણ કે જીવથી અજીવનું લક્ષણ ભિન્ન છે, તે કારણે જે પર એવા રાગાદિક છે તેને પર જાણો જે ભેદ્ય અને અભેદ્ય છે. (અર્થાત્ જે જીવ સાથે સંબંધ વિનાના છે અને જીવ સાથે સંબંધવાળા છે.)**

**અહીં જે શુદ્ધલક્ષણયુક્ત શુદ્ધ આત્મા છે તે જ ઉપાદેય છે એવો ભાવાર્થ છે. ૩૦.**

---

## ગાથા-૩૦ ઉપર પ્રવચન

૩૦. '**આગે જીવ ઓર અજીવમેં લક્ષણકે ભેદસે ભેદ હૈ,...**' બેયના લક્ષણો ભેદ છે માટે વસ્તુ જુદી છે, એમ કહે છે. '**તૂ દોનોંકો એક મત જાન, ઐસા કહતે હૈં –**'

**३०) जीवाजीव म एक्कु करि लक्खण भेएँ भेउ।**
**जो परु सो परु भणमि मुणि अप्पा अप्पु अभेउ।।३०।।**

'**હે પ્રભાકરભટ્ટ,...**' પણ જ્યારે તમે એમ કહો કે પરથી જણાય નહિ. વળી 'પ્રભાકરભટ્ટ'ને કહે તું આમ જાણ. ભાઈ! એમ તર્ક ન થાય. વાણીને કાળે વાણી હોય છે. સમજાણું કાંઈ? એક બાજુ કહે કે દિવ્યધ્વનિથી લાભ ન થાય. આવ્યું નથી પહેલું? વેદ એટલે દિવ્યધ્વનિ અને અર્થ એટલે શાસ્ત્ર. મુનિઓના કહેલા શાસ્ત્ર. મહામુનિ ગણધરોના કહેલા. એનાથી આત્મા ન જણાય. અહીં એમ કેમ કહે છે કે હે પ્રભાકરભટ્ટ હું કહું છું એ જાણ. ભાઈ! એમ તર્ક ન થાય. કથનશૈલી તો એવી આવે.

એ તો 'કુંદકુંદાચાર્યે' ન કહ્યું? '**વોચ્છામિ**' પહેલી ગાથા. હું 'સમયસાર' કહીશ. પ્રભુ!

એકવાર કહો છો કે વાણી આત્મા કરી શકે નહિ. '**वोच्छामि समयपाहुड**' ભાઈ! એમ ન લેવાય. એને વિનયથી જાણવું જોઈએ, ભાઈ! તમે આમ કેમ કહો છો? એમ ન કરાય. સમજાણું કાંઈ? આત્મા બોલી શકે નહિ. વળી કહે કે હું કહીશ.

મુમુક્ષુ :- આચાર્ય કહે છે.

ઉત્તર :- પોતે. ભાઈ! એમાં એમ ઊંધું ન લેવાય. બાપુ! એ તો કહે છે, વિકલ્પ થયો છે અને વાણીને કાળે વાણી નીકળે છે. એવી વાત છે, ભાઈ! એટલે વાણીનો પર્યાયિનો સ્વપર કહેવાની તાકાતવાળી વાણી, સ્વપર જાણવાની તાકાતવાળો ભગવાન. વાણીમાં સ્વપરને કહેવાવાળી તાકાત છે. એ આત્માને લઈને વાણી નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**જીવ ઔર અજીવકો એક મત કર...**' આહાહા..! '**ક્યોંકિ ઈન દોનોંમેં લક્ષણકે ભેદસે ભેદ હૈ જો પરકે સમ્બન્ધસે ઉત્પન્ન હુએ રાગાદિ વિભાવ (વિકાર) હૈં, ઉનકો પર સમજ...**' આહાહા..! જોયું! જીવ-અજીવના લક્ષણભેદે ભેદ છે અને હવે રાગાદિ જે થાય છે તે પર સમજ. આહાહા..! કેમકે નિમિત્તના લક્ષે થયેલી ચીજ એ પર છે. તારી ચીજ નથી. આહાહા..! એ વ્યવહાર થાય છે એ કાંઈ તારી ચીજ નથી, એમ કહે છે. વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ એ તારી ચીજ નથી. આહા..! ભગવાન આનંદનો નાથ પ્રભુ, આખું એનું ઉપાદાન અતીન્દ્રિય આનંદવાળું છે. આહાહા..! એની પરિણતિમાં અતીન્દ્રિય આનંદનો અંશ પ્રગટે એ એની જાત છે. અને રાગ ઉત્પન્ન થાય તે પરવસ્તુ છે, વિકાર છે. સમજાણું કાંઈ? અરે..! આવો ઉપદેશ હવે. માણસને..

ભાઈ! આ તો વીતરાગ માર્ગ છે. જે વાણીનો કર્તા પણ આત્મા નથી. છતાં અહીં તો આચાર્ય કહે છે, તું આમ વાણીથી... '**अप्पा अप्पु अभेउ**' આહાહા..! સત્યને સત્ય તરીકે રહેવા દે, ભાઈ! કહે છે તો એ કહે છે એ વાણીથી કહે છે. એમાં જ્ઞાન નિમિત્ત છે. પણ નિમિત્ત છે માટે વાણી થઈ છે એમ નથી. વાણીનો તે કાળે ઉત્પત્તિનો ક્ષણ ને કાળ છે. એ કારણે વાણી થાય છે અને એને કહે છે કે તું આમ જાણ. એને જાણવાની પર્યાય પણ એને કાળે એને આશ્રયે થશે. એને જાણનો અર્થ એ થયો કે નહિ? એને જાણ. એટલે કે નિર્વિકલ્પ પરિણતિથી જાણ. કહે છે એ વાણી જુદી અને એને કહે છે કે તું આમ જાણ. એ તો એ પોતે નિર્વિકલ્પ પરિણતિથી જાણશે ત્યારે જાણ કહેવામાં આવશે. પણ ઉપદેશમાં શું કહેવાય? સમજાણું કાંઈ?

'**तत्परं**' '**સમજ ઔર આત્માકા અપનેસે અભેદ જાન...**' આહાહા..! એ રાગથી નહિ, પરથી નહિ. ચિદાનંદ ભગવાન એકરૂપે અભેદ છે તેને પર્યાયમાં જાણ. આહાહા..! છે? '**आत्मन आत्मना अभेदः**' એમ. આત્માને આત્માથી અભેદ જાણ. આહાહા..! '**ઐસા મૈં કહતા હૂં.**' લ્યો! આવ્યું? '**भणामि**' એય..! પંડિતજી! '**भणामि**' '**ઐસા મૈં કહતા હૂં.**' આહાહા..! અરે..! બાપુ! ભાષા, ભાઈ! એવા તર્ક ન થાય. સમજાણું કાંઈ?

તેથી કહ્યું છે ને? કે અબુધને સમજાવવા માટે જ્ઞાની વ્યવહારથી સમજાવે છે. પણ એ વ્યવહારથી સમજાવે એને જ પકડે. તમે તો વ્યવહારથી કહો છો કે નહિ અમને? તો એ

દેશના સાંભળવાને લાયક નથી. આહાહા..! તમે વ્યવહારથી કહ્યું છે કે નહિ? ઓલામાં આવ્યું છે ને? આઠમી ગાથામાં. ગમે તેવો સાદિ બુદ્ધિવાળો હોય એટલું તો એને કહેવું પડે. દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા. એ વ્યવહાર કર્યો. ('સમયસાર')આઠમી ગાથા. દર્શન-જ્ઞાન-ચારિત્ર (એમ) ભેદથી વાત કરી. વ્યવહારથી વાત કરી. ત્યારે તમે વ્યવહારથી કહો છો અને વળી વ્યવહારથી લાભ ન થાય? અરે..! ભગવાન! એમ ન પકડાય. ભાઈ! એમ ન થાય. આહાહા..!

ચાલીસ વર્ષની મા લુગડા આમ સરખા પહેરીને બેઠી હોય. વીસ વર્ષનો જુવાન છોકરો એની મશ્કરી ન કરે. એ જનેતા છે. સમજાય છે કાંઈ? આહાહા..! માતા છે. ચાલીસ વર્ષની જુવાન હોય. તું વીસ વર્ષનો હો. લુગડા પટિયા પાડીને સરખી આમ બેઠી હોય. મા આ શું? એમ ન કહેવાય. આહાહા..! એમ કહે છે કે અમે કહીએ છીએ એને તું પકડ કે જો કહો, છે કે નહિ? એમ ન કહેવાય. એમ કહે છે. આહાહા..! તમે કહો કે નિમિત્તથી લાભ ન થાય અને વળી બોલીને અમને નિમિત્તથી સમજાવો છો. ભાઈ! એમ ન બોલાય.

મુમુક્ષુ :- 'मैं કહતા હૂં.'

ઉત્તર :- '**मैं કહતા હૂં.**' હા, જુઓ! '**ऐसा मैं કહતા હૂં.**' છે? આહાહા..! '**भणामि**' છે ને પણ? '**भणामि**' છે ચોખ્ખું. આહાહા..! '**जो परु सो परु भणमि**' આહાહા..! એ ઓલો '**भणमि**' છે એ મૂળ શબ્દ છે. પણ નીચે એનો અર્થ કરે છે. નીચે છે ને સંસ્કૃત? '**भणामि**' છે ને? મૂળમાં '**भणमि**' છે. પણ એનો એ અર્થ નથી કરતા. એ નીચે સંસ્કૃતનો અર્થ કરે છે. આપણે એમ કરીએ. મૂળ પાઠનો ન કરતા એણે શબ્દાર્થનો-અન્વયાર્થનો એ કરે છે. '**भणामि**'માંથી કર્યું છે. એ સંસ્કૃત છાયા છે ને, એનો અર્થ કર્યો છે. આહાહા..!

'**ભાવાર્થ :- જીવ અજીવકે લક્ષણોંમેં સે જીવકા લક્ષણ શુદ્ધ ચૈતન્ય હૈ,...**' આહાહા..! જીવ અને અજીવના લક્ષણમાંથી બે ભિન્ન છે માટે એના લક્ષણ ભિન્ન છે, એમ કહે છે. ભગવાનઆત્માનું લક્ષણ શુદ્ધ ચૈતન્ય છે. આહાહા..! હાલે-ચાલે તે ત્રસ, સ્થિર રહે તે સ્થાવર. એ લક્ષણ જીવનું નથી. આહાહા..! એમ કે હાલે-ચાલે એટલે ત્રસ અને સ્થિર રહે તે સ્થાવર. તો સ્થિર તો સિદ્ધ પણ સ્થિર રહે છે. અને રજકણો પણ હાલે-ચાલે છે. એ લક્ષણ જીવનું ન કહેવાય. આહાહા..!

એ તો ત્રસની. એ વ્યાખ્યા નથી. 'પંચાસ્તિકાય'માં સ્થાવર ને અગ્નિ, વાયરાને ત્રસ નથી કીધા? અગ્નિ ને વાયુ ગતિ કરે છે ને. એમ છે ને? ત્રસ કહ્યા. 'પંચાસ્તિકાય'માં. કઈ અપેક્ષા છે? ભાઈ!

મુમુક્ષુ :- .. તો સ્થાવર છે.

ઉત્તર :- સ્થાવર છે છતાં એને ત્રસ કહ્યા. પૃથ્વી, પાણી અને અગ્નિ, વાયુ. પાંચ ને. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ. પૃથ્વી, પાણી, વનસ્પતિને સ્થાવર કહ્યા અને અગ્નિ ને વાયુ (ત્રસ કહ્યા). આમ અગ્નિના ભડકા થાય. વાયરો આમ. એને ત્રસ કહ્યા, લ્યો! 'પંચાસ્તિકાય'માં. આહાહા..! ભાઈ! કઈ અપેક્ષા છે? એમાં પણ કોઈ તર્ક કરે છે કે આ શબ્દ

આચાર્યના નથી. કોઈ(એ) ઉપરથી નાખ્યા છે, એમ કોઈ કહે છે. આહાહા..!

એ તો શુદ્ધ ચૈતન્ય લક્ષણે લક્ષિત છે. આહાહા..! શુદ્ધ ચૈતન્યના ભાવથી તે જણાય એવો છે. એનું લક્ષણ શુદ્ધ ચૈતન્ય છે. આહાહા..! એ રાગથી અને શરીરથી જણાય એવું એનું સ્વરૂપ જ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'વહ સ્પર્શ, રસ, ગંધરૂપ શબ્દાદિકસે રહિત હૈ. ઐસા હી શ્રી સમયસારમેં કહા હૈ-'** અરસ આદિ છે ને? અલિંગગ્રહણ. ભાવપ્રાભૃતમાં છે, 'પંચાસ્તિકાય'માં છે. 'પંચાસ્તિકાય'માં ગાથા-૧૨૭. 'ભાવપ્રાભૃત'માં ગાથા-૬૪. 'પંચાસ્તિકાય' ગાથા-૧૨૭. છે. 'પંચાસ્તિકાય' ૧૨૭ અને 'ભાવપ્રાભૃત' ગાથા-૬૪. 'ભાવપ્રાભૃત' છે ને? એની ગાથા-૬૪. ૧૭૨ 'નિયમસાર' છે. આમાં આટલું લખ્યું હતું તે દિ'. છે ને 'નિયમસાર'માં છે. 'ધવલ'માં છે.

**'અરસં ઈત્યાદિ. ઈસકા સારાંશ યહ હૈ, કિ જો આત્મદ્રવ્ય હૈ, વહ મિષ્ટ આદિ પાંચ પ્રકારકે રસ રહિત હૈ,...'** એ પણ આપણે આવી ગયું છે. **'શ્વેત આદિક પાંચ તરહકે વર્ણ રહિત હૈ, સુગન્ધ, દુર્ગંધ ઈન દો તરહકે ગંધ ઉસમેં નહીં હૈ, પ્રગટ (દૃષ્ટિગોચર) નહીં હૈ, ચૈતન્યગુણ સહિત હૈ, શબ્દસે રહિત હૈ,...'** અવ્યક્તનો અર્થ કર્યો છે. **'ચૈતન્યગુણ સહિત હૈ, શબ્દસે રહિત હૈ, પુલ્લિંગ આદિ કરકે ગ્રહણ નહીં હોતા, અર્થાત્ લિંગ રહિત હૈ, ઔર ઉસકા આકાર નહીં દિખતા, અર્થાત્ નિરાકાર વસ્તુ હૈ. આકાર છહ પ્રકારકે હૈં-સમચતુરસ્ર, નેગ્રોધપરિમંડલ, સાતિક, કુબ્જક, વામન, હુંડક. ઈન છહ પ્રકારકે આકારોંસે રહિત હૈ, ઐસા જો ચિદ્રૂપ નિજ વસ્તુ હૈ,...'** ચિદ્રૂપ, જ્ઞાનરૂપ, જ્ઞાનસ્વરૂપ એવી જે વસ્તુ, નિજ વસ્તુ પોતાની. આહાહા..! **'ઉસે તૂ પહચાન.'** એને તું જાણ. આહાહા..! ચિદ્રૂપ વસ્તુ પ્રભુ આત્મા એને તું જાણ. રાગાદિને જાણ કે એ નહિ. એ તો બધું આત્મા નથી. આ તો ભાઈ પંડિતાઈના કામ નથી આમાં. આહાહા..! નિભૃત પુરુષોએ... નથી આવ્યું? આહાહા..! ચિંતા રહિત પુરુષોના એ કામ છે, ભાઈ! આહાહા..!

**'આત્માસે ભિન્ન જો અજીવ પદાર્થ હૈ, ઉસકે લક્ષણ દો તરહસે હૈં,...'** આત્માથી ભિન્ન અજીવ છે એના લક્ષણ બે પ્રકારના. એક જીવ સંબંધી અજીવ અને એક બીજો જીવ સંબંધ વિનાનો અજીવ. સમજાણું આમાં? **'જો દ્રવ્યકર્મ ભાવકર્મ, નોકર્મરૂપ હૈ, વહ તો જીવસંબંધી હૈ,...'** એનો જીવની સાથે સંબંધ છે ને? જીવ જડકર્મ, ભાવકર્મ એ અજીવ, હોં! આહાહા..! પુણ્ય-પાપ, દયા-દાન, વ્રત-ભક્તિભાવ એ બધા અજીવ. એ અજીવ, જીવના સંબંધવાળા અજીવ. આહાહા..!

**'પુદ્ગલાદિ પાંચ દ્રવ્યરૂપ અજીવ જીવસંબંધી નહીં હૈ,...'** આ પુદ્ગલ શરીરાદિ રજકણો બીજા. શરીર તો નોકર્મમાં ગયું. આ બીજું. નોકર્મ શરીર જુદું. એ નહિ. એ જીવ સંબંધીમાં આવ્યું. પણ એ સિવાય અમથા પુદ્ગલો છે ને? અને ધર્માસ્તિ, અધર્માસ્તિ વગેરે એ અજીવ જીવ સંબંધી નહિ. એ અજીવ જીવ સંબંધી નહિ. એમ. શરીરાદિ, વાણી આદિ, ભાવકર્મ આદિ, દ્રવ્યકર્મ આદિ જીવ સંબંધી અજીવ. ઓલા જીવના સંબંધ વિનાનો અજીવ. આહાહા..! જોયું! એ પુણ્ય-પાપ, દયા-દાન, વ્રતના પરિણામને અજીવમાં નાખ્યા અહીં.

આહાહા..!

મુમુક્ષુ :- પુણ્ય તો ભાવકર્મમાં આવ્યું.

ઉત્તર :- એ નાખ્યું ને ભાવકર્મ કીધું.

મુમુક્ષુ :- જીવ સંબંધી કીધું.

ઉત્તર :- જીવ સંબંધી પણ એ ભાવકર્મ અજીવ. જીવ સંબંધી ભાવકર્મ તે અજીવ. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

'**જીવસે ભિન્ન હૈં.**' એટલે બેય, હોં! જીવ સંબંધીમાં દ્રવ્યકર્મ, નોકર્મ અને ભાવકર્મ અને સંબંધ વિનાના એ બધા '**જીવસે ભિન્ન હૈં.**' આહાહા..! સમજાણું કાંઈ? જીવ સંબંધીમાં જડકર્મ, ભાવકર્મ, શરીર, વાણી, નોકર્મ અને એ સંબંધ વિનાના, જીવ સંબંધ વિનાના પુદ્‌ગલો આકાશ કે કાળાદિ, એ બધાયને અજીવ જાણ. તારાથી ભિન્ન જાણ એને, એમ કહે છે. '**અજીવ હૈં, જીવસે ભિન્ન હૈં. ઈસ કારણ જીવસે ભિન્ન અજીવરૂપ જો પદાર્થ હૈં, ઉનકો અપને મત સમજો.**' આહાહા..! એ પુણ્ય અને પાપ, દયા અને દાન, અરે..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ અજીવ છે. એને પોતાના ન માનો. આહાહા..! એમ કહે .. બહુ સ્પષ્ટીકરણ થાય. એમ છે ઈ. આહાહા..!

મુમુક્ષુ :- ભાવકર્મ ..

ઉત્તર :- ભાવકર્મ તે અજીવ. જીવના સંબંધમાં ભલે હો પણ છે અજીવ. આહાહા..! એ જીવથી ભિન્ન શુદ્ધ ચૈતન્ય ભગવાનઆત્મા, એનાથી વ્યવહાર ભિન્ન. આહાહા..! વ્યવહારથી થાય, પરંપરા થાય. એમાં આવ્યું છે ને? એ ત્યાં ગૂંચવાણા છે બધા. કોઈ રીતે પણ કાંઈક,.. ભાઈ! એ તો અજીવ છે. એનાથી જીવ જણાય નહિ, જીવ પ્રાપ્તિ થાય નહિ. આહાહા..!

વીતરાગી આનંદની નિર્વિકલ્પ શાંતિ દ્વારા તે જણાય એવો છે. કારણ કે એની જાતમાં એ વાત પડી છે. આહાહા..! ભાવકર્મમાં એ વસ્તુ નથી. એનાથી આત્મા જણાય નહિ. કેમકે એ અજીવ છે. જીવથી ભિન્ન લક્ષણવાળું છે. એનાથી જીવ કેમ જણાય? આહાહા..! આ વ્યવહારના રાગથી જણાય નહિ, એમ કહે છે. વ્યવહાર રાગને મોક્ષમાર્ગ કહ્યો છે ને? વ્યવહાર મોક્ષમાર્ગ, એનાથી ન જણાય. એમ કહે છે. આહાહા..!

'**યદ્યપિ રાગાદિક વિભાવ પરિણામ જીવમેં હી ઉપજતે હૈં,...**' હવે ખુલાસો કરે છે. પુણ્ય અને પાપના ભાવ '**વિભાવ પરિણામ જીવમેં હી ઉપજતે હૈં, ઈસસે જીવકે કહે જાતે હૈં, પરંતુ વે કર્મજનિત હૈં,...**' લ્યો! નિમિત્તથી થતા હતા ને આમાં કર્મજનિત. વિકાર નિમિત્તથી થયો. કઈ વાત કરે છે? ભાઈ! આહાહા..! અહીંયાં તો એનું લક્ષણ નથી અને એને છોડવું છે એ અપેક્ષાએ કર્મજનિત કીધા. બાકી છે તો વિકાર એની પર્યાયના ઊંધા પુરુષાર્થથી જ થયેલું છે. સમજાણું કાંઈ? જ્યાં પરમાર્થને નિષેધવા જાય ત્યાં એ કહે, જો નિમિત્તથી થતું નથી. ત્યાં તો કર્મજન્ય વિકાર છે. એ સ્વભાવ નથી એટલું સિદ્ધ કરવું છે. આહાહા..!

અહીં કર્મજનિત કહે અને 'પંચાસ્તિકાય'ની ગાથા-૬૨માં એમ કહે, એ વિકારી

પરિણામ ષટ્કારકનું પરિણમન, નિમિત્તની કારકની અપેક્ષા વિના પોતાથી થાય છે. ત્યાં એની અસ્તિ સિદ્ધ કરવી છે અને અહીં એનો નિષેધ સિદ્ધ કરવો છે. સમજાણું કાંઈ? આહાહા..! અરે..! ભગવાનના વિરહ પડ્યા અને આવા બધા ઝઘડા ઉઠયા.

'**પરપદાર્થ (કર્મ)કે સંબંધસે હૈં,...**' જોયું! પરપદાર્થના સંબંધથી છે. એ પોતે ખુલાસો કર્યો. '**ઈસલિયે પર હી સમજો.**' વ્યવહાર રત્નત્રયનો જે શુભરાગ (છે) એ કર્મજનિત સમજીને પર સમજો. આહાહા..! '**યહાંપર જીવ-અજીવ દો પદાર્થ કહે ગયે હૈં, ઉનમેંસે શુદ્ધ ચેતના લક્ષણકા ધારણ કરનેવાલા શુદ્ધાત્મા...**' લ્યો! રાગને અજીવ કીધો ને? અને પુદ્ગલાદિને અજીવ કીધા. ભિન્ન છે એને. તો એ જીવ-અજીવ બે પદાર્થ કહ્યા એમાંથી શુદ્ધ ચેતના લક્ષણને ધારણ કરનાર ભગવાન...આહાહા..! એનું ધ્યાન કરવા લાયક છે.

રાગાદિ વ્યવહાર રત્નત્રય અજીવ છે. એ અજીવ છે માટે છોડવાલાયક છે. એ ધ્યાન કરવા લાયક નથી. વળી એક કોર એમ આવ્યું ક્યાંક, ભેદાભેદ રત્નત્રયની આરાધના. આવ્યું છે. એ અપેક્ષાથી કરી, ભાઈ! વસ્તુ તો અભેદ રત્નત્રય તે જ આરાધક છે. પણ વિકલ્પનો આરોપ નાખીને એને વ્યવહારનું આરાધન કહેવામાં આવ્યું છે. આહાહા..! કથન બે પ્રકારે છે. આરાધન નિશ્ચયનું, અભેદનું (છે તેવું) ભેદનું એવું આરાધન નથી. એના કથન બે પ્રકારે આવ્યા. આહાહા..! સમજાણું કાંઈ? હવે આવા બધા ક્યાં નિર્ણય કરવા? ભાઈ! સત્ય છે એને ઊભું રાખ.

'**શુદ્ધાત્મા હી ધ્યાન કરને યોગ્ય હૈ,...**' એકાંત ન થઈ ગયું? જ કીધું તો. શુદ્ધાત્મા જ ધ્યાન કરવા યોગ્ય છે. કથંચિત્ શુદ્ધાત્મા અને કથંચિત્ વ્યવહાર. એમ સ્યાદ્વાદ થાય ને? આ વાત આમ લોકો લે. ભાઈ! આ '**શુદ્ધાત્મા હી ધ્યાન કરને યોગ્ય હૈ,...**' બીજું નહિ. એમ અનેકાંત છે. શુદ્ધાત્મા પણ ધ્યાન કરવાલાયક છે અને રાગ પણ ધ્યાન કરવા લાયક છે એ સ્યાદ્વાદ છે. એમ નથી. આહાહા..! અનેકાંત કર્યું હતું ને? 'કળશટીકા'માં નહિ? સત્તા અને આત્મા અભેદ છે અને ભેદ છે. સત્તા તે આત્મા એ અભેદ. અને આત્માની સત્તા ગુણ ભિન્ન. એ અનેકાંત છે. એમ 'કળશટીકા'માં કહ્યું છે. 'કળશટીકા'માં છે ને? સત્તા તે દ્રવ્ય છે એ અભેદ છે. અને એ સત્તા દ્રવ્યથી ભિન્ન છે એનું નામ અનેકાંત. સમજાણું કાંઈ? કળશમાં છે ક્યાંક. અનેકાંતના કળશમાં છે. એક ઠેકાણે છે.

અહીં તો કહે છે એકાંત પ્રભુ સમ્યક્. શુદ્ધાત્મા જ નિશ્ચયથી ધ્યાન કરવા લાયક છે. કથંચિત્ આ અને કથંચિત્ત આ, એમ છે નહિ. વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**अथ तस्य शुद्धात्मनो ज्ञानमयादिलक्षणं विशेषेण कथयति –**

**३१) अमणु अणिंदिउ णाणमउ मुत्ति–विरहिउ चिमित्तु।**
**अप्पा इंदिय–विसउ णवि लक्खणु एहु णिरुत्तु।।३१।।**

**अमनाः अनिन्द्रियो ज्ञानमयः मूर्तिविरहितश्चिन्मात्रः।**
**आत्मा इन्द्रियविषयो नैव लक्षणमेतन्निरुक्तम्।।३१।।**

परमात्मविपरीतमानसविकल्पजालरहितत्वादमनस्कः, अतीन्द्रियशुद्धात्मविपरीतेनेन्द्रिय-ग्रामेण रहितत्वादतीन्द्रियः, लोकालोकप्रकाशककेवलज्ञानेन निर्वृत्तत्वात् ज्ञानमयः, अमूर्तात्म-विपरीतलक्षणया स्पर्शरसगन्धवर्णवत्या मूर्त्या वर्जितत्वान्मूर्तिविरहितः, अन्यद्रव्यासाधारणया-शुद्धचेतनया निष्पन्नत्वाच्चिन्मात्रः। कोऽसौ। आत्मा। पुनश्च किंविशिष्टः। वीतराग स्वसंवेदनज्ञानेन ग्राह्योऽपीन्द्रियाणामविषयश्च लक्षणमिदं निरुक्तं निश्चितमिति। अत्रोक्तलक्षणपरमात्मोपादेय इति तात्पर्यार्थः।।३१।।

---

आगे शुद्धात्माके ज्ञानादिक लक्षणोंसे विशेषपनेसे कहते हैं –

**गाथा – ३१**

अन्वयार्थ :– [ आत्मा ] यह शुद्ध आत्मा [ अमनाः ] परमात्मासे विपरीत विकल्पजालमयी मनसे रहित है [ अनिन्द्रियः ] शुद्धात्मासे भिन्न इन्द्रिय–समूहसे रहित है [ ज्ञानमयः ] लोक और अलोकको प्रकाशनेवाले केवलज्ञानस्वरूप है, [ मूर्तिविरहितः ] अमूर्तीक आत्मासे विपरीत स्पर्श, रस, गंध, वर्णवाली मूर्तिरहित है, [ चिन्मात्रः ] अन्य द्रव्योंमें नहीं पाई जावे ऐसी शुद्धचेतनास्वरूप ही है, और [ इन्द्रियविषयः नैव ] इन्द्रियोंके गोचर नहीं है, वीतराग स्वसंवेदनसे ही ग्रहण किया जाता है। [ एतत् लक्षणं ] ये लक्षण जिसके [ निरुक्तम् ] प्रगट कहे गये हैं उसको ही तू निःसंदेह आत्मा जान। इस जगह जिसके ये लक्षण कहे गये हैं वही आत्मा है, वही उपादेय है, आराधने योग्य है, यह तात्पर्य निकला।।३१।।

---

હવે તે શુદ્ધાત્માના જ્ઞાનાદિ લક્ષણોને વિશેષપણે કહે છે :

ભાવાર્થ : આત્મા પરમાત્માથી વિપરીત એવા માનસિક વિકલ્પજાળથી રહિત હોવાથી મનથી રહિત છે, અતીન્દ્રિય શુદ્ધ આત્માથી વિપરીત ઇન્દ્રિયસમૂહથી રહિત હોવાથી અતીન્દ્રિય છે, લોકાલોકના પ્રકાશક કેવળજ્ઞાનથી રચાયેલો હોવાથી જ્ઞાનમય છે, અમૂર્ત આત્માથી વિપરીત લક્ષણવાળી સ્પર્શ, રસ, ગંધ, વર્ણરૂપ મૂર્તિથી રહિત હોવાથી મૂર્તિરહિત છે. અન્ય દ્રવ્યોની સાથે અસાધારણ એવી શુદ્ધ ચેતનાથી નિષ્પન્ન હોવાથી ચિન્માત્ર છે અને વીતરાગ સ્વસંવેદનરૂપ જ્ઞાનથી ગ્રાહ્ય હોવા છતાં ઇન્દ્રિયોને અગોચર છે. આવું લક્ષણ (શુદ્ધ આત્માનું) નિશ્ચિતપણે કહેવામાં આવ્યું છે.

અહીં ઉક્ત લક્ષણવાળો પરમાત્મા જ ઉપાદેય છે એવો તાત્પર્યાર્થ છે. ૩૧.

**વીર સંવત ૨૫૦૨, જયેષ્ઠ વદ ૧૩, શુક્રવાર**
**તા. ૨૫-૦૬-૧૯૭૬, ગાથા-૩૧-૩૨, પ્રવચન નં. ૧૮**

૩૦ ગાથા થઈ ને? ૩૧.

**'આગે શુદ્ધાત્માકે જ્ઞાનાદિક લક્ષણોંસે વિશેષપનેસે કહતે હૈં-'**

**३१) अमणु अणिंदिउ णाणमउ मुत्ति-विरहिउ चिमित्तु।**
**अप्पा इंदिय-विसउ णवि लक्खणु एहु णिरुत्तु।।३१।।**

**અન્વયાર્થ :- 'યહ શુદ્ધ આત્મા...' 'अमनाः' 'પરમાત્માસે વિપરીત વિકલ્પજાલમયી મનસે રહિત હૈ...'** શુભ-અશુભ વિકલ્પ જે થાય છે એ મનના સંદેહ છે. મન સ્વરૂપે છે. શુભ-અશુભભાવ. એવું જે મન, એનાથી પરમાત્મા રહિત છે. આહાહા..! વિકલ્પ છે ને? શુભ-અશુભ જે રાગ થાય એ (વિકલ્પ છે.) પરમાત્મા એવું આત્માનું સ્વરૂપ, એનાથી મન વિપરીત છે. એનાથી રહિત આત્મા છે. સમજાણું કાંઈ? પરમાત્મા આત્માનો જે સ્વભાવ ત્રિકાળ સ્વરૂપ, એનાથી વિપરીત મન સંબંધી વિકલ્પો છે. એ મનથી રહિત પરમાત્મા (છે). એ મનના વિકલ્પથી ભિન્ન પડી એકલું જ્ઞાનસ્વરૂપ છે તેનું ધ્યાન કરવું, એમ કહે છે. **'अमनाः' 'પરમાત્માસે વિપરીત વિકલ્પજાલમયી...'** એનાથી રહિત. ભાષા,.. આહાહા..!

મુમુક્ષુ :- વિકલ્પ જાળ.

ઉત્તર :- જાણ, વિકલ્પ છે એને જાણે. વિકલ્પજાળ છે એ. આહાહા..! શુભ-અશુભ વિકલ્પની જાળ છે. એવું જે મન એ પરમાત્મ સ્વરૂપથી વિપરીત, એનાથી રહિત ભગવાન (છે). આમ લીધું.

હવે એ વિકલ્પ ઉત્પન્ન થાય એની પાછી તકરાર. કોઈ કહે કે ભાઈ! સ્વ હેતુથી વિકલ્પ ઉત્પન્ન થાય. 'પંચાસ્તિકાય'ની ૬૨ ગાથા. ત્યાં સિદ્ધ કરવું છે કે એના અસ્તિત્વના પર્યાયમાં રાગ-દ્વેષ થાય છે. તે એનું અસ્તિત્વ છે. એને પરની કોઈ અપેક્ષા નથી. ત્યાં એમ કહ્યું. બીજી જગ્યાએ એમ કહ્યું કે રાગાદિ થાય (તે) સ્વ-પર હેતુ છે. ઉપાદાન અને નિમિત્ત બે થઈને થાય, એમ કહ્યું છે. અહીંયાં એકલું ઉપાદાનથી થાય ત્યાં નિશ્ચય સિદ્ધ કર્યું છે. અને સ્વ-પર હેતુ થાય ત્યાં વિભાવ નિમિત્તના લક્ષે થાય છે તેથી સ્વ-પર હેતુ કહ્યો. ત્રીજે ઠેકાણે એમ કહ્યું. માથે આવ્યું હતું ને? એ કર્મ સંબંધી છે માટે આત્મા કર્મજનિત. કઈ અપેક્ષા છે? એ વિભાવ છે. છે તો પોતાની પર્યાયનું સ્વયંસિદ્ધ થવું ત્યાં. પણ નિમિત્તને લક્ષે થાય છે એથી એને સ્વ-પર હેતુ કહ્યું. અને ત્રિકાળી સ્વભાવમાં નથી તેથી તેને એકલા કર્મજન્ય કહીને છોડાવવા માગે છે. નિમિત્ત છે. સમજાણું કાંઈ? અને ક્યાંક તો એ વ્યવહાર મોક્ષમાર્ગને સાધન કહ્યું છે. નિશ્ચય મોક્ષમાર્ગને સાધ્ય કહ્યું છે. 'પંચાસ્તિકાય.'

મુમુક્ષુ :- નિશ્ચય સાધન...

ઉત્તર :- વ્યવહાર સાધન છે ને? એમ. વ્યવહાર સાધન એટલે એને રાગની મંદતાના શુભભાવની જાત હોય છે એને વ્યવહાર સાધનનો આરોપ આપ્યો છે. વ્યવહારનયે. 'પંચાસ્તિકાય'માં ઘણું લખાણ છે. વ્યવહાર સાધન, નિશ્ચય સાધ્ય. ત્યાં એ રાગની મંદતા નિમિત્તરૂપે છે એને વ્યવહાર સાધનનો આરોપ આપ્યો છે. અહીં તો ના પાડે છે કે એ સાધનથી ભિન્ન થઈને (જાણ). આહાહા..!

જેને આત્મા વસ્તુ કહીએ એ તો એ વ્યવહાર વિકલ્પના સાધનથી રહિત છે. '**अमनाः**' કહ્યું ને? આહા..! રહિત છે તેને તું સાધન કર. આત્મા વિકલ્પના ભાવથી રહિત છે. એને સાધ્ય બનાવ. એને સાધકપણામાં સાધ્ય કર. આહાહા..! આવી વાતું ઝીણી. તકરાર.. તકરાર... એક શબ્દ થયો. '**आत्मा अमनाः**' મન એટલે? વિકલ્પની જાળ. અને એ વિકલ્પની જાળ પરમાત્મ સ્વરૂપથી રહિત છે. એવું જે મન, એનાથી રહિત થઈને... આહાહા..! ચૈતન્ય સ્વભાવને સાધ. આહાહા..! એને ધ્યાનમાં લે અને તેનું ધ્યાન કર. આ છે આ. આહાહા..!

'**अनिन्द्रियः**' એ આત્મા અણીન્દ્રિય છે. '**શુદ્ધાત્માસે ભિન્ન ઈન્દ્રિય-...**' જોયું! વ્યાખ્યા આમ કરે છે ને? ઈન્દ્રિય કેવી છે? '**શુદ્ધાત્માસે ભિન્ન ઈન્દ્રિય-સમૂહસે રહિત હૈ...**' આહાહા..! છે કેવો ત્યારે? રહિત કીધો. મનથી રહિત, ઈન્દ્રિયથી રહિત. છે જ્ઞાનમય. એ તો સ્વપરપ્રકાશક સ્વભાવનો પિંડ છે. જ્ઞાનમય છે. જોયું! '**લોક ઔર અલોકકે પ્રકાશનેવાલે કેવલજ્ઞાનસ્વરૂપ હૈ,...**' કેવળજ્ઞાન એટલે એકલું જ્ઞાનસ્વરૂપ. ઓલું કેવળજ્ઞાન પર્યાય નહિ. એકલો જ્ઞાનસ્વરૂપ છે.

'**मूर्तिविरहितः**' ત્રીજો બોલ. '**અમૂર્તીક આત્માસે વિપરીત સ્પર્શ, રસ, ગંધ, વર્ણવાલી મૂર્તિરહિત હૈ,...**' એ અમૂર્તિક આત્માથી રહિત મૂર્તપણું, એનાથી રહિત ભગવાનઆત્મા છે. આહાહા..! શું છે? '**चिन्मात्रः**' '**અન્ય દ્રવ્યોંમેં નહીં પાઈ જાવે, ઐસી શુદ્ધચેતનાસ્વરૂપ હી હૈ,...**' શુદ્ધ ચેતના. પેલું જ્ઞાનમય કહ્યું હતું ને? એ શુદ્ધચેતના, નિર્મળ ચેતવું એ વસ્તુ છે. '**ઔર...**' '**इन्द्रियविषयः नैव**' '**ઈન્દ્રિયોંકે ગોચર નહીં હૈ,...**' ભગવાનઆત્મા આ પાંચ ઈન્દ્રિયો, જડ ભાવ ઈન્દ્રિય, એને ગમ્ય નથી પ્રભુ. આહાહા..! એ અણીન્દ્રિય છે. '**ઈન્દ્રિયોંકે ગોચર નહીં હૈ,..**' આહાહા..! ત્યારે ગમ્ય શી રીતે છે?

'**વીતરાગ સ્વસંવેદનસે હી ગ્રહણ કિયા જાતા હૈ.**' આહાહા..! જુઓ! પહેલા સમ્યગ્દર્શનમાં જ વીતરાગ સ્વસંવેદન-રાગ રહિત નિર્વિકલ્પ પરિણતિ સ્વસંવેદન-પોતાના આનંદનું વેદન (તેનાથી ગ્રહણ થાય છે). આહાહા..! ઈન્દ્રિય છે એના તરફનું વલણ તો આકુળતા છે. એ આકુળતા રહિત ભગવાન, '**વીતરાગ સ્વસંવેદનસે હી ગ્રહણ કિયા જાતા હૈ.**' પ્રથમમાં પ્રથમ ચોથે ગુણસ્થાને રાગ સહિત ગ્રહણ થાય, આઠમે વીતરાગ સહિત, એમ નથી. આહાહા..! આવી વાત છે, બાપુ!

મુમુક્ષુ :- એક જ વસ્તુ છે.

ઉત્તર :- વસ્તુ એક જ છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા ચિન્મય, જ્ઞાનમય, શુદ્ધ ચેતના સ્વરૂપ (છે) એ વીતરાગ પરિણતિથી ગ્રાહ્ય છે. વ્યવહાર રત્નત્રયના વિકલ્પથી પણ એ ગ્રાહ્ય નથી. આહાહા..! ભગવાન ચિન્મય વસ્તુ, આનંદમય વસ્તુ, અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ, એ અતીન્દ્રિય વીતરાગ પરિણતિ દ્વારા જ પ્રાપ્ત થાય એવો છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'વીતરાગ સ્વસંવેદનસે હી ગ્રહણ કિયા જાતા હૈ.'** એનો અર્થ એ કે પોતે વીતરાગ સ્વરૂપ જ છે. આહાહા..! એને અરાગી, વીતરાગી પરિણતિથી તે અનુભવવામાં આવે છે. વીતરાગી પરિણતિથી તે ગ્રહણ થઈ શકે છે. આહાહા..! આવો માર્ગ! ઇન્દ્રિયાતીત, મનાતીત. આહાહા..! પછી ઇન્દ્રિયનો વિષય નહિ. એના તરફ ઢળતા અરાગી દશાને ગ્રાહ્ય છે ઈ. સમકિતની પરિણતિ અરાગી પરિણતિ છે. સમજાણું કાંઈ?

**'एतत् लक्षणं'** **'પ્રગટ કહે ગયે હૈં...'** આહાહા..! આવું લક્ષણ તો પ્રગટ કહ્યું છે. **'निरुक्तम्'** સર્વજ્ઞોએ પરમાત્માએ (આવું લક્ષણ કહ્યું છે). આહાહા..! ઇન્દ્રિયના વિષયો તરફ જાતા તો રાગ થાય છે. ઇન્દ્રિયના વિષયથી અને ઇન્દ્રિયથી અગમ્ય. આહાહા..! એના ઝુકાવમાં વીતરાગી સમ્યગ્દર્શન, વીતરાગી શ્રદ્ધા, વીતરાગી સ્વસંવેદનજ્ઞાન અને વીતરાગી સ્વરૂપના આચરણરૂપ સ્થિરતા, એ દ્વારા ગ્રાહ્ય છે. સમજાણું કાંઈ? બીજી રીતે કહીએ તો એ નિશ્ચયરત્નત્રયને ગ્રાહ્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? બીજી રીતે કહીએ તો દ્રવ્યને આશ્રયે નિશ્ચયરત્નત્રય પ્રગટે છે. એ નિશ્ચયરત્નત્રયને આશ્રયે જણાય છે. શું કહ્યું સમજાણું?

વસ્તુ છે ભૂતાર્થ ત્રિકાળ, એને આશ્રયે નિશ્ચયરત્નત્રય પ્રગટે છે. સ્વને આશ્રયે. અને આમ ગુલાંટ ખાઈને કહીએ તો નિશ્ચયરત્નત્રયથી તે જણાય છે. સમજાય છે કાંઈ? એવી શૈલી લીધી છે. ત્યાં લીધું કે ભૂતાર્થને આશ્રયે ભગવાન પરમાત્મસ્વરૂપ પૂર્ણ આનંદનો નાથ પ્રભુ, એને આશ્રયે વીતરાગી સમ્યગ્દર્શન, વીતરાગી સ્વસંવેદનજ્ઞાન, સ્વરૂપની સ્થિરતા તે ત્રિકાળને આશ્રયે થાય છે. અહીં કહ્યું કે નિર્વિકલ્પ વીતરાગની પરિણતિથી તે ગ્રાહ્ય છે. આહાહા..!

મુમુક્ષુ :- વીતરાગ પરિણતિ દ્વારા ગ્રહાય છે, ત્યાં આશ્રય કીધો.

ઉત્તર :- એનો આશ્રય કીધો.

જીવને આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ થાય છે. એમ કીધુંને? ('સમયસાર'ની) બીજી ગાથામાં એમ કહ્યું. **'जीवो चरित्तदंसणणाणठिदो'** બીજી ગાથા. જીવ પોતે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિર થાય છે તે સ્વસમય છે. એમ કહો કે દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રિકાળને આશ્રયે પ્રગટ થાય છે. આહાહા..! આવી વાત છે. સમજાણું કાંઈ? કહો, 'દેવજીભાઈ'! આવી વાતું છે આ. આહા..! એમ લક્ષણ કહ્યું. ભગવાન સંતોએ મન અને ઇન્દ્રિય ને મૂર્તપણા રહિત એવો જે આત્મસ્વભાવ એ પોતે વીતરાગસ્વરૂપ છે. તેથી વીતરાગ પરિણતિ દ્વારા તે ગ્રાહ્ય થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ આમાં? એ આ અંદર એકાગ્ર થવું એ.

મુમુક્ષુ :- આ એટલે...

ઉત્તર :- એ તો એકની એક વાત છે. અંતર એકાગ્ર થયો એટલે વીતરાગ દશા આવી,

વીતરાગ દશા દ્વારા એ ગ્રાહ્ય થયો. આહાહા..! બાપુ! વીતરાગનો માર્ગ બહુ ઝીણો છે, ભાઈ! અનાદિથી ચોર્યાશીના અવતારમાં દુઃખી છે, દુઃખી. એ દુઃખના ભોગવટાથી એને જુદો કરવો છે. તો પ્રભુ તો આનંદમય છે ને? કહે છે કે એને આશ્રયે વીતરાગતા પ્રગટે. પરને આશ્રયે તો રાગ પ્રગટે. એ કંઈ સાધન નથી. આહાહા..! પોતે ભગવાન જ્ઞાનસ્વરૂપ, એનો આશ્રય લઈને જે નિશ્ચય વીતરાગી સમ્યગ્દર્શન-જ્ઞાન થયું, એનાથી તે ગ્રાહ્ય થયો. પંડિતજી! આમ વાત છે, ભાઈ! આહાહા..! વ્યવહાર સાધન કહ્યા ઘણે ઠેકાણે, 'પંચાસ્તિકાય'માં. નિશ્ચયનું સાધન સિદ્ધ કર્યું. એવી ગાથા આવે. ભાઈ! એ બધો વ્યવહાર આવે છે એટલે એને જણાવ્યું છે અને એને આરોપથી નિશ્ચયનું સાધન કહ્યું છે. આહાહા..! અહીં તો ના પાડી. એ તો વસ્તુ પોતે છે આખી ચીજ, એનો જ્યાં સ્વીકાર થાય છે ત્યારે જ વીતરાગ પરિણતિ ઊભી થાય છે. અને એ વીતરાગ પરિણતિએ એ સ્વીકાર થાય છે. એનો અર્થ એ. 'કાંતિભાઈ'! આવો માર્ગ છે, ભાઈ!

મુમુક્ષુ :- વિકલ્પજાળથી, મનથી, ઇન્દ્રિયથી રહિત છે.

ઉત્તર :- રહિત છે. આહાહા..!

**'વહી આત્મા હૈ.'** આહાહા..! છે ને? **'ઉસકો હી તૂ નિઃસંદેહ આત્મા જાન. ઈસ જગહ જિસકે યે લક્ષણ કહે ગયે હૈં, વહી આત્મા હૈ,...'** જ્ઞાનમય, ચૈતન્યમય એનું સાધન વીતરાગ દશા દ્વારા કર તો તને એ પ્રાપ્ત થાય. અથવા એ વસ્તુનો આશ્રય કર તો વીતરાગ પરિણતિ પ્રગટ થાય. આહાહા..! આવો માર્ગ એટલે વ્યવહારવાળાને એવું લાગે ને. 'પંચાસ્તિકાય'માં તો ઘણી ગાથાઓ આવે છે. આ નિશ્ચયનું સાધન કહ્યું વ્યવહાર. વ્યવહાર સાધન, નિશ્ચય સાધ્ય છે. વ્યવહાર તો રાગ છે. નિશ્ચય સાધન સ્વભાવનું રાગથી ભિન્ન પડીને કર્યું છે. તે આ સાધનમાં રાગની મંદતા હજી બાકી છે એને સાધનનો આરોપ આપ્યો છે. છે તો બાધક.

'સમયસાર નાટક' માં આવે છે. જે જે સાધક છે તે તે ત્યાં બાધક છે. રાગ-દ્વેષની વાત શું કરવી? કહે છે. એમ આવે છે. 'સમયસાર નાટક'માં. આહાહા..! નય ને નિક્ષેપ ને પ્રમાણથી જીવને સાધવો એ બધા વિકલ્પ છે. એ સાધક જ્યાં કહ્યું તે જ બાધક છે. આહાહા..! વ્યવહાર સાધક કહ્યું છે. નિશ્ચય સાધકની સાથે સહચર દેખીને ઉપચારથી સાધક કહ્યું છે. આવી વાત છે. આનંદના નાથનો જેને અનુભવ કરવો હોય... એમ કહે છે. આનંદનો ભોગવટો જેને કરવો હોય (એને માટે વાત છે). અરે..! અનાદિથી પુણ્ય-પાપના રાગનો ભોગવટો કરે છે એ દુઃખનો અનુભવ છે. વિષયમાં એને મજા દેખાય એ બધું દુઃખ છે, બાપુ! આહાહા..! શરીર, માંસ ને હાડકા-ચામડા, એની ચમક-દમક દેખીને અંદરમાં એને રાજીપો થાય છે એ દુઃખ છે. ચમક-દમક સમજો છો? શરીર રૂપાળું આમ દેખાય. આહાહા..!

આ લુગડા સારા પહેર્યા, દાગીના સોનાના લટકતા એક આમ હોય ને આમ હોય. મારવાડમાં તો અહીં પહેરે સોનાના. આહાહા..! મડદાને શણગારે છે.

મુમુક્ષુ :- મડદું કોનું? પણ જીવતું મડદું.

ઉત્તર :- જીવતું નથી. એ મડદું જ છે, અત્યારે. ૯૬ ગાથામાં કહ્યું ને? મૃતક કલેવરમાં અમૃતનો સાગર મૂર્છાણો. આહાહા..! ૯૬. 'સમયસાર' ૯૬ ગાથામાં છે. '**મૃતક ક્લેવર (–શરીર) વડે...**' આ શરીર મડદું અત્યારે છે.

મુમુક્ષુ :- જીવતું શરીર..

ઉત્તર :- આની વાત છે.

'**મૃતક ક્લેવર (–શરીર) વડે પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન...**' આ મૃતક કલેવર અને અમૃત વિજ્ઞાનઘન-ભગવાન. '**પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન...**' મૃતક કલેવરમાં ચમક દેખીને મૂર્છાઈ ગયો છે. એ મહાણના હાડકાનું ફાસફૂસ છે. શું કહેવાય એ? ફોસ્ફરસ. આહાહા..! '**મૃતક ક્લેવર વડે...**' સંસ્કૃત છે, હોં! આહાહા..! જુઓ! સંસ્કૃત '**मृतककलेवरमूर्च्छित–परमामृतविज्ञानघनतया**' આહાહા..! ભગવાન અમૃતનો સાગર પ્રભુ, અતીન્દ્રિય અમૃતના સ્વભાવથી ભરેલો, એ આ મૃતક કલેવરમાં મૂર્છાણો. આ મારું અને આ મને ઠીક. એ પછી ગાથામાં કહેશે. શરીર-તનથી વૈરાગ્ય પામ, ભાઈ! તન ભોગ ને.. પછીની ગાથામાં આવશે. છે ને ૩૪? ૩૨. '**भव–तणु–भोय–विरत्त**' એ પછી આવશે. આહાહા..!

મૃતક કલેવરમાં અમૃતનો સાગર પરમાત્મા મૂર્છાઈ ગયો. એમાં અર્પાઈ ગયો. અમૃત સાગર મૃતક કલેવરમાં અર્પાઈ ગયો છે. આહાહા..! સમજાણું કાંઈ? એ મૂર્છાપણું છોડ, એમ કહે છે. ભગવાનઆત્મામાં અંતર મમત્વ કર. મમત્વ એટલે આ હું છું એમ કર. આ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! શરીરની જુવાની હોય, ઈન્દ્રિયો પુષ્ટિ હોય, મોટા મકાન હોય, પાંચ-દસ લાખની... શું કહેવાય? ફર્નિચર... ફર્નિચર. આહાહા..!

અમે હમણાં ગયા હતા ને. 'મુંબઈ'. નહિ? 'મણિભાઈ' નહિ? 'મણિલાલ'ને ત્યાં આહાર કરવા ગયા હતા. પાંચ-છ કરોડ રૂપિયા છે. અને પાંચ-સાડા પાંચ લાખ રૂપિયાનું તો ફર્નિચર. અમે પગલા કર્યા તો નીચે શું કહેવાય ઓલું? ગાલિચા પાથરેલા. અરેરે..! આમાંથી નીકળવું મુશ્કેલ પડશે, કીધું. મખમલ-મખમલ. મખમલના આમ પાથરેલા. ગૃહસ્થ માણસ છે. પાંચ-છ કરોડ રૂપિયા છે. આ 'શાંતાબેન' છે ને? એના બેન છે. એના એ... 'રસિકભાઈ'ના બનેવી છે. બેનના એ નણદોઈ છે. પૈસા ઘણા અને 'એડન'માં કાંઈક દુકાન છે. અરેરે..! કીધું. આ બધા ફર્નિચર, ગાલીચા ને ઘર ને.. શું કહેવાય તમારે આ બેસવાનું? ખુરશીઓ. ખુરશીઓ અને કબાટમાં જુદી જાતના રમકડા ને... આહાહા..! પ્રભુ! તું ક્યાં છો? ભાઈ! આવી રમતમાં રમી ગયો, પ્રભુ! મુર્છાઈ ગયો છે, કહે છે. ત્રણલોકનો નાથ આનંદનો કંદ પ્રભુ છે ને. આહાહા..! ભાઈ! તને તારી સમીપે જવું ગોઠતું નથી? અને તારું નથી ત્યાં સમીપમાં જઈને સુખી થયો એમ માન્યું છે, ભાઈ! એ સુખ નથી. અંગારા છે એ તો. આહાહા..! કષાયના અંગારાથી શેકાય છે. આહાહા..!

અહીં કહે છે, એ જે લક્ષણ કહ્યા-જ્ઞાન દ્વારા, અતીન્દ્રિય દ્વારા જણાય. આહાહા..! '**વહી આત્મા હૈ, વહી ઉપાદેય હૈ,...**' ધર્મીને તો આ એક ઉપાદેય છે. પર્યાય પણ ઉપાદેય

નથી તો વળી રાગ અને બહારની ચીજનું ક્યાં કહેવું? સમજાણું કાંઈ? '**વહી ઉપાદેય હૈ, આરાધને યોગ્ય હૈ,...**' આહાહા..! વીતરાગમૂર્તિ આનંદસ્વરૂપ ભગવાન એ આરાધવા યોગ્ય, સેવવા યોગ્ય એ છે અને એ જ આદરણીય છે. એ સિવાય આદરણીય છે નહિ. આહાહા..! સમ્યગ્દષ્ટિને ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ પ્રભુ, એ આદરણીય છે. આહાહા..!

મુમુક્ષુ :- આદરણીય એટલે?

ઉત્તર :- ગ્રહણ કરવા લાયક-ઉપાદેય.

મુમુક્ષુ :- ગ્રહણ એટલે?

ઉત્તર :- એમાં એકાકાર થવા લાયક. આહાહા..! આ બહારની વાતુમાં બિચારા. આ જુઓને, બહારની જાત્રા-બાત્રા કરવા નીકળ્યા હોય ને બિચારા. એ એમ માને કે આહાહા..! આપણે તો..

મુમુક્ષુ :- બે-ચાર જાત્રા કરે તો...

ઉત્તર :- ધૂળેય કઈ જાત્રા? લાખ વાર જાત્રા કરી.

મુમુક્ષુ :- એ શેત્રુંજય...

ઉત્તર :- આ બહારનું શેત્રુંજય તો અનંતવાર કર્યું. આહાહા..! આ તો અંદર છે. તીર્થ તો અંદર છે, ભગવાન પૂર્ણાનંદનો નાથ, ત્યાં આરૂઢ થાને. તો તને જાત્રા થશે. જન્મ-મરણના અંત આવશે ત્યાં. આ તો બધો પુણ્યભાવ. પુણ્ય સંસારમાં દાખલ કરે. આહાહા..! બહારની જાત્રા સમ્મેદશિખરની. ત્યાં વળી એમ કહ્યું કે 'એકવાર વંદે જો કોઈ..' નરક-પશુ (ન થાય) એમાં શું દાળિયા થયા? એવો કોઈ ભાવ હોય તો વર્તમાનમાં નરક-પશુમાં ન જાય, પછી જશે. આહાહા..! લોકોને આકરું લાગે, હોં! બિચારાને. આહાહા..! એને એ આગ્રહ હોય છે બહારનો. મીઠાશ બહારની પડી છે. આહાહા..! એ ૩૧ થઈ.

'**યહ તાત્પર્ય નિકલા.**' છે ને છેલ્લું? આ તાત્પર્ય કાઢ્યું એમાંથી, કહે છે. ભગવાન આનંદનો નાથ અતીન્દ્રિય આનંદનું દળ-કંદ ચૈતન્યમૂર્તિ પ્રભુ, એ શ્રદ્ધામાં આદરણીય છે. જ્ઞાનની પર્યાયમાં તે ઉપાદેય છે. આહાહા..! પહેલી વાત જ આવી કઠણ પડે. અભ્યાસ નહિ. જાતના ઘરમાં.. ઓલામાં કહ્યું છે ને? ઓલામાં નહિ? 'ધવલ'માં દિઠમગેણ. એવો શબ્દ આવે છે. જેણે અંદરમાં રાગ રહિત જવાની દશા જોઈ છે. ગીરી ગુફા લખી છે ને? ૪૯. ૪૯ ગાથામાં. 'જયસેનાચાર્ય'માં. આહાહા..!

'**निर्विकल्पनिर्मोहनिरंजननिजशुद्धात्मसमाधिसंजातसुखामृतरसानुभूतिलक्षणे गिरिगुहागह्वरे**' આ ગીરીમાં જા. બહારમાં પર્વતમાં જઈને શું (કરવું છે)? આહાહા..! '**भिन्न जनसमस्तमनोवचनकायव्यापारेषु दुर्लभः स एवापूर्वः सचैवोपादेय इति मत्वा निर्विकल्पनिर्मोहनिरंजननिजशुद्धात्म**' પોતાનો આત્મા, હોં! પાછો ભગવાનનો આત્મા એમ નહિ. '**समाधिसंजातसुखामृतरसानुभूतिलक्षणे**' આહાહા..! આનંદની અનુભૂતિરૂપી '**गिरिगुहागह्वरे**' એવી ગિરી ને ગુફામાં જઈને આનું ધ્યાન કર. '**सर्वतात्पर्येण ध्यातव्य इति**' એનું ધ્યાન કર. આહાહા..! ૪૯ આવી ગઈ છે. આપણે તો બીજી ચાલે છે ને?

अथ संसारशरीरभोगनिर्विण्णो भूत्वा यः शुद्धात्मानं ध्यायति तस्य संसारवल्ली नश्यतीति कथयति –

३२) भव–तणु–भोय–विरत्त–मणु जो अप्पा झाएइ।
तासु गुरुक्की वेल्लडी संसारिणि तुट्टेइ।।३२।।

भवतनुभोगविरक्तमना य आत्मानं ध्यायति।
तस्य गुर्वी वल्ली सांसारिकी त्रुटयति।।३२।।

भवतनुभोगेषु रञ्जितं मूर्छितं वासितमासक्तं चित्तं स्वसंवित्तिसमुत्पन्नवीतरागपरमानन्द–सुखरसास्वादेन व्यावृत्त्य स्वशुद्धात्मसुखे रतत्वात्संसारशरीरभोगविरक्तमनाः सन् यः शुद्धात्मानं ध्यायति तस्य गुरुक्की महती संसारवल्ली त्रुटयति नश्यति शतचूर्णा भवतीति। अत्र येन परमात्मध्यानेन संसारवल्ली विनश्यति स एव परमात्मोपादेयो भावनीयश्चेति तात्पर्यार्थः।।३२।। इति चतुर्विंशति–सूत्रमध्ये प्रक्षेपकपञ्चकं गतम्।

---

आगे जो कोई संसार, शरीर, भोगोंसे विरक्त होके शुद्धात्माका ध्यान करता है – उसीके संसाररूपी बेल नाशको प्राप्त हो जाती है, इसे कहते हैं –

**गाथा – ३२**

अन्वयार्थ :– [ यः ] जो जीव [ भवतनुभोगविरक्तमनाः ] संसार, शरीर और भोगोंमें विरक्त मन हुआ [ आत्मानं ] शुद्धात्माका [ ध्यायति ] चिंतवन करता है, [ तस्य ] उसकी [ गुर्वी ] मोटी [ सांसारिकी वल्ली ] संसाररूपी बेल [ त्रुटयति ] नाशको प्राप्त हो जाती है।

भावार्थ :– संसार, शरीर, भोगोंमें अत्यंत आसक्त (लगा हुआ) चित्त है, उसको आत्मज्ञानसे उत्पन्न हुए वीतराग परमानंद सुखामृतके आस्वादसे राग–द्वेषसे हटाकर अपने शुद्धात्म–सुखमें अनुरागी कर शरीरादिकमें वैरागरूप हुआ जो शुद्धात्माको विचारता है, उसका संसार छूट जाता है, इसलिये जिस परमात्माके ध्यानसे संसाररूपी बेल दूर हो जाती है, वही ध्यान करने योग्य (उपादेय) है।।३२।।

---

હવે જે સંસાર, શરીર, અને ભોગોથી વિરક્ત થઈને શુદ્ધ આત્માનું ધ્યાન કરે છે તેની સંસારવલ્લી નાશ પામે છે એમ કહે છે :

ભાવાર્થ : સંસાર, શરીર અને ભોગોમાં રંજિત–મૂર્ચ્છિત–વાસિત–આસક્ત ચિત્તને સ્વસંવિત્તિથી ઉત્પન્ન વીતરાગ પરમાનંદરૂપ સુખના રસાસ્વાદ વડે (સંસાર, શરીર અને ભોગોથી) વ્યાવૃત્ત કરીને (પાછું વાળીને) નિજ શુદ્ધાત્મસુખમાં રત થવાથી સંસાર, શરીર અને ભોગોથી વિરક્ત મનવાળો થયો થકો જે શુદ્ધ આત્માને ધ્યાવે છે તેની સંસારરૂપી મોટી વેલના સેંકડો કટકા થઈ જાય છે–ચૂરેચૂરા થઈ જાય છે–નાશ પામી જાય છે.

**અહીં જે પરમાત્માના ધ્યાનથી સંસારવલ્લી નાશ પામે છે તે જ પરમાત્મા ઉપાદેય છે અને ભાવવા યોગ્ય છે એવો તાત્પર્યાર્થ છે. ૩૨.**

## ગાથા-૩૨ ઉપર પ્રવચન

૩૨. '**આગે જો કોઈ સંસાર, શરીર, ભોગોંસે વિરક્ત હોકે શુદ્ધાત્માકા ધ્યાન કરતા હૈ. ઉસીકે સંસારરૂપી બેલ નાશકો પ્રાપ્ત હો જાતી હૈ,...**' સંસારરૂપી વેલડી. આહાહા..! ચોર્યાસીની ભ્રમજાળ મોટી, એની વેલ તૂટે છે કે જે સંસાર, ઉદયભાવ, શરીર ને ભોગથી વિરક્ત (થાય) છે. આહાહા..! સ્વભાવમાંથી સંસરીને ઉદયભાવમાં નીકળ્યો છે ને એ સંસાર છે. એ '**સંસાર, શરીર, ભોગ...**' વિષયોના. આહાહા..! એનાથી '**વિરક્ત હોકે...**' રક્ત છે તેનાથી વિરક્ત થઈને. આહાહા..! ઉદય, શરીર, ભોગ એમાં અનાદિનો રક્ત છે. એમાંથી વિરક્ત થઈને. આ વિરક્તિ. સમજાણું કાંઈ? બહારના બાયડી-છોકરા છોડ્યા અને વિરક્ત થઈ ગયા એમ નહિ, કહે છે. આહાહા..! 'વિરલા જાણે તત્ત્વને વિરલા જાણે કોઈ...' એ બધું આવે છે ને? શ્રદ્ધે કોઈ. આહાહા..! 'ધ્યાવે તત્ત્વને...' આહાહા..! એવી ચીજ છે, બાપા!

**३२) भव-तणु-भोय-विरत्त-मणु जो अप्पा झाएइ।**
**तासु गुरुक्की वेल्लडी संसारिणि तुट्टेइ।।३२।।**

આહાહા..! '**गुरुक्की**' એટલે મોટી.

**અન્વયાર્થ :-** '**જો જીવ સંસાર, શરીર ઔર ભોગોંમેં વિરક્ત મન હુઆ...**' આહાહા..! ઉદયભાવનું કરવાપણું અને ભોગવવાપણું અને શરીરના લક્ષને છોડી દઈને. આહાહા..! '**શુદ્ધાત્માકા ચિંતવન કરતા હૈ,...**' ચિંતવનનો અર્થ ધ્યાન. ચિંતવન એટલે વિકલ્પ નહિ. '**સંસાર, શરીર ઔર ભોગોંમેં વિરક્ત મન હુઆ શુદ્ધાત્માકા ચિંતવન કરતા હૈ, ઉસકી...**' '**गुर्वी**' '**મોટી સંસારરૂપી બેલ...**' આહાહા..! અનંત ભવજાળની વેલડી, અનંત ભવ '**નાશકો પ્રાપ્ત હો જાતી હૈ.**' અનંત ભવની વેલડી નાશ થઈ જાય છે. આહાહા..! મિથ્યાત્વ એ જ સંસાર છે અને એમાં અનંત ભવ કરવાની તાકાત છે. આહાહા..!

'**સંસાર, શરીર, ભોગોંમેં અત્યંત આસક્ત (લગા હુઆ) ચિત્ત હૈ,...**' જોયું! રક્ત છે છે એને વિરક્ત થવું, એમ કહે છે. આહાહા..! શું કહ્યું? ઉદયભાવ, શરીર અને ભોગ '**અત્યંત આસક્ત (લગા હુઆ) ચિત્ત હૈ,...**' ચિત્ત ત્યાં લાગ્યુ છે અનાદિથી. આહાહા..! '**ઉસકો આત્મજ્ઞાનસે ઉત્પન્ન હુએ...**' એ ચિત્તને '**ઉસકો આત્મજ્ઞાનસે ઉત્પન્ન હુએ વીતરાગ પરમાનંદ સુખામૃતકે આસ્વાદસે...**' આહાહા..! ભારે, ભાઈ! ઉદયભાવ, શરીર અને ભોગ, એમાં જે ચિત્ત રક્ત છે એને પરમાનંદના નાથનો આશ્રય લઈ... આહાહા..! જેને આત્મજ્ઞાન થયું. જોયું! આત્માનું જ્ઞાન થયું છે. વસ્તુ ભગવાનઆત્મા, એનું જ્ઞાન થવાથી

વીતરાગ પરમાનંદ સુખામૃત. આહાહા..! વીતરાગી પરમ આનંદના સુખનું અમૃત, એના '**આસ્વાદસે રાગ-દ્વેષસે હટાકર...**' આહાહા..! આવા આનંદના સ્વાદથી રાગ-દ્વેષથી ચિત્તને હટાવીને. આહાહા..! આવી વાતું બધી. ઓલું તો એવું સહેલું સટ હતું. સામાયિક કરવી, પોહા કરવા, પડિકમણા કરવા.

સામાયિક કોને કહેવી? બાપુ! આહાહા..! આત્મા વસ્તુ છે તેનું જ્ઞાન થઈને તે સ્વરૂપમાં ઠરે તેને સામાયિક કીધી છે. હજી આત્મા કોણ, ક્યાં છે એની ખબરું ન મળે ને સામાયિક ક્યાંથી આવી? સમજાણું કાંઈ? સામાયિક ને પોષા. 'જામનગર'માં બહુ કરે. આઠમ અને પાંચમને દિવસે. બાપુ! એ પોષા નહિ. (સંવત) ૧૯૮૨માં ગયાને જ્યારે પહેલા? એટલે આ વાત કરી. અંદર વ્યાખ્યાનમાં આવી. 'વીરજીભાઈ'ના બાપ હતા. 'વીરજી વકીલ' છે ને એના બાપ હતા. એ શાસ્ત્ર ચાલતું સૂત્ર કહેવાતું. સાધુ-આર્જિકાને ભણાવે. એટલે આ વાત આવી. ૧૯૮૨ પહેલા ગયા 'જામનગર' ત્યારે. કીધું, ભાઈ! જુઓ! મનની સરળતા, વચનની સરળતા, કાયાની સરળતાનો બધો ભાવ એ પુણ્યબંધનું કારણ છે, ધર્મ નહિ. એ ક્રિયાઓ બધી પુણ્યબંધનું કારણ, ધર્મ નહિ. હવે એ લોકોએ એ રીતે ધર્મ માનેલો. એટલે બિચારા માણસ નરમ. કોઈ નહોતા ત્યારે એકલા આવ્યા સાંજે. વૃદ્ધ હતા. 'વીરજીભાઈ'ના પિતાજી 'તારાચંદભાઈ'. મહારાજ! આ બધું ધર્મ નથી તો આકરું પડે છે લોકોને. આ કર્મ કરે છે ને. ભાઈ! તમે તમારું જુવો, કીધું. શું કહ્યું? જ્ઞાન... 'જ્ઞાનસાગર'. ત્યાંનું 'પુનાતર'નું કરેલું છે ને. 'પુનાતર' આ જુઓ! કીધું 'જ્ઞાનસાગર'ને. મનનો શુભભાવ, વચનનો શુભભાવ, કાયાનો શુભભાવ એનાથી તો નામકર્મ પુણ્ય બંધાય, એમ કહ્યું છે, જુઓ! ૧૯૮૨ની સાલની વાત છે. બહારની ક્રિયાઓ સામાયિક ને પોષા ને પડિકમણા (કરે) એ ધર્મ. આહાહા..! ભાઈ! એમ નથી, કીધું.

મનમાં રાગની મંદતાનો ભાવ એ પુણ્યબંધનું કારણ છે. નામકર્મ એનાથી બંધાય એવો પાઠ છે. .. ચાર પ્રકારે શુભ નામકર્મ બંધાય. કાયાની, મનની વક્રતાથી અશુભ નામકર્મ બંધાય. એમાં મન-વચનમાં શુભભાવ આવ્યો એ ધર્મ ક્યાં છે? નામકર્મ છે. ઓલા 'તત્ત્વાર્થ રાજવાર્તિક'માં. પુણ્ય નામકર્મ ચાર પ્રકારથી બંધાય. કાયા, મન, વચન અને ... ઝઘડો નહિ. એ તો પુણ્ય બંધનું કારણ છે કીધું. આવી ક્રિયા ધર્મ નથી. એ ધર્મ માને છે. પણ આકરું પડે છે ત્યાં બધાને. શીખેલું બહુ નહિ ને. માર્ગ તો આવો છે, ભાઈ! એ ક્રિયાકાંડમાં રાગની મંદતા વર્તતી હોય, એ દેહાદિની ક્રિયા, એને અનુસરીને થતા પરિણામ એ શુભઉપયોગ બંધનું કારણ છે. આમાં આવે છે-કળશમાં. બે વાત. દેહ, વાણી, મનની ક્રિયા અને એને અનુસરતો શુભભાવ બેય બંધનું કારણ છે. સમજાણું કાંઈ?

વીતરાગ પરમાનંદ. આહાહા..! વસ્તુ જે આત્મા જ્ઞાન અને આનંદમય વસ્તુ, તેનો આશ્રય લેતાં વીતરાગી પરમાનંદ સુખામૃત દશા પ્રગટ થાય. આહાહા..! '**વીતરાગ પરમાનંદ...**' ભાષા કેટલી! વીતરાગી આનંદ અને તે પણ સુખરૂપ અમૃત. આહાહા..! એના આસ્વાદથી એ રાગ-દ્વેષ છૂટી જાય છે. રાગ-દ્વેષ ચિત્તને આના આસ્વાદથી, ચિત્તને રાગ-દ્વેષથી પાછું વાળીને. એમ લેવું. છેને પહેલું?

**'સંસાર, શરીર, ભોગોંમેં અત્યંત આસક્ત...'** આહાહા..! સંસાર, શરીર ને ભોગ **'અત્યંત આસક્ત** (લગા હુઆ) **ચિત્ત હૈ, ઉસકો આત્મજ્ઞાનસે ઉત્પન્ન હુએ...'** આહાહા..! **'વીતરાગ પરમાનંદ સુખામૃતકે આસ્વાદસે રાગ-દ્વેષસે હટાકર...'** આહાહા..! રાગ-દ્વેષ કેમ ટળે? ત્યારે કોઈ કહે કે, ભાઈ! એનો ઉપાય નથી શાસ્ત્રમાં. એક જણે એમ કીધું. એમ વાત આવી હતી. અહીં કહ્યું. એ આવ્યું હતું, નહિ? એ બાજુથી. આવ્યું હતું. એ બાજુથી આવ્યું હતું. કેમ રાગ-દ્વેષ ટળે એ શાસ્ત્રમાં અધિકાર નથી. આહાહા..! અરે..! ભાઈ! ચિત્તમાં રાગ-દ્વેષ છે, એને આત્મજ્ઞાનથી ઉત્પન્ન થયેલા સુખામૃતના સ્વાદથી છોડ. સમજાય છે કાંઈ? એની શ્રદ્ધા તો કરે એના જ્ઞાનમાં કે માર્ગ તો આ છે, બીજો કોઈ માર્ગ છે નહિ. આહાહા..!

**'અપને શુદ્ધાત્મ-સુખમેં અનુરાગી...'** આહાહા..! ભગવાનઆત્મા, એના સુખનો અનુરાગી. **'અનુરાગી કર શરીરાદિકમેં વૈરાગ્યરૂપ હુઆ...'** આહાહા..! શુદ્ધાત્મસુખમાં અનુરાગી, શરીરાદિ સુખમાં વૈરાગ્ય. આહાહા..! ભગવાનઆત્માના આનંદસ્વરૂપનો પ્રેમી-અનુરાગી અને પરથી વૈરાગી. અસ્તિ-નાસ્તિ કર્યું. આહા..! **'વૈરાગ્યરૂપ હુઆ જો શુદ્ધાત્માકો વિચારતા હૈ,...'** આહાહા..! પરથી હટીને સ્વના સ્વભાવના આનંદને સ્વાદમાં લેતો એ રાગ-દ્વેષને છોડે છે. ત્યાં રાગ-દ્વેષ થતાં નથી એને છોડે છે એમ કહે છે. આહાહા..! આવો ઉપદેશ હવે માણસને (આકરું લાગે.)

પૂજા કરો, ભક્તિ કરો, મોટી રથયાત્રા કાઢો. કેટલું અહીં માણસ આવ્યું હતું. ૨૬ હજાર. દરબાર જોવા ઊભા રહ્યા હતા, બિચારા ગરાસિયા. વરઘોડો નીકળ્યો હતો ને. ૨૬ હજાર. ઓલા ચોકમાં ભેગા થયા હતા. ઓહોહો..! આવું માણસ ક્યાંથી! એ બધું બહારનું છે. આહાહા..! દુનિયાએ બહારનું દેખ્યું છે અને અભ્યંતર ચીજને જોઈ નથી. અને એના મહાત્મ્ય આવ્યા નથી. તેથી બહારના મહાત્મ્ય ખસતા નથી. આમ ચાર-ચાર હાથી. ચાર હાથી? કેટલા હતા? પાંચ હાથી, ૨૬ હજાર માણસ, 'કેશુભા' અને 'નાનભા'. 'નાનભા' બિચારા ગુજરી ગયા. બેય અહીંયાં. હું સાથે નહોતો. દુકાન છે ત્યાં હું જોવા ઊભો રહ્યો. તે બે ભાઈઓ 'રાજકોટ'થી આવ્યા. ઓહોહો..! માણસો.. માણસો. 'સોનગઢ'માં આવું કોઈ દિ' થયું ન હોય. ભાઈ! એ તો બહારની પ્રવૃત્તિ છે. એમાં કદાચ શુભભાવ હો તો એ પુણ્યબંધનું કારણ છે.

મુમુક્ષુ :- એનાથી ધર્મ થાય એમ માને તો?

ઉત્તર :- એ બધું મિથ્યાત્વ છે. આવી વાતું છે. બહારના ભપકાનું મહાત્મ્ય એને ઊડી જવું જોઈએ.

મુમુક્ષુ :- નિમિત્ત તો...

ઉત્તર :- નિમિત્ત કરે એમાં શું .. કરે છે કહે છે એને. કોણ કરે? બાપા! થવા કાળે થાય. મકાન થવા કાળે થયા છે, ભાઈ! અને આ ઉપદેશકો પણ એમ કે બહાર જઈને, બીજે નિમિત્ત દ્વારા ઉપાદાનથી ન થાય એ વાત સિદ્ધ કરે છે. નિમિત્તનો તો આશરો લે છે.

ભગવાન! પ્રભુ... પ્રભુ... પ્રભુ...! આહાહા..!

નિમિત્તથી થાય છે એ તો વ્યવહારનું કથન છે. ઉપાદાન ખરેખર તો તે તે દ્રવ્યની, તે તે સમયની. પર્યાય તે તે સમયે ઉત્પન્ન થવાનો એનો કાળ જ હતો. એથી નિશ્ચયથી તો સ્વહેતુ પરહેતુ નથી. પણ જ્યારે એને વિભાવ સિદ્ધ કરવો છે ત્યારે એને કહેવું છે કે ભાઈ! એ વિભાવ પરના લક્ષે થાય છે. માટે તે વિભાવ સ્વપર હેતુ છે એમ કહ્યું. 'પંચાસ્તિકાય'માં. સ્વ-પર હેતુ કહ્યું ને 'પંચાસ્તિકાય'માં.

મુમુક્ષુ :- આ તો સોનગઢની ક્રમબદ્ધ પર્યાય સિદ્ધ થઈ જાય છે.

ઉત્તર :- ક્રમબદ્ધ જ છે. 'સોનગઢ'ની છે? આહાહા..! અરે..! ભગવાન!

મુમુક્ષુ :- 'સોનગઢ'ની કે દ્રવ્યની?

ઉત્તર :- દ્રવ્યની એવી વસ્તુ છે. જે ક્રમસર એક પછી એક પછી જે થવાની તે થાય છે. તે તે સમયનો કાળ તે તે પર્યાય ત્યાં થાય છે. એ એનું અસ્તિત્વ સિદ્ધ કરવા એનું દ્રવ્ય-ગુણ ને પર્યાય, એને નિમિત્તના કારકની અપેક્ષા નથી. પોતાનું અસ્તિત્વ સિદ્ધ કરવું એમાં પરના કારણનું શું કામ? એમ કહે છે. 'પંચાસ્તિકાય' સિદ્ધ કરી છે ને. ૬૨ ગાથા.

મુમુક્ષુ :- પણ ૪૫ વર્ષ પહેલા તો અમે સાંભળી નહોતી.

ઉત્તર :- નહોતી સાંભળી? અત્યારે સાંભળ, એમાં શું? સમજે ત્યાંથી સવાર, નથી કહેતા? આહાહા..!

'આત્માનુશાસન'માં એમ પણ કહ્યું છે કે જો નિમિત્તથી થતું ન હોય તો એ વિભાવ સ્વભાવ થઈ જાય. એ તો વિકાર સિદ્ધ કરવા. પણ અહીં તો વિકાર પણ તે સમયનો, તે સ્વતંત્ર છે. એના હોવાપણામાં પરની અપેક્ષા નથી. એ છે એને પરની અપેક્ષા શું? એમ કહે છે. અસ્તિકાય સિદ્ધ કરવું છે ને? આહાહા..! અને અહીંયાં તો એને કહે છે કે ભાઈ! ઓલું રાગ તરફનું વલણ છે ને એને નિમિત્ત તરફનું. એટલે રાગ થાય છે. છે તો પોતાથી થયેલો. પણ નિમિત્તના લક્ષે થયો માટે વિભાવને સિદ્ધ કરવા સ્વ-પર હેતુ કહ્યો. આહાહા..! સમજાય છે?

એ અહીંયાં કહે છે. જે ભગવાનઆત્મા ઉદયભાવ, શરીર અને ભોગ, એનાથી વિરક્ત થઈ અને આનંદના નાથમાં લીન થઈ જે આવા રાગને છોડે છે... આહાહા..! એનો સંસાર છૂટી જાય છે. '**જિસ પરમાત્માકે ધ્યાનસે સંસારરૂપી બેલ દૂર હો જાતી હૈ, વહી ધ્યાન કરને યોગ્ય (ઉપાદેય) હૈ.**' આ એનો સાર છે. (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

तदनन्तरं देहदेवगृहे योऽसौ वसति स एव शुद्धनिश्चयेन परमात्मा तन्निरूपयति –

३३) देहादेवलि जो वसइ देउ अणाइ–अणंतु।
केवल–णाण–फुरंत–तणु सो परमप्पु णिभंतु।।३३।।

देहदेवालये यः वसति देवः अनाद्यनन्तः।
केवलज्ञानस्फुरत्तनुः स परमात्मा निर्भ्रान्तः।।३३।।

व्यवहारेण देहदेवकुले वसन्नपि निश्चयेन देहाद्भिन्नत्वाद्देहवन्मूर्तः सर्वाशुचिमयो न भवति। यद्यपि देहो नाराध्यस्तथापि स्वयं परमात्माराध्यो देवः पूज्यः, यद्यपि देह आद्यन्तस्तथापि स्वयं शुद्धद्रव्यार्थिकनयेनानाद्यनन्तः, यद्यपि देहो जडस्तथापि स्वयं लोकालोकप्रकाशकत्वात्केवलज्ञानस्फुरिततनुः, केवलज्ञानप्रकाशरूपशरीर इत्यर्थः। स पूर्वोक्तलक्षणयुक्तः परमात्मा भवतीति। कथंभूतः। निर्भ्रान्तः निस्सन्देह इति। अत्र योऽसौ देहे वसन्नपि सर्वाशुच्यादिदेहधर्मं न स्पृशति स एव शुद्धात्मोपादेय इति भावार्थः।।३३।।

---

आगे जो देहरूपी देवालयमें रहता है, वही शुद्धनिश्चयनयसे परमात्मा है, यह कहते हैं –

**गाथा – ३३**

अन्वयार्थ :– [ यः ] जो व्यवहारनयकर [ देहदेवालये ] देहरूपी देवालयमें [ वसति ] बसता है, निश्चयनयकर देहसे भिन्न है, देहकी तरह मूर्तीक तथा अशुचिमय नहीं है, महा पवित्र है, [ देवः ] आराधने योग्य है, पूज्य है, देह आराधने योग्य नहीं है, [ अनाद्यनन्तः ] जो परमात्मा आप शुद्ध द्रव्यार्थिकनयकर अनादि अनंत है, तथा यह देह आदि अंतकर सहित है, [ केवलज्ञानस्फुरत्तनुः ] जो आत्मा निश्चयनयकर लोक–अलोकको प्रकाशनेवाले केवलज्ञानस्वरूप है, अर्थात् केवलज्ञान ही प्रकाशरूप शरीर है, और देह जड़ है, [ सः परमात्मा ] वही परमात्मा [ निर्भ्रान्तः ] निःसंदेह है, इसमें कुछ संशय नहीं समझना।।३३।।

भावार्थ :– जो देहमें रहता है, तो भी देहसे जुदा है, सर्वाशुचिमयी देहको वह देव छूता नहीं है, वही आत्मदेव उपादेय है।।३३।।

---

એ પ્રમાણે ચોવીશ સૂત્રોમાં પાંચ પ્રક્ષેપક સૂત્રો સમાપ્ત થયાં.

ત્યાર પછી, દેહરૂપી દેવાલયમાં જે રહે છે તે જ શુદ્ધનિશ્ચયનયથી પરમાત્મા છે એમ કહે છે :

ભાવાર્થ : જે વ્યવહારનયથી દેહદેવાલયમાં રહેવા છતાં પણ નિશ્ચયનયથી દેહથી ભિન્ન હોવાથી દેહની જેમ મૂર્ત, સર્વાશુચિમય નથી, જો કે દેહ આરાધ્ય નથી તોપણ પોતે પરમાત્મા–દેવ–આરાધ્ય–પૂજ્ય છે, જો કે દેહ આદિ–અંતવાળો છે તોપણ પોતે શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી અનાદિ–અનંત છે, જો કે દેહ જડ છે તો પણ પોતે લોકાલોકનો પ્રકાશક

**હોવાથી કેવલજ્ઞાનપ્રકાશરૂપ શરીરવાળો છે તે નિઃસંદેહ પરમાત્મા છે.**

**અહીં, જે દેહમાં રહેવા છતાં પણ સર્વાશુચિમય આદિ દેહધર્મને સ્પર્શતો નથી તે જ શુદ્ધ આત્મા ઉપાદેય છે એવો ભાવાર્થ છે. ૩૩.**

---

## વીર સંવત ૨૫૦૨, જયેષ્ઠ વદ ૧૪, રવિવાર
## તા. ૨૭-૦૬-૧૯૭૬, ગાથા-૩૩, પ્રવચન નં. ૧૯

આ દેહ જડ છે, માટી છે. એમાં દેહરૂપી દેવાલયમાં રહે છે. '**વહી શુદ્ધનિશ્ચયનયસે પરમાત્મા હૈ,...**' એ પોતે પરમાત્મા છે. દેહના દેવાલયમાં ભિન્ન જ્ઞાનસ્વરૂપી પરમાત્મા, એ દેહથી ભિન્ન પોતે જ પરમાત્મા છે. આહાહા..! આવી વાત.

મુમુક્ષુ :- કોણ પરમાત્મા છે?

ઉત્તર :- આ આત્મા અંદર છે એ. દેહ દેવાલયમાં, જેમ સિદ્ધાલયમાં પરમાત્મા બિરાજે છે એમ દેહ દેવાલયમાં પ્રભુઆત્મા, પરમાત્મસ્વરૂપ, શુદ્ધ આનંદઘન, ચૈતન્ય તે દેહથી ભિન્ન બિરાજે છે. આહાહા..! આવી વાત છે.

મુમુક્ષુ :- દેહમાં રહે અને દેહથી જુદો?

ઉત્તર :- દેહમાં રહેતો જ નથી. દેહમાં રહે એ.. કહેશે હમણા. એ તો અશુદ્ધનયે, અસદ્ભૂતનયે એમ કહેવામાં આવે છે. આગળ ૩૪-ગાથામાં કહેશે. આ તો હાડકા જડ અજીવ છે. દેહ તો ભુતાવળ જડનું સ્વરૂપ છે. ભગવાન એનાથી ભિન્ન, જે જન્મ-મરણ રહિત છે, જેમાં પુણ્ય અને પાપના ભાવો પણ નથી. એમાં નથી. આહાહા..! એવું કેવળજ્ઞાન એકલું જ્ઞાનસ્વરૂપ પૂર્ણ શુદ્ધ આનંદઘન, એને અહીંયાં આત્મા અથવા પરમાત્મા કહેવામાં આવશે. આહાહા..!

મુમુક્ષુ :- બધા પરમાત્મા જ થયા.

ઉત્તર :- પરમાત્મા જ છે દરેક. 'સર્વ જીવ છે સિદ્ધસમ'. વસ્તુ તો (એવી જ છે). એની એને ખબર નથી. આ દેહનું કાંઈક કરું, પરનું કરું, દેશનું કરું, કુટુંબનું કરું એ બધું અજ્ઞાન, અભિમાન છે. એ આડે એને દેહ દેવાલયમાં પ્રભુ ભાસતો નથી. સમજાણું કાંઈ? આહાહા..!

'**જો વ્યવહારનયકર દેહરૂપી દેવાલયમેં બસતા હૈ,...**' વ્યવહારથી કહેવાય. જડ પરમાણુ આ માટી છે, આ અજીવતત્ત્વ છે. આહાહા..! એમાં વ્યવહારથી કહેવાય. એક ક્ષેત્રાવગાહમાં ભિન્ન છે. અને એટલો નિમિત્ત સંબંધ છે એટલે વ્યવહારથી એમ કહેવાય કે દેહમાં છે. આહાહા..!

મુમુક્ષુ :- દેહમાં છે કે નથી?

ઉત્તર :- નથી. દેહમાં નથી. દેહથી ભિન્ન છે તેમાં છે. આવી વાત.

**'નિશ્ચયનયકર દેહસે ભિન્ન હૈ,...'** વાસ્તવિક તત્ત્વ જુઓ તો દેહના, જડના રજકણોથી પ્રભુ ચૈતન્યસ્વરૂપે ભિન્ન છે. આહાહા..! **'દેહકી તરહ મૂર્તિક તથા અશુચિમય નહીં હૈ,...'** દેહ તો મૂર્ત છે. રંગ, ગંધ, રસ, સ્પર્શવાળી આ ચીજ છે અને અશુચિ છે. દેહ તો અપવિત્રતાનો પિંડ છે. વેદનાની મૂર્તિ છે. ભગવાન અંદર આત્મા... આહાહા..! છે? આહાહા..! **'દેહકી તરહ મૂર્તિક તથા અશુચિમય નહીં હૈ,...'** ભગવાન દેહની પેઠે (મૂર્તિક નથી). આ તો જડ (છે). આહાહા..! હાડકા, માંસ, લોહી, પેશાબ, ઝાડા, વીર્યની કોથળી છે આ તો. જડ છે, અપવિત્ર છે. ભગવાન અંદર એનાથી ભિન્ન ચૈતન્ય અને પવિત્ર છે. આ અપવિત્ર અને જડ. ભગવાન પવિત્ર અને ચેતન છે. આહાહા..! એની દૃષ્ટિ અનંત કાળમાં કદી કરી નથી.

એની પોતાની પાત્રતા નહિ. વ્રત, તપ, ભક્તિ, પૂજા, દાન અનંતવાર કર્યા. એ તો રાગની ક્રિયા છે. એ કાંઈ આત્મા નથી. આહાહા..! જેમ શરીર આત્મા નથી, એમ એ રાગની ક્રિયા એ આત્મા નથી.

મુમુક્ષુ :- ક્રિયામાં...

ઉત્તર :- એ ક્રિયાએ પહોંચે એમ નથી. આત્માને પહોંચે ત્યારે પહોંચાણું કહેવાય. આહાહા..!

ચૈતન્યમૂર્તિ અરૂપી અને પવિત્રતાનો પિંડ, એને અંતરમાં દેહ અને રાગ, એનો રાગ છોડીને ચૈતન્ય પવિત્ર અને આનંદ એવો આત્મા એનો પ્રેમ કરવો. નિર્વિકલ્પ દૃષ્ટિ અને નિર્વિકલ્પ શાંતિ દ્વારા એને જોવો એનું નામ ધર્મ છે. અરેરે..! સમજાણું કાંઈ? જુઓને!

**'દેહકી તરહ મૂર્તીક તથા અશુચિમય નહીં હૈ, મહા પવિત્ર હૈ,...'** આહાહા..! અતીન્દ્રિય આનંદનું ધામ છે. અનાકુળ શાંતિ, અતીન્દ્રિય આનંદનો રસકંદ પ્રભુ તો છે. આહાહા..! કેમ બેસે? કોઈ દિ' ખબરું ન મળે. બહારમાં ભટક્યા ભટક કર્યું છે એણે. આહાહા..! જાણે જાત્રા કરી ત્યાંથી મળે. ભગવાનની પૂજા કરતા કરતા ત્યાંથી મળે. એ તો બધી રાગની ક્રિયા છે. આહાહા..! ભગવાન પોતે અંદર બિરાજે છે. ભગ નામ અનંત જ્ઞાન અને આનંદની લક્ષ્મી, વાન નામ વાળો છે ઈ. એવા પવિત્ર ભગવાનને દેહથી ભિન્ન જો. **'આરાધને યોગ્ય હૈ,...'** દેખો! એ દેવ છે. આહાહા..!

મુમુક્ષુ :- માણસમાંથી દેવ કહો એ તો..

ઉત્તર :- માણસ છે જ ક્યાં? દેવ થયો એ દેવ સ્વર્ગનો એ ક્યાં છે? આ તો દિવ્ય શક્તિનો ધણી દેવ (છે). આહાહા..! દિવ્ય-દેવ પોતે ભગવાન, દિવ્ય આનંદ અને જ્ઞાન આદિ શક્તિનો ભંડાર એ આ દેવ છે. સમજાણું કાંઈ?

**'આરાધને યોગ્ય હૈ, પૂજ્ય હૈ,...'** આહાહા..! એ વસ્તુ પોતે આનંદનો નાથ પ્રભુ સચ્ચિદાનંદ સ્વરૂપ, એ પર્યાયમાં પૂજ્ય છે. વર્તમાન દશાથી એ પૂજવા લાયક છે. ભગવાન તીર્થંકરો ને સર્વજ્ઞોને પૂજવા એ તો વ્યવહાર છે. પુણ્યનો ભાવ છે, એ ધર્મ નહિ. આહાહા..! આ પૂજ્ય છે. પરમ સ્વરૂપ પરમાત્મા જ્ઞાન ને આનંદ ને શાંતિ અને પ્રભુતા ને સ્વચ્છતાના

સ્વભાવનો સાગર એ પોતે પૂજ્ય છે. સમજાણું કાંઈ?

'**દેહ આરાધને યોગ્ય નહીં હૈ,...**' શરીરની સેવા કરવા લાયક નથી. શરીરથી કોઈ કામ લેવાય (એ) આત્મા ન લઈ શકે. આ તો માટી છે. આહાહા..! એનું હાલવું-ચાલવું એ બધી ક્રિયા તો જડની છે. આહાહા..! જડ છે એ બધી જડની ક્રિયા છે. ખાવું, પીવું, જંગલ જાવું, એ બધી જડની ક્રિયા છે.

મુમુક્ષુ :- કોઈની સાથે કજિયો કરે ઈ?

ઉત્તર :- કજિયો કરે તો રાગ છે, ક્લેશ-ક્રોધ છે. કજિયો વાણીથી કરે એ કરી શકતો નથી. વાણી તો જડ છે. વાણીનું થવું એ આત્માથી થવું નથી. આત્મામાં વાણી નથી. વાણીમાં આત્મા નથી. જેમ દેહમાં આત્મા નથી, આત્મામાં દેહ નથી. એમ વાણીમાં આત્મા નથી, આત્મામાં વાણી નથી. આ તો દેહથી વાત કરી છે. આહાહા..! અરે..! એની ખબરું ન મળે. જે સેવવા યોગ્ય છે, પૂજ્ય છે, આરાધવા યોગ્ય છે એ તો પોતે ભગવાન પોતે છે. આહાહા..!

'**અનાદિ અનંત હૈ,...**' આહાહા..! પોતે પરમાત્મા સ્વરૂપ પૂર્ણ '**આપ શુદ્ધ દ્રવ્યાર્થિકનય...**' ત્રિકાળી દ્રવ્યને જાણનારી દૃષ્ટિથી એ તો અનાદિઅનંત છે. વસ્તુ છે. આદિ નથી, અંત નથી. એવો એ ભગવાનઆત્મા અનાદિઅનંત બિરાજે છે. દેહ તો સાદિસાંત છે. આવે ને જાય. આ તો જડ છે. આ શ્વાસ છે એ આવે ને જાય, એ તો જડ છે. એ આત્મા નથી. આત્મામાં શ્વાસ નથી. શ્વાસની ક્રિયામાં ભગવાન નથી-આત્મા નથી.

મુમુક્ષુ :- કોની વાત છે?

ઉત્તર :- આ આત્માની વાત કરે છે અંદર. જ્યાં આત્મા છે ત્યાં શ્વાસ નથી, વાણી નથી, દેહ નથી. જ્યાં શ્વાસ ને વાણી, દેહ છે ત્યાં આત્મા નથી.

મુમુક્ષુ :- બેય આકાશ પ્રદેશે છે ને?

ઉત્તર :- આકાશ પ્રદેશમાં નથી, પોતાનામાં છે. આહાહા..! આવી વાતું.

'**શુદ્ધ દ્રવ્યાર્થિકનયકર...**' આહાહા..! શુદ્ધ દ્રવ્ય એટલે ત્રિકાળી વસ્તુ. એને જોનારી નયથી જોઈએ તો... આહાહા..! અનાદિઅનંત પ્રભુ છે. એને જાણનારી દશા છે એ પર્યાય છે, પણ વસ્તુ છે એ અનાદિઅનંત છે. સમજાણું કાંઈ? આત્મા સિવાય આ દેહ, વાણી, કુટુંબ, ભાષા, રાગ એમાં જેનો પ્રેમ છે ને, એને આ ભગવાન અંદર સૂઝતો નથી. જ્યાં એ પ્રેમ બહારમાં દોરાઈ ગયો છે એને આ ભગવાન અંદર રાગ રહિત, દેહ રહિત મિથ્યાદૃષ્ટિને ભાસતો નથી. આહાહા..! '**તથા યહ દેહ આદિ અંતકર સહિત હૈ,...**' આત્મા અનાદિઅનંત નિત્યાનંદ પ્રભુ છે. પણ શરીર આદિને અંત છે. થયું ને નાશ થશે, થયું ને નાશ થશે. આહાહા..!

'**केवलज्ञानस्फुरत्तनुः**' ત્યારે એ શું છે શરીર એનું? ભગવાનઆત્માનું શરીર છે કે નહિ? છે. શું? આહાહા..! '**નિશ્ચયનયકર લોક અલોકકો પ્રકાશનેવાલે કેવલજ્ઞાનસ્વરૂપ (શરીર) હૈ,...**' જ્ઞાન... જ્ઞાન... જ્ઞાનનો પિંડ. સમજણ અને જ્ઞાનનો કંદ એકલો આત્મા, એ એનું

શરીર છે. આ નહિ. વાણી નહિ, શરીર નહિ, રાગ નહિ. આહાહા..! દયા, દાન, ભક્તિ આદિનો ભાવ એ રાગ, એ આત્મા નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

**'કેવળજ્ઞાન પ્રકાશરૂપ શરીર હૈ,...'** '**स्फुरत्त**' છે ને? '**केवलज्ञानस्फुरत्त**' એકલો જ્ઞાનનો પ્રગટ પ્રકાશ. ચૈતન્યપ્રકાશનો પુંજ પ્રભુ એ એનું શરીર છે. એટલે એ ચીજ છે. આ શરીરથી ના પાડી કે આ શરીર નહિ. આહાહા..! એકલા ચૈતન્યના પ્રકાશનું પૂર, ચૈતન્યના પ્રકાશનું નૂરનું તેજનું પૂર એ એનું સ્વરૂપ છે, એ એનું શરીર છે એટલે કે એ એનું સ્વરૂપ છે. આહાહા..! ભારે વાતું, ભાઈ! આમાં કરવું શું પણ આ? આ દેશ સેવા કરવી, ભગવાનની સેવા કરવી, ભૂખ્યાને અનાજ દેવા, તરસ્યાને પાણી પાવા, રોગીને ઔષધ દેવો. શું કહેવાય? ઔષધ. એ કોણ કરે? બાપુ! એ તો જડની ક્રિયા છે. આહાહા..! ભાઈ! તને ખબર નથી. તું તો જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય છો ને. એમાં દેવા-લેવાની ક્રિયા તારામાંથી ક્યાંથી આવી? આહાહા..! અજ્ઞાનીએ ભ્રમમાં (એને પોતાની) માની છે. આહાહા..!

અહીં તો પ્રભુ ચૈતન્ય કેવળજ્ઞાની પ્રકાશસ્વરૂપ શરીર છે. આહાહા..! એકલું જ્ઞાનસ્વરૂપ, એ એનું શરીર એટલે એ એનું સ્વરૂપ છે. દેહ જડ છે. આ ચૈતન્યપ્રકાશનું પૂર, નૂર છે તો આ દેહ જડ છે. આ બધી ક્રિયાઓ જે હાલવા-ચાલવાની એ બધી જડની જડથી છે. આત્માથી નહિ. ભારે કહેવાય આ તો. સમજાણું કાંઈ?

'**सः परमात्मा**' આહાહા..! એ કેવળજ્ઞાન એકલા જ્ઞાનની મૂર્તિ, જ્ઞાનના નૂરનું તેજનું પૂર એ એનું સ્વરૂપ, એ એનું શરીર, એ પરમાત્મા (છે). ભગવાન પરમાત્મા તો એની પાસે રહ્યા એ. આહાહા..! આ તો પોતે જ પરમાત્મા ત્રિલોકનાથ છે. આહાહા..! સમજાણું કાંઈ? એવા ભગવાનને દૃષ્ટિમાં લેવો, એવા પરમાત્માને દૃષ્ટિમાં સ્વીકારવો, આવો છે એવો સત્કાર કરીને સ્વીકારવો, એનું નામ સત્ય ધર્મ અને સમ્યગ્દર્શન છે. અરે..! આવી વાતું ભારે. આમ કરો ને આમ કરો ને દેશની સેવા કરો, કુટુંબનો સુધારો કરવો અને પછી ગામ સુધારો અને પછી દેશ સુધારો. ધૂળેય કરી શકતો નથી, સાંભળને!

મુમુક્ષુ :- બેયનું કામ કરે.

ઉત્તર :- જડનું કામ કદી ત્રણકાળમાં કરી શકતો નથી. એમ આત્મા પોતાનું છોડીને પરનું કરી શકે એ એનું સ્વરૂપ જ નથી. આહાહા..!

ખરેખર તો દયા-દાનના ભાવ થવા એ પણ આત્માનું કર્તવ્ય નથી. કેમકે એ વિકલ્પ છે અને એ રાગ છે, વિકાર છે. ભગવાન નિર્વિકારી પ્રભુ ચૈતન્ય છે. એય..! આવી વાતું છે. દુનિયાથી બહુ ફેરફારવાળી છે. આખી દુનિયા શું કહે છે એ તો બધી ખબર છે નહિ? આહાહા..!

મુમુક્ષુ :- આપે રાત્રે કહ્યું હતું, ધીરાનું કામ છે.

ઉત્તર :- ધીરાનું કામ, ભાઈ!

અંદર વસ્તુ છે કે નહિ? આત્મ વસ્તુ છે કે નહિ? તો વસ્તુ છે તો એમાં અનંત અનંત શક્તિઓ, ગુણો વસેલા છે કે નહિ? કે ખાલી છે ઈ? આહાહા..! વસ્તુ એને કહીએ કે જેની અનંત શક્તિઓ અને સ્વભાવ ગુણો જેમાં વસ્યા છે. એવો જે આ ભગવાનઆત્મા એને

આત્મતત્ત્વ વસ્તુ કહીએ. એમાં અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એવી અંદર ઈશ્વરતા આદિ અનંત શક્તિઓ એમાં વસેલી છે. એમાં પુણ્ય અને પાપના ભાવ વસ્યા નથી. એમાં દયા-દાનના વિકલ્પો વસ્યા નથી. એ તો વિકાર છે. એમાં શરીર વસ્યું નથી. શરીર જડ છે. આહાહા..! આવી વાત આકરી. લોકોને બિચારાને ક્યાં પડી છે અંદર. આ જન્મ્યા ને ક્યાંક અવતર્યા. જે સંપ્રદાયમાં કે જે કુળમાં અવતર્યા અને જેના સંગમાં આવ્યા એ જાતની પ્રવૃત્તિ કરવી. આહાહા..!

પણ ભગવાનનો એણે સંગ ન કર્યો. આનંદનો નાથ જ્ઞાનસ્વરૂપી પ્રભુ, એનો એણે સંગ ન કર્યો. રાગ અને શરીરના સંગ વિનાનો પ્રભુ પુણ્યના, દયા-દાનના ભાવ, વિકલ્પ વિનાનો પ્રભુ છે એ. એ તો અનાદિઅનંત ચૈતન્યઘન, આનંદકંદ, સ્વભાવનો સાગર છે. શક્તિનો સંગ્રહાલય છે. અનંત આનંદાદિ શક્તિનું સંગ્રહાલય. સંગ્રહનું આલય-સ્થાન છે. એ પુણ્ય ને પાપ ને શરીરનું સ્થાન નથી. આહાહા..! આવી વાત લોકોને એવી (આકરી) પડે ને એટલે બિચારા બહારમાં ચાલી નીકળે. આ કરું.. આ કરવું.. ને આ કરવું.. કરવું-કરવું એ માને એ મરવું છે.

ભાઈ 'સોગાની' લખે છે ને? આ કરવું, આ પુણ્ય કરું, આ રાગ કરું. એય..! 'પ્રવિણભાઈ'! લખ્યું છે ને? 'સોગાની' લખે છે. કરવું એ મરવું છે. ભગવાન જ્ઞાતા-દૃષ્ટાનો સ્વભાવ એને રાગ કરું એ શાંતિનું મરણ છે. આહાહા..! આવી વાત આકરી ભારે જગતને. પંડિતજી! અરેરે..! જગતને મળે નહિ, સત્ય સાંભળવા મળે નહિ એ સત્યને કે દિ' વિચારે? ક્યારે એ સત્યને શરણે જાય? અસત્યના શરણા ક્યારે છોડે?

**'કેવલજ્ઞાન હી પ્રકાશરૂપ શરીર હૈ,...'** આહાહા..! **'વહી પરમાત્મા...'** **'निर्भ्रान्तः'** **'નિઃસંદેહ...'** પણે જાણ એને. આહાહા..! જાણવું છે એ પર્યાયમાં છે-વર્તમાન અવસ્થા. આ ત્રિકાળ પરમાત્મા છે એવું જાણવું પર્યાયમાં છે. પર્યાય એટલે અવસ્થા, વર્તમાન ચાલતી દશા. છે ને? **'સંશય નહીં સમજના.'** ન સમજવું અને સમજવું એ તો જ્ઞાનની વર્તમાન દશા (છે). એ દશા છે એ આદિ-અંતવાળી છે. થાય છે અને જાય છે. પણ એનો વિષય જે છે એ તો અનાદિઅનંત છે. અરે અરે..! આવી વાતું! એની વળી દશા ને...

એ જાણવાની જે દશા છે, રાગ-દ્વેષ, પુણ્ય-પાપ તો ભિન્ન એને એક કોર રાખો. એ આત્મામાં છે નહિ. શરીર-બરીર આત્મામાં છે નહિ એ વસ્તુ. એ બધી પર છે. પણ એને જાણવાની દશા વર્તમાન છે એ પણ નાશવાન છે. પણ એ નાશવાન દશાનો વિષય છે તે અવિનાશી છે. અરે..અરે..! આવી વાતું. આવું છે, બાપુ! સત્ય તો એવું છે જરી. અનંત કાળમાં એને મળ્યું નથી. સાધુ થયો, બાવો થયો, હજારો રાણી છોડી જંગલમાં રહ્યો, પણ આ આત્મા અંદર આનંદનો નાથ ભિન્ન છે, વિકલ્પની ક્રિયાથી ભિન્ન છે એ વાત એને રુચિ નહિ.

'છ ઢાળા'માં કહ્યું ને? 'મુનિવ્રત ધાર અનંતબેર ગ્રૈવેયક ઉપજાયો.' સાધુ થયો, રાણી-રાણીઓ છોડી, કુટુંબ છોડ્યું, રાજ છોડ્યું, શરીર નગ્ન કર્યું, જંગલમાં વસ્યો પણ ઓલો

ભગવાન અંદર આનંદનો નાથ ભિન્ન છે એ રાગની અને દેહની ક્રિયાથી ભિન્ન છે એની ખબરું ન લીધી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! એક મોટો માણસ મળવા આવ્યો હોય એની સાથે વાત છોડીને પાંચ-છ વર્ષનો છોકરો આવ્યો અને એ બાળકની સાથે વાત કરવા માંડે અને વખત જાય તો ઓલાનો અનાદર કર્યો કહેવાય. છોકરો આવ્યો, બાપા આમ.. બાપા આમ.. પણ ઓલો મળવા આવ્યો એને તે જો. વખત અહીં જાય તો ઓલો ઊઠીને વયો જશે.

મુમુક્ષુ :- એમાં ભૂલ ન કરે.

ઉત્તર :- એમાં ભૂલ ન કરે. આ ત્રણલોકનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ પરમાત્મા તને મળવા આવ્યો છે અહીંયાં. એ પર્યાયમાં ભેટો કરવાનો છે ઈ. આહાહા..! અને એ પર્યાયને ત્યાં ભેટો ન કરતાં રાગ ને દ્વેષ ને સંકલ્પ-વિકલ્પમાં બાળક સાથે વાતું કરીને કાઢી નાખે છે. આહાહા..! સમજાણું કાંઈ? 'દેવજીભાઈ'! આવી વસ્તુ છે, ભગવાન! આહાહા..!

અહીં તો પરમાત્મા તું છો એમ કહે છે. અરે..! કેમ બેસે? શક્તિ સ્વરૂપે પરમાત્મા છો. નાળિયેરમાં જેમ છાલા, કાચલી અને રાતડ કાચલી કોરની લાલ છાલ, એ ત્રણેથી ટોપરું જે ધોળું-સફેદ છે એ ભિન્ન છે. જેને શ્રીફળ કહીએ એ તો ધોળો મીઠો ગોળો (છે). એ લાલ છાલ, કાચલી અને છાલાથી તદ્દન જુદી ચીજ છે.

એમ આ ભગવાનઆત્મા શરીરના છાલાથી જુદો, કર્મની કાચલી-રજકણો જે જડ કર્મ છે, શુભાશુભભાવથી ભરેલા રજકણો કર્મ, એનાથી જુદો. અને પુણ્ય અને પાપની લાગણીઓ છે એ લાલ છાલ છે. એનાથી પ્રભુ જુદો. આહાહા..! એ જેમ ધોળો ને મીઠો ગોળો છે, એમ આ શુદ્ધ અને આનંદસ્વરૂપ છે. એને આત્મા કહીએ અને એ આત્માનો અનુભવ કરવો એનું નામ ધર્મ છે. બાકી બધા થોથે થોથા છે. સમજાણું કાંઈ? કહો, 'ગીરધરભાઈ'! આ બધા પાંચ-પાંચ, દસ-દસ લાખના મંદિરો કરે. પચાસ-પચાસ લાખના મંદિરો. એમાં કાંઈ ધર્મ હશે કે નહિ?

મુમુક્ષુ :- ૨૬ લાખનું કરે.

ઉત્તર :- આ ૨૬ લાખનું થયું. એ 'રામજીભાઈ'એ કર્યું છે, હોં! આ. ધર્મ કેવો? લાખ-કરોડનું હોય તોપણ એ તો પર વસ્તુ છે. એમાં કદાચિત્ ભાવ હોય કોઈનો તો શુભભાવ છે, પુણ્ય છે. ધર્મ નહિ. પુણ્ય સંસારમાં દાખલ કરે એવો એ ભાવ છે. આવે છે?

મુમુક્ષુ :- સાધન છે એ.

ઉત્તર :- સાધન નથી, બાધક છે ઈ. એવી વાતું છે, ભાઈ!

ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ પૂર્ણ, એને રાગથી ભિન્ન પાડી અને પ્રજ્ઞાછીણી વડે જેનો અનુભવ કરવો એ સાધન છે. બાકી સાધન-ફાધન એકડા વિનાના મીંડા છે. દુનિયા માને ને મનાવે. મનુષ્યદેહ ચાલ્યો જશે એનો અને ઢોર ને તિર્યંચમાં જઈને રખડશે. આહાહા..! સમજાણું કાંઈ? એ કીડા, કાગડા, કૂતરા, બાપા! અવતાર કરી કરીને મરી ગયો છે. પોતાનું નિભ્રાંત સ્વરૂપ આનંદનો નાથ એને ન ઓળખ્યો અને બહારની ક્રિયાકાંડમાં પોતે

માની લીધું કે કાંઈક કરું છું. આહાહા..! એ બધા ચોર્યાસી લાખના અવતારના એ બધા મહેમાનો છે. ત્યાં બધા રખડવા જવાના.

મુમુક્ષુ :- આકરી વાત છે.

ઉત્તર :- આકરી વાત છે પણ બાપા! પણ આખો પ્રવાહ ચાલે છે. બાપુ! મારગડા જુદા નાથ! આહાહા..! જગતની પ્રવાહ વૃત્તિઓ જે બધી છે, એનાથી ભગવાન ભિન્ન છે, ભાઈ! આહાહા..!

અહીં તો દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા, દાન, સેવાનો ભાવ જે છે એ પણ રાગ ને વિકાર છે. એ આત્મા નહિ અને એનાથી આત્માને કાંઈ લાભ નહિ પણ નુકસાન છે. આવી વાતું છે. પંડિતજી! આકરી વાતું, બાપુ! બહારમાં મૂકી, હોં! આહાહા..! સત્ય તો આવું છે, બાપા! બહારથી મનાવશે લોકો અને ચાલી જાશે જિંદગી, ભાઈ! પાછું આવું મનુષ્યપણું મળવું મુશ્કેલ છે. આહાહા..!

મુમુક્ષુ :- આપ જે કહો છો એ તો જુવાનિયાનું કામ છે.

ઉત્તર :- આત્માનું કામ. જુવાનિયા-ફુવાનિયાનું નહિ. આત્મા યુવાન પણ નથી, વૃદ્ધ પણ નથી અને બાળક પણ નથી. અજ્ઞાનપણે રાગાદિ મારો (માને) એ બાળક અજ્ઞાની છે, બાળક છે. અને રાગ વિનાની ચીજ મારી પૂર્ણાનંદનો નાથ, એની દૃષ્ટિ અને અનુભવ કરવો એ યુવાન માણસ છે અને કેવળજ્ઞાન પૂર્ણ પ્રાપ્ત કરવું તે વૃદ્ધ માણસ છે. આ વૃદ્ધ ને યુવાન તો જડની દશા માટીની છે. આહાહા..! સિદ્ધાંતમાં છે, હોં! આ કીધું ઈ.

મુમુક્ષુ :- બધા અર્થ બદલી નાખ્યા.

ઉત્તર :- બધી જાત બદલી જાય છે અહીં તો. આહાહા..!

'રજકણ તારા રખડશે જેમ રખડતી રેત.' આ રજકણ વિખાઈ જશે, બાપુ! આ તો માટી-ધૂળ છે. મહાણની રાખ થઈને ફૂ થઈને ઊડી જશે. એ ક્યાં તું છો? આહાહા..! 'રજકણ તારા રખડશે અને જેમ રખડતી રેત પછી નરતન પામીશ ક્યાં? ચેત, ચેત, નર ચેત.' અરે..! ટાણા આવ્યા ને ચેતીશ નહિ, ભાઈ! એ ભૂલમાં ભરમાઈ જઈશ તો પાછો ભગવાન નહિ મળે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

'પરમાત્મ પ્રકાશ' છે ને આ? પરમાત્મા તું પોતે પ્રકાશ છો, એમ કહે છે. કીધું ને? '**केवलज्ञानस्फुरत्तनुः**' આહાહા..! એ ચૈતન્યનો પ્રકાશ નૂર તેજ પૂર્ણ તે તન-તે તારું શરીર-તે તારું સ્વરૂપ. આહાહા..! નજરું જાવી કઠણ. બહારમાં રખડવાના અનાદિના અભ્યાસ. અહીંયાં તો કહે છે કે પરની દયા તો પાળી શકતો નથી જીવ. કેમકે પરની ક્રિયા છે એ તો એની સ્વતંત્ર છે. એમાં આત્મા શું કરે એને? પણ પરની દયાનો ભાવ આવે એ પણ રાગ ને હિંસા ને દુઃખ છે. આહાહા..! કેમ કે ભગવાનઆત્મા રાગ વિનાની ચીજ છે. આહાહા..! રાગના ભાવથી ખાલી છે અને આનંદ ને જ્ઞાનના ભાવથી ભરેલી ચીજ છે. આહાહા..!

'**सः परमात्मा निर्भ्रान्तः**' જાણ. તારી દશામાં, વર્તમાન જ્ઞાનમાં આ પરમાત્મા પૂર્ણ છે એમ નિઃસંદેહ જાણ. આહાહા..! આવું આકરું ભારે. પણ એનું બીજું કોઈ સાધન હશે કે

નહિ? આ જ સાધન છે. બીજું સાધન નથી. સાંભળને!

સાધન (નામનો) આત્મામાં ગુણ છે. કરણ નામનો ગુણ છે. શક્તિ છે. સાધન નામની એક આત્મામાં શક્તિ અનાદિઅનંત છે. એવા ભગવાનને પકડતાં એ સાધન ગુણ જ પરિણતિમાં સાધનરૂપે થાય છે. બીજું સાધન-ફાધન નથી. રાગની મંદતા અને કષાયની મંદતા, શુભભાવ એ કોઈ સાધન-ફાધન નથી. સમજાણું કાંઈ? જગતથી નિરાળી વાતું છે, ભાઈ! આવી વાત છે. આહાહા..! દુનિયામાં શું ચાલે છે એ તો બધી ખબર છે કે નહિ? કહેનાર મુનિને પણ ખબર છે કે નહિ? માર્ગ તો આ છે, એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- અહીં તો આપ કહો છો.

ઉત્તર :- આ શું કહે છે આ? શું લખ્યું છે એનો ભાવ શું છે? એ તો વાચક શબ્દ છે. પણ એનું વાચ્ય? આહાહા..! પરમાત્મા એવો એક વાચક શબ્દ છે. પણ એનો વાચ્ય કોણ છે? કે પરમાત્મા તું પોતે એનું વાચ્ય છે.

મુમુક્ષુ :- .. ધર્મ કાઢ્યો.

ઉત્તર :- લોકો કહે છે બિચારા. કરવું-ધરવું નહિ. એમ ઓલામાં કહેતો હતો ત્યાં 'આગ્રા'માં. ઓલો પંડિત હતો ને? કરના-ધરના નહિ ઔર આનંદ બહુત. ભાઈ! મશ્કરી રહેવા દે, બાપા! આહાહા..! ભાઈ! તને અત્યારે ઠીક લાગશે. અને તારી વાત લોકોને પણ ઠીક લાગશે. પણ મરી જઈશ બાપુ! તું. આહાહા..! આ કાંઈક કરીએ, કો'કનું કરીએ. સુખના સાધન દઈએ. ભુખ્યાને પાણી-આહાર દઈએ અને એમાંથી ધર્મ થાય ને? ધૂળેય ન થાય, સાંભળને! ધર્મ તે પોતાના સ્વભાવમાંથી થાતો હશે કે પરની ક્રિયામાંથી થાતો હશે? સમજાણું કાંઈ?

ધર્મ એ વસ્તુનો સ્વભાવ છે. ત્રિકાળ તરીકે વસ્તુનો સ્વભાવ છે આત્માનો. એનો આશ્રય લઈને દશા પ્રગટ થાય તે ધર્મ. આહાહા..! વસ્તુ ધર્મી, એની શક્તિઓ તે ધર્મ અને તેનો આશ્રય લઈને પર્યાયમાં ધર્મ-અરાગી-વીતરાગી પરિણતિ પ્રગટ થાય તે ધર્મ. એટલે ત્રણેમાં વ્યાપ્યો ધર્મ. દ્રવ્ય-ગુણ-પર્યાય. આહાહા..! સમજાણું કાંઈ? આવું છે, બાપુ! માર્ગ બધાથી જુદો. લોકોની જિંદગી ચાલી જાય છે બિચારાની. મનુષ્યપણું મળ્યું છે, અલેખે (જાય છે). બધા કાર્યકર્તા નથી આ તમારા? 'ગીરધરભાઈ' બહુ કાર્ય કરતા ત્યાં 'વઢવાણ'માં. શેના કાર્યકર્તા? જગતના? આહાહા..! ગામમાં સુધારા કરો, આમ કરો... આમ કરો... પાણીના પરબો બાંધો.. ભૂખ્યા માટે આમ કરો. અનાજની.. ભાઈ! એ તો પરની ક્રિયા છે. એ કાંઈ આત્મા કરે એ છે નહિ. એ આત્માને રાગ થાય. રાગ થાય તે આકુળતા ને દુઃખ છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

**'ઈસમેં કુછ સંશય નહિ સમજના.'** દેહ દેવાલયમાં ભગવાન પૂર્ણાનંદ પૂર્ણ જ્ઞાનથી બિરાજે છે. એ તો એની પર્યાયમાં-હાલતમાં અપૂર્ણતા છે. વસ્તુમાં અપૂર્ણતા છે નહિ. વસ્તુ તો પૂર્ણ છે. એ પૂર્ણાનંદના નાથને પર્યાયમાં નિઃસંદેહ આ પરમાત્મા છે, એમ જાણ. આહાહા..! એ પર્યાય કેવડી? કે આવો ત્રિકાળી નિઃસંદેહ ભગવાન, એને પર્યાય કબુલે, એ

પર્યાયમાં ભગવાન ત્રિકાળી આવે નહિ પણ એનું જ્ઞાન આવે. આહાહા..! સમજાણું કાંઈ? રાગમાં પર્યાય ન આવે, દ્રવ્ય-ગુણ ન આવે. રાગમાં તો વિકાર ને દુઃખ આવે. આહા..! આવું જે પૂર્ણ સ્વરૂપ, પૂર્ણમિદં, અનંત શક્તિનો સંગ્રહ સ્વરૂપ ભગવાન પરમાત્મસ્વરૂપ. પરમ આત્મા એટલે પરમ સ્વરૂપ, એ નિઃસંદેહ ભગવાનઆત્મા છે એમ તું પર્યાયમાં જાણ. વર્તમાનમાં દશામાં એને જાણ. આહાહા..! તો એને ધર્મ થાય અને જન્મ-મરણ મટે. નહિતર ઘોદા ખાયને મરી જશે. સમજાણું કાંઈ? દુનિયા વખાણશે કે આણે ભારે કામ પરોપકારના કર્યા. પાગલો વખાણશે, પાગલ. પાગલને પાગલ વખાણશે. ભગવાન નહિ વખાણે એને. આહાહા..! છે?

'**ઈસમેં કુછ સંશય નહિ સમજના.**' ભગવાન પૂર્ણ આનંદ દ્રવ્ય વસ્તુ, વસ્તુ છે વસ્તુ. એ રાગ વિનાની, શરીર વિનાની અને એક સમયની પર્યાય વિનાની. એને પર્યાયમાં પરમાત્મા છે એમ નિઃસંદેહ જાણ, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો ધર્મનો ઉપદેશ છે. ઓલું તો એકેન્દ્રિયને ન મારવા, બે ઇન્દ્રિયને ન મારવા, ઈચ્છામી પડિકમણા, તત્સુત્રી કરણેન... એ બધી ક્રિયા રાગની વાતું છે, બાપુ! એ નથી. આહાહા..! એ આત્મા નહિ અને એનાથી આત્મા મળે નહિ. એની જાતથી આત્મા મળે. એનો સ્વભાવ હોય એ સ્વભાવથી મળે. આહાહા..!

સત્ય વાતની વાતું ઘટી ગઈ અને અસત્યના પ્રચાર ઘણા થઈ ગયા. આહાહા..! એથી સત્યને સાંભળવું પણ મુશ્કેલ પડે. એવું લાગે કે આ શું પણ કહે છે? આ તો બધો ભુંહાડિયો વાળે છે. બસ, કોઈનું કાંઈ કરવું નહિ? અરે..! બાપુ! શરીરમાં રોગ આવે તો મટાડી શકે છે? વહાલામાં વહાલી બાયડી-સ્ત્રી કહેવાય, લોકોમાં અર્ધાંગના (કહેવાતી હોય). રોગમાં પિડાતી હોય તો એનો ભાવ નથી એને રોગ મટાડવાનો? બચાવવાનો ભાવ નથી? છતાં મરી જાય છે. એનો ભાવ ત્યાં કામ કરતો નથી. એ ભાવ બીજાને બચાવવાનું કામ કરતો હશે? આહાહા..! સમજાણું કાંઈ? ભ્રમમાં ને ભ્રમમાં જીંદગી ગાળે, જીંદગી વ્યર્થ હારી જાય છે.

અહીં કહે છે, તું પૂર્ણ સ્વરૂપ છો. '**केवलज्ञानस्फुरत्तनुः**' કેવળજ્ઞાનના પ્રકાશથી પ્રગટરૂપ આત્મા. આહાહા..! એને તું આત્મા જાણ, એને તું પરમાત્મા જાણ. નિઃસંદેહ પરમાત્મા (જાણ). સંદેહ ન કર કે આવો આત્મા પરમાત્મા! એ આત્મા પરમાત્મા છે. એવી દૃષ્ટિ અંદરમાં થવી, એને સમ્યગ્દર્શન કહે છે. એને સાચું સત્ય પૂર્ણ હતું એવી પ્રતીતિ જ્ઞાનમાં ભાન થઈને થઈ તેથી તેને સત્ય દર્શન કહે છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- જો દેહમેં રહતા હૈ, તો ભી દેહસે જુદા હૈ,...**' આહાહા..! ડાબલામાં સાકર હોય તો ડાબલાથી સાકર જુદી રહે છે. કે એકમેક થઈ ગઈ છે? એમ આ શરીરરૂપી ડાબલામાં સાકર ભગવાન આનંદનો કંદ પ્રભુ સાકર છે. આહાહા..! એવી વીતરાગની વાણી છે આ. સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવે આ રીતે જોયું છે એવું એનું સ્વરૂપ છે એમ જાણ્યું છે. એવું એને બતાવે છે. આહાહા..!

'**સર્વાશુચિમયી દેહકો વહ દેવ છૂતા નહીં હૈ,...**' આહાહા..! સર્વ અશુચિમય દેહ.

આહાહા..! આમાં તો હાડકા, ચામડા, લોહી, પરુ અશુચિ છે. આ ચામડીની ઉપરની ગાર કાઢી નાખો તો જુઓ તો એકલા હાડકા-ચામડા છે. આ ઉપરની ચામડીથી રૂપાળુ લાગે છે. આ ગાર છે ઉપર, ગાર. ગાર સમજો છો? લીપણ-લીપણ. અંદરમાં તો હાડકા, માંસ ને... આહાહા..! એ '**શુચિમયી દેહકો વહ દેવ છૂતા નહીં હૈ,...**' ભાષા જુઓ! '**સર્વાશુચિમયી દેહકો વહ દેવ છૂતા નહીં હૈ,...**' સર્વ અશુચિમય આ દેહ, એને દેહને ભગવાન અડતો નથી-સ્પર્શ કરતો નથી. અત્યારે, હોં! આહાહા..! ભાષા કેવી કરી, જોયું! સર્વઅશુચિમય દેહ. એમ. અને પૂર્ણ શુચિમય પવિત્ર ભગવાન. એ દેવ દેહને અડતો નથી. અત્યારે, હોં! બેય ભિન્ન ભિન્ન છે. સમજાણું કાંઈ?

ધર્મની દશા બાપા! અલૌકિક! અનંતકાળમાં એણે ધ્યાન આપ્યું જ નથી. એમ ને એમ બહારમાં ને બહારમાં રોકાઈ ને કાંઈક કરીએ છીએ. મળશે ફળ. એમ કરીને જિંદગી ગુમાવી બધાએ. આહાહા..! સમજાણું કાંઈ? સાધુ થઈને પણ પંચમહાવ્રત પાળે, દયા-દાનના ભાવ હોય એટલે કાંઈક કર્યું. એ તો બધું રાગ છે, શુભ છે. એમાં સંતોષાઈ ગયા અને ઓલી વસ્તુ રહી ગઈ. જ્યાં જોવાનું હતું, જાણવાનું હતું એની સામું જોયું નહિ અને જે એમાં નથી એવી રાગની ક્રિયા અમે જોઈને જિંદગી ગાળી. આહાહા..!

'**સર્વાશુચિમયી દેહકો વહ દેવ છૂતા નહીં હૈ, વહીં આત્મદેવ ઉપાદેય હૈ.**' એ આત્મદેવ આદરવા લાયક છે, કહે છે. એટલે? વર્તમાન પર્યાયમાં તેને આદરવા લાયક છે. વર્તમાન જ્ઞાનની દશામાં ભગવાન આદરણીય છે.

મુમુક્ષુ :- ... પર્યાય પર બહુ વજન આપો છો.

ઉત્તર :- પણ જાણનારી છે કોણ? જાણનાર કાંઈ ધ્રુવ છે? જાણનાર પર્યાય છે પોતાની. આહાહા..!

નાશવાનની પર્યાયમાં અવિનાશીનો આદર કર. લ્યો! આ ... 'ચિદ્‌વિલાસ'માં તો એમ કહ્યું છે, નિત્યનો નિર્ણય અનિત્ય કરે છે. ત્રિકાળી આનંદનો નાથ એનો નિર્ણય તો વર્તમાન પર્યાયમાં થાય છે. પર્યાય તો બદલતી અનિત્ય છે. બરાબર છે? આહાહા..! દુનિયાનું કામ નથી. અહીં દુનિયા ગમે તેમ કહે અને ગમે તે માને. માર્ગ આ છે. સમજાણું કાંઈ? આહાહા..! '**વહી આત્મદેવ ઉપાદેય હૈ.**' આહાહા..! ૩૩ ગાથા. બે ત્રગડા. લ્યો! આજે રવિવાર હતો. અમારે 'ભાવનગર'વાળા આવ્યા છે. છોકરા આવ્યા છે. બાપુ! માર્ગ આ છે, ભાઈ!

જેમાંથી આનંદની દશા પ્રગટ થાય એવો જે આનંદનો નાથ ભગવાન પૂર્ણ સ્વરૂપ, એને ઉપાદેય માન, એનો આદર કર. એક ક્ષણની પર્યાય એને આદરે, પર્યાય પર્યાયને આદરે નહિ. આ પર્યાય શું એ પણ સાંભળ્યું ન હોય. પર્યાય-વર્તમાન હાલત. વસ્તુ છે એની જે શક્તિઓ છે એ ધ્રુવ છે અને વર્તમાન હાલત-દશા એને વીતરાગ પર્યાય કહે છે. હાલત-અવસ્થા. એ જ્ઞાનની વર્તમાન અવસ્થા, તેમાં અવસ્થાયી ત્રિકાળ એનો આદર કર. એ દેવ છે. એ દેહમાં દેવ બિરાજે છે પ્રભુ. આહાહા..! એ ૩૩ થઈ. ૩૪ કહેશે. (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

अथ शुद्धात्मविलक्षणे देहे वसन्नपि देहं न स्पृशति देहेन सोऽपि न स्पृश्यत इति प्रतिपादयति –

३४) देहे वसंतु वि णवि छिवइ णियमें देहु वि जो जि।
देहें छिप्पइ जो वि णवि मुणि परमप्पउ सो जि।।३४।।
देहे वसन्नपि नैव स्पृशति नियमेन देहमपि य एव।
देहेन स्पृश्यते योऽपि नैव मन्यस्व परमात्मानं तमेव।।३४।।

देहे वसन्नपि नैव स्पृशति नियमेन देहमपि, य एव देहेन न स्पृश्यते योऽपि मन्यस्व जानीहि परमात्मा सोऽपि। इतो विशेष : शुद्धात्मानुभूतिविपरीतेन क्रोधमानमायालोभस्वरूपादि–विभावपरिणामेनोपार्जितेन पूर्वकर्मणा निर्मिते देहे अनुपचरितासद्भूतव्यवहारेण वसन्नपि निश्चयेन य एव देहं न स्पृशति, तथाविधदेहेन न स्पृश्यते योऽपि तं मन्यस्व जानीहि परमात्मानं तमेवम्। किं कृत्वा। वीतरागनिर्विकल्पसमाधौ स्थित्वेति। अत्र य एव शुद्धात्मानुभूतिरहितदेहे वसन्नपि देहममत्वपरिणामेन सहितानां हेयः स एव शुद्धात्मा देहममत्वपरिणामरहितानामुपादेय इति भावार्थः ।।३४।।

---

आगे शुद्धात्मासे भिन्न इस देहमें रहता हुआ भी देहको नहीं स्पर्श करता है और देह भी उसको नहीं छूती है, यह कहते हैं –

**गाथा – ३४**

अन्वयार्थ :– [ य एव ] जो [ देहे वसन्नपि ] देहमें रहता हुआ भी [ नियमेन ] निश्चयनयकर [ देहमपि ] शरीरको [ नैव स्पृशति ] नहीं स्पर्श करता, [ देहेन ] देहसे [ यः अपि ] वह भी [ नैव स्पृश्यते ] नहीं छुआ जाता। अर्थात् न तो जीव देहको स्पर्श करता और न देह जीवको स्पर्श करती, [ तमेव ] उसीको [ परमात्मानं ] परमात्मा [ मन्यस्व ] तूँ जान, अर्थात् अपना स्वरूप ही परमात्मा है।

भावार्थ :– जो शुद्धात्माकी अनुभूतिसे विपरीत क्रोध, मान, माया, लोभरूप विभाव परिणाम हैं, उनकर उपार्जन किये शुभ–अशुभ कर्मोंकर बनाई हुई देहमें अनुपचरित असद्भूतव्यवहारनयकर बसता हुआ भी निश्चयकर देहको नहीं छूता, उसको तुम परमात्मा जानो, उसी स्वरूपको वीतराग निर्विकल्पसमाधिमें तिष्ठकर चिंतवन करो। यह आत्मा जड़रूप देहमें व्यवहारनयकर रहता है, सो देहात्मबुद्धिवालेको नहीं मालूम होती है, वही शुद्धात्मा देहके ममत्वसे रहित (विवेकी) पुरुषोंके आराधने योग्य है।।३४।।

---

હવે, શુદ્ધાત્માથી વિલક્ષણ દેહમાં રહેવા છતાં પણ આત્મા દેહને સ્પર્શતો નથી અને તે પણ દેહથી સ્પર્શાતો નથી એમ કહે છે :

ભાવાર્થ :– જે શુદ્ધ આત્માની અનુભૂતિથી વિપરીત ક્રોધ–માન–માયા–લોભસ્વરૂપ આદિ વિભાવપરિણામથી ઉપાર્જિત પૂર્વકર્મથી રચાયેલ દેહમાં અનુપચરિત

**અસદ્‌ભૂતવ્યવહારનયથી રહેવા છતાં પણ નિશ્ચયથી જે દેહને સ્પર્શતો નથી, તે પરમાત્માને જ વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત થઈને તું જાણ.**

**અહીં, શુદ્ધાત્માનુભૂતિથી રહિત દેહમાં રહેવા છતાં દેહના મમત્વપરિણામવાળાને જે હેય છે તે જ શુદ્ધાત્મા, દેહના મમત્વપરિણામ વિનાના જીવોને ઉપાદેય છે એવો ભાવાર્થ છે. ૩૪.**

---

## વીર સંવત ૨૫૦૨, અષાઢ સુદ ૧, સોમવાર
## તા. ૨૮-૦૬-૧૯૭૬, ગાથા-૩૪, પ્રવચન નં. ૨૦

'પરમાત્મપ્રકાશ' ૩૪મી ગાથા. '**આગે શુદ્ધાત્માસે ભિન્ન ઈસ દેહમેં રહતા હુઆ ભી દેહકો નહીં સ્પર્શ કરતા હૈ ઔર દેહ ભી ઉસકો નહીં છૂતી હૈ,...**' આત્મા શુદ્ધ સ્વરૂપ પવિત્ર, એ દેહમાં રહ્યા છતાં દેહને અડતો નથી-સ્પર્શતો નથી.

મુમુક્ષુ :- એકક્ષેત્રાવગાહ છે.

ઉત્તર :- એકક્ષેત્રાવગાહ છે પણ ભિન્ન ભિન્ન છે. આહાહા..! એકબીજામાં અભાવ છે. અભાવ છે એ બીજાને કેમ અડે? ઝીણી વાત છે. દેહનો અને આત્માના સ્વભાવનો એકબીજામાં અભાવ છે. અભાવ છે એને ભાવરૂપ અડવું કેમ થાય? આહાહા..! આત્મા દેહને સ્પર્શતો નથી, અડતો નથી, દેહ આત્માને અડતો નથી. આહાહા..!

મુમુક્ષુ :- એ તો ... વાત છે.

ઉત્તર :- અત્યારે. કાલે કો'ક કહેતું હતું ને, લ્યો! આ દેહથી ભિન્ન હોય તો અહીં દુઃખ કેમ થાય છે? કાલે કો'ક કહેતું હતું. દેહમાં આમ થાય. તો એને કેમ થાય? પણ ક્યાં? એ પોતે એમ માને છે કે આ ચીજ મારી છે. એમાં થાય છે એનું એને દુઃખ છે. શરીરની ક્રિયાનું દુઃખ નથી. શરીરમાં વાગે કાંઈક એનું એને દુઃખ નથી. એને તો અડતો પણ નથી. ફક્ત એ હું છું અને દેહાદિનો જે પ્રેમ છે એને લઈને એને કંઈક થતાં દુઃખ થાય એ એના ભાવનું દુઃખ છે. એની વિકારની પરિણતિનું દુઃખ છે. શરીરની સ્થિતિનું દુઃખ નથી. શરીરને અડતો પણ નથી અને દુઃખ ક્યાંથી હોય? એમ કહે છે. સમજાણું કાંઈ? આવી વાત છે. 'પરમાત્મપ્રકાશ' છે ને.

મુમુક્ષુ :- પરમાત્માની વાત છે ને.

ઉત્તર :- પોતે પરમાત્મસ્વરૂપ છે. શક્તિ અને સ્વભાવરૂપે પરમાત્મસ્વરૂપ ન હોય તો પર્યાયમાં અરિહંત ને પરમાત્મા ક્યાંથી થાય? સમજાય છે કાંઈ? જે પર્યાયમાં-અવસ્થામાં પરમાત્મા થાય છે એ પરમાત્મસ્વરૂપ છે એમાંથી થાય છે. આહાહા..! એનું દ્રવ્ય એટલે વસ્તુ, પરમ પૂર્ણ આનંદ આદિ સ્વભાવથી ભરેલો પદાર્થ, એ પરમાત્મસ્વરૂપ પ્રભુ આત્મા છે. આહાહા..! અને એમાં પરમાત્મસ્વરૂપ છે માટે એનો આશ્રય કરીને નિર્વિકલ્પ

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, નિર્વિકલ્પ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એટલે કે નિર્વિકલ્પ શાંતિ, એના સાધન વડે જે શક્તિરૂપ પરમાત્મા છે એ પર્યાયરૂપ પરમાત્મા થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! ભરોસો બેસવો.. એ કહેશે.

**૩૪) देहे वसंतु वि णवि छिवइ णियमें देहु वि जो जि।**
**देहें छिप्पइ जो वि णवि मुणि परमप्पउ सो जि।।३४।।**

**અન્વયાર્થ :-** '**જો દેહમેં રહતા હુઆ ભી...**' આહાહા..! દેહ તો જડ માટીનો પિંડ છે. એમાં '**રહતા હુઆ ભી નિશ્ચયનયકર...**' '**नियमेन**' શબ્દ પડ્યો છે ને? '**नियमेन**' વાસ્તવિક સ્થિતિએ. નિશ્ચયનયથી એટલે યથાર્થ દૃષ્ટિએ '**શરીરકો નહીં સ્પર્શ કરતા,...**' આહાહા..! ભગવાનઆત્મા પરમાત્મસ્વરૂપ શુદ્ધાત્મા લીધો છે ને? શુદ્ધ આત્મા વસ્તુ દ્રવ્યસ્વભાવ, જે સમ્યગ્દર્શન, જ્ઞાન ને શાંતિથી પ્રાપ્ત થાય છે એવો જે પરમાત્મા, એ દેહમાં રહ્યા છતાં દેહને અડતો નથી. આહાહા..!

મુમુક્ષુ :- તો પછી એમાં રહે છે કઈ રીતે?

ઉત્તર :- રહે છે ક્યાં? એ તો વ્યવહારનયે કીધું. એ કહેશે હમણા. ટીકા કરશે.

'**શરીરકો નહીં સ્પર્શ કરતા, દેહસે વહ ભી નહીં છુઆ જાતા.**' આહાહા..! અડતો નથી. દેહ એને અડતો નથી, ભગવાનઆત્મા દેહને અડતો નથી. આહાહા..! '**ઉસીકો પરમાત્મા તૂ જાન,...**' છે? આહાહા..! સમ્યગ્દર્શન દૃષ્ટિ વડે આને આત્મા જાણ. સમજાણું કાંઈ? '**ઉસીકો પરમાત્મા...**' (જાણ). પોતે પરમાત્મસ્વરૂપ જ છે. શક્તિ પરમસ્વરૂપ અનંતઆનંદ, અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસ્વચ્છતા, ઈશ્વરતા એવું જેનું પૂરું રૂપ, એવો એ પરમાત્મા પોતે છે, એને તું જાણ, એમ કહે છે. છે? '**ઉસીકો પરમાત્મા તૂ જાન, અર્થાત્ અપના સ્વરૂપ હી પરમાત્મા હૈ.**' દૃષ્ટિમાં (એને) વિષય બનાવતા, દૃષ્ટિને અંતર વાળતા એ પરમાત્મા પોતે છે તે જ જણાય છે, એમ કહે છે. આહાહા..!

દેહદેવળમાં બિરાજતો પ્રભુ, ચાહે તો સ્ત્રીનું શરીર હોય, પુરુષનું હોય, તિર્યંચનું હોય. ભગવાનઆત્મા તો દેહથી ત્રણે કાળ તદ્દન ભિન્ન છે. એવો જે પ્રભુ, એની મહાત્મ્યવાળી દૃષ્ટિ કરી અને એને જો, એમ કહે છે. એને માન. આહાહા..! દેહ આદિના ભાવથી, પ્રેમથી છૂટી જા. દેહાદિ પરવસ્તુની અધિકતા તને દેખાય છે. એમાં પરમાત્મા નથી દેખાતો. પરની અધિકતાનું ઉલ્લસિત વીર્ય જે પરમાં છે એ આત્માને જાણવા નથી દેતો. પરમાં જે ઉલ્લસિત વીર્યનો ઉત્સાહ, આત્મા સિવાય શરીર, રાગ, પર એમાં જે વીર્યની ઉલ્લસિત સાવધાની થાય છે એને લઈને આત્માનું સાવધાનીપણું થતું નથી. સમજાણું કાંઈ? એને તું આત્મા જાણ. આહાહા..! '**અપના સ્વરૂપ હી પરમાત્મા હૈ.**'

બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા. એવી ત્રણ દશાઓ છે ને? એ તો ત્રણ દશાઓની વાત છે. બહિરાત્મા ભગવાનઆત્માથી બાહ્ય શરીર, રાગાદિનો જેને પ્રેમ છે, બહિર્ વસ્તુમાં પ્રેમ છે એને બહિરાત્મા અવસ્થામાં કહ્યો. જેને અંતરાત્મામાં પ્રેમ છે, વર્તમાન દશામાં તેને અંતરાત્મા કહીએ. જેને એ આત્માની અંતર દશામાં પૂર્ણ સાવધાન થઈને,

પર્યાયની પરમાત્મ દશા પૂર્ણ પ્રગટ થઈ એ પરમાત્મા છે. આ પરમાત્મા તો દ્રવ્ય પરમાત્મા છે. સમજાણું કાંઈ? ઓલી ત્રણ દશા જે છે એ અવસ્થાની વાત છે. પણ એ અવસ્થા પરમાત્મ દશા થઈ, ઈ થઈ ક્યાંથી? અંતરાત્માની પર્યાયમાંથી થઈ? બહિરાત્માની પર્યાયમાંથી થઈ? અંતરાત્માની પર્યાયમાંથી ન થઈ તો પછી થઈ ક્યાંથી? એ પરમાત્મસ્વરૂપ જ છે. આહાહા..! અરે..! એની મોટપ કેમ બેસે? આહાહા..! સાધારણ સાધારણ વાતમાં જેનો પ્રેમ પર પદાર્થમાં ઉલ્લસે છે, એને આ ભગવાન પરમાત્મા છે એવી બુદ્ધિમાં આ કેમ બેસે? સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- જો શુદ્ધાત્માકી અનુભૂતિસે વિપરીત...**' અહીં તો કહે છે કે શરીર થયું કેમ? કે ભગવાનઆત્મા શુદ્ધ સ્વરૂપ પ્રભુ, એનો જે અનુભવ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પવિત્ર પરિણતિ એવી જે અનુભૂતિ, એનાથી વિપરીત '**ક્રોધ, માન, માયા, લોભરૂપ વિભાવ પરિણામ હૈં,...**' આહા..! ચાહે તો ભગવાનની ભક્તિનો ભાવ હોય કે ભગવાનની વાણી સાંભળવાનો ભાવ હોય, એ બધો રાગભાવ અને કષાયભાવ છે. સમજાણું કાંઈ? એ કહે છે. પર તરફના વલણવાળી વૃત્તિ એ કષાય છે. એ આત્માના અનુભૂતિથી વિપરીત ભાવ છે. આહાહા..!

ભગવાનઆત્મા... કહેશે, નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી નિર્વિકલ્પ રાગ રહિત શાંતિ, સમાધિ એનાથી આ વિપરીત ભાવ છે. પહેલા તો કહ્યું હતું ને? વીતરાગની દિવ્યધ્વનિથી પણ ભગવાનઆત્મા જણાય એવો નથી. આહાહા..! કેમકે દિવ્યધ્વનિ ઉપર લક્ષ જશે એને રાગ થાશે. આવી વાતું છે. મહામુનિઓના પરમાર્થ તત્ત્વની વાણી, એનાથી પણ આત્મા જણાય એવો નથી. પહેલા આવી ગયું છે. વેદ શાસ્ત્ર આવી ગયું છે ને? વેદ એટલે દિવ્યધ્વનિ. ઓહોહો..! ત્રણલોકના નાથની દિવ્યધ્વનિ, એનાથી પ્રભુ જણાય એવો નથી. કેમકે એના ઉપર લક્ષ જશે એટલે રાગ થાશે. આહાહા..! ગુરુથી જણાય એવો નથી, ભગવાનથી જણાય એવો નથી. આવી વાતું આકરી.

દેશનાથી જણાય એવો નથી. દેશનાથી જણાય એવો નથી. દેશના પરલક્ષીનું જ્ઞાન છે. એનાથી આત્મા જણાય એવો નથી. આવી વાત છે, ભાઈ!

મુમુક્ષુ :- દેશનારૂપે પરિણમે-

ઉત્તર :- હો એ તો જુદી વસ્તુ છે. એનું લક્ષ છોડીને શુદ્ધ આત્મા ઉપર દૃષ્ટિ પડે ત્યારે તે જાણવામાં આવે. આહાહા..! એવી વાત છે, ભાઈ! વાત આવી ગઈ છે ઘણી.

અહીંયાં તો શુદ્ધ આત્મા જે સ્વરૂપ ભગવાનઆત્મા, એની જે શુદ્ધ અનુભૂતિ, એના તરફના વલણવાળી જે અનુભૂતિ, એનાથી પર તરફના વલણવાળા ક્રોધ, માન, માયા, લોભ. છે? '**વિભાવ પરિણામ હૈ, ઉનકર ઉપાર્જન કિયે...**' એવા વિભાવભાવથી ઉત્પન્ન કર્યા શુભ-અશુભ કર્મ. શુદ્ધાત્માનુભૂતિથી તો કાંઈ પુણ્ય-પાપ બંધાય નહિ. તો એ શુદ્ધાત્માની અનુભૂતિથી વિપરીત એવો જે પુણ્ય-પાપનો ભાવ ક્રોધ, માન, માયા, લોભ, એનાથી ઉપાર્જેલ કર્મ. શુભભાવથી નિમિત્તપણે થયું કર્મ. આહાહા..!

એ '**કર્મોકર બનાઈ હુઈ દેહ...**' કર્મથી બની દેહ. આહાહા..! નિમિત્તથી કથન છે. એમાં '**અનુપચરિતઅસદ્ભૂત વ્યવહારનયકર બસતા હુઆ..**' ફક્ત નજીકમાં (છે) માટે અનુપચરિત છે, પણ અસદ્ભૂત જૂઠી દૃષ્ટિ છે. આહાહા..! અસદ્ભૂતવ્યવહાર, જૂઠી વ્યવહારનયની દૃષ્ટિથી દેહમાં '**બસતા હુઆ...**' એમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાનઆત્મા પરમાત્મ શુદ્ધ સ્વરૂપ જ એનું છે. તેને આત્મા કહીએ. એ આત્માની અનુભૂતિ જે નિર્મળ પરિણતિ, એનાથી તો પરમાત્મા પ્રાપ્ત થાય, પણ એનાથી વિપરીત વિકારભાવથી કર્મ બંધાય. એનાથી પ્રાપ્ત થાય આ દેહ. આહાહા..!

લક્ષ્મી, પૈસા, સ્ત્રી, કુટુંબ એ તો ઉપચરિત સંબંધ છે એનો. ઉપચરિત અસદ્ભૂત જૂઠી નય. અને આ નજીક છે એટલે અનુપચરિત જૂઠી નય. આહાહા..! સમજાણું કાંઈ? એવા દેહમાં રહ્યો છે એમ કહેવું.. આહાહા..! છતાં '**નિશ્ચયકર દેહકો નહીં છૂતા,...**' સત્યદૃષ્ટિથી વાસ્તવિક સત્તાના સ્વભાવથી જોઈએ તો દેહથી છૂટો, દેહને અડ્યો પણ નથી, દેહને અડતો પણ નથી. આહાહા..! અત્યારે, હોં! સમજાણું કાંઈ? આ તો માટી જડ ધૂળ મૂર્ત છે. ભગવાન તો અમૂર્ત છે, અરૂપી છે. એ અરૂપી ભગવાન પોતાના અનુભૂતિથી વિપરીત ભાવ વડે બંધાયેલા કર્મો, એનાથી મળ્યો દેહ, અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી એમાં છે એમ કહેવામાં આવે છે. આહાહા..! આ બધું શીખવું ક્યારે એને? સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમાત્મા કેવળજ્ઞાની વીતરાગ પરમેશ્વર આમ ફરમાવે છે. સમજાણું કાંઈ?

એ નિશ્ચયથી દેહને અડતો પણ નથી, એને પરમાત્મા જાણ. આહાહા..! વર્તમાન જ્ઞાન અને દૃષ્ટિની પરિણતિ દ્વારા એને જાણ, એમ કહે છે. શુદ્ધાત્માનુભૂતિ પરિણતિથી એને જાણ એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? એવો જે પરમાત્મા દેહમાં જૂઠી નયે નજીકથી રહ્યો છે એમ કહેવું. આહાહા..! એવા ભગવાનને તું અંદર... આહાહા..! જો, જાણ. આહાહા..!

'**ઉસી સ્વરૂપકો વીતરાગ નિર્વિકલ્પસમાધિમેં તિષ્ઠકર ચિંતવન કરો.**' આહાહા..! આવી વાત છે. જાણવું એટલે? એમ કહે છે. '**ઉસી સ્વરૂપકો વીતરાગ નિર્વિકલ્પ...**' રાગરહિત અભેદ શાંતિ, અકષાયભાવ (તેનાથી જાણ). ઓલો કષાયભાવ હતો ને? એનાથી કર્મ બંધાતું હતું. આ બાજુ ભગવાનઆત્મા તરફની વીતરાગ અભેદ શાંતિ દ્વારા '**તિષ્ઠકર...**' આહાહા..! ચિદ્ઘન ભગવાન પરમાત્મામાં શુદ્ધ વીતરાગ પરિણતિ દ્વારા ઠરીને, વીતરાગ પરિણતિમાં રહીને એને જાણ. આહાહા..! એનું ચિંતવન કર એટલે એકાગ્ર થા. આવી વાતું છે, ભાઈ!

એક સમયમાં ભગવાન પૂર્ણ પરમાત્મસ્વરૂપ છે. એ પરમાત્મા થવાના સામર્થ્યવાળી જ શક્તિ છે. એ પરમાત્મા થાય છે એવું સામર્થ્ય એના સ્વભાવમાં છે. એને તું... આહાહા..! દેહાદિના પ્રેમને છોડી દઈ... આહાહા..! આત્મા સિવાય પરપદાર્થમાં ઉલ્લસિત વીર્યની સાવધાનીને છોડી દઈ, સ્વરૂપની સાવધાનીના અનુભૂતિના પરિણામ દ્વારા એમાં ઠરીને એને જો-એનો અનુભવ કર, એમ કહે છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? ચોથે ગુણસ્થાને આ કહે છે. પર તરફનું લક્ષ છોડી, રાગનું પણ લક્ષ છોડી, એક સમયની પર્યાયનું પણ લક્ષ છોડી

પૂર્ણ સ્વભાવ પરમાત્મા પ્રત્યે અભેદ અકષાય ભાવની શાંતિ દ્વારા એમાં ઠરીને એને જો-એને અનુભવ. આહાહા..! આ ધર્મ. એવું લાગે માણસને.

ઓલા કહે, ભગવાનની ભક્તિ કરીએ, ગુરુની ભક્તિ કરીએ તો સમજાય. અહીં તો કહે છે કે (એ) વિકલ્પ છે, ભાઈ! તને ખબર નથી, બાપા! આહાહા..! આત્મા નિર્વિકલ્પ સ્વરૂપ છે. પરમાત્મા શુદ્ધ ચૈતન્યઘન છે. આહાહા..! વીતરાગ સ્વરૂપે પ્રભુ આત્મા છે. વીતરાગતા પ્રગટ થાય છે ક્યાંથી? ક્યાંય બહારથી આવે છે? આહાહા..! એ 'જિન સોહી આત્મા.' જિન તે જિનવર અને જિનવર તે જિન. એ જિનસ્વરૂપ ભગવાનઆત્મા શુદ્ધાત્મસ્વરૂપ તે જિનવર અને તે જિન. આહાહા..! કેમ બેસે? પરના પ્રેમ આડે પ્રભુનો પ્રેમ એને લાગતો નથી. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા શુદ્ધ ચિદ્ઘન પરમાત્મસ્વરૂપ પોતે છે. આહાહા..! એને એનાથી વિરુદ્ધ બધા પદાર્થ પ્રત્યેની રુચિ ને પ્રેમને છોડી અને પૂર્ણાનંદના નાથની રુચિની અનુભૂતિથી... આહાહા..! એને અનુભવ. એને આત્મા પ્રાપ્ત થાય અને એને ધર્મ થાય. આહાહા..! 'પ્રેમચંદભાઈ'! આવી વાતું ભારે, ભાઈ! વ્યવહારવાળાને તો એવું લાગે ને. આહાહા..! ઓલા 'શ્રીમદ્'ના છે એક 'મોરબી', 'જયંતીભાઈ' કરીને. પૈસા આપ્યા છે એણે? એ કહે, અમારે તો વ્યવહાર સાંભળવો છે, નિશ્ચય સાંભળવો નથી. આહાહા..! અહીં તો કહે છે, વ્યવહાર સાંભળવો છે એ તો રાગ છે આહાહા..!

મુમુક્ષુ :- નિશ્ચય સાંભળવો એ પણ રાગ છે.

ઉત્તર :- એ વ્યવહાર નિશ્ચયને બતાવે છે. વ્યવહાર-વ્યવહારને બતાવતો નથી. સમજાણું?

પૂર્ણાનંદનો નાથ છે એમ વિકલ્પ અથવા વાણી દ્વારા કહે છે કે આ છે. એને વિકલ્પ છોડી દે પછી એમ કહે. વિકલ્પથી અને વાણીથી બતાવે છે નિર્વિકલ્પ સ્વરૂપ. એને બતાવતા વિકલ્પનો અને વાણીનો અનુસરણ છોડી દે. આઠમી ગાથામાં આવે છે. વ્યવહારે એને કહેવાય છે કે દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રાપ્તતયા. પણ એ વ્યવહાર થયો. પણ વ્યવહારે એ બતાવ્યું શું? અખંડ આત્મા. તો કહેનારે અને સાંભળનારે વ્યવહારને અનુસરવો નહિ. છે? આહાહા..! ભેદ પાડીને સમજાવ્યા વિના એ સમજે નહિ. એ ચીજ નથી. છતાં ભેદનું અનુસરણ કરવાનું નથી. આહાહા..! ભારે વાત આકરી, ભાઈ! વીતરાગનું પરમ સત્ય સર્વજ્ઞ પરમેશ્વર, જિનેશ્વર દેવ, એણે કહેલું તત્ત્વ ઘણું સૂક્ષ્મ છે. આહાહા..! વ્યવહારથી થાય એમ માનનારા રાગથી અને પરલક્ષે થાય એમ માનનારા છે ઈ. સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાનઆત્મા દેહમાં રહ્યો છે એમ કહેવું એ જૂઠી નયે નજીક છે એટલે એની નયથી ક્હેવામાં આવે છે. આહાહા..! પણ એ આત્મા દેહને અત્યારે અડતો પણ નથી. આહાહા..! એ ચૈતન્ય અરૂપી, અમૂર્ત સ્વરૂપ ભિન્ન અને શરીર મૂર્ત સ્વરૂપ ભિન્ન. અહીં તો બપોરે ત્યાં સુધી કહ્યું કે દયા, દાનના, ભક્તિના પરિણામ પણ રૂપી છે. આહાહા..! આત્માની સાથે તે પરિણામનું તાદાત્મ્યપણું નથી. આહાહા..! માર્ગ.. બાપા! અરે! ચોર્યાસીના અવતારમાં રખડે છે, ભાઈ! એ હોશું કરે છે પણ દુઃખની હોંશ છે એને. શુભભાવમાં, અશુભભાવમાં

હરખાયેલો એ દેખાય છે, એ દુઃખી છે. સમજાણું કાંઈ? એને ભગવાન.. કહેશે હમણા પછી બીજી ગાથામાં. આહાહા..!

આત્માને જે આ રીતે જાણે એને આનંદથી પ્રગટ થતો આત્મા જણાય કે ઓહોહો..! અતીન્દ્રિય આનંદની સ્ફૂરણા જેને અનુભવમાં આવે ત્યારે આ અતીન્દ્રિય આનંદનો નાથ છે, એમ અનુભવમાં સમકિતીને આવે છે. આહાહા..! અરે..! આવી વાતું લાંબી. ઓલા કહે, ભાઈ! સમ્મેદશિખરની જાત્રા કરો. લ્યો! આ કહે, શેત્રુંજયની. પૂર્વ નવ્વાણું વાર ઋષભદેવ અહીં ગયા. અરે..! લાખવાર ત્યાં અનંતા સિદ્ધ થયા છે લે ને. એથી શું થયું? તારે શું પણ? એનાથી આત્મા જણાય એમ નથી. ભાવ આવે. શુભભાવ અશુભથી બચવા આવે, પણ એનાથી આત્મજ્ઞાન ને ધર્મ થાય એમ નથી, ભાઈ! દુનિયાને મનાવીને રોકી દીધા છે. સમજાણું કાંઈ? પરની ભક્તિ ને પરની સેવા ને પરના ભાવમાં એને રોકી રાખ્યો છે.

મુમુક્ષુ :- એ તો ધર્મનો દરવાજો છે.

ઉત્તર :- દરવાજો છે. આહાહા..!

અહીં તો શુદ્ધાત્માનુભૂતિથી પ્રાપ્ત થાય એમ કહ્યું. એનાથી વિરૂદ્ધ પ્રાપ્ત થાય એ ક્લેશ. કર્મ બંધાય. દેવને દેહ. દેવ ભગવાનઆત્મા દિવ્ય શક્તિનું પરમાત્મસ્વરૂપ, એ પોતાના સ્વભાવની સન્મુખ દૃષ્ટિ-જ્ઞાન ને શાંતિથી તે પ્રાપ્ત થાય એવી એ ચીજ છે. અને એનાથી વિરૂદ્ધ ભાવથી કર્મ બંધાય. આહાહા..! એનાથી શરીર મળે. એ શરીરમાં રહે એ અસત્ નયે કહેવામાં આવે છે. આહાહા..! વ્યવહારનય એટલે અસત્ નય. સત્ નયે વસ્તુ વસ્તુમાં છે. વસ્તુ શરીરને અડી પણ નથી. આહાહા..! આવી વાતું છે. દેહ અને પાંચ ઈન્દ્રિયના વિષયો એમાં જેનો પ્રેમ છે, એનાથી બંધાતા કર્મો અને કર્મોથી મળતો દેહ. આહાહા..!

મુમુક્ષુ :- આત્મા અડતો નથી.

ઉત્તર :- આત્મા અડતો નથી, પ્રભુ! આહાહા..! લ્યો! આ અષાઢ સુદ એકમ આવી આજે.

મુમુક્ષુ :- પૂર્વ કર્મ સત્તામાં છે..

ઉત્તર :- સત્તા જડ. એનાથી મળે દેહ, દેહથી ભગવાન ભિન્ન. એવી વાત છે. વાતું બાપા આકરી, ભાઈ! જે કાંઈ શુભાશુભભાવ કર્યા હોય એનાથી જડ કર્મ બંધાય અને એના ફળ તરીકે આ દેહ મળે. લ્યો! એમાં રહ્યો એમ કહેવું એ અસત્ નયથી છે. અસદ્‌ભૂતનય કહો. આહાહા..! ભગવાન તો એનાથી ભિન્ન અત્યારે છે.

એને કહે છે, જુઓ! '**ઉસકો તુમ પરમાત્મા જાનો,...**' સંતો, દિગંબર મુનિઓ.. આહાહા..! આ દિગંબર સંતની વાણી છે. એવી વાણી બીજે ક્યાંય છે નહિ. આહાહા..! 'યોગીન્દ્રદેવ' દિગંબર સંત વનવાસી વનમાં રહેતા હતા. એ ફરમાવે છે, ભાઈ! દેહમાં રહ્યો છે પણ દેહને અડતો નથી. પોતાની પરિણતિ દ્વારા એને સ્પર્શ. એને સ્પર્શ. આહાહા..! આને સ્પર્શતો નથી પણ શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાન ને ચારિત્ર દ્વારા એને સ્પર્શ. આહાહા..! એ પરમાત્મા તેને જાણ, ભાઈ! તો તને ધર્મ થાય. બાકી ધર્મ-બર્મ હરામ છે. આહાહા..! લાખ ભક્તિ કરે. ઓલામાં નથી આવતું? 'એકવાર વંદે જો કોઈ.' સમ્મેદશિખરનું આવે છે ને? 'એકવાર વંદે

જો કોઈ નરક પશુ ગતિ ન હોય.' એમાં શું થયું? ભવનો અભાવ એમાં નથી. પુણ્ય બંધાય. સ્વર્ગાદિ મળે. આહાહા..! એ કાંઈ આત્માનો લાભ નથી. આહાહા..! બહુ ઝીણી વાતું, બાપા! ભગવાન! આહાહા..!

'**સ્વરૂપકો વીતરાગ નિર્વિકલ્પસમાધિમેં તિષ્ઠકર ચિંતવન કરો.**' આહાહા..! આ સંતોની વાણી. એ આ કોતરાણી છે. પોણા ચાર લાખ અક્ષર છે. સમજાણું કાંઈ? આહાહા..! કહે છે કે ભગવાનઆત્મા અંદર જે શુદ્ધ ચૈતન્યઘન છે, પુણ્ય-પાપના વિકલ્પ જે ઊઠે છે એ કંઈ આત્મા નથી. એ તો આસ્રવ છે, અનાત્મા છે. આહાહા..! એવા આસ્રવ રહિત એવો શુદ્ધ ભગવાન અત્યારે છે એ. એને એ પુણ્ય-પાપના ભાવ રહિત નિર્વિકલ્પ શાંતિ, શ્રદ્ધા-જ્ઞાન-દ્વારા તેને જાણ, એને અનુભવ. આહાહા..! તો તને જન્મ-મરણ મટી જશે. નહિતર જન્મ-મરણ નહિ મટે. ચોર્યાસીના અવતાર માથે પડ્યા, બાપા! દેહ અને દેહનો સંયોગ એ અનુકૂળતા બધી કે પ્રતિકૂળતા, એના પ્રેમમાં તો ચોર્યાસીની ગતિ મળે છે. ચોર્યાસીના અવતાર, નરક ને નિગોદ. આહાહા..! તારો નાથ અંદર બિરાજે છે એની તરફ જોને, પ્રભુ! એમ કહે છે. આહા..! એનો સ્વીકાર કર. એ શુદ્ધ પૂર્ણાનંદનો નાથ પ્રભુ છે. એ દેહદેવળથી ભિન્ન છે. આહાહા..!

મુમુક્ષુ :- એમાં લખ્યું છે?

ઉત્તર :- એમાં લખ્યું છે. સિદ્ધાલયમાં સિદ્ધ છે અને દેહાલયમાં દેવ છે તું. પહેલા આવી ગયું છે. નહિ? પહેલા આવી ગયું. સિદ્ધાલયમાં. આહાહા..! આગળ ઘણી ગાથા ગઈ ને. જુઓ! ૨૫મી ગાથામાં છે.

'**જો સિદ્ધાલય હૈ, વહ દેહાલય હૈ,...**' ૨૫મી ગાથા. આવી ગયું છે. છેલ્લા શબ્દો. ૨૫મી ગાથાના છેલ્લા શબ્દો. '**જો સિદ્ધાલય હૈ, વહ દેહાલય હૈ, અર્થાત્ જૈસા સિદ્ધલોકમેં વિરાજ રહા હૈ, વૈસા હી હંસ (આત્મા) ઈસ ઘટ (દેહ) મેં વિરાજમાન હૈ.**' આહાહા..! દિગંબર સંતોએ જગતને સત્ય જાહેર કર્યું, એને બેસવું, ન બેસવું.. આવો માર્ગ. એ તો એમ કહે, અમારાથી પણ તને આત્મા પ્રાપ્ત ન થાય. અમે સંભળાવીએ છીએ. સાંભળવાથી પણ તને પ્રાપ્ત ન થાય. આવી વાત.

મુમુક્ષુ :- ઈ તો કહે છે, અમને સંભળાવતા નથી.

ઉત્તર :- સંભળાવે કોણ? વાણી તો જડ છે. આહાહા..! આવી વાતું છે, ભાઈ! વર્તમાન વ્યવહારના રસીલાને તો એવું લાગે કે આ તો નિશ્ચય... નિશ્ચય (કરે છે). એટલે સત્ય. આહાહા..! વ્યવહાર તો ઉપચાર ને અસત્ય છે, જૂઠો છે. સચ્ચિદાનંદ પ્રભુ, એ શુદ્ધાત્માની અનુભૂતિથી પ્રાપ્ત થાય એવી એ ચીજ છે. ભક્તિ અને શુભરાગથી પણ પ્રાપ્ત થાય એવો આત્મા નથી. આત્મા એવો નથી. આહાહા..! એને એમ માનવું કે આ પરથી, ભક્તિથી મળશે એટલે એ આત્મા શું છે એની એને ખબર નથી. સમજાણું કાંઈ? આહાહા..!

'**યહ આત્મા જડરૂપ દેહમેં વ્યવહારનયકર રહતા હૈ, સો દેહાત્મબુદ્ધિવાલેકો નહીં માલૂમ હોતી હૈ,...**' લ્યો! જેને દેહ ને રાગ ને પર વસ્તુનો પ્રેમ છે (એવી) દેહાત્મબુદ્ધિવાળાને

આત્મા દેહથી ભિન્ન ભાસતો નથી. આહાહા..! બીજી રીતે કહીએ તો જે શુભાશુભભાવ છે, એમાં જેની બુદ્ધિ છે એને આત્મા ભિન્ન ભાસતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! '**દેહાત્મબુદ્ધિવાલેકો નહીં માલૂમ હોતી હૈ,...**' આહાહા..! જેને આ દેહનો અને પુણ્યના ભાવની આત્મબુદ્ધિ છે કે એનાથી પ્રાપ્ત થશે, એનાથી મને લાભ થશે, એવા દેહ અને રાગમાં આત્મા માનનારને જણાતો નથી. એને '**નહીં માલૂમ હોતી હૈ,...**' આહાહા..! એ દિશા ફેરવતો નથી.

શું કહ્યું સમજાણું? શરીર અને રાગનો પ્રેમ છે તેની દિશા બહાર છે. એના વડે આત્મા જણાતો નથી. આહાહા..! દિશાને ફેરવતા જણાય એવો છે. આવી વાત! આ ક્રિયાકાંડીઓ બધા મહાવ્રત પાળે અને આ કરે.. અને કરે.. એનાથી ધર્મ થાય એમ માને. એને આત્મા નહિ જણાય, કહે છે. આહાહા..! મહાવ્રતના પરિણામ પણ રાગ છે.

મુમુક્ષુ :- મહાપુરુષો એને આચરે છે.

ઉત્તર :- એ તો કોની (વાત છે)? દૃષ્ટિ સહિતની વાત છે. એ તો અંદરમાં સ્વરૂપમાં રમણતા થવી. મહાપુરુષોએ કર્યું કે મહા.. આવે છે ને? ખબર છે ને. આનંદના નાથને ઢંઢોળીને જેણે પ્રગટ કર્યો છે. એ આવશે હમણાં. જેને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. આહાહા..! અનાદિથી જેને શુભ અને અશુભ રાગનો સ્વાદ આવે છે એ કર્મચેતનાનો સ્વાદ તે મિથ્યા સ્વાદ છે. સમજાણું કાંઈ? પણ જેને એ કર્મચેતનાથી ભિન્ન એવો ભગવાનઆત્મા, એનો જેને આનંદનો સ્વાદ આવે છે તેને જ્ઞાનચેતના કહેવાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ સ્વાદ કેવો હોય છે?

ઉત્તર :- કરે એવો હોય. કરે એને ખબર પડે. આહાહા..! જુઓને! આહાહા..!

'**દેહાત્મબુદ્ધિ...**' આની વ્યાખ્યા ચાલે છે આ. દેહ તે હું અને દેહની ક્રિયા તે મારાથી થાય છે. એમ પંચમહાવ્રતના પરિણામ તે હું અને એ મારી ક્રિયા છે. એવું માનનારને આત્મા માલૂમ નહિ પડે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત છે, ભાઈ! આહાહા..! બીજી રીતે કચડી-મચડીને કહેશે, ભાઈ! એમ હાથ નહિ આવે, ભાઈ! આહાહા..! એ સહજાત્મસ્વરૂપ છે. સહજ શુદ્ધ દશાથી જ પ્રાપ્ત થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? ઓહોહો..! આમ કહે છે ને કે શુભભાવ કરતા કરતા શુદ્ધતાને પમાશે. શુભભાવ સાધન છે અને શુદ્ધતા પછી પ્રગટશે. અરે..! પ્રભુ! જેને એ શુભભાવનો પ્રેમ છે એ એમ સાધન માને છે એને આત્મા નહિ જણાય. આહાહા..! એમ કહે છે અહીંયા. એને પુણ્ય-રાગના ભાવનો પ્રેમ છે. પરમાત્મ સ્વરૂપથી ભિન્ન રાગ છે. અને ભિન્ન રાગ છે તેનો પ્રેમ છે એ દેહાત્મબુદ્ધિ છે એની. એને આત્મા નહિ જણાય. આહાહા..! આવી વાતું છે. લોકોને એવું લાગે બિચારાને એ.. 'સોનગઢ'માં નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય... વ્યવહારનો તો લોપ કરે (છે), એમ બિચારા કહે છે. ભાઈ! એમ ગાળ દેવી રહેવા દે, બાપા! એ તને ગાળ પડે છે, હોં!

રાગથી જણાય, પુણ્યના પરિણામથી હળવે હળવે જણાય એવું આવે છે. પણ કોને? મોક્ષ અધિકારમાં. જેને રાગથી રહિત આત્માનો અનુભવ થયો છે એને હળવે હળવે શુભરાગ આવ્યો

એમાં અશુભ ટળે છે એને. અજ્ઞાનીને ક્યાં ટળે છે? એ તો મિથ્યાત્વમાં ઉભો છે. એ શુભભાવમાં અશુભ ટળે છે સ્વભાવનો આશ્રય છે માટે. એ અશુભરાગને ટાળે છે. એ પછી શુભને ટાળશે. એથી એને ક્રમે ક્રમે કહ્યું છે. મોક્ષ અધિકારમાં છે. આહાહા..! આવી વાત છે, ભાઈ!

સત્યને સત્ય રીતે રાખ. કચડ-મચડ ન કર, ભાઈ! તને કાંઈક ઠીક લાગે અને લોકોને ઠીક લાગે, લોકરંજન થાય એમાં કાંઈ બાપુ! સાર નથી. 'અષ્ટપાહુડ'માં કહ્યું છે, લોકરંજન. આમ શુભભાવ કરતા તમને કલ્યાણ થશે. આગળ ચાલો. સાધન છે. લોકો સાંભળીને રાજી થાશે. એ લોકરંજન મારી નાખશે તને, ભાઈ! દુનિયા એમ કહેશે, વાહ! વાહ! જુઓ! અનેકાંત માર્ગ કીધો આમણે. ઓલો તો એક નિશ્ચયથી પમાય.. નિશ્ચયથી (પમાય એમ કહે છે). લોકરંજન. 'તારણસ્વામી'માં બહુ કહ્યું છે એણે. 'ભગવાનદાસ'. લોકરંજન કરનારા મરીને નરક ને નિગોદમાં જાશે. લોકને ખુશી કરે આમ. આહાહા..!

મુમુક્ષુ :- લોક નારાજ થાય એમ કહે?

ઉત્તર :- નારાજ થાય એનું શું કામ છે અહીં? રાજી થાય. ખુશી થઈ જાય કે આહાહા..! આટલું આમ કરે તો આમ થાય. 'મહાવીરકીર્તિ' આવ્યા હતા અહીં. પછી મને આહાર કરીને ફરવાની ટેવ છે ને એટલે ત્યાં ઉતર્યા હતા એ. એક પુસ્તક છે અમારી પાસે. એમાં લખ્યું છે. જેમ શ્વેતાંબરમાં શેત્રુંજયનું એક મહાત્મ્યનું પુસ્તક છે. એવું એમ કે આપણે સમ્મેદશિખરના મહાત્મ્યનું પુસ્તક છે. એમાં એવું લખ્યું છે કે સમ્મેદશિખરની જાત્રા-દર્શન કરે તો ૪૯-૪૮ ભવે મોક્ષ જાય. કીધું, એવી વાણી વીતરાગની નહિ. પરને આશ્રયે ભવ ઘટે એ વીતરાગની વાણી નહિ. આહાહા..! 'મહાવીરકીર્તિ' પદ્માવતી અને દેવને માને છે બહુ. પદ્માવતી. આહાહા..! અહીં આવ્યા હતા. ચાર દિ' રહ્યા હતા. બાપુ! માર્ગ આ નથી, ભાઈ! એ સમ્મેદશિખરની જાત્રા કરતા ૪૮-૪૯ ભવે મોક્ષ થાય. એ વાણી વીતરાગની નહિ. વીતરાગની વાણી તો ચૈતન્ય ભગવાનને આશ્રયે સંસાર પરિત થાય. પરને આશ્રયે પરિત ન થાય, એ વીતરાગની વાણી છે, કીધું. આહાહા..! સમજાણું કાંઈ? એવી પણ ગડબડ બધી ગડબડ. હવે પદ્માવતી દેવી એને સાથે રાખતા.

મુમુક્ષુ :- પાર્શ્વનાથને...

ઉત્તર :- હવે પણ આને શું છે? પાર્શ્વનાથ ભગવાનને માને તોપણ રાગ છે. પદ્માવતીને માને એ તો મિથ્યાત્વ છે.

રાખે ને આમ રાખે. આહાહા..! અહીં તો ત્રણલોકના નાથ દેવાધિદેવને માનવા એ પણ શુભરાગ છે. આહાહા..! પુણ્યબંધનું કારણ છે. અબંધનું કારણ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- માથે બેસાડો તો ઠીક?

ઉત્તર :- માથે બેસાડો તો ઉપર ઘણા દેવ છે. આહાહા..! સૌથી માથે તો સિદ્ધ છે. પરમાત્મા સિદ્ધ ભગવાન સૌથી ઊંચે છે. લોકાગ્રે. આહાહા..! એને માથે રાખને. તો એને માનવાથી પણ શુભરાગ છે, કહે છે. એવી વાત છે, બાપા!

સ્વ આશ્રયમાં ધર્મનો લાભ થાય. બાકી પર આશ્રયમાં પુણ્ય આદિનો લાભ થાય એ તો સંસાર છે. આહાહા..! આકરી વાત ઘણી, ભાઈ! લોકોને બેસવી કઠણ. નવરાશ ન મળે.

થોડો વખત મળે એમાં સાંભળવાનું મળે એમાં રોકાય જાય. આ જિંદગી ચાલી જાય છે. કાલે બિચારો એક જણ આવ્યો હતો. 'ભાવનગર'વાળો 'અશોક' છે ને? એક છે. કાલે છોકરો આવ્યો હતો. એ આપણે ત્રણ છોકરા અહીં બોર્ડિંગમાં ભણી ગયા છે. આ 'પ્રેમચંદભાઈ'ના તમારા જમાઈ આવ્યા હતા કાલે. કાલે બિચારો સાંભળીને કહે... આહાહા..! અહીં ભણી ગયા છે ને ત્રણ? સાંભળીને કાલ કહે, મહારાજ! આ સાંભળીને આંખમાંથી આંસુ વયા જાય છે. અર..ર..! આ શું કરીએ છીએ અને ક્યાં જાશું? એમ કહેતા હતા. કાલે કહેતા હતા. નરમ માણસ છે. કારખાનું છે. પીપરમેંટનું કારખાનું છે. પીપરમેંટ લાવ્યા હતા છોકરાઓને દેવા. ત્રણ-સવા ત્રણે. પીપરમેંટ લાવ્યા હતા. આપી આને હાથમાં. પણ એ કો'કને કહ્યું કે.. આહાહા..! આ સાંભળીને અરે..! આ ક્યાં જઈએ છીએ અને શું કરવું છે? આંખમાંથી આંસુ ચાલ્યા જાય છે, એમ કહે. અરર..! ક્યાં જાશું.. ક્યાં જાશું..? બાપા! આખો દિ' પરના કામ કરી કરીને, અરે..! પ્રભુને રોક્યો ત્યાં એણે. એના ફળ તો સંસારના ફળ છે. આહાહા..!

અહીં કહે છે, જુઓને! આહાહા..! '**નિર્વિકલ્પ સમાધિમેં તિષ્ઠકર ચિંતવન કરો.**' આહાહા..! રાગથી રહિત અંદર સ્થિરતા કરી એમાં ઠરીને ધ્યાન કર. આહાહા..! રાગના કામ આખો દિ' પુણ્ય ને પાપના. અંતે તો સંસારના તો પાપના જ છે આખો દિ'. એમાં કોઈ વખતે વળી આ જાત્રા, ભક્તિ, પૂજા, શ્રવણ, વાંચન હોય તો એ શુભભાવ છે. આહાહા..! પઠન, પાઠન, સ્તુતિ, વંદન, ભક્તિ એ બધો શુભભાવ છે. એનાથી આત્મા નહિ મળે. જેને એ શુભભાવનો પ્રેમ છે તેને દેહનો જ પ્રેમ છે. એ શુભભાવ ખરેખર તો નિશ્ચયથી તો અચેતન છે. ભલે તેમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નથી, પણ છે તેમાં જ્ઞાન ચૈતન્યની જ્યોતનો અભાવ છે. એવા અચેતનના પ્રેમવાળાને આ આત્મા નહિ જણાય, એમ કહે છે. સમજાણું કાંઈ? આવો માર્ગ. છે?

'**ઉસી સ્વરૂપકો વીતરાગ નિર્વિકલ્પસમાધિમેં તિષ્ઠકર...**' જોયું! આહાહા..! '**સ્થિત્વ**' શબ્દ છે ને પાઠમાં? '**वीतरागनिर्विकल्पसमाधौ स्थित्वेति**' સ્થિતિ છે એમાં અંદર. સંસ્કૃતમાં. સંસ્કૃતમાં, હોં! '**સ્થિત્વ**'. આહાહા..! જેમ અહીંયાં રાગમાં ઠરીને, રાગમાં ઠરીને બહાર ઉપર લક્ષ તારું જાય છે. આહાહા..! એમ સ્વરૂપ તરફની દૃષ્ટિની શાંતિ નિર્વિકલ્પમાં ઠરીને, ટકીને એને જો. આહાહા..! આવો માર્ગ, બાપા! એ દિગંબર ધર્મ સિવાય ક્યાંય આ વાત છે નહિ. અત્યારે તો વાડામાં પણું ઊંધું કર્યું છે. આહાહા..!

આ તો સનાતન વીતરાગ માર્ગ છે. પરમાત્મા કેવળીનો કહેલો. આહાહા..! એ એમ પોકારે છે... આહાહા..! '**વહી શુદ્ધાત્મા દેહકે મમત્વસે રહિત (વિવેકી) પુરુષોંકે આરાધને યોગ્ય હૈ.**' આહાહા..! દેહાત્મ (બુદ્ધિમાં) રાગનો પ્રેમ છે તેને નહિ જણાય. હવે '**શુદ્ધાત્મા દેહકે મમત્વસે રહિત...**' થઈને, રાગ અને દેહનો પ્રેમ છોડીને. આહાહા..! એ વિવેકી એટલે ભિન્ન કરનારને '**પુરુષોંકે આરાધને યોગ્ય હૈ.**' ભિન્ન કરીને આરાધવા યોગ્ય છે. એને આત્મા પ્રાપ્ત થાશે અને એને ધર્મ થશે. (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

अथ यः समभावस्थितानां योगिनां परमानन्दं जनयन् कोऽपि शुद्धात्मा स्फुरति तमाह –

३५) जो सम-भाव-परिट्ठियहँ जोइहँ कोइ फुरेइ।
परमाणंदु जणंतु फुडु सो परमप्पु हवेइ।।३५।।

यः समभावप्रतिष्ठितानां योगिनां कश्चित् स्फुरति।
परमानन्दं जनयन् स्फुटं स परमात्मा भवति।।३५।।

यः कोऽपि परमात्मा जीवितमरणलाभालाभसुखदुःखशत्रुमित्रादिसमभावपरिणतस्व-शुद्धात्मसम्यक्श्रद्धानज्ञानानुष्ठानरूपाभेदरत्नत्रयात्मकवीतरागनिर्विकल्पसमाधौ प्रतिष्ठितानां परमयोगिनां कश्चित् स्फुरति संवित्तिमायाति। किं कुर्वन्। वीतरागपरमानन्दजनयन् स्फुटं निश्चितम् तथा चोक्तम् – ''आत्मानुष्ठाननिष्ठस्य व्यवहारबहिःस्थितेः। जायते परमानन्दः कश्चिद्योगेन योगिनः।।'' हे प्रभाकरभट्ट स एवंभूतः परमात्मा भवतीति। अत्र वीतरागनिर्विकल्पसमाधिरतानां स एवोपादेयः, तद्विपरीतानां हेय इति तात्पर्यार्थः।।३५।।

---

आगे जो योगी समभावमें स्थित हैं, उनको परमानन्द उत्पन्न करता हुआ कोई शुद्धात्मा स्फुरायमान है, उसका स्वरूप कहते हैं –

**गाथा – ३५**

अन्वयार्थ :– [ समभावप्रतिष्ठितानां ] समभाव अर्थात् जीवित, मरण, लाभ, अलाभ, सुख, दुःख, शत्रु, मित्र इत्यादि इन सबमें समभावको परिणत हुए [ योगिनां ] परम योगीश्वरोंके अर्थात् जिनके शत्रु-मित्रादि सब समान है और सम्यग्दर्शन, सम्यग्ज्ञान, सम्यक् चारित्ररूप अभेदरत्नत्रय जिसका स्वरूप है, ऐसी वीतरागनिर्विकल्पसमाधिमें तिष्ठे हुए हैं, उन योगीश्वरोंके हृदयमें [ परमानन्दं जनयन् ] वीतराग परम आनन्दको उत्पन्न करता हुआ [ यः कश्चित् ] जो कोई [ स्फुरति ] स्फुरायमान होता है, [ स स्फुटं ] वही प्रकट [ परमात्मा ] परमात्मा [ भवति ] है, ऐसा जानो। ऐसा ही दूसरी जगह भी ''आत्मानुष्ठान'' इत्यादिसे कहा है, अर्थात् जो योगी आत्माके अनुभवमें तल्लीन हैं, और व्यवहारसे रहित शुद्ध निश्चयमें तिष्ठते हैं, उन योगियोंके ध्यान करके अपूर्व परमानन्द उत्पन्न होता है। इसलिए हे प्रभाकरभट्ट, जो आत्मस्वरूप योगीश्वरोंके हृदयमें स्फुरायमान है, वही उपादेय है। जो योगी वीतरागनिर्विकल्पसमाधिमें लगे हुए हैं, संसारसे पराङ्मुख हैं, उन्हीके वह आत्मा उपादेय है और जो देहात्मबुद्धि विषयासक्त हैं, वे अपने स्वरूपको नहीं जानते हैं, उनको आत्मरुचि नहीं हो सकती यह तात्पर्य हुआ।।३५।।

---

**હવે સમભાવમાં સ્થિત યોગીઓને પરમાનંદ ઉત્પન્ન કરતો જે કોઈ શુદ્ધ આત્મા સ્ફુરાયમાન થાય છે તેનું સ્વરૂપ કહે છે :**

**ભાવાર્થ :- જીવિત-મરણ, લાભ-અલાભ, સુખ-દુઃખ, શત્રુ-મિત્રાદિમાં સમભાવે પરિણત અને નિજ શુદ્ધ આત્માના સમ્યક્ શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ અનુષ્ઠાનરૂપ અભેદ-રત્નત્રયાત્માક વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત પરમયોગીઓને વીતરાગ પરમાનંદને ઉત્પન્ન કરતો જે કોઈ પરમાત્મા સ્ફુરાયમાન થાય છે જે કોઈ સંવેદનમાં આવે છે તે હે પ્રભાકર ભટ્ટ ! નિશ્ચયથી પરમાત્મા છે. (ઈષ્ટોપદેશ ગાથા ૪૭મા) કહ્યું પણ છે કે**

आत्मानुष्ठाननिष्ठस्य व्यवहारबहिःस्थितेः।
जायते परमानंदः कश्चिद्योगेन योगिनः।।

**અર્થ :- આત્માનુષ્ઠાનમાં નિષ્ઠ (આત્મસ્વરૂપમાં સ્થિત થયેલા) અને વ્યવહારથી બહાર (દૂર) રહેલા યોગીને યોગથી (આત્મધ્યાનથી) કોઈ અનિર્વચનીય પરમાનંદ ઉત્પન્ન થાય છે.**

**અહીં, વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં રત થયેલાઓને તે જ પરમાત્મા ઉપાદેય છે અને તેમનાથી વિપરીત છે તેમને (વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં રત નથી તેમને) તે હેય છે એવો તાત્પર્યાર્થ છે. ૩૫.**

---

## વીર સંવત ૨૫૦૨, અષાઢ સુદ ૨, મંગળવાર
## તા. ૨૯-૦૬-૧૯૭૬, ગાથા-૩૫-૩૬, પ્રવચન નં. ૨૧

'પરમાત્મપ્રકાશ'. ૩૫. ગાથા-૩૫. '**આગે જો...**' આત્માના સ્વભાવમાં જોડાણ કરનાર '**યોગી સમભાવમેં સ્થિત હૈં, ઉનકો પરમાનન્દ ઉત્પન્ન કરતા હુઆ કોઈ શુદ્ધાત્મા સ્ફુરાયમાન** હૈ, **ઉસકા સ્વરૂપ કહતે હૈં –**' જે સમભાવમાં સ્થિત થઈને સ્વરૂપ શુદ્ધ અખંડ ચૈતન્યની સાથે જેણે જોડાણ કર્યું છે, યોગ જોડ્યો છે, એવા ક્ષણમાં એને '**પરમાનંદ ઉત્પન્ન કરતા હુઆ...**' અતીન્દ્રિય આનંદની ઉત્પતિ કરતા જે સ્ફુરાયમાન થાય તે આત્મા છે, એમ કહે છે. આહાહા..! ૩૫.

**३५) जो सम-भाव-परिट्ठियहँ जोइहँ कोइ फुरेइ।**
**परमाणंदु जणंतु फुडु सो परमप्पु हवेइ।।३५।।**

સમભાવ. એ જીવતર હો કે મરણ હો. જીવતરમાં હરખ નથી, મરણમાં શોક નથી. બેયમાં જેને સમભાવ છે. આહાહા..!

મુમુક્ષુ :- મરણ વખતે આનંદ હોય તો?

ઉત્તર :- આનંદ એ તો પોતાનો છે, મરણનો આનંદ નથી. આનંદ અંતરનો આવે એ કાંઈ મરણનો નથી. અને જીવતા અંતરનો આનંદ આવે એ કાંઈ જીવતરનો નથી. આહાહા..! આ તો આયુષ્યની સ્થિતિ જીવતર હો કે દેહનું છૂટવું મરણ હો, બેયમાં જેને સમભાવ છે. આહાહા..! બેયમાં બેય જ્ઞેય છે. એમાં ક્યાંય હરખ ને શોક નથી. આહાહા..! એ આત્મામાં જઈ શકે છે, એમ કહે છે. આહાહા..!

'**જીવિત, મરણ, લાભ, અલાભ,...**' અનુકૂળતા શરીર, વાણી, કુટુંબ, પૈસો આદિ આબરૂ એનો લાભ હો તોપણ જેને સમભાવ છે. અને અલાભ હોય, નુકસાન જાય તોપણ જેને સમભાવ છે. આહાહા..! લાભ-અલાભ, બહારની ચીજો, એમાં કોઈ અનુકૂળતાની પ્રાપ્તિ થાય અને પ્રતિકૂળતાની પ્રાપ્તિ થાય, બેયમાં જેને સમભાવ છે. '**સુખ, દુઃખ,...**' સંયોગી અનુકૂળતામાં અને પ્રતિકૂળતામાં જેને સમભાવ છે. સુખ-દુઃખ એટલે વિકલ્પ નહિ. પણ અનુકૂળ સામગ્રી (અને) પ્રતિકૂળ, એમાં જેનો સમભાવ છે.

મુમુક્ષુ :- સમભાવ છે એટલે?

ઉત્તર :- એટલે કે જેને સમતા છે. વિષમતા જ્યાં નથી. એ અંતરમાં જઈ શકે છે એમ કહે છે. આહાહા..!

એને અંતર આત્મામાંથી આનંદની સ્ફુરણા પ્રગટ કરતો આત્મા તેને જણાય છે એમ કહે છે. આહાહા..! આ તો માખણ છે એકલું. સુખ-દુઃખ, અનુકૂળ સંયોગ હો કે પ્રતિકૂળ હો, બેયમાં જેની જ્ઞાતાબુદ્ધિ છે, સમભાવ બુદ્ધિ છે. આહાહા..! અને '**શત્રુ, મિત્ર...**' માથાનો કાપનાર હો કે શરીરની અનુકૂળતા આપનાર હો-સેવા કરનાર આદિ મિત્ર, બેયમાં જેને સમભાવ છે. આહાહા..!

ભગવાનઆત્મા જિનસ્વરૂપી વીતરાગસ્વરૂપી આત્મા, એ આવા સમભાવથી પકડાય એવો છે, કહે છે. સમજાય છે કાંઈ? માર્ગ આ છે. પ્રભુ પોતે જિનસ્વરૂપ છે. સમભાવ વીતરાગ સ્વરૂપ જ ભગવાન છે આત્મા. ત્રિકાળ, હોં! એને ધ્યાનમાં લેવા માટે સમભાવની દશા ઝુકીને... આહાહા..! એવો જે '**શત્રુ, મિત્ર ઈત્યાદિ...**' (એમાં સમભાવ છે).

ઉત્કૃષ્ટ યોગ જોડાઈ ગયો છે અંદર. આહાહા..! એવા '**પરમ યોગીશ્વરોંકે અર્થાત્ જિનકે શત્રુ-મિત્રાદિ સબ સમાન હૈ,...**' આહાહા..! એક વાત. '**ઔર સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રરૂપ અભેદરત્નત્રય જિસકા સ્વરૂપ હૈ,...**' આહાહા..! જેણે ભગવાન પરમાનંદ આત્મા, એની પ્રતીતિ-સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે. આહાહા..! સમ્યગ્જ્ઞાન. એ સ્વરૂપ જે જ્ઞાનમૂર્તિ, તેનું જ્ઞાન જેણે પ્રગટ કર્યું છે. અને સમ્યક્ચારિત્ર. આહાહા..! અને સ્વરૂપમાં શાંતિની રમણતા, શાંત સ્વરૂપ છે તેમાં શાંતિની રમણતા, એવી ચારિત્રદશા જેને પ્રગટ થઈ છે. એવો અભેદરત્નત્રય, નિશ્ચયરત્નત્રય, અભેદરત્નત્રય કહો કે નિશ્ચય રત્નત્રય કહો, '**જિસકા સ્વરૂપ હૈ,...**' જેનું આ સ્વરૂપ છે. આહાહા..! '**ઐસી વીતરાગ-નિર્વિકલ્પસમાધિમેં તિષ્ઠે હુએ હૈં,...**' એવી રાગરહિત અભેદ શાંતિમાં સ્થિત રહ્યો થકો. આહાહા..!

'**ઉન યોગીશ્વરોંકે હૃદયમેં...**' એ ક્ષણે જેની અંતર દૃષ્ટિ જ્ઞાન ને રમણતા થઈ છે... આહાહા..! એને જ વીતરાગ પરમ જ્ઞાન એ જ પ્રગટ... લ્યો! '**વીતરાગ પરમ આનન્દકો ઉત્પન્ન કરતા હુઆ...**' આહાહા..! એવા સંતોને, યોગીશ્વરોને પરમ આનંદ વીતરાગપણું ઉત્પન્ન કરતો થકો. આહાહા..! '**વીતરાગ પરમ આનન્દકો ઉત્પન્ન કરતા હુઆ...**' પર્યાયમાં વીતરાગ પરમાનંદ પ્રગટ કરતા થકા આત્મા સ્ફુરાયમાન થાય છે. આહાહા..! આવી વાત છે. '**परमानन्दं जनयन्**' પાઠ એટલો (છે), પછી ખુલાસો કર્યો. વીતરાગ પરમ આનંદમાં. આહાહા..!

'**આનંદકો ઉત્પન્ન કરતા હુઆ જો કોઈ સ્ફુરાયમાન હોતા હૈ,...**' પરમ આનંદની દશા જે પ્રગટ કરે છે એ આત્મા. એ આત્મા બહાર આવ્યો એમ કહે છે. સ્ફુરાયમાન થયો. પરમાનંદની દશા પરિણત આત્મા સ્ફુરાયમાન થયો. આ આત્મા. એમ. આહાહા..! સમજાણું કાંઈ? સમભાવમાં સ્થિત અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં ઠરેલ... આહાહા..! એ મુનિઓને હૃદયમાં વીતરાગી પરમાનંદ ઉત્પન્ન કરતો આત્મા પ્રગટ થાય છે. અનાકૂળ આનંદની દશા પ્રગટ કરતો પ્રભુ દેખાય છે. આહાહા..! આવી વાત છે. કહો, સમજાય છે કાંઈ?

'**यः कश्चित् स्फुरति**' આહાહા..! એ '**જો કોઈ...**' આનંદ અંદર પ્રગટ થાય છે એ આત્મા છે. આહાહા..! '**વહી પ્રકટ પરમાત્મા હૈ,...**' આહાહા..! સમભાવની સ્થિતિ દ્વારા અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્વિકલ્પ સમાધિ-શાંતિ દ્વારા અંતરમાં જે પરમાનંદથી પ્રગટ થતો ભગવાન, તે પરમાત્મા છે. પંડિતજી! આવી વાત છે, ભાઈ! આહાહા..! સમ્યગ્દર્શનમાં પણ એ આનંદથી પ્રગટ થતો પ્રભુ, એ સમ્યગ્દર્શનમાં જ્ઞાન અને ચારિત્ર ભેગું જ છે. સ્વરૂપાચરણ પણ એટલું ચારિત્ર છે. એટલે સ્વભાવ સન્મુખની દૃષ્ટિના પરિણમનમાં ભગવાન પરમાનંદથી પ્રગટ થાય છે. આહાહા..! જેનું રૂપ પરમાનંદ છે એ પરમાનંદથી એ આત્મા સ્ફુરાયમાન (થાય છે). આહાહા..! પરમ આનંદ જેનો ત્રિકાળી સ્વભાવ છે, તેને વર્તમાનમાં સમભાવથી તેમાં જોતાં પરમાનંદ પર્યાયમાં પ્રગટ થાય છે. એ સ્ફુરાયમાન આત્મા થાય છે. આહાહા..! જેમ ફુવારામાં પાણી આવે ને? એમ અંદરમાં એકાગ્ર થતાં આનંદનો ફુવારો ફૂટે, કહે છે. આહાહા..! હવે આવી વાત આકરી લાગે વ્યવહારવાળાને. વ્યવહારથી થાય, વ્યવહાર સાધન છે. ભાઈ! એ તો આરોપથી કથન છે, ભાઈ!

જેને વ્યવહારને તો પુદ્‌ગલના પરિણામ કહ્યા. રૂપી કહ્યો ને? રાગને, શુભરાગ એ રૂપી કહ્યો. આવ્યું ને બપોરે? એ તો રૂપી છે, પુદ્‌ગલ પરિણામ છે. કાલે બપોરે એ આવ્યું હતું કે એમાં જેનો ઉલ્લાસ છે. ઓલું એણે કહ્યું પણ એમાં આ ઉલ્લાસ આવ્યો. એમાં જેની ભાવના છે કે આ હો, રાગ હો, રાગ હો. એમાં એની જેને પ્રશંસા છે, એમાં જે રોકાયેલો જીવમાં ... એની જેને શ્રદ્ધા છે એ સ્વભાવથી ભ્રષ્ટ છે. આહાહા..! આ માર્ગથી કહ્યું છે. બપોરે મગજમાં આ આવ્યું હતું. આહાહા..!

શુભરાગ પરમાત્માની ભક્તિનો, શ્રવણનો, દેવ-ગુરુ-શાસ્ત્રના પ્રેમનો રાગ, એ રાગને

પરમાત્મા તો કહે, આ રૂપી છે ને,ભાઈ! એ પુદ્‌ગલ રૂપીથી ઉત્પન્ન થયેલો માટે રૂપી છે. એના પ્રત્યેનો ઉત્સાહ આદિ છે તે તો આત્માના સ્વભાવને ભ્રષ્ટ કરે છે. અને એનાથી ખસીને દ્રવ્ય સ્વભાવ ઉપર ઉત્સાહ આવે છે ત્યારે આનંદથી આત્મા સ્ફુરાયમાન થાય છે, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? વ્યવહારથી નથી પ્રગટ થતો, એમ કહે છે. વ્યવહાર સાધન કહ્યું છે ને? અરે..! બાપા! ભાઈ! શું થાય? એ તો કથનની પદ્ધતિ છે. આહાહા..!

ભગવાન સમસ્વભાવી આનંદનો નાથ પ્રભુ. સમરસ, વીતરાગરસથી ભરેલો ભગવાન. બીજી રીતે કહીએ તો અકષાય સ્વભાવથી ભરેલું તત્ત્વ, શાંત... શાંત... શાંત... ઉપશમરસનો કંદ પ્રભુ, એ ઉપશમભાવ સમભાવથી જણાય એવો છે. રાગથી, પુણ્યથી, વ્યવહારથી જણાય એવો નથી. આવી વાત છે. એ વાતમાં ઝઘડા કરે કે આમ છે, ભાઈ! એ આ ઝઘડાના ટાણા નથી, પ્રભુ! આ તો છૂટવાના ટાણા. એમાં આ ન હોય. આહાહા..!

જુઓને! આહાહા..! સંતોએ કામ કર્યા છે ને. દિગંબર સંતો, એની ચીજ છે એ તો આત્મા તો સમભાવી વસ્તુ છે. સમભાવી કહો કે જિન સ્વરૂપી કહો, વીતરાગ સ્વરૂપી કહો, ચારિત્રસ્વરૂપ કહો, અકષાયસ્વરૂપ કહો. આહાહા..! એવું જે ચૈતન્યદળ એ તો સમભાવથી પ્રગટ થાય એવું છે, કહે છે. એટલે કે સમભાવથી જણાય એવું છે. રાગથી જણાય એવું નથી. રાગ તો વિષમભાવ છે. એની જાતમાં તો છે નહિ અને આ સમભાવ તો એના સ્વરૂપમાં છે. સમજાણું કાંઈ? કેટલાક કહે, આ વળી નવો માર્ગ કાઢ્યો. પ્રભુ! નવું ક્યાં છે? ભાઈ! અનાદિનો આ છે.

મુમુક્ષુ :- સાંભળવા ન મળ્યો.

ઉત્તર :- મળ્યો ન હોય એટલે નવો કહે. અનાદિનો આ માર્ગ છે. 'એક હોય ત્રણ કાળમાં...' આહાહા..!

કહે છે કે પ્રભુ આત્મા છે એ તો.. કીધુંને? પરમાત્મા પોતે વીતરાગસ્વરૂપે સમભાવનો પિંડ પ્રભુ છે. એને વર્તમાન દશામાં સમભાવ (છે). જીવિત, મરણ, શત્રુ, મિત્ર, સુખ, દુઃખ... આહાહા..! એમાં જેનો એકભાવ છે. સમભાવ છે. આ ઠીક ને અઠીક એવો વિષમભાવ નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? એવા ભાવમાં નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ નિર્વિકલ્પ સમાધિથી. આહાહા..! અંદરમાં જે આનંદથી પ્રગટ થાય એ આત્મા, એને પરમાત્મા કહીએ. આહાહા..! સમજાણું કાંઈ?

એમ કહે છે કે એની નિર્વિકલ્પ આનંદની દશા પ્રગટવી જોઈએ. નિર્વિકલ્પ આનંદનો એને સ્વાદ આવવો જોઈએ. આહાહા..! ત્યારે તે.. કહ્યું ને? '**વીતરાગ પરમ આનન્દકો ઉત્પન્ન કરતા હુઆ જો કોઈ સ્ફુરાયમાન હોતા હૈ,...**' પ્રભુ! એ આત્મા પરમાત્મા છે. સમજાય છે કાંઈ? અહીં તો આ એક જ માર્ગ કહ્યો. વ્યવહારથી થાય (એમ) બીજે ઠેકાણે કહ્યું છે ને? બીજે ઠેકાણે કહ્યું, બાપુ! એ તો જણાવ્યું છે. એના સન્મુખ થવાની વીતરાગ દશા એક જ પ્રાપ્ત થવાનો ઉપાય છે. સમજાણું કાંઈ? અને એ સમ્યગ્દર્શન-જ્ઞાન ચોથા ગુણસ્થાને વીતરાગી દશા છે. કોઈ એમ કહે છે કે ચોથે ગુણસ્થાને તો સરાગ સમકિત જ

હોય. અરે..! સમકિત સરાગ હોય જ નહિ. રાગ અને સમકિત બે ચીજ જ જુદી છે. આહાહા..!

મુમુક્ષુ :- આગમમાં જોઈને કહે છે.

ઉત્તર :- એ આગમમાં જોઈને કહે છે એ તો અંદર છે રાગ એને બતાવે છે. સમકિત તો રાગ વિનાની ચીજ છે. ચારિત્રનો દોષ ભેગો છે એને બતાવીને સરાગસમકિત કહે છે. સમજાણું કાંઈ?

મૂળ વસ્તુ છે એ ચૈતન્યઘન, વિજ્ઞાનઘન (છે). આવ્યું હતું ને? કાલે આવ્યું હતું નહિ? વિજ્ઞાનઘન છે. એટલે? વીતરાગની મૂર્તિ છે. વિજ્ઞાનઘનમાં રાગ કેવો? અને વિજ્ઞાનઘનમાં અપૂર્ણતા કેવી? આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- વિજ્ઞાનઘનમાં વીતરાગતા ક્યાં આવી?

ઉત્તર :- એ વિજ્ઞાનઘન એ જ વીતરાગતા આવી. એકલો જ્ઞાનનો પિંડ. એમાં રાગ નહિ, વિકાર નહિ, વિપરીતતા નહિ, અલ્પતા નહિ. આહાહા..! અરે..! પ્રભુ એક કોર રહી ગયો આખો અને એના વિના બધી વાતું કરી. આહાહા..!

**'સ્ફુરાયમાન હોતા હૈ,...'** આહાહા..! **'વીતરાગ પરમ આનન્દકો ઉત્પન્ન કરતા હુઆ જો કોઈ સ્ફુરાયમાન હોતા હૈ, વહી પ્રકટ પરમાત્મા હૈ,...'** આહાહા..! એને પરમાત્માના ભેટા થયા. આહાહા..! એ પરમાત્માને મળ્યો. સમજાણું કાંઈ? એના જન્મ-મરણ ગળી ગયા. આહાહા..! એને આનંદની દશા પ્રગટ થઈ. એ પૂર્ણ આનંદને પ્રગટ કરશે. આહાહા..! 'ધવલ'માં આવે છે ને? જેને આવું સમ્યક્ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન સ્વભાવને આશ્રયે આનંદ સહિત પ્રગટ થયું, એ મતિજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે. એવો પાઠ છે. આહાહા..! જેમ માણસ દૂર હોય અને સાદ કરે ને? ભાઈ! અહીંયાં આવ... અહીંયાં આવ.. આ રસ્તો ક્યો છે? આહાહા..! જુઓ તો ખરા વીતરાગમાર્ગ! જેને અંતરદૃષ્ટિ થઈને મતિ-શ્રુતજ્ઞાન પ્રગટ્યા છે. 'ધવલ'માં પરમાત્મા કહે છે એ મતિજ્ઞાન સમ્યક્ આનંદ સહિત પ્રગટ્યું એ પૂર્ણ જ્ઞાન ને પૂર્ણ આનંદને બોલાવે છે. આહાહા..! અલ્પ કાળમાં હવે પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાન આવો. આહાહા..! જુઓ તો માર્ગ પ્રભુના! એ વીરાના કામ છે, ભાઈ! કાયરના કામ નથી આ.

વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા એમ ફરમાવે છે, પ્રભુ! તું વીતરાગમૂર્તિ છો ને. અમને જે દશા પ્રગટ થઈ એ ક્યાંથી આવી? કે અંતરમાં સ્વરૂપ પૂર્ણ વીતરાગ છે, પૂર્ણ જ્ઞાન છે, પૂર્ણ આનંદ છે, પૂર્ણ વીર્ય છે. આહાહા..! એમાંથી પૂર્ણ પ્રગટ દશા થઈ. જેણે એવા પૂર્ણાનંદના નાથને સમભાવે પ્રતીત કર્યો છે એટલે સમ્યગ્દર્શન એ વીતરાગી પર્યાય છે એમ કહેવું છે. એવા ભાવે જાણે આત્માને પ્રગટ કર્યો. આનંદની સ્ફુરણાથી પ્રભુ પ્રગટ થયો. આહાહા..! ધર્મની પહેલી દશા પ્રગટ થતાં એ આનંદનો ઊભરો પહેલો આવે, કહે છે. એય..! આ દૂધમાં ઉભરો નથી આવતો? ઉફાન. એ તો પોલું છે પણ. પાંચ શેર દૂધ હોય અને ઉભરાઈને ફૂલે. પણ એ તો પોલું હોય. આહાહા..!

ભગવાનઆત્મામાં અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદ પૂર્ણ પડયા છે. એમાંથી

જ્યારે પર્યાયમાં સ્ફુરણા થાય છે તો અતીન્દ્રિય આનંદનો ઊભરો આવ્યો બહાર. આહાહા..! દરિયાને કાંઠે જેમ પાણીની ભરતી આવે એ અંદરથી આવે છે. સમજાણું કાંઈ? ભરતી કહે છે? બાઢ. એમ ભગવાનઆત્મા પૂર્ણ આનંદ, જ્ઞાન, સ્વભાવનો બિંદુ ભરેલો છે અંદર. એની દૃષ્ટિ થતાં, એની પર્યાયમાં-અવસ્થામાં, જ્ઞાન સમ્યક, શ્રદ્ધા, શાંતિ અને આનંદ સાથે પ્રગટ થાય છે. એ આત્મા પરમાત્મા છે. અરે અરે..! આવી વાતું હવે. ઓલું તો દયા પાળવી અને આ કરવું. એમાં કાંઈ આ હતું? અરે..! એ ભાઈ! માર્ગ નથી, બાપા! તને ખબર નથી. આહાહા..! એ તો રાગની મંદતાની ક્રિયાની વાતું છે. બંધભાવની વાતું છે ઈ. આ તો અબંધસ્વરૂપ ભગવાન, અબંધસ્વરૂપ પ્રભુ, એના અબંધ પરિણામે તે જણાય એવો છે. અબંધ પરિણામ કહો કે સમ્યગ્દર્શન-જ્ઞાન પરિણામ કહો. આહાહા..! અબંધ પરિણામ કહો કે મોક્ષનો માર્ગ કહો. આહાહા..! શું પરમાત્માની વાણી! શું એની શૈલી! આહાહા..!

'ચિદાનંદ ભૂપાલ કી રાજધાની' એમ આવે છે. જિનાદેશ જાતામાં.. આવે છે ને. ચિદાનંદ ભૂપાલ કી રાજધાની. વીતરાગ વાણી. 'ચિદાનંદ ભૂપાલ કી રાજધાની નમો દેવી વાગેશ્વરી જિનવાણી.' આહાહા..! વાગેશ્વરી એટલે વાઘેશ્વરી નહિ, વાકેશ્વરી. વાક્‌ની ઈશ્વર. વચનની ઈશ્વરતા. સમજાણું કાંઈ? આવો વીતરાગ માર્ગ પરમાત્માનો. અરેરે..! જૈનમાં જન્મ્યાને સાંભળવા ન મળે અને બીજે રસ્તે ચડીને માને, ભાઈ! આહાહા..! ચોર્યાસીના અવતારમાં એ ડૂબી ગયો છે.

અહીં કહે છે કે એને ઉદ્ધાર કરવો હોય પ્રભુનો તો રાગથી હઠીને સમભાવની વૃત્તિ દ્વારા, પરિણતિ દ્વારા આત્માનું જોડાણ કર અંદર. તને આનંદ છે એ આનંદથી સ્ફુટ પ્રગટ થશે. આ આત્મા છે. તને તેનું વેદન થશે અને વેદનમાં તને ખાત્રી થશે કે આ આત્મા પરમાત્મા છે. પર્યાયમાં આવ્યો એ નહિ પણ પૂર્ણ તે પરમાત્મા. સમજાણું કાંઈ? આવી વાત હવે. હવે ઓલા બિચારા સાધારણ માણસો...

મુમુક્ષુ :- સાધરણ માણસ?

ઉત્તર :- આ બાયું-બાયું બિચારા જુઓને! લોગ્ગસ બોલતી હતી ને એક બાય. લોગ્ગસ આવે છે ને? વિહુયરયમળા. એની ખબરું ન મળે. અર્થની ખબર ન મળે. ઓલી ઘડિયાળું લઈને બેસે. ૪૮ મિનિટ થાય એટલે પૂરું થઈ જાય એટલે સામાયિક થઈ. એમાં લોગ્ગસનો પાઠ બોલતી હતી. દશાશ્રીમાળી બાઈ હતી. 'લીંબડી'માં. વિશાશ્રીમાળી ને દશાશ્રીમાળીને તકરાર હતી. બેને વિરોધ હતો. કાંઈ ખબર ન મળે. શબ્દો શું છે, એનો અર્થ શું છે, ભાવ શું છે? એ જ્યારે આ શબ્દ આવ્યો-વિહુય રયમળા. એટલે એ બોલી વિહા રોઈ મળા. ઓલા વિશા સાથે વિરોધ ખરો ને? વિશાશ્રીમાળી. લોકો કહે, પણ આપણી તકરાર લોગ્ગસમાં ક્યાંથી આવી? અરે..! જુઓ તો ખરા આ શું કહે છે? ત્યાં તો કહે છે, વિહુઈ રઈમળા. વિશા રોઈ મળ્યા નથી. એ અર્થની ખબર ન મળે, ભાવની ખબર ન મળે. અરે..! પ્રભુ! ત્યાં તો કહે વિહુઈ. હે પરમાત્મા! હે વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર! આપે વિહુઈ. વિશેષે હુઈ ટાળ્યા છે. હુઈ ટાળ્યા છે રઈમળા. આ જડ કર્મ આઠ એ રજ અને પુણ્ય-પાપનો ભાવ

એ મળ. બેઈને આપે ટાળ્યા છે. એવો અર્થ છે એનો. આહાહા..! જેણે શુભભાવ જે મેલ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, ભાવ એ મેલ છે. પ્રભુ! આપે મેલને ટાળ્યા છે. અને રજકણ ટળ્યા છે એની મેળાએ પણ ભેગું એમ કહેવામાં આવે છે. આહાહા..! એટલે જેને હજી અર્થની ખબર ન મળે. ભાવની તો ક્યાં રહી? અને વસ્તુ શું છે? આહાહા..! અરે..! એને પત્તો નહિ. એને શેની પ્રાપ્તિ થાય? આહાહા..!

આચાર્ય મહારાજ કહે છે, એને પરમાત્મા જાણો. એમ છે ને? આહાહા..! '**ઐસા હી દૂસરી જગહ ભી 'આત્માનુષ્ઠાન' ઈત્યાદિસે કહા હૈ, અર્થાત્ જો યોગી...**' એટલે આત્મામાં આનંદમાં જોડાણ કરે એ. ઓલા અન્યમતિના બાવા-બાવા એની અહીં વાત નથી. સમજાણું કાંઈ? યોગી એટલે યોગમાં જોડાણ. ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ, એમાં જેનું જોડાણ, દૃષ્ટિનું જોડાણ થાય એને યોગી કહેવામાં આવે છે. આહાહા..! ઓલા બાવા-બાવા એ યોગીની વાત નથી, હોં! આ.

મુમુક્ષુ :- ણમો લોએ સવ્વ સાહુણં.

ઉત્તર :- સવ્વ સાહુણં એ આત્માના સાધક સાધુ છે. કેટલાક એ કહે છે કે આમાં તો બધા સાધુ આવે. ણમો લોએમાં. ભાઈ! એ સાધુ હતા કે દિ'? હજી જેને આનંદ પ્રગટ્યો નથી અને આનંદ સહિત દર્શન-જ્ઞાન-ચારિત્રની ત્રણ દશા જેને પ્રગટી નથી. આહાહા..! એવાને સાધુ કોણ કહે? જૈનદર્શનમાં એને સાધુ કહેતા નથી. આહાહા..! જેને ગણધર નમસ્કાર કરે એ પદ કેવું હશે! ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વની રચના કરનાર ગણધરની અંતર્મુહૂર્તમાં જેની પ્રાપ્તિ આવી છે. એ કહે કે ણમો લોએ સવ્વ સાહુણં. હે સંત! તારા ચરણમાં અમારો નમસ્કાર. આહાહા..! બાપુ! એ સંત દશા કેવી હોય, ભાઈ! જેને તીર્થંકરના વજીર, દિવાન જેને નમસ્કાર કરે છે. આહાહા..!

ણમો લોએ સવ્વ સાહુણં. આવે છે ને? ણમો લોએ. એ આવે છે તો પહેલેથી, હોં! બધામાં. શાસ્ત્રનું પદ એવું છે ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં. અહીંથી શરૂ થાય છે. પણ પછી ટૂંકું કરી ત્રિકાળને કાઢી નાખી અને લોએ સવ્વ સાહુણં રાખ્યું એ પાંચેય પદમાં ભળે છે. જેમ ણમો લોએ સવ્વ સાહુણં એમ ણમો લોએ સવ્વ અરિહંતાણં. એવો પાઠ છે. આહાહા..! સમજાણું કાંઈ? અને એની સાથે ભગવાને ત્રિભુવન ભેળવ્યું છે. 'ધવલ'માં છે. ણમો લોએ ત્રિકાળવર્તી સવ્વ અરિહંતાણં. આહાહા..! ણમો લોએ ત્રિકાળવર્તી સવ્વ સિદ્ધાણં. આવું પદ છે. પછી ટૂંકું કરી નાખ્યું. ણમો સવ્વ આઈરિયાણં. ત્રિકાળવર્તી આઈરિયાણં, હોં! આહાહા..!

મુમુક્ષુ :- એમાં જૈન ક્યાં આવ્યું? જૈનના આચાર્ય..

ઉત્તર :- એ જૈનમાં જ હોય, બીજા અન્યમાં હોય નહિ. વીતરાગ માર્ગ સિવાય બીજે સાધુ ત્રણકાળમાં ન હોય. ઓલો 'સુશીલકુમાર' છે ને એક સ્થાનકવાસી? એ જઈ આવ્યોને હમણા બહાર, વિલાયતમાં. એ એમ કહે છે કે ણમો લોએ સવ્વ સાહુણંમાં બધા આવે.

મુમુક્ષુ :- પોતે આવી જાય ને.

ઉત્તર :- ક્યાં હતો? હજી એનું ભાન નથી તને. વીતરાગ શું કહે છે અને માર્ગ શું કહે છે. મુહપતિ સહિત બલુનમાં બેસીને વિલાયત જઈ આવ્યા. 'અમેરિકા'. પોતાને ખબર નથી કે ધર્મ શું છે. આહાહા..!

મુમુક્ષુ :- જાજુ ન રોકાણા એકદમ બધા વયા આવ્યા.

ઉત્તર :- એ તો ત્યાં ચાલ્યુ નહિ લાંબુ. એને અંગ્રેજી આવડતું નથી. હિન્દી આવડે. હિન્દીમાં તો આપણા લોકો ભેગા થાય થોડા ત્યાં વિલાયતના. હિન્દી આવડે એનું અંગ્રેજી બીજા કરે ત્યારે થાય. વયા આવ્યા.

અરે..! ભગવાન બાપુ! એ વીતરાગ માર્ગનું સ્વરૂપ કોઈ અલૌકિક છે. જિનેશ્વર-પરમેશ્વર એમ કહે... આહાહા..! પ્રભુ! કહે છે, તું એક પૂર્ણાનંદનો નાથ, પૂર્ણ સ્વરૂપ... પૂર્ણ સ્વરૂપ... પૂર્ણ સ્વરૂપ... આખો પરમાત્મા. પરમ આત્મા પરમ સ્વરૂપી ભગવાન, એ પરમ પારિણામીક સ્વભાવભાવ તે પરમ સ્વરૂપ. પર્યાયો ચાર તે અપરમભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? ત્રિકાળી વસ્તુ છે એ પરમભાવ છે. કેવળજ્ઞાનાદિ પણ અપરમભાવ છે. આહાહા..! એક સમયની અવસ્થા છે. સમજાણું કાંઈ? એવો જે પરમ સ્વભાવભાવનો વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા. અનાદિ અનંત વીતરાગસ્વરૂપે છે એ. એની દૃષ્ટિ... આહાહા..! એ સમભાવી દૃષ્ટિ તેની દૃષ્ટિ થાય. રાગ વિનાની દૃષ્ટિ તે દૃષ્ટિ સમભાવી થાય છે. આહાહા..! તે વિષય દ્રવ્યને કરી શકે. આહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે, ભાઈ! સત્ય તો આવું છે. એટલે કોઈએ વ્યવહારથી મનાવ્યું, કોઈએ ભક્તિથી મનાવ્યું. એ બધા વીતરાગ માર્ગ નહિ, ભાઈ! આહાહા..! શું ગાથા!

'**યઃ કશ્ચિત્ સ્ફુરતિ સ પરમાત્મા**' આહાહા..! સમભાવની વીતરાગ પરિણતિ દ્વારા જે અંતરમાં એકાગ્ર થયો અને જે આનંદ સ્ફુરે... આહાહા..! એ પરમાત્મા પોતે ભગવાન પરમાત્મા છે. આહાહા..! ભગવાન અરિહંત પરમાત્મા થયા એ તો એની દશામાં એ થયા. આહાહા..! આ પોતે જ પરમાત્મા છે. '**સ પરમાત્મા**' '**સ સ્ફુટં પરમાત્મા**' આહાહા..! ભાઈ! આ મંત્રોને સાંભળીને એને સમજવા જોઈશે. આ તો વીતરાગ પરમાત્માના મંત્રો છે. આહાહા..!

'**જો યોગી આત્માકે અનુભવમેં તલ્લીન હૈં,...**' જુઓ! વસ્તુ ભગવાનઆત્મા, એના અનુભવમાં, સ્વભાવ સન્મુખમાં તલ્લીન છે. '**વ્યવહારસે રહિત...**' રાગના વિકલ્પથી રહિત. આહાહા..! '**શુદ્ધ નિશ્ચયમેં તિષ્ઠ હૈં,...**' આહાહા..! શુદ્ધ વસ્તુ છે તેમાં ઠર્યા છે. આહાહા..! આ તો માખણ છે એકલું. વાત એવી છે. આહાહા..! એને જ્ઞાનમાં તો લે. વસ્તુ આવી છે, ભાઈ! આ કોઈ પક્ષની વાત નથી. આ તો પરમાત્મા ત્રિલોકનાથ જિનેશ્વરદેવે કહ્યો એ માર્ગ આ છે. કહે છે કે '**વ્યવહારસે રહિત શુદ્ધ નિશ્ચયમેં તિષ્ઠતે હૈં,...**' આહાહા..! એ વિકલ્પ જે ભક્તિ આદિનો કે દયા-દાનનો રાગ, એનાથી ખસી અને સ્વભાવના નિશ્ચયમાં ઠરે છે. આહાહા..!

'**ઉન યોગિયોંકે ધ્યાન કરકે...**' એવા સંતોને અથવા સ્વરૂપના જોડાણ કરનારને '**અપૂર્વ**

**પરમાનંદ ઉત્પન્ન હોતા હૈ...**' પૂર્વે અનંત કાળમાં કદી ન આવ્યો એવો આનંદ સમ્યગ્દર્શન પ્રગટ થતાં અતીન્દ્રિય આનંદ આવે છે. હજી તો સમકિત ચોથું ગુણસ્થાન પહેલું. આહાહા..! આખો દિ' વેપાર કરવો. પાપમાં જોડાણ. કલાક વખત મળે, એમાં સાંભળવા જાય એમાં સાંભળવાનું પાછું એવું મળે એટલે બિચારાનો બધો વખત ચાલ્યો જાય.

મુમુક્ષુ :- 'મુંબઈ'માં મળે એક કલાક.

ઉત્તર :- 'મુંબઈ'માં. આ તો વળી સાંભળવા જાય એક કલાક. આહાહા..! આ તો આવતા બિચારા બહુ.. વ્યાખ્યાન થયા ને ત્યાં? ૫૧ વ્યાખ્યાન. ૨૬ દિ' રહ્યા. ૭ વ્યાખ્યાન થયા ઘાટકોપર, ૮ થયા મલાડ અને ૩૬ થયા દાદર. પણ પાંચ-છ હજારથી ઓછું માણસ કોઈ દિ' નહિ. ૮, ૧૦, ૧૨, ૧૩, ૧૫ હજાર સુધી વયું ગયું. ૧૫-૧૫ હજાર માણસ સાંભળતા. બાપુ! સાંભળો. આહાહા..! એ વીતરાગનો માર્ગ બાપા આવો છે, ભાઈ! સાંભળતા લોકો. સ્થાનકવાસી, શ્વેતાંબર બધા. હજારો, બે હજાર, પાંચ હજાર.. બાયુ આવી સાંભળે. સાંભળો ભાઈ. રુચ્યો ગોઠે તે ગોઠો, ભાઈ! મોટાના કહેણ છે, ભાઈ! વીતરાગ પરમાત્માના કહેણ છે. આહાહા..!

'**ઈસલિયે હે પ્રભાકરભટ્ટ,...**' મુનિ કહે છે. આહાહા..! '**જો આત્મસ્વરૂપ યોગીશ્વરોંકે હૃદયમેં સ્ફુરાયમાન હૈ,...**' આહાહા..! જે ધર્માત્માને અંતર આત્માની સ્ફુરાયમાન થઈ છે... આહાહા..! '**વહી ઉપાદેય હૈ.**' એ ત્રિકાળી આનંદનો નાથ પ્રભુ આત્મા, એ આદરણીય આદરવા લાયક છે. આહાહા..! સમજાણું કાંઈ? એ વિજ્ઞાનઘન છે, આનંદકંદ છે, સ્વચ્છતાનો સાગર છે, પ્રભુતાનો ઈશ્વર છે. આહાહા..! પૂર્ણ ઈશ્વર શક્તિ તેમાં પડી છે. ઈશ્વર બીજો છે એ આનો કોઈ કર્તા નથી. આહાહા..! કોઈ ઈશ્વરકર્તા છે આત્માનો, એવું છે નહિ. આ બધા વાતું સાંભળે ઈશ્વરની દયા થાય. કયા ઈશ્વર? પરમાત્મા વીતરાગ છે એ તો સાક્ષી છે. એ તો કેવળજ્ઞાની (છે), એ કાંઈ કોઈના કર્તા નથી. આહાહા..! અને તારું સત્ છે એ સત્ છે એને કોણ કરે? છે એને કોણ કરે? ન હોય એને કોણ કરે? છે એને કોણ કરે? આહાહા..! શુદ્ધ સચ્ચિદાનંદ પ્રભુ આત્મા, આનંદનો કંદ પ્રભુ વીતરાગમૂર્તિ પ્રભુ સત્ છે. એને કરે કોણ? એનો નાશ થાય કેમ? એ સ્વભાવથી ખાલી હોય કેમ? આહાહા..! એવો જે ભગવાનઆત્મા સંતોને હૃદયમાં સ્ફુરાયમાન (થાય છે), એ ઉપાદેય છે. આહાહા..! વ્યવહાર ઉપાદેય નથી એમ કહ્યું. એ તો નહિ પણ પરિણતિ ઉપાદેય નહિ, વસ્તુ ઉપાદેય છે એમ કહ્યું. ઉપાદેય કરનાર પર્યાય. ત્રિકાળી ભગવાનઆત્મા એ આદરણીય છે. આહાહા..!

'**જો યોગી...**' એટલે ધર્માત્મા. '**વીતરાગનિર્વિકલ્પસમાધિમેં લગે હુએ હૈં,...**' આહાહા..! જે કોઈ આનંદના નાથમાં લીન થયા છે. રાગ રહિત દૃષ્ટિ થઈને અંદરમાં સ્થિરતા થઈ છે. આહાહા..! '**સંસારસે પરાઙ્મુખ હૈં,...**' એ વિકલ્પ જે રાગાદિ એનાથી ઊલ્ટા થઈ ગયા છે, પરાઙ્મુખ થઈ ગયા છે. સ્વસન્મુખ અને રાગથી પરાઙમુખ. આહાહા..! પૂર્ણાનંદનો નાથ પ્રભુ આત્મા, એની સન્મુખ (અને) રાગથી પરાઙમુખ. આહાહા..!

મુમુક્ષુ :- બેય એક જ વાત થઈ?

ઉત્તર :- અસ્તિ-નાસ્તિ થઈ. આહાહા..!

**'ઉન્હીંકે વહ આત્મા ઉપાદેય હૈ,...'** એને આત્મા ઉપાદેય છે. જેણે અંદર ઉપાદેય કર્યો એને. શું કીધું સમજાણું? જેણે સમભાવથી આત્માને પકડ્યો અને અનુભવ્યો એને આત્મા ઉપાદેય છે. આમ ઉપાદેય-ઉપાદેય (બોલે એ ઉપાદેય નથી). સમભાવની પરિણતિ દ્વારા એ આત્મામાં જોડાઈ ગયા છે, લીન છે એને એ આત્મા ઉપાદેય છે. આહાહા..! સમજાણું કાંઈ? **'ઔર જો દેહાત્મબુદ્ધિ વિષયાસક્ત હૈં,...'** આહાહા..! દેહને આત્મા માનનારા. દેહની ક્રિયા આત્મા કરે એમ માનનારા વિષયાસક્ત છે. પાંચ ઈન્દ્રિયના વિષયો પર, (તેના) તરફ જેની રુચિ અને પ્રેમ છે એને આ દુર્લભ છે. આહાહા..!

મુમુક્ષુ :- દુર્લભ છે કે અશક્ય છે?

ઉત્તર :- એ દુર્લભ છે એનો અર્થ જ અશક્ય છે ને. અહીં તો સંસાર છે.

**'વે અપને સ્વરૂપકો નહીં જાનતે હૈં,...'** બસ, એટલી વાત. જેને શરીરની બુદ્ધિ છે કે શરીરની ક્રિયા હું કરું છું, શરીર એ મારું છે અને પાંચ ઈન્દ્રિયના વિષયો તરફની જેને આસક્તિ અને પ્રેમ છે એને આ આત્મા જણાય એવો નથી. એમ કહે છે. **'વે અપને સ્વરૂપકો નહીં જાનતે હૈં,...'** એમ. આહાહા..! આમ જેના પ્રેમ છે એ સ્વરૂપને કેમ જાણે? સમજાણું કાંઈ? એક દિકરો સારો જાગે. વીસ વર્ષનો જુવાન રૂપાળો. .. આમ જાણે. આહાહા..! પણ ક્યાં એ તો ચીજ પર છે. એ તારી ચીજ છે? દીકરો તારો છે? એનો આત્મા તારો છે? એનું શરીર તારું છે? આહાહા..! જેને આવી પરના પ્રેમની બુદ્ધિ છે... આહાહા..! પરને પોતાનું માનવાની જેને બુદ્ધિ છે એ સ્વચૈતન્ય જાણી શકતો નથી.

**'વે અપને સ્વરૂપકો નહીં જાનતે હૈં, ઉનકો આત્મરુચિ નહીં હો સકતી...'** આહાહા..! જેને શરીર, દીકરા, દીકરીયું, આબરૂ, કીર્તિ, એની જેને રુચિ ને પ્રેમ છે એને આ ભગવાનઆત્માની રુચિ નહિ થઈ શકે. એક મ્યાનમાં બે નહિ રહી શકે. આહાહા..! **'ઉનકો આત્મરુચિ નહીં હો સકતી યહ તાત્પર્ય હુઆ.'** લ્યો! આહાહા..! જેને રાગ અને શરીર અને બાહ્ય ચીજો, એના પ્રત્યે જેની રુચિ છે, એની જેને બુદ્ધિ છે એને આત્મરુચિ નહિ થાય. સમજાણું કાંઈ? અને જેને આત્મરુચિ થાય તેને રાગ અને શરીર અને બહારની રુચિ રહેતી નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ તાત્પર્ય છે. આસક્તિ હોય પણ રુચિ ન હોય, એમ કહે છે. આત્મરુચિવાળાને રાગનો ભાવ આવે, આસક્તિ હોય પણ રુચિ ન હોય. એ રુચતું ન હોય, ગોઠતું ન હોય. આહાહા..!

મુમુક્ષુ :- ...વિષયાસક્તિ

ઉત્તર :- હા, ન જ હોય.

મુમુક્ષુ :- દેહાત્મબુદ્ધિ વિષયાસક્ત

ઉત્તર :- એને આ હોય એને આ નહિ અને આ હોય એને આ નહિ. આહાહા..! એ ૩૫ થઈ.

अथ शुद्धात्मप्रतिपक्षभूतकर्मदेहप्रतिबद्धोऽप्यात्मा निश्चयनयेन सकलो न भवतीति ज्ञापयति –

३६) कम्म–णिबद्धु वि जोइया देहि वसंतु वि जो जि।
होइ ण सयलु कया वि फुडु मुणि परमप्पउ सो जि।।३६।।
कर्मनिबद्धोऽपि योगिन् देहे वसन्नपि य एव।
भवति न सकलः कदापि स्फुटं मन्यस्व परमात्मानं तमेव।।३६।।

कर्मनिबद्धोऽपि हे योगिन् देहे वसन्नपि य एव न भवति सकलः क्वापि काले स्फुटं मन्यस्व जानीहि परमात्मानं तमेवेति। अतो विशेषः– परमात्मभावनाविपक्षभूतैः रागद्वेषमोहैः समुपार्जितैः कर्मभिरशुद्धनयेन बद्धोऽपि तथैव देहस्थितोऽपि निश्चयनयेन सकलः सदेहो न भवति क्वापि तमेव परमात्मानं हे प्रभाकरभट्ट मन्यस्व जानीहि वीतरागस्वसंवेदनज्ञानेन भावयेत्यर्थः। अत्र सदैव परमात्मा वीतरागनिर्विकल्पसमाधिरतानामुपादेयो भवत्यन्येषां हेय इति भावार्थः।।३६।।

---

आगे शुद्धात्मासे जुदे कर्म और शरीर इन दोनोंकर अनादिकर बँधा हुआ यह आत्मा है, तो भी निश्चयनयकर शरीरस्वरूप नहीं है, वह कहते हैं –

## गाथा – ३६

अन्वयार्थ :– [ योगिन् ] हे योगी [ यः ] जो यह आत्मा [ कर्मनिबद्धोऽपि ] यद्यपि कर्मोंसे बँधा है [ देहे वसन्नपि ] और देहमें रहता भी है, [ कदापि ] परंतु कभी [ सकलः न भवति ] देहरूप नहीं होता, [ तमेव ] उसीको तू [ परमात्मानं ] परमात्मा [ स्फुटं ] निश्चयसे [ मन्यस्व ] जान।

भावार्थ :– परमात्माकी भावनासे विपरीत जो राग, द्वेष, मोह हैं, उनकर यद्यपि व्यवहारनयसे बँधा है, और देहमें तिष्ठ रहा है, तो भी निश्चयनयसे शरीररूप नहीं है, उससे जुदा ही है, किसी कालमें भी यह जीव जड़ तो न हुआ, न होगा, उसे हे प्रभाकरभट्ट, परमात्मा जान। निश्चयकर आत्मा ही परमात्मा है, उसे तू वीतराग स्वसंवेदनज्ञानकर चिंतवन कर। सारांश यह है, कि यह आत्मा सदैव वीतरागनिर्विकल्पसमाधिमें लीन साधुओंको तो प्रिय है, किन्तु मूढ़ोंको नहीं।।३६।।

---

હવે, શુદ્ધ આત્માથી પ્રતિપક્ષભૂત કર્મ અને દેહથી પ્રતિબદ્ધ હોવા છતાં પણ આત્મા નિશ્ચયથી દેહરૂપ થતો નથી એમ કહે છે :

ભાવાર્થ :- અશુદ્ધનયથી પરમાત્માની ભાવનાથી વિપક્ષભૂત રાગદ્વેષમોહથી ઉપાર્જિત કર્મોથી બંધાયેલો હોવા છતાં પણ, તેમ જ દેહમાં રહેવા છતાં પણ, નિશ્ચયથી જે ક્યારેય દેહરૂપ થતો નથી, તે પરમાત્માને જ હે પ્રભાકરભટ્ટ ! તું જાણ, વીતરાગ-સ્વસંવેદનજ્ઞાનથી ભાવ એવો અર્થ છે.

અત્રે નિર્વિકલ્પ સમાધિમાં જેઓ રત છે તેમને સદાય તે પરમાત્મા ઉપાદેય છે, પરંતુ અન્યોને હેય છે એવો ભાવાર્થ છે. ૩૬.

## ગાથા-૩૬ ઉપર પ્રવચન

**'આગે શુદ્ધાત્માસે જુદે કર્મ...'** ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યઘન, એનાથી આઠ કર્મ જડ છે એ તો જુદા છે. એ તો અજીવ છે, જડ છે. અને આ શરીર જડ છે. આહાહા..! **'ઈન દોનોંકર અનાદિકર બંધા હુઆ યહ આત્મા હૈ, તો ભી નિશ્ચયનયકર શરીરસ્વરૂપ નહીં હૈ,...'** કર્મસ્વરૂપ નથી. આહાહા..! આમ શરીર અને કર્મના સંબંધમાં અનાદિથી છે પર્યાયમાં સંબંધ, હોં! એટલે વર્તમાન. પણ વસ્તુ તરીકે ભગવાનઆત્મા **'નિશ્ચયનયકર શરીરસ્વરૂપ નહીં હૈ,...'** એ કર્મરૂપ આત્મા કોઈ દિ' થયો જ નથી. આહાહા..!

ખરેખર તો જ્ઞાયકવસ્તુ એ રાગરૂપ થઈ જ નથી. આહાહા..! સમજાણું કાંઈ? છઠ્ઠી ગાથામાં આવે છે ને? નહિ? શુભાશુભપણે પરિણમતો નથી. એટલે શુભાશુભ જડ છે. આહાહા..! 'સમયસાર'ની છઠ્ઠી ગાથામાં આવે છે. જ્ઞાયકભાવ જડરૂપે થતો નથી એટલે શુભ-અશુભભાવ જે અચેતન છે એમાં આત્મા નથી. એ રૂપે થતો જ નથી. આહાહા..! ચૈતન્ય તો ચૈતન્યરૂપે રહ્યો છે. એની એને ખબર નથી. એ વાત અહીં ૩૬મી ગાથામાં કરશે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૫૦૨, અષાઢ સુદ ૩, બુધવાર
## તા. ૩૦-૦૬-૧૯૭૬, ગાથા-૩૬-૩૭, પ્રવચન નં. ૨૨

**'આગે શુદ્ધાત્માસે જુદે કર્મ ઔર શરીર ઈન દોનોંકર અનાદિકર બંધા હુઆ યહ આત્મા હૈ, તો ભી નિશ્ચયનયકર શરીરસ્વરૂપ નહીં હૈ, યહ કહતે હૈં'**

**૩૬) कम्म–णिबद्धु वि जोइया देहि वसंतु वि जो जि।**
**होइ ण सयलु कया वि फुडु मुणि परमप्पउ सो जि।।३६।।**

**અન્વયાર્થ :- 'હે યોગી !'** આત્માને ઉપાદેય કરીને જેણે સમ્યગ્દર્શન-જ્ઞાનમાં જાણ્યો છે એને અહીંયાં યોગી કહે છે. જેને સમ્યગ્દર્શન-જ્ઞાનમાં આત્મા ઉપાદેય છે એમ જેને પરિણમ્યું છે એને એ આત્મા ઉપાદેય છે અને રાગની રુચિવાળાને આત્મા હેય છે, આત્મા હેય છે. ગુલાંટ ખાય છે. આત્મા, શરીર અને કર્મથી રહિત છે એવું જેણે અંતરમાં જાણ્યું છે એને એ આત્મા ઉપાદેય થયો છે અને જેણે શરીર અને કર્મ સંબંધવાળો છે એવું જેણે માન્યું છે એને આત્મા હેય છે. સમજાણું કાંઈ? આવું છે. આ તો ઉપાદેયને આમ કહે છે. આ હેય છે તો આ (ઉપાદેય) છે. ઈ શૈલી છે આમાં. સમજાણું કાંઈ ?

**'જો યહ આત્મા યદ્યપિ કર્મોંસે બંધા હૈ, ઔર દેહમેં રહતા ભી હૈ, પરંતુ કભી દેહરૂપ નહીં હોતા,...'** કર્મરૂપ અને દેહરૂપે પ્રભુ થયો નથી. આહાહા..! **'ઉસીકો તૂ પરમાત્મા**

**નિશ્ચયસે જાન.**' એને તું રાગથી ભિન્ન પડી અને સ્વરૂપને આદરણીય કરીને જાણ. સમજાણું કાંઈ? એવો પરમાત્મા ખરેખર પ્રગટ છે (એમ) જાણ. આહાહા..!

**ભાવાર્થ :–** '**પરમાત્માકી ભાવનાસે વિપરીત રાગ, દ્વેષ, મોહ હૈં,...**' એનાથી થયેલ. સંસ્કૃત ટીકામાં અશુદ્ધનય છે. અહીંયાં વ્યવહારનય કીધી છે. ટીકામાં અશુદ્ધનય કીધી છે. '**कर्मभिरशुद्धनयेन बद्धोऽपि**' એમ છે. એ તો અશુદ્ધનયથી વ્યવહાર છે એમ સ્પષ્ટ કર્યું. ભગવાનઆત્મા અશુદ્ધનયે એટલે કે વિકારી પરિણામની રુચિવાળો એ કર્મથી બંધાયેલ અને શરીરમાં છે એમ વ્યવહારે કહેવાય. સમજાણું કાંઈ ? જેને આત્મ અશુદ્ધપણું જે છે, પુણ્ય અને પાપ અને મિથ્યાભ્રાંતિ આદિ, એવામાં જે છે એની રુચિવાળાને કર્મથી બંધાયેલો શરીરમાં છે એમ અશુદ્ધનયે કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**ઔર દેહમેં તિષ્ઠ રહા હૈ, તો ભી નિશ્ચયનયસે શરીરરૂપ નહીં હૈ,...**' એ જ્ઞાયકસ્વરૂપ ચૈતન્યસ્વરૂપ શરીરરૂપ થયો નથી. '**ઉસસે જુદા હી હૈ,...**' આહાહા..! શરીરથી ભગવાનઆત્મા જ્ઞાયકસ્વરૂપ ભિન્ન જ છે. '**કિસી કાલમેં ભી યહ જીવ જડ તો ન હુઆ,...**' આહાહા..! છઠ્ઠી ગાથામાં ત્યાં સુધી કહ્યું છે ને કે શુભાશુભ ભાવરૂપે પણ થયો નથી. છઠ્ઠી. કારણ કે ચૈતન્ય જ્ઞાયક જ્ઞાનસ્વભાવસ્વરૂપ પ્રભુ, એ પુણ્ય-પાપના ભાવ અચેતનપણે તે કેમ થાય? માન્યું છે એણે કે હું શુભ-અશુભભાવનો કર્તા છું અને એ મારું આચરણ છે. એવું માન્યું છે. માન્યું છતાં વસ્તુ સ્વરૂપ જે છે એ શુભાશુભભાવે (તે) રૂપે થયું નથી તો પછી શરીર અને કર્મના સંબંધરૂપે થાય એ છે નહિ. આહાહા..! '**ઉસે હે પ્રભાકરભટ્ટ, પરમાત્મા જાન.**' આહાહા..! એ જાણનો અર્થ, રાગ અને શરીર ને કર્મના લક્ષથી છૂટી અને જે પરમાત્મસ્વરૂપ શરીર ને કર્મરૂપ થયો નથી, એને સ્વસંવેદનજ્ઞાનથી જાણ. સમજાણું કાંઈ? આવી વાત છે. આહાહા..!

'**નિશ્ચયકર આત્મા હી પરમાત્મા હૈ,...**' ખરેખર ભગવાનઆત્મા એ જ વસ્તુસ્વરૂપે પરમસ્વરૂપ પરમસ્વરૂપ પરમાત્મા પોતે છે. '**ઉસે તૂ વીતરાગ સ્વસંવેદનજ્ઞાનકર ચિંતવન કર.**' જોયું! જાણનો અર્થ આ કર્યો. એ વસ્તુ છે એને જાણ એટલે? '**વીતરાગ સ્વસંવેદનજ્ઞાનકર...**' જાણ, અનુભવ કર. આહાહા..! શરીર અને કર્મથી રહિત પ્રભુ છે. એ આત્માને એના સ્વપોતાનું વેદન, જ્ઞાનના વેદન દ્વારા એને જાણ. એ રાગના પુણ્ય-પાપના વિકલ્પથી તે જણાય એવો નથી. આહાહા..!

'**યહ આત્મા સદૈવ વીતરાગનિર્વિકલ્પસમાધિમેં લીન સાધુઓંકો તો પ્રિય હૈ,...**' ઉપાદેયનો અર્થ પ્રિય કર્યો છે. શું કહ્યું ઈ? આવો જે ભગવાનઆત્મા સમ્યગ્દષ્ટિને એટલે કે વીતરાગ નિર્વિકલ્પ શાંતિમાં લીન એવા સંતોને તો તે આત્મા એવી દશામાં ઉપાદેય છે. સમજાણું કાંઈ? મુખ્યપણાની વાત લીધી છે. મુખ્યપણે લીધું છે ને. અહીં તો કહેવું છે કે કર્મ અને શરીર વિનાની ચીજવસ્તુ જે છે એને ઉપાદેય તરીકે કોણ જાણે? કે જેને સ્વસંવેદનજ્ઞાનથી આત્મા જણાણો એને ઉપાદેય તરીકે છે. એનો આદર થયો છે એને ઉપાદેય છે. આહાહા..! આવી વાતું હવે.

'**મૂંઢોંકો નહીં.**' એવું કહ્યું છે. નહિ? પાઠમાં બીજું છે. '**अन्येषां हेय**' એમ છે. આહાહા..! જે પુણ્ય અને પાપના પ્રેમમાં પડ્યા છે એને આવો આત્મા હેય છે. ભાઈ! ટીકા એમ છે. એ તો આણે પછી સાધારણ ભાષા મૂઢ કહીને કરી નાખી. આહાહા..! શું કહ્યું? આ આત્મા જે છે એક સમયમાં પ્રભુ પૂર્ણ જ્ઞાન આનંદના સ્વભાવથી ભરેલો વસ્તુ પોતે છે એના તરફના સ્વસંવેદનજ્ઞાનથી જે જાણે એને એ ઉપાદેય છે. ઉપાદેય થયો એને ઉપાદેય છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! હીરાના પૈસા ભર્યા એનો હીરો છે એમ કહે છે. આહાહા..! એય..! એમ જેણે ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ પ્રભુ, એને જેણે સ્વસન્મુખ થઈને, સ્વસંવેદનજ્ઞાનથી, દૃષ્ટિથી જેણે જાણ્યો એને એ ત્યારે ઉપાદેય થયો. સમજાણું કાંઈ? આહાહા..! '**अन्येषां हेय**' આહાહા..! જેને પુણ્ય પરિણામના ભાવમાં પ્રેમ છે, જેને કર્મના સંબંધની રુચિ છે, જેને શરીર પ્રત્યેનો મોહ છે એ જીવને આત્મા હેય છે. લ્યો, આ વાત ક્યાંથી આવી?

મુમુક્ષુ :- આત્માની ખબર નથી એ ક્યાંથી હેય કરે?

ઉત્તર :- એને નથી ખ્યાલ માટે હેય છે. એ જ કહ્યું કે એને ખ્યાલ નથી માટે હેય છે. એય..!

ચૈતન્યસ્વરૂપ જ્ઞાયકમૂર્તિ પ્રભુ જેને અંતરમાં દૃષ્ટિ અને વેદનથી જાણવામાં આવ્યો એને એ આત્મા ઉપાદેય થયો. ઉપાદેય છે એટલે ઉપાદેય થયો. આહાહા..! 'પરમાત્મપ્રકાશ' છે આ તો. અને જેને '**अन्येषां हेय**' એટલે વીતરાગી રુચિથી, વેદનથી જેણે આત્માને જાણ્યો નથી અને દયા, દાન, વ્રત, ભક્તિ આદિ રાગના ભાવમાં પ્રેમ છે તેને આત્મા હેય છે. આહાહા..! અસ્તિનાસ્તિ કરી. હેય છે કહ્યું. જ્ઞાનીને રાગ હેય છે એમ ન કહેતા જ્ઞાનીને આત્મા ઉપાદેય છે. આહાહા..! ધર્મીએ પૂર્ણાનંદનો નાથ પ્રભુ એ તરફનો આશ્રય લીધો છે, એનો આદર કર્યો છે, વીતરાગી પર્યાયમાં એને ઉપાદેય કર્યો છે, એણે એને આદર્યો છે, એને ઉપાદેય છે. આહાહા..! પણ જેને એ વીતરાગી પર્યાય દ્વારા જેને ઉપાદેય થયો નથી એને તો રાગના, પુણ્યના ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો ભાવ.. આહાહા..! એવા રાગના પ્રેમીલાને ભગવાન હેય છે. એટલે કે એને લક્ષમાં આવ્યો નથી, એને આદરણીય નથી. આહાહા..!

મુમુક્ષુ :- સમ્યક્‌સન્મુખ મિથ્યાદૃષ્ટિને હજી શું હશે?

ઉત્તર :- એને પણ ત્યાં સુધી હજી આદર નથી. સન્મુખ છે પણ હજી ત્યાં પરિણતિ નિર્મળ થાય ત્યારે એને આદર કર્યો કહેવાય છે. આવી વાત છે, ભાઈ! વીતરાગ માર્ગ જગતથી જુદી જાત છે. આહાહા..! ઓલા તો કહે દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો. અહીં કહે છે કે એ દયા પાળે, વ્રત, તપ કરવાના ભાવવાળાના પ્રેમને... એય..! 'પ્રેમચંદજી'! એને આત્મા હેય છે. આહાહા..! એણે આત્મા જોયો નથી, એને આત્માની ખબર નથી. આહાહા..! કહો, 'ચેતનજી'!

મુમુક્ષુ :- આંગણામાં આવ્યો છે ને.

ઉત્તર :- ના, એ જરીએ અહીં વાત નથી. અહીંયાં તો વીતરાગી પરિણતિ દ્વારા એને પકડ્યો છે અને આદર્યો છે એને એ ઉપાદેય કહેવામાં આવે છે. પરિણતિમાં ઉપાદેય થયો છે તેને ઉપાદેય કહ્યો છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! બહુ ટૂંકી વાત અને ઘણી મર્મની વાત. આહાહા..!

જેને પરપદાર્થ પ્રત્યેના પ્રેમમાં ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્રનો પ્રેમ હો, શાસ્ત્રનો પ્રેમ હો, એના પ્રેમમાં જે રોકાણો છે એને પ્રભુ હેય છે, કહે છે. આહાહા..! એણે આત્મા આદર્યો નથી તેને છોડવાલાયક (માન્યો) છે. આહાહા..! ગજબ વાત છે ને! આ તો ઓલી ટીકામાં જોયું ને ભાઈ જરી ત્યારે કીધું, આ તો બીજું કહે છે. અર્થ સાધારણ કરે છે. આ ઉપાદેય છે ને મૂંઢોને.. વસ્તુ આમ છે. દરેકમાં છે, હોં! ૩૫મા પણ એમ છે, જુઓ! '**वीतरागनिर्विकल्पसमाधिरतां स एवोपादेयः**' '**तद्विपरीतानां हेय**' ૩૫મા પણ એ આવ્યું છે. આહાહા..! ટીકા એમ આવી છે. એનો અર્થ સાધારણ કર્યો છે. '**અપને સ્વરૂપકો નહીં જાનતે હૈં, ઉનકો આત્મરુચિ નહીં હો સકતી...**' એમ. એટલું કર્યું. શું કહ્યું? આ કાંઈ પુનર્યુક્તિ લાગે એવું નથી.

પૂર્ણ સ્વરૂપ ભગવાનઆત્મા છે એની સન્મુખ થઈને વીતરાગી પરિણતિ સમ્યગ્દર્શન આદિ ભાવમાં એણે આદર્યો છે એને એ ઉપાદેય છે. આત્મા ઉપાદેય છે, ઉપાદેય છે એટલે કાંઈ શબ્દોમાં, ધારવામાં (નથી) એમ કહે છે. આત્મા ઉપાદેય છે અને રાગ હેય છે એટલે શું? જ્ઞાનમાં ધારી રાખ્યું કે આ ઉપાદેય? એમ નહિ. આહાહા..! જુઓ! વીતરાગ માર્ગ! આહાહા..! સંપ્રદાયમાં તો આવી વાતું સાંભળવા મળે એવું નથી. આહાહા..! આખી વાત જ (ફરી ગઈ). અમારે 'હીરાજી મહારાજ' બિચારા હતા. કેટલો કષાય મંદ અને 'હીરા એટલા હીર' એવા કહેવાતા, હોં! પણ પરની દયા પાળવી એ અહિંસા અને એ સિદ્ધાંતનો સાર છે, એમ કહેતા. એ તદ્દન સિદ્ધાંતથી વિરુદ્ધ. પરની દયા પાળી શકાય નહિ, પરની પર્યાય કરી શકાય નહિ અને પરની દયાનો ભાવ ઊઠે એ રાગ છે અને જેને રાગનો રસ છે, પ્રેમ છે તેને ભગવાન હેય છે. આહાહા..! આવી વાત પણ ક્યાંથી લાવે, ભાઈ! 'સુજાનમલજી'! એમાં લોકો ધર્મ માનતા હતા. આહાહા..!

દરેકમાં એણે કહ્યું છે, હોં! ૩૫મા પણ એમ કહ્યું છે. '**एवोपादेयः तद्विपरितानां हेय**' આહાહા..! જેને આત્મા શુદ્ધ ચૈતન્યપ્રભુ ઉપાદેય તરીકે પરિણતિમાં ઉપાદેય થયો છે... આહાહા..! સમ્યગ્દર્શન-જ્ઞાનની દશામાં જેને ઉપાદેય થયો છે એને તે ઉપાદેય છે. આહાહા..! એથી વિપરીતવાળાને જેને રાગ અને પુણ્ય-પાપમાં પ્રેમ છે અને પુણ્ય-પાપના ફળરૂપે મળેલી સંયોગી ચીજ એ દેવ-ગુરુ-શાસ્ત્ર પણ સંયોગી ચીજ છે. આહાહા..! એની રુચિવાળાને આત્મા હેય છે. આહાહા..! 'પ્રેમચંદભાઈ'! આવી વાતું સાંભળવા મળે ક્યાં? બાપા! શું કરે? સત્ય તો આ છે. આહાહા..!

ભક્તિભાવ આવે પણ એ તો અશુભને ટાળવા પૂરતી વાત છે. આહાહા..! ગજબ કર્યો છે ને! ટીકાકારે પણ ટીકા કરી છે ને!! આહાહા..! ભગવાન પરમાત્મસ્વરૂપ છે ને પ્રભુ!

નિશ્ચયથી જે પૂર્ણ આત્મા તે જ આત્મા છે. આહાહા..! એને જેણે પર્યાયમાં, વીતરાગીદશા દ્વારા ઉપાદેય તરીકે (જેને) પરિણમ્યો છે... આહાહા..! એને એ આદરેલો છે એમ કહેવામાં આવે છે, એને આત્મા આદરણીય છે. આહાહા..!

મુમુક્ષુ :- એ તો નિશ્ચયની વાત છે.

ઉત્તર :- વસ્તુ એ છે ને, બીજી કઈ છે? આહાહા..!

અરે..! ભગવાન જો તો ખરો! આહાહા..! ત્રણ લોકના નાથની વાણી તો જુઓ! સંતોની વાત. દિગંબર સંતોની વાણી... આહાહા..! એક ઘા ને બે કટકા કરી નાખે. વીતરાગી પરિણતિ દ્વારા જેને આત્માનો પ્રેમ છે એને એ આત્મા ઉપાદેય કહેવામાં આવ્યો છે. આહાહા..! જેની દશામાં સ્વભાવથી વિરુદ્ધ ભાવ, સ્વભાવથી અન્ય ભાવ, વિરુદ્ધ એટલે રાગ અને અન્ય એટલે પર પદાર્થ... આહાહા..! એનો જેને પ્રેમ છે તેને પ્રભુ હેય છે. આ અર્થ તો અત્યારે પહેલો થાય છે, હોં! કોઈ દિ' થયો નથી. ઓલામાં-ટીકામાં જોયું તો આ તો અર્થ અહીં કર્યો છે. આપણને એમ કે આ ઉપાદેય છે ને આ હેય છે. રાગ હેય છે ને આ ઉપાદેય છે.

મુમુક્ષુ :- ક્યાં હેય ઉપાદેય ને ક્યાં ...

ઉત્તર :- હવે આ હેય. રાગ હેય છે એ અત્યારે અહીં નથી. અહીં તો હેય છે તેને ઉપાદેય માને છે તેને આત્મા હેય છે. આહાહા..!

મુમુક્ષુ :- વિપરીતતા છે.

ઉત્તર :- વિપરીત છે. આહાહા..!

આત્મા પોતે પરમેશ્વરસ્વરૂપ છે, અકષાયસ્વરૂપ છે, વીતરાગી મૂર્તિ પ્રભુ અનાદિઅનંત છે. એનો જેણે સ્વસન્મુખ થઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ દ્વારા એને ઉપાદેય કર્યો એને ઉપાદેય છે. આહાહા..! શું શૈલી! શું શૈલી! ગજબ છે!! અને એને રાગ હેય છે એમ ન કહેતા રાગ ને રાગના ફળ તરીકે બાહ્ય ચીજો, એના પ્રત્યે જેને પ્રેમ છે તેને આત્મા હેય છે. આહાહા..! તારી ચીજ તો જો, નાથ! આહાહા..! એકમાં .... આહાહા..! એટલે કોઈ વ્યવહારરત્નત્રયનો રાગ અને વ્યવહારરત્નત્રયના નિમિત્તો... આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રશસ્ત રાગના નિમિત્ત છે ને? 'પંચાસ્તિકાય'માં આવે છે. ભાઈ! પ્રશસ્ત રાગના એ નિમિત્તો છે.

મુમુક્ષુ :- પ્રશસ્ત જ એટલા માટે કહ્યા.

ઉત્તર :- તેથી પ્રશસ્ત એને કહ્યા. રાગને પ્રશસ્ત કેમ કીધો? કે સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર જેમાં નિમિત્ત છે. પ્રશસ્ત જેના નિમિત્ત છે. દેવ-ગુરુ-શાસ્ત્ર, કેવળી અને ત્રિલોકના નાથ આદિ પ્રશસ્ત રાગમાં નિમિત્ત છે માટે રાગને પ્રશસ્ત કહ્યો છે. આહાહા..!

અહીં તો કહે છે કે એ પ્રશસ્ત રાગનો પ્રેમ છે જેને... આહાહા..! અને રાગના નિમિત્તો છે તેનો જેને પ્રેમ છે... આહાહા..! એને આત્મા હેય છે. આહાહા..! સમજાણું કાંઈ? થોડું પણ સત્ય હોવું જોઈએ ને? લાંબુ લાંબું મોટું કરે ને હોય નહિ સત્‌ના ઠેકાણા. આહાહા..!

સારાંશ :- '**સદૈવ વીતરાગનિર્વિકલ્પસમાધિ મેં લીન...**' સ્વરૂપ તરફની શુદ્ધ

પરિણતિમાં જે લીન છે. આહાહા..! તે સંતોને તે ઉપાદેય છે. તે નો અર્થ ઉપાદેય. મૂળ પાઠ ઉપાદેય છે. મૂળ પાઠ-ટીકા છે એ ઉપાદેય છે. પણ સાધારણ માણસને પ્રિય, મૂંઢ ને અપ્રિય એમ મૂંઢને પ્રિય નહિ એમ ટૂંકું કર્યું. આહાહા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ છે એનો જેને સ્વસંવેદનથી પ્રેમ નથી એ રાગના પ્રેમમાં પડ્યા, નિમિત્તના પ્રેમમાં પડ્યા. આહાહા..! ગજબ વાત છે. જુઓ! આ વીતરાગની વાણી તો જુઓ! દેવ-ગુરુ-શાસ્ત્ર કહે છે કે અમે પર છીએ, અમારા પ્રત્યેનો પ્રેમ, એની રુચિમાં રોકાય જઈશ તો આત્મા હેય થશે તને. આહાહા..! આ વીતરાગી વાણી છે. આહાહા..!

આવો જે આત્મા. કેવો? કે '**વીતરાગ સ્વસંવેદનજ્ઞાનકર...**' અનુભવમાં આવે એવો. આહાહા..! તે વીતરાગ, રાગ વિનાની.. આહાહા..! ભાષા. અને લોકો ચોથે ગુણસ્થાને એમ કહે કે રાગસહિત છે. આ તો આત્મા જ રાગરહિત પરિણતિવાળાને જ ઉપાદેય છે. આહાહા..! સમજાણું કાંઈ? ચોથે ગુણસ્થાનથી (ઉપાદેય છે). આહાહા..! એ ગુણસ્થાન જ વીતરાગી પરિણતિ છે, સમ્યગ્દર્શન, વીતરાગી દર્શન છે, વીતરાગી જ્ઞાન છે, વીતરાગી સ્થિરતા (છે). ભલે અનંતાનુબંધીનો એટલો (રાગ ગયો) હોય. આહાહા..! એવા શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતામાં જે લીન છે એને એ ભગવાન ઉપાદેય છે. આહાહા..! રાગથી ખસી ગયો છે અને વીતરાગસ્વરૂપી ભગવાનની વીતરાગ પરિણતિ જેણે પ્રગટ કરી છે. આહાહા..! સમજાણું કાંઈ? કેમકે આત્મા વીતરાગસ્વરૂપ છે. એની સન્મુખ થતાં એને આશ્રયે તો વીતરાગી પરિણતિ જ પ્રગટ થાય અને વીતરાગી પરિણતિ એટલે અવસ્થા, એમાં ભગવાન પોતે ત્રિકાળી તે ઉપાદેય થયો છે. એનો આશ્રય થયો એમાં એ ઉપાદેય થયો. આહાહા..!

જેના દર્શનમાં આત્મા સમીપ છે. આવે છે ને? આહાહા..! જેને સમ્યગ્દર્શનમાં આત્મા સમીપ છે એને સમ્યગ્દર્શન કહેવાય. જેના જ્ઞાનમાં આત્મા સમીપ છે તેને જ્ઞાન કહેવાય. જેમાં ચારિત્રમાં ભગવાનઆત્મા સમીપ છે તેને ચારિત્ર કહેવાય. આહાહા..! જેના દર્શન-જ્ઞાન-ચારિત્રમાં ભગવાન સમીપ છે એને અહીં ઉપાદેય કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? 'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ' આમ છે. અને સ્વદ્રવ્યના આશ્રયે પરિણતિમાં તે ઉપાદેય થયો. એ સિવાય પરદ્રવ્યના લક્ષે થતી પરિણતિ, રાગની ચાહે તો ભક્તિની હોય, શુભની હોય, જાત્રાની હોય, શાસ્ત્રને સાંભળવાની હોય... આહાહા..! દેવ-ગુરુ ને શાસ્ત્ર પરદ્રવ્ય છે, એના પ્રત્યેનો પ્રેમ છે તે રાગ છે. આહાહા..! અને રાગના પ્રેમીલાને પ્રભુ હેય છે. આહાહા..!

મુમુક્ષુ :- વિનય છે, વિનય તો ધર્મ છે.

ઉત્તર :- એ વિનય તો અપેક્ષાથી કહીએ. એ આવે છે ને આવે છે. એ તો નિર્માનતા છે એટલી ગણીને એમ કીધું છે. અહીં તો વાત આ છે. એક ને એક બે જેવી વાત છે. આમાં કોઈ વાદવિવાદને સ્થાન નથી.

જેના શ્રદ્ધા-જ્ઞાનમાં ભગવાન સમીપમાં વર્તે છે, જેણે શ્રદ્ધા-જ્ઞાનમાં આત્મા આદરણીય કર્યો છે. આહાહા..! પર્યાય પણ નહિ, હોં! પાછી. પર્યાયે દ્રવ્યને ઉપાદેય કર્યો છે. આહાહા..! એમ આવ્યું ને? ભાઈ! આહાહા..! જેણે વીતરાગી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની

પર્યાયમાં આત્માનો આશ્રય લીધો છે અને આત્મા સમીપ છે એને આત્મા આદરણીય અને ઉપાદેય છે. આહાહા..! ગજબ કામ છે. એવું સત્ય છે. આહાહા..! અને તેનાથી વિપરીત, સ્વદ્રવ્ય સિવાય પરદ્રવ્યનો પ્રેમ (હોય)... આહાહા..! એ સોળમી ગાથામાં કહ્યું ને? '**परदव्वादो दुग्गइ**' 'મોક્ષપાહુડ' સોળમી ગાથા. દેવ-ગુરુની વાણી, શાસ્ત્ર એનાથી દુર્ગતિ છે. ગજબ વાત છે, બાપા! એટલે? કે પરદ્રવ્ય ઉપર લક્ષ જશે એટલે તને રાગ જ થશે, ભાઈ! એ રાગ એ ચૈતન્યની ગતિ નહિ. આહાહા..! અરે..રે..! આ વાત સાંભળવી કઠણ પડે જગતને અને એવું લાગે કે આ તો નિશ્ચય છે, એકાંત છે. પ્રભુ! એમ આળ ન દે, નાથ! વસ્તુ એ છે. આહાહા..! ત્યાં તો એમ જ કીધું છે, '**परदव्वादो दुग्गइ**' દેવ-ગુરુ-શાસ્ત્રથી પણ દુર્ગતિ છે. દુર્ગતિ એટલે ચૈતન્યની ગતિ નહિ. રાગ થાય છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ, નહિ, નહિ. આહાહા..!

સ્વદ્રવ્યની પરિણતિના ભાવમાં ઉપાદેય સિવાય જેને રાગના કોઈ પણ કણનો અને રાગના નિમિત્તો દેવ-ગુરુ-શાસ્ત્ર, અશુભરાગના નિમિત્તો સ્ત્રી-કુટુંબ-પરિવાર, શુભરાગના નિમિત્તો પ્રશસ્ત દેવ-ગુરુ-શાસ્ત્ર, એ જેને ઉપાદેય છે એટલે પ્રેમ છે. આહાહા..! એ ઉપાદેય છે એને આત્મા હેય છે. આહાહા..! આ જાતનું સ્પષ્ટીકરણ આજ જ થાય છે, પહેલાં નથી થયું. કારણ કે ઓલી ટીકામાં નજર કરી ત્યારે (વાંચ્યું), અમૂઢને પ્રિય છે અને મૂઢને પ્રિય નથી, પણ એનું મૂળ આ છે. ઓલી ટીકામાં જોયું ને. દરેક ગાથામાં હશે, હોં! ઈ. આહાહા..! અને આગળ જતા બધે એ લેશે. નિર્વિકલ્પ સમાધિમાં રહેલાને આત્મા આદરણીય છે, ઉપાદેય છે. એ કાળે એને ઉપાદેય છે એમ કહે છે. આગળ કહેશે. જે વસ્તુ ભગવાનઆત્મા, એના સન્મુખની જે દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા થઈ તે કાળે તેને આત્મા ઉપાદેય છે. આહાહા..! આમ આત્મા ઉપાદેય છે અને રાગ હેય છે એવી જે ધારણા કરી રાખી છે એને ઉપાદેય નથી, એમ કહે છે. આહાહા..! કહો, 'પ્રેમચંદભાઈ'! આ ઠીક વાતમાં આવ્યા તમે. આહાહા..! વીતરાગી માર્ગ છે, ભાઈ!

જેને પરપદાર્થનો પ્રેમ છે, અશુભરાગ, બાયડી, છોકરા એની તો શું વાત કરવી? આહાહા..! એના પ્રેમવાળાને આત્મા તો હેય છે. આહાહા..! બહારના ભભકા-દેખાય આ શરીર ને આ ને આ... એમાં જેનું વીર્ય ઉલ્લસિત અને પ્રેમમાં વર્તે છે. એ છે ને ઓલી શ્રદ્ધા, ભાવના? ભાવના, ઉલ્લાસ, ઉત્સાહ... પાંચ બોલ છે. આહાહા..! કંઈ ગજબ શૈલી! દિગંબર સંતોની શૈલી તો ચારે કોરથી જુઓ તો એકસરખી ઊભી થાય છે. વ્યવહારે જાણેલો પ્રયોજનવાન એમ કહીને આદરણીય નથી પણ જાણવા માટે છે એમ સિદ્ધ કર્યું. આહાહા..! રાગ હોય છે, વ્યવહાર હોય છે, એ જાણવા માટે છે, આદરવા માટે નથી, હેય તરીકે જાણવા લાયક છે. એને હેય તરીકે ન જાણે અને ઉપાદેય તરીકે જાણે એને ભગવાનઆત્મા હેય થઈ જાય છે. આહાહા..! આજ વળી આ આવ્યું. આવી સ્પષ્ટતા કોઈવાર આવી નથી. આત્મા હેય છે એવું કોઈ દિ' આવ્યું નથી, એય..! રાગ હેય છે ને વ્યવહાર હેય છે (એમ આવે).

'નવલચંદભાઈ'! આહાહા..!

મુમુક્ષુ :- ...માં નાંખી દિધા રાગને હેય કહીને...

ઉત્તર :- પણ અહીં તો... આહાહા..! અજ્ઞાનના પ્રેમમાં અજ્ઞાનીને આત્મા હેય છે. આહાહા..! હેય છે એટલે કે એને જાણ્યો નથી એટલે હેય છે. આહાહા..! નવમી ગ્રૈવેયકે મુનિ થઈને ગયો, પંચમહાવ્રત પાળ્યા ને ક્રિયા (કરી) પણ એ બધો રસ અને પ્રેમ ત્યાં હતો. એને આત્મા હેય છે.

હા. એ આવે છે. કીધું ને, એ ઉતાર્યું છે, ઓલામાં ઉતાર્યું છે. રૂપી પદાર્થ બધા લીધા હતા ને? 'સમયસાર'. એમાં ઉતાર્યું છે. ઓલામાં ઉતાર્યા હતા, અન્યમાર્ગ અને જૈનમાર્ગ. અને આ બધું ઈ. પર્યાયમાં જેટલા બધા ભંગ-ભેદો (છે) એનો જેને ઉત્સાહ છે, પ્રશંસા છે એ બધો મિથ્યાત્વભાવ છે. આહાહા..! એમ અહીં પણ પરપદાર્થને, સ્વના સ્વભાવનો આશ્રય છોડી અને એકલા પરપદાર્થના પ્રેમમાં-રાગમાં ઉત્સાહ પ્રશંસા છે એ બધું હેય છે તેને એણે ઉપાદેય માન્યું છે અને તેથી ભગવાનઆત્મા તેને હેય થઈ ગયો. આહાહા..! કહો, 'શાંતિભાઈ'! ત્યાં ક્યાંય 'મુંબઈ'માં મળે એવું નથી.

મુમુક્ષુ :- પણ બીજું તો મળે.

ઉત્તર :- ધૂળ મળે, ત્યાં ધૂળ મળે. ત્યાં શું છે? ઓલો ત્યાં રળે છે એક હોકીંગ શું કહેવાય? 'હોંગકોંગ'. એક ત્યાં રળે ને એક અહીંયાં. બધું ધૂળમાં છે. રડે છે. આહાહા..! નુકસાનને ધંધે છે. અહીં તો શુભરાગ, દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેનો પ્રેમ, એની રુચિવાળાને આત્મા હેય-નુકસાન છે. એના નુકસાનના ધંધા છે. આહાહા..! આવી વાત...

મુમુક્ષુ :- કરવું શું ?

ઉત્તર :- આ કરવું, કહે છે.

મુમુક્ષુ :- આત્મા ઉપાદેય છે અને રાગ હેય છે, એમ...

ઉત્તર :- બસ, એ ઉપાદેય છે તે કરવું. હેય છે એને કરવું પડતું નથી. અને અજ્ઞાનીને હેય છે એટલે એને પણ કરવું પડતું નથી, હેય થઈ જાય છે. રાગના પ્રેમમાં હેય (થઈ જાય છે). આહાહા..! આવી વાત ક્યાં છે, ભાઈ! આહાહા..! ઠીક, આ 'હિંમતભાઈ'! આ તમારા બધા આવ્યા હતા. આજ વાત બીજી જાતની નીકળી. આહાહા..! આત્મા ઉપાદેય છે અને રાગ હેય છે. આ તો રાગ જેને ઉપાદેય છે એને આત્મા હેય છે. આહાહા..! ઈ પાઠમાં છે, હોં!

એટલે વીતરાગ નિર્વિકલ્પ સમાધિના જીવોને ઉપાદેય છે. પ્રિય એટલે ઉપાદેય છે. પરંતુ રાગના પ્રેમીઓને, અજ્ઞાનીઓને તે હેય છે. મૂઢોને નહિ. ઉપાદેય એનો અર્થ હેય છે. આહાહા..! ૩૬ થઈ. તે દિ' ત્યાં લખ્યું છે ખરું, હોં! આમાં આમ છે પણ ઉપાદેયહેય શબ્દ છે. એમ લખી રાખ્યું હતું. બધે છે. આમાં પણ લખ્યું છે. ઉનકે આત્મા ઉપાદેય છે, ૩૫મા, દેહાત્મબુદ્ધિ વિષયાસક્ત નહિ જાનતે. પણ લખ્યું છે અંદર. કીધું, છે ઉપાદેયહેય. એની આવી વ્યાખ્યા કરી. ૩૫માં લખ્યું છે ને ૩૬માં લખ્યું છે. ઉપાદેયહેય. બેય ઉપાદેય થાય અને બેય હેય થાય એમ નથી. આહાહા..! વ્યવહાર અને નિશ્ચય બેય ઉપાદેય છે એમ નથી. આહાહા..! બેય માર્ગ છે એમ પણ નથી. આહાહા..!

यः परमार्थेन देहकर्मरहितोऽपि मूढात्मनां सकल इति प्रतिभातीत्येवं निरूपयति –

३७) जा परमत्थेँ णिक्कलु वि कम्म–विभिण्णउ जो जि।
मूढा सयलु भणंति फुडु मुणि परमप्पउ सो जि।।३७।।
यः परमार्थेन निष्कलोऽपि कर्मविभिन्ना य एव।
मूढाः सकलं भणन्ति स्फुटं मन्यस्व परमात्मानं तमेव।।३७।।

यः परमार्थेन निष्कलोऽपि देहरहितोऽपि कर्मविभिन्नोऽपि य एव भेदाभेदरत्नत्रयभावनारहिता मूढात्मानस्तमात्मानं सकलमिति भणन्ति स्फूटं निश्चितं हे प्रभाकरभट्ट तमेव परमात्मानं मन्यस्व जानीहीति, वीतरागसदानन्दैकसमाधौ स्थित्वानुभवेत्यर्थः। अत्र स एव परमात्मा शुद्धात्मसंवित्ति–प्रतिपक्षभूतमिथ्यात्वरागादिनिवृत्तिकाले सम्यगुपादेयो भवति तदभावे हेय इति तात्पर्यार्थः।।३७।।

---

आगे निश्चयनयकर आत्मा देह और कर्मोंसे रहित है, तो भी मूढ़ों (अज्ञानियों) को शरीर स्वरूप मालूम होता है, ऐसा कहते हैं –

**गाथा – ३७**

अन्वयार्थ :– [ यः ] जो आत्मा [ परमार्थेन ] निश्चयनयकर [ निष्कलोऽपि ] शरीररहित है, [ कर्मविभिन्नोऽपि ] और कर्मोंसे भी जुदा है, तो भी [ मूढाः ] निश्चय–व्यवहार रत्नत्रयकी भावनासे विमुख मूढ़ [ सकलं ] शरीरस्वरूप ही [ स्फुटं ] प्रगटपनेसे [ भणन्ति ] मानते हैं, सो हे प्रभाकरभट्ट, [ तमेव ] उसीको [ परमात्मानं ] परमात्मा [ मन्यस्व ] जान, अर्थात् वीतराग सदानंद निर्विकल्पसमाधिमें रहके अनुभव कर।

भावार्थ :– वही परमात्मा शुद्धात्माके वैरी मिथ्यात्व रागादिकोंके दूर होनेके समय ज्ञानी जीवोंको उपादेय है और जिनके मिथ्यात्वरागादिक दूर नहीं हुए उनके उपादेय नहीं, परवस्तुका ही ग्रहण है।।३७।।

---

આત્મા પરમાર્થથી દેહ અને કર્મથી રહિત હોવા છતાં પણ મૂઢ આત્માઓને 'શરીરરૂપ' પ્રતિભાસે છે એમ કહે છે :

ભાવાર્થ : અહીં શુદ્ધ આત્માના સંવેદનથી પ્રતિપક્ષભૂત મિથ્યાત્વ-રાગાદિની નિવૃત્તિના કાળે તે જ પરમાત્મા સમ્યક્ ઉપાદેય છે અને તેના (મિથ્યાત્વ-રાગાદિની નિવૃત્તિના) અભાવમાં હેય છે. એ તાત્પર્યાર્થ છે. ૩૭.

## ગાથા-૩૭ ઉપર પ્રવચન

૩૭ (ગાથા). '**આગે નિશ્ચયનયકર આત્મા દેહ ઔર કર્મોંસે રહિત હૈ,...**' ઓલામાં સહિત હતું અને એમ બતાવ્યું હતું. છે ને? '**અનાદિકા બંધા હુઆ...**' સહિત બતાવ્યું. હવે આમાં રહિત. '**તો ભી મૂંઢોં (અજ્ઞાનીયોં) કો શરીર સ્વરૂપ માલૂમ હોતા હૈ,..**' આ ગાથા ફેર છે. ઓલામાં સહિત હતો એનું (સ્વરૂપ) બતાવ્યું. સહિત માનનારને. અને હવે અહીં રહિત છે એની વાત કરી. આહાહા..! આત્મા, (શરીર) અને કર્મથી રહિત છે. '**તો ભી અજ્ઞાનીયોં કો શરીર સ્વરૂપ માલૂમ હોતા હૈ...**' '**सकल इति प्रतिभातीत्येव**' શરીર જ હું છું, રાગ હું છું એમ એને ભાસે છે. કારણ કે ઓલો ભગવાન અંદર પડ્યો છે એની સામું જોતો નથી.

'**નિશ્ચયનયકર આત્મા દેહ ઔર કર્મોંસે રહિત હૈ, તો ભી મૂઢોં (અજ્ઞાનીઓં) કો શરીર સ્વરૂપ માલુમ હોતા હૈ, ઐસા કહતે હૈં :**' એમાં પણ એ આવે છે.

**३७) जा परमत्थेँ णिक्कलु वि कम्म–विभिण्णउ जो जि।**
**मूढा सयलु भणंति फुडु मुणि परमप्पउ सो।।३७।।**

'**જો આત્મા નિશ્ચયનયકર...**' '**निष्कलोऽपि**' એટલે શરીરરહિત. કલ એટલે શરીર. શરીરરહિત છે. '**कर्मविभितोऽपि** ' '**ઔર કર્મો સે ભી જુદા હૈ, તો ભી નિશ્ચય વ્યવહાર રત્નત્રયકી ભાવનાસે વિમુખ મૂઢ...**' મૂઢની વ્યાખ્યા કરી. '**भेदाभेदरत्नत्रयभावनारहिता** ' '**શરીરસ્વરૂપ હી પ્રગટપનેસે માનતે હૈં,...**' શરીરની ક્રિયા અને શરીર એ હું. 'શરીરસ્વરૂપ હી પ્રગટપનેસે માનતે હૈં, સો હે પ્રભાકરભટ્ટ! ઉસીકો પરમાત્મા જાન, અર્થાત્ વીતરાગ સદાનંદ નિર્વિકલ્પસમાધિમેં રહકે અનુભવ કર.' જાણની વ્યાખ્યા આ.

'**વીતરાગ સદાનંદ...**' આહાહા..! સત્ આનંદ, નિર્વિકલ્પ સમાધિ, શાંતિ. રાગ વિનાની શાંતિ, રાગ વિનાનો આનંદ, સદાનંદ. આહાહા..! સત્નો આનંદ. '**વીતરાગ સદાનંદ નિર્વિકલ્પસમાધિમેં રહકે અનુભવ કર.**' એનું નામ આત્માને જાણ એમ કહ્યું. આહાહા..! વીતરાગી સમભાવની પરિણતિથી આત્માને જાણ. સમજાણું કાંઈ? '**વહી પરમાત્મા શુદ્ધાત્માકે વૈરી મિથ્યાત્વ રાગાદિકોંકે દૂર હોનેકે સમય...**' ભાષા દેખો! ભગવાનઆત્મા શુદ્ધાત્મા જે એના વેરી, વિરોધિ, મિથ્યાત્વ અને રાગદ્વેષ '**દૂર હોનેકે સમય...**' આહાહા..! '**જ્ઞાની જીવોંકો ઉપાદેય હૈ,...**' તે સમયે ઉપાદેય છે. આહાહા..! કયા સમયે? કે '**મિથ્યાત્વ રાગાદિકોંકે દૂર હોનેકે સમય...**' આ દૂર (એટલે) એનો નાશ થયો એ સમયે. આહાહા..! '**જ્ઞાની જીવોંકો...**' નિર્મળ શુદ્ધ પરિણતિમાં જ્ઞાનીને જીવ ઉપાદેય છે. આહાહા..! ભાષા કઈ શૈલી છે?

'**મિથ્યાત્વ રાગાદિકોંકે દૂર હોને કે સમય...**' ત્યારે એને આત્મા ઉપાદેય છે એમ કહ્યું. સમજાણું? આત્મા ઉપાદેય છે અને રાગ હેય છે એવી ધારણા કરી એ નહિ, એમ કહે છે.

આહાહા..! પણ ભ્રમણા, મિથ્યાત્વ અને રાગનો અભાવ થઈને... આહાહા..! વસ્તુ સ્વભાવ જ્ઞાનીને શુદ્ધ પરિણતિમાં ઉપાદેય થયો, તે કાળે ઉપાદેય થયો. મિથ્યાત્વ અને રાગ દૂર થવાને કાળે સ્વભાવની સમીપ થયો ત્યારે આત્મા ઉપાદેય થયો. આહાહા..! સમજાણું કાંઈ?

'**तदभावे हेय**' બસ, ત્યાં એ જ નાખ્યું છે. આહાહા..! એટલે? મિથ્યાત્વ અને રાગ-દ્વેષ દૂર થવાને કાળે આત્મા ઉપાદેય છે. એ સિવાય મિથ્યાત્વ અને રાગના કાળમાં ભગવાન એને હેય છે. અરે..રે..! આહાહા..! આવી વાત સાંભળવી મુશ્કેલ પડે એવી છે. આહાહા..! ભગવાન! શું કહ્યું? જેને ભ્રમણા અને રાગનો અભાવ થયો છે તે કાળમાં એનેધર્મીને આત્મા ઉપાદેય છે. અને જ્યાં આગળ રાગ અને મિથ્યાત્વભાવ છે એને ભગવાનઆત્મા હેય છે. આહાહા..! કહો, 'હિંમતભાઈ'! આ બધું સાંભળ્યું નહોતું. આ બધું પહેલુંવહેલું છે. આવ્યા બરાબર ઠીક. આહાહા..! એટલે? વિપરીત માન્યતા અને રાગના ભાવનો અભાવ થયે તે અભાવના કાળમાં ધર્મીને આત્મા આદરણીય છે. રાગાદિ ભાવ રહે અને પ્રેમ રહે અને આત્મા આદરણીય થાય એમ બને નહિ. આહાહા..! વાડાવાળાને બિચારાને એવું આકરું પડે, હોં!

મુમુક્ષુ :- .. જરા ફરીને સમજાવે.

ઉત્તર :- એ સાંભળે છે, પ્રેમથી સાંભળે છે. આ તો વસ્તુ છે ને, બાપા! આહાહા..! આ ક્યાં કોઈના ઘરની છે. એના અંતર ઘરની છે. આહાહા..!

કહ્યું ને કે રાગ અને પુણ્યના ભાવનો પ્રેમ જેને દૂર થઈ ગયા છે એને એ કાળમાં આત્મા ઉપાદેય છે અને જેને... આહાહા..! રાગની રુચિ છે એ મિથ્યાત્વ છે અને રાગ છે તે પ્રેમ છે, અંદર પર પ્રત્યે, એનો જેને રાગમાં વ્યવહારરત્નત્રયમાં પણ જેને પ્રેમ છે અને જેને રુચિ છે એને આત્મા હેય છે. આહાહા..! જુઓ! આ સંતોની વાણી! આ દિગંબર સંતોના માર્ગ જુઓ! આહાહા..! આ જ માર્ગ દિગંબર સંત એ વાણી કહે. એ જ જૈનદર્શન છે, બાકી જૈનદર્શન નથી ક્યાંય. આહાહા..! '**मिथ्यात्वरागादिक दूर नहीं हुए उनके उपादेय नहीं,...**' એટલે કે તેને હેય છે એમ લેવું. અહીં સુધાર્યું છે, હોં!

મુમુક્ષુ :- પરવસ્તુનું જ ગ્રહણ કરે છે.

ઉત્તર :- પરવસ્તુનું ગ્રહણ એનો અર્થ આત્મા હેય છે. રાગનું ગ્રહણ છે ત્યાં આત્મા હેય છે. આહાહા..! વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**अथानन्ताकाशैकनक्षत्रमिव यस्य केवलज्ञाने त्रिभुवनं प्रतिभाति स परमात्मा भवतीति कथयति –**

**३८) गयणि अणंति वि एक्क उडु जेहउ भुयणु विहाइ।**
**मुक्कहँ जसु पए बिंबियउ सो परमप्पु अणाइ।।३८।।**

**गगने अनन्तेऽपि एकमुडु यथा भुवनं विभाति।**
**मुक्तस्य यस्य पदे बिम्बितं स परमात्मा अनादिः।।३८।।**

गगने अनन्तेऽप्येकनक्षत्रं यथा तथा भुवनं जगत् प्रतिभाति। क्व प्रतिभाति। मुक्तस्य यस्य पदे केवलज्ञाने बिम्बितं प्रतिफलितं दर्पणे बिम्बमिव। स एवंभूतः परमात्मा भवतीति। अत्र यस्यैव केवलज्ञाने नक्षत्रमेकमिव लोकः प्रतिभाति स एव रागादिसमस्तविकल्परहितानामुपादेयो भवतीति भावार्थः।।३८।।

आगे अनंत आकाशमें एक नक्षत्रकी तरह जिसके केवलज्ञानमें तीनों लोक भासते हैं, वह परमात्मा है, ऐसा कहते हैं –

**गाथा – ३८**

अन्वयार्थ :– [ यथा ] जैसे [ अनन्तेऽपि ] अनंत [ गगने ] आकाशमें [ एकं उडु ] एक नक्षत्र [ 'तथा' ] उसी तरह [ भुवनं ] तीन लोक [ यस्य ] जिसके [ पदे ] केवलज्ञानमें [ बिम्बितं ] प्रतिबिंबित हुए [ विभाति ] दर्पणमें मुखकी तरह भासता है, [ सः ] वह [ परमात्मा अनादिः ] परमात्मा अनादि है।

भावार्थ :– जिसके केवलज्ञानमें एक नक्षत्रकी तरह समस्त लोक–अलोक भासते हैं, वही परमात्मा रागादि समस्त विकल्पोंसे रहित योगीश्वरोंको उपादेय है।।३८।।

હવે, જેના કેવળજ્ઞાનમાં, અનંત આકાશમાં, એક જ નક્ષત્રની સમાન ત્રણ ભુવન પ્રતિભાસે છે તે પરમાત્મા છે એમ કહે છે :

ભાવાર્થ : અહીં જેના કેવળજ્ઞાનમાં એક જ નક્ષત્રની સમાન લોક પ્રતિભાસે છે, તે જ પરમાત્મા રાગાદિ સમસ્ત વિકલ્પરહિત યોગીઓને ઉપાદેય છે એ ભાવાર્થ છે. ૩૮.

---

**વીર સંવત ૨૫૦૨, અષાઢ સુદ ૪, ગુરુવાર**
**તા. ૧-૦૭-૧૯૭૬, ગાથા-૩૮-૩૯, પ્રવચન નં. ૨૩**

'પરમાત્મપ્રકાશ' ૩૮-ગાથા. **'આગે અનંત આકાશમેં એક નક્ષત્રકી તરહ જિસકે કેવલજ્ઞાનમેં તીનોં લોક ભાસતે હૈં, વહ પરમાત્મા હૈ, ઐસા કહતે હૈં–'**

३८) गयणि अणंति वि एक्क उडु जेहउ भुयणु विहाइ।
मुक्कहँ जसु पए बिंबियउ सो परमप्पु अणाइ।।३८।।

**અન્વયાર્થ :– 'જૈસે અનંત આકાશમેં...'** આકાશ છે એ અનંત છે. લોકાલોક વ્યાપક, અલોકમાં પણ આકાશ અનંત... અનંત... અનંત... અનંત... અનંત (છે). એવો જે **'અનંત આકાશમેં એક નક્ષત્ર ઉસી તરહ...'** આહાહા..! એક નક્ષત્ર હોય, એક તારો. **'અનંત આકાશમેં એક નક્ષત્ર ઉસી તરહ તીન લોક જિસકે કેવલજ્ઞાનમેં પ્રતિબિંબિત હુએ...'** જેની શક્તિ એટલી છે અને પ્રગટ થાય એ તો છે, પણ જેની શક્તિમાં લોકાલોક.. જેમ એક નક્ષત્ર

લોકાલોકમાં છે એમ ત્રણકાળ, ત્રણલોક...આહાહા..! જેના જ્ઞાનમાં એક નક્ષત્રની પેઠે જણાય જાય છે. આહાહા..!

મુમુક્ષુ :- આવડું બધું લોક એક નક્ષત્ર થઈ ગયું?

ઉત્તર :- લોક ભલે ક્ષેત્રથી મોટો હોય. અનંત અલોક હો.

જેનો જ્ઞાનસ્વભાવ, જેનું જ્ઞાનસ્વરૂપ, જેની જ્ઞાન શક્તિ એ અનંત આકાશમાં એક નક્ષત્ર, એમ લોકાલોક જેના જ્ઞાનમાં નક્ષત્રની પેઠે છે, કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- ... એક પર્યાયની શક્તિ.

ઉત્તર :- એક શક્તિ. પર્યાયની શક્તિ છે ને આ તો સ્વભાવની શક્તિ કીધી. અત્યારે એ વર્ણન છે.

ભગવાનઆત્મા એ ચૈતન્ય... આવ્યું હતું ને? ચૈતન્ય સ્વભાવથી વ્યાપ્ત આત્મા, એમ આવ્યું હતું ને? એ તો ચૈતન્યસ્વભાવથી વ્યાપ્ત પ્રસરે છે. ચૈતન્યસ્વભાવ એટલો અનંત અને અપાર છે કે આકાશમાં નક્ષત્ર જેમ અલ્પ દેખાય, એમ ભગવાનના જ્ઞાનમાં લોકાલોક નક્ષત્રની પેઠે છે. આહાહા..! એવું પરમાત્મસ્વરૂપ પોતાનું છે, એમ કહે છે.

'**અનંત આકાશમેં એક નક્ષત્ર ઉસી તરહ તીન લોક જિસકે...**' ત્રણલોક શબ્દ વાપર્યો છે પણ લોક ને અલોક બધું (લઈ લેવું). આહાહા..! જેના એકરૂપ જ્ઞાનસ્વભાવમાં, જેનો જ્ઞાનસ્વભાવ ચૈતન્ય ભગવાનઆત્માનો, એમાં તો '**પ્રતિબિંબિત હુએ દર્પણમેં મુખકી તરહ...**' દર્પણમાં જેમ મુખ જણાય, એમ જ્ઞાનના પ્રકાશના સ્વભાવમાં લોકાલોક નક્ષત્રની પેઠે જણાય જાય છે. આહાહા..! આત્મા જ્ઞાનસ્વભાવ છે એ અનંત પદાર્થમાંથી કોઈ પદાર્થનો કર્તા નથી. તેમ એને કોઈ કર્તા નથી. એવો જે સ્વતઃ જ્ઞાનસ્વભાવ, જેના પ્રકાશમાં દર્પણમાં જેમ મુખ જણાય... આહાહા..! આકાશમાં જેમ નક્ષત્ર જણાય એક આટલું, એમ ભગવાન જ્ઞાન જેનો સ્વભાવ, જેનું સત્ત્વ, જેની શક્તિ, એનું શું માપ? આહાહા..! સમજાણું કાંઈ? એવો પરમાત્મા પોતે છે, એમ કહે છે.

'**વહ પરમાત્મા અનાદિ હૈ.**' આહાહા..! વાત એને અંતર બેસવી (જોઈએ). એવી ચીજ છે. એ ભગવાનઆત્મા દેહમાં જે છે એનો ચૈતન્યપ્રકાશ, એના સ્વભાવની બેહદતા... આહાહા..! આવું આત્મસ્વરૂપ જેનું, જેમ આકાશમાં નક્ષત્ર દેખાય, એમ જેના જ્ઞાનના પ્રકાશમાં લોકાલોક એક નક્ષત્રની જેમ જણાય. આહાહા..! એવો આત્મા.. છે? અનાદિ... આહાહા..! એ ધ્યાન કરવા લાયક છે, એમ કહે છે. આહા..! કહેશે, જુઓ!

'**જિસકે કેવલજ્ઞાનમેં એક નક્ષત્રકી તરહ સમસ્ત લોક-અલોક ભાસતે હૈ,...**' મૂળ તો '**भुवनं**' શબ્દ કર્યો પણ લોક-અલોક લેવું છે ને. '**વહી પરમાત્મા...**' પોતે પરમસ્વરૂપ. જ્ઞાન સ્વભાવ એવો ભગવાનઆત્મા પોતે. આહાહા..! '**રાગાદિ સમસ્ત વિકલ્પોંસે રહિત...**' રાગથી રહિત નિર્વિકલ્પ સમ્યગ્દર્શન ને જ્ઞાન, એ દ્વારા તેને જાણવા લાયક છે. ભગવાનઆત્મા આવી શક્તિવાળું તત્ત્વ, એને સમ્યગ્દર્શન-જ્ઞાન જે રાગ વિનાની દૃષ્ટિ, રાગ વિનાનું જ્ઞાન, રાગ વિનાની સ્થિરતા, એવી નિર્વિકલ્પ દશાથી તેને ધ્યાનમાં લેવા લાયક છે.

આહાહા..!

અહીં તો એના જ્ઞાનમાં અનંત આકાશમાં જેમ નક્ષત્ર (હોય), એમ.. આહાહા..! એના જ્ઞાનમાં અનંત દેવ-કેવળજ્ઞાનીઓ, સિદ્ધ. દેવ, સિદ્ધ, ચાર જ્ઞાનના ધણી આદિ સંતો, ગુરુ અને જે શાસ્ત્ર ચૌદ પૂર્વને બતાવનારા કે આત્માને બતાવનારા એવા શાસ્ત્રો, એ બધા આ જ્ઞાનસ્વભાવમાં જણાય એવું એનું સ્વરૂપ છે, એમ કહે છે. સમજાણું કાંઈ? કોઈ મારા છે એમ માનવું એનું સ્વરૂપ નથી. આહાહા..! દેવ-ગુરુ ને શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ ને પરિવાર, સ્વર્ગ-નરકના ભાવો... આહાહા..! લાખો કેવળીઓ બિરાજે છે, તીર્થંકરો બિરાજે છે, એ બધાનું આત્માના જ્ઞાનમાં જાણવું થાય એવી એની શક્તિ છે, કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- ક્યારની વાત છે?

ઉત્તર :- અનાદિની. અનાદિનો એવો ભગવાન છે આત્મા. આહાહા..!

મુમુક્ષુ :- એ છે ત્યારે જણાય ને?

ઉત્તર :- છે તેને જાણે ત્યારે છે એમ એણે માન્યું. આહાહા..!

ચૈતન્યના પ્રકાશનું પૂર-નૂર પ્રભુ આત્મા છે. અનંતા પંચપરમેષ્ઠીઓ થયા, થાય ને થશે... આહાહા..! એ પણ જેના જ્ઞાનમાં, જેમ આકાશમાં નક્ષત્ર છે, એમ જણાય જાય છે. આહાહા..! અનંત કેવળીઓ, સિદ્ધો આકાશમાં નક્ષત્ર (જેમ હોય), એમ અનંતા સિદ્ધો જેના જ્ઞાનમાં જણાય છે એવો એ જ્ઞાનસ્વરૂપ આત્મા, એને નિર્વિકલ્પ દૃષ્ટિ-જ્ઞાન ને શાંતિથી ધ્યાનમાં લેવા લાયક છે, કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે, ભાઈ! આહાહા..! છે? જુઓ! ટીકામાં છે.

‘**रागादिसमस्तविकल्परहितानामुपादेयो**’ આહાહા..! સાર કાઢ્યો છે ને પાછો? સંસ્કૃતમાં છે. ૩૮. આહાહા..! માખણ છે એકલું આ તો. અહીં તો કહે છે કે તું રાગવાળો નહિ, વ્યવહાર-પુણ્યવાળો નહિ, પાપવાળો નહિ, શરીરવાળો નહિ, કર્મવાળો નહિ, અલ્પજ્ઞવાળો નહિ. આહાહા..! તારો સ્વભાવ પ્રભુ જ્ઞાનસ્વરૂપ છે એનું શું કહેવું? આહાહા..! જેના જ્ઞાનના સ્વભાવમાં લોકાલોક, દર્પણમાં જેમ મુખ દેખાય... આહાહા..! એમ જ્ઞાનરૂપી દર્પણમાં લોકાલોક નક્ષત્રની પેઠે જણાય. આહાહા..! ગજબ વાત છે. આ સાધારણ વાત નથી, હોં! બહુ ટૂંકા શબ્દમાં મહાપ્રભુનું વર્ણન છે. આહાહા..! ચેતન મહાપ્રભુ. સમજાણું કાંઈ? જેની ચૈતન્ય મહાપ્રભુ શક્તિ છે. આહાહા..! અનાદિની, હોં! આહાહા..!

ચૈતન્યશક્તિ સ્વભાવવંત પ્રભુ, જેમાં લોકાલોક તો નક્ષત્રની પેઠે જણાય જાય. આહાહા..! શું કહે છે આ! એવો તું પરમાત્મ સ્વરૂપે છો. એને વીતરાગી શ્રદ્ધા-જ્ઞાન ને શાંતિ દ્વારા તેને જો, એને માન. આહાહા..! સમજાણું કાંઈ? એવો ભગવાન જ્ઞાનશક્તિ, જેમાં અનંતા કેવળીઓ પણ નક્ષત્રની પેઠે જણાય જાય, પ્રભુ! એવો તું. આહાહા..! ચૈતન્ય મહાપ્રભુ, એને રાગ વિનાની નિર્વિકલ્પ દૃષ્ટિ-જ્ઞાન દ્વારા ઉપાદેય કર. ત્યાં ધ્યાન લગાવ. આહાહા..! જ્યાં પ્રભુ પડ્યો છે મોટો. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું છે.

જ્યાં પ્રભુશક્તિથી ભરેલો... આહાહા..! જેની શક્તિ ખંડિત ન થાય અને જેની શક્તિ સ્વતંત્રપણે શોભાયમાન પરમાત્મા પોતે છે. આહાહા..! અહીં જ્ઞાનની શક્તિ લીધી છે ને?

જેનો જ્ઞાનસ્વભાવ, એવા તો અનંત ગુણો છે પણ આ એક સ્વભાવ. આહાહા..! જેનો એ જ્ઞાનસ્વભાવ, એક ગુણનો સ્વભાવ... આહાહા..! જેને લોકાલોક જાણતા નક્ષત્રની પેઠે જણાય. આહાહા..! અરે..! એવા તો અનંતા ગુણો અંદર (છે). અને એ અનંતા ગુણો પણ જ્ઞાનમાં જણાય જાય. અને તે જ્ઞાનમાં જ્ઞાન જણાય જાય પાછું. આહાહા..!

આવો ભગવાનઆત્મા છે, ભાઈ! એણે પામર તરીકે માનીને અનાદર કરી નાખ્યો. એને રાગવાળો માનીને એનો અનાદર કર્યો છે. આહાહા..! એ હિંસા કરી છે. એટલે? આવા સ્વભાવ સહિત જેના જીવન છે, ટકવું છે એને એ રીતે ન માનતા, એને રાગવાળો, અલ્પજ્ઞ માનવો એ આખા ચૈતન્યના સ્વભાવની, અનંતા લોકાલોકને જાણે છતાં અનંત શક્તિ બાકી રહે, એવા આત્માનો નકાર કરી અને રાગના ભાવનો જેણે પ્રેમ ને રુચિ કરી છે.. આહાહા..! જેને અલ્પ જ્ઞાનમાં રુચિ ને ઉત્સાહ થયો છે. આહાહા..! એણે આવા જીવની હિંસા કરી છે. એટલે કે તું નથી. આવડો તું નથી. તું આવડો છો. આહાહા..!

એવો ભાવવાળો પ્રભુ, એને તો કહે છે કે એના તરફની સન્મુખ દૃષ્ટિ અને જ્ઞાન દ્વારા એ જણાય અને ઉપાદેય થાય. આહાહા..! આવો પ્રભુ વીતરાગી પરિણતિ દ્વારા ઉપાદેય થાય અથવા જણાય. આહાહા..! જે લોકાલોકને આ જાણે એ વીતરાગી પરિણતિ દ્વારા જણાય. આહાહા..! શું કહ્યું સમજાણું? આવી વાત છે, ભાઈ! આ તો 'પરમાત્મપ્રકાશ' છે. આહાહા..! રાત્રે આવ્યું છે ને? આહાહા..!

તારી ચૈતન્યશક્તિની મોટપની શું વાત કરવી, પ્રભુ! આહા..! એ ચૈતન્યશક્તિએ તું પ્રભુ છો. એ પ્રભુત્વશક્તિમાં લોકાલોક તો જેમ આકાશમાં એક નક્ષત્ર હોય એમ જણાય જાય. આહાહા..! એવા પૂર્ણ સ્વરૂપ ભગવાનને આદરવા માટે એની સન્મુખની દૃષ્ટિ-જ્ઞાન ને નિર્વિકલ્પદશા જોશે, એમ કહે છે. તો એણે આદર્યો. અને જેણે રાગ ને પુણ્યને આદર્યું છે એણે ભગવાનના સ્વભાવનો અનાદર કર્યો છે. આવો પરમાત્મા છે એ નથી. આહાહા..! એવી વાતું છે, ભગવાન! આહાહા..!

'**વહી પરમાત્મા...**' આહાહા..! '**રાગાદિ સમસ્ત વિકલ્પોંસે રહિત...**' નિર્વિકલ્પ અનુભવમાં એ જણાય એવો છે. આહાહા..! આવી મોટપ તે કાંઈ રાગથી જણાય? સમજાણું કાંઈ? આવું મહાપ્રભુ ચૈતન્યતત્ત્વ એ તો શાંતિ, વિકલ્પ વિનાની... આહાહા..! નિર્વિકલ્પ સમભાવની પરિણતિ દ્વારા એ (જણાય). આહાહા..! આ જાણે લોકાલોકને એટલે એટલું નક્ષત્ર મોટું, પણ આ નિર્વિકલ્પ પરિણતિથી તે જણાય જાય. આહાહા..! સમજાણું કાંઈ? તો એ નિર્વિકલ્પ પરિણતિનું સામર્થ્ય કેટલું? '**अक्खयामेया**' કીધું ને? ચારિત્ર. આહાહા..! ગજબ વાત છે. ચારિત્રપાહુડ, ચોથી ગાથા. એની શ્રદ્ધા, એનું જ્ઞાન, આ આવો છે એવી પ્રતીત, એનું જ્ઞાન, એની અંતરની એકાગ્રતા, અમાપ વસ્તુને શ્રદ્ધે-જાણે તો એ વસ્તુ કેટલી? આહાહા..! ચૈતન્ય વસ્તુ શું છે એનું લોકોને મહાત્મ્ય નથી. અને આ બહારના મહાત્મ્યમાં ઘૂંચાઈ ગયો. પરદ્રવ્યના મહાત્મ્યમાં કાં બહારની ક્રિયાકાંડ, દયા, દાન, વ્રતાદિના ભાવ એ વિકાર છે. એના મહાત્મ્યમાં વયો ગયો, એને સ્વભાવનું મહાત્મ્ય ન આવ્યું. સમજાણું કાંઈ?

એથી છેલ્લે કહ્યું. આવો જે ભગવાનઆત્મા, એને વીતરાગી પરિણતિથી યોગીશ્વરોએ ઉપાદેય કર્યો છે. છે ને? '**रागादि समस्त विकल्पोंसे रहित योगीश्वरोंके उपादेय है.**' એવી વીતરાગ દશાવાળાને તે ઉપાદેય છે. આહાહા..! જેણે આવી પ્રભુતા સન્મુખ, પરથી વિમુખ થઈ અને આવો ભગવાન છે તેની સન્મુખ દૃષ્ટિ, તેની સન્મુખનું જ્ઞાન વિકાર વિનાનું, તેના સન્મુખની સ્થિરતા એ દ્વારા એ ઉપાદેય છે. આહાહા..! બહુ સરસ વાત છે. આહાહા..! આત્મા કેવડો મોટો કેમ છે. આ તો એક જ્ઞાનગુણની આવડી શક્તિ. આહાહા..!

મુમુક્ષુ :- એક ગુણની પર્યાયની.

ઉત્તર :- આહાહા..! આ તો શક્તિનું વર્ણન છે અંદર. પર્યાયમાં જણાય છે. આ તો એની શક્તિ એટલી છે. એવી એવી અનંતી શક્તિ. આહાહા..! પ્રગટ એક સમયમાં જણાય અને એની પાછી શ્રદ્ધા, એવડી શ્રદ્ધા કે આખો પૂર્ણ આવડો છે એવી શ્રદ્ધા. અને પર્યાયમાં કેવળજ્ઞાન થાય એક સમયમાં એવી એક શ્રદ્ધા. એ શ્રદ્ધાનું જ કેટલું જોર! આહાહા..! એ શ્રદ્ધામાં કેટલું સામર્થ્ય આવ્યું! એમ એની રમણતામાં કેટલું સામર્થ્ય આવ્યું! આહાહા..! પૂર્ણ પરમાત્મશક્તિનો સાગર, એમાં એના તરફના વલણની સ્થિરતા. સ્થિરતા અને અંદરનો ચારિત્રગુણ છે એનું તો શું માપ! સમજાણું કાંઈ? જ્ઞાનગુણ, શ્રદ્ધાગુણ, શાંતિ-ચારિત્રગુણ, આનંદગુણ, અસ્તિત્વગુણ... ઓહોહો..!

અનંત શક્તિઓ ઊછળે છે. નથી આવ્યું? શક્તિઓમાં ગજબ કામ કર્યા છે આચાર્યે! ઓહોહો..! થોડા શબ્દમાં દરિયો બતાવ્યો છે આખો. સાગર બતાવ્યો છે સાગર. સાગરના ત્રણ અક્ષરમાં સાગર જણાવ્યો છે. આહાહા..! એમ ભગવાનઆત્મા પોતાની શક્તિઓ જે અનંત છે, એ એક એક શક્તિ આટલી અનંત છે. એ પ્રમાણે બધી શક્તિઓ છે એ અનંત છે. એવી શક્તિનો સાગર ભગવાન, એ તો વીતરાગી દૃષ્ટિ દ્વારા જ ઉપાદેય થઈ શકે. બાકી કોઈ (બીજો ઉપાય નથી). આહાહા..! સમજાણું કાંઈ? જેમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે એ દશા દ્વારા જણાય, એમ કહે છે. સમજાણું કાંઈ? ૩૮ થઈ. ૩૯. ઓહોહો..! એક એક ગાથાએ પ્રભુને ડોલાવી દીધો છે.

જેની એક પર્યાયમાં આવડો આત્મા... આહાહા..! કેવળજ્ઞાનની પર્યાયમાં જણાય અને આ શક્તિમાં જણાય, પણ એની જે પર્યાય છે એમાં એ પોતે જણાય. આહાહા..! એ પર્યાયનું સામર્થ્ય કેટલું! આહાહા..! એક એક શ્રદ્ધાની પર્યાય, જ્ઞાનની પર્યાય, ચારિત્રની પર્યાય. તેથી ત્યાં 'અષ્ટપાહુડ'માં ભગવાને કહ્યું. '**अक्खयामेया**' આહાહા..! ગજબ વાતો કરી છે ને! જે પરમાત્મસ્વરૂપ આવો પ્રભુ, એની જેને પ્રભુતા પ્રતીતમાં આવી, એવી પ્રભુતા જેને જ્ઞાનમાં જ્ઞેય થઈને જણાણી, એવી પ્રભુતામાં જે ઠર્યો છે, કહે છે કે એ તો અક્ષય અમેય દશા છે. આહાહા..! પર્યાય, હોં! સાધકની, હોં! આહાહા..! એનું દ્રવ્ય એવડું, એના ગુણો એવડા, એને સ્વીકારનાર પર્યાય પણ અક્ષય અમેય. આહાહા..! એને અહીંયાં દ્રવ્ય-ગુણ-પર્યાયવાળો આત્મા કહે છે. સમજાણું કાંઈ? આ વાદવિવાદે કાંઈ પાર ન આવે, બાપુ! બહારમાં હો-હા. સમાજ સુધારો ને આ કરો.. ને આ કરો... અરે..! ભાઈ! કરે કોણ? કોને ન જાણે અને કરે કોણ? કોને ન જાણે? બધાને જાણે. કરે કોનું? કોઈનું નહિ. આહાહા..!

એ તો લોકોને બહારમાં દેશને સુધારો, સુખી કરો, આ કરો. લોકોને એવું લાગે.. યુવાન વર્ગો એ યાદ કરો. દહેજ-પૈસા લેવાનું બંધ કરો. દહેજ-દહેજ. એ આવ્યું છે. બહુ કાલે આવ્યું છે.

મુમુક્ષુ :- લગનમાં...

ઉત્તર :- લગનમાં પૈસા લેવા. યુવકો ભેગા કરીને બંધ કરો. યુવકો પ્રતિજ્ઞા લ્યો કે જ્યાં એવા દહેજ અપાય ત્યાં જશું નહિ. લોકોને સારું લાગે. છાપામાં આવ્યું છે. ત્યાં .. છે ને કો'ક મોટુ? કાર્યકર્તા નહિ? ઉપરાષ્ટ્ર. એ ત્યાં આવ્યા હતા. બધું ભાષણ કર્યું. એણે કહ્યું. લોકોને બહારથી એવું લાગે કે ... ભેગા થઈને આખો દે.. ઓલા કેવા? 'દેવકુમાર', 'હીરાલાલ'. અરે..! પ્રભુ!

ભાઈ! તું તો જાણનારો છો ને. અને જાણવામાં કોઈને બાકી રાખે નહિ એવો છો. આહાહા..! એ જાણનારો શું કરે? ભાઈ! આહાહા..! એ કરે જાણવાની દશા. આહાહા..! એ શ્રદ્ધાની દશા. એ તો કહે, સ્વાર્થી થઈ ગયા બધા. એમ કહે છે. અરે..! પ્રભુ! ભાઈ! એ જ રીતે થઈ શકે છે. બીજી રીતે થઈ શકતું નથી. પરમાર્થનો અર્થ પણ એ છે. કહ્યો હતો ને? ટીકાનો પરમાર્થનો. એ મૂળ શ્લોકમાં છે, હોં! પરામા - ઉત્કર્ષ મા - લક્ષ્મી એવો જે અર્થ-પદાર્થ.. આહાહા..! એને પરમાર્થ કહીએ. પરના પરમાર્થ કરે એ કોઈ દિ' ત્રણકાળમાં કરી શકતો નથી, ભાઈ! પરમાર્થ કરો.. પરમાર્થ કરો.. પરમાર્થ કરો... આહાહા..! પરમાર્થ તો એને પરમાત્મા કહે છે. પરા-મા. પરા નામ ઉત્કૃષ્ટ, મા નામ લક્ષ્મી. આનંદની અને જ્ઞાનની લક્ષ્મી એવો જે અર્થ-પદાર્થ. આહાહા..! એનો જે સમ્યગ્દર્શન-જ્ઞાનથી આદર કરે એ લક્ષ્મી એણે કામ કર્યા. આહાહા..! સમજાણું કાંઈ? આવું છે. ૩૮ થઈ.

---

**अथ योगीन्द्रवृन्दैर्यो निरवधिज्ञानमयो निर्विकल्पसमाधिकाले ध्येयरूपश्चिन्त्यते तं परमात्मानमाह –**

**३९) जोइय–विंदहिँ णाणमउ जो झाइज्जइ झेउ।**
**मोक्खहँ कारणि अणवरउ सो परमप्पउ देउ।।३९।।**

**योगिवृन्दैः ज्ञानमयः यो ध्यायते ध्येयः।**
**मोक्षस्य कारणे अनवरतं स परमात्मा देवः।।३९।।**

**योगीन्द्रवृन्दैः शुद्धात्मवीतरागनिर्विकल्पसमाधिरतैः ज्ञानमयः केवलज्ञानेन निर्वृत्तः यः कर्मतापन्नो ध्यायते ध्येयो ध्येयरूपोऽपि। किमर्थं ध्यायते। मोक्षकारणे मोक्षनिमित्ते अनवरतं निरन्तरं स एव परमात्मा देवः परमाराध्य इति। अत्र य एव परमात्मा मुनिवृन्दानां ध्येयरूपो भणितः स एवशुद्धात्मसंवित्तिप्रतिपक्षभूतार्तरौद्रध्यानरहितानामुपादेय इति भावार्थः।।३९।।**

---

**आगे अनंत ज्ञानमयी परमात्मा योगीश्वरोंकर निर्विकल्पसमाधि–कालमें ध्यान करने योग्य है, उसी परमात्माको कहते हैं –**

**गाथा – ३९**

**अन्वयार्थ :– [ यः ] जो [ योगीन्द्रवृन्दैः ] योगीश्वरोंकर [ मोक्षस्य कारणे ] मोक्षके निमित्त [ अनवरतं ] निरन्तर [ ज्ञानमयः ] ज्ञानमयी [ ध्यायते ] चिंतवन किया जाता है, [ सः परमात्मा देवः ] वह परमात्मदेव [ ध्येयः ] आराधने योग्य है, दूसरा कोई नहीं।**

**भावार्थ :– जो परमात्मा मुनियोंको ध्यावने योग्य कहा है, वही शुद्धात्माके वैरी आर्त–रौद्र ध्यानकर रहित धर्म ध्यानी पुरुषोंको उपादेय है, अर्थात् जब आर्तध्यान रौद्रध्यान ये दोनों छूट जाते हैं, तभी उसका ध्यान हो सकता है।।३९।।**

---

**હવે, યોગીશ્વરો નિર્વિકલ્પ સમાધિકાળે નિરવધિ જ્ઞાનમય જેને ધ્યેયરૂપ ચિંતવે છે તે પરમાત્માને કહે છે :**

**ભાવાર્થ : અહીં જે પરમાત્મા મુનિઓને ધ્યેયરૂપ કહ્યો છે તે જ શુદ્ધાત્માના સંવેદનથી પ્રતિપક્ષભૂત એવા આર્તધ્યાન અને રૌદ્રધ્યાનથી રહિત ધ્યાનીને ઉપાદેય છે એવો ભાવાર્થ છે. ૩૯.**

---

## ગાથા-૩૯ ઉપર પ્રવચન

'**આગે અનંત જ્ઞાનમયી પરમાત્મા યોગીશ્વરોંકર નિર્વિકલ્પસમાધિ-કાલમેં ધ્યાન કરને યોગ્ય હૈ,...**' ભાષા જુઓ! આહાહા..! એવો જે ભગવાન, વિકલ્પથી શૂન્ય થઈને નિર્વિકલ્પમાં તે અસ્તિપણાનું જ્ઞાન થઈ શકે છે. સમજાણું કાંઈ? આવું જે અસ્તિત્વ પરમાત્મસ્વરૂપ ભગવાનઆત્મા, અત્યારે એવડો જ એ છે. આહાહા..! એ પરમાત્મા અનંત જ્ઞાનમય પરમાત્મા યોગીશ્વરોથી અંતરમાં જોડાણ કરનાર સમકિતી જ્ઞાની આદિ દ્વારા નિર્વિકલ્પ શાંતિના કાળમાં...આહાહા..! એના તરફ વળેલી શાંત દશામાં આહાહા..! '**ધ્યાન કરને યોગ્ય હૈ, ઉસી પરમાત્માકો કહતે હૈં–**' ૩૯.

**३९) जोइय–विंदहिँ णाणमउ जो झाइज्जइ झेउ।**
**मोक्खहँ कारणि अणवरउ सो परमप्पउ देउ।।३९।।**

**અન્વયાર્થ :–** '**જો યોગીશ્વરોંકર મોક્ષકે નિમિત્ત...**' ધર્માત્માને મોક્ષને કારણે '**નિરંતર જ્ઞાનમયી...**' ધ્યાન કરવા લાયક છે. આહાહા..! એ તો એકલું જ્ઞાનસ્વરૂપ છે આવું પૂર્ણ, એવું જેને ધ્યાન નામ ચિંતવન કરવા લાયક છે. આહાહા..! લ્યો! આ પોતાનો સ્વાર્થ કરનાર છે આ તો. આહાહા..! અને એ ક્યાં પૂર્ણ સ્વરૂપ નથી કે જેથી તું એને કાંઈ કરી દે? આહાહા..! એ પૂર્ણ છે પ્રભુ. સમજાણું કાંઈ? આહાહા..! એ પૂર્ણનો સ્વીકાર કરીને એ જ

પૂર્ણને આદરશે. એમાં તું બીજાને શું કરી દે? સમજાણું કાંઈ?

ધર્માત્માને '**મોક્ષકે નિમિત્ત નિરંતર જ્ઞાનમયી...**' '**ध्यायते**' ભગવાન એકલો જ્ઞાનસ્વભાવ, ચૈતન્યસ્વભાવથી વ્યાપ્ત પરમાત્મા, એવું જે જ્ઞાનસ્વરૂપ તેનું ધ્યાન કર. આહાહા..! બાહ્ય ક્રિયાકાંડમાં બાહ્ય ત્યાગની મહિમા થઈ જાય છે ને? એને તત્ત્વની ખબર નથી. બાહ્ય ત્યાગ ને કાંઈક આ કરે ને આ કરે એમ કરીને... આહાહા..! અહીં તો કહે છે, પ્રભુ! અંતરમાં અલ્પજ્ઞપણે માન્યું છે, રાગવાળો માન્યો છે તેનો ત્યાગ કર અને પૂર્ણ જ્ઞાનમય, આનંદમય છું... આહાહા..! તેનું ધ્યાન કર. હવે આ વસ્તુ નથી. માણસ જાજા ભેગા થાય ને ઓહોહો..! દેશને સુધારો, સુખી કરો, દેશના સુખમાં ભાગ લ્યો. યુવાનોએ આ કામ કરવા.

મુમુક્ષુ :- ઘરડાએ શું કરવું?

ઉત્તર :- એમ કે યુવાનો હવે ભવિષ્યમાં એ મોટા થવાના છે એટલે એણે આ બધું કામ હવે ઉપાડી લેવું. મોટા-વૃદ્ધ તો એ થવાના છે ને હવે? આ વૃદ્ધ તો થઈ ગયા હવે. આહાહા..! કોણ વૃદ્ધ ને કોણ યુવાન? ભાઈ! ભગવાન ત્રણલોકનો નાથ સદાય એવો ને એવો છે. આહાહા..! એને અલ્પજ્ઞ ને રાગવાળો માન્યો છે તે જ બાળકપણું છે. એ બાળપણું અજ્ઞાન છે. બાળક છે, એ બાળક છે. આહાહા..! એનો અભાવ કરીને સર્વજ્ઞ સ્વભાવી ભગવાનઆત્મા એવા પૂર્ણ પ્રભુને જેણે શ્રદ્ધા-જ્ઞાનથી ધ્યાનમાં આદર લીધો એ યુવાન થયો. એ ધર્મમાં યુવાન થયો. એ યુવાની એને ફાટી. આ શરીરની યુવાની ફાટે છે ને? અવયવો જાડા, પૃષ્ઠ ને ધોળા. અરે..! હાડકા છે બાપા! એ તો. તારી યુવાની તો એને પરમાત્મા કહે કે જેવું પૂર્ણ સ્વરૂપ છે તેવી પ્રતીત જ્ઞાન ને તે સન્મુખની રમણતા (થાય), ત્યારે તેને યુવાન કહે છે. આહાહા..! અને એની પૂર્ણ દશાની, જેવો પૂર્ણ છે એવી પૂર્ણ પર્યાય પ્રગટ થઈ જવી એ વૃદ્ધ થઈ ગયો, એ પાકો થઈ ગયો. આહાહા..! આવી વાત છે, ભાઈ! જગતથી જુદી છે. જગતમાં તો સાંભળવા મળે એવી નથી.

મુમુક્ષુ :- આ વાતનો મેળ ક્યાંય ખાતો નથી.

ઉત્તર :- દુનિયા સાથે ક્યાંય મેળ ખાતો નથી. વાત તો સાચી છે. આહાહા..! પ્રભુતા તારી ક્યાં કમી છે, નાથ! કે તારે પર સામું જોવું પડે, એમ કહે છે. લાલચ રાખે કે અહીંથી થાશે ને અહીંથી થાશે. પ્રભુ! તને પ્રભુતાની પ્રતીતિ નથી, હોં! જે કાંઈ મને જોવે છે એ બધું પૂર્ણ મારામાં પડ્યું છે. ક્યાંય બહારથી આવતું નથી. પરમાત્મા દઈ શકતા નથી કે એ તારો માલ ત્યાં છે તે આપે? તારો માલ તો (તારી પાસે છે). એની પ્રતીતિ અને એની રમણતા દ્વારા એ માલ પ્રગટ થાય એવો છે. આહાહા..! બીજો કોઈ એનો ઉપાય નથી.

'**જ્ઞાનમયી ચિંતવન કિયા જાતા હૈ, વહ પરમાત્મદેવ...**' '**स परमात्मा देवः**' પોતે દિવ્ય શક્તિનો દેદાર ભગવાનઆત્મા દેવ છે. આહાહા..! બહારની આંખે જોતા એની એને ખબર પડતી નથી. '**स परमात्मा**' દેવ છે. એ તું દેવ છો એનું આરાધન કર, એમ કહે છે. પરદેવ છે એ તો પરમાં લક્ષ જશે તો રાગ થશે. આહાહા..! આવી વાત છે, ભાઈ! મુદ્દાની રકમ તો આ

છે. આહાહા..! 'શાંતિભાઈ'! આવું કામ છે, બાપા! પરમ સત્ય પ્રભુ છે. એ પરમ પ્રભુ ... એ સત્ છે તેની સન્મુખ થા. .. એમ કહે છે. આહાહા..! અને તેમાં તે જણાય એવો છે. એ ગુરુથી નહિ, વાણીથી નહિ. આહાહા..! એ તો પહેલા આવી ગયું છે. વેદ-દિવ્યધ્વનિથી જણાય એવો નથી, ગુરુથી જણાય એવો નથી, મહામુનિઓની વાણીથી જણાય એવો નથી. આહાહા..! અરે..! આકરી વાતું. તારી પ્રભુતા, તારી પર્યાયની પ્રભુતા દ્વારા જણાય એવી છે. આહાહા..! આવું છે. આ પૈસાવાળા ને આ ધંધામાં હેરાન-હેરાન થઈને મરી ગયા.

મરી ગયેલા છે. આહાહા..! ભગવાન પૂર્ણાનંદના નાથનો જ્યાં સ્વીકાર નથી અને એની પોતાની હયાતી આવી હોવા છતાં રાગ અને એના ફળની હયાતીનો સ્વીકાર (કરે છે), એનો અનાદર-મૃત્યુ છે. 'હિંમતભાઈ'! આવી વાતું છે આ. આહાહા..! જેની આવી પ્રભુતાથી ભરેલો ભગવાન, એની હયાતીમાં બીજાની હયાતીનો સ્વીકાર કરીને આ હયાતીનો નકાર કરવો. આવું છે.

ભગવાનઆત્મા. આહાહા..! બધા દેહદેવળમાં બિરાજતા. આહાહા..! ત્યાં નથી નાત, નથી જાત, નથી વેદ, નથી વાસના... આહાહા..! નથી ગતિ. આહાહા..! એવો જે ભગવાનઆત્મા, એકવાર દૃષ્ટિમાં તો લે, નાથ! આહાહા..!

છે તેનો રક્ષક તો થા એકવાર. રાગ અને પરને માનીને ભક્ષ તો થઈ ગયો છો તું. આહાહા..! બહુ વાત એવી છે. આ તો જેણે સંસાર અંત લાવવાનો નિકટ છે... આહાહા..! એની વાત છે આ તો, ભાઈ! બહારમાં તો આમ એવું કરે, આમ દે ને પૈસા બીજાને આપે, બીજાના વખાણ કરે. આહાહા..! લોકોને કેટલું સારું લાગે! અરેરે..! ક્યાં બાપા, ભાઈ! એ પરમાત્મ દેવ આરાધવા યોગ્ય છે. '**ध्येयः**' નો અર્થ એ કર્યો. પરમાત્મદેવને '**ध्येयः**' કરવા જેવું છે. આહાહા..! એટલે કે આરાધના કરવા જેવું છે. આહાહા..! આ દેવીની આરાધના નથી કરતા? એ તું દેવ છો એની આરાધના કર, ભાઈ! આહાહા..! આ તો જોને ઓલી કેવી પદ્માવતીદેવી ને ચક્રેશ્વરી દેવી ને.. આહાહા..! એના જેને મહાત્મ્ય. અરે..રે..! શું કરે?

મુમુક્ષુ :- પદ્માવતી દેવીએ પાર્શ્વનાથની રક્ષા કરી હતી.

ઉત્તર :- રક્ષા કોઈ કરતો નથી.

એ '**આરાધને યોગ્ય है, दूसरा कोई नहीं.**' છે ને? ૩૯. '**इति भावार्थः**' પછી નકાર એનો '**ध्येयरूपो भणितः स एवशुद्धात्मसंवित्तिप्रतिपक्षभूतार्तरौद्रध्यानरहितानामुपादेय**' એ આવ્યું ને? ૩૯. એ ઉપાદેય છે. થોડું પણ પરમ સત્ય હોવું જોઈએ ને ભાઈ! બધા વિકલ્પો, પુણ્ય-પાપના, દયાના, વ્રતના, ભક્તિના... આહાહા..! એ વડે કાંઈ જણાય એવો નથી. હવે એ કહે છે કે વ્યવહાર દ્વારા નિશ્ચય જણાય. શાસ્ત્રમાં છે ને? વ્યવહાર સાધન. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. આહાહા..! 'પંચાસ્તિકાય'માં આવે છે. એ બધા અર્થ કરે. અને આ 'સમયસાર'ની ૧૨મી ગાથાનો અર્થ કરે. '**ववहारदेसिदा पुण जे दु अपरमे ट्ठिदा**' જેની અપરમ સ્થિતિ એટલી છે એને વ્યવહારનો ઉપદેશ દેવો. એવો અર્થ કરે છે.

મુમુક્ષુ :- એને આવડે છે ઈ કીધો..

ઉત્તર :- અરે..! એના ઉપદેશની વાત નથી, ભાઈ! નીચલી દશામાં છે તેની નીચલી દશા એને જાણવી. બસ. જાણવી એટલું એને કહેવામાં આવ્યું છે. બાકી આશ્રય તો એક જ ત્રિકાળી પરમાત્માનો છે. પણ અપૂર્ણ દશા હજી છે, એ છે એને વ્યવહારે જાણવી. વ્યવહાર આદરણીય છે એમ નહિ. તેમ વ્યવહારનો ઉપદેશ દેવો એમ પણ નથી ત્યાં. એનો અર્થ જ કર્યો નથી 'અમૃતચંદ્રાચાર્યે'. આહાહા..! હવે એ બધા મોઢા આગળ એ મૂકે, લ્યો! એ શેઠે ત્યાં 'દિલ્હી' માં મૂક્યું હતું. 'શાહુજી'. (કહે), આ ૧૨મી ગાથા. ઓલા લોકોએ કહ્યું હોય ને. '**ववहारदेसिदा पुण जे दु अपरमे ट्ठिदा**' અરેરે..!

મુમુક્ષુ :- આપ અર્થ બીજા કરો છો.

ઉત્તર :- એમાં ટીકામાં એવો અર્થ છે. એનો અર્થ ઈ છે. ''**ववहारदेसिदा**'નો અર્થ વ્યવહાર છે તેને જાણવો, એનું નામ ''**ववहारदेसिदा**'. ઉપદેશ કરવો-ફરવો એની વ્યાખ્યા છે જ નહિ. શું થાય પણ? લોકોને બહારની મીઠાશ (લાગી છે) એમ કે વ્યવહાર કરતા કરતા નિશ્ચય થાય. નીચલાવાળાને તો વ્યવહારનો જ ઉપદેશ દેવો. આહાહા..! અપરમભાવમાં સ્થિત છે તેને તે અપૂર્ણતા છે તેને જાણવી. તે કાળે તેને જાણવી એ પ્રયોજનવાન છે. આહાહા..! આવી વાત (છે) પણ શું થાય? 'શ્રીમદ્'માં આ જરી ખટકે લોકોને. 'નિશ્ચય રાખી લક્ષમાં સાધન કરવા સોઈ.' એટલે આ સાધન, હોં! બહારના. ઓલું સાધન નહિ. એ સાધન જ નથી.

મુમુક્ષુ :- એ નિમિત્ત કહેવાય.

ઉત્તર :- નિમિત્ત હો. એથી શું થયું? નિમિત્તનો અર્થ કાંઈ કાર્યકર નથી એમ થયું એ તો.

મુમુક્ષુ :- કાર્યકર તો પોતાનું ઉપાદાન જ છે.

ઉત્તર :- થઈ રહ્યું ત્યારે. આ એવી વાત છે. પણ એ બધા એ રીતે (માને). હમણા નાખ્યું છે ને, 'ચીમનચકુ'એ. જુઓ! આમાં લીધું છે. સાધન કીધા છે, ફલાણું કીધું છે. એ વખતે એ સ્થિતિમાં ઊભા રાખ્યા હતા. વસ્તુસ્થિતિ એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? સાધન એક જ પ્રકારનું છે. નિર્વિકલ્પ શાંતિ તે એક જ સાધન છે. રાગને સાધન કહે એ તો આરોપિત કથન છે. આહાહા..! હવે અહીં સુધી આવા અર્થ ન સમજે તો શું થાય? એને પોતાને જ નુકસાનનું કારણ છે એવું ન સમજે. આહાહા..! રાગના સાધન દ્વારા વીતરાગતા પુષ્ટિ થાય?

મુમુક્ષુ :- ક્યારેક ક્યારેક થાય.

ઉત્તર :- ક્યારેક (એટલે) ક્યારે? ક્યે કાળે? આહાહા..! રાગ તો બાધક છે. એને સાધકનો આરોપ આપ્યો છે. જેમ નિશ્ચય સમ્યગ્દર્શન સ્વને આશ્રયે છે એને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાના રાગને વ્યવહાર સમકિત કહ્યું. એ સમકિતની પર્યાય નથી. એ તો રાગ છે. એ તો આનો એને આરોપ આપ્યો છે. રાગ છે એનો આરોપ આપ્યો વ્યવહારને. એટલે વ્યવહાર સમકિત સમકિત નથી. આહાહા..!

મુમુક્ષુ :- બે સમકિત નહિ? એક નિશ્ચય સમકિત, એક વ્યવહારસમકિત.

ઉત્તર :- એક જ વસ્તુ છે. શું થાય વસ્તુ એવી છે. અહીં એ કહેશે, જુઓને!

**'વહ પરમાત્મદેવ આરાધને યોગ્ય હૈ, દૂસરા કોઈ નહીં.'** વ્યવહાર વિકલ્પ આદિ આરાધવા યોગ્ય નથી, એમ કહે છે. દેવ-ગુરુ-શાસ્ત્ર આરાધવા યોગ્ય નથી, એમ કહે છે. આવે, રાગ આવે. અસ્થિરતા હોય ત્યાં સુધી આવે. પણ એની રુચિ કે એનાથી થાય એમ નથી. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :- જો પરમાત્મા મુનિયોંકો ધ્યાવને યોગ્ય કહા હૈ,...'** જે પરમાત્મા એટલે પોતે ભગવાનસ્વરૂપ (છે). પણ ગુપ્તસ્વરૂપ, શક્તિસ્વરૂપ છે ને એટલે લોકોને એનો મહિમા ભાસતો નથી. એક સમયની પર્યાય પ્રગટ, તેની રમતુંમાં રમનારો. એને આવો ભગવાન પૂર્ણ સ્વરૂપ છે. હોય તો મને કેમ ન જણાય? એમ કહે છે. પણ છે એને જાણ, માન તો જણાય? છે એને માન નહિ ને જણાય? સમજાણું કાંઈ? **'જો પરમાત્મા મુનિયોંકો ધ્યાવને યોગ્ય કહા હૈ, વહી શુદ્ધાત્માકે વૈરી...'** જુઓ! શુદ્ધાત્મજ્ઞાન. ભગવાનઆત્માનું જ્ઞાન એ શુદ્ધાત્મજ્ઞાન, એના વેરી **'આર્ત-રૌદ્ર ધ્યાનકર રહિત ધર્મ ધ્યાની પુરુષોંકો ઉપાદેય હૈ,...'** એવો ધર્મ અંતરમાં આરાધવા યોગ્ય છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

**'આર્ત-રૌદ્ર ધ્યાનકર રહિત...'** ધર્મ શબ્દ તો વધારાનો નાખ્યો છે. પાઠ તો આટલો જ છે. **'शुद्धात्मसंवित्तिप्रतिपक्षभूतार्तरौद्रध्यानरहितानामुपादेय इति'** એટલે કે વીતરાગી ધર્મ દ્વારા આત્મા ઉપાદેય છે. આર્તધ્યાન, રૌદ્રધ્યાન રહિત. એમ. સમજાણું કાંઈ? આહાહા..! **'ધર્મ ધ્યાની પુરુષોંકો ઉપાદેય હૈ, અર્થાત્ જબ આર્તધ્યાન રૌદ્રધ્યાન યે દોનોં છૂટ જાતે હૈં, તભી ઉસકા ધ્યાન હો સકતા હૈ.'** આહાહા..! પર તરફના વલણનું ધ્યાન પરના ધ્યેયે જે હોય એ છૂટી જાય ત્યારે સ્વધ્યેયનું ધ્યાન તેને થાય. આહાહા..! સમજાણું કાંઈ? લ્યો! **'છૂટ જાતે હૈં, તભી ઉસકા ધ્યાન હો સકતા હૈ.'** વિશેષ ૪૦માં કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**अथ योऽयं शुद्धबुद्धैकस्वभावो जीवो ज्ञानावरणादिकर्महेतुं लब्ध्वा त्रसस्थावररूपं जगज्जनयति स एव परमात्मा भवति नान्यः कोऽपि जगत्कर्ता ब्रह्मादिरिति प्रतिपादयति –**

**४०) जो जिउ हेउ लहेवि विहि जगु बहु-विहउ जणेइ।**
**लिंगत्तय-परिमंडियउ सो परमप्पु हवेइ।।४०।।**

**यो जीवः हेतुं लब्ध्वा विधिं जगत् बहुविधं जनयति।**
**लिङ्गत्रयपरिमण्डितः स परमात्मा भवति।।४०।।**

**यो जीवः कर्ता हेतुं लब्ध्वा। किम्। विधिसंज्ञं ज्ञानावरणादिकर्म। पश्चाज्जङ्गमस्थावररूपं जगज्जनयति स एव लिङ्गत्रयमण्डितः सन् परमात्मा भण्यते न चान्यः कोऽपि जगत्कर्ता हरिहरादिरिति। तद्यथा। योऽसौ पूर्वं बहुधा शुद्धात्मा भणितः स एव शुद्धद्रव्यार्थिकनयेन शुद्धोऽपि सन् अनादिसंतानागतज्ञानावरणादिकर्मबन्धप्रच्छादितत्वाद्वीतरागनिर्विकल्पसहजानन्दैक-**

सुखास्वादमलभमानो व्यवहारनयेन त्रसो भवति, स्थावरो भवति, स्त्रीपुंनपुंसकलिङ्गो भवति, तेन कारणेन जगत्कर्ता भण्यते, नान्यः कोऽपि परकल्पितपरमात्मेति। अत्रायमेव शुद्धात्मा परमात्मोपलब्धिप्रतिपक्षभूतवेदत्रयोदयजनितं रागादिविकल्पजालं निर्विकल्पसमाधिना यदा विनाशयति तदोपादेयभूतमोक्षसुखसाधकत्वादुपादेय इतिभावार्थः।।४०।।

---

आगे जो शुद्ध ज्ञानस्वभाव जीव ज्ञानावरणादि कर्मोंके कारणसे त्रस, स्थावर जन्मरूप जगत्को उत्पन्न करता है, वही परमात्मा है, दूसरे कोई भी ब्रह्मादिक जगत्कर्ता नहीं है, ऐसा कहते हैं –

**गाथा – ४०**

अन्वयार्थ :– [ यः ] जो [ जीवः ] आत्मा [ विधिं हेतुं ] ज्ञानावरणादि कर्मरूप कारणोंको [ लब्ध्वा ] पाकर [ बहुविधं जगत् ] अनेक प्रकारके जगतको [ जनयति ] पैदा करता है, अर्थात् कर्मके निमित्तसे त्रसस्थावररूप अनेक जन्म धरता है [ लिङ्गत्रयपरिमण्डितः ] स्त्रीलिंग, पुल्लिंग, नपुसकलिंग – इन तीन चिन्होंकर सहित हुआ [ सः ] वही [ परमात्मा ] शुद्धनिश्चयकर परमात्मा [ भवति ] है।

भावार्थ :– अर्थात् अशुद्धपनेको परिणत हुआ जगतमें भटकता है, इसलिये जगतका कर्ता कहा है, और शुद्धपनेरूप परिणत हुआ विभाव (विकार) परिणामोंको हरता है, इसलिये हर्ता है। यह जीव ही ज्ञान–अज्ञान दशाकर कर्ता–हर्ता है और दूसरे कोई भी हरिहरादिक कर्ता–हर्ता नहीं है। पूर्व जो शुद्धात्मा कहा था, वह यद्यपि शुद्धनयकर शुद्ध है, तो भी अनादिसे संसारमें ज्ञानावरणादि कर्म बंधकर ढका हुआ वीतराग निर्विकल्पसहजानन्द अद्वितीय सुखके स्वादको न पानेसे व्यवहारनयकर त्रस और स्थावररूप स्त्री, पुरुष, नपुंसकलिंगादि सहित होता है, इसलिये जगत्कर्ता कहा जाता है; अन्य कोई भी दूसरोंकर कल्पित परमात्मा नहीं है। यह आत्मा ही परमात्माकी प्राप्तिके शत्रु तीन वेदों (स्त्रीलिंगादि) कर उत्पन्न हुए रागादि विकल्पजालोंको निर्विकल्पसमाधिसे जिस समय नाश करता है, उसी समय उपादेयरूप मोक्ष–सुखका कारण होनेसे उपादेय हो जाता है।।४०।।

---

હવે, શુદ્ધ-બુદ્ધ જેનો એક સ્વભાવ છે એવો આ જીવ, જ્ઞાનાવરણાદિ કર્મનું નિમિત્ત પામીને ત્રસ-સ્થાવરરૂપ જગતને ઉત્પન્ન કરે છે તે જ પરમાત્મા છે, બીજો કોઈ જગત્કર્તા બ્રહ્માદિ પરમાત્મા નથી એમ કહે છે :

ભાવાર્થ : પૂર્વે અનેક પ્રકારે જે શુદ્ધ આત્મા કહેવામાં આવ્યો છે, તે જ શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી શુદ્ધ હોવા છતાં પણ અનાદિથી સંતાનરૂપે ચાલ્યા આવતા જ્ઞાનાવરણાદિ કર્મબંધથી ઢંકાયેલો હોવાથી વીતરાગ નિર્વિકલ્પ સહજાનંદરૂપ એક (કેવળ) સુખાસ્વાદને નહિ પામતો, વ્યવહારનયથી ત્રસ થાય છે, સ્થાવર થાય છે તથા સ્ત્રી, પુરુષ કે નપુંસકલિંગરૂપ થાય છે, તે કારણે તેને જગતનો કર્તા કહેવામાં આવે છે, એ સિવાય

**પરકલ્પિત (બીજાઓએ કલ્પેલ) બીજો કોઈ પરમાત્મા જગતકર્તા નથી.**

**અહીં આ જ શુદ્ધ આત્મા, નિર્વિકલ્પ સમાધિ વડે પરમાત્માની પ્રાપ્તિથી પ્રતિપક્ષભૂત ત્રણ પ્રકારના વેદોદય જનિત રાગાદિ વિકલ્પની જાળનો જ્યારે નાશ કરે છે, ત્યારે (આ જ શુદ્ધાત્મા) ઉપાદેયભૂત મોક્ષસુખનો સાધક હોવાથી ઉપાદેય છે એવો ભાવાર્થ છે. ૪૦.**

---

**વીર સંવત ૨૫૦૨, અષાઢ સુદ ૫, શુક્રવાર**
**તા. ૦૨-૦૭-૧૯૭૬, ગાથા-૪૦, પ્રવચન નં. ૨૪**

'પરમાત્મપ્રકાશ'. ૪૦મી ગાથા છે. '**આગે જો શુદ્ધ જ્ઞાનસ્વભાવ જીવ...**' 'એક' શબ્દ અંદર રહી ગયો છે. આ જીવ જે આત્મા છે, એને ભગવાન કેવળી પરમાત્માએ પવિત્ર અને જ્ઞાન એક સ્વભાવરૂપે એને જોયો છે. આ જીવ જે છે એ શુદ્ધ છે, પવિત્ર છે અને જ્ઞાન એક સ્વભાવી છે. જ્ઞાનનો પિંડ એક સ્વભાવ વસ્તુ છે. એના ભાન વિના અજ્ઞાન ભાવે વિકાર ભાવ કરી અને કર્મ ઉપાર્જ્યા. છે ને? શુદ્ધ જ્ઞાન એક સ્વભાવ ભગવાનઆત્મા, એનું ભાન અનાદિકાળથી નથી. એથી એણે પુણ્ય ને પાપના ભાવ કર્યા, એનાથી કર્મ બંધન થયું.

એ '**જ્ઞાનાવરણાદિકર્મોંકે કારણસે...**' અને એ કર્મ જે થયા એને કારણે '**ત્રસ સ્થાવર જન્મરૂપ જગતકો ઉત્પન્ન કરતા હૈ,...**' આહાહા..! આ ત્રસના શરીરો અને સ્થાવર એકેન્દ્રિય, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, એ સ્થાવરના શરીર અને આ ત્રસના શરીર, એ પોતાનો નિજ સ્વભાવ, એકરૂપ સ્વભાવની પવિત્રતાના ભાન વિના અજ્ઞાનથી વિકાર ભાવને કરી અને કર્મ જડ થયા, એનું નિમિત્ત પામી, એ કર્મને કારણે આ શરીર મળ્યા. છે? '**જન્મરૂપ જગત્...**' આ શરીરરૂપી જગતનો કર્તા થયો જીવ. કોઈ બીજો ઈશ્વર-બીશ્વર કર્તા છે, એ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આત્મા જગત કા કર્તા?

ઉત્તર :- જગતકર્તા એ આત્મા.

અજ્ઞાનભાવથી ઉત્પન્ન કરીને જે કર્મ થયા એને કારણે શરીરની ઉત્પત્તિ થઈ. તો એ કર્મનો કર્તા, શરીરનો કર્તા આત્મા થયો. એ શરીરનો કરનારો આત્મા છે. અશુદ્ધ ભાવને કર્યા, એનાથી થયા કર્મ, એનાથી આ ત્રસ ને સ્થાવર આ શરીરો (મળ્યા). આહાહા..! તો એનો કર્તા આત્મા, એ જગતનો કર્તા આત્મા થયો. જગત એટલે આ શરીરો. કોઈ જગતનો કર્તા આત્મા બીજો કોઈ ઈશ્વર છે એમ નથી. આહાહા..! અન્યમતમાં કહે છે ને ભગવાને આ જગત રચ્યું. એ વાત તદ્દન ખોટી છે. પોતે પોતાના સ્વભાવના ભાન વિના જે કર્મ કર્યા અને કર્મને કારણે શરીરાદિ મળ્યા, શરીરાદિનો જન્મ થયો તો એનો કર્તા તો આત્મા થયો.

સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આત્મા પોતાનું કામ મૂકીને જડનું કામ કરવા માંડયો.

ઉત્તર :- જડનું કામ નથી કરતો. કરે છે તો વિકાર. પણ વિકારથી કર્મ થયું અને કર્મને કારણે શરીર થયું એટલે એને કર્તા પરંપરાએ કહેવાણું. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાનઆત્માનો સ્વભાવ તો પવિત્ર પિંડ વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા તો છે. આહાહા..! એની એને ખબર નથી. એ ચૈતન્ય સ્વભાવ, વીતરાગ સ્વભાવ, જ્ઞાન સ્વભાવ જેનો પવિત્ર એકરૂપ સ્વભાવ છે. એને ભાનમાં ન લેતાં જ્ઞાનાવરણાદિ આદિ કર્મના કારણોને સેવી અને જડ કર્મ થયા. એનાથી આ શરીર મળ્યા. આ શરીર એ જગત છે-સંસાર, એનો કર્તા આત્મા થયો. સમજાણું કાંઈ? એ કહે છે.

'**જ્ઞાનાવરણાદિકર્મોંકે કારણસે ત્રસ સ્થાવર જન્મરૂપ...**' આ ત્રસ-સ્થાવરનો જન્મ થયો. આ શરીર, વાણી મળ્યા. આ બધા જડનો જન્મ થયો. આહાહા..! ભગવાન આનંદનો નાથ, પ્રભુ! એની એને શ્રદ્ધા-જ્ઞાનની ખબરું નથી. અજ્ઞાન ભાવે ઉપાર્જેલા વિકાર, એનાથી કર્યા કર્મ, એનાથી થયો શરીરનો જન્મ. આહાહા..! શરીરની ઉત્પત્તિ. એટલે ખરેખર તો શરીરાદિ સંસારનો... આહાહા..! કર્તા જીવ છે, આ રીતે પરંપરાએ. એ જગતનો કર્તા કોઈ ઈશ્વર છે, ઈશ્વરે આ જગત બનાવ્યું છે, એવું કોઈ છે નહિ. આહાહા..! એ સિદ્ધ કરે છે.

'**જગત કો ઉત્પન્ન કરતા હૈ,...**' આહાહા..! આ ત્રસ ને સ્થાવરના શરીરો. અનંતા-અનંતા ભવમાં નિગોદમાં પણ લીલ-ફૂગમાં અનંતવાર શરીરને ધારણ કર્યા. મનુષ્યના દેહ, દેવના દેહ, તિર્યંચના દેહ, નરકના દેહ એ બધા પોતે પોતાની ભૂલથી, બંધાયેલા કર્મથી ઉત્પન્ન થયા છે. આહાહા..! એનો કોઈ બીજો કર્તા નથી. તું પોતે અજ્ઞાન ભાવે કર્તા છો. આહાહા..! સમજાણું કાંઈ?

'**વહી પરમાત્મા હૈ,...**' જોયું! આહાહા..! પોતે છે તો શુદ્ધ પરમાત્મ સ્વરૂપ. પણ ભૂલ કરીને કર્મ થયા અને એ પરમાત્મા છે એ. એ અશુદ્ધ પરમાત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ? જે આત્મા તો ભગવાન પવિત્ર અને આનંદનો નાથ પ્રભુ છે. જે વીતરાગ થયા, અનંત આનંદ ને અનંત જ્ઞાન ને અનંત પવિત્રતાને પરમાત્મા અરિહંત પામ્યા એ ક્યાંથી પામ્યા? એ અંતરમાં સ્વરૂપ પવિત્ર છે એમાંથી પામ્યા છે. સમજાણું કાંઈ? એ પવિત્ર સ્વરૂપ જ ભગવાનઆત્માનું. પણ એણે કોઈ દિ' સાંભળ્યું નથી. આહાહા..! આ કરું... આ કરું.. આ કરું... આ રાગ કરું, પુણ્ય કરું, દયા પાળુ ને વ્રત કરું. એવી કર્તાબુદ્ધિમાં આત્માના અજ્ઞાન લઈને નવા કર્મ બાંધે અને રખડે છે. સમજાણું કાંઈ? આહાહા..!

એ ચૈતન્ય પવિત્ર જ્ઞાન એકરૂપ સ્વભાવ, તેના અનુભવ વિના, એનું સમ્યગ્દર્શન એટલે કે શુદ્ધ પવિત્ર એક સ્વભાવી ભગવાન, એનો અનુભવ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એટલે શાંતિના પરિણામ, એના અભાવે એ શાંતિના પરિણામથી જીવને ન સેવ્યો. આહાહા..! પણ એનાથી વિરુદ્ધ પુણ્ય અને પાપના ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ પુણ્યભાવ છે. હિંસા, જૂઠું, ચોરીના ભાવ એ પાપ છે. બેય અશુદ્ધ અને અપવિત્ર છે. એ

અપવિત્ર ભાવને શુદ્ધ બુદ્ધ એક સ્વભાવી આત્મા, એ અપવિત્રભાવને કરી અને આ શરીરનો જન્મ થયો. એથી આત્મા પોતે શરીરાદિ જગતનો કર્તા છે. એ જ પરમાત્મા છે. બીજો કોઈ પરમાત્મા-ઈશ્વર શરીરને ઊપજાવે અને શરીરને કરે એવો કોઈ બીજો આત્મા છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

**'દૂસરે કોઈ ભી બ્રહ્માદિક જગત્કર્તા નહીં હૈ,...'** બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ. કહે છે ને એ લોકો? ઈશ કર્તા છે એ વાત જૂઠી છે. આહાહા..! તું જ પોતે તારા સંસારનો ઉત્પન્ન કરનારો કર્તા તું છો. એ બતાવે છે. ૪૦.

**૪૦) जो जिउ हेउ लहेवि विहि जगु बहु–विहउ जणेइ।**
**लिंगत्तय–परिमंडियउ सो परमप्पु हवेइ।।४०।।**

**'जो जीवः आत्मा विधिं हेतुं'** વિધિ નામ કર્મના કારણને પામીને...આહાહા..! **'કર્મરૂપ કારણોંકો પાકર...'** **'बहुविधं जगत्'** **'અનેક પ્રકારકે જગત કો પૈદા કરતા હૈ,...'** આહાહા..! શરીર ને વાણી ને.. આહાહા..! જગતની ચીજો, એની ઉત્પત્તિ કરે પણ પોતાના સ્વભાવની ઉત્પત્તિ કરતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? **'અનેક પ્રકારકે જગત...'** નામ શરીર એને પેદા કરે છે. **'કર્મકે નિમિત્તસે ત્રસ સ્થાવરરૂપ અનેક જન્મ ધરતા હૈ...'** આહાહા..! શરીરના જન્મો ધરવા.. ભગવાન તો શરીર રહિત અને રાગ રહિત છે. એનું સ્વરૂપ તો રાગ અને કર્મ રહિત છે. આહાહા..! અત્યારે, હોં! એના ભાન વિના, સમ્યગ્દર્શન વિના.

સમ્યગ્દર્શન એટલે ત્રિકાળી જ્ઞાયક એક સ્વભાવ, એનો અનુભવ થવો અને એ અનુભવમાં એક સ્વભાવી આત્મા, એનો વિષય થવો (એ સમ્યગ્દર્શન છે). સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનરૂપી અનુભવ. ધર્મની પહેલી દશા. વીતરાગ માર્ગમાં પહેલી ધર્મની દશા એ સમ્યગ્દર્શન છે. એ સમ્યગ્દર્શન એ શાંત નિર્મળ નિર્વિકારી દશા છે. એ નિર્વિકારી દશા આનંદના અનુભવરૂપ છે. અને એ આનંદના અનુભવનો વિષય શુદ્ધ બુદ્ધ એક સ્વભાવી ભગવાનઆત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું ઝીણી બહુ, બાપુ! વીતરાગ માર્ગ બહુ ઝીણો છે. લોકોએ તો બહારથી આ કરો.. આ કરો.. આ કરો..

જ્ઞાનસ્વભાવી, શુદ્ધ એક સ્વભાવી એ કોને કરે? આહાહા..! એ દયા-દાનના ભાવને કરે એ પણ અજ્ઞાનભાવ છે. આવી ઝીણી વાત, બાપુ! વીતરાગનો માર્ગ બહુ સૂક્ષ્મ, ભાઈ! એથી આ શબ્દ પહેલો વાપર્યો છે. એ પ્રભુ તો શુદ્ધ જ્ઞાન, પવિત્ર જ્ઞાન એક સ્વરૂપી પ્રભુ છે. એ શું કરે? એ તો જ્ઞાન કરે, શ્રદ્ધા કરે, અતીન્દ્રિય આનંદ કરે. આહાહા..! એ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ પણ વિકારી એને કરે એ એનું સ્વરૂપ નથી. આહાહા..! આવી વાતું ઝીણી, ભાઈ! જેમ પાપના ભાવ હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના એવો જ પુણ્યનો ભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, તપસ્યા, અપવાસ. એ બધો પુણ્યનો ભાવ છે. બેય ભાવ વિકાર છે. ભગવાનઆત્મા પવિત્ર એક જ્ઞાનસ્વભાવી તે આને કેમ કરે? એ અજ્ઞાનભાવમાં કર્તા થઈ નવા જ્ઞાનાવરણી બાંધે છે, એનાથી આ શરીરની ઉત્પત્તિ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'અનેક પ્રકારકે જગતકો પૈદા કરતા હૈ, અર્થાત્ કર્મકે નિમિત્તસે ત્રસ સ્થાવરરૂપ અનેક જન્મ ધરતા હૈ સ્ત્રીલિંગ, પુલ્લિંગ, નપુસકલિંગ ઈન તીન ચિન્હોંકર સહિત હુઆ...'** આહાહા..! આ શરીરમાં પુરુષલિંગ જડનું. સ્ત્રીનું શરીર સ્ત્રીલિંગ જડનું, પાવૈયા, હિજડાઓનું શરીર નપુસકલિંગ, એ બધા જડ શરીરના છે. **'ઈન તીન ચિન્હોંકર સહિત હુઆ...'** આહાહા..! જેને શરીરનો જન્મ થયો, ઉત્પત્તિ કરી અને એ સ્ત્રી-પુરુષ અને નપુંસક એવા જે આ શરીર **'ચિન્હોકર સહિત હુઆ...'** આહાહા..! આમાં વેદના, ભાવના સહિત ચિન્હ સહિત થયો. પ્રભુ તો અવેદિ છે. આહાહા..! શુદ્ધ-બુદ્ધ એક સ્વભાવ લીધો ને પહેલો? શુદ્ધ પવિત્ર એક સ્વભાવી જ્ઞાન, એના ભાન વિના એને આ શરીરની ઉત્પત્તિ થઈ અને વેદના ચિન્હોવાળો થયો. આહાહા..! આ સ્ત્રી છે, પુરુષ છે, નપુંસક છે. આ તો બધા જડ છે. માટી છે આ તો. પુરુષનો દેહ છે એ માટી છે.

મુમુક્ષુ :- ચેતન નથી?

ઉત્તર :- ચેતન કે દિ' હતો? આ તો જડ છે એકલો. ચેતન તો જુદો છે અંદર. આહાહા..! એવું ભેળસેળ કરી નાખ્યું છે ને. ચેતન ને જડ જાણે બે એક હોય. આહાહા..!

અહીં તો કહે છે કે જેણે પોતાના સ્વભાવની જાતને જાણી નહિ અને જાણ્યા વિના એણે કર્મના કારણોને ઉત્પન્ન કરી અને કર્મ થયા અને કર્મના કારણે શરીરની ઉત્પત્તિ થઈ. એમ કહે છે. પાઠ તો આમ છે ને? **'जिउ हेउ लहेवि विहि'** કર્મના કારણને પામીને. એમ. જડ કર્મરૂપી કારણ, હોં! એના કારણ ભાવ એ અત્યારે નહિ. સમજાણું કાંઈ? જડ કર્મના કારણને પામી ચૈતન્ય સ્વભાવ ભગવાન ચૈતન્ય પવિત્ર, એના સ્વભાવના ભાન વિના કર્મના કારણને પામીને આ શરીરની ઉત્પત્તિ થઈ. અને આ ત્રણ ચિહ્નો સહિત થયો. સ્ત્રી-પુરુષ વેદ આ તો જડ માટીના છે. ચિહ્નો પુદ્‌ગલના છે. એ આ કર્મને કારણે ત્રણ ચિહ્ન સહિત થયો. આહાહા..! સમજાણું કાંઈ? જેને ખરેખર તો અશરીરી થવું જોઈએ અને અવિકારી, અવેદિ થવું જોઈએ. આહાહા..!

વીતરાગ સર્વજ્ઞ જિનેશ્વરનો પંથ બહુ ઝીણો છે, ભાઈ! લોકો એ તો બહારથી માનીને બેઠા છે. આહાહા..! એ જૈન માર્ગ જ નથી. આહાહા..! જૈન માર્ગ તો પ્રભુ સર્વજ્ઞ પરમેશ્વરે જીવને પવિત્ર અને જ્ઞાન એક સ્વભાવી જોયો, એનો આશ્રય કરીને અથવા એની દૃષ્ટિ સમ્યગ્દર્શન આદિ કરીને એને અનુભવે એ વીતરાગનો ધર્મ છે. આહાહા..! સમજાણું કાંઈ? બહુ ફેરફાર. આહાહા..! 'શાંતિભાઈ'! આવું સ્વરૂપ બહુ ઝીણું. દુનિયા શું માને છે, કરે છે ખબર છે કે નહિ? અરે..! ક્યાં બેઠા? શું કરે છે? અને શું માને છે એની એને ખબર નથી. સમજાણું કાંઈ? આહાહા..!

ભાષા જુઓને! શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન એમ કહ્યું. અહીં શુદ્ધબુદ્ધ એક સ્વભાવી લીધો. રાગવાળો તું નહિ, શરીરવાળો તું નહિ, ભેદ નહિ. એવો જે ભગવાન જીવ આત્મા પવિત્ર અને જ્ઞાન એક સ્વરૂપી પ્રભુ, તેની દૃષ્ટિ કરવી જોઈએ, તેની સન્મુખ થઈને સમતાના ભાવથી તેનું વેદન કરવું જોઈએ. એ છોડી દઈને અજ્ઞાની પુણ્ય અને પાપના ભાવ કરી નવા કર્મ બાંધે

અને શરીર ને વેદના ચિહ્નવાળો થાય. આહાહા..! એ ભગવાન અવિકારી પ્રભુ, એ આ હાડકાના વેદના ચિહ્નવાળો (થાય). આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! અનાદિથી ભાન જ નથી. એણે વ્રત પણ અનંતવાર કર્યા. તપ કર્યા, ભક્તિ કરી, પૂજાઓ કરી અનંતવાર. કારણ કે એ બધો શુભરાગ અને પુણ્ય છે. રાગ છે. એને કરીને એણે માન્યું કે આ ધર્મ થયો. આહાહા..!

મુમુક્ષુ :- ગુરુ ન મળ્યા.

ઉત્તર :- આત્મા ગુરુ ન મળ્યા. આહાહા..! એવી ઝીણી વાત છે, બાપુ!

કહે છે કે શુદ્ધ પવિત્ર પિંડ પ્રભુ, એ પવિત્રતા પરમાત્માને પ્રગટે છે એ ક્યાંથી આવી? ક્યાંય બહારથી આવે છે? અંતરમાં પૂર્ણ પવિત્ર પ્રભુ આત્મા છે. આહાહા..! અને એક સ્વભાવી વસ્તુ, જ્ઞાન એક સ્વભાવી પદાર્થ પ્રભુ છે. આહાહા..! એને રાગ રહિત નિર્વિકલ્પ શાંતિ દ્વારા જે જાણવો જોઈએ એ ન જાણતાં રાગના ભાવને સેવી, ચાહે તો પુણ્યનો હોય કે પાપનો હોય, રાગને સેવીને કર્મ બાંધ્યા. કર્મના ફળ તરીકે શરીરનો જન્મ ને આ વેદનો સંગ થયો. આહાહા..! વેદના ચિહ્નથી એને કહેવું કે સ્ત્રી છે, પુરુષ છે. અરેરે..! સમજાણું કાંઈ? શરમની વાત છે, પ્રભુ! સ્ત્રી ને પુરુષના લિંગવાળો ભગવાનને કહેવો. આહાહા..! એને શરીરવાળો કહેવો એ પણ કલંક છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**વહી શુદ્ધનિશ્ચયકર પરમાત્મા હૈ.**' છે? આહાહા..! એ શુદ્ધનિશ્ચયથી જુઓ તો જેણે કર્મ ઉપાર્જ્યા એવા વિકારભાવથી રહિત શુદ્ધનિશ્ચયકર એ પરમાત્મા પોતે છે. આહાહા..! કેમ બેસે? આહાહા..! એ કાંઈક પાંચ-પચાસ લાખ પૈસા મળે, બાયડી ઠીક ને છોકરા ઠીક, શરીર ઠીક (હોય) ત્યાં અર્પાઈ જાય. આહાહા..! અરે..! ધૂળેય નથી, સાંભળને! આહાહા..! જડની ચીજને પોતાની માની અને હરખાયો, એ આનંદના સ્વભાવને દુઃખી કર્યો તેં. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! પુણ્ય-પાપના ભાવ કરી અને એને પુણ્ય-પાપના ફળ મળ્યા. આ પુણ્યને લઈને પૈસા મળે ને બાયડી-છોકરા ને સ્વર્ગ મળે, મનુષ્યનો દેહ મળે.

મુમુક્ષુ :- પુણ્યથી મળે ખરું ને?

ઉત્તર :- મળે એટલે શું? એ તો સંયોગ પર વસ્તુ છે, જડ છે. અને એમાં હરખાયો કે મને ઠીક મળ્યું છે, મોટો મૂર્ખ છે-મિથ્યાદૃષ્ટિ છે. એને જૈનની શ્રદ્ધા નથી એમ કહે છે. જૈન પરમેશ્વર (એમ કહે છે)... આહાહા..! પુણ્ય-પાપ અને પુણ્ય-પાપના ફળ, એમાં જે મૂર્છાણો હરખાયો એ મિથ્યાદૃષ્ટિ જૈન નથી. એને જૈનની ખબર નથી. આહાહા..! સમજાણું કાંઈ? કહો, 'શાંતિભાઈ'! લાખો રૂપિયા પેદા થતા હોય, લ્યો! અને પાંચ-દસ લાખ, વીસ લાખની મૂડી હોય, બાયડી-છોકરા કાંઈક ઠીક હોય, રળાવ છોકરા જાગ્યા હોય. હરખાઈ ગયો મૂર્ખ.

મુમુક્ષુ :- તો કોનાથી હરખાય?

ઉત્તર :- આત્માના આનંદથી હરખાય એ આ વસ્તુ છે. આહાહા..!

ભગવાન આનંદનો નાથ પ્રભુ છે એની સન્મુખ થઈને આનંદના વેદન થવા અને એ

આનંદના વેદનમાં આત્મા જણાય તે આત્મા કહેવાય. આહાહા..! સમજાણું કાંઈ? એને સમ્યગ્દૃષ્ટિ કહેવાય. આહાહા..! જેવી ચીજ છે-શુદ્ધ ને એક સ્વભાવી આત્મા, એવી જ એની પ્રતીતિ સ્વસન્મુખમાં શાંતિના વેદન સહિત થવી, એને અહીંયાં સમ્યગ્દૃષ્ટિ કહે છે. હજી તો એને સમ્યગ્દૃષ્ટિ કહે છે. શ્રાવક અને મુનિપણું તો ક્યાંય રહી ગયું, બાપા! એ તો કઈ ચીજ છે! આહાહા..! સમજાણું કાંઈ? છોકરા કાંઈક ઠીક થાય, બાયડી ઠીક હોય, સારા ઘરની આવી હોય, પાંચ-પચ્ચીસ લાખ લઈને આવી હોય, એના બાપને... એટલે જાણે કે ઓહોહો..! બહુ ફાવ્યા, હોં!

મુમુક્ષુ :- બાપ-દાદાને નહોતું ને મળ્યું.

ઉત્તર :- ક્યાંય નહોતું ને. ધૂળેય નથી, ભાઈ! તને શું થયું આ ? આહાહા..! તારો નાથ અંદર આનંદ ને લક્ષ્મીથી ભર્યો છે ને! આહાહા..! શાંતિના સ્વભાવથી તો ભરેલો પ્રભુ આત્મા છે. એની સામું જોયું નહિ, એને સ્વીકાર્યો નહિ અને એના વિરૂદ્ધના ભાવના ફળને સ્વીકાર્યા, એ તો પાગલપણું છે. આહાહા..! એવી વાત છે, ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- રૂપિયા હોય એનું કરવું શું?

ઉત્તર :- ક્યાં હતા એના તે કરે. રહેવા હોય તો રહે અને જવા હોય તો જાય. એ કાંઈ એના દીધા જાય એમ પણ નથી. એય..!

એણે લાખ રૂપિયા નોંધાવ્યા છે ને હમણાં. નહિ? આ શેમાં? આમાં ને? સાહિત્યમાં ને? સત્ સાહિત્ય. પૈસા ઘટાડવા. પુસ્તક હોય એના પૈસા ઘટાડવા. લાખ આપ્યા છે. એથી કરીને શું? એ લાખ કોના? એ તો જડના છે.

મુમુક્ષુ :- રાખ્યા નહિ ને આપ્યા છે ને?

ઉત્તર :- પણ રાખે કોણ ને આપે કોણ? એ તો જડની ચીજ જડને કારણે રહે અને જડને કારણે જાય. એ આત્મા રાખી શકે અને દઈ શકે એ આત્મામાં છે નહિ, ભાઈ! આવી વાતું છે.

મુમુક્ષુ :- જડને ક્યાં ખબર છે?

ઉત્તર :- એ જડને ખબર ન હોય એ ચીજ આત્મા કહેવાય? તો તો પાંચ દ્રવ્ય જડ છે. એ જડ જ સિદ્ધ ન થાય. ભગવાને તો છ દ્રવ્ય જોયા છે.

મુમુક્ષુ :- એને ખબર છે ...

ઉત્તર :- હા. ખબરનું શું કામ છે એને? પરિણમન છે ને, એ ક્રિયાવતી શક્તિ છે. જુઓ! આ લાકડી ચાલે છે. એને કારણે છે. આત્માથી નહિ, આંગળીથી નહિ. બાપુ! ઝીણી વાતું, ભાઈ! એ પરમાણુઓ છે. જગતની ચીજ છે અને એમાં દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણ છે. દ્રવ્ય-ગુણ કાયમ રહી અને પર્યાય પલટતી ક્રિયા થાય છે. એ એનાથી થાય છે, આત્માથી નહિ. આહાહા..! એમ માને કે આ પૈસા મેં દીધા. મૂર્ખ છે.

મુમુક્ષુ :- વ્યવહારે તો એમ કહેવાય.

ઉત્તર :- કહેવાય એ તો બોલવાની રીત છે. આ ગામ મારું છે એમ બોલે એટલે ગામ

એનું થઈ ગયું? ક્યા ગામ તમારું? કે 'રાજકોટ' અમારું. ત્યાં ઝૂંપડું પણ ન હોય એને. 'ધન્નાલાલજી'! ક્યું ગામ? 'આગ્રા'. અને તમારું આ 'આગ્રા' ને લશ્કર 'ગ્વાલિયર'. ગામ 'ગ્વાલિયર' આત્માનું છે? આહાહા..!

બાપુ! વીતરાગ માર્ગ નવ તત્ત્વ એવી ચીજ છે. ભિન્ને ભિન્ન ચીજ છે. નવ તત્ત્વ(માં) અજીવ જુદું, જીવ જુદું. આહાહા..! પુણ્ય-પાપના ભાવ એ વિકારી ભાવ. આહાહા..! ઝીણી વાત, બાપા! આકરી વાતું. વ્રતનો, તપનો, અપવાસનો ભાવ એ બધો વિકલ્પ છે, રાગ છે, ભાઈ! આહાહા..! એને ખબર ક્યાં છે? એ તો જાણે ધર્મ છે. આહાહા..!

ધર્મની દશા તો પ્રભુ એને (કહીએ કે જેમાં) આત્માનો આનંદ, સુખનો સાગર ભગવાન અંદરમાં, એને દૃષ્ટિના દબાણથી પર્યાય પ્રગટ થાય. આહાહા..! એમાં અતીન્દ્રિય શાંતિ ને આનંદ આવે એને વીતરાગ ધર્મ કહે છે. જિનેશ્વરદેવ તો એને વીતરાગ ધર્મ કહે છે. બાકી આ પુણ્ય-પાપની ક્રિયા એનાથી તો કર્મ બંધાણું. કીધું. એનાથી કર્મ થયું અને કર્મથી આ શરીર મળ્યું. અને વેદના ચિહ્નો મળ્યા. આહાહા..!

મુમુક્ષુ :- શરીર મળ્યું તો રૂપિયા કમાણા, રૂપિયા કમાણા તો..

ઉત્તર :- ધૂળેય નથી કમાણો. કોણ કમાણો? જગતથી જાત જુદી છે, બાપુ! એ પુણ્ય-પાપને ઉપાર્જે તો નુકસાનને ધંધે છે. આહાહા..! તેથી પહેલું મથાળું જ બાંધ્યું છે ને? આહાહા..!

ભગવાન પવિત્રનો પિંડ જ્ઞાન એક સ્વભાવી વસ્તુ. આહાહા..! એને અનુભવ્યા વિના, એને પ્રતીત કર્યા વિના, એની સન્મુખના સ્વભાવના સત્કાર વિના ધર્મ ત્રણકાળમાં ક્યાંય થાય નહિ. એ ગમે એવી ભક્તિ કરે લાખ-કરોડ ભગવાનની કે કરોડ અબજ જાત્રાઓ કરે, બધો ભાવ રાગ છે.

મુમુક્ષુ :- સમ્મેદશિખરની જાત્રાનો ભાવ?

ઉત્તર :- સમ્મેદશિખરની જાત્રા તો રાગ છે, પરદ્રવ્ય છે. આહાહા..! ચૈતન્યના નાથની જાત્રા અંદર આનંદનો નાથ, એના ઉપર જાય. શુદ્ધ પરિણતિ દ્વારા ત્યાં જાય તેને અહીં જાત્રા કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**અશુદ્ધપનેકો પરિણત હુઆ...**' જોયું! છે તો શુદ્ધ પરમાત્મા એ. શુદ્ધ નિશ્ચય દૃષ્ટિથી જોઈએ તો એ ભગવાન પરમાત્મસ્વરૂપ જ આત્મા છે. પણ '**અશુદ્ધપનેકો પરિણત હુઆ...**' હવે ખુલાસો કર્યો. એ અશુદ્ધપણું પુણ્ય અને પાપના ભાવપણે થયો... આહાહા..! એ અશુદ્ધ છે. '**અશુદ્ધપનેકો પરિણત હુઆ જગતમેં ભટકતા હૈ,...**' છે તો ભગવાન શુદ્ધ નિશ્ચયથી શુદ્ધ-બુદ્ધ જ્ઞાનઘન, પણ અશુદ્ધ પરિણતિ-પુણ્ય અને પાપના શુભ અને અશુભભાવ, એની પરિણતિ ઊભી કરી ચાર ગતિમાં ભટકે છે. આહાહા..! સમજાણું કાંઈ? '**ઈસલિયે જગતકા કર્તા કહા હૈ,...**' એથી જગતનો કર્તા અજ્ઞાનભાવે આત્માને કહ્યો છે. આહાહા..!

'**ઔર શુદ્ધપનેરૂપ પરિણત હુઆ...**' ભગવાન હવે સવળો પડે છે. ભગવાન શુદ્ધ

ચૈતન્યઘન પ્રભુ, પવિત્રપણે પરિણમતો અંદરના સ્વભાવની સન્મુખ, '**શુદ્ધપનેરૂપ પરિણત હુઆ...**' સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે વીતરાગી પર્યાય એ પણે અવસ્થામાં '**પરિણત હુઆ વિભાવ (વિકાર) પરિણામોંકો હરતા હૈ,...**' એ વિકારી પરિણામને નાશ કરે છે. એથી આત્માને કર્તા-હર્તા કહેવામાં આવે છે. વિકારને કરે અને રખડે માટે કર્તા, વિકારીને ટાળે માટે હર્તા. જગતનો બીજો કોઈ કર્તા-હર્તા છે, એમ છે નહિ. સર્વજ્ઞ પરમેશ્વર પણ કાંઈ આત્માના ધર્મના કર્તા નથી. આહાહા..! એ તો સર્વજ્ઞ ભિન્ન છે. સમજાણું કાંઈ?

અહીંયાં તો કહે છે, પ્રભુ શુદ્ધ ચૈતન્યઘન છે તે વસ્તુ તો એ રીતે છે. પણ તેને ભૂલી અશુદ્ધના પરિણમનથી, એ શુભ અને અશુભભાવ બેય અશુદ્ધ છે, એ અશુદ્ધપણાની પરિણતિથી જગતનો કર્તા કહેવાય છે. આહાહા..! શરીર ને વાણીનો કર્તા. અને તે શુદ્ધ પરિણતિથી શુદ્ધ ચૈતન્ય મહાપ્રભુ, એની સન્મુખની શ્રદ્ધા, જ્ઞાનની શુદ્ધ પરિણતિ નિર્વિકારી દશા (થાય), એ દ્વારા વિકારનો હર્તા માટે વિકારનો હર્તા-નાશ કરનારો એ પોતે આત્મા છે. કર્તા-હર્તા બીજો કોઈ છે નહિ. આહાહા..! હવે આવી વાતું બેસવી કઠણ. એવા બીજા લાકડા ગરી ગયા છે ને. આહાહા..! શરીરનું અમે કરીએ, દેશનું કરીએ, કુટુંબનું કરીએ, બાયડી-છોકરાનું રક્ષણ કરીએ. મૂઢ છો. પરદ્રવ્ય છે એને રાખે કોણ? રક્ષણ કરે કોણ? આહાહા..! આવી વાત છે, બાપુ! અરેરે..! જગત ચાલ્યું જાય છે.

'**યહ જીવ હી જ્ઞાન અજ્ઞાન દશાકર...**' જોયું! '**કર્તા-હર્તા હૈ...**' આહાહા..! સ્વરૂપના ભાન વિના અજ્ઞાનથી કર્મ બાંધે એને શરીર ઉત્પન્ન થાય અને જ્ઞાનદશાથી વિકાર ટાળે ને હર્તા થાય. બીજો કોઈ કર્તા-હર્તા નથી, ભાઈ! ભગવાન પણ તને વીતરાગતા આપી દે, એમ છે નહિ. આહાહા..! વીતરાગ તો સર્વજ્ઞ પરમેશ્વર છે. એ તો ત્રણકાળ, ત્રણલોકના જાણનાર સાક્ષી છે. એ શું તને દે? આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- તો એમની પાસે જાય કે ન જાય?

ઉત્તર :- એ પોતાની શુદ્ધતા પ્રગટ છે, પ્રગટ કરે ત્યારે એને નિમિત્ત કહેવાય એ માટે. આવી વાત છે. ભગવાનના સમવસરણમાં અનંત વાર ગયો છે. અનંતા ભવ કર્યા છે, બાપા! તને ક્યાં ખબર છે? અનંતા અવતાર મહાવિદેહમાં કર્યા. તો મહાવિદેહમાં તો ભગવાન સદાય બિરાજે છે. 'સીમંધર' ભગવાન અત્યારે બિરાજે છે. એવા અનાદિ તીર્થંકરો ત્યાં સદાય હોય છે. ત્યાં અનંત વાર જન્મ્યો છે.

મુમુક્ષુ :- મહાવિદેહમાં જન્મ થયો!

ઉત્તર :- અનંતવાર થયો અને અનંતવાર સમવસરણમાં ગયો. ભગવાનની વાણી સાંભળવા. એમાં દાળિયા શું થયા? આહાહા..! એ તો સંયોગી ચીજ છે.

મુમુક્ષુ :- કઈ વાત બાકી રહી ગઈ?

ઉત્તર :- રાગથી ભિન્ન પડવાની (વાત) બાકી રહી ગઈ. પોતે રાગથી ભિન્ન સ્વભાવ એવી દૃષ્ટિ કરી નહિ. આવું બધું અનંતવાર કર્યું. 'ભવે ભવે જિન પૂજિયો.' અનંતવાર મહાવિદેહમાં જન્મ્યો. ભગવાન તો ત્યાં સદાય બિરાજે છે. સમવસરણમાં અનંતવાર ગયો,

ભગવાનની વાણી સાંભળી, પણ 'કેવળી આગળ રહી ગયો કોરો.' ત્યાં એવો ને એવો રહ્યો.

એને એ બધું સમજવા જેવી વાતું છે. ભક્તિ અશુભભાવ છે. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ પણ શુભભાવ પુણ્ય છે. ધર્મ નહિ. ઝીણી વાત, બાપુ! એને કાંઈ ખબર નથી. આવી વાત છે.

ભગવાન સ્વદ્રવ્ય છે એના આશ્રય વિના ત્રણકાળમાં ક્યાંય ધર્મ ન થાય. એ સમ્મેદશિખર હોય કે ભગવાનનું સમવસરણ હોય. સાક્ષાત્ ભગવાનની વાણી અનંતવાર સાંભળી છે ને. એ વાણીથી કાંઈ જ્ઞાન ન થાય. આહાહા..! એ તો પહેલા આવી ગયું. વેદ એટલે વીતરાગની વાણી, હોં! ઓલા વેદ નહિ. વીતરાગની દિવ્યધ્વનિ પણ અનંતવાર સાંભળી. પણ એ તો પરવસ્તુ છે. સાંભળવા વખતે લક્ષ હતું તે શુભરાગ છે. આહાહા..! પણ આત્માના સ્વભાવ સન્મુખ રહ્યો નહિ તો ધર્મ થયો નહિ. આવી વાતું છે, બાપા! વસ્તુ તો આ છે. દુનિયા માને, ન માને. લ્યો! વાદવિવાદ, ઝઘડા કરે. કરો, બાપુ! ભાઈ! આહાહા..! વીતરાગનો માર્ગ તો છે ઈ છે. આહાહા..!

'**યહ જીવ હી જ્ઞાન અજ્ઞાન દશાકર કર્તા-હર્તા હૈ ઔર દૂસરે કોઈ ભી હરિહરાદિ કર્તા નહીં હૈ.**' આહાહા..!

'**ભાવાર્થ :- પૂર્વ જો શુદ્ધાત્મા કહા થા,...**' શુદ્ધ આત્મા પોતે. '**યદ્યપિ શુદ્ધનયકર શુદ્ધ હૈ,...**' શુદ્ધ દૃષ્ટિથી જોઈએ તો તે શુદ્ધ જ છે, પવિત્ર છે, પૂર્ણ છે. '**તો ભી અનાદિસે સંસારમેં...**' અનાદિ નિગોદ એકેન્દ્રિય જીવમાં રહીને નિગોદના ભવ પણ અનંત કર્યા. બટાટા, લસણ, શક્કરકંદની એક કટકીમાં અસંખ્ય શરીર અને એક શરીરમાં અનંતા જીવ. આહાહા..! ત્યાં અનંતવાર ગયો. જેને જગત જીવ માની શકે નહિ એવા સ્થાનમાં ગયો. એને જીવ માને નહિ. શક્કરકંદ, લસણ, ડુંગળીની એક રાય જેટલી કટકીમાં અસંખ્ય તો શરીર અને એક શરીરમાં અનંતા જીવ. કોણ માને? એમાં પણ અનંતવાર જન્મ્યો, અજ્ઞાનભાવે એવા શરીર ધારણ કર્યા, એનો કર્તા તું છો. આહાહા..! રાગ-દ્વેષનો કર્તા થયો, એનાથી કર્મ થયું અને એનાથી શરીર મળ્યા માટે પરંપરા કર્તા તને કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**કર્મ બંધકર ઢકા હુઆ વીતરાગ, નિર્વિકલ્પ સહજાનંદ, અદ્વિતીય સુખકે સ્વાદકો ન પાનેસે...**' આહાહા..! આત્માનો આનંદ જે છે, વીતરાગ નિર્વિકલ્પ સહજાનંદ, રાગ વિનાનો સહજ આનંદ પ્રભુ આત્માનો સ્વભાવ, અદ્વિતીય સુખ, અજોડ સુખ ક્યાંય બીજું સુખ છે નહિ. આહાહા..! પૈસામાં, સ્ત્રીમાં, કુટુંબમાં માન્યું છે એ તો કલ્પનાનું ઝેર છે. દુઃખ છે એ તો. આહાહા..! પૈસા ને બાયડીનું શરીર અનુકૂળ ને... આહાહા..! અરે..! પ્રભુ! એ તો બધા દુઃખ છે. એમાં કલ્પનાથી તને ઠીક લાગતું હોય તો એ તો ઝેર છે, દુઃખ છે. અદ્વિતીય સુખ તો અહીં છે. આહાહા..! અંતર સન્મુખ થતાં અદ્વિતીય સુખનો સ્વાદ જોઈએ. અંતર અજોડ આનંદનો સ્વાદ ન પામીને આ રખડી રહ્યો છે. આહાહા..!

ભગવાનમાં અતીન્દ્રિય આનંદ છે. ત્રિકાળી આનંદની મૂર્તિ પ્રભુ છે. અરે..! એના સ્વાદને નહિ પામીને રખડી રહ્યો છે. આહાહા..! દુનિયાના સ્વાદની મીઠાશમાં રોકાઈને,

ચૈતન્યના આનંદના સ્વાદને નહિ પામીને.. આહાહા..! ચોર્યાસીના અવતારમાં ભટકી રહ્યો. સાધુ પણ અનંતવાર થયો. હજારો રાણી છોડી, મુનિ થયો, નગ્ન થયો, જંગલમાં રહ્યો, પણ બધી ક્રિયાઓ જે છે એને પોતાની માની, ધર્મ (માન્યો). એ રાગ વિનાનો મારો સ્વભાવ આનંદનો નાથ, એના સ્વાદને ન પામીને રખડી રહ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો કઈ જાતનો ધર્મ! આ કાંઈ નવો ધર્મ હશે? અનાદિની વાત આ છે, ભાઈ! જગતને મળી નથી. ઓલા દયા કરો, દયા પાળો, દયા પાળો એમ કરીને ધર્મ માને. આ કહે કે જાત્રા કરો, ભક્તિ કરો એમ માને. બીજા કહે દાન ને પૂજા ને વ્રત ને તપ ને અપવાસ કરો. એમાં ધર્મ માને. બધી અજ્ઞાન દશા છે. આહાહા..! આવી વાતું બહુ ઝીણી, ભાઈ!

મુમુક્ષુ :- બધા ધર્મમાં સમન્વય કે દિ' કરે?

ઉત્તર :- સમન્વય કોની સાથે થાય? ઝેરને અને અમૃતનો સમન્વય થાય ક્યાંય? આહાહા..! નેતરની સોટીની છાલ કાઢે અને સુતરની દોરી, બેને વણે. આ નેતર નેતર છે ને? નેતર નથી? શું કહે છે? એક સોટીની છાલ કાઢે અને સુતરની દોરી બેને વણે. વણાય? એમ અજ્ઞાની ને જ્ઞાનીની વાત બેનો સમન્વય ત્રણકાળમાં ન થાય. પરમાત્માએ વાત કેવી લીધી! આ 'પરમાત્મપ્રકાશ' છે. પુસ્તકનું નામ. આહાહા..!

ઓહોહો..! કહે છે, '**સંસારમેં જ્ઞાનાવરણાદિ કર્મ બંધકર ઢકા હુઆ વીતરાગ, નિર્વિકલ્પસહજાનંદ...**' આહાહા..! આત્માનો આનંદ છે એ વીતરાગી આનંદ છે. અને તે અભેદ સહજ આનંદ છે. અદ્વિતીય સુખ છે. એવું સુખ ક્યાંય જગતમાં બીજે છે નહિ. આહાહા..! એવા સુખના સ્વાદને ન પામીને... આહાહા..! '**વ્યવહારનયકર ત્રસ ઔર સ્થાવરરૂપ સ્ત્રી, પુરુષ, નપુંસક લિંગાદિ સહિત હોતા હૈ,...**' લ્યો! ત્રસ ને સ્થાવર અને ત્રણ ચિહ્ન એમ લેવું છે ને મૂળ તો પાઠમાં. આહાહા..! એટલે કે સમ્યગ્દર્શન પામ્યા વિના. સમ્યગ્દર્શન એટલે એ. સમકિત એટલે કે આત્માના આનંદના સ્વાદને અનુભવવો. આહાહા..! હવે અહીં તો કહે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરો, સમકિત છે. નવ તત્ત્વની શ્રદ્ધા (કરો એ સમકિત). અરે..! પ્રભુ ક્યાં...? ભાઈ! આહાહા..!

જુઓને! ભાષા કેવી કરી છે! સમ્યગ્દર્શન પામ્યો નથી એમ ન કહેતાં '**નિર્વિકલ્પસહજાનન્દ, અદ્વિતીય સુખકે સ્વાદકો ન પાને સે...**' એમ. એવી ભાષા લીધી છે. આહાહા..! સમ્યગ્દર્શનનું સ્વરૂપ જ એ છે કે જે આત્માના અતીન્દ્રિય આનંદનો એને સ્વાદ આવે. આહાહા..! લાડવાના સ્વાદ આવે છે એમ કહે છે ને? ધૂળેય નથી. લાડવો તો જડ છે. સ્ત્રીનું શરીર માટી જડ માંસ, હાડકા છે. એનો સ્વાદ આવે છે એને? એના ઉપર લક્ષ કરીને આ ઠીક છે એવો રાગ કરે છે. એ રાગનો એને સ્વાદ છે. આહાહા..! રાગનો એને અનુભવ છે. સમજાણું કાંઈ? અને આ વ્રત ને તપ કરવામાં વિકલ્પ ઊઠે એમાં રાગનો સ્વાદ છે એમ કહે છે. આહાહા..! ભારે આકરું કામ.

ભગવાન અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ છે. આહાહા..! એ તો વીતરાગ નિર્વિકલ્પ સહજાનંદનો પિંડ છે. એની પરિણતિની આ વાત કરી છે. આહાહા..! ભગવાનઆત્મા તો

વીતરાગી, વીતરાગસ્વરૂપ જ આત્મા છે. રાગ વિનાની ચીજ છે એ તો. આહાહા..! નિર્વિકલ્પ છે એ તો. સહજાનંદની મૂર્તિ પ્રભુ છે. અજોડ સુખ છે. એના સ્વાદને એટલે વર્તમાન દશાને ન પામીને. આહાહા..! એવી વાતું છે, ભાઈ! બહારમાં માણસ બહુ બિચારા. બિચારા માંડીને બેઠા હોય ને અપવાસ કરતા હોય ને તપસ્યાઓ કરતા હોય. એ જાણે તપસ્યા છે. અપવાસ કરે એ તપસ્યા. તપસ્યા છે એ નિર્જરા. નિર્જરા તે ધર્મ. ભાઈ! તને ખબર નથી, બાપુ! એવી લાંઘણું તો અનંતવાર કરી, ભાઈ! એમાં રાગ છે એ તો. રાગ છે એનો સ્વાદ તો કલુષિત દુઃખ છે.

ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ વીતરાગમૂર્તિ આત્મા, એમાંથી વીતરાગી સુખની સ્વાદની દશા પ્રગટ થવી, એના વિના એ ચાર ગતિમાં રખડી રહ્યો છે. એ સ્વાદ આવ્યો એટલે દુનિયાના સ્વાદ જેને ઊઠી ગયા છે. ચક્રવર્તીના રાજમાં પણ સુખબુદ્ધિ ઊડી ગઈ એને-સમકિતીને. છન્નું હજાર સ્ત્રીઓ જેને એક એક સ્ત્રીની હજાર દેવ સેવા કરે. એમાં એ સુખબુદ્ધિ સમકિતીની ઊડી ગઈ. અસ્થિરતાને લઈને રાગ થાય. પણ સુખબુદ્ધિ ઊડી ગઈ. આહાહા..! સમજાણું કાંઈ? કેમકે સુખબુદ્ધિનો સ્વાદિયો આત્મા સુખમાં આવી ગયો. આહાહા..! સુખનો સ્વાદિયો ભગવાનઆત્મા, અતીન્દ્રિય આનંદનો સ્વાદિયો એવો જે સમ્યગ્દૃષ્ટિ જીવ.. આહાહા..! એને ક્યાંય બીજે સુખ ભાસે નહિ. ઈન્દ્રના ઈન્દ્રાસનમાં પણ ક્યાયં સુખ ભાસે નહિ. અને અજ્ઞાનીને તો એક નાની-મોટી સાધારણ વાત હોય તો આહાહા..! બહુ ઠીક, બહુ મજા.. બહુ મજા... આહાહા..! 'શાંતિભાઈ'! આવી વાતું છે આ. આ તો ટાઢા પહોર છે ને અહીં એટલે બધો વિસ્તાર થાય. 'મુંબઈ'માં એટલો બધો વિસ્તાર ન થાય.

મુમુક્ષુ :- એટલે અહીંયાં આવવું કે ત્યાં રહેવું?

ઉત્તર :- ત્યાં 'મુંબઈ' વ્યાખ્યાનમાં દસ-દસ હજાર, પંદર-પંદર હજાર માણસ આવે. હમણા ૫૧ વ્યાખ્યાન થયા ને. ૨૬ દિ' રહ્યા. ઘણું માણસ... રવિવારને દિ' બાર-તેર હજાર. બીજનો દિવસ હતો તે દિ' પંદર હજાર. 'દાદર', 'ઘાટકોપર', 'મલાડ' ત્રણે જગ્યાએ વ્યાખ્યાન થયા. ઘાટકોપર સાત વ્યાખ્યાન થયા, મલાડ આઠ થયા, દાદરમાં છત્રીસ થયા. ત્યાં તો પણ આટલું બહું ઝીણું કાઢીને ન થાય. વાત આવે એની એ. પણ બહુ લંબાઈને સ્પષ્ટીકરણ ઝીણું આકરું પડે. આહાહા..!

જુઓને! કેવી વાત લીધી છે! **'ઈસલિયે જગત્કર્તા કહા જાતા હૈ અન્ય કોઈ કોઈ ભી દૂસરોંકર કલ્પિત...'** બીજાએ કલ્પ્યા કે પરમાત્મા છે, આ બ્રહ્મા છે ને કોઈ વિષ્ણુ છે ને એ નથી. **'યહ આત્મા હી પરમાત્માકી પ્રાપ્તિ કે શત્રુ...'** આહાહા..! પોતાનો આત્મા પરમાત્માની પ્રાપ્તિનો શત્રુ **'તીન વેદોં (સ્ત્રીલિંગાદિ) કર ઉત્પન્ન હુએ રાગાદિ વિકલ્પજાલોંકો...'** આહાહા..! પુણ્ય-પાપના વિકલ્પની જાળું ઉત્પન્ન કરી નિર્વિકલ્પ સમાધિ સે જિસ સમય નાશ કરતા હૈ. આહાહા..! એવી જાળ ને વિકલ્પની જાળો પુણ્ય-પાપની (એને) નિર્વિકલ્પ સમાધિ-રાગ વિનાની અકષાય શાંતિ દ્વારા... આહાહા..! **'જિસ સમય**

**નાશ કરતા હૈ, ઉસી સમય ઉપાદેયરૂપ મોક્ષ-સુખકા કારણ હોનેસે...**' કોણ? ઓલી દશા. નિર્વિકલ્પ શાંતિ આનંદ એ મોક્ષ સુખનું કારણ છે. મોક્ષ સુખનું કારણ છે. આહાહા..! એટલે કે મોક્ષનું કારણ એ છે. સમજાણું?

'**નિર્વિકલ્પસમાધિસે જિસ સમય નાશ કરતા હૈ,...**' આહાહા..! વીતરાગ પરિણતિ દ્વારા રાગનો જે સમયે નાશ થાય એ વીતરાગ પરિણતિ જે છે એ મોક્ષનું કારણ છે. એટલે મોક્ષ સુખનું કારણ છે માટે તે ઉપાદેય છે. આહાહા..! મોક્ષનો માર્ગ પણ ભેગો વણી નાખ્યો. મોક્ષમાર્ગ, એ પુણ્ય-પાપના ભાવ વિનાની ચીજ, અંદરમાં નિર્વિકલ્પ આનંદની દશા, એ સુખનું કારણ છે અને પૂર્ણ સુખનું એ કારણ છે. આહાહા..! મોક્ષનું કારણ આ છે. નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાન ને શાંતિનું વેદન. આહાહા..! આ મોક્ષનો માર્ગ વીતરાગે કહ્યો છે. સમજાણું કાંઈ?

જિનેશ્વરદેવ ભગવાન બિરાજે છે. 'સીમંધર' પ્રભુ બિરાજે છે. એમાંથી ઘણી વાત આવી છે ને. 'કુંદકુંદાચાર્ય' ત્યાંથી લાવ્યા એમાંથી ઘણી વાત આમાં આવી છે. 'કુંદકુંદાચાર્ય'નો આધાર ઘણાએ લીધો છે. આહાહા..! આત્મા પોતાના આનંદના વેદન દ્વારા રાગનો નાશ કરે છે. એ આનંદનું વેદન મોક્ષનું કારણ છે. એ ધર્મદશા એ મોક્ષનું કારણ છે. રાગાદિ પરિણામ એ મોક્ષનું કારણ નથી. (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**अथ यस्य परमात्मनः केवलज्ञानप्रकाशमध्ये जगद्वसति जगन्मध्ये सोऽपि वसति तथापि तद्रूपो न भवतीति [१]कथयति –**

**४१) जसु अब्भंतरि जगु वसइ जग-अब्भंतरि जो जि।**
**जगि जि वसंतु वि जगु जि ण वि मुणि परमप्पउ सो जि।।४१।।**

**यस्य अभ्यन्तरे जगत् वसति जगदभ्यन्तरे य एव।**
**जगति एव वसन्नपि जगत् एव नापि मन्यस्व परमात्मानं तमेव।।४१।।**

**यस्य केवलज्ञानस्याभ्यन्तरे जगत् त्रिभुवनं ज्ञेयभूतं वसति जगतोऽभ्यन्तरे योऽसौ ज्ञायको भगवानपि वसति, जगति वसन्नेव रूपविषये चक्षुरिव निश्चयनयेन तन्मयो न भवति मन्यस्व जानीहि। हे प्रभाकरभट्ट, तमित्थंभूतं परमात्मानं वीतरागनिर्विकल्पसमाधौ स्थित्वा भावयेत्यर्थः। अत्र योऽसौ केवलज्ञानादिव्यक्तिरूपस्य कार्यसमयसारस्य वीतरागस्वसंवेदनकाले मुक्तिकारणं भवति स एवोपादेय इति भावार्थः।।४१।।**

---

**आगे जिस परमात्माके केवलज्ञानस्वरूप प्रकाशमें जगत् बस रहा है और जगत्के मध्यमें वह ठहर रहा है, तो भी वह जगत्रूप नहीं है, ऐसा कहते हैं –**

---

१. પાઠાન્તર :- **कथयति – कथयन्ति**

## गाथा – ४१

अन्वयार्थ :– [ यस्य ] जिस आत्मारामके [ अभ्यन्तरे ] केवलज्ञानमें [ जगत् ] संसार [ वसति ] बस रहा है, अर्थात् प्रतिबिम्बित हो रहा है, प्रत्यक्ष भास रहा है, [ जगदभ्यन्तरे ] और जगत्में वह बस रहा है, अर्थात् सबमें व्याप रहा है। वह ज्ञाता है और जगत् ज्ञेय है, [ जगति एव वसन्नपि ] संसारमें निवास करता हुआ भी [ जगदेव नापि ] निश्चयनयकर किसी जगत्की वस्तुसे तन्मय (उस स्वरूप) नहीं होता, अर्थात् जैसे रूपी पदार्थको नेत्र देखते हैं, तो भी उनसे जुदे ही रहते हैं, इस तरह वह भी सबसे जुदा रहता है, [ तमेव ] उसीको [ परमात्मानं ] परमात्मा [ मन्यस्व ] हे प्रभाकरभट्ट, तू जान।

भावार्थ :– जो शुद्ध, बुद्ध सर्वव्यापक सबसे अलिप्त, शुद्धात्मा है, उसे वीतराग निर्विकल्प समाधिमें स्थिर होकर ध्यान कर। जो केवलज्ञानादि व्यक्तिरूप कार्यसमयसार है, उसका कारण वीतराग स्वसंवेदनज्ञानरूप निजभाव ही उपादेय हैं।।४१।।

---

હવે, જે પરમાત્માના કેવળજ્ઞાનરૂપ પ્રકાશમાં જગત રહે છે અને તે પરમાત્મા પણ જગતમાં રહે છે, તો પણ તે તે-રૂપ (જગતરૂપ) થતો નથી એમ કહે છે :

ભાવાર્થ : અહીં જે (શુદ્ધ આત્મા) કેવળજ્ઞાનાદિની વ્યક્તિરૂપ, કાર્યસમયસારરૂપ, મુક્તિનું વીતરાગસ્વસંવેદન કાળમાં કારણ થાય છે, તે જ ઉપાદેય છે એવો ભાવાર્થ છે. ૪૧.

---

**વીર સંવત ૨૫૦૨, અષાઢ સુદ ૬, શનિવાર**
**તા. ૦૩-૦૭-૧૯૭૬, ગાથા-૪૧-૪૨, પ્રવચન નં. ૨૫**

'પરમાત્મપ્રકાશ' ૪૧. **'આગે જિસ પરમાત્માકે કેવલજ્ઞાનસ્વરૂપ પ્રકાશમેં જગત બસ રહા હૈ, ઔર જગતકે મધ્યમમેં વહ ઠહર રહા હૈ, તો ભી વહ જગતરૂપ નહીં હૈ,...'** એ વાત કરે છે.

**४१) जसु अब्भंतरि जगु वसइ जग-अब्भंतरि जो जि।**
**जगि जि वसंतु वि जगु जि ण वि मुणि परमप्पउ सो जि।।४१।।**

**અન્વયાર્થ :- 'જિસ આત્મારામકે...'** આહાહા..! ભગવાનઆત્મરામમાં જ્ઞાનસ્વભાવને કારણે **'કેવલજ્ઞાનમેં સંસાર બસ રહા હૈ,...'** કેવળજ્ઞાનમાં આખું જગત જણાય છે. કેવળજ્ઞાનમાં આખું જગત વસી રહ્યું છે એમ કહે છે. એટલે કે એનું જ્ઞાન છે. આહાહા..! **'પ્રતિબિંબિત હો રહા હૈ, પ્રત્યક્ષ ભાસ રહા હૈ,...'** જ્ઞાનમાં લોકાલોક પ્રત્યક્ષ ભાસે એવો એનો સ્વભાવ છે. **'ઔર જગતમેં વહ બસ રહા હૈ,...'** જગત જ્ઞાનમાં વસ્યું છે,

જ્ઞાન જગતમાં વસ્યું છે. એમ. એટલે કે જગતના જ્ઞાનમાં આત્મા છે ને? એ જગતમાં વસ્યું છે એમ કહ્યું. જગત કેવળજ્ઞાનમાં વસ્યું છે અને કેવળજ્ઞાન જગતમાં વસ્યું છે. એટલે કે જ્ઞાનમાં સર્વવ્યાપક શક્તિ છે તેથી જગતમાં જાણે આત્મા વસ્યો છે એમ કહેવામાં આવે છે.

**'સબમેં વ્યાપ રહા હૈ.'** છે ને, જુઓને! **'વહ જ્ઞાતા હૈ ઔર જગત જ્ઞેય હૈ,...'** આહાહા..! ભગવાન તો જ્ઞાનસ્વરૂપ જ્ઞાતા છે. આખું જગત એ પરજ્ઞેય તરીકે છે. **'जगति एव वसतपि' 'સંસારમેં નિવાસ કરતા હુઆ ભી...'** એટલે કે જ્ઞાનમાં લોકાલોક જણાય છે, છતાં **'નિશ્ચયકર કિસી જગતકી વસ્તુસે તન્મય (ઉસ સ્વરૂપ) નહીં હોતા,...'** જગતની વસ્તુમાં એકમેક નથી. જગતની વસ્તુનું જ્ઞાન થયું એ જ્ઞાનમાં વસે છે પણ જગતની ચીજ સાથે તેનું એકપણું નથી. આહાહા..!

**'જૈસે રૂપી પદાર્થકો નેત્ર દેખતે હૈં,...'** રૂપી પદાર્થને નેત્ર દેખે છે ને? અગ્નિને, બરફને. પણ કાંઈ અગ્નિ અને બરફ ઉપર આંખ થાય (જાય) છે? એમ જ્ઞાનસ્વભાવમાં લોકાલોક જણાય છે છતાં લોકાલોકની વસ્તુમાં આત્મા-જ્ઞાન તન્મય નથી. પોતાના જ્ઞાનમાં તન્મય છે. આહાહા..! **'ઈસ તરહ વહ ભી સબસે જુદા રહતા હૈ,...'** ભગવાન જ્ઞાનસ્વરૂપ આત્મા, લોકાલોકથી તદ્દન જુદો, ચૈતન્યસૂર્ય જુદો રહે છે. આહાહા..! **'ઉસીકો પરમાત્મા હે પ્રભાકરભટ્ટ, તૂ જાન.'** આહાહા..! આનંદની સમાધિ દ્વારા એને તું જાણ. એ ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપી જ્ઞાતા હોવાથી આખું જગત તેમાં ઝળકી રહ્યું છે, જ્ઞાન આવ્યું છે અને જ્ઞાન જાણે જગતમાં વસતું હોય-એના જ્ઞાનભાવમાં, એમ છે પણ જગતના પદાર્થને તે અડતું નથી. એવો જે પરમાત્મસ્વભાવ આત્મા, એને અંતર્મુખ સમાધિ વીતરાગી પરિણતિ દ્વારા જાણ.

મુમુક્ષુ :- ત્યાં અનુભવ કર એમ કહ્યું.

ઉત્તર :- અનુભવ એ તો એકની એક વસ્તુ છે. અનુભવ કહો કે આનંદની દશા કહો કે વીતરાગી પરિણતિ કહો. એ બધી એક જ અવસ્થા છે. આવશે એમાં-૪૨માં. આહા..! એને જાણવું એટલે કે એના તરફનો આશ્રય લઈ અતીન્દ્રિય આનંદની શાંતિમાં એને જાણવો, અનુભવવો, એને અહીંયાં જાણવું કહે છે. આહાહા..! આવી વાત છે. સમજાણું કાંઈ?

જે જ્ઞાનસ્વભાવ એ લોકાલોકનું જ્ઞાન કરે છે છતાં તે લોકાલોકને અડતો નથી. આહાહા..! એવો જે પરમાત્મસ્વભાવ એને એની સન્મુખની અરાગી સમાધિ (દ્વારા જાણ). સમ્યગ્દર્શન એ પણ એક સમાધિ છે... સમજાણું કાંઈ? આનંદની દશા છે. સમાધિનો અર્થ શાંતિ ને આનંદ છે. એ ભગવાનઆત્માને... આહાહા..! અતીન્દ્રિય આનંદના સ્વાદથી જાણ. આહાહા..! એનાથી એ જણાય એવો છે. સમજાણું કાંઈ?

**'જો શુદ્ધ, બુદ્ધ સર્વવ્યાપક સબસે અલિપ્ત,...'** જગત લોકાલોકને જાણવા છતાં લોકાલોકથી અલિપ્ત છે. ભગવાન જ્ઞાનસ્વભાવ, ચૈતન્યસ્વભાવ, જ્ઞાતાસ્વભાવ લોકાલોકને અડ્યા વિના જાણે છે છતાં પરથી તે અલિપ્ત છે. આહાહા..! **'ઉસે...'** જુઓ! આવ્યું. **'વીતરાગ નિર્વિકલ્પ સમાધિમેં સ્થિર હોકર ધ્યાન કર.'** જોયું! જાણવાની વ્યાખ્યા આટલી છે. આહાહા..! એને રાગ વિનાની નિર્વિકલ્પ શાંતિ, અરાગી આનંદ, નિરાકુળ દશામાં **'સ્થિર**

**હોકર ધ્યાન કર.**' આહાહા..! એવો જે ધ્રુવ ધીર સ્વભાવ, નિત્ય સ્વભાવ, એમાં લોકાલોકને જાણવાની તાકાત છે. છતાં લોકાલોકને તે જ્ઞાન સ્પર્શતું નથી.

ખરેખર તો લોકાલોક છે માટે લોકાલોકનું જ્ઞાન થાય છે એમ પણ નથી. એનો સ્વભાવ જ એટલો છે કે સ્વ-પરને પૂર્ણ રીતે જાણે એવી જ એની દશા અને સ્વરૂપ છે. એ પરને જાણે છે એમ કહેવું એ તો વ્યવહાર છે. આહાહા..! અને પર છે માટે જાણે છે એ પણ વ્યવહાર છે. આહાહા..! એ જ્ઞાયક સ્વભાવ ચૈતન્યબિંબ પ્રભુ છે. પૂર્ણ જાણવાનો જેનો સ્વતઃ સ્વથી સ્વભાવ છે. એવો જે આ પરમાત્મા, એને એની જાતની શાંતિ, સમાધિ, આનંદ વીતરાગી દશા દ્વારા એને જાણ, એમ કહે છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? આવી વાત છે.

તેથી જોયું! ધ્યાનની વ્યાખ્યા કરી કે '**વીતરાગ નિર્વિકલ્પ સમાધિમેં સ્થિર હોકર ધ્યાન કર.**' એ જાણ. આહાહા..! કેટલું એને સંકેલવું પડે. આહાહા..! અંતરમાં આનંદનો નાથ પ્રભુ, એકલો જ્ઞાનનો સાગર, જેમાં લોકાલોક છે તેથી પણ જાણે એવો એનો જાણવાનો સ્વભાવ છે એથી એમ કહ્યું કે લોકાલોકને જાણે છે. આહાહા..! એવો જે જાણવાના સ્વભાવસ્વરૂપ પ્રભુ, એ પરમાત્મા છે. આહાહા..! એ પરમાત્મા લોકાલોકને જાણે છતાં લોકાલોકને અડે નહિ અને લોકાલોક આમાં આવે નહિ. એ સંબંધીનું પોતાનું જ્ઞાન છે. આહાહા..! એવો માર્ગ છે, બાપા! આ તો ધીરાના કામ છે. આહાહા..!

'**જો કેવલજ્ઞાનાદિ વ્યક્તિરૂપ કાર્યસમયસાર હૈ,...**' જોયું! જે પરમાત્મ દશા કેવળજ્ઞાનરૂપી સમયસાર છે '**ઉસકા કારણ વીતરાગ સ્વસંવેદન જ્ઞાનરૂપ નિજભાવ હી ઉપાદેય હૈં.**' આહાહા..! એ કાર્યસમયસારનું કારણ વીતરાગ સ્વસંવેદન જ્ઞાનરૂપ નિજભાવ જ છે. આહાહા..! વર્તમાન વીતરાગી સમાધિ શાંતિ આનંદની ધારા, એ જ કેવળજ્ઞાનરૂપી કાર્યસમયસારનું કારણ છે. એથી તે ઉપાદેય છે. છે? આહાહા..! કાર્યસમયસાર. શું પરમાત્મપ્રકાશનું વર્ણન કર્યું છે! આહા..!

કાર્યસમયસાર એટલે કેવળજ્ઞાન દશા. એનું કારણ વીતરાગ સ્વસંવેદનજ્ઞાનનો નિજભાવ. આહાહા..! અરાગી વીતરાગી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિ એ કાર્યસમયસારનું કારણ એ પોતાનો નિજભાવ જ ઉપાદેય છે. આહાહા..! સમજાણું કાંઈ? ત્રિકાળી ભગવાન કારણસમયસાર અને કેવળજ્ઞાનની પ્રાપ્તિ કાર્યસમયસાર, પણ તેનો ઉપાય '**વીતરાગ સ્વસંવેદન જ્ઞાનરૂપ નિજભાવ...**' (છે). આહાહા..!

મુમુક્ષુ :- નિજ ભાવ ત્રિકાળી લેવો?

ઉત્તર :- પર્યાય.

'**ઉસકા કારણ વીતરાગ સ્વસંવેદન જ્ઞાનરૂપ નિજભાવ...**' વીતરાગ સ્વસંવેદન વર્તમાન. આહાહા..! પર્યાયની વાત છે અહીં.

ત્રણ વાત કરીને? એક તો ત્રિકાળી ભગવાન કારણસમયસાર આનંદનો કંદ પ્રભુ નિત્યાનંદ સામાન્ય એકરૂપ સ્વભાવ, જેને કારણજીવ કહો, કારણપરમાત્મા કહો, એનું કાર્ય

કેવળજ્ઞાન જે પરમાત્મદશા તે એનું કાર્ય. એ કાર્યનું કારણ કોણ? એ કારણનું કારણ આત્મા, પણ એ કાર્યનું કારણ કોણ? સમજાણું કાંઈ? પૂર્ણાનંદનો નાથ પ્રભુ, તેના સન્મુખ વીતરાગી પરમાનંદની સમાધિરૂપ ધ્યાન... આહાહા..! એ નિજભાવ તે ઉપાદેય અને તેનાથી કાર્યસમયસાર થાય છે. હવે આમાં વ્યવહારના તો ઝઘડા, નિશ્ચય અને વ્યવહારના ઝઘડા નથી આવ્યું કાલે? પણ બહુ અર્થ સમજાણા નહિ. લખાણ બહુ લાંબુ લાબું હતું. આહાહા..! 'ધન્નાલાલજી' થોડું થોડું કહેતા હતા. ઠીક. ભક્તિ પછી. ઠીક. હિન્દી ભાષા ખરીને.. આહાહા..! એમાં શું સમજાય ને આપણને. આહાહા..!

એક તો ત્રિકાળી પરમાત્મસ્વરૂપ સિદ્ધ કર્યું અને તેના કારણસમયસાર તરીકે કહીને તેનું કાર્ય જે સિદ્ધ પરમાત્મદશા તે કાર્ય તેનું. આહાહા..! અને એ કાર્યના કારણ તરીકે વર્તમાન ત્રિકાળી ચીજની સન્મુખની વીતરાગી આનંદની દશાનું વેદન... આહાહા..! સ્વસંવેદન છે ને? વીતરાગી અતીન્દ્રિય આનંદનું સ્વસંવેદન, વેદન એ કાર્યસમયસારનું તે કારણ-એ નિજભાવ કારણ છે. એમ કહ્યું ને? જુઓને! રાગાદિ, વિકલ્પાદિ કારણ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- ..આમાં ક્યાંય આવ્યું નથી.

ઉત્તર :- આવ્યું ને. શું આવ્યું આ? આહાહા..! એ રાગાદિ નિજભાવ નહિ. એ તો પરભાવ છે. આહાહા..! મારગડા બાપા! બહુ અંતર સમેટવા.. આહાહા..!

ધ્રુવ તરફનું ધ્યાન એ પરમ આનંદની દશારૂપી ધ્યાન હોય છે. ધ્રુવ સ્વભાવ એવો જે ભગવાન આત્મસ્વભાવ, એના તરફનું ધ્યાન-નિર્વિકલ્પ આનંદ અને નિર્વિકલ્પ વીતરાગી પરિણતિ... આહાહા..! એ કાર્યસમયસારનું કારણ છે. કહો, ભાષા તો ભાઈ! સાદી છે. હવે ભાવ તો છે ઈ છે. જેમાં રાગાદિ વૃત્તિનું ઉત્થાન થાય એ તો પરભાવ છે. આહાહા..!

મુમુક્ષુ :- થાય પોતામાં અને ભાવ પર?

ઉત્તર :- ત્યાં પરદ્રવ્ય તરફનું વલણ છે ને. દિશા ફેર છે ને? એની દશામાં દિશા ફેર છે. રાગાદિ દશામાં દિશા પર છે. 'નવરંગભાઈ'! આહાહા..! અને પરમાનંદની, વીતરાગની દશા, એની દિશા સ્વ ઉપર છે. સમજાણું કાંઈ? આહાહા..! ભાઈ! આ તો અંતરનો માર્ગ છે અને વીતરાગ માર્ગ છે. એ વસ્તુના સ્વરૂપમાં જ છે. આહાહા..! કહો, 'રાજેન્દ્રભાઈ'! સમજાય છે ને? ગૃહસ્થ સાંભળવા આવ્યા છે. ડોક્ટર છે. આહાહા..! અરે..! બાપા! આ ક્યાં છે?

હજી સત્ય શું છે? કેમ પ્રાપ્ત થાય? એ સાંભળવા મળે નહિ એ કે દિ' કરે? શું કરે? ભાઈ! આહાહા..! જિંદગી ચાલી જાય છે, બાપા! ઓહોહો..! એક એક શ્લોકે તો ગજબ કામ કર્યા છે ને. ભગવાન તું કારણસમયસાર (છો). એની પર્યાયમાં લોકાલોક જણાય એમ નહિ, તારું સ્વરૂપ જ એ ત્રિકાળને જાણે એવું છે. આહાહા..! એવા કારણસમયસારનું ધ્યાન, એની જાતનું ધ્યાન હોય એ. કેમકે પ્રભુ તો વીતરાગ આનંદમય છે. એને વીતરાગી આનંદની પરિણતિ દ્વારા એ સ્વસંવેદન ધ્યાન દ્વારા, નિજભાવથી તે નિજભાવનું કાર્ય થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત છે, ભાઈ! શું થાય? લોકોને એવું લાગે છે કે એકાંત છે.. એકાંત છે.. વ્યવહારનું કાંઈ કહેતા નથી. વ્યવહાર કહો કે અંતર નિમિત્ત કહો. બહારની

ચીજ બાહ્ય નિમિત્ત છે, આ અંતર નિમિત્ત છે. આહાહા..!

મુમુક્ષુ :- શુદ્ધ પર્યાય પોતે વ્યવહાર નથી?

ઉત્તર :- એ નહિ. એને આ તો જોવે છે. આ પોતે વ્યવહાર છે. નિશ્ચય ત્રિકાળી ભગવાન એ તો નિશ્ચય છે. એના પરમાનંદની વીતરાગી પરિણતિ પ્રગટ થાય એ તો વ્યવહાર છે. પર્યાય તે વ્યવહાર છે. આહાહા..!

મુમુક્ષુ :- ... એ વ્યવહારની વાત તો..

ઉત્તર :- ઓલો વ્યવહાર ... નહિતર એકાંત થાય. અરે..! પ્રભુ! ક્યાં તકરારમાં પડ્યા? ભાઈ! માંડ ટાણા આવ્યા એમાં અહીં ક્યાં રોકાઈ ગયો? અરે..!

એ વસ્તુ છે એ પરમાત્મસ્વરૂપ જ આનંદસ્વરૂપ છે. વસ્તુ તત્ત્વ છે એ કાંઈ દુઃખરૂપ હોય? એ તો આનંદરૂપ વસ્તુ તરીકે જે છે એ તો આનંદરૂપ છે. અને તે પૂર્ણ જ્ઞાનરૂપ, પૂર્ણ આનંદ (રૂપ છે). એને પરમાત્મા પૂર્ણં મિદં કહીએ. આહાહા..! એમાંથી કાર્યસમયસાર પરમાત્મદશા, શક્તિમાં છે તે પરમાત્મ દશા વ્યક્તમાં જે થાય.. આહાહા..! એનું કારણ નિજભાવ છે. નિજભાવ એટલે વીતરાગી આનંદની વેદન દશા એ નિજભાવ છે. તે કાર્યસમયસારનું કારણ હોવાથી તે નિજભાવ જ આદરણીય છે. આહાહા..!

મુમુક્ષુ :- એ તો પર્યાય આદરણીય થઈ.

ઉત્તર :- હા, પ્રગટ કરવાની અપેક્ષાએ આદરણીય છે ને. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ લાગે ને બોજાવાળો. ઓલું કાંઈક કરો ને આ કરો ને વ્રત પાળો, અપવાસ કરો, જાત્રા કરો, પૈસા ખર્ચો એમાં સમજાય પણ ખરું. રખડવાનું. આહાહા..!

મુમુક્ષુ :- .. એ તો રાગ થયો, એમાં શું સમજવાનું?

ઉત્તર :- રાગ છે, રખડવાનું છે ત્યાં. આહાહા..!

અહીં તો ભગવાન નિર્વિકલ્પ આનંદનો નાથ પ્રભુ અંદર છે, એને નિર્વિકલ્પ વીતરાગ પરિણતિ દ્વારા જ એનું ધ્યાન થઈ શકે. એના દ્વારા જ એ જાણી શકાય, બીજી રીતે જાણી શકાય નહિ. આહાહા..! અને એ નિજભાવ જ કાર્યનું કારણ હોવાથી ઉપાદેય છે. આહાહા..! એ ૪૧ થઈ.

---

**अथ देहे वसन्तमपि हरिहरादयः परमसमाधेरभावादेव यं न जानन्ति स परमात्मा भवतीति कथयन्ति –**

**४२) देहि वसंत वि हरि–हर वि जं अज्ज वि ण मुणंति।**
**परम–समाहि–तवेण विणु सो परमप्पु भणंति।।४२।।**

**देहे वसन्तमपि हरिहरा अपि यं अद्यापि न जानन्ति।**
**परमसमाधितपसा विना तं परमात्मानं भणन्ति।।४२।।**

**परमात्मस्वभावविलक्षणे देहे अनुपचरितासद्भूतव्यवहारनयेन वसन्तमपि हरिहरा अपि यमद्यापि न जानन्ति। केन विना। वीतरागनिर्विकल्पनित्यानन्दैकसुखामृतरसास्वादरूप–**

परमसमाधितपसा। तं परमात्मानं भणन्ति वीतरागसर्वज्ञा इति। किं च। पूर्वभवे कोऽपि जीवो भेदाभेदरत्नत्रयाराधनां कृत्वा विशिष्टपुण्यबन्धं च कृत्वा पश्चादज्ञानभावेन निदानबन्धं च करोति तदनन्तरं स्वर्गं गत्वा पुनर्मनुष्यो भूत्वा त्रिखण्डाधिपतिर्वासुदेवो भवति। अन्यः कोऽपि जिनदीक्षां गृहीत्वाप्यत्रैव भवे विशिष्टसमाधिबलेन पुण्यबन्धं कृत्वा पश्चात्पूर्वकृतचारित्रमोहोदयेन विषयासक्तो भूत्वा रुद्रो भवति। कथं ते परमात्मस्वरूपं न जानन्ति इति पूर्वपक्षः। तत्र परिहारं ददाति। युक्तमुक्तं भवता, यद्यपि रत्नत्रयाराधनां कृतवन्तस्तथापि यादृशेन वीतरागनिर्विकल्प-रत्नत्रयस्वरूपेण तद्भवे मोक्षो भवति तादृशं न जानन्तीति। अत्र यमेव शुद्धात्मानं साक्षादुपादेयभूतं तद्भवमोक्षसाधकाराधनासमर्थं च ते हरिहरादयो न जानन्तीति य एवोपादेयो भवतीति भावार्थः।।४२।।

---

आगे वह शुद्धात्मा यद्यपि देहमें रहता है, तो भी परमसमाधिके अभावसे हरिहरादिक सरीखे भी जिसे प्रत्यक्ष नहीं जान सकते, वह परमात्मा है, ऐसा कहते हैं –

## गाथा – ४१

अन्वयार्थ :– [ देहे ] परमात्मस्वभावसे भिन्न शरीरमें [ वसन्तमपि ] अनुपचरितअसद्भूत-व्यवहारनयकर बसता है, तो भी [ यं ] जिसको [ हरिहरा अपि ] हरिहर सरीखे चतुर पुरुष [ अद्य अपि ] अबतक भी [ न जानन्ति ] नहीं जानते हैं। किसके बिना [ परमसमाधितपसा विना ] वीतरागनिर्विकल्प नित्यानंद अद्वितीय सुखरूप अमृतके रसके आस्वादरूप परमसमाधिभूत महातपके बिना नहीं जानते, [ तं ] उसको [ परमात्मानं ] परमात्मा [ भणन्ति ] कहते हैं।

भावार्थ :– यहाँ किसीका प्रश्न है, कि पूर्वभवमें कोई जीव जिनदीक्षा धारणकर व्यवहार निश्चयरूप रत्नत्रयकी आराधनाकर महान पुण्यको उपार्जन करके अज्ञानभावसे निदानबंध करनेके बाद स्वर्गमें उत्पन्न होता है, पीछे आकर मनुष्य होता है, वही तीन खंडका स्वामी वासुदेव (हरि) कहलाता है, और कोई जीव इसी भवमें जिनदीक्षा लेकर समाधिके बलसे पुण्यबंध करता है, उसके बाद पूर्वकृत चारित्रमोहके उदयसे विषयोंमें लीन हुआ रुद्र (हर) कहलाता है। इसलिये वे हरिहरादिक परमात्माका स्वरूप कैसे नहीं जानते ? इसका समाधान यह है, कि तुम्हारा कहना ठीक है। यद्यपि इन हरिहरादिक महान पुरुषोंने रत्नत्रयकी आराधना की, तो भी जिस तरहके वीतराग-निर्विकल्प-रत्नत्रयस्वरूपसे तद्भव मोक्ष होता है, वैसा रत्नत्रय इनके नहीं प्रगट हुआ, सरागरत्नत्रय हुआ है, इसीका नाम व्यवहाररत्नत्रय है। सो यह तो हुआ, लेकिन शुद्धोपयोगरूप वीतरागरत्नत्रय नहीं हुआ, इसलिये वीतरागरत्नत्रयके धारक उसी भवसे मोक्ष जानेवाले योगी जैसा जानते हैं, वैसा ये हरिहरादिक नहीं जानते। इसीलिये परमशुद्धोपयोगियोंकी अपेक्षा इनको नहीं जाननेवाले कहा गया है, क्योंकि जैसे स्वरूपके जाननेसे साक्षात मोक्ष होता है, वैसा स्वरूप ये नहीं जानते। यहाँपर

**सारांश यह है, कि जिस साक्षात् उपादेय शुद्धात्माको तद्भव मोक्षके साधक महामुनि ही आराध सकते हैं, और हरिहरादिक नहीं जान सकते, वही चिंतवन करने योग्य है।।४२।।**

હવે, દેહમાં રહેલો હોવા છતાં પણ પરમ સમાધિના અભાવને કારણે હરિહર વગેરે **પણ જેને જાણતા નથી તે પરમાત્મા છે એમ કહે છે :**

**ભાવાર્થ :- અનુપચરિત અસદ્ભૂતવ્યવહારનયથી, પરમાત્મસ્વભાવથી, વિલક્ષણ એવા દેહમાં રહેલો હોવા છતાં જેને એક (કેવળ) નિત્યાનંદરૂપ સુખામૃતના રસાસ્વાદરૂપ વીતરાગ નિર્વિકલ્પ સમાધિરૂપ તપ વિના હરિ-હર જેવા પણ હજુ સુધી જાણતા નથી, તેને વીતરાગસર્વજ્ઞ દેવો પરમાત્મા કહે છે.**

**પૂર્વપક્ષ :- પૂર્વભવમાં કોઈ જીવ ભેદાભેદરત્નત્રયની આરાધના કરીને અને વિશિષ્ટ પુણ્યબંધ કરીને પછી અજ્ઞાનભાવથી નિદાનબંધ કરે છે, ત્યાર પછી તે સ્વર્ગમાં જઈને ફરી મનુષ્ય થઈને ત્રણ ખંડનો અધિપતિ એવો વાસુદેવ થાય છે; બીજો કોઈ જીવ જિનદીક્ષા ગ્રહીને પણ તે જ ભવમાં વિશિષ્ટ સમાધિના બળથી પુણ્યબંધ કરીને, પછી પૂર્વકૃત ચારિત્રમોહના ઉદયથી વિષયાસક્ત થઈને રુદ્ર થાય છે; તો પછી તેઓ પરમાત્મસ્વરૂપને નથી જાણતા-એમ કેમ કહો છો?**

**તેનું સમાધાન : તમારું કહેવું યોગ્ય છે. જો કે તે હરિ, હર જેવા પ્રસિદ્ધ પુરુષોએ પૂર્વે રત્નત્રયની આરાધના કરેલી છે તોપણ, જેવા વીતરાગ નિર્વિકલ્પ રત્નત્રયસ્વરૂપથી તે જ ભવે મોક્ષ થાય તેવા પ્રકારે તેઓ પરમાત્મસ્વરૂપને જાણતા નથી.**

**અહીં, સાક્ષાત્ ઉપાદેયભૂત અને તે જ ભવે મોક્ષની સાધક એવી આરાધનામાં સમર્થ એવા જે શુદ્ધ આત્માને તે હરિ-હરાદિ જાણતા નથી, તે જ ઉપાદેય છે એવો ભાવાર્થ છે. ૪૨.**

## ગાથા-૪૨ ઉપર પ્રવચન

'**આગે વહ શુદ્ધાત્મા યદ્યપિ દેહમેં રહતા હૈ,...**' દેહથી ભિન્ન ભગવાન અંદર રહે છે. '**રહતા હૈ,...**' એ કહેશે. એ અસદ્ભુતનયથી કહેશે. '**તો ભી પરમસમાધિકે અભાવસે...**' જેનાથી મોક્ષ થાય એવી પરમ સમાધિના અભાવથી '**હરિહરાદિક...**' હરિ. વાસુદેવ હર, શંકર આદિ. '**સરીખે ભી જિસે પ્રત્યક્ષ નહીં જાન સકતે,...**' જેનાથી કેવળજ્ઞાન થાય, પરમાત્મ દશા પ્રગટ થાય એવી પરમ સમાધિના અભાવે એ બરાબર જાણી શકતા નથી. આહાહા..! સમજાણું કાંઈ? '**વહ પરમાત્મા હૈ, ઐસા કહતે હૈં-**'

**૪૨) देहि वसंत वि हरि-हर वि जं अज्ज वि ण मुणंति।**
**परम-समाहि-तवेण विणु सो परमप्पु भणंति।।४२।।**

જુઓ! ભાષા. પરમ સમાધિરૂપી તપસ્યા. અપવાસ કરવા ને આ કરવા એ બધી તો બાહ્યની વાતું છે.

**અન્વયાર્થ :-** '**પરમાત્મસ્વભાવસે ભિન્ન શરીરમેં...**' આ પરમાત્મસ્વરૂપ ભગવાનઆત્માનું એનાથી ભિન્ન જુદું શરીર છે. આ જડ છે, ભગવાન ચૈતન્ય છે. આ અચેતન છે, આ ચૈતન્ય છે. આ અજીવ છે, આ જીવ છે. આહાહા..! એવા શરીરમાં '**અનુપચરિતઅસદ્ભૂતવ્યવહારનયકર બસતા હૈ,...**' અનુપચરિત એટલે નજીકમાં છે ને? પણ છે અસદ્ભૂત વ્યવહાર, જૂઠો વ્યવહાર. આહાહા..! શરીરમાં રહે છે એમ કહેવું એ અનુપરિચત જૂઠો વ્યવહાર છે.

મુમુક્ષુ :- જૂઠો વ્યવહાર કીધો તો સાચો વ્યવહાર પણ છે?

ઉત્તર :- સાચો વ્યવહાર બીજો. નિર્મળ આનંદની દશા પ્રગટ કરે તે. આહાહા..! એ 'પ્રવચનસાર'માં આત્મવ્યવહાર કહ્યો છે ને? આહાહા..!

વીતરાગકંદ પ્રભુ અનાકુળ આનંદનો નાથ આત્મા છે, ભાઈ! એને ખબર નથી. એક સમયની પ્રગટ અવસ્થા સિવાય એની પાછળ તત્ત્વ શું છેએ જોવાને કોઈ દિ' પ્રયત્ન કર્યો જ નથી. વર્તમાન જે પ્રગટ અવસ્થા, જેને પર્યાય કહીએ, એના લક્ષમાં ગયો એટલે લંબાણો તો રાગમાં ગયો. પણ અહીં પર્યાય જે સન્મુખ વાળવી જોઈએ એને એ જોવા ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ છે, સચ્ચિદાનંદ સ્વરૂપ છે, પૂર્ણમિદં (છે)... આહાહા..! એને જોવાને કોઈ દિ' નજરું કરી નહિ. અને એ નજરું અરાગી નિર્વિકલ્પ શાંતિની નજરુંએ દેખાય એવો છે, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

જે શરીરમાં રહ્યો છતાં અનુપચરિત અસદ્ભુત. અનુપચરિત એટલે આમ નજીકમાં છે ને? સ્ત્રી, કુટુંબ છે એ ઉપચરિત બહાર-દૂર છે અને આ શરીર નજીક છે. એથી બહારની ચીજ એની છે એ કહેવું એ ઉપચરિત અસદ્ભુત વ્યવહારનય છે. આમાં દેહમાં રહ્યો એટલે એ અનુપચરિત અસદ્ભુતવ્યવહારનય છે. નજીક છે ખરું ને? આહાહા..! એવો '**જિસકો હરિહર સરીખે ચતુર પુરુષ...**' એ હરિહર પણ રત્નત્રયને પામ્યા હતા પણ પછી એમાંથી ખસી ગયા. પૂર્ણ ન પામી શક્યા, એમ કહે છે. સમજાણું કાંઈ? આકરી વાતું, ભાઈ! આહાહા..!

'**હરિહરાદિ સરીખે ચતુર પુરુષ અદ્ય અપિ અબતક ભી નહીં જાનતે હૈં.**' કઈ અપેક્ષાએ નથી જાણતા? પ્રત્યક્ષ પૂર્ણ પરમ સમાધિથી પ્રાપ્ત થવું જોઈએ એ રીતે નથી જાણતા. આમ તો અનુભવી હતા. પ્રથમ સમ્યગ્દર્શન-જ્ઞાન પામેલા હતા, એ હરિહર પણ. પણ પૂર્ણ સ્વરૂપને જે પામવું જોઈએ તે સમાધિને ન પામ્યા. ત્યાંથી લપસી ગયા. આહાહા..! '**કિસકે બિના નહીં જાનતે?**' પરમ સમાધિ તપસ્યા વિના. આહાહા..! ઉત્કૃષ્ટ જે વીતરાગી આનંદની દશા કે જેનાથી કેવળજ્ઞાન થાય, એવી પરમ સમાધિ તપસ્યા. ભાષા જુઓ! આ તપસ્યા. આહાહા..!

આત્મા પૂર્ણાનંદ તરફ પરમ સમાધિરૂપી તપસ્યા. એટલે પરમ વીતરાગી આનંદની

દશારૂપી સમાધિ. એને અહીં તપ કહે છે. અપવાસ કરવા ને આ કરવા, એ તો બધી બહારની લાંઘણું છે. સમજાણું કાંઈ? એના સ્વભાવની સન્મુખની ઈચ્છા નિરોધરૂપી આનંદની દશા પરમ શાંત દશારૂપી તપસ્યા. આહાહા..! પરમ આનંદની દશારૂપી તપસ્યા. ભાષા જુઓ! આને તપ કહીએ. બાકી બધી લાંઘણું. અને એને માને કે તપ કરીએ છીએ તો નિર્જરા થશે. ભાઈ! એ તારો કાળ જાશે. અરે..! આવો સમય છે.

પરમ સમાધિ તપસ્યા વિના એટલે જે આનંદની દશા ઉગ્ર હોવી જોઈએ કે જેનાથી પ્રત્યક્ષ આત્મા પ્રાપ્ત થાય, કેવળજ્ઞાન પ્રાપ્ત થાય એવી પરમાનંદની તપસ્યા વિના.. છે? '**વીતરાગનિર્વિકલ્પ નિત્યાનંદ અદ્વિતીય સુખરૂપ અમૃતકે રસકે આસ્વાદરૂપ પરમસમાધિ-રૂપ મહાતપકે બિના...**' આહાહા..! વ્યાખ્યા તો જુઓ! વીતરાગ નિર્વિકલ્પ વર્તમાન દશાની વાત છે, હોં! રાગ વિનાની શાંતિ, અભેદ નિત્યાનંદ અદ્વિતીય સુખ. આહાહા..! અજોડ સુખરૂપ અમૃત, એના રસના સ્વાદ-આસ્વાદરૂપ. આહાહા..! ચોથે ગુણસ્થાને પણ વીતરાગી પરમ આનંદના સ્વાદથી તે પમાય છે. આ પરમ ઉગ્ર આનંદની દશા, જેનાથી કેવળજ્ઞાન પમાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

સ્વના આશ્રયથી ઉત્પન્ન થયેલી વીતરાગી રાગ વિનાની શાંતિ ને આનંદ, એ રૂપી સમાધિથી આત્મા પ્રાપ્ત થાય છે. પણ ઉગ્ર મહા સમાધિ આનંદની દશાથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. એવી નિર્વિકલ્પ વીતરાગી પરમ આનંદની તપસ્યા વિના હરિહર પણ કેવળજ્ઞાન પામી શક્યા નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ, એની સન્મુખની નજીક સમાધિ, જઘન્ય સમાધિ અરાગી શાંતિ અને વીતરાગી પરિણતિ દ્વારા આત્મા જણાય છે. પહેલા પણ આ રીતે જણાય છે. સમજાણું કાંઈ? દેવ-ગુરુથી જણાય નહિ. દેવ-ગુરુના લક્ષે રાગ ઉત્પન્ન થાય એનાથી જણાય નહિ. કારણ કે પરના આશ્રયે તો રાગ થાય. સ્વને આશ્રયે નિર્વિકલ્પ વીતરાગ દશા થાય. આહાહા..! ઝીણું બહુ, બાપુ!

પ્રભુ આત્મા તો વીતરાગી પિંડ છે. એ આત્મ એટલે જિનસ્વરૂપ, અકષાયસ્વરૂપ, વીતરાગસ્વરૂપ (છે). ચારિત્રસ્વરૂપ કહો કે વીતરાગસ્વરૂપ કહો. ત્રિકાળ, હોં! વર્તમાન પ્રગટ થાય એ જુદું. આ તો ચારિત્ર ત્રિકાળ છે, વીતરાગસ્વરૂપ છે ઈ. જ્ઞાનથી કહો તો જ્ઞાન પૂર્ણ સ્વરૂપ, ચારિત્ર સ્વરૂપ. આનંદથી કહો તો આનંદથી પૂર્ણ સ્વરૂપ, સ્વચ્છતાથી કહો તો સ્વચ્છતાથી પૂર્ણ સ્વરૂપ, પ્રભુતાથી કહો કે ઈશ્વરતાથી પૂર્ણ સ્વરૂપ. આહાહા..! એને પામવાની જઘન્ય દશા, વીતરાગી આનંદની શાંતિ, એનાથી આત્મા જણાય એવો છે. એ શાસ્ત્રથી (જણાય) નહિ, શાસ્ત્રના જ્ઞાનથી નહિ. આહાહા..! સમજાણું કાંઈ? 'પરમાત્મપ્રકાશ' છે આ.

મુમુક્ષુ :- પરમાત્મપ્રકાશ એટલે શું?

ઉત્તર :- પરમાત્મ સ્વરૂપ જ આત્મા છે. એને પરમાત્મ દશા હજી પ્રાપ્ત થાય એ એમાં છે એમાંથી આવે છે. આહાહા..! અને તે પરમાત્મસ્વરૂપે પ્રભુ છે, અનાદિ પ્રભુ એનો

સ્વભાવ છે. એની સન્મુખની જે પરમાત્મસ્વરૂપ છે વીતરાગી એવી જેની વીતરાગી આનંદની દશા એ સમ્યગ્દર્શન, એ વીતરાગી આનંદ દશા દ્વારા તે જણાય એવો છે. આહાહા..! અને સ્વને આશ્રયે આનંદ જ આવે. પરને આશ્રયે રાગ આવે. ચાહે તો ત્રણલોકના નાથ હો, એના સન્મુખ જુઓ તો રાગ થાય. પ્રભુનો પોકાર છે કે અમારી સન્મુખ જોવું છોડી દે, તારી સન્મુખ જો. આહાહા..! સમજાણું કાંઈ?

જ્યાં તું પૂર્ણ છો, ભાઈ! તને ખબર નથી. આહાહા..! જેનું જ્ઞાન અનંત અનંતપણે બિરાજે છે, જેની શ્રદ્ધા ત્રિકાળી અનંત અનંતપણે બિરાજે છે, જેનું ચારિત્ર અનંત અનંતપણે ચારિત્ર વીતરાગતાપણે બિરાજે છે, જે અનંત અનાકુળ આનંદપણે બિરાજે છે. આહાહા..! જે અનંત અનંત કર્તાના ગુણથી પણ બિરાજે છે. કાર્યના ગુણથી પણ અનંત અનંત ગુણે કાર્યના ગુણથી બિરાજે છે. આહાહા..! એ કાર્યમાંથી જે કાર્ય આવે તે કારણ મોક્ષનું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આપ કહો છો પણ મને તો દેખાતું નથી.

ઉત્તર :- દેખાતું નથી. પણ પુરુષાર્થ કરતો નથી ને. જેટલા પ્રમાણમાં તેને જોવાને પુરુષાર્થ જોઈએ તે કરતો નથી. આહાહા..! આ કાંઈ બહારની વાતું નથી. દેશને સુધારો, દેશનું આમ કરો, ઢીકણાનું આમ કરો, કુટુંબને સુધારો, ગામને સુધારો, વાસીદા સાફ કરો, ગંદકી ન રહેવી જોઈએ. પણ એ ધૂળેય નથી બહારનું. બહારનું આત્મા કરી શકતો નથી ને. બહારના જડના કાર્ય, એ જડ એના પર્યાય વિનાનું-કાર્ય વિનાનું જડ ન હોય. તો એનું કાર્ય તું કર એ ક્યાંથી બને? 'શાંતિભાઈ'!

મુમુક્ષુ :- અભિમાન કરે.

ઉત્તર :- અભિમાન કરે. આ ઝવેરાતમાં આમ બેસે ને પૈસા પેદા થાય. આહાહા..! દિવાળીનો દિવસ હોય, વર્ષ બેસતાનો, એમાં કોઈ પેદાશ સારી થઈ ગઈ પછી આમ જુઓ. કપડા-બપડા સરખા (પહેરે), અત્તર-બત્તર લગાવે. અને આજ લાપસી કરજો. મેસુબ બનાવજો આજ. મેસુબ ને પતરવેલિયા. આહાહા..! ક્યાં ગયો? નાથ! શું થયું? આ ગાંડપણ તારું. આહાહા..! અને લુગડા-બુગડા સારા પહેર્યા હોય બાયે. છોકરાની વહુએ. પાંચસે-પાંચસે, હજાર-બે-બે હજારના સાડલા (પહેર્યા હોય). હવે આ બહાર નીકળે અને બીજા એના ઉપર નજર રાખે. આ ખુશી થાય કે અમારો સાડલો બહાર પડે છે. ઓલો બીજે નજર કરતો હોય. આહાહા..! એની અવળાય તો જુઓ! એની જોવાની વૃત્તિ તો જુઓ! પાંચ-પાંચ હજારના સાડલા. જરીના છેડા. જરીના છેડા હોય ને? એ છોકરાની વહુ પાંચ-છ હોય ભેગી અને આમ નીકળે અને સાડલા પાંચ-પાંચ હજારના પહેર્યા હોય, બીજા જુવાનિયા નજર નાખે તો આ જાણે કે મારા સાડલા બહાર પડે છે ને.

મુમુક્ષુ :- એના સાડલા થઈ ગયા? કે બાયડીના સાડલા હોય?

ઉત્તર :- બાયડીના સાડલા (હોય પણ) એના છોકરાની વહુ છે ને. એ આમ નીકળે. સોનાના દાગીના કડા હોય. શું કહેવાય પગના? પગના શું કહેવાય દાગીના?

મુમુક્ષુ :- જાંજરી.

ઉત્તર :- ઝાંઝરી નહિ પણ ઓલા જાડા..

મુમુક્ષુ :- તોડા.

ઉત્તર :- તોડા-તોડા ને એ કડલા. કડલા-કડલા હોય ને? આહાહા..!

મુમુક્ષુ :- એ જમાના વયા ગયા.

ઉત્તર :- જમાના ગયા એ. કડલા હતા. સોનાના કડલા પહેરે. ત્યાં ગયા હતા ને અમે વહોરવા. 'વડિયા' 'વડિયા' ભાઈ! ત્યાં હતા ને તમે. ગામમાં એના ઘરે વહોરવા ગયા હતા ને. તો એની માએ સોનાના પહેરેલા. 'વડિયા' દરબાર. એમણે વિનંતી કરી, મહારાજ! અમારે ત્યાં (પધારો). સાધારણ ઘર. કારણ કે લોકો ગરાસિયા એટલે માંસ ખાતો હોય. એક ઠેકાણે .. કે અમારી બ્રાહ્મણની ... જુદી છે. એમ. બ્રાહ્મણ 'વડિયા' છે. 'હુકમચંદભાઈ' હતા ને. ... અંદર ગયા હતા. તો એની માએ સોનાના પહેરેલા. .... બાયું માને બળવાન. તમે કાંઈક વ્યાખ્યાનમાં કહ્યું હતું ને. ...દાખલો આપ્યો હતો. અરેરે..! હા, એ દાખલો આપ્યો હતો.

અરેરે..! બહારના રાજ ને પાટ ને બધા મહાણની રાખ છે. એનાથી ... છે માને. આહાહા..! અહીં તો કહે છે કે દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ, એનાથી પણ પ્રભુને કલંક છે. ... નથી. આહાહા..! એ પુણ્ય છે. એ સંસારમાં દાખલ કરનાર (છે). ભવ આપે એ ભલો કેમ કહેવાય? નથી આવતું પુણ્ય-પાપ (અધિકારમાં)? જે પુણ્ય છે એ સંસારમાં દાખલ કરાવે. આનંદનો નાથ એમાં ન જાય ને ... દાખલ કરે, એ ચીજને સારી કેમ કહેવાય? દુનિયા તો પુણ્ય ને પુણ્યના ફળમાં મુંઝાઈ ગઈ છે. મીણો ચડી ગયો છે, મીણો.

મુમુક્ષુ :- આપ મુંઝાઈ ગઈ કહો છો. પણ બહુ મજા છે.

ઉત્તર :- ધૂળમાં પણ મજા નથી. એય..! 'શાંતિભાઈ'! છોકરા બધા ભેગા થઈને બેસે. વચ્ચે વાતું કરે ને આ કરે એમાં મજા લાગે એને. એનો છોકરો 'પંકજ' છે એ જરી ઓલો થયો છે. આહાહા..! તત્ત્વની રુચિ છે. બહુ સારી ભાવના, લક્ષ બહુ કરે છે. છે. જુવાન. .. છે ને એનો. ભાઈ! એની સાથે શું સંબંધ? બાપા! એ અબજોને કરોડો રૂપિયા એ મહાણની રાખ છે.

મુમુક્ષુ :- એ તો ભવિષ્યની આપ વાત કરો છો.

ઉત્તર :- અત્યારે. ભવિષ્યની હોય? અત્યારે જે શુભભાવ થાય, ભગવાન એને ઝેર કહે છે. અમૃતના નાથને મૂકીને પ્રગટ થયો, ભાઈ! ભગવાન તો વીતરાગી અમૃતસાગરનો પિંડ છે. એમાંથી શુદ્ધતા, વીતરાગતા, અમૃતસાગરની પર્યાય પ્રગટ થવી જોઈએ. એમાં શુભભાવ (પ્રગટ થાય) એને પરમાત્મા ઝેર કહે છે. દયા, દાન, ભક્તિ, વ્રત, તપ, અપવાસ, જાત્રા, એનો જે ભાવ (થાય), પરમાત્મા કહે છે, પ્રભુ! એ ઝેર છે. તારા અમૃતસાગરને ઊંધું કરી નાખ્યું. આહાહા..!

ભગવાન ભવ ને ભવના ભાવ વિનાનો, એને ભવના ભાવવાળો કરીને ભવમાં નાખવો (એ કલંક છે). આહાહા..! આજ તો આ શબ્દ આવ્યો છે ને. તપસ્યાની વ્યાખ્યા. પરમ

સમાધિ તપસ્યા. ગજબ વાત કરી છે ને! આહાહા..! સંતો, દિગંબર મુનિઓ. દિગંબર સંતોએ દુનિયાની દરકાર કરી નથી. નાગા બાદશાહથી આઘા. દરકાર નથી. સત્ય આ છે. બેસે તો બેસાડો, ન બેસે તો ... દુનિયા રાજી થાય ને.. એવું કાંઈ નહિ. માર્ગ આ છે. નાગા દિગંબર બાદશાહથી આઘા. કોઈની જેને પડી નથી. આહાહા..! એણે આ પોકાર કર્યા છે. ભાઈ! તારી દુઃખની વેદનાથી મરી ગયો છો, બાપુ! ભાઈ! એ દુઃખને, વેદનાને ટાળવાનો ઉપાય.. આહાહા..! એ ક્રિયાકાંડ નહિ. આહાહા..! ક્રિયા ખરી, પણ એ આનંદના સાગરની સન્મુખની વીતરાગી પરિણતિરૂપી ક્રિયા. આહાહા..! એ ક્રિયાથી આત્મા પમાય. અહીં તો હરિહરનું લેવું છે ને? ઉત્કૃષ્ટ જે પરમ સમાધિરૂપી તપસ્યા જોઈએ તેનો અભાવ હતો તો પરમાત્મપદ પામી શક્યા નહિ, એમ કહેવું છે.

મુમુક્ષુ :- પરમ સમાધિ ન થઈ.

ઉત્તર :- પરમ જે સમાધિથી, જે વીતરાગી આનંદથી કેવળજ્ઞાન પમાય એવી દશા એની નહોતી. આહાહા..! એ તો પહેલાં રત્નત્રય પામેલા હતા. પછી પુણ્યબંધન થયું ને પડી ગયા. ચારિત્રમોહ. આ તો કંઈ પામ્યા જ નથી હજી એનું તો શું કહેવું? આહાહા..! સમજાણું કાંઈ? દુનિયા સાથે મેળ ખાવો બહુ આકરો છે, બાપા! એટલે લોકો એમ જ કહે. એ 'સોનગઢ' એટલે નિશ્ચય .. ...

વ્યવહારના શાસ્ત્રમાં શું હોય? પુણ્યની વાતું હોય. એ તો પુણ્ય હોય છે, જણાવે છે. છે જડ. આવે છે, છે એ ઝેર. ભવનું કારણ છે.

મુમુક્ષુ :- નીચેની ભૂમિકામાં એને અમૃત કહેવાય.

ઉત્તર :- અમૃત તો આને લઈને કહેવાય. એને તો અમૃત ક્યાં હતું? એ તો અમૃતના સ્વાદના અમૃતિયા આવ્યા. અમૃત સ્વાદ આવ્યો, એની જોડે રાગને અમૃતનો આરોપ આપ્યો. છે તો ઝેર. આહાહા..! આરોપ આપ્યો ત્યાં અમૃત થઈ ગયું?

મુમુક્ષુ :- વ્યવહારથી થઈ ગયું.

ઉત્તર :- વ્યવહારથી થયો છે એ વ્યવહારથી એટલે ખોટીથી થયું. એ તો નિમિત્ત છે ભેગું. આરોપથી જ્ઞાન કરાવ્યું. માર્ગ આવો છે, બાપુ! માર્ગ તો એના આનંદને પ્રાપ્ત કરાવે એવો હોય ને.

જ્યાં બાહ્યમાં .. કામ કરે નહિ. બાહ્યના પુણ્ય કામ કરે નહિ. આહાહા..! એવો જે અંતર ભગવાન એને પરમ સમાધિરૂપી તપસ્યા દ્વારા. છે? કેવી તપસ્યાની વ્યાખ્યા? કે '**વીતરાગી નિર્વિકલ્પ નિત્યાનંદ અદ્વિતીય સુખરૂપ અમૃતકે રસકે...**' ... એ પરમ સમાધિ મોક્ષ મહાતપ. .. વીતરાગી પરિણતિ નિર્વિકલ્પ સહિત પ્રગટી અને નિત્યાનંદ અજોડ સુખની અમૃતરસની ... થાય .... છે? એને તપ કહીએ. આહાહા..! એ અનાદિના નથી જાણતા. હરિહરાદિ પણ ઉત્કૃષ્ટ વીતરાગી સમાધિ વિના આત્માને પામી શક્યા નહિ.

ઝઘડા ઊભા કરે મોટા. આહાહા..! આમાંથી આત્માને આશ્રયે જ કલ્યાણ થાય, બીજી રીતે નહિ. એ સમ્યક્ એકાંત જ ઈ છે. અનેકાંત માંહેનો એક નયનો સમ્યક્ પ્રકાર તે સમ્યક્

એકાંત છે. સમજાણું કાંઈ? આહાહા..! લોકોને અભ્યાસ નહિ અને બહારની વાતું સંપ્રદાયમાં એટલી કે બિચારા ઘૂંચીને મરી ગયા એમાં ને એમાં. આ રથ કાઢવા, આ કાઢ્યા ને આ કાઢ્યા. આ ધર્મચક્રનું કાઢ્યું નહોતું? કેટલા ધર્મચક્ર ફેરવે એમાં શું છે? ધર્મ ક્યાં છે?

મુમુક્ષુ :- ધર્મચક્ર તો હતું.

ઉત્તર :- નામ હતું ધર્મચક્ર. એમાં શું છે? અમે .. હોય અને પાંચ-પચ્ચીસ લાખ, દસ લાખ, વીસ લાખ ઊપજ્યા એમાં શું થયું પણ? એમાં ધર્મ ક્યાં આવ્યો? એ તો શુભરાગ હોય જરી. આહાહા..!

મુમુક્ષુ :- એ તો 'સોનગઢ'નું ધર્મચક્ર.

ઉત્તર :- 'સોનગઢ'નું હોય તોપણ રાગ છે. 'બાબુભાઈ'ને કહ્યું હતું. શુભરાગ છે ને એ. અને એમાં પણ ધર્મચક્રને રાત્રે ચલાવવું. જાત્રા કરવી દિવસે ને રાત્રે ચલાવવું આ. વ્યવહારમાર્ગ નથી પ્રભુનો, કીધું. એ તો ... એટલે આખી રાતથી સવાર સુધી. વચમાં જંગલમાં ઉંદર મરે, ત્રસ મરે. બાપુ! આ તે કાંઈ માર્ગ છે. રાતના આઠ વાગ્યા પછી કે રાતના ચાર વાગ્યા સુધી તો બિચારા ખાવા માટે નીકળે. એ તમે ચલાવો અને જાત્રા દિવસે શુભભાવ .. શુભભાવ, અને આવી હિંસા, આ માર્ગ નથી, કીધું. આ તો વીતરાગનો માર્ગ છે, ભાઈ! એમાં પરની હિંસા પણ જેમાં આવવી ન જોઈએ. આહાહા..! ભગવાનની પૂજા આદિમાં પણ પાણી આદિ નિરૂપાય છે, બીજો ઉપાય નથી. પણ બીજે આ હિંસા થાય, ત્રસ મરે અને જાત્રા થાય એ માર્ગ નથી. અહીંના પક્ષકાર હોય માટે એના વખાણ કરવા એમ હોય? આહાહા..!

અહીં તો (કહે છે), રત્નત્રયની આરાધના .. હરિહરે, વિષ્ણુએ અને શંકરે પણ પહેલા દીક્ષા લીધેલી. અંદર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હતું. છે ને?

**'મહાન પુણ્યકો ઉપાર્જન કરકે...'** હજી કેવળજ્ઞાન પામેલી દશા થઈ નહોતી. પુણ્ય ઉપાર્જન. આહાહા..! **'અજ્ઞાનભાવસે નિદાનબંધ કરનેકે...'** એ દીક્ષા સાચી હોય એને નિદાન હોય. આહાહા..! **'બાદ સ્વર્ગમેં ઉત્પન્ન હોતા હૈ,...'** સ્વર્ગમાં ગયા. **'પીછે આકર મનુષ્ય હોતા હૈ, વહી તીન ખંડકા સ્વામી વાસુદેવ** (હરિ) **કહલાતા હૈ,...'** આવા જીવો વાસુદેવ થાય. પણ પૂર્ણને પ્રાપ્ત થયા નહિ. એમ કહેવું છે. વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૫૦૨, અષાઢ સુદ ૭, રવિવાર
## તા. ૦૪-૦૭-૧૯૭૬, ગાથા-૪૨-૪૩, પ્રવચન નં. ૨૬

અહીં સુધી આવ્યું છે. રુદ્ર.. રુદ્ર. રુદ્ર સુધી આવ્યું છે. **'ઈસલિયે વે હરિહરાદિક પરમાત્માકા સ્વરૂપ કૈસે નહીં જાનતે?'** શિષ્યનો પ્રશ્ન છે. હરિહર મહાપુરુષો હતા, જેણે

આત્માનું સમ્યગ્દર્શન-જ્ઞાન ચારિત્રનું આરાધન કર્યું હતું. પણ પછી નિદાન થયું વાસુદેવને, એને લઈને એ નિદાનથી હરિ વાસુદેવ થયા. અને હર શંકરાદિ તો પૂર્વે આરાધન કરેલું, પણ ચારિત્રમોહના ઉદયને વશ વિષયમાં લીન થઈ ગયા. તો અહીંયાં શિષ્યનો પ્રશ્ન છે કે '**હરિહરાદિક પરમાત્માકા સ્વરૂપ કૈસે નહીં જાનતે?**'

'**તુમ્હારા કહના ઠીક હૈ. યહ ઈન હરિહરાદિક મહાન પુરુષોંને રત્નત્રયકી આરાધના કી,...**' આત્માનું સમ્યગ્દર્શન-જ્ઞાન આરાધના તો કરી હતી. '**તો ભી જિસ તરહકે વીતરાગ-નિર્વિકલ્પ-રત્નત્રયસ્વરૂપસે તદ્ભવ મોક્ષ હોતા હૈ,...**' એવી આરાધના નહોતી. તે ભવે સ્વરૂપની આરાધના કરીને તે ભવે દેહ છૂટી મોક્ષ જાય એવી આરાધના નહોતી. છે? '**વૈસા રત્નત્રય ઈનકે નહીં પ્રગટ હુઆ,...**' પછી તો અર્થકારે નાખ્યું છે, ટીકામાં નથી. '**લેકિન શુદ્ધોપયોગરૂપ વીતરાગરત્નત્રય નહીં હુઆ,...**' જે અંદર આત્મામાં તદ્દન વીતરાગ ભાવે શુદ્ધઉપયોગ થઈને અંદર ઠરી જવું, પરિપૂર્ણની પ્રાપ્તિ થવી એ નહોતી કરી. આહાહા..! શુદ્ધોપયોગ. પુણ્ય-પાપના ભાવથી રહિત એકલો ચૈતન્ય જ્ઞાયક આનંદ સ્વભાવ, કેવળજ્ઞાન, કેવળઆનંદ, એવું એનું સ્વરૂપ, એણે શુદ્ધોપયોગની આરાધના નથી કરી. '**શુદ્ધોપયોગરૂપ વીતરાગરત્નત્રય નહીં હુઆ, ઈસલિયે વીતરાગરત્નત્રયકે ધારક ઉસી ભવસે મોક્ષ જાનેવાલે યોગી જૈસા જાનતે હૈં, વૈસા યે હરિહરાદિ નહીં જાનતે.**' સમજાય છે કાંઈ? આહાહા..! એ ભવમાં વીતરાગ શુદ્ધઉપયોગથી મુનિઓ આરાધન કરીને મોક્ષ જાય એવું આરાધન એનું-હરિહરનું નહોતું. સમજાણું કાંઈ?

'**ઈસલિયે પરમશુદ્ધોપયોગિયોંકી અપેક્ષા ઈનકો નહીં જાનનેવાલે કહા ગયા હૈ,...**' એ અપેક્ષાએ કહ્યું. પરમ શુદ્ધોપયોગ અંતર.. આહાહા..! અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાનમાં શુદ્ધોપયોગથી લીન થવું એવી વીતરાગ દશા એમને નહોતી. તેથી એ રીતે જાણ્યા નહિ એમ કહેવામાં આવે છે. આહા..! '**જૈસે સ્વરૂપકે જાનનેસે સાક્ષાત્ મોક્ષ હોતા હૈ, વૈસા સ્વરૂપ યે નહીં જાનતે.**' આહાહા..! પછી સર્વજ્ઞનું લેશે.

'**યહાં પર સારાંશ યહ હૈ, કિ જિસ સાક્ષાત્ ઉપાદેય શુદ્ધાત્માકો...**' વસ્તુ સ્વભાવ ત્રિકાળ દ્રવ્ય સ્વભાવ, ધ્રુવ સ્વભાવ અનાદિઅનંત નિત્યાનંદ પ્રભુ, એની જે આરાધના તદ્ભવ મોક્ષ સાધક છે એને એનું આરાધન કરવા લાયક છે. છે? '**સાક્ષાત્ ઉપાદેય શુદ્ધાત્માકો તદ્ભવ મોક્ષકે સાધક મહામુનિ હી આરાધ સકતે હૈં,...**' મહામુનિઓ જે ભવમાં પૂર્ણાનંદના સ્વભાવને પૂર્ણ રીતે આરાધી મોક્ષને સાધી શકે છે. '**ઔર હરિહરાદિક નહીં જાન સકતે,...**' એ પ્રમાણે પૂર્ણ સ્વરૂપને વીતરાગ શુદ્ધોપયોગથી સાધવું જોઈએ તે સાધ્યું નહિ. '**વહી ચિંતવન કરને યોગ્ય હૈ.**' ધર્માત્માને વસ્તુ સ્વભાવ, એક સમયની પર્યાયની પાછળ વસ્તુ આખો આત્મા પૂર્ણ સ્વરૂપ કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળવીર્ય, કેવળઆનંદ, એવું જે પૂર્ણ સ્વરૂપ છે એ આરાધવા લાયક છે. ધર્મીને આ સેવવા લાયક છે. આહાહા..! સમજાણું કાંઈ? ૪૨ થઈ. હવે ૪૩માં..

अथोत्पादव्ययपर्यायार्थिकनयेन संयुक्तोऽपि यः द्रव्यार्थिकनयेन उत्पादव्ययरहितः स एव परमात्मा निर्विकल्पसमाधिबलेन जिनवरैर्देहेऽपि दृष्ट इति निरूपयति –

४३) भावाभावहिँ संजुवउ भावाभावहिँ जो जि।
देहि जि दिट्ठउ जिणवरहिँ मुणि परमप्पउ सो जि।।४३।।

भावाभावाभ्यां संयुक्तः भावाभावाभ्यां य एव।
देहे एव दृष्टः जिनवरैः मन्यस्व परमात्मानं तमेव।।४३।।

भावाभावाभ्यां संयुक्तः पर्यायार्थिकनयेनोत्पादव्ययाभ्यां परिणतः, द्रव्यार्थिकनयेन भावाभावयोः रहितः य एव वीतरागनिर्विकल्पसदानन्दैकसमाधिना तद्भवमोक्षसाधकाराधाना–समर्थेन जिनवरैर्देहेऽपि दृष्टः तमेव परमात्मानं मन्यस्व जानीहि वीतरागपरमसमाधि–बलेनानुभवेत्यर्थः। अत्र य एव परमात्मा कृष्णनीलकापोतलेश्यास्वरूपादिसमस्तविभावरहितेन शुद्धात्मोपलब्धिध्यानेन जिनवरैर्देहेऽपि दृष्टः स एव साक्षादुपादेय इति तात्पर्यार्थः।।४३।।

---

आगे यद्यपि पर्यायार्थिकनयकर उत्पादव्ययकर सहित है, तो भी द्रव्यार्थिकनयकर उत्पाद–व्ययरहित है, सदा ध्रुव (अविनाशी) ही है, वही परमात्मा निर्विकल्प समाधिके बलसे तीर्थंकरदेवोंने देहमें भी देख लिया है, ऐसा कहते हैं :–

**गाथा – ४३**

अन्वयार्थ :– [ य एव ] जो [ भावाभावाभ्यां ] व्यवहारनयकर यद्यपि उत्पाद और व्ययकर [ संयुक्तः ] सहित है तो भी द्रव्यार्थिकनयसे [ भावाभावाभ्यां ] उत्पाद और विनाशसे ('रहितः') रहित है, तथा [ जिनवरैः ] वीतरागनिर्विकल्प आनंदरूपसे समाधिकर तद्भव मोक्षके साधक जिनवरदेवने [ देहे अपि ] देहमें भी [ दृष्टः ] देख लिया है, [ तमेव ] उसीको तूँ [ परमात्मानं ] परमात्मा [ मन्यस्व ] जान, अर्थात वीतराग परमसमाधिके बलसे अनुभव कर।

भावार्थ :– जो परमात्मा कृष्ण, नील, कापोत लेश्यारूप विभाव परिणामोंसे रहित शुद्धात्मकी प्राप्तिरूप ध्यानकर जिनवरदेवने देहमें देखा है, वही साक्षात् उपादेय है।।४३।।

---

હવે, જે પર્યાયાર્થિકનયથી ઉત્પાદવ્યયથી સંયુક્ત હોવા છતાં પણ, દ્રવ્યાર્થિકનયથી ઉત્પાદવ્યયથી રહિત છે, તે જ પરમાત્માને જિનવરે નિર્વિકલ્પ સમાધિના બળથી દેહમાં પણ દેખ્યો છે એમ કહે છે :

ભાવાર્થ :- જે પર્યાયાર્થિકનયથી ઉત્પાદવ્યયરૂપે (ભાવાભાવ રૂપે) પરિણત છે (પરિણમેલો છે), દ્રવ્યાર્થિકનયથી ભાવાભાવથી (ઉત્પાદવ્યયથી) રહિત છે અને તે જ ભવે મોક્ષની સાધક એવી આરાધનામાં સમર્થ એવી એક (કેવળ) વીતરાગ નિર્વિકલ્પ સદાનંદરૂપ સમાધિ વડે જિનવરોએ દેહમાં પણ જેને દેખ્યો છે, તે પરમાત્માને જ તું જાણ અર્થાત્

**વીતરાગ પરમ સમાધિના બળથી અનુભવ.**

**અહીં જે પરમાત્માને કૃષ્ણ, નીલ, કાપોતલેશ્યાસ્વરૂપ આદિ સમસ્ત વિભાવથી રહિત શુદ્ધાત્માની ઉપલબ્ધિરૂપ ધ્યાનવડે જિનવરે દેહમાં પણ દેખ્યો છે તે જ ઉપાદેય છે એવો તાત્પર્યાર્થ છે. ૪૩.**

## ગાથા-૪૩ ઉપર પ્રવચન

'**આગે યદ્યપિ પર્યાયાર્થિકનયકર ઉત્પાદવ્યયકર સહિત હૈ,...**' ભગવાનઆત્મા પર્યાયની દૃષ્ટિથી અવસ્થાના લક્ષે જોઈએ તો એમાં ઉત્પાદ-વ્યય સહિત છે. આ આત્માને વર્તમાન પર્યાયની અવસ્થાથી જોઈએ તો વર્તમાન તેમાં ઉત્પાદ-વ્યય સહિત જીવ છે. સમજાય છે કાંઈ? '**તો ભી દ્રવ્યાર્થિકનયકર ઉત્પાદવ્યયરહિત હૈ,...**' ત્યાં સંસ્કૃતમાં તો રહિત કર્યું છે. ઓલા સંસ્કૃતમાં રહિત કર્યું છે. પાઠ છે ને? '**भावाभावहिँ संजुवउ भावाभावहिँ जो**' એટલે ભાવાભાવ રહિત શબ્દ જોઈએ. એટલે સંસ્કૃતમાં નાખ્યો છે. પણ પાછો અર્થમાં કૌંસમાં નાખીને નાખ્યો છે. ઓલો ભાવાભાવ રહિત શબ્દ મૂળમાં નથી ને. આહાહા..!

શું કહે છે? કે આ આત્માને પર્યાયનયથી અવસ્થા દૃષ્ટિથી જોઈએ તો તેમાં ઉત્પાદ-વ્યયની પર્યાય સહિત છે. પણ દ્રવ્યાર્થિકનયથી જોઈએ.. આહાહા..! ત્રિકાળી જ્ઞાયક ધ્રુવ ચૈતન્યસ્વભાવ, એ દૃષ્ટિએ જોઈએ તો ઉત્પાદ-વ્યય પર્યાય રહિત છે. લ્યો! સમજાણું કાંઈ? '**તો ભી દ્રવ્યાર્થિકનયકર...**' દ્રવ્ય વસ્તુ જે ત્રિકાળ, આખી ચીજ જે છે એક સમયના ઉત્પાદ-વ્યયની પર્યાય વિનાની, એ દૃષ્ટિથી જોઈએ તો એમાં ઉત્પાદ-વ્યય છે જ નહિ. આહાહા..! તો દ્રવ્ય સ્વભાવ, ધ્રુવ સ્વભાવ, ધ્રુવ, ધ્રુવનો પ્રવાહ એમ ને એમ અનાદિ વહે છે. એમાં ઉત્પાદ-વ્યયની પર્યાય દ્રવ્યની દૃષ્ટિથી જોતાં, દ્રવ્યને દ્રવ્યાર્થિકનયથી જોતાં તેમાં ઉત્પાદ-વ્યય નથી. આહાહા..! છે?

'**સદા ધ્રુવ (અવિનાશી) હી હૈ,...**' આહાહા..! ભગવાન નિત્યાનંદ પ્રભુ, મૂળ ચીજ ત્રિકાળી અવિનાશી છે. એ વર્તમાન પુણ્ય-પાપની પર્યાય છે એનાથી રહિત છે. આહાહા..! અરે..! મોક્ષમાર્ગનો પર્યાય છે એનાથી રહિત છે. નિશ્ચય મોક્ષમાર્ગનો જે પર્યાય છે ઉત્પાદ-વ્યય, વીતરાગી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય એ ઉત્પાદ છે અને પૂર્વની અવસ્થાનો એમાં વ્યય છે. એ નિશ્ચય મોક્ષમાર્ગનો ઉત્પાદ-વ્યય પણ દ્રવ્ય નામ ધ્રુવની દૃષ્ટિએ જોતાં એ ઉત્પાદ-વ્યય એમાં નથી. આહાહા..! નિશ્ચય મોક્ષમાર્ગનો પર્યાય પણ ધ્રુવમાં-દ્રવ્યમાં નથી. આહાહા..! આવો માર્ગ છે.

બેય છે. વ્યવહાર ને નિશ્ચય. પર્યાય છે. એ પર્યાયદૃષ્ટિએ, પર્યાયનયે ભગવાનની લીલા છે ઈ. ઉત્પાદ-વ્યયપણે છે. આહાહા..! પણ દ્રવ્યાર્થિકનયથી જોઈએ, જોનાર તો પાછી પર્યાય છે. પણ એ પર્યાય દ્રવ્યને જોવે તો દ્રવ્યમાં એ પર્યાય નથી. સમજાણું કાંઈ?

જિનેશ્વરનો માર્ગ બહુ સૂક્ષ્મ છે. આહાહા..! શરીર, વાણી, મન, કર્મ, એ તો એમાં-ત્રિકાળમાં નથી. વિકારભાવ પણ ત્રિકાળમાં નથી. પણ નિર્વિકારી પર્યાય મોક્ષમાર્ગનો પર્યાય એ પણ ત્રિકાળને જોતાં તેમાં એ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- તો પછી ક્યાં છે?

ઉત્તર :- ધ્રુવમાં ધ્રુવ છે.

મુમુક્ષુ :- પર્યાય ક્યાં ગઈ?

ઉત્તર :- પર્યાય પર્યાયમાં છે. ક્યાં ગઈ ક્યાં? આહાહા..!

અહીં તો એમ કહેવું છે, હરિહરાદિએ પૂરું કર્યું નથી ને. પણ ભગવાને જિનવરદેવે દેહમાં જ પૂરો આત્મા જોઈ લીધો અને પ્રગટ કરી લીધો, એમ કહેવું છે. સમજાણું કાંઈ? આહાહા..! પૂર્ણાનંદનો નાથ, પ્રભુ! અરે..! એ શું ચીજ છે? ભાઈ! ઉત્પાદ-વ્યયની પર્યાય વિનાની ચીજ એ સમ્યગ્દર્શનનો વિષય છે. એ ધ્રુવ છે, સામાન્ય છે, એકરૂપ પ્રવાહ ધ્રુવનો અનાદિઅનંત (છે), એને જાણનારી પર્યાય પણ એમાં નથી. શક્તિ નથી.

મુમુક્ષુ :- શક્તિરૂપે તો છે.

ઉત્તર :- શક્તિ નથી. અહીં અત્યારે શક્તિની વાત... શક્તિ તો ગુણ ધ્રુવ છે. એથી પર્યાય છે એમાં એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? જે અનંતી પર્યાય થઈ ગઈ, એ ગઈ. પણ ત્યાં કાંઈ એ પર્યાયના ઉદયભાવ કે ક્ષયોપશમ કે એ ભાવે ત્યાં નથી. ત્યાં તો પરિણામિક ધ્રુવભાવે છે હવે. આહાહા..! ભગવાન વીતરાગ સર્વજ્ઞ સિવાય આ ક્યાં છે? આહાહા..!

કહે છે કે, એક સમયની વર્તમાન અવસ્થાથી તેને પર્યાયને જો તો એ ઉત્પાદ-વ્યય પર્યાય છે. પણ તેને ત્રિકાળી જ્ઞાયકભાવનું ધ્રુવ સ્વરૂપ જેમાં પરિણમન નથી.. આહાહા..! પરિણમનથી જણાય છે પણ એમાં પરિણમન નથી. આહાહા..! ઉત્પાદ-વ્યયની પર્યાયથી ત્રિકાળી જણાય છે. આહાહા..! પણ એ જાણનારી પર્યાય ત્રિકાળમાં નથી. સમજાય છે કાંઈ? આહાહા..! '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**'એ 'તત્ત્વાર્થસૂત્ર'નું સૂત્ર છે. તો કહે છે કે ઉત્પાદ-વ્યય છે ખરા. પણ એ પર્યાયદૃષ્ટિએ અને વર્તમાનની અવસ્થાને જોનારી દૃષ્ટિથી છે. પણ ત્રિકાળી વસ્તુ.. પાઠમાં તો એમ છે ને ભાવ-અભાવ સહિત. તો ભાવાભાવ રહિત એમ લઈ લેવું. પાઠમાં ભાવભાવ છે. સંસ્કૃતમાં પછી રહિત કર્યું.

શું કહ્યું એ? ગાથામાં તો આટલું જ છે કે ભાવ એટલે ઉત્પાદ અને અભાવ એટલે વ્યય. વર્તમાન પર્યાયદૃષ્ટિએ એનાથી સહિત છે. પછી બીજા પદમાં '**भावाभावहिँ**' ત્યાં પદની અંદર રહિત શબ્દ રહી ગયો. તો કહે છે કે ભાવ જે ઉત્પાદ અને અભાવ જે વ્યય, એનાથી વસ્તુ રહિત છે. સમજાણું કાંઈ? અરે..! આવી વાત. '**સદા ધ્રુવ (અવિનાશી) ही है,...**' જોયું! એ તો ત્રિકાળી ધ્રુવ, વજ્રના બિંબની પેઠે. વજ્રના ઓલામાં હજી અવકાશ હોય છે. આકાશ પોલાણ. આ તો વસ્તુ ધ્રુવ. કેવળજ્ઞાન-એકલું જ્ઞાન, કેવળ આનંદ-એકલો આનંદ, કેવળવીર્ય-એકલો પુરુષાર્થ, કેવળ સ્વચ્છતા, પૂર્ણ સ્વચ્છતા, એકલી ઈશ્વરતા, કેવળ ઈશ્વર, પ્રભુ, કેવળ પ્રભુ એ ધ્રુવ શક્તિઓ જે છે એમાં ઉત્પાદ-વ્યયની આ પર્યાય જે જાણનારી,

એને જાણનારી, એ એમાં નથી. આહાહા..! એને જાણનારી પર્યાયમાં ધ્રુવ જણાય ખરો. પણ ધ્રુવમાં પર્યાય નથી, પર્યાયમાં ધ્રુવ આવ્યું નથી. પર્યાયમાં ધ્રુવનું જ્ઞાન આવ્યું. આહાહા..! પર્યાયમાં ધ્રુવનું જ્ઞાન આવ્યું પણ ધ્રુવ વસ્તુ ન આવે. તેમ પર્યાય પર્યાયને જાણે અને પર્યાય પર્યાયમાં આવે. એમ પર્યાય ધ્રુવને જાણે અને ધ્રુવ પર્યાયમાં આવે એમ ન હોય. અરે..! આવી વાતું. ભાઈ! માર્ગ એ છે એને જાણવો જોઈશે. એ તો ચૈતન્યબિંબ છે. એ અહીં કહેશે.

'**વહી પરમાત્મા નિર્વિકલ્પ સમાધિકે બલસે તીર્થંકરદેવોંને દેહમેં ભી દેખ લિયા હૈ,...**' આહાહા..! દેહમાં રહ્યા છતાં ભગવાન કેવળીએ, જિનવરે દેહમાં રહ્યા એ ભગવાન પૂર્ણાનંદને જોઈ લીધો. આહાહા..! પૂર્ણ સ્વરૂપ જે ત્રિકાળી આનંદનો નાથ, જે પર્યાય વિનાનો, એને દેહમાં રહ્યા જિનવરે જોઈ લીધો. પૂરો જોઈ લીધો, એમ કહે છે. સમજાણું કાંઈ? ઓલા હરિહરાદિ પૂરો જોઈ શક્યા નહોતા ને? એથી અહીં પૂરો જોવાની ગાથા મૂકી છે. આહાહા..! પૂર્ણ ધ્રુવ જે ચીજ, એને શુદ્ધ ઉપયોગ વીતરાગી, ઉત્કૃષ્ટ શુદ્ધોપયોગ વીતરાગભાવથી એને જોઈ લીધો. એને કેવળજ્ઞાન થયું, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**અન્વયાર્થ :- જો વ્યવહારનયકર યદ્યપિ ઉત્પાદ ઔર વ્યયકર સહિત...**' અહીંયાં વ્યવહાર નાખ્યો, જોયું! પહેલું સમજાવ્યું હતું પર્યાય. પર્યાયનયથી કહો કે વ્યવહારનયથી (કહો), બધું એક જ છે. આહાહા..! પર્યાય જે ઉત્પાદ-વ્યયની છે એ જ વ્યવહાર છે. ત્રિકાળી દ્રવ્ય છે તે નિશ્ચય છે. સમજાણું કાંઈ? '**વ્યવહારનયકર યદ્યપિ ઉત્પાદ ઔર વ્યયકર સહિત હૈ તો ભી દ્રવ્યાર્થિકનયસે ઉત્પાદ ઔર વિનાશસે...**' કૌંસમાં નાખવું પડ્યું. ઓલું મૂળ પાઠમાં નથી ને. '**भावाभावहिँ**' એટલું છે ને? પણ કહેવાનો આશય '**भावाभावहिँ संजुवउ भावाभावहिँरहिओ**'. આહાહા..! હવે આવું જાણવું ને... આહાહા..! કેટલી એમાં ધીરજ જોઈએ છે.

ભગવાનઆત્મા એક સમયમાં પૂર્ણ આનંદનો નાથ પ્રભુ પરમાત્મસ્વરૂપે જ બિરાજે છે એ. ધ્રુવ સ્વરૂપ એ પરમાત્મ સ્વરૂપ છે. પરમ-આત્મ એટલે પરમ સ્વરૂપ છે એ. બાકી બધા ભાવો તે અપરમ સ્વરૂપ છે. આહાહા..! ક્ષાયિકભાવની પર્યાય પણ પર્યાયનય છે. અપરમ ભાવ છે. સમજાણું કાંઈ? ઓલું અપરમભાવે સ્થિત એ નહિ, હોં! ૧૨મી ગાથામાં અપરમ ભાવે સ્થિત (આવ્યું) એ અપરમ ભાવે સ્થિતનો અર્થ અપૂર્ણ દશામાં રાગમાં છે એને અપરમભાવ કહે છે. એને એણે જાણવાલાયક છે એમ કહે છે. અને આ છે એ વસ્તુ ત્રિકાળ, જેમાં ક્ષાયિકભાવ, ઉપશમભાવનો પણ જેમાં અભાવ (છે) એવો જે ત્રિકાળી ભાવ, એને પરમભાવ કહે છે. અને ક્ષાયિક ભાવાદિની પર્યાય ઉત્પાદ-વ્યયવાળી છે એથી વ્યવહારનયવાળી છે, પર્યાયનયવાળી છે. આહાહા..! સમજાણું કાંઈ? તેથી તેને અપરમ ભાવ કહે છે. સમજાણું કાંઈ?

૧૨મી ગાથામાં કીધું કે '**सुद्धो सुद्धादेसो णादव्वो**' એ પૂર્ણ નિર્વિકલ્પમાં ઠરી ગયો એને શુદ્ધ જાણવા લાયક થઈ ગયો. પણ '**ववहारदेसिदा पुण जे दु अपरमे ट्ठिदा भावे**' એ અપરમ

એટલે ક્ષાયિકભાવમાં સ્થિર એમ નહિ ત્યાં. સમજાણું કાંઈ? ત્યાં અપરમ એટલે કે પૂર્ણ દશામાં નથી, અપૂર્ણ દશામાં અને રાગમાં છે એને અપરમ દશામાં છે એમ કહેવામાં આવે. એને જાણવા લાયક છે. એ વ્યવહાર જાણવા લાયક છે. આ વ્યવહાર જે ક્ષાયિક પર્યાય આદિ છે.. આહાહા..! એ આદરવા લાયક છે. પ્રગટ કરવા લાયક માટે આદરવા લાયક છે. પણ છે એ પર્યાયનયનો વિષય. આહાહા..! કેવળજ્ઞાન પણ પર્યાયનયનો વિષય, સિદ્ધપદ પણ પર્યાયનયનો વિષય. સમજાણું કાંઈ? એ પર્યાયનયની અપેક્ષાએ એના નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાય છે અને પૂર્વની પર્યાયનો વ્યય થાય છે, નવી પર્યાય થાય છે એવો ઉત્પાદ-વ્યય ભાવ-અભાવ. ભાષા એમ લીધી છે ને? ઉત્પાદ તે ભાવ, વ્યય તે અભાવ. આહાહા..! સમજાણું કાંઈ? આવું ઝીણું આવે છે તમારે 'ભાવનગર'વાળા આવે ત્યારે. આહાહા..!

ચાહે તો કેવળજ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય એ ભાવ અને પૂર્વ પર્યાયનો વ્યય થાય તે અભાવ. પણ એ પર્યાયનયનો, વ્યવહારનયનો વિષય છે. આહાહા..! કેવળજ્ઞાન એ સદ્ભુત વ્યવહારનયનો વિષય છે. એ તો વ્યવહારનયનો કહો. આહાહા..! સમજાણું કાંઈ? પણ ત્રિકાળ મૂળ ચીજ જે છે, ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... એમ અનાદિઅનંત ધ્રુવપણે છે એમાં એ ઉત્પાદ-વ્યય નથી. એમાં એ કેવળજ્ઞાનની પર્યાય પણ એમાં નથી. આહાહા..! '...ભાઈ'! આ (વાત) તો બહુ ઝીણી છે. મારગડા ઝીણા બહુ, ભાઈ! આહાહા..!

અહીં તો ઉત્પાદ-વ્યયને વ્યવહારયનય કીધી. વ્યવહારનય આશ્રય કરવા લાયક છે? નિશ્ચયનય એક જ આશ્રય કરવા લાયક (હોય) તો એકાંત થઈ જશે. અનેકાંત થવું જોઈએ. નિશ્ચય એ આદરણીય છે અને વ્યવહારનય પણ આદરણીય છે. તો બે નય વિરૂદ્ધ ક્યાં રહી? બે આદરણીય છે એમ જો કહો તો વિરોધ ક્યાં રહ્યો? આહાહા..! બે નય તો વિરોધ છે. વિરોધધ્વંસિની ન આવ્યું? એક ત્રિકાળને જાણે, એક વર્તમાનને જાણે. બેય વિરોધ છે. બેય નય આદરણીય છે એમ હોઈ શકે નહિ. એકાંત સમ્યક્ ત્રિકાળી તે જ આદરણીય છે. આહાહા..! વ્યવહારનય આશ્રય કરવા લાયક નથી. પ્રગટ કરવાની અપેક્ષાએ એને ઉપાદેય કહેવાય. સમજાણું કાંઈ? પણ આશ્રય કરવા માટે ક્ષાયિક કેવળજ્ઞાન પણ આશ્રય કરવા લાયક નથી. એને તો હોતું નથી. પણ ક્ષાયિક સમકિત હોય છે ને, લ્યોને! પણ એ આશ્રય કરવા લાયક (નથી). આહાહા..! અરે..!

એની મહિમા, એક સમયનો ભગવાન પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... એક એક ગુણે પૂર્ણ, એવા અનંતા ગુણે એકરૂપ પૂર્ણ. એ '**द्रव्यार्थिकनयकर उत्पादव्ययरहित है,...**' આહાહા..! કૌંસમાં નાખ્યું ને રહિત છે? કારણ કે '**भावाभावाभ्यां**' છે ને? '**भावाभावाभ्यां**'માં તો ઉત્પાદ-વ્યય વિનાશ એટલું થાય. પછી તેથી રહિત કૌંસમાં નાખવું પડયું. પછી સંસ્કૃતમાં ખુલાસો છે. '**भावाभावयोः रहितः**' આહાહા..! '**तथा वीतरागनिर्विकल्प आनंदरूपसे समाधिकर...**' આહાહા..! જિનવરદેવે વીતરાગ નિર્વિકલ્પ ભેદ રહિત આનંદરૂપ સમાધિથી '**तद्भव मोक्षके साधक जिनवरदेवने...**' એ જ ભવે જેને

મોક્ષ થાવું છે. આહાહા..! એવા જિનવર દેવે **'देहमें भी देख लिया है,...'** દેહમાં કેવળજ્ઞાન પ્રગટ કર્યું. પૂરો જોયો એ કેવળજ્ઞાનમાં. વીતરાગ શુદ્ધ ઉપયોગની ભાવનાથી ભગવાને આમ પૂરું જોઈ લીધું. આહાહા..! છે? **'देहमें भी देख लिया है,..'** આહાહા..! **'वीतराग निर्विकल्परूपसे (આનંદરૂપ) समाधिकर...'** શાંતિ... શાંતિ... શાંતિ... વીતરાગ અકષાય સ્વભાવની શાંતિ દ્વારા ભગવાને આત્મા પૂર્ણ છે એ જોઈ લીધો. આહાહા..! સમજાણું કાંઈ? આ પુનરુક્તિ નથી આમાં. આ તો ભાવનાનો ગ્રંથ છે ને? સમજાણું કાંઈ? વધારે વધારે વસ્તુ સ્પષ્ટ કરીને વિવિધતાથી દ્રવ્યનો આશ્રય કેમ કરવો અને એનો આશ્રય જેણે ઉગ્રપણે કર્યો એને જ મોક્ષ થાય છે. આહાહા..! જેણે જઘન્યપણે આશ્રય કર્યો એને સમકિતદર્શન આદિ થાય છે. વિશેષ આશ્રય કર્યો એને ચારિત્ર આદિ થાય છે. વિશેષ આશ્રય પૂર્ણ કર્યો તેને કેવળજ્ઞાન થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? અરે..! આમાં કરવું શું? આ ભક્તિ કરે ઓલા લોકો. આ વ્યવહાર-નિશ્ચયના ઝઘડા કહે છે. અરે..! પ્રભુ!

અહીંયાં તો પર્યાય છે એ જ વ્યવહાર છે. ઉત્પાદ-વ્યયને વિરોધ કીધો છે. ઉત્પાદ-વ્યય છે ને? (એને) વિરોધ છે. 'ધવલ'માં કીધું. ઉત્પાદ ભાવ, વ્યય અભાવ. બેય વિરૂદ્ધ છે. વસ્તુ અવિરોધ છે. સમજાણું કાંઈ? ત્રિકાળી ભગવાન પૂર્ણ આનંદનો કંદ નાથ, એ અવિરોધ સ્વરૂપ છે. એટલે કે એકલો ભાવસ્વરૂપ છે. સમજાણું કાંઈ? અને ઉત્પાદ-વ્યય ભાવ-અભાવ સ્વરૂપ એટલે વિરોધભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાને દેહમાં દેખ્યો, એમ કીધું. જોયું! **'देहि जि दिट्ठउ जिणवरहिं '** આહાહા..! આ ત્રીજું પદ છે. દેહમાં દેખ્યો ભગવાને, જિનવરે દેહમાં પૂર્ણ દેખ્યો. પૂર્ણ શુદ્ધ વીતરાગ નિર્વિકલ્પ ઉપયોગ દ્વારા એને પૂર્ણ જોયો. આહાહા..! જિનવરે દીઠો. આહાહા..! 'પ્રભાકર'ને કહે છે, **'उसीको तू परमात्मा जान,...'** આહાહા..! એને તું પરમાત્મા જાણ. ત્રિકાળી જ્ઞાયકભાવ.. આહાહા..! જે ઉત્પાદ-વ્યયની પર્યાય વિનાનો, એને તું પરમાત્મા જાણ. આહાહા..! એટલે? **'वीतराग परमसमाधिके बलसे अनुभव कर.'** એમ. એને-ત્રિકાળ પરમાત્માને તું જાણ એટલે? આહાહા..! વીતરાગ પરમસમાધિ, પરમશાંતિ.. પરમશાંતિ... આહાહા..! અકષાયભાવ, વીતરાગ અકષાયભાવ એ એની શાંતિ અકષાય ભાવની. એ શાંતિના બળથી અનુભવ કર. આહાહા..!

કષાયભાવ છે એ અશાંતિ છે અને વીતરાગ નિર્વિકલ્પ સમાધિ, સમાધિનો અર્થ શાંતિ... શાંતિ... શાંતિ... અકષાય ધારાની શાંતિ દ્વારા એ ભગવાનનો તું અનુભવ કર, કહે છે. આહાહા..! આવી વાત છે. એ અકષાય નિર્વિકારી વીતરાગી શાંતિમાં જણાય એવો છે. આહાહા..! શાસ્ત્રથી જાણી લે એ જાણ્યું નથી, એમ કહે છે.

મુમુક્ષુ :- ઇન્દ્રિયજ્ઞાન છે.

ઉત્તર :- ઈ જાણ્યું છે ક્યાં? ત્યાં ક્યાં ગયો છે? એ તો એના ઉઘાડના ભાવમાં રહ્યો, આવ્યો. આહાહા..! શાસ્ત્રથી જાણ્યું કે આ ધ્રુવ છે ને આ છે. એ તો પર્યાયના ઉઘાડમાં છે. પણ ત્યાં ક્યાં ગયો છે એ? આહાહા..!

મુમુક્ષુ :- શાસ્ત્રથી જાણીને પછી તો જવાય.

ઉત્તર :- શાસ્ત્રથી જાણીને જવાય એવું નથી. આહાહા..!

મુમુક્ષુ :- આ લીલા જ કોઈ જુદી જ જાત છે.

ઉત્તર :- જુદી છે, ભાઈ! આહાહા..! જેને અંતર જાણવા માટે શાસ્ત્રના જ્ઞાનની પણ અપેક્ષા નથી. આહાહા..! ત્યારે જગતને આકરું પડે છે ને. આ બધો વ્યવહાર વયો જાય, બાપુ! વ્યવહારને આશ્રયે નિશ્ચય જણાય જ નહિ. એ એનો આશ્રય છોડે, શાસ્ત્રનું જ્ઞાન-લક્ષ છોડે. પહેલું તો આવી ગયું હતું, નહિ? કે દિવ્યધ્વનિ દ્વારા પણ આત્મા જણાય એવો નથી. હવે શું લેવું છે એને? ભગવાનની સાક્ષાત્ દિવ્યધ્વનિ ૐકાર ધ્વનિ ઊઠે. 'ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે' આહાહા..! 'ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે.' કહે છે કે એ ૐકાર ધ્વનિથી પણ આત્મા જણાય એવો નથી. ગજબ વાતું છે ને, બાપા! આહાહા..!

આ તો બળિયાના કામ છે. કાયરના કામ નથી આ. ઓલા બળિયા દેવ નથી કરતા? છોકરાને કરતા કાંઈક. પાણીયારા ઉપર માટીના કાંઈક કરતા, નહિ? બળિયા દેવ કરતા કાંઈક. ત્યાં અમારે પાણીયારા ઉપર હતું. બળિયાદેવ છોકરાને માને ને એવું હશે કાંઈક. એ બળિયોદેવ નથી આ બળિયોદેવ છે. આહાહા..! કેવળવીર્ય એકલો પુરુષાર્થનો પિંડ પ્રભુ, જેને પ્રગટ થયો કેવળપુરુષાર્થ. આહાહા..! એથી અનંતગણો પુરુષાર્થ ભર્યો છે અંદર. આહાહા..! એવો કેવળપુરુષાર્થ, કેવળ બળિયો પ્રભુ... આહાહા..! એનો તું અનુભવ કર, કહે છે. સમજાણું કાંઈ? એટલે?

વીતરાગ પરમસમાધિના બળથી અનુભવ કર. એટલે? વ્યવહારના બળથી આ જણાશે એમ નહિ, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? રાગની, કષાયની મંદતા ને વ્યવહાર રત્નત્રય ને એ વડે આત્મા જણાય એવો નથી. એ તો રાગવાળી દશા (છે). ભગવાન તો વીતરાગી શુદ્ધઉપયોગ દ્વારા અનુભવ કર. આહાહા..! આ ગુરુ પાંચમા આરાના શિષ્યને કહે છે. પાંચમા આરાના છે કે નહિ? આહાહા..! ગાથા-૪૩ ને ઓલી ૬૮ છે. '**बंधु ण मोक्खु करेइ**' ઈ ૬૮ છે. આ ઉત્પાદ-વ્યય રહિત દ્રવ્ય છે. આહાહા..!

મુમુક્ષુ :- .. પણ મોક્ષ..

ઉત્તર :- ક્યાં છે. ૬૮માં કહે છે. '**ण वि मरइ बंधु ण मोक्खु करेइ**' આહાહા..! એને અમે જીવ કહીએ. દેખો તો ખરા! '**जिणवरु एउँ भणेइ**' છે? ૬૮ છે, ૬૮. એ એમાં આવી ગયું છે ને? ૩૨૦ (ગાથા 'સમયસાર' 'જયસેનાચાર્ય')માં આવી ગયું છે. ૬૮ ગાથા. '**ण वि उप्पज्जइ ण वि मरइ**' એ જીવ. જિનવર એમ કહે છે, એ જિનવર દેવ એમ કહે છે કે જીવ ઉત્પાદ કરતો નથી, વ્યય કરતો નથી, બંધને કરતો નથી, બંધના કારણને કરતો નથી. મોક્ષ કરતો નથી, મોક્ષના કારણને કરતો નથી. આહાહા..!

'**जिउ परमत्थेँ जोइया**' હે જોગી! જીવ પરમાર્થે પુણ્યના માર્ગને, મોક્ષના માર્ગને, મોક્ષને કરતો નથી. આહાહા..! એને તું જીવ જાણ. એ ધ્રુવને જીવ કીધો. આહાહા..! કીધું ને? '**ण**

**वि उप्पज्जइ**' મોક્ષમાર્ગની પર્યાયપણે ધ્રુવ ઊપજતો નથી. '**ण वि मरइ**' ધ્રુવ વ્યય થતો નથી. બંધ ને બંધના માર્ગને જીવ કરતો નથી. એમ મોક્ષને મોક્ષના માર્ગને જીવ કરતો નથી. એ જીવો પરમાર્થે '**जोइया जिणवरु एउँ भणेइ**' હે યોગી! વીતરાગ આમ કહે છે. એને જીવ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? જે જીવ મોક્ષને અને મોક્ષના માર્ગને ન કરે એને જિનવર જીવ કહે છે. આહાહા..! આવી વાણી ક્યાં છે? ભાઈ! આહાહા..!

યોગપરમાર્થ છે ને. '**યહ જીવ ન તો ઉત્પન્ન હોતા હૈ, ન મરતા હૈ ઔર ન બંધ મોક્ષકો કરતા હૈ,...**' આહાહા..! '**ઐસા જિનેન્દ્રદેવ કહતે હૈં.**' આહાહા..! એકકોર કહે, સંસારની-વિકારની ઉત્પત્તિ જીવ પર્યાયમાં કરે, આ કરે. એ તો પર્યાયમાં રાગ થાય અને પર્યાયમાં મોક્ષમાર્ગ થાય. જીવો-જીવ એને કહીએ. જિનવર એને જીવ કહે. આહાહા..! ત્રિકાળી આનંદના નાથને, ધ્રુવને જીવ કહે છે. આહાહા..! એ જીવનું તું ધ્યાન કર. ત્રિકાળી જીવનું ધ્યાન કર. એ પર્યાય ધ્યાનની ધ્યાનથી થાય. જીવથી ન થાય. આહાહા..! સમજાણું કાંઈ? એ મોક્ષમાર્ગની પર્યાય જીવથી ન થાય. તેમ રાગની મંદતાથી ન થાય. તેમ પૂર્વ પર્યાયને કારણે વર્તમાન પર્યાય ન થાય. આહાહા..! એ વર્તમાન પર્યાયને કારણે વર્તમાન પર્યાયનું કાર્ય થાય. આહાહા..! આવી વાત.

એના બળ અને એના સામર્થ્યની શું વાત! ઈશ્વર પોતે પરમાત્મા સાક્ષાત્ અનંત શક્તિનો ધણી ઈશ્વર સ્વરૂપે પ્રભુ છે. એ ઈશ્વર નથી બંધના માર્ગમાં આવતો. આહાહા..! એને અમે પરમાત્મા અથવા જીવ કહીએ છીએ. આહાહા..! સમજાણું કાંઈ? એ '**પરમસમાધિકે બલસે અનુભવ કર.**' સમજાણું? એમ છે ને? '**वीतरागपरमसमाधि-बलेनानुभवेत्यर्थः**' એ વીતરાગી બળના બળથી તેને અનુભવ. આહાહા..!

રાગને સાધન કહ્યું છે ને? ટીકામાં છે કે આ વ્યવહાર મોક્ષમાર્ગનું સાધ્ય જે નિશ્ચય એને અમે કહ્યો. 'પંચાસ્તિકાય'. નિશ્ચય મોક્ષમાર્ગનું સાધન એવો જે વ્યવહાર મોક્ષમાર્ગ કહ્યો. વ્યવહાર મોક્ષમાર્ગનું સાધ્ય એ નિશ્ચય. 'પંચાસ્તિકાય'માં એવા શબ્દો છે. એ તો જ્ઞાન કરાવ્યું છે. એવી વાત .. આહાહા..! અહીં કહે કે વીતરાગી સમાધિથી જ પ્રાપ્ત થાય, ત્યાં કહે કે રાગથી પ્રાપ્ત થાય. એ તો વિરોધ વાક્ય થયા. વિરોધ વાક્ય વીતરાગના હોઈ શકે નહિ. આહાહા..! ત્યાં તો વ્યવહાર સાધકનો આરોપ આપ્યો છે. નિશ્ચય સાધક જે વીતરાગ શુદ્ધોપયોગ, એ સાધક દશા છે. એની સાથે રાગની મંદતાના ભાવને નિમિત્ત તરીકે સહચર દેખીને આરોપીત વ્યવહારનયથી તેને સાધક કહ્યું છે. સાધક છે નહિ તેને સાધક કહ્યું. આહાહા..! આકરું ભારે કામ, ભાઈ!

મુમુક્ષુ :- ... ન હોય ને વાણીયો કહેવાય?

ઉત્તર :- હા. વેપારી હોય એ વાણિયો. ખોજો હોય એ વાણિયા-વેપારી કહેવાય. ખોજો પણ વેપારી કહેવાય. ન કહેવાય? વેપાર કરે એ વાણિયો. મુસલમાન વેપાર કરે. એ વળી જુદી વાત. વેપાર કરે એ વાણિયો. બસ, એટલું. વણિક-વણિક વેપાર. એ કોઈપણ કરે એમાં શું?

અહીં તો પરમાત્માને એ કહેવું છે કે તું પરમ વીતરાગ સ્વરૂપે બિરાજમાન છો, જેમાં હલચલ નથી. આહાહા..! જે વસ્તુ છે ત્રિકાળી એમાં હલચલ નથી, જેમાં પરિણમવું નથી, જેમાં કમ અને અધિકપણું કાંઈ છે નહિ. એ તો છે એ છે પૂર્ણ સ્વરૂપ છે. આહાહા..! એને તું વીતરાગ શુદ્ધોપયોગ દ્વારા અનુભવ કર. આહાહા..! સમજાણું કાંઈ? એય..! 'પ્રવીણભાઈ'! આવી વાતું છે આ. હવે માણસને એમ લાગે આ તો એકલો નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય...

મુમુક્ષુ :- પર્યાયની વાત...

ઉત્તર :- પર્યાય વ્યવહાર છે. આહાહા..! એ તો 'પરમાર્થ વચનિકા'માં નથી કહ્યું? દ્રવ્ય તે નિશ્ચય છે અને મોક્ષમાર્ગ સાધવો તે વ્યવહાર છે. નિશ્ચય મોક્ષમાર્ગ સાધવો, હોં! વ્યવહાર તો માર્ગ છે જ ક્યાં? નિશ્ચય મોક્ષમાર્ગ સાધવો અંદર શુદ્ધોપયોગ એ વ્યવહાર છે. 'પરમાર્થ વચનિકા'માં છે. સમજાણું કાંઈ? આહાહા..! એ અહીં વાત કરી છે. પર્યાય છે તેને જાણ પર્યાય તરીકે એટલું. પણ આશ્રય કરવા લાયક તો ત્રિકાળી ચીજ છે. પર્યાયને પણ આશ્રય કરવા લાયક તો ત્રિકાળી ચીજ છે. ભલે પર્યાય છે એ ક્ષણિક દશા છે. ક્ષણિક દશાનો આશ્રય છે તે ત્રિકાળી છે. આહાહા..! સમજાણું કાંઈ? એ ધ્રુવનો નિર્ણય કરે છે તે પર્યાય છે. નિત્યનો નિર્ણય કરે તે અનિત્ય છે. આહાહા..! નિશ્ચયનો નિર્ણય કરે છે તે વ્યવહાર પર્યાય છે. સમજાણું કાંઈ? આવો માર્ગ છે, 'જયંતિભાઈ'! ઓલું તો એકેન્દ્રિય, બેઈન્દ્રિયમાં વિચાર જ નહોતો થાતો કે આ શું કરીએ છીએ. આહાહા..!

આ તો સર્વજ્ઞ પરમેશ્વર જિનવરદેવે દેહમાં રહ્યા પૂર્ણ જોઈ લીધો. અસંખ્ય પ્રદેશી અનંત ગુણનો પિંડ પૂર્ણ જોયો. એની વાણીમાં આવ્યું કે, એ પૂર્ણના નાથને જો તું, ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ? બાકી બધી વાતું છે. આહાહા..!

'**ભાવાર્થ : જો પરમાત્મા કૃષ્ણ, નીલ, કાપોત, લેશ્યારૂપ...**' આદિ. એમ જોઈએ. અંદર આદિ શબ્દ છે ને? '**કૃષ્ણ, નીલ, કાપોત, લેશ્યારૂપ આદિ...**' આદિ શબ્દ છે. અર્થમાં આદિ પડ્યો રહ્યો છે. '**કૃષ્ણ, નીલ, કાપોત, લેશ્યારૂપ આદિ...**' '**समस्तविभावरहितेन**' આહાહા..! એ તો '**कृष्णनीलकापोतलेश्यास्वरूपादिसमस्तविभावरहितेन**' એ લેશ્યાથી પણ રહિત આત્મા છે. આહાહા..! '**વિભાવ પરિણામોંસે રહિત શુદ્ધાત્મકી પ્રાપ્તિરૂપ ધ્યાનકર...**' શુદ્ધાત્માની પ્રાપ્તિ જેમાં પૂર્ણ સ્વરૂપ પર્યાયમાં પ્રાપ્ત થાય એનું ધ્યાન કર.

'**જિનવરદેવને દેહમાં દેખા હૈ,...**' જિનવરદેવે. દેવને હિન્દી ભાષા છે ને. જિનવરદેવે દેહમાં જોયો છે. આહાહા..! એ ક્યાંય બહાર આઘો નથી. આહાહા..! અનંત ગુણનો દરબાર બિરાજે છે. બાદશાહ બિરાજે છે. આહાહા..! ત્યાં દેહમાં ભગવાને એને જોઈ લીધો. આહાહા..! '**વહી સાક્ષાત્ ઉપાદેય હૈ.**' લ્યો! છે ને? સાક્ષાત્ ઉપાદેય. '**इति तात्पर्यार्थः**' સંસ્કૃતમાં છે. '**जिनवरैर्देहेऽपि दृष्टः स एव साक्षादुपादेय**' આહાહા..! અહીં તો એ વસ્તુ ત્રિકાળી તે જ આદરણીય છે. આહાહા..! આદર કરનાર પર્યાય છે. પણ આદર કરવા લાયક ત્રિકાળી ચીજ છે. ઝીણું લુખું લાગે માણસને.

'શ્રીમદ્'માં એક કાગળ છે ને? ભાઈ! આ વીતરાગ માર્ગ તો ઘણો ઓલો છે. એટલે

કેટલાક વિચારકોએ ભક્તિને કહી છે. એમ કરીને વ્યવહાર જણાવ્યો છે. ઓલા પણ કહેતા. ગુજરી ગયા. બ્રહ્મચારી નહિ? આપણે ત્યાં આવ્યા હતા, નહિ? 'છોટાલાલ' 'છોટેલાલ' બ્રહ્મચારી. પછી તો ફરી ગયા હતા. પહેલા અનુકૂળ હતા, પછી ફરી ગયા હતા. વળી ફરી ગયા. એમ કે વ્યવહારમાં આવે ત્યારે અંદર જવાનું બળ પ્રાપ્ત થાય એને. 'છોટેલાલ' હતા. થોડોક કષાયની મંદતામાં આવે-વિસામો.. તો એને અંદર જવાનું બળ થાય એમ કહેતા. પહેલા એને ઠીક હતું. પછી પાછું ફરી ગયું. પછી આવ્યા હતા. મારું બધું ખોટું છે. 'છોટેલાલ' ત્યાં 'ઈંદોર' રહેતા ને? બ્રહ્મચર્ય આશ્રમમાં.

એ ભગવાન સાક્ષાત્ ઉપાદેય આ આત્મા. આવો ધ્રુવ છે તે બસ આદરવા (લાયક છે.) આહાહા..! ત્યાં લક્ષ કરવા જેવું, ત્યાં દૃષ્ટિ કરવા જેવું, ત્યાં શ્રદ્ધા કરવા જેવું, ત્યાં ઠરવા જેવું. આહાહા..! કેવળજ્ઞાનને પ્રાપ્ત કરવા માટે દ્રવ્યમાં ઠરવા જવાની વાત છે અહીં તો. આહાહા..! કોઈ શાસ્ત્રનું ખૂબ ભણીએ તો પછી જ્ઞાન થાય.

એની ના પાડે છે. એ તો છે એ છે. એકકોર કહે, 'કુંદકુંદાચાર્ય' કહે, સાંભળ! કહું છું. બીજી રીતે કહે કે હું કહી શકતો નથી. અને મારાથી તને જ્ઞાન થતું નથી. આવી વાત છે. અહીં તો કહેવું છે કે તારે કેવળજ્ઞાન પ્રગટ કરવું હોય તો એ શાસ્ત્રના ભણતરથી નહિ થાય. આહાહા..!

મુમુક્ષુ :- ભણતરના પુસ્તક તો ઢગલાબંધ છપાવીએ છીએ.

ઉત્તર :- એ બિચારો એ જ કહે છે ને. નિમિત્તથી થાય નહિ અને નિમિત્ત દ્વારા શું કીધું ઉપાદાનનું...? જોડી દે છે. નિમિત્તને ઉપાદાન સાથે જોડી દે છે. અને થાય છે મિથ્યાત્વ ને માને સમકિત. અરે..! પ્રભુ! ભાઈ! એમ ન થાય. નિમિત્ત પણ નિમિત્તને કારણે આવે છે. આહાહા..! એમ કહે, તમે બોલો છો શું કરવા પછી? તમારાથી સમજાય નહિ અને એનાથી સમજાય તો પણ તમે બોલો. ભાઈ! એમ ન બોલાય. આહાહા..!

અહીં તો ત્રિકાળી ભગવાન આનંદનો નાથ એ ચારે બાજુથી એક જ ઉપાદેય છે એમ કહે છે. અને તેને આદરવાથી તેને મોક્ષનો માર્ગ પ્રગટે અને એને મોક્ષ થાય. બીજાને મોક્ષનો માર્ગ પ્રગટે નહિ. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ)

---

**अथ येन देहे वसता पञ्चेन्द्रियग्रामो वसति गतेनोद्वसो भवति स एव परमात्मा भवतीति कथयति –**

**४४) देहि वसंतें जेण पर इंदिय-गामु वसेइ।**
**उव्वसु होइ गएण फुडु सो परमप्पु हवेइ।।४४।।**

**देहे वसता येन परं इन्द्रियग्रामः वसति।**
**उद्वसो भवति गतेन स्फुटं स परमात्मा भवति।।४४।।**

**देहे वसता येन परं नियमेनेन्द्रियग्रामो वसति येनात्मना निश्चयेनातीन्द्रियस्वरूपेणा-पिव्यवहारनयेन शुद्धात्मविपरीते देहे वसता स्पर्शनादीन्द्रियग्रामो वसति, स्वसंवित्यभावे**

स्वकीयविषये प्रवर्तत इत्यर्थः। उद्वसो भवति गतेन स एवेन्द्रियग्रामो यस्मिन् भवान्तरगते सत्युद्वसो भवति स्वकीयविषयव्यापाररहितो भवति स्फुटं निश्चितं स एवंलक्षणश्चिदानन्दैकस्वभावः परमात्मा भवतीति। अत्र य एवातीन्द्रियसुखास्वादसमाधिरतानां मुक्तिकारणं भवति स एव सर्वप्रकारोपादेयातीन्द्रियसुखसाधकत्वादुपादेय इति भावार्थः।।४४।।

---

आगे देहमें जिसके रहनेसे पाँच इन्द्रियरूप गाँव बसता है और जिसके निकलनेसे पंचेन्द्रियरूप गाँव उजड़ हो जाता है, वह परमात्मा है, ऐसा कहते हैं –

**गाथा – ४४**

अन्वयार्थ :– [ येन परं देहे वसता ] जिसके केवल देहमें रहनेसे [ इन्द्रियग्रामः ] इन्द्रिय गाँव [ वसति ] रहता है, [ गतेन ] और जिसके परभवमें चले जानेपर [ उद्धसः स्फुटं भवति ] उजड़ निश्चयसे हो जाता है [ स परमात्मा ] वह परमात्मा भवति है।।

भावार्थ :– शुद्धात्मासे जुदी ऐसी देहमें बसते आत्मज्ञानके अभावसे ये इन्द्रियाँ अपने अपने विषयोंमें (रूपादिमें) प्रवर्तती हैं और जिसके चले जानेपर अपने अपने विषय–व्यापारसे रुक जाती हैं, ऐसा चिदानन्द निज आत्मा वही परमात्मा है। अतीन्द्रियसुखके आस्वादी परमसमाधिमें लीन हुए मुनियोंको ऐसे परमात्माका ध्यान ही मुक्तिका कारण है, वही अतीन्द्रियसुखका साधक होनेसे सब तरह उपादेय है।।४४।।

---

હવે, દેહમાં જેના રહેવાથી પાંચ ઇન્દ્રિયરૂપ ગામ વસે છે અને જેના જવાથી પાંચ ઇન્દ્રિયરૂપ ગામ ઉજ્જડ થાય છે, તે જ પરમાત્મા છે એમ કહે છે :

ભાવાર્થ : દેહમાં જે રહેતાં નિયમથી ઇન્દ્રિયગામ વસે છે–નિશ્ચયનયથી અતીન્દ્રિય સ્વરૂપી હોવા છતાં પણ જે આત્મા વ્યવહારનયથી શુદ્ધ આત્માથી વિપરીત દેહમાં રહેતાં સ્પર્શનાદિ ઇન્દ્રિયગામ વસે છે અર્થાત્ સ્વસંવેદનના અભાવમાં તે ઇન્દ્રિયો (સ્પર્શનાદિ) પોતપોતાના વિષયમાં પ્રવર્તે છે અને જે ભવાન્તરમાં જતાં તે ઇન્દ્રિયગામ ઉજ્જડ થાય છે અર્થાત્ તે પોતપોતાના વિષયના વ્યાપારથી રહિત થાય છે, તે નિશ્ચયથી ચિદાનંદ જેનો એક સ્વભાવ છે એવો પરમાત્મા છે.

અહીં જે અતીન્દ્રિય સુખના આસ્વાદરૂપ સમાધિમાં રત થયેલાઓને મુક્તિનું કારણ છે, તે જ (તે પરમાત્મા જ) સર્વ પ્રકારે ઉપાદેયભૂત અતીન્દ્રિય સુખનો સાધક હોવાથી ઉપાદેય છે, એવો ભાવાર્થ છે. ૪૪.

## વીર સંવત ૨૫૦૨, અષાઢ સુદ ૧૦, મંગળવાર
## તા. ૦૬-૦૭-૧૯૭૬, ગાથા-૪૪-૪૫, પ્રવચન નં. ૨૭

'પરમાત્મપ્રકાશ'. ૪૪-ગાથા. ૪૩ થઈ ગઈ છે. '**આગે દેહમેં જિસકે રહનેસે...**' દેહમાં જેને રહેવાથી '**પાંચ ઈન્દ્રિયરૂપ ગાંવ બસતા હૈ, ઔર જિસકે નિકલનેસે પંચેન્દ્રિયરૂપ ગાંવ ઉજડ હો જાતા હૈ, વહ પરમાત્મા હૈ,...**' એ કહે છે.

**૪૪) देहि वसंतैं जेण पर इंदिय-गामु वसेइ।**
**उव्वसु होइ गएण फुडु सो परमप्पु हवेइ।।४४।।**

**અન્વયાર્થ :-** '**જિસકે કેવલ દેહમેં રહનેસે...**' આહાહા..! '**येन परं देहे**' '**ઈન્દ્રિય ગાંવ રહતા હૈ,...**' ઈન્દ્રિય ગામ કામ કરે છે એમ કહે છે. આત્મા છે તો અંદર ઈન્દ્રિય ગામ કામ કરે છે. ભાવેન્દ્રિય. '**ઔર જિસકે પરભવમેં ચલે જાનેપર...**' '**गतेन**' અહીંથી દેહથી નીકળે (એટલે) '**ઉજડ નિશ્ચયસે હો જાતા હૈ...**' પાંચ ઈન્દ્રિયના વિષયો ઉજ્જડ થઈ જાય. '**યહ પરમાત્મા હૈ...**' આહાહા..! એને તું પરમાત્મા ચૈતન્યસ્વરૂપ જાણ, જે અતીન્દ્રિય જ્ઞાનથી જણાય એવો છે. ઈન્દ્રિયથી જણાય એવો નથી.

'**શુદ્ધાત્માસે જુદી ઐસી દેહમેં...**' ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યઘન, એનાથી જુદો આ દેહ, એમાં '**બસતે આત્મજ્ઞાનકે અભાવસે...**' આહાહા..! ઈન્દ્રિયોમાં આત્મા અંદર ઈન્દ્રિયોથી કામ કરે છે. એ આત્મજ્ઞાનને અભાવે. આહાહા..! આત્મા અણીન્દ્રિય આનંદકંદ છે. આત્માનું જેને જ્ઞાન નથી, તે પાંચ ઈન્દ્રિયના વિષયોમાં દોરાય છે અને એને જાણે છે. આહાહા..! છે? '**આત્મજ્ઞાનકે અભાવસે...**' આત્મા જ્ઞાયકસ્વભાવ, એ અણીન્દ્રિય આત્મા છે. અણીન્દ્રિયથી જણાય એવો છે. રાગરહિત વીતરાગ પરિણતિ દ્વારા જણાય એવો એ આત્મા છે. એમાં કથંચિત્ ઈન્દ્રિયથી જણાય અને કથંચિત્ અણીન્દ્રિયથી જણાય એમ નથી.

'**આત્મજ્ઞાનકે અભાવસે યે ઈન્દ્રિયાં અપને અપને વિષયોંમેં (રૂપાદિમેં) પ્રવર્તતી હૈં, ઔર જિસકે ચલે જાનેપર અપને અપને વિષય-વ્યાપરસે રુક જાતી હૈં,...**' ઈન્દ્રિય. ભાવઈન્દ્રિય કામ ન કરે. ઈન્દ્રિય આ જડ છે એ તો. જાણનાર તો ચાલ્યો ગયો. આહાહા..! '**જિસકે ચલે જાનેપર અપને અપને વિષય-વ્યાપારસે રુક જાતી હૈં, ઐસા ચિદાનંદ...**' એવો ચિદાનંદ-જ્ઞાન આનંદ '**નિજ આત્મા...**' આહાહા..! જ્ઞાનાનંદ સ્વરૂપ આત્મા છે. એ આત્માને ઉપાદેય છે. '**વહી પરમાત્મા હૈ.**' લ્યો! ત્રિકાળી જ્ઞાનાનંદ સ્વરૂપ એ પરમાત્મસ્વરૂપ છે. એ જ ઉપાદેય છે.

'**અતીન્દ્રિય સુખકે આસ્વાદી...**' એ પરમાત્માને કોણ ધ્યાનમાં લે? કહે છે. આહાહા..! ઈન્દ્રિયના સુખની જેણે રુચિ છોડી છે અને અતીન્દ્રિય સુખના સ્વાદિયા-

આસ્વાદી છે. આહાહા..! '**પરમસમાધિમેં લીન હુએ...**' અંતરમાં શાંતિમાં લીન છે. અવિકારી સ્વભાવ શાંતિ એમાં અવિકારી પરિણામથી લીન છે. આહાહા..! આવી વાત છે. એ '**મુનિયોંકો ઐસે પરમાત્માકા ધ્યાન હી મુક્તિકા કારણ હૈ,...**' અતીન્દ્રિય સુખના વેદક, રસિયા, પરમ સમાધિમાં લીન. આહાહા..! જ્ઞાયક સ્વભાવ તરફ શાંતિ અને અવિકારી પરિણામમાં જે લીન છે, એવા મુનિઓને એ પરમાત્માનું ધ્યાન જ.. લ્યો! અહીં તો એક જ વાત કરી. એનું સાધન બીજું કાંઈ ખરું કે નહિ? એ વાત કરે છે. ત્યાં 'અગાસ'માં પણ એમ પૂછતા હતા. કે નિશ્ચય તમે વાત કરી પણ એમાં સાધન? આ ભક્તિ કરવી, વાંચન.. એમ પૂછતા હતા. આ જ સાધન છે. અતીન્દ્રિય આનંદના સ્વાદમાં લીન થઈને તેનું ધ્યાન કરવું એ જ સાધન છે. આહાહા..! અને એ જ મુક્તિનું કારણ છે. છે ને? '**ધ્યાન હી..**' એમ શબ્દ છે. એકાંત થઈ ગયું. '**मुक्तिकारणं भवति स एव**' સંસ્કૃત છે. '**स एव**' આહાહા..!

આત્મા અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનસ્વરૂપી વસ્તુ, એમાં અતીન્દ્રિય આનંદના સ્વાદમાં લીન થવું.. આહાહા..! વર્તમાન અતીન્દ્રિય આનંદમાં લીન થવું એ મુક્તિનું કારણ છે. આહાહા..! મુક્તિનો માર્ગ તો આ એક જ થયો. મોક્ષના માર્ગ બે કહ્યા છે ને? માર્ગ બે નથી. એ તો કથન બે છે. માર્ગ તો આ એક જ છે. આત્માના આનંદનું ધ્યાન એને લક્ષમાં લઈને નિર્મળ પરિણતિ ઊભી થાય તે એક જ મોક્ષનું કારણ છે. આ એકાંત લાગે માણસને. કાંઈક એનું સાધન જોઈએ વ્યવહાર.

'શ્રીમદ્'માં પણ કહ્યું છે ને? 'નિશ્ચય રાખી લક્ષમાં સાધન કરવા સોઈ' એ બધી વ્યવહારની વાતું છે. સાધન આ જ સાધન છે. પણ એને લોકો એમ કહે કે જુઓ! આમાં સાધન કહ્યું છે ને. આ બીજા. એ મારવાડી પૂછતા હતા રાત્રે. નિશ્ચયની વાત તો બરાબર પણ એનું સાધન? આહાહા..! સ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન, એના તરફનું વલણ એ જ સાધન છે. વ્યવહાર-બ્યવહાર સાધન છે નહિ. વસ્તુ એવી છે. આહાહા..! એમ કે કંઈક આ પંચ મહાવ્રત પાળવા આદિ સાધન ખરું કે નહિ? 'શ્રીમદ્'માં પણ આવે છે ને? '.. ક્ષમા સત્ય ત્યાગ વૈરાગ્ય હોય મુમુક્ષુ ઘટ' એ તો રાગની મંદતા હોય એટલી વાત છે. એનાથી થાય એ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એ શબ્દ એવા હોય તો એ પૂછે કે આ બધા સાધન કહ્યા છે ને? એ તો એવી રાગની મંદતા મુમુક્ષુને હોય છે. એટલું. પણ એનાથી પમાય છે એમ નથી. આહાહા..!

મુમુક્ષુ :- સજીવનમૂર્તિ જોઈએ.

ઉત્તર :- એ બધી વાતું. સજીવનમૂર્તિ પોતે છે. આહાહા..!

આનંદ ને અનંત જ્ઞાનથી જીવતું-ટકતું તત્ત્વ તો આત્મા છે. અતીન્દ્રિય આનંદના સ્વરૂપે, મૂર્ત સ્વરૂપ તો એ આત્મા છે. આહાહા..! એનું ધ્યાન કરવું એ જ ઉપાય છે. આહાહા..! આ એક જ કહ્યું, જુઓ! પરમાત્માનું ધ્યાન જ મુક્તિનું કારણ છે. વ્યવહાર પણ મુક્તિનું કારણ છે એમ લીધું નથી. આ લોકોને આકરું પડે છે. સત્યની એને મોટપ જણાતી નથી. 'અલિંગગ્રહણ'માં એ જ કહ્યું છે, છઠ્ઠા બોલમાં. પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. એને કોઈ રાગ ને નિમિત્તની અપેક્ષા હોય તો જણાય એવું એનું સ્વરૂપ જ

નથી. આહાહા..! આ લોકોને આકરું લાગે બધાને.

**મુમુક્ષુ :-** ન સમજાય ત્યાં સુધી આકરું લાગે.

**ઉત્તર :-** શું થાય?

**'અતીન્દ્રિયસુખકે આસ્વાદી...'** મુખ્ય મુનિપણું લેવું છે ને? પરમસમાધિ-નિર્વિકલ્પ શાંતિમાં લીન છે. એવા મુનિઓને **'ऐसे परमात्माका ध्यान ही मुक्तिका कारण है,...'** આહાહા..! 'નિયમસાર'માં આવ્યું છે ને? એક ધ્યાન જ મુક્તિનું કારણ છે. વ્રત ને તપ ને ઘણા બધા નામ આપ્યા છે ને? એ આ. આહાહા..! ધ્યાન જે પર્યાય છે તેનું ધ્યેય આખી ચીજ છે. આહાહા..! ધ્યાન એ પર્યાય છે પણ એ ધ્યાન નિર્વિકલ્પ વીતરાગી પર્યાય છે, સમભાવી પર્યાય છે. એનો વિષય તો ત્રિકાળી જ્ઞાયકભાવ છે. એ જ સાધન અને એ એક જ મુક્તિનો ઉપાય છે. બાકી બધી વાતું ગમે તેટલી કરે. 'છ ઢાળા'માં પણ ન આવ્યું? 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો, છોડી જગત દ્વંદ્વ ફંદ નિશ્ચય આતમ ઉર ધ્યાવો.' 'છ ઢાળા'.

**મુમુક્ષુ :-** .. અમે તો કાંઈ સમજ્યા નહિ.

**ઉત્તર :-** ન સમજ્યા? આહાહા..! 'લાખ વાતની વાત' કરોડ વાતની વાત 'નિશ્ચય ઉર આણો' તો પછી કરોડની.. આનંદનો નાથ એને દૃષ્ટિમાં લ્યો, એક જ વાત છે.

**મુમુક્ષુ :-** એવું તો નથી લખ્યું?

**ઉત્તર :-** એમાં નથી લખ્યું? 'નિશ્ચય ઉર આણો'. બસ, 'નિશ્ચય' એટલે એ. 'છોડી જગત દ્વંદ ફંદ' દ્વૈતપણું પણ છોડી દે. પર્યાયનું લક્ષ અને દ્રવ્યનું લક્ષ, બે નહિ. 'નિજ આતમ ધ્યાવો.' આ વસ્તુ એવી છે ને. એની શરૂઆત જ આ રીતે છે. પછી માણસને આકરું લાગે એટલે કહે, એ.. નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય... આહાહા..! શું થાય?

**'वही अतीन्द्रियसुखका साधक होनेसे...'** જોયું! અતીન્દ્રિય સુખ જે મોક્ષ, એનો સાધક હોવાથી **'सब तरह उपादेय है.'** આહાહા..! પૂર્ણાનંદનો નાથ તેના ઉપર ધ્યાન કરવું. એને ધ્યેય બનાવીને ધ્યાન કરવું. ધ્યાનનો વિષય ધ્રુવ ધ્રુવ. આહાહા..! અનુભવનો વિષય એ ધ્રુવ. આવી વાત પકડવી કઠણ પડે એટલે લોકો આ બહારની પ્રવૃત્તિ કાંઈક કરે. વ્રત પાળે ને કોઈ અપવાસ કરે. બહાર આચરણ કરે એ સાધન છે એમ કહે છે.

**મુમુક્ષુ :-** જૂની રીત તો ઈ જ છે.

**ઉત્તર :-** જૂની? ઊંધી માન્યતા એ છે.

**મુમુક્ષુ :-** ઊંધી પણ અનાદિની છે.

**ઉત્તર :-** હા. આહાહા..!

અહીં તો એક જ અતીન્દ્રિય સુખનું સાધન, પરમાત્માનું ધ્યાન જ મુક્તિનું એક કારણ છે, બસ. આહાહા..! વસ્તુ તો આ છે, ભાઈ!

**મુમુક્ષુ :-** ધ્યાનનો વિષય...

**ઉત્તર :-** ધ્યાનનો વિષય દ્રવ્ય. પર્યાયનો વિષય દ્રવ્ય. ધ્યાન છે એ પર્યાય છે. નિત્યનો

નિર્ણય કરે અનિત્ય. અનિત્યનો વિષય નિત્ય છે. આહાહા..! ઓલામાં આવ્યું નહોતું? કે આ કાળે ધ્યાન થઈ શકે નહિ. એ લોકો.. સ્વાધ્યાયમાં આવ્યું હતું. આહાહા..! ધર્મધ્યાન. ધર્મધ્યાન એટલે? વસ્તુના સ્વભાવનું ધ્યાન તે ધર્મધ્યાન. તે ન હોય તો ધર્મ જ ન હોય. કેટલાક કહે છે ને અત્યારે શુદ્ધોપયોગ નથી. માટે વ્યવહાર ધર્મ ને આ રાગ એ ધર્મ છે. એમ કહે છે કેટલાક. આહાહા..! એમ કે આત્મા તરફનું ધ્યાન એ તો અત્યારે નથી. અત્યારે નથી તો પછી શું રહ્યું? આહાહા..!

અહીંયાં તો એ '**અતીન્દ્રિયસુખકા સાધક હોને સે સબ તરહ ઉપાદેય હૈ.**' આહાહા..! અંતરમાં ગુમ થઈ જવું. ભગવાન આનંદના નાથને પકડીને ગુમ થઈ જવું. એ એક જ વાત. આત્મધ્યાન જ ઉપાય છે, ભાઈ! બીજો નહિ. એનો અભ્યાસ નહિ એટલે એને લાગે. પણ વસ્તુસ્થિતિ તો આ છે. હવે એને ઓલો કહે છે કે નહિ. મોક્ષમાર્ગ બે ન માને એ ભ્રમમાં છે. કહો. એ તો બધા કહેનારા એવા ને એવા બધા હોય. એમાં શું? નિગોદમાંથી નીકળેલો કાંઈ સંસ્કાર ન હોય એ નવ પૂર્વ ભણે છે. એમાં શું છે? નિગોદમાંથી નીકળે. અક્ષરના અનંતમા ભાગમાં હતું ત્યાં, લ્યો! અહીંયાં નવ પૂર્વ ભણે. રાગની મંદતા થાય એથી શું? અભવિને પણ હોય એવું. એ વસ્તુ શું? આહાહા..! અગિયાર અંગ અને નવ પૂર્વ એ પણ હોય. આહાહા..! એ પૂર્વનું હતું માટે આવ્યું એ તો કાંઈ છે નહિ. પૂર્વ નિગોદમાંથી નીકળ્યો છે. આહાહા..! રાગની મંદતા અને અભ્યાસ હોય તો થાય. આહાહા..! વિભંગ થઈ જાય છે. સાત દ્વીપ અને સાત સમુદ્ર દેખે. એથી શું?

સ્વજ્ઞેયને પકડ્યો નથી ત્યાં સુધી પરજ્ઞેય જાણે એ બધું મિથ્યા છે, ભ્રમ છે. આહાહા..! એ તો એકલું પરપ્રકાશક જ્ઞાન થયું. સાત દ્વીપ, સમુદ્ર ભલે ભાળે. એથી શું થયું? પણ જે સ્વપ્રકાશક જે જ્ઞાન છે એને તો જાણ્યું નથી. આહાહા..! સ્વને જાણતા પછી પરપ્રકાશપણું હોય છે. પણ એકલું પરપ્રકાશકપણું આત્મજ્ઞાન વિના મિથ્યાજ્ઞાન છે. આહાહા..! આવી વાત છે બહુ, ભાઈ!

મુમુક્ષુ :- ઇન્દ્રિયજ્ઞાન તો પરપ્રકાશક જ છે.

ઉત્તર :- તેથી જ કહે છે ને. તેથી એ કહેશે હમણાં. પરપ્રકાશક છે માટે સાધન નથી. અહીં તો કહેશે હજી ૪૫માં. પાંચ ઇન્દ્રિયનો વિષય પણ સાધન નથી. આહાહા..! એનાથી જાણ્યો જાય નહિ. ઇન્દ્રિયનો વિષય વાણી આદિ ભગવાનની, એનાથી જાણ્યો જાય નહિ એવો છે. એ ૪૪ થઈ.

अथ यः पञ्चेन्द्रियैः पञ्चविषयान् जानाति स च तैर्न ज्ञायते स परमात्मा भवतीति निरूपयति –

४५) जो णिय–करणहिँ पंचहिँ वि पंच वि विसय मुणेइ।
मुणिउ ण पंचहिँ पंचहिँ वि सो परमप्पु हवेइ।।४५।।

यः निजकरणैः पञ्चभिरपि पञ्चापि विषयान् जानाति।
ज्ञातः न पञ्चभिः पञ्चभिरपि स परमात्मा भवति।।४५।।

यो निजकरणैः पञ्चभिरपि पञ्चापि विषयान् मनुते जानाति। तद्यथा। यः कर्ता शुद्धनिश्चयनयेनातीन्द्रियज्ञानमयोऽपि अनादिबन्धवशात् असद्भूतव्यवहारेणेन्द्रियमयशरीरं गृहीत्वा स्वयमर्थान् ग्रहीतुमसमर्थत्वात्पञ्चेन्द्रियैः कृत्वा पञ्चविषयान् जानाति, इन्द्रियज्ञानेन परिणमतीत्यर्थः। पुनश्च कथंभूतः। मुणिउ ण पंचहिं पंचहिं वि सो परमप्पु हवेइ मतो न ज्ञातो न पञ्चभिरिन्द्रियैः पञ्चभिरपि स्पर्शादिविषयैः। तथाहि वीतरागनिर्विकल्पस्वसंवेदनज्ञान–विषयोऽपि पञ्चेन्द्रियैश्च न ज्ञात इत्यर्थः। स एवंलक्षणः परमात्मा भवतीति। अत्र य एव पञ्चेन्द्रियविषय–सुखास्वादविपरीतेन वीतरागनिर्विकल्पपरमानन्दसमरसीभावसुखरसास्वादपरिणतेन समाधिना ज्ञायते स एवात्मोपादानसिद्धमित्यादिविशेषणविशिष्टस्योपादेयभूतस्यातीन्द्रियसुखस्य साधकत्वादुपादेय इति भावार्थः।।४५।।

---

आगे जो पाँच इन्द्रियोंसे पाँच विषयोंको जानता है और आप इन्द्रियोंके गोचर नहीं होता है, वही परमात्मा है, यह कहते हैं –

**गाथा – ४५**

अन्वयार्थ :– [ यः] जो आत्माराम शुद्धनिश्चयनयकर अतीन्द्रिय ज्ञानमय है तो भी अनादि बंधके कारण व्यवहारनयसे इन्द्रियमय शरीरको ग्रहणकर [ निजकरणैः पञ्चभिरपि ] अपनी पाँचों इन्द्रियो द्वारा [ पञ्चापि विषयान् ] रूपादि पाँचों ही विषयोंको जानता है अर्थात् इन्द्रियज्ञानरूप परिणमन करके इन्द्रियोंसे रूप, रस, गंध, शब्द, स्पर्शको जानता है और आप [ पञ्चभिः ] पाँच इन्द्रियोंकर तथा [ पञ्चभिरपि ] पाँचों विषयोंसे सो [ मतो न ] नहीं जाना जाता, अगोचर है, [ स परमात्मा ] ऐसे लक्षण जिसके हैं, वही परमात्मा [ भवति ] है।

भावार्थ :– पाँच इन्द्रियोंके विषय–सुखके आस्वादसे विपरीत, वीतरागनिर्विकल्प परमानन्द समरसीभावरूप, सुखके रसका आस्वादरूप, परमसमाधि करके जो जाना जाता है, वही परमात्मा है, वह ज्ञानगम्य है, इन्द्रियोंसे अगम्य है और उपादेयरूप अतीन्द्रिय सुखका साधन अपना स्वभावरूप वही परमात्मा आराधने योग्य है।।४५।।

**હવે, જે પાંચ ઈન્દ્રિયોવડે પાંચ વિષયોને જાણે છે પણ જે તેમના વડે (પાંચ ઈન્દ્રિયો અને પાંચ વિષયો વડે) જણાતો નથી, તે પરમાત્મા છે એમ કહે છે :**

**ભાવાર્થ : જે પોતાની પાંચ ઈન્દ્રિયો વડે પાંચ વિષયોને જાણે છે, જે શુદ્ધ નિશ્ચયનયથી અતીન્દ્રિયજ્ઞાનમય હોવા છતાં પણ અનાદિબંધના વશે અસદ્‌ભૂત વ્યવહારથી ઈન્દ્રિયમય શરીર ગ્રહીને, સ્વયં અર્થોને જાણવાને અસમર્થ હોવાથી પાંચ ઈન્દ્રિયો દ્વારા પાંચ વિષયોને જાણે છે અર્થાત્ ઈન્દ્રિયજ્ઞાનરૂપે પરિણમે છે અને જે પાંચ ઈન્દ્રિયો અને પાંચ સ્પર્શાદિ વિષયોથી જણાતો નથી અર્થાત્ વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનનો વિષય હોવા છતાં પાંચ ઈન્દ્રિયોથી (અને પાંચ વિષયોથી) જણાતો નથી, તે પરમાત્મા છે.**

**અહીં, પંચેન્દ્રિયવિષયના સુખના આસ્વાદથી વિપરીત વીતરાગ નિર્વિકલ્પ પરમાનંદરૂપ સમરસીભાવમય સુખરસના આસ્વાદરૂપે પરિણત સમાધિ વડે, જે પરમાત્મા જણાય છે તે જ '[1]આત્મોપાદાનથી સિદ્ધ' ઈત્યાદિ વિશેષણથી વિશિષ્ટ, ઉપાદેયભૂત અતીન્દ્રિય સુખનો સાધક હોવાથી ઉપાદેય છે, એવો ભાવાર્થ છે. ૪૫.**

---

## ગાથા-૪૫ ઉપર પ્રવચન

'**આગે જો પાંચ ઈન્દ્રિયોંસે પાંચ વિષયોંકો જાનતા હૈ, ઔર આપ ઈન્દ્રિયોંકે ગોચર નહીં હોતા હૈ,..**' આહાહા..! ઈન્દ્રિયોથી જાણે છે ઈ, પણ એ પોતે ઈન્દ્રિયગમ્ય નથી. આહાહા..! '**વહી પરમાત્મા હૈ,..**' આહાહા..! આઠ વર્ષની બાલિકા પણ સમ્યગ્દર્શન પામતા અતીન્દ્રિય જ્ઞાનના અનુભવમાં એ પામે છે. વાત એવી છે. 'દ્રવ્યસંગ્રહ'માં ન આવ્યું ? '**दुविहं पि मोक्खहेउं**' નિશ્ચય અને વ્યવહાર એક સમયમાં સાથે હોય છે. ધ્યાનમાં. એને દ્રવ્યનું ધ્યાન લાગ્યું, એમાં જે નિશ્ચય નિર્વિકલ્પ દશા પ્રગટ થઈ એ તો નિશ્ચય (મોક્ષ)માર્ગ છે. રાગ બાકી રહ્યો એને, છે તે ધ્યાનમાં તોપણ રાગ બાકી રહ્યો એને વ્યવહાર કહેવામાં આવ્યો. વ્યવહાર મોક્ષમાર્ગ છે નહિ. આહાહા..! શું થાય? વસ્તુની સ્થિતિ જ એવી છે ત્યાં.

લોકોને ઠીક પડે, રંજન થાય એવી રીતે વાત કરે તો એ સત્ય કહેવાય એમ કાંઈ છે? જુઓ! ભાઈ! સાધન આમ જોઈએ. આ વ્યવહાર સાધન છે. સાધનથી પમાય સાધ્ય. 'પંચાસ્તિકાય'માં એમ છે. એ તો સાધનનું આરોપિત જ્ઞાન કરાવ્યું છે. આરોપિત સાધન. એવી વાત છે પણ શું થાય? શાસ્ત્રના અર્થ કરતા આમાં મોટો ફેર પડી ગયો. જે એની મોટપ છે એ મોટપની સ્વભાવ દશાથી જ પામી શકાય છે. એ એની મોટપ છે. રાગ ને વ્યવહારથી પમાય એ કલંક છે, કહે છે. આહાહા..! વ્યવહાર તો સંસાર છે, રાગ છે. વાત તો એવી છે, ભાઈ! આ તો આખો જન્મ-મરણનો અંત લાવવાની વાતું છે. આહાહા..! ચૈતન્યસિંધુ,

---

**૧. આ શ્લોક બીજા અધિકારમાં ગાથા-૭ની ટીકામાં આવેલ છે.**

જેમાં પ્રવેશ કરવાથી ભવના અંત આવે. એ વાત છે.

કાલે તો ઓલામાં આવ્યું હતું. 'શીલપાહુડ'માં. વિષયમાં મોહિત મતિ છે છતાં.. આવ્યું હતું? સમ્યગ્દૃષ્ટિ છે. આહાહા..! એ પ્રરૂપણા અને શ્રદ્ધામાં એ કહે છે. વિષયની વાસના તે દુઃખરૂપ છે. ઈ છોડી શકતો નથી. અને આસક્તિ પણ હોય છે એને. છતાં સમ્યગ્દૃષ્ટિ છે એ મોક્ષના માર્ગે છે. આહાહા..! કાલે સજ્ઝાયમાં આવ્યું હતું. અને તે શીલ તો નરકમાં પણ છે એમ કહ્યું. શીલ અને જ્ઞાનનો વિરોધ નથી. સાથે હોય જ છે. સમ્યગ્જ્ઞાન હોય ત્યાં અનંતાનુબંધીનો અભાવ (હોય), એટલું શીલપણું તો હોય જ છે. નરકમાં પણ હોય છે એમ કીધું. શીલ નરકમાં હોય છે. આહાહા..! સમ્યગ્દર્શન અને એની સાથે અંશે સ્વરૂપ ચારિત્રની સ્થિરતાનો અંશ છે એ શીલ છે. અને નરકમાં પણ એ શીલ છે એથી ત્યાંથી નીકળેલા તીર્થંકર થાય છે. એમ છે ને? એમ આવ્યું છે ને? અરિહંતપદને પામે છે એમ લખ્યું છે. આહાહા..! અને એ સમ્યગ્દર્શન અને શીલ-શાંતિના ભાવથી કર્મને ખપાવતો જાય ત્યાં નરકમાં પણ. કાલે સજ્ઝાયમાં આવ્યું હતું. આહાહા..! હવે ત્યાં તો ત્રણ કષાયનો ભાવ છે હજી. છતાં શુદ્ધ સ્વરૂપ પ્રત્યેની એકાગ્રતા એટલી શાંતિ અને શ્રદ્ધા વર્તે છે અંદર એ શીલમાં છે અને એમાંથી બહાર નીકળી તીર્થંકર થશે. આહાહા..! સમજાણું કાંઈ? 'મોહિત મતિ' શબ્દ વાપર્યો છે. આસક્તિ. આસક્તિ છે અંદર, રુચિ નથી. ધર્મીને વિષયની આસક્તિ હોય, રુચિ નથી. રુચિ આત્માની આનંદની છે. આહા..!

મુમુક્ષુ :- આસક્તિ તો ..

ઉત્તર :- આસક્તિ અસ્થિરતા છે. અસ્થિરતા છે, ચારિત્રદોષ છે. સમજાણું કાંઈ? પણ આનંદની રુચિ છે એને. અતીન્દ્રિય આનંદમાં સુખબુદ્ધિ છે. બીજે બધેથી સુખબુદ્ધિ ઊડી ગઈ છે. આહાહા..! ઈન્દ્રના ઈન્દ્રાસનમાં પણ એની-સમકિતીની સુખબુદ્ધિ ઊડી ગઈ હોય છે. આહાહા..! અતીન્દ્રિય સુખનો નાથ અનુભવમાં આવ્યો એની રુચિ તો અતીન્દ્રિય આનંદની છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'પાંચ ઈન્દ્રિયોંસે પાંચ વિષયોંકો જાનતા હૈ, ઔર આપ ઈન્દ્રિયોંકે ગોચર નહીં હોતા હૈ, વહી પરમાત્મા હૈ,...'** આહાહા..! ઈન્દ્રિયગમ્ય નથી અને ઈન્દ્રિયના વિષયોથી પણ એ ગમ્ય નથી. આહાહા..! એ તો જિતેન્દ્રિયમાં આવી ગયું છે. નહિ? જિતેન્દ્રિય. ૩૧ ગાથા. ઈન્દ્રિય જડ, ભાવ અને એના વિષયો. એ બધાને ઈન્દ્રિય કીધી. એને જીતે એટલે તેનું લક્ષ છોડી દે. આહાહા..! અને આત્મા પોતે ઈન્દ્રિયના ભાવથી, ખંડખંડ જ્ઞાનથી પણ અધિક-ભિન્ન છે, જુદો છે એવી અનુભવ દૃષ્ટિ કરે એણે ઈન્દ્રિયને જીતી કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? હજી ઈન્દ્રિયની આસક્તિનો રાગ હોય, પણ રુચિ ન હોય. આહાહા..! એ રાગમાં પોષાણ ન હોય એને કે આ ઠીક થાય છે. એને દુઃખ લાગે. આહાહા..! આવો માર્ગ ભાઈ છે. અહીં કહેશે. ૪૫.

**૪૫) जो णिय–करणहिँ पंचहिँ वि पंच वि विसय मुणेइ।**
**मुणिउ ण पंचहिँ पंचहिँ वि सो परमप्पु हवेइ॥४५॥**

**અન્વયાર્થ :-** '**જો આત્મારામ શુદ્ધનિશ્ચયનયકર અતીન્દ્રિય જ્ઞાનમય હૈ...**' લ્યો! આહાહા..! એ તો અતીન્દ્રિય જ્ઞાનમય શુદ્ધ નિશ્ચયથી પ્રભુ છે. અત્યારે, હોં! આત્મારામ. '**यः**' એટલે '**આત્મારામ શુદ્ધનિશ્ચયનયકર...**' પવિત્ર સત્ય દૃષ્ટિથી જોઈએ તો એ '**અતીન્દ્રિય જ્ઞાનમય હૈ...**' પ્રભુ તો અતીન્દ્રિય જ્ઞાનમય આત્મા છે. આહાહા..! '**તો ભી અનાદિ બંધકે કારણ વ્યવહારનયસે ઈન્દ્રિયમય શરીરકો ગ્રહણકર...**' એટલે રહે છે એમાં. વ્યવહારથી ઈન્દ્રિયમય શરીરને... આહાહા..! '**निजकरणैः पञ्चभिरपि**' '**અપની પાંચોં ઈન્દ્રિયો દ્વારા...**' '**करणैः**' એટલે ઈન્દ્રિય. '**पञ्चापि विषयान्**' '**રૂપાદિ પાંચો હી વિષયોંકો જાનતા હૈ,...**' આહાહા..!

'**ઈન્દ્રિયજ્ઞાનરૂપ પરિણમન કરકે ઈન્દ્રિયોંસે રૂપ, રસ, ગંધ, શબ્દ, સ્પર્શકો જાનતા હૈ,...**' આહાહા..! એ પાંચ ઈન્દ્રિયો વડે અને પાંચ વિષયોથી પણ નથી જણાતો. બે વાત છે. ઈન્દ્રિયોથી ન જણાય અને ઈન્દ્રિયનો વિષય છે (તેનાથી પણ ન જણાય). આહાહા..! આકરી વાત લાગે. ભગવાન અને ભગવાનની વાણીને ઈન્દ્રિય કહ્યા. ગજબ કર્યું છે ને! હવે એ ઓલાને સાંભળે છે કે આ લ્યો. ઈન્દ્રિયનો વિષય છે એ. ભગવાનઆત્મા આ અણીન્દ્રિયનો વિષય, પર છે એ ઈન્દ્રિયનો વિષય છે. આહાહા..! એ ઈન્દ્રિયના વિષયથી પણ આત્મા જણાય એવો નથી એમ કહે છે. ઈન્દ્રિયોથી જણાય એવો નથી અને ઈન્દ્રિયોના વિષયથી જણાય એવો નથી. આહાહા..! ભારે આ. ભગવાનની વાણી પણ ઈન્દ્રિયનો વિષય છે. આહાહા..! ભગવાન પણ ઈન્દ્રિયનો વિષય છે. એનાથી પણ આત્મા જણાય એવો નથી. આહાહા..!

મુમુક્ષુ :- ભગવાનને અનંત શક્તિ પ્રગટ...

ઉત્તર :- એની શક્તિ એની પાસે રહી. શક્તિ અહીં છે. અહીંથી કાઢવી છે કે ત્યાંથી કાઢવી છે?

ત્યાં ક્યાં હોય તે પરથી આવે છે? આહાહા..! પરદ્રવ્ય રક્ત-પરદ્રવ્યમાં રક્ત આવ્યું હતું. નહિ? મોક્ષ અધિકારમાં? ૧૩મી ગાથા શરૂ કરી છે. પરદ્રવ્યમાં રક્ત એ સંસાર છે. સ્વદ્રવ્યમાં રક્ત એ મોક્ષનો માર્ગ છે. બહુ ટૂંકું. પરદ્રવ્ય તરફના વલણનો રાગ એ બંધનું કારણ છે. આહાહા..! '**परदव्वादो दुग्गइ**' આહાહા..! એ તો આચાર્ય કહે. દિગંબર આચાર્યો. એકકોર પોતે કહે કે હું તને સંભળાવું છું. સાંભળ! કહીને એ કહ્યું કે પરદ્રવ્યથી તને રાગ થશે, દુર્ગતિ થશે. તારી ચૈતન્યગતિ નહિ થાય. આહાહા..! ત્યારે તમે વળી સંભળાવો અને વળી કહો કે પરદ્રવ્યથી દુર્ગતિ થાય. આ તો બધું ઊલટું કહેવાય. એ તો નિમિત્તમાત્ર એ અર્થ જ નથી. તને સંભળાવું છું એ પણ વિકલ્પ આવ્યો, વાણી વાણીને કારણે થઈ છે, એમ કહે છે. એ વાણીના પણ કર્તા નથી અને વિકલ્પના કર્તા પણ આત્મા નથી. હવે કેમ બેસે? આહાહા..! અને સિદ્ધને સ્થાપું છું. નથી આવ્યું? તારા જ્ઞાનમાં સિદ્ધને સ્થાપું છું. મારા જ્ઞાનમાં તો મેં સિદ્ધને સ્થાપ્યા છે. તારા જ્ઞાનમાં સ્થાપું છું. પણ તમે સંભળાવો છો ત્યારે સ્થાપુ છું? તમે સંભળાવ્યું ત્યારે એને લઈને સ્થપાણોને ત્યાં? એમ કહ્યું કે તમારા જ્ઞાનમાં

સિદ્ધને સ્થાપું છું, મારા જ્ઞાનમાં સ્થાપુ છું. ત્યારે એ તો વાણીથી..

મુમુક્ષુ :- જડનું કરી શકાય છે ત્યારે એમાં સ્થાપે છે ને.

ઉત્તર :- એ તો એવી શૈલી વ્યવહારની છે. એના અર્થ સમજે નહિ તો ગોટા વળે મોટા. શું થાય? તમે પોતે પરદ્રવ્ય, તમારી વાણી પરદ્રવ્ય અને તમે મને સંભળાવો છો અને તમે એમ કહો કે તમે સિદ્ધપદને સ્થાપો. હું સ્થાપું છું. એ કહે છે. ભાઈ! એ વ્યવહારની શૈલી એવી હોય છે. પણ છતાં એ વ્યવહાર અનુકરણ કરવા જેવો નથી. આહાહા..! શું થાય ? બહુ માર્ગ ફરી ગયો.

મુમુક્ષુ :- કહે વ્યવહારથી પછી કહે...

ઉત્તર :- કહો વ્યવહારથી, વળી આદરવું નહિ પાછુ એને. ભાઈ! વસ્તુસ્થિતિ બીજી શું થાય? આહાહા..!

આઠમી ગાથામાં પણ એમ કહ્યું કે આત્માને ગમે તેવો બુદ્ધિવાળો હોય કે ઉત્કૃષ્ટ શક્તિવાળો હોય તોપણ આટલું તો એને કહેવું પડે. ત્યાં ત્રણ લીધા છે. નહિતર જ્ઞાન તે આત્મા એટલું. પછી આવ્યું છે ને ('સમયસાર') દસમી કે અગિયારમા. એમ કીધું. દસમીમાં. નવનો અર્થ સ્વ લીધો છે. પણ દસમીમાં જ્ઞાન તે આત્મા. સર્વ સૂત્ર જ્ઞાન તે આત્મા. નવમીમાં તો સીધો આત્મા લીધો છે. ઓલામાં જ્ઞાન તે આત્મા ભેદથી દસમીમાં (કહ્યું). આહાહા..! એટલું ટૂંકામાં ટૂંકું તો કહેવું જ પડે. આઠમીમાં એમ લીધું છે કે દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા. ત્રણ બોલ લીધા. છતાં અમે કહીએ છીએ અને તું એ ત્રણ વ્યવહારને આદર. એમ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- 'પદ્મનંદી'માં તો વ્યવહારને પૂજ્ય કહ્યો.

ઉત્તર :- એ તો વ્યવહારની વાત છે, શુભભાવ. વ્યવહારથી વ્યવહાર પૂજ્ય છે. એવું તો ન હોય તો તો ભગવાન પણ પૂજ્ય ન રહે. વ્યવહારથી વ્યવહાર પૂજ્ય છે. નિશ્ચયથી તો ઇન્દ્રિયના વિષય તે બધા હેય છે. આહાહા..! આકરી વાતું!

મુમુક્ષુ :- જુદી જુદી અપેક્ષા છે...

ઉત્તર :- અપેક્ષા છે. આહાહા..!

એકકોર ભગવાનની વાણી ને ભગવાનને ઇન્દ્રિય કહીને હેય કહે. અને આત્મા અતીન્દ્રિય છે એને ઉપાદેય કહે. અને એકકોર એમ કહે કે ભગવાન પૂજ્ય છે, ભગવાનની મૂર્તિ પૂજ્ય છે. વ્યવહાર છે. શુભરાગ હોય ત્યારે એ હોય છે એટલું બતાવવા એ વાત છે. શુભરાગ આવે છે કે નહિ? હોય છે. ત્યારે આ જાતની પૂજાદિનો ભાવ હોય છે. આહાહા..!

**'निजकरणैः पञ्चभिरपि पञ्चापि विषयान'** આહાહા..! **'पांचों विषयोंसे सो नहीं जाना जाता,...'** કહો. એ શબ્દ, રૂપ, ગંધથી જણાય નહિ. ઇન્દ્રિયોથી તો જણાય નહિ પણ ઇન્દ્રિયોના વિષયો જે શબ્દ, રૂપ, રસ, ગંધ એનાથી પણ જણાય નહિ. આહાહા..! ભગવાનની વાણી પણ કાનનો વિષય છે. ઇન્દ્રિયનો. આહાહા..! લોકોને આકરું લાગે. જ્યાં હોય ત્યાં મૂકી દે ને. સ્ત્રી જેમ વિષય છે એમ વાણી પણ વિષય છે. એમ ત્યાં મૂકે છે. બધા

મૂકે છે. આહાહા..! અરે..! ભગવાન! વિષય છે તું? ૩૧મી ગાથામાં ચોખ્ખું કહ્યું. અહીં પણ એ કહે છે. પાંચ ઈન્દ્રિયના વિષયો દ્વારા જણાય એવો નથી. અને એ સાંભળવાનું આવ્યા વિના રહેતું નથી. સમજાણું કાંઈ? છતાં એનાથી જણાય એવો નથી. આહાહા..!

'**પાંચો વિષયોં સે ભી...**' એમ પાછા. પાંચ ઈન્દ્રિયોથી તો જણાય નહિ. ઈન્દ્રિયોથી તો રૂપ, રસ, ગંધ, શબ્દ જણાય. પણ ઈન્દ્રિયોના વિષયોથી જણાય નહિ. આહાહા..! અને એ તો પહેલા કહી ગયા ને? દિવ્યધ્વનિથી પણ આત્મા જણાય એવો નથી. મહામુનિઓના શાસ્ત્રથી પણ જણાય એવો નથી. આહાહા..! શું થાય હવે એ વાતને... લોકોને બહારમાં વ્યવહારવાળાને રસ પડે. જે માર્ગ જ નથી. અને જે માર્ગ છે એ એને ગમ્ય થતો નથી કે નહિ.. નહિ.. નહિ... આ નહિ. આ કાંઈ કરતા.. કરતા... કરતા... સાધન કરતા થાય કે નહિ? આવી વાત છે.

'**પાંચોં વિષયોસે સો...**' પાંચ ઈન્દ્રિયના વિષય એટલે શબ્દથી જણાય એવું નથી. રૂપથી જણાય-ભગવાનને આમ આંખથી દેખે માટે આત્મા જણાય એમ નથી. આહાહા..! '**स परमात्मा**' '**ઐસે લક્ષણ જિસકે હૈં,...**' ઈન્દ્રિયોથી જણાય નહિ અને ઈન્દ્રિયના વિષયથી જણાય નહિ એવું જેનું લક્ષણ તે પરમાત્મા છે. તે આત્મા છે. એમ. આહાહા..! પરમાત્મપ્રકાશ છે ખરું ને? ત્યાં '**परदव्वादो दुग्गइ**' કીધું. એનો એવો અર્થ રાખ્યો છે. '**सदव्वादो सुग्गइ**' ત્યાં બે અર્થ રાખ્યા છે. સ્વદ્રવ્યને આશ્રયે ધર્મ પણ થાય અને સ્વદ્રવ્યને આશ્રયે .. થાય. જેમ આમાં આવ્યું ને? ઓમકારમાં. '**ओंकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः। कामदं मोक्षदं चैव**' વચ્ચે શુભભાવ આવે છે ને? એનું ફળ બતાવ્યું ત્યાં. '**कामदं**' કામના દેનારા અને મોક્ષના દેનારા, એમ બે કહ્યું છે. નિશ્ચય સાથે થોડો શુભરાગ હોય જ છે ને. એને '**कामदं**' કહીને બતાવ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? કેટલી અપેક્ષાઓ અને કેટલા પડે?

ઓલામાં એમ આવ્યું. '**तद्गुण लब्धये।**' પ્રભુ! તમને નમસ્કાર કરું છું એ તમારા ગુણની પ્રાપ્તિ માટે. લ્યો! નમસ્કાર તો શુભરાગ છે. એ વ્યવહારના કથન છે. '**तद्गुण लब्धये।**' આ આત્માના જે ગુણ છે એ ઉપર મારું જોર છે. એની પ્રાપ્તિ માટે વિકલ્પ ઊઠ્યો તેથી આમ બોલાણું પણ વસ્તુ આમ છે. સમજાણું કાંઈ? નહિતર તો પૂર્વાપર વિરોધ થઈ જાય. જૈનશાસન વિરોધી હોય? વીતરાગના વચન પૂર્વાપર વિરોધ હોય? પૂર્વાપરવિરોધ રહિત હોય. એ કઈ નયનું વાક્ય છે એમ ન જાણે તો વિરોધ થઈ જાય. આહાહા..! એ વાત આવી હતી ત્યાંથી એ બાજુથી. જુઓ! '**ज्ञातारं**' આવે ને શું કીધું એ?

**मोक्षमार्गस्य नेतार भेतारं कर्मभूभृताम्।**
**ज्ञातारं विश्वतत्त्वानां वन्दे तद्गुणलब्धये।।**

પ્રભુ! તમારા ગુણને માટે હું તમને વંદન કરું છું, તમારા ગુણની મને પ્રાપ્તિ થાય. સીધો અર્થ તો એવો છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો ૩૧માં ન કહ્યું? શિષ્યે પૂછયું ત્યારે, પ્રભુ! કેવળીની સ્તુતિ નિશ્ચયથી કોને કહીએ? તીર્થંકરની સ્તુતિ નિશ્ચયથી કોને કહીએ? એનો જવાબ એવો આપ્યો કે તારો આત્મા જે છે એ ખંડ ખંડ ઈન્દ્રિયથી ભિન્ન (છે), એની દૃષ્ટિ કર, એ કેવળીની સ્તુતિ છે. આહાહા..! પૂછયું આમ કે, તીર્થંકર અને કેવળીની સત્ય સ્તુતિ કોને કહીએ? કે સત્ય સ્તુતિ એને કહીએ કે તું પોતે કેવળી પરમાત્મા છો. આહાહા..! અલ્પજ્ઞ ખંડખંડ ઈન્દ્રિયથી અને જડ ઈન્દ્રિયથી અને એના વિષયોથી લક્ષ છોડ એટલે જીત. એમ. આહાહા..! અને અહીં દૃષ્ટિ લગાવ. '**णाणसहावाधियं मुणदि आदं।**' જ્ઞાન સ્વભાવે અલ્પજ્ઞ ને રાગથી ભિન્ન ભગવાન છે, એવો જે નિશ્ચય અને નિર્ણય અને જ્ઞાન થવું એને કેવળીની સ્તુતિ કહેવામાં આવે છે. આહાહા..! આવી વાતું છે. કાલે રાત્રે કાગળ આવ્યો .. શું કરે છે? આહાહા..! એ 'લલિતપુર'માં કાલે આવ્યું છે. પંડિતો એવું બોલ્યા કહે છે કે આ લોકોના કટકા કરો, ખંડ કરીને મારી નાખો. પાપ નથી, જાવ. એમ લખ્યું છે. અરે..! ભગવાન! પ્રભુ! આ ન હોય, ભાઈ! આટલો બધો... કહો, એવું આવ્યું છે કાલે. ઘણા પંડિતોએ ...

મુમુક્ષુ :- આપ તો ભગવાન કહો છો.

ઉત્તર :- એમ કહે છે. મૂળ સત્ય વાત હતી નહિ ને એટલે જરી લોકોને ફેરફાર લાગે.

અહીંયાં તો પાંચ ઈન્દ્રિયના વિષયોથી પણ ભગવાન જણાય એવો નથી. આહાહા..! '**ऐसे લક્ષણ જિસકે હૈં, વહી પરમાત્મા હૈ.**' જે શબ્દ ને રૂપથી પણ આત્મા પરનો, હોં! આત્મા ન જણાય. એને અહીંયાં પરમાત્માને આત્મા કહે છે. એ તો પોતાના અતીન્દ્રિય જ્ઞાનથી, નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાનથી, નિર્વિકલ્પ શાંતિથી, વીતરાગ પરિણતિથી, અકષાય શાંતિથી જણાય એવો એ આત્મા છે. આહાહા..! એનું સાધન? એ જ સાધન છે. આહાહા..! કીધું ને? '**અતીન્દ્રિય સુખકા સાધન હોને સે...**' એ સાધન. ૪૪માં આવી ગયું છે. આહાહા..! એ અહીં કહેશે.

'**પાંચ ઈન્દ્રિયોંકે વિષય-સુખકે આસ્વાદસે વિપરીત,...**' અર્થ કર્યો. ૪૫નો ભાવાર્થ. પાંચેય ઈન્દ્રિયોના વિષય-સુખ. આહાહા..! ધૂળમાંય સુખ નથી ત્યાં. પાંચેય ઈન્દ્રિયના વલણમાં દુઃખ છે. ભગવાનઆત્મામાં અતીન્દ્રિય સુખ છે. '**પાંચ ઈન્દ્રિયોંકે વિષય-સુખકે આસ્વાદસે વિપરીત, વીતરાગ-નિર્વિકલ્પ પરમાનન્દ સમરસીભાવરૂપ, સુખકે રસકા આસ્વાદરૂપ,...**' આહાહા..! લાંબી વાત છે. પાંચેય ઈન્દ્રિયના વિષયના સુખના સ્વાદ રહિત અને વીતરાગી નિર્વિકલ્પ પરમાનંદ સમરસીભાવરૂપ. આહાહા..! ચોથે ગુણસ્થાને પણ રાગ રહિત નિર્વિકલ્પ પરમાનંદ સમરસીભાવ '**સુખકે રસકા આસ્વાદરૂપ,...**' અતીન્દ્રિય આનંદના રસના આસ્વાદરૂપ '**પરમસમાધિ કરકે જો જાના જાતા હૈ,...**' આહાહા..! આવી વાત છે.

પાંચ ઈન્દ્રિયના વિષયના આસ્વાદથી વિપરીત. પાંચ ઈન્દ્રિયના વિષયનો સ્વાદ તો દુઃખરૂપ, ઝેર (છે). આહાહા..! એનાથી ઊલટું વીતરાગ નિર્વિકલ્પ પરમાનંદ સમરસી ભાવ, સમતા... સમતા... સમતા... પુણ્ય-પાપના ભાવથી ભિન્ન એવા સમતારસી ભાવરૂપ '**સુખકે**

**રસકા આસ્વાદરૂપ...**' આનંદના રસનો સ્વાદ. આહાહા..! એ રૂપી '**પરમસમાધિ કરકે જો જાના જાતા હૈ,..**' આમાંથી કોઈ એમ કાઢે કે વીતરાગી પરિણામ નિર્વિકલ્પ આઠમે હોય, સાતમું હોય ત્યાં જણાય. એ તો ઉત્કૃષ્ટની વાત છે અહીં. પણ ચોથે પણ એટલો વીતરાગી નિર્વિકલ્પ સુખનો સ્વાદ છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**પરમસમાધિ કરકે જો જાના જાતા હૈ,..**' આહાહા..! એ ભગવાનઆત્મા.. અહીં તો શાસ્ત્રજ્ઞાનથી જણાય નહિ, દેવ-ગુરુથી જણાય નહિ, ઇન્દ્રિયના વિષયોથી જણાય નહિ, ઇન્દ્રિયોથી જણાય નહિ. આહાહા..! પણ અંદરમાં અતીન્દ્રિય આનંદના સ્વાદરૂપી સમાધિ, એનાથી જણાય છે. આહાહા..! પછી કેટલાક એ લગાવે છે કે એ તો સાતમે ગુણસ્થાને, આઠમે વીતરાગભાવ (પ્રગટે) એમાં આ જણાય છે એમ કહે. એ તો ઉત્કૃષ્ટની વાત કરી છે. આહાહા..! સમ્યગ્દર્શન પણ નિર્વિકલ્પ સુખરૂપ, આનંદના સ્વાદરૂપ વીતરાગ પરિણતિ છે એ. આહાહા..!

'**વહી પરમાત્મા હે, વહ જ્ઞાનગમ્ય હૈ,...**' અંતરના જ્ઞાનગમ્ય છે. આહાહા..! જ્યારે તમે એમ કહો છો તો પછી અમને સંભળાવો છો શું કરવા? એમ કહે. આહાહા..! આવું લઈને બેઠા છે. ઉભરો આવ્યો છે બધે હવે. આહાહા..! કહે મુનિને કે તમે શું કરવા અમને સંભળાવો છો? તમે કહો છો કે તમારા સાંભળવાથી પણ જ્ઞાન ન થાય. ઇન્દ્રિયના વિષયો છે એનાથી જ્ઞાન ન થાય. એ જ્ઞાનગમ્ય તે શાસ્ત્રનું જ્ઞાન એનાથી ગમ્ય ન થાય. આહાહા..! એ અતીન્દ્રિય જ્ઞાનની પરિણતિથી ગમ્ય છે. વાત કરો શાસ્ત્રથી અને ના પાડો કે એનાથી થાય નહિ. આહાહા..! આવી વાત છે. આહાહા..!

હોય છે એ તો જણાવ્યું. કથનમાં પણ આ જ આવે. આહાહા..! એથી તું એમ પકડ કે તમે કથન કરીને અમને સમજાવવા માગો છો અને વળી કહે કથનથી સમજાય નહિ. એય..! ભાઈ! એમ ન લેવાય. કથનથી વસ્તુને સિદ્ધ કરે છે. એ વસ્તુ સિદ્ધ છે તે રીતે થાય છે. ભલે વાણીથી કહેવાય અને વાણીથી ન સમજાય એને, એ તો એમ છે એ એમ જ છે. સમજાણું કાંઈ? માટે તમે બોલો છો એ વ્યવહાર છે અને વ્યવહારથી અમને સમજાવો છો એટલે વ્યવહારથી સમજી શકશે સામું એમ જાણીને તમે સમજાવો છો. એમ ન લેવાય. આવું છે.

'**વહી જ્ઞાનગમ્ય હૈ, ઇન્દ્રિયોંસે અગમ્ય હૈ,...**' લ્યો! આ અનેકાંત કર્યું. જ્ઞાનગમ્ય છે અને ઇન્દ્રિયોથી અગમ્ય છે. આમ અનેકાંત કર્યું. કથંચિત્ ઇન્દ્રિયથી ગમ્ય અને કથંચિત્ જ્ઞાનગમ્ય. એ તો એકાંત થઈ ગયું. સમ્યક્ એકાંત થયું આ. '**ઔર ઉપાદેયરૂપ અતીન્દ્રિય સુખકા સાધન...**' આહાહા..! આદરવા લાયક, પ્રગટ કરવા લાયક '**અતીન્દ્રિય સુખકા સાધન અપના સ્વભાવરૂપ...**' છે? એ આનંદના સાધનરૂપ '**અપના સ્વભાવરૂપ વહી પરમાત્મા...**' સ્વભાવરૂપ '**વહી પરમાત્મા આરાધને યોગ્ય હૈ.**' અતીન્દ્રિય આનંદના સાધનરૂપ ભગવાનઆત્મા આરાધવા યોગ્ય છે. આહાહા..! થયું ને? '**ઉપાદેયરૂપ અતીન્દ્રિય સુખકા સાધન અપના સ્વભાવરૂપ વહી પરમાત્મા...**' પોતે આત્મા '**આરાધને યોગ્ય હૈ.**' આહાહા..! જે પરમાત્મા તમે કહો છો એ વાણીથી જણાય એવો નથી. અને તમે જણાવો

છો કે આત્માને જાણો. સમજાણું કાંઈ? એ આત્મા આરાધવા યોગ્ય છે. ભલે વચ્ચે વાણી આદિ સાંભળવાનું આવે પણ આરાધવા યોગ્ય તો આ ત્રિકાળી આત્મા જ છે. વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

अथ यस्य परमार्थेन बन्धसंसारौ न भवतस्तमात्मानं व्यवहारं मुक्त्वा जानीहि इति कथयति –

४६) जसु परमत्थे बंधु णवि जोइय ण वि संसारु।
सो परमप्पउ जाणि तुहुँ मणि मिल्लिवि ववहारु।।४६।।
यस्य परमार्थेन बन्धो नैव योगिन् नापि संसारः।
तं परमात्मानं जानीहि त्वं मनसि मुक्त्वा व्यवहारम्।।४६।।

जसु परमत्थें बंधु णवि जोइय ण वि संसारु यस्य परमार्थेन बन्धो नैव हे योगिन् नापि संसारः। तद्यथा–यस्य चिदानन्दैकस्वभावशुद्धात्मनस्तद्विलक्षणो द्रव्यक्षेत्रकालभवभावरूपः परमागमप्रसिद्धः पञ्चप्रकारः संसारो नास्ति, इत्थंभूतसंसारस्य कारणभूतप्रकृतिस्थित्यनु–भागप्रदेशभेदभिन्नकेवलज्ञानाद्यनन्तचतुष्टयव्यक्तिरूपमोक्षपदार्थाद्विलक्षणो बन्धोऽपि नास्ति, सो परमप्पउ जाणि तुहुं मणि मिल्लिवि ववहारु तमेवेत्थंभूतलक्षणं परमात्मानं मनसि व्यवहारं मुक्त्वा जानीहि, वीतरागनिर्विकल्पसमाधौ स्थित्वा भावयेत्यर्थः। अत्र य एव शुद्धात्मानुभूति–विलक्षणेन संसारेण बन्धनेन च रहितः स एवानाकुलत्वलक्षणसर्वप्रकारोपादेयभूतमोक्ष–सुखसाधकत्वादुपादेय इति तात्पर्यार्थः।।४६।।

---

आगे जिसके निश्चयकर बंध नहीं हैं और संसार भी नहीं है, उस आत्माको सब लौकिकव्यवहार छोड़कर अच्छी तरह पहचानो, ऐसा कहते हैं –

**गाथा – ४६**

अन्वयार्थ :– [ हे योगिन् ] हे योगी, [ यस्य ] जिस चिदानन्द शुद्धात्माके [ परमार्थेन ] निश्चय करके [ संसारः ] निज स्वभावसे भिन्न द्रव्य, क्षेत्र, काल, भव, भावरूप पाँच प्रकार परिवर्तन (भ्रमण) स्वरूप संसार [ नैव ] नहीं है, [ बन्धोनापि ] और संसारके कारण जो प्रकृति, स्थिति, अनुभाग, प्रदेशरूप चार प्रकारका बंध भी नहीं है। जो बंध केवलज्ञानादि अनंतचतुष्टयको प्रगटतारूप मोक्ष–पदार्थसे जुदा है, [ तं परमात्मनं ] उस परमात्माको [ त्वं ] तू [ मनसि व्यवहारम् मुक्त्वा ] मनमेंसे सब लौकिक–व्यवहारको छोड़कर तथा वीतरागसमाधिमें ठहरकर [ जानीहि ] जान, अर्थात् चिन्तवन कर।

भावार्थ :– शुद्धात्माकी अनुभूतिसे भिन्न जो संसार और संसारका कारण बंध इन दोनोंसे रहित और आकुलतासे रहित ऐसे लक्षणवाला मोक्षका मूलकारण जो शुद्धात्मा है, वही सर्वथा आराधने योग्य है।।४६।।

**હવે, જેને પરમાર્થથી બંધ અને સંસાર નથી એવા આત્માને વ્યવહાર છોડીને જાણ એમ કહે છે :**

**ભાવાર્થ : હે યોગી ! જેને પરમાર્થથી બંધ પણ નથી અને સંસાર પણ નથી ચિદાનંદ જેનો એક સ્વભાવ છે એવા શુદ્ધાત્માથી વિલક્ષણ અને પરમાગમ પ્રસિદ્ધ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ, અને ભાવરૂપ પાંચ પ્રકારનો સંસાર જેને નથી, તેમ જ આ પ્રકારના સંસારના (પંચવિધ) કારણરૂપ પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ, અને પ્રદેશના ભેદથી ભિન્ન એવા કેવળજ્ઞાનાદિ અનંતચતુષ્ટયની વ્યક્તિરૂપ મોક્ષપદાર્થથી વિલક્ષણ એવો બંધ પણ જેને નથી, તે પરમાત્માને મનમાંથી વ્યવહાર છોડીને જાણ અર્થાત્ વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત થઈને ભાવ.**

**અહીં, શુદ્ધ આત્માની અનુભૂતિથી વિલક્ષણ એવા સંસાર અને બંધથી જે રહિત છે તે જ, અનાકુળતા જેનું લક્ષણ છે એવા સર્વ પ્રકારે ઉપાદેયભૂત મોક્ષસુખનો સાધક હોવાથી, ઉપાદેય છે એવો તાત્પર્યાર્થ છે. ૪૬.**

---

## વીર સંવત ૨૫૦૨, અષાઢ સુદ ૧૧, બુધવાર
## તા. ૦૭-૦૭-૧૯૭૬, ગાથા-૪૬, પ્રવચન નં. ૨૮

આ 'પરમાત્મપ્રકાશ' ૪૬-ગાથા છે. આત્મા, એનો જે સ્વભાવ ત્રિકાળ છે એમાં બંધ નથી. નિજ સ્વભાવ ચૈતન્યનો આનંદ ને જ્ઞાન, એવો જે એનો પરમ સ્વભાવભાવ, એમાં બંધ નથી. '**સંસાર ભી નહીં હૈ,...**' આહાહા..! સંસાર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવ એ પાંચ, નિજ સ્વભાવ ચૈતન્ય દ્રવ્ય સ્વભાવ જે સમ્યગ્દર્શનનો વિષય ધ્યેય જે ત્રિકાળી વસ્તુ, એમાં સંસાર નથી. આહાહા..!

મુમુક્ષુ :- એમાં તો મોક્ષ...

ઉત્તર :- એ તો મોક્ષ સ્વભાવ જ છે. પર્યાયમાં મોક્ષ નથી એ જુદી વાત છે. મોક્ષસ્વરૂપ જ છે એ. આહાહા..! આત્મા શક્તિએ, સ્વભાવે મોક્ષસ્વરૂપ જ છે. પર્યાયનો મોક્ષ એ બીજી વાત છે. આ તો દ્રવ્યસ્વભાવ, ચૈતન્યસ્વભાવ, જેને પરમપારિણામિક સ્વભાવ કહીએ એ તો શક્તિરૂપ મોક્ષ છે જ. આહાહા..! ઝીણી વાત, ભાઈ!

'**ઉસ આત્માકો સબ લૌકિકવ્યવહાર છોડકર...**' આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ પણ એ લૌકિક વ્યવહાર છે. એ આત્માનો સ્વભાવ નથી. આહાહા..!

મુમુક્ષુ :- ધર્મનો વ્યવહાર ક્યો?

ઉત્તર :- ધર્મનો વ્યવહાર નિર્મળ પરિણતિ થવી તે. ત્રિકાળ જ્ઞાયકભાવ શુદ્ધ ચૈતન્ય એની દૃષ્ટિ કરીને, એનો આશ્રય લઈને નિર્વિકારી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગી

પરિણતિ (પ્રગટ થાય) તે તેનો વ્યવહાર છે. આહાહા..! આવી વાત છે. સમજાણું કાંઈ? 'પ્રવચનસાર'માં જેને આત્મવ્યવહાર કહ્યો છે. એને 'પરમાર્થ વચનિકા'માં અધ્યાત્મનો વ્યવહાર કહ્યો છે. આહાહા..! ચિદ્‌ઘન આનંદકંદ પ્રભુ, એની દૃષ્ટિ કરીને, એનો આશ્રય લઈને જે વીતરાગી પરિણતિ-પર્યાય ઉત્પન્ન થાય એ ધર્મ અને એ મોક્ષનો માર્ગ. આમ વાત છે, ભાઈ! ઝીણી વાત, બાપુ! વીતરાગ માર્ગ સૂક્ષ્મ છે, અપૂર્વ છે.

કહે છે કે '**સબ લૌકિકવ્યવહાર છોડકર અચ્છી તરહ પહચાનો,...**' એ પાઠમાં કહેશે હવે. ૪૬.

**૪૬) जसु परमत्थे बंधु णवि जोइय ण वि संसारु।**
**सो परमप्पउ जाणि तुहुँ मणि मिल्लिवि ववहारु।।४६।।**

**અન્વયાર્થ :–** '**હે યોગી,...**' એટલે ધર્મી. યોગી એટલે ઓલા જે અન્યમતિના બાવા એની વાત નથી. આત્મા નિજ સ્વભાવથી પરિપૂર્ણ છે, તેમાં જેનું જોડાણ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન દ્વારા જોડાણ (છે) એને અહીંયાં યોગી કહે છે. સમજાણું કાંઈ? '**હે યોગી,...**' 'યોગીન્દ્રદેવ' ભાવલિંગી સંત મુનિ છે. એ શિષ્યને કહે છે. હે શિષ્ય! '**જિસ ચિદાનંદ શુદ્ધાત્માકે નિશ્ચય કરકે...**' ચિદાનંદ પ્રભુ જ્ઞાનાનંદ સ્વભાવ શુદ્ધાત્મા, પવિત્ર આત્મા, અનાદિઅનંત એ તો ચિદાનંદ શુદ્ધ આત્મા પવિત્ર છે. આહાહા..! એને '**નિશ્ચય કરકે નિજ સ્વભાવસે ભિન્ન...**' અંતર જ્ઞાન અને આનંદ જેનો નિત્ય-કાયમ સ્વભાવ, એવા સ્વભાવથી જુદું '**દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભવ, ભાવરૂપ પાંચ પ્રકાર પરિવર્તન સ્વરૂપ સંસાર...**' એના પરમાણુઓના દ્રવ્ય રજકણોનો સંસાર રખડવાનો એ નથી. ક્ષેત્રમાં ભિન્ન ભિન્ન ક્ષેત્રમાં અવતરવું એ નથી. કાળના દરેક સમયમાં પરિભ્રમણ કરવું એ નથી. ભવ છે એ એમાં નથી. અને એનો ઉદયભાવ છે એ પણ આત્મામાં નથી. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ!

'**પાંચ પ્રકાર પરિવર્તન સ્વરૂપ સંસાર નહીં હૈ,...**' આહાહા..! એના સ્વરૂપમાં સંસાર હોય તો સંસારથી તો કોઈ દિ' છૂટે નહિ. એટલે સંસાર ખરેખર તો ઉદયભાવ એ સંસાર છે. ચાહે તો રાગનો, ગતિનો ઉદય એ સંસાર-ભાવસંસાર છે. એ ભાવસંસાર સ્વભાવમાં નથી. આહાહા..! ચિદ્‌ઘન, આનંદકંદ પ્રભુ, સમ્યગ્દર્શનનો વિષય જે આત્મા, એમાં સંસારનો અભાવ છે. આહાહા..! ઝીણી વાત, ભાઈ! વર્તમાનમાં તો એવી ગડબડ ઊભી થઈ છે. એમાં આ વાત સમજવી બહુ કઠણ જગતને. આહાહા..! આ તો હજી સમ્યગ્દર્શનની વાત ચાલે છે. સમ્યગ્દર્શનમાં એવો આત્મા એને ધ્યેયમાં અને આશ્રયમાં હોય કે જેમાં સંસાર અને બંધન નથી. આહાહા..! સમજાણું કાંઈ? છે?

'**સંસાર કે કારણ...**' સંસાર તો નથી, દ્રવ્ય નામ પરમાણુઓ ક્ષેત્રમાં, કાળમાં અને ભવમાં, ભવ જ નથી જેને. આહાહા..! અને ભવનો ભાવ ઉદય, રાગ-દ્વેષ આદિ એ ચિદ્‌ઘન પ્રભુ, શુદ્ધાત્મા પવિત્ર આત્મા, એમાં એ નથી. સમજાણું કાંઈ? '**ઔર સંસારકે કારણ જો પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ, પ્રદેશરૂપ...**' ચાર પ્રકારનો બંધ જડનો લીધો છે.

કેમકે સંસારમાં ઓલો ભાવબંધ તો આવી ગયો. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવ. ભાવ-ઉદયભાવ ભાવબંધ છે એ. એ એમાં નથી. અને આ જડબંધ એમાં નથી. શું કહ્યું?

અરે..! પ્રભુ! એ ચીજ જે તું છો ચિદાનંદ પ્રભુ, સહજાત્મસ્વરૂપ જ્ઞાનાનંદ સ્વભાવ, એવી જે ચીજ, એમાં ઉદયભાવના ગતિ, રાગાદિ જે બોલ છે-ઉદયભાવના ૨૧ બોલ છે ને? એમાં નથી. વસ્તુમાં નથી. આહાહા..! જ્યારે એને એમાં ઉદયભાવ નથી એમ કીધું. એટલે હવે અહીં દ્રવ્યબંધ લીધો. ઓલો ભાવબંધ નથી એમાં. સમજાણું કાંઈ? આહાહા..! ઝીણી વાત, ભાઈ! જ્ઞાનાનંદ નિત્યાનંદ પ્રભુ, જ્ઞાનના રસસ્વરૂપ પ્રભુ આત્મા, ધ્રુવ નિત્યાનંદ સહજાત્મસ્વરૂપ શુદ્ધાત્મા, એમાં એ પાંચ પ્રકારનો સંસાર નથી.

મુમુક્ષુ :- જીવ તો અનાદિકાળથી કર્મથી બંધાયો છે.

ઉત્તર :- એ તો નિમિત્તની વાત છે. આ તો દ્રવ્યથી વાત ચાલે છે. પર્યાયમાં રાગથી બંધન છે, ભાવબંધન (છે) અને પ્રકૃતિનું બંધન નિમિત્તથી છે. એ પર્યાયમાં અવસ્થાની સાથે. વસ્તુના સ્વભાવ સાથે ભાવબંધ ને દ્રવ્યબંધ નથી. આહાહા..! ઝીણી વાત, ભાઈ! લોકોને ધર્મ કરવો પણ ધર્મ કેમ થાય એની ખબરું ન મળે. આહાહા..!

જે પોતાના આનંદ અને જ્ઞાનસ્વભાવથી, સત્ત્વથી ભરેલો પદાર્થ છે, સહજાત્મસ્વરૂપ, એમાં સંસારના પાંચ પ્રકાર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ, ભાવ. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ તો ઠીક. પણ જે ભાવ છે એ પણ એમાં નથી. ઉદયભાવ એ આત્મામાં નથી. અરે..અરે..! આવી વાતું!

મુમુક્ષુ :- થઈ ગયા મુક્તસ્વરૂપ?

ઉત્તર :- મુક્તસ્વરૂપ છે અંદર. પર્યાયે નહિ. દ્રવ્ય સ્વભાવ મુક્ત છે તો પર્યાયમાં મુક્ત થાય છે. જો દ્રવ્ય સ્વભાવ મુક્ત ન હોય તો પર્યાયમાં મુક્ત ક્યાંથી થાશે? આહાહા..!

કઈ અપેક્ષાએ? વસ્તુમાં નથી. વસ્તુ જે ચિદાનંદ પ્રભુ, નિત્યાનંદ ધ્રુવ પ્રભુ, એમાં સંસારનો ભાવ એનો અભાવ છે. પરમપારિણામિક સ્વભાવમાં એ ભાવ કેવો? આહાહા..! પરમભાવમાં અપરમભાવ, ક્ષાયિકભાવ આદિ નથી તો વળી ઉદયભાવ ક્યાંથી આવે એમાં? ઝીણી વાતું, ભાઈ! આ દિગંબર 'યોગીન્દ્રદેવ' મુનિ, એમનું બનાવેલું આ 'પરમાત્મપ્રકાશ' છે. એમાં છે ને એમાં જુઓને પણ. આહાહા..!

**'સંસારકે કારણ જો પ્રકૃતિ, સ્થિતિ,...'** પ્રકૃતિની મુદત, પ્રકૃતિનો રસ **'અનુભાગ, પ્રદેશ...'** સંખ્યા. એ **'ચાર પ્રકારકા બંધ ભી નહીં હૈ.'** આહાહા..! એવી ચીજને તું ધ્યાનમાં લે એમ કહે છે. ધર્મ કરવો હોય અને સમ્યગ્દર્શન-જ્ઞાન કરવું હોય તો આવી ચીજને તું ધ્યાનમાં ધ્યેયમાં લે. આહાહા..! આવો માર્ગ વીતરાગનો છે. આહાહા..! સંસાર નથી અને સંસારનું કારણ બંધ પ્રકૃતિ આદિ એનામાં નથી. આહાહા..! **'જો બંધ કેવલજ્ઞાનાદિ અનંતચતુષ્ટયકો પ્રગટતારૂપ મોક્ષ-પદાર્થસે જુદા હૈ,..'** એ બંધ કેવો છે? કે કેવળજ્ઞાનાદિ અનંતચતુષ્ટયની પ્રગટ દશા-મોક્ષની પર્યાય, એનાથી એ બંધ જુદો છે બંધ. મોક્ષ પર્યાયથી જુદો છે અને મોક્ષ સ્વભાવથી જુદો છે. શું કીધું? મોક્ષસ્વભાવ જે ત્રિકાળ છે એનાથી જુદું છે

અને મોક્ષ પર્યાય છે એનાથી બંધભાવ જુદો છે. આહાહા..! 'નવરંગભાઈ'! આવું ઝીણું છે આ.

'**બંધ કેવલજ્ઞાનાદિ અનંતચતુષ્ટયકો પ્રગટતારૂપ મોક્ષ-પદાર્થસે જુદા હૈ,...**' આહાહા..! મૂળ તો આત્માનો સ્વભાવ જ દ્રવ્ય સ્વભાવ-પદાર્થ સ્વભાવ મોક્ષસ્વભાવ છે. મોક્ષરૂપ જ એનો સ્વભાવ છે. એની શક્તિ જ મોક્ષરૂપ છે. એમાં સંસારના પાંચ ભાવ નથી અને એનું કારણ જે પ્રકૃતિનો બંધ, એ પણ નથી. કે જે બંધ મોક્ષપદાર્થથી જુદી ચીજ છે. આહાહા..! શું કહ્યું એ? કે ત્રિકાળી આનંદકંદમાં બંધ નથી અને એ બંધ, મોક્ષની પર્યાય જે પ્રગટ છે એનાથી જુદો બંધ તે આત્મામાં નથી. આહાહા..! અરે..! આવી વાતું હવે. ઓલા તો કહે કે ભાઈ! આ દયા પાળો, વ્રત પાળો અને અપવાસ કરો, લ્યો! ભક્તિ કરો, જાત્રા કરો, ધર્મ થઈ જાય. એટલું સહેલું હતું. કહે છે કે એ બધી વાત ધર્મ નથી. એ તો બધી પુણ્યની ક્રિયાઓ છે. જે પુણ્યભાવ આત્મામાં નથી. એમ કહે છે. 'યોગીન્દ્રદેવ' 'પરમાત્મપ્રકાશ'. આહાહા..! પરમાત્મસ્વરૂપ જ આત્માનું છે. શક્તિરૂપ, સ્વભાવરૂપ પરમાત્મા જ છે. એ પરમાત્મા છે એ પર્યાયમાં પરમાત્મા થાય છે. જો પરમાત્મસ્વરૂપ જ ન હોય તો પર્યાયમાં પરમાત્મસ્વરૂપ આવશે ક્યાંથી? ક્યાંય બહારથી આવે એવું છે? આહાહા..!

'**तं परमात्मानं**' આવા પરમાત્માને. પરમાત્મા એટલે તું પોતે, હોં! આહાહા..! પરમાત્મા પરમસ્વરૂપ ધ્રુવ નિત્યાનંદ, જેમાં સંસાર અને સંસારના કારણ બંધ નથી, તેવા પરમાત્માને તું '**मनसि व्यवहारम् मुक्त्वा**' '**મનમેં સે સબ લૌકિક-વ્યવહારકો છોડકર...**' આહાહા..! વિકલ્પની ક્રિયા બધી છોડીને. આહાહા..! '**મનમેં સે સબ લૌકિક-વ્યવહારકો છોડકર તથા વીતરાગસમાધિમેં ઠહરકર...**' આહાહા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ વીતરાગ સમાધિ છે. આહાહા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ એ ત્રણ સમાધિ-શાંતિ છે. આહાહા..! આવો જે આત્મા કે જે સંસારથી રહિત છે, સંસારના કારણ બંધથી રહિત છે, જે બંધ મોક્ષની પર્યાયથી પણ ભિન્ન છે, સ્વભાવથી ભિન્ન છે એવા પરમાત્માને તું લૌકિક વિકલ્પના વ્યવહારને છોડી દઈને, વ્યવહારની રાગની જે વિકલ્પજાળ છે એ આકુળતાવાળી છે. એને છોડી દઈને '**વીતરાગ સમાધિમેં ઠહરકર...**' આહાહા..! એટલો રાગરહિત શાંતિમાં ઠરીને. આહાહા..! ત્રિકાળી ભગવાનને આશ્રયે જે સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિ પ્રગટી છે એમાં '**ઠહરકર જાન,...**' આહાહા..!

જુઓ! આ દિગંબર મુનિઓનું કથન! આહાહા..! સમજાણું કાંઈ? એને દુનિયાની પડી નથી કે દુનિયા કેમ માનશે કે નહિ? માર્ગ આ છે. આહાહા..! નાગા બાદશાહથી આઘા છે ઈ. દુનિયાની પડી નથી, સભાની, સમાજની. કે સમાજને ઠીક પડશે કે નહિ? સમાજ કબુલશે કે નહિ? દુનિયા દુનિયાની જાણે. માર્ગ આ છે. સમજાણું કાંઈ? આહાહા..! 'યોગીન્દ્રદેવ' દિગંબર સંત, જંગલમાં રહેનારા હતા. મુનિઓ તો જંગલમાં રહેતા. એ અહીં કહે છે કે, હે શિષ્ય! તારે જો આત્માને જાણવો હોય તો પરમાત્મસ્વરૂપી ભગવાન છે, એમાં સંસાર અને સંસારના કારણનો અભાવ છે. એને તું વિકલ્પની જાળને, વ્યવહારની જાળને છોડી દઈ... આહાહા..! વ્યવહારમાં જાગતા છે તે નિશ્ચયમાં ઉંઘતા છે. આહાહા..! શું કહ્યું? એ આવે છે

ને શ્લોક? સૂતો (છે). દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ છે એમાં જે જાગતા છે એ નિશ્ચયમાં સૂતા છે. નિશ્ચયનું એને ભાન નથી. અને નિશ્ચયમાં જે જાગે છે એ વ્યવહારમાં સૂતા છે. વ્યવહાર એણે છોડી દીધો છે. આહાહા..! માર્ગ ભારે, ભાઈ! એવો છે.

મુમુક્ષુ :- ... ઝઘડાઓ કેમ થાય?

ઉત્તર :- એ જેને ન બેસે એને શું કરે બિચારાને? આવો એકદમ માર્ગ ન બેસે એટલે એને લાગે. આહાહા..! વીતરાગ માર્ગ એવો છે. એ પણ દિગંબર ધર્મ એક જ. આહાહા..! એ સિવાય ક્યાંય આ વાત છે જ નહિ. આહાહા..! જગતને એ માર્ગને જીરવવો કઠણ છે.

મુમુક્ષુ :- બીજો રસ્તો કાઢો કે જે જગત જીરવી શકે.

ઉત્તર :- આ જ રસ્તો છે. બીજો ક્યાંથી કાઢે? વાણિયાવડ છે અહીં? એ કહેતા હતા, 'હિંમતભાઈ'ને. 'મુંબઈ'માં છે ને? કેવા કહેવાય એ?

મુમુક્ષુ :- 'પૂનમચંદ ઘાંસીલાલ'

ઉત્તર :- 'પૂનમચંદ ઘાંસીલાલ'. 'પૂનમચંદ ઘાંસીલાલ' છે ને? 'પ્રતાપગઢ'ના છે ને? મંદિર છે ને મંદિર? કાલબાદેવી. જોયા છે ને ત્યાં ગયા હતા. એ કાંઈક એક ફેરી કહેતા હતા 'હિંમતભાઈ'ને. કે 'કાનજીસ્વામી' થોડું પોચું મૂકે, અમે થોડું પોચું મૂકીએ અને ભેગા થઈ જઈએ. આ ક્યાં અમારો માર્ગ છે? આ તો આત્માનો માર્ગ છે. આ તો ત્રિકાળી અનાદિ સનાતન સત્ય માર્ગ છે. એમાં મોળું શું મૂકવું? કે વ્યવહારથી થાય, લાભ થાય એમ કહેવું? આહાહા..!

એ તો અહીં કહે છે, જુઓને! '**मनसि व्यवहारम् मुक्त्वा**' આહાહા..! મનનો જે વિકલ્પ છે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ એ વિકલ્પ છે તેને છોડી દઈને... આહાહા..! સમજાણું કાંઈ? આવું છે. એક ગાથાએ તો કેટલું કહ્યું છે, જુઓને! ઓહોહો..! '**મનમેંસે સબ લૌકિક-વ્યવહારકો છોડકર...**' આહાહા..! '**વીતરાગસમાધિમેં ઠહરકર...**' જ્યારે વિકલ્પ છૂટ્યો ત્યારે સ્વરૂપમાં નિર્વિકલ્પ સ્થિરતા થઈ એ સમાધિ. સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિ થઈ એ સમાધિ. ઓલા બાવા લગાવે એ આ સમાધિ નહિ. આધિ, વ્યાધિ, ઉપાધિથી રહિત વીતરાગી પરિણતિ તે સમાધિ. આહાહા..! અરે..! અનંતકાળ થયો... અનંતકાળ થયો.. ચોર્યાસીના અવતાર કરી કરીને મરી ગયો છે. હેરાન હેરાન છે.

મુમુક્ષુ :- આ એક ભવ યાદ કરે તો...

ઉત્તર :- અરે..! એક ભવમાં પણ દુઃખી કેટલો છે. રાગ ને દ્વેષ, સંકલ્પ-વિકલ્પ એ બધા દુઃખદાયક છે. અશુભભાવ તો દુઃખદાયક છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના, કામ, ક્રોધ, માન, માયા આદિ ભાવ એ તો દુઃખરૂપ છે. પણ શુભભાવ દુઃખરૂપ છે. આહાહા..! દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજાનો વિકલ્પ ઊઠે એ શુભ છે, એ દુઃખરૂપ છે. આહાહા..!

મુમુક્ષુ :- નિશ્ચયે દુઃખ છે પણ વ્યવહારે તો સુખ છે ને.

ઉત્તર :- વ્યવહારે શું હતું? ધૂળ છે? લાકડીને ઘોડો કહેવો એ વ્યવહારે કહેવાય, એ

ઘોડો છે?

મુમુક્ષુ :- આપે શું કહ્યું કંઈ સમજાણું નહિ.

ઉત્તર :- આ છોકરો લાકડી લઈને ઊભો હોય ને? એનો બાપ આવે. (એને કહે), ઘોડો આઘો રાખ તારો. તો ઘોડો છે એ? લાકડી લઈને આમ ઊભો હોય. ઘરમાં જાવું હોય તો કહે, છોડી દે. એમ એ લાકડીના ઘોડાને ઘોડો કહેવો, એમ વ્યવહારને ધર્મ કહેવો એવો છે એ. આહાહા..! શું થાય? પ્રભુ! અનંતકાળથી રખડે છે. 'અનંતકાળથી આખડ્યો વિના ભાન ભગવાન, સેવ્યા નહિ ગુરુ સંતને, મૂક્યા નહિ અભિમાન.' આહાહા..! આ વ્યવહારથી થશે, વ્યવહાર કરતા કરતા થશે. એને અહીંયાં ભગવાન ના પાડે છે. એને છોડતા થશે. આહાહા..!

છે? '**मनसि व्यवहारम् मुक्त्वा**' એ બધો લૌકિક વ્યવહાર કહેવાય. આહા..! ધંધાની તો વાત અહીં ક્યા હતી? '**ચિન્તવન કર.**' પરમાત્માને જાણ. આહાહા..! આવો જે ભગવાન અંદર નિર્વિકલ્પ શાંતિથી એને જાણ. આહાહા..! નિર્વિકલ્પ શાંતિથી એ જણાય એવો છે. વિકલ્પથી જણાય એવો નથી. કેમકે વિકલ્પ એમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? શું થાય? માર્ગ તો છે એ રહેશે. કોઈ મરડીને, કચરડીને બીજો કરે તો નહિ થાય. અનાદિનો આ એક માર્ગ છે. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.'

'**વીતરાગ સમાધિમેં ઠહરકર...**' સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ ત્રણે પર્યાય વીતરાગી પર્યાય છે. એ વીતરાગી પર્યાય દ્વારા આત્માને જાણ. આહાહા..! સમજાણું કાંઈ? જુઓને! આ તો લખાણ કે દુના (દિવસના) છે. આ તો 'યોગીન્દ્રદેવ' કેટલા વર્ષ પહેલા થઈ ગયા એનું છે. ટીકા તો ભાઈએ 'દોલતરામે' કરીને? આહાહા..! પહેલાના તો પંડિત પણ 'બનારસીદાસ', 'ટોડરમલ', 'દોલતરામ', 'ભાગચંદજી' બહુ થઈ ગયા છે. ધર્મના થાંભલા. આહાહા..! લોકોને બાહ્યથી જોવે છે તો એ વસ્તુ બાહ્યથી નથી. આહાહા..! અંતરમાં આનંદનો નાથ પ્રભુ અતીન્દ્રિય આનંદનો અનાકુળ શાંતરસ પડેલો પ્રભુ, એને અતીન્દ્રિય આનંદની શાંતિ દ્વારા જણાય એવો છે. આહાહા..! બીજો કોઈ એનો ઉપાય છે નહિ.

'**ભાવાર્થ :- શુદ્ધાત્માકી અનુભતિસે ભિન્ન...**' ત્યાંથી લીધું, જોયું! આત્મા જે શુદ્ધ ચૈતન્ય છે, એની અનુભૂતિથી આ વસ્તુ ભિન્ન છે. ઓલામાં આવ્યું હતું ને અનુભૂતિથી ભિન્ન? ૫૧. આહાહા..! 'સમયસાર'માં ૨૯ બોલ આવ્યા હતા. આત્મા શુદ્ધ ચૈતન્ય ભગવાન, એનો અનુભવ, આનંદની અનુભવની દશા એનાથી આ વ્યવહાર આદિ ભાવો બધા ભિન્ન-જુદા છે. આહાહા..! શુદ્ધાત્માથી જુદા ન કીધા. જોયું! આહાહા..! છે ને? '**तमेवेत्थंभूतलक्षणं परमात्मानं मनसि व्यवहारं मुक्त्वा जानीहि, वीतरागनिर्विकल्पसमाधौ स्थित्वा भावयेत्यर्थः**' પછી જુઓ. '**शुद्धात्मानुभूति-विलक्षणेन संसारेण बन्धनेन च रहितः**' આહાહા..! શું કહ્યું એ? ભગવાનઆત્મા શુદ્ધ આનંદસ્વરૂપ, એનો અનુભવ, એની સન્મુખ થઈને રાગરહિત વીતરાગી પર્યાયથી એનો અનુભવ કરવો એ અનુભૂતિથી આ સંસાર અને બંધ ભિન્ન છે. આહાહા..! એમાં વ્યવહારના વિકલ્પો પણ નથી અને એનું કારણ બંધન એ પણ એમાં નથી. આહાહા..! આવી વાત છે, ભાઈ!

'**શુદ્ધાત્માકી અનુભૂતિ...**' શુદ્ધ પવિત્ર આનંદનો નાથ, પૂર્ણ સ્વરૂપ, એની સન્મુખમાં શાંતિ અને વીતરાગી દશા દ્વારા અનુભવમાં આવ્યો, એ અનુભૂતિથી સંસારના પાંચ બોલ અને બંધન ચાર, એ અનુભૂતિથી ભિન્ન છે. આહાહા..! વસ્તુમાં નથી એમ પહેલા કીધું. એ સંસાર ને બંધન શુદ્ધાત્મામાં નથી એમ કહ્યું પહેલું. પહેલું તો એમ કહ્યું. પછી ગુલાંટ ખાય છે. આહાહા..! શું કહ્યું એ? પહેલું તો નિત્યાનંદ પ્રભુ શુદ્ધ ચૈતન્યઘન જે ધ્રુવ, પરમ પરમપારિણામિક સ્વભાવભાવ, એમાં સંસાર અને બંધનનો અભાવ છે. પછી કહ્યું કે જે વસ્તુ ત્રિકાળી છે એની અનુભૂતિથી એ ભિન્ન છે. સ્વભાવથી ભિન્ન છે પણ એની અનુભૂતિથી (પણ ભિન્ન છે). આહાહા..! અરે..અરે..! આવું આકરું કામ. વેપારીને નવરાશ ન મળે. આખો દિ' પાપના ધંધા. આ રળવું, ખાવું ને પીવું ને એમાં પાંચ-પચાસ લાખ પૈસા થઈ જાય, છોકરા સારા (પાક્યા હોય તો) જાણે અમે વધી ગયા. ધૂળમાંય નથી વધ્યા, સાંભળને! વધ્યા પાપમાં. આહાહા..!

મુમુક્ષુ :- .. સ્વભાવથી તો ભિન્ન જ છે.

ઉત્તર :- પહેલો સ્વભાવથી ભિન્ન કીધો, પણ એ ભિન્ન કોણે અનુભવ્યો? અનુભૂતિથી એને ભિન્ન જાણ્યો. આ ભિન્ન છે એ જાણ્યું કોણે? વસ્તુ જે છે ચિદાનંદ ભગવાનઆત્મા એમાં સંસાર ને બંધનનો અભાવ (છે). પણ એ બંધનનો અને સંસારનો અભાવ કોણે જાણ્યો? એ અંતર્મુખ થઈને અનુભૂતિ કરી એણે જાણ્યો. એ અનુભૂતિથી ભિન્ન છે. આહાહા..! દિગંબર સંતોની વાણી તો જુઓ! રામબાણ છે. જગતને પચવી કઠણ પડે. શું થાય? માર્ગ તો આ છે. તને બેસે ન બેસે તું જાણ. આહાહા..!

ન્યાય કાઢ્યો એણે, કે વસ્તુ છે એમાં સંસાર અને બંધન નથી. પણ નથી એવું કોણે જાણ્યું? કે જેણે આત્માની અનુભૂતિ કરી એણે જાણ્યું કે આ અનુભૂતિથી ભિન્ન છે તો અંદરમાં પણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? બીજી રીતે કહીએ. શુદ્ધાત્મામાં સંસાર અને સંસારનું કારણ બંધ નથી. એ તો ધારણા થઈ મગજમાં. સમજાણું કાંઈ? એ તો એક જ્ઞાનમાં ધારણા આવી. પણ વસ્તુ ન આવી. સમજાણું કાંઈ? એથી આ કહ્યું. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ જીવ સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન ને શાંતિ દ્વારા અનુભૂતિ જે આત્માની કરી, એને જણાણું કે આમાં નથી, અનુભૂતિથી ભિન્ન નથી. આહાહા..! સમજાય છે કાંઈ? બહુ સરસ ગાથા. આહાહા..! આ શૈલી તો જુઓ! એક એક ગાથામાં. શ્વેતાંબરના ૩૨-૪૫ વાંચી જાય તો ક્યાંય હાથ ન આવે, તત્ત્વ શું છે ઈ. એવી વાત છે, બાપુ! આહાહા..! બધી વ્યવહારની વાતું બધી બહારની વાતું. આહાહા..! આ તો એક ગાથા (બસ છે).

રાગનો સંબંધ હોય તો પર્યાયની સાથે સંબંધ છે. અને એ રાગની સાથે પ્રકૃતિ જડનું નિમિત્ત-નિમિત્તપણું છે. એ રાગનો સંબંધ અને આ, એ બધું દ્રવ્ય સ્વભાવમાં નથી. આહાહા..! એ સંસારના પાંચ પ્રકાર, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવ, એ ભવનો જેમાં અભાવ (છે). આહાહા..! સંસારનો અભાવ કહેવો છે ને? ભગવાનઆત્મા ચિદાનંદ નિત્યાનંદ પ્રભુમાં ભવનો અભાવ (છે) અને ભવના કારણરૂપ પ્રકૃતિ તેનો અભાવ (છે). આહાહા..! પણ

કોને? 'રતિભાઈ'! આહાહા..! જેણે એને અનુભવ્યો એને.

મુમુક્ષુ :- આ ... કઠણ પડે. અઘરું લાગે.

ઉત્તર :- વસ્તુ તો આમ છે. માર્ગ તો આ છે. જેણે એ માર્ગ લીધો એને ભિન્ન છે. આહાહા..! અરે..! આ વાતને સાંભળવી કઠણ પડે. એવો માર્ગ વીતરાગનો છે. 'એવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી જિનરાજ.' ધર્મસભામાં ત્રિલોકના નાથે, તીર્થંકરદેવે આમ કહ્યું. એ સંતો આડતિયા થઈને જગતને જાહેર કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે, બાપા! ન બેસે તો શું થાય?

મુમુક્ષુ :- ન બેસનારા જીવો...

ઉત્તર :- આ કીધું ને તેથી અનુભવથી પ્રમાણ કરજે. 'સમયસાર' પાંચમી ગાથા. 'કુંદકુંદાચાર્ય' એમ કહે છે કે '**एयत्तविहत्तं**' સ્વભાવની એકતા અને રાગથી વિભક્ત, એને હું તને કહીશ. અનુભવથી પ્રમાણ કરજે. સાંભળીને ધારણાથી રહીશ નહિ, એમ કહે છે. આહાહા..! '**त्तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण।**' મારા વૈભવથી હું આ વાત કરીશ. 'કુંદકુંદાચાર્ય' દિગંબર સંત. સંવત્ ૪૯. ભગવાન પાસે ગયા હતા. 'સીમંધર' પ્રભુ (બિરાજે છે). આઠ દિવસ રહ્યા હતા ત્યાં. ત્યાંથી આવીને આ શાસ્ત્ર (બનાવ્યા). આહાહા..! હું ભગવાન પાસે સાંભળેલું અને અનુભવેલું એવું સ્વભાવથી એકત્વ અને વિભાવથી પૃથક્ક્ત્વ, એવા મારા નિજ વૈભવથી વાત કરીશ. આહાહા..!

'**दाएहं**' હું દેખાડીશ. એમ કીધું, લ્યો! મહારાજા! તમે દેખાડીશ એ તો વાણીથી દેખાડશો. વાણી તો તમારી નથી. અરે..! એમ ન તર્ક થાય, ભગવાન! હું દેખાડીશ એમ કીધું છે ને? મારા વૈભવથી દેખાડીશ. દેખાડીશ એટલે? વાણી દ્વારા, સ્થિતિ દ્વારા. બાપુ! એ તો કથનની શૈલી એવી આવે. એને તું જો તર્ક કર કે આમ કેમ? (તું) સાંભળવાને લાયક નથી. આહાહા..! '**दाएहं अप्पणो सविहवेण। जदि दाएज्ज पमाणं** ...' જો આ દેખાડું. આહાહા..! તું પ્રમાણ કરજે. સાંભળીને રાખીશ નહિ એમ કહે છે. એય..! 'ગીરધરભાઈ'! આવી વાતું છે, ભગવાન! શું થાય? અરે..! વીતરાગના વિરહ પડ્યા, કેવળીઓના કેવળજ્ઞાન રહ્યા નહિ, અવધિ-મનઃપર્યય કોઈ રહ્યા નહિ. આહાહા..! મૂળ માર્ગમાં વિરોધ થયા. ઓહોહો..!

'**जदि दाएज्ज**' બે વાર લીધું. હું દેખાડું. અને દેખાડું તો દેખાડીશ. તું પ્રમાણ કરજે. '**एयत्तविहत्तं दाएहं अप्पणो**' દેખાડીશ. પણ જો દેખાડું. આવી ગયું જો દેખાડવાનું... આહાહા..! પ્રમાણ કરજે. એ પ્રમાણ એટલે? અનુભવથી પ્રમાણ કરજે. સાંભળીને ધારી રાખીશ નહિ. આહાહા..! જુઓ તો વાણી ક્યાંય છે? આહાહા..! સૂતાને જગાડી દેવો છે. અરે..! ભગવાન! હવે રાગમાં સૂતો ન પાલવે, ભાઈ! આહાહા..! કેવી ભાષા કરી!

પહેલું કીધું શુદ્ધાત્મામાં સંસાર અને બંધન નથી. પછી કહે શુદ્ધાત્માની અનુભૂતિવાળાને નથી. સમજાણું કાંઈ? ગજબ વાત છે. શાસ્ત્ર તો આ કહેવાય. આહાહા..! જેમાં સત્ય ઊભું થાય. આહાહા..! જગતને બેસે, ન બેસે પણ સત્ય તો આ છે. સમજાણું કાંઈ? આહાહા..! અને તેથી તો એણે કહ્યું કે મનના વિકલ્પને છોડીને. એમાંથી જ આવ્યું. અનુભૂતિથી ભિન્ન.

આહાહા..! પર તરફના વિકલ્પોની જાળને છોડી દઈને, ત્યારે તે વખતે વીતરાગી સમાધિથી એમ કીધું હતું ને? એને જાણ. એને અનુભૂતિથી જાણ્યું કે આ નથી. આહાહા..!

**'શુદ્ધાત્માકી અનુભૂતિસે ભિન્ન જો સંસાર ઔર સંસારકા કારણ બંધ ઇન દોનોંસે રહિત ઔર આકુલતાસે રહિત...'** આહાહા..! વ્યવહારના વિકલ્પો એ આકુળતા છે બધી, એમ કહે છે. એ વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા ને દાન ને દયાનો ભાવ એ બધો રાગ છે. રાગ છે તે આકુળતા છે. આહાહા..! ભારે કઠણ પડે. ઓલા કહે કે વ્યવહાર કરતા કરતા થાય. અરે..! ભગવાન! વ્યવહાર તો આકુળતા છે (એમ) અહીં કહે છે. આહાહા..! ભગવાન! તું એવડો ને એવો નથી. તું એવો નથી કે આકુળતા દ્વારા જણાય. એવો તું નથી. આહાહા..! સમજાણું કાંઈ? તું તો નિરાકુળ તત્ત્વ આનંદસ્વરૂપ, એ નિરાકુળતાની પરિણતિ દ્વારા જણાય એવો છે. આહાહા..! કેટલું ભર્યું છે! એક શ્લોક ને એક ગાથા... આહાહા..! જગતને કાને પડવી મુશ્કેલ પડે. અને અંદરમાં હા પાડવી કે... હું આવો!

**'દોનોંસે રહિત ઔર આકુલતાસે રહિત ઐસે લક્ષણવાલા મોક્ષકા મૂલ કારણ જો શુદ્ધાત્મા હૈ,...'** જુઓ! શુદ્ધ મૂળ આત્મા લીધો. **'વહી સર્વથા આરાધને યોગ્ય હૈ.'** એ નિર્મળ વીતરાગ પરિણતિ દ્વારા આરાધવા યોગ્ય છે. આહાહા..! એ હા તો પાડ, પ્રભુ! હા પાડ તો હાલત થશે. ના પાડ તો નરકે જશે. આહાહા..! નિગોદે જશે. નિગોદ .. મિથ્યાત્વ સંસારનું ફળ નિગોદ જ કહે છે. આહાહા..! બીજી વચલી ગતિ તો સાધારણ છે. મિથ્યાત્વની ખરી ગતિ નિગોદ છે અને સમકિતની ખરી ગતિ મોક્ષ છે. આહાહા..! વચલામાં તો એ શુભાશુભ ભાવનું ફળ (ભોગવે છે). આહાહા..!

મુમુક્ષુ :- કાંઈ સમજાણું નહિ. આ મિથ્યાત્વનું ફળ શું કહ્યું?

ઉત્તર :- નિગોદ.

મુમુક્ષુ :- સમ્યક્ત્વનું ફળ?

ઉત્તર :- સમ્યક્ત્વનું ફળ મુક્તિ-મોક્ષ. આહાહા..!

ભગવાન 'કુંદકુંદાચાર્યે' કહ્યું નહિ? એક વસ્ત્રનો ધાગો રાખીને મુનિ છું એમ માનીશ, મનાવીશ તો નિગોદમાં જઈશ. યાદ રાખજે. આહાહા..! એ અતિશયોક્તિથી કહ્યું છે? વસ્તુનું સ્વરૂપ છે. વસ્ત્ર રાખીને મુનિપણું માનવું, મનાવવું અને માનતાને રૂડું જાણવું એ ત્રણે નિગોદને પંથે પડ્યા છે. ભગવાન 'કુંદકુંદાચાર્ય'નું વચન છે એ. 'સૂત્રપાહુડ'. આહાહા..! નવે તત્ત્વની એમાં ભૂલ છે. એવી વાત છે, ભાઈ!

તું નિર્વિકલ્પ આનંદનો નાથ છો ને, પ્રભુ! આહાહા..! એ તારી જાતની પરિણતિ હોય તેનાથી તું જણાય એવો છો. તારાથી કજાત જે રાગાદિ એનાથી તું જણાય એવો છો નહિ. આહાહા..! અરે..! દુનિયા દુનિયાની જાણે. માર્ગ તો માર્ગ છે એ છે. આખી દુનિયા ના પાડે તોપણ એ હા છે ઈ ફરે એવી નથી. સમજાણું કાંઈ? આહાહા..! ગજબ કામ કર્યું છે ને! ૪૬. 'ચેતનજી'! આવી વાત છે. આત્મા ભગવાન છે, ભાઈ! એ ભગવાનને ભાળવા માટે નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ જોશે. આહાહા..! એની સન્મુખ થાવું છે ત્યાં તો એની જાતની દશા જોશે. આહાહા..! આઠ વર્ષની બાલિકા સમ્યક્ પામે-સમ્યગ્દર્શન. આઠ વર્ષની

કન્યા અંદર આત્મા છે ને. એ નિર્વિકલ્પ દૃષ્ટિથી પામે છે. આહાહા..!

મુમુક્ષુ :- આઠ વર્ષની કન્યા પહેલી કક્ષાનું પુસ્તક પણ વાંચી શકતી નથી.

ઉત્તર :- પુસ્તક-બુસ્તકનું અહીં શું કામ છે? આત્મા ભણ્યો એ બધું ભણી ગયો. એગં જાણઈ સવ્વ જાણંઈ. જેણે આત્માને જાણ્યો એણે બધું જાણ્યું. ભલે કહેતા ન આવડે, સમજાવતા ન આવડે, સભા ભરાવતા ન આવડે. એની સાથે કાંઈ કામ નથી. આહાહા..!

મુમુક્ષુ :- પંડિત તો બધાને કહેતો ફરે.

ઉત્તર :- અહીં તો પંડિતા પંડિતા એને કીધું છે 'સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષા'માં કે, નિર્વિકલ્પ પરિણતિથી આત્માને અનુભવે તે પંડિત છે. 'વિરલા જાણે તત્ત્વને' શબ્દ આવે છે ને? આહાહા..! એવું સ્વરૂપ છે, ભાઈ! ગજબ વાત છે, ભાઈ! આહાહા..!

પ્રભુ! તું મોક્ષસ્વરૂપ છો ને! એમ કહે છે. શક્તિ તો મોક્ષસ્વરૂપ અનાદિથી છે. એને નિર્વિકલ્પ સમ્યગ્દર્શન, જ્ઞાન, રાગ વિનાની શ્રદ્ધા દ્વારા જાણવો. આહાહા..! ત્યારે તને સુખ મળશે. એ નિર્વિકલ્પ સમકિતથી પડવું એ નિર્વિકલ્પ સમકિત એ જ સુખ છે. આહાહા..! તને સુખનો સ્વાદ આવશે. ભગવાન સુખથી ભરેલો છે. આનંદનો નાથ પ્રભુ છે. એની સન્મુખ નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાનથી જો. તને આનંદનો સ્વાદ આવશે. હવે હું સુખને પંથે પડ્યો એમ તને ખાત્રી થશે. આહાહા..! કહો, 'રતિભાઈ'! આવું છે આ.

મુમુક્ષુ :- તો અમારે ધંધો કરવો કે ન કરવો?

ઉત્તર :- કોણ ધંધો કરતો હતો? રાગ કરે. ધંધાના એક રજકણને કોઈ ફેરવી શકે છે?

કાલે તો આવ્યું હતું ઓલામાં. પરદ્રવ્યનો કર્તા ન માને તે શ્વેતાંબર છે એમ કહે. અર..ર..! અહીં કહે છે રાગનો કર્તા થાય તે મિથ્યાદૃષ્ટિ છે. એ બપોરે ચાલે છે. આહાહા..! ભગવાન આનંદ અને નિર્વિકલ્પ શાંતસ્વરૂપ, એવો જે આત્મા તે રાગના વિકારને કરે એ કેમ બને? આહાહા..! એ તો બપોરે આવ્યું. વિકારનો કર્તા તો અજ્ઞાની માને છે. આહાહા..! કેમકે અવિકારી ચૈતન્ય સ્વભાવની એને ખબર નથી. ચૈતન્ય સ્વભાવ રાગને કરે એ કેમ બને? ચૈતન્ય સ્વભાવના અજાણ જેવો એ અજ્ઞાની રાગને કરે. આહાહા..! સમજાણું કાંઈ? ઉતરે છે? ઠીક! એ બધું રાખે છે હમણા. લોકોને તાજુ તાજુ મળે ને. આહાહા..!

'આત્મધર્મ'માં લોકો બહુ રાજી થાય છે. સારું લખે છે ને ભાઈ. .. લખેલ બધું વ્યાખ્યાન આવે છે ને. બહુ ગામોગામ કહેતા હતા કેટલાક. ઓ..હો..હો..! હવે વ્યાખ્યાન આવે છે, હવે આત્મધર્મ આવે છે. આહાહા..! આ કારતક મહિનાથી. બહુ લોકો બહારમાં ચાહે (છે). આ જે કહેવાણી વાત હોય એ જો જાયને તો લોકોને ખ્યાલ આવે. આહાહા..! હમણા ત્યાં 'ફિરોજાબાદ'માં કીધું ને કાંઈક? 'આત્મધર્મ'ના પાંચસો નવા ગ્રાહક કર્યા. 'ફિરોજાબાદ'માં સાત દિવસ શિક્ષણ શિબિર ચાલી હતી ને. ચાલે, ચાલે. સંસાર એવો છે, ભાઈ!

મુમુક્ષુ :- સંસાર હોય ત્યાં મોક્ષ ચાલે.

ઉત્તર :- હાલે-હાલે. આહાહા..!

**'સંસાર ઔર સંસારકા કારણ બંધ ઈન દોનોંસે રહિત ઔર આકુલતાસે રહિત ઐસે લક્ષણવાલા મોક્ષકા મૂલકારણ જો શુદ્ધાત્મા હૈ,...'** જુઓ! પાછું. અનુભૂતિથી ભિન્ન પણ એ અનુભૂતિનું મૂળ કારણ શુદ્ધાત્મા. **'મોક્ષકા મુલકારણ જો શુદ્ધાત્મા હૈ, વહી સર્વથા આરાધને યોગ્ય હૈ.'** આહાહા..! સર્વથા આરાધને યોગ્ય. એમ છે જોયું! સાધક .. ઉપાદેય લખ્યું છે. પણ એમાં આવી ગયું. સર્વ પ્રકારે ઉપાદેય છે ને? છે. '**एवानाकुलत्वलक्षणसर्व–प्रकारोपादेयभूत**' છે છેલ્લી લીટી. '**मोक्षसुखसाधकत्वादुपादेय** ' છેલ્લી લીટી છે. આહાહા..! સર્વપ્રકાર. કથંચિત્ કોઈ લ્યોને. કથંચિત્ રાગથી અને કથંચિત્ આથી. વીતરાગનો માર્ગ અનેકાંત છે ને? આહાહા..! એ અનેકાંત નહિ. આહાહા..!

એકલો શુદ્ધાત્મા તે સર્વથા ઉપાદેય છે અને રાગ તે સર્વથા હેય છે. આહાહા..! અને એ તો આવી ગયું છે આપણે. રાગના રુચિકર જીવને આત્મા હેય છે. આહાહા..! આત્માના રુચિકરને રાગ હેય છે. આહાહા..! આવી વાતું છે. સમજાણું કાંઈ? એ 'પરમાત્મપ્રકાશ'માં આવી ગયું છે કે જેને રાગની રુચિ છે એને આત્મા હેય છે. એને આત્મા ઉપાદેય છે નહિ. આહાહા..! આ વાણી કેવી વળી? એમ કહે કે આત્મા ઉપાદેય છે અને રાગ હેય છે. આ તો રાગને ઉપાદેય તરીકે માને તેને આત્મા હેય છે. આહાહા..!

**'શુદ્ધાત્મા હૈ, વહી સર્વથા...'** જુઓ! સર્વથા છે. ભાઈ! જૈનમાર્ગમાં સર્વથા ન હોય ને. એમ કહે છે ને? કથંચિત્ હોય, કથંચિત્. અરે..! સાંભળને. આહાહા..! મિથ્યાત્વ સર્વથા નુકસાનકારક છે. કથંચિત્ નુકસાનકારક અને કથંચિત્ લાભદાયી એમ છે? અહીંયાં તો ભગવાનઆત્મા... આહાહા..! સર્વથા આરાધવા યોગ્ય છે. લ્યો! ૪૬ ગાથા થઈ. ૪૭ કહેશે હવે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**अथ यस्य परमात्मनो ज्ञानं वल्लीवत् ज्ञेयास्तित्वाभावेन निवर्तते न च शक्त्यभावेनेति कथयति –**

**४७) णेयाभावे विल्लि जिम थक्कइ णाणु वलेवि।**
**मुक्कहँ जसु पय बिंबियउ परम–सहाउ भणेवि।।४७।।**

**ज्ञेयाभावे वल्ली यथा तिष्ठति ज्ञानं वलित्वा।**
**मुक्तानां यस्य पदे बिम्बितं परमस्वभावं भणित्वा।।४७।।**

**णेयाभावे विल्लि जिम थक्कइ णाणु वलेवि ज्ञेयाभावे वल्लि यथा तथा ज्ञानं तिष्ठति व्यावृत्येति। यथा मण्डपाद्यभावे वल्ली व्यावृत्य तिष्ठति तथा ज्ञेयावलम्बनाभावे ज्ञानं व्यावृत्य तिष्ठति न च ज्ञातृत्वशक्त्यभावेनेत्यर्थः। कस्य संबन्धि ज्ञानम्। मुक्कहं मुक्तात्मनां ज्ञानम्। कथंभूतम्। जसु पय बिंबियउ यस्य भगवतः पदे परमात्मस्वरूपे बिम्बितं प्रतिफलितं तदाकारेण परिणतम्। कस्मात्। परमसहाउ भणेवि परमस्वभाव इति भणित्वा मत्वा ज्ञात्वैवेत्यर्थः। अत्र यस्येत्थंभूतं ज्ञानं सिद्धसुखस्योपादेयस्याविनाभूतं स एव शुद्धात्मोपादेय इति भावार्थः।।४७।।**

आगे जिस परमात्माका ज्ञान सर्वव्यापक है, ऐसा कोई पदार्थ नहीं है, जो ज्ञानसे न जाना जावे, सब ही पदार्थ ज्ञानमें भासते हैं, ऐसा कहते हैं –

**गाथा – ४७**

अन्वयार्थ :– [ यथा ] जैसे मंडपके अभावसे [ वल्लि ] बेल (लता) [ तिष्ठति ] ठहरती है, अर्थात् जहाँ तक मंडप है, वहाँ तक तो चढ़ती है और आगे मंडपका सहारा न मिलनेसे चढ़नेसे ठहर जाती है, उसी तरह [ मुक्तानां ] मुक्त–जीवोंका [ ज्ञानं ] ज्ञान भी जहाँतक ज्ञेय (पदार्थ) हैं, वहाँतक फैल जाता है, [ ज्ञेयाभावे ] और ज्ञेयका अवलम्बन न मिलनेसे [ बलेपि ? ] जाननेकी शक्ति होनेपर भी [ तिष्ठति ] ठहर जाता है, अर्थात् कोई पदार्थ जाननेसे बाकी नहीं रहता, सब द्रव्य, क्षेत्र, काल, भाव और सब भावोंको ज्ञान जानता है, ऐसे तीनलोक सरीखे अनंते लोकालोक होवें, तो भी एकसमयमें ही जान लेवे, [ यस्य ] जिस भगवान् परमात्माके [ पदे ] केवलज्ञानमें [ परमस्वभावं ] अपना उत्कृष्ट स्वभाव सबके जाननेरूप [ बिम्बितं ] प्रतिभासित हो रहा है, अर्थात् ज्ञान सबका अंतर्यामि है, सर्वाकार ज्ञानकी परिणति है, ऐसा [ भणित्वा ] जानकर ज्ञानका आराधन करो।

भावार्थ :– जहाँ तक मंडप वहाँ तक ही बेल (लता) की बढ़वारी है, और जब मंडपका अभाव हो, तब बेल स्थिर होके आगे नहीं फैलती, लेकिन बेलमें विस्तार–शक्तिका अभाव नहीं कह सकते, इसी तरह सर्वव्यापक ज्ञान केवलीका है, जिसके ज्ञानमें सर्व पदार्थ झलकते हैं, वही ज्ञान आत्माका परमस्वभाव है, ऐसा जिसका ज्ञान है, वही शुद्धात्मा उपादेय है। यह ज्ञानानंदरूप आत्माराम है, वही महामुनियोंके चित्तका विश्राम (ठहरनेकी जगह) है।।४७।।

---

હવે, વેલની જેમ તે પરમાત્માનું જ્ઞાન (અન્ય) જ્ઞેયના અસ્તિત્વના અભાવથી અટકી જાય છે, પણ શક્તિનાં અભાવથી નહિ એમ કહે છે :

ભાવાર્થ : જેવી રીતે વેલ મંડપ વગેરેના અભાવમાં આગળ ફેલાતી અટકી જાય છે તેવી રીતે મુક્ત આત્માઓનું જ્ઞાન જ્ઞેયના અવલંબનના અભાવમાં અટકી જાય છે, પણ જ્ઞાતૃત્વશક્તિના અભાવથી નહિ એવો અર્થ છે. જે ભગવાનના પરમાત્મસ્વરૂપમાં જ્ઞાન બિંબિત થઈ રહ્યું છે, તદાકારે પરિણમી રહ્યું છે; શા કારણે? પરમસ્વભાવને જાણીને એ અર્થ છે.

અહીં જેનું આવું જ્ઞાન ઉપાદેયભૂત સિદ્ધસુખની સાથે અવિનાભાવી છે તે જ શુદ્ધાત્મા ઉપાદેય છે, એવો ભાવાર્થ છે. ૪૭.

## વીર સંવત ૨૫૦૨, અષાઢ સુદ ૧૨, ગુરુવાર
## તા. ૦૮-૦૭-૧૯૭૬, ગાથા-૪૭-૪૮, પ્રવચન નં. ૨૯

'પરમાત્મપ્રકાશ' ૪૭-ગાથા. **'આગે જિસ પરમાત્માકા જ્ઞાન સર્વવ્યાપક હૈ, ઐસા કોઈ પદાર્થ નહીં હૈ, જો જ્ઞાનસે ન જાના જાવે, સબ હી પદાર્થ જ્ઞાનમેં ભાસતે હૈં,...'** કેવળજ્ઞાનની પર્યાયની વાત કરે છે પહેલા. કેવળજ્ઞાનની પર્યાય.

**૪૭) णेयाभावे विल्लि जिम थक्कइ णाणु वलेवि।**
**मुक्कहँ जसु पय बिंबियउ परम-सहाउ भणेवि।।४७।।**

**અન્વયાર્થ :-** **'જૈસે મંડપકે...'** મંડપનો દૃષ્ટાંત આપ્યો. મંડપ. **'મંડપકે અભાવસે બેલ (લતા) ઠહરતી હૈ,...'** મંડપ હોય ને મંડપ? એમાં લત્તા-વેલ-વેલ (એ) જ્યાં સુધી મંડપ હોય ત્યાં સુધી ચાલે છે. **'જહાં તક મંડપ હૈ, વહાં તક તો ચઢતી હૈ ઔર આગે મંડપકા સહારા ન મિલનેસે ચઢનેસે ઠહર જાતી હૈ,...'** મંડપનો સહારો નથી પછી એટલે ત્યાં ને ત્યાં એ લતા ત્યાં એટલામાં રોકાય જાય. **'ઉસી તરહ મુક્ત-જીવોંકા જ્ઞાન ભી...'** આહાહા..! સિદ્ધ ભગવાન અને કેવળજ્ઞાનીનું જ્ઞાન **'જહાંતક જ્ઞેય (પદાર્થ) હૈ, વહાંતક ફૈલ જાતા હૈ,...'** જેટલું જ્ઞેય છે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ, ત્રણકાળ, ત્રણલોક ત્યાં સુધી તો એ જ્ઞાન જાણે છે. આહાહા..! આ પ્રગટ પર્યાયની વાત છે પહેલી.

**'જહાંતક જ્ઞેય (પદાર્થ) હૈ, વહાંતક ફૈલ જાતા હૈ, ઔર જ્ઞેયકા અવલંબન ન મિલનેસે...'** પછી તો જ્ઞેય નથી. **'જાનનેકી શક્તિ હોનેપર ભી...'** આહાહા..! જેમ મંડપમાં વેલની-લત્તાની શક્તિ આગળ જવાની હોવા છતાં મંડપ આગળ નથી એટલે એ લત્તા ત્યાં ને ત્યાં ઠરે છે. એમ ભગવાનઆત્માનું જ્ઞાન લોકાલોકને જાણે છે. પણ લોકાલોકથી કોઈ જ્ઞેય બીજા વિશેષ નથી એથી એ જાણવાની શક્તિ એને નથી એમ નહિ. પણ લોકાલોક છે ત્યાં સુધી જાણે અને ત્યાં સુધી જ્ઞાન ઠરે છે, એમ કહે છે. આહાહા..! મંડપ સુધી વેલ પ્રસરે છે. પણ એનામાં આગળ પ્રસરવાની શક્તિ નથી એમ નથી. મંડપ નથી એટલે આગળ લતા જતી નથી. એમ લોકાલોક મંડપ છે. આહાહા..! જ્ઞાનની એક સમયની દશામાં લોકાલોક જાણવામાં આવે છે. જ્ઞાન ત્યાં સુધી એને દેખે છે. વિશેષ જ્ઞેય નથી માટે જ્ઞાન ત્યાં ઠર્યું છે. પણ જ્ઞાનમાં એથી અનંત ગુણા લોકાલોક હોત તો પણ જાણવાની શક્તિ ફેલાવાની હતી. આહાહા..!

અહીં તો એક સમયમાં કેવળજ્ઞાન ત્રણકાળ, ત્રણલોકને જાણે એની શ્રદ્ધાના ઠેકાણા ન મળે. કેમકે કેવળજ્ઞાની તો એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણે છે. જે અવસ્થા જે કાળે જ્યાં થઈ તે બધી જાણે છે. એથી પણ અનંતગુણ જો હોય તો જાણવાની શક્તિ હતી. પણ જ્ઞેય નથી એટલે ત્યાં ઠર્યું. એનો એક અર્થ વળી એવો કરે છે કે જ્ઞેય નથી માટે જાણતો નથી. જુઓ! નિમિત્ત નથી માટે (જાણતું નથી). એમ નથી અહીં, ભાઈ! અહીં તો એની

જાણવાની શક્તિ, જાણે એવી જે જ્ઞાનની દશા એ છે તેટલાને તો જાણે પણ એથી અનંતગુણ હોય તો જાણે એની તાકાત એટલી છે, એમ કહેવું છે. આહાહા..! અગ્નિ કોને ન બાળે? એમ જ્ઞાનની પ્રગટ દશા કોને ન જાણે? આહાહા..! એ કહીને પાછું બીજું કહેવું છે મૂળ તો. કહે છે, જુઓ!

**'જહાં તક મંડપ હૈ વહાંતક તો ચઢતી હૈ આગે મંડપકા સહારા ન મિલનેસે ચઢનેસે ઠહર જાતી હૈ, ઉસી તરહ મુક્ત-જીવોંકા જ્ઞાન ભી જહાંતક જ્ઞેય (પદાર્થ) હૈં, વહાંતક ફૈલ જાતા હૈ,...' 'જ્ઞેયાભાવે'** અહીં **'જ્ઞેયકા અવલંબન ન મિલનેસે જાનનેકી શક્તિ હોનેપર ભી...'** જાણવાની શક્તિ તો છે. ભાઈ! આહાહા..! **'ઠહર જાતા હૈ,...'** જ્ઞાન ત્યાં. એટલું છે એટલું લોકાલોક ત્રણકાળ, ત્રણલોક દ્રવ્ય-ગુણ ને પર્યાય. આદિ નહિ, અંત નહિ. એવી દ્રવ્યની પર્યાયોને પણ એક સમયમાં જાણે. અને વિશેષ જ્ઞેયો નથી માટે જાણવાની શક્તિ ત્યાં રોકાઈ ગઈ. પણ જાણવાની શક્તિ એથી અનંતગુણી છે. જેનો સ્વભાવ જાણવું એને હદ શી? આહાહા..!

**'જાનનેકી શક્તિ હોનેપર ભી ઠહર જાતા હૈ, અર્થાત્ કોઈ પદાર્થ જાનનેસે બાકી નહીં રહતા, સબ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ,...'** પછી એમ કહે છે ને? ભવિષ્ય અનંતકાળ છે... અનંતકાળ છે... અનંતકાળ છે... એને જાણી લીધો? જાણી લીધો તો અંત આવી ગયો. અરે..! એમ ક્યાં (કહેવું છે)? કાળ અંત વિનાનો છે તેને અંત વિનાનું જ્ઞાન કરી લીધું. એમ કહે, ત્રણકાળ જાણ્યા તો કાળનો અંત આવી ગયો. જ્ઞાનમાં જણાણું છે. પણ એ અંત વિનાનું છે એમ જણાણું છે. મોટા તકરાર વાંધા. મૂળમાં આખા વાંધા.

**'સબ ભાવોંકો જ્ઞાન જાનતા હૈ,..'** સર્વ પદાર્થ, સર્વ ક્ષેત્ર... આહાહા..! **'કાલ, ભાવ ઔર સબ ભાવોંકોં જ્ઞાન જાનતા હૈ, ઐસે તીનલોક સરીખે અનંતે લોકાલોક હોવેં, તો ભી એકસમયમેં હી જાન લેવે,...'** આહાહા..! શ્વેતાંબરમાં કેવળજ્ઞાનીને પણ એક સમયે જ્ઞાન અને બીજે સમયે દર્શન એવું કહ્યું છે. એક સમયનું જ્ઞાન કાયમ રહે છે એમ નહિ. એક સમયે કેવળજ્ઞાનથી જાણે તો તે સમયે દેખે નહિ. જે સમયે દેખે તે સમયે જાણે નહિ. એવી વાત છે. તદ્દન ખોટી વાત છે. બહુ તત્ત્વનો વિરોધ છે. આ તત્ત્વ આ તો... આહાહા..! અહીંયાં તો એક સમય જાણે એવું ત્રણકાળ, ત્રણલોક એવું જ બીજે સમયે, એવું જ ત્રીજે સમયે (જાણે). એમ એક સમયે જે ત્રણકાળ, ત્રણલોકને દેખે એવું એક સમયે, એવું બીજે સમયે, એવું ત્રીજે સમયે (દેખે). આહાહા..!

**'તીનલોક સરીખે અનંત લોકાલોક હોવેં, તો ભી એકસમયમેં હી જાન લેવે, જિસ ભગવાન પરમાત્માકે કેવલજ્ઞાનમેં અપના ઉત્કૃષ્ટ સ્વભાવ સબકે જાનનેરૂપ...'** બધા દ્રવ્યોનું જ્ઞાન (થાય છે). અંતર્યામી છે ભગવાન. ત્રણકાળ, ત્રણલોકના પદાર્થને ભગવાન જાણે છે. સમજાણું કાંઈ? **'સબકે જાનનેરૂપ પ્રતિભાસિત હો રહા હૈ, અર્થાત્ જ્ઞાન સબકા અંતર્યામી હૈ, સર્વાકાર જ્ઞાનકી પરિણતિ હૈ,...'** જેવું સ્વરૂપ જ્ઞેયનું છે તે રૂપે આત્મા પરિણમી જાય એવો જ એનો સ્વભાવ છે. આહાહા..! **'ઐસા જાનકર જ્ઞાનકા આરાધન કરો.'** એ વિશેષ કહેશે.

**'જહાં તક મંડપ વહાં તક હી બેલ (લતા) કી બઢવારી હૈ, ઔર જબ મંડપકા અભાવ હો, તબ બેલ સ્થિર હોકે આગે નહીં ફૈલતી, લેકિન બેલમેં વિસ્તાર-શક્તિકા અભાવ નહીં કહ સકતે,...'** આહાહા..! **'ઈસી તરહ સર્વવ્યાપક જ્ઞાન કેવલીકા હૈ, જિસકે જ્ઞાનમેં સર્વ પદાર્થ ઝલકતે હૈં,...'** બધા પદાર્થનું જ્ઞાન થઈ જાય. ભગવાન! આહાહા..! **'વહી જ્ઞાન આત્માકા પરમસ્વભાવ હૈ,...'** લ્યો, અહીં લીધું હવે. એક સમયમાં જાણે એવું આ તો જ્ઞાનનું સ્વરૂપ ભગવાનનું-આત્માનું ત્રિકાળ છે. આહાહા..! ત્રિકાળ જ્ઞાનસ્વભાવ જે શક્તિરૂપ છે તેની રુચિ કર, એમ કહે છે.

એક સમયની પર્યાયમાં ત્રણકાળ, ત્રણલોકને જાણે છતાં જ્ઞેય વિશેષ નથી (તેથી) તે જ્ઞાન ત્યાં અટકી ગયું. પણ જ્ઞાનમાં શક્તિ તો અનંતગુણી છે. એવી એક સમયની પર્યાયમાં આટલી શક્તિ. એવો જેનો ભગવાન જ્ઞાનસ્વભાવ... આહાહા..! એનું આરાધન કર. ત્રિકાળ જ્ઞાનસ્વભાવ જે શક્તિ છે એનો આશ્રય લે, એને ઉપાદેય જાણ. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ તો ત્રણ બોલ થયા. આરાધન, ઉપાદેય..

ઉત્તર :- એનું એ છે. ત્રિકાળી જ્ઞાનશક્તિ સ્વભાવ છે તેની દૃષ્ટિ કરવી એનું નામ તેનું આરાધન છે, એનું નામ એની પૂર્ણ શક્તિનો ઉપાય ઉપાદેય માન્યું એ ત્રણેય એક જ છે. આહાહા..!

બીજી રીતે કહીએ તો જ્ઞાનની એક સમયની પર્યાયમાં ત્રણકાળ ત્રણલોકને જાણવાની શક્તિ હોય પણ એથી અનંતગુણી શક્તિ (રહેલી છે). ઓહોહો..! પર્યાયમાં, હોં! એવો જ એનો ત્રિકાળી જ્ઞાનસ્વભાવ એ નિમિત્ત ને રાગ ને પર્યાય ઉપર બુદ્ધિ છે એ છોડી દે. જ્યાં ભગવાનઆત્મા પૂર્ણ શક્તિથી ભરેલું તત્ત્વ છે ત્યાં દૃષ્ટિ કર. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત છે, ભાઈ! આહાહા..! વસ્તુનો સ્વભાવ જે જ્ઞાન-ધ્યાન સ્વભાવ ત્રિકાળ, એ જ્ઞાન સ્વભાવ એ ત્રિકાળ એની શક્તિ (છે). એ શક્તિની ઉપર દૃષ્ટિ કર, કહે છે. પર્યાયબુદ્ધિ છોડીને દ્રવ્યબુદ્ધિ કર એમ કહે છે. લ્યો. આહાહા..! આવી વાત છે.

**'જિસકે જ્ઞાનમેં સર્વ પદાર્થ ઝલકતે હૈં, વહી જ્ઞાન આત્માકા પરમસ્વભાવ હૈ,...'** જુઓ! આહાહા..! જેની એક સમયની પર્યાયમાં લોકાલોકનું, મંડપનું જ્ઞાન છે, એથી મંડપ એટલો રહ્યો માટે જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય એથી અનંતગણુ છે. આહાહા..! ત્યારે એનો અર્થ એવો કરે છે કે જ્ઞેય નથી માટે ત્યાં જ્ઞાન અટક્યું, જુઓ! નિમિત્ત નથી માટે.

મુમુક્ષુ :- એ અર્થ ખોટો છે કે ચોખ્ખો છે?

ઉત્તર :- ગોટો છે એ.

અહીં તો એનું સામર્થ્ય એટલું છે કે જ્ઞેય અનંતગણું હોત તો જાણત એ સિદ્ધ કરવું છે. જ્ઞેય નથી માટે ત્યાં જ્ઞાન અટક્યું છે-નિમિત્ત નથી માટે અટક્યું છે (એમ નથી). અરે..રે..! શું થાય? એનો સ્વભાવ અપરિમિત. ભગવાનઆત્મા એનો સ્વભાવ, શક્તિ, ગુણ અમાપ અપરિમિત બેહદ સ્વભાવ જેનો છે, ત્યાં દૃષ્ટિ દે. એ પૂર્ણ જ્ઞાનસ્વભાવની પ્રતીતિ કર. પૂર્ણ જ્ઞાનસ્વભાવને સ્વસંવેદનમાં લે. આહાહા..! પૂર્ણ જ્ઞાનસ્વભાવમાં ઠર. દર્શન-જ્ઞાન-ચારિત્ર.

આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ બધું તો આપે કહ્યું, વિધિ તો કહી નહિ. કેમ કરવું?

ઉત્તર :- અંતર્મુખ કરે એમ કરે. જે ચીજ અંતરમાં પૂર્ણ છે ત્યાં અંતર્મુખ દૃષ્ટિ કરે. આહાહા..! બહિર્મુખની દૃષ્ટિ છોડી (અંતર્મુખ દૃષ્ટિ કરે). એક સમયની પર્યાય કે રાગ કે નિમિત્ત એ ઉપરની દૃષ્ટિ બહિર્મુખ છે. આહાહા..! એ બહિરાત્મા છે. આહાહા..! વર્તમાન જ્ઞાનની પર્યાય અલ્પજ્ઞ છે પણ તેને ત્રિકાળી શક્તિ ઉપર વાળ. આહાહા..! સમજાણું કાંઈ? એવું છે જૈનદર્શન, બાપુ! ઝીણું બહુ. અલ્પજ્ઞ પર્યાય, મતિ અને શ્રુતની અલ્પજ્ઞ પર્યાય અને અહીંયાં તો અનંત અનંત જ્ઞાનની શક્તિનો પાર નથી જેનો સ્વભાવ... આહાહા..! એ અલ્પ પર્યાયમાં અલ્પજ્ઞાનમાં એ ત્રિકાળનો આદર કર કહે છે. અલ્પજ્ઞાનમાં અલ્પજ્ઞાનનો આદર નહિ, અલ્પજ્ઞાનમાં રાગ ને નિમિત્તનો આદર નથી. આહાહા..! એ અલ્પજ્ઞાનમાં સર્વજ્ઞશક્તિ જે છે સર્વજ્ઞશક્તિ... આહાહા..! એને આદર. ત્યાં જઈને ઠર. એ વિશ્રામધામ-ઠામ છે. જ્ઞાનઘન શક્તિએ એ વિશ્રામધામ છે. ત્યાં ઠરવાનું ઠામ છે. આહાહા..! આવી વાત હવે. એ પછી કહેશે. એમ કે આ કરતા કરતા થાય અને વ્યવહાર કરતા (થાય), એની એને અપેક્ષા છે જ નહિ. એ ત્રણલોકનો નાથ શક્તિથી ભરેલો સ્વભાવ, જ્ઞાનના સ્વભાવના સાગરથી છલોછલ... આહાહા..! જેની શક્તિ જ જ્ઞાન છે એના સ્વભાવનું માપ શું કહેવું? આહાહા..! એવી જ્ઞાનશક્તિ ધ્રુવ જે સ્વભાવ, એની રુચિ કર અને એ તરફ દૃષ્ટિ કર અને એ તરફ વળ. આવી વાત છે, ભાઈ! આહાહા..! આ ઓલા કહે, વ્રત કરવા ને અપવાસ કરવા ને ફલાણા કરવા. એ તો બધો રાગ છે. રાગની રુચિ કરવી છે તારે? સમજાણું કાંઈ? આહાહા..!

'**વહી જ્ઞાન આત્માકા પરમસ્વભાવ હૈ,...**' આત્માનો જ્ઞાન પરમસ્વભાવ, '**ઐસા જિસકા જ્ઞાન હૈ,...**' પરમસ્વભાવ જ્ઞાન જેનો સ્વભાવ છે '**વહી શુદ્ધાત્મા ઉપાદેય હૈ.**' જોયું! એ શુદ્ધાત્મા ઉપાદેય છે. એટલે કે શુદ્ધાત્મા તરફ દૃષ્ટિ કરવાની છે. આહાહા..! '**વહી શુદ્ધાત્મા ઉપાદેય હૈ.**' આહાહા..! એટલે? જેનો પરમ જ્ઞાનસ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... ભાવ.. '**चित्स्वभावाय भावाय**' નહિ? '**भावाय**' એ તો પદાર્થ છે. પહેલા બોલમાં આવે છે ને? '**नमः समयसाराय।**' '**भावाय**' એ પદાર્થ છે. '**चित्स्वभावाय**' એની શક્તિ છે. '**चित्स्वभाव**' જ્ઞાનસ્વભાવ શક્તિ જેનું સામર્થ્ય, જેનું સત્ત્વ, જેનો અપરિમિત સ્વભાવ, એવો જે શુદ્ધાત્મા, એને ઉપાદેય કર. આહાહા..! ત્યાં દૃષ્ટિ દે તો તને સમ્યગ્દર્શન થાય. આહાહા..! અને તો ત્યાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે. આહાહા..! સમજાણું કાંઈ? આકરું કામ એટલે લોકો ત્યાંથી ખસીને બહારમાં આ કરો ને આ કરો ને આ કરો. વ્યવહાર કરતા કરતા થાય. અહીં તો એ ના પાડે છે. વ્યવહાર તો રાગ છે. એની તો રુચિ છોડ, પણ વર્તમાન અલ્પજ્ઞપણાની રુચિ છે એને છોડ. રાગને જાણવાની જે પર્યાય તો વ્યક્ત છે એને છોડ. આહાહા..! અને તેને બીજે સમયે જે જ્ઞાનની પર્યાય (ઉત્પન્ન થાય)... આહાહા..! તેને દ્રવ્યનો આશ્રય દે. એને દ્રવ્યનો આશ્રય લે. આહાહા..! આવી વાત છે. વસ્તુનું સ્વરૂપ આવું છે. જૈનધર્મ કોઈ પક્ષ નથી. વાડો નથી. વસ્તુનું સ્વરૂપ આ છે. આહાહા..! સમજાણું કાંઈ?

આહાહા..!

'શ્રેણિક'રાજા હજારો રાણીઓ, રાજ મોટું, હજારો રાજા (હતા), પણ એ આત્મા આનંદનો નાથ પૂર્ણ છે એવી અંદરમાં અનુભવ કરીને પ્રતીતિ કરી જન્મ-મરણનો અંત લાવ્યા અને ભગવાન પાસે ગયા. ત્યાં એક વિકલ્પ એવો ઊઠ્યો, પૂર્ણ થાઉં કે વગેરે. એમાં તીર્થંકરગોત્ર બાંધી દીધું. સમ્યગ્દૃષ્ટિ પૂર્ણ સ્વભાવના આદરવાના ભાવવાળો. પૂર્ણ સ્વભાવને આદરવાના ભાવવાળો, અલ્પજ્ઞાનમાં પૂર્ણનો આદર. એ અલ્પજ્ઞાનની તાકાત કેટલી! એ અલ્પજ્ઞાન, ત્રિકાળીજ્ઞાનને અડ્યા વિના, અલ્પજ્ઞાન ત્રિકાળી જ્ઞાનને અડ્યા વિના તેની પ્રતીતિ કરે. આહાહા..! પ્રગટ જ્ઞાનશક્તિ ચિદાનંદ પ્રભુ, એને એક સમયની પર્યાયમાં પ્રતીતિ કરે એ તે કેટલો પુરુષાર્થ છે! આખી સંસારની વેલ તોડી નાખી. આહાહા..! એ જ્ઞાનસ્વભાવના મહાત્મ્યમાં જ્યાં જાય છે ત્યાં તેને આનંદનો અનુભવ થાય છે. એમ કહે છે. આહાહા..! એને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સ્વરૂપાચરણ ચારિત્ર કહેવામાં આવે છે. આહાહા..! આ ચીજ જ્યાં નથી ત્યાં બધું થોથા છે. સમજાણું કાંઈ? આહાહા..! એની જેટલી જેવડી મોટપ છે એવડી એટલી મોટપમાં પ્રતીતમાં ન ભાસે ત્યાં સુધી બધું થોથા છે. આહાહા..! સમજાય છે કાંઈ?

જુઓને! કેવળજ્ઞાનની પર્યાય લોકાલોકને જાણે માટે એટલી જ શક્તિ છે એમ નહિ. એથી અનંતગુણી (શક્તિ છે). આહાહા..! શું કહેવા માગે છે? જ્ઞાનની પર્યાયનો સ્વભાવ એટલો છે કે લોકાલોકથી અનંતગણું, જેની આદિ નહિ, જેનો અંત નહિ એનું જેને જ્ઞાન થઈ ગયું. આહાહા..! એ વાત અલૌકિક છે, ભાઈ! એવા જ્ઞાનની પર્યાયની તાકાત તો અનંતગુણી.. અનંતગુણી જાણવાની. આહાહા..! એવો જેનો જ્ઞાનસ્વભાવ છે. પર્યાય નહિ પડે હવે. એવો જે શુદ્ધાત્મા... છે? આહા..! એ આદરણીય છે. નિર્વિકલ્પ સમાધિ શાંતિ દ્વારા એ આદરણીય થાય છે. સમ્યગ્દર્શન, જ્ઞાન નિર્મળની પરિણતિ દ્વારા તે ઉપાદેય થાય છે.

'**યહ જ્ઞાનાનંદરૂપ આત્મારામ હૈ,...**' આહાહા..! આનંદ નાખ્યું. '**યહ જ્ઞાનાનંદરૂપ આત્મારામ હૈ,...**' જ્ઞાન અને આનંદરૂપની શક્તિવાળો ભગવાન તે આત્મારામ છે. સ્વભાવ-સ્વભાવ, હોં! આહાહા..! '**જ્ઞાનાનંદરૂપ આત્મારામ હૈ, વહી મહામુનિયોંકે ચિત્તકા વિશ્રામ (ઠહરનેકી જગહ) હૈ.**' આહાહા..! ચૈતન્યધામ ભગવાન, જ્ઞાનાનંદસ્વભાવ ભગવાન, એ મુનિઓના ચિત્તને ઠરવાનું સ્થાન એ છે. આહાહા..! નિમિત્તમાં નહિ, દયા, દાનના વિકલ્પમાં નહિ, અલ્પજ્ઞમાં નહિ. આહાહા..! ઝીણો માર્ગ, બાપા! પણ એનું ફળ કેટલું? અનંત આનંદ પ્રગટ થાય. આહાહા..! '**યહ જ્ઞાનાનંદરૂપ આત્મારામ હૈ,...**' આહાહા..! લ્યો! વિશેષ નાખ્યું છે. '**सुखस्योपादेयस्याविनाभूतं स एव शुद्धात्मोपादेय**' લ્યો! આહાહા..! ધર્મીના જ્ઞાનની દશાને ઠરવાનું ઠામ એ છે. સમજાણું કાંઈ?

એ તો છે ને. '**यस्येत्थंभूतं ज्ञानं सिद्धसुखस्योपादेयस्याविनाभूत**' એમાં જ્ઞાન ને આનંદ આવ્યું ને? આહાહા..! જેનો સ્વભાવ જ્ઞાન ને આનંદ, એવો જે શુદ્ધાત્મા, તેને ઉપાદેય કરવા જેવું છે. કેવી બુદ્ધિએ? ચિત્ત કીધું ને? ચિત્તનું વિશ્રામઠામ. એ જ્ઞાનની પરિણતિ

નિર્મળનું એ વિશ્રામઠામ છે. રાગ ને વિકલ્પની ત્યાં ગંધ પણ નથી. આહાહા..! વ્યવહારથી થાય ને વ્યવહારથી થાય એ બધી ગપેગપ છે.

આ એ શું કીધું? '**જ્ઞાનાનંદરૂપ આત્મારામ હૈ, વહી મહામુનિયોંકે ચિત્તકા વિશ્રામ (ઠહરનેકી જગહ) હૈ.**' રાગ છે એ વિશ્રામઠામ છે? નિમિત્ત છે એ વિશ્રામઠામ છે? આહાહા..! જ્ઞાનાનંદ સ્વભાવ આત્મારામ પ્રભુ, એ ધર્મીના જ્ઞાનની પરિણતિને ઠરવાનું ઠામ એ છે. આહાહા..! નિશ્ચયની વાત બાપુ! ઝીણી બહુ. થોડા ફેરે આખો માર્ગ ફરી જાય છે. આહાહા..!

અલ્પજ્ઞાન આદરણીય નથી, રાગ આદરણીય નથી, નિમિત્ત આદરણીય નથી એમ કહ્યું. નિમિત્ત નામ ત્રણલોકના નાથ પણ ત્યાં આદરણીય નથી. એના પ્રત્યેની ભક્તિનો રાગ થયો એ આદરણીય નથી. એ રાગને કાળે રાગને જાણવાની જ્ઞાનની પર્યાય... આહાહા..! ત્રણેથી ઉઠાવ તારી જ્ઞાનની દશાને, કહે છે. આહાહા..! પૂર્ણ સ્વભાવ ભગવાન ચૈતન્યના ધામમાં જા.

એ '**(ઠહરનેકી જગહ) હૈ.**' એ વિશ્રામઠામ છે. થાક લાગ્યો હોય ને માણસ વિશ્રામ લે છે ને? આહાહા..! તને ભવભ્રમણના થાક લાગ્યા હોય... આહાહા..! તો આત્મારામ આનંદનો નાથ, પ્રભુ એ ઠરવાનું ઠામ છે, બાપા! આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! આવી વાતું છે. આ 'પરમાત્મપ્રકાશ' છે. 'યોગીન્દ્રદેવ' દિગંબર મુનિનું કરેલું છે. એમાં વ્યવહારનો તો નિષેધ છે. એક સમયની પર્યાયનો આદરનો નિષેધ થયો. આહાહા..! જ્ઞાનાનંદરૂપ આત્મારામ. આહાહા..! વસ્તુ ત્રિકાળ, હોં! '**વહી મહામુનિયોંકે ચિત્ત...**' નામ જ્ઞાનની પરિણતિનું વિશ્રામઠામ એ છે. આહાહા..! હજી તો એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જાણે એ કેટલાકને બેસતું નથી. ઓલા 'મહેન્દ્ર' પંડિત હતા ને? 'લલિતપુર'માં મળ્યા હતા તે દિ'. એ ત્રણકાળ, ત્રણલોકને જાણે એવું નહિ. વર્તમાનમાં પૂર્ણ બધું છે તેને જાણે એ સર્વજ્ઞ. હા. એ. અરે..! ભગવાન! બાપા! 'મહેન્દ્ર' હતા ને? 'મહેન્દ્રકુમાર'ને? પંડિત.

મુમુક્ષુ :- સાહિત્યાચાર્ય.

ઉત્તર :- સાહિત્ય આચાર્ય. પૂર્ણવિજય કેવા? 'પૂર્ણસાગર'ના જમાઈ. 'પૂર્ણસાગર' હતા ને? ક્ષુલ્લક ક્ષુલ્લક. અહીં રહ્યા હતા. અને 'મહેન્દ્રભાઈ' અહીં વિદ્વત પરિષદમાં આવ્યા હતા. (સંવત) ૨૦૦૩ની સાલમાં વિદ્વત પરિષદ ભરી હતી ને? એમાં અહીં આવ્યા હતા. 'લલિતપુર'માં મળ્યા હતા. 'રામજીભાઈ'ની સાથે બહુ ચર્ચા થઈ હતી. 'લલિતપુર' જ્યારે બીજીવાર અમે ગયા ત્યારે, હોં! 'લલિતપુર' બે વાર ગયા છીએ. આ માર્ગ એવો છે કે લોકોને એવું લાગે કે... આહાહા..!

મુમુક્ષુ :- નવા હોય ને એટલે.

ઉત્તર :- નવો નથી. આમાં છે. નવો એને લાગે છે. નવો નથી, અનાદિનો આ જ માર્ગ છે. વીતરાગ પરમેશ્વર જિનેન્દ્રદેવમાં અનાદિનો આ માર્ગ છે.

જ્ઞાન ને આનંદાદિ સ્વભાવથી ભરેલું પ્રભુ તત્ત્વ, એવડા મોટા તત્ત્વનો આદર કરવો એ

કેટલી પર્યાયનું સામર્થ્ય છે! આહાહા..! એક સમયમાં જ્ઞાન અને આનંદાદિ અનંત સ્વભાવનો સાગર ભગવાન, આહાહા..! એનો જ્ઞાનની એક સમયની પર્યાયમાં આદર કરવો એ પર્યાયનું સામર્થ્ય કેટલું? અને એ પર્યાયની કિંમત કેટલી? શું કીધુ સમજાણું? આહાહા..! રાગ આદિની અહીં કિંમત કાંઈ છે જ નહિ. આહાહા..! જેણે જ્ઞાનની એક સમયની દશામાં... આહાહા..! એક તો દ્રવ્યનો સ્વભાવ જે અમાપ, અપરિમિત જેની એક સમયની પર્યાયમાં લોકાલોકને જાણવાની શક્તિથી પણ અનંતગુણી જેની શક્તિ, એવી અનંતી પર્યાયનો પિંડ જ્ઞાન, એવા એવા અનંતા ગુણોનો સાગર ભગવાન, ભાઈ! એને એની સામું જોઈને એનો આદર કરવો, એની સામું જોવુ એ જ એનો આદર છે, એમ કહે છે.

મુમુક્ષુ :- કોની શક્તિ બતાવો છો આપ?

ઉત્તર :- પર્યાયની શક્તિ.

મુમુક્ષુ :- કોની પર્યાય?

ઉત્તર :- જ્ઞાનની. આહાહા..! જ્ઞાનની વર્તમાન પર્યાય આવું ત્રિકાળી તત્ત્વ મહાસાગર જ્ઞાન અને આનંદ આદિ સ્વભાવનો સાગર, અનંતી શક્તિનો સંગ્રહાલય, સંગ્રહ કરીને પડ્યો છે આત્મા. અનંત ગુણનું ગોદામ આત્મા.. આહાહા..! અનંત સ્વભાવનો સાગર, એની સામું જોવું, એ કેટલી તાકાત છે પર્યાયમાં! એ કેટલો પુરુષાર્થ છે! સમજાણું કાંઈ? એને એ પુરુષાર્થની કિંમત નહિ. આ તો કાંઈક દયા પાળે ને વ્રત કરે ને ભક્તિ કરે (એની કિંમત). એ શુભભાવના પુરુષાર્થને તો નપુંસક કીધો છે. સમજાણું કાંઈ? આહાહા..!

કાલે 'કુંદકુંદાચાર્ય'નું ભક્તિમાં નહોતું આવ્યું? આહાહા..! કેવું સરસ મૂક્યું! પંડિત ઓલો. કોણ પંડિત? 'ભાગચંદજી'. હે મુનિરાજ! ધન્ય ધન્ય કુંદાકુંદાચાર્ય. અશુભભાવનો તો આપને સર્વથા નાશ થઈ ગયો છે. શુભભાવમાં પણ આપ ઉદાસ છો. આહાહા..! મુનિને અશુભભાવ તો નાશ થઈ ગયો છે અને જેને શુભભાવની પણ ઉદાસતા છે. આહાહા..! અને ત્રિકાળી આનંદના નાથને આદર કરીને શુદ્ધભાવમાં મુનિ પડ્યા છે, કહે છે. આહાહા..! આવી વાત છે. સમજાય છે ને? થોડું-થોડું. આ તો દિગંબર ધર્મ આવો છે, બાપા! આ કોઈ વાડો નથી. આ કોઈ પક્ષ નથી. વસ્તુ આવી છે. આહાહા..!

એક આત્મા જેનો અનંતજ્ઞાન, આનંદ આદિ સ્વભાવ એવો આત્મા, એનો આદર કરવો, એની સન્મુખ થાવું અને પર્યાયને નિમિત્તથી વિમુખ થાવું. કેટલો પુરુષાર્થ છે ઈ! આહાહા..! એ ૪૭ કીધી. લ્યો! આહાહા..! ૪૮.

મુમુક્ષુ :- આપને તો આનંદ આવે છે, અમને નમૂનો આપો.

ઉત્તર :- જોનારને તો જોવું એની આંખે છે ને? કે બીજાની આંખે દેખાય? આહાહા..! દુનિયા માને ન માને, એની સંખ્યા હોય, ન હોય એની સાથે તત્ત્વને સંબંધ નથી. આહાહા..! સંખ્યાતીત જેની શક્તિઓ અનંત, એટલી તો સંખ્યા અને એક એક શક્તિની અનંત શક્તિ. આત્મામાં જ્ઞાન, દર્શન આદિ શક્તિઓ અનંત. સંખ્યાતીત જેની સંખ્યાથી અતીત. આહાહા..! એવી એક એક શક્તિની પાછી અનંતી શક્તિ. આહાહા..! એવું જે આત્મતત્ત્વ, એવો જે શુદ્ધાત્મા. આહાહા..! એને સમ્યગ્દર્શનના રત્ન વડે એને આદરવા જેવો છે. એને

કિંમત ભરવી પડશે આટલી. આહાહા..! 'નવરંગભાઈ'! આવું છે આ બધું.

આ અષ્ટાનિકા પૂજા કરે. એ બધો ભાવ છે. શુભભાવ હોય છે, અશુભથી બચવા માટે. પણ એ કોઈ ધર્મ નથી. આહાહા..! ધર્મની પર્યાય એ તો જેણે પૂર્ણાનંદના અનંત ધર્મોને સ્વીકાર્યા છે. આહાહા..! ધર્મની પર્યાયે જેણે અનંત ધર્મને, સ્વભાવને સ્વીકાર્યો છે, એવી પર્યાયને ધર્મ કહેવામાં આવે છે. આહાહા..! કેમ આજે બેન નથી આવ્યા?

મુમુક્ષુ :- તાવ આવ્યો છે.

ઉત્તર :- તાવ આવ્યો છે, ઠીક! એ ૪૭ થઈ. હવે ૪૮.

---

**अथ यस्य कर्माणि यद्यपि सुखदुःखादिकं जनयन्ति तथापि स न जनितो न हृत इत्यभिप्रायं मनसि धृत्वा सूत्रं कथयति –**

**४८) कम्महिं जासु जणंतहिँ वि णिउ णिउ कज्जु सया वि।**
**किं पि ण जणियउ हरिउ णवि सो परमप्पउ भावि।।४८।।**

**कर्मभिः यस्य जनयद्भिरपि निजनिजकार्यं सदापि।**
**किमपि न जनितो हृतः नैव तं परमात्मानं भावय।।४८।।**

**कर्मभिर्यस्य जनयद्भिरपि। किम्। निजनिजकार्यं सदापि तथापि किमपि न जनितो हृतश्च नैव तं परमात्मानं भावयत। यद्यपि व्यवहारनयेन शुद्धात्मस्वरूपप्रतिबन्धकानि कर्माणि सुखदुःखादिकं निजनिजकार्यं जनयन्ति तथापि शुद्धनिश्चयनयेन अनन्तज्ञानादिस्वरूपं न हृतं न विनाशितं न चाभिनवं जनितमुत्पादितं किमपि यस्यात्मनस्तं परमात्मानं वीतरागनिर्विकल्पसमाधौ स्थित्वा भावयेत्यर्थः। अत्र यदेव कर्मभिर्न हृतं न चोत्पादितं चिदानन्दैकस्वरूपं तदेवोपादेयमिति तात्पर्यार्थः ।।४८।।**

---

**आगे जो शुभ–अशुभ कर्म हैं, वे यद्यपि सुख–दुःखादिको उपजाते हैं, तो भी वह आत्मा किसीसे उत्पन्न नहीं हुआ, किसीने बनाया नहीं, ऐसा अभिप्राय मनमें रखकर गाथा–सूत्र कहते हैं –**

**गाथा – ४८**

**अन्वयार्थ :–** [ कर्मभिः ] ज्ञानावरणादि कर्म [ सदापि ] हमेशा [ निजनिजकार्यं ] अपने अपने सुख–दुःखादि कार्यको [ जनयद्भिरपि ] प्रगट करते हैं, तो भी शुद्ध निश्चयनयकर [ यस्य ] जिस आत्माका [ किमपि ] कुछ भी अर्थात् अनंतज्ञानादिस्वरूप [ न जनितः ] न तो नया पैदा किया और [ नैव हृतः ] न विनाश किया और न दूसरी तरहका किया, [ तं ] उस [ परमात्मानं ] परमात्माको [ भावय ] तू चिंतवन कर।

**भावार्थ :–** यद्यपि व्यवहारनयसे शुद्धात्मस्वरूपके रोकनेवाले ज्ञानावरणादिकर्म अपने

अपने कार्यको करते हैं अर्थात् ज्ञानावरण तो ज्ञानको ढँकता है, दर्शनावरणकर्म दर्शनको आच्छादन करता है, वेदनीय साता–असाता उत्पन्न करके अतीन्द्रियसुखको घातता है, मोहनीय सम्यक्त्व तथा चारित्रको रोकता है, आयुकर्म स्थितिके प्रमाण शरीरमें राखता है, अविनाशी भावको प्रगट नहीं होने देता, नामकर्म नाना प्रकार गति–जाति–शरीरादिकको उपजाता है, गोत्रकर्म ऊँच–नीच गोत्रमें डाल देता है और अन्तरायकर्म अनंत (बल) को प्रगट नहीं होने देता। इस प्रकार ये कार्यको करते हैं, तो भी शुद्धनिश्चयनयकर आत्माका अनंतज्ञानादिस्वरूपका इन कर्मोंने न तो नाश किया और न नया उत्पन्न किया, आत्मा तो जैसा है वैसा ही है। ऐसे अखंड परमात्माको तू वीतरागनिर्विकल्पसमाधिमें स्थिर होकर ध्यान कर। यहाँ पर यह तात्पर्य है कि जो जीवपदार्थ कर्मोंसे न हरा गया, न उपजा, किसी दूसरी तरह नहीं किया गया, वही चिदानन्दस्वरूप उपादेय है।।४८।।

---

હવે, કર્મો જોકે તેને સુખ-દુઃખાદિક ઉપજાવે છે તોપણ તે પરમાત્મા (તેનાથી) ઉત્પન્ન કરાતો નથી કે નાશ કરાતો નથી એવો અભિપ્રાય મનમાં રાખીને સૂત્ર કહે છે :

ભાવાર્થ : જો કે વ્યવહારનયથી શુદ્ધાત્મસ્વરૂપના પ્રતિબંધક કર્મો સુખ-દુઃખાદિક પોતપોતાના કાર્યને ઉત્પન્ન કરે છે, તોપણ શુદ્ધ નિશ્ચયનયથી જે આત્માનું અનંતજ્ઞાનાદિ સ્વરૂપ જરા પણ વિનાશ પામતું નથી કે નવું ઉત્પન્ન થતું નથી, તે પરમાત્માને વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત થઈને ભાવ એવો અર્થ છે.

અહીં જે એક (કેવળ) ચિદાનંદસ્વરૂપ કર્મોથી હણાતું નથી તેમ જ ઉત્પન્ન કરાતું નથી, તે જ ઉપાદેય છે, એવો તાત્પર્યાર્થ છે. ૪૮.

---

## ગાથા-૪૮ ઉપર પ્રવચન

**'આગે જો શુભ-અશુભ કર્મ હૈ, વે યદ્યપિ સુખ-દુખાદિકો ઉપજાતે હૈં, તો ભી વહ આત્મા કિસીસે ઉત્પન્ન નહીં હુઆ, કિસીને બનાયા નહીં,...'** બહુ સરસ વાત છે. ધ્યાન રાખો, આમાં કર્મની વાત આવતા ભાવકર્મ અને દ્રવ્યકર્મ બે (લેવા). **'ઐસા અભિપ્રાય મનમેં રખકર ગાથા-સૂત્ર કહતે હૈં.'** આહાહા..! બરાબર છે.

**४८) कम्महिं जासु जणंतहिँ वि णिउ णिउ कज्जु सया वि।**
**किं पि ण जणियउ हरिउ णवि सो परमप्पउ भावि।।४८।।**

**અન્વયાર્થ :-** આહાહા..! **'જ્ઞાનાવરણાદિ કર્મ હમેશા અપને અપને સુખ-દુઃખાદિ કાર્યકો પ્રગટ કરતે હૈં,...'** એ નિમિત્તથી કથન છે. કર્મથી આત્મામાં સુખ-દુઃખનો ભાવ થાય એ બધા નિમિત્તના કથન છે. જડકર્મ છે તે દ્રવ્ય ઘાતિકર્મ છે અને ભાવ જે જીવનો છે એ

ભાવ ઘાતિકર્મ છે. જ્ઞાનમાં હીણી દશાનું પરિણમન એ ભાવઘાતિ ભાવ છે. એ કર્મને લઈને નહિ. કર્મને તો નિમિત્ત કરીને ભાવની વાત કરી છે. આહાહા..! સમજાણું કાંઈ? 'કર્મ બિચારે કોણ ભૂલ મેરી અધિકાઈ' આવે છે? ભજન-ભક્તિમાં આવે છે. પૂજામાં. 'કર્મ બિચારે કોણ...' એ તો જડ ચીજ છે. આહા..! 'ભૂલ મેરી અધિકાઈ. અગ્નિ સહે ઘનઘાત લોહકી સંગતિ પાઈ' અગ્નિ લોહનો સંગ કરે છે (તો) ઘણ પડે છે. એમ ભગવાનઆત્મા કર્મના સંગ પોતે કરે અને વિકાર કરે છે એથી એને દુઃખના ઘણ વેઠવા પડે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'અપને અપને સુખ-દુઃખાદિ કાર્યકો પ્રગટ કરતે હૈં, તો ભી શુદ્ધ નિશ્ચયનયકર જિસ આત્માકા કુછ ભી અર્થાત્ અનંતજ્ઞાનાદિસ્વરૂપ...'** આહાહા..! ભલે કહે છે કે પર્યાયમાં ભાવઘાતિથી, દ્રવ્યઘાતિનું નિમિત્ત, તે તે પર્યાયમાં તેના કાર્ય થાય, વિકારી આદિ અલ્પજ્ઞ આદિ... આહાહા..! જ્ઞાનાવરણીકર્મ જ્ઞાનને રોકે. હવે એ તો વ્યવહારની વાત થઈ. જ્ઞાનાવરણી તો જડ છે. આત્માની જ્ઞાનની અવસ્થા રોકે ઈ? જ્ઞાનની હીણી અવસ્થા પોતે કરે છે ત્યારે એ જ્ઞાન અટક્યું છે ત્યાં. એ ભાવઘાતિ છે. એને દ્રવ્યઘાતિ નિમિત્ત છે. બસ એટલું. બહુ ટૂંકું અહીં તો કહ્યું છે. કર્મને લઈને કાર્ય થાય છે. છતાં ભગવાનઆત્મા આનંદનો નાથ તો એવો ને એવો છે એમ કહે છે.

પર્યાયમાં જ્ઞાનની હીણી દશા, પર્યાયમાં દર્શનની હીણી દશા, પર્યાયમાં વીર્યની હીણી દશા, પર્યાયમાં રાગ અને દ્વેષની ઉત્પત્તિરૂપ દશા... આહાહા..! એવું હોવા છતાં **'શુદ્ધનિશ્ચયનયકર જિસ આત્માકા કુછ ભી અર્થાત્ અનંતજ્ઞાનાદિસ્વરૂપ ન તો નયા પૈદા કિયા...'** વસ્તુ તો વસ્તુ છે એમ કહે છે. **'ન વિનાશ કિયા,...'** વસ્તુનો જે સ્વભાવ છે એ પર્યાયમાં ભલે હિણી દશા (થઈ) અને ઘાતિકર્મનું નિમિત્ત (હોય), છતાં વસ્તુ તો છે તે છે. આહાહા..! ત્રિકાળી જ્ઞાનાનંદ સત્ત્વ જે વસ્તુ, એને એણે કર્મનો અભાવ થઈને ઉત્પન્ન કર્યું એમ પણ નથી અને કર્મના અભાવે તેનો નાશ થયો એમ પણ નથી. એ તો નવો ઉત્પન્ન થતો નથી, વિનાશ થતો નથી એવો આત્મા અંદર છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'ઔર ન દૂસરી તરહકા કિયા,...'** જે ચૈતન્યસ્વરૂપ, આનંદસ્વરૂપ ભગવાન, એ કર્મના અભાવે ઉત્પન્ન થાય એમ પણ નથી કે એણે ઉત્પન્ન કર્યો. શક્તિ છે એ શું ઉત્પન્ન કરે? નથી એને નાશ કર્યો? નથી એ શક્તિના ભાવને વિપરીત બીજી રીતે કર્યું. આહાહા..! **'ઉસ પરમાત્માકો તૂ ચિંતવન કર.'** આહાહા..! એવો જે પરમાત્મા, પરમાત્મ સ્વરૂપ ધ્રુવ સ્વરૂપ, સામાન્ય સ્વરૂપ, અભેદ સ્વરૂપ એવો ને એવો અનાદિથી એકેન્દ્રિયથી માંડીને, સિદ્ધની પર્યાય પ્રગટ અને આને એકેન્દ્રિયની પર્યાય (હોય), પણ વસ્તુ તો ત્યાં આગળ એમાં દ્રવ્ય સ્વભાવ તો એવો ને એવો છે બધે. આહાહા..!

તત્ત્વ છે ને? ચૈતન્યશક્તિવાળું, આનંદશક્તિવાળું તત્ત્વ (છે). શક્તિ એટલે સ્વભાવ, સ્વભાવ એટલે ગુણ. એ નથી ઉત્પન્ન થતું, એ નથી નાશ થતો. ઉત્પાદ-વ્યય એમાં નથી એ કહે છે. તેમ તે બીજી રીતે નથી થતું. જે છે તેમ રહે છે એ તો. આહાહા..! એને તું પરમાત્મા

ચિંતવન. આહાહા..! એવો જે પરમાત્મસ્વભાવ, તેની દૃષ્ટિ કર. આહાહા..! એને તું જાણ, એમાં તું ઠર. એ વસ્તુ છે. આહાહા..! આ નિશ્ચયની વાત લોકોને એવી લાગે કે આ જાણે.. પણ એ વસ્તુ સત્ય જ આમ છે. આહાહા..!

**ભાવાર્થ :–** હવે કહે છે, જુઓ! '**યદ્યપિ વ્યવહારનયસે શુદ્ધાત્મરૂપકે રોકનેવાલે...**' પર્યાયમાં, હોં! '**જ્ઞાનાવરણાદિકર્મ અપને અપને કાર્યકો કરતે હૈં,...**' જ્ઞાનની હીણી દશા પોતાથી થાય ત્યારે કર્મનું નિમિત્ત છે એણે હીણી કરી એમ કહેવામાં આવે છે. આમ છે. આહાહા..! કર્મનો ઉદય છે એ તો જડ છે. જડને પર્યાય અડતી પણ નથી. આહાહા..! પોતાની પર્યાયમાં હીણીપણે, આત્માના જ્ઞાનની પર્યાયને હીણીપણે જીવ પોતે કરે છે ત્યારે કર્મના નિમિત્તથી હીણી થઈ એમ કહેવામાં આવે છે. આહાહા..!

જ્ઞાનાવરણીના ઉદયથી જ્ઞાન રોકાણું એ તો વ્યવહારની વાત થઈ. અહીં તો વ્યવહાર એનો રોકાણો જે છે એ પણ વ્યવહાર છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? કેમકે ત્રિકાળમાં રોકાવું, અટકવું કે અલ્પજ્ઞ છે નહિ. પણ એ રોકાવું એ થયું છે પોતાને કારણે. અશુદ્ધનયને કારણે પોતે જ્ઞાનની હિણી દશાપણે પરિણમે છે. ત્યારે જ્ઞાનાવરણી કર્મને નિમિત્ત કહેવામાં આવે છે. અને પોતે જ્યારે પુરુષાર્થથી જ્ઞાનમાં ક્ષયોપશમ પ્રગટ કરે છે ત્યારે જ્ઞાનાવરણીનો ક્ષયોપશમથી એ થયો એમ કહેવામાં આવે છે. જ્ઞાનાવરણીનો ક્ષયોપશમ જ્ઞાનાવરણીમાં થયો છે. અને અહીંયાં ક્ષયોપશમ પોતાના પુરુષાર્થથી થયો છે. આહાહા..! સમજાણું કાંઈ? આ ઉપાદાન અને નિમિત્તના વાંધા, નિશ્ચય-વ્યવહારના વાંધા અને ક્રમબદ્ધના વાંધા. આ પાંચ વાંધા. 'સોનગઢ'ની સામે આ પાંચ છે. નિશ્ચય-વ્યવહાર, ઉપાદાન-નિમિત્ત, ક્રમબદ્ધ. ક્રમબદ્ધ ન હોય. આડુઅવળું ગમે તેમ થાય એમ કહે છે. ભાઈ! એમ ન હોય, ભાઈ!

દરેક દ્રવ્યની પર્યાય ધારાવાહી, ધારાવાહી પર્યાય ચાલે છે. એમાં ક્યાંય રુકાવટ છે એમ છે નહિ. ધારાવાહી એક પછી એક પછી એક થઈ રહી છે અને ભગવાને પણ એમ જોયું છે. એ ક્રમબદ્ધનો નિર્ણય કરે તો એની દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય છે. એટલે દ્રવ્ય પૂર્ણાનંદનો નાથ છે તેનો એને આશ્રય આવે છે. એટલે તેને રાગનો આશ્રય આવીને પૂર્ણાનંદની શ્રદ્ધા થાય એમ છે નહિ. એટલે વ્યવહાર છૂટી ગયો ત્યારે નિશ્ચયનું ભાન થાય છે.

મુમુક્ષુ :- ભગવાને જે જે પર્યાય જોઈ તે ક્રમબદ્ધ, પણ અમે જોઈ તે અક્રમ.

ઉત્તર :- દેખે છે કે દિ'? એને ખબર ક્યાં છે. એ પ્રશ્ન થયો હતો. 'તુલસી' છે ને તેરાપંથી? એણે પ્રશ્ન કર્યો છે. એક આપણા છે ને ઓલા 'સતિષ'ને? 'સતીષ'? 'મુંબઈ' 'સતિષ' છે એણે પ્રશ્ન કર્યો હતો. 'તુલસી-તુલસી' તેરાપંથીને. આ ક્રમબદ્ધ છે કે નહિ? શું કીધું એણે?

મુમુક્ષુ :- અનેકાંત..

ઉત્તર :- અનેકાંત પણ કઈ રીતે અનેકાંત?

મુમુક્ષુ :- નિશ્ચયથી છે અને વ્યવહારથી નથી.

ઉત્તર :- એમ કાંઈક કીધું હતું. બસ એ. નિશ્ચયથી ક્રમબદ્ધ અને વ્યવહારથી નહિ. એટલે શું? અનેકાંત તો કીધું પણ અનેકાંત કઈ રીતે? નિશ્ચયથી ક્રમબદ્ધ અને વ્યવહારે નહિ એનો અર્થ શું? આહાહા..! કાંઈ ખબર ન મળે. તેરાપંથીના આચાર્ય છે. આહાહા..! ધારાવાહી, દરેક દ્રવ્યની પરિણતિ પર્યાય એ ધારાવાહી આમ ચાલે છે. દોડતી પર્યાય. એમાં આઘી-પાછી થઈ શકે નહિ, આઘી-પાછી કરવાની જીવમાં તાકાત નથી. અરે..! શું થાય પણ?

અહીં કહે છે, '**જ્ઞાનાવરણાદિ કર્મ હમેશા અપને અપને સુખ-દુઃખાદિ કાર્યકો પ્રગટ કરતે હૈં,...**' જ્ઞાનાવરણી તો જ્ઞાનને ઢાંકે છે, લ્યો! આ પ્રશ્ન ચાલ્યો હતો ને ત્યાં? જ્ઞાનાવરણી તો નિમિત્તમાત્ર છે. પોતાના ક્ષયોપશમથી જ્ઞાનનો વિકાસ થાય છે. અને જ્ઞાન હીણું કરે છે એ પણ પોતાથી થાય છે. એ પ્રશ્ન વર્ણીજી સાથે થયો હતો. 'કાનજીસ્વામી' એમ કહે છે કે જ્ઞાનની યોગ્યતાથી તે ઓછું થયું છે અને યોગ્યતાથી તેનો વિકાસ થાય છે. જ્ઞાનાવરણી કાંઈ કરતું નથી એમ કહે છે. વાત સાચી. વાત તો એમ જ કીધી હતી. શું કરે? 'કર્મ બિચારે કોણ' એની જડને ખબર પણ નથી. પોતે પોતાના ભાવને ત્યાં રોકે છે એ ઘાતિકર્મ પોતે ભાવ ઊભો કર્યો છે. આહાહા..! એને અહીંયાં વ્યવહારથી કહેવામાં આવે છે જ્ઞાનાવરણીથી (જ્ઞાન હિણું થયું). વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૫૦૨, અષાઢ સુદ ૧૩, શુક્રવાર
## તા. ૦૯-૦૭-૧૯૭૬, ગાથા-૪૮, પ્રવચન નં. 30

'પરમાત્મપ્રકાશ' ૪૮-ગાથા છે. ભાવાર્થ ફરીને. '**યદ્યપિ વ્યવહારનયસે શુદ્ધાત્મસ્વરૂપકે રોકનેવાલે જ્ઞાનાવરણાદિકર્મ અપને અપને કાર્યકો કરતે હૈં,...**' વસ્તુ છે એ તો શક્તિરૂપ અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ અને અનંતવીર્ય એ શક્તિરૂપ તો ત્રિકાળ છે. એને કોઈ ઘાતે નહિ, એને કોઈ ઊપજાવે નહિ, એને કોઈ અન્ય તરીકે કરી શકે નહિ. પર્યાયમાં પોતે જ્ઞાનની હીણી દશાપણે પરિણમે છે. એ કાર્ય તો પોતાનું છે. એમાં કર્મ નિમિત્ત છે એથી એની વાત એનું કાર્ય છે એમ ઉપચારથી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

નિમિત્ત જોડે છે ને. બહુ લાંબુ લાબું કરવા જાય કે જ્ઞાનની હિણી દશા પોતે પરિણમે ત્યારે કર્મને નિમિત્ત કહેવાય, ત્યારે નિમિત્તે આવ્યું એમ કહેવાય એમ લાંબી વાત કરતા ટૂંકી કરી છે. આહાહા..!

'**વ્યવહારનયસે શુદ્ધાત્મસ્વરૂપકે રોકનેવાલે...**' પર્યાયમાં ઘાતિકર્મ તો પોતાની દશા જ છે. દ્રવ્ય ઘાતિકર્મ તો પર છે, જડ એ તો નિમિત્ત છે. નિમિત્તને તો એ અડતો પણ નથી.

મુમુક્ષુ :- એ તો પોતપોતાનું કાર્ય કરે છે.

ઉત્તર :- એ અપને અપને કાર્યનો અર્થ એ. નિમિત્તના વશે જે જ્ઞાનાદિની હિણી દશા

થઈ એથી એનાથી થઈ એમ કહેવામાં આવ્યું છે. કોઈ પરદ્રવ્યને લઈને પરદ્રવ્યમાં કાંઈ થાય એવું કાંઈ છે નહિ. આ મોટી તકરાર થાય અત્યારે તો.

મુમુક્ષુ :- પરના કારણે પરમાં થાય એમ ન માને એ દિગંબર જૈન નહિ.

ઉત્તર :- શું થાય? એ તો સ્વતંત્ર છે ને.

પરનો કર્તા આત્મા નથી, તેમ કર્મ આત્માની નિર્મળ પર્યાયને હિણી કરનાર નથી. જેમ આત્મા પરદ્રવ્યનું કાંઈ કરે નહિ એમ પરદ્રવ્ય આત્માને કાંઈ કરે નહિ. સિદ્ધાંત તો એ. એ સિદ્ધાંત રાખીને ટૂંકું કથન કરવું હોય તો જ્ઞાનનું ભાવઘાતિરૂપ પરિણમન તે સમયે પોતાની યોગ્યતા છે. ત્યારે તેને જ્ઞાનાવરણીનું નિમિત્ત કહેવાય છે. અને જ્ઞાનનો પોતે જ ક્ષયોપશમ વિશેષ પુરુષાર્થથી કરે ત્યારે જ્ઞાનાવરણીના ક્ષયોપશમથી આ ક્ષયોપશમ થયો એમ કહેવામાં આવે છે. આ મોટી ચર્ચા ચાલી હતી ને તે દિ'? (સંવત) ૨૦૧૩ની સાલમાં. જ્ઞાનની હિણી દશા કે અધિક દશા પોતાને કારણે થાય. ત્યારે સામેથી કહે, નહિ. કર્મથી થાય. એ પ્રશ્ન હતો તે દિ'. એ તો કહ્યું 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ.' કર્મ તો જડ છે, અજીવ છે અને તે તો નિમિતમાત્ર છે. એ પોતાની હિણી કે વિપરીત દશાને કર્મ અડતા પણ નથી. આહાહા..! હિણી દશા જ્ઞાનની ને રાગની વિપરીત થાય એને દ્રવ્ય અડતું નથી.

વસ્તુ જે અનંત જ્ઞાન-દર્શનથી ભરેલી ચીજ છે. આહાહા..! અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંતશાંતિ, સ્વચ્છતા, વીર્ય એવી જે શક્તિનું સ્વરૂપ છે, એ તો ત્રિકાળ એકરૂપ જ છે. એને કોઈ હણે નહિ, એને કોઈ ઘટાડે નહિ, એને કોઈ વધારે નહિ, એને કોઈ અન્યરૂપ કરે નહિ. આહાહા..! એની પર્યાયમાં જે પોતે હિણી દશાને વિપરીત કરે છે એ પોતાના ઊલટા પુરુષાર્થથી કરે છે. ત્યારે કર્મનું નિમિત્ત છે એટલે ઊલટા પુરુષાર્થથી કરે નિમિત્ત એવું લાંબુ ન કહેતા કર્મનું કાર્ય છે એમ કહેવામાં આવ્યું. કહો, આવું લખાણ છે ને. જ્ઞાનાવરણી કર્મ રોકે છે. કેવળીને ચાર અઘાતિકર્મ રોકે છે. કેવળજ્ઞાન થયું તો અનંતઆનંદ આવ્યો.

એને રોકે છે. એના પ્રતિજીવીગુણ છે એ એને પ્રગટ થવા દેતું નથી. એ તો પોતાને કારણે નથી થતું તેમાં નિમિત્ત કહેવામાં આવે છે. ઉદયભાવ એ પોતાનો પોતાથી થયો છે. કેવળીને પણ. આહાહા..! સમજાણું? એ પ્રશ્ન લોકો કરે છે. કેવળી તો ચાર અઘાતિ કર્મને લઈને રોકાયેલા છે ને? ભાઈ! એમ નથી, બાપુ! એ તો એની પરિણતિમાં પોતાની પ્રતીજીવી ગુણની વિપરીત પરિણતિ છે, એમાં એ કર્મનું નિમિત્ત છે. પરદ્રવ્યને લઈને સ્વદ્રવ્યમાં કાંઈ થાય એ વાત સત્ય નથી. સ્વદ્રવ્યને લઈને પરદ્રવ્યમાં કાંઈ થાય એ પણ સત્ય નથી.

અહીંયાં એ કહ્યું. '**વ્યવહારનયસે...**' એટલું અહીં લેવું એમ નથી. અહીં તો સમ્મુચય એની હિણી દશા અને કર્મ એ વ્યવહારનયકર એ હિણી દશા થાય છે. એમ. કર્મથી વ્યવહાર અને ઓલું થયું એમ નહિ. અહીં સાથે લીધું ભેગું. ખરેખર તો જ્ઞાનની પર્યાયમાં હિણાપણું થવું અને પર્યાયમાં વિકારનું થવું એ જ વ્યવહાર છે. નિશ્ચય તો ત્રિકાળ વસ્તુ છે એમાં કાંઈ (હિનાધીક) છે નહિ. એમ વાત છે. સમજાણું કાંઈ?

એ પ્રશ્ન (સંવત) ૧૯૮૪ માં થયેલો. 'વીરજીભાઈ' હતા. 'રાણપુર'. એમ કે આ નિગોદના જીવને કર્મ છે બધું. તેટલી તેની યોગ્યતા પર્યાયમાં પોતાથી છે કે પરને લઈને છે?

જેવી પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ, પ્રદેશ જેટલા પ્રમાણમાં જડમાં છે એટલા જ પ્રમાણમાં એ પોતાની પોતાથી યોગ્યતા છે કે નહિ? એને લઈને નહિ. સમજાય છે કાંઈ? ૧૯૮૪માં ‘રાણપુર’ ચર્ચા ચાલી હતી. એ તો એક સમયની પર્યાયની જેવી સ્થિતિ જેટલા પરમાણુ ત્યાં જેટલો અનુભાગ અને જે પ્રકૃતિ તેની યોગ્યતા પોતામાં ઉપાદાનને કારણે ત્યાં પર્યાય થઈ છે. કર્મ તો નિમિત્તમાત્ર છે. સમજાણું કાંઈ?

એટલે ‘**વ્યવહારનયસે શુદ્ધાત્મસ્વરૂપકે રોકનેવાલે...**’ પર્યાય ‘**જ્ઞાનાવરણાદિકર્મ અપને અપને કાર્યકો કરતે હૈં, અર્થાત્ જ્ઞાનાવરણ તો જ્ઞાનકો ઢંકતા હૈ,...**’ હવે આવું વાંચે એટલે નિમિત્તથી થયું. જુઓ! તમે કહો નિમિત્તથી કાંઈ થાતું નથી. એ પાછું વ્યવહારનય એટલે એકલો કર્મ વ્યવહારનય નહિ, વિકાર છે એ પણ વ્યવહારનય છે. આહાહા..! તે તે દ્રવ્યની તે તે સમયની પર્યાય, તેના ક્રમમાં આવવાને લાયકથી એ થઈ છે. કર્મને લઈને નહિ. આહાહા..! આ મોટો ઉપાદાન નિમિત્તનો ઝઘડો છે ને?

‘**જ્ઞાનકો ઢંકતા હૈ,...**’ જ્ઞાનની પર્યાય ઘાતિ, ભાવઘાત પોતે જ કરે છે. ત્યારે જ્ઞાનાવરણી કર્મને નિમિત્ત અને એનાથી ઘાત થયો એમ વ્યવહારે કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! ઓલા અન્ય ઈશ્વર કરે, આને કર્મ કરે. જડ આનો સ્વામી, ઓલાનો ઈશ્વર સ્વામી. ખરેખર ખોટું છે. પોતાની ધારાવાહી પર્યાયનો ક્રમ જે છે એ પોતાથી થાય છે, પરથી છે નહિ. આહાહા..! પણ આ લખ્યું ને જરીએ નહિ તો. ટૂંકો શબ્દ લખ્યો છે. આહાહા..!

‘**દર્શનાવરણીકર્મ દર્શનકો આચ્છાદન કરતા હૈ,...**’ એ પણ દર્શનની પર્યાય પોતે હિણાપણે થાય છે ત્યારે દર્શનાવરણીનું નિમિત્ત છે. એ નિમિત્ત-નિમિત્ત સંબંધે વ્યવહારથી રોકે છે એમ કહેવામાં આવ્યું. એની હિણી પર્યાય જે થઈ એ પણ વ્યવહાર થયો. પર્યાય પોતે હિણી થઈ એ એનો વ્યવહાર છે. વસ્તુ જે ત્રિકાળ, તે સમયે ભલે હિણી થઈ. નિગોદમાં નથી આવ્યું? ‘ગોમ્મટસાર’માં? કર્મકલંક ... આવ્યું છે ને? ભાવકલંક... જડકર્મ .. માટે તે એમ નહિ. એ ભાવકલંક પ્રચુર પોતાની પર્યાયનું કાર્ય છે એનું. આહાહા..! એથી નિગોદમાં રોકાણા છે. આહાહા..! અને તે અક્ષરમાં અનંતમા ભાગની ઉઘાડ દશા રહી એ પોતાને જ કારણે રહી છે. જ્ઞાનાવરણીનું જોર છે માટે રહી છે એમ છે નહિ. એમ હોવા છતાં શક્તિરૂપ જે અનંત જ્ઞાન, દર્શન એ તો એવી ને એવી ચીજ પડી છે. સમજાણું?

નિગોદના જીવને અક્ષરના અનંતમાં ભાગ જેટલો વિકાસ રહ્યો છે. છતાં એ કર્મથી નથી થયો, તેમ એવી પોતાની દશા પોતાથી થઈ છતાં વસ્તુના સ્વરૂપમાં કાંઈ હિણું કે અધિક કાંઈ થયું નથી. સમજાણું કાંઈ? આહાહા..! વસ્તુ તો એ વખતે પણ અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય શક્તિરૂપ, સામર્થ્યરૂપ, સ્વભાવરૂપ એમ ને એમ છે. એમાં કાંઈ ફેરફાર હિણી થઈ છે કે વિપરીત થઈ છે કે અધિક થઈ છે કે બીજી રીતે થઈ છે, એ વસ્તુના સ્વરૂપમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ?

પોતે પોતાની પર્યાયે... એ તો કાલે કહ્યું હતું. એ તો કાલનું. ઓલા દોષાવરણનું છે ને? એમ કે આચાર્યે જ્યારે એમ કહ્યું કે દોષ અને આવરણ છે તો કો’કને થોડો દોષ ને થોડું

આવરણ છે અને કો'કને ઘણો દોષ અને ઘણું આવરણ છે. અને કો'કને દોષનું આવરણ બિલકુલ નથી. જ્યારે થોડો દોષ ને થોડું આવરણ છે તો કોઈને સંપૂર્ણ દોષ ને આવરણ વિનાની (દશા) પણ હોઈ શકે છે. ન્યાય આપ્યો. ત્યારે સામે પ્રશ્ન કર્યો કે જ્યારે થોડો દોષ અને આવરણ કો'કને છે એનું જ્યારે સર્વથા દોષ અને આવરણ ટળી જાય છે તો અમે એમ કહીએ છીએ કે બુદ્ધિની જ્ઞાનદશા થોડી છે. કોઈને વધે છે, કોઈકને અભાવ થઈ જશે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્યાં પ્રશ્ન કર્યો છે. એમ નથી. એ તો સત્ છે. સત્ છે એ તો કાયમ રહેનાર છે. ઓલી તો પર્યાય અસત્ છે. એવો સામે પ્રશ્ન કર્યો કે તમે જ્યારે એમ કહેશો કે થોડો દોષ અને આવરણ અમારા ઘટ્યા છે તો અમે એના અનુમાનથી હેતુ લગાવીએ છીએ કે કોઈ પ્રાણીને દોષ ને આવરણ સર્વથા ગયા છે. માટે સર્વજ્ઞ સર્વદર્શી છે. ત્યારે સામે પ્રશ્ન કર્યો. જ્યારે બુદ્ધિની પર્યાયમાં હિનતા છે, કોઈને અધિક છે તો કોઈને હિણી થતા થતા અભાવ પણ થઈ જશે. જ્ઞાનની પર્યાય વિનાનો થઈ જશે. ત્યારે આચાર્યે (કહ્યું), ભાઈ! એ તો સત્‌ની વ્યાખ્યા છે. સત્ છે એનો કોઈ દિ' અભાવ થાય નહિ. એ તો એની પર્યાયનો અભાવ થયો છે અને થોડીનો થયો એ વધારે અભાવ થશે. પણ એ તો પર્યાયની વ્યાખ્યા છે. પર્યાયમાં થોડું આવરણ રહ્યું છે અને કોઈને સર્વથા ગયું છે એ તો પર્યાયની અપેક્ષાએ વાત છે. પણ સત્ છે એનો અભાવ કોઈ દિ' થાય નહિ. આહાહા..! ન્યાયના ગ્રંથમાં એવી વાત લે. 'અષ્ટસહસ્ત્રી'માં એ વાત લીધી છે. સાધારણ માણસને તો કઠણ પડે. આહાહા..!

અહીં તો આપણે કર્મની અપેક્ષા લેવી છે. જેટલા પ્રમાણમાં ત્યાં જ્ઞાનાવરણી પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ અને અનુભાગ છે એમાં, એટલા પ્રમાણમાં જ અહીં એની યોગ્યતા હિણી દશાની છે પોતાને કારણે, એને કારણે નહિ અને એમાં પણ જેટલી અહીં હિણી દશાપણે પરિણમ્યો એટલું અહીંયાં જ્ઞાનાવરણી વિશેષ પરિણમ્યું એ પણ આને કારણે નહિ. એ પણ એની જ્ઞાનાવરણીની પર્યાયનો યોગ્યતાનો તેટલો જ કાળ છે તે તે રીતે થયું છે. અરે..! આવી વાત! જૈનમાં કર્મની મોટી તકરાર. ..

**'દર્શનાવરણકર્મ દર્શનકો આચ્છાદન કરતા હૈ,..'** અર્થાત્ દર્શનની પર્યાયની હિણીપણે પરિણમવાનું પોતાનું જ ઉપાદાન છે ત્યારે દર્શનાવરણી નિમિત્ત છે. એનાથી કાર્ય થયું એમ ઉપચાર કરીને કહ્યું છે. સમજાણું કાંઈ? અરે..! બહુ લાંબી વાતું આમાં. વાણિયાને ધંધા આડે નવરાશ ન મળે. ધંધામાંથી નવરા થાય ને એક કલાક મળે એમાં માંડ બિચારા, આ નિર્ણય કે દિ' કરવો? આહાહા..!

**'વેદનીય સાતા-અસાતા ઉત્પન્ન કરકે...'** લ્યો! **'અતીન્દ્રિયસુખકો ઘાતતા હૈ,...'** ઠીક!

મુમુક્ષુ :- .. ચાર ઘાતિ કર્મ.

ઉત્તર :- એ તો ચારેય છે. અહીં તો એને ઓલું વેદનીય કહેવું છે ને એટલું. બાકી સાતા-અસાતા તો સંયોગ આપે છે. સંયોગમાં લક્ષ જાય છે એને એટલે અતીન્દ્રિય સુખ ઘાતે છે. અતીન્દ્રિય સુખ પોતાનું. એટલી વાત અપેક્ષાથી લીધી છે. આહાહા..!

**'મોહનીય સમ્યક્ત્વ તથા ચારિત્રકો રોકતા હૈ,...'** લ્યો! આ બધા નિમિત્તના કથન છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- છે ને અહીં પાઠ તો એ છે ને? મોહનીય કર્મ સમ્યક્ત્વને ઘાતે છે. એટલે? જીવ મિથ્યાત્વ ઉત્પન્ન કરે છે ત્યારે સમકિતનો ઘાત થયો, એમાં કર્મનું નિમિત્ત છે તેથી એને સમકિતનો ઘાત કરે એમ કહેવામાં આવે છે. આમ છે. સમજાણું કાંઈ?

એમ ચારિત્રને. ચારિત્રમાં અચારિત્રપણે પરિણમવાની પોતાની લાયકાતથી પરિણમ્યું છે એથી એ ચારિત્રને પોતાની હિણી દશા જ ચારિત્રને ઘાતે છે. એને કર્મનું નિમિત્ત છે એથી ચારિત્રમોહે ચારિત્રનો ઘાત કર્યો એમ નિમિત્તથી કથન છે ભાઈ એ તો. આહાહા..! સમજાણું કાંઈ? **'આયુકર્મ સ્થિતિકે પ્રમાણ શરીરમેં રખતા હૈ,...'** શરીરમાં રહેવાની યોગ્યતાથી જીવ રહે છે. પણ એને આયુષ્યકર્મ નિમિત્ત છે તેથી આયુષ્યકર્મથી શરીરની સ્થિતિમાં રહ્યો છે એમ કહેવામાં આવે છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ શરીરમાં રહેવાની યોગ્યતાનો જ પોતાનો લાયકાત કાળ છે માટે રહ્યું છે. આયુષ્યથી રહ્યું છે એમ કહેવું એ નિમિત્તના કથન છે. આહાહા..!

આ પૈસા આવે છે એ શાતા વેદનીને લઈને આવે છે, એના પૂર્વના પુણ્યને લઈને. એમ કહેવું એ નિમિત્તના કથન છે. પૈસા જે છે એ તો એને કારણે આવે છે એના આવવાના કાળે. એને પૂર્વના પુણ્યના રજકણો નિમિત્ત છે તેથી એનાથી આવ્યા એમ કહેવામાં આવે છે. આહાહા..! પૈસા આવ્યા એને તો ખબર પણ નથી કે અહીં શાતાનો ઉદય છે માટે આવું. આને પુણ્યનો ઉદય છે માટે પૈસા આવે એમ ઉદયને ખબર છે?

મુમુક્ષુ :- .. .. ને ખબર છે ને.

ઉત્તર :- એ જ વાંધા હતાને ઓલા સાથે. આર્યસમાજનો માણસ હતો. અહીં આવ્યા હતા ને. શું નામ? આર્યસમાજનો, નહિ? મુનિ-મુનિ. એક મુનિ નામ હતા. મુનિ નહોતા. ગૃહસ્થ હતા. પણ ભણેલો વિદ્વાન માણસ હતો, આર્યસમાજનો. પછી સાધુ થયો. એના બનેવી, હોં! સાધુ થયેલ એટલે જૈનના સ્થાનકવાસી. પાંચ વર્ષ રહ્યા.

મુમુક્ષુ :- સ્થાનકવાસીમાં?

ઉત્તર :- સ્થાનકવાસી સાધુ. 'તિલોકચંદજી' 'તિલોકચંદજી'. પછી એને કર્મની શંકા પડી કે આ શું? કે માણસ એક નીકળ્યો એને બળદે શીંગડું માર્યું. તો આને અશાતાનો ઉદય છે માટે શીંગડું માર્યું એ સાચું. બળદે માણસને શીંગડું માર્યું. અને ઓલાને અશાતાનો ઉદય. એને-શીંગડાને ઉદયની શી રીતે ખબર પડી કે અત્યારે આને મારો ઉદય છે? એટલે કે વચમાં કોઈ ઈશ્વર જોઈએ એમ એને શંકા પડી. એમ નથી, ભાઈ! એ સ્વતંત્ર છે. એવો જ નિમિત્ત-નિમિત્ત સંબંધનો મેળ છે. એને અશાતાનો ત્યાં ઉદય હોય અને અહીં શીંગડું ત્યાં વાગવાનું નિમિત્ત હોય છે. એને કારણે એ અને એને કારણે એ. આકરી વાતું બહુ, ભાઈ!

સંપ્રદાય સાથે કર્મનો ઝઘડો તો અમારે (સંવત) ૧૯૭૧થી ચાલે છે. કર્મથી થાય.. કર્મથી થાય. કીધું, કર્મથી નહિ. પોતાથી થાય ત્યારે કર્મથી થાય એમ કહેવામાં આવે. ઊલટા

પુરુષાર્થથી જ્ઞાનને હીણું કરે, રાગ કરે, સુલટા પુરુષાર્થથી જ્ઞાનને ઉગ્ર કરે અને રાગ ટાળે. આહાહા..! સમજાણું કાંઈ? પરદ્રવ્ય તો નિમિત્તમાત્ર છે, એક નિમિતમાત્ર. આહાહા..! વસ્તુની સ્થિતિની મર્યાદા જ આ છે. એથી આઘું જાય તો મર્યાદા તૂટી જાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

એ પ્રશ્ન ચાલ્યો છે ને. 'કાનજીસ્વામી' એમ કહે છે કે જ્ઞાનની કમી-બેસી પોતાને કારણે થાય છે, કર્મને લઈને નહિ. આવ્યું છે ને? ટેપ રેકોર્ડિંગમાં. વાંચ્યું છે? (તો કહે), નહિ. એમ નથી. અગિયાર અંગના ધરનાર કહે તોપણ એ વાત એમ નથી. એમ કહ્યું. એ સાંભળ્યું પણ એ વસ્તુ ચાલતી નહોતી. સમજાણું? છે ને ક્યાંક? ક્યાંક છે ખરું. એ જ છે, જુઓ! છપાણું હતું તે દિ'. જ્યારે ગયા હતા ને? (સંવત) ૨૦૧૩ની સાલ. પ્રશ્ન : શ્રી 'રતનચંદજી મુખત્યાર' 'સહરાનપુર' પ્રશ્ન કર્યો 'વર્ણીજી'ને. 'કાનજીસ્વામી' યહ કહતે હૈ મહારાજ! જ્ઞાનાવરણાદિ કર્મ કુછ નહિ કરતે, અપની યોગ્યતા સે જ્ઞાનમેં કમીબેસી હોતી હૈ. મહારાજ! જ્ઞાનમેં કમી હોતી હૈ વહ અપની વજહ સે હોતી હૈ, અપની યોગ્યતા સે હોતી હૈ. 'કાનજીસ્વામી' યહ કહતે હૈં. જ્ઞાનાવરણાદિ કુછ નહિ કરતા. મહારાજ! ક્યા યહ ઠીક હૈ? ૨૦૧૩ની સાલનો પ્રશ્ન. ચર્ચા થઈ હતી.

ઉત્તર : 'ક્ષુલ્લકવર્ણીજી' યહ ઠીક હૈ. આપ હી સમજો. કૈસે ઠીક હૈ? યહ ઠીક નહિ હૈ. કોઈ ભી કહે ચાહે હમ તો કહતે હૈ કિ અંગધારી ભી કહે તો ભી ઠીક નહિ.

એ ચાલતું નહોતું ને એટલે. 'ચેતનજી'ને તો અહીં વધારે કીધું હતું. કેવળજ્ઞાની આવે તો (માનું નહિ). એ ચાલતું નહોતું એમાં કાંઈ (નહિ). એ આ પ્રશ્ન છે. અંગધારી કહે તોપણ અમે ન માનીએ. જ્ઞાનમાં કમી-બેસી જે અધિક અને વિશેષ ખુલાસો, જ્ઞાનનો વિકાસ થાય એ પોતાથી છે. તેના ક્રમબદ્ધમાં જ્ઞાનની હિણી દશા થવાનું પોતાને કારણે થાય છે. કર્મને તો નિમિત્ત કહેવામાં આવે છે. પણ એ બધાનું વાંચન જ, ભાઈએ કહ્યું હતું ને? અમે બધા પંડિતોનું નિમિત્ત પ્રધાન જ કથન-વાંચન ભણતર છે. આ ભણતર અમે શીખ્યા જ નથી. એમ કહેતા હતા. 'દેવકીનંદન.' હવે આવા લખાણ આવે. ચોખ્ખું લખે એમાં જ્ઞાનાવરણીનું કાર્ય આ છે. જ્ઞાનની હિણી (દશા થવી) એ નિમિત્તનું કાર્ય છે. એય..! 'નવરંગભાઈ'! છે કે નહિ પણ? ભાઈ! એ છે તો કઈ નયનું કથન છે? કઈ નયનું કથન છે?

મુમુક્ષુ :- જે તમને ગમે તેવું કાઢો છો.

ઉત્તર :- વાત તો એવી છે. જે રીતે સત્ય છે એમ કાઢીએ છીએ. આહાહા..! એ તો ત્યાં (સંવત) ૧૯૭૧માં પ્રશ્ન ઉઠ્યા. ભગવતીસૂત્રનું પહેલું શતક છે. ... એ કાંઈ ગુરુએ આપેલું નહોતું. હું તો મારી મેળાએ વાંચતો હતો. ચાર મહિનાના અપવાસ હતા, એકાંતરા. એક ટંક ખાવું બીજે દિવસે અપવાસ, એક ટંક ત્રીજે ખાવું. એમ. તો એકાંતમાં શાસ્ત્ર વાંચતા હતા. ચારે માસ. એમાં આ વાત આવી કે સંશય મોહનીય ભાવ આત્મા આત્માથી કરે છે. મિથ્યાત્વભાવ આત્મા આત્માથી કરે છે, કર્મથી નહિ. એવો લેખ એમાં છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ એમાંથી કાઢ્યું હતું. પણ એનો અર્થ એવો હતો. સંશય મોહનીય કોણ

કરે? કે તે પોતે કરે છે અને પોતે જ ટાળે છે. એટલું હાથ આવ્યું, લક્ષમાં. ૧૯૭૧ની સાલમાં બહાર વાત મૂકી. કીધું, વાત આમ છે. ખળભળાટ ખળભળાટ થઈ ગયો. ગુરુ બિચારા ભદ્રિક હતા. શેઠ એક હતા. 'દામોદરશેઠ' હતા. એની દૃષ્ટિ ઘણી વિપરીત હતી. આ ક્યાંથી કાઢ્યું આવું? અમારા ગુરુએ કહ્યું નથી અને વગર દોરની પડાઈ આ ઊડી. એમ કીધું માર્ગ તો આ છે, બાપુ! પોતાની પર્યાય હિણી થવી કે અધિક થવી એ કર્મને આધીન નથી. આહાહા..!

એ 'હંસરાજભાઈ'એ પ્રશ્ન કર્યો હતો. ત્યાં વાંચતા હતા. 'હંસરાજભાઈ' હતાને આ 'કામાણી'. 'રામજી કામાણી' મોટા ગૃહસ્થ અત્યારે છે.

મુમુક્ષુ :- કાશી જઈને ભણેલા.

ઉત્તર : કાશીમાં ભણેલા હતા. પણ એને બુદ્ધિ જાડી. એણે (સંવત) ૧૯૮૧માં 'ગઢડા'માં પ્રશ્ન કર્યો હતો. આ જ્ઞાનાવરણીના ક્ષયોપશમે અહીં જ્ઞાન થાય છે. કીધું, એમ નથી. એ 'કાશી'ના ભણેલા બધા. હવે 'કાશી'નું ભણતર અહીં શું કામ આવે? અહીં તો વીતરાગનું ભણતર જોઈએ. પોતાથી ક્ષયોપશમ થાય છે ત્યારે કર્મનો ક્ષયોપશમ એટલે ઉદયનો થોડો અભાવ એને કારણે થાય છે. આને કારણે નહિ. ઝીણી વાત છે, ભાઈ! મોટી ગડબડ છે આ. હજી અત્યાર સુધી એની મોટી ગડબડ છે.

એ અહીં કહે છે, જુઓ! **'આયુકર્મ સ્થિતિકે પ્રમાણ શરીરમાં રખતા હૈ,...'** છે તો પોતાની યોગ્યતાથી રહેલો છે. ઉપાદાન તો ત્યાં પોતાનું જ રહેવાનું છે. એને આયુષ્યકર્મનું નિમિત્ત છે. કર્મને ખબર છે કે આને આટલો સમય અહીં રાખું? આહાહા..! ભારે કામ, ભાઈ! કર્મ અને આત્મા વચ્ચેનો મોટો ઝઘડો. **'અવિનાશી ભાવકો પ્રગટ નહીં હોને દેતા,...'** લ્યો! આયુષ્યકર્મ શરીરમાં રોકી રાખે છે કે જેથી અવિનાશી સ્થિતિ પ્રગટ થવા દેતું નથી. પણ એ પોતાને કારણે રોકાયેલ છે. કર્મ તો જડ બિચારા નિમિત્ત છે. આહાહા..!

**'નામકર્મ નાના પ્રકાર ગતિ...'** ગતિ ઉદયાદિ આવે છે ને? ઉદયભાવ નહિ? ૨૧. **'ગતિ, જાતિ શરીરાદિકકો ઉપજાતા હૈ,...'** નિમિત્ત છે. આહાહા..! ગતિને અને જાતિની ઉત્પત્તિ પોતાની યોગ્યતાથી થઈ છે. એમાં નામ કર્મ નિમિત્ત છે. **'ગોત્રકર્મ ઉંચ નીચ ગોત્રમેં ડાલ દેતા હૈ,...'** નિમિત્તથી કથન છે. જેની એવી યોગ્યતા છે એમાં એ ઊપજે છે. આહાહા..! **'અંતરાયકર્મ અનંત (બલ) કો પ્રગટ નહીં હોને દેતા.'** લ્યો, ઠીક! ભાવ અતંરાયકર્મ પોતાનું છે. દ્રવ્ય અંતરાયકર્મને નિમિત્ત કહેવામાં આવે. આમ વાત છે. ઉપાદાન-નિમિત્તના દોહરામાં ઘણું આવે છે. નહિ આ 'ભૈયા ભગવતીદાસ'. પરમદિવસે એની સજ્ઝાય છે. ચૌદશ છે ને. કાલે, કાલે નહિ? કાલે જ ચૌદશ છે. ઉપાદાન-નિમિત્તની સજ્ઝાય. આ વળી ઝઘડા થોડા ચાલ્યા હતા. વાંચે તો ખરા. આહાહા..! **'ઈસ પ્રકાર યે કાર્યકો કરતે હૈં,...'** એ કર્મને લઈને આત્મામાં હિણી દશા ને વિપરીત દશાનું કાર્ય થાય.

લખ્યું છે કે નહિ? એ વ્યવહારનયનું કથન છે. અશુદ્ધનિશ્ચયે તો પોતાની પર્યાયનો પોતે જ કર્તા હર્તા છે. કર્તા હર્તા નથી આવી ગયું? ઈશ્વર કર્તાહર્તા નથી એ આવી ગયું છે. પહેલા આવી ગયું નહિ આમાં? એ જગતનો કર્તા પોતે છે. જગત એટલે? ન આવી ગયું?

શુભાશુભભાવને કરે છે, એનાથી બંધાણું કર્મ અને એનાથી આ શરીરની ઉત્પત્તિ આદિ થાય છે. એટલે પોતે જ એનો કર્તાહર્તા છે એમ. કોઈ ઈશ્વર કર્તા હર્તા છે એમ નથી. અને વિકારને હર્તા નામ નાશ કરનારો એ પોતે છે. આહાહા..! આવું પર્યાયમાં પોતાની યોગ્યતાથી આવા હીણા ને વિપરીતરૂપી કાર્ય હોય છે. એને કર્મે કરાવ્યું એમ વ્યવહારથી કહેવામાં આવે છે. આહાહા..!

**'ઈસ પ્રકાર યે કાર્યકો કરતે હૈં, તો ભી...'** આહાહા..! હવે મુદ્દાની રકમ આવી. **'શુદ્ધનિશ્ચયનયકર આત્માકા અનંતજ્ઞાનાદિ સ્વરૂપકા ઈન કર્મોને ન તો નાશ કિયા,...'** આહાહા..! ત્રિકાળી આનંદનો નાથ પ્રભુ અંતર અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્યના સ્વરૂપનો પિંડ પ્રભુ, એનો તો કોઈ દિ' ઘાત કોઈએ કર્યો નથી. આહાહા..! એ તો પર્યાયમાં અને કર્મના નિમિત્ત નિમિત્ત સંબંધની વાત કરી. પણ વસ્તુ જે છે... આહાહા..! અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય સ્વરૂપનો એ કર્મોનો ન તો નાશ કર્યો. એ દ્રવ્યસ્વરૂપ, શક્તિસ્વરૂપ પરમાત્મા, એને અડ્યો પણ નથી. અરે..! કર્મ તો અડ્યું નથી પણ એની વિપરીત દશા (થઈ) એ દ્રવ્યને અડી નથી. આહાહા..! સમજાણું કાંઈ? ગમે તેટલી મિથ્યાત્વ (દશા થઈ) અને અક્ષરના અનંતમાં ભાગનો ઉઘાડ પર્યાયમાં રહી ગયો. દ્રવ્ય તો એને અડ્યું પણ નથી. આહાહા..! વસ્તુ તો ભગવાનઆત્મા અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંતવીર્ય, અનંતશાંતિ, અનંતદર્શન, એવી શક્તિવાળું તત્ત્વ જે દ્રવ્ય એને તો કોઈએ ઘાત્યું નથી. આહાહા..! છે?

**'ન નયા ઉત્પન્ન કિયા,...'** એ દ્રવ્યને એણે ઉત્પન્ન કર્યું નથી. આહાહા..! **'આત્મા તો જૈસા હૈ વૈસા હી હૈ.'** લ્યો! આત્મા એટલે જે નિશ્ચય વસ્તુ છે એ તો જેવી છે એવી અનાદિથી એમ ને એમ છે. આહાહા..! **'ઐસે અખંડ પરમાત્માકો તૂ...'** આચાર્ય મહારાજ કહે છે. કોણ? **'ઐસે અખંડ પરમાત્મા...'** દ્રવ્ય સ્વરૂપ (એનું) **'વીતરાગનિર્વિકલ્પસમાધિમેં સ્થિર હોકર ધ્યાન કર.'** આહાહા..! એ વસ્તુ અનંતજ્ઞાનથી એમ ને એમ ભરી છે. એને રાગરહિત સમ્યગ્દર્શન આદિની શાંતિ દ્વારા એને અનુભવ. આહાહા..! એનું ધ્યાન કર. એ ધ્રુવનું ધ્યાન કર. એમ કહે છે. પર્યાયમાં ભલે હિણી, અધિક, વિપરીત, પોતાની યોગ્યતાથી અને નિમિતથી હોય એ સંબંધ બધો વ્યવહાર છે. વસ્તુના સ્વરૂપમાં હિણું નથી, વિપરીત નથી, ફેરફાર નથી, અનેરાપણે દ્રવ્ય થયું જ નથી. આહાહા..! એને તું ધ્યાનમાં લે. એને તું સમ્યગ્દર્શનમાં ધ્યેય બનાવીને ધ્યાન કર એનું. આહાહા..! ભારે વાત, ભાઈ!

**'સ્થિર હોકર ધ્યાન કર.'** આહાહા..! વિકલ્પથી એનું ધ્યાન નહિ થઈ શકે. પૂર્ણ દ્રવ્યસ્વભાવ અનંતઆનંદ, બેહદ શાંતિ, સ્વચ્છતા, એવું જે સ્વરૂપ તો એવું ને એવું અનાદિથી છે. એને તું વર્તમાન પર્યાયના ધ્યાનમાં એને ધ્યેય વિષય બનાવ. વર્તમાન જ્ઞાનની પર્યાયમાં એને વિષય બનાવ. આહાહા..! એનું તું ધ્યાન કર. લ્યો! આ કરવાનું. પૂર્ણ સ્વરૂપ પણ બેસવું જોઈએ ને એને. વસ્તુ છે ને વસ્તુ? વસ્તુ છે એમાં અનંત ગુણ પૂર્ણ વસેલા છે. ક્ષેત્ર નાનું મોટા ગણવાની વાત નથી. એનો સ્વભાવ અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદથી

ભરેલો. આહાહા..! નિગોદના જીવની પર્યાયમાં ઉઘાડ અક્ષરના અનંતમા ભાગમાં (રહી), છતાં તેની વસ્તુ જે છે એ તો અનંતજ્ઞાન-દર્શન-આનંદથી ભરેલી ચીજ જ છે. આહાહા..!

પર્યાયને અક્ષરના અનંતમા ભાગે છે ને. પર્યાયમાં ઉઘાડ અક્ષરના અનંતમા ભાગે છે.

મુમુક્ષુ :- અક્ષર એટલે શું?

ઉત્તર :- અક્ષર-કેવળ. નાશ ન પામે એવી. એનો અનંતમો ભાગ. અક્ષર એટલે આ અક્ષર એ નહિ. નાશ ન પામે એવી દશાનો અનંતમો ભાગ. છતાં વસ્તુ તો વસ્તુ પરિપૂર્ણ છે. આહાહા..! શક્તિ જેનું સામર્થ્ય છે, એ શક્તિ એટલે સામર્થ્ય, એના પૂર્ણ આનંદ અને જ્ઞાનનું સામર્થ્ય છે એમાં કાંઈ ફેરફાર થયો નથી. આહાહા..! એ માલ ત્યાં પડ્યો છે, કહે છે. વસ્તુમાં દ્રવ્યમાં અનંતજ્ઞાન, અનંતઆનંદ એકરૂપ, ધ્રુવરૂપ, અવિનાશીરૂપ, સામાન્યરૂપ, સદૃશ્યરૂપ ત્રિકાળ છે તેનું ધ્યાન કર. આહાહા..! લ્યો, આ કરવાનું. પણ એ કર્મ ખસે તે દિ' અમે કરી શકીએ. કર્મ કાંઈક માર્ગ આપે તો કરીએ એમ છે? એ બધી જૂઠી વાતું છે. એવી સ્થિતિમાં, હિણી દશામાં, વિપરીત પર્યાયમાં, હોં! છતાં વસ્તુમાં દૃષ્ટિ કરવી એ પુરુષાર્થ તારો સ્વતંત્ર છે. એને કોઈ રોકતું નથી અને એને કોઈ કરાવતું નથી. આહાહા..!

મુમુક્ષુ :- થોડીવાર કર્મ બળિયો અને થોડીવાર જીવ બળિયો.

ઉત્તર :- એ બધી વાતું તો અપેક્ષાથી છે. સદાય જીવ જ બળિયો છે. રાગનું જોર થયું હોય ત્યારે કર્મ બળિયો એમ કહેવાય. એ પોતાને કારણે છે. જડને કારણે નહિ. ભાવકર્મની બહુ ઊંધાઈ જો હોય ત્યારે એ ભાવકર્મનું બળ કહેવાય છે અને સ્વભાવનો પુરુષાર્થ કરે ત્યારે જીવનું કાર્ય કહેવાય છે. આહાહા..! એ આવે છે.

હા, એ તો કાંઈ.. 'પટણી'ને એને બિચારાને ભાન કે દિ'? મલની લડાઈ છે કહે. મલની લડાઈ છે. પટ્ટણી આ 'પ્રભાશંકર પાટણી' હતા ને? અહીં 'ભાવનગર'ના દિવાન. વ્યાખ્યાનમાં આવ્યા હતા. (સંવત) ૧૯૯૩ની સાલ. એને બિચારાને કાંઈ (ખબર નહિ). બહારની પુણ્યની પ્રકૃતિને લઈને મોટા દિવાન થઈ ગયેલા. એક કલાક વ્યાખ્યાન સાંભળ્યું. પછી ઉભા થઈને (કહે), જુઓ! આ કર્મની મસ્તી છે માહોં માહે. કોઈ વખતે કર્મ જીતી જાય અને કોઈ વખતે આત્મા. અત્યારે કર્મનું જોર છે.

મુમુક્ષુ :- અમારે કર્મનું જોર છે અને આપને આત્માનું જોર છે.

ઉત્તર :- હા, એમ. કાંઈ બિચારાને ખબર ન મળે. પુણ્યને લઈને મોટી પદવી બહારમાં મળી ગઈ એટલે થઈ ગયા મોટા. ધૂળનાય મોટા નથી.

મુમુક્ષુ :- હતા બુદ્ધિવાળા.

ઉત્તર :- શેનો બુદ્ધો? બુધો હતો. આહાહા..! વ્યાખ્યાનમાં આવ્યા હતા બધા. એ આવ્યા હતા, ભાઈ આવ્યા હતા. 'મોરબીવાળા'. અમલદારો આવ્યા હતા. શ્રાવણ વદ અમાસ ૯૩ની સાલ. ગુરુકુળમાં વ્યાખ્યાન ચાલતું હતું. ત્યારે તો આ મકાન નહોતું ને. ઓલું મકાન નાનું હતું. ત્યારે ઘણું માણસ આવતું. આ સાંભળ્યું પછી છોકરાઓએ દાંડીયા લીધા. એમાં કાંઈ નથી. આહાહા..! પુણ્યના મળતા પ્રકાર બહારના આવે એને લઈને એમ થઈ જાય કે હું મોટો થઈ ગયો. અને દુનિયા એમ માને કે આ મોટો થયો. પાંચ-પચાસ કૂતરામાં મોટો

વાઘ જેવો મોટો આકરો કૂતરો હોય એ મોટો કહેવાય. આહાહા..! વ્યાખ્યાન ત્યાં થયું હતું. ૧૯૯૩, શ્રાવણ વદ અમાસ. તે દિ' અમારે 'ખુશાલભાઈ' ગુજરી હતા. એ .. અમાસ. તે દિ' અષાઢ વદ અમાસ. આહાહા..!

અહીં કહે છે કે, ભાઈ! મલે મલની લડાઈ છે. કોઈ વખતે કર્મ જીતી જાય અને કોઈ વખતે આત્મા જીતી જાય એમ કહ્યું હતું. શેઠ! એ 'પ્રભાશંકર પટ્ટણી' હતા, અહીંયાં 'ભાવનગર'ના દિવાન હતા. ઢીચકુ શરીર, આમ રખડવાની બુદ્ધિમાં હોશિયાર. દિવાન હતા, મોટા દિવાન. 'પ્રભાશંકર પટ્ટણી' વ્યાખ્યાનમાં આવ્યા હતા.

કર્મ જીતે,.. કોઈવાર કર્મ જીતી જાય. મલે મલની લડાઈ છે. કોઈવાર કર્મમલ જીતી જાય ને કોઈ વખતે આત્મમલ (જીતે).

મુમુક્ષુ :- શાસ્ત્રમાં એમ આવે છે, તનબળિયો ને...

ઉત્તર :- એ કઈ અપેક્ષાએ? એ તો ભાવકર્મની અપેક્ષાની વાત છે. ભાવકર્મની પોતે ઊંઘાઈ ઘણી હોય તો એ એની ભાવકર્મની જીત કહેવાય અને પુરુષાર્થની અહીં જાગૃતિ હોય તો એનું જોર કહેવાય. એમ વાત છે. આવે છે ને એ તો. આહાહા..!

અહીં તો 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ. અગ્નિ સહે ઘનઘાત લોહ કી સંગતિ પાઈ.' આવે છે ને? 'ચંદ્રનાથ' ભગવાનની સ્તુતિમાં પૂજામાં આવે છે. અને આમાં એ બોલ કહ્યા હતા તે દિ' ત્યાં. (સંવત) ૨૦૧૩ની સાલ. 'વર્ણીજી' પાસે. અને આ એક બોલ કહ્યો હતો કે,. અપરાધ પોતે કરે અને કર્મ કરાવે (એમ કહેવું), આવી અનીતિ જૈનમાં સંભવે નાંહિ. સાતમા (અધ્યાય મોક્ષમાર્ગ પ્રકાશક)માં છે. કર્મ આત્માને નુકસાન કરે છે એવી અનીતિ સંભવે નહિ. જો વીતરાગની આજ્ઞા તું માનતો હોય તો. આહાહા..! અહીં તો સત્યને સિદ્ધ કરવું હોય તો ગમે ત્યાંથી લઈને વાત થાય છે. લ્યો, ક્યાંક ક્યાંકથી ગોતીને કાઢીને મૂક્યું. પણ આ બધા આઠ કર્મને લઈને આ થાય. આ 'ગોમ્મટસાર'માં, અહીંયાં 'સમયસાર'માં કર્મને લઈને આ બધા વિકારમાં રખડે. આત્મા પાંગળો છે. આમાં આવશે. કઈ અપેક્ષાએ કથન? કઈ નયનું કથન? ત્યાં શું કહેવા માગે છે? આહાહા..!

જુઓ! '**યહાં પર યહ તાત્પર્ય હૈ, કિ જો જીવપદાર્થ...**' જીવપદાર્થ-આત્મવસ્તુ '**કર્મોંસે ન હરા ગયા,...**' એને નિમિત્તથી એમાં કાંઈ થયું નથી. '**ન ઉપજા,...**' એ અનંતજ્ઞાન, દર્શન સ્વરૂપ વસ્તુ છે એ કાંઈ નવી ઊપજી નથી. આહાહા..! એ તો છે એ છે. આહાહા..! '**જીવપદાર્થ કર્મોંસે ન હરા ગયા,...**' આહાહા..! અડતું નથી ને. પર્યાયને અડ્યું નથી એ દ્રવ્યને શું અડે? આહાહા..! દ્રવ્ય તો શક્તિવંત, સામર્થ્યવંત, સ્વભાવવંત (છે). નથી એને કોઈ હરિ લેતું, નથી એને કોઈ ઉપજાવતું અને '**કિસી દૂસરી તરહ નહીં કિયા ગયા,...**' ચૈતન્યસત્તાને કોઈ જડરૂપે કર્યું (નથી). એ હવે આવશે એમાં. સમજાણું કાંઈ? ચૈતન્ય સત્ સ્વરૂપ ધ્રુવ ભગવાન, એને કોઈએ હર્યું નથી, એને કોઈએ ઉપજાવ્યું નથી, એને કોઈ અનેરી રીતે ચૈતન્યને જડ કરી શક્યું નથી. આહાહા..! એવો ચૈતન્યસૂર્ય પ્રભુ, એ જ્ઞાનની શક્તિનું સત્ત્વ એ છે ઈ છે. એને કોઈ હરતું નથી, તે શક્તિ સ્વભાવને કોઈ ઊપજાવતું નથી, એને અનેરી રીતે કોઈ કરી શકતું નથી. આહાહા..! સમજાણું કાંઈ? એવા આત્માનું ધ્યાન કર એમ

કહે છે. છે?

**'વહી ચિદાનંદસ્વરૂપ ઉપાદેય હૈ.'** આહાહા..! દ્રવ્ય ઉપાદેય એમ કહ્યું અહીં તો. આહાહા..! શુદ્ધ ચિદાનંદ, જ્ઞાનાનંદ સ્વરૂપ, જ્ઞાનરૂપ, આનંદરૂપ એવું સ્વરૂપ ત્રિકાળ. જેમાં હિણું નથી, અધિક નથી, વિપરીત નથી. છે એવું છે, છે એવું અનાદિનું છે. એ ઉપાદેય છે. એટલે કે સમ્યગ્દર્શનમાં તે આદરણીય છે. સમ્યગ્દષ્ટિને આવો આત્મા ઉપાદેય છે. નિર્વિકલ્પ સમાધિ કીધી હતી ને એ? નિર્વિકલ્પ શાંતિ જ છે એ. આહાહા..! હજી તો પહેલી સમ્યગ્દર્શનની વાત ચાલે છે. એની જેને ખબરું નથી, એને વ્રત ને તપ આવી ગયા. ક્યાંથી આવ્યા?

અહીં તો કહે છે.. આહાહા..! કર્મના નિમિત્તથી નૈમિત્તિક અવસ્થા પોતાની પોતાથી થઈ એ બેનો સંબંધ એ વ્યવહાર છે. એથી વ્યવહારનયથી કીધું. સમજાણું કાંઈ? દ્રવ્યની સાથે એને નિમિત્ત-નિમિત્ત સંબંધ છે નહિ. હિણી દશાને અને કર્મને બેને નિમિત્ત-નિમિત્ત સંબંધ છે. વસ્તુને હિણી દશા સાથે, નિમિત્ત સાથે કાંઈ સંબંધ છે નહિ. આહાહા..! અરેરે..! કહે છે, વિશ્વાસ તો લાવ. ભાઈ! જે પર્યાયમાં પ્રગટ નથી, શક્તિરૂપે પ્રગટ છે, સ્વભાવરૂપે એવો ને એવો તાજો માલ પડ્યો છે, કહે છે. કહો, 'સુજાનમલજી'! આહાહા..! એવા ભગવાનની દૃષ્ટિ કર ત્યાં. તો તને સમ્યગ્દર્શન થાય. ત્યારે એની ધર્મની શરૂઆત થાય. આહાહા..! અરે..! લોકોને મળ્યું નથી ને આ, એટલે કંઈકના કંઈક બિચારા માનીને બેસે છે. જિંદગી ચાલી જાય છે. આયુષ્ય (પૂરું થઈને).. આહાહા..! ક્યાં જશે? અહીં જ દેહ છૂટતા... બેન આવ્યા નથી. દેહ છૂટતા બેન યાદ આવ્યા. એ તો દેહ છૂટતા આનંદમાં રહેશે.

જેને અંદર રાગ ને આત્મા એક છે, દેહ ને રાગ ને આત્મા એક છે, એને પ્રભુ મરણ વખતે શું થશે? ભાઈ! એ દેહ ને રાગમાં ભીંસાઈ જશે. એ જુદો નહિ રહે. આહાહા..! અહીં મરતા અંધારા થઈ જશે. જડ જેવો. આહાહા..! અહીં રહે છે ને જુઓને આઠ-આઠ દિ' નહિ? પંદર-પદંર દિ' અસાધ્ય. મરતા (વખતે). આ બાઈ સવા વરસથી પડી છે. ક્યાં ગયા 'પોપટભાઈ' છે કે નહિ? આ રહ્યા. એના સાળાની વહુ છે. આ 'પોપટભાઈ'ના. બે અબજ ચાલીસ કરોડ.

મુમુક્ષુ :-આપના ચોપડામાં બધી વિગત છે.

ઉત્તર :- એ તો એણે કીધેલું એટલે સાંભળેલું. 'પોપટભાઈ' કહેતા હતા. આપણને કો'ક કહે એ સાંભળ્યું હોય. આપણે ક્યાં જોવા ગયા હતા? કો'ક બોલ્યા હોય એ યાદ રહી જાય. સવા વર્ષથી અસાધ્ય છે. ભાન ન મળે.

મુમુક્ષુ :- એ તો ઘણા માણસો પાંચ પાંચ વર્ષ સુધી...

ઉત્તર :- હા, એ તો ઓલો ડોક્ટર હતો. ...નો બાપ. પાંચ-છ વર્ષ અસાધ્ય... અસાધ્ય. આહાહા..! જીવતા જડ જેવા એ મરીને ક્યાં જાય? બાપા! આહાહા..! એ એકેન્દ્રિય આદિ તિર્યંચમાં અવતરે, બાપા! આહાહા..!

એ ચિદાનંદ સ્વરૂપ, જ્ઞાનાનંદ સ્વરૂપ પ્રભુ, જ્ઞાનાનંદ સ્વરૂપ તો એવું ને એવું તાજે તાજું અંદર પડ્યું છે. આહાહા..! નથી કરમાણું, નથી ઘટ્યું, નથી અનેરું થયું. આહાહા..!

અક્ષરના અનંતમાં ભાગ સુધી હિણી દશા વઈ ગઈ પણ એ વસ્તુ તો એવી ને એવી રહી છે. એ તો ઉત્પાદ-વ્યયમાં થયું. ધ્રુવમાં કાંઈ થયું નથી. આહાહા..! એ ધ્રુવનું ધ્યાન કર તો સમકિત થાય. આહાહા..! આ વ્યવહાર કરીએ. કાંઈક દયા પાળીએ, વ્રત કરીએ, તપસ્યા કરીએ (તો) સમકિત થાય. ત્રણકાળમાં ન થાય. એ તો રાગની મંદતાની ક્રિયા છે. આહાહા..!

ભગવાન બિરાજે છે પૂર્ણ પ્રભુ, અરે..! તેમાં દૃષ્ટિ દેવી એ તે કાંઈ વાત છે! જે પર્યાય પરના લક્ષમાં ગઈ છે એ તો ભલે ગઈ. એ પર્યાયને અંતરના લક્ષમાં લેવી એ જ વસ્તુ છે. એટલે એનું ધ્યાન કર તો તારું કલ્યાણ થશે. બીજી રીતે કલ્યાણ છે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)



... પ્રકાશક...

**શ્રી સીમંધર–કુંદકુંદ–કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ**

રાજકોટ